# સાધુતાનું શિખર અને માનવતાની મહેંક



પરમ દાર્શનિક
પૂજ્ય શ્રી જયંતમુનિજીની
પાવન જીવનકથા

-હર્ષદ દોશી

શ્રી જયંત જૈન સિદ્ધાંત શ્રેણી : ગ્રંથ ૩

# સાધુતાનું શિખર અને માનવતાની મહેંક

ગોંડલ ગચ્છ શિરોમણિ, પરમ દાર્શનિક

**પૂજ્ય શ્રી જયંતમુનિજીના**

ચિંતનનું નવનીત, જ્ઞાનની ગંગોત્રી, માનવસેવાની મહેંક

અને

યુગસર્જક આંતરસ્ફુરણાનું

દર્શન કરાવતી

પાવન જીવનકથા

લેખન અને સંપાદન

**હર્ષદ દોશી**

પ્રકાશક

**જૈન ઍકેડેમી કલકત્તા**

૩૨/બી, ચિત્તરંજન ઍવન્યૂ

કોલકતા - ૭૦૦ ૦૧૨

Shri Jayant Jain Siddhant Shreni - 3
Sadhutanu Shikhar Ane Manavata ni Mahek, Written and edited by : Harshad Doshi
© Jain Academy Calcutta

**પ્રથમ આવૃત્તિ** : મહાવીર જયંતી, ચૈત્ર સુદ ૧૩, વીર સંવત ૨૫૩૨ (વિક્રમ સંવત ૨૦૬૨)
૧૧ એપ્રિલ, ૨૦૦૬

**મૂળ કિંમત** : ૨૦૦ રૂપિયા

**વેચાણ કિંમત** : ૧૦૦ રૂપિયા

**વધારાની છૂટ** : ૫૦ રૂપિયા (સૌજન્ય : શ્રી હંસરાજ લક્ષ્મીચંદ કામાણી જૈન ભવન, કોલકતા)

**પ્રકાશક** : **જૈન ઍકેડેમી કલકત્તા**, ૩૨/બી, ચિત્તરંજન ઍવન્યૂ, કોલકતા ૭૦૦ ૦૧૨

**પ્રાપ્તિસ્થાન** : **જૈન ઍકેડેમી કલકત્તા**
૩૨/બી, ચિત્તરંજન ઍવન્યૂ,
કોલકતા ૭૦૦ ૦૧૨
ફોન : (૦૩૩) ૨૨૧૨૦૨૦૧
email : harshad.doshi@gmail.com

**શ્રી કામાણી જૈન ભવન**
૩-સી, રાય સ્ટ્રીટ, કોલકતા-૭૦૦૦૨૦
ફોન : ૨૪૮૫૩૮૯૧

**શ્રી ગુણવંત બરવાળિયા**
સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસૉફિકલ રિસર્ચ સેન્ટર
SPR જૈન કન્યાશાળા ટ્રસ્ટ,
કામા લેન, ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૮૬
ફોન : (૦૨૨) ૨૫૧૨ ૫૬૫૮

**ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજી**
બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ્સ, આઝાદ સોસાયટીની પાસે,
આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫
ફોન : (૦૭૯) ૨૬૭૬ ૨૦૮૦

**શ્રી ચંદ્રકાન્તભાઈ શેઠ**
શ્રી રૉયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ ઓમાનવાળા ઉપાશ્રય
૨, રૉયલ પાર્ક, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૫
ફોન : (૦૨૮૧)૨૫૭૯૧૭૫

**મુદ્રક** : **યુનિગ્રાફિક્સ**
૧૨૧, ચિત્તરંજન ઍવન્યૂ
કોલકતા - ૭૦૦ ૦૭૩

# સૌજન્ય

**પરમ દાર્શનિક પૂ. શ્રી જયંતમુનિ**

પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિના પ્રતીકરૂપે

**સ્વ. ભોગીલાલ દુર્લભજી ખારા**

અને

**સ્વ. નવલચંદ દુર્લભજી ખારા**

**પરિવાર દ્વારા**

આ પુસ્તકના પ્રકાશન માટે મળેલ સહયોગ બદલ અમે આભારી છીએ.

આ પુસ્તકના આલેખન - પ્રકાશનમાં સર્વાંગી માર્ગદર્શન અને સહયોગ આપવા બદલ

**પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈ**

પ્રત્યે સ્નેહભીનો આદર વ્યક્ત કરીએ છીએ.

પૂ. ગુરુદેવ શ્રી જયંતમુનિની પ્રેરણાદાયી અને ઐતિહાસિક જીવનગાથા

જનજન અને ઘરઘર સુધી પહોંચે તે માટે

આ પુસ્તકના વાચકોને ખરીદ કિંમતમાં રૂ. ૫૦ની વધારાની છૂટ ઉપલબ્ધ કરવા બદલ

**શ્રી હંસરાજ લક્ષ્મીચંદ કામાણી જૈન ભવન**

ના અમે આભારી છીએ.

*

જૈન ઍકેડેમી કલકત્તા વતી,

હર્ષદ દોશી (પ્રમુખ)

અશ્વિન દેસાઈ (ઉપપ્રમુખ), હરખ શાહ (મંત્રી),

પ્રફુલ કોઠારી (સહમંત્રી), એન. ડી. મહેતા (કોષાધ્યક્ષ),

કુંવરજી શાહ, વિપુલ શાહ, બુલબુલ શાહ,

શરદ ખારા, હરેશ વખારિયા, કમલેશ મહેતા

(કમિટી સભ્યો)

# જૈન એકેડેમી કલકત્તા

## પરિચય

જૈન ધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ અને પરંપરાનો અભ્યાસ, સંશોધન અને પ્રકાશન, તેમજ જીવનમૂલ્યવર્ધક શિક્ષણ-સમાજના દરેક સ્તરે ઉપલબ્ધ કરવાના ઉમદા ઉદ્દેશથી ૨૨ ઑગસ્ટ ૧૯૯૯ના દિવસે જૈન ઍકેડેમી કલકત્તાની સ્થાપના થઈ. એક દશકાથી પણ ટૂંકા ગાળામાં જૈન ઍકેડેમી કલકત્તાએ આ દરેક પ્રવૃત્તિને અમલમાં મૂકી, સંતોષકારક પ્રગતિ કરી છે. ઍકેડેમીએ દરેક વયને અનુરૂપ શિબિરો, કાર્યશાળાઓ, તત્ત્વજ્ઞાન અને ધાર્મિક અભ્યાસના વિશિષ્ટ વર્ગ, નિબંધલેખન, વક્તૃત્વ અને પરિસંવાદો, વિદ્વાનોની પ્રવચનમાળા, પુસ્તકપ્રકાશન ઇત્યાદિ કાર્યક્રમોનું આયોજન કર્યું છે.

જ્ઞાનમાં વૃદ્ધિ, સંસ્કારનું સિંચન, જૈન ધર્મમાં શ્રદ્ધા અને પરંપરાની સાચી સમજણ મળે તે હેતુથી ઍકેડેમીએ વીરાયતનના સહયોગથી કિશોર, યુવક અને પ્રૌઢ માટે કાર્યશાળાઓ અને શિબિરોનું નિયમિત આયોજન કર્યું છે. વીરાયતનના આચાર્યશ્રી ચંદનાજી, ઉપાધ્યાય યશાજી, સાધ્વી શિલાપીજી અને અન્ય સાધ્વીજીઓએ પ્રભાવશાળી શૈલીથી અને યથાર્થ પદ્ધતિથી ધર્મ, નીતિ અને જીવનલક્ષી વિષયોનું પ્રશિક્ષણ આપ્યું, જે શિબિરાર્થીઓએ તલ્લીનતાથી અને મંત્રમુગ્ધ થઈને ગ્રહણ કર્યું. પરિણામે ઍકેડેમીની શિબિરોની આતુરતાથી પ્રતીક્ષા થાય છે.

જાણીતા સંત પુરુષો અને વિદ્વાનોની પ્રવચનમાળા અને પરિસંવાદો પણ એટલાં જ રસપ્રદ અને લોકપ્રિય રહે છે. ડૉ. કુમારપાળ દેસાઈ, કોબા સ્થિત પૂ. આત્માનંદજી, ડૉ. બળવંત જાની, શ્રી હરિભાઈ કોઠારી, ડૉ. બિપિનભાઈ દોશી, તેમજ અનેક વરિષ્ઠ વિદ્વાનોનાં પ્રવચનો, અભ્યાસના વર્ગો અને કાર્યશાળાઓ ઘણાં જ લોકપ્રિય રહ્યાં છે. વિભિન્ન ધર્મના વિદ્વાનો સાથે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ, ભૂતપૂર્વ રાજ્યપાલ અને સામાજિક કાર્યકર્તાઓ જેવા વ્યાપક શિક્ષણ પ્રાપ્ત કરેલા અનુભવીઓના પરિસંવાદોએ જનસમાજને વિચારવિનિમયનો અને અનેકાન્તવાદને અમલમાં મૂકવાનો વ્યવહારુ અવસર આપ્યો છે. શ્રોતાઓની બહોળી હાજરી આ પરિસંવાદોની ઉપયોગિતા દર્શાવે છે.

ઍકેડેમીના ધાર્મિક શિક્ષણ આપવાના પ્રયોગોને પણ સારી સફળતા મળી છે.

જૈન ઍકેડેમી કલકત્તા વીરાયતન, ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજી (લંડન અને અમદાવાદ), જૈન ઍકેડેમી ઑફ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ (લંડન અને મુંબઈ), અન્ય જૈન ઍકેડેમી અને સમાન કાર્યક્રમ ધરાવતી સંસ્થાઓ સાથે સહયોગથી કામ કરે છે. પદ્મશ્રી ડો. કુમારપાળભાઈ દેસાઈનું બહુમૂલ્ય માર્ગદર્શન મળી રહ્યું છે.

આમ, ટૂંક સમયમાં વિવિધ હેતુલક્ષી કાર્યક્રમો આપીને જૈન ઍકેડેમી કલકત્તાએ સમાજને ઉપયોગી થવાનો પ્રયત્ન કર્યો છે.

❑ ગુજરાતકેસરી વાણીભૂષણ પૂ. ગિરીશચંદ્રજી મ.સા.ના ભાવોદ્ગાર ❑

# મેં જોયા ગુરુ જયંતને !

પૂ. તપસ્વીજી મહારાજ અને પૂ. પ્રભાબાઈ મહાસતીના દીક્ષા પ્રસંગે હું મારા પિતાજી સાથે બગસરા ગયો હતો ત્યારે ગુરુપ્રાણની તેજસ્વી મુખમુદ્રાથી હું આકર્ષાયો હતો. ત્યારે મારી ઉંમર ઘણી જ નાની હતી, પણ એ પિતા-પુત્રીના દીક્ષાના પ્રસંગથી મારામાં વૈરાગ્યભાવ અંકુરિત થવા લાગ્યા હતા.

શ્રી જયંતગુરુ સંસારી અવસ્થામાં હતા ત્યારથી જ તેમનો પરિચય હતો. તેઓશ્રી મારા મોટાભાઈના સસરાના સાળા હતા. એટલે હું પૂજ્ય ગુરુવરો સાથે સંસાર અને ત્યાગના સંબંધથી જોડાઈ ગયો છું. એ સમયે શ્રી જયંતગુરુ શુદ્ધ ખાદીધારી અને ગાંધીવાદી હતા. તેમણે મને પણ રેંટિયો કાંતતાં શીખવ્યું અને ખાદી પહેરતો કરી દીધો, જે આજ પર્યંત ચાલુ છે.

એ દિવસોમાં હું પ્રાણગુરુ ઉપરાંત પૂ. મોટા રતિલાલજી અને પૂ. નાના રતિલાલજી મહારાજ સાહેબ પાસે ધાર્મિક અભ્યાસ કરવા પ્રયત્નશીલ હતો. જ્યારે પૂ. ગુરુદેવ બનારસ ગયા ત્યારે પ્રાણગુરુએ મને પણ તેમને શરણે મોકલ્યો. આગ્રાથી બનારસ અને ત્યાંથી કલકત્તા સુધી તેમની સાથે વિહાર કર્યો. બનારસમાં ત્રણ વર્ષમાં પૂ. તપસ્વીજી મહારાજ અને શ્રી જયંતગુરુ પાસેથી ઊંડો શાસ્ત્રીય અભ્યાસ કરવાની તક મળી. કલકત્તામાં મારા પુણ્યોદયે તેમની પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરવાનું સદ્ભાગ્ય મળ્યું.

જ્યારે તેમની આજ્ઞાથી દેશ તરફ વિહાર કર્યો ત્યારે તેમની છાયામાં એક દશકો વિતાવી દીધો હતો. તેમના કાશીના અભ્યાસ અને પૂર્વભારતના ઐતિહાસિક અને અનુભવપ્રચુર વિચરણનો હું સાક્ષી છું. આ દસકામાં મેં શું જોયું?

કોઈની નિંદા નહીં અને સૌમાં સદ્ગુણનાં દર્શન કરવાં એ તેમનો ખાસ ગુણ છે. તેમનું હૃદય હંમેશ કરુણાથી છલકતું હોય એટલે તેમના તરફથી હંમેશ આવનારને આદર, રહેનારને રક્ષણ અને જિજ્ઞાસુને સમાધાન મળતાં હોય છે. આંધળાને આંખ, ભૂખ્યાને ભોજન, થાકેલાને વિસામો, હતાશને આશ્વાસન, નિરાધારને આધાર, ભોગીને ભાન અને યોગીને સન્માન એ તેમનું વિજ્ઞાન છે.

મેં શ્રી જયંત ગુરુમાં ક્યારે પણ અહં કે દંભ જોયા નથી. મેં તેમનામાં હંમેશ સરળતા, સહજતા, મમતા અને નમ્રતાનાં દર્શન કર્યાં છે. આવા ગુરુને શતશત વંદન !

કોલકતા

**- ગિરીશમુનિ**

૧ માર્ચ, ૨૦૦૬

❑ આગમદિવાકર પૂ. જનકમુનિજીના ભાવોદ્‌ગાર ❑

# હૃદયભાવ

સૌરાષ્ટ્રની ધરતીનું એક પાણીદાર મોતી, મારા ગુરુબંધુ, પરમ આદરણીય, શ્રી જયંતમુનિજીના જન્મસ્થાન દલખાણિયા અને પરમ આદરણીય તપસ્વીજી મહારાજનું નામ મારા પૂર્વાશ્રમથી સાંભળતો આવ્યો છું. તેમના સમગ્ર પરિવારમાં જે ત્યાગ, તપ અને ઉચ્ચ કોટીની સાધના છે તે આ સંસારમાં ભાગ્યે જ કોઈ જીવાત્માને પ્રાપ્ત થાય છે. આ સૌભાગ્ય શાસનદેવની કૃપાનું પરિણામ છે.

હું બાળવયનો હતો ત્યારે શ્રી જયંતમુનિજીએ ગુરુદેવ પૂ. પ્રાણગુરુ પાસે દીક્ષા લીધી હતી. વડીલ ગુરુભાઈ તરીકેનો તેમનો વાત્સલ્યભાવ આજ દિવસ સુધી વરસી રહ્યો છે. આનંદની પળોમાં મને 'રાજા મહારાજ' તરીકે સંબોધે છે ત્યારે મને પ્રસન્નતા સાથે ક્ષોભની લાગણી વર્તાય છે.

પૂ. જયંતમુનિના આમંત્રણથી હું પેટરબાર ગયો ત્યારે-પ્રવાસમાં આવતા દરેક ગામમાં તેમણે ઉત્સવનું વાતાવરણ સર્જ્યું હતું. પેટરબારના પ્રવેશ સમયે સ્વયં મારું સ્વાગત કરવા સામેથી પધાર્યા હતા. સાથે આદિવાસીઓ મોટી સંખ્યામાં નૃત્ય કરતા કરતા આવ્યા અને કોઈ રાજવી જેવું મારું સામૈયું કર્યું ત્યારે હું ભાવવિભોર થઈ ગયો. સાથે સાથે મને ગુરુદેવના આ વિસ્તારમાં ચાલી રહેલા સેવાના કાર્યની ઝાંખી જોવા મળી. રામ-ભરતના મિલન જેવું આ સ્વાગત હું કદી પણ ભૂલી શકું તેમ નથી.

તેમનું સંસ્કૃત, પ્રાકૃત, વ્યાકરણ, ન્યાય અને દર્શનશાસ્ત્રનું જ્ઞાન વિરલ છે. તેમની તેજસ્વિતા, પ્રતાપ, માનવસેવા અને કરુણાસભર જીવનદર્શન અનેક મુમુક્ષુઓના જીવનપથને ઉજ્જ્વળ બનાવશે તે નિર્વિવાદ છે. તેમનું જીવન સમગ્ર માનવજીવનને સન્માર્ગ ઉપર લઈ જનારું ભાથું છે.

તેઓશ્રી છેલ્લાં પચાસ વર્ષોથી બિહાર-ઝારખંડમાં માનવકલ્યાણનો અનેકવિધ સેવાયજ્ઞ કરી રહ્યા છે. એવું કોઈ ક્ષેત્ર નથી જ્યાં તેમની કરુણાદૃષ્ટિ પહોંચી ન હોય. કુદરતી આફત વખતે તેઓ દિન-રાત ઊભા રહ્યા છે. મને તેમના કાર્યની વિગત મળતી રહી છે અને ક્યારેક તેનો સાક્ષી પણ રહ્યો છું.

અઢી હજાર વર્ષની જૈનધર્મની તેજોમય પરંપરામાં જે કોઈ વિરલ વિભૂતિઓએ હૃદયનાં અમી સીંચ્યાં છે તેમાં શ્રી જયંતમુનિ એક છે. તેમનું જીવનચરિત્ર માનવજીવનનાં ઉમદા મૂલ્યો પ્રસ્થાપિત કરવામાં અને જૈન સહિત સમગ્ર માનવજાતને પ્રેરણા આપશે એમ હું પૂરી શ્રદ્ધાથી કહી શકું છું.

આ મહામાનવ સદેહે આપણી વચ્ચે છે ત્યારે તેમના જીવનચરિત્રને શબ્દરૂપ આપવામાં શ્રમ અને સહયોગ આપનાર દરેકને મારા કોટી કોટી ધન્યવાદ. મને વડીલ ગુરુબંધુનો જે નિર્વ્યાજ સ્નેહ મળ્યો છે તે જન્મજન્માંતર મળતો રહે એવી પૂ. ગુરુદેવ અને શાસનદેવને પ્રાર્થના કરી વિરમું છું.

ફાગણ વદ સાતમ, સંવત ૨૦૬૨, બુધવાર — **- જનકમુનિ**

(તા. ૨૨-૩-૨૦૦૬), બગસરા

❑ શાસનઅરુણોદય પૂ. શ્રી નમ્રમુનિજી મ.સા. અને
પૂજ્યવરા શ્રી મુક્તાબાઈ સ. ઠાણા ૬ના ભાવોદ્ગાર ❑

# અંતરની અનુભૂતિ

પૂજ્યવર ગુરુભગવંત શ્રી જયંતમુનિજી મ.સા.નાં જીવનદૃશ્યોને વાંચતા જાણે પરમાત્માના અંશોને અનુભવતા હોઈએ એવો અહોભાવ અંતરે ધબકી જાય છે.

શ્રી હર્ષદભાઈ દોશીએ પુસ્તક બનતા પહેલાં દૃષ્ટિ કરવા પ્રૂફ મોકલેલ જેને વાંચતાં વાંચતાં અંતરમાં પૂજ્ય જયંત ગુરુવરની પ્રત્યક્ષ દર્શનાભૂતિ થઈ જાય છે.

પૂજ્ય ગુરુવરના જીવનની અમૂલ્ય ક્ષણોનો પૂર્વાર્ધ આટલો ભવ્ય છે તો ખરેખર, સોળે કળાએ ખીલેલી જીવનની ઉત્તરાર્ધ ક્ષણો કેટલી ભવ્યાતિભવ્ય અનુભૂતિ કરાવનારા હશે તેની કલ્પના પણ અનેરી જિજ્ઞાસા જગાવી જાય છે. જિજ્ઞાસાપૂર્તિ માટે શ્રી હર્ષદભાઈ દોશી પ્રયત્ન કરે તેવી ભાવના ભાવું છું.

ગોંડલ સંપ્રદાયના સૌરાષ્ટ્રકેસરી ગુરુપ્રાણના પરિવારના પનોતા, પુણ્યવાન, પવિત્ર, પ્રજ્ઞાવાન, સંતરત્ન, પૂજ્ય જયંતગુરુવરનું જીવનચરિત્ર પ્રકાશન તે સમગ્ર જૈન સમાજનું પરમ સૌભાગ્ય છે.

પરમ પ્રજ્ઞાવાન હોવા છતાં આ કાળમાં માનવતાની વિરાટ પ્રતિભા સર્જનાર આ ગુરુવરનું આરોગ્ય સદા સ્વસ્થભાવે રહે એવી મંગલકામના સાથે તેમના ચરણમાં શરણ વ્યક્ત કરું છું.

ઘાટકોપર, મુંબઈ
૨૪ માર્ચ ૨૦૦૬

**- નમ્રમુનિ ઠાણા ૨**
**- મુક્તાબાઈ મ.સ. ઠાણા ૬**

❑ શ્રી બાપજી લલિતાબાઈ મહાસતીજીના ભાવોદ્ગાર ❑

# પ્રેમ પયોદધિને...

ગંગા પાપં, શશિ તાપં, દૈન્ય કલ્પતરુસ્તથા ।
પાપં તાપં ચ દૈન્ય ચ, હન્તે સાધુ સમાગમ ॥

'પાપ દૂર કરવાં હોય તો ગંગામાં સ્નાન કરો, તાપ દૂર કરવો હોય તો ચંદ્રનાં કિરણોમાં ઝૂમો, દીનતા દૂર કરવી હોય તો કલ્પતરુનું સેવન કરો. પરંતુ પાપ, તાપ અને સંતાપ ત્રણેને દૂર કરવાં હોય તો તમે સાધુ-સંતોનો સમાગમ, સત્સંગ કરો.'

ભારતની વિરલ વિભૂતિ, પ્રેમપયોદધિ, પરમદાર્શનિક, પૂજ્ય શ્રી જયંતીલાલજી મહારાજ સાહેબ આવા જ એક વિશિષ્ટ કોટીના સંત પુરુષ છે. એમની સમીપ જનાર પ્રત્યેક વ્યક્તિ એક અનોખી શાંતિ અને પ્રસન્નતાને પામે છે.

પૂજ્યશ્રીનું વ્યક્તિત્વ વહેતી ગંગા જેવું પાવન અને શીતલ છે. નાના-મોટા, ગરીબ-તવંગર, અભણ-ભણેલા, સૌ તેમાંથી આચમન લઈ પવિત્ર બને છે. સંસારના સંતાપથી બળતા માનવને તેમનાં ચરણે શીતલતાનો પરમ સ્પર્શ અનુભવાય છે, તો દીન-દુખીનાં દર્દોને તેઓશ્રી હરી લે છે.

આવા મહાપુરુષનું જીવન એટલે વિવિધ ઘટનાઓનો મેળો. અનેક પ્રકારની આપત્તિઓમાંથી સાંગોપાંગ બહાર આવેલ આ પુરુષ, એક અદ્ભુત પ્રતિભાના સ્વામી છે.

'મહાપુરુષોની જનની આપત્તિ' આ ઉક્તિને સાર્થક કરતાં તેઓશ્રી અનેક ઉપસર્ગ-પરિષહોને હસતે મુખે સહી સો ટચના સુવર્ણ બની સમાજ સામે નીખર્યા છે.

એવા પરમ શ્રદ્ધેય, પૂજ્ય ગુરુ ભગવંતનું જીવનચરિત્ર સર્વ ભાવિકો માટે પ્રેરણાનો સ્રોત બની રહેશે.

જેઓ આ ગ્રંથ પ્રકાશિત કરી રહ્યા છે તેમની દૂરદર્શિતાને લાખ અભિનંદન !

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂજ્યપાદ ગુરુદેવનાં પાવન પદકમલોમાં કોટીશઃ અભિવંદના.

કલ્પતરુ અધ્યાત્મ કેન્દ્ર, કરજણ — **લલિતાબાઈ મહાસતીજી(બાપજી)**

૨૨ માર્ચ ૨૦૦૬

❑ ગોંડલ ગચ્છ શ્રમણ સંઘ સંરક્ષણ સમિતિના ભાવોદ્‌ગાર ❑

# નવ યુગના નિર્માતા

ગોંડલ ગચ્છ શિરોમણિ પરમ પૂજ્ય શ્રી જયંતમુનિજીનું જીવન એ માત્ર ગોંડલ ગચ્છ માટે નહીં પણ સમગ્ર જૈન સમાજ માટે ઇતિહાસનો અધ્યાય છે. તેમણે અનેક ઐતિહાસિક રીતે જૈન સમાજમાં પહેલ કરીને ગોંડલ ગચ્છને ગૌરવશાળી બનાવ્યું છે. તેમના જીવનમાંથી જૈન સમાજને એક નવી દિશા મળી છે. તેમની વિદ્વત્તા, તેજ, વ્યક્તિત્વ તો અનુપમ છે જ, પણ તેમણે માનવધર્મને જીવનમાં ઉતારીને નવા યુગનુ નિર્માણ કર્યું છે.

પૂજ્ય ગુરુદેવનું કાર્યક્ષેત્ર બિહાર અને ઝારખંડનો અવિકસિત અને પછાત પ્રદેશ રહ્યો છે. પરિણામે સૌરાષ્ટ્ર અને મુંબઈના જૈન સમુદાય તેમનાં જ્ઞાન અને દર્શનના પ્રત્યક્ષ લાભથી વંચિત રહી ગયા છે. શ્રી હર્ષદભાઈ દોશીએ અને જૈન ઍકેડેમી કલકત્તાએ 'સાધુતાનું શિખર અને માનવતાની મહેંક' દ્વારા પૂજ્ય ગુરુદેવના જીવનચરિત્ર, તેમના મૌલિક ચિંતન અને સ્પષ્ટ અને વિશાળ દૃષ્ટિને બહોળા સમુદાય સુધી પહોંચાડવાનું મંગલ કાર્ય સંપન્ન કર્યું છે. ગુરુદેવના જીવનચરિત્રથી સાધારણ શ્રાવક-શ્રાવિકાઓને તો પ્રેરણા મળશે જ, પણ તેથી આગ વધીને કહી શકાય કે અનેક નવદીક્ષિત સાધુ-સાધ્વીજીઓને પણ તેમના જીવનમાંથી માર્ગદર્શન મળશે. તે માટે પૂજ્ય ગુરુદેવનું જીવનચરિત્ર સૌરાષ્ટ્રના દરેક શ્રીસંઘ અને ભક્ત સમુદાયને પ્રાપ્ત થાય તેનો પૂરો પ્રયત્ન કરવા અમે કટિબદ્ધ છીએ.

શાસનદેવને એ જ પ્રાર્થના છે કે પૂજ્ય ગુરુદેવને શતાયુ બક્ષે, જેથી તેમના જ્ઞાન અને સેવાથી જૈન શાસન વધુ ઊંચાં શિખર પર પહોંચે અને શ્રીસંઘને તેમના માનવસેવાના કાર્યમાં યોગદાન આપવાનો અવસર મળતો રહે.

કોટી કોટી વંદન સાથે,

ગોંડલ ગચ્છ શ્રમણ સંઘ સંરક્ષણ સમિતિના કાર્યવાહકો વતી,

રાજકોટ — **- પ્રવીણચંદ્ર મણિલાલ કોઠારી**

૨ માર્ચ, ૨૦૦૬ — **- ચંદ્રકાંત માણેકચંદ શેઠ**

# નિવેદન

પરમ દાર્શનિક પૂ. શ્રી જયંતમુનિનાં પ્રથમ બે પુસ્તક, '૧૪ મંગલ સ્વપ્ન : મહિમા અને રહસ્ય' અને 'કહો, કેવા હતા પ્રભુ મહાવીર?'માં તેમના ગહન મૌલિક ચિંતન, જૈનદર્શનની તલસ્પર્શી અને સ્પષ્ટ અભિવ્યક્તિ અને ભાષાના પ્રભુત્વથી વિદ્વાન વર્ગમાં વિસ્મયભર્યા આનંદની લાગણી પ્રસરી હતી.

પ્રખ્યાત વિદ્વાન ડૉ. કુમારપાળ દેસાઈએ શ્રી જયંતમુનિના '૧૪ મંગલ સ્વપ્ન : મહિમા અને રહસ્ય'માં 'દર્શન પ્રતિભાના વિરલ અને મૌલિક ઉન્મેષ'નાં દર્શન કર્યાં છે. જ્યારે 'કહો, કેવા હતા પ્રભુ મહાવીર?' માટે તેમણે નોંધ્યું છે કે, "પ્રત્યેક ઉપમાનું અનુસંધાન તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના વ્યક્તિત્વની સાથોસાથ જૈનદર્શનની મૂળગામી ભાવનાઓ સાથે વણાયેલું છે. ઉપમાના આવા અર્થસંકેતો સમાજને પહેલી વાર પ્રાપ્ત થાય છે."

સ્વાભાવિક છે કે સૌના હૃદયમાં આવી વિરલ પ્રતિભાનાં ઉદ્‌ગમ, વિકાસ અને તેની ભૂમિકાને જાણવાની અને સમજવાની ઉત્કંઠા જાગ્રત થાય.

એક વર્ગ મુનિશ્રીને દ્રષ્ટા અને દાર્શનિકના રૂપમાં નિહાળી રહ્યો છે, ત્યારે ઝારખંડના આદિવાસીઓ માટે તેઓ કરુણાસભર, હૃદયભીના, પ્રેમાળ 'બાબા' છે. આ બે બિંદુની વચ્ચે એક એવો વિશાળ વર્ગ છે જે મુનિશ્રી પ્રત્યેની ભક્તિમાં મુગ્ધ છે. તેમની બનારસની ઐતિહાસિક *યાત્રા, અનેક ક્ષેત્રોમાં પહેલ, સરળતા, નિર્ભયતા, સાદી ભાષામાં પણ પ્રભાવશાળી પ્રવચન, આબાલવૃદ્ધ સૌની સાથે એકરૂપતા, એવા અનેક પાસાઓથી તેમની પ્રતિભા ઝળકતી રહી છે.* દરેક વ્યક્તિને મુનિશ્રીમાં પોતાનું જ પ્રતિબિંબ દેખાય છે. તેમના આ બહુમુખી વ્યક્તિત્વને ઉજાગર કરવાનો અને તેની પાછળ કામ કરી રહેલાં પરિબળોનો સંકેત આપવાનો અને તેમની દર્શનપ્રતિભાની ઝાંખી આપવાનો અહીં નમ્ર પ્રયાસ કર્યો છે.

વાણીભૂષણ પૂ. શ્રી ગિરીશમુનિજી અત્યારે કોલકતામાં બિરાજમાન છે. તેઓશ્રીએ મહત્ત્વનાં સૂચનો આપીને મારું કામ હળવું કર્યું છે. તેમના માર્ગદર્શન બદલ હું તેમનો આભાર માનું છું.

ગોંડલ ગચ્છના પૂજ્ય મુનિવરો અને પૂજ્ય સાધ્વીજીઓનાં માર્ગદર્શન, પ્રોત્સાહન અને શુભેચ્છાઓ બદલ તેમનો આદર સાથે ઋણસ્વીકાર કરું છું.

પૂ. દર્શનાબાઈ અને પૂ. સ્વાતિબાઈ મહાસતીજી ઘણાં વર્ષોથી ગુરુદેવ શ્રી જયંતમુનિના અંતેવાસી છે અને તેમની સેવામાં તલ્લીન છે. બંને મહાસતીજીઓ તરફથી બહુમૂલ્ય સહયોગ મળ્યો છે. હું જ્યારે જ્યારે પેટરબાર ગયો છું ત્યારે મારા મુનિશ્રી સાથેના વાર્તાલાપ અને ચર્ચાઓની તેમણે કાળજીથી નોંધ ઉતારી છે. તે ઉપરાંત કલકત્તાથી જ્યારે પણ કોઈ વિગત મંગાવી હોય ત્યારે તેઓ તે તત્કાલ મોકલવાની વ્યવસ્થા કરી આપી છે. તેમના સહયોગમાં ગુરુભક્તિ છલકાતી હતી. હું તેમનો આભાર માનું છું.

મારા પરમ સ્નેહી મિત્ર પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈનો આભાર કયા શબ્દોમાં વ્યક્ત કરવો? આ પુસ્તકના પ્રકાશનના દરેક પાસા સાથે તેઓ સંકળાયેલા છે. હસ્તપ્રતનું કોમ્પ્યૂટરમાં ડ્રાફ્ટિંગથી લઈને સંપાદન, લે-આઉટ અને મુદ્રણ સુધીના દરેક તબક્કામાં તેમણે સહયોગ, માર્ગદર્શન અને સૂચનો આપ્યાં છે. સતત દેશ અને વિદેશમાં પ્રવાસ અને વ્યાપક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવા છતાં તેમણે આ પુસ્તકને પ્રાથમિકતા આપી છે. આ પુસ્તકને આખરી સ્વરૂપ આપવામાં તેમનો મોટો ફાળો છે. તેમનો આભાર વ્યક્ત કરવા માટે મારી પાસે શબ્દો નથી.

શ્રીમતી ભારતીબહેન લાધાણીએ પૂ. ગુરુદેવનાં સ્મરણોની નોંધ લેવાનું કામ અત્યંત ખંત અને કાળજીથી કર્યું છે. ભારતીબહેન મુંબઈનાં રહેવાસી છે. મહિનાઓ સુધી પેટરબાર રહીને તેમણે ગુરુભક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ આપ્યું છે. તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

આ પુસ્તકમાં આપેલા ફોટોગ્રાફ્સના લે-આઉટ અને તેના ટેક્નિકલ કામમાં મારી બહેન શ્રીમતી ભાવના રોહિત શાહે અમૂલ્ય મદદ કરી છે. પુસ્તકના લોકાર્પણની તારીખ નજીક આવી રહી હતી ત્યારે ફોટોગ્રાફ્સ સંબંધી બધી જવાબદારી સંભાળીને તેમણે મારી ચિંતા હળવી કરી છે.

શ્રી કિશોરભાઈ સંઘવીએ ફોટોગ્રાફ્સના એડિટિંગ માટે તેમની લૅબોરેટરી ઉપલબ્ધ કરી હતી. શ્રી શશીભાઈ કોઠારીએ મુનિશ્રીના ફોટા પાડ્યા છે અને શ્રી મનોજભાઈ ભરવાડાએ જૂના ફોટા મેળવી આપ્યા છે. શ્રી શરદભાઈ ખારા સહયોગ માટે હંમેશ તત્પર રહ્યા છે. તે ઉપરાંત અનેક ગુરુભક્તો અને મિત્રોએ સાથ આપ્યો છે. આ સર્વેનો હું આભાર માનું છું.

પ્રાણગુરુ જૈન ફિલોસૉફિકલ ઍન્ડ રિસર્ચ સેન્ટર, મુંબઈના શ્રી ગુણવંતભાઈ બરવાળિયા અને શ્રી રૉયલ પાર્ક ઉપાશ્રય, રાજકોટના શ્રી ચંદ્રકાન્તભાઈ શેઠનો પુસ્તકવિતરણમાં સહાય આપવા બદલ આભાર માનું છું. શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ હંમેશ સૌહાર્દભાવે વ્યવહારુ સૂચનો અને માર્ગદર્શન આપ્યાં છે.

ખારા પરિવાર અને શ્રી હંસરાજ લક્ષ્મીચંદ કામાણી જૈન ભવનનો આર્થિક સહયોગ બદલ આભાર માનું છું. શ્રી કામાણી જૈન ભવનના કમિટી સભ્યોએ આ પ્રકાશનમાં જે રસ ધરાવ્યો છે તે પ્રશંસનીય અને અનુમોદનીય છે.

મારી પત્ની કુમકુમ દોશીએ આ પુસ્તકના સંપાદન અને પ્રકાશનમાં જે મદદ કરી છે તેની નોંધ વગર આ નિવેદન અધૂરું રહેશે. હસ્તનોંધના વાચનથી લઈને તેના સંપાદન-પ્રકાશનમાં તેણે સતત સાથ અને મૂલ્યવાન સૂચનો આપ્યાં છે. તેણે મારી અનેક જવાબદારીઓ સંભાળીને પુસ્તકલેખનનું કામ સરળ કરી આપ્યું છે. તેણે પૃષ્ઠભૂમિમાં રહીને દરેક કામ પાર પાડ્યાં છે.

છેલ્લાં પચાસ વર્ષોમાં પૂ. ગુરુદેવના અસંખ્ય ભક્તો અને વ્યક્તિઓએ મહત્ત્વનું કાર્ય કર્યું છે અને સેવાભક્તિ કરી છે. તે દરેકનાં નામ અને માહિતી ઉપલબ્ધ નથી. છતાં બની શકે તેટલા

ભક્તોના યોગદાનની નોંધ પરિશિષ્ટમાં લીધી છે. અનેક પ્રકારની મર્યાદાઓને કારણે તેમાંથી કોઈ નામનો ઉલ્લેખ રહી ગયો હોય તો તે બદલ ક્ષમા ચાહું છું.

જૈન એકેડેમી કલકત્તાના મારા સાથીમિત્રોએ અનેક જવાબદારીઓ મૂકભાવે બજાવીને ગુરુભક્તિ બતાવી છે અને મને જે પીઠબળ આપ્યું છે તે બદલ તેમનો સ્નેહભીનો આભાર માનું છું.

શ્રી જયંતમુનિજીના જીવનમાં આવતાં ૧૯૬૦ સુધીનાં પ્રેરક પ્રસંગો અને ઘટનાઓને આ પુસ્તકમાં લેવાયાં છે. પુસ્તકના દળની મર્યાદાને, માહિતીના સંકલન-આલેખનમાં લાગતા સમયને અને ગુરુદેવના ભક્તોની આતુરતાને ધ્યાનમાં રાખતાં ૧૯૬૦ પછીની ઘટનાઓને સંક્ષિપ્તમાં આવરી લેવી પડી છે. એ રીતે આ પુસ્તક પૂ. ગુરુદેવના જીવનનો પૂર્વાર્ધ છે, જેમાં મુખ્યત્વે તેમની ઘડતર, ચણતર અને ચિંતનની ભૂમિકા આપવામાં આવી છે. પૂ. તપસ્વીજી મહારાજનો સંથારો, બિહારમાં કારમો દુષ્કાળ અને બેલચંપાના અહિંસા નિકેતનના માધ્યમથી અપૂર્વ સેવા અને પેટરબારનો અભ્યુદય અને આદિવાસીઓ માટેના તેમના કરુણાભીના અને હૃદયસ્પર્શી સેવાયજ્ઞની કથાનો માત્ર સ્પર્શ જ થયો છે. આશા છે કે ગુરુદેવની કૃપાથી ઉત્તરાર્ધનું લેખન સત્વરે હાથમાં લેતા ભક્તજનોની પિપાસા સંતુષ્ટ થશે. તે માટે આગમદિવાકર પૂ. શ્રી જનકમુનિજી, શાસન અરુણોદય પૂ. શ્રી નમ્રમુનિજી અને પૂ. લલિતાબાઈ મ.સ. (બાપજી) તરફથી પ્રેરણા મળી છે. તેમની કૃપાથી ઉત્તરાર્ધનું કામ નિઃસંદેહ પાર પડશે.

શ્રી જયંતમુનિની કથા ફક્ત તેમના જીવનની કથા નથી, કે ફક્ત તેમના સંઘર્ષની કથા નથી. આ કથા એક જૈન સાધુએ પોતાના ત્યાગ અને સમર્પણથી રચેલા નવા ઇતિહાસનું સર્જન છે. આ કથા આપણા સૌની ગૌરવગાથા છે. તેમણે જૈન અને ભારતીય સંસ્કૃતિના પ્રાણને ધબકતા રાખવા પોતાના જીવનને સમર્પિત કર્યું છે.

જ્ઞાન એ દીપકની જ્યોત છે. સેવા અને સમર્પણના દિવેલ વગર જ્ઞાનનો દીપક પછાત અને ગરીબના અંધકારમય જીવનને ઉજાગર ન કરી શકે. આ તેમનો જીવનમંત્ર છે. તે આપણો પણ જીવનમંત્ર બને અને તેમણે કંડારેલી કેડીએ ચાલીને આપણે તેમની દૂરગામી, પ્રબુદ્ધ, સંવેદનશીલ, કરુણાભીની અને યુગસર્જક જીવનગાથામાંથી પ્રેરણા અને દૃષ્ટિ મેળવીએ તે જ અભ્યર્થના.

કલકત્તા

**- હર્ષદ દોશી**

ફાગણ પૂર્ણિમા,
૧૪ માર્ચ, ૨૦૦૬

❑ આમુખ ❑

# અમૃતજળનું આચમન

આજથી ચાર વર્ષ અગાઉ મારા મિત્ર શ્રી હર્ષદભાઈ દોશીએ તીર્થંકરની માતાને આવતાં ચૌદ સ્વપ્નો વિશે પરમ દાર્શનિક શ્રી જયંતમુનિજીનું લખાણ આપ્યું અને તેનું પ્રકાશન કરવાની ઇચ્છા પ્રગટ કરી. પૂ. શ્રી જયંતમુનિજીનાં દર્શન અને શ્રવણનો ક્યારેય લાભ મળ્યો નહોતો, પરંતુ ચૌદ સ્વપ્ન વિશેનાં અર્થઘટનોને વાંચતાં જ મારું મન સોળે કળાએ મહોરી ઊઠ્યું. બાળપણમાં ધર્મસંસ્કાર આપનારી માતા અને પિતા લેખક શ્રી 'જયભિખ્ખુ'એ ભગવાન મહાવીરના જીવનની ઘટનાઓ કહી હતી. મેં પણ ભગવાન મહાવીર વિશે ગુજરાતી-અંગ્રેજીમાં ચારેક પુસ્તકો લખ્યાં હતાં, પરંતુ ક્યારેય એ ચૌદ સ્વપ્નના મર્મનો આવો અલૌકિક વિચાર જાણ્યો નહોતો. પૂ. મુનિશ્રીનું લખાણ વાંચતા તેઓનો શાસ્ત્રોનો ગહન અભ્યાસ, વર્તમાન જીવનનો પ્રત્યક્ષ અનુભવ અને ગહન આધ્યાત્મિકતાનો અનુપમ સ્પર્શ થયો. આપણે ત્યાં મોટે ભાગે પરંપરાગત કે ચીલાચાલુ આલેખન જ પ્રાધાન્ય ભોગવતું હોય ત્યારે આ પુસ્તકમાં વિચારક, ચિંતક, દાર્શનિક અને પેલે પારનું જોનાર 'દ્રષ્ટા'ની પ્રતિભાનો અનુભવ થયો. એ જ શૃંખલામાં 'પુચ્છિસ્સુ ણં' સૂત્રના માર્મિક અર્થઘટન પર આધારિત 'કહો, કેવા હતા પ્રભુ મહાવીર ?' એ પુસ્તકનું મૂળ લખાણ જોવાની તક મળી.

આ બધાં વાચન પછી પૂ. મુનિરાજ વિશે જાણવાની જિજ્ઞાસા વધુ ઉત્કટ બની અને એને સંતોષતું એમના ચરિત્રનું પુસ્તક 'સાધુતાનું શિખર અને માનવતાની મહેંક'માંથી પસાર થવાનું બન્યું. આ પુસ્તકમાં પૂ. મુનિરાજશ્રીના પરિષહભર્યા વિહારમાં સાધુતાની મહત્તા, ગરિમા અને આકરી તપશ્ચર્યાનો જીવંત આલેખ જોવા મળે છે.

ભારતીય સંસ્કૃતિનું કેન્દ્રબિંદુ ભ્રમણ, અયન કે વિહાર છે. રામનો વનવાસ, પાંડવોનો વનવાસ કે પછી યોગી વર્ધમાનની સાડા બાર વર્ષની સાધના એ દર્શાવે છે કે આ સંસ્કૃતિને એ જ સાચી રીતે પામી શકે, જેણે ઠેર ઠેર ભ્રમણ કરીને જનજીવનના અને વનજીવનના પ્રત્યક્ષ અનુભવ મેળવ્યા હોય. પૂ. શ્રી જયંતમુનિજીની વિહારયાત્રા એ અનેક મુશ્કેલીઓનો સામનો કરીને જૈન સાધુએ કરેલી અહિંસાયાત્રા છે. આ યાત્રામાં ચરણ ચાલતા હોય, પણ સાથે હૃદય પરિવર્તન પામતું હોય છે. એક બાજુ બહાર અનુભવયાત્રા ચાલતી હોય તો બીજી બાજુ ભીતરમાં ઊર્ધ્વયાત્રા ચાલતી હોય છે. આ ચરિત્ર વાંચનારે બહારની રસપ્રદ ઘટનાઓ જોઈને થોભી જવાનું નથી, પરંતુ પરમ દાર્શનિક પૂ. શ્રી જયંતમુનિના આંતરજીવનની ઊર્ધ્વયાત્રાને સતત નીરખતા રહેવું પડશે.

જૈન સાધુઓએ પૂર્વે વિહાર કર્યો ન હોય તેવા દૂરના પ્રદેશોમાં એમણે વિહાર કર્યો. બિહાર અને ઝારખંડના પછાત, અવિકસિત અને આદિવાસીઓથી ભરેલા પ્રદેશમાં પોતાની સેવાપ્રવૃત્તિનો અહાલેક જગાવ્યો. પૂ. શ્રી જયંતમુનિજીને આદિવાસીઓ 'બાબા'ને નામે બોલાવતા હતા. આ 'બાબા' આ પ્રજાના સંસ્કારદાતા માર્ગદર્શક બની રહ્યા. બિહારના કારમા દુષ્કાળ સમયે એમણે અનેકને જીવતદાન આપ્યું. બેલચંપાના 'અહિંસા નિકેતન' દ્વારા પ્રચંડ સામાજિક ક્રાંતિ કરી. અજ્ઞાન અને અંધશ્રદ્ધામાં ઘેરાયેલા આદિવાસી સમાજ માટે નેત્રશિબિરોનું આયોજન કરીને હજારો માનવીઓને પુનઃ નેત્રજ્યોતિનું દાન કર્યું, એ જ રીતે ઝારખંડમાં આવેલા પેટરબાર વિસ્તારમાં માનવસેવાનો મહાયજ્ઞ કર્યો. ધર્મ, રાષ્ટ્ર કે સંપ્રદાયના ભેદભાવ વિના એમણે આંખની હૉસ્પિટલનો પાયો નાંખ્યો અને એનું નામ રાખ્યું 'પૂ. તપસ્વી જગજીવનજી મહારાજ નેત્ર ચિકિત્સાલય'.

વિહારને કારણે આ વિસ્તારના આદિવાસી સમાજની રગેરગથી મુનિશ્રી પરિચિત હતા. દારૂના નશામાં ડૂબેલા સમાજને એમણે નશામુક્ત કર્યો. નાની-નાની વાતમાં અંદરોઅંદર ઝઘડી પડતા આદિવાસીઓને સંપ અને સંગઠનના પાઠ શીખવ્યા. મુનિરાજોએ નિશાળો અને ઉદ્યોગો સ્થાપવાની પ્રેરણા આપી. આમ આદિવાસી માનવી તનથી મજબૂત બને, મનથી વ્યસનમુક્ત રહીને સારા વિચાર કરે. વળી એમનાં સ્વાવલંબી કેન્દ્રોમાં કામ કરીને આર્થિક રીતે પણ પગભર બને એવી ભાવના રાખી. એ રીતે આ વિસ્તારની અને આ સમાજની સર્વતોમુખી ઉન્નતિ માટે અથાગ પુરુષાર્થ કર્યો. પૂ. મુનિરાજશ્રીની ગો-દાનની યોજના પણ એટલી જ અનોખી છે.

આ ગ્રંથના વાચન દ્વારા સાધુતા અને માનવતા બંનેના શિખર પર બિરાજેલા મુનિરાજશ્રીના જીવનકાર્યને વંદન કરીને પાવન બનીએ છીએ. એમના જીવનના પ્રસંગો એટલા રોમાંચક રીતે શ્રી હર્ષદભાઈ દોશી દ્વારા આલેખાયા છે કે તેને સહુ કોઈ હોંશે હોંશે વાંચશે. એમની સેવાપ્રવૃત્તિએ જૈન સમાજમાં આગવો ચીલો પાડ્યો છે અને સ્વાભાવિક રીતે જ મન થાય કે મુનિરાજશ્રીના જીવનનો ઉત્તરાર્ધ મળે તો આપણે કેટલા બધા ન્યાલ થઈ જઈએ !

આ ગ્રંથ દ્વારા ઉત્કૃષ્ટ જ્ઞાન, અનુપમ સેવા અને અગાધ કારુણ્યના ત્રિવેણીસંગમને આરે ઊભા રહીને આપણે મુનિરાજશ્રીના જીવનના અમૃતજળનું પાન કરીએ.

તા. ૨૯-૩-૨૦૦૬ — **ડૉ. કુમારપાળ દેસાઈ**

❑

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | સંસ્કારજીવનનું સિંચન | ૧ |
| ૨. | તપસ્વી મહારાજનું મહાભિનિષ્ક્રમણ | ૨૯ |
| ૩. | આઠ દિવસની આંધી | ૪૩ |
| ૪. | સાધુતાની પગદંડીએ | ૫૭ |
| ૫. | રચ્યો નવીન ઇતિહાસ | ૬૮ |
| ૬. | સાધુ તો ચલતા ભલા | ૮૫ |
| ૭. | વિહારની કેડીએ | ૯૬ |
| ૮. | ઉત્તરપ્રદેશની અનુભવયાત્રા | ૧૦૮ |
| ૯. | ગંગામૈયાની ગોદમાં | ૧૨૪ |
| ૧૦. | કાશીમાં પદાર્પણ | ૧૪૧ |
| ૧૧. | દર્શનશાસ્ત્રનું અધ્યયન | ૧૫૦ |
| ૧૨ | વિહારની બદલાતી દિશા | ૧૬૬ |
| ૧૩. | પૂર્વભારતનો ઐતિહાસિક વિહાર | ૧૭૪ |
| ૧૪. | ભગવાન મહાવીરની પાવનભૂમિ | ૧૮૫ |
| ૧૫. | સમેતશિખર તરફ પ્રયાણ | ૧૯૬ |
| ૧૬. | વીસ તીર્થંકરોની પરમ પાવન નિર્વાણભૂમિ | ૨૦૩ |
| ૧૭. | ધર્મભાવનાનું મધુર ગુંજન | ૨૧૬ |
| ૧૮. | સાંપ્રદાયિક એકતાનો પ્રસન્ન અનુભવ | ૨૨૫ |
| ૧૯. | બંગભૂમિ બની વિહારભૂમિ | ૨૪૫ |
| ૨૦. | કલકત્તામાં ધર્મભાવનાની ભરતી | ૨૫૪ |
| ૨૧. | જાગે જૈનસમાજ ! | ૨૬૮ |
| ૨૨. | વ્યવહારમાં સ્યાદ્વાદ | ૨૮૦ |
| ૨૩. | બંગાળની સંસ્કૃતિ અને ગ્રામીણ પ્રદેશ | ૨૯૫ |

| | | |
|---|---|---|
| ૨૪. | અમારો છેલ્લો ઘા ! | ૩૦૩ |
| ૨૫. | લોભી અને જોગીનો અનુભવ | ૩૨૩ |
| ૨૬. | સંત સાધે સહુનું કલ્યાણ | ૩૪૩ |
| ૨૭. | જૈન એકતાનો જયઘોષ | ૩૬૪ |
| ૨૮. | વૈતરણીને તીરે ચિંતનધારા | ૩૮૩ |
| ૨૯. | પીડ પરાઈ જાણે રે ! | ૩૯૪ |
| ૩૦. | ઉદયગિરિની પાવન છાયામાં મહાપ્રસ્થાન | ૪૦૫ |
| ૩૧. | સેવા એ જ શ્રદ્ધાંજલિ | ૪૧૭ |
| ૩૨. | નેપાળની ઐતિહાસિક વિહારયાત્રા | ૪૨૭ |
| ૩૩. | ચાતુર્માસની ઉપલબ્ધિઓ | ૪૪૨ |
| ૩૪. | ગુરુ-શિષ્યનું મિલન | ૪૫૩ |
| ૩૫. | પેટરબારનો મહાન સેવાયજ્ઞ | ૪૬૦ |
| ૩૬. | સાર્થક જીવનની સુરભિ | ૪૬૬ |
| ❑ | પરિશિષ્ટ ૧ | ૪૬૯ |
| ❑ | પરિશિષ્ટ ૨ | ૪૭૮ |
| ❑ | પરિશિષ્ટ ૩ | ૪૭૯ |
| ❑ | પરિશિષ્ટ ૪ | ૪૮૫ |
| ❑ | પરિશિષ્ટ ૫ | ૪૮૭ |
| ❑ | પરિશિષ્ટ ૬-૭ | ૪૮૮ |
| ❑ | પરિશિષ્ટ ૮-૯ | ૪૮૯ |
| ❑ | પરિશિષ્ટ ૧૦ | ૪૯૦ |

❑



# ૧

# સંસ્કારજીવનનું સિંચન

ગીરપ્રદેશના વનક્ષેત્રમાં દિવસે પણ સિંહોની ત્રાડો સંભળાતી હોય છે. આખો પ્રદેશ પર્વતીય ઝરણાઓથી નિનાદ કરતો રહે છે. આવા પ્રદેશમાં શેત્રુંજય નદીના તટ પર, દલખાણિયા ગામ નજીક આવેલા નકેશ્વર મહાદેવ મંદિર પાસે, નદીના ઊંચા કાળાભમ શિલાતટ ઉપર એક ખાદીધારી બાલતરુણ પ્રતિદિન ધ્યાન કરવા બેસે છે. તરુણે આ ઉંમરમાં ચંપલ કે બૂટ પહેરવાનો ત્યાગ કર્યો હતો.

તે કોનું ધ્યાન કરે છે તે તરુણ પણ જાણતો હશે કે કેમ તે કહેવું મુશ્કેલ છે, પરંતુ ધ્યાન કર્યા પછી તેના ચહેરા પર આનંદની ઊર્મિઓ ઊછળતી દેખાય છે. એકાદ કલાક ધ્યાન કરી, ગહન વિચારમાં ડૂબેલો હોય તેમ તરુણ નકેશ્વર મહાદેવના મંદિર તરફ ડગ ભરે છે. નકેશ્વર મહાદેવનું મંદિર આ તરુણના પારિવારિક ઇતિહાસ સાથે જોડાયેલું છે. આ મંદિર પાસે મોટી વાવ છે. વાવની દીવાલ ઉપર દેવતાઓનાં કલાત્મક ચિત્રો કોતર્યાં હતાં, એટલે તેની શોભા વિશેષ લાગતી હતી.

વર્ષોથી સુરક્ષા તથા પૂજાપાઠ બંધ હોવાથી નકેશ્વર મહાદેવનું મંદિર નિર્જન બની ગયું હતું. ચારેબાજુ કાંટાવાળી ઝાડી ફેલાયેલી હતી. જમીન પર ગોખરુ વેરાયેલાં હતાં. તરુણની ઇચ્છા મંદિર સુધી જઈ, ત્યાં થોડી વાર ધ્યાનમાં બેસવાની હતી. તેના ખુલ્લા પગમાં ગોખરુ ભોંકાતાં હતાં. તેનો માર્ગ વિકટ બની રહ્યો હતો. પરંતુ તરુણનું સાહસ અદમ્ય હતું. પગમાં ગોખરુ વાગવા છતાં તેણે પોતાનો સંકલ્પ પૂરો કર્યો. નાની ઉંમરમાં પણ તરુણને વિચાર આવે છે કે ગોખરુ કોને વાગે છે? દુઃખનો અનુભવ કોણ કરે છે?

મહાદેવની પરસાળમાં બેસી, વિચારસ્થિતિમાં સ્થિર થતા તરુણને ગોખરુના ઘા અને તેની પીડા ભુલાઈ ગયાં. તરુણ નક્કી કરે છે કે ખરેખર પીડાનું ભાજન દેહ છે. દેહાધ્યાસ દૂર થતાં પીડાથી પણ દૂર થવાય છે. એવા દેહ સંબંધી વિચારોના ધ્યાનમાં થોડો સમય વિતાવી તરુણ દલખાણિયા તરફ પાછો વળ્યો. આ તરુણનું હુલામણું નામ છે જકુભાઈ. જકુભાઈ પૂજ્ય તપસ્વી જગજીવન મહારાજ સાહેબના સુપુત્ર થાય અને તેઓ આ જીવનકથાના ચરિત્રનાયક શ્રી જયંતમુનિ છે.

**દલખાણિયા :**

પૂ. શ્રી જયંતમુનિનો જન્મ સૌરાષ્ટ્રના ગીરપ્રદેશમાં જંગલો અને પહાડોથી ઘેરાયેલા દલખાણિયા એવા એક નાનકડા ગામમાં થયો હતો. દલખાણિયા એટલે ગીરપ્રદેશનું પ્રવેશદ્વાર. અહીં રાત્રી સમયે સિંહ અને જંગલનાં જાનવરોની ગર્જનાઓ અવારનવાર સંભળાતી હોય છે. દલખાણિયા નકેશ્વર મહાદેવથી લગભગ ત્રણ કિ.મી. દૂર ઉત્તરમાં નાનું ગામ છે. ગામની પાસે 'નાની' અને 'મોટી' એવાં નામવાળી બે નદીઓ વહે છે. અહીં મુખ્યત્વે ધર્મપરાયણ ખેડૂતો વસે છે.

દલખાણિયા નામ કેમ પડ્યું તે વિશે જાણવા મળે છે કે ગામની પાસે વહેતી 'નાની' નામની નદીની ઊંચી ભેખડો ઉપર મોટી અને ખૂબ જ ઊંડી ખાણો હતી. નદીનો કિનારો હોવા છતાં આ ભેખડોમાં ૭૦થી ૮૦ ફૂટ સુધી નીચે પાણી મળતું જ નહીં. ખાણની માટી એકદમ સૂકી રહેતી.

કાઠિયાવાડનાં ગામડાંઓમાં આવી ઊંડી ખાણોમાં દાણા ભરવામાં આવતા હતા. મુખ્યત્વે તો જુવાર જ હોય. દાણાને જૂની ભાષામાં દળ કહેતા. જે દળાય છે તે દળ. આજે પણ દાળિયા અને દલિયા શબ્દો પ્રસિદ્ધ છે. ગામમાં આવા દળની એટલે કે અનાજ ભરવાની ઘણી ખાણો હતી, એટલે તેનું નામ દલખાણિયા પડ્યું હશે તેમ મનાય છે.

મુનિશ્રીના પિતાશ્રીના કાકા પીતાંબરબાપાના સમય સુધી તેમાં જુવારો ભરવામાં આવતી હતી. દલખાણિયાના ધનાઢ્ય મોચી પરિવારના શ્રી રામભાઈ પણ આ ખાણોનો ઉપયોગ કરતા હતા. શ્રી જયંતમુનિજીએ નાનપણમાં આ ઊંડી ખાણો નજરોનજર જોઈ હતી. જોકે ત્યારે દાણા ભરવાનું બંધ થઈ ગયું હતું. આ ૭૦થી ૮૦ ફૂટ ઊંડી અવાવરી ખાણો દૂરથી જોઈ શકાતી હતી.

દલખાણિયાના પાદરમાં દરબારોએ બંધાવેલા બે મોટા જૂના કોઠાઓ જોવામાં આવે છે. કાઠિયાવાડમાં રમખાણ સમયમાં ક્યારેક નાનાં મોટાં ધિંગાણાંઓ જામતાં હતાં, જે ક્યારેક લડાઈનું રૂપ લેતાં હતાં. તે વખતે સુરક્ષાની દૃષ્ટિએ આવા કોઠાઓ બાંધવામાં આવતા. અત્યારે આ કોઠાઓ થોડા ખંડિત થઈ ગયા છે. કોઠાની એકંદર ઊંચાઈ ૭૦થી ૮૦ ફૂટની હતી. કોઠા પર ચડવાથી દૂર સુધીનાં ક્ષેત્રો જોઈ શકાતાં હતાં. અત્યારે આ સ્થાનને કોઠાદાર કહે છે.

***દલખાણિયાની ભૂગોળ :***

દલખાણિયાથી થોડે દૂર ચાંચઈ અને પાણિયા નામના દરબારી ગામ હતાં. ગાયકવાડ રાજની

રેખાઓ નક્કી થઈ ન હતી ત્યારે દલખાણિયા આ દરબારોની સત્તામાં હતું. દલખાણિયા પાસેની 'નાની' અને 'મોટી' નદીઓ ઉનાળામાં સુકાઈ જાય છે. આ બંને નદીઓનું વહેણ સૌરાષ્ટ્રની નામાંકિત નદી શેત્રુંજય તરફ છે. દલખાણિયા શેત્રુંજય નદીના ઉદ્ગમસ્થાન પાસે છે. એટલે ખરી રીતે દલખાણિયા એ શેત્રુંજય નદીનો પ્રદેશ ગણાય. જૈનોનું તીર્થ પાલિતાણા શહેર પણ શેત્રુંજી નદીનું ક્ષેત્ર છે.

દલખાણિયા જંગલનું નાકું છે. એક મુખ્ય રસ્તો દલખાણિયાથી કોડીનાર તરફ જાય છે. એ રસ્તે સાપનેસ, ઘાટવડ, શિંગોવડ, ઇત્યાદિ જંગલના નેસડાઓ પછી ગીરનું ઘોર જંગલ આવે છે. સૌરાષ્ટ્રનું એક મોટું તીર્થ તુલસીશ્યામ આ જ ક્ષેત્રમાં આવેલું છે. બીજો રસ્તો જંગલના મધ્યભાગમાં કનકાઈદેવી તરફ જાય છે. કોઈ યુગમાં ત્યાં કનકાવતી નામની નગરી હશે તેવું અનુમાન છે.

કનકાઈ રસ્તે જતાં કોટડા, પાણિયા, ચાંચઈ જેવા નેસડાઓ પછી ભયંકર અટવી જોવા મળે છે. જકુભાઈએ આ બધા રસ્તાઓ ખેડેલા અને ખૂંદેલા હતા. તેમણે કનકાઈ સુધી પગપાળા પ્રવાસ કરેલ હતો. પરંતુ અત્યારના યુગમાં જંગલો કપાઈ જવાથી સ્થાન બદલાઈ ગયાં છે.

આજુબાજુનાં નાનાંમોટાં ગામડાંઓ દલખાણિયાની પંચાયતમાં આવતાં હતાં. ધારી તાલુકાનું એક નાનું થાણું દલખાણિયામાં હતું. જેથી આજે પણ સરકારી મકાનો દલખાણિયામાં જોવા મળે છે.

દલખાણિયામાં કેટલીક વાવડીઓ પણ જોવા મળે છે. એ જ રીતે નકેશ્વર મહાદેવનું મંદિર દલખાણિયાના ક્ષેત્રમાં આવેલું એક પ્રકારનું તીર્થ છે. આ વાવડીઓ અને મંદિરો પૂજ્ય તપસ્વી જગજીવન મહારાજ સાહેબના કાકા શ્રી પીતાંબરબાપાએ બનાવેલાં હતાં.

**દલખાણિયાનો સામાજિક ઇતિહાસ :**

પીતાંબર શેઠ પછી દલખાણિયામાં રામભાઈ મોચીનો ઉદય થાય છે. મોચી હોવા છતાં એ જમાનામાં તેમણે લાખો રૂપિયાનો વેપાર કર્યો હતો. તેમણે મોટા મોટા ગઢ જેવાં મકાનો બનાવ્યાં હતાં. રામભાઈ આંખે આંધળા થઈ ગયા હતા, છતાં અત્યંત બુદ્ધિશાળી હતા. સાધુ-સંતોની મોટી મંડળી આવે ત્યારે ભક્તિભાવે જમાડવાની તેઓ જ વ્યવસ્થા કરતા. શ્રી રામભાઈએ દલખાણિયાની બાજુમાં પીતાંબર શેઠની જેમ મોટી વાવ બંધાવી હતી. તે પહેલેથી દાનપુણ્યમાં અનુરક્ત હતા.

દલખાણિયામાં ખેડૂત અને મોચી પરિવારો મોટી સંખ્યામાં હતા. બ્રાહ્મણનાં પાંચથી સાત, વણિક કોમનાં દસથી બાર, કોળીનાં પાંચથી સાત અને થોડાં મુસલમાનોનાં ઘરો હતાં. મુસલમાનમાં કરીમભાઈ મેમણ પ્રસિદ્ધ હતા. આ બધી કોમમાં ખૂબ ભાઈચારો હતો. વિશેષતા એ હતી કે ગીર જંગલનું ગામ હોવા છતાં અને દરબારોનું ગામ હોવા છતાં, ત્યાં એક પણ કાઠી, ગરાસિયા કે રાજપૂતનું ઘર ન હતું. જેના પરિણામે દલખાણિયાની આ બધી કોમો એક પ્રકારે બહાદુર વૃત્તિવાળી અને કોઈથી ડરે કે દબાય નહીં તેવા સ્વભાવની હતી.

દલખાણિયાની આજુબાજુમાં મોટા પહાડો, જંગલો અને વળાંકવાળી જગ્યા હોવાથી ત્યાં નામચીન બહારવટિયાઓ આશ્રય લેતા હતા. આ બહારવટિયાઓને સમય સમય પર દલખાણિયાથી રોટલા પૂરા પાડવામાં આવતા હતા. અત્યાર સુધી અહીં ક્યારેય કોઈ બહારવટિયા ત્રાટક્યા નથી અને દલખાણિયા ક્યારેય ભાંગ્યું પણ નથી. એક વખતના કાઠિયાવાડના બહારવટિયાથી ભરેલા ઇતિહાસમાં જે મોટો ત્રાસ થયો હતો તેમાંથી દલખાણિયા સદંતર ઊગરી ગયું હતું. રામભાઈ બહારવાટિયા(ડાકુ)નાં માતા-પિતા ગુપ્ત રીતે દલખાણિયામાં રહેતાં હતાં એટલે રામવાળાએ ધારી ગામ ભાંગ્યું, પણ દલખાણિયાને કશું કર્યું નહીં.

દલખાણિયાની આજુબાજુનાં જંગલોમાં મોટા પ્રમાણમાં સિંહ-દીપડા વગેરે જંગલી જાનવરો હતાં. દૂરદૂરના રાજા-મહારાજાઓ અને મોટા અંગ્રેજ અફસરો સિંહનો શિકાર કરવા દલખાણિયામાં પડાવ નાખતા. તેઓ દલખાણિયા સુધી સિંહોને લાવતા. વડોદરાના સયાજીરાવ મહારાજના *રાજપરિવારનાં રાણી, રાજકુમારી, રાજકુમારો પણ દલખાણિયામાં છાવણી નાખીને શિકાર ખેલતાં.* મોરબી, રાજકોટ, વાંકાનેર, જામનગર, ભાવનગર, પાલીતાણા અને રાજકોટના રાજા-મહારાજા અને રેસિડેન્ટ પણ અવાર-નવાર શિકાર માટે આવતા. શ્રી જયંતમુનિએ એમની બાલ્યાવસ્થામાં *સિંહને ઘણી વખત નજરે નિહાળ્યા હતા.* અત્યારે તો સરકારે સિંહના શિકારની સખત મનાઈ કરી છે અને ગુનો કરનારને કારાવાસ ભોગવવો પડે છે.

દલખાણિયા ગાયકવાડ સ્ટેટના અમરેલી જિલ્લાના ધારી તાલુકાનું ગામ છે. ગાયકવાડ સ્ટેટમાં હોવાથી સયાજીરાવ મહારાજાએ કરેલા શૈક્ષણિક અને સામાજિક સુધારાઓનો પૂરો લાભ દલખાણિયાને મળ્યો. એ જમાનામાં પણ દલખાણિયામાં ગ્રંથાલય, દવાખાનું અને બીજી સરકારી સગવડતાઓ ઉપલબ્ધ હતી.

સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ કવિ શ્રી ત્રિભોવનભાઈની કારકિર્દીનો આરંભ દલખાણિયાથી થયો હતો. દલખાણિયાની નાની શાળામાં તેમણે હેડમાસ્તર તરીકે સેવા આપી હતી. પાછળથી તે રાજકોટની હાઇસ્કૂલના અધ્યાપક થયા હતા.

ધારી સ્વામીનારાયણ સંપ્રદાયના મહાન સંત યોગીજી મહારાજની જન્મભૂમિ છે. ધારી જૈન સમાજ માટે આ ગૌરવશાળી ક્ષેત્ર છે. અહીંથી ઘણી બહેનોએ દીક્ષા લઈ જૈનશાસનને કળશ ચડાવ્યો છે. વર્તમાન વિદુષી ડૉ. તરુબાઈ સ્વામી (Ph.D.)નું જન્મસ્થાન પણ ધારી છે. ધારીથી એક પાકો રસ્તો દલખાણિયાથી આગળ ચાલીને ગીરના જંગલનાં દર્શન કરાવે છે. આ રીતે દલખાણિયા પ્રકૃતિની ગોદમાં એક નાનું બગીચા જેવું, ઐતિહાસિક દૃષ્ટિએ સભર, ગૌરવ ધરાવી શકે તેવું સૌરાષ્ટ્રનું ગામ હતું.

**દાદા દલખાણિયામાં સ્થાયી :**

પીતાંબરશેઠના મોટાભાઈ શ્રી મોનજી વચ્છરાજ બગસરાથી અવારનવાર દલખાણિયા આવતા હતા. તેઓ સરળ અને સાલસ સ્વભાવના, કાર્યકુશળ અને કર્મઠ વ્યક્તિ હતા. દલખાણિયાના પ્રસિદ્ધ શ્રી માનસંગ ભીલ અને બીજા ખેડૂત ભાઈઓએ મોનજી શેઠને દલખાણિયામાં રહેવા પ્રાર્થના કરી.

આ ઉચિત લાગતા શ્રી મોનજીભાઈએ દલખાણિયા આવવાનો નિશ્ચર્ય કર્યો. ખેડૂત ભાઈઓએ પોતાની જમીન આપી અને મોનજીબાપાની ગામના તલાટી તરીકે નિમણૂક કરી. તલાટી તરીકે તેઓએ સારી ખ્યાતિ મેળવી. તેમના ઘરમાં ઝલકબહેન ધાર્મિક વૃત્તિવાળાં યોગ્ય નારી હતાં. તે અવારનવાર સામાયિક કરવી, માળા ફેરવવી, ઇત્યાદિ ધર્મકરણી કરતાં હતાં. વિક્રમ સંવત ૧૯૪૩, માગશર વદ સાતમના રોજ મોનજીબાપાને ત્યાં મહાન, પરમ પૂજ્ય, ઘોર તપસ્વી જગજીવનજી મહારાજે ઝલકબહેનની કુક્ષીએ જન્મ લીધો. પરિવારના કોઈ વિચારકે જગજીવન એવું સાર્થક નામ આપ્યું.

આવા એકાંત ખૂણે પડેલા ગીરના નાનકડા ગામ દલખાણિયામાં જગજીવનભાઈનો જન્મ અને કેવી તેમની મહાનતા! ખરેખર આ આશ્ચર્યજનક ઘટના છે ! તેમણે સમગ્ર જૈનજગતમાં અને ભારતવર્ષમાં મહાન તપસ્વી તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી નામ રોશન કર્યું. આ તેમનાં માતા-પિતાના ઉજ્જ્વલ ચરિત્રનું જ પરિણામ છે.

**પીતાંબરબાપાની જાહોજલાલી :**

શ્રી મોનજીભાઈના નાનાભાઈ પીતાંબરભાઈ ખૂબ જ કાર્યદક્ષ અને વેપારી બુદ્ધિના વણિક હતા. પીતાંબરબાપાના ઘરમાં ડાહીમા ખૂબ વિચક્ષણ અને કર્મઠ નારી હતાં. પીતાંબરબાપાનો ડંકો વાગતો હતો. દલખાણિયામાં તેમની ભારે જાહોજલાલી હતી. ૧૦૦ જેટલા બળદની જોડીઓ સાથે તેમની ૧૦૦ હળની ખેતી હતી. તેઓ સાથે એટલી જ ગાય, ભેંસ અને બકરીઓ રાખતા હતા.

દૂરના જંગલના આ ગામમાં ધર્મધ્યાન કે ધર્મના તત્ત્વજ્ઞાનની વાત ક્યાંથી હોય ? પરંતુ પર્યુષણ આવે ત્યારે સંવત્સરીનો ઉપવાસ કરતા. બીજે દિવસે સંઘ જમણ કરાવતા. આ રીતે તેઓ જૈન ધર્મનું પાલન કરતા તેઓ કહેતા હતા કે "મારે એક ખભે શિવ છે અને એક ખભે જિન છે."

**પિતાશ્રી જગજીવનભાઈને કારમો ઘા :**

શ્રી જગજીવનભાઈ હજુ નવ-દસ વરસના હતા ત્યારે અત્યંત દુ:ખદ ઘટના બની. તેમના માથા પરથી માતા-પિતાનું છત્ર ઊડી ગયું. છ મહિનાના ગાળામાં માતા તથા પિતાનો આઘાત સહન કરવાનું બન્યું. મોનજીભાઈના પરિવારમાં ત્રણ બાળકો હતાં : જગજીવનભાઈ, એક નાનાભાઈ

અને એક દૂધીબહેન. આમ ત્રણ બાળકો જોતજોતામાં અનાથ બની ગયાં. ઘર ઉપર લોઢાની કડીઓ દેવાઈ ગઈ. પીતાંબરકાકા બંને ભાઈઓને પોતાને ઘેર લઈ આવ્યા, જ્યારે દૂધીબહેનને તેમના મામા લઈ ગયા.

**છપ્પનિયો દુકાળ :**

શ્રી જગજીવનભાઈએ કાકાને ત્યાં પોતાની ચતુરાઈને કારણે ઘણું કામ માથે ઉપાડી લીધું અને પરિવારમાં ગોઠવાઈ ગયા. પરંતુ સમય જતાં સમગ્ર ગુજરાત અને કાઠિયાવાડ પર છપ્પનિયો દુષ્કાળ આવી પડ્યો. આ છપ્પનિયો દુષ્કાળ મહાભયંકર અને વિકરાળ હતો. માનવસંહારનું કરુણ સ્વરૂપ હતું. ઘાસચારા અને અનાજનો અભાવ હોવાથી જાનવરો અને માણસો ટળવળીને ભૂખે મરી ગયાં. ગામેગામમાં લાખો માણસો મોતને શરણ થયા હતા. ગાય, ભેંસ, બળદ, બકરી અને ઘેટાં લાખોની સંખ્યામાં મરણ પામ્યાં.

શ્રી પીતાંબરબાપાના પરિવાર પર પણ ભયંકર અસર પડી. આખો પરિવાર છિન્નભિન્ન થઈ ગયો. તેના પરિવારમાં ફક્ત એક બોડી બકરી જ બચી હતી, જે બાપા માટે થોડું દૂધ આપતી હતી. હજારો વીઘા જમીન ઉજ્જડ થઈ ગઈ. જગજીવનભાઈએ આ કરુણ દશ્ય નજરે નિહાળ્યું અને એમના હૃદયમાં વેદનાનો સાગર છલકાઈ ગયો.

ગાયકવાડ સરકારે રસ્તા બંધાવવા, તળાવો ખોદાવવાં જેવાં કામો કરાવી ગરીબ માણસોને રોજી-રોટી આપવાનો પ્રબંધ કર્યો હતો. ત્યારે શ્રી જગજીવનભાઈએ સો-બસો કૂલી ઉપર મુકાદમ બની સેવા બજાવી હતી. આટલું ઓછું હોય તેમ છપ્પન પછી સત્તાવનમાં પ્લેગ આવ્યો અને લાખો માણસોનો ભોગ લીધો. દુષ્કાળમાં જે રહ્યાસહ્યા બચ્યા હતા તે પ્લેગમાં ભરખાઈ ગયા.

**કુટુંબનો બોજો :**

જગજીવનભાઈ પર પીતાંબરબાપાના આખા પરિવારનો બોજો આવી પડ્યો. પીતાંબરબાપાને ત્રણ દીકરા હતા : રૂગનાથભાઈ, જીવરાજભાઈ અને શામજીભાઈ. જગજીવનભાઈને રૂગનાથભાઈ સાથે મેળ અને પ્રેમ હતા. પણ કુદરતને તે મંજૂર ન હતું. એકાએક રૂગનાથભાઈ કાળનો કોળિયો થઈ ગયા. જગજીવનભાઈના મન પર ખૂબ જ ઊંડો આઘાત લાગ્યો. રૂગનાથ બાપાને પાંચ દીકરીઓ અને એક અપંગ દીકરો, એમ છ સંતાન હતાં. રૂગનાથભાઈ મરતી વખતે આ બધી દીકરીઓની જવાબદારી જગજીવનભાઈને સોંપી ગયા હતા. ખરેખર, જગજીવનભાઈએ આ જવાબદારી નિભાવી અને બધી દીકરીઓને કન્યાદાન આપી સાસરે વળાવીને રૂગનાથભાઈના આત્માને તર્પણ કર્યું હતું.

નાનાભાઈ જીવરાજભાઈએ રૂગનાથભાઈનો કારભાર સંભાળ્યો હતો. સૌથી નાના શામજીભાઈ

સ્વતંત્ર પ્રકૃતિના બહાદુર વ્યક્તિ હતા. તેમણે લગ્ન કર્યાં ન હતાં. તેઓ કહેતા હતા કે તેમનું મોત કોઈ ગોળીથી થશે. બન્યું પણ તે જ પ્રમાણે. તેમના વિરોધીઓએ એક વહેલી સવારે છળકપટ કરી, બે નાનાં બાળકોના હાથે ગોળી ચલાવી તેમને ઠાર કર્યા એટલે એમની કુટુંબ પરંપરા અહીં સમાપ્ત થઈ ગઈ.

શ્રી જગજીવનભાઈ ઉંમરલાયક થયા એટલે કાકાના પરિવારથી છૂટા થયા અને પુનઃ પોતાનું જૂનું ઘર સંભાળ્યું. એ વખતે તેમના મામા મૂળજીભાઈએ પણ સારો સાથ આપ્યો. ત્યારે ગામમાં મોટા માણસ તરીકે રામભાઈ મોચી ખૂબ પ્રસિદ્ધ હતા. તેમણે જગજીવનભાઈને સારી સલાહ આપી અને સાથ પણ આપ્યો. તેમની પાસે જગજીવનભાઈની જે જમીન ગીરવે હતી, તે પાછી સુપ્રત કરી દીધી.

દલખાણિયા ગીર જંગલનું ગામ હોવાથી ત્યાં બીડી-પત્તીનો સારો વેપાર ચાલતો હતો. વેપારીઓ જંગલમાંથી પત્તીઓ તોડાવી અમરેલી અને કુંડલાની મોટી બજારોમાં વેચતા. જગજીવનભાઈ પણ આ કારભારમાં જોડાયા અને ૪ વર્ષ સુધી આખા ગીરના જંગલની ખેડ કરી. પાંદડાના વેપારમાં પહેલી કમાણી અઢી રૂપિયા થઈ હતી. તેમાંથી તેમણે ૧ રૂપિયાની પહેલી પાઘડી ખરીદી. ત્યાં સુધી તેઓ ઉઘાડા માથે ખપતા હતા. કાઠિયાવાડમાં પાઘડીની બહુ જ કિંમત ગણાતી. જ્યારથી પાઘડી લીધી ત્યારથી તેમની ઇજ્જત બંધાણી.

આ દરમિયાન જગજીવનભાઈનાં નાનાબહેન દૂધીબહેનનું વેવિશાળ બગસરા મુકામે શ્રી ભીમજીભાઈ ડાહ્યાભાઈ સાથે કરવામાં આવ્યું. ભીમજીભાઈ ઉચ્ચકોટિના શ્રાવક અને સંતોના ભક્ત હતા. તેમણે કાપડના વ્યવસાયમાં નીતિ પ્રમાણે વેપાર કરી સારું એવું નામ મેળવ્યું હતું.

**એક નવો વળાંક :**

અહીં જગજીવનભાઈના જીવનમાં નવો જ વળાંક આવે છે. દૂધીબહેન સાથે લગ્ન થયા પછી શ્રી ભીમજીભાઈ દલખાણિયા આવતા-જતા થયા. તેઓએ જગજીવનભાઈને પાંદડાં તોડવાના પાપના વેપારથી છૂટા થઈ દુકાન કરવા માટેની પ્રેરણા આપી. જગજીવનભાઈએ પણ બધા નિયમોનું પાલન કરી, દલખાણિયામાં દુકાનની સ્થાપના કરી અને ખૂબ જ નીતિપૂર્વક વેપાર શરૂ કર્યો. 'ઓછુ દેવું નહીં અને બે ભાવ કરવા નહીં' તેવો સિદ્ધાંત તેમણે જાળવી રાખ્યો હતો. જગજીવનભાઈએ દુકાનમાં પગ માંડ્યો અને તેમના ભાગ્યની ઉન્નતિ શરૂ થઈ. ધીરેધીરે દુકાન ખૂબ જ આગળ વધી અને તેમણે ગામના બધા માણસોનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો.

ગામડાની દૃષ્ટિએ તેમની દુકાન મોટી હતી અને ધીકતો વ્યવસાય હતો. દુકાન સવારના ચાર વાગ્યાથી ખૂલે તે રાત્રે અગિયાર વાગે બંધ થતી. દુકાનમાં અગિયાર માણસો નિરંતર કામ કરતા. ઘી, કપાસિયા, રૂ, મગફળી, અનાજની લેવડ-દેવડ, કપડાં આદિ અનેક વેપાર એકસાથે ચાલતા હતા.

### ધર્મનો અમીટ રંગ :

આ દરમિયાન દલખાણિયામાં સાધુ-સંતનું પણ આગમન શરૂ થયું હતું. જગજીવનભાઈનાં ફઈબાના દીકરા મોટાભાઈ હીરાચંદભાઈ નાની ઉંમરે સુરદાસ થયેલા અને ખૂબ જ દુઃખી હતા. તે દરમિયાન દેવચંદજી મહારાજ દલખાણિયા પધાર્યા. તેઓએ હીરાચંદભાઈને ધાર્મિક જ્ઞાન આપ્યું અને તેઓ એક મહાન તપસ્વી તરીકે ખ્યાતિ પામ્યા. તેમણે અઠ્ઠમનાં વરસીતપ, ચાર માસખમણ અને હજારો આયંબિલ કર્યાં. તે દિવસમાં બન્ને વખત અર્થ સહિતનું પ્રતિક્રમણ બોલાવતા. પોતે તો ધર્મમાં રંગાયા હતા, પરંતુ આખા દલખાણિયાને ધર્મમાં રંગી દીધું. દલખાણિયાના ભાઈઓ મુંબઈ ઉપાશ્રયનો ફાળો કરવા ગયા ત્યારે સારી એવી સફળતા મેળવી અને દલખાણિયામાં જૈન ઉપાશ્રય બંધાવ્યો. હીરાચંદભાઈ ઉપાશ્રયમાં રહીને એક સાધુ જેવું જીવન ગાળતા હતા.

એ જ રીતે જગજીવનભાઈના મામા મૂળજીભાઈ પણ ધર્મ-ધ્યાનમાં સાથે હતા. પરિણામે જગજીવનભાઈના જીવન ઉપર ધર્મની ઉપાસનાનો ઊંડો પ્રભાવ પડ્યો. તેઓ પણ વખતોવખત જુદા જુદા વ્રત-નિયમો કરવા લાગ્યા.

### ધર્માનુરાગી પરિવાર :

ધારીની પાસે ખીચા ગામે જગજીવનભાઈનાં લગ્ન થયાં. અમૃતબહેન એક શ્રાવિકા તરીકે ધર્મ-પરાયણ નારી હોવાથી તેમણે દલખાણિયામાં ખૂબ જ સુવાસ મેળવી. જગજીવનભાઈના ઘેર અમૃતલાલભાઈ (બચુભાઈ), પ્રેમકુંવરબહેન, ચંપાબહેન, પ્રભાબહેન, જયંતીભાઈ (જકુભાઈ) અને જયાબહેન – એમ બે પુત્ર અને ચાર પુત્રીઓનો ક્રમસર જન્મ થયો. તેમના ઘરમાં ધર્મનો ઘણો જ અનુરાગ હતો. ધર્મના સંસ્કારને કારણે જગજીવનભાઈનાં છ બાળકોમાંથી ત્રણ દીક્ષિત થયાં.

બોટાદ સંપ્રદાયના માણેકચંદ્ર મહારાજ દલખાણિયા પધાર્યા અને જગજીવનભાઈનો વૈરાગ્ય વધતો ચાલ્યો. બંને માણસોએ માણેકચંદ્રજી મહારાજ પાસે ચોથા વ્રતના પચ્ચક્ખાણ લીધા. ઘરમાં પણ ધર્મભાવના વધવા લાગી. તેમણે એક રૂમમાં પૌષધશાળા સ્થાપી. ઘરનાં બધાં સભ્યો ઊઠીને સૌપ્રથમ સામયિક કરતાં હતાં. ફક્ત બચુભાઈ નવકારની માળા ગણતા. તેમને ક્રિયાકર્મમાં ઓછો રસ હતો. તે દાન-પુણ્યમાં વધારે માનતા.

જગજીવનભાઈને ત્યાં કણબીનો એક અનાથ પરિવાર આવેલો. તેના ભાણજીભાઈ નામે એક બાળકને જગજીવનભાઈએ પુત્રરૂપે સ્વીકારી લીધો હતો. તેના પરિવારના બીજા માણસોની પણ તેમણે વ્યવસ્થા કરી હતી. ભાણજીભાઈ પણ ધર્મના રંગે રંગાયા. જગજીવનભાઈના પરિવારમાં સૌથી પહેલી દીક્ષા તેમણે જ ગ્રહણ કરી. તેમણે ગિરધરલાલજી મહારાજની અપૂર્વ સેવા કરી હતી.

### 'સરસ્વતીચંદ્ર'નો પ્રભાવ :

રાજના દરેક ગામની જેમ મહારાજા સયાજીરાવે દલખાણિયામાં પણ પુસ્તકાલયની સ્થાપના

કરાવી હતી. પૂજ્યશ્રી સરપંચ હતા એટલે આ પુસ્તકાલયની વ્યવસ્થા સંભાળતા હતા. તેમનો ગુજરાતી પુસ્તકો વાંચવાનો શોખ પણ વધી ગયો હતો. પોતે ફક્ત ચાર ચોપડી જ ભણેલા હતા, છતાં તેમનો બુદ્ધિનો ઉઘાડ ખૂબ હતો અને વિષયની ઘણી સારી પકડ હતી. તેથી જે પુસ્તક વાંચતા તેના હાર્દને સમજી શકતા હતા. તેઓ ધાર્મિક તથા બીજાં સારાં પુસ્તકો નિયમિત વાંચતાં.

ગોવર્ધનરામની લખેલી ગુજરાતની મહાન નવલકથા 'સરસ્વતીચંદ્ર' જગજીવનભાઈના હાથમાં આવી. આ ગ્રંથ ગુજરાતમાં પાંચમા વેદ તરીકે પ્રસિદ્ધિ પામ્યો છે. ગુજરાતની અસ્મિતાને સરસ્વતીચંદ્રે નવો વળાંક આપ્યો છે. આ પુસ્તકે તે વખતનાં યુવક-યુવતીના મન ઉપર ઊંડી છાપ પાડી હતી. જગજીવનભાઈ આ પુસ્તકમાં તન્મય થઈ ગયા. ગોવર્ધનરામનાં ચરિત્રપૂર્ણ પાત્રો પ્રત્યે જગજીવનભાઈને પણ ઉત્કટ સદ્ભાવ જાગ્રત થતો હતો.

તપસ્વી જગજીવન મહારાજ કહેતા, "કુમુદ ઊંચામાં ઊંચું પાત્ર છે. તેનું ચરિત્ર દમયંતીની જેમ ખૂબ જ ચળકે છે. નવીનચંદ્રની પ્રતિભાસંપન્ન જીવનગાથા ઊંચી ખાનદાનીનો નમૂનો છે. આ જ રીતે કુમુદ પણ ખૂબ ઉદાર હૃદયવાળી નારી તરીકે આપણા મન પર ઊંડી છાપ મૂકી જાય છે. આ નવલકથામાં તત્ત્વજ્ઞાન ઉપરાંત ઉચ્ચકોટિનાં ચારિત્ર્યવાન પાત્રો હૃદયમાં વસી જાય છે. મેં 'સરસ્વતીચંદ્ર' પાંચ કે છ વાર વાંચ્યું હશે. મારા મન ઉપર ખૂબ જ ઊંડી છાપ પડી છે. મેં જે પુસ્તકો વાંચ્યાં હતાં તેમાં મારું સૌથી પ્રિય પુસ્તક 'સરસ્વતીચંદ્ર' હતું."

આ બધાં પુસ્તકો વાંચ્યાં પછી મહારાજશ્રીના ઘેર પ્રભાબહેન, જયંતીભાઈ અને જયાબહેન, એમ ત્રણ બાળકોના જન્મ થયા. આ દરેકમાં પણ વૈરાગ્ય અને બુદ્ધિમત્તાની ઝલક જોવા મળી. પુસ્તકનાં ઉત્તમ પાત્રો પણ વાસ્તવિક જીવન ધારણ કરી ધરા પર જન્મે છે. પૂજ્ય તપસ્વીજી મહારાજ જે વાચન કરતા તેને વાગોળતા પણ ખરા અને જીવનમાં ઉચ્ચ કોટિના સાહિત્યના ભાવો ઉતારતા પણ ખરા. પૂજ્યશ્રી જયંતમુનિ, પ્રભાબાઈ સ્વામી તથા જયાબાઈ સ્વામી, આ ત્રણેમાં આ સાહિત્યનો ઊંડો પ્રભાવ ઊતરી આવ્યો હતો તેમ જોઈ શકાય છે.

પૂજ્યશ્રીના જીવન પર ધાર્મિક સાહિત્યનો ઘણો પ્રભાવ પડ્યો. વાંચનથી હૃદયમાં જે બીજ કણ વવાયાં, તે અંકુરિત થઈને સાધુજીવનરૂપે પરિવર્તન પામ્યાં અને નવપલ્લવિત વૃક્ષરૂપે શોભી ઊઠ્યાં. સાહિત્ય એ મનુષ્યનો બીજો ગુરુ છે. સારું સાહિત્ય ઉચ્ચ કેળવણીકારનું ઘડતર પૂરું પાડે છે. એટલું જ નહીં, સાહિત્યના વાંચનથી સંયમ-જ્ઞાનનો પણ ઉદય થાય છે, બુદ્ધિ તેજ થાય છે, જીવન અને જગતનું દર્શન થાય છે. પૂજ્યશ્રીના જીવનમાં વાંચનનો સારો એવો ઉપકાર છે. પૂજ્યશ્રીને ઉત્તમ પુસ્તકો પૂરાં પાડવામાં તેમના પરમ મિત્ર અને કેળવણીકાર શ્રી ત્રિભુવનભાઈનું ઘણું યોગદાન હતું.

**માનવસેવાનાં બીજ :**

જગજવનભાઈનો વ્યાપાર ખૂબ જ આગળ વધ્યો અને નગરશેઠ તરીકે ગામમાં પૂર્ણમાન્ય વ્યક્તિ થઈ ગયા તથા પંચ્યાશી સરપંચ નિમાયા. તેમણે સરકારી ક્ષેત્રમાં પણ ઘણો સુધારો કર્યો અને સ્કૂલને વ્યવસ્થિત કરી.

તેઓ જેવા સુખીસંપન્ન હતા તેવા લોકસેવક પણ હતા. તેઓ દાન અને સેવાના ગુણથી રંગાયેલા હતા. તેમણે ગામમાં માનવસેવાનાં કાર્યો પણ શરૂ કર્યાં. પોતે સ્વયં દવાની પેટી લઈને ગામમાં જે બીમાર હોય તેને મદદ કરવા જતા. એ જ રીતે અનાજ અને જરૂરી સામાન પણ મોકલતા. હરિજનોને અછૂત ગણવામાં આવતા તેમાં જગજીવનભાઈએ ઘણો સુધારો કર્યો. તેમણે હરિજનોને દુકાને આવવાની છૂટ આપી. પોતે સ્વયં હરિજનવાસમાં જઈ તેમનાં સુખદુઃખની વાતો સાંભળતા અને તેમનાં બાળકોને પણ ભણવા માટે પ્રેરણા આપતા. તેમણે પોતાની ૧૦૦ વીઘા જમીન હરિજનોને વિતરણ કરી દીધી.

બહારના મોટા ઑફિસરો અને સરકારી પદાધિકારીઓનું જગજીવનભાઈ સારું એવું સન્માન કરતા. ગેરઇન્સાફ અને અન્યાયથી તેમને પણ દૂર રાખવાની પૂરી કોશિશ કરતા. સમસ્ત ગ્રામીણ જનતા તેમને જગજીવનબાપા તરીકે ઓળખતી. દલખાણિયામાં નગરશેઠની પદવી પામ્યા પછી, લગભગ સરપંચ થયા પછી, હિન્દુ-મુસલમાન સહિત બધી કોમ તેમને જગા બાપુ તરીકે ઓળખતા. તેમને જગજીવનભાઈ પર પૂરો વિશ્વાસ હતો.

દલખાણિયા જેવા એકાંત, ગીરના જંગલમાં આવેલા આ નાના ગામમાં પણ જગજીવનભાઈને માનવસેવાના કાર્યમાં ઊંડો રસ હતો. કોર્ટ-કચેરીથી લોકો દૂર રહે તથા એકબીજાની સમજણથી ઝઘડો પતાવે તેવી સલાહ આપતા. આખા ગામને તેમણે એક પ્રકારનું વરદાન આપ્યું. તેઓ કહેતા કે તેમને જનસુધારાની પ્રેરણા સયાજીરાવ ગાયકવાડ તરફથી મળી હતી.

**માતાનાં સંસ્કાર :**

દલખાણિયાના આ વણિક પરિવારમાં માતુશ્રી અમૃતબહેન વિશેષ ખ્યાતિ ધરાવતાં હતાં. તેઓ ભદ્ર સ્વભાવનાં, ધર્મપ્રેમી અને સેવાપરાયણ હતાં. સારાં પુસ્તક સાંભળવાનો તેમને ઘણો જ રસ હતો. તે સારાં પુસ્તકો ખૂબ જતનપૂર્વક સાચવીને પેટીમાં રાખતા. ગામમાં બ્રાહ્મણ પરિવારના દૂધીબહેન બાળવિધવા હતાં. તેઓ ધર્મપરાયણ, સુલક્ષણા અને ભણેલા હતાં. તેમને અમૃતબહેન સાથે ગાઢ સ્નેહસંબંધ હતો. તેઓ અમૃતબહેનને નિયમિત ધર્મપુસ્તકો વાંચી સંભળાવતાં.

દૂધીબહેનના સહયોગથી અમૃતબહેનને દરરોજ ત્રણથી ચાર કલાક સુધીનો સ્વાધ્યાય-સત્સંગ મળતો. તેઓ દીનદુઃખીની તથા સાધારણ ગ્રામીણ જનતાની આવશ્યકતાઓ ઉપર પૂરું ધ્યાન આપતાં. ઘરમાં ગાય-ભેંસો હોવાથી પ્રતિદિન બે મોટી ગોળી છાશ તૈયાર થતી. અમૃતબહેન ખાટલી ઉપર

બેસી પોતાના હાથે છાશ વહેંચવાનું શરૂ કરતાં. ગામનાં તથા નજીકના ગામનાં મળી ૨૦૦થી ૨૫૦ની સંખ્યામાં માણસો છાશ લેવા માટે આવી પહોંચતાં. સૌને સંતોષ થતો. અમૃતબહેનની એ વિશેષતા હતી કે ઘરમાં વાપરવા માટે, સગાંસંબંધીઓ માટે કે ગરીબોને આપવા માટે, બધી જ છાશ એકસરખી રાખતાં. લોકભાષામાં જેને (૧) આ પલ, (૨) પો પલ અને (૩) પલ પલ કહે છે, એવી ત્રણ પ્રકારની છાશનો બિલકુલ ભેદભાવ રાખવામાં આવતો નહોતો.

*તેઓ સામાન્ય ઘરોમાં જરૂર પ્રમાણે સીધુ-સામાન, બાજરો, ઘઉં, ગોળ, તેલ, કેરોસીન* અને બીમાર માટે ઘી ઇત્યાદિ પહોંચાડી આપતાં. વસ્ત્રો આપવામાં પણ પાછી પાની ન રાખતાં. તેમનું જીવન દાનમય તથા સેવામય હતું. આ બધાં કાર્યોમાં તેમને દૂધીબહેનની પૂરી પ્રેરણા હતી. જકુભાઈ પોતાને મોટા સદ્‌ભાગી માનતા હતા કે તેમણે અમૃતબહેન જેવા માતુશ્રીની કૂખે જન્મ લીધો હતો.

**વડીલબંધુ અમૃતલાલભાઈ :**

વડીલબંધુ અમૃતલાલભાઈને સૌ બચુભાઈના નામથી બોલાવતા હતા. તેમનું વેવિશાળ ગારિયાધાર મુકામે શ્રી અમૃતલાલભાઈ કકલની સુપુત્રી કંચનબહેન સાથે કર્યું હતું. કાળયોગે લગ્ન પહેલાં જ કંચનબહેન દેવગતિ પામ્યાં. ત્યારબાદ તેમનાં લગ્ન ધારી મુકામે માણેકચંદ રાયચંદ રૂપાણીનાં સુપુત્રી લાભકુંવરબહેન સાથે કરવામાં આવ્યાં. મોટાભાઈ બચુભાઈ સમર્થ હતા અને ઘરનો બધો વહીવટ સંભાળતા હતા. જગજીવનભાઈના વેપાર ઉપરાંત કુટુંબની જવાબદારી પણ અમૃતલાલભાઈએ સંભાળી લીધી. નાનાભાઈ જકુભાઈ પ્રત્યે તેમને અપાર સ્નેહ હતો.

ઘરમાં પિતાશ્રી ઉપરાંત બે બહેનો અને નાનાભાઈએ દીક્ષા લીધી હતી, તે ઉપરાંત માતુશ્રી પણ વૈરાગ્યમય જીવન ગાળતાં હતાં, છતાં અમૃતલાલભાઈ સ્વયં ક્યારેય દીક્ષાના હિમાયતી ન હતા. તેમજ તેમણે ક્યારેય પણ પોતાના અંગત વિચારોનો પરિવારનાં સભ્યો ઉપર પ્રભાવ પડવા દીધો નથી. આ રીતે તેમના ઉદાર અને સ્નેહમય છત્ર હેઠળ કુટુંબનો વ્યવહાર જળવાઈ રહ્યો હતો.

**પ્રભાબહેન અને જયાબહેન :**

મોટાં બે બહેનો પ્રેમકુંવરબહેન તથા ચંપાબહેનનાં લગ્ન શ્રી જગજીવનભાઈએ પોતાના હસ્તે કરાવ્યાં હતાં. પ્રભાબહેને પિતાશ્રીની સાથે જ ઉજ્જમબાઈ મહાસતીજી પાસે દીક્ષા લીધી હતી. જયંતમુનિજી બનારસ અભ્યાસ માટે વિહાર કરે તેના બે દિવસ પહેલાં જયાબહેને પણ ઉજ્જમબાઈ મહાસતીજી પાસે દીક્ષા લીધી હતી.

**વૈરાગ્યભાવની પરાકાષ્ઠા :**

જકુભાઈએ બાલ્યજીવનમાં નાનાંમોટાં તોફાનો અને જંગલમાં પરિભ્રમણ કરતાં કરતાં ગુજરાતી

ચાર ચોપડી પાસ કરી. એ સમયે તેમના પરિવારમાં મોટું પરિવર્તન આવી રહ્યું હતું. પિતાશ્રી જગજીવનભાઈ સુખીસંપન્ન હોવા છતાં વિક્રમ સંવત ૧૯૯૦ પછી તેમના જીવનમાં પ્રચુર વૈરાગ્યનો ઉદય થયો. તેઓ ધર્મ તરફ વળી ગયા. મોટા પુત્રને વેપારમાં જોડી પોતે નિવૃત્ત થતા ગયા. દૂર બિહારમાં આવેલ સમ્મેતશિખરની યાત્રા પછી ઘોર તપસ્વી બન્યા. છેવટે સાધુજીવન સ્વીકારવાનો પણ નિર્ણય કર્યો. વૈરાગ્યભાવથી શરુ કરી દીક્ષા સુધીનાં દશ વરસ ઘણાં જ પરિવર્તનશીલ હતાં.

જકુભાઈનું બાળપણ સહજ બાળસ્વભાવ પ્રમાણે ખૂબ જ તોફાની અને ઉગ્રતાભરેલું હતું. તેમને બાળપણમાં ખૂબ ભારે બળિયા-માતા નીકળ્યાં હતાં, જેથી શરીરમાં અમુક અંશે ગરમી અને ઉગ્રતા રહી જવા પામી હતી. ફક્ત એમના પિતાશ્રી જ તેમની ઉપર અનુશાસન કરી શકતા હતા. પિતાની અનુપસ્થિતિમાં અથવા તે બહાર ગયા હોય ત્યારે સૌ ત્રાહિમામ્ થઈ જતા હતા.

માતુશ્રી અમૃતબાઈ ખૂબ સરલ સ્વભાવનાં અને શાંતિને વરેલાં હતાં. તેઓ બાળકોને એક ટપલી પણ મારતાં નહીં. તોફાની હોવા છતાં જકુભાઈની ધાર્મિક ઉપાસના ચાલુ હતી. સામાયિક, ચૌવિહાર, કંદમૂળનો સર્વથા ત્યાગ, આ બધા ધાર્મિક નિયમો તેમને બાળપણથી વરેલ હતા. એકંદરે જકુભાઈ આ સમર્થ પરિવારમાં ધાર્મિક સંસ્કારો વચ્ચે મોટા થવા લાગ્યા.

**જકુભાઈનો શિક્ષાકાળ :**

પ્રારંભિક શિક્ષા માટે જકુભાઈને જે સુયોગ મળ્યો તે ચાર ભાગમાં વિભક્ત થઈ જાય છે. (૧) દલખાણિયાની ગામઠી શાળા, (૨) શેત્રુંજય પહાડની નજીક ગારિયાધાર નગરમાં એક વર્ષ અભ્યાસ, (૩) બગસરામાં ટૂંક સમય, (૪) અમરેલી બોર્ડિંગમાં બી. એલ. મહેતાના સાંનિધ્યમાં વડોદરા રાજ્યની સ્કૂલમાં શિક્ષણ.

દલખાણિયાની ગામઠી શાળામાં શિક્ષણ શૂન્યવત્ હતું. પરંતુ શિક્ષકો ઘણા સારા અને લાગણીભર્યા હતા. જકુભાઈ પ્રત્યે શિક્ષકો પૂરું ધ્યાન આપતા. વળી જકુભાઈ દલખાણિયાના નગરશેઠ શ્રી જગજીવનભાઈના પુત્ર હતા, તેથી વિશેષ માનના અધિકારી બની રહ્યા.

દલખાણિયા એ વડોદરા રાજ્યનું ગામ હતું. આ ગામઠી શાળા વડોદરા રાજ્યના ધારી તાલુકાની શિક્ષણસંસ્થા સાથે સંકળાયેલી હતી. તે સમયે સંપૂર્ણ ભારતમાં અંગ્રેજી રાજ્ય છવાયેલું હતું અને દેશી રાજ્યો અંગ્રેજ સરકારને તાબે હતાં. ગાયકવાડ સ્ટેટની શિક્ષણસંસ્થાઓ ઊંચા ધોરણથી કામ કરતી હતી. નાનામાં નાના ગામમાં પણ લાયબ્રેરી સ્થાપવામાં આવી હતી. એટલે દલખાણિયાની શાળામાં સુંદર લાયબ્રેરી હતી. જકુભાઈનો પુસ્તક વાંચવાનો રસ જાગ્રત થઈ ચૂક્યો હતો. ગુજરાતી બહુ સારી રીતે વાંચી લેતા. તેમની સમજવાની શક્તિ બાળપણથી તેજ હતી. એ તેમની કુદરતી બક્ષિસ હતી. મુખ્ય શિક્ષકે લાયબ્રેરીની ચાવી જકુભાઈને સુપ્રત કરી હતી, જેથી તેમને વાંચનનો વધારે સુયોગ મળ્યો.

**પરમ ઉપકારી પુસ્તકો :**

આ લાયબ્રેરીમાં સૌથી પહેલું પુસ્તક શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવનું ગુજરાતીમાં લખાયેલું જીવન-ચરિત્ર હતું. જકુભાઈ સંપૂર્ણ ચરિત્ર ધ્યાનથી વાંચી ગયા અને શારદા મા પ્રત્યે નતમસ્તક થયા. તેમના બાળમાનસ પર આ ચરિત્રની ઊંડી અસર થઈ. તેમનામાં ત્યાગ-વૈરાગ્યના દૃઢ સંસ્કારો અંકિત થયા અને સાધુ-જીવન પ્રત્યે આકર્ષણ થયું. ખરુ પૂછો તો આ પુસ્તકે ઘણો જ ઉપકાર કર્યો હતો.

તે વખતે ખબર ન હતી કે તેમને આખી જિંદગી રામકૃષ્ણ પરમહંસની ભૂમિમાં વિતાવવાની છે અને બંગાળ-બિહારમાં વિહાર કરવાના છે ! તેમણે શ્રી રામકૃષ્ણ પરમહંસની જન્મભૂમિ કામારપુકુર તથા શારદામાની જન્મભૂમિ જયરામબાટીમાં સાક્ષાત્ જઈને, ત્યાં નેત્રયજ્ઞ યોજી, દીનદુઃખી બંધુઓની સેવા કરી. કેમ જાણે જયંતમુનિજીના હાથે રામકૃષ્ણ પરમહંસ દેવને શ્રદ્ધાનું શ્રીફળ ચડાવવાનું લખ્યું હશે ! બાળપણમાં વાંચેલું આ મહાન પુસ્તક શ્રી જયંતમુનિજીના જીવનમાં મહદ્ અંશે ચરિતાર્થ થયું.

**સદ્વાંચનનો સુયોગ :**

હીરાચંદ બાપા સુરદાસ હોવાથી વાંચી શકતા નહીં, તેથી જકુભાઈ ઉપાશ્રયમાં ધાર્મિક પુસ્તકો વાંચી સંભળાવતા હતા. પરિણામે તેમને 'ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર' જેવા વિશાળ ગ્રંથનું વાંચન કરવાનો સુયોગ બાળપણમાં જ મળ્યો.

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીનો આ મહાન ગ્રંથ દસ ભાગમાં વહેંચાયેલો છે. પૂરો ગ્રંથ ધર્મકથાઓ અને મહાપુરુષોના ચરિત્રથી ભરપૂર છે. તેમાં તત્ત્વની વાતો પણ સારી એવી ચર્ચાયેલી છે. એમાં જૈન સમાજનો અણમોલ ખજાનો છે. હીરાચંદભાઈને શ્રવણ કરાવતાં સ્વયં જકુભાઈને ધર્મ વિશે ખૂબ ઊંડાણથી જાણવા મળ્યું. આ ઉપરાંત હીરાચંદબાપા છકાઈ, છ આરા, નવતત્ત્વ અને બીજા ઘણા થોકડાનું જ્ઞાન ધરાવતા હતા. તેઓશ્રી જકુભાઈને નાનપણમાં આ તત્ત્વજ્ઞાન સમજાવતા હતા. જકુભાઈની બુદ્ધિ કુશાગ્ર હોવાથી તેમને તત્ત્વની વાતોમાં ખૂબ રસ પડતો હતો. જંબુદ્વીપનો થોકડો વાંચતા ત્યારે બાળકની કલ્પનાને પાંખ ઊગતી. મહાવિદેહ ક્ષેત્ર, મેરુ પર્વત, સીતા અને સીતોદા નદી, નીલવંત અને હિમવંત જેવા સોનાના પહાડો તેમની નજર સામે પ્રત્યક્ષ થતાં હતાં.

વૈતાઢ્ય પર્વતની ગુફા પાસે ભરત ચક્રવર્તી અઠ્ઠમ કરીને ગુફાના કપાટ ખોલે છે એ વર્ણન તો જકુભાઈને એવું સ્પર્શી ગયું કે તેમને કપાટનો અવાજ સંભળાતો હતો. સામાયિક, પ્રતિક્રમણ અને તેના અર્થો તો નાની વયે સમજાઈ ગયા હતા. સામાયિક ક્યારે યાદ કર્યું તે પણ અત્યારે સ્મૃતિમાં નથી. એમ લાગે છે કે જયંતમુનિ આ સઘળું શીખીને જ જન્મ્યા હતા!

આમ જયંતમુનિની શિશુ અવસ્થાના બે પાસાઓ સ્પષ્ટ જોઈ શકાય છે. એક તરફ નાનાંમોટાં તોફાનો કરી ઉત્પાત કરવો અને બીજી તરફ ધર્મની સાધના સાથે જ્ઞાન મેળવવું. હીરાચંદબાપા સુરદાસ હોવાથી તેમની સેવાનું શ્રેય જયંતીભાઈને બાળપણમાં સાંપડ્યું હતું.

જયંતીભાઈ ઉપાશ્રયના એક નાનકડા કબાટમાં ધર્મનાં પુસ્તકોને પૂઠાં ચડાવી, સરખી રીતે ગોઠવીને રાખતા હતા. તેમને આ બધાં પુસ્તકો વાંચવાનો યોગ સાંપડ્યો. 'જૈન પ્રકાશ'ના અર્ધ-મારવાડી ભાષામાં લખેલા ગ્રંથને જયંતીભાઈએ ખૂબ જ સારી રીતે સમજવાનો પ્રયાસ કર્યો. આ ગ્રંથ જ જયંતમુનિના તત્ત્વજ્ઞાનનો મુખ્ય પાયો હતો. જયંતીભાઈના વિકાસમાં તેનો અમૂલ્ય ફાળો હતો.

**સતી રત્નપ્રભાની ઊંડી અસર :**

અમૃતબાઈ માતાજી પોતે અભણ હતાં, પરંતુ તે સારાં સારાં પુસ્તકો સાચવી રાખતાં. તેમની પાસે એક ટ્રંક ભરીને પુસ્તકો હતાં. કોઈ ભણેલાં ભાઈ કે બહેન આવે ત્યારે તેમની પાસેથી આ પુસ્તકોની ધર્મકથાઓ સાંભળવાનો તેમનો મુખ્ય વિષય હતો.

તે બાળકોને પુસ્તકને હાથ લાગવા ન દેતા. જકુભાઈએ એક વખત આ ટ્રંકમાંથી 'રત્નપ્રભા અને કનકશ્રી'નું પુસ્તક ચુપચાપ કાઢી લીધું. રત્નપ્રભાના ચારિત્ર્યની જકુભાઈના બાળ-માનસ પર ખૂબ ગંભીર અસર થઈ. આ પુસ્તક તેમના વૈરાગ્યનું પ્રબળ કારણ બન્યું. આ પુસ્તક વાંચતાં વાંચતાં સતી રત્નપ્રભા ઉપર આવી પડેલાં દુઃખોનું વર્ણન વાંચીને જકુભાઈ પુસ્તક છાતી ઉપર રાખી હીબકાં ભરીને રડવા લાગ્યા. એ સમયે માતુશ્રી આવી ચડ્યાં અને રુદનનું કારણ પૂછ્યું. જ્યારે તેમણે સતી રત્નપ્રભા તરફની સહાનુભૂતિ જાણી ત્યારે તેમને આશ્ચર્ય થયું કે જકુભાઈના હાથમાં પુસ્તક ક્યાંથી આવ્યું ! પછી તો માતુશ્રીને પણ સતી રત્નપ્રભાની કથા સાંભળવાનું મન થયું. જકુભાઈએ થોડું થોડું કરી રત્નપ્રભાનું પૂરું આખ્યાન માતાજીને સંભળાવ્યું.

**બાળપણમાં દીક્ષાના ભાવ :**

એમના ઉપાશ્રયમાં બોટાદ સંપ્રદાયના સંતોની પટ્ટાવલીનું એક નાનકડું પુસ્તક હતું. તેમાં બોટાદ સંપ્રદાયના સાધુઓની ક્રમશઃ દીક્ષાનાં વર્ણન વાંચતા જયંતીભાઈને એવી અસર થઈ કે જાણે જીવન તો દીક્ષા લેવા માટે જ છે અને બધા દીક્ષા લેવા જ ચાલી નીકળે છે! આખી પટ્ટાવલીમાં દીક્ષાનાં જ વર્ણનો હતાં.

આ પુસ્તકની નાનકડા જકુભાઈના મન ઉપર બહુ ઊંડી અસર થઈ. તેમણે તે જ વખતે સંકલ્પ કર્યો કે દીક્ષા લેવી તો બોટાદ સંપ્રદાયમાં જ લેવી. તે માટે બોટાદ સંપ્રદાયના વર્તમાન શ્રી પૂજ્ય માણેકચંદજી મહારાજ અને પૂજ્ય શિવલાલજી મહારાજના ચરણે જવું તેમ નક્કી કર્યું. જકુભાઈ બહુ નાના હતા ત્યારે આ સંત દલખાણિયા પધારી ગયા હતા.

આ બાજુ બોટાદ સંપ્રદાય પ્રત્યે આકર્ષણ થતાં જયંતીભાઈ માણેકચંદ્રજી મહારાજના ચરણે જવાના સમયની રાહ જોતા હતા. આ યોગ પણ એમને સાંપડ્યો. માતુશ્રી અમૃતબાઈને પહેલેથી જ એવી ઇચ્છા હતી કે જયંતી દીક્ષા લે અને ત્યાગના પંથે આગળ વધે. એવી કોઈ વિરલ જ માતા હોય જે પુત્રને ત્યાગના પંથે વાળે. મદાલસા સતીની જેમ જ માતાએ જયંતીને વૈરાગ્ય માટે નિર્દેશ કર્યો.

**સગાઈ :**

જયંતીભાઈની સગાઈ બહુ જ નાની ઉંમરે થઈ ગઈ હતી. શ્રી જગજીવનભાઈના છઠ્ઠ-છઠ્ઠના વરસીતપના પારણાનો મહોત્સવ હતો. સૌરાષ્ટ્ર કેસરી ગુરુ પ્રાણલાલજી સ્વામી, ભીમજી મહારાજ, પ્રેમચંદજી મહારાજ, મોટા રતિલાલજી મહારાજ ઇત્યાદિ દલખાણિયા પધાર્યા હતા, ત્યારે જગજીવનભાઈના પરમ મિત્ર, ધારી નિવાસી શ્રી ભાઈચંદભાઈ ઝાટકિયાએ એવો આગ્રહ સેવ્યો કે આ મંગલ પ્રસંગે તેમની દીકરી સાથે જયંતીની સગાઈ કરવી.

માતુશ્રીએ એવો અભિપ્રાય આપ્યો કે સગાઈ કરવી હોય તો મોટી દીકરી કમળા સાથે નહીં પણ બીજા નંબરની દીકરી જયા સાથે કરવી. મોટી દીકરી કુંવારી હોય ત્યારે નાની દીકરીની સગાઈ કરવાની હિંમત કોણ કરે ? બાને સમજાવવા માટે ભાઈચંદભાઈએ હા પાડી. એ વખતે બંને દીકરીઓ ધારી હતી. દલખાણિયાથી ગાડી મોકલી, પરંતુ દીકરીની માએ કમળાને જ મોકલી. પાટલે બેસાડી, ચાંદલા ચોખા થયા ત્યાં માતુશ્રી અમૃતબાઈની નજર પડી કે 'અરે! આ તો જયા નથી !' તેઓ એકદમ ચકિત થઈ ગયાં ! તે કોઈ પણ રીતે આ ચલાવી લેવા તૈયાર ન થયાં. છેવટે નાની દીકરીને બોલાવવી પડી. મોટી દીકરીને પાટલેથી ઉઠાડી નાની બહેનને સ્થાપ્યાં.

આમ ભારે વિચિત્ર સંજોગોમાં જયંતીભાઈની સગાઈ થઈ. અધૂરામાં પૂરું સગાઈ વખતે જયંતીભાઈ અસ્વસ્થ હતા. લોકો વાતો કરતા હતા કે આ કાર્ય આગળ વધશે નહીં. કુદરતને પણ આ જ મંજૂર હતું. ખરેખર, આમ જ થયું. જયંતીભાઈ સાથે ન કમળાબહેનનાં લગ્ન થયાં કે ન જયાબહેનનાં ! જયંતીભાઈ શ્રી જયંતીમુનિ બની ગયા !

આ વાતનો અહીં ઉલ્લેખ કરવાનું કારણ એ છે કે માતુશ્રી સૌના કહેવાથી અને વ્યાવહારિક દૃષ્ટિથી સગાઈમાં સહમત થયાં હતાં. મૂળમાં તેમના ભાવ જયંતીભાઈને દીક્ષા આપવાના હતા. છેવટે તો સગાઈ તોડવાનું કામ પણ માતુશ્રીને ફાળે આવ્યું.

**ગારિયાધારમાં શિક્ષણ :**

મોટાભાઈ અમૃતલાલભાઈનું પ્રથમ સગપણ કંચનબહેન સાથે થયેલ. તેમના સ્વર્ગવાસ પછી તેમનું ફરી સગપણ કર્યું ત્યારે એ અવસરે ગારિયાધારથી કંચનબહેનનાં માતા-પિતા અમૃતલાલભાઈ

અને કસુંબાબહેન આવેલ હતાં. તેઓએ લાભકુંવરબહેનને પુત્રી સમાન ગણીને સંબંધ ચાલુ રાખવાની ભાવના વ્યક્ત કરી. એ સંબંધની દૃષ્ટિએ જકુભાઈને ગારિયાધાર સાથે લઈ જવાનું નક્કી કર્યું. અહીં જકુભાઈના શિક્ષણનો બીજો તબક્કો શરૂ થયો. ગારિયાધારના એક વર્ષે જકુભાઈના જીવનસંસ્કાર માટે પાયાનું કામ કર્યું. આ શિક્ષણના સંસ્કારોએ તેમના જીવનના કવનનું નિર્માણ અને ચારિત્ર્યનું ઘડતર કર્યું.

**પ્રથમ આશીર્વાદની અમૃતવૃષ્ટિ :**

શ્રીયુત અમૃતલાલ કકલનો પરિવાર સાધારણ સ્થિતિનો અને મોટો હોવાથી તેઓ ખૂબ કરકસરથી રહેતા હતા. અમૃતલાલભાઈની વૃદ્ધ માતા પથારીવશ અને સર્વથા પરવશ હતાં. કુટુંબમાં એક પણ નાની વહુ ન હતી, એટલે બધું કામ બાળકોને કરવાનું રહેતું.

જકુભાઈ આ પરિસ્થિતિમાં ત્યાં પહોંચ્યા. તેમણે પોતાના ઘરમાં એક તણખલું તોડવાનું પણ કામ કરેલું નહીં. જ્યારે અહીં તેમને ઘરના નાનામોટા કામમાં જોડી દેવામાં આવ્યા. અમૃતલાલભાઈનો દીકરો રમણિકભાઈ સમાન વયનો હોવાથી સાથે મળીને કામ કરવું પડતું. રમણિકભાઈ તો હોશિયાર ! તે કામ પડતું મૂકીને ભાગે અને જકુભાઈ ઉપર કામનો બોજો આવી પડે. આ રીતે મનને કેળવવાનો પ્રથમ પાઠ શીખવા મળ્યો અને સમાધિભાવ રાખવાનો અનુભવ મળ્યો.

ઘરમાં વૃદ્ધ માતા પ્રત્યે સૌનું દુર્લક્ષ હતું. કોઈ તેને સારી રીતે સાચવે નહીં, જમાડે નહીં. થાળી મૂકીને છોકરાઓ ભાગી જાય. કોઈને જરા પણ ફુરસદ ન હતી. આઠ દિવસે એક વાર મુશ્કેલીથી તેમને સ્નાન કરવા મળતું. માજીને આંખે દેખાતું નહીં. પોતાની મેળે પડખું પણ ફેરવી ન શકે. ઘણી કષ્ટદાયક સ્થિતિ હતી. વૃદ્ધ માતાની સેવા કરવાનો વારો પણ જકુભાઈ ઉપર આવ્યો. આટલી નાની વયમાં પણ વૃદ્ધ માતાની પીડાથી તેમનું હૃદય દ્રવિત થઈ ગયું. પાસે બેસીને જકુભાઈએ પ્રેમપૂર્વક માજીને જમાડ્યાં. તેઓ ખુશ ખુશ થઈ ગયાં.

પ્રેમનાં અશ્રુ ઊભરાણાં. માજીએ ભીની આંખે ભાવભરી આજીજી કરી, "બેટા, હવે રોજ તું જ મને જમાડજે."

જકુભાઈએ વાત સ્વીકારી લીધી. દાદીમાની સેવાનો આ પ્રથમ અવસર મળ્યો. કેમ જાણે ગુરુદેવના માનવસેવાના મિશનનો આ પ્રથમ પાયો હોય અને તેના પહેલા પાઠનો યોગ હોય! તેમના હૃદયમાં અંકિત થઈ ગયું : **'માનવસેવા મહાન ધર્મ છે.'**

જકુભાઈએ દાદીમાની જમવા ઉપરાંતની બધી જ સેવા ઉપાડી લીધી. તેમણે જ્યારે ધ્યાનથી દાદીમાની પથારી બદલી અને પડખાં ફેરવ્યાં ત્યારે લાલ લાલ ટચકા ભરતા કીડા જોઈને જકુભાઈનું હૃદય રડી ઊઠ્યું. તેમણે માજીને તન અને મન, એમ બધી રીતે સ્વસ્થ કર્યાં. પ્રતિદિન તેમને

સ્પંજ અને સ્નાન કરાવવાનું કામ પણ ઉપાડી લીધું. ફક્ત કપડાં ધોવાનું કામ રમણીકભાઈનાં માતુશ્રી કસુંબાબહેન કરતાં. જકુભાઈએ સેવા ઉપાડી લેવાથી કસુંબાબહેનને ખૂબ શાંતિ સાથે રાહત મળી. દાદીમાની સેવા ન કરી શકવાથી તેઓ પણ ખૂબ ગ્લાનિ અનુભવતા હતા.

દાદીમાએ અંતરના જે આશીર્વાદ આપ્યા છે એ આપણા ચારિત્ર્યનાયકને માટે જીવનભરનું ભાતું બની ગયું છે. પૂ. ગુરુદેવ કહે છે કે આ દાદીમાના અંતરના આશીર્વાદ આજે પણ અમૃતવૃષ્ટિ કરી રહ્યા છે. ગારિયાધારમાં સહજ ભાવે એક મધ્યમ પરિવારમાં ભળી જવાથી જકુભાઈને ઘણું જ શીખવાનું મળ્યું. એટલું જ નહીં, કામ કરવાની પણ ટેવ પડી. એથી વધારે તો તેમને જીવનમંત્ર મળ્યો અને સેવાનું રહસ્ય સમજાયું.

**ગારિયાધારની હાઇસ્કૂલ : શિક્ષકોનો ઊંડો પ્રભાવ :**

દલખાણિયાની ગામઠી શાળાની સરખામણીમાં ગારિયાધારની પાલિતાણા રાજ્યની હાઇસ્કૂલ મોટી હતી. જકુભાઈને પાંચમા ધોરણમાં પ્રવેશ મળ્યો. આવી પદ્ધતિસરની શાળામાં અને મોટા વિદ્યાલયમાં ભણવાનો પ્રથમ અવસર ઉપલબ્ધ થયો. અહીં રજિસ્ટરમાં જકુભાઈનું મૂળ નામ 'જયંતી' લખાયું. હવે આપણે પણ ચરિત્રનાયકને ગામનું નામ મૂકી જયંતી નામથી બોલાવીશું. શિક્ષણ સુધર્યું તેમ નામ પણ સુધરવું જોઈએને !

દલખાણિયાની શાળામાં ભણતર બરાબર ન હતું. જ્યારે અહીં જયંતીભાઈને પોતાની બુદ્ધિ ચમકાવવાનો અવસર મળ્યો. વર્ગો વ્યવસ્થિત ચાલતા હતા. વર્ગમાં કોણ પ્રથમ આવે છે તેની પ્રતિદિન હરીફાઈ થતી. પાંચમા વર્ગમાં અધ્યાપક શ્રી બાલુભાઈ પંડિતજી ભણાવવામાં ખૂબ રસ લેતા હતા. તે ઉપરાંત લાભશંકરભાઈ અને અબ્દુલાભાઈ નામે મુસ્લિમ શિક્ષકનો પણ જયંતીભાઈ ઉપર ઊંડો પ્રભાવ પડ્યો હતો. તેમની વિદ્યાર્થીઓ પ્રત્યેની લાગણી ખરેખર નોંધપાત્ર હતી. તેમણે જયંતીભાઈની બુદ્ધિ પારખી લીધી અને વિશેષ ધ્યાન આપ્યું.

પાંચમા વર્ગમાં પોપટ વેલજી ખૂબ જ હોશિયાર વિદ્યાર્થી હતો અને બરાબર પ્રથમ રહેતો. જયંતીભાઈએ તેની સાથે સારી એવી હરીફાઈ કરી અને એક દિવસ પહેલો નંબર લીધો. વર્ગમાં હાસ્યનું મોજું ફેલાયું. લાભશંકરભાઈ ખુશ ખુશ થયા. ગુરુકૃપા વરસે પછી તો પૂછવું જ શું? જીવનમાં પ્રથમ ગુરુપદ લાભશંકરભાઈને ફાળે જાય છે. તેમને એટલો બધો પ્રેમ થયો કે પોતાના ખાલી પિરિયડમાં જયંતીને વિશેષરૂપે ભણાવવા લાગ્યા. તે ઘણા જ ઉચ્ચકોટિના શિક્ષક હતા. બીજા માસ્તરો ખાલી સમયમાં ભેગા મળી ગપસપ કે હાંસી-મજાકમાં સમય બરબાદ કરતા કે પત્તા રમતા, જ્યારે લાભશંકરભાઈ પોતાનો ખાલી સમય આવા તેજસ્વી વિદ્યાર્થીઓને અર્પણ કરી, સમય સાર્થક કરતા અથવા વાંચન દ્વારા પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરતા હતા. ધન્ય છે આવા સહૃદય શિક્ષકને ! જાણે ટ્યૂશન બાંધી દીધું હોય તેમ જયંતીભાઈને ખૂબ જ પ્રેમપૂર્વક વિશેષરૂપે

અભ્યાસ કરાવ્યો ! કોઈ પણ પ્રકારના બદલાની આશા વિના તેમણે જે જ્ઞાન-સેવા કરી તેનાથી જયંતીભાઈનો જ્ઞાનકોષ ઘણો સમૃદ્ધ થયો.

જયંતીભાઈ પાંચમા ધોરણમાં પ્રથમ આવવા લાગ્યા. ક્યારેક પોપટ વેલજી પ્રથમ, તો ક્યારેક જયંતીભાઈ. આમ નિર્દોષ હરીફાઈ ચાલવાથી અભ્યાસમાં ઘણો રસ પડતો હતો. ગણિતમાં સોમાંથી સો ગુણ આવતા હતા. પોપટ પણ સો ગુણ લાવતો. વાર્ષિક પરીક્ષામાં બંને વિદ્યાર્થીઓને સો માર્ક આવ્યા. શિક્ષકે જયંતીભાઈના પેપરમાં સો ગુણ ઉપર બે ગુણ વધારે આપ્યા. તેમણે પોતાના ભાષણમાં જાહેર કરેલ કે જયંતીના અક્ષર એટલા સુંદર છે અને પેપરમાં લખાણની શૈલી એટલી સરસ છે કે તેને બે ગુણ વધારે મળે છે. પોપટ વેલજી હોશિયાર હોવા છતાં અક્ષર ખરાબ હતા. આ બે માર્કથી જ વાર્ષિક પરીક્ષામાં જયંતીભાઈને પહેલો નંબર મળ્યો. બાકીના વિષયોમાં પોપટ વેલજીના અને જયંતીભાઈના બધાં ગુણ સમાન હતા. લાભશંકરભાઈ ખૂબ ખુશ થયા.

આ પરીક્ષા પરથી અક્ષરોની સ્વચ્છતા વિશે ખાસ લક્ષ દોરાયું હતું, જે જીવનભર જળવાઈ રહ્યું. પિતાશ્રી જગજીવનભાઈના અક્ષરો પણ ખૂબ સુંદર હતા અને તેમની લખવાની ચીવટ પણ અનેરી હતી. જયંતીભાઈને આ લાભ વારસામાં મળ્યો હતો. સારા અક્ષરો પણ સ્વચ્છતાનો ઉત્તમ નમૂનો છે. બાળપણથી જ સુંદર અક્ષરો પ્રત્યે ધ્યાન અપાય તે મા-બાપની અને શિક્ષકોની મોટી ફરજ છે.

એક વર્ષની ગારિયાધારની શિક્ષણ અવસ્થાએ જયંતીને ઘણું ઘણું સંસ્કારભાતું આપ્યું. લાભશંકરભાઈએ તેનો વાંચનનો રસ વધાર્યો. જ્યારે ભણાવવાનું ન હોય ત્યારે તેઓ સારી ચરિત્રકથાઓ સંભળાવતા.

**શિક્ષકનો પ્રભાવ :**

અબ્દુલાભાઈ સાતમાના વર્ગમાં શિક્ષક હતા. મુસલમાન હોવા છતાં તેમને હિંદુ શાસ્ત્રોનું અને કથાસાહિત્યનું ઊંડું જ્ઞાન હતું. તેમને વાર્તા સંભળાવવાનો ખૂબ શોખ હતો. લાભશંકરભાઈની જેમ તેઓ પણ સમય ન વેડફતાં સારા વિદ્યાર્થીઓને એકત્ર કરી, રસમય રીતે વાર્તા સંભળાવતા. ફ્રી પિરિયડમાં તેઓ જ્યાં બેઠા હોય ત્યાં આખો રૂમ વિદ્યાર્થીઓથી ભરાઈ જતો. જયંતીભાઈએ પણ તેમના કથાશ્રવણમાં ખૂબ રસ લીધો. હિન્દુ સાહિત્યમાં રામાયણ, મહાભારત, ગીતા, નળ-દમયંતી આખ્યાન વગેરે જેમ પ્રસિદ્ધ છે તેમ ચંદ્રહાસ આખ્યાન પણ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. *જયંતીભાઈને ચંદ્રહાસ આખ્યાન અબ્દુલાભાઈના શ્રીમુખે સાંભળવાનો અવસર મળ્યો. તેઓએ* એટલી સરસ રીતે આખું ચરિત્ર સંભળાવ્યું કે ગુરુદેવને તે આજ પણ અક્ષરશઃ યાદ છે.

દ્વેષબુદ્ધિ નામે પ્રધાનને વિષયા નામે પુત્રી હતી. એ પ્રધાન ચંદ્રહાસને વિષ આપી મારી નાખવા માગતો હતો. દ્વેષબુદ્ધિ પ્રધાને આ કામ પાર પાડવા મદનકુમારને પત્ર લખ્યાં. તેમાં

લખેલું હતું કે આ યુવકને વાર, તિથિ, મુહૂર્ત કે યોગ જોયા વિના તુરત વિષ આપી દેશો. પરંતુ વિષની પાસે એક અક્ષર જેટલી જગ્યા રહી ગઈ હતી. આ પત્ર પ્રધાનપુત્રી વિષયાના હાથમાં આવ્યો. એ ચતુર કન્યાએ ત્યાં 'યા' અક્ષર ઉમેરી દીધો. 'વિષ'નું 'વિષયા' થઈ ગયું. આ યુવકને શીઘ્ર વિષયા આપી દેશો તેવો અર્થ ફલિત થયો અને ચંદ્રહાસનાં લગ્ન વિષયા સાથે થઈ ગયાં. મદનકુમારે પ્રધાનપુત્રી વિષયાને પરણાવીને ચંદ્રહાસના જીવનને ધન્ય બનાવી દીધું અને કાળની ગતિએ અફળ પરિણામ આવ્યું.

જ્યારે અબ્દુલાભાઈએ આ આખો પ્રસંગ ભાવપૂર્ણ શૈલીમાં વર્ણવ્યો ત્યારે વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરેલો ખંડ ખુશીથી ઝૂમી ઊઠ્યો અને વિદ્યાર્થીઓમાં આનંદ ફેલાઈ ગયો.

ગુરુદેવ કહે છે, "આ પ્રસંગ અને અમારા શિક્ષક અબ્દુલાભાઈને ક્યારે પણ ભૂલી શકાય તેમ નથી. કથાશ્રવણથી કથાસાહિત્ય શું છે, હાસ્યરસનો મહિમા શું છે તથા કથા કહેવાની શૈલી કેવી હોય તેનો પ્રથમ પાઠ ગારિયાધારની શાળામાં મળ્યો."

**ગારિયાધારથી વિદાય :**

ગારિયાધારથી વિદાય લેવાનો અવસર આવી પહોંચ્યો. એક વર્ષના શિક્ષણગાળામાં જયંતીભાઈમાં આસમાન-જમીન જેટલું પરિવર્તન આવી ગયું હતું. ક્યાં દલખાણિયાનું તોફાન ભરેલું બાળપણ ! ભણવામાં ઝીરો અને તોફાનમાં શૂરા ! ઘરનાં કામ કરવાનું નામ જ નહીં. જકુભાઈથી સૌ ત્રાહિ ત્રાહિ થઈ જતા. તેમના બાલ્યજીવનમાં તોડ-ફોડ તથા પરસ્પર બાળકોના મીઠા ઝઘડા ચાલતાં રહેતાં. ગારિયાધારના એક વરસમાં ઘરનાં કામ કરવાની વૃત્તિ, વૃદ્ધોની સેવા, અભ્યાસમાં તેજસ્વિતા, પ્રથમ નંબર, આમ અહીં સંસ્કારી જીવનની શરૂઆત થઈ. ગારિયાધારે જે આપ્યું તે જયંતીભાઈના જીવનભંડારને સમૃદ્ધ કરનાર અપૂર્વ સંસ્કારતત્ત્વ હતું. શેઠશ્રી જગજીવનભાઈ ગારિયાધાર આવ્યા અને જયંતીભાઈને પુનઃ દલખાણિયા લઈ આવ્યા. ગારિયાધારના પરિવારે અશ્રુભીની આંખે વિદાય આપી. સૌથી વધારે દુઃખ વૃદ્ધ માતાને થયું. તેમને ફરીથી પીડામય જિંદગી ભોગવવાની હતી. શું થાય? સંયોગ કર્માધીન છે. પુણ્યશાળી આત્માઓને અચાનક પણ હિતકર વસ્તુનો યોગ થઈ જાય છે.

**બગસરામાં વિદ્યાભ્યાસ :**

શ્રી જગજીવનભાઈનાં નાનાં બહેન દૂધીબહેન બગસરા મુકામે ભીમજીભાઈ ડાહ્યાભાઈને ત્યાં પરણાવેલાં હતાં. બગસરામાં ભીમજીભાઈ ડાહ્યાભાઈનું ઘર સંસ્કારી, ધાર્મિક વૃત્તિવાળું અને દીપતું ઘર હતું. સમસ્ત પરિવાર પૂ. ગુરુદેવ પ્રાણલાલ સ્વામીનાં ચરણોમાં અપૂર્વ શ્રદ્ધા ધરાવતો હતો. પિતાશ્રીની સલાહથી દૂધીબહેન જયંતીભાઈને ભણવા માટે બગસરા લઈ ગયા. અહીં શિક્ષણનો ત્રીજો તબક્કો શરૂ થયો.

દૂધી ફઈબાનું ઘર પુત્ર, પુત્રવધૂઓ અને બાળકોથી ધમધમતું હતું. પરિવાર ઘણો જ મોટો હતો. જયંતીભાઈ પરિવારમાં સમાઈ ગયા. પરંતુ ત્યાં તેમનું કોઈ વિશેષ સ્થાન ન હતું. એક સામાન્ય વિદ્યાર્થી તરીકે તેમની સાથે વ્યવહાર કરવામાં આવતો હતો. ભીમજીબાપાને સાત પુત્રો હતા. પુત્રોના પુત્રો પણ પરિવારમાં વૃદ્ધિ કરતા હતા. એ જ આંગણામાં પાનાચંદ બાપાનો ઘેલાણી પરિવાર પણ મોટો હતો. બંને પરિવાર એક વિશાળ કુટુંબનું સુંદર દૃષ્ટાંત પૂરું પાડતા હતા. જયંતીભાઈને આવા બહોળા પરિવારમાં રહેવાથી પરસ્પર સંપ, સહયોગ, સ્ત્રીઓના કંકાસ અને છતાં એકબીજા કેવી રીતે દરગુજર કરી, ક્ષમા રાખી, પરિવારનું ઐક્ય જાળવે છે, તે બધો અભ્યાસ કરવાનો સુવર્ણ અવસર મળ્યો.

ભીમજીબાપાના એક પુત્ર શાંતિભાઈ ખરેખર નામ પ્રમાણે શાંત સ્વભાવના સરળ અને પ્રેમપૂર્વક હસીને જીવનવ્યાપન કરનાર નિરાલા વ્યક્તિ હતા. તેમનાં ધર્મપત્ની શાંતાબહેન પણ ખૂબ જ પ્રેમાળ, ઘરકામમાં ચતુર, દક્ષ, સુસંસ્કારી મહિલા હતાં. શાંતાબહેન બાબાપુરના નગરશેઠ ખીમચંદ મોતીચંદ લાધાણીનાં પુત્રી હતાં.

કોઈ જન્મજન્માંતરની લેણાદેણી હોય એમ શાંતાબહેનને જયંતીભાઈ પ્રત્યે ખૂબ જ અનુરાગ હતો. અમૃતબહેનની થાપણ સાચવવા માટે મોકલી હોય તે રીતે શાંતાબહેન સાર-સંભાળ રાખતાં. આવડા મોટા પરિવારમાં જ્યાં કોઈ પૂછનાર ન હોય ત્યાં શાંતાબહેન ચીવટપૂર્વક જયંતીભાઈની સંભાળ રાખતાં. જયંતીભાઈનું બધું કામ સ્વયં કરી આપતાં અને એ જ રીતે તેમના જમવામાં કે ખાવા-પીવામાં પૂરી કાળજી રાખતાં. આમ કુદરતી રીતે શાંતાબહેનનો અપૂર્વ સ્નેહ મળ્યો હતો. જયંતીભાઈનાં ભાભી હોવા છતાં માનું બિરુદ પામી ગયાં. આજે પણ ગુરુદેવ શાંતાબહેનને યાદ કરે છે ત્યારે મનમાં પ્રેમનો ઊભરો આવે છે.

**અનોખો બંધુપ્રેમ :**

જયંતીભાઈ બગસરામાં છઠ્ઠા ધોરણમાં દાખલ થયેલા. શિક્ષણ તો ઠીક જ હતું. લાભશંકરભાઈ જેવા પ્રેમાળ શિક્ષક મળવા મુશ્કેલ હતા. ઘરમાં પણ મોટો પરિવાર હોવાથી જયંતીને ખાસ અનુકૂળતા આવતી ન હતી. પરિણામે છ મહિના મુશ્કેલીથી બગસરામાં રહેવાનું થયું. દલખાણિયા ખબર ગયા કે જયંતીભાઈને બગસરા ફાવતું નથી.

જુઓ બંધુપ્રેમ ! જયંતીભાઈના મોટાભાઈ બચુભાઈએ શેઠ શ્રી જગજીવનભાઈનો પૂરો પરિવાર સંભાળ્યો હતો. જગજીવનભાઈ તો લગભગ નિવૃત્ત થઈ ધાર્મિક ઉપાસનામાં પૂરી રીતે સંલગ્ન થઈ ગયા હતા. જગજીવનભાઈને ત્યાં એક ઊંચી સુંદર તેજ ચાલવાળી ઘોડી હતી. ઘોડીનું નામ માણકી હતું. બચુભાઈ સવારના જ માણકી ઘોડી પર ચડી બગસરા પહોંચી ગયા. જયંતીભાઈને ઘરમાં સૌએ વિદાય આપી. શાંતાબહેન તો ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં અને સમય મળે ત્યારે બગસરા

આવવા માટે વચન માંગ્યું. સામાનની બૅગ લઈ બચુભાઈએ જયંતીભાઈને ઘોડી ઉપર આગળ બેસાડ્યા. ડબલ સવારીવાળી ઘોડેસવારી ચાલી નીકળી. એ વખતે ફોટો લેવાની વ્યવસ્થા હોત તો ! આ બંને ભાઈઓને એકસાથે ઘોડા પર બેઠેલા તસવીરમાં ઝડપી લેવામાં આવ્યા હોત તો *આજે એ ચિત્ર બંધુપ્રેમનું એક નવું જ દૃશ્ય આપત.*

પૂ. ગુરુદેવના ચિત્તમાં આજે પણ એ ચિત્ર અંકિત થયેલું છે. પૂરપાટ દોડતી, નાનાં-મોટાં ગામ વટાવતી, વણથંભી, હણહણતી એ ઘોડી દલખાણિયા આવી પહોંચી. પશુનું સારી રીતે પાલન કરવામાં આવે અને તેનો પ્રેમ કેળવવામાં આવે તો સમય પર તેની અપાર શક્તિનાં દર્શન થાય છે. સર્વ પ્રાણી અને ભૂતોમાં ઈશ્વરનો નિવાસ છે તેવો અનુભવ થયો.

દલખાણિયા આવ્યા પછી થોડા દિવસમાં ફરીથી પ્રશ્ન સામે આવ્યો કે જયંતીભાઈના ભણતરનું શું ? સૌના મનમાં એક જ ખ્યાલ હતો કે જયંતીભાઈનું ભણતર ચાલુ રહેવું જોઈએ.

**અમરેલી બોર્ડિંગમાં :**

દરમિયાન જાણવા મળ્યું કે અમરેલીમાં જૈન બોર્ડિંગ ચાલે છે. દલખાણિયાના ભીમાણી પરિવારનાં દીકરી ચલાળામાં લાખાણી પરિવારમાં આપ્યાં હતાં. લાખાણી પરિવારના કેટલાક છોકરાઓ અમરેલી બોર્ડિંગમાં ભણતા હતા. બચુભાઈએ જયંતીભાઈને અમરેલી બોર્ડિંગમાં મૂકવાનો નિર્ણય કર્યો. સારો વાર અને તિથિ જોઈ, નવાં કપડાં પહેરાવી, સાકરના પડીકા સાથે બચુભાઈ જયંતીભાઈને લઈને અમરેલી ગયા. ધારીથી અમરેલી ગાયકવાડી ટ્રેન ચાલતી હતી. અમરેલી મોટું શહેર હતું અને ત્યાં ભણવાના સાધન હોવાથી ત્યાં જૈન, પટેલ, કપોળ, મુસલમાન અને બીજી કોમોની પણ કેટલીક નાનીમોટી બોર્ડિંગ હતી. વ્યવસ્થાની દૃષ્ટિએ જૈન બોર્ડિંગનું નામ મોખરે હતું.

મૂળ ઝર ગામના નિવાસી, શ્રી ઝવેરચંદભાઈ અમરેલી બોર્ડિંગનો પૂરો કારભાર સંભાળતા હતા. જ્યારે બી. એલ. મહેતા (ભગવાનજીભાઈ) અમરેલી બોર્ડિંગના ગૃહપતિ હતા. તેઓ અમરેલી જિલ્લામાં સ્કાઉટ કમિશ્નરની પદવી પર હતા. તેમણે લગ્ન કરેલ નહીં અને આજીવન અપરિણીત હતા. તેઓ એકાંત સાધુ-જીવન વ્યતીત કરતા હતા. તેઓ સૌરાષ્ટ્ર-ગુજરાતના નામાંકિત પહેલવાન હતા. તેઓ પેટ ઉપરથી ગાડાનું પૈડું પાર કરાવી શકતા, પેટ ઉપર હાથી ઊભો રાખી શકતા, તેમજ છાતી ઉપર કાળો પથ્થર રાખી તેને તોડાવતા. તેઓ પહેલવાનીનાં અન્ય પ્રદર્શન પણ કરતા.

તેઓ ભારત ઉપરાંત થાઇલૅન્ડ, બર્મા, સુમાત્રા ઇત્યાદિ દેશોમાં પહેલવાનીનું પ્રદર્શન કરી ઘણા સુવર્ણચંદ્રક અને રજતચંદ્રક જીત્યા હતા. પ્રતિદિન એક હજાર દંડબેઠક કરવાનો તેમનો નિયમ હતો. તેમના છ ફૂટ ઊંચા, પ્રચંડ, ભરાવદાર અને ગૌરવર્ણ શરીરની ઊંડી છાપ પડતી

હતી. તેઓ શરીરથી જેટલા બળવાન હતા એટલા જ મનથી કોમળ હતા. રહેવાની સગવડતા મળે અને વિદ્યાર્થીઓનો સંપર્ક રહે એટલા પૂરતું જ તેઓ ગૃહપતિનું સ્થાન સંભાળી રહ્યા હતા. તે સાથેસાથે સ્કાઉટ કમિશ્નરની ફરજ પણ સંભાળતા હતા.

જયંતીભાઈને પુન: પાંચમી ચોપડીમાં સ્થાન મળ્યું. ગારિયાધારનું ભણતર અહીં કામ લાગ્યું. બચુભાઈએ બધો જરૂરી સામાન લાવી આપ્યો. રોતી આંખે ભગવાનજીભાઈને ભલામણ કરી તેઓ દલખાણિયા ચાલ્યા ગયા. જયંતીભાઈને એ વખતે ઘણું જ વસમું લાગ્યું અને આ નવા છોકરાઓ સાથે એકાએક ભણવાનું મુશ્કેલ લાગ્યું હતું, છતાં મન મક્કમ કરી એમણે બોર્ડિંગ જીવનનો સ્વીકાર કર્યો.

છાત્રાવાસમાં પચ્ચીસ જેટલા વિદ્યાર્થીઓ રહેતા હતા. તે બધા સરકારી સ્કૂલમાં અભ્યાસ કરતા, મિડલ સ્કૂલથી હાઇસ્કૂલ સુધીના વિદ્યાર્થીઓ હતા. સંખ્યા થોડી હોવાથી શિસ્ત ઘણી જ સારી હતી. ઓઢાના સમઢિયાવાળા રામદાસભાઈ, ઉપલેટાના ગુલાબભાઈ ગાંધી તથા સરંભડાવાળા મણિભાઈ કચરાભાઈ ઉંમરમાં સૌથી મોટા અને મેટ્રિકના વિદ્યાર્થીઓ હતા. બોર્ડિંગનું સંચાલન પણ આ ત્રણ વિદ્યાર્થી સંભાળતા હતા. ત્રણે વિદ્યાર્થીઓ બી. એલ. મહેતાના પ્રિય પાત્ર હતા અને રમત-ગમતના ઘણા શોખીન હતા. બાકીના નાના વિદ્યાર્થીઓ તેમની આજ્ઞાનું અનુકરણ કરતા.

આ ત્રણે વિદ્યાર્થીઓ વર્ષો પછી જયંતીભાઈને સાધુજીવનમાં મળ્યા ત્યારે સંજોગો કેવા બદલાઈ ગયા હતા! વિધિની વિચિત્રતામાં કેટલા વિસ્મય રહેલા છે ! જયંતીભાઈને જૈન બોર્ડિંગમાં શ્રી બી. એલ. મહેતાના હાથ નીચે સુવર્ણ અવસર મળ્યો. વિદ્યાભ્યાસ ઉપરાંત ત્યાંના છાત્રાવાસ જીવનથી ઘણું જ શીખવાનું મળ્યું.

**છાત્રાવાસના અનુભવો :**

ધાર્મિક પરિવારના સંસ્કારને કારણે જયંતીભાઈએ લસણ, ડુંગળી અને બટેટાનો ત્યાગ કર્યો હતો અને તેઓ પોતાના નિયમ પાળવા માટે મક્કમ હતા. બોર્ડિંગમાં જૈન નામ હોવા છતાં બટેટા વાપરવામાં આવતા હતા. એ વખતે નવો સુધારાવાદી જમાનો આવવાથી છોકરાઓ ધાર્મિક નિયમોની મશ્કરી કરતા અને આવા નિયમ પાળનારને જડભરત કહેતા. ત્યાં અઠવાડિયામાં એક-બે વખત બટેટાનું શાક બનતું. જયંતીભાઈ સામે મોટો પ્રશ્ન આવ્યો. બધા છોકરાઓએ દબાણ શરૂ કર્યું, "અહીં તારી બાધા નહીં ચાલે. નાનપણથી આવા ખોટા નિયમ આપી મા-બાપ છોકરાઓને *મુશ્કેલીમાં મૂકી દે છે."*

પ્રતિજ્ઞા તોડી નાખવા માટે છોકરાઓ પાછળ પડ્યા, પરંતુ જયંતીભાઈએ દાદ ન આપી. વિદ્યાર્થીઓ જાણીજોઈને ચાલુ દાળશાકમાં પણ બટેટાનો ટુકડો નાખી દેતા. જયંતીભાઈ ખાવાનું પડતું મૂકે. કોરી રોટલી ખાઈ લેવાનું યોગ્ય માને, પરંતુ તેમણે બાધા બરાબર પાળી. શ્રી

ભગવાનજીભાઈને ખબર પડી કે અગડ છે એટલે જયંતીભાઈ બટાટાનું શાક ખાતો નથી, ત્યારે તેને ગોળ આપવાનો સ્પેશિયલ ઑર્ડર કર્યો. બટેટાનું શાક બન્યું હોય ત્યારે જયંતીભાઈને અર્ધો છટાંક ગોળ આપવામાં આવતો. ધીરે ધીરે બધા વિદ્યાર્થીઓ ચૂપ થઈ ગયા. પ્રતિજ્ઞા પાળવાના સંકલ્પમાં વૃદ્ધિ થઈ. બીજા પણ એકબે વિદ્યાર્થીઓ જયંતીભાઈ સાથે જોડાયા.

દરમિયાન બટેટા બનતા હોવાથી જૈન સમાજ તરફથી જૈન બોર્ડિંગને ફાળો મળતો ઓછો થઈ ગયો. એકાદ દિવસ સવારે શ્રી ઝવેરચંદભાઈ સ્વયં કમિટી સભ્યો સાથે આવ્યા. વિદ્યાર્થીઓની મિટિંગ થઈ. ઝવેરચંદભાઈએ ઘોષણા કરી કે હવેથી જૈન બોર્ડિંગમાં લસણ-ડુંગળી કે બટેટાનું શાક સદંતર બંધ કરવામાં આવશે.

ઘણા વિદ્યાર્થીઓને બટેટાનું શાક વહાલું હતું. તેઓ છંછેડાયા અને થોડો ઊહાપોહ મચાવ્યો. બટેટા ન ખાવા, ઇત્યાદિ વાતોને આ ભણેલા છોકરાઓ રૂઢિવાદ માનતા હતા. તેઓ આ વાત સ્વીકારવા તૈયાર ન હતા. પરંતુ બી. એલ. મહેતાએ કહ્યું કે જો સંસ્થામાં રહેવું હોય તો સંસ્થાના નીતિનિયમોનું પાલન કરવું પડે. જેઓને બટેટા ખાવા હોય તેઓ આ બોર્ડિંગ છોડી શકે છે. આટલું કહેવાની સાથે વાત શાંત થઈ ગઈ. કેમ જાણે જયંતીભાઈના સિદ્ધાંતનો વિજય થયો હોય તેમ જે બે-ચાર છોકરાઓએ બટેટાનો ત્યાગ કર્યો હતો તેઓ ખુશ ખુશ થઈ ગયા.

બી. એલ. મહેતા સ્વયં કપોળ હતા, જૈન ન હતા. પોતે કંદમૂળ વાપરતા. પરંતુ ન્યાયદષ્ટિએ તેમણે સચોટ દલીલ કરી છોકરાઓને સમજાવ્યા. પોતે પણ જ્યાં સુધી બોર્ડિંગમાં રહ્યા ત્યાં સુધી બટેટાનો ત્યાગ કર્યો. જયંતીભાઈને આ નિયમ આવ્યા પછી ત્યાં રહેવાની અને ભોજનની ઘણી અનુકૂળતા થઈ.

**આકરી સજાને પ્રેમાળ વાત્સલ્ય :**

બોર્ડિંગમાં રહેનારા છોકરાઓ મોટે ભાગે શાંત સ્વભાવના અને નિયમને અનુસરી ચાલતા હોય છે. જ્યારે કેટલાક તોફાની વિદ્યાર્થીઓ આમ તેમ મજાક-મશ્કરી કરી વાતાવરણમાં ગરમી પેદા કરનારા હોય છે. તોફાની છોકરાઓ પણ બે જાતના હોય છે : નીતિમાન અથવા ચોરીચપાટી કરી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરનારા. બીજા પ્રકારના છોકરાની કોઈ આબરૂ હોતી નથી. જયંતીભાઈની છાપ તોફાની છોકરા તરીકે પડી હતી, પરંતુ પહેલા પ્રકારના તોફાની હોવાથી તેમની ઇજ્જત પણ ઘણી હતી. તેઓ વારંવાર ઉપદ્રવ મચાવતા, મશ્કરી કરતા, દોડધૂપ કરી સૌને ફરિયાદ માટે અવસર પેદા કરી દેતા. તેમણે પોતાની એક ટોળી બનાવી દીધી. તોફાની વૃત્તિવાળા ૪-૫ વિદ્યાર્થીઓ એક થઈ ગયા. તેમનું અભ્યાસ કરતાં તોફાન અને રમવામાં ધ્યાન વધારે રહેતું. પરિણામે મોટા વિદ્યાર્થી અથવા ગૃહપતિના હાથનો મેથીપાક મળતો રહેતો. તેમાં એક એવી ઘટના બની કે જયંતીભાઈને જીવનભરનો એક નવો પાઠ મળ્યો.

દલખાણિયા જેવા ગ્રામીણ ક્ષેત્રમાં રહેતા એટલે તેમને વાત-વાતમાં ગાળો બોલવાની ટેવ હતી. ઝઘડો થાય ત્યારે ગાળો ભાંડવી એવી કુટેવ હતી. જ્યારે જૈન બોર્ડિંગમાં ગાળો બોલવી તે સૌથી મોટો અપરાધ હતો. બી. એલ. મહેતાએ ગાળો ન બોલવા માટે સખત કાયદો કરેલો. બીજી કોઈ વાતમાં તેઓ વિદ્યાર્થીઓને મારતા નહીં, પરંતુ જે ગાળ બોલે તેનું આવી બનતું. છોકરાઓ પણ આની મજા લેવા માટે કોઈ પણ ગાળ બોલે એટલે સીધા ગૃહપતિ પાસે જઈ ચાડી ખાતા. એ વખતે મહેતા સાહેબ હંટર સિવાય વાત ન કરતા.

એક વખત એવું બન્યું કે જયંતીભાઈ ગાળ બોલ્યા. ફરિયાદ થઈ. મહેતા સાહેબે કહ્યું, "તું નવો છો એટલે ફક્ત બે વખત માફ કરવામાં આવશે. ત્રીજી વખત ગાળ બોલ્યો કે તારી ખેર નથી તેમ સમજજે."

આમ કડક ચેતવણી છતાં કુટેવને કારણે બે વખત ભૂલ થઈ ગઈ. ત્રીજી વખત ગાળ બોલવાનો પ્રસંગ આવ્યો ત્યારે વિદ્યાર્થીઓએ ચાડી ખાધી. જયંતીભાઈ તો પોતાના રૂમમાં બેસીને વાતો કરતા હતા. સવારના નવ વાગ્યાનો સમય હતો. મહેતાસાહેબ કસરત કરીને હજુ તૈયાર પણ થયા ન હતા. તેમણે હાફપેન્ટ પહેર્યું હતું અને શરીર પર ફક્ત ગંજી હતું. હાથમાં નેતરની સોટી હતી અને તેની ઉપર ગાંઠ હતી. તેઓ કાળનું રૂપ લઈને ત્રણ નંબરના રૂમમાં આવ્યા. ન કાંઈ પૂછ્યું, ન કાંઈ ઉપદેશ આપ્યો, સીધા હંટર વરસાવવાનું શરૂ કર્યું.

એક પછી એક નેતરની સોટી સબોસબ જયંતીભાઈના શરીર પર પડવા લાગી. ચીસાચીસ થઈ ગઈ. બીજા વિદ્યાર્થીઓ ઊભા થઈને ભાગી ગયા. ત્રીસ-ચાલીસ જેટલી સોટી વાગવાથી શરીર પણ લોહીલુહાણ થઈ ગયું. તેઓ લાલ આંખ કરી કશું બોલ્યા વિના રૂમની બહાર ચાલ્યા ગયા.

જયંતીભાઈ જાણે અર્ધમૂર્છિત - બેહોશ થઈ ગયા. તેમને હજુ ખબર ન પડી કે આટલો આકરો દંડ શા માટે આપવામાં આવ્યો છે! સાથીદાર વિદ્યાર્થીઓ રૂમમાં ફરીથી આવે તે પહેલાં જ મહેતાસાહેબ તૈયાર થઈ, સૌમ્યરૂપ ધારણ કરી, ફરીથી જયંતીભાઈના રૂમમાં આવ્યા. સાથે એક વાટકામાં ઉકાળેલી હળદર પણ હતી. પોતે પાસે બેસી ગયા અને જ્યાં જ્યાં ઘા પડ્યા હતા ત્યાં હળદર ભરી. જે જગ્યાએ લોહી નીકળ્યું હતું ત્યાં મલમપટ્ટી કરી. સ્કાઉટ હોવાથી તે કમ્પાઉન્ડરનું કામ પણ જાણતા હતાં. બધુ પત્યા પછી તેમણે પોતાનો પ્રેમાળ હાથ જયંતીભાઈના માથા પર મૂક્યો. થોડું આશ્વાસન આપી મહેતા સાહેબ બોલ્યા, "આટલો બધો માર પડ્યો તેનું કારણ ખબર છે?"–

જયંતીભાઈ તો હજી હીબકે હીબકે રડતા હતા. આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વહી રહ્યા હતા. જયંતીભાઈ જવાબ આપવાની સ્થિતિમાં ન હતા. હજી પણ તેને મહેતાસાહેબ વાઘ જેવા લાગતા હતા. ગભરાઈ જવાથી બોલવાના હોશ પણ ન હતા.

મહેતાસાહેબે ફરીથી પૂછ્યું, "તેં ગાળો દીધી હતી ?"

હવે જયંતીભાઈને ખ્યાલ આવ્યો. ઓ હો હો હો! આ ગાળ બોલવાનો દંડ છે ! ખરેખર, આ દંડથી જયંતીભાઈની જીભ ઉપરથી ગાળ ઊતરી તે ઊતરી. આખા જીવનનું ભાતું મળી ગયું. ત્યારબાદ ગાળ બોલવી પડે અથવા મુખમાંથી ગાળ નીકળી પડે એવો અવસર કદી પણ ન આવ્યો. જુઓ તો ખરા, કેવું ભયંકર ઉગ્ર રૂપ ! કેટલો કઠોર દંડ ! પછી તુરત જ કેટલું વાત્સલ્ય અને કેવી અનુપમ સેવા ! બંને વસ્તુ પ્રત્યક્ષ થઈ.

જયંતીભાઈના મનમાં કર્મનો સિદ્ધાંત સ્થાપિત થઈ ગયો. ખરાબ પ્રવૃત્તિનું ફળ ખરાબ હોય, જ્યારે સારી પ્રવૃત્તિનું ફળ સુખરૂપ હોય. આ બોર્ડિંગના જીવનમાં પણ કેટલાક સૈદ્ધાન્તિક પાઠો શીખવાના મળ્યા. અમરેલી બોર્ડિંગમાં લગભગ ચાર વર્ષ રહેવાનું થયું. પાછલાં વર્ષોમાં તો જયંતીભાઈની ખૂબ જ સારી છાપ ઊભી થઈ. બી. એલ. મહેતા મિત્ર જેવા ગુરુ થઈ ગયા.

***મૈત્રી અને ભક્તિ :***

*છાત્રાવાસ-જીવનમાં બે-ચાર વિદ્યાર્થીઓ સાથે ઘણી જ સારી ભાઈબંધી થઈ, જે જિંદગી* સુધી જળવાઈ રહી. તેમાં એક હતા દામનગરના રમણીકભાઈ અજમેરા. રમણીકભાઈ તથા જયંતીભાઈ એક જ રૂમમાં રહેતા હતા. તેમનો પરસ્પર ઘણો પ્રેમ જળવાઈ રહ્યો. ઘણાં વરસો પછી ગુરુદેવ પટના પધાર્યા ત્યારે તેઓ શ્રાવક રૂપે મળ્યા. તેમણે ઘણી ભક્તિ બજાવી. તેઓ સ્વર્ગવાસી થઈ ગયા છે. તે અંતિમ શ્વાસ સુધી ગુરુદેવના અનન્ય ભક્ત રહ્યા. ચલાળાના હિંમતભાઈ તથા જયંતીભાઈ લાખાણી બંધુનો પણ ઊંડો પ્રેમ હતો. જયંતીભાઈ નાનપણમાં જ ગુજરી ગયા, જ્યારે હિંમતભાઈ લાખાણીની કોલકતા ચાતુર્માસમાં મુલાકાત થઈ. તેઓએ પણ સુંદર સેવા બજાવી.

સૌથી વધારે નિકટના મિત્ર હતા બાબાપુર નિવાસી ભાઈશ્રી ભીખુભાઈ લાધાણી. તેઓ ખૂબ આનંદી હતા. તેમણે જે પ્રેમ બાંધ્યો તે જીવનભર જાળવી રાખ્યો. જયંતીભાઈ મુનિ બન્યા પછી તેઓ એક નંબરના ભક્તિવાન શ્રાવક બન્યા અને ગુરુદેવના પ્રતિવર્ષ દર્શન કરી લાભ મેળવતા રહ્યા છે. હાલ તેઓ મુંબઈમાં નિવાસ કરે છે. ભીખુભાઈ સાંસારિક રીતે પણ મુનિશ્રીના નિકટ સંબંધમાં છે. આપણે બગસરામાં શાંતાબહેનના નિર્મળ સ્નેહની વાત લખી છે. ભીખુભાઈ શાંતાબહેનના સૌથી નાના ભાઈ હતા. કુદરતી રીતે બન્ને ભાઈબહેનોએ ગુરુદેવની અપાર ભક્તિ કરી ઉત્તમ લાભ મેળવ્યો છે.

તે ઉપરાંત સમઢિયાવાળા શ્રી રામચંદ્રભાઈ, મણિલાલ કચરાભાઈ તથા ગુલાબચંદ વોરા સાથે પણ સંબંધ બંધાયો. તેઓ ઉપલા વર્ગના મોટા વિદ્યાર્થી હોવાથી મિત્ર તો ન જ કહેવાય, પરંતુ પથદર્શક જેવા હતા. ઘણાં વરસો પછી ગુરુદેવના કલકત્તા ચાતુર્માસમાં આ બધા ભાઈઓની મુલાકાત થઈ. રામચંદ્રભાઈએ જેતપુરનાં શારદાબહેન સાથે, સંતબાલજીના સાંનિધ્યમાં, કોઈ પણ

પ્રકારના આડંબર વિના ગાંધર્વ વિધિથી લગ્ન કર્યાં હતાં. શારદાબહેન ઘણાં વિચક્ષણ અને સદાચારી સન્નારી હતાં. આ દંપતીએ કોલકતામાં દર્શનસેવાનો લાભ મેળવ્યો. શ્રી ગુલાબચંદભાઈ વોરાએ દવાના મોટા વેપારી તરીકે કોલકતામાં જમાવટ કરી હતી. તેમનાં લગ્ન જમશેદપુર પંચમિયા પરિવારમાં થયાં હતાં. કોલકતાના ઉપાશ્રયની સામે જ તેમની મોટી ઑફિસ હોવાથી નિરંતર દર્શનનો લાભ મેળવી પોતાને કૃતકૃત્ય માનતા હતા. શ્રી મણિલાલ કચરાભાઈ દેના બૅંકમાં મોટા ઑફિસર તરીકે પોતાની ઈમાનદારીથી ખૂબ ખ્યાતિ પામ્યા હતા. કોલકતા ચાતુર્માસ દરમિયાન તેમણે પણ ભક્તિલાભ મેળવ્યો હતો. કેવો સંયોગ ! અમરેલી બોર્ડિંગના ઘણાં વર્ષો અગાઉના સાથે રહેલા વિદ્યાર્થી શ્રાવકરૂપે કોલકતામાં મળ્યા ત્યારે હર્ષની સીમા ન રહી. અવર્ણનીય આનંદ થયો છે. સૌએ પોતાની શક્તિ અનુસાર ભક્તિલાભ મેળવ્યો છે.

અમરેલી બોર્ડિંગનાં સંસ્મરણોથી ગુરુદેવ ગદ્ગદ થઈ જાય છે. બાલ્યજીવનના નાનામોટા પ્રસંગો તેમના જીવનનું ભાતું બની ગયું છે. ઝવેરચંદભાઈએ બટેટા બંધ કરાવ્યા પછી બોર્ડિંગમાં ધર્મના સંસ્કારો દેખાવા લાગ્યા. કોઈ કોઈ વિદ્યાર્થીઓ સામાયિક પણ કરતા. જયંતીભાઈને પણ સામાયિક કંઠસ્થ હોવાથી અવસર મળ્યે સામાયિક કરતા.

**રામવાળાની રામકહાણી :**

એક સમયે આપણા તરુણ વિદ્યાર્થી જયંતીભાઈએ સ્કૂલ પાસે માથા પર પાઘડી બાંધેલ એક વૃદ્ધ ઘોડેસવારને જોયો. તેનો ઘોડો સાધારણ અને દૂબળો હતો. તે ડચક ડચક કરતો ચાલતો હતો. કોણ જાણે, આ વૃદ્ધ માણસ ઘોડા પર ઊંઘતો હોય તેમ કરમાયેલા ચહેરે આગળ જતો હતો! આ ઘોડેસવારને જોતાં જ જયંતીભાઈને કુતૂહલ થયું કે આ વૃદ્ધ પુરુષ કોણ છે? ઘોડા પર બેસીને ક્યાં જાય છે?

આ આકર્ષણ પાછળ પણ કારણ હતું. આ ઘોડેસવાર કાઠિયાવાડના બહારવટિયા યુગ સાથે જોડાયેલો નામચીન વ્યક્તિ હતો. શ્રી ઝવેરચંદ મેઘાણીના મત પ્રમાણે કાઠિયાવાડમાં એક આખો બહારવટિયા યુગ પાર થયો, જેનું અંતિમ નક્ષત્ર રામવાળો હતો.

રામવાળાને ગાયકવાડ સરકાર સાથે બહારવટું હતું. અમરેલી જિલ્લામાં તેની મોટી ધાક હતી. રામવાળાને પકડવો એ દેશી રજવાડા માટે માથાનો દુખાવો હતો. રામવાળો કેટલાક દિવસથી બીમાર હતો એટલે જૂનાગઢના ગિરનાર પહાડની કંદરાઓમાં છુપાયો હતો. ગાયકવાડ, પાલિતાણા સ્ટેટ, ભાવનગર સ્ટેટ, જૂનાગઢના નવાબ અને અંગ્રેજ સરકારની રેજિમેન્ટ મળી પાંચ રાજની પોલીસ રામવાળાને પકડવા માટે ભરપૂર પ્રયાસ કરતી હતી.

ગિરનારની કોઈ ગુફામાં રામવાળો પોતાના સાથીઓ સાથે લપાઈને રહેતો હતો. તેમાં એક જોરૂભા નામે ભરવાડ પણ હતો. સાંજના રામવાળાને બાતમી મળી કે આ ભરવાડ ફૂટચો છે. તે

પોલીસને બાતમી આપી દેશે એવો તેને વહેમ પડ્યો. રાત્રે રામવાળાએ તેના સાગરીતોને ઇશારો કર્યો કે વહેલી સવારે તેને ગોળીએ દેવો. પરંતુ એ સમયે જોરૂભા જાગતો હતો. તે સમજી ગયો કે સવારે મોતને ભેટવું પડશે. જેવા બધા સૂતા તેવો જ ભરવાડ ભયંકર અંધકારમાં અને ઘોર જંગલમાં સરકી ગયો. જીવ કેટલો વહાલો છે! તે મૂઠી વાળી નાઠો અને સવારના પહોરમાં જૂનાગઢ પોલીસ થાણામાં પહોંચી ગયો. જૂનાગઢ પોલીસે ચારે સ્ટેટના પોલીસખાતાને તથા રાજકોટના એજન્ટને છૂપી જાણકારી આપી. આમ પાંચ રાજની સેનાના દળો એકાએક ઉપરકોટ પછીની પહાડીઓમાં ઊતરી આવ્યા. ખરું પૂછો તો તેમણે ગિરનારને ઘેરી લીધો.

એ ભરવાડના ઇશારે તેઓ રામવાળાની ગુફા સુધી પહોંચી ગયા. પોલીસે રામવાળાને પડકાર્યો. તેને પગમાં લોઢાની ખીલી વાગી હતી એટલે તેનો પગ સૂજીને થાંભલો થઈ ગયો હતો. તે બહાર આવ્યો નહીં. છેવટે પોલીસે ગુફામાં આગ લગાડી. જંગલનો સિંહ, કાઠિયાવાડના અંતિમ ચરણનો બહારવટિયો, નામચીન રામવાળો લાચાર થઈને બહાર આવ્યો. ગોળીઓની રમઝટ ચાલી. રામવાળાના શરીરમાં ૪૨ ગોળી વાગી. મરતા મરતા પણ તેણે બે પોલીસના પ્રાણ લીધા.

જોરૂભા વૃદ્ધ થયા પછી અમરેલીની આસપાસ સરકારે ઇનામ આપેલી જમીનમાં મકાન બાંધી રહેતો હતો. આ એ જ ઘોડેસવાર છે જેની આપણે ઉપર ચર્ચા કરી. જયંતીભાઈને રસ જાગ્યો અને આ વૃદ્ધ ભરવાડને મળવાની ઉત્કંઠા થઈ. જયંતીભાઈએ એક દિવસ તેનો ઘોડો રોક્યો. બે-ચાર વિદ્યાર્થીઓએ મળીને જોરૂભા સાથે વાર્તાલાપ કર્યો. તેમણે રામવાળાનું પ્રત્યક્ષ બયાન કર્યું અને કહ્યું, "મારે દગો દેવાની ઇચ્છા ન હતી, તેમ પોલીસે મને ફોડ્યો પણ ન હતો. પરંતુ રામવાળાને વહેમ પડ્યો અને મોતના ભયથી હું ભાગી છૂટ્યો. આજે મને એ વાતનો ખેદ છે કે મેં રામવાળાને મરાવ્યો." જોરૂભાનો ચહેરો લાલ થઈ ગયો. કેમ જાણે પાછલાં સ્મરણો તાજાં થયાં હોય !

જયંતીભાઈ જૈન ધર્મ વિશે થોડું સમજતા થયા હતા. તેમને લાગ્યું કે આ કોઈ એક જન્મનો ખેલ નથી. ગુરુદેવના મન ઉપર આજે પણ એ ભરવાડની છાપ ઊપસેલી છે. રામવાળો પોતાના વહેમમાં જ ભોગ બન્યો. ખરેખર, વહેમનું કોઈ ઓસડ નથી. વહેમનું પરિણામ હંમેશ કરુણતાભરી દુર્ગતિ હોય છે.

**વ્યાયામ અને આનંદ :**

અમરેલી બોર્ડિંગમાં ઘણા નાનામોટા પ્રસંગો બન્યા. જયંતીભાઈને હુગડ (હુતુતુતુ) રમવાનો ઘણો શોખ હતો એટલે બોર્ડિંગમાં જ એક હુગડ પાર્ટી તૈયાર કરી હતી. સાંજના બે કલાક રમતમાં જતા. તેથી શરીર મજબૂત બન્યું. બોર્ડિંગમાં શનિવારે ભાખરી અને દૂધ આપવામાં આવતાં. રસોઇયા મહારાજ ભાખરી એવી સારી બનાવતા કે વિદ્યાર્થીઓ શનિવારની રાહ જોતા. બપોરના

અડદની દાળ અને બાજરાના રોટલા આપવામાં આવતા. છાશ દરરોજ મળતી. આમ ભોજન સાદું હતું. એકંદરે જૈન બોર્ડિંગના વિદ્યાર્થીઓએ અમરેલીમાં સારી છાપ પાડી હતી.

વ્યાયામ અને ભોજન એ બંને શરીરના ખોરાક છે. બી. એલ. મહેતાને વ્યાયામનો શોખ હોવાથી બધા વિદ્યાર્થીઓ વ્યાયામમાં મસ્ત હતા. એક અખાડામાં કુસ્તી શીખવવામાં આવતી હતી. વિદ્યાર્થીઓને આટલા કુશળ અને મજબૂત બનાવવામાં ગૃહપતિ શ્રી બી. એલ. મહેતાનો મુખ્ય ફાળો રહ્યો. ગૃહપતિ મહેતાસાહેબ ગુરુ જેવા હતા. આમ બાલ્યકાળમાં મુનિજીને શ્રી લાભશંકરભાઈ જેવા વિદ્યાગુરુ અને મહેતાસાહેબ જેવા સંસ્કારગુરુ ઉપલબ્ધ થયા. એ બંનેએ જીવનનું ઘણું ભાતું આપ્યું છે.

એ વખતે અમરેલીમાં વાડી-વાવેતરનો ખૂબ સારો પ્રચાર હતો. લીલીછમ વાડીઓ શાક-બકાલા અને શેરડીના વાડથી શોભી ઊઠતી હતી. એ સમયે હજી એટલા પંપ-સેટ આવ્યા ન હતા. કૂવા પર કોસ ચાલતા. બે બળદ પચાસ બાલદી પાણી સમાય તેવો કોસ ખેંચતા. કૂવા સુધી બળદ જાય ત્યારે કોસ પાણીમાં ડૂબે અને અવાજ કરે. અવાજ બંધ થાય એટલે ખેડૂતને જાણ થાય કે કોસ ભરાઈ ગઈ છે. ખેડૂત બળદોને ડચકારો કરે અને બળદ ચાલી નીકળે. કોસ ઉપર આવી જાય અને અઢળક પાણી મળે. કોસ ખાલી થાય ત્યારે ચલાવનારને બળદો સાથે પાછા પગે ચાલવું પડતું. દર રવિવારે જયંતીભાઈ પોતાની ટીમ સાથે વાડીઓમાં ખાસ ફરવા જતા. ત્યાં સ્નાનવિધિ પતાવી સૌ મિત્રો સાથે મરચાં-ગાંઠિયા-ગોળનો નાસ્તો કરતા અને નિર્દોષ આનંદ મેળવતા.

એક વખત ચાર વિદ્યાર્થી સાથે જયંતીભાઈ વાડીએ જવા નીકળ્યા. સાથે એક શેર લાંબા ફાફડિયા ગાંઠિયા અને વઘારેલાં લીલાં મરચાં લીધાં. નાહી-ધોઈને ગાંઠિયાની મઝા લેવાની પ્રબળ ઇચ્છા મનમાં ચાલતી હતી. જયંતીભાઈના હાથમાં પડીકું હતું. અનુભવનો અભાવ હતો. એક મોટા વડલા નીચેથી પાર થતા હતા ત્યારે ઉપર સમડી ચક્કર મારતી હતી. સમડી લાગ જોઈને ખડાક કરતી ઝાપટી. પળભરમાં પડીકું લઈ પાર થઈ ગઈ. બધા મોઢું વકાસીને જોતા રહી ગયા. બધી ઇચ્છાઓ પર પાણી ફરી વળ્યું.

સમડી એક મોટો ઉપદેશ આપી ગઈ. અસાવધાન રહેવું તે પ્રમાદ દશા છે અને તેનાથી જીવ દુઃખી થાય છે. પડીકું જવામાં સમડી કરતાં અસાવધાની વધારે કારણભૂત હતી. એટલા માટે જૈન શાસ્ત્રકારો કહે છે કે પ્રતિપક્ષના દોષ કરતાં આધ્યાત્મિક દોષો વધારે કારણભૂત હોય છે. આમ ગાંઠિયા ગયા પણ ઉપદેશ મળ્યો. બાકીના સાગરીતોએ ઠપકો આપ્યો જે મૂંગે મોઢે સાંભળવો પડ્યો.

આ રીતે બાલ્યજીવનની નાનીમોટી ઘટનાઓ અને પ્રસંગો જીવનનાં ઉપદેશાત્મક સંસ્મરણો બની જાય છે.

❑



## ૨

# તપસ્વી મહારાજનું મહાભિનિષ્ક્રમણ

દલખાણિયામાં નગરશેઠ તરીકે ખ્યાતિ પામેલા પૂ. તપસ્વીજી મહારાજ સાદું જીવન ધારણ કરી બગસરામાં પૂ. ગુરુદેવ પ્રાણલાલજી મહારાજના સાંનિધ્યમાં અભ્યાસ કરતા હતા અને છઠ્ઠ-છઠ્ઠનો વરસીતપ કરી રહ્યા હતા. સાથે જયંતીભાઈનાં મોટાં બહેન પ્રભાબહેન પણ વૈરાગ્યવાસી થઈ બગસરા મુકામે ગુરુણી ઉજ્જમબાઈ સ્વામી પાસે ધાર્મિક અભ્યાસ કરતાં હતાં. પિતા-પુત્રી વૈરાગ્યની પરીક્ષા આપ્યા પછી એક સાથે જૈન ભાગવતી દીક્ષા લેવા માટે તૈયાર થઈ ગયાં હતાં.

સમય મળતાં જયંતીભાઈ અમરેલીથી બગસરા જવા નીકળ્યા. આ સમયે સમાચાર મળ્યા કે દીક્ષાની તિથિ નક્કી થઈ ગઈ છે અને બગસરા મુકામે મોટો દીક્ષા-ઉત્સવ થવાનો છે. આજે પણ એ દિવસો યાદ આવતાં તેમને વિરહના દુઃખની અનુભૂતિ થાય છે. આ વખતે જયંતીભાઈની ઉંમર ફક્ત અગિયાર વર્ષની હતી. જયંતીભાઈ સૌથી નાના પુત્ર હતા. પિતા પુત્રનો પરિત્યાગ કરી વૈરાગ્યના પંથે ચાલ્યા જાય તે તેમને માટે તો કલ્યાણરૂપ હતું, પરંતુ બાળકો માટે કેટલું કષ્ટદાયક હશે તે કલ્પના કરવી રહી. નાનાં બહેન જયાબહેન પણ વૈરાગ્યવાસી હોવાથી અને બાળપણથી દીક્ષાના ભાવ હોવાથી તેમને દુઃખ લાગે તેમ ન હતું.

મોટાભાઈ બચુભાઈ સમર્થ હતા અને ઘરનો બધો વહીવટ સંભાળતા હતા. મોટાં બે બહેનો કુંવરબહેન તથા ચંપાબહેનનાં લગ્ન શ્રી જગજીવનભાઈએ પોતાના હસ્તે કરાવ્યાં હતાં. તેઓ પોતાના સંસારમાં જોડાયેલા હતા. ફક્ત જયંતીભાઈ એક પૂર્ણ દુઃખનું ભાજન હતા. તેમને

હજી વૈરાગ્ય હતો નહીં અને ઉંમર નાની હતી. લાડ કરનાર પિતા પુત્રને મૂકીને ચાલી નીકળવાના સંકલ્પમાં હતા. માતુશ્રી અમૃતબહેન સંસારમાં પણ ઘણી તપશ્ચર્યા કરતાં હતાં. સંસારની ઉદાસીનતાને કારણે તેઓ મમતાથી પર હતાં. તેઓ પણ વૈરાગ્યભાવમાં રમણ કરતાં હતાં. તેમને મોહ ન હતો. દીકરા-દીકરીઓ દીક્ષા લઈ આત્મકલ્યાણ કરી, મા-બાપની કુક્ષિ દીપાવે તેવી ભાવના રાખતાં હતાં. જયંતીભાઈને લાગતું હતું કે પોતે રણપ્રદેશમાં એકલા ઊભા છે. ચારે દિશાના વાયરા વાય છે, પણ સાંભળનાર કોઈ નથી. તેમણે પોતાની અનાથતાનો અનુભવ કર્યો. ગુરુદેવને યાદ છે કે એટલી નાની ઉંમરે પણ આ બધી લાગણીઓ ખૂબ વેગવંતી હતી. પોતે કહે છે કે સંસારની આ પરિસ્થિતિ અને એકાકીપણું વૈરાગ્યનું નિમિત્ત બન્યું અને જયંતીભાઈને વૈરાગ્યનો પંથ ઉજ્જ્વળ દેખાયો.

બગસરા મુકામે વાજા વાગવા મંડ્યા. મંડપ રોપાઈ ગયા. અનેક ગામનાં હજારો શ્રાવક-શ્રાવિકાઓ આવ્યાં હતાં. લગભગ દશહજાર માણસોની-હાજરી હતી. બગસરાના જૈન ઉપરાંત વ્હોરા સહિત દરેક કોમના માણસો દીક્ષા મહોત્સવમાં જોડાયા હતા. જયંતીભાઈ એક અઠવાડિયા પહેલાં જ બગસરા પહોંચી ગયા હતા. આ બધો ઉત્સવ તેમને તલવારના ઘા જેવો પીડાકારક લાગતો હતો. સૌને મન આનંદ હતો, પરંતુ જયંતીભાઈ માટે દુઃખ અને વિરહનો એક મહાયોગ હતો. જરા પણ હસ્યા-બોલ્યા વિના જયંતીભાઈ આખો પ્રસંગ ચુપચાપ નિહાળી રહ્યા હતા. તેમને મન આ દીક્ષાનો પ્રસંગ હૃદયદ્રાવક ઉત્સવ બની ગયો હતો.

ગુરુદેવ પ્રાણલાલજી મહારાજનાં દર્શન કરવા જયંતીભાઈ ગયા ત્યારે સંતો ખૂબ ઉત્સાહમાં હતા. પ્રાણલાલજી મહારાજે પૂછ્યું, "જયંતી, તું કેમ ઉદાસ છો? આજ મડિયા પરિવારના આંગણે મોટો પ્રસંગ છે. તારે ખૂબ ખુશ થવાનું છે."

આટલું સાંભળતાં જ જયંતીભાઈના હૃદયના બંધ છૂટી ગયા. આંખમાં આંસુ ઊભરાયાં અને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. સૌ માટેની આનંદની ઘડી જયંતીભાઈને અકથ્ય વેદના આપનારી હતી. પિતૃવિયોગનું દુઃખ વિસ્ફારિત નેત્રો સામે ઊભું હતું. ત્યારે જયંતીભાઈને હસાવી શકાય તેમ ન હતું.

પરિવારના બધાં વડીલ ભાઈઓ, બહેનો અને સગાં-સંબંધીઓ દીક્ષા મહોત્સવના આનંદમાં જોડાયાં હતાં. બહારનું દૃશ્ય જુદું હતું અને અંતરની વેદના જુદી હતી. છતાં દીક્ષાના પ્રત્યેક પ્રસંગમાં હાજર રહી જયંતીભાઈએ ઝીણવટથી આ મહાભિનિષ્ક્રમણનું અધ્યયન કર્યું. એ વખતે આ બાળમાનસમાં જ્ઞાનનો ચમકારો થયો કે "સંસાર શું છે અને ત્યાગ શું છે !"

માતુશ્રી અમૃતબહેન ત્યાં જ હતાં. તેઓ પોતે પ્રબળ વૈરાગ્યવાળાં હતાં, પરંતુ તેમની શારીરિક અવસ્થા દીક્ષાને અનુકૂળ ન હતી.

માતુશ્રી કહી રહ્યાં હતાં, "હું પોતે તો દીક્ષા લઈ શકતી નથી, પરંતુ દીક્ષા લેનાર માટે શા માટે અંતરાયરૂપ બનું ? બાપ-દીકરી બંને આત્મકલ્યાણના પંથે જઈ રહ્યા છે. મારા માટે તેથી વિશેષ ગૌરવની બીજી કઈ વાત હોય?"

તેઓ હોંશે હોંશે આજ્ઞા તો આપી રહ્યા હતા, છતાં પણ જિંદગીના સંબંધવાળા પતિ અને વહાલસોઈ પુત્રી, બંનેનો ત્યાગ કરતાં તેમનું હૃદય અંદરથી જરૂર વલોવાયું હશે તેવું જયંતીભાઈને લાગ્યું હતું.

**પિતા-પુત્રીની દીક્ષા :**

બગસરા મુકામે પૂ. ગુરુદેવ પ્રાણલાલજી મહારાજના સાંનિધ્યમાં જગજીવનભાઈ તથા તેમનાં સુપુત્રી પ્રભાબહેનની એકસાથે દીક્ષા થઈ અને ત્યાગના પાઠ શીખવ્યા. જ્યારે તેઓ સાંસારિક વેશનો પરિત્યાગ કરી સાધુવેશમાં મંચ ઉપર આવ્યા ત્યારે જયંતીભાઈને લાગ્યું કે અબઘડી મૂર્છા આવી જશે. હજુ પણ યાદ છે કે એ વખતે જયંતીભાઈ દીક્ષાનો માહોલ છોડી, ત્યાં ઊભી કરેલી રાવટીમાં લપાઈ ગયા અને બિછાના પર પડીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. એ વખતે તેમને આશ્વાસન આપનાર કોઈ ન હતું. ફક્ત દીક્ષામાં ભાગ લેવા આવેલા જૈન બોર્ડિંગના એક વિદ્યાર્થી રૂપાણીભાઈ જયંતીભાઈની પાસે બેસી ધીરજ બંધાવી રહ્યા હતા. તેમને દીક્ષા મહોત્સવનો આનંદ માણવા કરતાં જયંતીભાઈ પ્રત્યે સ્નેહની ઊર્મિ વરસાવવાનું વધારે ગમ્યું હતું.

આ સમગ્ર પ્રસંગ એટલો હૃદયદ્રાવક હતો કે તેને અક્ષરદેહ આપવા કરતાં જૈન દીક્ષાની જે ભવ્યતા છે અને તેનું જે મહત્ત્વ છે તેની પર પ્રકાશ નાખવો વધારે યોગ્ય છે.

**ઉદારતાની અવધિ :**

પ્રભાબાઈસ્વામીનું વેવિશાળ સુલતાનપુર નિવાસી ભગવાનજીભાઈ જસાણી (મૂળ અટક મિંદડા)ના સુપુત્ર શાંતિભાઈ સાથે થયું હતું. શાંતિભાઈ બી.એ., એલએલ.બી. પાસ કરી સારા વકીલ તરીકે ખ્યાતિ પામ્યા હતા. શાંતિભાઈનાં માતુશ્રી જડાવબહેન દીક્ષા પ્રસંગે હાજર હતા. પ્રભાબહેન માટે અમૃતબહેનની સાથે જડાવબહેનની પણ આજ્ઞા લેવી જરૂરી હતી.

ગુરુદેવ પ્રાણલાલજી મહારાજે ગર્જના સાથે રણકારો કર્યો, "જડાવબહેન, તમારી વહાલસોયી પુત્રી જેવી પ્રભાબહેનને દીક્ષાની આજ્ઞા આપો !"

સૌને લાગતું હતું કે વેવિશાળ કર્યા પછી વહુરાણી ઝૂંટવાઈ જવાથી જડાવબહેનને કેવા પ્રત્યાઘાત થયા હશે અને શું બોલશે? પૂ. ગુરુદેવ જયંતમુનિજીને તે સમયના જડાવબહેનના એક એક અક્ષર આજ પણ યાદ છે. ખરેખર, જડાવબહેન ભક્તિ અને સેવાનું મૂર્તરૂપ હતા. સૌના આશ્ચર્ય વચ્ચે તેમણે જે શબ્દો કહ્યા તે ખરેખર ગૌરવ લેવા જેવા છે.

લાગણીથી ગદ્ગદ થઈને જડાવબહેન બોલ્યાં, "આજે હર્ષનાં આંસુથી મારી આંખો ઊભરાઈ રહી છે. પ્રભા સંસારનો ત્યાગ કરી વૈરાગ્યના પંથે કુમકુમ પગલાં પાડી રહી છે. મને થોડું દુઃખ થાય એ સ્વાભાવિક છે. આવી સંસ્કારી સુકન્યાનો પુત્રવધૂ તરીકે મને લાભ મળશે નહીં. પરંતુ એથી વધારે મને એ સુખ થાય છે કે મારા પરિવાર સાથે જોડાયેલી આ કન્યા પોતાના સદ્ગુણોથી જૈન શાસનને દીપાવશે. અમે સાસુ મટીને એનાં ચરણોમાં વંદન કરશું. અમારો આખો પરિવાર ધન્ય બની ગયો છે. ઇતિહાસમાં નામ રહેશે કે તેઓ જસાણી પરિવારનો ઉદ્ધાર કરી ગયા. હું હોંશે હોંશે તેમને દીક્ષાની આજ્ઞા આપું છું."

ધન્ય છે જડાવબહેનની ઉદારતાને અને તેની સમજદારીને!

**વૈરાગ્યનો સૂર્યોદય :**

જયંતીભાઈ બગસરાથી ઉદાસ ભાવે અમરેલી પાછા આવ્યા. તેમનું મન ભણવામાંથી ઊઠી ગયું. તે મિડલ સ્કૂલનો કોર્સ પૂરો કરી દલખાણિયા આવી ગયા. ત્યાં તેમણે એક નાની દુકાન ખોલી.

આ વરસે ગુરુદેવ પ્રાણલાલજી મહારાજનું ચાતુર્માસ ધારીમાં હતું. ધારી અને દલખાણિયા બહુ જ નજીક હોવાથી દર્શનનો લાભ મળતો રહેતો હતો. જગજીવનભાઈ હવે નગરશેઠ મટી તપસ્વીજી મહારાજના નામે પ્રસિદ્ધ થયા હતા. સૌ તેમને તપસ્વી મહારાજ કહેતા. તેમના છઠ્ઠ-અઠ્ઠમનાં પારણા ચાલુ હતાં. તપસ્વીજી મહારાજે જયંતીભાઈને પચ્ચક્ખાણ આપ્યા કે સામાયિક કર્યા વિના મુખમાં પાણી ન મૂકવું. જયંતીભાઈએ સામાયિકનું પાથરણું સંભાળ્યું. રોજ ઉપાશ્રય ઊઘડવા લાગ્યો. બીજાં કેટલાંક ભાઈ-બહેનો પણ સામાયિક કરવા લાગ્યાં. ઉપાશ્રયમાં ધર્મનો રંગ જામ્યો. બચુભાઈએ જે નાની દુકાન કરાવી આપી હતી તે ઉપાશ્રયની સામે જ હતી. જયંતીભાઈ સામાયિક કરી દુકાને જતા.

ઉપાશ્રયનાં ધાર્મિક પુસ્તકોમાં બોટાદ સંપ્રદાયની પટ્ટાવલી પણ હતી. જયંતીભાઈએ આ પટ્ટાવલી અનેક વાર ધ્યાનથી વાંચી હતી. તે મનમાં ઊતરી ગઈ. તેમાં મુનિઓનાં જીવનચરિત્ર હતાં. તેમાં વૈરાગ્યશીલ ભાવનાઓનું સામંજસ્ય હતું. પટ્ટાવલી વાંચ્યા પછી લાગ્યું કે દીક્ષા લેવી તે જ સાર્થક છે. સંસાર અસાર છે. ધ્રાંગધ્રા સંપ્રદાયથી બોટાદ સંપ્રદાય જુદો પડ્યો. વિશનજી મહારાજ, ભૂષણજી મહારાજ, અમરચંદજી મહારાજ, ઇત્યાદિ આચાર્ય સંતોના ત્યાગ-વૈરાગ્યની માનસ પર ઊંડી છાપ પડી. ત્યારબાદ બોટાદ સંપ્રદાયના હાલના સંત મુનિઓ પૂ. માણેકચંદ્રજી મહારાજ અને શિવલાલજી મહારાજ પ્રત્યે જયંતીભાઈને ઊંડું આકર્ષણ થયું.

બોટાદ સંપ્રદાયના માણેકચંદ્રજી મહારાજ ગોંડલ સંપ્રદાયના તપસ્વીજી માણેકચંદ્રજી મહારાજ સાથે દલખાણિયા આવી ગયા હતા. ત્યારબાદ સ્વતંત્રરૂપે પણ એક વાર દલખાણિયા પધારેલા. જયંતીભાઈનાં માતા-પિતાએ તેમની પાસે ચોથા વ્રતના પચ્ચક્ખાણ લીધા હતા. એક રીતે તેઓ

આ પરિવારના ગુરુસ્થાને હતા. સામાયિક કરતા કરતા જયંતીભાઈએ નિર્ણય કર્યો કે દીક્ષા લેવી ગુરુજી કહે છે મનુષ્યના બધા સંકલ્પો સિદ્ધ થતા નથી. કર્મસંયોગ પણ પોતાનું કામ કરે છે.

**વેવિશાળનું મોટું વિઘ્ન :**

જયંતીભાઈએ બચુભાઈને કહ્યું કે હવે દુકાનથી રામ રામ. પાંચ મહિના સુધી દુકાન ચલાવી. કુલ ૭૫ રૂપિયાનો વકરો (લાભ) થયો હતો. પૂ. માણેકચંદ્રજી મહારાજનું રાજકોટ ચાતુર્માસ હતું. ઘરમાં બધાની સલાહ લઈ જયંતીભાઈએ રાજકોટ જવાનું નક્કી કર્યું. અમૃતબહેન ઘણા સમયથી જયંતીભાઈને દીક્ષા માટે પ્રેરણા આપતાં હતાં.

જયંતીભાઈનું વેવિશાળ ધારી મુકામે ભાઈચંદભાઈની સુપુત્રી જયાલક્ષ્મી સાથે કરવામાં આવ્યું હતું. જગજીવનભાઈના છઠ્ઠના વરસીતપના પારણાનો મહોત્સવ હતો ત્યારે વેવિશાળ કર્યું હતું. દીક્ષા લેવી હોય તો વેવિશાળ તોડવું જરૂરી હતું.

ભાઈચંદભાઈને દલખાણિયા બોલાવ્યા. બધી વાત સાંભળીને તેઓ ખૂબ જ ઉગ્ર થઈ ગયા. શેઠ જગજીવનભાઈના મિત્ર હોવાથી આ સંબંધ જોડાયો હતો. તેઓ ગુસ્સાથી માતુશ્રીને કહેવા લાગ્યા, "શું ઘરના બધાને બાવા કરવા છે? શું કાલે જ દીક્ષા લેવી છે? વેવિશાળ તોડવાની શી જરૂર છે? દીક્ષાનો વરઘોડો નીકળશે ત્યારે હું જોઈ લઈશ કે કોણ દીક્ષા આપે છે."

ભાઈચંદભાઈ નારાજ થઈ ચાલ્યા ગયા.

જયંતીભાઈ રાજકોટ મુકામે બિરાજમાન શ્રી માણેકચંદ્રજી મહારાજના શરણે ગયા. એ વખતે તેઓશ્રી શિવલાલજી મહારાજ સાથે રાજકોટના સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં બિરાજમાન હતા.

આ ઉપાશ્રય પણ હજુ નવો જ બનાવેલ હતો. શ્રી જયંતિલાલે ગુરુના ચરણે વંદન કરી પોતાની ઓળખાણ આપી અને મનની વાત કરી. પૂજ્ય ગુરુ મહારાજ ખૂબ જ ખુશ થયા અને પોતાની પાસે રહેવા માટે આજ્ઞા પ્રદાન કરી. એ વખતે રાજકોટમાં ઠાકરસીભાઈ ઘીયા સાધુ સેવામાં ખૂબ ઊંડો રસ ધરાવતા હતા. તેમને ત્યાં જમવાની વ્યવસ્થા કરી આપી.

મહારાજ સાહેબે પ્રથમ પ્રતિક્રમણ શીખવા માટે પ્રેરણા આપી. જયંતીભાઈની સ્મરણશક્તિ તેજ હતી. ત્રણથી ચાર દિવસમાં આખું પ્રતિક્રમણ કંઠસ્થ કરી સંભળાવી દીધું અને આઠ દિવસમાં સુંદર રીતે પ્રતિક્રમણ બોલાવતા થઈ ગયા. મુનિરાજો આનંદિત થઈ ગયા. જયંતીભાઈ બહુ ટૂંક સમયમાં અભ્યાસ કરી તૈયાર થઈ ગયા. તેમણે ગતાગતિ, આઠ કર્મ, મોટો બાંસઠિયો, દંડક ઇત્યાદિ થોકડાઓનું સમજપૂર્વક અધ્યયન કર્યું અને જોતજોતામાં કંઠસ્થ કર્યા.

એ વખતે રાજકોટનો સ્થાનકવાસી જૈન સંઘ બધા સંઘોમાં અગ્રણી. સંઘના મોવડી ગણાતા

કપૂરચંદ રણછોડ, મોહનભાઈ (નાના ઉપાશ્રયવાળા), ઠાકરસીભાઈ ધીયા, એમ. પી. શાહ, મણિભાઈ મઢૂલીવાળા, ચુનીલાલ નાગજી વોરા, મેંદરડાવાળા અંદરજીભાઈ, દુર્લભજીભાઈ વીરાણી, રામજીભાઈ વીરાણી, ત્રિભોવનભાઈ માસ્ટર તથા મુંબઈથી આવતા-જતા ઝવેરચંદભાઈ સંઘરાજકા વગેરે ભાઈઓ પૂ. મુનિરાજોની ઉપસ્થિતમાં રાત્રિની જ્ઞાનસભામાં તત્ત્વચર્ચા કરતા. ગુરુદેવ જયંતીભાઈને સાથે બેસાડતા. જયંતીભાઈ પણ તત્ત્વચર્ચામાં ઊંડો રસ લેતા અને તેમનાથી સૌ પ્રભાવિત થતા હતા.

આ બધા ભાઈઓને જયંતીભાઈ પ્રત્યે ઊંડું સન્માન થયું અને તેઓના મન ઉપર ખૂબ જ સારી છાપ પડી. તે પૂ. જગજીવન મહારાજના પુત્ર છે તે જાણીને તેમનો સદ્ભાવ ખૂબ જ વધ્યો હતો.

પૂ. માણેકચંદ્ર મહારાજની આજ્ઞા અને શિવલાલ મહારાજનું માંગલિક સાંભળી જયંતીભાઈ દલખાણિયા જવા માટે નીકળ્યા. કેમ જાણે મુનિઓ માટે આ ઘડી મંગળ ન હોય તેમ ડાબી બાજુએ કાગડાઓ કેકારવ કરતા હતા. પૂ. માણેકચંદ્રજી મહારાજે ટોક્યા પણ ખરા, સમય ઠીક નથી. પરંતુ ગાડીનો સમય થઈ જવાથી રોકાઈ શક્યા નહીં.

*મુનિઓના સાંનિધ્યમાં જયંતીભાઈના વૈરાગ્યનો રંગ વધુ ઘેરો થયો હતો. તેઓએ દલખાણિયા* પાછા ફરીને દીક્ષાના ભાવ વધ્યા છે તે વાત કરી. દલખાણિયા પૂરો પરિવાર જયંતીભાઈને દીક્ષા આપવા માટે તત્પર હતો. દલખાણિયામાં ગ્રામ્યજીવન હોવાથી ત્યાં ગોંડલ અને બોટાદ સંપ્રદાયનો ભેદ ન સમજી શકાય તે સ્વાભાવિક છે. કોઈને કશું દુઃખ ન હતું, એક પ્રકારનો રાજીપો હતો. કેમ જાણે જયંતીભાઈ પરિવાર માટે ભારરૂપ હોય તેમ સૌ આજ્ઞા આપવા માટે રાજી થઈ ગયા.

પિતાશ્રી તો મુનિ હતા. માતુશ્રીને તો જયંતીભાઈ માટે ચિંતા હતી કે આ છોકરો શું કરશે ? *ક્યાંય ભટકી ન જાય, દુઃખી ન થઈ જાય. થાળે પડે તો તેનું જીવન સુધરે, આત્માનું કલ્યાણ* થાય, મડિયા કુટુંબને ઉજ્જ્વળ કરે, માની કુક્ષિ દીપાવે – આવા બધા ભાવ ભર્યા હતા. પરિવારમાં *સૌની ભાવના હતી કે પૂ. તપસ્વીજી જગજીવનજી મહારાજ પાસે દીક્ષા લેવાથી જયંતીભાઈને* તેમની સેવાનો અવસર મળશે.

જયંતીભાઈએ સ્પષ્ટ ખુલાસો કરતાં કહ્યું કે તપસ્વીજી મહારાજ બોટાદ સંપ્રદાયના શિરોમણિ સંતને ગુરુ તરીકે માને છે અને જયંતીભાઈને સુપ્રત કરી ગુરુઋણ ચૂકવવા માગે છે. આ વાત સાંભળ્યા પછી માતુશ્રી અમૃતબહેન તથા મોટાભાઈ અમૃતલાલે સહર્ષ આજ્ઞાપત્ર કાળા અક્ષરે લખી આપ્યું. ખરું પૂછો તો આ આજ્ઞાપત્ર કાળા અક્ષરે લખેલ હોવાથી કેમ જાણે નિરર્થક થવાનો *હોય અને તેનો મંગલભાવ પ્રગટ ન થવાનો હોય! જેને આપણે આજ્ઞાપત્ર કહીએ છીએ તે ઝાંખો* પત્ર લઈને જયંતીભાઈ ચાલી નીકળ્યા.

**કાળની ગતિ ન્યારી :**

આ વખતે બિલખામાં પૂ. ઉજ્જમબાઈ મહાસતીજી ચાતુર્માસ માટે બિરાજમાન હતાં. તેમના સાંસારિક મોટાંબહેન પ્રભાબાઈ મહાસતીજી બિલખામાં બિરાજતા હતા. જયંતીભાઈ બિલખા ઉપાશ્રયમાં મહાસતીજીઓના દર્શનાર્થે ગયા.

પૂ. ઉજ્જમબાઈ સ્વામી ઉચ્ચ કોટિની પ્રતિભાનાં સ્વામી હતાં. તેમણે જયંતીભાઈના આવવાની ખૂબ ખુશી બતાવી. તેમણે જયંતીભાઈને ત્યાં એક દિવસ ત્યાં રોકી લીધા. ગુરુરાજ પ્રાણલાલજી સ્વામી જેતપુર ચાતુર્માસ કરવા પધાર્યા હતા. બિલખાથી ગુપચુપ જેતપુર સમાચાર પહોંચી ગયા. જયંતીભાઈ સવારની ગાડીમાં જાય તે પહેલાં બગસરાવાળા શામળજી ભીમજી ઘેલાણી કાર લઈ બિલખા આવી પહોંચ્યા.

શામળજીભાઈએ સલાહ આપી, "જેતપુર પૂજ્ય ગુરુદેવનાં દર્શન કર્યા પછી જ તમારે આગળ વધવાનું છે."

શામળજીભાઈ ગુરુ મહારાજના અનન્ય ભક્ત હતા અને જયંતીભાઈના ફઇબાના દીકરા ભાઈ હતા.

શામળજીભાઈ જયંતીભાઈને લઈ કારથી પૂ. સૌરાષ્ટ્રકેસરીનાં ચરણોમાં જેતપુર આવી પહોંચ્યા. સવારના દશ વાગ્યાનો સમય હતો. જયંતીલાલે ગુરુદેવ પ્રાણલાલજી સ્વામી તથા તપસ્વી મહારાજનાં દર્શન કર્યાં.

ગુરુદેવ પ્રાણલાલજી સ્વામી સામે જયંતીભાઈની દીક્ષાના ભાવની વાત નીકળી. ત્યારે તપસ્વીજી મહારાજને પૂછ્યું કે જયંતીભાઈ પારાણગુરુ પાસે દીક્ષા લે તો તેમની મંજૂરી છે કે નહીં.

તપસ્વીજીએ કહ્યું, "જયંતી સ્વયં પ્રાણલાલ સ્વામીના ચરણે દીક્ષા લે તો મને શું વાંધો હોય?"

જયંતીભાઈની દીક્ષાની અંતરાય હજી ઘણી લાંબી હતી. ગુરુદેવોએ ઠરાવ્યું કે હજુ જયંતીની ઉંમર કાચી છે. તેની ઉંમર દીક્ષાને યોગ્ય નથી. આટલી નાની ઉંમરે દીક્ષા આપવાનો જૈન કૉન્ફરન્સનો સખત નિષેધ છે, જેથી હાલ પૂરતી દીક્ષા મુલતવી રાખવી.

જયંતીભાઈ માટે સંસ્કૃત, પ્રાકૃત - અર્ધમાગધી અને જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવાની વ્યવસ્થા કરવી જોઈએ તેમ નક્કી કર્યું. જેતપુરથી પ્રાણલાલજીસ્વામી જામનગર પધાર્યા ત્યાં સુધી જયંતીભાઈ વિહારમાં સાથે હતા. જામનગરમાં હવે શું કરવું તેનો વિચાર ચાલતો હતો ત્યારે લીમડા લેનમાં રહેતા જામનગરના સુપ્રસિદ્ધ શ્રાવક માનસંગ મંગળજીને ત્યાં જયંતીભાઈને જમવાનો અવસર આવ્યો. માનસંગભાઈ ધર્મના ઊંડા અભ્યાસી હતા. એ માત્ર જામનગર નહીં, પરંતુ સમગ્ર ગોંડલ સંપ્રદાયના સન્માનનીય શ્રાવક હતા. તે ઘણા ચુસ્ત હતા. સાધુ-સંતોની ક્ષતિ થતી

હોય તો બે શબ્દ કહી શકે તેવી તેમનામાં યોગ્યતા હતી. શ્રાવક માનસંગભાઈએ જયંતીભાઈને પ્રશ્ન પૂછ્યા. તેમણે અભિપ્રાય આપ્યો કે અત્યારે દીક્ષા લેવાનો નિર્ધાર ઠીક નથી. તે પહેલાં વધારે અભ્યાસની જરૂર છે.

તેઓ રાજકોટ ગુરુકુળના માન્ય સભ્ય હતા. જયંતીભાઈ વૈરાગી તરીકે ગુરુકુળમાં રહી અભ્યાસ કરી શકે તે માટે બધી વ્યવસ્થા કરવાની તેમણે બાંયધરી આપી અને પત્ર લખી આપ્યો. જયંતીભાઈના સમગ્ર જીવનમાં એક મોટા પરિવર્તનની આ એક અદ્ભુત ઘડી હતી. બાળભાવે આવેલો વૈરાગ્ય દૂર થતાં જ્ઞાન-સાધનાનો એક અનુપમ અવસર ઉપલબ્ધ થયો. દલખાણિયા, ગારિયાધાર અને અમરેલી પછી રાજકોટ ગુરુકુળ જયંતીભાઈના અભ્યાસકાળનો ચોથો અધ્યાય હતો.

માનસંગભાઈએ પ્રાણલાલજી સ્વામી અને પૂ. તપસ્વી મહારાજને સમજાવ્યા. જયંતીભાઈનો દીક્ષાનો ઊભરો શમાવી દીધો અને રાજકોટ ગુરુકુળમાં અભ્યાસ અર્થે જવાનો એક નવો જ અવસર ઊભો કર્યો. ધન્ય છે માનસંગભાઈની કુશાગ્ર બુદ્ધિને! ખરેખર આવા શાણા શ્રાવકો સંપ્રદાયમાં શોભારૂપ હોય છે.

રાજકોટના ગુરુકુળમાં જયંતીભાઈના અભ્યાસનો આરંભ થયો. શ્રાવક માનસંગભાઈ તથા તેમનાં પત્ની ધર્મમય જીવન ગાળતાં આદર્શ શ્રાવક-શ્રાવિકા હતાં. તેમની સાથે બેચાર દિવસ રહેવાનો જયંતીભાઈને જે અવસર મળ્યો તેમાંથી ઘણું શીખવાનું મળ્યું. જયંતીભાઈના મન ઉપર માનસંગભાઈની ઊંડી અસર થઈ. તેમના સૂચનથી જયંતીભાઈએ રાજકોટ ગુરુકુળમાં ભણવા જવાની વાતનો સહર્ષ સ્વીકાર કરી લીધો.

દીક્ષાની શહનાઈ વગાડવાને બદલે રાજકોટમાં જૈન ગુરુકુળમાં અભ્યાસ કરી એક નવી જ્ઞાનદીક્ષા લેવાનો પ્રસંગ સર્જાયો. ગુરુકુળમાં પણ ઠાકરશીભાઈ ઘીયા, ચીનુભાઈ, નાગજી વોરા, કપૂરચંદ રણછોડ, મણિભાઈ મઢૂલીવાળા, દુર્લભજીભાઈ વીરાણી, રામજીભાઈ વીરાણી તથા મોહનભાઈ વગેરે કાર્યકર્તા હતા. તેઓની સાથે જયંતીભાઈને ઉપાશ્રયમાં જ્ઞાનચર્ચા કરવાનો યોગ મળ્યો હતો. માનસંગભાઈનો પત્ર વાંચીને સૌ જયંતીભાઈ તરફ વિશેષ માની દૃષ્ટિથી જોવા લાગ્યા.

જયંતીભાઈને સન્માન સાથે રાજકોટ ગુરુકુળમાં અધ્યક્ષ પૂનમચંદજી દકને સોંપવામાં આવ્યા અને વૈરાગીનો ખાસ દરજ્જો આપી અભ્યાસની પ્રેરણા આપી. આ રીતે જયંતીભાઈનું અસ્થિર થયેલું જીવનનાવ પુનઃ રાજકોટના શાંત સાગરમાં સ્થિર થઈ તરવા લાગ્યું.

શ્રી પૂનમચંદજી દક મેવાડ-રાજસ્થાનના નિવાસી હતા. મોટી સાદડી ગુરુકુળ તથા બ્યાવર ગુરુકુળમાં તેમણે ધાર્મિક અભ્યાસની ઊંચી ડિગ્રી મેળવી હતી. તે સાધુ-સંતોને અભ્યાસ કરવાની પણ યોગ્યતા ધરાવતા હતા. તેમની કાબેલિયત પણ અસાધારણ હતી. રાજકોટ ગુરુકુળને તેમણે સાચા અર્થમાં ગુરુકુળ - જ્ઞાનમંદિર બનાવ્યું હતું. ઘણા જ યુગ-નિયમોની સાથે ગુરુકુળ ઊંચે પાયે ચાલી રહ્યું હતું, જે પંડિતજીના ચરિત્રને આભારી હતું. બીજા જૈન પંડિત ચૌધરીસાહેબ હતા. તે મેવાડના ગુરુકુળમાં ભણીને તૈયાર થયા હતા.

પૂનમચંદજી દકે જયંતીભાઈના પ્રણામ સ્વીકાર્યા. વૈરાગી તરીકે ગુરુકુળમાં વિશેષ સ્થાન આપી અધ્યયન માટે બધી સુગમતા કરી આપી. ચૌધરીસાહેબને લાગતું હતું કે આ વિદ્યાર્થી સાવ નબળો છે. તેમણે થોડી મશ્કરી પણ કરી. પૂનમચંદજી સાહેબને કહ્યું, "આવા ભૂતવિદ્યાર્થીને રાખવાથી માથાફોડ વધશે. આ વિદ્યાર્થી ભણેગણે તેવું લાગતું નથી!"

ચૌધરીસાહેબ શરૂઆતમાં કેમ ફંટાયા તેનું કારણ કર્મયોગ સિવાય બીજું શું કહેવું ?

ચૌધરીસાહેબના આ વિપરીત ભાવો ફક્ત બે જ દિવસ રહેવાના હતા. જયંતીભાઈને પણ આ ટકોર આકરી લાગી હતી.

સર્વપ્રથમ પૂનમચંદજી સાહેબે ચૌધરીસાહેબને કહ્યું, "તમો જયંતીને ભક્તામર સ્તોત્ર શિખવાડો. પ્રથમ કંઠસ્થ કરી લે ત્યારબાદ અર્થ સમજાવશો."

ચૌધરીસાહેબે ભક્તામરના બે શ્લોક આપ્યા. પરંતુ પોતાની હૈયાઉકલતથી જયંતીભાઈએ બીજા દિવસે ચૌધરીસાહેબને બેને બદલે સીધા અગિયાર શ્લોક સંભળાવી દીધા! ચૌધરીસાહેબના હર્ષનો પાર ન રહ્યો. તેમની વિચારધારા બદલાઈ ગઈ.

જયંતીભાઈને લઈને તેઓ પૂનમચંદસાહેબ પાસે આવ્યા અને કહ્યું, "સાહેબ, મારી ભૂલ હતી. આ વિદ્યાર્થી રતન છે રતન. ગુરુકુળનું નામ રોશન કરશે."

આમ પૂરા શિક્ષકસમૂહ ઉપર જયંતીભાઈની ઊંડી છાપ પડી. સૌ સન્માનની દૃષ્ટિએ જોવા લાગ્યા. જયંતીભાઈ પણ વચગાળાની અસ્થિરતા, રઝળપાટ અને સાધુસંતોની અનિશ્ચિતતાની ધારણામાંથી મુક્ત થયા. અહીં સાધનાની તક મળતાં તેમણે આરામ અનુભવ્યો. આ બધા આચાર્યોની જ્ઞાનસાધનાનો પણ તેમના મન પર ઊંડો પ્રભાવ પડ્યો. અત્યારે ધ્યાન દઈને ભણવું એ જ તેમને હિતાવહ લાગ્યું.

**ગુરુકુળની દિનચર્યા :**

રાજકોટ ગુરુકુળમાં મેટ્રિક સુધીનો અભ્યાસ હતો. તેમાં બે પિરિયડ ખાસ ધર્મધ્યાનના રાખ્યા હતા. તેમાં મૂળ શાસ્ત્રો, તત્ત્વાર્થસૂત્ર, સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ અને દર્શનશાસ્ત્રના સ્યાદ્વાદ મંજરી જેવા ગ્રંથોનો અભ્યાસ કરાવવામાં આવતો હતો. ઉપરની કક્ષામાં મેંદરડાવાળા વ્રજલાલ કપૂરચંદ ગાંધી, દેશિંગવાળા મગનભાઈ, જયંતીભાઈ રૂપાણી, પ્રાણલાલભાઈ રૂપાણી વગેરે આઠથી દશ મુખ્ય વિદ્યાર્થી હતા.

જયંતીભાઈને પણ ઉપરની કક્ષામાં મૂકવામાં આવ્યા હતા. પૂનમચંદજી દક સ્વયં ધાર્મિક વર્ગ લેતા હતા. બાકીના વર્ગો બીજા આચાર્યો સંભાળતા હતા. ગુરુકુળનું સમગ્ર વાતાવરણ શાંત અને સેવારૂપ લાગતું હતું. વિદ્યાર્થીઓને મુખ્યત્વે માનવસેવાના પાઠ ભણાવવામાં આવતા હતા. પરસ્પર

એકબીજાની સેવા કરવી તે અનિવાર્ય ફરજ હતી. તંદુરસ્તી ઉપર પૂરું ધ્યાન આપવામાં આવતું. વિદ્યાર્થીઓએ જાતે શ્રમ કરવો જોઈએ એ સિદ્ધાંતની ગુરુકુળમાં પ્રધાનતા હતી.

પંડિત શ્રી પૂનમચંદજી દક ખાદીધારી, ગાંધીવાદી અને સમદર્શી સાધક પુરુષ હતા. ઉપરાંત પ્રજ્ઞાચક્ષુ બ્રાહ્મણ પ્રાણશંકરભાઈ, તે સંસ્કૃતના વર્ગ લેતા હતા. તે ઘણા વિચક્ષણ વ્યક્તિ હતા. પ્રાણજીવનભાઈ સંસ્કૃત કથા-વાર્તા કહી વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાનું મહત્ત્વ સમજાવતા. જયંતીભાઈને સમજાયું કે સંસ્કૃત ભાષા જ્ઞાન ઉપાસનાનો મુખ્ય પાયો છે. માટે સંસ્કૃત વ્યાકરણ શીખીને સંસ્કૃત ભાષા ઉપર કાબૂ મેળવવો જોઈએ. આ વિચાર દૃઢ કરવામાં પ્રાણજીવનભાઈનો મુખ્ય ફાળો હતો.

ગુરુકુળમાં એક વિશાળ પ્રાર્થનાભવન હતું. તેની સાથે પુસ્તકાલયનો રૂમ જોડાયેલો હતો. જયંતીભાઈને પ્રારંભથી આ પુસ્તકાલયનો રૂમ સોંપવામાં આવ્યો હતો. તેમણે બધા વિદ્યાર્થીઓથી અલગ રહી પુસ્તકાલયમાં જ રહેવાનું અને સૂવાનું રાખ્યું હતું. સવારના ચાર વાગતાં ઘંટ વાગી જતો અને બધા વિદ્યાર્થીઓએ ફરજિયાત પ્રાર્થનામાં આવી જવાનું રહેતું. પ્રાર્થના ઘણી વ્યવસ્થિત થતી અને વિદ્યાર્થી સાચી રીતે પ્રાર્થના કરતા શીખે તેવી પ્રેરણા આપવામાં આવતી હતી. અધ્યક્ષ શ્રી પૂનમચંદજી સાહેબ તથા ગુરુકુળમાં રહેતા અધ્યાપકો પ્રાર્થનામાં સામેલ થતા હતા.

વૈરાગી તરીકે જયંતીભાઈ ઉપર ધીરે ધીરે ગુરુકુળના સંચાલનનો ભાર મુકાતો ગયો. જયંતીભાઈની પંડિતજી દક પ્રત્યે અપાર ભક્તિ હતી. જયંતીભાઈએ તેમને ગુરુ તરીકે સ્વીકારી લીધા હતા અને તેમના પ્રત્યે એટલો જ સ્નેહ હતો. બીજા ગુરુદેવો પણ જયંતીભાઈ માટે ઘણા ઉપકારી હતા. પ્રાર્થના પછી બધા વિદ્યાર્થીઓ અભ્યાસમાં લાગી જતા હતા. બે કલાકના સ્વાધ્યાય પછી જલ-પાન આપવામાં આવતું. દશ વાગે શાળાના બધા વર્ગો ચાલુ થઈ જતા. દરેક વર્ગમાં પ્રથમ ધર્મનો પિરિયડ લેવામાં આવતો, ત્યારબાદ બીજા વિષયો લેવાતા.

બાર વાગે ભોજનાલયમાં સમૂહ ભોજન થતું. ઘી રોટલી પર ન ચોપડતાં નાની વાટકીમાં એક પાવલીથી એક તોલા જેટલું જુદું આપવામાં આવતું. બાકી બધો સામાન્ય ક્રમ હતો. ભોજન સાદું છતાં શુદ્ધ આપવામાં આવતું. શુદ્ધ ઘી-દૂધની વ્યવસ્થા રાખી હતી. ભોજન પછી ચાર વાગ્યા સુધી એકધારી શાળા ચાલતી. ચારથી છ રમત-ગમત તથા ફરવાનો સમય મળતો. સાંજના લગભગ સૂર્યાસ્ત પહેલાં જમી લેવાનું હતું. જમ્યા પછી પુનઃ રાત્રિ પ્રાર્થના થતી. આ પ્રાર્થનાસભાનું ઘણું જ મહત્ત્વ હતું. તેમાં શાળાના આચાર્ય-અધ્યાપકો ઉપદેશ આપતા, ડિબેટિંગ ક્લાસ ચાલતો અને ભાષણ આપવાની કળા ઉપર મુખ્ય ધ્યાન અપાતું. દકસાહેબ પ્રાર્થના સભામાં બરાબર હાજરી આપતા.

**આત્મશુદ્ધિની અગ્નિપરીક્ષા :**

પાખીના દિવસે પ્રાર્થના લાંબી ચાલતી અને ત્યારે ધર્મચર્ચા કરવામાં આવતી. સાથે એ પણ

નિયમ હતો કે જે વિદ્યાર્થીઓને એકબીજાથી અબોલા થયા હોય, ઝઘડો થયો હોય, કોઈ મનદુઃખ થયું હોય તો તેમણે પંડિતજીની સમક્ષ ખમ્મત-ખામણા કરવા.

વૈરાગી જયંતીભાઈ તથા રમણીક નામના કચ્છના એક વિદ્યાર્થી વચ્ચે અબોલા હતા. પાખીના દિવસે પંડિતજીએ આદેશ આપ્યો કે બંને ઊભા થાય અને ખમ્મત-ખામણા કરે. રમણિક બોલ્યો, "મારે કોઈ પણ હિસાબે ખમ્મત-ખામણા કરવા નથી. હું વૈરાગી સાથે બોલવા માગતો નથી."

નિયમ એવો હતો કે મોટો વિદ્યાર્થી પ્રથમ નાનાને ખમાવે. વૈરાગી મોટા હતા. રમણીકને ખમાવવા માટે અને તેની માફી માગવા માટે પંડિતજીએ વૈરાગીને આદેશ આપ્યો. વૈરાગી જયંતીભાઈ રમણીકની પાસે ગયા, પરંતુ તે આભડછેટ લાગી હોય તેમ બે ડગલાં પાછો હટી ગયો. તેણે મોઢું આડું ફેરવી લીધું. ઘણા પ્રયત્ન છતાં તેણે ખમ્મત-ખામણા ન કર્યા. વિદ્યાર્થીઓએ પણ તેને ખૂબ સમજાવ્યો, પણ તે માને જ નહીં. પ્રાર્થનાસભા બે કલાક વધારે ચાલી. બધાનું ભણતર બગડ્યું, પરંતુ પેલો વિદ્યાર્થી એકથી બે ન થયો.

છેવટે સભામાં ઘોંઘાટ વધી ગયો. પંડિતજી નારાજ થયા અને ઉગ્ર થઈને બોલવા જતા એમના મુખમાંથી એક અપશબ્દ પણ નીકળી ગયો.

સભામાં ચુપકીદી છવાઈ ગઈ અને માઠી અસરનું મોજું ફરી વળ્યું. ગુસ્સામાં પંડિતજીએ સભા ભંગ કરી દીધી. પણ રમણીક એકનો બે થયો નહીં.

હવે બીજા દિવસનું આશ્ચર્ય જુઓ! સવારના ખબર પડી કે પંડિતજી ઉપવાસ પર છે. સહેજે સમજાયું કે પંડિતજીએ રમણીક સામે સત્યાગ્રહ કરેલ છે.

પંડિતજીની તબિયત એટલી નાજુક હતી કે તે ઉપવાસ બિલકુલ સહન કરી શકતા નહીં. બાઈજી (પંડિતજીનાં પત્ની) પણ ફિકરમાં આવી ગયાં. દસ વાગતા સુધીમાં તો ગુરુકુળમાં ધમાલ મચી ગઈ. બધા કાર્યક્રમો અટકી પડ્યા. વિદ્યાર્થી જ્યાં ત્યાં ટોળે વળી ચર્ચા કરવા લાગ્યા. રમણીકને સમજાવવો એ એક જ વિષય હતો. વૈરાગી જયંતીભાઈ પંડિતજીની સેવામાં હતા. અગિયાર વાગતા સુધીમાં રમણીક ભાંગી પડ્યો. તેનો કદાગ્રહ ગળી ગયો. તે ખમાવા માટે - ક્ષમા આપવા માટે - તૈયાર થયો. બધા વિદ્યાર્થીઓ ખુશીની લહેરમાં આવી ગયા.

બધા રમણીકને લઈને પંડિતજી પાસે આવ્યા. રમણીકે જયંતીભાઈને ખમાવ્યા. સત્યાગ્રહનો વિજય થયો હોય તેમ સૌ જયજયકાર કરી ઊઠ્યા. પંડિતજીને પારણા માટે પ્રાર્થના કરી. પંડિતજી જરા પણ ટસના મસ ન થયા. ઉપવાસ ન છોડ્યો.

તેઓ બોલ્યા, "મેં રમણીક સામે સત્યાગ્રહ કર્યો નથી. આવી નાની વાત માટે મારા વિદ્યાર્થી સામે સત્યાગ્રહ કરું ખરો? તેણે ખમાવી લીધું તે સારું કર્યું છે, પરંતુ મારો ઉપવાસ ચાલુ રહેશે."

વૈરાગી પણ સમજી ન શક્યા કે વાત શું છે! બપોર પછી પંડિતજીને ઘણું વસમું લાગ્યું. રાત

જેમતેમ પસાર કરી. બીજે દિવસે પણ દકસાહેબે પારણું ન કર્યું, બીજો ઉપવાસ ચાલુ રાખ્યો. ઉપવાસનો અભ્યાસ ન હોવાથી જાણે મરણાંતિક સ્થિતિ થઈ ગઈ, છતાં તેઓ મક્કમ રહ્યા.

વૈરાગી જયંતીભાઈએ પૂછ્યું, "સાહેબ, રમણીક સામે ઉપવાસ ન હતો તો પછી ઉપવાસ શા માટે કર્યો? તમારે અસહ્ય વેદના ભોગવવી પડે છે. બાઈજી પણ ફિકરમાં આવી ગયા છે."

પંડિતજીએ એક નવી જ વાત કરી. "જુઓ વૈરાગી, મેં મારી જાતને દંડ કર્યો છે. વિદ્યાર્થીની ભરી સભામાં મારા મુખથી અપશબ્દ નીકળ્યો તે મારો મોટો અપરાધ છે. મારી જાતને મારે જ દંડ દેવો જોઈએ, જેથી ફરીથી આ આવી ભૂલ ન થાય." આટલું કહી તેઓ મીઠું હસ્યા.

આ નાનો પ્રસંગ ઘણો ઉપદેશ આપી જાય છે. મનુષ્યે પોતે પોતાના માલિક બનવું જોઈએ. સ્વયં મન ઉપર કાબૂ મેળવવા માટે મનને પણ દંડ આપવો જોઈએ. મનુષ્ય બીજાનો ન્યાય કરવા તૈયાર થઈ જાય છે, પરંતુ પોતે પોતાનો ન્યાય કરતો નથી. ધન્ય છે પંડિત મહોદયને! જયંતીભાઈને આવા વિદ્યાગુરુ મળવાથી ઘણું જ ઉપલબ્ધ થયું.

**વિનયભરી સેવા :**

જયંતીભાઈના ચોથા વિદ્યાગુરુ શ્રી પ્રાણશંકરભાઈ આ જ ગુરુકુળમાં હતા. પ્રાણશંકરભાઈ સુરદાસ હતા. સાંજની શાળા પૂરી થયા પછી એક વિદ્યાર્થી તેમને દોરીને ઘેર પહોંચાડવા જતો. તેમનું ઘર ગુરુકુળથી ઘણું દૂર હતું. વિદ્યાર્થીના વારા બાંધેલા હતા. વિદ્યાર્થીઓ માટે આ ઘણું અણગમતું કામ હતું. થોડા દિવસ પછી વૈરાગીનો વારો આવ્યો. તેઓ પ્રાણશંકરભાઈને ખૂબ સાવધાની સાથે જરા પણ તકલીફ ન પડે તે રીતે સંભાળીને તેમના ઘર સુધી લઈ ગયા.

પ્રાણશંકરભાઈ ખુશ ખુશ થઈ ગયા. તેમણે જયંતીભાઈનો હાથ પકડી લીધો અને કહ્યું, "વૈરાગી, તમે રોજ મને ઘેર પહોંચાડવા માટે ન આવી શકો ? જે વિદ્યાર્થીઓ આવે છે તેના વર્તનથી મને ઘણું દુઃખ થાય છે. આજે મને શાંતિ મળી. તમારી સેવાથી હું ખુશ છું."

જયંતીભાઈએ તરત જ હા પાડી. તેમણે સંકલ્પ કર્યો કે દરરોજ પ્રાણજીવનભાઈને મૂકવા પોતે જશે. બાકીના વિદ્યાર્થીઓનો વારો રદ થયો. તેઓ પણ ખુશખુશ થઈ ગયા..

જયંતીભાઈ પ્રતિદિન જવા લાગ્યા. શ્રી પ્રાણશંકરભાઈએ આ સેવાનો બદલો આપ્યો. તેમને બે પિરિયડ ખાલી મળતા હતા. તે બંને પિરિયડ તેમણે વૈરાગીને આપી દીધા અને સંસ્કૃત ભણાવવું શરૂ કર્યું. જયંતીભાઈ વ્યાકરણ તો ભણતા હતા. હવે પ્રાણશંકરભાઈએ સંસ્કૃતનો સુપ્રસિદ્ધ ગ્રંથ 'પંચતંત્ર' ટીકા સાથે ભણાવ્યો. પંચતંત્ર એક અદ્‌ભુત ગ્રંથ હતો. તેનાં પઠન-પાઠનથી નીતિ સંબંધી અવનવું જ્ઞાન મળ્યું. ઉપરાંત તેમણે બીજા કાવ્યગ્રંથો પણ કરાવ્યા. પ્રાણશંકરભાઈ સંસ્કૃતના ઉદ્‌ભટ્ટ વિદ્વાન હતા. જયંતીભાઈની તીવ્ર બુદ્ધિના કારણે તેમને ભણાવવામાં ખૂબ રસ પડતો. તેઓએ ચોથા વિદ્યાગુરુ તરીકે સ્થાન મેળવ્યું.

રાજકોટ ગુરુકુળમાં જયંતીભાઈને તત્ત્વાર્થસૂત્ર, પ્રાકૃત ભાષાનું સંપૂર્ણ વ્યાકરણ, લઘુ સિદ્ધાંત-કૌમુદી અને સિદ્ધાંતકૌમુદી ગ્રંથનો અભ્યાસ કરવાની તક મળી. જયંતીભાઈ કુશાગ્ર બુદ્ધિના હોવાથી સંપૂર્ણ મધ્યમાની ચાર વર્ષની પરીક્ષા એકસાથે આપવાની ધારણા રાખતા હતા.

'સ્યાદ્વાદ મંજરી'નો અને બીજા દર્શનશાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી નવ વિદ્યાર્થી જામનગર પરીક્ષા આપવા માટે ગયા હતા. પરીક્ષાનું કેન્દ્ર જામનગર હતું. આ પરીક્ષામાં પાસ થનારને દર્શનશાસ્ત્રમાં શાસ્ત્રીની પદવી મળે છે. સૌ વિદ્યાર્થીઓ સારી રીતે ઉત્તીર્ણ થયા હતા. જયંતીભાઈ પણ પરીક્ષામાં મોખરે હતા.

રાજકોટ ગુરુકુળમાં અભ્યાસ કરતા હતા ત્યારે પંજાબ કેસરી જૈનાચાર્ય ૧૦૮ શ્રી શ્રી કાશીરામજી મહારાજ અગિયાર સાધુઓ સાથે રાજકોટ ચાતુર્માસ માટે પધાર્યા હતા. તેઓ મહાન ત્યાગી, વિદ્વાન અને એક અડીખમ મહાત્મા હતા. જયંતીભાઈ દર રવિવારે પૂજ્યશ્રીનાં દર્શન કરવા ઉપાશ્રય જતા. ધીરે ધીરે પૂજ્ય કાશીરામ મહારાજની જયંતીભાઈ ઉપર કૃપા વરસી. જયંતીભાઈ દીક્ષાના ઉમેદવાર વૈરાગી છે અને પૂ. તપસ્વી મહારાજના સાંસારિક પક્ષે પુત્ર થાય, એ બધું જાણ્યા પછી તેઓ જયંતીભાઈને પ્રેમથી પાસે બોલાવતા.

જયંતીભાઈએ પૂ. કાશીરામ મહારાજ પાસે ત્રણ પ્રતિજ્ઞાઓ લીધી : (૧) લાલ મરચું ન ખાવું; (૨) કોઈ પ્રકારનું સાકરવાળું ગળપણ ન ખાવું, ફક્ત ગોળનો આગાર; (૩) ચંપલ કે જૂતા ન પહેરવા. રાત્રિભોજનનો ત્યાગ હતો જ. આ પ્રતિજ્ઞાઓ આગળ જતાં અતિ દુઃખનું કારણ બની.

ગુરુકુળનાં ત્રણ વરસ ખૂબ આનંદપૂર્વક વ્યતીત થયાં. સારું એવું શાસ્ત્રજ્ઞાન મળ્યું. આખા ગુરુકુળમાં બધા વિદ્યાર્થી અને અધ્યાપકો દીક્ષા લેવાના વિરોધી હતા. તેમને સાધુઓ પ્રત્યે ઘણો અણગમો હતો. સાધુઓ જે જાતનું માયાવી વ્યવહાર કરે છે, ક્રિયાઓ પૂરી પાળતા નથી, આહાર-પાણીમાં આસક્તિ ધરાવે છે, સન્માનની ભૂખ રાખે છે, તેને કારણે બધા સાધુઓની મજાક ઉડાવતા હતા. સાધુ થવા કરતાં સાચા શ્રાવક થવું એ વધારે સારું છે તેવી સૌની માન્યતા હતી. વૈરાગીને દીક્ષા ન લેવા સમજાવતા હતા. આવું વાતાવરણ હોવા છતાં જયંતીભાઈ ભાગવતી જૈન દીક્ષાથી વિમુખ થવા માગતા ન હતા. ત્યાગપંથ પર ચાલવાનું માતુશ્રીને આપેલું વચન યાદ હતું. કોઈ પણ હિસાબે આ વચનભંગ ન થાય તેનો તેમને ખ્યાલ હતો.

**હિમાલયનો પોકાર :**

ગુરુકુળની લાયબ્રેરીમાં વાંચવાયોગ્ય ઘણાં પુસ્તક હતાં. વૈરાગીને વાંચનનો સારો એવો ખોરાક મળ્યો. 'હિમાલયનો પ્રવાસ' નામે એક એવું પુસ્તક હાથમાં આવ્યું, જેણે જાદુઈ અસર કરી. ઉચ્ચ કોટિના સંસ્કૃતિપ્રેમી વિદ્વાન કાકાસાહેબ કાલેલકરે આ ગ્રંથ લખ્યો છે. પોતે હિમાલયનો પ્રવાસ

કરી, ચારે ધામની યાત્રા કરી, પોતાના અનુભવના આધારે યાત્રાને અક્ષરદેહ આપી, તેનું જીવંત મૂર્તિમંત વર્ણન કર્યું છે.

મૂળમાં જયંતીભાઈ પણ યાત્રા અને પ્રવાસના રસિક હતા. આ પુસ્તક હાથમાં આવતાં એ રસમાં ઘણો વધારો થયો. પૂરું પ્રવાસપુસ્તક તેમણે એક વાર નહીં, પણ પાંચ વાર વાંચ્યું. આજે પણ ગુરુદેવ કહે છે, હિમાલયનો પ્રવાસ અમારા અંતરંગમાં વણાઈ ગયો છે. આ પુસ્તક વાંચ્યા પછી તેમને હિમાલયના પ્રવાસનું ઘેલું લાગ્યું.

દરમિયાન રાજકોટ ગુરુકુળમાં હરિદ્વારથી કાંગડી ગુરુકુળના અધ્યક્ષ શ્રી ચંદ્રકુંજ સ્વામી પધાર્યા. તેમણે પણ હિમાલયના પ્રવાસ માટે સુંદર પ્રેરણા આપી.

'હિમાલયનો પ્રવાસ' અને કાંગડી ગુરુકુળના અધ્યક્ષની જયંતીભાઈ ઉપર પ્રબળ અસર થઈ. જયંતીભાઈ વૈરાગીના મનમાં જૈન સાધુ થવા કરતાં હિમાલયમાં એક સ્વતંત્ર અને ત્યાગી સાધુરૂપે પહાડોમાં જિંદગી ગાળવી તેવો વિચાર ઝબકતો થયો. કાંગડી ગુરુકુળમાં અભ્યાસ માટે જવાનો જયંતીભાઈએ નિર્ણય કર્યો.

જયંતીભાઈની જીવનનૌકા ફરી ડોલાયમાન બની. ખરું પૂછો તો ખોરંભે ચડી ગઈ. જયંતીભાઈ રાજકોટ ગુરુકુળ છોડી એકાએક દલખાણિયા આવી ગયા. જે કાંઈ અભ્યાસ બાકી હતો તે બાકી રહી ગયો. દલખાણિયા આવ્યા પછી ખૂબ બેચેન રહેવા લાગ્યા. જૈન દીક્ષા લેવાનું અનુસંધાન અચાનક તૂટી ગયું હતું. પ્રાણલાલજી સ્વામી સાથે સંપર્ક રહ્યો ન હતો. દલખાણિયા આવ્યા પછી, પ્રથમ પ્રકરણમાં વર્ણવ્યું છે તેમ, કેટલાક દિવસ તેમણે શિલાઓ પર ધ્યાન કરવામાં ગાળ્યા હતા. શેત્રુંજી નદીના તટ ઉપર આંબલિયા નદીના કિનારે ઊંચી ટેકરીની ચટ્ટાન તથા પર્વતોના ગાળાઓમાં પરિભ્રમણ કરી, કેટલાય દિવસો ધ્યાનમાં વિતાવ્યા. પોતે અંતરમનમાં ખોવાયેલા રહેતા હતા. મન ઊડીને ક્યાંક બહાર જવા માગતું હતું.

❑



# ૩

# આઠ દિવસની આંધી

હિમાલયના પ્રવાસને પણ ચરિતાર્થ કરવાની તેમની ભાવના હતી. ફેબ્રુઆરી મહિનો હતો. ઠંડી પડતી હતી. પરંતુ હરિદ્વારની કે હિમાલયની ઠંડીની કલ્પના કાઠિયાવાડી માણસને ક્યાંથી હોય? ફેબ્રુઆરીમાં તો યાત્રા માટે હરિદ્વાર જવું જ ન જોઈએ. પરંતુ આપણા આ બાળયોગીને 'હિમાલય એટલે શું ?' તે હજુ ખબર ન હતી. ફક્ત વાંચન કર્યું હતું. દૂરથી ડુંગરા રળિયામણા લાગતા હતા. જયંતીભાઈએ સંકલ્પ કર્યો કે ફેબ્રુઆરીની સાત તારીખ, સોમવારના ઘરથી પ્રયાણ કરવું અને તેની ગુપ્ત રૂપે તૈયારી શરૂ કરી.

તેમણે બધાથી વાત છુપાવીને રાખી. પંદર દિવસ માટે બહાર ફરવા જવું છે તેમ વાત કરી. જુઓ, બાળમાનસની કેવી નિર્દોષતા ! સાવરકુંડલામાં ગરમ ધાબળા સારા મળે છે, એટલે ત્યાંથી એક ધાબળો લેવો તેમ મનમાં નક્કી કર્યું. જાણવા મળ્યું કે ધારીથી હરિદ્વાર સુધીની ટિકિટના ૨૧ રૂપિયા લાગે છે. જયંતીભાઈ વિચારે છે કે હિમાલયથી પાછા ફરવું નથી, સાધુ થઈ જવું છે, માટે વધારે પૈસા શા માટે લેવા? મોટાભાઈ બચુભાઈ પાસે જયંતીભાઈએ ઓગણત્રીસ રૂપિયા માગ્યા. એકવીસ રૂપિયા ભાડાના, પાંચ રૂપિયા ધાબળાના અને ચાર રૂપિયા જમવાના તથા પરચુરણ ખર્ચના. આમ વિચારીને કુલ ઓગણત્રીસ રૂપિયા લીધા. સૌને વિશ્વાસ હતો કે જયંતીભાઈ પૈસાનો દુરુપયોગ કરે તેમ નથી. કંઈ પણ પૂછ્યા વિના સહજભાવે મોટાભાઈએ ઓગણત્રીસ રૂપિયા આપી દીધા. માતુશ્રી અમૃતબહેનને પણ વાત ન કરી કે હરિદ્વાર જવું છે. કોઈ પ્રકારનું ભાતું પણ ન લીધું.

જયંતીભાઈ પોતાના કાર્યક્રમ અનુસાર માતુશ્રીની ચરણરજ લઈ, લાંબી

યાત્રાની વાત ગુપ્ત રાખી, ઘેરથી નીકળી સાવરકુંડલા ગયા. સાવરકુંડલામાં પાંચ રૂપિયાનો એક ધાબળો લીધો. આ બાલયોગીને ક્યાં ખબર હતી કે આ ધાબળાથી હરિદ્વારની ઠંડી સહન ન થાય! પોતાની પાસે એક ગરમ લાલ રંગની શાલ હતી.

તરુણ જયંતીભાઈ અત્યારે વગર વિચારે આ સાહસયાત્રામાં પગલું માંડી રહ્યા હતા. દિન-દિશાનું જ્ઞાન ન હતું. માર્ગની કોઈ જાણકારી ન હતી. સાધનનો સર્વથા અભાવ હતો. પાણી પીવા માટે ગ્લાસ પણ સાથે ન હતો. છતાં કોઈ અદમ્ય ઉત્સાહથી અને કર્મના પ્રબળ વેગથી, જરા પણ ભય વિના તેઓ આગળ વધ્યા. ખરું પૂછો તો જયંતીભાઈનું આ નર્યું આંધળું સાહસ હતું.

સાવરકુંડલાથી ઢસા જંકશન આવ્યા અને ત્યાંથી મહેસાણા પહોંચ્યા. ત્યાં મુંબઈથી અમદાવાદ અને મહેસાણા થઈ દિલ્હી જતા ફ્રન્ટિયર મેલમાં બેસવાનું હતું. લાલ મરચાંનો અને ખાંડનો ત્યાગ હોવાથી બધી જગ્યાએ ભોજનમાં અગવડ પડતી હતી. મિષ્ટાન્નમાં સાકર-ખાંડ હોય અને નમકીન પદાર્થમાં લાલ મરચું હોય. જયંતીભાઈને ખાવાં યોગ્ય કશું અનુકૂળ હતું નહીં અને તે પોતાની પ્રતિજ્ઞા ઉપર દૃઢ હતા. પૂ. કાશીરામજી મહારાજ સામે દેખાતા હતા. મહેસાણા સુધી થોડી ગોળની રેવડી મળી, જે ખાઈને સંતોષ મળ્યો. ભાષાની જાણકારી તથા ટિકિટ હોવાથી બીજી કશી તકલીફ ન પડી. પરંતુ પ્રતિજ્ઞાના કારણે જમવામાં ખૂબ મુશ્કેલી પડતી હતી.

સવારે આબુરોડમાં મરચું તથા ખાંડ વગરના દહીંવડાં મળ્યાં. બીજે દિવસે ગાડી દિલ્હી પહોંચી. જયંતીભાઈ ખાદીધારી એટલે દિલ્હી જંકશનમાં સાર્જન્ટે હાજરી લીધી. ૧૯૪૨ની લડત પછી અંગ્રેજ સરકારની ખાદી પર ખૂબ કડક નજર હતી. તેમને ક્યાં ખબર હતી કે ખાદી પણ આડી આવશે ! દિલ્હીમાં બાર કલાક રહેવાનું હતું. હરિદ્વારની ગાડી સાંજે ઊપડતી હતી. દિલ્હીમાં ઘણા સ્થાનકવાસી ઉપાશ્રય છે. જયંતીભાઈએ ધારેલું કે કોઈ ઉપાશ્રયમાં ઊતરવાની જગા મળી જશે અને મુનિ મહારાજનાં દર્શનનો પણ લાભ મળશે. એક પણ સરનામું સાથે ન હતું. વગર સરનામે આવા મોટા શહેરમાં પતો ક્યાંથી લાગે ? જયંતીભાઈએ જૂની દિલ્હીમાં ઘણી રઝળપાટ કરી, ઘણી જગાએ ફર્યા, ઘણી પૂછપરછ કરી, પરંતુ ન મળ્યા સાધુ કે ન મળ્યો ઉપાશ્રય!

આખો દિવસ ખાવામાં કશું મળ્યું નહીં. છેવટે કેળાં પર નજર પડી. અડધો ડઝન કેળાં લીધાં. સાંજ સુધી કેળાથી જ ચલાવ્યું. બાળપણથી જ ચઉવિહાર કરવાના પચ્ચક્ખાણ લીધેલા એટલે રાત્રે કંઈ ખાવાનો પ્રશ્ન જ ન હતો. સાંજના દિલ્હી જંકશનથી હરિદ્વાર માટે ટિકિટ લીધી. પરંતુ ગાડી સીધી હરિદ્વાર જતી ન હતી. સહારાનપુરના જંકશનમાં રાત રોકાવું પડે તેમ હતું.

સહારનપુરમાં ભયંકર ઠંડી હતી. બાપડો ધાબળો થોડી રક્ષા કરી રહ્યો હતો. બીજું કશું સાધન ન હતું. સહારનપુરમાં એક સાધારણ ધર્મશાળામાં રાત્રિનિવાસ કર્યો. ધરમશાળામાં કોઈ હતું નહીં. ફક્ત એક મહિલા તેનાં બે બાળકો સાથે ત્યાં રોકાઈ હતી. આ નાનાં બાળકો ભયંકર કજિયાવાળાં હતાં. આખી રાત તેમનું રડવાનું ચાલુ હતું. ઉપરાંત ધરમશાળામાં દુર્ગંધ પણ તેટલી

જ હતી. જેમતેમ કરીને વગર નિદ્રાએ રાત પસાર કરી. સવારના ચાર વાગે હરિદ્વારની ગાડી મળી.

જયંતીભાઈએ ધાર્યું હતું કે હરિદ્વાર પહોંચીને સીધું કાંગડી ગુરુકુળમાં ચાલ્યા જવું, પણ વિધિના લેખ જુદા હતા. જહાજ કિનારે આવીને પાછું દરિયામાં ધકેલાઈ જવાનું હતું. છેવટ સુધી કાંગડી ગુરુકુળ કલ્પનામાં જ રહી ગયું. હરિદ્વારમાં શું બન્યું તે જાણી ફક્ત આશ્ચર્ય જ પામવાનું છે અને કહેવું પડશે કે 'વાહ, કેવી વિધિ અને કેવી ભાગ્યની લીલા !'

જયંતીભાઈ સવારે દશ વાગ્યે હરિદ્વાર પહોંચ્યા. તેમણે સાંભળ્યું હતું કે હરિદ્વારમાં ઘણી મોટી ધર્મશાળાઓ છે. ત્યાં સામાન મૂકી, પછી કાંગડી ગુરુકુળની તપાસ કરવાનું તેમણે નક્કી કર્યું.

હરિદ્વારની મુખ્ય બજારમાં એકલો-અટૂલો આ તરુણ પોતાનો થેલો લઈ ચાલ્યો જાય છે. તે ચોપાસ જોતો જાય છે, પરંતુ તેની સામે કોઈ જોતું નથી. ક્યાં જવું અને શું કરવું તેના વિચારો મનને ઘેરી વળ્યા હતા. થાક, ભૂખ અને એકલતાની અસર એના ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી. અત્યારે તેનો હાથ પકડનાર કોઈ હતું નહીં.

તરુણ એક પછી એક હરિદ્વારની મોટી મોટી ધર્મશાળાઓ જોતો જોતો ચાલ્યો જાય છે. આવી મોટી ધર્મશાળામાં પગ મૂકવાની હિંમત ચાલતી નથી. કોઈને કશું પૂછવાની પણ હિંમત ચાલતી નથી. એટલું સારું હતું કે જયંતીભાઈને હિંદી ભાષાનો મહાવરો હતો. ભૂખ લાગી હતી. દુકાનોમાં ખાવાની સામગ્રી-સાધન સજાવેલાં હતાં, પરંતુ તરુણને કશું અનુકૂળ ન હતું. છેવટે ગંગાકિનારે એક તૂટી-ફૂટી, નાનકડી ધર્મશાળા અથવા તો કહો કે સાધુનો આશ્રમ જોવા મળ્યો. અતિ સાહસ કરી તરુણ આ ધર્મશાળામાં પગ મૂકે છે અને ત્યાં એક તૂટેલા ખાટલા પર પોતાનો સામાન મૂકે છે.

પડસાળમાં એક અડીખમ તગડો પંજાબી સાધુ સગડી તાપી રહ્યો હતો. સાધુ ઘણો ઉંમરલાયક હતો, છતાં શરીર ભરાવદાર અને મજબૂત હતું. તરુણ જયંતીભાઈએ સાધુની પાસે જઈને કહ્યું, "બાબાજી, હમ યહાં ઠહરેંગે."

બાબાજીએ નજર ઊંચી કરી. જયંતીભાઈને જોતા એ તાડુકી ઊઠ્યો અને બોલ્યો, "તુમ યહાં ક્યોં આયા હૈ ? યહાં જગા નહીં હૈ. ઠહરના હો તો કિસી દૂસરી જગહ ઠહરો. યહાં તુમ મર જાયેગા. આજ રાત તુમ મર જાયેગા. તુમ્હારે મરને સે હમેં કોઈ ગમ નહીં હૈ, હમ તુમ્હારા શબ ગંગાજીમેં ડૂબા દેંગે." આટલું કહીને સાધુ ઠાવકું હસ્યો. કેમ જાણે તેણે મર્મ ઘા કર્યો હોય તેમ તેણે હાસ્ય વિખેર્યું! જયંતીભાઈને તેનું હાસ્ય ખૂબ અણગમતું અને વિચિત્ર લાગ્યું.

ઘણી હિંમત કરી જયંતીભાઈએ જવાબ આપ્યો, "બાબા, આપકે કહને સે કોઈ મર નહીં જાતા. મોત આને પર મરતે હૈં. મર જાયેંગે તો મર જાયેંગે, લેકિન હમ યહીં પર ઠહરેંગે."

જયંતીભાઈ ધર્મશાળામાં થોડું રોકાઈને બજાર તરફ ગયા. હરિદ્વારની બજારમાં ખાવા માટે ફરીથી ગોળની રેવડી જ મળી !

જયંતીભાઈએ હવે કાંગડી ગુરુકુળ જવા માટે પ્રસ્થાનનો વિચાર કર્યો. કાંગડી ગુરુકુળ બજારથી લગભગ દસ કિલોમીટર દૂર હતું. આપણા તરુણ અગિયાર વાગે કાંગડી જવા માટે ચાલવા માંડ્યા. અત્યારે તેના પગમાં જોર હતું. બસ, કાંગડી ગુરુકુળ પહોંચ્યા પછી કોઈ પ્રશ્ન જ નહીં રહે. ત્યાં બધી સગવડતા છે. ભણવાનો પૂરો અવકાશ અને મોકળાશ છે. ત્યાંના અધ્યક્ષ વચન આપી ગયા છે, એટલે બધું પાર ઊતરશે. આમ તરુણ એક મીઠું મધુર સ્વપ્ન સેવતો આગળ વધતો જાય છે. પણ એક નાનકડું વિઘ્ન આવતાં થોડી મિનિટોમાં કેવો નકશો બદલાઈ જાય છે!

**આંધી અને પરિવર્તન :**

આ ભ્રમણશીલ તરુણની લગામ પ્રકૃતિના પરિબળ પોતાના હાથમાં લે છે. એકાએક આકાશમાં વાદળ ચડી આવ્યાં. વીજળીનો ગડગડાટ થવા લાગ્યો. ઠંડી હવા ફૂંકાવા લાગી. તરુણને ખબર ન હતી કે આને આંધી કહેવાય. જોરદાર આંધી આવે ત્યારે માણસો ભાગવા માંડે. દુકાનના દરવાજા બંધ થઈ જાય. જીવ બચાવવા માટે સૌ પ્રયાસ કરે. આંધી આવી એટલે માણસો ભાગવા માંડ્યા. દુકાનો ફટાફટ બંધ થવા લાગી. જેને જ્યાં આશ્રય મળ્યો ત્યાં સૌ ઊભા રહી ગયા. આપણા વૈરાગી પણ ડરીને કોઈ દુકાનમાં ભરાઈ બેઠા. આંધી એકાદ કલાક ચાલી. હવાના ઠંડા ઝપાટા લોહી થંભાવી દેતા હતા. ઠંડીથી શરીર કંપકંપાવા માંડ્યું. ભૂખને કારણે અશક્તિ હતી જ. ધાબળો બિચારો યથાસંભવ રક્ષા કરી રહ્યો હતો.

જયંતીભાઈને હવે ખબર પડી કે આ આંધી છે. તેમની હિંમત ભાંગવા લાગી. તેને થયું કે આમ એકલા ચાલીને કાંગડી ગુરુકુળ પહોંચાશે નહીં. મન હિંમત હારી ગયું. નાની વયના કારણે બાળસહજ ભયથી મન ઘેરાઈ ગયું. કાંગડી ગુરુકુળ તેમના હાથથી છૂટી જાય છે અને સદાને માટે એક નવો માર્ગ ખૂલી જાય છે.

આંધી શમી જતાં કાંગડી ગુરુકુળનો વિચાર પણ શમી ગયો. એક આંધીએ જીવનમાં કેવો ઝંઝાવાત સર્જી દીધો. આ એક અદ્‌ભુત ઘટના હતી, જેમાં કાળબળે પોતાનું કામ કર્યું હતું. વૈરાગીનું મન કિંકર્તવ્યવિમુખ હતું. હિંમત હારી જતા તેણે પુનઃ હરિદ્વાર પાછા ફરવાનો નિર્ણય લીધો. કાંગડી છૂટ્યું તે છૂટ્યું. હાથથી નીકળી ચૂક્યું પણ મનમાં રહી ગયું !

પૂ. ગુરુદેવ કહે છે કે અહો, એ કેવી પરિસ્થિતિ હતી ! કાંગડી ગુરુકુળ આર્યસમાજનું મોટું કેન્દ્ર હતું. જો કાંગડી ગુરુકુળ પહોંચ્યા હોત તો ત્યાં વેદ-વેદાંતનો ઊંડો અભ્યાસ કરી, આર્યસમાજની શિક્ષા મેળવી, આર્યસમાજના ઉચ્ચ કોટિના સાધુ થવાનો અવસર ઊભો થાત. આર્યસમાજે સ્વામી દયાનંદના નેતૃત્વ હેઠળ ભારતીય સંસ્કૃતિનો ઉદ્ધાર કર્યો અને ભારતની અપૂર્વ સેવા કરી હતી. તેમના મનમાં એટલી હિંમત હતી કે જો આર્યસમાજમાં દીક્ષા લીધી હોત તો સમાજની અપૂર્વ *સેવા કરવાનો યોગ પ્રાપ્ત થાત. તેમને આર્યસમાજના સંત થવાની ઘણી હોંશ હતી.*

*પરંતુ આ નાનકડી આંધીએ એમની કલ્પના પર પાણી ફેરવી નાખ્યું. પ્રકૃતિના પરિબળે*

જગાડેલી આંધીએ જયંતીભાઈને પુનઃ જૈન ધર્મમાં સ્થાપિત કર્યા અને પાછા જવા માટે પ્રેરણા આપી. ધન્ય છે આ પ્રકૃતિના પરિબળોને અને ભલું હોજો પેલી આંધળી માતાને ! એક તરુણની બુદ્ધિ ઠેકાણે લાવવા માટે આંધીનો એક સપાટો બસ થઈ ગયો!

તરુણ કાંગડી જવાના વિચારથી પાછો ફર્યો. પુનઃ હરિદ્વારની ધર્મશાળામાં આવી ગયો. ખાવાનું તો કશું હતું નહીં. મૂંગે મોંએ ભૂખ સહન કરવાની હતી.

પેલો પંજાબી વૃદ્ધ સંત ફરીને તાડુક્યો, "અરે ! તુમ વાપિસ આ ગયા ? આજ સંધ્યાસે પહેલે તુમ અવશ્ય મર જાયેગા. તુમ્હારે જૈસે લડકે ઘરસે ભાગકે મરને કે લિયે યહાં ચલે આતે હૈં."

જયંતીભાઈએ આંખ આડા કાન કરી એક રૂમમાં તૂટેલી ખાટ પર લંબાવ્યું.

આ ધર્મશાળાનો એક મુનીમ સ્વભાવથી સજ્જન હતો. તેણે થોડી હમદર્દી બતાવી. પરંતુ જયંતીભાઈના ભોજનના નિયમ સાંભળીને તે પણ કશું કરી શક્યો નહીં.

વૈરાગી ત્રણ વાગે બજારમાં આંટો મારવા ગયા. એક દુકાન ઉપર અડદની દાળ ભરેલી કચોરી બનતી હતી. તેમાં ખાંડ કે મરચું ન હતાં. જયંતીભાઈએ ચાર આનાની પાંચ કચોરી લીધી. ચાર પોતે ખાધી અને એક મુનીમને આપી. વૈરાગીને ખબર ન પડી કે આ કચોરીનો કેટલો પ્રકોપ થશે ! સંધ્યાકાળે ઠંડી વધી ગઈ. પેલો સાધુ અગ્નિ તાપતો હતો. જયંતીભાઈ ત્યાં ગયા.

સાધુએ ફરીથી છંછેડાઈને કહ્યું, "યે અગ્નિ હમારે લિયે હૈં, તુમ્હારે લિયે નહીં હૈ. તુમ તાપ મત ખાવ ઓર આજ તુમકો મરના હી હૈ."

જ્યારે જ્યારે સાધુ સાથે વાત થતી ત્યારે તે મરવા સિવાય બીજી કોઈ વાત ન કરતો. ખરેખર આજે તેની કાળવાણીનો પણ પ્રકોપ થવાનો હતો.

**આત્મબળનું ઓજસ :**

વૈરાગી પરાણે આગ પાસે બેઠા. દસ વાગે રૂમમાં ગયા. કડકડતી ઠંડી હતી. ધાબળો અને શાલ પૂરાં વીંટી લીધાં, પણ તેની જરાપણ અસર ન હતી. ઠંડી હાડ ધ્રુજાવતી હતી. ભૂખ્યા પેટે એકસાથે ચાર કચોરી ખાવાથી પેટમાં આફરો ચડ્યો અને સાક્ષાત્ મૃત્યુ સમી વેદના થઈ. ઠંડી અને પેટ-પીડા વચ્ચે વૈરાગી પૂરા સપડાઈ ગયા હતા.

પેલો સાધુ હજી બોલતો હતો, "રાતકો તુમ જરૂર મર જાઓગે."

સાધુને ચૂપ કરવાનો કોઈ ઉપાય ન હતો. આ કારમી પીડામાં ઘડીભર તો લાગ્યું કે હવે પ્રાણ થોડી મિનિટના મહેમાન છે. આવી નિરાધાર અવસ્થામાં વૈરાગી એકદમ બેઠા થઈ ગયા. મનોબળ વધાર્યું. જોરથી ત્રાડ પાડી, "તુમ હમારા કુછ નહી કર શકતે !"

આત્મબળનું નવું કિરણ ફૂટ્યું. હાથપગ વાળીને, પલાંઠી લગાવી, એક ખૂણામાં બેસીને,

જોરજોરથી 'ચત્તારી મંગલમ્' બોલવાનું શરૂ કર્યું. માંગલિકના અવાજથી પેલો સાધુ પણ ચૂપ થઈ ગયો. જયંતીભાઈએ બે કલાકની અસહ્ય વેદના ભોગવી. માંગલિકના એકાવન પાઠ પૂરા થયા પછી ધીરે ધીરે વેદના શમવા લાગી. એ વખતે ત્રણચાર જુલાબ થઈ ગયા હતા. આવી ઠંડીમાં પણ વૈરાગી બહાર નીકળીને ઉચિત જગ્યાએ શૌચ માટે ગયા હતા. કચરો નીકળી જતાં પેટ હલકું થઈ ગયું.

ઠંડી પૂરજોશમાં હતી. પેટની વેદના શાંત થવાથી બળ આવ્યું. ચાર વાગે જયંતીભાઈ ફરીથી સાધુની ધૂણી પાસે આગ તાપવા લાગ્યા.

પેલો સાધુ બોલ્યો, "તુમ કૈસે નહીં મરા? ચલો, હમકો મુરદા ફેંકના નહીં પડા." એમ કહી ખડખડાટ હસવા લાગ્યો. તેણે જયંતીભાઈને અગ્નિ તાપવાની ફરીથી ના પાડી.

એની વાત સાંભળ્યા વિના વૈરાગીએ તડાકો કર્યો, "ચૂપ રહિયે ! અગ્નિ તાપનેસે ક્યા હોતા હૈ? હમારે પાસ ભી મંત્રબળ હૈ. હમ કિસી કો ભી ઠીક કર સકતે હૈ. અબ આપ જ્યાદા કુછ મત બોલના."

આ કડક જવાબ સાંભળી સાધુ ચૂપ થઈ ગયો.

સવારે મુનીમ આવ્યો. તેણે ખબર-અંતર પૂછ્યા, પણ નાસ્તો-પાણી દુર્લભ હતાં. તેણે બે કેળાં આપ્યાં. એક ગ્રહદશા ઊતરી ત્યાં બીજી ગ્રહદશાનો કઠોર ધક્કો વાગવાનો હતો. મુનીમે સમજાવ્યું કે આવી ઠંડીમાં તમારાથી અહીં રહી શકાશે નહીં. તમે ઘેર પાછા ચાલ્યા જાવ.

જયંતીભાઈ ઘણા નબળા થઈ ગયા હતા. તેમણે ઘેર પાછા ફરવાનો નિર્ણય કર્યો. મુનીમને કહ્યું કે ટિકિટના પૈસા નથી. ઘેરથી પણ હરિદ્વાર આવવા પૂરતા જ પૈસા લીધા હતા. એ એક પ્રકારની બાલિશતા હતી.

મુનીમે ઉપાય બતાવ્યો, "અહીં શેઠ પન્નાલાલની પેઢી છે. તે ઘણાને મદદ કરે છે. તમને ટિકિટના પૈસા અપાવવા પ્રયાસ કરીશ." બંને પન્નાલાલ શેઠની ઑફિસે પહેલે માળે પહોંચ્યા.

મુનીમે બધી વાત કરી. પન્નાલાલ શેઠ વીફર્યા. "એ બદમાશ લડકે મા-બાપકો બિના પૂછે ભાગ કર ચલે આતે હૈં ઔર ભીખ માગકર મોજ ઉડાતે હૈં. ઇન્હેં કુછ નહીં દેના ચાહિએ. ચલે જાઓ!"

**હરિદ્વારની જેલમાં :**

નિરાશ થઈ જયંતીભાઈ અને મુનીમ નીચે ઊતરતા હતા ત્યારે એક દુર્ઘટના થઈ. મિલિટરીના સાર્જન્ટ અને સિપાઈ દાદરો ચડી રહ્યા હતા. ૧૯૪૨ની લડતનું મોજું ચાલતું હતું. ખાદીધારી ઉપર સરકારની કડક નજર હતી. ખાદીધારી જયંતીભાઈને જોતા જ સાર્જન્ટ એકદમ અટકી ગયો.

બંગાળના ક્રાંતિકારી ખુદીરામ બોઝનો એક સાગરીત હજુ પકડાયો ન હતો. તેનો ફોટો આ

સાર્જન્ટના ખિસ્સામાં હતો. તેની છબી જયંતીભાઈથી થોડું સામ્ય ધરાવતી હતી. તે બોલી ઊઠ્યો, "યહ વહી લડકા હૈ જિસકો ખોજ રહે થે. વહ હાથ લગ ગયા."

જયંતીભાઈ પર વીજળી પડી ! મુનીમ તકનો લાભ લઈ ત્યાંથી સરકી ગયો. શેઠ પન્નાલાલે પણ આ વાતનો સ્વીકાર કર્યો. સાર્જન્ટે જયંતીભાઈને ગિરફતાર કરી પોલીસને સોંપ્યા. પોલીસ જયંતીભાઈને લઈને હરિદ્વારની જેલના દરવાજે આવ્યા.

હરિદ્વારની જેલ ઘણી મોટી અને ભયંકર હતી. જેલના દરવાજા વિશાળ હતા. અહીં બધું જ ભયંકર લાગતું હતું. જયંતીભાઈને અંદર ધકેલી, જેલરને સોંપી, પોલીસ ચાલી નીકળી. ત્યાં મુનીમજી હળવેથી જરા દેખાયા. 'ગભરાઈશ નહીં.' બસ, એટલું જ ઇશારાથી કહી મુનીમજી પલાયન થઈ ગયા. અંદર ગયા પછી જયંતીભાઈના હૃદયના બંધ ખૂલી ગયા. તેમણે ધ્રુસકે ધ્રુસકે રડવાનું શરૂ કર્યું. ત્યાંના સિપાઈઓએ ધીરજ આપી. એક પલંગ પર સુવડાવ્યા. પણ ઊંઘ શેની આવે ! હૃદય ભાંગી ગયું હતું.

સિપાઈઓએ ખૂબ ધીરજ આપી. તેમણે પૂછવું શરૂ કર્યું, "ક્યા તુમ બંગાળી હો ?"

જયંતીભાઈએ રડતા રડતા વિવરણ આપ્યું અને કહ્યું કે હું ગુજરાતી છું. એક સિપાઈ ગુજરાતી જાણતો હતો. તેની સાથે ગુજરાતીમાં વાત કરી. સૌને લાગ્યું કે આ કોઈ ભળતો જ છોકરો છે. ત્યારબાદ સિપાઈઓએ જાડી રોટલી અને દહીં ખાવા માટે આપ્યું. આ બન્ને વસ્તુ જયંતીભાઈને કલ્પતી (ખપતી) હતી. પરંતુ સિપાઈનું આવું બરછટ ખાણું ખાવું અશક્ય હતું. તેઓએ ઘણું સમજાવ્યા, પરંતુ જયંતીભાઈએ કશું ખાધું નહીં.

સવારથી ભૂખ્યા હતા, તેમાં આ જેલની આફત આવી. શેઠ પન્નાલાલની ટિકિટ તો દૂર રહી, પરંતુ જેલની ટિકિટ મળી. થોડી વાર રડ્યા પછી જયંતીભાઈ જંપી ગયા. બે વાગે ઊઠ્યા. ભારે ઠંડી ફરી વળી હતી. જેમતેમ એક કલાક વિતાવ્યા પછી સાર્જન્ટની સવારી આવી. બધી ઊલટતપાસ લીધા પછી તેને સમજાયું કે આ બંગાળી નહીં પણ કોઈ ધાર્મિક ગુજરાતી છોકરો છે. મનનું સમાધાન થતાં છોડી મૂકવાનો આદેશ આપી સાર્જન્ટ ચાલ્યા ગયા.

સિપાઈઓએ છેવટે પ્રેમભરી વિદાય આપી અને જેલના દરવાજેથી જયંતીભાઈને બહાર ધકેલી દીધા. બહાર ભગવાનના દૂત જેવો મુનીમ હાજર હતો.

હાથ પકડી મુનીમ જયંતીભાઈને ધર્મશાળામાં લાવ્યા. પેલો સાધુ મરવાની વાટ જોતો બેઠો હતો. તેને આશ્ચર્ય થતું હતું કે આ છોકરો કેમ હજુ સુધી મર્યો નથી ! મુનીમે સમજાવ્યું કે ભાઈ, અહીં રહેવા જેવું નથી. અત્યારે જ દિલ્હીની ગાડી ઊપડે છે, તેમાં બેસી જા. જયંતીભાઈએ કહ્યું કે ટિકિટના પૈસા નથી. મુનીમે રસ્તો બતાવ્યો. પ્લૅટફૉર્મ ટિકિટ લઈ, વગર ટિકિટે ગાડીમાં ચડી જવું. આગળ ભગવાન જેવડો માલિક છે. મુનીમ સ્ટેશન સુધી મૂકવા આવ્યો. તેના આટલા સ્નેહનું કારણ સમજાતું નથી. ગુરુદેવ કહે છે કે આજ પણ એ મુનીમની હમદર્દી યાદ કરતાં પ્રેમાશ્રુ ઊભરાય છે.

વૈરાગીના ગ્રહ હજુ ઉદયમાન હતા. આટલી પીડા પછી પણ હજુ આકરી પરીક્ષા બાકી હતી. સવારે બે કેળાં ખાધાં પછી કશું ખાવાનું મળ્યું ન હતું. બધા થઈને એક રૂપિયો પાંચ આના બચ્યા હતા. ઘેર પાછા ફરવાનો ઇરાદો હતો નહીં, એટલે વળતાની ટિકિટના પૈસા રાખ્યા જ ન હતા. મોટાભાઈને ક્યાં ખબર હતી કે જયંતી ક્યાં જાય છે! આ સવા રૂપિયો ગમે તેમ કરીને બચાવવાનો હતો. જયંતીભાઈએ પ્લૅટફૉર્મ-ટિકિટ લઈ, વગર ટિકિટે ગાડીમાં ચડવાનો નાછૂટકે નિર્ણય લીધો.

ઠંડી વધી ગઈ હતી. મુનીમજી જયંતીભાઈને અંધારામાં એકલા મૂકી રાત્રિની કાળી છાયામાં ખોવાઈ ગયા. એ વખતે જયંતીભાઈને અત્યંત દુઃખ થયું. શું થાય? જેવા વિધિના લેખ ! કાંગડી ગુરુકુળ છૂટી જતાં કેવી નોબત સરજાઈ ! આજે યાદ કરતાં ધ્રુજારી આવે છે. જયંતીભાઈ એક આનો લઈ ટિકિટબારી સામે પ્લૅટફૉર્મની ટિકિટ માંગીને ઊભા રહ્યા. સ્ટેશનમાસ્તરે ઊંચા થઈને જયંતીભાઈને જોયા. ખાદીનાં કપડાં જોતાં જ તે ચમકી ગયો. તે બોલ્યો, "તું શા માટે પ્લૅટફૉર્મ ટિકિટ લઈ રહ્યો છો ? શું મફત મુસાફરી કરવી છે ?" તેણે પ્લૅટફૉર્મ-ટિકિટ આપવાની ઘસીને ના પાડી. હરિદ્વાર છોડતી વખતે પણ કુદરતે છેલ્લે છેલ્લે એક આંચકો આપ્યો.

**ચત્તારિ મંગલમ્‌નો ચમત્કાર :**

સ્ટેશનમાં દસથી બાર માણસોનો મોટો પંજાબી પરિવાર ઊભો હતો. સામાનમાં ૨૫ જેટલા દાગીના હતા. ગરજના માર્યા જયંતીભાઈએ પંજાબીને કહ્યું, "સાબ, હમકો ભી દિલ્હી સાથમેં લે ચલિયે."

પંજાબીની તીખી નજર પારખી ગઈ. તેણે કહ્યું, "આ બધો સામાન પ્લૅટફૉર્મના કિનારે પહોંચાડી દે, પછી તને ગાડીમાં બેસાડી દઈશું."

ગરજવાનને અક્કલ ક્યાંથી હોય? પંજાબી કુલીના પૈસા બચાવવા માગતો હતો. તેણે દિલ્હી એક્સપ્રેસમાં એક આખી કૅબિન રોકી હતી. જયંતીભાઈએ દોડીદોડીને તેનો બધો સામાન પહોંચાડવાનું શરૂ કર્યું. ગજા ઉપરાંતના ભારે દાગીના પણ ડબામાં ચડાવવા જયંતીભાઈએ ભૂખ્યા પેટે તનતોડ કામ કર્યું. એ લોકો બધા સીટ પર ગોઠવાઈ ગયા. વૈરાગીને એક ખૂણામાં ટૂંટિયું વાળીને બેસી શકે તેટલી જગા મળી. બહુ મુશ્કેલીથી આખી રાત ગુજારી. પગ લાંબા કરવાનો અવસર ન મળ્યો. ગાડી સવારના પહોરમાં દિલ્હી પહોંચી. સ્ટેશનમાં બાર કલાક સુધી પડ્યા રહેવાનું હતું. સાંજના બૉમ્બે ફ્રન્ટિયર મળવાનો હતો.

દિલ્હીમાં પંજાબી પરિવાર છૂટો પડી ગયો. વગર ટિકિટે સ્ટેશનેથી બહાર નીકળવું મુસીબત ભરેલું હતું. એક અંગ્રેજ સાર્જન્ટ ચેકિંગ માટે ગેટ પાસે ઊભો હતો. લડતના કારણે ચારે તરફ સરકારનો ખૂબ જાપ્તો હતો. જયંતીભાઈ ગેટ પાસે પહોંચ્યા પણ ટિકિટ ન દેખાડવાથી સાર્જન્ટે રોકી લીધા. કબજો લઈ લીધો.

જયંતીભાઈ માટે આ મોટું ધર્મસંકટ હતું. જયંતીભાઈને ચત્તારી મંગલમ્ પર અપાર શ્રદ્ધા હતી. આંખો મીંચીને 'ચત્તારી મંગલમ્' ગણવા લાગ્યા. ત્રણ કે ચાર વખત માંગલિકનો પાઠ થયો હશે, ત્યાં એક ચમત્કાર થયો. એક ઊંચા, સફેદ ધોતિયા અને ઝભ્ભામાં સજ્જ રૂપાળી મુખમુદ્રા ધરાવતા એક બાબુ ત્યાં સ્વત: આવી ગયા. તેણે જયંતીભાઈનો હાથ પકડ્યો. "ચલો યહાં ક્યોં ખડે હો ?" એમ કહીને સાથે લઈ બહાર નીકળવા લાગ્યા.

પેલો સાર્જન્ટ કશું ન બોલ્યો. કેમ જાણે તેની આંખ પર પડદો પડી ગયો હોય. સહજભાવે સ્ટેશનથી બહાર નીકળ્યા. નજીકમાં પાર્ક હતો. જયંતીભાઈ કશું કહે તે પહેલાં જ પેલા ચમત્કારી સજ્જન ત્રણ સીડી ઊતર્યા પછી 'અચ્છા, આના હો' (આવજે હો) એટલું કહી એકદમ નજરથી ગાયબ થઈ ગયા. જાણે ધરતીમાં સમાઈ ગયા ! ખાતરી થઈ કે આ કોઈ દેવપુરુષ છે. તેમનો અલૌકિક વહેવાર હજી પણ આંખમાં તરવરે છે.

આફતથી મુક્ત થયા પછી જૂની દિલ્હીની ધર્મશાળામાં બાર કલાક વિતાવ્યા. ભોજનમાં ફક્ત અડધો ડઝન કેળાંના ટેકાથી કામ ચાલ્યું. સાંજના ફરીથી એ જ મુસીબત હતી કે સ્ટેશનમાં કેમ પ્રવેશ કરવો. ટિકિટ જોયા વિના અંદર જવા દેતા ન હતા. સવારના જે છૂટો પડ્યો હતો તે પંજાબી પરિવાર ફરીથી ભેગો થયો. તેને પણ અમદાવાદ જવું હતું. પંજાબી જયંતીભાઈને ઓળખી ગયો અને બોલ્યો, "તુમકો જાના હૈ? હમારા સામાન ભીતર પહુંચા દો. તુમ્હારા કામ હો જાયેગા."

આજ પણ એમણે કુલીના પૈસા બચાવ્યા. જયંતીભાઈને તો ગરજ હતી. બધો સામાન ઉપાડીને ટ્રેનમાં ચડાવ્યો. ફરીથી ટૂંટિયા વાળીને બેસવાનો પ્રસંગ આવ્યો. જોકે આજે એટલાથી છૂટકો થવાનો ન હતો.

પંજાબીએ ટિફિન ખોલ્યાં. સૌએ ખાવાની શરૂઆત કરી. વૈરાગીની સામે પણ ન જોયું અને જરા પણ ભોજન માટે કહ્યું પણ નહીં. જોકે જયંતીભાઈને પાકો ચોવિહાર હતો. કદાચ તે બોલ્યો હોત તો પણ ખાવાનું અશક્ય હતું. આટલી નાની વયમાં પણ જયંતીભાઈને બેહયા પ્રવર્તતી હતી.

પંજાબીએ પૂરો રંગ બતાવ્યો અને જે મુસીબત ઊભી કરી. રાત્રિના એક વાગે એ માણસે પોતાનું પોત પ્રકાશ્યું. ગાડી બાંદીકુઈ સ્ટેશને આવી. અહીં દોઢ કિલોમીટર લાંબું પ્લૅટફૉર્મ હતું. ટિકિટચેકર આવ્યો. પંજાબીએ ટિકિટ બતાવી, પછી જોરથી બોલ્યો, "સાબ, યે લડકા બીના ટિકિટ પ્રવાસ કર રહા હૈ. ઇસે ગાડી સે ઉતાર દિજિયે."

રાતના બે વાગે અંધારામાં બાંદીકુઈના સ્ટેશન પર જયંતીભાઈને ધક્કો દઈ ટિકિટચેકરે ઉતારી દીધા. પેલો ખડખડાટ હસવા લાગ્યો. જયંતીભાઈથી ચીસ નીકળી ગઈ ! આ ભયંકર અંધારામાં ક્યાં જવું ? ૧૯૪૨ની લડતના કારણે પૂરા સ્ટેશન પર બ્લેક આઉટ હતો. જયંતીભાઈ બે ડબ્બાને જોડતા બફર ઉપર ચડી ગયા. આ કપાવાનો જ રસ્તો હતો ! ગાડી ચાલી ત્યારે

વૈરાગી ચેતી ગયા. છલાંગ મારીને ફરીથી પ્લૅટફૉર્મ ઉપર આવી ગયા. તરત જ ખ્યાલ આવી ગયો કે આ બફર પર બેસી ન શકાય, નિશ્ચિત રૂપે પડી જવાય. તેમણે ગાડીની સાથે દોડીને એક ડબ્બાની બારી ઊછળીને પકડી લીધી અને તેમાં લટકી રહ્યા. વૈરાગીના કોમળ હાથ ઝાઝી વાર સુધી શરીરનો બોજો ઉપાડી શકે તેમ ન હતા. એક હાથ ઉપર જ આખું શરીર હતું.

**કુલીનું અમીર દિલ :**

અમદાવાદ મિલમાં કામ કરનારો એક કુલી બારી આગળ જ બેઠો હતો. તેણે કુનેહથી વૈરાગીનો હાથ પકડી લીધો અને બારીથી અંદર ખેંચી લીધા. હાશ ! તેવો એક શબ્દ મુખમાંથી સરી પડ્યો. કુલીએ મીઠો ઠપકો આપ્યો... "જો થોડી વાર વધારે લટક્યા હોત અને આ ફ્રન્ટિયર મેલ પૂરી ઝડપે ચાલવા લાગેત અને તમે હવામાં ફેંકાઈ જાત."

વૈરાગીને બચાવી લેવા બદલ તેમના મુખ પર અપાર હર્ષ દેખાતો હતો.

બધું શાંત થયું અને આફત ટળી ત્યારે આ દેવ જેવા કુલીએ આસ્તેથી પૂછ્યું, "ભૂખ લાગી છે? તમારું મોઢું સુકાઈ ગયું છે. મારી પાસે પાંવ રોટી, બિસ્કિટ અને રોટી છે. થોડુંક ખાઈ લ્યો."

કુલીનો આટલો પ્રેમ જોઈ વૈરાગીનું હૃદય ભરાઈ આવ્યું. ક્યાં પેલો નફ્ફટ પંજાબી, ક્યાં આ દેવ જેવો મજદૂર! જયંતીભાઈએ પોતાની ડાયરીમાં નોંધ કરી છે કે અમીરો કરતાં ગરીબની સંસ્કૃતિ ઘણી ઊંચી છે. જયંતીભાઈએ પેલા મજૂરને સમજાવ્યું કે ચોવિહાર છે, રાત્રિભોજનનો ત્યાગ છે.

કુલીએ આગ્રહ કર્યો, "હા, જૈન ધર્મમાં રાત્રે લોકો જમતા નથી. પરંતુ તમારે અત્યારે સંકટના વખતે જમી લેવું જોઈએ."

જયંતીભાઈ એકના બે ન થયા. પોતાની પ્રતિજ્ઞા પર દૃઢ રહ્યા. બે-ચાર સ્ટેશન જતાં ફરીથી તે જ ટિકિટચેકર ગાડીમાં આવ્યો. જુઓ, કુલીની ભલાઈ ! તેણે ઝટપટ જયંતીભાઈને સીટ નીચે બેસાડી દીધા અને ઉપર રજાઈ ઢાંકીને ઇશારો કર્યો કે જરાપણ હલનચલન કરશો નહીં.

ટિકિટચેકર ગયો અને આફત ટળી. કુલીના મનનો ઘણો ખટકો હતો કે આ વિદ્યાર્થી જમ્યો નથી. દિવસ ઊગતાં ગાડી આબુ રોડ જંક્શન ઉપર આવી. જયંતીભાઈએ વાત કરી હતી કે તેમને સાકર અને લાલ મરચું ખપતાં નથી. કુલી હસીને બોલ્યો કે આવું ખાવાનું મળવું મુશ્કેલ છે. છતાં તે નીચે ઊતરી પડ્યો. આબુરોડમાં સાકર અને મરચાં વગરનાં એ જ દહીંવડાં મળતાં હતાં. કુલી જોતજોતામાં દહીંવડાં લઈને આવ્યો. જયંતીભાઈએ દહીંવડાં આરોગ્યાં. જાણે ઉપવાસનું પારણું કર્યું !

કુલી ખૂબ જ ખુશ હતો. જયંતીભાઈ પાસે થોડા પૈસા હતા. દહીંવડાનાં પૈસા આપવા માટે આગ્રહ કર્યો. પરંતુ પેલા કુલીએ હસીને પૈસા લેવાની ના પાડી. "શું મારે પુણ્ય વેચી નાખવું છે ? તમે દહીંવડાં જમ્યાં તેનો મને ખૂબ સંતોષ થયો છે. તમારે હજી પૈસાની જરૂર પડશે."

એ વખતે કુલીના મુખ પર કુબેર જેવી અમીરાત છવાઈ ગઈ હતી.

સાંજે ગાડી મહેસાણા પહોંચી. કુલીએ કહ્યું, "ભાઈ, તમારે ગાડી બદલવી પડશે. તમારી પાસે ટિકિટ નથી. હું તમને રાજકોટની ગાડીમાં બેસાડી દઈશ. જુઓ, તમારે ઉપરની સીટમાં સૂઈ જવાનું છે. સૂતેલા યાત્રીને જગાડવાની મનાઈ છે. ટિકિટચેકર આવે ત્યારે ઊઠવું નહીં, સૂતા રહેવું."

કુલીએ જયંતીભાઈને બધી ભલામણ કરી, અંધારામાં સાથ આપી, બીજી ગાડી સુધી પહોંચાડી દીધા અને ઉપરના પાટિયા ઉપર ચડાવી દીધા. કુલી રામ રામ કરીને ગયો. તે જયંતીભાઈના દિલ પર એક અમર છાપ મૂકતો ગયો. આજ પણ એ કુલીને યાદ કરતા હૃદય ગદ્‌ગદ થઈ જાય છે. એ વાતનું દુઃખ છે કે કુલીનું નામ પૂછવાનું રહી ગયું છે. મનમાં હીરાલાલ એવું નામ રાખ્યું છે.

ખરેખર, આ હીરાલાલ સાચો હીરો હતો !

મહેસાણાથી કાઠિયાવાડ તરફ જતી ગાડી ઊપડી. જયંતીભાઈ સાચું-ખોટું સૂઈ ગયા. દસ-પંદર મિનિટમાં જ ટિકિટચેકર આવ્યો. હવે એક ભારે મઝાની ઘટના બની, જે લખતાં ઘણા આશ્ચર્ય સાથે આનંદ થાય છે.

ચેકરે અવાજ માર્યો, "કોણ છે? ટિકિટ ક્યાં છે?"

પરંતુ પેલા હીરાલાલની સૂચના પ્રમાણે જયંતીભાઈએ સૂવાનો પૂરો ઢોંગ કર્યો. આ ટિકિટચેકર ઘણો ચાલાક હતો. તેણે જયંતીભાઈના શરીર પર હાથ ફેરવ્યો. પછી ખિસ્સામાં હાથ નાખ્યો. જયંતીભાઈની છેલ્લી પૂંજીમાં સવા રૂપિયો બચ્યો હતો તે તેણે લઈ લીધો. ચેકરે સૂતેલા માણસનો પણ લાભ ઉઠાવી લીધો. આમ સૂવાનો ઢોંગ કર્યો, છતાં છેલ્લો ટૅક્સ આપવો પડ્યો.

જયંતીભાઈ હવે પૂરા ફકીર થઈ ગયા. બીજા ખિસ્સામાં 'એડવર્ડ'ની છાપવાળો એક પૈસો બચી ગયો હતો. પણ આ એક પૈસાએ પણ આબાદ રીતે ઇજ્જત બચાવી.

**વતનમાં ફરી પ્રવેશ :**

દિવસ ઊગતા ગાડી ખીજડિયા જંકશન આવી. ભગવાનની દયાથી ફરીથી કોઈ ટિકિટચેકર ન આવ્યો. અહીંથી અમરેલીની ગાડીમાં બેસવાનું હતું. હવે કાઠિયાવાડનાં દેશી ભાઈ-બહેનો ટ્રેનમાં ચડતાં-ઊતરતાં હતાં. કાઠિયાવાડમાં પોતાના ક્ષેત્રમાં પ્રવેશવાથી જયંતીભાઈની હિંમત ઘણી વધી ગઈ હતી. ભૂખ્યા પેટે પણ ચહેરા પર આનંદ છવાઈ ગયો હતો. જન્મભૂમિની હવા સ્પર્શી રહી હતી.

ખીજડિયા પછી જાણીતાં સ્ટેશનો આવતાં હતાં. ઢસા જંક્શન પછી અમરેલી તો ખૂબ જાણીતું હતું. જૈન બોર્ડિંગનાં જૂનાં સ્મરણો નજર સમક્ષ નાચવા લાગ્યાં. મનમાં એક જ ડર હતો કે કોઈ

જાણીતા માણસ પાસે ટિકિટ વગરની યાત્રાની પોલ ખુલી થશે તો બહુ નીચું જોવા જેવું થશે.

પ્રભાતનો સમય હતો. એ નાના ડબ્બામાં રીતસરના યાત્રી તરીકે જયંતીભાઈ બકાયદા બેઠા હતા. ડર હતો કે ટિકિટચેકર આવી ન જાય. કુદરતી નિયમ છે કે જેનો ડર હોય તે આવી ચડે છે. ટિકિટચેકર આવ્યા. જયંતીભાઈનો થોડો શ્વાસ વધી ગયો. ફરીથી મનોમન 'ચત્તારી મંગલમ્' બોલ્યા. જુઓ, માંગલિકનો ચમત્કાર! ટિકિટચેકરે કશું કહ્યું નહીં, તેમજ ટિકિટ પણ માગી નહીં, ઉપરથી પાસે બેસી ગયો. આનંદની સાથે યાત્રા ચાલુ રહી. માંગલિકના પ્રભાવે આબરૂ બચી ગઈ!

બાબરા વગેરે નાનાં-મોટાં બધાં સ્ટેશન પાર થયાં. જયંતીભાઈનું દિલ ધડકવા માંડ્યું. ધારી સ્ટેશને ઊતર્યા પછી બાળભાવે કરેલી આ ભયંકર યાત્રાનો અંત આવતો હતો. કોઈ દૈવી શક્તિના ચમત્કારથી જ પોતે ધારી સુધી પહોંચ્યા હોય તેવું લાગતું હતું. જાણે એક સ્વપ્ન બની ગયું. આઠ દિવસની યાત્રામાં શું શું ઘટિત થયું, કેવી તકલીફો આવી અને કેવી રીતે પાર ગઈ ! ભૂખનો પ્રકોપ પણ શાંત થઈ ગયો. આ બધા વિચારોથી જયંતીભાઈનું દિલ ધડકતું હતું. દલખાણિયા પહોંચ્યા પછી શું જવાબ આપવો તેની ગડમથલ ચાલતી હતી. દલખાણિયાના પરિવારને કલ્પના માત્ર પણ ન હતી કે એક અઠવાડિયામાં જયંતી આટલી નાની ઉંમરે હરિદ્વાર પરિભ્રમણ કરી પાછો આવે છે!

ધારી સ્ટેશનમાં ગાડી અટકી. સામાનના ઝોલા સાથે જયંતીભાઈ પ્લેટફોર્મ પર આવી ગયા. અહીં પણ ટિકિટચેકરની મુસીબત હતી. ત્યાં તો જાણીતા ગાર્ડસાહેબ રામશંકરભાઈ સ્ટેશન પર લટાર મારતા હતા તે મળી ગયા. તેમણે આશ્ચર્યથી પૂછ્યું, "અરે જયંતી ! ક્યાંથી આવે છે?"

જયંતીભાઈ હરિદ્વારની યાત્રા કરીને આવી રહ્યા છે તે સાંભળી ગાર્ડસાહેબ ખુશ થયા અને સ્ટેશનેથી બહાર સુધી મૂકવા આવ્યા. આ પણ એક છેલ્લો ચમત્કાર જ થયો. રામશંકરભાઈ ગાર્ડ સાથે હોવાથી ટિકિટચેકર કશું બોલ્યો નહીં. જયંતીભાઈ ઇજ્જત સાથે સ્ટેશનથી બહાર નીકળી ગયા. એ વખતે અમરેલીથી ધારી સુધી સાડા ચાર આના ટિકિટના લાગતા હતા. વાહ રે માયા ! આજે સાડા ચાર આના પણ ન હતા, છતાં પ્રભુકૃપાથી ધારી સ્ટેશન પાર કરી ઠેકાણે પહોંચી ગયા. મુખમાંથી 'હાશ' ના બોલ સરી પડ્યા.

ધારીમાં બચુભાઈના સસરા માણેકચંદ રાયચંદ રૂપાણી તથા તેમના સાળા નાથાલાલ અને બીજા ઘણા જાણીતા પરિવારો હતા. પ્રથમ રૂપાણીભાઈના ઘેર જવાનું નક્કી કર્યું. જયંતીભાઈ સ્ટેશનેથી ચાલ્યા ત્યારે સામે કુલી આવ્યો. તેણે સામાન ઉપાડી લીધો. જયંતીભાઈને શરમ લાગતી હતી. કુલીને આપવાનું કશું બચ્યું નથી. ફક્ત એક પૈસો બચ્યો હતો. કુલીને પૂછ્યું, "શું લઈશ ?"

કુલી બોલ્યો, "એક પૈસો."

જયંતીભાઈ રાજી થઈ ગયા. આટલી મજૂરી આપવા માટે ધનરાશિ બચી હતી. રૂપાણીની

દુકાને પહોંચ્યા અને ખીસ્સામાંથી એક પૈસો કાઢી કુલીના હાથમાં મૂક્યો. સૌ વેવાઈ-વેલાને દેખતા એક પૈસો આપવાથી આબરૂ બચી ગઈ હતી. બહુ શાહુકારી સાથે એક પૈસો કુલીને આપવામાં આવ્યો. સલામ ભરી કુલી ચાલ્યો ગયો.

એ જ વખતે દલખાણિયાથી બચુભાઈની ગાડી સામાન લેવા આવી હતી. ગાડી ઉપર રામજી સાંગાણી નામનો પરિચિત ખેડૂત હતો. માણેકચંદ બાપાએ કહ્યું, "તમારે દલખાણિયા જવાનું છે તો મહેતા, આ ગાડીમાં બેસી જાવ."

સમય ન હોવાથી કોઈએ જમવાનો આગ્રહ ન કર્યો. છતાં જયંતીભાઈને ખોટું ન લાગ્યું, કારણ કે દલખાણિયાની ધરતીની ગાડી મળી ગઈ હતી. ભૂખનું દુઃખ ભૂલી જયંતીભાઈ ગાડી ઉપર બેઠા.

વેવાઈને રામ રામ કર્યા. ગાડી ધારી બજારમાંથી પાર થઈ. હવે જયંતીભાઈનો હર્ષ ચરમ સીમાએ પહોંચી ગયો હતો. એક પૈસો પણ પાસે ન હતો, પેટમાં ભૂખ હતી, છતાં પણ કોઈ જાતનું દુઃખ ન હતું. દલખાણિયાના શેઠના પુત્ર તરીકે જયંતીભાઈ ગાડામાં રાખેલા સામાનના બોરા પર છત્રી લઈ બેસી ગયા હતા. થોડે આગળ જતા રામજી જૂનું નામ પોકારી બોલ્યો, "જકુભાઈ, નાસ્તો કરાવશોને? તમે તો અમારા શેઠ છો."

જયંતીભાઈનું ખીસું ખાલી હતું, છતાં રામજીને પૂછ્યું, "શું નાસ્તો કરશું?"

રામજીના મોઢામાં પાણી છૂટતું હતું. તે બોલ્યો, "જકુભાઈ, ગોળ અને ગાંઠિયા ખાવામાં મઝા આવશે. તમે પણ ખાજો અને હું પણ ખાઈશ."

જકુભાઈ ધીમેથી બોલ્યા, "રામજી ! તારી વાત સાચી છે, પણ અત્યારે ખિસ્સામાં પૈસા નથી."

રામજીએ રસ્તો કાઢ્યો, "કોઈ વાંધો નહીં. તમારી દુકાનના નામે અહીં એક હજારનો સામાન પણ તરત મળી જાય. તમે હા પાડો એટલે હું આપણી દુકાનના ખાતે ગોળ-ગાંઠિયા લાવી આપીશ."

જયંતીભાઈને તો આટલું જ જોઈતું હતું. અત્યારે જે ખાવા મળે તે ભગવાન મળ્યા બરાબર વાત હતી. તેમાંયે વળી જકુભાઈને ગોળ ગાંઠિયા ખૂબ વહાલા હતા. રામજી ગાડું ઊભું રાખીને દોડતો સામેની દુકાનેથી વગર પૈસે એક શેર ગાંઠિયા અને અડધો શેર ગોળ લઈ આવ્યો. જેમને ખાતે લખાણા તેની રામજીને કે જકુભાઈને ક્યાં ફિકર હતી ! દેવાવાળા દેશે ! ભગવાનરૂપે ગોળ, ગાંઠિયા આવી ગયા. નતાળિયો નદી પાર કરી બંનેએ ગોળ-ગાંઠિયા આરોગ્યા. મરચાં અને ખાંડ વગરનો આહાર મળી જવાથી જયંતીભાઈ પોતાની પ્રતિજ્ઞા અનુસાર ભોજન પ્રાપ્ત કરી ખુશી થયા.

**હૃદયના બંધ તૂટ્યા :**

લગભગ ત્રણ વાગે ગાડું દલખાણિયા પહોંચ્યું. દલખાણિયાનાં ઝાડવાં જોઈ જયંતીભાઈની

આંખો હસી ઊઠી. ક્યાં હરિદ્વારના ગંગાકિનારાનાં ઝાડવાં, ક્યાં હરઘડી મોતને નોતરતો સાધુ, ક્યાં કાંગડીનું ગુરુકુળ, ક્યાં હરિદ્વારની આંધી અને ક્યાં ભગવાનના માણસ જેવો મુનીમ, ક્યાં હરિદ્વારની ભયાનક જેલ, ક્યાં નાલાયક પંજાબીનો સંયોગ, ક્યાં દેવ જેવો મજદૂર હીરાલાલનો સંગમ, ક્યાં પેલો લુચ્ચો ટિકિટચેકર જેણે રાતના વખતે ચૂપચાપ ખિસ્સામાંથી પૈસા કાઢી લીધા, ક્યાં આબુરોડનાં દહીંવડાં ! બધું એકસાથે નજર સમક્ષ તરવા લાગ્યું. આઠ દિવસમાં એક ઇતિહાસ રચાઈ ગયો!

બાળપણના સાહસનું એક ભયંકર પ્રકરણ પૂરું થતું હતું. નિર્વિઘ્ને પુનઃ દલખાણિયા પહોંચી ગયા તે ઘણું જ આશ્ચર્યજનક હતું. મનુષ્યની ઇચ્છા જરા પણ કામ આવતી નથી. પ્રકૃતિ પોતાનાં પરિબળોથી આખું ચક્ર ચલાવે છે. મનુષ્ય એક નિમિત્ત માત્ર છે. આઠ દિવસનો ઇતિહાસ તેની સાક્ષી પૂરતો હતો. જયંતીભાઈને લાગતું હતું કે હવે ઘર આવ્યું! ગાડીમાંથી ઠેકડો મારી નીચે ઊતરી ગયા. આઠ દિવસમાં શરીર સુકાઈને કાંટો થઈ ગયું હતું. એક શેર સામાન પણ પેટમાં ગયો ન હતો. ગોળ-ગાંઠિયા ખાવાથી ચાલવાની શક્તિ આવી ગઈ હતી.

બચુભાઈ હજુ પૂછે છે કે "જકુ ! તને આ શું થઈ ગયું છે?"

પરંતુ જકુભાઈ કંઈ પણ વાત સાંભળ્યા વિના ઘરમાં દોડી ગયા. અમૃતબહેનના ખોળામાં માથું મૂકી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. હૃદયના બંધ ખૂલી ગયા હતા. આ બધું શું થઈ ગયું તે પૂછવાની કોઈને હિંમત થતી ન હતી.

માતુશ્રી અમૃતબહેન પીઠ અને માથા ઉપર હાથ ફેરવીને ધીરજ આપી રહ્યાં હતાં, "હવે તું રોવાનું બંધ કર અને જમી લે."

અત્યારે જમવાની ક્યાં હોશ હતી ? સૂર્યાસ્ત થવાનો ડર હતો. દિવસ આથમ્યા પહેલાં જમી લેવું જરૂરનું હતું. ઘરનાં બધાં સભ્યો ભેગાં થઈ ગયાં હતાં. જકુભાઈએ પોતાની રામકહાણી બહુ ટૂંકમાં સંભળાવી હૈયું હાશ કર્યું. બધો ઊભરો નીકળી જતાં આંસુ થંભી ગયાં. રોવાનું શાંત થયું. હાથ-પગ-મોઢું ધોઈ તૈયાર થયા. ત્યાં લાભુબહેને ગરમ ગરમ બાજરાના રોટલા ઉતાર્યા હતા. તેના પર ઘરનું શુદ્ધ ઘી લગાડ્યું હતું. સાથે મલાઈવાળું દહીં અને વગર મરચાંનું કોઠીમ્બડાનું અથાણું હતું. જયંતીભાઈ પેટ ભરીને જમ્યા. આઠ દિવસ પછી સંતોષનો અનુભવ થયો. અંતરથી ભાભીને આશીર્વાદ આપ્યા.

❑



૪

# સાધુતાની પગદંડીએ

**હા**લ તુરત જયંતીભાઈએ થોડો સમય દલખાણિયામાં રહેવાનો નિર્ણય કર્યો. પોતે ખાદીધારી હતા જ. છોકરાઓનું એક મિત્રમંડળ બનાવ્યું. પ્રતિદિન પ્રભાતફેરી કાઢવાનું નક્કી કર્યું. ઉપરાંત એક નાના અખાડાની પણ સ્થાપના કરી. બધાં છોકરાંઓ મળી જંગલમાંથી મગદળને યોગ્ય લાકડું લઈ આવ્યા. સૌ અખાડામાં કસરત-કુસ્તી કરતા. પુનઃ દલખાણિયાની આજુબાજુનાં ક્ષેત્રોમાં ફરવાની શરૂઆત કરી. દલખાણિયામાં નારાયણ પ્રાગજી જયંતીભાઈના ખાસ મિત્ર હતા. તેમણે ફરવામાં સાથ આપ્યો. રોજ દસબાર કિલોમીટર ફરવાની શરૂઆત કરી.

ગીરનો પ્રદેશ, પાસેના નાનાં ગામડાંઓ તથા નાનાંમોટાં તીર્થો અને મંદિરો, તે બધાંનું નિરીક્ષણ કર્યું. આ જ આપણા તરુણ છે જે નકેશ્વર મહાદેવની નજીક શેત્રુંજી નદીના કિનારે શિલાતટ પર ધ્યાન કરવા બેસતા હતા. તેમણે ગામમાં મહાત્મા ગાંધીજીની વિચારધારાનો પ્રકાશ લાવવાની કોશિશ કરી. મહાત્મા ગાંધીની જય બોલાવતા. ગાંધીભાવનાનો પ્રચાર કરવા આવતા ભાઈઓને પૂરો સહયોગ આપી સભા ભરવામાં મદદ કરતા. એ વખતે રતિભાઈ બરાબર ચરખો લઈને પ્રચાર માટે આવતા. જીવન સંબંધી તથા રાષ્ટ્ર સંબંધી ઘણું જ્ઞાન આપતા. જયંતીભાઈને કોઈ પણ પ્રકારનાં કામ કરવામાં કોઈ મુશ્કેલી નહોતી. છોકરાઓનો પણ સાથ સારો મળ્યો.

જૈન ધર્મના ત્યાગમય જીવનની ભાગવતી દીક્ષા લેવાના વિચારને બદલે ગાંધીવૃત્તિમાં સામેલ થઈ દેશની લડત ચાલતી હોય ત્યાં જઈ કામ કરવાના વિચારો મનમાં ઘોળાવા લાગ્યા.

માતુશ્રી અમૃતબહેનને આ ગાંધીપ્રવૃત્તિ અતિ પ્રિય નહોતી. ભાગવતી જૈન દીક્ષા ગ્રહણ કરવાનો તેમનો એકમાત્ર આગ્રહ હતો. દરમિયાન દરિયાપુરી સંપ્રદાયનાં ત્રણ વિદુષી મહાસતીઓ સૂરજબાઈ મ.સ., પદ્માબાઈ મ.સ., અને નંદકુંવરબાઈ મ.સ. દલખાણિયા પધાર્યાં.

માતુશ્રી સાધુ-સંતનાં અનન્ય ભક્ત હતાં. આહાર-પાણી અને બધી સેવામાં ખૂબ સાતા ઉપજાવતાં. તેમનું મન જે કોઈ સાધુ-સંત દલખાણિયા આવે તેમની સેવા-ભક્તિમાં ડૂબી જતું. ઉપાશ્રય પણ સારો હતો. ગામમાં ગોચરીના ઘર હતા. શ્રાવક-શ્રાવિકાઓ સામાયિક-પ્રતિક્રમણ કરનારા અને ધર્મના અનુરાગી હતા. આથી સંતોને ખૂબ સાતા ઊપજતી. આ ત્રણે ઠાણા પંદર દિવસ માટે દલખાણિયા સ્થિરતા કરી લાભ આપવા રોકાયા.

અમૃતબહેને મહાસતીજીને કહ્યું, "જયંતીને દીક્ષાને માર્ગે વાળો."

જયંતીભાઈ પ્રતિદિન પ્રવચનમાં તથા તત્ત્વચર્ચા કરવા જતા હતા. ખૂબ જ રંગ લાગ્યો. ધીરે ધીરે સતીજીએ વિચારો ફેરવ્યા અને સમજાવ્યું કે જૈન ભાગવતી દીક્ષા તે જ કલ્યાણનું કારણ છે. સાધુજીવનમાં પણ દેશસેવા કરી શકાય છે, માટે દીક્ષાનો રસ્તો લેવો તે ઉચિત છે. મહાસતીજી પ્રત્યે જયંતીભાઈને અપાર ભક્તિ થઈ ગઈ હતી. જૈન ધર્મનો ત્યાગમાર્ગ સ્વીકારવો તેમાં જયંતીભાઈને તથ્ય લાગવા માંડ્યું. મહાસતીજીને દલખાણિયાથી વિહાર કરવાનો સમય આવ્યો.

ગીરનું જંગલ પાર કરી વિસાવદર જવાનું હતું. રસ્તામાં સેવાની ખાસ જરૂર પડતી. દલખાણિયામાં બાલ્યાભાઈ (મૂળ નામ શાંતિલાલ)નો એક્કો હતો. શાંતિલાલ બન્ને પગે અપંગ હતા. જમીન ઉપર ઢસડાઈને ચાલવું પડતું. તેથી જવા-આવવા માટે તેમણે એક્કો રાખ્યો હતો. અમૃતબહેને શાંતિભાઈનો એક્કો માગ્યો. રસોઈનો બધો સામાન તથા વાસણ-કૂસણ એક્કામાં ગોઠવ્યાં. પરમેશ્વર એક્કો ચલાવવા માટે તૈયાર થયો. જયંતીભાઈ તથા અમૃતબહેન, એમ મા-દીકરો બન્ને વિહારમાં જવા તૈયાર થયાં. વિહારમાં એક અઠવાડિયું લાગ્યું. મહાસતીજીઓની માયા ખૂબ બંધાઈ ગઈ. છૂટાં પડ્યાં ત્યારે જયંતીભાઈનું હૃદય હાથ ન રહ્યું. મોટા અવાજે રડી પડ્યા. મહાસતીજીઓએ આશ્વાસન આપ્યું અને પ્રતિજ્ઞા કરાવી કે લેવી તો ભાગવતી દીક્ષા લેવી, નહીં તો સંસારમાં રહેવું. પરંતુ બીજો આડો માર્ગ ન લેવો. જયંતીભાઈનું મન ખીલે બંધાયું.

**મૂળજીબાપાની અખંડ સેવા :**

દલખાણિયા આવ્યા પછી ઉપાશ્રયની પ્રવૃત્તિ ફરી શરૂ કરી. ધાર્મિક વાંચન, સામાયિક, પ્રતિક્રમણ ફરીથી શરૂ થયા. ઉપાશ્રયમાં મૂળજીબાપા પણ રહેતા હતા. તેઓ વૃદ્ધ હતા. તેમનો પણ સાથ બરાબર મળ્યો. મૂળજીબાપા પૂજ્ય તપસ્વી મહારાજના સાંસારિક સગા મામા થાય. ઘરમાં તેમને સૌ દાદા કહીને બોલાવતા.

થોડા દિવસ પછી દાદા ખૂબ બીમાર થયા. બચવાની આશા ન હતી. એક મહિનો બીમાર

રહ્યા. જયંતીભાઈએ સેવામાં રાત-દિવસ એક કરી અખંડ સેવા બજાવી. ખરું પૂછો તો માનવસેવાનાં બીજ વવાઈ ગયાં. મૂળજીદાદાની સેવા એક નવો પાઠ ભણાવી ગઈ. અત્યાર સુધી બીમારની સેવા કરવાનો અવસર લાધ્યો ન હતો. અમૃતબહેનને ડર લાગ્યો કે જયંતી દાદામાં વધારે પડતો તન્મય થઈ ગયો છે. માતુશ્રીએ હસીને કહ્યું, “જકુ ! તું દાદાની પછવાડે આટલો બધો લાગ્યો છે, સૂતો પણ નથી. દાદા મરશે તો તારા સરમા (શરીરમાં) આવશે.”

જયંતીભાઈએ આ વાત પર ધ્યાન ન આપ્યું. મૂળજીદાદાએ જયંતીભાઈના ખોળામાં જ પ્રાણ છોડ્યા. આ પહેલું જ મરણ હતું જેને આટલા નિકટથી જોવાનો મોકો મળ્યો. દાદાની આંખ ફરી. શાંત થઈ ગયા. જયંતીભાઈ જોર જોરથી રડવા લાગ્યા. ઘરમાં બધાં ભેગાં થયાં. આશ્વાસન આપ્યું. દાદાનો અગ્નિસંસ્કાર પણ જયંતીભાઈના હાથે જ થયો. આ બધું જોયા પછી સંસારની અસારતાનો પૂરો ખ્યાલ આવ્યો. નશ્વર દેહ મૂકી આત્મા અનંતમાં પ્રયાણ કરી જાય છે. દાદા સરમાં તો ન આવ્યા, પણ માથે લાગણીભીના આશીર્વાદ આપી ગયા, જે જીવનની મહામૂલી મૂડી બની રહ્યા. આજે પણ ગુરુદેવને લાગે છે કે મૂળજીદાદાના આશીર્વાદ સુફળ આપી રહ્યાં છે. સંસ્કૃતનું પહેલું વાક્ય **‘સેવાધર્મપરમગહનો યોગીનામપ્યગમયઃ’** અર્થાત્ સેવાધર્મ ઘણો જ ગહન છે. યોગીઓને પણ દુર્લભ છે. ત્યાગ કરી શકે છે, તપસ્યા કરી શકે છે, પરંતુ દીનદુ:ખિયાંઓની સેવામાં રમમાણ થઈને તેની પૂરી માવજત કરવી તે યોગીઓ માટે પણ મુશ્કેલ છે. ખરું પૂછો તો સેવા એ જ ધર્મનો સાર છે. સેવાની સરિતામાં સ્નાન કરી મનુષ્ય ધન્ય બની જાય છે. દાદા ગયા પછી વૈરાગ્યનો રંગ ગાઢો થયો.

રાજકોટ ગુરુકુળમાં કોઈને ખબર ન હતી કે જયંતીભાઈએ ગુરુકુળ છોડી દીધું છે. તેઓ શોધમાં હતા. આખરે રાજકોટ ગુરુકુળના બે વિદ્યાર્થીઓ દલખાણિયા આવ્યા. જયંતીભાઈને સમજાવ્યા. કોઈ પણ હિસાબે મધ્યમા પરીક્ષા દેવા માટે આગ્રહ કર્યો. જામનગર પરીક્ષામાં ‘સ્યાદ્વાદ મંજરી’નાં પેપર આપવાનાં હતાં. ગુરુકુળના આગ્રહથી જયંતીભાઈ રાજી થયા. પુન: રાજકોટ ગુરુકુળના અધ્યયનમાં જોડાયા. આમ જુઓ તો એક ચક્ર પૂરું થયું.

રાજકોટના ધાર્મિક અભ્યાસ છોડ્યા પછી, હિમાલયના પ્રવાસની ઠોકર ખાઈ, દલખાણિયામાં ગાંધીપ્રવૃત્તિનો પ્રચાર કરી, સૂરજબાઈ મહાસતીજીની કૃપાથી વિચારધારા બદલી, જયંતીભાઈ પુન: રાજકોટ ગુરુકુળ આવ્યા. હવે જયંતીભાઈનો વૈરાગ્ય પરિપક્વ થઈ ગયો છે અને તેઓ ભાગવતી દીક્ષા લેશે તેની પરોક્ષ ભાવે ઘોષણા થઈ ગઈ. વિદ્યાગુરુ દકસાહેબે હવે દીક્ષા લેવાની યોગ્યતા ઉપર મહોર મારી દીધી.

ગુરુકુળમાંથી એક વિદ્યાર્થી પણ દીક્ષા લે તો ગુરુકુળનો બધો પ્રયાસ સફળ થશે તેમ રાજકોટ

ગુરુકુળના કાર્યકર્તાઓ ધારતા હતા. તેમના વિચારોને પણ પ્રોત્સાહન મળ્યું. જયંતીભાઈ તથા બીજા સાત વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે જામનગર ગયા. એ સમયે પૂ. ગુરુદેવ પ્રાણલાલજી સ્વામી કાલાવાડ બિરાજમાન હતા. ત્યાંથી જામનગર પધારવાના હતા. જયંતીભાઈ એક વિદ્યાર્થી સાથે કાલાવાડ દર્શન કરવા ગયા.

**ભાગવતી દીક્ષાની ઘોષણા :**

વૈરાગીએ ગુરુદેવનાં ચરણોમાં નિવેદન કર્યું. તેમણે ભાગવતી જૈન દીક્ષા લેવા માટે પોતાનો સંકલ્પ જાહેર કર્યો. ગુરુમહારાજ પણ લગભગ તૈયાર હતા. તેઓએ જવાબ આપ્યો કે જામનગર પહોંચ્યા પછી નિર્ણય જાહેર કરશું. એક અઠવાડિયું પરીક્ષા ચાલવાની હતી. બધા વિદ્યાર્થીઓ માનસંગભાઈ મંગળજીને ત્યાં જમતા. માનસંગભાઈએ જયંતીભાઈને ઓળખ્યા. શાબાશી આપી. હવે તેઓ પણ દીક્ષાની વાતમાં સામેલ થયા. ગુરુદેવ પ્રાણલાલજી સ્વામી જામનગર પધાર્યા. તેમની સાથે ત્રણ મુનિરાજો હતા. નાના રતિલાલ મુનિ, મોટા રતિલાલ મુનિ અને પૂ. તપસ્વી જગજીવનજી મહારાજ. આમ ચાર સાધુઓનો સંઘ હતો.

પરીક્ષા આપ્યા પછી ગુરુકુળના બધા અધ્યાપકો, સહયોગી વિદ્યાર્થીઓ, રાજકોટ અને જામનગરના નામાંકિત શ્રાવકો અને કાલાવાડના છગનભાઈ જાદવજીભાઈ દોશી - એ સૌની હાજરીમાં ગુરુદેવ પ્રાણલાલ સ્વામીએ જયંતીને દીક્ષા આપવાની ઘોષણા કરી. ભગવાન મહાવીર સ્વામીના જયનાદ થયા. દીક્ષાનું નક્કી થતાં સૌએ અભિનંદન આપ્યા. કેટલાકે દીક્ષા મહોત્સવમાં આવવાની તૈયારી બતાવી. વેરાવળ મુકામે દીક્ષા આપવાનું નક્કી થયું. ચંપાબહેન નામના બે ભાવદીક્ષિતોને પણ સાથોસાથ દીક્ષા આપવાનું નક્કી થયું. એક ચંપાબહેન માંગરોળનાં હતાં અને બીજા ચંપાબહેન રાણપુરનાં હતાં.

પૂ. ગુરુદેવે એ ઘોષણા પણ સાથોસાથ કરી કે એક ચંપાબહેન વેરાવળવાળા ઉજ્જમબાઈ સ્વામીનાં શિષ્યા થશે અને રાણપુરવાળાં ચંપાબહેન મોતીબાઈ મહાસતીજીનાં શિષ્યા થશે. જામનગરના વિદ્વાન પંડિતો પાસે સંઘની હાજરીમાં દીક્ષાનાં મુહૂર્ત પુછાયાં. વિ. સં. ૧૯૯૯ જેઠ સુદ એકમ (પડવો) દીક્ષાની તિથિ નક્કી થઈ. ગુરુદેવ કહે છે કે આટલા વિદ્વાનો હોવા છતાં અને સૌરાષ્ટ્રકેસરી પ્રાણલાલ સ્વામી સ્વયં ધુરંધર જ્ઞાની હોવા છતાં દીક્ષા માટે પડવાનો દિવસ કેમ નક્કી કર્યો હશે તે નવાઈ ભરેલો લાગે છે. આ પડવો ત્રણે દીક્ષિતોને માટે પ્રતિકૂળ બન્યો.

જયંતિમુનિજીને ગુરુવિરહ પડ્યો અને જીવનભર અન્ય પ્રદેશમાં રહેવાનું થયું. ગુરુદેવ તેમની સેવાથી વંચિત રહ્યા. પ્રભાબાઈ સ્વામીને લકવાની બીમારી થતાં મોટાં ચંપાબાઈ સ્વામી કાયમ માટે લીમડાલેનના ઉપાશ્રયમાં બંધાઈ ગયાં અને તેમનું જીવન વિહારની જાહોજલાલીથી દૂર રહ્યું. નાનાં ચંપાબાઈ સ્વામી દીક્ષા લીધા પછી સદા માટે બીમાર થઈ ગયાં. ઊલટીનો રોગ લાગુ

પડ્યો. સંઘથી, સમાજથી અળગાં પડી વરસો સુધી જૂનાગઢના કોઈ અન્ય સ્થાનમાં જીવન વિતાવ્યું. અનહદ પીડા ભોગવી. આથી વધારે દીક્ષા-તિથિ બાબત કશું કહેવા જેવું નથી. ગુરુઓને ગમ્યું તે માન્ય. આ સિદ્ધાંતને આચરવો તે હિતાવહ છે. ઉપાદાનમાં જીવનાં શુભાશુભ કાર્યો અને યોગ-સંયોગ હોય છે. ખરેખર આ પ્રતિપદા (પડવો) એ નિમિત્ત કારણ બની ગઈ.

જામનગરથી વેરાવળ જતાં લગભગ બે મહિનાનો વિહાર હતો. ગુરુ મહારાજે ફરમાવ્યું કે જયંતી તારે આ બે મહિના ઘરઆંગણે રહેવાનું છે. માતુશ્રી અમૃતબહેનની સેવા કરી તેના આશીર્વાદ મેળવી દીક્ષાની આજ્ઞા લેવાની છે. આજ્ઞાપત્રનો નમૂનો જયંતીભાઈને આપી દેવામાં આવ્યો. જેના પર અમૃતબહેન તથા મોટાભાઈ અમૃતલાલના સહી-સિક્કા કરાવવાના હતા.

**દલખાણિયાનો શેષ કાળ :**

જયંતીભાઈએ ગુરુદેવની આજ્ઞા શિરોધાર્ય કરી. પુન: દલખાણિયાને છેલ્લા રામ રામ કરવા માટે અને ત્યાંનો નિર્દોષ આનંદ મેળવી, સૌને સંતોષ આપવા બે મહિના ત્યાં ગાળવાના હતા.

જયંતીભાઈનાં માતુશ્રી અમૃતબહેન સદા માટે બીમાર રહેતાં. તેમને બરાબર સેવાની જરૂર રહેતી. ઘરનાં બધાં સેવા કરી છૂટચાં હતાં. પરંતુ જયંતીભાઈને માતૃભક્તિ કરવાનો એક પણ અવસર મળ્યો ન હતો. માતુશ્રીને કલ્પના પણ ન હતી કે જયંતી સેવા કરી શકે છે. તેને મન તો જકુ એક તોફાની દીકરો હતો અને સૌની સાથે ઝઘડો કરે તેવો બાળ-જીવ હતો.

બીજી બાજુ પૂજ્ય તપસ્વી મહારાજની ભાવના હતી કે જયંતી સાધુ થઈને તેમની સેવામાં જોડાય. પરંતુ આ વખતે જયંતીભાઈ દલખાણિયા આવતાંની સાથે જ અમૃતબહેનની સેવામાં જોડાઈ ગયા. તેનો પડ્યો બોલ ઝીલવા લાગ્યા. આખો દિવસ તેમની સેવા-શુશ્રૂષા કરતા. માતુશ્રીને ધર્મનાં પુસ્તકો વાંચીને સંભળાવવા લાગ્યા. હવે તો જયંતીભાઈની ઉંમર થવાથી તેમના ધાર્મિક વિચારો પરિપક્વ થવા લાગ્યા હતા. જીવનમાં ગંભીરતા આવી ગઈ. માતાને દીકરા માટે સંતોષ થવા લાગ્યો.

હવે જયંતીભાઈની સામે ત્રણ પ્રશ્નો હતા : (૧) પોતાનું વેવિશાળ તોડવું અને સાસરાપક્ષની આજ્ઞા મેળવવી. (૨) માતુશ્રી અને મોટાભાઈનો આજ્ઞાપત્ર મેળવી, દલખાણિયાથી વિદાય લેવી અને (૩) દીક્ષામહોત્સવની તૈયારી શરૂ કરવી.

**વેવિશાળ વિચ્છેદ :**

જયંતીભાઈનાં જયાબહેન સાથેનાં વેવિશાળને દસ વરસ થવા આવ્યાં હતાં. તે ભાઈચંદભાઈનાં બીજા નંબરનાં પુત્રી હતાં. દશેરા અને દિવાળી ઉપર કન્યાને બરાબર સાકર-ચૂંદડી ચડાવવામાં આવતાં હતાં. ભાઈચંદભાઈ ઝાટકિયાએ પણ બધો વ્યવહાર ચાલુ રાખ્યો હતો, તેમજ વ્યવહાર

બંધ કરવાની તેમને કોઈ ઉતાવળ ન હતી. એટલે વેવિશાળ તોડવું તે વિકટ પ્રશ્ન હતો.

ભાઈચંદભાઈ ઝાટકિયાને દલખાણિયા આવવા માટે આમંત્રણ મોકલ્યું. પરંતુ તેમને ખબર પડી ગઈ હતી કે શા માટે બોલાવે છે એટલે તેઓ આવ્યા નહીં. તેઓ આ બાબતમાં ઘણા નારાજ હતા. છેવટે અમૃતબહેન જયંતીભાઈને લઈ ધારી મુકામે તેમને ઘેર ગયાં. તેઓએ ઉપરછલ્લો આદર કર્યો.

દીકરા-દીકરીની સગાઈ કરવી અને લગ્ન કરવાં તે મા-બાપને માટે એક મોટી હોંશ અને મંગલમય કાર્ય હોય છે. જ્યારે તેનાથી વિપરીત પ્રસંગો હોય, સગાઈ તોડવાની વાત હોય, સંબંધ મૂકવાની વાત હોય તે મા-બાપને માટે ખૂબ કષ્ટદાયક હોય છે. આ પ્રસંગ આખા પરિવાર માટે દુ:ખદાયક બની જાય છે. જોકે જૈન સમાજમાં કોઈ ત્યાગના માર્ગે જાય અથવા વૈરાગ્ય ધારણ કરી દીક્ષા લે તો આવા સંબંધ છૂટા થાય તેમાં જૈનો ગૌરવ અનુભવે છે. પરંતુ તે સામાજિક બાબત ગણાય. વ્યક્તિગત સાક્ષાત્ પોતાનો વિચાર કરવાનો હોય ત્યાં આવા પ્રસંગ દુ:ખદાયક બની જાય છે.

માતુશ્રી અમૃતબહેનને જયાબહેનનાં માતુશ્રી સમજુબહેને બહુ માનપૂર્વક પાસે બેસાડ્યાં. જયંતીની હાજરીમાં માતુશ્રીએ વાત મૂકી. વાત સાંભળતાં જ સમજુબહેન ભભૂકી ઊઠ્યાં. તેમને અપાર દુ:ખ થયું. એ વાત સાંભળવા તૈયાર ન થયાં. ઊભા થઈ ગયાં અને અમૃતબહેનને બેફામ બોલવા લાગ્યાં, “તમે તમારા દીકરાના દુશ્મન છો? આવા ખોટે રસ્તે ચડાવી તમારા પગ પર તો કુહાડો માર્યો છે, પણ વગર વાંકે અમારા પરિવારને પણ બદનામી થાય તેવા સંકટમાં મૂકી દીધો છે.”

સમજુબહેનનું હૈયું હાથ ના રહ્યું. તે દીકરીના દુ:ખે ખૂબ દુ:ખાયા હતા. જેટલા કડવા વેણ અમૃતબહેનને કહી શકાય તેટલા કહ્યા. પરંતુ અમૃતબહેને અપૂર્વ ધીરજ ધરી સમભાવ જાળવ્યો. સમજાવવાની કોશિશ કરી. ભાઈચંદભાઈને એટલું બધું દુ:ખ લાગ્યું કે તેઓ મેડી ઉપર ચડી ગયા. વાત કરવાની પણ હિંમત ન રાખી. બન્ને માણસને એમ લાગતું હતું કે હીરો આપણા હાથમાંથી સરકી જાય છે. દીકરીનું જીવન અંધકારમય થઈ જશે.

છેવટે બચુભાઈના સાસરા પક્ષવાળા નાથાભાઈ રૂપાણી તથા બીજા વડીલો વચમાં આવ્યા. ભાઈચંદભાઈના કુટુંબ માટે આ બધા સન્માનનીય વ્યક્તિઓ હતા. એટલે તેઓએ વેવિશાળ તૂટે છે એ વાતનો સ્વીકાર કરી, વૈરાગી જયંતીભાઈને દીક્ષાના પંથે જવા બદલ અભિનંદન આપ્યા અને શુકનમાં નાળિયેર આપ્યું. ઘરેણાની લેવડ-દેવડ પૂરી કરી માતુશ્રી અમૃતબહેનને વિદાય આપી. પરંતુ વિદાય પહેલા જ ધમાલ મચી ગઈ. રોકકળ શરૂ થઈ ગઈ હતી.

સમજુબહેન હીબકે હીબકે રડવા લાગ્યાં. એમને લાગ્યું કે આ અમૃતબહેન કેટલા કઠોર મનનાં માનવી છે. વેવિશાળ-વિચ્છેદનું કાર્ય પતાવી જ્યારે ઘરે આવ્યા ત્યારે જયંતીભાઈને લાગ્યું

કે બેડીબંધનથી મુક્ત થઈ જૈન શાસનના ત્યાગ માટે વિચારવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. અદ્‌ભુત હતી આ ઘડી ! ધન્ય છે માતુશ્રી અમૃતબહેનની ભાવનાને !

**માતૃસેવાનો અમૂલ્ય અવસર :**

હજી દલખાણિયાનો શેષકાળ પૂરો થાય તે પહેલાં માતુશ્રી અમૃતબહેન એકાએક ભારે બીમાર થઈ ગયાં. ઉપરથી તો પોતાને આજ્ઞા આપવાનું અને તેના કલ્યાણમય જીવનનું ચિંતન કરતાં હશે, પરંતુ અંદરથી માનું હૃદય હોવાથી ભારે આઘાત-પ્રત્યાઘાત થયા હશે. માતુશ્રી અમૃતબહેન સામાન્ય રીતે બીમાર તો રહેતાં જ હતાં. અત્યારે બીમારીએ એકદમ ઊથલો માર્યો. તેમને જૂનાગઢ હૉસ્પિટલમાં ભરતી કરવા પડ્યાં. જયંતીભાઈ સેવામાં સાથે ગયા. દીક્ષા લેતા પહેલાં માતૃસેવા કરવાનો એક અપૂર્વ અવસર આવ્યો હતો. જૂનાગઢ હૉસ્પિટલમાં જયંતીભાઈ માતુશ્રીની સેવામાં તન્મય થઈ ગયા. પાસેની રૂમમાં ભાડેરવાળાં દયાબહેન ઉપચાર કરવા માટે આવેલાં હતાં. તેઓ પણ ખૂબ પ્રેમાળ હતાં અને દરેક રીતે સહયોગ આપતાં હતાં.

હૉસ્પિટલમાં પચીસ દિવસ રહેવાનું થયું. માતુશ્રી અમૃતબહેન સંતુષ્ટ થયાં. હૃદયમાં પુત્રમોહ જાગ્રત થઈ ગયો. જે દીક્ષા આપવા માટે તત્પર હતા તે આજે બોલ્યા, "જયંતી, તું દીક્ષા ન લે."

જયંતીભાઈએ કહ્યું, "બા, હવે પાછું ફરી શકાય તેમ નથી. તમે મોહમાં ન પડશો. તમે જ વેવિશાળ-વિચ્છેદ કરાવ્યો છે. હવે તમારા હૃદયમાં મોહ થવો ઉચિત નથી."

જયંતીભાઈનાં વચન સાંભળી માતુશ્રી રડી પડ્યાં. તેમની આંખમાંથી મોતી જેવાં આંસુ સરવા લાગ્યાં. તેમને કલ્પના ન હતી કે આ છોકરો આટલી સેવા કરી શકે છે અને એ આટલો લાગણીભર્યો છે ! તેઓ જયંતીભાઈનું જીવન વાંચી શક્યા હતા. જયંતીભાઈએ નાનપણમાં તોફાનો મચાવી સહુને ત્રાહિમામ્ ત્રાહિમામ્ કર્યા હતા, તે ઘટનાઓ ભૂલાવા લાગી. યુવક જયંતીને એકીટસે નિહાળી રહ્યાં. એમના જીવનમાં જૈન ધર્મનો અનુરાગ હતો અને હવે દીક્ષા આપવા માટે તેઓ પૂર્ણરૂપે રાજી હતાં. તેમાં જ સાચું સુખ-કલ્યાણ સમજતાં હતાં.

જેને પુત્ર-પુત્રીઓ પરણાવવાનો મોહ ઊતરી ગયો હતો તે જ માતુશ્રી આજે ફરીથી મોહાંધવિત થયાં હતાં. 'મા તે મા' છે. માતૃત્વ પુનઃ જાગ્રત થઈ ગયું હતું. જયંતીભાઈના સમજાવવાથી તેઓ શાંત થઈ ગયાં. જૂનાગઢથી પુનઃ દલખાણિયા આવ્યાં. માતુશ્રી અમૃતબહેન તથા વડીલબંધુ અમૃતલાલભાઈએ આજ્ઞાપત્ર લખી આપ્યો. તેમાં સહી-સિક્કા થઈ ગયા. માતુશ્રીએ જ્યારે દીક્ષાની આજ્ઞા લખી આપી ત્યારે અંદરથી તેઓ ભાંગી પડ્યા હતા. પરંતુ પુત્ર કલ્યાણના રસ્તે જઈ રહ્યા છે એનો તેમને ઊંડો સંતોષ હતો. તેઓ બોલ્યાં, "જયંતી, તારા માર્ગમાં વિઘ્ન ઘણાં છે, પરંતુ મારા આશીર્વાદ છે કે બધાં વિઘ્નો પાર થઈ જશે અને તારો જય-જયકાર થઈ જશે."

પૂ. ગુરુદેવ કહે છે કે "આવાં માતા બહુ ઓછાં હશે, જેણે સામે ચાલીને પુત્રને ત્યાગપંથે

વળાવ્યાં હોય અને હૃદયના આશીર્વાદ આપ્યાં હોય." તેમના આશીર્વાદનો પ્રત્યક્ષ અનુભવ થાય છે.

મોટાભાઈ બચુભાઈને ત્યાગમાર્ગે જવામાં કે સાધુ થવામાં જરાપણ વિશ્વાસ ન હતો. તેઓ દાન-પુણ્ય અને ગરીબોની સેવામાં માનતા હતા. પણ જો કોઈ ત્યાગમાર્ગે જાય તો તેને રોકતા પણ નહીં. ઉપરથી ઘણાં કઠોર હોવા છતાં અંદરથી તેમને આઘાત લાગતો હતો. પોતાના નાના ભાઈને સમાજને અર્પણ કરવા અને જૈન શાસનની સેવા માટે દીક્ષા આપવી એ તેમની પ્રકૃતિથી બિલકુલ વિરુદ્ધ હતું. દુઃખી હૃદયે તેમણે સહી કરી આપી.

દલખાણિયામાં સૌને ખબર પડી કે જકુભાઈ દીક્ષા માટે આજે દલખાણિયાથી વિદાય લેવાના છે. સૌને મન વિદાય આપવાનો ઉત્સાહ હતો તેના કરતાં હતાશા વધારે હતી. ગામના નાના-મોટા સેંકડો પુરુષો અને સ્ત્રીઓ જોતજોતામાં આંગણામાં ભેગાં થઈ ગયાં. જાણે આખું ગામ ઊમટી પડ્યું.

સૌના મુખ ઉપર એક જ વાત હતી. દીક્ષા શા માટે અંગીકાર કરે છે ? અહીં જ રહો. બાપુજી સાધુ થયા તે ઘણું જ છે. હવે તમારે સાધુ થવાની જરૂર નથી. ગામના કેટલાક વડીલો અને ધાર્મિક માણસોએ સૌને સમજાવ્યા અને કહ્યું કે હવે આપણે જયંતીભાઈને રોકી શકીશું નહીં. તેમનો માર્ગ મંગલમય બને તેવા આશીર્વાદ આપો. આ પ્રસંગ સૌએ ગૌરવ અને અભિમાન લેવા જેવો છે. સૌ શાંત થયા.

વેરાવળથી ગાડી આવી પહોંચી હતી. જયંતીભાઈ ખાદીનાં કપડાંમાં સજ્જ હતા. તેમના ગુરુકુળના સાથી પ્રાણલાલભાઈ રૂપાણી હાજર હતા. જયંતીભાઈનાં નાના બહેન જયાબહેન, કે જેઓ પૂ. જયાબાઈ મહાસતીજી તરીકે પ્રસિદ્ધિ પામ્યાં છે, તે વેરાવળ સાથે આવવાનાં હતાં. બધી તૈયારી સાથે દીક્ષાની આજ્ઞા લઈ જયંતીભાઈ ગુરુચરણે વેરાવળ પહોંચી ગયા. ત્યાં સંઘમાં હર્ષનું મોજું ફેલાઈ ગયું. વેરાવળ સંઘે દીક્ષાર્થી તરીકે ભવ્ય સ્વાગત કર્યું.

**ભવ્ય દીક્ષા-મહોત્સવ :**

વેરાવળમાં ગુરુદેવ પ્રાણલાલજી સ્વામીનો ઘણો પ્રભાવ હતો. મદનજી જૂઠાભાઈ, મદનજી વીરપાળ, ઇત્યાદિ નવ શ્રેષ્ઠિ વેરાવળ સંઘની કમાન હતા. લગભગ બધા મુંબઈ રહેનારા હતા. સુખી-સંપન્ન કરોડાધીશ હોવાથી આવા પ્રસંગે દેશમાં આવે ત્યારે સારો એવો ખર્ચો કરી લાભ લેતા. ગુરુદેવ મહારાજનો પડ્યો બોલ ઝીલતા. પૂજ્ય સ્વામીનું જન્મસ્થાન વેરાવળ હતું. થોડાં ઘર છોડી વેરાવળના મોટા ભાગના જૈન ઓસવાળ જાતિના છે. સામાન્ય ધોરણે કાઠિયાવાડમાં જૈનો દશા કે વિસા શ્રીમાળી હોય છે. પરંતુ વેરાવળમાં ઓસવાળ જાતિના જૈનો છે. ઓસવાળ લોકો ધર્મમાં ખૂબ શ્રદ્ધા ધરાવે છે. ત્યાંના મોટા પરિવારમાં મદનજી જૂઠાભાઈ દશા શ્રીમાળી હતા.

વેરાવળના આંગણે પૂ. ગુરુદેવ પ્રાણલાલજી સ્વામીના સાંનિધ્યમાં એકસાથે ત્રણ દીક્ષાનો બહુ

મોટો દીક્ષા-મહોત્સવ ઊજવાઈ રહ્યો હતો. ગુરુદેવે મુંબઈ આજ્ઞા મોકલી હતી કે વેરાવળના બધા શ્રેષ્ઠિઓએ દીક્ષા પ્રસંગે હાજર રહેવાનું છે. નવે નવ ધનિકો આવી પહોંચ્યા હતા. વેરાવળમાં આનંદનું મોજું પ્રસરી ચૂક્યું હતું. યુવકમંડળ પણ ઉત્સાહથી પોતાના કાર્યમાં તત્પર હતું. આખા ગામને ધજા-પતાકાથી શણગારવામાં આવ્યું હતું. માર્ગ પર ઠેર ઠેર શણગારેલાં દરવાજા રચવામાં આવ્યા હતા.

મેંદરડાના સુપ્રસિદ્ધ શ્રાવકના કારખાનાના એક વિશાળ મેદાનમાં દીક્ષાનગર બાંધ્યું હતું. ત્રણે દીક્ષાર્થીઓનાં માતા-પિતા આવી ગયાં હતાં. શ્રીસંઘે દીક્ષાર્થીના પરિવારની ઊતરવાની સારી વ્યવસ્થા કરી હતી. સંઘના રસોડા ખૂલી ગયા હતા. દીક્ષાનો પૂરો ખર્ચ મદનજી વીરપાળે ઉપાડી લીધો હતો. દીક્ષાર્થી ચંપાબહેન ઓસવાળ પરિવારનાં વેરાવળનાં જ વતની હતાં. આખા ઓસવાળ સમાજમાં અનેરો ઉત્સાહ હતો. રાણપુરનાં ચંપાબહેન વૈરાગી પણ આવી પહોંચ્યાં.

દીક્ષા-સંચાલનનું સૂત્ર જૂનાગઢના જેઠાલાલ પ્રાગજી રૂપાણીના હાથમાં હતું. જેઠાભાઈને પૂછીને બધા નિર્ણય થતા. તેઓ જૂનાગઢના રાજમાન્ય માતબર વકીલ હતા. ગુરુદેવ જેઠાભાઈને ખૂબ માનતા અને એક શ્રાવક તરીકે તેમની સલાહનું મૂલ્યાંકન કરતા. રાજકોટથી રામજીભાઈ વિરાણી અને દુર્લભજીભાઈ વિરાણી અને ધારી સંઘ તરીકે ભાઈચંદભાઈ ઝાટકિયા સૌ સપરિવાર વેરાવળ આવ્યા હતા. દલખાણિયાથી પણ ઘણા માણસો આવ્યા હતા. રાજકોટ ગુરુકુળના સહાધ્યાયી મિત્રો પણ વેરાવળ આવી ગયા હતા. બહારથી લગભગ દસ હજાર માણસોની હાજરી હતી. યુવકમંડળના ત્રણસો યુવક અહર્નિશ ઊભે પગે સેવા આપી રહ્યા હતા.

એક પછી એક દીક્ષાર્થીઓનાં ફુલેકાં ચડવા લાગ્યાં. જેના ઘરનું ફુલેકું હોય તે પોતાને ધન્યભાગી માનતા હતા. વેરાવળમાં દીક્ષા-મહોત્સવનો રંગ જામ્યો. જયંતીભાઈનાં બહેન જયાબેનને ખૂબ ઉત્સાહ હતો કે જો ધારીનાં જયાબેન હા પાડે તો તેમને દીક્ષાની ગાડીમાં બેસાડવા. તેમના બાળમાનસની મધુર પરિકલ્પના હતી કે નેમ-રાજુલની જોડી કરવી.

**સવળી દૃષ્ટિની દેન :**

જયંતીભાઈના મિત્રોએ પ્રસ્તાવ મૂક્યો, "દીક્ષા પછી તમારે ક્યાં સવારી કરવાની છે? એટલે તમને સાથે લઈ પ્રભાસ-પાટણ સુધી ફરવાનો અમે પ્રોગ્રામ ગોઠવ્યો છે."

વેરાવળથી આઠ સાઇકલ તૈયાર કરી. વેરાવળથી નીકળતા પહેલાં માતુશ્રી અમૃતબહેને ફુલેકા વખતે જયંતીભાઈના ગળામાં સોનાનો હાર પહેરાવવા માટે આગ્રહ કર્યો હતો. જયંતીભાઈને સોનું પહેરવાનો ત્યાગ હતો. માતુશ્રી માન્યાં નહીં. માતાની આજ્ઞાથી તારી પ્રતિજ્ઞા તૂટતી નથી, એમ કહી સોનાની ચેન ગળામાં પહેરાવી હતી. જયંતીભાઈ માના પ્રેમને ખાળી ન શક્યા. ચેન ધારણ કર્યો.

આઠે સાઇકલધારી મિત્રો પ્રભાસ પાટણની મંગળ યાત્રામાં આનંદથી ફર્યા અને સોમનાથનું મંદિર નિહાળ્યું. સમુદ્રનાં મોજાં ઝીલતું આ મંદિર જોઈને આખો ઇતિહાસ તાજો થયો. જય સોમનાથના આશીર્વાદ લઈ પુન: વેરાવળ તરફ આગળ વધ્યા.

આજે ચોથું ફુલેકું હતું એટલે સમય પર પહોંચી જવાનું હતું. જયંતીભાઈ સાઇકલમાં મોખરે હતા. એવામાં સામેથી પૂરપાટ વેગે એક ઘોડાગાડી આવી. ઘોડો મોટો અને ઊંચો હતો. કોચવાન ઘોડાને પૂરપાટ દોડાવી રહ્યો હતો. જયંતીભાઈ સાઇકલ તારવી ન શક્યા. તેઓ ઘોડાગાડીની અડફેટમાં આવી ગયા. ભયંકર અકસ્માત થયો! આખી સાઇકલ કોકડું થઈ ગઈ. પરંતુ શાસનદેવે જાણે જયંતીભાઈને ઝીલી લીધા હતા! એક ચમત્કાર થયો ! બધા સાઇકલ સાથીદારો ભેગા થયા.

જયંતીભાઈને એક ઉઝરડો પણ આવ્યો નહીં. જરાપણ ચોટ લાગી નહીં તે આશ્ચર્યજનક હતું. સૌ સાથીઓનાં મન ઊંચાં થઈ ગયાં. આજ કંઈ બન્યું હોત તો સંઘને શું મોઢું દેખાડત! દીક્ષાના રંગમાં ભંગ પડી જાત. પણ ગુરુદેવની કૃપા હતી. જયંતીભાઈ સોળ આના બચી ગયા હતા. સૌના મન પર આનંદ અને ઊર્મિ છવાઈ ગયાં. પહેલી સાયકલ તો ચાલે તેમ હતી જ નહીં. પ્રાણલાલભાઈએ ડબલ સવારી કરી અને સૌ વેરાવળ આવી પહોંચ્યા.

જયંતીભાઈએ માતુશ્રીને ઠપકો આપ્યો : “હું સોનું પહેરતો ન હતો અને તમે સોનું પહેરાવ્યું. એટલે આ અકસ્માત થયો.”

માતુશ્રી હસીને બોલ્યાં, “તારી બુદ્ધિ ઊંધી છે. સાચી વાત એ છે કે મેં તને મંગળસૂત્ર પહેરાવ્યું તેના કારણે તું બચી ગયો છે. આમ તારે સવળી દૃષ્ટિથી જોવું જોઈએ, અવળી દૃષ્ટિથી નહીં.”

જયંતીભાઈને સવળી દૃષ્ટિની એક મોટી શિક્ષા મળી ગઈ. તેમાંથી જીવનભરનું ભાથું મળી ગયું. પૂ. ગુરુદેવ કહે છે કે આ સવળી દૃષ્ટિની વાત અમને આખી જિંદગી યાદ રહી છે. અને આ દૃષ્ટિ અપનાવવાથી ખોટા વિવાદોથી અને નઠારી પંચાતોથી બચી શકાય છે. પ્રેમસૂત્ર સ્થાપી શકાય છે. અમારી સમગ્ર જીવનધારામાં આ સિદ્ધાંત જાળવવા માટે પૂરો પ્રયાસ કર્યો છે, જેના ખૂબ જ સારાં પરિણામ આવ્યાં છે. આ નાની વાતમાં માતુશ્રીએ અપાર જ્ઞાન ભરી દીધું હતું. ખરેખર એવું જ લાગે છે કે માતુશ્રીએ મંગળભાવે પહેરાવેલા મંગળસૂત્રે રક્ષા કરી હતી.

વેરાવળ આંગણે કાઠિયાવાડનાં બધાં ક્ષેત્રોથી જનસમૂહ આવી પહોંચ્યો હતો. આજ વૈશાખ વદ અમાસ હતી. બીજે દિવસે, જેઠ સુદ એકમ, વિક્રમ સંવત ૧૯૯૯ના રોજ દીક્ષાનો વરઘોડો નીકળવાનો હતો. જૈન પરિભાષામાં તેને મહાભિનિષ્ક્રમણ કહેવામાં આવે છે. પૂજ્ય ગુરુદેવે બધા સામાનની તૈયારી કરાવી લીધી હતી. પાત્રા, રજોહરણ, જ્ઞાનપોથી, વસ્ત્રપોથી, ગુચ્છો, ઇત્યાદિ સાધુજીવનનાં ઉપકરણો સજાવીને તૈયાર કર્યાં હતાં. દીક્ષાની પછેડી પર સાથિયા પૂર્યા હતા.

સાંજના તમામ શ્રાવકોની એક મિટિંગ ભરવામાં આવી. મુંબઈથી દુર્લભજીભાઈ ખેતાણી વિશેષ આમંત્રણને માન આપી આવી પહોંચ્યા હતા. બિલખાના જેચંદ નાગજી, વિસાવદરના શામળજી ગાંઠાણી, જામનગરથી માનસંગ મંગલજી, રાજકોટથી રામજીભાઈ વિરાણી, જૂનાગઢના જેઠાલાલ પ્રાગજી રૂપાણી, ધારીથી જગજીવન ગોવા, સાવરકુંડલાથી માણેકચંદભાઈ તથા કુબેરભાઈ, ગોંડલથી રતિભાઈ ભાઈચંદ ગોડા, જેતપુરનો દેસાઈ પરિવાર, આ સમગ્ર અગ્રેસર શ્રાવકો દીક્ષા વખતે હાજર હતા. મુંબઈના તમામ શેઠિયાઓ ભાગ લેવા આવ્યા હતા. સભાનો મુખ્ય વિષય હતો કે દીક્ષા વખતે જે સારો ફાળો થાય તેનો શું ઉપયોગ કરવો. સર્વાનુમતે પ્રસ્તાવ પાસ થયો કે વડિયા મુકામે પૂજ્ય તપસ્વીજી માણેકચંદ મહારાજની સ્મૃતિમાં ગુરૂકુળની સ્થાપના કરવી. જેતપુરનો બધો ભંડાર ત્યાં લઈ જવો. આમ નક્કી થતાં જ્ઞાનદાનમાં સારી એવી રકમ એકત્ર થઈ. વડિયા પાઠશાળાનો શુભારંભ થશે અને તેનું સંચાલન મણિભાઈ મઢૂલીવાળા, દુર્લભજીભાઈ ખેતાણી, દુર્લભજીભાઈ વિરાણી અને જેઠાલાલ રૂપાણી સંભાળશે તેમ નક્કી થયું. ત્યારબાદ દીક્ષા સંબંધી ચર્ચાઓ કરવામાં આવી.

પોતાની દીક્ષા નિમિત્તે વડિયામાં જૈન ધર્મના અભ્યાસ માટે ગુરુકુળની સ્થાપના જેવું મંગલકાર્ય થઈ રહ્યું હતું તેનો જયંતીભાઈને આનંદ સાથે મોટો સંતોષ થઈ રહ્યો હતો. સંસારમાંથી સાધુ-જીવનમાં મંગલ પ્રવેશની પ્રતીક્ષામાં વૈરાગી જયંતીભાઈએ પ્રશાંતભાવે રાત્રિ વિતાવી.

❑



# ૫

# રચ્યો નવીન ઈતિહાસ

સવારથી દીક્ષાર્થી જયંતીભાઈ તથા બંને ચંપાબહેન તૈયાર થઈ ગયાં હતાં. જયંતીભાઈના વાળ ઝીલવાનો હક તેમના પરિવારને આપવામાં આવ્યો હતો. બાકી બધાં ઉપકરણોની ઉછામણી કરવાનું નક્કી થયું હતું. શ્રી ભાઈચંદભાઈ ઝાટકિયા ધારી સંઘ તરફથી મુખ્ય ભાગ લઈ સંચાલન કરી રહ્યા હતા. લાગતું હતું કે અત્યારે તેઓનું દુઃખ ઘણું હળવું થઈ ગયું છે. બહુ નાની ઉંમર હોવા છતાં જયાબહેને આ દીક્ષામાં ખાસ હાજરી આપી હતી. દીક્ષાના વરઘોડામાં બેસાડવાનું તથા તેમના હાથે વરસીદાન દેવાય તેમ સૌએ પ્રેરણા આપી હતી. જયંતીભાઈના રથમાં ભાવદીક્ષિત જયાબહેન, જયાબહેન ઝાટકિયા, દીક્ષાર્થી જયંતીભાઈ અને તેમના સહયોગી પ્રાણભાઈ રૂપાણી, એમ ચાર વ્યક્તિ બેસવાનાં હતાં. સામાન્યપણે જે રીતે દીક્ષાના વરઘોડા નીકળે છે તે રીતે બૅન્ડ-પાર્ટીઓના સમૂહ સાથે દીક્ષાનો વરઘોડો મદનજીભાઈ વીરપાલને ત્યાંથી શરૂ થયો. તેમનાં પત્નીએ વૈરાગી ભાવદીક્ષિતને તિલક કર્યું. ભગવાન મહાવીરના જયનાદ સાથે આકાશ ગુંજી ઊઠ્યું.

વૈરાગીએ વર્ષીદાન દીધું. એ જ રીતે બન્ને ચંપાબહેનની બે ગાડીઓ પણ સાથેસાથે ચાલી રહી હતી. વેરાવળના યુવકોની સેવા અપૂર્વ હતી. દીક્ષામંડપમાં પહોંચ્યા ત્યારે ત્યાં સંત-સાધ્વીઓ આગળથી જ બિરાજમાન હતાં. વૈરાગીઓએ તેમનાં દર્શન કરી, વંદના કરી આશીર્વાદ મેળવ્યા. આખો જનસમૂહ ખામોશ બની ગયો. માતુશ્રી અમૃતબહેનને એક ઊંચા આસને બેસાડ્યાં. તેઓએ પ્રેમથી સામે ચાલી *દીક્ષાની આજ્ઞા આપી હતી.*

કોઈને કલ્પના પણ ન હતી કે આવા પુત્રદાન કરનાર માતાજીને દીક્ષા વખતે કેવો ભયંકર મોહ વ્યાપ્ત થશે. સાધુઓએ જે રીતે પ્રેરણા આપી હતી તે રીતે ભાવદીક્ષિત જયંતીભાઈએ નાનકડું પ્રવચન આપ્યું.

ઉપકરણોની ઉછામણી થઈ. સારામાં સારી રકમ એકત્ર થઈ. ભાવદીક્ષિતોને રાવટી(તંબુ)માં લઈ ગયા. વેશપરિવર્તન થયું. લોચ માટે થોડા વાળ રાખી બાકીના વાળ ઉતારવામાં આવ્યા. બધો ક્રિયાકલાપ પૂર્ણ થતાં ભાવદીક્ષિત જ્યારે મંડપ ઉપર આવ્યા ત્યારે હજારો લોકોની આંખમાં આંસુ ઊભરાયાં. એક ધર્મભાવવિભોર વાતાવરણ સર્જાયું. સૌથી વધારે આઘાત માતુશ્રી અમૃતબહેનને લાગ્યો. એકાએક પુત્રમોહ વ્યાપ્ત થઈ ગયો. તેઓ જે ઊંચા આસને બેઠાં હતાં ત્યાંથી ચીસ પાડીને બેહોશ થઈ નીચે પડી ગયાં. થોડી વાર માટે ચોતરફ હાહાકાર મચી ગયો. તેમને સીધા હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં. જયંતીભાઈ આ દૃશ્ય જોઈ રહ્યા. અત્યારે પુત્ર તરીકે પોતે કશું કર્તવ્ય નિભાવી શકે તેમ નથી તેવો આભાસ થયો. લાગ્યું કે શું આ જ વૈરાગ્ય અને ત્યાગની કસોટી હશે? થોડી ક્ષણો માતાજીને ભૂલી જવા પડ્યાં. મંત્રોચ્ચાર થવા લાગ્યા.

અમૃતલાલભાઈએ સભા વચ્ચે ફરીથી દીક્ષાની સંમતિ આપી અને ગુરુ મહારાજને દીક્ષા આપવા માર્ગ પ્રશસ્ત કરી દીધો. આ એક એવી ક્ષણ હોય છે કે ત્યારે જો દીક્ષાર્થીના વાલી પોતાનો નિર્ણય બદલે તો બધું બંધ થઈ જાય, પરંપરાથી આ રીત ચાલી આવી છે. ગુરુદેવ પ્રાણલાલ સ્વામીની દીક્ષામાં તેમના મોટાભાઈએ છેક છેલ્લી ઘડીએ ના પાડી અને ભારે ગૂંચવડો ઊભો થયો હતો. જોકે છેવટે મહાજનની સમજાવટથી ઘીના ઠામમાં ઘી પડી રહ્યું. અમૃતલાલભાઈએ જેવી આજ્ઞા આપી કે તરત જ જયનાદ સાથે પાઠ ભણાવવામાં આવ્યા.

આજે જયંતીભાઈ હવે જયંતીભાઈ મટી જયંતમુનિ તરીકે પ્રકાશમાં આવ્યા. ગુરુદેવે નામની ઘોષણા કરી રજોહરણ થંભાવ્યો, જે જીવનપર્યંત સુધી ધારણ કરવાનો હોય છે. વેરાવળનો દીક્ષા-મહોત્સવ સારામાં સારી રીતે ઊજવાયો.

પ્રથમ પાત્રા પૂરવાનું કામ માતુશ્રી અમૃતબહેને કરવાનું હતું તે અટકી ગયું. કુટુંબીજનોએ પાત્રા પૂર્યા. જાદુઈ છડી ફરે તેમ ચારમાંથી પાંચ સાધુઓ થઈ ગયા. ગુરુદેવના મનમાં આજે ઘણું ગૌરવ હતું.

**જૂનાગઢ તરફ વિહાર :**

ગુરુદેવે દીક્ષા આપ્યા બાદ ફક્ત એક જ વાર પાંચે સંત એકસાથે ચાતુર્માસ કરી શક્યા. વેરાવળથી વિહાર કરી માંગરોળ, પોરબંદર, માળિયા અને કેશોદ થઈને જૂનાગઢ આવવાનું હતું. જૂનાગઢ શ્રી જેઠાભાઈ રૂપાણીનાં પુત્રી ગુણવંતીબહેનનાં લગ્ન રાજકોટના રામજીભાઈ વીરાણીના મોટા પુત્ર નગીનભાઈ સાથે નક્કી થયાં હતાં. લગ્નનો સમય આવી રહ્યો હતો. જેઠાભાઈએ

ગુરુદેવને ખાસ પ્રાર્થના કરી હતી કે આપ પધારો તો વરઘોડિયાને માંગલિકનો લાભ મળે. નિર્ધારિત સમય પર સંતોએ જૂનાગઢનો સ્પર્શ કર્યો અને નવદંપતીને માંગલિક સાંભળવાનો સુયોગ પ્રાપ્ત થયો.

**ધોરાજીમાં પ્રથમ ચાતુર્માસ :**

જૂનાગઢથી વડિયા અને જેતપુર થઈ ગુરુદેવ ચાતુર્માસ માટે ધોરાજી પધાર્યા. શ્રી માણેકચંદભાઈ ઝવેરચંદભાઈ દેસાઈના ભાવપૂર્ણ આગ્રહથી ધોરાજીનું ચાતુર્માસ સ્વીકાર્યું હતું. તેમની ભાવના હતી કે ધોરાજીમાં ચાતુર્માસ થાય તો પ્લોટ વિસ્તારમાં ગોંડલ સંપ્રદાય માટે નવો ઉપાશ્રય બંધાવી આપવો. ધોરાજીમાં જે ઉપાશ્રય હતો તે લીંબડી સંપ્રદાયનો હતો, તેને કારણે એક સમયે એક જ સંતનું ચોમાસું થઈ શકતું હતું. ખરેખર, માણેકચંદભાઈએ પોતાનું વચન પાળ્યું અને જોતજોતામાં નવું જૈન ભવન તૈયાર કરી આપ્યું. નવા જૈન ભવનમાં પ્રથમ ચાતુર્માસ ગુરુદેવનું થયું.

સૌરાષ્ટ્રકેસરી શ્રી ગુરુદેવ પ્રાણલાલસ્વામી જેવા સમર્થ ગુરુ હતા તેવા જ માણેકચંદભાઈ વચનપાલક ધર્મનિષ્ઠ શ્રાવક હતા. સાધુ અને શ્રાવકનો સંયોગ હોય તો સારાં પરિણામ આવે તેમાં આશ્ચર્ય નથી. ધોરાજી ચાતુર્માસમાં પાંચે સંતો એકસાથે બિરાજ્યા. સંઘમાં અનેરો ઉત્સાહ હતો. એ વખતે લીંબડી સંપ્રદાયના ઉપાશ્રયે એક સમર્થ સાધ્વીજી પ્રભાકુંવરજી ચાતુર્માસ અર્થે બિરાજ્યાં હતાં. તેઓ નાનચંદ્રજી મહારાજનાં પ્રખર શિષ્યા હતાં. વ્યાખ્યાનમાં તેમના બોલનો પડઘો પડતો. પરંતુ તેમની વિનયશીલતા જુઓ !

ગુરુમહારાજ બિરાજ્યા એટલે તેમણે પ્રવચન બંધ રાખ્યું. પોતે શિષ્યાઓ સાથે પ્રતિદિન પ્રવચનમાં આવવા લાગ્યા. લીંબડી અને ગોંડલના બધા શ્રાવકો એકસાથે મળી ચાતુર્માસ દીપાવી રહ્યા. આ છે પ્રેમનો સચોટ દાખલો. આપણા ચરિત્રનાયક જયંતમુનિજી હજી બાળમુનિ હતા અને ગુરુની સાથે એમનું પ્રથમ ચાતુર્માસ હતું, તેમને આ સંયોગોમાં ઘણું શીખવાનું મળ્યું. 'સાંપ્રદાયિક કલહ ન આવે અને પ્રેમભાવ જળવાઈ રહે' તે જયંતમુનિનું જીવનસૂત્ર બની ગયું. ગુરુદેવ આજે પણ કહે છે કે અમારા આટલા લાંબા વિહારોમાં અને આટલી વિશાળ ક્ષેત્રસ્પર્શનામાં આ સૂત્ર અમે બરાબર જાળવી રાખ્યું છે. જેના પરિણામે સ્થાનકવાસી સંપ્રદાય તો ઠીક, પરંતુ દેરાવાસી અને દિગંબરભાઈઓ, ગુજરાતી જૈનો, મારવાડી બંધુઓ અને પંજાબના શેર-એ-દિલ શ્રાવકો – બધા એક સૂત્રે બંધાયા છે.

ધોરાજીનું પ્રથમ ચાતુર્માસ ઘણા નિર્દેશ આપી ગયું. વિહારની શુભ શરૂઆત અને ચાતુર્માસના મંગલાચરણ-શ્રીગણેશ ધોરાજીથી થયા છે. ધોરાજી એ વખતનું ગોંડલ રાજનું એક ધમધમતું નગર હતું. ધોરાજીમાં મુસલમાનો સારી એવી સંખ્યામાં હતાં. કડવા કણબી અને લેવા પટેલ જ્ઞાતિના ભાઈઓ સંપન્ન સ્થિતિમાં હતા. તેમાં પણ પટેલ જાતિમાં ખૂબ ધનાઢ્ય ભાઈઓ હતા. ધોરાજીમાં

શેરબજારનું કામ ઘણા મોટા પ્રમાણમાં ચાલતું હતું. માણસ એક દિવસમાં કરોડપતિ બની જતો અને કરોડપતિમાંથી રોડપતિ પણ થઈ જતો.

ધોરાજી રાજનીતિનું પણ કેન્દ્ર હતું. તે વખતે પાકિસ્તાનની ચળવળ શરૂ થઈ હતી. મહમ્મદઅલી ઝીણાએ મુસ્લિમલીગનું સૂત્ર સંભાળ્યું હતું. અંદરખાને ધોરાજીમાંથી ઝીણાના આંદોલનને ઘણો ટેકો મળી રહ્યો હતો. બાટિયાના, કુતિયાણા અને ધોરાજી એક સૂત્રમાં બંધાયેલાં હતાં. બાજુમાં આવેલું જૂનાગઢ પણ એક મુસ્લિમ રાજ્ય હતું. એટલે આ લોકોને આંતરિક ચળવળ માટે ઘણો સંયોગ મળી રહેતો. ત્રણે ગામના મુસલમાનો ઘણા ધનાઢ્ય હતા.

રાજનીતિની પ્રવર્તમાન પરિસ્થિતિનો જયંતમુનિ થોડો અભ્યાસ કરતા હતા. ૧૯૪૨ની લડતમાં પોતે ખાદીધારી હતા અને રાજકોટ ગુરૂકુળના વિદ્યાર્થીઓ સાથે રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ લેવા માટે બે દિવસનો કારાવાસ ભોગવ્યો હતો. આમ રાજકીય પક્ષનો થોડોઘણો અભ્યાસ નજર સામે તરવરતો હતો. એ વખતે ધોરાજીના અણસાર નજરઅંદાજ થઈ રહ્યા હતા. આપણો જૈન સમાજ આ બધી બાબતોથી નિરાળો, શુદ્ધ, સાત્ત્વિક, ધાર્મિક સમાજ હોવાથી જ્ઞાન-દર્શન-ચારિત્ર્ય તપની સાધનામાં રત હતો. ગુરુદેવનું ચાતુર્માસ હોવાથી અનેરો ઉત્સાહ હતા.

**સાધુ શોભે સ્વાધ્યાયથી :**

પૂજ્ય ગુરુદેવ જયંતમુનિને વ્યાખ્યાનમાં પ્રથમ બોલવાનો અવસર આપતા. અડધો કલાક પ્રવચન આપ્યા પછી પૂજ્ય ગુરુદેવનું પ્રવચન શરૂ થતું. જયંતમુનિજી જે રીતે સામાજિક દૃષ્ટિએ કે રાજકીય દૃષ્ટિએ ઉપદેશ આપતા તે અનુકૂળ આવે તેવો નહોતો. જેથી ગુરુદેવ ઇશારો કરી દેતા. ફક્ત આધ્યાત્મિક અને ધાર્મિક ઉપદેશ આપવાની પ્રેરણા આપતા. આમ ધોરાજીનું ચાતુર્માસ આનંદપૂર્વક સંપન્ન થયું.

એમ લાગ્યું કે જયંતમુનિજીને વિશેષ અભ્યાસ માટે કોઈ એક જગ્યાએ સ્થિર થઈ અભ્યાસ કરવો પડશે. તપસ્વી મહારાજે આ પ્રસ્તાવ ગુરુમહારાજ પાસે મૂક્યો. ગુરુદેવ પ્રાણલાલસ્વામીએ મંજૂરી આપી કે તપસ્વી મહારાજ તથા જયંતમુનિ જેતપુર શાળામાં રહે અને પંડિતો રાખી અભ્યાસ શરૂ કરે. આ વરસે ગુરુદેવનું ચાતુર્માસ જામનગર હતું. જેતપુરમાં બધી વ્યવસ્થા કરાવી ગુરુદેવ વિહાર કરી ગયા. ગુરુદેવ સાથે મોટા અને નાના રતિલાલજી મુનિ હતા. જ્યારે તપસ્વીજી અને જયંતમુનિજી જેતપુર શાળામાં ચાતુર્માસ અર્થે રોકાયા અને ધાર્મિક અભ્યાસ શરૂ કર્યો. ગુરુદેવ સાથે ચાતુર્માસ કરવાનો ફક્ત એક જ વરસ યોગ આવ્યો. ત્યારબાદ જયંતમુનિજીને ગુરુદેવ સાથે ચાતુર્માસ કરવાનો વિયોગ જ રહ્યો.

વડિયા પાઠશાળાનું કલ્પનાચિત્ર તૈયાર થઈ ગયું હતું. જેતપુરથી શરૂઆત કરવી અને ત્યારબાદ આખી પાઠશાળા વડિયા ટ્રાન્સફર કરવી તેમ નક્કી કરવામાં આવ્યું હતું. સાધુ-સંતને ભણાવવા

માટે મારવાડ-રાજસ્થાનથી પંડિત રોશનલાલને જેતપુર પાઠશાળામાં પ્રથમ આચાર્ય તરીકે નિયુક્ત કર્યા.

પંડિત રોશનલાલ ઓસવાળ જાતિના સ્થાનકવાસી જૈન હતા. તેમણે રાજસ્થાનમાં છોટી સાદડી ગુરુકુળમાં જૈન ધર્મનો ઊંડો અભ્યાસ કર્યો હતો. જૈનદર્શનના ઉચ્ચ કોટિના વિદ્વાન હતા. પંડિત રોશનલાલજી અને તેમના ભાઈ વસંતલાલ સાધુ-સંતોને ભણાવવાનું કામ કરતા. બંને ભાઈઓ સૌરાષ્ટ્રમાં આવ્યા. વસંતલાલ રાજકોટ સંઘમાં સેવા આપવા રોકાયા, જ્યારે રોશનલાલજી જેતપુર આવ્યા. રોશનલાલજી ચારિત્ર્યવાન યુવક હતા. તે પૂ. તપસ્વીજી મહારાજના અતિ કૃપાપાત્ર બન્યા. તેમના સંથારા વખતે પિસ્તાલીસ દિવસ સુધી રાજગિરિમાં હાજર રહી અહર્નિશ સેવા કરી હતી. એ દુ:ખની વાત થઈ કે વડિયા પાઠશાળા સમાપ્ત થયા પછી તેઓ કચ્છમાં ભણાવવા માટે ગયા અને ત્યાં તેમનું નિધન થયું. પંડિત રોશનલાલે બહુ નાની ઉંમરે વિદાય લીધી. જૈન સમાજે એક ઉચ્ચ કોટિના વિદ્વાન અકાળે ગુમાવ્યા.

પંડિત રોશનલાલજી જેતપુરમાં જયંતમુનિને અભ્યાસ કરાવવા લાગ્યા. રાજકોટ ગુરુકુળમાં સારો એવો અભ્યાસ થઈ ચૂક્યો હતો. જેથી અહીં ઉચ્ચ ધોરણે અભ્યાસ શરૂ થયો. મુખ્યત્વે 'સ્યાદ્વાદ મંજરી' અને ત્યારબાદ ન્યાયનાં ગ્રંથોનો અભ્યાસ ચાલતો હતો. વ્યાકરણમાં સિદ્ધાંતકૌમુદીનો અભ્યાસ શરૂ કર્યો. એક વરસમાં સંપૂર્ણ મધ્યમા પરીક્ષા આપવાની ઇચ્છા હતી.

**શ્રુતજ્ઞાનનો અપાર મહિમા :**

જેતપુર પાઠશાળામાં પરમ પૂજ્ય ગુરુદેવ તપસ્વીજી માણેકચંદ્રજી મહારાજે શાસ્ત્રભંડારની સ્થાપના કરી હતી. જયંતમુનિજીએ સમગ્ર ભંડારનું પ્રતિલેખન કર્યું. એક એક ગ્રંથોને ફરીથી સારી રીતે પોથીબંધ કરી વ્યવસ્થિત કર્યા. આ કાર્ય વખતે પૂજ્ય ગુરુદેવ પ્રાણલાલજી સ્વામી પણ હાજર હતા. ભંડારનું ફરી આલોચન થવાથી શાસ્ત્ર સંબંધી ખૂબ સારી જાણકારી મળી. આ ભંડારમાં ઘણાં શાસ્ત્રો હસ્તપ્રતસ્વરૂપે હતાં. સોળસો વરસ પહેલાં લખાયેલું હસ્તલિખિત શાસ્ત્ર મોતીની જેમ ચમકતું હતું. લહિયાઓ અને મુનિરાજો સુવર્ણઘુટિત એવી શાહી બનાવતા હતા કે તેનો રંગ હજારો વરસો સુધી એવો ને એવો જ રહેતો. આજના ગ્રંથો દસ-વીસ વરસમાં ઝાંખા પડી જાય છે. હસ્તલેખન કલા એ જૈન મુનિઓની અને તે સમયના લહિયાઓની વિશિષ્ટ કલા હતી.

હસ્તલિખિત શાસ્ત્રોમાં જૈન સમાજ આખા વિશ્વમાં મોખરે છે. બૌદ્ધ અને સનાતન ધર્મનાં પણ હસ્તલિખિત શાસ્ત્રો જૈન ગ્રંથભંડારોમાં ઉપલબ્ધ છે. એ જ રીતે વિશ્વમાં અન્ય રાષ્ટ્રો પાસે પણ હસ્તલિખિત ગ્રંથો છે. પરંતુ જૈનસંઘે હસ્તલેખનકલામાં જે પ્રગતિ કરી હતી તે અલૌકિક છે. તેમાં પણ તાડપત્રનું હસ્તલેખન તો કલ્પનાતીત કુશળતા અને સૌંદર્ય ધરાવે છે. સૂકવેલાં તાડપત્રો ઉપર સોયની અણીથી બારીક અક્ષરો ખોદવામાં આવે છે અને ત્યારબાદ તેમાં સોના જેવી ચમકતી વિશિષ્ટ શાહી ભરવામાં આવે છે.

આ કામ એટલું બધું સૂક્ષ્મ છે કે તેનું દર્શન કર્યા પછી જોનારના હૃદયમાં અહોભાવ પ્રગટ થાય છે. જેતપુર પાઠશાળામાં આવા તાડપત્રના ઘણા નમૂના હતા. તે ઉપરાંત ઘણાં હસ્તલિખિત શાસ્ત્રો હતાં. ચોથી શતાબ્દીથી લઈ પાછળની લગભગ બધી શતાબ્દીઓના નમૂનાઓ જોઈ શકાતા હતા. જેતપુર શાસ્ત્રભંડાર એક વિશિષ્ટ ગૌરવ ધરાવતો હતો. જોકે ભંડારો સાચવવાની કલામાં શ્વેતાંબર-મૂર્તિપૂજક સમાજ અગ્રસ્થાન ધરાવે છે. જ્યારે સ્થાનકવાસી સમાજ પોતાના શાસ્ત્રભંડારોની જોઈએ તેટલી રક્ષા કરી શક્યો નથી. ક્યાંક ભંડારોમાં શાસ્ત્રોને સૂક્ષ્મ કીડા કોતરી ખાય તેવી દુર્દશા જોવામાં આવે છે.

**ક્રાંતિકારી પરંપરાના સર્જક :**

સૌરાષ્ટ્રના ગોંડલ સંપ્રદાયના મહાન તપસ્વી માણેકચંદ્રજી સ્વામીએ જેતપુર શાસ્ત્રભંડારની સ્થાપના કરેલી. તેઓ અત્યંત ક્રિયાવાદી અને તપસ્વી સંત હોવા છતાં વિચારોમાં ક્રાંતિકારી સંત હતા. તેમના સમય સુધી સૌરાષ્ટ્રના સંપ્રદાયોમાં પાઠશાળા ચલાવવાની પ્રથા ન હતી. સમગ્ર સૌરાષ્ટ્રમાં તેઓએ પાઠશાળા સ્થાપી હતી.

પૂ. તપસ્વીજી માણેકચંદ્રજી મહારાજે ત્રણ પરંપરાઓ શરૂ કરી : (૧) શાસ્ત્રભંડાર, (૨) જૈનશાળા અને (૩) પાઠશાળા

શાસ્ત્રભંડાર ઉપરાંત જૈન બાળકોને ભણાવવા માટે જૈનશાળાની તેમણે શરૂઆત કરાવી હતી. બાળકોને જૈન ધર્મની શિક્ષા મળે તે બહુ જરૂરી હતું. ભાવદીક્ષિત વૈરાગી ભાઈ-બહેનો તથા સાધુ-સંતોને ભણાવવા માટે પાઠશાળાની સ્થાપના કરી હતી. પૂજ્ય તપસ્વી માણેકચંદ્રજી મહારાજે જ્ઞાનક્ષેત્રમાં આગળ પગલું ભર્યું હતું. આ જેતપુર પાઠશાળા પણ તેમના પુરુષાર્થનું પરિણામ હતું. જયંતમુનિજીને જેતપુર દરમિયાન શાસ્ત્રભંડારનો અમૂલ્ય લાભ મળ્યો અને પાઠશાળામાં અભ્યાસ કરી દર્શનશાસ્ત્રનો પાયો મજબૂત કર્યો. જોતજોતામાં જેતપુરનો ચાતુર્માસ પૂરો થયો.

પૂ. ગુરુદેવ જામનગરથી પુનઃ જેતપુર પધાર્યા. વડિયા પાઠશાળાની શરૂઆત કરવાની હતી. આ બાબતમાં પાઠશાળાનું વિધાન લખવાની કામગીરી જયંતમુનિને સોંપવામાં આવી. બધા સંતો વડિયા પધાર્યા. જૈન ઉપાશ્રયથી કાર્ય શરૂ કરવામાં આવ્યું. પંડિત રોશનલાલજીને પાઠશાળાનું સમગ્ર સંચાલન સુપ્રત કરી અધ્યક્ષ તરીકે તેમની નિમણૂક કરવામાં આવી. વડિયામાં સમગ્ર કાઠિયાવાડના જૈન સંઘોના આગેવાનોની તથા મુંબઈના શ્રેષ્ઠિ શ્રાવકોની સભા થઈ. વડિયા પાઠશાળાનો પાયો મજબૂત થયો. તપસ્વી જગજીવન મહારાજ તથા જયંતમુનિજી વડિયા ચાતુર્માસ અર્થે રોકાયા. તેમનો ધાર્મિક અભ્યાસ ચાલુ હતો. ગુરુદેવ ચાતુર્માસ માટે અન્ય ક્ષેત્રમાં વિહાર કરી ગયા.

**સૌરાષ્ટ્રના સિંહ છો તમે :**

એ દુર્ભાગ્ય હતું કે જયંતમુનિને ગુરુદેવનું પૂરતું સાંનિધ્ય પ્રાપ્ત થયું નહીં. તેમના પ્રચંડ

વ્યક્તિત્વનો પૂરો લાભ જયંતમુનિજીને પ્રાપ્ત થઈ શક્યો નહીં. પરંતુ જેટલો સાથે રહેવાનો અવસર આવ્યો તે દરમિયાન તેમના વિશિષ્ટ ગુણોનો જયંતમુનિજીએ અભ્યાસ કર્યો. ગુરુદેવ દેવલોક થયા પછી બેલાચંપા આશ્રમમાં જયંતમુનિજીએ પ્રાણલાલજી સ્વામીનું સમગ્ર જીવનચરિત્ર લખ્યું છે, જે 'જીવનરેખા' તરીકે પ્રસિદ્ધ થયું. એ પછી ડૉ. તરુલતાબાઈ મહાસતીજી (પીએચ.ડી.)એ પણ પૂ. પ્રાણલાલજી સ્વામીના જીવનચરિત્રનું સંપાદન કર્યું છે. તે ગ્રંથમાં જીવનરેખાનો પૂરો આધાર લેવામાં આવ્યો છે. આ ઉપરાંત જયંતમુનિએ તેમના ગુરુદેવની હસ્તરેખાઓનું પૂરું આકલન આપ્યું છે અને ગુરુદેવના વિશિષ્ટ વ્યક્તિત્વનો ચિતાર આપ્યો છે. ઘણા સંતો પોતપોતાના ક્ષેત્રમાં સ્વયં કેસરી બની જાય છે. પરંતુ ગુરુદેવ પ્રાણલાલ સ્વામી ખરેખર સૌરાષ્ટ્રકેસરી હતા.

આ બિરુદ ગુરુદેવને કોણે આપ્યું ? ઘણાને ખ્યાલ નહીં હોય, પરંતુ પંજાબકેસરી મહાન ઉત્કટ આચરણવાળા ક્રિયાપાત્ર જૈનાચાર્ય શ્રી કાશીરામજી મહારાજ રાજકોટ ચાતુર્માસ કરી જૂનાગઢ પધાર્યા હતા અને તેઓનું ગુરુદેવ પ્રાણલાલજી સ્વામી સાથે મિલન થયું. આ વખતે કાશીરામજી મહારાજ ગુરુદેવથી ખૂબ પ્રભાવિત થયા અને સ્વત: બોલી ઊઠ્યા :

"પ્રાણલાલ, તુમ તો સૌરાષ્ટ્રકેસરી હો. સૌરાષ્ટ્ર કા શેર હો ઔર આજ કી સભા મેં હમ પ્રાણલાલજી મુનિજી કો સૌરાષ્ટ્રકેસરી કા બિરુદ દેને કી ઘોષણા કરતે હૈં."

"પ્રાણલાલ, તમે તો સૌરાષ્ટ્રકેસરી છો ! સૌરાષ્ટ્રના સિંહ છો ! આજની સભામાં અમે મુનિ પ્રાણલાલને 'સૌરાષ્ટ્રકેસરી'નું બિરુદ આપવાની ઘોષણા કરીએ છીએ." આ સમયે જયંતમુનિજી પ્રત્યક્ષ હાજર હતા. સૌરાષ્ટ્રકેસરીનો જય-જયકાર થયો અને તેઓ સાચા અર્થમાં સૌરાષ્ટ્રકેસરી તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

વડિયા પાઠશાળાના દિવસો અધ્યયનમાં વ્યતીત થયા. ચાતુર્માસ પૂર્ણ થયા પછી ગુરુદેવ પુન: વડિયા પધાર્યા. તેઓએ વડિયા પાઠશાળાનું સૂત્ર હાથમાં લીધું અને તેના વિકાસ અર્થે પુરુષાર્થ ઉપાડ્યો. જયંતમુનિજીને સંપૂર્ણ મધ્યમા પરીક્ષા આપવા માટે વિહાર કરી જામનગર જવું જરૂરી હતું.

**તપસમ્રાટ અને સેવાસમ્રાટ :**

ગુરુદેવે ફરમાવ્યું કે પૂ. તપસ્વી મહારાજ તેમની સાથે રોકાશે અને મોટા રતિલાલજી મહારાજ જયંતમુનિને સાથે લઈ પરીક્ષા આપવા માટે જામનગર જશે. જામનગર બે મહિના સુધી રોકાવાનું બન્યું. વિહારનો સમય મળીને પૂ. મોટા રતિલાલજી મહારાજ સાથે ત્રણ મહિના રહેવાનો અવસર સાંપડ્યો. મોટા રતિલાલ મહારાજ અને જયંતમુનિ વડિયાથી વિહાર કરી જામનગર પધાર્યા. પૂજ્ય મોટા રતિલાલજી મૌનધારી હતા અને કડક સંત ગણાતા હતા. જયંતમુનિજીને જણાવતાં ઘણો જ હર્ષ થાય છે કે તેની સંભાળ લેવામાં અને નાના મુનિ તરીકે શુશ્રૂષા કરવામાં તેમણે *જરાપણ કચાશ ન રાખી.*

પૂ. રતિલાલજી સ્વામી જ્ઞાન-ઉપાસનાના ખૂબ પક્ષપાતી હતા. એકસાથે ચાર વરસની પરીક્ષા આપવાની હતી અને તેનો લગાતાર અભ્યાસ કરવાનો હતો. વાંચનમાં પૂરો સમય આપવા માટે તેમણે જયંતમુનિજીને ભલામણ કરી. શ્રી જયંતમુનિજી રાત-દિવસ અભ્યાસમાં એકલીન બની ગયા. બાકીની બધી સેવાઓ પૂ. રતિલાલજી મહારાજે ઉપાડી લીધી હતી. પૂ. રતિલાલજી સ્વામી પોતે જ બન્ને સંતની ગૌચરી, પાણી, વસ્ત્ર-પક્ષાલન, પ્રતિલેખન, શૈયાસંશોધન ઇત્યાદિ કરતા હતા. તેઓ આહાર-પાણીમાં ખૂબ ચીવટ રાખતા. વિદ્યાર્થીને અનુકૂળ ગોચરી લાવી સમય પર આહાર કરાવવો તે એક પ્રકારે તેમની પ્રવૃત્તિ બની ગઈ હતી. એક નાનું કામ પણ જયંતમુનિને કરવા દેતા નહીં. કદાચ એક પિતા પણ પોતાના પુત્રની આટલી સંભાળ ન રાખી શકે. તેમણે ઘણી ઉચ્ચકોટિની સેવાશુશ્રૂષા બજાવી. પૂ. રતિલાલજી મહારાજે અભ્યાસમાં સહયોગ આપ્યો. જયંતમુનિજીના મન પર એમના વત્સલ, વિરલ વ્યક્તિત્વની છાપ પાડી ગયા છે.

આજે પણ ગુરુદેવ આ પ્રસંગને યાદ કરે છે ત્યારે ગોંડલગચ્છના પૂજ્ય તપસમ્રાટ રતિલાલજી સ્વામીને નતમસ્તક થઈ ભાવ અર્પણ કરે છે. ખરેખર, તે જેટલા તપસમ્રાટ હતા, તેથી વધારે સેવાસમ્રાટ હતા. સાચું કહો તો તેમને સેવાસમ્રાટનું પદ આપવાની જરૂર હતી. ધન્ય છે, વડીલ હોવા છતાં તેમણે લઘુમુનિની અપૂર્વ સેવા બજાવી. આવા વિશિષ્ટ ગુણવાળા વડીલ ગુરુબંધુ તપસ્વી રતિલાલજી મહારાજ પોતાની ગૌરવગાથા મૂકી ગયા છે.

જામનગર ભેડા ધર્મશાળામાં સંતો ઊતર્યા હતા. એ વખતે કચ્છમાં જવાની કોઈ રેલવે-વ્યવસ્થા ન હતી. જેથી હજારો કચ્છી ભાઈ-બહેનો મુંબઈથી જામનગર આવી દરિયારસ્તે બોટમાં બેસી કચ્છ જતાં. આ આખી ધર્મશાળા કચ્છીઓની ભેડા ધર્મશાળા તરીકે એ જાણીતી હતી.

એ વખતે ડૉ. મહેતાસાહેબ જામનગરના સુપ્રસિદ્ધ રાજમાન્ય દાક્તર હતા. એ સમયે વિશ્વનાં બે મોટાં સોલેરિયમ જાણીતાં હતાં. એક સોલેરિયમ ફ્રાંસમાં સ્થપાયેલું હતું અને બીજું જામનગરમાં હતું. આ સોલેરિયમ સ્થાપવાનું શ્રેય જામનગરનાં રાણી ગુલાલકુંવરબા તથા ડૉ. મહેતાને ફાળે જાય છે. ડૉ. મહેતા કુશળ મેડિકલ ડૉક્ટર હતા પણ તે સાથે આયુર્વેદના પણ એટલા જ પારંગત મહાન વિદ્વાન હતા. સોલેરિયમ ઉપરાંત તેમણે જામનગરનું પ્રસિદ્ધ આયુર્વેદિક સંસ્થાન સ્થાપ્યું હતું. તેનું નિર્માણ એટલું વ્યવસ્થિત અને સુંદર રીતે કર્યું હતું કે તેનો નમૂનો વિશ્વમાં મળવો મુશ્કેલ છે.

મહેતાસાહેબ જૈન સંતો પ્રત્યે પણ ઊંડી ભક્તિ ધરાવતા હતા. તેમનાં પત્ની પણ એવાં જ ધર્મશીલ, ભક્તિપ્રધાન અને સમજદાર શ્રાવિકા હતાં. જ્યાં ગુરુદેવ ઊતર્યા હતા તેમની પાસે જ મહેતાસાહેબનો બંગલો હતો. તેઓ સંતોની બધી આવશ્યકતાનું ધ્યાન રાખતા. મહેતાસાહેબનું વજન મુશ્કેલથી પાંત્રીસ કિલો હશે, પરંતુ મસ્તિષ્ક જાણે હજારો કિલોનું હતું. જેટલા કોમળ હતા એટલા જ કડક પણ હતા. તેમની પાસેથી ઘણું શીખવાનું મળ્યું.

અણદાબાવાના આશ્રમમાં પરીક્ષા આપવાનું કેન્દ્ર હતું. રાત-દિવસના પરિશ્રમ પછી સંપૂર્ણ 'મધ્યમા'ની પરીક્ષા આપવાની હતી. પેપર લખાયા પછી પરિણામ બહાર પડ્યું ત્યારે જયંતમુનિજી સારા નંબરે ઉત્તીર્ણ થયા હતા. એમનું પ્રથમ નંબર મેળવવાનું સ્વપ્ન સાકાર થયું નહીં, પરંતુ સંસ્કૃત અને દર્શનશાસ્ત્રના અભ્યાસની પિપાસા વધુ તીવ્ર થઈ. રાજકોટમાં પ્રાણશંકરભાઈએ સંસ્કૃતના અભ્યાસ માટે જે જિજ્ઞાસા જાગ્રત કરી હતી તે હવે વધુ અભ્યાસ વગર સંતોષાય તેમ ન હતી.

**ઈતિહાસનો નવીન અધ્યાય :**

મોટા રતિલાલજી મહારાજ અને જયંતમુનિજી જામનગરથી કાલાવડ પધાર્યા. આ તરફ ગુરુદેવ પ્રાણલાલજી સ્વામી પણ કાલાવડ પધાર્યા. પાંચે સંતોનું મિલન થયું. ત્યારે જયંતમુનિજીએ વાત મૂકી કે તેઓ સંસ્કૃતના તથા ન્યાયદર્શનના અભ્યાસ માટે વારાણસી જવા ઇચ્છે છે. રાજકોટ ગુરુકુળમાં પ્રાણશંકરભાઈએ સંસ્કૃતનું રસાસ્વાદન કરાવ્યું હતું. એ પછી પંડિત રોશનલાલજીએ ઉચ્ચ અભ્યાસ કરાવ્યા પછી અને મધ્યમાની પરીક્ષાની સફળતા પ્રાપ્ત કર્યા બાદ સંસ્કૃત અને દર્શનશાસ્ત્રના વધુ અભ્યાસની તૃષા વધુ તીવ્ર થઈ. કાશીના પંડિતો પાસે જઈ વધુ અભ્યાસ કરવામાં આવે તો જ એ જ્ઞાનજિજ્ઞાસા સંતોષાય તેમ હતી. શરૂઆતમાં ગુરુદેવે ધ્યાન ન આપ્યું, પણ ગુરુદેવને અંતરમાં આભાસ થયો હતો કે જયંતી હવે સૌરાષ્ટ્રની સીમામાં બંધાઈ ન જતાં વિશાળ વિહારયાત્રામાં જોડાશે. થોડા સમય માટે વાત વિસારે પડી ગઈ, પણ જયંતમુનિજીના અંતરમાં કાશી જવાની ભાવના વધતી જતી હતી.

આ વર્ષે પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ જામનગર હતું. શ્રી છગનભાઈ જાદવજી દોશીના આગ્રહથી પૂ. તપસ્વી જગજીવન મહારાજ તથા જયંતમુનિને કાલાવડ ચાતુર્માસ માટે મૂક્યા. કાલાવડથી સ્વતંત્ર ચાતુર્માસનો શુભારંભ થયો. અત્યાર સુધી અભ્યાસ માટે અલગ હતા, પરંતુ આ વરસે ચાતુર્માસ નિમિત્તે ખાસ જુદા પડ્યા. ગુરુકૃપાથી કાલાવડનું ચાતુર્માસ ઘણું સફળ થયું. આ ચાતુર્માસ દરમ્યાન ૧૯૪૭માં ભારતને આઝાદી મળી. પંદરમી ઑગસ્ટે આઝાદીની ઉજવણી કરવાનો અવસર ઉપલબ્ધ થયો. ભારત-પાકિસ્તાનના વિભાજનથી જે માનવસંહાર થયો હતો તેનાં જખમ હજુ રુઝાયાં ન હતાં, ત્યાં આનંદ-ઉત્સવ ઊજવવો કઈ રીતે ?

કાલાવડના વિશાળ મેદાનમાં એક વિરાટ સભા ભરવામાં આવી. આઝાદી વિશે ભાષણ આપનાર કોઈ નેતા ન હતા. જ્યારે જયંતમુનિજી આ વિષયમાં ઘણો રસ અને જાણકારી ધરાવતા હતા. ભાગલા પડવાથી જયંતમુનિજીની ગાંધીવાદી શ્રદ્ધા ચલાયમાન થઈ ગઈ હતી. હિન્દુ માનસ જાગ્રત થયું હતું. આઝાદી એ ફક્ત ગાંધીમાર્ગનો પુરુષાર્થ ન હતો. લાખો યુવકોએ અને યુવતીઓએ બલિદાન આપ્યાં હતાં. સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજની રચના કરી બર્માની ભૂમિ પરથી અંગ્રેજોને લલકાર્યા હતા.

સુભાષ બોઝના લલકારનો પડઘો સમગ્ર દેશમાં પડ્યો. તેઓ ક્રાંતિકારી હોવાથી અને રાજનીતિના સિદ્ધાંતો જાણતા હોવાથી અહિંસા આંદોલનમાં પૂરો વિશ્વાસ કરતા નહીં. જરૂર પડે તો અંગ્રેજો સામે યુદ્ધ કરવા તૈયાર હતા. તેમણે એક સ્વતંત્ર સેના 'આઝાદ હિંદ ફોજ'ની સ્થાપના કરી. સુભાષચંદ્ર બોઝના 'ચલો દિલ્હી'ના નારાથી અંગ્રેજ સરકાર ધ્રૂજી ઊઠી. ગાંધી પ્રવૃત્તિને પરિણામે જાગેલા આંદોલનો સામે અંગ્રેજ સરકારને ઝૂકવું પડ્યું.

પૉંડિચેરીના યોગી અરવિંદ ઘોષના જન્મદિવસ ૧૫ ઑગસ્ટે અંગ્રેજોએ ભારતની સત્તાનાં સૂત્રો ભારતીય પ્રજાને સોંપી દીધાં. જનતાના આગ્રહથી જયંતમુનિજી આઝાદી ઉત્સવ સભામાં પધાર્યા. સતત દોઢ કલાક સુધી આઝાદી પર ભાષણ આપ્યું, મહાત્મા ગાંધી અને બીજા નેતાઓના જયકાર સાથે ભારતમાતાનો જયકાર કર્યો. આટલી વિશાળ રાષ્ટ્રીય સભામાં બેધડક ભાષણ આપવાનો જયંતમુનિજી માટે આ પ્રથમ અવસર હતો. આ ભાષણમાં તેમણે આઝાદીના અંતરંગ ભાવને પણ સમજાવ્યો હતો.

**નિર્ણયની ઘડી :**

કાલાવડમાં જયંતમુનિજીનાં સાંસારિક નાનાં બહેન જયાબહેન ધાર્મિક અભ્યાસ કરતાં હતાં. તેઓનો દીક્ષા લેવાનો નિર્ણય અફર હતો. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી સ્વામી જામનગરથી કાલાવાડ પધાર્યા. જયાબહેનને સાવરકુંડલામાં દીક્ષા આપવાનું નક્કી થયું. તેમની સાથે ગુલાબબહેન તથા પ્રાણકુંવરબહેન દીક્ષા લેવાનાં ઉમેદવાર હતાં. સાવરકુંડલા સંઘ અપૂર્વ લાભ મળવા બાબત ઉત્સાહ ધરાવતો હતો. શ્રી જયંતમુનિજીએ પુનઃ ગુરુદેવને વિનંતી કરી કે તેઓ કાશી અભ્યાસ કરવા જવા માટે આજ્ઞાપ્રદાન કરે.

ગુરુદેવ હવે જયંતમુનિના આંતરિક ભાવને પામી ગયા હતા. તેમણે કહ્યું, "જો તપસ્વી જગજીવનજી મહારાજ સાથ આપવા તૈયાર હોય તો જ હું આજ્ઞા આપી શકું. કાશી એકલા જવાય નહીં."

જયંતમુનિજીનો નિર્ધાર હતો કે સાથ ન મળે તો એકલા ચાલી નીકળવું. ગુરુદેવે રહસ્ય સમજાવ્યું. બે સંત હોવા જોઈએ તેની પાછળનો મર્મ સમજાવ્યો. તપસ્વી મહારાજને સાથે જવા માટે તૈયાર કર્યા. ખરેખર, આ વિચાર ગુરુ મહારાજ માટે શિષ્યનો મહાવિયોગ ઊભો કરનારો હતો, જ્યારે જયંતમુનિજી માટે જીવનને એક નવો અને યશસ્વી વળાંક આપનાર હતો.

અત્યાર સુધી કોઈ પણ સ્થાનકવાસી સંત વારાણસી સુધી વિહાર કરી ગયા ન હતા. અનેક વર્ષો પહેલાં યશોવિજયજી મહારાજ અધ્યયન અર્થે ખાસ વારાણસી ગયા હતા. ત્યારબાદ જૈન સાધુ માટે અધ્યયન કરવા વારાણસી જવાનો આ પ્રથમ અવસર હતો. જયંતમુનિજી માટે જ નહીં, પણ જૈન સમાજ માટે આ એક ઐતિહાસિક ઘટના બની ગઈ.

કાલાવડમાં વિચારવિમર્શ થયા પછી બધા સંતો અને સાધ્વીજીઓ સાવરકુંડલા પધાર્યાં. સાવરકુંડલા સંઘ દીક્ષા ઓચ્છવની બધી તૈયારી કરી ચૂક્યો હતો. ગુરુદેવ શિષ્યો સહિત સાવરકુંડલા પધાર્યા. દીક્ષા ઉત્સવ ઊજવાય તે પહેલાં મહાત્મા ગાંધીની હત્યાનો બનાવ બન્યો. સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયો. સાવરકુંડલા તો ગાંધીપ્રેમીઓના જનસમૂહનું મુખ્ય કેન્દ્ર હતું. આખા સાવરકુંડલામાં ચિત્કાર થઈ ગયો. નાવલી નદીના વિશાળ મેદાનમાં જોતજોતામાં વીસહજાર માણસો એકત્ર થઈ ગયા. ગુરુદેવ સ્વયં જયંતમુનિને સાથે લઈ આ સભામાં પધાર્યા.

ગુરુદેવે કહ્યું, “જયંતી, આ રાષ્ટ્રીય ઘટના છે. તું તો ખાદીધારી છો. તને આ વિષયમાં બોલવું ફાવશે.”

જયંતમુનિજી વીસ મિનિટ સુધી લગાતાર બોલ્યા. જયંતમુનિએ મહાત્મા ગાંધીજીને હાર્દિક શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું :

“ગાંધીજી સત્યના અવતાર હતા. ઈમાનદારી તેમના કણેકણમાં સમાયેલી હતી. સિદ્ધાંતને ખાતર મરી ફીટવાનો કે બલિદાન આપવાનો તેમનો સંકલ્પ હતો. અન્યાયની સામે ઝૂકવા કરતાં મરી જવું સારું, તેવા દૃઢ વિચારવાળા હતા. તેમણે આખી જિંદગી અન્યાયની સામે લડવામાં વિતાવી. રાષ્ટ્રહિત કરતાં પણ તેમણે સત્ય અને અહિંસાને વધુ પ્રાધાન્ય આપ્યું. આજે તેમનાં આગ્રહને કારણે જ તેઓ દેશને માટે સમર્પિત થયા. ગાંધીજીનો આગ્રહ એટલે સત્યાગ્રહ. આવી વિશ્વવંદનીય વિભૂતિને આજ ભારતની પ્રજા ગુમાવી બેઠી છે. લાગે છે કે આપણે અનાથ થઈ ગયા છીએ. ભારતનું શિરછત્ર ઊડી ગયું છે.”

આવી હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ અર્પણ કરતા જનસમૂહે જયંતમુનિજીને પ્રેમથી વધાવી લીધા હતા. ગુરુદેવને પણ લાગ્યું કે શિષ્ય તરીકે જયંતમુનિજીએ એમના ગૌરવમાં વધારો કર્યો છે.

**હરિજનોની હાજરીમાં ગાંધીજીને શ્રદ્ધાંજલિ :**

બીજે દિવસે આમજનતાના કાર્યકર્તાઓએ બીજી એક સભાનું આયોજન કરાવ્યું. જયંતમુનિજીએ હરિજન પ્રત્યેની ગાંધીજીની લાગણીનો ઉલ્લેખ કર્યો હતો. આ વિશાળ સભામાં મુખ્ય રૂપે સેંકડો હરિજનોને આમંત્રિત કર્યા હતા. મુખ્ય વક્તા તરીકે શ્રી જયંતમુનિજીને આમંત્રિત કર્યા હતા.

ગુરુદેવની અપાર કૃપા હતી. તેઓ જયંતમુનિને લઈ પુનઃ હરિજન સભામાં પધાર્યા ત્યારે લોકોએ તાળીઓના ગડગડાટથી ગુરુદેવને વધાવી લીધા. અહીં જયંતમુનિજીએ સતત દોઢ કલાક સુધી પ્રવચન આપ્યું. પોતાના જોશીલા પ્રવચનમાં કહ્યું :

“હરિજનોને અસ્પૃશ્ય માની જે વ્યવહાર થયો છે તે ભારતીય સંસ્કૃતિનું મોટું કલંક છે. મૂળ શાસ્ત્રો કે વેદોમાં વર્ણવ્યવસ્થા છે, પરંતુ અસ્પૃશ્યતાનું નામ નથી. ચારે વર્ણ સમાજનાં ચાર

પ્રમુખ અંગ છે. અંગને અસ્પૃશ્ય માની કાપી નાખવામાં આવે તો એક અંગનું મૃત્યુ થાય. સમાજ પણ લંગડો બની જાય. અસ્પૃશ્યતાએ આગળ ચાલીને ઘૃણાનું રૂપ ધારણ કર્યું. આટલા મોટા વિશાળ જનસમૂહને ઘૃણાની દૃષ્ટિએ જોવાથી દેશને મોટી હાનિ થઈ છે.

"દેશ ખંડિત થઈ ગયો છે. કરોડોની સંખ્યા ધરાવતો હરિજનસમાજ અનાથ બની ગયો અને ગરીબીમાં સપડાયો. જ્યારે આ દેશમાં મુસ્લિમ સંસ્કૃતિ આવી, અર્થાત્ મુસલમાનોનું રાજ આવ્યું ત્યારે હરિજનસમાજના બહુ મોટા વર્ગે ધર્મપરિવર્તન કર્યું. જાણે અપમાનનો બદલો લેવાનો હોય તે રીતે તેનું પરિવર્તન થઈ રહ્યું હતું. હરિજનો પ્રત્યેની અસ્પૃશ્યતાનો કે તેમના પ્રત્યે તિરસ્કાર કરવાનો કોઈ શાસ્ત્રીય આધાર નથી. તેમજ કોઈને અધિકાર નથી કે પોતાના બંધુઓને ઘૃણાની દૃષ્ટિએ જોઈ તેમનો તિરસ્કાર કરે. એ તો ભારતીય સંસ્કૃતિની મહાનતા હતી કે આટલું ઘોર અપમાન હોવા છતાં હરિજન બંધુઓએ પોતે હિન્દુ છે તે ભાવનાને જાળવી રાખી અને હિન્દુ ધર્મ પ્રત્યે શ્રદ્ધા ધરાવે છે. ધર્માચાર્યો કે ધર્મગુરુઓએ આ વિષયમાં ઊંડાણથી વિચાર કર્યો હોય તેમ લાગતું નથી. ધાર્મિક અંધશ્રદ્ધાના જોરમાં આપણા ધર્મગુરુઓ રાષ્ટ્રહિત કે સામાજિક દૃષ્ટિએ આગળ વિચારી શક્યા નથી. હિન્દુ ધર્મ દયા, પ્રેમ, સહૃદયતા અને માનવતા પર આધારિત છે. દીર્ઘદૃષ્ટિના અભાવે તેમણે ધર્મના નામે માનવતાનું અપમાન કર્યું છે. આજે આપણો દેશ તેનાં કડવાં ફળ ભોગવી રહ્યો છે. મહાત્મા ગાંધીજીએ આ વિષયમાં સચોટ આંદોલનનો આરંભ કરી સમગ્ર ભારતને ચેતના આપી જગાડ્યો છે."

જયંતમુનિજીના પ્રવચનમાં વારંવાર તાળીઓ પડતી હતી અને હરિજન બંધુઓને લાગતું હતું કે ધાર્મિક વ્યાસપીઠ પરથી આપણને કોઈ ન્યાય આપી રહ્યું છે. સાવરકુંડલામાં આ સભા લાંબા સમય સુધી યાદગાર બની ગઈ.

**જયાબાઈની દીક્ષા :**

કાશી અભ્યાસ માટે જવાની આજ્ઞા મળી ચૂકી હતી અને હવે વિહારની તૈયારી થઈ રહી હતી. વિ. સં. ૨૦૦૨ની ફાગણ સુદ પાંચમ તા. ૧૫-૩-૪૮નું વિહારનું મુહૂર્ત નક્કી કરવામાં આવ્યું. જયાબાઈ સ્વામીને દીક્ષા આપ્યા પછી ત્રીજા દિવસે પગ ઉપાડવાનો હતો. જયંતમુનિજી કહે છે :

"અમારા કરતાં જયાબાઈ સ્વામી માટે આ કઠણ પળ હતી. પિતા-પુત્ર બંને એકસાથે દૂર ચાલ્યા જાય, સંત તરીકે પોતાનું કોઈ નહીં, એવો આભાસ નવ-દીક્ષિતને થાય તે સહજ હતું. અમે સમજાવ્યા કે પ્રભાબાઈ સ્વામી તમારી સાથે છે. મોટાંબહેન છે. તમારું બધું ધ્યાન રાખશે અને તેથી વધારે ઉજ્જમબાઈ સ્વામી સાધ્વી તરીકે ખૂબ ઉજ્જ્વળ કીર્તિ ધરાવી જ્ઞાન-ધ્યાનથી શોભી રહ્યા છે. તેઓ વિશાળ હૃદયવાળા છે. સૌને પોતાની હૂંફ આપી શકે તેવા છે. પ્રભાબાઈ સ્વામી તેમનાં પ્રથમ શિષ્યા છે અને તેના પર ઉજ્જમબાઈ સ્વામીની અપાર કૃપા છે. જેથી તમને જરા પણ દુઃખ લાગશે નહીં."

આ સમયે બંને સંતોએ ઘણું કઠણ કાળજું રાખવું પડે તેમ હતું. જયંતમુનિ કરતાં તપસ્વી મહારાજનું હૃદય વધારે વલોવાય તે સ્વાભાવિક છે. તેઓ સમતામય વ્યક્તિત્વના ધારક હોવાથી અને જ્ઞાનપૂર્વક પોતાના આત્માને સમજાવી શકે તેવા સમર્થ હોવાથી તેમણે અપૂર્વ શાંતિનો પરિચય આપ્યો.

જયાબહેન, ગુલાબબહેન અને પ્રાણકુંવરબહેનની દીક્ષાઓ ખૂબ ધામધૂમથી સંપન્ન થઈ. દલખાણિયાથી માતુશ્રી અમૃતબહેન અને મોટોભાઈ શ્રી અમૃતલાલભાઈ સાથે સમગ્ર પરિવાર ઉપસ્થિત હતો. અમૃતબહેને ખૂબ શાંતિ જાળવી રાખી. તેમણે હાર્દિક ભાવે આજ્ઞા પ્રદાન કરી હતી. બીજી બાજુ જયંતમુનિજીની ગુજરાતથી બહાર બનારસ જવા માટેની વિહારયાત્રાની તૈયારી થઈ ચૂકી હતી.

**વિદાય વેળાની અણમોલ શીખ :**

પૂ. ગુરુદેવ સૌરાષ્ટ્રકેસરી શ્રી પ્રાણલાલજી સ્વામીએ પૂજ્ય તપસ્વી જગજીવન મહારાજને આદેશ આપ્યો કે 'તમો જયંતમુનિજીને સાથે લઈ બનારસ પધારો અને તેમને જે અભ્યાસ કરવો હોય તેમાં સહયોગ આપી ગુરુપદ નિભાવો. અત્યારે તમે વડીલબંધુ હોવા છતાં ગુરુ તરીકે આશીર્વાદ આપી, શિષ્ય તરીકે સંભાળી લેશો. કારણ કે અમારાથી હવે જયંતી દૂર જાય છે અને તમને સુપ્રત કરવામાં આવે છે.'

આદેશ આપ્યા પછી ગુરુદેવે તપસ્વી જગજીવન મહારાજને ભલામણ કરી, 'જુઓ તપસ્વીજી! જયંતી બાળક છે. યુવાહૃદય છે. નવું લોહી છે. ક્રાંતિકારી વિચારો ધરાવે છે, સાથે સાથે ભણવાની તીવ્ર અભિલાષા છે. તમો શાણા, ચતુર અને ગંભીર છો. એટલે ક્યારે પણ બોલવામાં કે ચાલવામાં ભૂલ કરે, વિનયની મર્યાદા ન જળવાય, ત્યારે તેમને ખૂબ જ જાળવી લેશો. જરાપણ મતભેદ ન થાય તેનો ઉપયોગ રાખશો. ઉદાર હૃદયથી કામ લેશો. તમે અત્યારે પિતા પણ છો અને ગુરુ પણ છો. આપણા સંપ્રદાયની શોભા વધે તે રીતે વ્યવહાર કરશો.'

તપસ્વી જગજીવન મહારાજને પૂજ્ય ગુરુદેવે આટલી ભલામણ કરી ત્યારે તપસ્વીજીની આંખો નરમ થઈ અશ્રુથી ભિંજાણી. તપસ્વી જગજીવન મહારાજ બોલ્યા કે "ગુરુદેવ, જયંતીનો અભ્યાસ તો થશે જ. પરંતુ અમારા માટે સૌથી મોટું દુ:ખ એ છે કે આજે આપનાથી અલગ થઈ આપની સેવાથી વંચિત થઈ રહ્યા છીએ. આપે જે ભલામણ કરી તેમાં રતિભાર ફરક નહીં પડે. આપના આશીર્વાદથી બધું પાર ઊતરશે. આપે જે જવાબદારી સોંપી છે તે યથાતથ સંભાળવાની કોશિશ કરીશ. ભગવાનને એ જ પ્રાર્થના છે કે અહર્નિશ આપની કૃપા અમારા ઉપર વરસતી રહે. આપ તો સમર્થ સંત છો. અમે સામાન્ય મુનિવૃંદ છીએ. આપનો વરદ્ હસ્ત અમારા શિર પર કાયમ રહે એ જ અંતરંગ પ્રાર્થના છે."

ત્યારબાદ ગુરુદેવે જયંતમુનિજીને પાસે બોલાવી પ્રેમથી બેસાડ્યા. ગુરુદેવ કશું કહે એ પહેલાં જ ગળગળા થઈ ગયા. પ્રેમથી તેમનું હૃદય ભરાઈ આવ્યું. વાણી અવરુદ્ધ થઈ ગઈ. જયંતમુનિજીએ ગુરુદેવનાં ચરણ પકડી લીધાં. ખોળામાં માથું મૂક્યું. ગુરુદેવે પોતાનો પ્રેમાળ હાથ તેમની પીઠ પર ફેરવ્યો. થોડા સ્વસ્થ થયા ત્યારે ભલામણ કરી :

"જયંતી, તારો અભ્યાસ તો બરાબર છે, પરંતુ તપસ્વીજીની સાથે તું જઈ રહ્યો છે. તેમનું મન તપસ્યાને કારણે નાજુક છે. એટલે તારે પૂરું ધ્યાન રાખવાનું છે. તપસ્વી મહારાજની અવહેલના ન થાય, તેનું દિલ જરા પણ ન દુભાય તેનો પૂરો ઉપયોગ રાખવાનો છે. અત્યારે ફક્ત તારા પિતા નથી, પરંતુ વડીલ ગુરુબંધુ છે. તમે વિહાર કરશો ત્યાર પછી તેમને ગુરુપદે સ્થાપ્યા છે. તારે તેમનો પડ્યો બોલ ઝીલવાનો છે. તારી ઇચ્છાથી વિપરીત હોય તો પણ તપસ્વી મહારાજની આજ્ઞાને અંતિમ માની તેનો અમલ કરવાનો છે. હઠાગ્રહ કે કદાગ્રહમાં જરાપણ જવું નહીં. મુનિની મર્યાદાઓથી ચાલવાનું. તમે બે સંત છો. ત્રીજું કોઈ વચમાં સમજાવનાર નથી. જરાપણ ઊંચે સાદે બોલાય કે વિવાદ થાય તો સમાજ પર ખોટી અસર પડે. તમો પણ વગોવાઈ શકો છો. માટે મારી ખાસ ભલામણ છે કે તારે આ બાબતમાં જાગ્રત રહેવાનું છે. તું નવા વિચાર ધરાવે છે. તપસ્વીજી જૂની માન્યતા પ્રમાણે વિચારતા હોય. આમ વિચારભેદ થવાનો અવકાશ છે. પરંતુ ગમે તેવો વિચારભેદ થાય છતાં તેનું દ્વેષમય રૂપ થવું ન જોઈએ. જ્યાંસુધી તપસ્વી મહારાજ આજ્ઞા ન આપે ત્યાં સુધી વિચારો પડતા મૂકીને પણ તેમની આજ્ઞાને માન આપવું."

**અનુભવનું અનુપમ ભાથું :**

પૂજ્ય ગુરુદેવે જયંતમુનિજીને આ રીતે નાનીમોટી ઘણી વાતો સમજાવી અને ઉચ્ચકોટિના વિચારોનું ભાથું બંધાવ્યું. ધન્ય છે એમના હૃદયની વિશાળતાને ! ત્યારબાદ બંને સંતોને સાથે બેસાડી, સંપ્રદાય સંબંધી અને વિહારક્ષેત્રો સંબંધી જરૂરી વાતો સમજાવી. ગોંડલ સંપ્રદાયને અન્ય સંપ્રદાય સાથે જ્યાં જ્યાં કામ પડે ત્યાં કેવી રીતે વર્તવું તે વિશે પણ ધ્યાન ખેંચ્યું.

(૧) તમે ગુજરાત છોડી રાજસ્થાન અને મેવાડના ક્ષેત્રમાં જશો, તો ત્યાં મારવાડી સંતોના સંપ્રદાયભેદ જોવા મળશે.

(૨) ધર્મદાસજીનો સંઘ, હુકમચંદજી મહારાજનો સંઘ, ચોથમલજી દિવાકર મહારાજનો સંઘ અને એ સિવાય બીજા કેટલાક મોટા સાધુઓના અલગ અલગ સંઘાડા અને તેમનાં અલગ અલગ સ્થાનકો રસ્તામાં મળશે. જ્યાં મતભેદ હોય ત્યાં તમો ધર્મદાસજીના સંઘાડાના ઉપાશ્રયમાં ઊતરવાનું રાખશો.

(૩) પૂજ્ય જવાહરલાલજી મહારાજ કાઠિયાવાડ પધારી ગયા છે. ગોંડલ સંપ્રદાય વિશે તેઓ સન્માન ધરાવે છે. જવાહરલાલજી મહારાજના શ્રાવકો સાથે સારો વ્યવહાર રાખવો. એ

જ રીતે ચોથમલજી મહારાજના સાધુઓ ઉદારવાદી છે. ત્યાં તેવી જાતનો વ્યવહાર કરવો. કોઈ પણ સંપ્રદાયની પોતાની માન્યતા પર પ્રહાર કરી, તેને કડવું લાગે તેવો વ્યવહાર ન કરવો. રાજસ્થાનના શ્રાવકો ખૂબ જ ભક્તિવાળા હોય છે. પરંતુ એટલા જ આગ્રહી અને ક્રિયાપ્રેમી છે. આપણા સંપ્રદાયની ગરિમા ઓછી ન થાય, તેનો ખ્યાલ રાખવો.

(૪) પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિની મર્યાદાઓ જાળવી રાખવી. આ આઠ પ્રવચનમાતા ખરેખર સંતોનું માતા તરીકે જ રક્ષણ કરે છે.

પૂજ્ય ગુરુદેવે નૈતિક, શાસ્ત્રીય અને વ્યવહારિક દૃષ્ટિએ સંપ-સલાહ વધે તેવી ઘણી શિક્ષાઓ આપી. જુઓ તો ખરા ! શિષ્યોનું હિત એમના હૃદયમાં કેટલે ઊંડે સુધી વસેલું હતું ! પોતાનો કીંમતી સમય આપીને તેમણે સતત બે દિવસ બંને મુનિઓને માનસિક રીતે તૈયાર કર્યા. પોતાના માટે અત્યંત આઘાતજનક અને વ્યથાજનક હોવા છતાં, પોતાની વેદનાને દબાવીને હિતદૃષ્ટિ ધારણ કરી, શિષ્યો ઉપર જે અમૃતવર્ષા કરી તે અલૌકિક અવસર હતો. કેટલીક ભલામણો એકાંતમાં કરી, જ્યારે કેટલીક શ્રાવક સમુદાયની ઉપસ્થિતિમાં પણ કરી.

ગુરુદેવને માટે તો એક આકરી ઘડી હતી. પાંચ સાધુનો સંઘાડો અડધો થઈ જવાનો હતો. તેમને તો વિષકૂપ (ઝેરનો કટોરો) પીવા જેવું હતું, પરંતુ ગુરુદેવે કઠણ હૃદય રાખીને જેમ ભગવાન મહાદેવે વિષપાન કરી વિશ્વ પર અમૃતવર્ષા કરી હતી, તેવી રીતે ગુરુદેવ આજે વિષપાન કરીને શિષ્યો પર અમૃતવર્ષા કરી રહ્યા હતા.

સાવરકુંડલા સંઘે જણાવ્યું કે સાથે એક માણસ મોકલવો જરૂરી હતો અને વિહારમાં બીજી શું વ્યવસ્થા કરવી તે જણાવવા કહ્યું, ત્યારે કાઠિયાવાડના સ્થાનકવાસી સંતોને સાથે વિહારમાં રસોડાની કે આહાર-પાણીની અલગ વ્યવસ્થા હોય તેની કલ્પના સુધ્ધાં પણ ન હતી. આવું કશું કલ્પે નહીં તેવી દૃઢ માન્યતા હતી.

સાધુ જ્યાં જાય ત્યાં પોતાના પુરુષાર્થથી, સાધુનિયમને અનુસરીને તેણે ગોચરી કરવાની અને આહારપાણી મેળવવાનાં હોય છે. એ જ સાધુજીવન છે. એ જ પરીક્ષાનો માર્ગ છે. અણગાર માટે બીજી કોઈ વ્યવસ્થાની જરૂર હોતી નથી. અન્ય સંપ્રદાયના શ્રાવકો જે રીતે પોતાના સાધુ-સાધ્વીને માટે જે આયોજન કરે, તેવું સ્થાનકવાસી સાધુઓ માટે ગોઠવણ કરવાની પરિપાટી ન હતી. સ્વતંત્ર રીતે, મુક્તભાવે સાધુઓને વિચરવાનું હોય એ દૃઢ માન્યતા હતી. માત્ર સંઘ તરફથી એક માણસ સેવામાં આપવાનો રિવાજ હતો. ખાસ કરીને સાધ્વીજીઓ સાથે માણસ મોકલવાનું જરૂરી ગણાતું હતું, જ્યારે સંતો માટે તો અટપટો વિહાર હોય, લાંબો વિહાર હોય, માર્ગ બતાવવાની જરૂર હોય તે સમયે સંઘ તરફથી માણસ આપવામાં આવતો. સાવરકુંડલા શ્રીસંઘે તપસ્વીજી મહારાજ સાથે એક માણસ આપવાનું નક્કી કર્યું.

ગુરુદેવે પ્રેરણા આપી. સાવરકુંડલાની નજીકના ગામનો ભગવાન નામનો કુંભાર મળી આવ્યો. તે સ્વભાવે સરળ, શાંત અને ભગવાનનો માણસ હતો. ભગવાન કુંભારે હિંમત કરી કે જ્યાં સુધી સંતો મને સાથે લઈ જશે ત્યાં સુધી સાથે રહીશ. મારાથી બનતી સેવા કરીશ.

**કેવી વસમી ઘડી :**

અગાઉના દિવસે ગુરુદેવે વ્યાખ્યાનમાં ઘોષણા કરી કે પૂ. તપસ્વી મહારાજ તથા જયંતમુનિજી સાવરકુંડલાથી વિદેશ માટે વિહાર કરશે, જેથી આવતીકાલે પ્રવચન બંધ રહેશે. બધાં ભાઈ-બહેનોએ ઉપાશ્રયમાં આવી જવાનું છે. તે વખતે બનારસ જવું તે વિદેશ જવા બરાબર ગણાતું હતું.

બધા વડીલ શ્રાવકોને ગુરુદેવે ખાસ આદેશ આપ્યો હતો કે સાવરકુંડલા સંઘ તરીકે સૌએ હાજર રહેવાનું છે. પૂજ્ય રતિલાલજી મહારાજનું હૃદય એટલું બધું કોમળ કે આમ બે સંતો જુદા પડે તે તેમનાથી સહન થઈ શકે તેમ ન હતું. પોતાને મૌન હોવાથી ગુરુમહારાજને ઇશારાથી ઠપકો આપતા હતા, “આ રીતે સંતોને છૂટા પાડી પરદેશ જવાની આજ્ઞા કેમ આપો છો?”

તેઓ વિદાયવેળાએ રહી ન શક્યા. તેમના ચરણ વાંદ્યા ત્યારે આશીર્વાદ તો આપ્યા, પરંતુ તેમની મુખાકૃતિ કરમાઈ ગઈ હતી. તેમને ખૂબ ઊંડી દુ:ખની લાગણી થઈ હતી. નાના રતિલાલજી મહારાજ તથા ગુરુદેવ, બધો સાધ્વી સમુદાય અને સાવરકુંડલાનો વિશાળ જનસમૂહ વિદાય આપવા માટે એક કિલોમીટર આવ્યા. આંબાવાડિયું આવ્યું ત્યારે તપસ્વી મહારાજે ગુરુદેવને આગ્રહ કર્યો, ‘હવે આપ રોકાવ.’

ગુરુદેવ તથા જનસમૂહ સૌ અટક્યા. જુઓ, ગુરુકૃપાથી એ વખતે કેવા સારા શુકન થાય છે! સાવરકુંડલાના માનવંતા શ્રાવક શ્રીયુત કુબેરભાઈ ત્વરિત ગતિથી શેરડીના ખેતરમાં ગયા, વાઢ ચાલતો હતો. તેઓ ઇક્ષુરસનું બોઘરણું ભરીને લઈ આવ્યા. ગુરુદેવને રસ વહોરાવ્યો. ગુરુદેવે પોતાના બંને વહાલા શિષ્યોને સ્વહસ્તે ઇક્ષુરસનું પાન કરાવ્યું. જયંતમુનિ રસ લઈ શક્યા. પૂ. તપસ્વી મહારાજને કાયમનો નવ વાગ્યા સુધીનો ચોવિહાર હોવાથી તેમને માટે પાત્રામાં રસ લીધો.

કુબેરભાઈએ હાજર રહેલ બધાને રસનો પ્રસાદ આપ્યો. રસની જ પ્રભાવના થઈ. સૌરાષ્ટ્રકેસરી, મહાન સમર્થ, સમાજના લાડીલા ગુરુદેવ પ્રાણલાલજી સ્વામીએ ગદ્‌ગદ્ કંઠે માંગલિક સંભળાવ્યું. જયંતમુનિની નાની ડાયરીમાં આશીર્વાદનું એક પાનું લખી આપ્યું. લાલ અને જાંબુડિયા અક્ષરથી લખેલું આ પાનું ખરેખર ગુરુદેવનું ધબકતું હૃદય બોલતું હતું. શ્રી પ્રભાબાઈ સ્વામીએ તથા ઉજ્જમબાઈ સ્વામીએ રજોહરણમાં રક્ષા બાંધી અને કુમકુમનાં છાંટણાં કર્યાં.

શ્રી ઉજમબાઈ મહાસતીજીએ બહુ ઠંડું પાણી આપે તેવી નાની માટલી મુનિજીને સોંપીને કહ્યું, “જુઓ નાના મહારાજ, તપસ્વી મહારાજને કોઈ પણ ચીજનો ખાવા-પીવાનો મોહ નથી.

પણ તેમને એકદમ ઠંડું પાણી અનુકૂળ પડે છે તેની મને ખબર છે. ચોવિહાર પાળે ત્યારે ઠંડું પાણી જોઈએ."

ગુરુદેવ પ્રાણલાલ સ્વામી પણ જાણતા હતા, જેથી મહાસતીજીને પ્રેરણા આપી હશે. જયંતમુનિજીએ માટલી સંભાળપૂર્વક સાથે લઈ લીધી.

પાંચ વર્ષ બનારસમાં અભ્યાસ કરી જયંતમુનિજી પુન: ગુરુચરણે ચાલ્યા આવશે તેવો આદેશ અપાયો હતો. ગુરુદેવને પણ હતું કે પાંચ વર્ષ જતાં શું વાર લાગે? કર્મની ગતિ ન્યારી છે. કાળનો પ્રવાહ અબાધિત છે. મનુષ્યની કલ્પનાથી પર એવું કાળના પેટમાં ઘણું ઘણું સમાયેલું હોય છે. શું ખરેખર, આ છેલ્લી ઘડી હતી? પૂ. ગુરુદેવનું આ છેલ્લું દર્શન હતું ? શું આ કાયમની વિદાય હતી ?

કલ્પના કરીએ તો પાર પામી શકાય. પરંતુ ખરેખર ગુરુદેવના મિલનની આ છેલ્લી ઘડી હતી! કાળ પરિબળે તપસ્વીજી મહારાજ તથા જયંતીમુનિજી કાઠિયાવાડ છોડી પરદેશ ગયા તે ગયા. પાછા ફરી ન શક્યા. વિદેશથી પાછા આવી ન શક્યા ! વરસોનાં વહાણાં વાયાં. ગુરુદેવ દેવગતિને પ્રાપ્ત થયા. હે પ્રભુ ! કેવી વસમી ઘડી ફરીથી આ પારસની પ્રતિમા જેવા ગુરુદેવની મૂર્તિનાં પુન:દર્શન ન થયાં તે ન જ થયાં ! લોકોએ જયજયકાર કર્યો અને જનસમૂહ ગુરુદેવની સાથે પાછો વળી ગયો.

❑



# ૬

# સાધુ તો ચલતા ભલા

એકલાઅટૂલા સંતો ચાલી નીકળ્યા. નાના રતિલાલજી મહારાજ ઘણા પ્રેમાળ સ્વભાવના સરળ જીવ હતા. તેમણે તપસ્વી મહારાજની સેવામાં રાત-દિવસ એક કર્યા હતા. એવા એ મુનિવર સાથ છોડી ન શક્યા. ગુરુદેવની આજ્ઞા લઈ બે સ્ટેશન સુધી આગળ વધ્યા. તેઓએ બે દિવસ પાણી, વસ્ત્રપક્ષાલન, વિહારની પરિચર્યા અપૂર્વ રીતે બજાવી અને પ્રેમની છાપ છોડી ગયા.

સાવરકુંડલાના પાંચ યુવકો લિલિયા સુધી સાથે હતા. લિલિયાથી નાના રતિલાલજી સ્વામી અને આ યુવકોએ વિદાય લીધી. હવે ખરેખર આ સંતો એકલા પડ્યા, પરંતુ વિહારનો પ્રબળ ભાવ હોવાથી બધું સહન કરી, પોતાના નિશ્ચય ઉપર અડગ રહ્યા. ફક્ત એક ભગવાન કુંભાર પોતાની લાંબી લાકડી લઈ આગળ આગળ ચાલતો હતો.

સંતો નીકળ્યા ત્યારે સાધુપણાની ક્રિયા તીવ્રપણે પાળવાના સંસ્કારો મજબૂત હતા. પોતાનો બોજો ગૃહસ્થને આપવાનો ન હતો. આ બંને સંતોનાં ઉપકરણ, વસ્ત્ર, પોથી, જ્ઞાનપોથી, ધાબળીઓ, વગેરે મળી લગભગ ૨૦ કિલો સામાન જયંતમુનિની પીઠ પર રહેતો. પૂ. તપસ્વીજી મહારાજ નાના પાત્રા ઉપાડતા. પોતાની લખાણપોથી તો પોતે જ ઉપાડતા હતા. દિવસ ઊગ્યા પછી, ઠારેલા પાણીને ઘડામાં વહોરતા, ત્યાર પછીએ ભરેલો ઘડો જયંતમુનિના હાથમાં રહેતો.

ભયંકર ગરમીના દિવસોમાં વિહાર શરૂ થયો હતો. ફાગણ સુદ

પાંચમથી અષાઢ સુદ પાંચમે આગ્રા પહોંચ્યા ત્યાં સુધી ચારે મહિના સખત ગરમીનો સામનો કરવાનો હતો. આઠસો માઈલનો (૧૩૦૦ કિલોમીટરનો) વિહાર હતો. પ્રકૃતિએ એવું તો મનોબળ આપ્યું કે જરાપણ નિરાશા આવતી નહિ. રસ્તામાં રોકાવામાં પણ ઘણા દિવસો વ્યતીત થતા હતા. એ દિવસો બાદ કરતાં રોજ પંદરથી વીસ માઈલનો વિહાર થતો. એવરેજ રોજના સાતથી આઠ માઈલની થતી હતી. આ કપરા વિહારમાં એકમાત્ર સાથ હતો સાવરકુંડલા સંઘે આપેલો ભગવાન નામનો કુંભાર. ભગવાન તેના નામ પ્રમાણે ખરેખર ભગવાનનો માણસ હતો!

સૌરાષ્ટ્રથી ચરોતરના રસ્તે આગળ વધવાનું હતું. વિહારના પ્રથમ ચરણમાં લિલિયા, દામનગર, ઇંગોરાળા, દડવા, પચ્છેગામ, પાણવી, બરવાળા, ભીમનાથ, ધોળકા, ધંધુકા, હડાલા, ગુંદી, નડિયાદ, ઉમરેઠ, દાહોદ, રતલામ, ઉજ્જૈન, શિવપુરી, ઇત્યાદિ ગામ અને નગરોની સ્પર્શના કરી. મોટાં શહેર અને ક્ષેત્રોમાં એક સપ્તાહ જેટલું રોકાવાનું થતું. ત્યાં આરામ કરવાનો અને ત્યાં બિરાજમાન સંતોનાં દર્શન કરવાનો અવસર મળતો હતો. બાકીના દિવસોમાં ખૂબ લાંબા વિહાર થતા હતા.

૧૯૪૮ની ૨૮મી માર્ચે સંતો ધંધુકા પહોંચ્યા. ધંધુકામાં ભાવસાર લોકો નિવાસ કરે છે. તેઓએ જૈન ઉપાશ્રય બાંધ્યો છે. ભાવસાર જ્ઞાતિના સામાન્ય ઘરનાં ભાઈઓ અને બહેનો કાલાંનો ધંધો કરે છે. આ પ્રદેશમાં કપાસ ઘણો થાય છે. ભાવસાર કપાસ અને કાલાંના વ્યાપાર અને કામકાજમાં રોકાયેલા હોય છે. પ્રવચન સાંભળવા બહેનો આવે ત્યારે કાલાંની ટોકરી સાથે લઈને આવ્યાં હોય. કાલાં વીણતાં જાય અને વ્યાખ્યાન સાંભળતાં જાય. બધી બહેનો અંદરોઅંદર વાતો પણ કરતી હોય. શાંતિ જાળવવાનું કહીએ તો કહેશે કે, "મહારાજ, તમે વ્યાખ્યાન ચલાવે રાખો."

સંતની ભક્તિમાં ભાવસાર ઘણા આગળ છે. તેઓ ચુસ્તપણે સ્થાનકવાસી ધર્મનું પાલન કરે છે. ભાવસાર કોમમાં પણ ઘણા મોટા સંતો થઈ ગયા છે. બોટાદ સંપ્રદાયમાં ભાવસાર શ્રાવકોની પ્રધાનતા છે. સ્થાનકવાસી સમાજના મહાન વિદ્વાન, અને દર્શનશાસ્ત્રના પ્રકાંડ પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયા પણ ભાવસાર જ હતા.

**ભાલપ્રદેશ અને સંતબાલજી :**

ધંધુકા છોડ્યા પછી ભાલપ્રદેશની સરહદ શરૂ થાય છે. કાઠિયાવાડ અને ગુજરાતની વચ્ચે એક વિલક્ષણ પ્રદેશ છે, જે ભાલપ્રદેશ કહેવાય છે. અહીં મોટા પ્રમાણમાં ઘઉં પેદા થાય છે. સૌરાષ્ટ્રમાં ફક્ત ભાલમાં ઘઉંની ખેતી થાય છે. વરસાદના સમયમાં આખો પ્રદેશ પાણીથી ભરાઈ જાય છે.

માટીના ઊંચા ટિલ્લા બનાવેલા હોય છે, તેના ઉપર જ ગામ વસેલાં છે. વરસાદના દિવસોમાં ગામડાનો વ્યવહાર નાવથી જ ચાલે છે. પૂરનાં પાણી ચાલ્યા જાય છે ત્યારે આ પાણી ઘણો

કીમતી કાંપ આખી જમીન ઉપર પાથરી જાય છે અને એ કાંપ જ ફળદ્રૂપ ખેતીનું કારણ બને છે. આખા ભાલમાં પાણીની ઘણી અછત છે. જમીનમાંથી પીવાનું પાણી નીકળતું નથી. જે નીકળે છે તે પાણી ખારું હોય છે. એટલે ભાલની પ્રજાએ મોટાં તળાવો બનાવ્યાં છે. વરસાદ વખતે જે પાણી ભરાય તેનો બારે મહિના ઉપયોગ કરે છે.

આ પાણીમાં જાનવરો પણ સાફ થાય, ગંદકી પણ ઢોળાય અને પીવાનું પાણી પણ વપરાય. આ કારણોથી રોગચાળો ખૂબ જ ફેલાય છે. સ્થાનકવાસી જૈન સંતબાલજી ભાલમાં પધાર્યા અને ભાલની પરિસ્થિતિ જોઈને તેમણે પોતાનું આખું જીવન ભાલને સમર્પિત કર્યું. ભાલ પ્રદેશનું એક ગામ ગુંદી છે. ત્યાં તેમણે આશ્રમ બનાવ્યો. આ આશ્રમ ગુંદી આશ્રમ તરીકે પ્રસિદ્ધિ પામ્યો છે. આપણા પૂજ્ય મુનિવરોને તા. ૧-૪-૪૮ના રોજ ગુંદી મુકામે સંતબાલજીનો સાક્ષાત્કાર થયો. તેમનાં દર્શન થયાં. જયંતમુનિજી સાહિત્યદૃષ્ટિએ સંતબાલજીને પોતાના ગુરુસમ માનતા હતા. અહીં સંતબાલજીનાં દર્શન થતાં તેમને અપૂર્વ આનંદનો અનુભવ થયો હતો. સંતબાલજીએ શ્રી જયંતમુનિને આશીર્વાદ પણ આપ્યા હતા.

**જળ એ જ જીવન :**

ગુંદી કેન્દ્રમાં સંતબાલજીએ પાણી સુધારવા માટે, ઉચ્ચ કોટિના બીજ આપવા માટે તથા પ્રજાને કુવ્યસનથી મુક્ત કરવા માટે અભિયાન ચલાવ્યું હતું. જેમાં પાણી સુધારવા માટે તેઓએ બૃહદ યોજના બનાવી. સંતબાલજીએ ભાલ ઉપર અદ્ભુત ઉપકાર કર્યો છે, જેનું સંક્ષિપ્ત વિવરણ અહીં આપવું ઉચિત રહેશે. ત્યાંના એન્જિનિયરોની સલાહ લઈને, જે તળાવમાં પાણી ભરી દેવામાં આવતું હતું તેમાં વચ્ચે દીવાલ ચણી, તેના બે ભાગ કર્યા. એક ભાગ પીવાના પાણી માટે અને બીજો વિભાગ સામાન્ય ઉપયોગ માટે. આ તળાવની સુરક્ષા માટે ગ્રામ્ય સમિતિ બનાવવામાં આવી તથા તળાવમાં માછલાં ન મારવા માટે સખ્ત વ્યવસ્થા કરવામાં આવી.

માછલી તળાવના પાણીને સુંદર અને સ્વચ્છ રાખે છે. ખરું પૂછો તો માછલી તળાવની મ્યુનિસિપાલટી છે, આથી જનતાને શુદ્ધ પાણી મળવા માંડ્યું. ચર્મરોગ અને બીજી બીમારીથી લોકો બચી શક્યા. જુઓ, આ સંતનાં પગલાં થયાં પછી ઈશ્વરે પણ ભાલ પર કેટલી મોટી કૃપા વરસાવી !

ભાલમાં હડાળા કરીને એક મુખ્ય ગામ છે. હડાળાની પાસેથી ધોળકા-ધંધુકા રેલવે લાઇન પાર થાય છે. હડાલાની નદી ઉપર એક મોટો ઊંચો રેલવે પુલ છે. પુલની નીચે રેલવેએ કાળા પથ્થરના વિરાટ થાંભલા બનાવ્યા છે.

આ નદીમાં એક વર્ષે ભયંકર પૂર આવ્યું. નદીનું પાણી આ થાંભલી સાથે પ્રચંડ જોરથી

અથડાવાથી ત્યાં એક વમળ થવા લાગ્યું. વમળના પ્રચંડ વેગથી ત્યાં પાતાળકૂવો બની ગયો. પાતાળમાંથી ગંગાજળ જેવો નિર્મળ જળનો ત્રણ ફૂટ ભંભોટિયો ફૂટી આવ્યો. ભંભોટિયો તો શું, એક ઝરણું જ ફૂટી નીકળ્યું અને અપાર જળરાશિ પ્રગટ કરી. પુલની નીચે એક નાનું એવું તળાવ થઈ ગયું અને એ તળાવમાંથી એક મીઠું ઝરણું વહેવા લાગ્યું. ભાલ માટે તો ભગવાને માનો અમૃતવર્ષા કરી દીધી ! અનુમાન છે કે એ ઝરણું કદાચ અત્યાર સુધી ચાલુ જ હશે. ખરેખર, સંતકૃપા એ ઈશ્વરકૃપા તુલ્ય હોય છે.

**સંતબાલજીની માનવસેવા અને સાહિત્યસેવા :**

ગુંદીમાં સંતબાલજી સાથે એક દિવસ રહેવાનો સુયોગ સાંપડ્યો. નૈતિક જાગૃતિ તથા માનવકલ્યાણ વિશે તેમના અનુભવો સાંભળ્યા. તેઓએ ગુજરાતીમાં લખેલાં ગ્રંથો સરળ, માર્મિક અને સાહિત્ય દૃષ્ટિએ ઉચ્ચ કોટિના ગ્રંથો છે. તે વિશે જયંતમુનિજીએ સંતબાલજીનો ઉપકાર માની તેમને અભિનંદન આપ્યા.

સંતબાલજી પાસેથી ઘણું શીખવા મળ્યું. સંતબાલજી વર્તમાન સમયપ્રવાહો વિશે ઊંડા અભ્યાસી હતા અને સમયપાલનના આગ્રહી હતા. ભગવાન મહાવીરની અહિંસાનો વિધેયાત્મક અર્થ કરી, સેવાના કાર્યમાં સક્રિય બની, કર્મયોગ કરી રહ્યા હતા. આપણે સહેજે નતમસ્તક બની જઈએ તેવો તેમનો શુભપ્રભાવ હતો. જ્યારે મુનિરાજ ભાલમાંથી વિહાર કરી ગયા ત્યારે ભાલની જનતાએ લાખો મણ ઘઉં પેદા કર્યા હતા. આ ઘઉંને બજારમાં મોકલવાની તૈયારી ચાલતી હતી. ઘઉંને વાવવા માટે પ્રકૃતિ પણ આ મેદાની ક્ષેત્રમાં હવાનો તેજ પ્રવાહ સહજ વહાવે છે તેનો સાક્ષાત્ અનુભવ થયો. ભાલ પાર કર્યા પછી ગુજરાતની લીલી કંચનભૂમિ પર પગ મૂકવાનો અવસર આવ્યો.

**છગનલાલ જાદવજી દોશી – આશ્ચર્યજનક વચનબદ્ધ શ્રાવક :**

બન્ને સંતો ગુંદીમાં સંતબાલજીના આશ્રમમાં હતા ત્યારે કાલાવડથી છગનલાલ જાદવજી દોશી મુનિઓનાં દર્શન માટે આવ્યા. ખરું પૂછો તો દર્શન માટે નહીં, પણ બન્ને સંતોને પાછા વાળવા માટે આવ્યા હતા. છગનભાઈ ખૂબ વ્યથિત જણાતા હતા.

અહીં એ લખવું ઘટે છે કે વારાણસી સુધીના લાંબા વિહાર માટે કોઈ પણ શ્રાવક કે સાધુનો વિશેષ સાથ ન હતો. મુનિવરોએ પોતે જ પોતાની સઘળી વ્યવસ્થા કરવાની હતી. કાઠિયાવાડના વિસ્તારમાંથી પસાર થતા હતા અને ગોંડલ ગચ્છનાં હજારો શ્રાવક-શ્રાવિકાઓ વચ્ચેથી પસાર થયાં હોવા છતાં, મુનિઓ અને તેમના વિકટ અને ઐતિહાસિક વિહાર પ્રત્યે કોઈનું ખાસ લક્ષ્ય

ગયું ન હતું. ફક્ત કાલાવડના શ્રાવક છગનલાલ જાદવજી દોશી એક જ શ્રાવક એવા માઈના લાલ શ્રાવક નીકળ્યા કે જેના હૈયામાં ઉત્પાત મચી ગયો કે મુનિઓ ગુજરાત છોડીને કેમ ચાલ્યા જાય ? હું એમને પાછા વાળું !

છગનભાઈ જાદવજી ગુરુદેવના પરમ ભક્ત શ્રાવક હોવાથી તેમણે ગુરુદેવને પણ ઉપાલંભ આપ્યો : "તમે શિષ્યને કેમ આજ્ઞા આપી ?"

પોતે ભેટ વાળી. તેમનું વરસીતપ ચાલુ હતું. ગુરુમહારાજને પાછા વાળવા માટે એકલા નીકળી પડ્યા. મનમાં કંઈક સંકલ્પ કરેલો કે ગુરુમહારાજ પાછા ન આવે તો હું વરસીતપનું પારણું નહીં કરું! તેઓ ગુંદી આવી પહોંચ્યા. આ એકવચની શ્રાવકની હિંમત તો જુઓ! પૂજ્ય તપસ્વી મહારાજને તેમણે સાફ કહ્યું :

"આપ પાછા નહીં ફરો ત્યાં સુધી હું વરસીતપનાં પારણાં નહિ કરું."

પ્રેમના આવેશમાં સાહજિક રીતે બોલાયેલાં વચનો પાછળ અખૂટ ભક્તિ અને દૃઢ નિર્ધાર હતો. પૂ. તપસ્વી મહારાજ પાછા ફરી ન શક્યા. તેઓએ ૩૩ વર્ષ સુધી એકાંતર ઉપવાસ ચાલુ રાખ્યા અને પારણું ન કર્યું તે ન જ કર્યું ! વરસીતપ દરમ્યાન તેઓ સ્વર્ગે સિધાવી ગયા. ધન્ય છે આ એકવચની ભક્ત શ્રાવકને ! તે કોટિ કોટિ અભિનંદનને પાત્ર છે.

ગુંદીથી દાહોદ સુધી તેમણે વિહારમાં સાથ આપ્યો. ઘણી વાર વિહારમાં આવનારા આગળના ગામ સુધીના રસ્તા અને બીજી વ્યવસ્થા પહેલાં જઈને જોઈ આવતા. છગનભાઈ દોશી ઉત્સાહ સાથે આગળ વધી રહ્યા હતા. તેઓ વર્ષીતપ કરતા એટલે તેમને થોડી તકલીફ સહન કરવી પડતી. પૂ. તપસ્વી મહારાજે હવે પાછા ફરવા માટે તેમને પ્રેરણા આપી, પરંતુ આ ભક્તિભાવવાળો મરદ પોતાના સુખની પરવા કર્યા વિના સંતભક્તિમાં લીન હતો. આખું ગુજરાત પાર કરાવી માળવાના કિનારા સુધી પહોંચાડ્યા પછી જ તેઓ પાછા ફર્યા હતા. દોઢસો માઈલની યાત્રામાં તેણે જે અપૂર્વ સેવા કરી છે અને તન-મન-ધનથી ભોગ આપ્યો છે તે અવિસ્મરણીય છે.

છગનભાઈ દાહોદથી રતલામ સુધીના રસ્તાનો સર્વે કરી આવ્યા. આગળનો રસ્તો ઠીક હતો, જેથી છગનભાઈ પુનઃ કાઠિયાવાડ જવા માટે તૈયાર થઈ ગયા. તેઓએ માંગલિક સાંભળી પોતાની ટેક યાદ કરાવતાં કહ્યું, "જ્યાં સુધી ગુરુદેવ દેશમાં પાછા નહિ આવો ત્યાં સુધી મારા એકાંતરા ઉપવાસ બંધ નહીં થાય. ધ્યાન રાખજો ! આ છગન બોલ્યા પછી ફરતો નથી." એમ કહી તેણે મૂછ પર હાથ મૂક્યો.

વિદાય લેતી વખતે પૂજ્ય તપસ્વી મહારાજને અને શ્રી જયંતમુનિજીને એકલા મૂકતાં તેઓ

બાળકની જેમ રડી પડ્યા. એ વખતે એમને ધીરજ બંધાવવી બહુ મુશ્કેલ હતી. તેમણે સુંદર સેવા બજાવી હતી. પોતાની પાઘડી ગુરુદેવનાં ચરણોમાં મૂકી, માંગલિક સાંભળી, અશ્રુભીની આંખે અને ભારે હૃદયે પાછા વળ્યા. જાણે વિહારની વ્યવસ્થાનો સબળ આધાર અદૃશ્ય થઈ ગયો. તેમની ભક્તિ અને વચનબદ્ધતાને ધન્ય છે !

કાઠિયાવાડ તો પહાડી પ્રદેશ છે. જ્યારે ગુજરાતને લીલી નાઘેર છે. રોડને કિનારે હજારો આંબાનાં વૃક્ષો જોવા મળે છે. આંબાની નીચે કાચી-પાકી કેરીઓની પથારીઓ પડી હોય છે. ભાલ વટાવતાં વૃક્ષરાજી પણ નજરે ચડવા લાગી હતી. અહીં ધોળકા જિલ્લાનો પ્રદેશ આવી ગયો હતો. ધંધુકાથી ધોળકા જતાં આખો પ્રદેશ બદલાઈ જાય છે.

આ ધોળકા પુરાણકાળમાં મહાભારતનું વિરાટનગર હતું. કહેવાય છે કે પાંડવોએ આ જ વિરાટનગરમાં ગુપ્તવાસમાં બાર મહિના વિતાવ્યા હતા. આ દૃષ્ટિએ ધોળકા એક ઐતિહાસિક નગરી છે. ખરેખર, આ સત્ય હકીકત હોય તો કલ્પના કરો કે હસ્તિનાપુરની મહારાણી દ્રૌપદીએ અહીં દાસી રૂપે સૈલેન્દ્રી બનીને વિરાટ રાજાના રાજમાં ચંદન પીસ્યું હતું. એક દાસી બનીને તેણે રાજકુમારીઓના હુકમને માથે ચડાવી તેમની સેવા કરી હતી. છતાં પોતે અપૂર્વ ધૈર્ય રાખી, સમયને માન આપી, ઉજ્જ્વલ ચરિત્ર પ્રગટ કર્યું હતું. ધન્ય છે આ મહાસતી દ્રૌપદીજીને. ભારત વર્ષની મહાસતીઓમાં તેમણે નામ લખાવી ભારતનો ઇતિહાસ ઉજ્જ્વલ કર્યો છે. ધોળકા પહોંચ્યા ત્યારે રસ્તામાં આ ઇતિહાસ સાંભળવા મળ્યો હતો.

સંતો તા. ૩-૪-૪૮ના રોજ ધોળકામાં ચુનીભાઈના પૌત્ર પ્રાણલાલજીના બંગલામાં ઊતર્યા. ભાલમાં પાણીની જેવી સ્થિતિ છે એવી જ સ્થિતિ ધોળકા પ્રદેશમાં પણ છે. ત્યાં પણ શુદ્ધ પાણી મળવું દુર્લભ છે. જેથી ધોળકાવાસીઓ જમીનમાં ટાંકા બનાવે છે. ચાલીસ-પચાસ ફૂટ ઊંડો કૂવો બનાવવામાં આવે છે. તેની ચારેતરફ પાકી દીવાલો બાંધી, નીચે પાકું ભોંયતળિયું કરવામાં આવે છે અને ઉપર ઢાંકણું રાખવામાં આવે છે. પછી કૂવાનું ઢાંકણું બંધ કરી, આ ટાંકાને છતની સાથે જોડી દેવામાં આવે છે.

વર્ષાકાળે વરસાદ વરસે તે પહેલાં છત સાફ કરવામાં આવે છે. છત ઉપર જે પાણી પડે તે બધું ટાંકામાં ચાલ્યું જાય છે. જુઓ વરુણદેવની કૃપા. ટાંકાનું પાણી નિર્મળ ગંગાજળ જેવું હોય છે. ક્યારેય પણ આ પાણી બગડતું નથી. તેમાં કચરો પડતો નથી કે દુર્ગંધ પણ મારતું નથી. ટાંકાનું પાણી સ્વચ્છ સ્ફટિક જેવું રહે છે. જૈન શાસ્ત્રોમાં આવા ટાંકાનું વર્ણન છે. ભગવાન મહાવીરના શિષ્ય આનંદ શ્રાવકે એવા પચ્ચક્ખાણ લીધા હતા કે બારે મહિના સ્વાતિ નક્ષત્રનું જ પાણી પીવું. તેઓ સ્વાતિ નક્ષત્રનું પાણી ટાંકામાં સંગ્રહિત કરી લેતા હતા.

શ્રી જયંતમુનિજી કહે છે કે ટાંકાની વાત શાસ્ત્રોમાં વાંચી હતી, પરંતુ હજુ પ્રત્યક્ષ જોવાનો પ્રસંગ આવ્યો ન હતો. ધોળકાના ટાંકા જોયા પછી તેની સ્પષ્ટ પ્રતીતિ થઈ. જોકે જૂનાગઢમાં પણ આવા ટાંકા બનાવવાની પ્રથા હતી અને માણસો ટાંકાથી પાણી મેળવતા તેવું સાંભળ્યું છે. ભારતમાં જ્યાં જ્યાં પાણી ન મળે ત્યાં ત્યાં ટાંકા બનાવવાની પ્રથા પ્રચલિત છે. આકાશનું શુદ્ધ પાણી ખરેખર ગંગાજળ જેવું નિર્મળ હોય છે. ભગીરથે આકાશમાંથી ગંગા ઉતારી તેનો કદાચ તેવો અર્થ થઈ શકે છે કે ગંગોત્રીમાં જમા થતું વર્ષાનું પાણી ગંગા રૂપે આખા દેશની સિંચાઈ કરે છે.

### ગુજરાતમાં પ્રવેશ :

ધોળકામાં એક દિવસની સ્થિરતાના મધુર અનુભવો સાથે મુનિરાજો નડિયાદના રસ્તેથી ગુજરાતમાં પ્રવેશ્યા. અમદાવાદ અને વીરમગામ ડાબા હાથ તરફ છૂટી ગયા. કાઠિયાવાડથી ગુજરાત જવાના બે માર્ગો પ્રસિદ્ધ છે : (૧) વીરમગામ-અમદાવાદ થઈને (૨) ધોળકા-ધંધુકા થઈને. ધોળકા-ધંધુકાનો રસ્તો ટૂંકો હોવાથી પદયાત્રીઓ માટે સુગમ છે. તેથી મુનીશ્વરોએ કાઠિયાવાડથી બહાર નીકળવા માટે ધોળકા-ધંધુકાનો રસ્તો લીધો અને ૧૯૪૮ની સાતમી એપ્રિલે નડિયાદ પધાર્યા.

### કોમી રમખાણના અવશેષ :

મુનિમંડળ નડિયાદના જૈન ઉપાશ્રયમાં પધાર્યા. નડિયાદના જૈન દેરાસરમાં બિરાજમાન વૃદ્ધ સંતનાં પણ દર્શન થયાં. તેઓએ હાર્દિક સ્વાગત કર્યું. તેમણે શ્રી જયંતમુનિને વિશેષરૂપે આશીર્વાદ આપ્યા. નડિયાદમાં ઘણા પાટીદારો જૈન ધર્મ પાળે છે. તેઓ સંગઠિત પણ છે. સાધન-સંપન્ન હોવાથી બધી રીતે લાભ પણ લઈ શકે છે. ત્યાંના જૈન ઑફિસર દર્શન કરવા માટે આવ્યા. તેઓએ ગુજરાતની ભૂમિની દાહોદ સુધીના રસ્તાની વિગત આપી.

નડિયાદ પછીનો પ્રદેશ ખેતીપ્રધાન હતો. ચારે તરફ હરિયાળી હતી. ચરોતરના સંતપ્રેમી માણસોનો પરિચય થવાથી વિહાર ઘણો સુખરૂપ બની ગયો હતો. તેમાં વળી છગનભાઈ દોશી પોતાની મીઠી ભાષાથી સૌનાં દિલ જીતી લેતાં હતાં. તે જગ્યાએ જગ્યાએ દરેક જાતની તૈયારી રાખી સંતોને સાતા ઉપજાવતા હતા. ઉમરેઠમાં જનતાએ ખૂબ સ્નેહ આપ્યો.

અહીંથી નાનાં ગામોનો સ્પર્શ કરી, ડાકોર, ઠાસરા થઈને ગોધરા પહોંચવાનું હતું. જ્યાં જ્યાં હિંદુ-મુસ્લિમની મિશ્ર વસ્તી હતી, પાસેપાસે ઘરો હતાં, ત્યાં ૧૯૪૭ના દેશવ્યાપી કોમી રમખાણની દુ:ખદ સ્મૃતિ જોવા મળતી હતી. અર્ધાં બળેલાં ઘરોનાં અવશેષ પડ્યાં હતાં. અનેક સ્થળે હજી ભડભડતી આગ નજરે ચડતી હતી. મનુષ્ય ધર્મના નામે કેવા અનર્થ આચરી શકે છે તેની આ મકાનો સાક્ષી આપી રહ્યા હતા. ખરું પૂછો તો આ અધર્મનું અને કોમી ઝનૂનનું યુદ્ધ છે.

**ડાકોરનું હિંદુ તીર્થધામ :**

ડાકોર હિંદુ ધર્મનું, ખાસ કરીને વૈષ્ણવોનું બહુ જ મોટું તીર્થધામ છે. રણછોડરાય ડાકોરમાં બિરાજ્યા છે. ડાકોર તીર્થધામની જાહોજલાલીથી મુનીશ્વરોનું મન ઘણું જ હર્ષિત થયું. ત્યાં ભગવાનને છપ્પન પ્રકારના ભોગ ચઢે છે. પહેલાં આ બધો મીઠો પ્રસાદ ભગવાનને ચઢાવ્યા પછી અન્નના અર્થીઓને પ્રેમપૂર્વક જમાડી દેવામાં આવતો.

ભગવાનને ચડાવેલા છપ્પન ભોગના થાળ એ વખતે બજારમાં વેચાતાં હતાં. સાચું પૂછો તો ભગવાનના ભોગને વેચી નાખવાનો કોઈને પણ અધિકાર નથી. મંદિરના ભોગ માટે પૈસાની કોઈ જરૂર નથી કારણ કે ભક્તોએ પોતાના ખર્ચે પ્રભુને ભોગ ચડાવ્યો છે. એટલે ભોગ શા માટે વેચવો પડે ? પરંતુ હાય ધર્મ ! ધર્મના આલંબન જેવા તીર્થમાં આટલી ભયંકર વિકૃતિઓને જન્મ આપી, કહેવાતા ધર્મિષ્ઠો પવિત્ર ધર્મને જ કલંકિત કરવાનો અવસર ઊભો કરે છે ! કવિ કાગે યોગ્ય જ કહ્યું છે કે "રાંધેલાં ધાન જ્યાં વેચાઈ રહ્યાં અને પ્રભુના ભોગ ધર્યા તે વિફળ થઈ ગયા. એવા તીર્થોમાં હે પ્રભુ ! તારો વાસ રહ્યો નથી."

ડાકોરમાં ગોમતી તળાવ છે. ત્યાં સ્નાન કરવાથી સીધું સ્વર્ગ મળે છે અને નર્કનાં પાપ ધોવાઈ જાય છે તેવી માન્યતા છે. પરંતુ આ ગોમતી તળાવની ગંદકી જોતાં એમ લાગે છે કે શું ધર્મને શુદ્ધિ સાથે કશો સંબંધ નથી? ધાર્મિક લોકો કહે છે કે જ્યાં શુદ્ધિ ત્યાં ધર્મ અને ધર્મ ત્યાં શુદ્ધિ. શુદ્ધિ વિના ધર્મ નહિ અને ધર્મ વિના શુદ્ધિ નહિ. આવા સુંદર સિદ્ધાંતો હોવા છતાં ગોમતી તળાવ શું કહી જાય છે?

ગોમતી તળાવ જોયા પછી કાકાસાહેબ કાલેલકરે પોતાના અનુભવમાં લખ્યું છે, "ખરેખર, આટલા ગંદા તળાવમાં મનુષ્ય ઇચ્છાપૂર્વક પ્રવેશ કરે છે. હવે બીજી કોઈ નરકમાં પ્રવેશ કરાવવાનું તેને કોઈ પ્રયોજન રહેતું નથી. આનાથી વધારે મોટું કયું નરક હોઈ શકે ?"

પરંતુ ભારતવાસીઓની શ્રદ્ધા અપાર છે. શ્રદ્ધાળુઓનો કોઈ દોષ નથી, વ્યવસ્થાપકોએ સુધારો કરવાની જરૂર છે.

**જયંતમુનિનું ગીતા પ્રવચન :**

ડાકોરમાં જૈન ભાઈનું એક ઘર છે. તેઓ પણ મંદિરના થાળ પર જ પોતાનું રસોડું ચલાવે છે. અર્થાત્ તેને રસોઈ કરવી પડતી નથી. ડાકોરના બે દિવસ અનુભવપૂર્ણ રહ્યા. રણછોડરાયનાં દર્શન કર્યા પછી તીર્થ કેટલા ઉપકારી છે તેનો ખ્યાલ આવ્યો.

ડાકોરથી ઠાસરા ગયા. ત્યાંના ભાઈઓએ હાર્દિક સ્વાગત કર્યું. ગીતા પર શ્રી જયંતમુનિજીએ પ્રવચન આપ્યું. મગનભાઈ દરજી તથા ફૂલચંદભાઈને સત્સંગનો ખૂબ રંગ લાગ્યો. તેમને છગનભાઈ સાથે દોસ્તી થઈ. સવારમાં વિહારમાં ચાલી નીકળ્યા, તે છેક ગોધરા સુધી સાથ આપ્યો. ગોધરાના

આખા રસ્તે હુલ્લડનાં નિશાનો, બળેલાં મકાનો અને ભંગારના ઢગલાઓ નજરે પડતાં હતાં. ગોધરા સંઘની ભાવભરી ભક્તિનો અનુભવ કરી ગોધરાથી દાહોદ માટે પગ ઉપાડ્યો. ગુજરાતની રસાળ ભૂમિ પૂરી થઈ રહી હતી. હવે પહાડી પ્રદેશ તથા જંગલની શરૂઆત થઈ. વચમાં જેકોટ સ્ટેશને રોકાવાનું હતું.

૧૯૪૮ની સત્તરમી એપ્રિલે જેકોટ પહોંચ્યા. અહીં એક પણ પાકું ઘર ન હતું. ચારેબાજુ આદિવાસી ભીલ પ્રજાના ઝૂંપડાંઓ હતા. ગોચરી મળવાની સંભાવના ન હતી. ફક્ત સ્ટેશનમાં એક ગુજરાતી બ્રાહ્મણનું ઘર હતું. તેઓ સ્ટેશન માસ્તર હતા. જયંતમુનિજી પાણી લેવા માટે પધાર્યા. તેમણે ગરમ પાણી વહોરાવ્યું, પરંતુ ઘરમાં રસોઈ બનતી જોવામાં ન આવી.

જયંતમુનિજીએ આશા રાખી પૂછ્યું, “કેમ બહેન, તમે બધા ક્યારે જમશો ?”

બહેન બોલ્યાં, “મહારાજ, આજે અમારે સામે સ્ટેશને જમવાનું નોતરું છે, એટલે ત્યાં જમવા જવાનાં છીએ.”

આ સાંભળીને જે થોડીઘણી આશા હતી તેના પર પાણી ફરી વળ્યું. પરંતુ જયંતમુનિજીએ હજુ આશા છોડી નહિ. ફરીથી પૂછ્યું, “બહેન, ત્યાં કેટલા વાગે જમવા જવાનાં છો ?”

બહેન બોલ્યાં, “સાંજના પાંચ વાગે જમવા જવાનું છે.”

આ સાંભળીને ફરી મનમાં આશાનો તંતુ ઊભો થયો. “તો શું બહેન, સાંજ સુધી બધા ભૂખ્યા રહેશો ?”

બહેન બોલ્યા, “ના, ભૂખ્યા તો નહિ રહીએ.”

મુનિશ્રીએ ફરીથી તેમને પ્રેરણા આપી, “તમે જો જમવાના હો તો તેમાંથી ગોચરી આપી શકો છો.”

આટલું સાંભળ્યા પછી બહેને ખુલાસો કર્યો. “મુનિજી, અમે અત્યારે ખીચડી ખાશું, પરંતુ આપ જેવા સંતને લુખ્ખી ખીચડી કેમ અપાય? તેનો મારા મનમાં સંકોચ હતો. આજે ઘરમાં ઘી ખલાસ થઈ ગયું છે. તમને સાધુમહારાજને તો સારી ચીજ આપવી જોઈએ ને! આથી હું કંઈ બોલી નહિ.”

મુનિશ્રીએ બહેનને ધીરજ બંધાવી. “બહેન, જરાપણ સંકોચ કરવાની જરૂર નથી. અત્યારે તો તમારી ખીચડી જ ઘી જેવી છે. જુઓ, અત્યારે તમે ભિક્ષા ન આપો તો અમારે ઉપવાસ કરવો પડે.”

આટલા ઇશારાથી એ બહેન સમજી ગયાં. તે રાજીના રેડ થઈ ગયાં. રમાબહેને ભક્તિભાવથી

ખીચડી વહોરાવી અને સાથે થોડું દહીં પણ આપ્યું. મુનિશ્રીની આશા નિરાશામાં પલટાયા પછી પણ ફળવતી બની અને રમાબહેને વૈયાવચ્ચનો અપૂર્વ લાભ મેળવી લીધો હતો. રસ્તામાં આવા રમૂજી પ્રસંગો ઉપસ્થિત થતા રહેતા હતા.

**છેલ્લી સલામ તને :**

જેકોટથી દાહોદના વિહારમાં રેલવેના પાટા પર ચાલવાનું હોવાથી ચાલવાનો પરિષહ વધારે હતો. પૂજ્ય તપસ્વી મહારાજને પગના તળિયામાં લોહીના ટશિયા આવવા લાગ્યા. પગમાં કપડાં બાંધીને પૂ. તપસ્વી મહારાજ ચાલી રહ્યા હતા. આટલી ઉંમરે અને આવી વિકટ પરિસ્થિતિમાં પણ તેઓ સહેજે હિંમત હાર્યા નહીં, તેમજ ક્યારેય કંટાળ્યા નહીં. જયંતમુનિજીના ભાવોને પારખી જઈ તેઓ ઘણો ઉત્સાહ પ્રદર્શિત કરતા હતા. તેમને વિહારનો અનેરો આનંદ મળી રહ્યો હતો.

૧૯૪૮ની ૧૮મી એપ્રિલે તેઓ દાહોદ પહોંચ્યા ત્યારે ગુજરાતની સીમા પૂરી થઈ. દાહોદનો મૂળ અર્થ છે દોહદ. દોહદ એટલે બે હદ. એક તરફ ગુજરાત છે અને બીજી તરફ માળવા છે. બંને સીમાને જોડનારું ગામ હોવાથી તે દોહદ કહેવાતું હતું. કાળક્રમે તેમાંથી 'દાહોદ' બની ગયું છે. દાહોદમાં જૂની ઢબના લોઢાની પ્લેટનાં દરવાજાવાળાં ઘરો નજરે પડે છે. આખું ગામ પ્રમાણમાં ઘણું પ્રાચીન લાગે છે.

અહીં દિગંબર સમાજનાં લગભગ સો ઘર અને સ્થાનકવાસી સંપ્રદાયનાં વીસ-પચ્ચીસ ઘર છે. દાહોદના ઓસવાળ ભાઈઓએ અપૂર્વ સેવા કરી હતી. અહીં જંગલનો વિસ્તાર હોવાથી જૈન સાધુ-સાધ્વીઓનો લાભ જવલ્લે જ પ્રાપ્ત થતો. મારવાડી શ્રાવકો જૂના રીત-રિવાજ પ્રમાણે રંગીન કપડાંની, અડધાથી એક ફૂટ જેટલી ઊંચી પાઘડી બાંધતા.

મુનિશ્રી દાહોદથી માતૃભૂમિ ગુજરાતને સલામ કરી નીકળ્યા ત્યારે કલ્પના ન હતી કે આ ગુજરાતને છેલ્લી સલામ છે! આવી ગરવી ગુજરાતમાં ફરીથી પગ મૂકવાનો થશે નહિ. દાહોદનું અંતિમ ચરણ નજર સામે દેખાતું હતું. વર્ષોનાં વહાણાં વહી ગયાં અને 'જય ગુજરાત', 'જય ગુજરાત' બોલતા રહી ગયા.

**ભગવાનનો માણસ ભગવાન કુંભાર :**

દાહોદ સુધી છગનભાઈ દોશી સાથે હતા. હવે સાવરકુંડલા સંઘે સાથે આપેલા ભગવાન કુંભારનો એકનો જ સાથ રહ્યો. ભગવાન તેના નામ પ્રમાણે ખરેખર ભગવાનનો માણસ હતો. ખૂબ રૂપાળો હોવાથી પ્રભાવશાળી લાગતો હતો. પરંતુ જે કંઈ રૂપ હતું તે ચહેરા પર હતું. ભગવાન એટલે માસ્તર મારે નહીં અને ભણાવે નહીં એવો નિરાળો વ્યક્તિ હતો. કોઈની સાથે ભળી ન શકે. વાત પણ ન કરી શકે. દુકાને સામાન લેવા જાય તો જે દુકાનમાં ગ્રાહક જુએ, ત્યાં

પગથિયાં ચડે નહીં. કોઈ નાની દુકાન હોય, બિલકુલ વેપાર ન હોય ત્યાંથી ગોળ-ચણા લઈ આવતો અને તે ખાઈને પાણી પી લેતો. પૂ. તપસ્વી મહારાજને બે-ચાર દાણા આરોગવાનું ગમતું. ભગવાન પાસેથી ચપટી દાળિયા માગી લેતા. જયંતમુનિજી ગમે તેવાં અજાણ્યાં ઘરોમાં પણ પાત્રા લઈ ચાલ્યા જતા અને તેમને સમજાવીને બે-ચાર રોટલી મેળવતા. સારું ઘર જોવામાં આવે તો ભગવાનને ત્યાં જમાડી દેવાની પ્રેરણા આપતા. ભગવાન પૂરી કરકસરથી રહેનારો હતો. એક પાઈનો ખોટો ખર્ચ કરતો નહીં. સાવરકુંડલા શ્રીસંઘે તેના હાથમાં ૧૦૦ રૂપિયા રોકડા આપ્યા હતા. પરંતુ તમન આશ્ચર્ય થશે કે સાવરકુંડલાથી આગ્રા આઠસો માઈલ અર્થાત્ તેર સો કિલોમીટરની યાત્રામાં આ ભગવાને કુલ સાડત્રીસ રૂપિયા અને પચાસ પૈસાનો ખર્ચ કર્યો હતો ! સાડા બાસઠ રૂપિયા હજી તેના ખિસ્સામાં વધ્યા હતા.

બન્ને સંતોનું ધ્યાન રાખવાનું કામ ભગવાનને માથે હતું, પણ ખરું પૂછો તો સાધુમહારાજ ઉપર ભગવાનનો બોજ હતો. બાકી ભગવાનમાં ગુણ ઘણા હતા. વહેલો ઊઠી જાય. ચાલવામાં તપસ્વી મહારાજનું પૂરું ધ્યાન રાખતો. લાકડી લઈને આગળ આગળ ચાલે. વિહારમાં ભગવાનનો ઘણો સહારો હોવાથી વિહાર બરાબર થતો હતો.

❑



૭

# વિહારની કેડીએ

૧૯૪૮માં હજુ નવાં રાજ્યોની રચના થઈ ન હતી. રતલામ, ઇંદોર વગેરે માળવાનાં મુખ્ય શહેરો હતાં. ઝાંસી, ગ્વાલિયર વગેરેનો બુંદેલખંડમાં સમાવેશ થતો હતો. માળવા અને મેવાડની સરહદ દાહોદથી નજીક હતી. માળવાનો થોડો પ્રદેશ ઓળંગી આગળ વધતા મેવાડની સરહદ આવતી હતી. ત્યાંથી ચંબલની ઘાટીઓ પાર કરી ગ્વાલિયર જવાનું હતું. માર્ગનો એટલો વિકાસ થયો ન હતો. રેલવે લાઇન ઉપર ચાલવાનું હતું. પહેલાં એમ લાગતું હતું કે ગ્વાલિયરમાં ચાતુર્માસ થશે, પરંતુ અંજળ આગ્રાનું હતું. દાહોદ સુધી ગોચરી પાણીની તકલીફ ન પડી. પરંતુ હવે કસોટી થવાની હતી.

એક દિવસ મુનિઓને અતિ પરિષહ થાય તેવી ઘટના સર્જાઈ. વળી પરિષહને અંતે કેવી સુગમતા થઈ તે પણ જાણી શકાશે. સવારના પહોરમાં નવ માઈલ ચાલ્યા પછી એક પુલ પર મુનિ મહારાજ થોડી વાર બેઠા. પાસે ગોવાળિયાઓ ગાયો ચરાવી રહ્યા હતા. બધા ગોવાળિયા છોકરા જેવા હતા. તેઓએ કહ્યું કે રંભાપુર જવા માટે આ રસ્તે ઘણો ફેરો પડશે. તમે જો પગદંડીથી કાચા રસ્તે નીકળશો તો ચાર-પાંચ માઈલનો બચાવ થશે.

મુનિઓ ગોવાળિયાની વાત સાંભળીને ટૂંકા માર્ગે ગયા. રસ્તો ટૂંકાને બદલે ઘણો લાંબો થઈ ગયો. દસ વાગ્યા એટલે પીવાનું પાણી ખલાસ થઈ ગયું. રસ્તામાં એક નાનું ગામ આવ્યું. ત્યાં ઊતરવાની કોઈ જગ્યા ન હતી. ગામડાના ખંડેર જેવા મકાનના એક વરંડામાં શાળા ચાલતી હતી.

કુલ ચાર વિદ્યાર્થી હતા. માસ્તરની બેસવાની ખુરશીનો એક પાયો તૂટેલો હતો, ત્યાં ઈંટો ગોઠવી હતી. બેસવા કે ઊભા રહેવાની પણ જગ્યા ન હતી. માસ્તરને શાળામાં જગ્યા આપવા કહ્યું, ત્યારે તે બોલ્યો, "આમાં જગા ક્યાં છે? જે છે તે પણ હું ચાર વાગ્યા પછી આપી શકું."

બહાર ધોમધખતો તડકો તપતો હતો. પૂજ્ય તપસ્વીજી મહારાજ એક વૃક્ષ નીચે બેસી ગયા હતા. પાણી માટે દોડાદોડી કરી. એવામાં થોડે દૂર એક નાની હોટલ નજરે પડી. હોટલનો માલિક જૈન સાધુનો કંઈ વિરોધી લાગ્યો. પ્રથમ ગરમ પાણી આપવાની હા કહી. જયંતમુનિજી જ્યારે પાણી લેવા ગયા ત્યારે તેણે ખૂબ હાંસી-મશ્કરી કરી. હોટલવાળો બોલ્યો, "આપકો ઇતના જ્ઞાન નહીં હૈ કિ દુકાનમેં પાની નહીં મિલતા હૈ." આમ કહી તે વળી પાછો હસી પડ્યો.

બીજો ઉપાય ન હોવાથી સંતોએ સખત ગરમીમાં અગિયાર વાગે પુનઃ વિહાર આરંભ્યો. ભગવાન પણ ભોજન-પાણી વગર ચાલી રહ્યો હતો. પૂ. તપસ્વી મહારાજને ચોવિહાર પાળવો બાકી હતો. એ વખતે આપણા આ મુનિમંડળને એ ખબર ન હતી કે સાધુઓ ધોવણ પાણી વાપરી શકે છે. એટલે આપણા મુનિવરો હંમેશાં ગરમ પાણીની શોધમાં જ રહેતા. ગરમ પાણી મળવું મુશ્કેલ બનતું હતું અને મોટો પરિષહ આવી પડતો હતો. આજે પણ એવું જ બન્યું.

રસ્તામાં એક કુંભાર ચાકડા પર નળિયા ઉતારતો હતો. તેના એક ઘડામાં માટીવાળું પાણી હતું. મુનિજીને ખ્યાલ આવ્યો કે આ માટીવાળું પાણી ખપે. કુંભારને લાગતું હતું કે આ કેવા વિચિત્ર માણસો છે ! કૂવો પાસે જ હતો, છતાં કૂવાનું સાફ પાણી લેતા નથી અને માટીવાળા ગંદા પાણીની માગણી કરે છે ! તેને થયું કે આવું ગંદું પાણી કેમ આપી શકાય ! એટલે કુંભાર પાણી આપવા રાજી ન હતો.

શ્રી જયંતમુનિજીએ તેની આજ્ઞા મેળવી, માટલામાંથી સ્વયં માટીવાળું પાણી લીધું. ઉપરના ભાગમાંથી થોડું આસરેલું પાણી મળ્યું. તપસ્વી મહારાજને થોડી રાહત થઈ. બે વાગે કાચી પગદંડી પૂરી થઈ અને મુખ્ય માર્ગ પર આવેલા ગામમાં પહોંચ્યા. રસ્તો ટૂંકો થવાને બદલે પાંચ કિલોમીટર લાંબો થયો હતો અને વધારામાં પાણીનો પરિષહ થયો.

**પ્રેમથી પરિષહના માર્ગે :**

એ ગામમાં એક સુથારના ઘેર સામાન મૂક્યો. સુથારની વહુ ભક્તિભાવવાળી હતી. બધી વાનગી તૈયાર કરી. પરંતુ તેનો ધણી ઘણો જુલમી હતો. એટલે તે બોલી, "ધણીને વગર પૂછયે આપું તો મારો વારો જ આવી બને !"

તપસ્વી મહારાજને ત્યાં બેસાડી, જયંતમુનિજી ગામનાં બધાં ઘેર ગયા. ક્યાંય ગરમ પાણી મળ્યું નહી. ગામમાં એક બ્રાહ્મણ માસ્તરનું ઘર હતું. તે એકલો રહેતો હતો. એક વૃદ્ધા તેને રાંધી આપતી. તેને ત્યાં બે ડોલ ગરમ પાણી તૈયાર હતું. ડોશી બોલી, "બાબા, હમારા હાથ આટા

વાલા હૈ. અભી હમ નહીં દે સકતે. થોડી દેર કે બાદ આઇયે." પાણી હતું એટલે આશા બંધાણી.

આંગણામાં બે મીના કોમનાં ઘર હતાં. આ જાતિ લડાકુ અને તેજતરાર હોય છે. તેનાં બૈરાંઓ પાણીદાર અને ઝઘડો કરવામાં પણ નિપુણ હોય છે. જયંતમુનિ આંગણામાંથી પસાર થયા ત્યારે બે સ્ત્રીઓ તેમને ગમે તેમ બોલવા લાગી. કહેવા લાગી, "ઘૂમ જાઈએ. યહાં કોઈ નહીં હૈ."

મુનિજીને તો પાણી જોઈતું હતું. બધું સાંભળ્યું-વણસાંભળ્યું કર્યું. બન્ને સ્ત્રીઓ ઉશ્કેરાઈ ગઈ હતી. થોડી વાર ફરી પાછા જયંતમુનિ પાણી માટે ગયા ત્યારે મહિલાઓનો ગુસ્સો પારાવાર હતો.

મુનિજી માસ્તરને ત્યાં પહોંચ્યા ત્યારે ડોશી ચાલી ગઈ હતી. માસ્તર એકલો હતો. પેલી સ્ત્રીઓએ ચાડી ખાધી હશે. ગમે તે હોય, માસ્તર પણ ગુસ્સાવાળો હતો !

મુનિજીને જોતાં તે પણ ઉશ્કેરાયો, "આપ યહાં ક્યોં ચલે આતે હો. બહાર નિકળિયે."

મહારાજે પાણીની વાત કરી. તે સાંભળીને તે સોટી લઈને બહાર આવી કહેવા લાગ્યો, "ચલિયે, બહાર નિકળિયે." તે સોટી એવી રીતે હલાવતો હતો કે જાણે મારવાની તૈયારી હોય !

મુનિજીને બહાર કાઢવા માટે તે બ્રાહ્મણ દરવાજા સુધી સાથે આવ્યો. મુનિજીએ બ્રાહ્મણને ગીતાજીના બે-ત્રણ શ્લોક સંભળાવ્યા અને બ્રાહ્મણોનું કેટલું પતન થઈ ગયું છે તે બતાવ્યું. ત્યાં પેલી ડોસી સામે મળી. મુનિજીએ કહ્યું "યહ બુઢી માંને હમકો પાની કે લિયે બુલાયા થા, ઇસ લિયે યહાં આયે હૈ."

હવે માસ્તર જરા નરમ થયો. તેને પોતાની ભૂલ સમજાઈ હતી, પણ વટનો માર્યો કશું બોલ્યો નહીં.

મુનિજી કંપાઉન્ડથી બહાર ચાલ્યા ગયા. હવે કુદરતની લીલા જુઓ ! આટલા પરિષહ આપ્યા, પણ ભગવાને બે સારાં ઘર પણ છુપાવી રાખ્યાં હતાં. કેમ જાણે મુનિની પરીક્ષા કરવાની હોય ! થોડા આગળ વધતાં એક મોટો ડેલો આવ્યો. દરવાજો વાસ્યો ન હતો, ખાલી અટકાવેલ હતો. અંદર ગયા પછી જાણવા મળ્યું કે તે કાયસ્થનું ઘર હતું. બે સ્ત્રીઓ ઓશરીમાં બેસી માથું ઓળી રહી હતી. જૈન મુનિથી તદ્દન અપરિચિત હોવા છતાં પરિચિત હોય તેવો વ્યવહાર કર્યો. મુનિજીને જોતાં વિનયપૂર્વક ઊભા થઈ, 'પધારો', 'પધારો', કહીને સ્વાગત કર્યું. મુનિજીએ ગરમ પાણી માટે કહ્યું. તેમના ઘરમાં એક ટિન સ્વચ્છ ગરમ પાણીથી ભરેલું હતું. તે ઉપરાંત મુનિજીએ છાશની પરાશ લીધી. ત્યારે એ બહેનો બોલી, "આપે ખાલી પાણી અને છાશ લીધા છે. શું ભોજન નથી લેતા ? અમારે ત્યાં બધું તૈયાર છે."

મુનિશ્રી પાણી મૂકી, પાત્રા લઈને આવ્યા. તે બહેનોએ ઘઉંના રોટલા, દહીં અને કોઠીમડાનું

અથાણું મુનિશ્રીને વહોરાવ્યાં. તેના મુખ પર અપાર હર્ષ હતો. ભાવ એટલો ઉત્કટ હતો કે જાણે તીર્થંકર નામગોત્ર બાંધી લીધું. પહેલો સુથાર પણ કામ ઉપરથી આવી ગયો હતો. તે પોતાની પત્નીને ધખ્યો, "મુનિજી કો ખાના ક્યું નહીં દિયા ? ઉનકો દૂસરે ઘરસે લાના પડા." તે મુનિશ્રીને ઘરમાં લઈ ગયો. તેણે ભાવપૂર્વક બધું વહોરાવ્યું. તેની પત્ની રત્ના તો ખુશ ખુશ થઈ ગઈ.

એટલામાં પેલા માસ્તરને ખ્યાલ આવ્યો. એ પણ એક નોકરના માથા ઉપર ઠારેલા સ્વચ્છ પાણીનું માટલું લઈ ત્યાં આવી પહોંચ્યો. પોતાની ભૂલ બદલ તપસ્વી મહારાજની ક્ષમાયાચના કરી. દિવસના સંતો થાક-ત્રાસ અને યાતના વિસરી ગયા. સુથારના ઘેર બે કલાક આરામ કરી પુન: વિહાર શરૂ કર્યો. વિહારમાં આવી નાની-મોટી ઘટનાઓ બનતી હતી. સમભાવે મુનિ મહારાજ પરિષહને જીતી લેતા અને આનંદ સાથે આગળ વધતા હતા.

રતલામથી છ કિલોમીટર દૂર કરેલી નામે ગામ છે. ત્યાં દૂધ ફાડીને તેનો માવો બને છે અને વેપારીઓ શિહોરી પેંડા બનાવીને વેચે છે. આખા ગામમાં આ એક જ ધંધો છે. વર્ષે દહાડે લાખો રૂપિયાનો માવો મુંબઈ જાય છે. મુનિશ્રી કરેલીમાં રાત રોકાયા. સવારના રતલામ પહોંચવાનું હતું.

**મતભેદની દીવાલ :**

મુનિરાજો ૧૯૪૮ની ઓગણત્રીસમી એપ્રિલના રોજ રતલામ પહોંચ્યા. રતલામ એ જૈન નગરી હોવાથી જૈન ધર્મનું મોટું કેન્દ્ર હતું. રાજસ્થાનના તમામ મોટા આચાર્યોનાં ચોમાસાં રતલામમાં થાય છે. એ જ રીતે તેરાપંથી સાધુઓ પણ રતલામમાં વારંવાર ચાતુર્માસ કરે છે. સામાન્ય રીતે રતલામના શ્રાવકો ચુસ્ત ક્રિયાવાદી હોય છે. અહીં સ્થાનકવાસી સંપ્રદાયના મુખ્ય ત્રણ ઉપાશ્રય છે.

(૧) દિવાકરજી ચોથમલજી મહારાજનો ઉપાશ્રય, (૨) હુકમચંદ મહારાજનો ઉપાશ્રય જેના આચાર્ય જવાહરલાલજી મહારાજ છે, અને (૩) ધર્મદાસજી મહારાજનો ઉપાશ્રય. હુકમચંદ મહારાજ અને ધર્મદાસજી મહારાજના ઉપાશ્રય એક જ હૉલમાં સાથેસાથે જોડાયેલ છે. જ્યારે સંપ્રદાયભેદ ન હતો ત્યારે વિશાળ હૉલમાં બધા શ્રાવકો એકસાથે બેસી ધર્મધ્યાન કરતા હતા. પરંતુ મતભેદ થયા પછી વચમાં દોઢ ફૂટ ઊંચી જાળી નાખી બે અલગ ઉપાશ્રય બનાવ્યા હતા.

બધાં શ્રાવક-શ્રાવિકાઓ પોતાના ઉપાશ્રયમાં જતાં. સંપ્રદાયભેદ ખૂબ પ્રવર્તતો હતો. એ સમયે રતલામમાં કેવલચંદજી મહારાજના ત્રણ ઠાણા બિરાજમાન હતા. તેઓ સરળ અને ઉદાર હતા. તેઓએ મુનિઓનું સ્વાગત કર્યું અને પોતાની સાથે પ્રેમપૂર્વક ઉતારો આપ્યો. સંપ્રદાયનો બધો રંગ બતાવ્યો. મુનિજીને આ સાંભળી ઘણું આશ્ચર્ય થયું.

જયંતમુનિજી ગોચરી માટે ગયા. આ સમયે શ્રાવકે વહોરવાની વાત પછી, વહોરાવતાં પહેલાં પૂછ્યું, "થારો કોન સંપ્રદાય ? (તારો સંપ્રદાય કયો છે?)"

મુનિજીએ હસીને કહ્યું, "માજી, હમ સંપ્રદાય કી બાત કરને નહીં આયે હૈં. હું ગોચરી લેવા આવ્યો છું."

મુનિશ્રીએ કહ્યું કે ભગવાન મહાવીરનો સંપ્રદાય તો એક જ છે. તેમણે મુશ્કેલીથી વૃદ્ધાને સમજાવ્યાં, ત્યારે ફક્ત દાળ-રોટલી ગોચરીમાં મળ્યા. આમ સાધુઓને પણ તેની ચર્યામાં સંપ્રદાયનો ભેદભાવ અવરોધરૂપ બનતો હતો. ગુરુદેવ પ્રાણલાલ સ્વામીની હિતશિક્ષા કામ આવી. ધર્મદાસ સ્વામીના ઉપાશ્રયમાં ઊતરવાથી માન જળવાઈ રહ્યું. એ સંપ્રદાયમાં તીવ્ર રાગ-દ્વેષ ન હતો. ત્રણ દિવસ મુનીશ્વર રતલામમાં રોકાયા.

રતલામ ઠીક ઠીક મોટું નગર છે. બધા સાધુઓનું સારી રીતે આગમન થાય છે. સ્થાનકવાસી સંપ્રદાયના મહાન શાસ્ત્ર ભાવોના લેખક રતનલાલ શૈલાનાની કલમમાં સાધુઓના આચાર-વિચાર માટે કડક લેખ આવતા. પોતે શાસનના ધુરંધર વિદ્વાન હતા. જોકે સમયના અભાવે શૈલાનાજી સાથે મુલાકાત ન થઈ શકી.

આમ રતલામ થોડો આરામ લીધા પછી છોડવાનો વખત આવ્યો. મુનિશ્રીએ સાંપ્રદાયિક કદાગ્રહનું ઊંડેથી અધ્યયન કર્યું હતું. રતલામમાં તે પ્રત્યક્ષ જોવા મળ્યું. ત્યારબાદ સંપ્રદાયવાદ કેટલો નુક્સાનકારી છે તે વિષય પર મુનિજીનું સ્વતંત્ર ચિંતન થયું.

રતલામથી વિહાર કરી ઉજ્જૈન પહોંચવાનું હતું. ઉજ્જૈન નજીક આવતાં પાસેના ગામથી બપોરે જ વિહાર શરૂ કર્યો, જેથી સાંજ સુધીમાં ઉજ્જૈન પહોંચી જવાય. સૌએ ઉજ્જૈન છ માઈલ દૂર બતાવ્યું હતું. જેવા રોડ પર પહોંચ્યા કે સામે દૂધ વેચનારી ભરવાડ બહેનો મળી. મુનિજીએ પૂછ્યું, 'બહનલોગ, ઉજ્જૈન કિતના દૂર હૈ ?'

તેણે જવાબ આપ્યો, "બાર માઈલ."

મુનિજી વિચારમાં પડી ગયા. છ માઈલના સીધા બાર માઈલ થઈ ગયા !

દૂધ વેચનારી બહેનો બરાબર ઉજ્જૈન જતી હતી, તેથી એની ભૂલ પણ ન હોઈ શકે.

"અરે બહેનો, બધાએ છ માઈલ કહ્યા છે. તમે બાર માઈલ કેમ કહો છો?"

બહેનો જોરથી બોલી, "અરે શું વાત છે? અમે રોજ જઈએ છીએ. ઉજ્જૈન બરાબર બાર માઈલ થાય છે."

મુનિજીએ વિચાર્યું કે આટલો બધો ફેર કેમ ? છ માઈલના સીધા બાર માઈલ બતાવે છે. જો ખરેખર બાર માઈલ હોય તો ઉજ્જૈન સાંજ પહેલાં પહોંચાય જ નહીં. એટલે ફરીથી પૂછ્યું, "બહેનો, તમારી ભૂલ તો નથી થતી ને ?"

એક ભરવાડ બહેન નારાજ થઈને બોલી, "ભૂલ શેની થાય? રોજ ઉજ્જૈન જતાં અમારા પગનાં તળિયાં ઘસાઈ ગયાં છે. છ માઈલ જવાના અને છ માઈલ આવવાના. બોલો, બાર માઈલ થયા કે નહીં?"

બહેનોનો હિસાબ તેમની રીતે સાચો હતો. મુનિજીએ ભરવાડ બહેનોને હસતાં હસતાં કહ્યું, "હા, હા, બહેનો, તમે સાચાં."

સંતો પણ ખુશ થતાં થતાં ચાલી નીકળ્યા. ૧૯૪૮ની ૭મી મેની સાંજે પાંચ વાગે ઉજ્જૈનના જૈન ઉપાશ્રયમાં પગ મૂક્યો.

**ઉજ્જૈનનો ભવ્ય ભૂતકાળ :**

ઉજ્જૈન ઘણી પ્રાચીન નગરી છે. ઉજ્જૈનનું મૂળ નામ અવંતી છે. પ્રાચીન દેવ-દેવીઓનાં સ્થાન માટે ઉજ્જૈન વિશ્વવિખ્યાત છે. પરદુ:ખભંજન રાજા વીર વિક્રમની અને રાજા ભોજની રાજધાની હોવાથી ઉજ્જૈન સાથે ઇતિહાસ જોડાયેલો છે. અવંતીનું નામ લેતાં દૃષ્ટિ ભૂતકાળમાં ચાલી જાય છે. ચોસઠ જોગણીનાં સ્થાન પણ ઉજ્જૈનમાં છે. ઉજ્જૈનમાં તાંત્રિકો સારી સંખ્યામાં જોવા મળે છે. આમ ઉજ્જૈન ક્ષિપ્રા નદીને કિનારે વસેલું ઘણું જ ખ્યાતિપ્રાપ્ત પુરાતન નગર છે. ભૈરવ, મહાભૈરવ, કાલભૈરવ, ઇત્યાદિ સોળ ભૈરવનાં સ્થાન પણ ઉજ્જૈનમાં છે. અત્યારે ઘણો જ ઇતિહાસ 'ડટ્ટન સો પટ્ટન' થઈ ગયો છે. અવંતીના લોકો પોતાના ઇતિહાસ બદલ સારું એવું ગૌરવ ધરાવે છે.

અહીંનો જૈન સમાજ, તેમાં પણ ખાસ કરીને સ્થાનકવાસી જૈન સમાજ, સુખીસંપન્ન અને વૈભવશાળી સંઘ છે. અહીં અવાર-નવાર જૈન સાધુઓનાં ચાતુર્માસ પણ થાય છે. જ્યોતિષવિદ્યાના પ્રખર પંડિત કસ્તૂરચંદજી મહારાજ સ્થાનકવાસી જૈન સંત હોવા છતાં જ્યોતિષમાં મોખરે છે. જયંતમુનિજીની ઉજ્જૈન વિશે ઘણી સ્મૃતિઓ જાગ્રત થઈ.

પૂ. તપસ્વીજી મહારાજ અને જયંતમુનિજીએ ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો અને ત્યાં બિરાજમાન પૂજ્ય મુનિવરોનાં દર્શન કર્યાં. સાંજના પાંચ વાગ્યા હતા. ત્યારે આહાર-પાણી માટે ફક્ત અડધો કલાક જ બચ્યો હતો. આપણા સંતો કેટલા દયાળુ હોય છે ! મોટા સંત તરત જ બોલ્યા, "વાત પછી કરજો. પહેલાં પાત્રા લ્યો. આહાર-પાણી પતાવો. વાત માટે રાત છે."

તેમના એક સંત સાથે આવ્યા. ગોચરી-પાણી સૂખપૂર્વક કર્યાં.

ઉજ્જૈન બે દિવસ રોકાવાનું હતું. ગુજરાતી સંતો તરીકે સર્વત્ર આદરભાવ મળતો હતો. આગામી ચાતુર્માસ ક્યાં કરવું તેનો નિર્ણય ઉજ્જૈનમાં કરવાનો હતો, તેથી પ્રથમ તો ઉજ્જૈન સંઘે ચાતુર્માસ માટે ખૂબ આગ્રહ કર્યો, પરંતુ હજુ કાશી ઘણું દૂર હતું. ઉજ્જૈન ચાતુર્માસ કરવું પાલવે એમ ન હતું. આગળનો રસ્તો પણ નક્કી કરવાનો હતો. ઇન્દોર જેવું શહેર એકદમ નજીક હતું. ત્યાં સ્થાનકવાસી મારવાડી સમાજ અને ગુજરાતી સમાજ વિશાળ સંખ્યા ધરાવે છે. મુનિજીને ઇન્દોર સ્પર્શવાની ઇચ્છા હતી. પરંતુ અત્યારે સમયક્ષેપ કરવો પાલવે તેમ ન હતો, તેથી ઇન્દોર જવાનો વિચાર પડતો મૂક્યો.

ઉજ્જૈનથી “આગ્રા રોડ” સીધો આગ્રા સુધી પહોંચે છે. મુંબઈ-આગ્રાનો આ ધોરી રોડ છે. વચમાં ગુણા નામે સારું ગામ આવતું હતું અને ત્યારબાદ શિવપુરીમાં મોટો સંઘ હતો.

શિવપુરીથી બે રસ્તા છે. એક રસ્તો સીધો કાનપુર જાય છે, જ્યારે બીજો માર્ગ ગ્વાલિયર અને આગ્રા થઈ કાનપુર જાય છે. આમ કાનપુરનો સીધો રસ્તો ટૂંકો હતો. પરંતુ ચાતુર્માસ પહેલાં કાનપુર પહોંચવામાં શંકા રહેતી હતી. તેથી ગુણા અને શિવપુરી થઈ ગ્વાલિયર જવાનો નિર્ણય કર્યો. ઉજ્જૈન સંઘનો માણસ ગ્વાલિયર સુધી જઈ આવ્યો અને ચાતુર્માસની વિનંતી પણ લઈ આવ્યો. વિનંતીપત્ર આવતાં મન ઘણું જ પ્રફુલ્લિત થયું. ઉજ્જૈનના શ્રી ફૂલચંદ શેઠે ઘણી સારી સેવા બજાવી.

હવે જૈન ઘરો ન હોય તેવા માર્ગ ઉપર ઘણા દિવસો સુધી ચાલવાનું હતું. સાચો પરિષહ ડોકિયાં કરી રહ્યો હતો. ઉજ્જૈનથી વિહાર કરી ઉદનખેડી પહોંચ્યા. ત્યારે પાણીનું માટલું અચાનક ફૂટી ગયું. આખા વિહારમાં આ માટલું આધારભૂત હતું.

સવારમાં પાણી વહોરી માટલું ભરી લેતા. ચાલતી વખતે હવા લાગવાથી પાણી શીતલ બરફ જેવું થઈ જતું. બાર વાગ્યા સુધી આહારની કલ્પના નહીં કરવાની. એકએક ગ્લાસ પાણી પીતા રહેવાનું અને ચાલતા રહેવાનું. અગિયાર વાગ્યા સુધી પંદર માઈલ કાપી વિશ્રાંતિ કરવાની, ત્યાર પછી જયંતમુનિ પાત્રા લઈ અજાણ્યાં ઘરોમાં ગોચરી મેળવવાનો પ્રયાસ કરતા. ભગવાન ભેગો રહેતો. પરંતુ તે ભાષા કાંઈ સમજતો નહિ. તેથી તેનો નામનો જ સહારો હતો. આખા દિવસમાં સાત-આઠ રોટલી મળી જાય એટલે ઘણું થતું. દાળ-શાક ક્યારેક હોય કે ન હોય, ત્યારે લૂખી રોટલી આરોગી લેવાની. સાંજના તો ગોચરી માટે વિચાર જ નહિ કરવાનો. આ રીતે તપસ્યાપૂર્વક અને ઘણા જ ઉત્સાહ સાથે વિહાર ચાલતો હતો.

**પાણીના માટલા માટે પણ પરિષહ :**

ઉદનખેડીમાં બીજું માટલું લેવું જરૂરી હતું. જયંતમુનિજી એક કુંભારને ઘેર પહોંચ્યા. સામે માટલાનો ઢગલો પડ્યો હતો. મુનિશ્રીની નજર માટલા પર હતી. મુનિજીએ અવાજ દીધો. ત્યારે ઘરમાં કુંભારણ બાઈ એકલી જ હતી. કુંભારણ બહાર આવી. સંતોને મોઢે મુહપત્તી બાંધેલી હતી. આમ અચાનક નવો વેશ જોઈ તે ગભરાઈ ગઈ. મારવા માટે સાવરણી લઈને દોડી. મુનિશ્રીને બહાર નીકળવા માટે પડકારો કર્યા.

આ આખો પ્રદેશ ડાકુ-લૂંટારાઓથી જાણીતો છે. અહીં મોઢે બુકાની બાંધી અચાનક ડાકુ આવી ચડે તેમાં કોઈ આશ્ચર્ય હતું નહીં, પણ મોઢે મુહપત્તી બાંધેલા જૈન સાધુને તેણે ક્યારે પણ જોયેલા નહોતા એટલે એ કુંભારણે ગભરાઈને સામનો કરવો શરૂ કરી દીધો.

મુનિશ્રીએ પણ સમયસૂચકતા વાપરી અને હસીને કહ્યું, “બહનજી, માર લો, માર લો.

હમારા શરીર કોઈ કામ આતા નહીં હૈ. ઇસકો થોડા મેથીપાક ચખાઓ." હસતાં હસતાં જયંતમુનિજી સ્થિર ઊભા રહ્યા.

પેલી બાઈએ ઝાડું નીચે મૂકી દીધું. નરમ પડી ગઈ. "ક્યા બાત હૈ? યહાં ક્યોં આયે હો ?"

મુનિજીએ જૈન મુનિની ચર્યા બતાવી અને માટલાની જરૂર છે તેમ કહ્યું. થોડી પળમાં એ બહેનના વિચારોમાં ઘણું પરિવર્તન થઈ ગયું. તે પણ સમજી ગઈ કે આ કોઈ સાધુ-સંત છે. તેને ભક્તિનો ઊભરો આવ્યો અને એક સારું માટલું લઈને આવી.

મુનિજીએ કહ્યું, "બેન, હમારે પાસ પૈસા નહીં હૈ, ન હમ પૈસા રખતે હૈં. યહ મટકા ઐસે હી આપ દેના ચાહે તો હમ લે સકતે હૈં."

"હમને તો પૈસે માંગે નહીં. આપ સાધુ હૈ ના. સાધુસે પૈસે થોડા લિયા જાતે હૈ ? આપ તો બહુત અચ્છે સાધુ હૈ. બાબાજી, હમારી ગલતી માફ કર દેના." કુંભારણે ઘણા પ્રેમપૂર્વક માટલું આપ્યું. આ માટલાએ આગ્રા સુધી સાથ આપ્યો.

મુનિજી ગુણાના જૈન મંદિરમાં ઊતર્યા. રસ્તામાં ઘણી જગ્યાએ દિગંબર જૈન મંદિરો અપૂજ ભાવે પડ્યા છે. જૈનનાં ઘરો મોટા શહેરમાં ચાલ્યાં ગયાં છે. નાનાં ક્ષેત્રોમાં પૂજા કરનાર કોઈ નથી. ગુણાથી કેટલાક દિવસનો વિહાર કર્યા પછી મુનિરાજો ૧૯૪૮ની ઓગણત્રીસમી જૂનના રોજ શિવપુરી પહોંચ્યા. ત્યાંના સ્થાનકવાસી ઓસવાળ સંઘે ભાવપૂર્ણ સ્વાગત કર્યું. અહીં પાંચ-છ દિવસ રોકાવાનું હતું.

શિવપુરીમાં સ્થાનકવાસી સમાજનાં નામાંકિત મહાસતીજી ચાંદકુંવરજી તથા વલ્લભકુંવરજીની મુલાકાત થઈ. સાધ્વીજી મહારાજોએ સંતોની સુખ-સાતા પૂછી. વિહારમાં ગરમ પાણી ન મળવાથી જે પરિષહ આવતો હતો તે પણ સાંભળ્યું. પરદેશમાં લાંબા વિહારમાં પાણીની વ્યવસ્થા કેવી રીતે કરવી તે સમજાવ્યું. તેમણે કહ્યું કે ગરમ પાણીનો આગ્રહ ન રાખવો. ધોલ પાણીથી કામ ચાલે. પાણીમાં એક લવિંગ પણ પડે, ચપટી રાખ નાખી હોય કે નમકનો કણ પડ્યો હોય તો આખું પાણી ફાસુક થઈ જાય છે. તમારે ગરમ પાણી ગોતવું જ નહિ. તેમણે આ વાત ભગવાનને પણ સમજાવી દીધી.

ફાસુક પાણી કેમ બનાવાય? સાથે લવિંગ તથા રાખ રાખી લેવા માટે તેમણે ભલામણ કરી. પાણીનો પરિષહ મટી ગયો. કામ એકદમ સરળ થઈ ગયું. આ સિવાય પણ મહાસતીજીઓએ માતાની જેમ ઘણી શિક્ષાઓ આપી. આ બાજુના માણસોનો વ્યવહાર કેવો છે તે વિગતે સમજાવ્યું. ગ્વાલિયર કે આગ્રા બંને જગ્યાએ ચાતુર્માસ થઈ શકે તેમ છે.

સતીજીઓએ કહ્યું, "તમે આગ્રા ચાતુર્માસ કરશો તો વધારે સુવિધા રહેશે. અમે આગ્રા સંઘને ખબર મોકલી દઈશું. ગ્વાલિયર પણ ઘણું સારું ક્ષેત્ર છે."

મહાસતીજીઓની મુલાકાત થયા પછી વિહારમાં ઘણું બળ મળ્યું. નાના મહારાજને પૂ. તપસ્વી મહારાજની સાર-સંભાળ લેવા માટે તેઓએ ભલામણ કરી. આવા ગુણી મહાસતીજીઓ મળવાથી સંતોને ખૂબ હર્ષ થયો.

**શિવપુરીમાં જૈન આશ્રમ :**

શિવપુરીમાં વિદ્યાવિજયજી મહારાજનો મોટો આશ્રમ છે. વિદ્યાવિજયજી સંસ્કૃત દર્શનશાસ્ત્રના પ્રખર પંડિત જૈન આચાર્ય છે. તેમણે સર્વપ્રથમ કરાંચીમાં ચાતુર્માસ કર્યું હતું અને ત્યાં જૈન શાસનનો ધ્વજ ફરકાવ્યો હતો. તેમના શિષ્ય પૂનમચંદજી મહારાજ અત્યારે આશ્રમ સંભાળતા હતા. મુનિઓ એક ટંક આશ્રમમાં પધાર્યા. ત્યાં જ આહાર-પાણી લીધા અને ઘણી ચર્ચા થઈ.

પૂનમચંદજી મહારાજે સમજાવ્યું કે વિદ્યાની ઉપાસના કઈ રીતે થાય અને શરૂમાં કયા ગ્રંથોનો અભ્યાસ કરવો જોઈએ. તેઓ સમર્થ વિદ્વાન હતા. તેમણે ઘણા ગ્રંથોનું સંપાદન કર્યું હતું. જેસલમેરના શાસ્ત્રભંડારનું પડિલેહણ કર્યું હતું. આવા વિદ્વાન સંતનાં દર્શન થવાથી ખૂબ ઉલ્લાસ વધ્યો. તેઓએ હૃદયથી આશીર્વાદ આપ્યા : "બનારસ જનારા તમે પ્રથમ સ્થાનકવાસી સંત છો. વારાણસીમાં અભ્યાસ કરવો અને ત્યાંના પંડિતોનો જ્ઞાન-લાભ મેળવવો ઘણું પુરુષાર્થ ભરેલું કામ છે. તમે સ્થાનકવાસી સમાજના એક ઐતિહાસિક સંત તરીકે પ્રસિદ્ધ થશો. દેરાવાસી સંતો વારાણસી સુધી જાય છે, પરંતુ સ્થાનકવાસી સાધુએ હજી સાહસ કર્યું નથી. તમને અભિનંદન ઘટે છે."

તેમણે ત્યાંનું પુસ્તકાલય બતાવ્યું. તેમણે ઘણી વિશાળ માત્રામાં જૈન સાહિત્યના ઉત્તમ ગ્રંથો સંગ્રહિત કર્યા છે. પુસ્તકાલય જોવાથી સંતોષ થયો.

શિવપુરીના ચાર દિવસ આશીર્વાદરૂપ થયા, વિહારનો મુખ્ય આધારસ્તંભ બની રહ્યાં. શિવપુરી વસ્તુત: બુંદેલખંડ રાજનું એક વિશિષ્ટ કેન્દ્ર હતું. ત્યાંના રાજપૂતો પરાક્રમી હતા અને ઐતિહાસિક કડીરૂપ હતા. શિવપુરીની વિદાય લઈ સંતો આગ્રા જવા માટે આગળ વધ્યા. અહીંથી જંગલનો રસ્તો હતો. રેલવે લાઇન ઉપર ચાલવાથી ગ્વાલિયર નજીક થતું હતું.

**ઉજ્જડ સ્ટેશનમાં ગોચરીનો યોગ :**

શિવપુરીથી નેરો લાઇન ગ્વાલિયર તરફ જાય છે. વચ્ચે નાનાં નાનાં સ્ટેશનો આવે છે. સંતોએ આ ટૂંકો રસ્તો પસંદ કર્યો. બાર માઈલ ચાલીને સવારના એક રેલવે સ્ટેશને પહોંચ્યા. અહીં આસપાસ કોઈ પણ વસતી ન હતી. ત્યાં આહાર-પાણીની કોઈ ગુંજાયશ જ ન હતી.

તપસ્વીજી મહારાજ જયંતમુનિને ચીમટી ભરતાં બોલ્યા, "જયંતી, અહીં હવે તારી ટાંકી નહીં લાગે, માટે ઉપવાસના પચ્ચક્ખાણ કરી લે."

જયંતમુનિ આશાવાદી હતા. તેમણે કહ્યું, "જુઓ તો ખરા, શાસનદેવ કેવું ધ્યાન રાખે છે!" આહાર-પાણીની વ્યવસ્થા થઈ રહેશે તે વિચારે સંતો પ્લૅટફૉર્મ ઉપર બેઠા હતા. ત્યાં નેરોગેજની ગાડી આવી. આ ગાડીઓ બેલગાડીની ગતિએ ચાલે છે.

ગાડી સ્ટેશનમાં પાંચ મિનિટ ઊભી રહેતી હતી. એ ગાડીમાં ગ્વાલિયરનાં એક શેઠાણી પોતાના પરિવાર સાથે મુસાફરી કરી રહ્યાં હતાં. આજ તેને ઉપવાસનું પારણું હતું. ઘેરથી સામાન સાથે ટિફિન ભરીને લીધું હતું. શેઠાણી કોઈ સાધુ-સંતોને વહોરાવીને પછી પારણું કરવાની ભાવનાવાળાં હતાં. તે સ્થાનકવાસી ઓશવાળ જૈન હતાં. ગાડીમાંથી મુનિઓને જોતાં જ તે હરખઘેલાં થઈ ગયાં. ગાડી ઊભી રહેતાંની સાથે જ ટિફિન લઈ દોડતાં આવી ગયાં. "બાપજી, પાત્રા લીજિયો. મારે આજ ઉપવાસરનો પારણું હોવે. થે દર્શન દિયા, મૈં ભાગ્યશાલી હો ગયા. આજ ગોચરી-પાણી દેકર મારો પારણો હોવે." તેણે વારંવાર વંદના કરી અને આહારના પાત્રાં ભરી દીધાં.

મુનિઓ જોઈ જ રહ્યા ! ક્યાં ઉપવાસ કરવાની વાત અને ક્યાં પાત્રાં ભરાઈ ગયાં ! ગાડીએ વ્હિસલ મારી. શેઠાણી પાછાં ગાડીમાં ચડી ગયાં. પાંચ મિનિટમાં બધું કામ પતી ગયું. ખરેખર, આ કોઈ શેઠાણી હતાં કે કોઈ શાસનદેવી હતાં ? કેટલી ભક્તિ કરી ગયાં ! મુનિઓએ આહાર લીધો. શેઠાણી સાથે ઠારેલા પાણીનો કુંજો પણ હતો, જેથી પાણીનો પણ જોગ થઈ ગયો હતો. મુનિવરોને આખા દિવસનું 'પેટ્રોલ' મળી ગયું. પેલી ગાડી ઊપડી ગઈ અને મુનિઓની ગાડી ફરીથી એ જ પાટા ઉપર ચાલી નીકળી. આવી નાનીમોટી ચમત્કારિક ઘટનાઓ બનતી અને વિહારની સમૃદ્ધિ થતી હતી. પરિષહને અંતે આવા સુખદાયી બનાવ શ્રદ્ધાનો એક નવો પાઠ ભણાવી જતા હતા.

ગ્વાલિયરમાં મોટું જૈન સ્થાનક હતું. તે જૂની ઢબનું, માટીથી બાંધેલું ખખડધજ બિલ્ડિંગ હતું. મોટા ભાગના શ્રાવકો સોના-ચાંદીના વેપારી હતા. ઓશવાળ મારવાડી સમાજની ગ્વાલિયરમાં સારી એવી જમાવટ છે. ગ્વાલિયર બે ભાગમાં વહેંચાયેલું છે : 'લશ્કર' (છાવણી) અને 'શહેર'. લશ્કરમાં પણ ઉપાશ્રય છે. લશ્કર પાસે હોવાથી ત્યાંનાં શ્રાવક-શ્રાવિકાઓ પણ શહેરમાં પ્રવચન સાંભળવા આવતાં હતાં. ગ્વાલિયરમાં ત્રણ દિવસની સ્થિરતા હતી.

અહીં ચાતુર્માસ કરવું પડશે તેવી સંભાવના લાગતી હતી. ગ્વાલિયર સંઘને ઉજ્જૈનથી પણ પ્રેરણા મળી હતી. બીજે દિવસે લશ્કર તથા શહેરના બધાં ભાઈઓ અને બહેનોએ મળી ચાતુર્માસ માટે વ્યાખ્યાનમાં વિનંતી કરી. મુનિને મન હતું કે આગ્રા સુધી પહોંચાય તો સારું. કાશી તેટલા વહેલા પહોંચાય. પરંતુ આગ્રાના કોઈ શ્રાવક આવ્યા ન હતા. જેથી ચાતુર્માસ માટે આગ્રા જવામાં સંકોચ થતો હતો અને આ તરફ ગ્વાલિયર સંઘનો તીવ્ર આગ્રહ હતો. ગ્વાલિયર ઉત્તમ ક્ષેત્ર લાગતું હતું.

એક બહેને તો હિંમત કરીને કહ્યું, "આપ ચોમાસું કરો તો હું માસખમણ કરીશ."

મુનિઓએ આશ્વાસન આપતાં જણાવ્યું, "આવતી કાલે જવાબ આપીશું."

બીજા દિવસે હજુ પ્રવચન શરૂ થાય તે પહેલાં જ આગ્રાથી બાવીસ શ્રાવકો આવી પહોંચ્યા. એ બધા સુખી-સંપન્ન તથા અગ્રણી શ્રાવકો હતા. આગ્રાનો સુપ્રસિદ્ધ લોહામંડી સ્થાનકવાસી જૈન સંઘ સંગઠિત અને માતબર સંઘ છે.

આગ્રામાં ત્રણ ઉપાશ્રય છે : (૧) લોહામંડી જૈન ભવન, (૨) માનપાડા જૈન ભવન, (૩) બેલગંજ જૈન ભવન. તેમાં લોહામંડી જૈન ભવન વ્યવસ્થિત છે અને સાધુ-સંતની સેવામાં અગ્રસર છે. આગ્રા પૂ. પૃથ્વીચંદ્ર મહારાજનું ક્ષેત્ર ગણાય છે. પરંતુ ત્યાં કોઈ સંપ્રદાયવાદ નથી. શ્રાવકોએ આવતાની સાથે જ પ્રવચનમાં ભાવભરી વિનંતી મૂકી. ગ્વાલિયરના સંઘની પણ ભાવના હતી. આગ્રા સંઘ મોટો હોવાથી અને હજુ વિહારનો સમય હાથમાં હતો એટલે લોહામંડીની જય બોલાવી દીધી. આગ્રા જવાનું નિશ્ચિત થયું. રસ્તામાં ચંબલ નદીની પ્રસિદ્ધ ઘાટી આવતી હતી.

ગ્વાલિયરનાં ભાઈ-બહેનોએ ઘણી ભક્તિ બતાવી હતી અને હાર્દિક વિનંતી કરી હતી. છતાં ત્યાં રોકાઈ ન શક્યા તેનું સંતોને દુઃખ હતું. તેમણે જે ભાવભરી વિદાય આપી તે અવિસ્મરણીય બની રહી.

ચંબલના કિનારે ધોલપુર ટાઉનશીપમાં મુનિજી પહોંચ્યા. ત્યાં શ્રાવકોનાં ચારથી પાંચ ઘર હતાં. તેઓ ઘણા ભક્તિવાળા, કુશળ અને ધર્મપરાયણ હતા. તેઓ દર્શનાર્થે આવી પહોંચ્યા. અહીં મધ્યપ્રદેશ-બુંદેલખંડની સીમા પૂરી થતી હતી અને ઉત્તરપ્રદેશમાં પ્રવેશ થઈ રહ્યો હતો. ભયાનક અને ડરામણી ચંબલઘાટીના થોડા અનુભવ કહ્યા વગર આ વિહારયાત્રાનું વર્ણન અધૂરું ગણાય.

**ડાકૂનો ભેટો :**

ચંબલ ઘાટીના નામચીન ડાકુઓની આ પ્રદેશમાં ભારે ધાક હતી. લૂંટફાટ અને હત્યાના ભયંકર પ્રસંગો બનતા હતા. ડાકુઓમાં માનસિંગનું નામ મોખરે હતું. રસ્તામાં એક વાર એવું બન્યું કે એક વૃક્ષ નીચે મુનિઓ વિશ્રામ કરતા હતા. સાંજ થવા આવી હતી. રુજ્જુવળી ગઈ હતી. સારું સ્થાન મળ્યું ન હતું. ત્યારે કેટલાક બંદૂકધારી અને બુકાનીધારી ડાકુ ત્યાં આવ્યા. પરંતુ સાધુ-મહાત્માને જોઈ, પ્રણામ કરી જંગલમાં અદૃશ્ય થઈ ગયા. ખરેખર, ડાકુનો સરદાર માનસિંગ એ ટોળીમાં સાથે હતો. પોલીસના કારણે નાસભાગ થઈ રહી હતી. થોડીવારે એ સ્થળે પોલીસદળ આવ્યું.

*મુનિઓનાં મુખ બાંધેલાં જોઈને પ્રથમ તો પોલીસવાળા પણ શકમાં પડી ગયા, પરંતુ કશો* ઉપદ્રવ કરે તે પહેલાં એક પોલીસ અધિકારી બોલી ઊઠ્યો, "યે તો જૈન સાધુ હૈ !"

પોલીસે પ્રણામ કરી પૂછ્યું, "બાબા, અભી યહાં કોઈ આયે થે?"

મુનિશ્રી માટે ધર્મસંકટ થયું. અત્યારે "નરો વા કુંજરો વા" સિવાય છૂટકો ન હતો. મુનિશ્રીએ જવાબ આપ્યો, "બહુતો કા આના-જાના હુઆ હૈ." મુનિએ એકદમ સરળતાથી જવાબ આપ્યો.

પોલીસવાળા કહે, "ચલો બાબા, આ રાત રોકાવા માટેની જગા નથી. હાલમાં માનસિંગ ડાકુ અહીં આગળ આવ્યો છે."

મુનિજીએ છાપામાં માનસિંગનું નામ સાંભળ્યું હતું. પોલીસવાળાનું કહેવું હતું કે હમણાં હમણાં ડાકુ માનસિંગ આ રસ્તા પરથી પસાર થઈને ભાગી નીકળ્યો છે. મુનિએ સ્થાન છોડી દીધું. પોલીસની સૂચના પ્રમાણે નજીકના ગામમાં આશ્રય લીધો. આવી ઘણી ઘણી ઘટનાઓથી વિહારયાત્રા અટકી જાય તેવી સંભાવના હોવા છતાં ગુરુકૃપાએ બધું પાર ઊતરી જતું હતું.

એક વખતની ઘટના છે. બપોરના વિહાર પછી સાત માઈલ જવાનું હતું. કોઈએ કહ્યું કે આગળ પારવતી છે. ત્યાં તમને સ્થળ મળી જશે. મુનિજીએ વિચાર્યું કે ત્યાં પારવતીનું મંદિર હશે અથવા એ નામનું કોઈ ગામ હશે. એટલે મુનિજી વિશ્વાસપૂર્વક વિહાર કરી રહ્યા હતા. સાતની જગ્યાએ નવ માઈલ થવા આવ્યા પરંતુ પારવતી દેખાણું નહીં. મુનિશ્રીને ચિંતા થતી હતી. એક વટેમાર્ગુને પૂછ્યું, "ભાઈ, પારવતી કેટલું દૂર છે ?"

વટેમાર્ગુએ આશ્ચર્યથી સામો સવાલ કર્યો : "પારવતી કા અભી ક્યા કામ હૈ? ક્યા સ્નાન કરના હૈ?"

મુનિશ્રીને ત્યારે સમજાયું કે પારવતી નથી મંદિર કે નથી ગામ, પણ પારવતી નદીનું નામ છે !

મુનિજી છેતરાઈ ગયા હતા. આગળ ચાલતાં પારવતીનો વિશાળ પુલ આવ્યો. પારવતી વિશાળ ભેખડવાળી ભયાવહ નદી હતી. આમ ગામની જગ્યાએ અચાનક નદી આવવાથી મોટી મૂંઝવણ થઈ. છેવટે પુલ પાર કરી ઉપર ચડ્યા. ત્યાં ગોવાળોનાં ઝૂંપડાં હતાં, જેમાં જાનવરો બાંધવામાં આવતાં હતાં. બધાને માંડ માંડ સમજાવ્યા ત્યારે જાનવર બાંધવાનું એક ઝૂંપડું રહેવા માટે આપ્યું.

ઝૂંપડું પાંચ ફૂટ લાંબું અને ચાર ફૂટ પહોળું હતું. કાઠિયાવાડના વાઘરીના કૂબા જેવું હતું. જોકે કૂબો તો બહુ સારો ગણાય. તેમાં માણસ સૂઈ શકે તેટલી જગા હોય છે. મુનિઓ ઝૂંપડામાં સૂતા. તેમનાં માથાં ઝૂંપડામાં અને પગ બહાર રસ્તા પર હતા. ગાડીઓની અવરજવર હતી. વીરપ્રભુનું નામ લઈને સૂતા અને ચાર વાગે ફરીથી વિહારયાત્રા શરૂ થઈ. ગુરુકૃપાએ કોઈ વિશેષ બાધા ન પડી.

❑



# ૮

# ઉત્તરપ્રદેશની અનુભવયાત્રા

**યુ.**પી. એટલે ઉત્તર પ્રદેશ ખરેખર અન્નભંડાર છે. પગ રાખતાં જ ચારે તરફ હરિયાળાં, ફસલથી ભરપૂર ખેતરો નજરે ચડતાં હતાં. આવા કાળા ઉનાળે પણ નહેરના પાણીનો લાભ મળવાથી ખેતી હરિયાળી રહેતી હતી. ખેડૂતો ઘણા જ મહેનતુ અને મજબૂત બાંધાના જોવામાં આવ્યા. આ પ્રદેશમાં બ્રાહ્મણ અને ક્ષત્રિયોનું પ્રાધાન્ય હતું. આપણે ત્યાં વેપારી વણિક કોમનું જનતામાં સન્માન છે. જ્યારે યુ.પી.માં વણિકને કોઈ પૂછતું નથી. ત્યાં વાણિયાનો દરજ્જો ખૂબ નીચો છે. અહીં ઊંચી જાતના વાણિયા ખાસ નજરે પડતા નથી. જ્યારે અહીં મારવાડી ભાઈઓ વગદાર ગણાતા. સ્થાનિક પ્રજા તેને આદરની દૃષ્ટિથી જુએ છે. મોટાભાગની પ્રજા ખેતીના કામમાં વ્યસ્ત છે.

ઉત્તરપ્રદેશમાં પ્રવેશ થયા પછી બધું આનંદરૂપ લાગવા માંડ્યું. માણસોનો વ્યવહાર પણ બદલાઈ ગયો. સંત તરીકે ઘણું સન્માન મળતું હતું. અહીંના ગામમાં વિશાળ ભજનમંડળીઓ પણ હોય છે. જયંતમુનિજીએ દરેક ગામમાં પદાર્પણ થયા પછી ભજનમંડળીને નિમંત્રણ આપવાનો ક્રમ ચાલુ રાખ્યો. મંડળીઓ રાત્રિના અગિયાર વાગ્યા સુધી ભજનોની રમઝટ બોલાવતી. ત્યારપછી થોડો ઉપદેશ આપવામાં આવતો. ઉચ્ચના વર્ગના લોકોમાં નિરામિષ આહારીઓની સંખ્યા વધારે છે. અહીં સાકલદીપી તથા કનોજિયા બ્રાહ્મણો લગભગ નિરામિષ જોવા મળે છે.

ગૃહસ્થોનાં ઘર પણ વિશાળ, મોટાં ઘેરાવાળાં અને કૃષિસાધનોથી ભરપૂર દેખાય છે. દરવાજામાં સીધી રીતે પ્રવેશ થઈ શકતો નથી. બે

દ્વાર વટાવ્યા પછી ત્રીજા દરવાજેથી આંગણામાં જઈ શકાય છે. ભદ્ર વર્ગની બહેનો ઘણી મર્યાદા જાળવે છે. પહેરવેશ ખૂબ સંયમિત હોય છે.

જયંતમુનિજી નવાં નવાં ઘરોમાં ગોચરીએ જતા હતા. મુનિજી ગુજરાતના હિસાબે દરેક ગામમાં પહેલાં શ્રાવકનાં ઘર પૂછતા હતા. પરંતુ ઉત્તરપ્રદેશમાં શ્રાવકોને ત્યાં કોઈ પ્રકારની આહાર-પાણીની વ્યવસ્થા ન મળે. તેમજ ભક્તિ પણ ન દેખાય. એક વખત એક મોટા જમીનદાર બ્રાહ્મણ મુનિજીને મળ્યા. મુનિજીએ પૂછ્યું, "બનિયા કા ઘર કિધર હૈ?"

તેણે સામે લાગલો જ સવાલ પૂછ્યો, "બનિયા કા ક્યા કામ હૈ?"

જયંતમુનિજીએ ગોચરીની વ્યવસ્થા સમજાવી. પંડિતજી હસી પડ્યા. "ક્યા લાલા-બનિયા કિસીકો દેતા હૈ? વો ક્યા દેગા? ઉસકા ખાના-પીના ભી તો અશુદ્ધ હૈ. અતઃ અબ ભૂલસે બનિયાકા ઘર ન પૂછિયે. ચલિયે મેરે સાથ."

એ બ્રાહ્મણ પંડિત મુનિજીને પોતાને ઘેર લઈ ગયા. પછી તેમણે પૂછ્યું, "ક્યા આપ સ્નાન કરકે ભોજન લેંગે?" ત્યાંના બ્રાહ્મણોમાં સ્નાનનું ઘણું મહત્ત્વ હોય છે. તેઓ સ્નાન વગર ભોજન ન કરે. જ્યારે જૈન મુનિઓ સ્નાન ઓછામાં ઓછું કરે.

મુનિજીએ કહ્યું, "હમને તો સુબહ હી સ્નાન કીયા હૈ. ઇસલિયે હમેં કોઈ સ્નાન કરને કી જરૂરત નહીં હૈ. જો તૈયાર હો વહ આપ લેતે આયે."

થોડી વારમાં પંડિતજી એક મોટો ખૂમચો લઈને હાજર થઈ ગયા. તેમાં ભાત, ૫ થી ૬ જાડી જાડી રોટલીઓ, દાળ, શાક, દાળમાં નાખવા માટે નાની વાટકીમાં ઘી, દૂધથી ભરેલો લોટો અને એક વાટકીમાં ચીની (ખાંડ) હતાં. આટલી વસ્તુઓ તેમણે ઘણા પ્રેમથી ગોચરીમાં આપી. અજાણ્યા ઘરમાં આવી જાતની સરસ રીતે ભાવનાપૂર્ણ ગોચરી ઘણા દિવસ પછી મળી હતી. મુનિજીનું મન સંતુષ્ટ થયું. પંડિતજીએ નિર્દોષ આહાર આપી ઉત્તમ પુણ્યઉપાર્જન કર્યું.

પંડિતજી દરવાજા સુધી મૂકવા ગયા. તેમણે ભલામણ કરી, "જુઓ મુનિજી, હવેથી વાણિયાનું ઘર ન પૂછતા. સીધા બ્રાહ્મણ અથવા રાજપૂતના ઘરની પૃચ્છા કરવી. ત્યાં આપની ખૂબ જ ભાવનાપૂર્વક ભક્તિ થશે."

જયંતમુનિજીને ગોચરીનું નવું સૂત્ર મળી ગયું. વાણિયાનું ઘર પૂછવાનું માંડી વાળ્યું. ત્યારબાદ "બ્રાહ્મણનાં ઘર ક્યાં છે?" તેમ પૂછવા લાગ્યા. અને ખરેખર, એક જ ઘરમાંથી બે સંતોને પૂરતો આહાર મળી જતો. થોડું આપવાનું કહીએ તો ઘરધણી કહે, "લાલા, કહાં કહાં ઘૂમતે ફિરોગે ? સબ યહાં સે લે લિજિયે. હમારે યહાં તીસ આદમી ખાના ખાનેવાલે હૈં."

ઉત્તરપ્રદેશમાં પ્રવેશ થયા પછી ગોચરીના પરિષહ લગભગ ટળી ગયા. તપસ્વી મહારાજને

ઉત્તર પ્રદેશની આ રસાળ અને ફળદ્રૂપ ભૂમિ જોઈને ખૂબ આનંદ થયો. ત્યાંના માણસો સાથે તપસ્વી મહારાજ ભાંગીતૂટી હિંદીમાં વાત કરવા લાગ્યા. આગ્રા હવે હાથવેંતમાં હતું. આગ્રા પ્રવેશ વખતે બરાબર ચાર મહિના પૂરા થયા હતા. આગ્રા પહોંચવાનો આજે છેલ્લો દિવસ હતો.

**આગ્રામાં પ્રવેશ :**

અષાડ સુદ પાંચમ, ૧૯૪૮ની પંદરમી જુલાઈએ આગ્રા જૈનભવનમાં પ્રવેશ કરવાની તિથિ નક્કી થઈ ગઈ હતી. શેઠ શ્રી રતનલાલ જૈન આગ્રા સંઘના પ્રમુખ હતા. શેઠ અચલસિંહજી જૈન ભારત સરકારના ધારાસભાના સભ્ય હતા. બહુ મોટી જગ્યાએ તેઓ સેવા આપતા હતા. જવાહરલાલ નહેરુના અંગત મિત્ર જેવા હતા. આઝાદીની લડતમાં શેઠ અચલસિંહજી જૈને મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પોતાની લાખો-કરોડોની સંપત્તિ કૉંગ્રેસને ચરણે ધરી દીધી હતી. તેઓ ઘોડેસવારી પણ જાણતા હતા. તે આગ્રા સ્થાનકવાસી જૈન સમાજનું નાક હતા. આખા આગ્રા શહેરનું નવનીત હતું. શેઠ અચલસિંહજી સંઘમાં પણ બરાબર ધ્યાન આપતા અને સંઘની સાથે સંતોની સેવામાં જોડાઈને એક દાખલો બેસાડતા હતા.

લોહામંડી જૈન સંઘ વ્યવસ્થિત હોવાથી હાઇસ્કૂલ અને કૉલેજ ચલાવતો હતો. મેડિકલની ઉત્તમ સેવા આપતો. સંઘે એક વિશાળ જૈન લાયબ્રેરીની પણ સ્થાપના કરી હતી. લોહામંડી સંઘમાં સંતોને પણ ખૂબ સન્માન મળતું.

એક નાનકડી ઘટના બની અને મુનિરાજો આગ્રામાં અટવાઈ ગયા. આગલે દિવસે આગ્રા સંઘના ભાઈઓ વિહારની બધી વ્યવસ્થા કરી ગયા હતા. બપોર પછી આગ્રાની નજીક પાંચ માઈલ દૂર રોકાવું અને બીજે દિવસે લોહામંડીમાં પ્રવેશ કરવો તેમ નક્કી કર્યું હતું. પરંતુ વિધિની વ્યવસ્થા જુદી હતી. બપોર પછીના વિહારમાં આગ્રાના શ્રાવકોને આવતા વાર લાગી. મુનિરાજે વિહાર શરૂ કરી દીધો. આગળ બે રસ્તા ફંટાતા હતા. મુનિરાજ ખોટે રસ્તે ચાલ્યા ગયા. ચાલતાં ચાલતાં આગ્રા શહેરમાં પ્રવેશ થઈ ગયો, પણ ખોટે માર્ગથી અને એક દિવસ વહેલા! એ રસ્તે એક બજાર આવી, જે એટલી લાંબી હતી કે તેનો અંત આવે જ નહીં. રસ્તામાં કોઈ જાણકાર શ્રાવક પણ મળ્યો નહીં.

હવે અંધારું થવા આવ્યું. મુનિઓ ગભરાતા હતા. ક્યાં જવું અને કેવી રીતે રાત્રીવાસ કરવો? ભારે ચિંતા થતી હતી. પેલી તરફ આગ્રામાં બિચારા શ્રાવકો પણ મુનિરાજને શોધવા ચારેતરફ ફરી વળ્યા, પરંતુ આવડા મોટા શહેરમાં પત્તો શેનો લાગે ? ભારે ગડબડ થઈ ગઈ. નસીબ સારાં હતાં કે કોઈ અઘટિત બનાવ ન બન્યો. મુનિઓએ જે કોઈ સારો માણસ મળે તેને પૂછવાનું ચાલુ રાખ્યું. મુનિઓના મન અધીર થઈ ગયા. ચોવિહાર કરવાનો ટાઇમ પણ ચાલ્યો ગયો. આહાર કરવાનું તો માંડી વાળ્યું હતું, પરંતુ સ્થાનની ભારે ચિંતા હતી.

**શેઠ અચલસિંહજીની કોઠીમાં સત્કાર :**

સાંજના લગભગ સાડા સાત વિત્યા પછી નસીબજોગે એક ભાઈ મળ્યા. તેમને રોકયા અને પૂછ્યું, "જૈન લોગો કી બસ્તી કહાં હૈ?"

"હમ જૈન બસતી નહીં જાનતે હૈ, કિંતુ એ સામને જો બડી કોઠી દેખ રહે હો વહ શેઠ અચલસિંહજી જૈન કી કોઠી હૈ." તેણે સામેના મકાન તરફ આંગળી ચીંધી.

મુનિઓ માટે આ નામ જાણીતું હતું. અચલસિંહજીનું નામ મુનિઓની ડાયરીઓમાં ચડી ચૂક્યું હતું. અગાઉ જૈન પેપરોમાં પણ શેઠ શ્રી અચલસિંહજીનું નામ આવતું હતું. જાણે ભગવાન મળ્યા!

ત્વરિત ગતિથી મુનિમંડળ કોઠી તરફ આગળ વધ્યા. ભાગ્યયોગે શેઠ અચલસિંહજી સ્વયં ઘેર હાજર હતા. આ સમયે ઘરમાં તેમની હાજરી ભાગ્યે જ હોય. મુનિજી દરવાજે પહોંચ્યા ત્યારે તેઓ સ્વયં કમ્પાઉન્ડમાં આંટા મારી રહ્યા હતા. વિશાળ લોન હતી. મુનિઓને જોતાં જ તેઓએ તુરત જ દરવાજો ખોલાવ્યો.

"પધારો! પધારો!" કહી શેઠજીએ વંદન કર્યા અને મુનિઓનું સ્વાગત કર્યું.

શેઠજી ગંભીર શ્રાવક હતા. ધર્મના જાણકાર હતા. એટલે તરત જ ન પૂછ્યું કે આમ અંધારે સૂર્યાસ્ત પછી કેમ વિહાર કરવો પડ્યો ? મુનિઓ ખુશ થઈ ગયા. શેઠજીની કોઠી મળી એટલે જાણે ઇન્દ્રલોકમાં આવી ગયા ! તેમણે મુનિઓ માટે વિશાળ રૂમ આપ્યો અને ભગવાનને જમાડવા રસોડે લઈ ગયા.

જુઓ તો ખરા ! પાંચ મિનિટ પહેલાં કેવી પરિસ્થિતિ હતી ! પાંચ મિનિટમાં કેવો નકશો બદલાઈ ગયો! આહાર ન મળ્યાનું જરાપણ દુ:ખ ન હતું. રાત્રિવાસ મળ્યાનું અપાર સુખ હતું. થોડી વાર પછી સ્વયં શેઠ મુનિજી પાસે બેઠા. બધી વાત સાંભળી. તેમણે તુર્ત જ લોહામંડી ફોન કરાવ્યા. સાધુઓ પરેશાન થાય તે માટે સંઘના ભાઈઓને મીઠો ઠપકો આપ્યો. લોહામંડીના શ્રાવકો તો ચિંતામાં હતા કે મુનિવરો ક્યાં ખોવાઈ ગયા. આ રીતે ચોમાસાના પ્રવેશમાં અનાયાસ શેઠ શ્રી અચલસિંહજી દ્વારા પ્રથમ સત્કાર થયો. તેમનું સન્માન તપસ્વી મહારાજની ડાયરીમાં સુવર્ણ અક્ષરે લખાઈ ગયું.

એક અદ્‌ભુત ઘડી આવી અને વીતી ગઈ અને ઘણું ઘણું કહી ગઈ. શિક્ષાના પાઠ ભણાવી ગઈ અને સાથેસાથે શેઠજી જેવા મહાન શ્રાવકની મુલાકાત કરાવી ગઈ. ખરેખર, કોઈ અદ્‌ભુત ઘડી હતી. "જે થાય તે સારા માટે" આ કહેવત ચરિતાર્થ કરી ગઈ.

લોહામંડીના શ્રાવકોએ પશ્ચાત્તાપ કર્યો. બીજે દિવસે સવારે અચલસિંહજીની કોઠીથી સંતોને

ધામધૂમથી લોહામંડી લઈ જવાનો નિર્ણય કર્યો અને સમસ્ત સંઘને ખબર આપ્યા.

શ્રી અચલસિંહજીએ થોડી ધાર્મિક અને સામાજિક વિષયો પર ચર્ચા કરી. તેમણે કહ્યું, "વર્તમાન જૈન સમાજની શું પરિસ્થિતિ છે? જો જૈનો સામાજિક પ્રશ્નોથી દૂર રહેશે, રાજનીતિથી ઉદાસીન રહેશે તો સમાજે ઘણું ભોગવવું પડશે. વર્તમાન યુગ એ સામાજિક દૃષ્ટિએ વિચાર કરવાનો યુગ છે. વ્યક્તિવાદી બનવાથી સામાજિક સંગઠન નબળું પડે છે."

સાંજે કશાં આહારપાણી લીધાં ન હતાં, તેથી શેઠશ્રી અચલસિંહજીએ સવારના ભાવ રાખવાની પ્રાર્થના કરી અને મુનિઓને વિશ્રામ માટે વિનંતી કરી. મુનિઓ નિદ્રાધીન થયા.

**પરમ સંતોષ અને સુખનું સંવેદન :**

અહીં પહોંચ્યા પછી મુનિશ્રીને અપાર સુખનું સંવેદન થયું. આઠસો માઈલની લાંબી યાત્રા પરિપૂર્ણ થઈ હતી. કોઈપણ વિઘ્ન નડ્યાં નહીં. ગુરુકૃપાએ ધાર્યું ઊતર્યું અને પરમ સંતોષનો અનુભવ થયો. મુનિશ્રી વિચાર કરતા હતા કે જ્યારે ગુજરાતથી નીકળ્યા ત્યારે આખો દેશ હિન્દુ-મુસલમાનનાં હુલ્લડોમાં છવાયો હતો. બધે મકાનો સળગતાં હતાં. ગોધરા તો અડધું સળગી ગયું હતું. આવી પરિસ્થિતિમાં નિર્બાધ ભાવે યાત્રા પૂર્ણ થવી એ ગુરુના આશીર્વાદ અને શાસનદેવની કૃપા વગર સંભવ નથી.

શેઠ અચલસિંહજીના બંગલામાં આરામથી સૂતાં સૂતાં મુનિશ્રી પાછળના પ્રસંગો વાગોળવા લાગ્યા. પૂ. તપસ્વીજી મહારાજ આજ ખૂબ સંતુષ્ટ હતા. તેના ચહેરા પર પ્રસન્નતા છવાઈ ગઈ હતી. તેમણે લીધેલી જવાબદારીનો એક ભાગ પરિપૂર્ણ થઈ ગયો હતો. આજે આગ્રા પહોંચતાં આઠસો માઈલનો પાછળનો ચિતાર મન ઉપર નાચવા લાગ્યો હતો અને જે પરિષહો સહન કરવા પડ્યા હતા તેની શ્રુતિ થતી હતી. જાણે નીંદરમાંથી ઝબકી ગયા હોય અને વિહાર ચાલુ થઈ ગયો હોય તેવો સ્વપ્નિલ આભાસ થતો હતો.

ચાતુર્માસ પણ સારી રીતે ગોઠવાઈ ગયું. કશી વિટંબણા ન હતી. શેઠ અચલસિંહનું જીવનવૃત્તાંત સાંભળીને તપસ્વી મહારાજ ખુશ થયા કે આવા મર્દાનગીભર્યા મહાદાનવીર શેઠ સ્થાનકવાસી સમાજમાં પણ છે, જે આખા સમાજને માટે ગૌરવ લેવા જેવું છે. શેઠ અચલસિંહજી પણ તપસ્વી મહારાજ પ્રત્યે ખૂબ આકર્ષાયા હતા. ચોમાસામાં જ્યારે જ્યારે તેઓ ઉપાશ્રય આવ્યા ત્યારે તપસ્વી મહારાજનાં ચરણોમાં બેસી જતા હતા. ઘણો વાર્તાલાપ કરતા.

આ રીતે આગ્રામાં પગ મૂકતાં મંગલભાવોનો શુભારંભ થયો અને કેમ જાણે મંગલગ્રહ ઊતરી ગયો અને બધું શુભ ફળ હાજર હોય તેવું લાગતું હતું. ખરેખર તો મનુષ્યના ગ્રહો આકાશમાં નથી, પણ સ્વયં મનુષ્યના હાથમાં છે. આકાશમાં રહેલા ગ્રહો પોતાની ક્રિયા પ્રમાણે

આકાશનાં ચક્ર પૂરાં કરે છે. પરંતુ ખરા ગ્રહો તો મનુષ્યના શુભાશુભમાં છે. ગ્રહો તો જીવનનું એક ગણિત છે. આ ગણિતથી હકીકત જાણી શકાય છે. ગ્રહ સુખ-દુઃખ આપતા નથી, પણ કેવાં સુખ-દુઃખ આવવાનાં છે તેની સૂચના આપી જાય છે. તે એક પ્રકારના માઈલસ્ટોન છે. ગ્રહોને વધારે સમજવા કરતાં મનુષ્ય પોતાના કર્મ સુધારે તો ગ્રહો સ્વયં સુધરી જાય છે. યાદ રાખવું ઘટે કે ગ્રહગતિ પણ કર્માધીન છે.

આજે ખરેખર શુભ ગ્રહનો ઉદય જાગ્યો હોય તેમ લાગતું હતું. પ્રાતઃકાળે મુનિવર પ્રતિક્રમણ આદિ ધાર્મિક ક્રિયાઓથી પરવાર્યા. સૂર્યોદય થતાં જ શેઠ અચલસિંહજી ગોચરી માટે પ્રાર્થના કરી ગયા હતા. તેમનું માતૃહૃદય સંવેદનયુક્ત હતું કે મુનિઓ આહાર કર્યા વિના સૂતા છે. શ્રાવકોને ભગવાને 'અમ્મા-પિયા' કહ્યા છે તે આનું નામ. જુઓ, શેઠ અચલસિંહજી સાધુ-સંતોના પિતા જેવા હતા. થોડી વારમાં આહાર-પાણી તૈયાર થતાં ફરીથી પ્રાર્થના કરી. ભાવપૂર્વક પોતાના હાથે બધી ગોચરી વહોરાવી ત્યારે તેના મુખમંડળ પર આનંદની આભા છવાઈ ગઈ. આજે પૂ. તપસ્વી મહારાજે પોતે જ પાત્રા લીધા હતા. જોકે તપસ્વી મહારાજને તો નવ વાગ્યા પહેલાં કશું કલ્પતું નહીં. કાયમના પોરસીના પચ્ચક્ખાણ હતા. પરંતુ ત્યાં પણ એક પિતૃહૃદય હતું. એક શ્રાવક પિતા હતા અને એક મુનિ પિતા હતા. બન્ને પિતૃભાવનું ભાજન જયંતમુનિજી હતા. આથી વધારે મોટો શુભગ્રહ શું હોય !

લોહામંડીનાં શ્રાવક-શ્રાવિકાઓ ઊભરાવા લાગ્યાં. શેઠ રતનલાલજી, ઉદયચંદજી, કસ્તૂરચંદજી, સીતાચંદજી, સંપતલાલ યાદવરાય, ટોપીવાળા મૂલચંદજી, પારસમલજી, મોતી કટારવાલા, માસ્તર કનૈયાલાલજી, જગન્નાથ ચેનસુખજી, લાલા કનૈયાલાલજી, વગેરે ધર્મપ્રેમી બંધુઓ સંઘમાં વિશેષ રૂપે ભાગ લેતા હતા. એ સૌ આવી પહોંચ્યા. શ્રાવિકાઓ પણ ભક્તિભાવથી ઊભરાતી હતી.

શેઠ અચલસિંહજી સૌનું સ્વાગત કરી રહ્યા હતા. તેમણે આટલી બધી તૈયારી ક્યારે કરી તે ખબર ન પડી. જેમ જેમ શ્રાવકો આવતા ગયા તેમ તેમ સૌને અલ્પાહારની પ્લેટ ધરવામાં આવતી હતી. પ્લેટમાં પેઠા, દાલમૂઠ, ગરમ પૂરી અને કાબુલી ચણા પીરસવામાં આવતા હતા. પોતે સ્વયં દરેકને પ્લેટ પીરસી રહ્યા હતા. આ દૃશ્ય જોઈ પૂ. તપસ્વી મહારાજ ખૂબ ખુશ થઈ ગયા. દરેક બાળકો, વડીલો, યુવાનો નાસ્તો લઈ વિહારમાં ચાલવા માટે તૈયાર થઈ ગયાં હતાં.

મુનિઓએ ભેટ બાંધી. શેઠ અચલસિંહજી સ્વયં વિહારમાં સાથે જ ચાલ્યા. આગ્રામાં આટલો પ્રેમ જાગ્રત છે તેનો અદ્ભુત અનુભવ થયો. આગ્રાનાં શ્રાવક-શ્રાવિકાઓ આટલાં બધાં ભક્તિભાવ અને સુસંપન્ન છે તે મુનિશ્રીની કલ્પનાથી બહાર હતું. આગ્રા સંઘ શું છે તે ખબર જ ન હતી. આ તો જાણે ખારા સમંદર વચ્ચે મીઠી ગંગા મળી ગઈ !

સંતોએ લોહામંડી ઉપાશ્રય તરફ વિહાર શરૂ કર્યો. તેમણે આગ્રા શહેર જેવું મોટું શહેર ક્યારે પણ જોયું ન હતું. કાઠિયાવાડમાં આવડાં મોટાં નગર ન હતાં. રસ્તામાં ફક્ત નડિયાદ, રતલામ, ઉજ્જૈન ઇત્યાદિ શહેરો આવેલાં. પરંતુ તે બધાં શહેરો આગ્રાના ખોળામાં બાળક જેવાં હતાં.

આટલી લાંબી ગલીઓ અને મોટી બજારો, માણસોની ભરમાર ભીડ, વેપારની હેરાફેરી અને મોટા ધોરી માર્ગો આગ્રાથી પસાર થતાં હતાં. આ બધાં કારણોથી આગ્રા વિરાટ લાગતું હતું. મોગલોના સમયથી આગ્રા ઘણું જ મહત્ત્વપૂર્ણ હતું. દિલ્હીના બાદશાહો વધારે સમય આગ્રામાં રહેવાનું પસંદ કરતા. થોડે દૂર યમુના નદી વહેતી હતી, જે આગ્રાની શોભાને વધારી રહી હતી. મુસલમાનોની વસ્તી બહોળા પ્રમાણમાં હોવાથી હિંદુ-મુસલમાનોની ટક્કર પણ બરાબર ચાલુ રહેતી હતી. આગ્રા એટલે આગ્રા. આગ્રાની ઘણી વિશેષતાઓ હતી.

**ગોચરીનું આશ્ચર્ય :**

લોહામંડી જૈન ભવનમાં પ્રવેશ કર્યો ત્યારે સવારના નવ વાગ્યા હતા. શ્રાવકોએ માંગલિક સાંભળ્યું અને તુરત પ્રાર્થના કરી : "અન્નદાતા, ગોચરીએ પધારો." આગ્રા તરફ મુનિરાજોને અન્નદાતા કહેવાનો રિવાજ છે.

મુનિજીને આશ્ચર્ય થયું : "અત્યારમાં ગોચરી?"

જવાબ મળ્યો, "હા અન્નદાતા! અહીં દસ વાગે તો બધા ચોકા ઊઠી જશે. અહીં સાડા નવ વાગે તો બધા જમવા બેસી જ જાય."

જયંતમુનિજીએ પાત્રા લીધા. આગ્રામાં ગોચરીએ જવાનો આ પ્રથમ પ્રસંગ હતો. અહીંની ભાવભક્તિ જોઈ ખુશી ઊપજતી હતી. આપણે ત્યાં ગુજરાતમાં સંતો બટેટા કે બીજું કંદમૂળ વહોરતા નથી. જ્યારે આ બાજુ તમામ સંતો ગોચરીમાં બટેટા લે છે. અહીં ભાત-દાળ ખાવાનો બહુ ઓછો રિવાજ છે. પરોઠા, શાકભાજી, દૂધ, દહીં, મિષ્ટાન્ન, નમકીન, ફળ-ફળાદિ વગેરે પ્રકારનો આહાર મુખ્યત્વે ગોચરીમાં ઉપલબ્ધ થતો હતો. વ્યાખ્યાન જેવું પૂરું થાય કે તુરત જ પાત્રા લઈ ગોચરી માટે નીકળી જવાનું. પૂજ્ય ગુરુદેવની આજ્ઞા હતી કે જેવો લોકવ્યવહાર હોય તે પ્રમાણે વર્તવું.

સાડા સાતથી નવ પ્રવચન થતું. જયંતમુનિજી હિંદીમાં પ્રવચન આપતા. રાજકોટ ગુરુકુલમાં બધો અભ્યાસ હિંદીમાં કરેલો હોવાથી હિંદીનો મહાવરો સારો હતો. સૌ આનંદથી શ્રવણ કરતા અને ખુશ થતા. જયંતમુનિજીના હિંદીના વધારે અભ્યાસ માટે કમલેશજીને નિયુક્ત કર્યા હતા. તેમણે હિંદીમાં સારો એવો સુધારો કરાવ્યો.

આગ્રાના લોહામંડી જૈન ભુવનમાં પગ મૂકતાં જ સંતોને હર્ષાનુભૂતિ થઈ. આગ્રા ચાતુર્માસનો સારી રીતે શુભારંભ થવાથી દીપી ઊઠ્યું હતું. આગ્રા લોહામંડીના શ્રાવકો ગુજરાતના સંત માટે ખૂબ જ લાગણી ધરાવતા હતા. અહીં ઘણાં વરસો પહેલાં લીંબડી સંપ્રદાયના કવિરત્ન શ્રી નાનચંદજી મહારાજ તથા સંતબાલજી પધાર્યા હતા. તેઓ ખૂબ જ સારી છાપ મૂકીને ગયા હતા. તેનું મીઠું પરિણામ આપણા મુનિઓને મળી રહ્યું હતું. તપસ્વીજી મહારાજને જૈન ભવન અને લોહામંડીના શ્રાવકસંઘ ખૂબ જ રુચિકર લાગ્યા. તેઓ શ્રાવકો સાથે વાત કરતી વખતે ખીલી ઊઠતા હતા. શ્રી પારસમલ જૈન તથા તેમનાં પત્ની કૈલાસવતી જૈન તપસ્વી મહારાજનાં ચરણોમાં વિશેષ અનુરાગ રાખતાં હતાં.

શેઠ રતનલાલ જૈન સંઘના અધ્યક્ષ હતા. તેઓ બહુ જ ગુણી હતા અને હંમેશ સેવામાં તત્પર રહેતા હતા. આખા લોહામંડીના વેપારી સમાજમાં તેમજ રાજકીય સમાજમાં તેમનું ઘણું સન્માન હતું. તેઓ ગુણગ્રાહી વ્યક્તિ હતા. જૈન ભવનના નિર્માણમાં તેમણે સોળ આના ભોગ આપ્યો હતો. શ્રાવક સમુદાય અને યુવકો તેમનું ઘણું જ માન જાળવતા. પૂજ્ય તપસ્વી મહારાજ પ્રત્યે રતનલાલજીને ઊંડું આકર્ષણ હતું. લોહામંડી શ્રાવક સમાજ દીપતો હોવાથી બધી ધર્મકરણી સારી એવી સંખ્યામાં થતી અને પારણાં-પ્રભાવના પણ ઉત્સાહ સાથે ઊજવાતાં હતાં.

આગ્રામાં પંજાબી જૈન કુટુંબો પણ હતાં અને તેઓ પણ મુનિજીના ચાતુર્માસનો લાભ લઈ રહ્યાં હતાં. દેશના ભાગલા પડવાથી હજારો સ્થાનકવાસી પંજાબી પરિવારો દિલ્હી, કાનપુર, આગ્રા, ઝાંસી, અલ્હાબાદ, વારાણસી વગેરે શહેરોમાં આવી ચડ્યા હતા. આપણા સંઘોએ પંજાબી જૈન ભાઈઓની યથાસંભવ મદદ કરી હતી. દેશના ભાગલા પડ્યા એટલે પંજાબની હિંદુ જનતાને કેટલું નુકસાન થયું હતું તેનો જયંતમુનિજીને પૂરો ખ્યાલ હતો. તેમને પંજાબી શ્રાવકો માટે ઊંડી લાગણી બંધાઈ હતી. આગ્રામાં પણ થોડા પંજાબી પરિવારો આવી વસ્યા હતા. ચૈનલાલજી તેમાંના એક પંજાબી શ્રાવક હતા. ચૈનલાલજી પાસેથી પંજાબ સંઘની બધી વાતો સાંભળવા મળી. સિયાલકોટ, રાવલપિંડી ઇત્યાદિ આપણા સ્થાનકવાસી જૈનોનાં મોટાં કેન્દ્રો પાકિસ્તાનમાં ચાલ્યાં ગયાં. ત્યાંના સુખી શ્રાવકો કરોડોની સંપત્તિ મૂકી આજે દિલ્હી-આગ્રામાં બહુ મુશ્કેલીથી સ્થિર થયા હતા. પંજાબનાં ભાઈ-બહેનોએ પ્રથમ દર્શન કર્યાં ત્યારે તેમનો આ ભયંકર ઇતિહાસ સાંભળી મુનિજીની આંખમાંથી દુઃખનાં આંસુ વહી ગયાં.

**ભગવાન કુંભારની વિદાય :**

ભગવાન, જે સાવરકુંડલાથી મુનિરાજ સાથે આગ્રા સુધી આવ્યો હતો. તે હવે વિદાય લેવાનો હતો. ભગવાન કુંભાર ૧૩૦૦ કિ.મી. મુનિજી સાથે ચાલ્યો હતો. ક્યારેય પણ તેણે આળસ કરી ન હતી, તેમજ કોઈ જાતની ફરિયાદ પણ કરી ન હતી. તેણે આઠસો માઈલ અને ચાર મહિના

દરમિયાન ફક્ત સાડત્રીસ રૂપિયા અને આઠ આના (પચાસ પૈસા) ખર્ચ કરેલ. આવા માણસો મળવા દુર્લભ છે. તે ઈમાનદારીની મૂર્તિ હતો. જ્યારે છૂટો પડ્યો ત્યારે ફક્ત તેની આંખોમાંથી બે આંસુનાં બુંદ પડ્યાં. તેણે આશીર્વાદ માગ્યા,

"ગુરુ મહારાજ! ફરીથી આપની સેવાનો મોકો મળે તેવું ઇચ્છું છું."

પૂ. તપસ્વી મહારાજે ભગવાનની સાથે સાવરકુંડલા સંઘ પર એક પત્ર મોકલ્યો. તેમાં જણાવ્યું હતું કે, "આ માણસે ઉત્તમ સેવા બજાવી છે. તમોએ આપેલા સો રૂપિયામાંથી વધેલા સડસઠ રૂપિયા અને આઠ આના તેણે પાછા આપ્યા છે. આ ઉપરથી સમજી શકો છો કે તેણે કેટલો ઓછામાં ઓછો ખર્ચ કર્યો છે. તમો આ ધનરાશિ ભગવાનને ઇનામ તરીકે આપી દેશો. ઉપરાંતમાં તેણે કપડાં માગ્યાં નથી. પરંતુ પોતાની એક જોડી કપડાં ઘસ્યાં છે. તેને એક જોડી નવાં કપડાં અને એક જોડી નવાં જૂતાં પણ આપશો. તેમના કામ માટે અમો સંપૂર્ણ સંતોષ પ્રગટ કરીએ છીએ."

આ પત્ર લઈ ભગવાન રવાના થયો. આગ્રાથી સાવરકુંડલાનું ભાડું સમાજે આપ્યું અને સાથે થોડું ભાથું આપ્યું. ભગવાન ખૂબ જ રાજી થઈને ગયો.

**આગ્રા સંઘનો ઇતિહાસ :**

દોઢસો વર્ષ પહેલાં, અઢારમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં લોહામંડી કોઈ વ્યવસ્થિત સંઘ ન હતો તેમજ સ્થાનકવાસી સંતોનું ત્યાં આગમન પણ ન હતું. અહીં જતિનો એક ઉપાશ્રય હતો. જતિઓ દોરા-ધાગા કરી, તાંત્રિક વિદ્યાનો દેખાવ કરતા અને પોતાનું ગુજરાન ચલાવતા. એ વખતે લોહામંડીમાં જૈન ઘરોની સંખ્યા ઓછી હતી અને સાચા ગુરુ ન મળવાથી સૌ અંધશ્રદ્ધાથી ઘેરાયેલા હતા. શ્રી પૃથ્વીચંદ્રજી મહારાજના ગુરુ શ્રી રતનચંદ્રજી મહારાજ વિહાર કરતા કરતા આગ્રા પહોંચ્યા. તેઓ તપસ્વી અને અતિ પ્રભાવશાળી મહાન સંત હતા. તેમનું પાતળું-દૂબળું તપસ્વી શરીર જાણે તેજોલેશ્યા હોય તેમ ચમકતું હતું.

તેઓ દૃઢ નિશ્ચયવાળા અને પ્રભુ મહાવીરના પંથને ઉજાળનારા હતા. તેઓએ એક ઓસરીમાં આસન જમાવ્યું. ત્રણ દિવસનો અઠ્ઠમ કરીને ધ્યાનમાં બેસી ગયા. કોઈ મહાન તપસ્વી આવ્યા છે તેવી હવા સર્વત્ર ઊભી થઈ. કેટલાક ભાઈઓ તેમનાં ચરણોમાં શ્રદ્ધા રાખવા લાગ્યા. કેટલાક જતિના આચરણથી અસંતુષ્ટ હતા. તેઓ પણ રતનચંદ્રજી મહારાજની ભક્તિમાં જોડાયા. તેમણે પ્રાર્થના કરી કે આ જતિને અહીંથી ઉઠાડો. દરમિયાન કેટલાક ભાઈઓ જતિ પાસે ગયા અને પૂ. રતનચંદ્રજી મહારાજ સાથે શાસ્ત્રાર્થ કરવા પડકાર ફેંક્યો.

**જતિના પાખંડમાંથી મુક્તિ:**

પહેલો જતિ હતો તો ઢબ્બુનો 'ઢ', પણ અહંકારથી આવૃત્ત થઈ શાસ્ત્રાર્થ કરવા તૈયાર થયો.

સિંહ સામે બકરી જેવી વાત હતી. ક્યાં નાનકડું નાળું અને ક્યાં વિશાળ ગંગા! જતિ પોતાની શક્તિને આંકી શક્યો નહિ. તેણે પૂજ્ય રતનચંદ્રજીની શક્તિ જાણવાની કોશિશ પણ ના કરી. પરિણામે હાથી અને મચ્છરનું યુદ્ધ થાય તેવી સ્થિતિ સર્જાઈ. જતિએ બપોરના બાર વાગ્યા પછીનો સમય આપ્યો હતો.

ગુરુદેવ પૂજ્ય રતનચંદ્રજી મહારાજ પોતાના પ્રેમીઓના દળ સાથે એકાએક જતિની ધર્મશાળામાં ધસી આવ્યા. પેલો જતિ ડઘાઈ ગયો. આમ આક્રમણ થશે તેમ તે સમજી શક્યો નહિ.

પૂજ્ય રતનચંદ્રજી મહારાજે પડકાર ફેંક્યો, "બોલ, જતિ બોલ! પહેલો ઘા તારો!"

"પહલે આપ કહો." જતિ અહંકારથી પોતાના આસને બેસી રહ્યો.

રતનચંદ્રજી મહારાજે આહ્‌વાન કર્યું, "તુમ હમે ગુરુ માન કે બાત કરતે હો, કિ દિશા નિર્ધારણ કર કે બોલતે હો? યદિ તુમ હમે ગુરુ માન કર ચલતે હો તો હમારી આજ્ઞા હૈ તુમ ઉઠ કર હમે વંદન કરો. તુમ યદિ હમે ગુરુ નહીં માનતે હો તો સમજ લો કી તુમ્હેં દિશા કા ભી જ્ઞાન નહિ હૈ !"

જતિ દક્ષિણ દિશામાં મુખ રાખી બેઠો હતો, જે શાસ્ત્ર વિરુદ્ધ છે. ચતુર રતનચંદ્રજી મહારાજે ઉપાશ્રયમાં પ્રવેશતાં જ તે કળી લીધું, પણ જતિ શરૂઆતમાં આ સમજી શક્યા નહીં અને જ્યારે તેને સમજાયું ત્યારે મોડું થઈ ગયું હતું. હવે પેલો જતિ બરાબર સપડાયો. તે પાટેથી ઊભો થઈ નાઠો. સૌ તેની પાછળ દોડ્યા. જતિ તો મુઠ્ઠી વાળી ભાગે જ જાય. જતિ ભલે ભાગવા માંડ્યો, પણ સમર્થ ગુરુ પૂજ્ય રતનચંદ્રજી તેને છોડે તેમ ન હતા. તેઓએ પણ જતિની પાછળ વિહાર ચાલુ કરી દીધો. તેમણે ક્યાંય પણ જતિને ઊભા રહેવાનો અવસર આવવા ન દીધો. બિચારો બેસે ક્યાંથી? એકસો માઈલ સુધી રતનચંદ્ર મહારાજે તેનો પીછો કર્યો અને જૈન શ્રાવકોને જતિના પાખંડમાંથી મુક્ત કર્યા.

**લોહામંડી બનશે સોનામંડી :**

રતનચંદ્રજી મહારાજે શ્રાવકોને એકત્ર કર્યા અને જતિના ઉપાશ્રયને સાચો ઉપાશ્રય બનાવી દેવામાં આવ્યો. ત્યાં ધર્મધ્યાન કરવાનું શરૂ કર્યું. અહીં જે ક્ષેત્રપાલ દેવ હતા તેને ગોખમાં બેસાડ્યા. બાકી બધું સાફ કરી નાખ્યું. તેમણે સ્થાનકવાસી જૈન સંઘની સ્થાપના કરી. શ્રાવકોને રતનચંદ્રજી મહારાજનાં શ્રીચરણોમાં અપાર શ્રદ્ધા થઈ. સૌની રિદ્ધિ-સિદ્ધિ વધવા લાગી. શ્રાવકોએ લોહામંડીમાં વિશાળ ઘરો બાંધવા શરૂ કર્યાં. જોતજોતામાં લોહામંડીમાં શ્રાવકોનો નકશો બદલાઈ ગયો. તેમની હિંમત ઘણી વધી ગઈ.

આ અરસામાં રાજસ્થાનના મહામુનિ મુનાલાલજી મહારાજના સંપ્રદાયના ચમકતા સિતારા,

દિવાકર શ્રી શ્રી ચોથમલજી મહારાજ કાનપુરથી વિહાર કરી આગ્રા તરફ પધાર્યા. આખા લોહામંડીમાં આનંદનું મોજું ફરી વળ્યું. ચોથમલજી મહારાજે ભરસભામાં ભવિષ્યવાણી કરી કે "આપ કા લોહામંડી સોનામંડી હો જાયેગા."

બન્યું પણ એવું જ. ઈ. સ. ૧૯૩૮માં વિશ્વયુદ્ધનાં વાદળાં ચડી આવ્યાં. સરકારે ખૂબ મોટા પ્રમાણમાં લોખંડની ખરીદી કરી. આગ્રાના લોકો અને વિશેષે જૈન ભાઈઓને કરોડોની કમાણી થઈ. અહીં લગભગ બધા જ જૈનો લોખંડના વેપારી હતા. દિવાકર મહારાજની વાણી સત્યાર્થ બની. લોહામંડી સોનામંડી થઈ ગઈ. હવે જુઓ વેપારીઓની ચતુરાઈનો નમૂનો ! જેમ બધી દુકાનોના નામે લોખંડના 'કોટા' હતા, તેમ સંઘના નામે પણ સરકારી 'કોટા' મેળવ્યા! જૈન ભવન માટે ફાળો કરવો પડ્યો નહીં. નવું વિશાળ જૈન ભવન બાંધવાનો નિર્ણય થઈ ચૂક્યો હતો. દિવાકર મહારાજની વાણી સાચી પડી.

જૈન ભવનમાં ચમકતા સ્વર્ણમય અક્ષરોથી નવકાર મંત્ર લખવામાં આવ્યો છે. ચારેબાજુ ૪૮ પદવાળું ભક્તામર મહાસ્તોત્ર લખવામાં આવ્યું છે. આ નવકાર મંત્રનું પટ અતિ સુંદર, મનને લોભાવે તેવું આકર્ષક અને ખરેખર, સંતોષજનક છે.

**રાષ્ટ્રકવિ અમરચંદજી મહારાજ :**

નવું જૈન ભવન બાંધ્યા પછી તેમાં સંતોનાં ચાતુર્માસ શરૂ થયાં. આ વખતે પૃથ્વીચંદ્રજી મહારાજ તેમના વિદ્વાન શિષ્ય રાષ્ટ્રકવિ અમરચંદજી મહારાજને લઈને આ તરફ વિચરણ કરી રહ્યા હતા. આગ્રા ક્ષેત્ર તે સંપ્રદાયનું ક્ષેત્ર બની ગયું, પરંતુ કવિરત્ન અમરચંદજી મહારાજ વિશાળ હૃદયના હતા અને સંગઠનપ્રેમી હોવાથી તમામ સાધુ-સંતોને યોગ્ય સન્માન મળતું હતું. કવિજી મહારાજ પધારતા થયા પછી લોહામંડીની ધાર્મિક દૃષ્ટિએ પણ ઘણી ઉન્નતિ થઈ. તેઓએ જૈન વિદ્યાલયની સ્થાપના કરી. રતનચંદ્રજી મહારાજની છત્રી બનાવી. તેની સાથેસાથે પ્રકાશનનું કામ પણ હાથ ધર્યું. આગ્રા સંઘ ઘણો દેદીપ્યમાન થઈ ગયો. સોળે કળાએ સંઘ ખીલ્યો હતો. તે જ અવસરે આપણા પ્રિય મુનિવરો ચાતુર્માસ માટે આગ્રા પધાર્યા હતા.

આગ્રાના જૈન ભવન અને સંઘની ઐતિહાસિક કડી સાંભળીને મુનિજીને પણ ઘણો જ આનંદ થયો. તેમણે મનોમન રતનચંદ્રજી મહારાજને વંદના સમર્પિત કરી.

આગ્રામાં પૂજ્ય કવિજી અમરચંદજી મહારાજે પુરુષાર્થ કરીને ઘણી જ અમરકીર્તિ મેળવી છે. તેમના પ્રધાન શિષ્ય વિજયમુનિજી સાથે જયંતમુનિજીને પત્રાચાર થયો. આગ્રામાં ચાતુર્માસ કરવા માટે તેમણે જયંતમુનિજીને ઘણાં અભિનંદન આપ્યાં. વિજયમુનિ કવિજીના વિદ્વાન શિષ્ય છે. દુઃખ એ વાતનું છે કે જ્યારે આ ચરિત્ર લખાઈ રહ્યું છે ત્યારે તેઓ હયાત નથી. પાછલાં *વર્ષોમાં આગ્રામાં સ્થિરવાસ રહીને આગ્રા મુકામે જ તેમણે દેહત્યાગ કર્યો છે. આમ વિજયમુનિજીએ* પણ લોહામંડી જૈન સ્થાનકવાસી સંઘને સમૃદ્ધ કર્યો છે.

આ દરમિયાન માનપાડાના સંઘની વિનંતીથી મુનિશ્રી એક સપ્તાહ માટે તેમના ઉપાશ્રયમાં ગયા. ત્યાંથી મુનિશ્રી બેલતગંજ પધાર્યા. આગ્રામાં સૌથી વધુ જોવાલાયક તાજમહાલ છે. સંઘના ભાઈઓએ મુનિશ્રીને તાજમહાલ દેખાડવાનો ખાસ કાર્યક્રમ રાખ્યો.

મોગલકાળની આ ઐતિહાસિક કલાકૃતિ જોઈને માણસનું મન પ્રસન્ન થઈ જાય છે. નરી આંખે જોતા જ રહો, તો પણ સંતોષ થતો નથી. પ્રતિદિન સેંકડો અને હજારોની સંખ્યામાં માણસો તાજ જોવા આવે છે. આગ્રાના તાજનું કરોડો માણસોએ નિરીક્ષણ કર્યું હશે. તાજ એ મુમતાજનો તાજ છે !

અહીં એવી માન્યતા છે કે વરસાદનું એક ટીપું તાજના ગુંબજના કોઈ સ્થળેથી ટપકીને મુમતાજના કપાળ પર પડે છે. અત્યાર સુધી કોઈ એન્જિનિયરો આ બારીક છિદ્ર જાણી શક્યા નથી. જયંતમુનિજી આ માન્યતાથી વાકેફ હતા.

ચોમાસાની સીઝન હતી. બરાબર એ જ વખતે ધોધમાર વરસાદ આવ્યો. જયંતમુનિજીએ મુમતાજની દરગાહ સુધી જઈ બારીકાઈથી નિરીક્ષણ કર્યું, પરંતુ તેમને પાણીનું એક પણ ટીપું પડતું દેખાયું નહિ. ખરેખર, આવાં ઐતિહાસિક સ્થળો સાથે ઘણી માન્યતાઓ જોડાઈ જાય છે અને તે એક આશ્ચર્યજનક ઘટના તરીકે વર્ણવાય છે. જ્યારે હકીકતમાં એવું કશું હોતું નથી. મુનિશ્રીને પણ એવો જ અનુભવ થયો. છતાં કોઈને સાચો અનુભવ થતો હોય તો તે પ્રભુગમ્ય છે.

તાજ સિવાય આગ્રાનાં જોવાલાયક નાનાંમોટાં ઘણાં સ્થળોનું મુનિશ્રીએ નિરીક્ષણ કર્યું.

**દયાલબાગની અદભુત હવેલી :**

રાધાસ્વામી પંથના દયાલબાગ તથા સ્વામીબાગ આગ્રામાં પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. દયાલબાગના સ્વામીઓએ લગભગ દોઢસો વરસ પહેલાં રાધાસ્વામી પંથની સ્થાપના કરી હતી. ત્યારબાદ સ્વામીઓના મનમાં તાજમહાલથી પણ ચડી જાય એવી વિશેષ કલાકૃતિનું નિર્માણ કરવાની ભાવના થઈ. તેમણે નવ માળની અલૌકિક, વિશિષ્ટ, પૂરા મારબલની એક હવેલી બનાવવાની યોજના ઘડી. તેમાં ભિન્નભિન્ન રૂપે ભગવાન શ્રીકૃષ્ણનાં રૂપો સ્થાપી, વિશ્વવિખ્યાત સ્થાન ઊભું કરવાનું ધાર્યું હતું. આખું સ્થાન બનતાં નવસો વર્ષ લાગે તેવી યોજના છે. આ નિર્માણને દોઢસો વર્ષ થઈ ચૂક્યાં હતાં. લાખો-કરોડોના ખર્ચે આ હવેલી તૈયાર થઈ રહી છે. હવેલીની વિશેષતા એ છે કે એક એક મારબલનો પથ્થર તૈયાર થતાં બબ્બે ચાર-ચાર વરસ લાગી જાય છે. ઉદાહરણરૂપે, તાજની કલાકૃતિમાં અંગુરની લતા આરસના ચોસલા પર ખોદેલી છે અને તેમાં રંગીન આરસની પતરીઓ જડવામાં આવી છે.

આ રીતે આરસનાં ચોસલાંઓમાં રંગીન લતાઓ અને પાંદડાંઓની કલાત્મક કૃતિ તૈયાર કરવામાં આવી છે. આ કલાને 'ઇનલે વર્ક' કહેવામાં આવે છે. જ્યારે દયાલબાગમાં પૂરેપૂરી અંગુરની લતાનું નિર્માણ સ્વતંત્ર આરસના પથ્થરથી કરવામાં આવ્યું છે. પછી જેવા રંગની જરૂર હોય તેવા રંગના મારબલ એકબીજા સાથે ચુસ્ત રીતે ગોઠવીને કરી, નૈસર્ગિક શોભા ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ભારતના પ્રાચીન આરસ-પથ્થરના કલાકારો એકત્ર થઈ આ કામ કરી રહ્યા છે. એશિયાના મુસ્લિમ દેશના આરસ કલાવિદોને પણ બોલાવવામાં આવે છે.

હવેલીના મોટા વિશાળ હૉલમાં ટેકા માટે કોઈ જગ્યાએ બીમ-beamનો ઉપયોગ કરવામાં આવ્યો નથી, તેમ જ સિમેન્ટ કે લોખંડનો પણ ઉપયોગ કરવામાં આવ્યો નથી. પચાસ ફૂટના પહોળા હૉલમાં ૨૫ ફૂટનો એક, એવા બે વિશાળ આરસના પથ્થર ચડાવી, બન્નેનાં મુખ એવી રીતે મેળવી દેવામાં આવ્યાં છે કે સળંગ પચાસ ફૂટનો એક આરસ પથ્થર બની ગયો છે. તેના ઉપર આરસની પાતળી લાદી ગોઠવવામાં આવી છે. આરસની આ લાદી બધો ભાર સહન કરી શકે છે. આવી અદ્ભુત કલાના કારણે કામ ખૂબ ધીમી ગતિથી ચાલે છે. મુનિજી દર્શન કરવા ગયા ત્યારે કામ ચાલુ હતું. નવસો વરસે મકાન પૂરું થશે એ સાંભળીને જ દિલ ધડકવા લાગે છે.

આગ્રામાં આ કલાકૃતિનાં નિરીક્ષણ કર્યાને આજે અડધી શતાબ્દી વ્યતીત થઈ ગઈ છે અને વૈજ્ઞાનિક ઉત્ક્રાંતિ પણ ઘણી થઈ છે. આરસને કાપવાનાં મશીન પણ બની ગયાં છે. એટલે હવે એટલો લાંબો સમય લાગવો ન જોઈએ. અત્યારે શું સ્થિતિ છે તે ખ્યાલ નથી. ખરેખર જો નવસો વર્ષે આ ભવન નેવું અબજના ખર્ચે પૂરું થાય તો લોકો વિશ્વની બધી કલાકૃતિને ભૂલી જાય તેવું થઈ શકે છે, પરંતુ આટલી લાંબી યોજનાઓ હરિને હાથ હોય છે. એક એક વસ્તુનું મુનિજીએ બહુ જ ધ્યાનથી નિરીક્ષણ કર્યું. એ જોવામાં લગભગ આખો દિવસ વ્યતીત થઈ ગયો.

આગળ જતાં દયાલબાગના બે પંથ થઈ ગયા. સ્વામીબાગ અને દયાલબાગ. સ્વામીબાગના સ્વામી બહુ જ આધુનિક હોવાથી તેમણે દયાલબાગનો એક નવો જ વિભાગ ઊભો કર્યો. તેમને લાગ્યું કે કરોડો રૂપિયા કલાકૃતિમાં વપરાય છે તેના કરતાં ઔદ્યોગિક કામ થવું જોઈએ. ખરેખર, તેમણે વિશાળ ઉદ્યોગો ઊભા કર્યા. તેમાં મનુષ્યની બધી જ આવશ્યક ચીજો બનવા લાગી. વેપારી ધોરણે તેનું વેચાણ થવા લાગ્યું. કોઈ પણ ગ્રાહક જોઈ શકે છે કે વસ્તુ ઉપર 'મેડ ઇન દયાલબાગ' લખેલું હોય છે. હજારો માણસને રોજી-રોટી મળે છે.

મૂળ સંપ્રદાય સ્વામી ગુરુભક્તિને આધીન થઈ, ભક્તિયોગમાં રહી, કલાકૃતિને વેગ આપી રહ્યા છે. લોકોનું માનવું છે કે દયાલબાગના બે ફાંટા પડવાથી કલાકૃતિના નિર્માણને ધક્કો લાગ્યો છે. જે હોય તે, પરંતુ ઐતિહાસિક ક્રમમાં માનવીનાં ખંત, ભક્તિ, ધીરજ અને છેવટે પોતાના

મૃત્યુ પછી પણ યોજના ચાલતી રહે અને પરિપૂર્ણ થાય એવી અદ્ભુત પરિકલ્પના અને સાહસ ખરેખર માન ઉપજાવે છે. છેવટે ન્યાય આપવો ઈશ્વરના હાથમાં છે.

**ચાતુર્માસ સંપન્ન અને પુનઃ વિહારયાત્રા :**

પર્યુષણ પર્વ બહુ સારી રીતે ઊજવાયા. ધર્મકરણી ઘણી થઈ. કાલાવડથી છગનભાઈ દોશી, ધોલાપુરના નરોત્તમભાઈ, પોપટભાઈ અને માણેકલાલભાઈ, વડિયાથી દલીચંદભાઈ, મુંબઈથી શામળજી ભીમજીભાઈ ઘેલાણી, ગોંડલથી ભૂપતભાઈ શેઠ (હાલના ગિરીશમુનિનું સાંસારિક નામ ભૂપતભાઈ હતું), તેમજ રતિલાલભાઈ, મૂલચંદભાઈ, ગુલાબભાઈ, પોપટલાલભાઈ તથા બીજાં કેટલાંક શ્રાવક-શ્રાવિકાઓ સૌરાષ્ટ્ર અને મુંબઈથી દર્શન માટે તેમજ પર્યુષણ કરવા આવેલાં હતાં.

કાનપુરના શ્રીસંઘનાં શ્રાવક-શ્રાવિકાઓ ખાસ આગ્રા પધાર્યાં. તેમાં ગુજરાતી ભાઈઓ, પંજાબી ભાઈ-બહેનો, લોહિયા ભાઈબહેનો અને મારવાડી ઓશવાળ ભાઈઓ સંમિલિત હતાં. ચાલીસ જેટલી સંખ્યામાં સમગ્ર સંઘરૂપે તેઓએ આવીને કાનપુર માટે ભાવભરી વિનંતી કરી, આથી મુનિજીને ઘણો સંતોષ થયો. કારતક સુદ પૂનમ નજીક આવી ગઈ. ચાતુર્માસનો શાંતિકાળ સમાપ્ત થયો અને પુન: વિહારનાં ગતિચક્રો તૈયાર થઈ ગયાં.

આગ્રા ચાતુર્માસ પૂરું થયા પછી કાનપુર તરફ વિહાર કરવાનો હતો. કાનપુરથી અલ્હાબાદ થઈને વારાણસી જવાનો વિહારનો માર્ગ નક્કી થયો હતો. આગ્રાથી ઓસમાનપુર, ફીરોજાબાદ, સીકોહાબાદ, ભોગામ, કનોજ, ચોબેરપુર, કલ્યાણપુર થઈ કાનપુર જવાનું હતું. પચ્ચીસથી વધુ લોકો વિહારમાં સાથે જોડાયા હતા. આગ્રાના મેયર અને લોહામંડી સ્થાનકવાસી જૈન સમાજના અગ્રેસર શ્રાવક શેઠ કલ્યાણમલજી જૈન પૂ. તપસ્વી મહારાજનું ધ્યાન રાખી વિહારમાં મોખરે ચાલી રહ્યા હતા. આગ્રાના પચ્ચીસ યુવાનો લગભગ પચ્ચાસ માઈલ સુધી વિહારમાં સાથે રહ્યા. ધીરે ધીરે સહુ વિદાય લેતા ગયા. શ્રી પારસમલજી જૈન ઘણા લાંબા સમય સુધી તપસ્વી મહારાજની સેવામાં રોકાયા હતા. ચેનસુખદાસજી પણ તપસ્વી મહારાજના ખાસ અનુરાગી હોવાથી અવાર-નવાર આવતા જતા હતા.

અનેરો ઉત્સાહ છતાં બધાં ભાઈ-બહેનોના મુખમંડળ પર વિરહવેદના છવાઈ ગઈ હતી. ગુરુદેવ કહે છે કે આગ્રાની ભક્તિ અદ્ભુત હતી. એનાં સંસ્મરણો યાદ કરતાં આજે પણ મન ગદ્ગદ થઈ જાય છે.

**આગ્રાના ગુલઝારીની અજબ ભક્તિ :**

આગ્રાથી સંઘે ગુલઝારી નામનો માણસ વિહારમાં સાથે આપ્યો હતો. ગુલઝારી ખરેખર ગુલઝાર કરાવે તેવો હતો. ક્યાં આપણો ભગવાન અને ક્યાં આ ગુલઝારી! ગુલઝારી ખૂબ જ

નિષ્ણાત અને પળ-પળની વાતો જાણનારો હતો. ગામમાં પહોંચતા સાથે જ તે સારાસારા ઘરમાં પહોંચી જતો અને જૈન મુનિઓના ત્યાગની વાત સમજાવતો, ગૃહસ્થોમાં ભક્તિભાવ લાવી દેતો. આહાર-પાણીની બધી વ્યવસ્થા સમજાવી તે તુરત પાછો આવીને કહેતો,

"અન્નદાતા, પાત્રા ઉઠાવો. બધાં ઘરોમાં ગોચરી તૈયાર છે."

ખરેખર, મુનિશ્રી ગોચરીએ જતા ત્યારે આશ્ચર્ય થતું કે આવાં અજાણ્યાં ઘરોમાં આ ભક્તિની ગંગા ક્યાંથી ફૂટી નીકળી! પણ પછી ખ્યાલ આવતો કે આનો જાદુગર તો ગુલઝારી છે. ગોચરી-પાણી સિવાય ક્યાં જવાનું છે, ક્યાં ઊતરવાનું છે, તેની બધી વિગત મેળવી લેતો. વિહાર માટે સાવધાન રહેતો. ઊતરવાની જગ્યા પણ સારામાં સારી પસંદ કરતો. પોતાની પણ ખાવા-પીવાની વ્યવસ્થા સહેજે કરી લેતો.

ગુલઝારી બધી તૈયારી સમયસર રાખતો. આજે ઘણાં વરસો થઈ ગયાં છે છતાં ગુલઝારીની ગુલઝાર ચિત્તમાં ગુલઝાર કરતી રહી છે. તપસ્વી મહારાજે પણ ગુલઝારીને સર્ટિફિકેટ આપ્યું છે. સાધુસેવામાં આવા હોશિયાર માણસો હોય તો સંતોને પરિષહ જોવા મળતો નથી.

કાનપુર તરફ વિહાર કરતાં રસ્તામાં ઉત્તરપ્રદેશના કેટલાંક નાનાં-મોટાં ગામોનો સ્પર્શ થયો. ઉત્તરપ્રદેશનાં ગામડાંઓ પણ જનસંખ્યાથી ભરપૂર છે. કાઠિયાવાડ-ગુજરાતની સરખામણીમાં સમસ્ત ઉત્તરપ્રદેશ વધારે ગીચ વસ્તીવાળો પ્રદેશ છે. ઉત્તરપ્રદેશના ગામડાંમાં પણ ૫-૭ હજારની વસ્તી હોય છે. ઉત્તરપ્રદેશ ખેતીપ્રધાન તથા ઉદ્યોગપ્રધાન પ્રાંત છે. આગ્રાની દરી(શેતરંજી)ની જેમ આ બાજુ ઊનના ગાલીચાઓનું વણાટકામ જોવામાં આવતું હતું. ઉત્તરપ્રદેશનું અધ્યયન કરતાં કરતાં મુનિવરો કાનપુર તરફ આગળ વધ્યા.

આ બાજુ હવે જરા પણ પરિષહ પડતો ન હતો. માણસો ધાર્મિક ભક્તિભાવવાળા અને સંતસેવામાં આસ્થા રાખનારા જોવા મળતા હતા. ગામમાં પગ મૂકતાં જ જનતા સંતોની ચિંતા કરતી. ગુલઝારી સાથે હોવાથી કામ વધારે સરળ થઈ ગયું હતું. એક જ ઘરમાંથી બંને સંતોનાં આહારપાણી મળી જતાં. સાથે રહેનારને પણ માણસો જમાડી દેતા. વિહારમાં કોઈ પણ પ્રકારના રસોડાની વ્યવસ્થા ન હતી. તેમ સાથેના માણસો પણ રસોઈ બનાવતા ન હતા, છતાં ક્યારે પણ બાધા પડી નહિ. અસ્ખલિત ભાવે વિહાર આગળ વધ્યો.

બ્રાહ્મણ અને રાજપૂત ઉપરાંત અહીં લાલા લોકોનું વર્ચસ્વ જોવામાં આવતું. અહીં કાયસ્થ કોમના અથવા ઉચ્ચકોટિના સુખી-સંપન્ન અગ્રવાલ વણિક ભાઈઓને લાલાજી કહે છે. રાજપૂતોને બાબુસાહેબ કહે છે. તેઓ જમીનદાર જેવા હોવાથી સમાજની દૃષ્ટિએ અગ્રસ્થાન ધરાવે છે. છતાં રાજપૂતો લોકોનું શોષણ કરતા હોય છે તેવી માન્યતા પ્રસરી હતી. સ્ત્રીઓ સંસ્કારી અને

ધર્મપ્રધાન જીવન જીવનારી હતી. એકંદરે પ્રજા સુખી હતી. ઉત્તરપ્રદેશના વિહારમાં આનંદ આવ્યો. સાથે ઘણું જાણવાનું પણ મળ્યું. રસ્તામાં ચંદ્રપ્રભુના જન્મસ્થાન 'ચંદ્રાવતી'નાં દર્શન કરવાનો અવસર મળ્યો. મુખ્ય રસ્તેથી થોડે દૂર અંદર હોવા છતાં ખાસ વિહાર કરી મુનિજીએ તે પવિત્ર સ્થાનનું અધ્યયન કર્યું. જૈન સમાજ ધ્યાન આપે તો અહીં વિશાળ મોટું તીર્થસ્થાન બનવાની શક્યતા છે.

**કનોજ :**

આગ્રાથી મૈનપુરી, ફીરોજાબાદ, છપરાચૌવ અને ગુડસાઈગંજ ઇત્યાદિ ક્ષેત્રોને સ્પર્શ કરી, આગળ વધતાં ૧૯૪૮ની પહેલી ડિસેમ્બરે કનોજ નામનું પ્રાચીન શહેર માર્ગમાં આવ્યું. કનોજનું શાસ્ત્રીય નામ કાન્યકુબ્જ છે. કાન્યકુબ્જનો પ્રાચીન ઇતિહાસ વિશ્વપ્રસિદ્ધ છે. કાન્યકુબ્જના સમ્રાટોએ ઉત્તર ભારતમાં પોતાની આણ ફેરવી હતી.

આજે કનોજ જીર્ણશીર્ણ થઈ ગયું છે. ચારે તરફ જૂનાં મકાનો છે અને આખું શહેર ચડાવ-ઉતરાવ અને ગલ્લીઓવાળું છે. જાણે રેતીના ઢગલા પર ચાલતા હોય તેવું લાગે. કનોજ અત્યારે અત્તરની પેદાશ માટે પ્રમુખ સ્થાન ધરાવે છે. અહીં સારામાં સારું મૂલ્યવાન અત્તર બહોળા પ્રમાણમાં તૈયાર થાય છે. ચારેબાજુ ફૂલોની પેદાશ છે. જ્યાં જ્યાં નજર નાખો ત્યાં ત્યાં ફૂલોના બગીચા દેખાય છે. આખું શહેર બગીચા જેવું લાગે છે. શહેર જૂનું છે અને મકાનો પણ જૂનાં છે, છતાં ગંદકી બિલકુલ નથી અને બગીચાને કારણે શહેર અત્યંત નયનરમ્ય લાગે છે.

કનોજમાં એવો ભાસ થતો હતો કે આપણે કોઈ પ્રાચીન ઇતિહાસમાં ડોકિયું કરી રહ્યા છીએ. કનોજના બ્રાહ્મણો પોતાનું આગવું સ્થાન ધરાવે છે. કનોજિયા બ્રાહ્મણ તરીકે ઓળખાતી આ જાતિ પંજાબ, સમસ્ત ઉત્તરાખંડ અને ઠેઠ પૂર્વ ભારત સુધી ફેલાઈ ગઈ છે. કનોજિયા બ્રાહ્મણના આચાર-વિચાર ઘણા જ ઊંચા હોય છે. તેઓ નિરામિષ બ્રાહ્મણો છે. તેઓ ચુસ્તપણે શાકાહારને વળગી રહ્યા છે. શહેરમાં પ્રાત:કાળમાં વેદમંત્રો સાંભળવા મળે છે. ટૂંકમાં કનોજ એટલે બ્રહ્મપુરી એમ કહી શકાય. જોકે અત્યારે અહીં બધી જાતિના માણસો નિવાસ કરી રહ્યા છે.

❑



## ૯

# ગંગામૈયાની ગોદમાં

**આ**ગ્રાથી વિહાર યમુના નદીના ક્ષેત્રમાં થઈ રહ્યો હતો. શ્રી જયંતમુનિજી ગંગામૈયાની ગોદમાં પહોંચવા માટે આગળ વધી રહ્યા હતા. ગંગાજીનો પ્રદેશ નજીક આવતાં ધરતીમાં વિશેષ પ્રભાવ દેખાવા લાગ્યો. ગંગાજીનો સમગ્ર તટપ્રદેશ હરિયાળી ખેતીથી બારેમાસ હર્યોભર્યો રહે છે. ગંગાજીમાં જ્યારે પૂર આવે છે ત્યારે લાખો ટન કાંપવાળી માટી બહુ દૂર સુધી ખેતરોમાં પથરાઈ જાય છે. ગંગાજીનું પૂર જેટલું નુકસાન કરે છે તેથી વધારે ફાયદો પણ કરી જાય છે. પૂરના સમયે ત્યાંના ખેડૂતોએ કશું ગુમાવવાનું રહેતું નથી. ફક્ત થોડા સમય માટે સંકટ ભોગવવું પડે છે. પૂર આવે ત્યારે માણસોને ઉપાધિ થાય છે અને જાનમાલ બચાવવા કોશિશ કરે છે, પરંતુ પૂર ઊતરી ગયા પછી લાખોની સંપત્તિ સહેજે મળી જાય છે.

ખરેખર, ગંગામૈયા તે ગંગામૈયા જ છે! ગંગાજીના અભાવની કલ્પના થઈ શકતી નથી. ગંગાજી ન હોય તો તો આખો પ્રદેશ રેગિસ્તાન જેવો દેખાય, પરંતુ ગંગાજીની અમૃતધારા સમગ્ર પ્રદેશનું સિંચન કરી કંચન વરસાવે છે. ગંગાની પવિત્ર ધારા માત્ર જમીનનું સિંચન નથી કરતી પણ લોકસંસ્કૃતિ અને માણસોના ભાવહૃદયને પણ હજારો વર્ષોથી ભીંજવી રહી છે. અજાણ્યાં ઘરોમાં પણ જે ભાવથી આતિથ્ય-સત્કાર થતો હતો તેમાં પણ શ્રી જયંતમુનિજીને ગંગાજીની ઊછળતી લહેરોનો અનુભવ થઈ રહ્યો હતો. મુનિજી ગંગાના તટીય પ્રદેશનો આનંદ લેતા અને ઉત્તરપ્રદેશની

જાડી રોટલી, ઘાટી દાળ અને મોટા ખાણાની ટેવ પાડી હર્ષપૂર્વક આગળ વધી રહ્યા હતા.

સર્વપ્રથમ ગંગાજીનાં દર્શન કાનપુરમાં થયાં. કાનપુર એ સમયે ભારતનાં દ્વિતીય શ્રેણીનાં મોટાં શહેરોમાં પ્રથમ સ્થાન ધરાવતું હતું. કાનપુરનો વેપાર, મંડી અને ઉદ્યોગ પ્રખ્યાત છે.

૧૯૪૮ની સાતમી ડિસેમ્બરે મુનિવરો કાનપુર પધાર્યા. તેઓ કાનપુરમાં લાઠી મહોલ્લામાં શેઠ લક્ષ્મીદાસજી ધર્મશાળામાં ઊતર્યા. કાનપુરનો સંઘ નાનો હોવા છતાં અનેરો ઉત્સાહ હતો. બીજી તરફ બનારસથી સંઘના ભાઈઓ પણ આવ્યા. હજી વારાણસીમાં અભ્યાસ માટે અનુકૂળ અને બરાબર રહી શકાય તેવા મકાનની વ્યવસ્થા થઈ ન હતી. ઠંડી ખૂબ જ વધી રહી હતી. આગ્રાથી શેઠ રતનલાલજી બનારસના મકાન માટે અને મુનિજીના અભ્યાસ માટે બધો પ્રબંધ કરી રહ્યા હતા. વારાણસીના પ્રબંધમાં દોઢથી બે મહિના મોડું થાય તેવું લાગતું હતું. કાનપુર શ્રીસંઘે મુનિરોજોને આગ્રહ કર્યો કે ઉત્તરપ્રદેશમાં ઠંડી બહુ વધારે છે, તેથી આપ કાનપુર જ બે માસ બિરાજો.

પૂ. તપસ્વી મહારાજે કાનપુર સંઘનો પ્રસ્તાવ માન્ય રાખ્યો. સાથેસાથે એ પણ પ્રસ્તાવ મૂક્યો કે જો બનારસથી પંડિતજી આવી શકતા હોય તો જયંતમુનિજી અહીં જ અભ્યાસ શરૂ કરી દેશે. પૂ. તપસ્વી મહારાજે બુદ્ધિપૂર્વક સમજીને જે વાત કરી તે ઘણી જ યોગ્ય હતી. બે માસનો આરામ મળી જાય અને સમય પણ ન બગડે. સાથેસાથે કાનપુર સંઘને લાભ મળી જાય અને બનારસ સંઘને તૈયારીનો સમય મળી જાય. આ રીતે કાનપુર સંઘનો પ્રસ્તાવ ઘણો જ ઉપયોગી રહ્યો.

પ્રાતઃકાલ લાઠી મહોલ્લાની ધર્મશાળામાં પ્રતિદિન પ્રવચન થવા લાગ્યું. શ્રી જયંતમુનિજીની ઉંમર નાની હતી, પણ અવાજ બુલંદ હતો અને પ્રવચનમાં શાસ્ત્રીય ભાવો તથા સામાજિક સુધારાની વાતો આવવાથી જનતાનો રસ ઘણો વધી ગયો. શ્રોતાઓ ઊભરાવા લાગ્યા. જૈનો ઉપરાંત બીજા ધર્મબંધુઓ પણ સારી સંખ્યામાં આવવા લાગ્યા. કાશીનાથજી ત્યાંના એક વિદ્વાન વ્યક્તિ હતા. તેમણે ખૂબ ઊંડો રસ લીધો અને જનતામાં પ્રચાર કર્યો. તેમણે પ્રવચનની સઘળી વ્યવસ્થા સંભાળી લીધી અને કાનપુરમાં મુનિજીના પ્રેમ પ્રત્યે લોકોમાં એક પ્રકારે ઊભરો આવી ગયો.

સ્થાનકવાસી ઉપરાંત દિગંબર, દેરાવાસી, અગ્રવાલ અને અન્ય ગુજરાતી ઘરોમાં શ્રી જયંતમુનિ ગોચરી માટે પધારતા હતા. કાનપુરમાં લોહિયા ભાઈઓનું જૂથ સારું છે. કિસનલાલજી પણ લોહિયા હતા. લોહિયાભાઈઓ પણ આગ્રા સાથે જોડાયેલા હતા. આગ્રાના લોહામંડી ચાતુર્માસનો પડઘો કાનપુર સુધી પડ્યો હતો. અહીં તે પ્રત્યક્ષ થવાથી લોકોમાં અનેરો ઉત્સાહ-આનંદ છવાઈ ગયો. સંઘનાં અધ્યક્ષ પ્રેમવતીજી પૂ. તપસ્વી મહારાજ પ્રત્યે અનન્ય ભક્તિ રાખતાં હતાં. જ્યારે સંઘની મિટિંગ હોય અને અધ્યક્ષસ્થાને પ્રેમવતીજી પધારે ત્યારે લાલા ફૂલચંદજી પણ ઊભા થઈને

તેમનું સ્વાગત કરતા. તેમનો રુઆબ, પ્રતિભા અને વહેવારચાતુર્ય ઉચ્ચ કોટિનાં હોવાથી તેમણે સૌનાં દિલ જીતી લીધાં હતાં.

કાનપુરના બે માસ બહુ જ આનંદપૂર્વક ક્યાં વહી ગયા તેની ખબર ન પડી. બનારસથી પંડિત કૃષ્ણાનંદ ઝા ભણાવવા માટે આવી ગયા હતા. તેમણે શ્રી જયંતમુનિજીને પંચ અધ્યાયી નામના ન્યાયદર્શનના પ્રથમ ગ્રંથનો અભ્યાસ શરૂ કરાવ્યો. ઝાઝી સૂક્ષ્મ બુદ્ધિવાળા, સારા એવા વિદ્વાન હોવાથી અભ્યાસમાં સંતોષ થતો હતો. ન્યાયદર્શનના અભ્યાસનો પ્રથમ પાયો કાનપુરમાં કૃષ્ણાનંદજી ઝા દ્વારા નાખવામાં આવ્યો.

**ચમત્કારિક ગુપ્તદાન :**

પૂ. તપસ્વી માણેકચંદ્રજી મહારાજની પુણ્ય તિથિ નજીક આવી રહી હતી. તિથિ ઊજવવામાં બે-ચાર હજારનો ખર્ચ હતો. મુનિશ્રી વિમાસણમાં હતા. મુનિશ્રી હજુ શ્રાવકોથી અપરિચિત હોવાથી તેમને ખર્ચ કરવાનું કહેવાય નહિ. પરંતુ અહીં ઉલ્લેખ કરતાં આનંદ થાય છે કે એક ધર્મપ્રિય જૈન ભાઈ ખીંટી પર એક થેલી ટાંગી ગયા અને શ્રી પ્રેમચંદભાઈને કહી ગયા કે આ રકમ પૂ.મુનિરાજો જ્યાં કહે ત્યાં વાપરી નાખશો. આટલું કહી તે ભાઈ ગાયબ થઈ ગયા.

પ્રેમચંદભાઈ તરત જ ધર્મશાળા પર આવ્યા. અને ખીંટી પર ટાંગેલો થેલો હાથ કર્યો. જ્યારે થેલો ખોલ્યો ત્યારે તેમાં સાડાચાર હજાર રૂપિયા હતા. આજથી પચાસ વર્ષ પહેલાં આ રકમ ઘણી મોટી ગણાતી હતી.

પ્રેમચંદભાઈ તાબડતોબ પૂજ્ય તપસ્વી મહારાજ પાસે આવીને બોલ્યા, “સાહેબ, આ રકમ *શેમાં વાપરવાની છે? એક ભાઈ મને આવીને કહી ગયા કે અહીં થેલીમાં* રકમ છે. એટલે હું તુરત જ લઈને આવી ગયો. પણ પેલા ભાઈ કોણ હતા તે હું ઓળખી નથી શક્યો.”

પૂ. તપસ્વી મહારાજને અતિ આશ્ચર્ય થયું ! મનની ભાવના કોઈ દિવ્યશક્તિથી કેમ જાણે પરિપૂર્ણ થઈ ગઈ હોય તેમ ચમત્કાર થઈ ગયો. હજુ સુધી તે ભાઈનું નામ પ્રગટ થઈ શક્યું નથી.

કાનપુરના બે શ્રાવકો લાલા ફૂલચંદજી તથા કિશનલાલજી મુનિજીને સૌપ્રથમ ભોગાવા પાસે રસ્તામાં મળ્યા હતા. તેમણે ભાવભર્યાં દર્શન કર્યાં અને કાનપુર પધારવાની વિનંતી કરી. તે લાલા ફૂલચંદજીનો અહીં ટૂંકો પરિચય આપવો અસ્થાને નહિ ગણાય.

લાલા ફૂલચંદ એક સમયે કાનપુરના મુખ્ય નાગરિક તરીકે પ્રખ્યાત હતા. તેમના પૂર્વજોમાં લક્ષ્મણદાસજી મહાન ધનાઢ્ય વ્યક્તિ હતા. લાલા ફૂલચંદને કરોડોની એસ્ટેટ વારસામાં મળી હતી. પોતે પણ શાહ સોદાગર હોવાથી સારી કમાણી કરી રહ્યા હતા. તેઓ સમાજમાં આદર્શ અને સન્માન્ય વ્યક્તિરૂપે વૈભવશાળી જીવન વ્યતીત કરતા હતા. તેમની કેટલીક ખાસિયત પણ

હતી. તેઓ કવિ, શાયર અને વિદ્વાનોના ખાસ પ્રેમી હતા અને સાથેસાથે રાષ્ટ્રપ્રેમી પણ હતા.

એ વખતે ગાંધીજીનું આંદોલન ચાલતું હતું તેથી લાલા ફૂલચંદજી ખાદીધારી થઈ ગયા હતા. આખી જિંદગી તેમણે ખાદી પહેરી. ગાંધીજીના દર્શને ગયા ત્યારે તેમણે આખી કૉંગ્રેસને આમંત્રણ આપ્યું. કાનપુરના આંગણે કૉંગ્રેસ ભરાય તો તેનો બધો ખર્ચ પોતે વહન કરશે તેવું વચન આપ્યું. ગાંધીજી ખુશ થયા. જવાહરલાલ નહેરુએ પીઠ થાબડી. વલ્લભભાઈ સરદારે પ્રેમથી નવાજ્યા. કાનપુરના આંગણે અખિલ ભારતીય મહાસભા કે જેને અત્યારે કૉંગ્રેસ કહેવામાં આવે છે, તેનું વિરાટ સંમેલન ભરાયું. કાનપુરની કૉંગ્રેસમાં દેશના બધા નેતા લાલા ફૂલચંદજીના મહેમાન થયા હતા.

ગાંધીજીએ લાલાજીને પૂછ્યું, "લાલાજી, આપ ક્યા કામ કરેંગે?"

લાલાજીએ હાથ જોડીને કહ્યું, "મહાત્માજી, મૈંને અપના કામ સોચ લિયા હૈ. જબ સબ લોગ ભોજન કરકે ઊઠેંગે તબ ઉસકે પત્તર ઉઠાને કા કામ મૈં કરૂંગા."

ગાંધીજી ભાવવિભોર થઈ ગયા. ખરેખર, લાલાજીએ આ કામ કરી બતાવ્યું. ત્યારબાદ લાલાજી રાષ્ટ્રીય જીવનમાં જોડાઈ ગયા. સાથેસાથે ધાર્મિક કાર્યોમાં પણ ખૂબ રસ લેતા હતા.

લાલા ફૂલચંદજીએ દિવાકર ચોથમલજીનું ચાતુર્માસ કાનપુરમાં ધામધૂમથી કરાવ્યું હતું. લાલાજીનો જન્મ ચુસ્ત દિગંબર પરિવારમાં થયો હતો. પરંતુ ચોથમલજી મહારાજના પરિચયમાં આવ્યા પછી તેઓ સ્થાનકવાસી રંગે રંગાઈ ગયા. પોતાના ત્રણ માળના એક વિશાળ બિલ્ડિંગ ઉપર પોતાના માતુશ્રી રુક્ષ્મણીબહેનનું પવિત્ર નામ જોડી, તેને "રુક્ષ્મણી જૈન ભવન" એવું આદર્શ નામ આપી, સ્થાનકવાસી સંઘને અર્પણ કરી દીધું. આજે પણ સ્થાનકવાસી જૈન સંઘ રુક્ષ્મણી જૈન ભવનનો ધાર્મિક કાર્યક્રમમાં ઉપયોગ કરી પોતાનો હક ધરાવે છે.

**ઉદારદિલ લાલા ફૂલચંદજી :**

લાલા ફૂલચંદજી મોટા દાનેશ્વરી હોવા છતાં એમનો જમીનદારી રંગ હજુ ચાલુ જ હતો. તે દર શનિવારે પોતાને ત્યાં વિદ્વાનોની સભા, કવિસંમેલન, કવ્વાલી અને મુશાયરા યોજતા. જેના ઉપર ખુશ થાય તેને સારું એવું ઇનામ આપતા. એક પંજાબી ભાઈ તેમની ચાપલૂસી કરનારા તાલીમિત્ર હતા. આ પંજાબી મિત્ર ખૂબ નટખટ હતો. તે એકાદ શેર બોલે અને લાલા ખુશ થઈને કહેતા, "અરે યાર દોસ્ત, તુમકો યહ એક મકાન દિયા, તુમકો વહ બિલ્ડિંગ દે દિયા." આ રીતે તેમણે પંજાબીને બે-ચાર મકાનો આપી દીધાં ! લાલાજીના પરિવારમાં ખળભળાટ મચી ગયો !

સમયાનુસાર આવક ઓછી થતી ગઈ. ખર્ચ વધી રહ્યો હતો. લાલાજીના મોટા પુત્ર મનહરલાલજી ખૂબ જ એશ-આરામથી જિંદગી ગુજારતા હતા. બીમાર હોવાથી મોટા ખર્ચા પણ હતા. આ રીત

આર્થિક સંકડામણ આવી રહી હતી. લાલાજી મકાનો દાનમાં આપવા માંડ્યા તે પરિવારને ખટકે તેવું હતું. પરિવારે તેમનો વિરોધ કર્યો. છતાં લાલાજી પંજાબીને મકાનો આપતા ગયા.

મનહરલાલજી અને તેમનાં માતાજીએ મળીને લાલાજી સાથે જરાપણ વાટાઘાટ કર્યા વિના કાનપુર હાઈકોર્ટમાં લાલાજી ઉપર કેસ કર્યો. કેસમાં જણાવ્યું કે અમારી કરોડોની મિલકત વડીલોપાર્જિત છે. બધી મિલકત બાપદાદાની છે. એટલે લાલાજીને તે વેડફી નાખવાનો કોઈ અધિકાર નથી. અમને ન્યાય મળવો જોઈએ. કેસની નોટિસ લાલાજીને મળી. લાલાજીએ જરા પણ વિચલિત થયા વિના પોતે જ એક કાગળ તૈયાર કરી, તેમાં સહી સીક્કા-કરી કોર્ટમાં તે પહોંચાડ્યો.

લાલાજી કાનપુરના મહાન નાગરિક હોવાથી, તેમજ હાઈકોર્ટના ન્યાયાધીશ સ્વયં તેમને જાણતા હોવાથી, લાલાજીને સન્માનપૂર્વક કોર્ટમાં બેસાડ્યા.

સરકારી વકીલે પૂછ્યું, "લાલાજી, આપકા વકીલ કહાં હૈ ! આપ અપની બાત પેશ કરિયે."

લાલાજીએ ગરિમા સાથે કોર્ટમાં ઊભા થઈને કહ્યું, "મારે કોઈ વકીલની જરૂર નથી. મારે કેસ લડવાની પણ જરૂર નથી. આ રહ્યો મારો કાગળ. મારી કે મારા બાપ-દાદાની જે કંઈ મિલકત છે તે બધી મારા પુત્ર અને પત્નીને આપી દઉં છું. આ સંપત્તિમાંથી મારે કશું ન જોઈએ. મને મુક્ત કરવામાં આવે."

લાલાજીએ સહી-સિક્કાવાળો કાગળ ન્યાયાધીશના હાથમાં મૂક્યો.

લાલાજીના મોટા પુત્ર મનહરલાલજી અને તેમનાં માતા ત્યાં હાજર હતાં. કોર્ટ ખચાખચ ભરાયેલી હતી. લાલાજીનું નિવેદન સાંભળી આખી કોર્ટ ચકિત થઈ ગઈ.

વકીલે લાલાને પૂછ્યું, "લાલાજી, આ શું કરો છો?"

લાલાજીએ કહ્યું, "હું પાગલ નથી. હું ખાદીધારી વ્યકિત છું. મહાત્મા ગાંધીનો ચેલો છું. દિવાકર ચોથમલજી મહારાજે મને ત્યાગનો પાઠ ભણાવ્યો છે. સંપત્તિ ક્લેશનું કારણ ન બને તે માટે, તેમજ મારાં પુત્ર અને પત્નીને હવે મારી જરૂર નથી, સંપત્તિની જરૂર છે એટલે હું તેમને સમગ્ર સંપત્તિ સુપ્રત કરી દઉં છું."

લાલા ઊભા થઈને ચાલી નીકળ્યા. આખા કાનપુરમાં હવા ફેલાઈ ગઈ!

કોર્ટમાંથી બહાર નીકળ્યા ત્યારે તેમનાં પત્ની તેને મળવા આવ્યાં અને ઘેર આવવા માટે કહ્યું.

લાલાએ તેવર બદલીને કહ્યું, "હવે ફરીથી મને જિંદગીભર મોઢું ન બતાવશો. તમારે જેની જરૂર હતી તે મેં આપી દીધું છે."

મનોહરલાલજીને પુત્રને નાતે આશીર્વાદ આપી પોતે આગળ ચાલી નીકળ્યા.

આજે લાલા ફકીર થઈ ગયા હતા. આખા કાનપુરમાં ચોરે અને ચકલે લાલા ફૂલચંદની ચર્ચા ચાલતી હતી. કાનપુરના મેયર અને મોટા ધનાઢ્યો, લાલાને હાથ જોડી ઊભા રહેતા, એ લાલા આજે એકલા હતા. એ જમાનામાં ઘરમાં શૌચાલયની વ્યવસ્થા ન હતી. એટલે મોટા માણસો પણ ગંગાજીના મેદાનમાં જતા. લાલાજી પણ સવારના પહોરમાં ગંગાજીના મેદાનમાં જતા ત્યારે પચ્ચીસ માણસો સાથે ચાલી નીકળતા. આજે લાલા એકલાઅટૂલા દિશાશૂન્ય બન્યા.

ગંગાજીના કિનારે એક સાધુનો આશ્રમ હતો. લાલાજીને એ સાધુ સાથે પ્રેમભાવ હતો. લાલાજીએ ત્યાં સેવામય જીવન વ્યતીત કરવાનો નિર્ણય લીધો.

હવે લાલાજીના જીવનમાં કેવા અવનવા અને આશ્ચર્યજનક નાટકના ખેલ શરૂ થાય છે ! લાલાજી જ્યારે નીકળી પડ્યા ત્યારે પેલા પંજાબીનું ઘર રસ્તા પર પડતું હતું. એ મકાન લાલાજીએ તેને ભેટ આપ્યું હતું. તે વિશાળ ભવનમાં પંજાબી રહેતો હતો. લાલાજીએ નીચેથી મિત્રના નાતે અવાજ માર્યો.

પરંતુ તે મિત્ર નીચે ન આવ્યો. બાલ્કનીમાંથી ખડખડાટ હસવા લાગ્યો અને બોલ્યો, "લાલાજી, તુમ અબ ફકીર હો ગયે હો. તુમ્હારે પાસ કુછ નહીં રહા હૈ. હમારે યહાં અબ તુમ્હારે લિયે કોઈ જગહ નહીં હૈ." એમ કહીને તે ફરીથી હસવા લાગ્યો.

લાલાજીએ જરા પણ દુઃખ ન માન્યું, પરંતુ એટલું જ કહ્યું, "અરે મૂર્ખ, મૈંને જો થૂંક દિયા હૈ વો લેને કે લિયે નહીં આયા હૂં, ન તેરી સંપત્તિ સે કોઈ સરોકાર હૈ. તું મિત્ર થા ઇસ લિયે મિત્રકે નાતે સે તુઝે આવાજ દિયા. અચ્છા, તુમ ખુશ રહો. મૈં તો યે ચલા." એમ કહી લાલાએ થૂંકી દીધું અને ચાલી નીકળ્યા.

**લાલાજી આશ્રમમાં :**

લાલાજી બાવાજીના આશ્રમમાં પહોંચ્યા. બાવાજીએ લાલાજીનું સન્માન કર્યું. વાત તો આગળ પહોંચી ગઈ હતી. બાવાજીએ ઘણા પ્રેમથી કહ્યું, "લાલાજી, અબ આપ સુખસે હમારે આશ્રમ મેં રહિયે. યહાં કોઈ ચિંતા કરનેકી જરૂરત નહીં હૈ. સંસાર સ્વાર્થ કા હૈ. આપ સબ ભૂલ જાઈયે ઔર ભગવાનકા ભજન કરિયે. યહાં પર ભગવાનકી દયા હૈ. આપ જૈસે દાનવીરોને હી યહ આશ્રમ ચલાયા હૈ. યહ સબ આપકા હૈ."

બાબાજીની મધુર વાણીથી લાલાજીને ઘણી શાંતિ મળી. પણ લાલાજી પોતાના વિચારોમાં મક્કમ હતા. લાલા ફૂલચંદજીએ વિનયથી કહ્યું, "બાબાજી, આપનું કહેવું ઠીક છે. પરંતુ હું આશ્રમનું મફતનું ન ખાઉં. મને કામ આપો."

બાવાજી વિચાર કરે છે કે આવડા મોટા શેઠને શું કામ આપવું! પાછા ઉંમરલાયક છે. ફૂલચંદજીએ ઘણો જ આગ્રહ કર્યો ત્યારે બાવાજીએ તેમને શાક-ભાજીનો થેલો આપ્યો અને કહ્યું, "લાલાજી, સબજીમંડીસે સબજી લે આઇયે. યહ આપકા પ્રથમ કામ હૈ !"

લાલાજી થેલો લઈને ચાલી નીકળ્યા. કાનપુરના એક અબજપતિ, જેણે આખી કૉંગ્રેસને કાનપુર બોલાવી હતી અને ગાંધીજીના આશીર્વાદ મેળવ્યા હતા, તેમજ દિવાકર ચોથમલજી મહારાજનું સંપૂર્ણ ચાતુર્માસ કરાવી, દિગંબર અને સ્થાનકવાસી સમાજને અપૂર્વ લાભ અપાવી, કીર્તિ મેળવી હતી, તે લાલાજી આજે મજૂરની જેમ ખંભે વીસ કિલો શાકભાજી લઈ આશ્રમ તરફ જઈ રહ્યા હતા.

**કદરદાન કિશનલાલજી :**

હવે જુઓ! પોતાના સગા પુત્રે જેનો ત્યાગ કર્યો છે તેને પ્રકૃતિ બીજો પુત્ર આપવાની હોય તે રીતે જીવનમાં એક નવો વળાંક આવે છે. લાલા ફૂલચંદ ગંગાની રેતી ઉપર શાકભાજીનો થેલો લઈ ધીરે ધીરે આશ્રમ તરફ જઈ રહ્યા હતા ત્યારે લોહિયા પરિવારના સ્થાનકવાસી જૈન, સાધારણ સ્થિતિવાળા વ્યાપારી, પહેલવાન જેવા કિશનલાલજી ગંગાકિનારે સ્નાન કરી, દંડ-બેઠક કરતા હતા. એવામાં તેમણે સાંભળ્યું,

"દેખો ! દેખો ! યહ વહી લાલા જા રહે હૈ. જાનતે હો, યે લાલા ફૂલચંદજી હૈ."

એટલું સાંભળતાં જ કિશનલાલજીનો પ્રેમ ઊભરાઈ આવ્યો. કિશનલાલજી દોડ્યા. ન જોયો આવ કે ન જોયો તાવ, સીધા લાલાજીને ભેટી પડ્યા અને બાથમાં લીધા. "દેખિયે લાલાજી, હમ આપકો યહ કામ કભી ન કરને દેંગે. હમે આપ અપના બેટા સમજીયે. મૈં એક સચ્ચા જૈન હૂં. હમ આપકો હરગિજ આશ્રમમેં નહીં રહને દેંગે."

કિશનલાલજીએ જબરદસ્તીથી લાલાજીના હાથમાંથી થેલો અને વધેલા પૈસા લઈ લીધા. એક મજૂરને બોલાવીને કહ્યું, "યે લે જાઓ થેલા ઔર બાવાજી કો દે દેના." ઉપરથી મજૂરીના પૈસા આપ્યા.

લાલાજીએ ઘણી કોશિશ કરી, ના પાડી. મજૂરની પાછળ દોડ્યા, પણ કિશનલાલજીએ તેમને પકડી લીધા. લાલાજી છટપટાતા રહ્યા અને છટકવાની ઘણી કોશિશ કરી. પરંતુ પહેલવાન જેવા કિશનલાલજીની પકડ મજબૂત હતી. તે લાલાજીને ગંગાજીને કિનારે સ્નાન કરાવી, જબરદસ્તીથી પોતાને ઘેર લાવ્યા. લાલાની આંખમાં પ્રેમનાં આંસુ ઊભરાઈ આવ્યાં. ક્યાં સગો દીકરો મનહરલાલ અને ક્યાં ભગવાને મોકલેલ કિશનલાલ! કેમ જાણે કોઈ પૂર્વજન્મનો પ્રેમ જાગ્રત થયો હોય તેમ કિશનલાલજીએ લાલાને પોતાના ઘેર લઈ જઈ પ્રેમપૂર્વક જમાડ્યા.

**લાલાજી મામૂલી મુનીમ બન્યા :**

લાલાજીએ ફરીથી એ જ વાત ઉચ્ચારી, "દેખો કિશનલાલજી, હમકો કામ દેના પડેગા. હમ મુફ્તકા નહીં ખાયેંગે."

"દેખિયે લાલાજી, મૈંને આપકે લિયે કામ તૈયાર રખા હૈ. લોહે બઝાર મેં મેરી છોટી સી દુકાન હૈ. ગલ્લે પર આપકો બેઠના હૈ. સમ્હાલને વાલા કોઈ નહીં હૈ. આપ ગદ્દી પર બૈઠિયે, હિસાબ-કિતાબ લિખિયે. હમ આપકે અંડર મેં કામ કરેંગે."

ખરેખર, બીજે દિવસે કિશનલાલજીની દુકાનના થડા ઉપર લાલાજી બેઠા. જુઓ તો ખરા કિશનલાલની પરખ! આખી મારકીટ અને બજારમાં વાત ફેલાઈ ગઈ કે લાલાજી કરોડોની સંપત્તિને ઠોકર મારી આજે કિશનલાલજીની દુકાન પર મુનીમ બનીને હિસાબ-કિતાબ જોઈ રહ્યા છે. જાણે બધા ગ્રાહકોને પોતે આકર્ષી લીધા હોય તેમ, જ્યાં કિશનલાલનો બે-ચાર હજારનો વકરો હતો ત્યાં એક જ દિવસમાં પચાસ હજારનું વેચાણ થયું. કિશનલાલ આભા જ બની ગયા! તેણે તો માનો પારસનો પહાડ ખરીદી લીધો હતો. કિશનલાલે લાલાજીની સેવામાં જરા પણ કચાશ ન રાખી.

લાલાજી વ્યવહારકુશળ હતા. કિશનલાલના ઘરમાં બે પુત્રો હતા. બંને પરણેલા હતા. કિશનલાલ પોતે ઘરભંગ થયા હતા.

લાલાજીએ વ્યવહારિક દૃષ્ટિથી કહ્યું, "જો ભાઈ કિશન, હું તમારે ત્યાં રહીશ. જરૂર જમવાનું પણ રાખીશ. પરંતુ આપણે રહેવા માટે અલાયદી જગા રાખવી જોઈએ. જેથી કાલે જરા પણ ખોટી બદનામી ન થાય. ચેતતા નર સદા સુખી."

"તમારું કહેવું તદ્દન વ્યાજબી છે. પણ બીજી જગા ક્યાં છે? તમે તો બધા જ મકાન આપીને બેઠા છો." કિશનલાલજીએ ચિંતા વ્યક્ત કરી.

"કિશનલાલજી, મેં બધી જ પ્રોપર્ટી આપી દીધી છે. પણ આપણે લાઠી મહોલ્લાની બાબુ લક્ષ્મણ ધર્મશાળામાં જઈશું. એ પૂરા ચાર માળનું મકાન છે. મારા દાદાજીએ પૂરી ધર્મશાળા બનાવીને સમાજને સોંપી દીધી છે. પણ બે ઓરડા ઉપર અમારા પરિવારનો અધિકાર રાખ્યો છે. આજે પણ એ બે ઓરડા મારા કબજામાં છે. આ પ્રોપર્ટી અમે કોઈને પણ આપી શકતા નથી. આ રૂમ ફક્ત અમારા જ ઉપયોગમાં લઈ શકાય છે. એની ચાવી પણ મારી પાસે છે."

કિશનલાલજીને આ વાત ઘણી જ ગમી ગઈ.

લાલાજીએ કહ્યું, "કિશન, આવતી કાલથી આપણે ત્યાં રહેવા ચાલ્યા જઈશું."

કિશનલાલજીએ કહ્યું, "લાલાજી, હું પણ તમારી સાથે રહીશ. હું તમારાં સુખ-દુખનો જીવનભરનો સાથી છું."

લખતાં ઘણો જ હર્ષ થાય છે કે ખરેખર, કિશનલાલજીએ આ વાત જિંદગીભર નિભાવી. લાલા ફૂલચંદજીની સાથે તેઓ પણ ધર્મશાળામાં રહેવા લાગ્યા. કોઈ પણ પૂજ્ય મુનિમહારાજ પધારે ત્યારે તેમની સેવામાં બંને જણા સંલગ્ન થઈ જતા.

**પુત્રવધૂની ખાનદાની :**

હવે આપણે એક જરૂરી વાતનો ઉલ્લેખ કરી મૂળ વાત પર આવીએ. લાલા ફૂલચંદજીની મોટી પુત્રવધૂ પ્રેમવતી આગ્રાની બેટી હતી. પ્રેમવતીના પિતાજી લાલાના પરમ મિત્ર હતા. તે બદલ તેઓએ મિત્રની દીકરીનો સ્વીકાર કર્યો હતો અને તેમને બેટીરૂપે માનતા હતા.

લાલાજી એકલા પડ્યા અને લક્ષ્મણદાસજી ધર્મશાળામાં રહેતા હતા ત્યારે ઘરના માણસ તરીકે તેઓ ફક્ત પ્રેમવતી સાથે જ વાત કરતા હતા. પ્રેમવતી જ્યારે પણ ભોજનની વસ્તુ લાવે તે ગ્રહણ કરતા. પ્રેમવતી સ્થાનકવાસી જૈન અને આગ્રાની પુત્રી હતી. તેણે પિતાના ઘરનો ધર્મ બરાબર બજાવ્યો. સ્થાનકવાસી તરીકે પોતાનું નામ સંઘમાં લખાવ્યું. પ્રેમવતી હોશિયાર અને માર્ગદર્શન આપી શકે તેમ હોવાથી કાનપુરના સ્થાનકવાસી જૈન સંઘે પ્રેમવતીની અધ્યક્ષ તરીકે વરણી કરી. તેઓ ગુજરાતી સમાજમાં પણ ખૂબ માન પામ્યાં. દાનેશ્વરી હોવાથી પ્રેમવતીએ સંઘને પણ ખૂબ જ મદદ કરી. તેમની પ્રેરણાથી રુક્ષ્મણી ભવન ઉપરાંત બીજો એક નવો ઉપાશ્રય બાંધવામાં આવ્યો.

જ્યારે ૧૯૪૮ની ૪થી ડિસેમ્બરે પૂ. મુનિશ્રી કાનપુરથી થોડે દૂર ચોબેલપુર ગામમાં પહોંચ્યા ત્યારે ફૂલચંદ સાહેબ તથા કિશનલાલજી સવારના પહોરમાં જ વિહારમાં આવી ગયા હતા. તેમણે દર્શનનો લાભ લીધો. કિશનલાલજીએ બદામ અને સાકર વહોરાવી. તેમણે સાથે જ પગપાળા વિહાર કર્યો. કાનપુર સુધી બરાબર સાથે રહ્યા. તે દરમિયાન પૂ. મુનિજીઓને લાલા ફૂલચંદજીનો આખો ઇતિહાસ જાણવા મળ્યો. આ વાત કિશનલાલજીએ સ્વયં શ્રી જયંતમુનિજીને કહી છે.

ખરેખર, એક મોટા નાટકના મુખ્ય પાત્ર હોય તેવો લાલા ફૂલચંદજીનો જીવનવૃત્તાંત સાંભળીને સંસાર સંબંધનું સાચું જ્ઞાન થાય છે. તેમના જીવનમાં જે ચડાવ-ઉતાર આવ્યા અને તેમાંથી જે રીતે ધીરજ અને મનોબળથી પાર થયા, એ દરેકને પોતાના જીવનમાં પ્રેરણા લેવા માટે ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડે છે. તેમનું જીવનવૃત્તાંત સાંભળી સહેજે ભાન થાય છે કે કર્મની ગતિ કેટલી ન્યારી છે! આપણાં જૈન શાસ્ત્રોમાં કર્મની ગતિથી જીવનમાં ચડાવ-ઉતાર આવતી અનેક કથાઓ છે. આ કથાનકો સંસારની વિચિત્રતા, સંબંધોની ક્ષણભંગુરતા અને કર્મની અફળતા બતાવવા

માટેનાં સુંદર દૃષ્ટાંત છે. લાલા ફૂલચંદજી અને કિશનલાલજીનાં જીવનવૃત્તાંત પણ શાસ્ત્રીય કથાની જેમ નાટકીય વળાંકોથી ભરપૂર અને પ્રેરણાદાયી હોવાથી અહીં વિસ્તારથી જણાવેલ છે.

શ્રી જયંતમુનિજી અગાશીમાં મુહપત્તી ધોઈને ઘડા ઉપર ચિપકાવી રહ્યા હતા. સામી પાળી ઉપર પાણીની નાની માટલી સૂકવવા માટે મૂકી હતી. જ્યારે સાવરકુંડલાથી વિહાર શરૂ કર્યો ત્યારે આ માટલી પૂ. ઉજ્જમબાઈ મહાસતીજીએ આપી હતી. પૂ. તપસ્વી મહારાજને ઠંડું પાણી મળે તેથી શ્રી જયંતમુનિને સમજાવીને આ માટલી સુપ્રત કરી હતી. સાવરકુંડલાથી વિહાર માટે પગ ઉપાડ્યો ત્યારે આ વાતનો ઉલ્લેખ કર્યો છે. દેવયોગે આ નાની માટલીને સહેજ પણ આઘાત-પ્રત્યાઘાત થયો ન હતો અને કાનપુર સુધી સલામતી સાથે આવી હતી.

મોટાં માટલાં બે-ચાર બદલાઈ ગયાં હતાં, પરંતુ આ માટલી અખંડભાવે કાનપુર સધી પહોંચી હતી. સવારના લગભગ સાડાદશ વાગ્યાનો સમય હશે. એક કાગડો વગર કારણે, જરાપણ ખાવાની લોભ-લાલચ ન હોવા છતાં, માટલી ઉપર બેઠો અને પ્રયત્ન કરીને માટલી નીચે પાડી દીધી. એક ધડાકો થયો અને માટીના કાચલા થઈ ગયા. આ દૃશ્ય જોતાં જ જયંતમુનિજીના મુખથી એકદમ શબ્દો સરી પડ્યા, “મહાસતીજી ગયા !”

જયંતમુનિજી ઉતાવળે નીચે આવ્યા. પૂ. તપસ્વી મહારાજને વાત કરી. “લાગે છે કે પૂ. ઉજ્જમબાઈ સ્વામી કાળ કરી ગયાં.”

પૂ. તપસ્વી મહારાજે એક આંચકા સાથે પૂછ્યું, “તને આવી કલ્પના કેમ આવી?”

જયંતમુનિએ ખિન્નભાવે જવાબ આપ્યો, “તેમની આપેલી માટલી કાનપુર સુધી અખંડ ભાવે સાથે રહી હતી. આજે કાગડાએ વિના પ્રયોજને, જાણીબૂઝીને માટલી પાળી ઉપરથી નીચે પાડી દીધી. તમને યાદ હશે કે આ માટલી ઉજ્જમબાઈ સ્વામીએ ખાસ તમારા માટે આપી હતી. તે માટલી ફૂટતાં તેમણે જીવનલીલા સંકેલી લીધી હોય એવો સંકેત મળે છે.”

ખરેખર ! સાંજ સુધીમાં સાવરકુંડલાથી તાર આવ્યો કે પૂ. ઉજ્જમબાઈ સ્વામી કાળધર્મ પામી ગયાં છે. આજે આ વાત યાદ કરતા મુનિજીનું હૃદય ભરાઈ જાય છે. કેટલા પ્રેમથી માટલી આપી હતી!

તારમાં લખ્યું હતું, “ચાર લોગ્ગસ્સનો કાઉસગ્ગ કરાવશો.”

**મમતાભરી મા સમાન ઉજ્જમબાઈ સ્વામી :**

કાનપુર શ્રીસંઘમાં કાળધર્મ પામ્યાના સમાચારથી શોકની લહેર ફેલાઈ ગઈ. ભાગ્યવંતાં, મહાપ્રભાવશાળી, ગોંડલ સંપ્રદાયનાં શોભા સમાન, શ્રી ઉજ્જમબાઈ સ્વામીની ગુણાનુવાદ સભા રાખવામાં આવી. જોતજોતામાં સેંકડો ભાઈઓ-બહેનો આવી ગયાં.

શ્રી જયંતમુનિજીએ વિવરણ સાથે તેમના ચરિત્ર ઉપર પ્રકાશ નાખ્યો અને પોતાનાં સાંસારિક બહેન પ્રભાબાઈસ્વામી તથા જયાબાઈસ્વામીનાં ગોરાણી હતાં તે પણ જણાવ્યું. તેઓનાં ચરણમાં બન્ને બહેનોને દીક્ષા લીધી હતી. આજે તેઓ નિરાધાર બની ગયા છે તેનો ઉલ્લેખ કર્યો ત્યારે આખી સભામાં સૌની આંખોમાંથી અશ્રુધારા વહી રહી.

ધન્ય છે આવા રૂડા આત્માને !

પૂ. ગુરુદેવ કહે છે કે "ઉજ્જમબાઈ સ્વામીની ઉત્તમ શિક્ષાઓ, તેમનું 'મમતાભરી મા' જેવું માતૃહૃદય અને તેવી ભાવનાઓ અમારા જીવનનું ભાથું બની ગઈ છે. ખરેખર, તેઓ વંદનીય અને અભિનંદનીય હતાં."

પૂ. ગુરુદેવ પ્રાણલાલ મહારાજને પણ ઊંડો આઘાત લાગે તેવા સમાચાર હતા. ગુરુદેવ પ્રાણલાલજી સ્વામી જ્યારે બાળમુનિ તરીકે પાટે બિરાજ્યા અને તેમનો પ્રકાશપુંજ ફેલાયો ત્યારે જયચંદજી સ્વામીએ ઉજ્જમબાઈ સ્વામીને પ્રેરણા આપેલી કે "બાળમુનિ પ્રાણલાલ સ્વામીને તમે ભક્તિ અર્પણ કરી, વ્યવહારિક ભાવોથી અવગત કરાવતા રહેશો."

ખરેખર, ઉજ્જમબાઈ સ્વામીએ ગુરુદેવે સોંપેલી સંપત્તિ હોય તે રીતે પ્રાણલાલજી સ્વામીનું જતન કરેલું. પૂજ્ય ગુરુદેવ ગાદીધર હોવા છતાં ઉજ્જમબાઈ સ્વામીને માનતા અને તેનું સન્માન પૂરી રીતે જાળવી રાખતા.

આ હતો ગુરુ-શિષ્યાનો આદર્શ સંબંધ ! તેને યાદ કરતાં આજે પણ મસ્તક ઝૂકી પડે છે. સભા પૂરી થયા પછી ઉજ્જમબાઈ સ્વામીની સ્મૃતિમાં લોકોએ પચ્ચક્ખાણ, દાન, પુણ્ય તથા સત્કર્મથી પુણ્યવૃદ્ધિનું ઉજવણું કર્યું.

કાનપુરને ગુજરાતી સંતોનો આ પહેલો જ લાભ મળ્યો હતો. તેથી ગુજરાતી ભાઈઓ ખૂબ ગૌરવનો અનુભવ કરતા હતા. સૌ તેમને અભિનંદન પણ આપતા હતા. અભેચંદભાઈ મેઘાણીનાં માતુશ્રી ઝવેરમા મેઘાણી પૂ. ગુરુદેવ પ્રાણલાલજી મહારાજનાં ખાસ ભક્ત હતાં. તેઓ પૂ. તપસ્વી મહારાજ તથા જયંતમુનિજીનું ખાસ ધ્યાન રાખતા. અભેચંદભાઈ બગસરાનિવાસી રાષ્ટ્રકવિ ઝવેરચંદ મેઘાણીના ભત્રીજા થતા હતા.

કાનપુરની ભક્તિ, સદ્ભાવ અને ઉચ્ચકોટિની સેવા મુનિઓના હૃદયમાં કોતરાઈ ગઈ હતી. તેઓએ હાર્દિક વિનંતી કરી કે બનારસના અભ્યાસ પછી પુનઃ કાનપુર ચાતુર્માસ માટે અવશ્ય પધારશો. આ ભાઈ-બહેનોએ આગમનની ઉત્કંઠા રાખી ૨૧ વરસીતપ શરૂ કરેલાં. મુનિવરોના સાન્નિધ્યમાં પારણાં કરવાની એમની ધારણા હતી. પરંતુ એ ધારણા અધૂરી રહી ગઈ. મુનિશ્રીને અત્યંત આકર્ષણ હોવા છતાં વિધિનું વિધાન ન હતું, જેથી પુનઃ કાનપુર જવાનો પ્રસંગ ન સાંપડ્યો તે ન જ સાંપડ્યો.

૧૯૪૯ની ૧૪મી ફેબ્રુઆરીએ કાનપુરથી પ્રસ્થાન કર્યું. અલ્હાબાદ થઈને બનારસ પહોંચવાનું હતું. લગભગ દસ દિવસનો વિહાર હતો. રૂમા, બિંદગી રોડ, ફતેહપુર, ઉસરેના, ખાગા, કટોઘન, સૈનિક, મુરગાગંજ, બેગમસરાઈ ઇત્યાદિ ગામોનો સ્પર્શ કરી ગુરુવરો અલ્હાબાદની નજીક પહોંચી ગયા.

શ્રી જયંતમુનિજીને ગંગાજીનું વિશેષ આકર્ષણ હતું. સાક્ષાત્ ગંગાનાં પ્રથમ દર્શન અને અનુભવ હરિદ્વારમાં થયા હતા, જે નહિવત્ હતા. અત્યારે ફરીથી ગંગામૈયાનાં દર્શન ઘણા નજીકથી થતા હતા. અલ્હાબાદનો ત્રિવેણી સંગમ વિશ્વવિખ્યાત છે. ભારતના સનાતન ધર્મનું મહાન તીર્થસ્થાન છે. ત્યાં ગંગા અને યમુનાનો સાક્ષાત્ સંયોગ થાય છે. સરસ્વતી લુપ્તભાવે મળે છે તેવી લોકોની શ્રદ્ધા છે. આમ ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા, મા-બાપના અસ્થિનું વિસર્જન કરવા તેમજ શ્રાદ્ધ કરવા લાખો શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ આવે છે.

**અલ્હાબાદમાં પંજાબી શ્રાવકોની ભક્તિ :**

પંદર માઈલ વિહાર કરીને મુનિઓ સવારના સાત વાગે અલ્હાબાદ આવી પહોંચ્યા. અહીં કોઈ સંઘના ભાઈઓ હાજર ન હતા. ફક્ત કોઈ ગુજરાતી પેઢીનું નામ પૂ. તપસ્વી મહારાજની ડાયરીમાં હતું. અલ્હાબાદ આગ્રાને પણ ટપી જાય તેવું મોટું શહેર હતું. આવડા મોટા શહેરમાં ગુજરાતી પેઢીનો કોઈ પત્તો મળે તેમ હતું નહીં. મુનિશ્રી બજારમાં ચાલતા જ ગયા, પણ કોઈ રીતે બજારનો અંત આવે જ નહિ. બન્ને બાજુ મોટી દુકાનો હતી. માણસોની ભીડ પણ અપાર હતી. ઊતરવા માટે એક પણ યોગ્ય જગા દેખાતી ન હતી. પૂછવું પણ કોને? ભારે મૂંઝવણ સાથે મુનિઓ આગળ વધી રહ્યા હતા. મૂંઝવણમાં ગતિ પણ ખૂબ જ ધીમી થઈ ગઈ હતી.

મુનિશ્રી ચારે તરફ નજર નાખતા ચાલતા હતા. એટલામાં ભગવાને સામે જોયું. સાવરકુંડલાવાળા ભગવાને નહીં, પણ "ઉપરવાળા ભગવાને" સામે જોયું. પાસેની એક શાક માર્કેટમાં ચાર-પાંચ બહેનો શાકભાજી લઈ રહ્યાં હતાં. મુનિઓને જોતાં જ બહેનો એકદમ ઉતાવળથી પાસે આવી ગઈ. તેઓ નમીને વંદના કરવા લાગ્યા. બધી બહેનોએ પંજાબી ડ્રેસ પહેરેલો હતો. સામાન્ય રીતે તે સમયમાં ગુજરાતમાં આ મુસલમાની ડ્રેસ ગણાતો. મુનિજીને આશ્ચર્ય થયું કે જૈન વિધિથી વંદન કરે છે એટલે મુસલમાન તો ના જ હોવા જોઈએ !

શ્રી જયંતમુનિએ પૂછ્યું, "આપ કૌન હૈં? કહાં રહતી હૈં ?"

"ગુરુદેવ, હમ ભાવડે હૈં. (અર્થાત્ પંજાબી સ્થાનકવાસી જૈન) ઇધર આયે હૈં, લૈકિન યહાં કોઈ ગુરુજીકા બિલકુલ દર્શન હોતા નહીં હૈ. આપ પધારિયે, આપકે દર્શન કરકે હમારા મન તૃપ્ત હો ગયા હૈ."

મુનિની મૂંઝવણ ભાંગી ગઈ, કહો કે ભાગી ગઈ. આમ અચાનક પંજાબી બહેનો મળી

જવાથી શ્વાસ નીચે બેઠો. પંજાબી બહેનો ગુરુમુનિજીને જમનાજીના કિનારે એક વિશાળ ધર્મશાળામાં લઈ ગઈ. પંજાબથી ભાગીને, બરબાદ થઈને આપણા આ શ્રાવકોના ૫-૭ પરિવારે આ કાનજી ખેતશી ધર્મશાળામાં આશ્રય લીધો હતો. તેઓ ઘણી મુશ્કેલી સાથે જીવન ચલાવી રહ્યા હતા.

મુનિજીને ધર્મશાળામાં જ ઉતારો આપ્યો. તેઓએ ત્રણ દિવસ રોકાવા માટે હાર્દિક પ્રાર્થના કરી. તપસ્વી મહારાજે તેમની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો. બહેનોએ ભાવપૂર્વક ગોચરી વહોરાવી. પંજાબી રીતનો આહાર-પાણી કરવાનો આ પ્રથમ અવસર હતો. બધા પરિવારને અપાર હર્ષ થયો. તેઓએ પંજાબની આખી આપવીતી સંભળાવી. લગભગ બધા પરિવારો સિયાલકોટના હતા. તેઓની કરુણ કથની સાંભળીને મુનિજીનું હૃદય દ્રવી ઊઠ્યું. એ વાતની ખુશી હતી કે બધા હેમખેમ અને ઇજ્જત સાથે ભારતમાં આવી શક્યા હતા. જે કાંઈ નુકસાન હતું તે ધનસંપત્તિનું હતું.

આ લોકો લાખોની સંપત્તિ મૂકીને અહીં આવી ગયા હતા. તેઓ અનાથ બની ગયા હતા. તેમણે શૂન્યથી શરૂઆત કરી હતી. છતાં પંજાબી ભાઈઓએ પોતાનું સ્વમાન ગુમાવ્યું ન હતું, તેમજ કોઈની સામે હાથ લાંબો કર્યો ન હતો. મહેનત, કાર્યકુશળતા અને બુદ્ધિના પ્રભાવે સૌ કર્મક્ષેત્રમાં જીવનયુદ્ધ કરી રહ્યા હતા.

પંજાબી પરિવારના જૈન શ્રાવકો પોતાના કપરા સંજોગોમાં પણ સંતોની અપાર સેવાભક્તિ કરતા હતા એટલે મુનિશ્રીને તેમના પ્રત્યે ઊંડી મમતા જન્મી. અલ્હાબાદથી પંજાબી ભક્તિનો પાયો રોપાયો અને ગુરુદેવના મનમાં તેઓ પ્રત્યેની ઊંડી ભાવના સ્થાયી બની ગઈ. આજે પણ પંજાબી પરિવારો માટે ગુરુદેવના મનમાં એવી જ પ્રેમલાગણી વિશેષ રૂપે જળવાઈ રહી છે.

**સંગમનો અલૌકિક આનંદ :**

ધર્મશાળામાંથી યમુનાને નિહાળવાનો એક વિશેષ આનંદ ઊપજતો હતો. ત્યાંથી સો ડગલાં જ દૂર ગંગાજીનો ધસમસતો પ્રવાહ આવતો હતો. ભારતની આ બન્ને મહાન નદીઓનો સંગમ એક અનેરો આનંદ પૂરો પાડે છે. ધાર્મિક દૃષ્ટિએ પણ આ સંગમ મહાન તીર્થ બની ગયું છે. સંગમ ઉપર નયનાભિરામ દૃશ્ય સર્જાય છે.

ગંગાજી ગોરા છે જ્યારે કાલિન્દી કાળા છે. બન્ને નદીના કાળા-ગોરા જલપ્રવાહો દૂર સુધી પોતાનો સ્પષ્ટ ભેદ પ્રદર્શિત કરે છે, પછી પરસ્પર મળી જાય છે. અહીં પ્રશ્ન એ થાય છે કે પાણી તો બધું નિર્મળ છે, તો ગંગાજી ગોરા કેમ અને કાલિન્દી કાળા કેમ? વસ્તુતઃ ગંગાજી ગોરા નથી અને કાલિન્દી કાળા નથી. બંનેનું પાણી સ્વચ્છ સ્ફટિક જેવું છે. પરંતુ જે તરફથી ગંગાજી આવે છે ત્યાંની માટી ગૌરવર્ણી છે. જ્યારે જમુનાજીની નીચેની માટી કાળા રંગની છે. એથી ગંગાનું પાણી ગૌરવર્ણનું દેખાય છે અને જમનાજીનું પાણી શ્યામવર્ણ દેખાય છે.

દર્શનશાસ્ત્રમાં (નવ્યન્યાય) રઘુનાથ શિરોમણિએ પરસ્પર દ્રવ્યોના પ્રભાવને વર્ણાભાસ કહ્યો છે અને ત્યાં જમનાજીનું ઉદાહરણ મૂક્યું છે. આ દાર્શનિકે પોતાની વાતના ટેકામાં સંસ્કૃતમાં પદ મૂક્યું છે : **"વિયતિ વિક્ષેપે ધવલીમોપલબ્ધિઃ"** આકાશમાં જમનાજીનું પાણી ઉછાળવાથી તેમાં સ્પષ્ટરૂપે સ્ફટિકતા - સફેદપણું જોઈ શકાય છે. એટલે સાબિત થાય છે કે પાણી કાળું નથી, પણ માટીના પ્રભાવે પાણી શ્યામવર્ણ દેખાય છે, જેને શાસ્ત્રમાં વર્ણાભાસ કહે છે.

ભારતનાં બધાં જ દર્શનોએ દ્રવ્યના પરસ્પરના પ્રભાવનું, ખાસ કરીને શુદ્ધ આત્મા અને કર્મરૂપી દ્રવ્યના પરસ્પરના પ્રભાવનું ઘણા જ ઊંડાણથી અને વિસ્તારથી વિવેચન કર્યું છે. જૈન દર્શન પણ આત્માને શુદ્ધ માને છે. સ્ફટિક જેવું સફેદ પાણી કાળી માટીના પ્રભાવથી જેમ કાળું દેખાય છે, તેમ કર્મરૂપી મલિનતાને કારણે આત્માની શુદ્ધતા જણાતી નથી. પરંતુ આંતરિક રીતે આત્મા હંમેશાં શુદ્ધ છે. વેદાંત પણ આત્માની શાશ્વત શુદ્ધતાને સ્વીકારે છે. સ્થિર પાણીમાં ચંદ્રનું એક જ પ્રતિબિંબ દેખાય છે, પણ પાણીની લહરમાં ચંદ્રનાં હજારો પ્રતિબિંબ દેખાય છે. પાણીની લહરમાં દેખાતા ચંદ્રના હજારો પ્રતિબિંબ જેમ આભાસ છે, તેમ આ આખું જગત એક આભાસ છે. તેને વેદાંતીઓ માયા કહે છે. માયાના પ્રભાવથી જ અનેક સંસારી આત્માઓ દેખાય છે, જ્યારે વાસ્તવમાં એક જ શુદ્ધ બ્રહ્મ છે.

ભારતના દર્શનશાસ્ત્રીઓએ સામાન્ય રોજની ઘટનાઓ અને અનુભવોના ઉદાહરણમાંથી ગહન તત્ત્વજ્ઞાનને રજૂ કર્યું છે. જમુનાની ઊછળતી ધારામાંથી ન્યાયદર્શનના પ્રકાંડ પંડિત રઘુનાથ શિરોમણિએ વિશ્વના સ્વરૂપનાં દર્શન કર્યાં છે.

હાલ તો શ્રી જયંતમુનિજી ગંગા-જમુનાના સંગમનો અલૌકિક આનંદ માણતા માણતા વિહારમાં બનારસ તરફ આગળ વધી રહ્યા હતા. બનારસમાં ન્યાયદર્શનનો જે ઊંડો અને બૃહદ્ અભ્યાસ કરવાનો હતો તેના ચમકારા જમુનાની ધારામાં નિહાળીને મુનિશ્રી કાશી તરફ વધુ તીવ્રતાથી આકર્ષાયા.

ભારતની સામાન્ય પ્રજાને પણ ગંગા-જમુનાનો સંગમ આકર્ષે છે. લાખો માણસો શ્રદ્ધાપૂર્વક સંગમ પર આવે છે અને પવિત્ર ભાવનાઓ સાથે લઈ જાય છે. ભારતમાં કુંભ મેળાના ચાર પવિત્ર સ્થાનમાં પ્રયાગરાજનો સંગમ પણ છે. મુનિરાજને ફરીથી આ સ્થાને આવવાનો અવસર ઉપલબ્ધ થયો નહીં. પરંતુ મન ઉપર પ્રયાગરાજની જે અમિટ છાપ પડી તે અખંડરૂપે જળવાઈ રહી છે.

અલ્હાબાદથી વિહાર કર્યો ત્યારે પંજાબી પરિવારોએ ભાવભરી વિદાય આપી. પંજાબી બહેનોમાં મા જેવી મમતા દૃષ્ટિગોચર થતી હતી. ભગવાને શ્રાવકોને "અમાપિયા" કહ્યા છે તે દૃશ્ય પ્રત્યક્ષ થયું!

બંને સંતો અલ્હાબાદથી વારાણસી તરફ આગળ વધ્યા. અલ્હાબાદથી પુલ પર ગંગા પાર કરી પ્રભુદાસ બ્રહ્મચારીના જુંશી આશ્રમમાં આવવાનું હતું. એ સમયે પ્રભુદાસ બ્રહ્મચારીનો હિંદુ

વિશ્વ પરિષદમાં ઘણો જ દબદબો હતો. પ્રભુદાસજી આદર્શ વિચારવાળા હતા. તેમના દિલમાં હિંદુ ધર્મની દાઝ હતી. એટલે તેઓ સમાજઉત્થાનનું કામ સચોટ રીતે કરી રહ્યા હતા. તેમની દીર્ઘદૃષ્ટિ માટે પ્રભુદાસ બ્રહ્મચારીને રાજકીય ક્ષેત્રે પણ ઊંચું સ્થાન મળ્યું હતું. તેઓએ ગંગાપાર અલ્હાબાદની નજીકમાં જુંશી ગામમાં વિશાળ આશ્રમ બનાવ્યો હતો. ત્યાં અહર્નિશ પૂજાપાઠ થતા અને સંસ્કૃતના અધ્યયન માટે પૂરું ધ્યાન આપવામાં આવતું. આશ્રમની વ્યવસ્થા જોઈ જયંતમુનિને ઘણું શીખવાનું મળ્યું. મુનિશ્રીની સંસ્કૃત ભાષા પ્રત્યેની મમતા વધી.

૨૬-૨-૧૯૪૯ના રોજ શાહીદાબાદ આવ્યા. શાહીદાબાદ મોટું શહેર છે. ત્યાંની પ્રસિદ્ધ મોહન ધર્મશાળામાં રાત્રિવાસો કર્યો. રાત્રિના પ્રવચન થયું. મુનિશ્રી શાહીદાબાદથી બુંજ થઈ ગોપીગંજ પધાર્યા. ગોપીગંજ બનારસથી ઘણું નજીક છે. સંઘના મુખ્ય કાર્યકર્તા શ્રીયુત જગજીવનભાઈ પટેલનો ગોપીગંજમાં પેટ્રોલ પંપ હતો. મુનિઓને ત્યાં ઘણી જ સગવડતા મળી.

હવે વારાણસી હાથવેંતમાં દેખાતું હતું.

**ગોપીગંજમાં જીવલેણ કાવત્રું અને ગુલઝારીની સમયસૂચકતા :**

ગોપીગંજમાં એક બાવાજી દર્શન કરવા આવ્યા. બાવાજીએ ખૂબ લળીલળીને નમન કર્યા. મુનિશ્રીને બપોર પછી વિહાર કરવાનો હતો. આગળ સારું ગામ કયું છે તેની વાત ચાલતી હતી. બાવાજી તુર્ત જ બોલ્યા, "અહીંથી પાંચ માઈલ ઉપર જંગલમાં નદીકિનારે એક સુંદર મંદિર છે. ત્યાં નાનકડી ધર્મશાળા પણ છે. એ સ્થાન ઘણું જ રમણીય છે. તમને ત્યાં બહુ જ મઝા આવશે. હું ત્યાં વહેલો પહોંચીને બધી વ્યવસ્થા કરું છું."

જતા જતા બાવાજીએ બે લાડવા કાઢ્યા અને કહ્યું, "હમારા પ્રસાદ લિજિયે."

બાવાજીએ એ બે લાડવા વહોરાવ્યા. આગળ મંદિરમાં મળવાનું કહીને બાવો ચાલ્યો ગયો.

આપણા મુનિઓને સાધુના આપેલા લાડવા કલ્પે નહિ, એટલે તેમણે ગુલઝારીને કહ્યું, "આ લાડવા તું રાખી લે."

ગુલઝારી ઘણો ચતુર હતો. તેણે કહ્યું, "મુનિજી, આ સાધુ પર મને વિશ્વાસ નથી. અરે! બાવાએ આ લાડવામાં ઝેર ભેળવ્યું હોય તો પણ ના નહિ."

ત્યારબાદ ગુલઝારીએ લાડવાનો ભૂકો કરી પાણીમાં નાખ્યો. એટલે સાંખ્ય તરી આવ્યું. ખરેખર, લાડવામાં ઝેર ભેળવેલું હતું! ગુલઝારીએ જમીનમાં ખાડો કરી બંને લાડવા દાટી દીધા.

મુનિઓએ વિહાર કર્યો. સાધુએ જે સ્થાન બતાવ્યું હતું ત્યાં મંદિર કે ધર્મશાળા કશું જ ન હતું. એ ઘણી ભયાનક જગ્યા હતી. ગુરુકૃપાથી અને ગુલઝારીની હોશિયારીથી બન્ને સંતમુનિઓ ઊગરી ગયા.

**વારાણસીના પ્રાંગણમાં :**

ગોપીગંજના થરથરાવતા અનુભવને વાગોળતા અને ગુરુદેવની અમૃતદૃષ્ટિનો ઉપકાર માની, થાકેલા મુનિઓ પોઢી ગયા. વહેલી સવારે પુન: વિહારયાત્રા શરૂ થઈ. બાબુસરાઈ અને રાજાકાતાલાને સ્પર્શ કરી વારાણસીના ઉપનગર કમચ્છામાં પ્રવેશ કરવાનો હતો.

ગુરુદેવની આજ્ઞા લઈ, સૌરાષ્ટ્રના સાવરકુંડલાથી જે ઉદ્દેશથી પગ ઉપાડ્યો હતો તે કાશીના નિકટવર્તી પ્રદેશમાં પહોંચવાથી પૂ. તપસ્વીજી મહારાજ તથા શ્રી જયંતમુનિજીને અપાર આનંદ થતો હતો. જાણે ગુરુકૃપાથી અમૃતવર્ષા થઈ રહી હતી. આટલો લાંબો વિહાર સમાપ્ત થશે અને ત્યારબાદ અભ્યાસની નવી વ્યવસ્થામાં જોડાઈ જઈશું, એ વિચારથી હૈયામાં આનંદની એક લહર ફરી જતી હતી. લાગતું હતું કે આ વિહારની બધી ઘટનાઓ અને પરિષહો એક સ્વપ્નું બની જશે. ન વર્ણવી શકાય તેવા જોશ અને ઉત્સાહથી મુનિશ્રીનું મન પુલકિત થઈ રહ્યું હતું.

ઉત્તરપ્રદેશના કૃષિપ્રધાન હર્યાભર્યાં ખેતરો, હવામાં ઝૂલતી વાડ અને શાકભાજીની મોટી ક્યારીઓ નિહાળતા નિહાળતા મુનિશ્રી કમચ્છા આવી પહોંચ્યા. આખું ક્ષેત્ર રસાળ છે. ગંગાજીનો કિનારો લગભગ સાથે સાથે ચાલતો હતો. અહીંના માણસોમાં ભક્તિ, વિવેક અને નમ્રતા ભરપૂર માત્રામાં જોવા મળે છે. સાધુને જોઈ કોઈ અનાદર કરે અથવા અહંકારથી વાત કરે એ વસ્તુ જરાપણ નજરે પડતી નથી. મોટા માણસો પણ ઘણી નમ્રતા ધરાવે છે. પરસ્પર હાથ જોડી એકબીજાને બોલાવવા, પરિચય કરાવવો કે કરવો તે કાશી દેશની ખાસ વિશેષતા છે.

એક જમાનામાં આખું કાશીરાજ્ય કાશીનરેશ ભોગવતા હતા. હજુ પણ રાજાના બંગલા અને કાશીનરેશની વૈભવશાળી ઇમારતો નજરે ચઢે છે. કમચ્છામાં સ્થાનકવાસી જૈન સંઘના અધ્યક્ષ શ્રી મોહનભાઈ લલ્લુભાઈનો પોતાનો બંગલો હતો. ત્યાં જ મુનિશ્રીને ઊતરવાનું હતું.

સંઘનાં તમામ ભાઈઓ અને બહેનો સવારથી જ મોહનભાઈના બંગલે પહોંચી ગયાં હતાં. તેમની પોતાની બે ગાડી સંઘની સેવામાં સંલગ્ન હતી. સૌ નિશ્ચિંત ભાવે મુનિઓની અગેવાની કરી શકે એટલે મોહનભાઈએ આજે સૌને જમવાનું આમંત્રણ આપી દીધું હતું. તારીખ ૪-૩-૧૯૪૯ના દિવસે કમચ્છા પહોંચ્યા ત્યારે ભગવાન મહાવીરના જયનાદ સાથે ગગન ગુંજી ઊઠ્યું. ઘણો લાંબો વિહાર છતાં મુનિજીના મુખમંડલ ઉપર પ્રસન્નતા છવાઈ ગઈ હતી. સાવરકુંડલા તાર-ટેલિફોનથી ખબર આપવામાં આવ્યા હતા. જાણે વિજયનો ડંકો વાગ્યો હોય તેમ ખુશી સમાતી ન હતી!

કમચ્છા વારાણસીનું એક સુંદર પરું છે. ત્યાં સાધારણ લોકો ઉપરાંત ગણ્યા-ગાંઠ્યા શ્રીમંતોના બંગલા પણ હતા. તેમાં શ્રી મોહનલાલ લલ્લુભાઈ મુખ્ય વ્યક્તિ હતા. મોહનલાલભાઈની વાત

કરવાની છટા અને રુઆબ નિરાળાં હતાં. ભલભલા સાહેબો, ઑફિસરો કે ઉદ્યોગપતિ સાથે બેધડક વાતચીત કરતા અને પોતાની સારી છાપ મૂકતા. મોહનભાઈ પણ થોડે દૂર સુધી પદયાત્રામાં જોડાયા. તેમની બે પુત્રીઓ, સરલાબહેન અને માલતીબહેન હજુ નાની હતી અને અભ્યાસ કરતી હતી. તે જૈન ધર્મથી અજાણ હતી. પ્રથમ વાર સ્થાનકવાસી જૈન મુનિઓનાં દર્શન કરવાથી બન્ને બહેનોના મનમાં ઘણું કુતૂહલ હતું. મોહનભાઈનાં શ્રીમતીજી શાંતાબહેન ખરેખર શાંત સ્વભાવનાં, ધાર્મિક, સરળ અને રૂડો આત્મા હતાં. જગજીવનભાઈ પટેલ મોહનભાઈના મિત્ર હતા. બંને મિત્રો હોવાથી જગજીવનભાઈ પોતાને ત્યાં જ મુનિઓ પધાર્યા હોય તે રીતે સેવા-શુશ્રૂષામાં જોડાઈ ગયા હતા. સંઘના બીજા ભાઈઓ પણ હાજર હતા.

❑



# ૧૦

## કાશીમાં પદાર્પણ

કમચ્છા આવ્યા એટલે જાણે સમુદ્ર પાર કરીને સામે કિનારે પહોંચી ગયા હોઈએ તેવો આહ્‌લાદ મુનિશ્રી અનુભવી રહ્યા હતા. શ્રીયુત મોહનભાઈએ કમચ્છામાં વિશેષરૂપે પ્રવચનની વ્યવસ્થા કરી હતી. શ્રી જયંતમુનિજીની ઉંમર હજુ નાની હતી અને વિહાર ઉપરાંત વ્યાખ્યાનમાં પણ સજાગ રહી, સચોટ સમજાવટથી તેઓ સમાજ ઉપર ઊંડી છાપ પાડતા હતા. લોકોનું ધર્મ પ્રત્યેનું આકર્ષણ વધતું હતું. પૂ. તપસ્વી મહારાજ પોતાની તળપદી શૈલીમાં, ગુજરાતી ભાષામાં ટુચકા સંભળાવી, સૌના હૃદયમાં વાત આરપાર ઊતરી જાય તે રીતે ઉપદેશ આપતા હતા. કમચ્છામાં એક દિવસ મુકામ થયો. કમચ્છાથી વિહાર કરી, મુખ્ય વારાણસીના મધ્યભાગમાં બી. બી. હટિયા નામના મહોલ્લામાં પદાર્પણ કરવાનું હતું.

૧૯૪૯ની પાંચમી માર્ચના રોજ બી. બી. હટિયાના મકાનમાં પગ મૂકવાની સાથે જ કાશીનગરીમાં મંગલમય પ્રવેશ થઈ ચૂક્યો. હવે મુનિજીઓને "હાશ !" કરીને બેસવાનો વારો આવ્યો!

વારાણસી સમાજમાં આત્મારામભાઈ જૈન ન હોવા છતાં જૈન સાધુની ભક્તિમાં ઊંડો રસ ધરાવતા હતા. તેમને જૈન ભાઈઓ સાથે ખૂબ જ સારો સંબંધ હતો. આત્મારામભાઈ પોતે આનંદી સ્વભાવના, મિલનસાર અને સુખી સંપન્ન વ્યક્તિ હતા. આપણા સમાજના અગ્રસરો તેને ખૂબ જ માન આપતા. મુનિઓના રહેવા માટે બી. બી. હટિયાનું મકાન આત્મારામભાઈએ જ શોધી આપ્યું હતું.

બી. બી. હટિયા એ કાશીની શાકભાજી બજારની સાથે જોડાયેલી એક વિશેષ ગલી છે. ત્યાં મોહનભાઈ ગોટાવાળાનું મકાન છે. શ્રીસંઘે મુનિઓની ત્યાં ઉતારવાની વ્યવસ્થા કરી હતી. મોહનભાઈ ગોટાવાળાને ભગવાન માટેના શણગારનાં સાધનો અને સોના-ચાંદીના અલંકારો બનાવવાનું કામ હતું. તેથી આ પરિવાર ગોટાવાળો કહેવાતો હતો. ગોટાવાળાના જે મકાનમાં મુનિજી ઊતર્યા હતા તે મકાન ઝઘડાનું ઘર હતું. મોહનભાઈ ગોટાવાળાનું શરૂઆતના દિવસોનું વર્તન અપ્રિય હતું. એટલે કાશીમાં આવતાં જ "પ્રથમ ગ્રાસે મક્ષિકા" જેવો અણગમતો અનુભવ થયો.

મોહનભાઈ તથા તેના ભત્રીજાને આ મકાન માટે એકબીજાથી ક્લેશ હતો. ભત્રીજો મુંબઈ રહેતો હતો, જ્યારે મોહનભાઈનો પરિવાર બી. બી. હટિયાના મકાનની એકદમ પાસે રહેતો હતો. આ મકાનના ૩-૪ રૂમ ભત્રીજાના હાથમાં હતા અને એક રૂમ કાકાના તાબામાં હતો. એ રૂમમાં મોહનભાઈનો સુપુત્ર સખીચંદ ચાંદી પર સોનાનો ગિલેટ ચડાવવાનું કામ કરતો હતો. તે માટે રૂમમાં પાણી અને કેમિકલથી ભરેલાં મોટાં ટબ ગોઠવેલાં હતાં. આ બધું કામ ઇલેક્ટ્રિસિટીથી થતું હતું.

આત્મારામભાઈ ભત્રીજાના મિત્ર હતા. તેમણે મિત્રના નાતે મુંબઈ રહેતા ભત્રીજા પાસેથી ચાવીઓ મંગાવી લધી હતી. ભત્રીજાવાળા ૩ રૂમ, આંગણું, ઓસરી, વગેરેમાં મુનિજીના ઊતરવા માટે શ્રીસંઘે વ્યવસ્થા કરી હતી. મુનિજી પધાર્યા તેની સાથે જ, બીજા દિવસના સવારથી મોહનલાલે વિરોધ શરૂ કર્યો. તે મુનિઓને ભાંડવા પણ લાગ્યો. આત્મારામભાઈ કહી ગયા હતા કે આપણે જરા પણ ગભરાવાનું નથી. મોહન બોલ બોલ કરતો રહેશે. પૂ. તપસ્વીજી મહારાજ અને શ્રી જયંતમુનિએ સમતાભાવે શાંતિ જાળવી રાખી. ઝઘડો કરવો એ મોહનલાલનો નિત્યક્રમ થઈ ગયો.

મોહનલાલ દરરોજ સવારના આંગણામાં આવે, અડધો કલાક જેમતેમ બોલી, ત્યાંના બાથરૂમમાં સ્નાન કરી, પોતાનો ટુવાલ તાર પર સૂકવીને ચાલ્યો જાય. આ ક્રમ ચાર-પાંચ દિવસ સુધી ચાલ્યો. ત્યાં ભગવાને એવી લીલા કરી કે 'ઘીના ઠામમાં ઘી પડી ગયું.' ક્યારેક સંઘર્ષ સુપરિણામદાયી અને સુખદાયી પણ હોય છે. આજે સવારના સખીચંદ પોતાનું કામ કરીને ગયો ત્યારે સ્વિચ બંધ કરતા ભૂલી ગયો. તેણે વાયરનું પ્લગ અને સૉકેટથી જોડાણ કર્યું ન હતું, પણ ઉઘાડા ખુલ્લા તારથી સ્વિચ સાથે જોડાણ આપ્યું હતું. ૪૪૦નું વોલ્ટનું કનેક્શન હતું. સ્વિચ ચાલુ હોય ત્યારે તારમાં ઇલેક્ટ્રિસિટીનો પ્રવાહ પૂર જોશમાં હોય.

સવારના પહોરમાં મોહન આવ્યો. તેણે ભાંડવાનું શરૂ કર્યું અને પછી સ્નાન કરવા ગયો. સ્નાન કરીને તે ભીનો ટુવાલ સૂકવવા માટે તાર તરફ આગળ વધ્યો. જેવો ભીનો ટુવાલ તાર પર નાખ્યો કે મોહનલાલ તારમાં ચોંટી ગયો. તેણે જોરથી ચીસ પાડી. મરે એટલી જ વાર હતી. કુદરતને કરવું કે શ્રી જયંતમુનિજી એ સમયે સ્વિચ પાસે ઊભા હતા. મુનિજીએ સમયસૂચકતા

વાપરી એકદમ સ્વિચ બંધ કરી દીધી. મોહનલાલ તારથી છૂટો પડી જમીન પર ઢળી પડ્યો. બધું જ એક ક્ષણમાં બની ગયું. પૂજ્ય મુનિજી દોડીને તેની પાસે ગયા. હજુ એ દહેશતથી ગભરાયેલા હતા.

મુનિશ્રીએ પાસે બેસીને તેના માથા પર હાથ ફેરવ્યો. તેને શાંતિ આપી અને કહ્યું, "મોહનભાઈ, ભય ચાલ્યો ગયો છે. તમે હવે શાંતિપૂર્વક નિર્ભય થઈ જાઓ."

મોહનલાલ બોલ્યો, "બાપજી, આપ યહાં નહીં હોતે ઔર સ્વિચ ઑફ નહીં કરતે તો ક્યા હોતા? મેરે જૈસા નીચ આદમી આપકો રોજ ગાલી દેતા હૈ. મૈં આજ જરૂર મર જાતા. આપ દયાલુ હૈ, મહાત્મા હૈ, માન-અપમાન કો નહિ ગિનતે હૈં. ભગવાનને હી મેરી રક્ષા કે લિયે આપકો ભેજા હૈ. યે મે સમઝ નહીં પાયા ઔર આપકે સાથ બુરા વ્યવહાર કિયા. ફિર ભી આપને મેરી રક્ષા કી હૈ." મોહનલાલજી પૂ. મુનિજીનાં ચરણોમાં નમી પડ્યો.

પ્રભુકૃપાથી એક ખરાબ પ્રકરણનો સહેજે ઉત્તમ અંત આવી ગયો. બસ, પછી તો પૂછવાનું શું હતું! મોહનલાલ પોતાના પૂરા પરિવારને લઈ મુનિજીનાં દર્શન માટે આવ્યો. તેણે વારંવાર માફી માગી અને ભક્ત બની ગયો. ગોચરી-પાણી માટે બહુ જ ભાવપૂર્વક પોતાને ઘેર લઈ ગયો. મોહનલાલનો પરિવાર મોટો હતો. ઉતારાવાળા મકાનના દરવાજાની એકદમ સામે જ તેના ઘરનો દરવાજો હતો. મોહનલાલ સુખી-સંપન્ન હતો. બધું સવળું થઈ ગયું.

હવે શ્રી જયંતમુનિજીને પાણી લાવવાની સુગમતા થઈ ગઈ. વરસાદની મોસમ વખતે કોઈ પણ સમયે મોહનલાલને ત્યાં ગોચરી-પાણી સહેજે મળી જતાં. મોહનલાલનો દીકરો સખીચંદ પ્રથમથી જ સજ્જન હતો. પૂ. તપસ્વી મહારાજ પ્રત્યે સખીચંદને ખૂબ જ અનુરાગ હતો. મોહનલાલ ન જુએ તેમ તે રોજ ચૂપચાપ દર્શન કરી જતો. હવે સખીચંદને પણ ભક્તિ કરવાનો માર્ગ ખૂલી ગયો. મોહનલાલ સીધો થઈ જવાથી સંઘના ભાઈઓમાં પણ હર્ષ ફેલાયો.

**મણિબહેનની માનવતા :**

બી. બી. હટિયામાં ઘણા સજ્જન માણસો રહેતા હતા. તેમાં આપણા ગુજરાતી મનુભાઈ ઝવેરીનું ઘર પણ એકદમ પાસે હતું. એક ગુજરાતી ઘર નજીક હોવાથી ઘણી જ અનુકૂળતા હતી. મનુભાઈ સુરતના પટેલ પરિવારના હતા. ખરેખર, તેઓ ઘણા જ સજ્જન હતા અને માનવતાથી તેમનું હૃદય છલકાતું હતું. મુનિજી પ્રત્યે પણ અપાર ભાવના હતી. સુખીસંપન્ન હોવાથી ઘરમાં બધી વ્યવસ્થા હતી. અહીં મનુભાઈનાં માતુશ્રી મણિબહેન વિષે આપણે પૂરો ઉલ્લેખ કરશું તો જ તેના ઉત્તમ ચરિત્રને ન્યાય મળશે. ખરેખર, સાચું ધર્મમય જીવન કેવું હોય તે પાઠ મણિબહેન પાસેથી શીખવા જેવા છે.

મણિબહેન 'પારકી છઠ્ઠી'ના જાગનારાં હતાં. આ ગુજરાતી કહેવત તેમના જીવનમાં સોળ આના ચરિતાર્થ થઈ છે. તેમના ઘરમાં બે પુત્રવધૂઓ પણ હતી. જયંતમુનિજી જ્યારે પણ ગોચરી-પાણી માટે જતા ત્યારે મણિબહેન પૂરા એક ગાંસડી કપડાં આંગણામાં ધોઈ રહ્યા હોય તે નજરે પડતું. મુનિજીને થતું કે આજકાલની વહુઆરુ આ સાસુ પાસેથી વધારે પડતું કામ લેતી લાગે છે.

સમય મળતાં જયંતમુનિજીએ મણિબહેનને પૂછ્યું, "બહેન, શું આ તમારી વહુ પોતે કામ કરતી નથી? સાસુ પાસે કેટલું કામ કરાવે છે! તમે કહો તો હું તેને સમજાવીશ."

મણિબહેન હસીને બોલ્યાં, "ગુરુદેવ, મારી બંને વહુ તો હીરામાણેક જેવી છે. આ મારા ઘરનાં કપડાં નથી. ઘરનાં કપડાં તો નોકર-ચાકર ધૂએ છે. હું નિયમ પ્રમાણે આસપાસના બીમારની ખબર પૂછવા જઉં છું. આપણા સમાજના ગરીબ ઘરમાં જ્યારે ઘરધણિયાણી માંદી હોય, ધણી નોકરી કરવા ગયો હોય, ચાર-પાંચ બાળકોનાં મેલાં કપડાં ભેગાં થયાં હોય અને ઘરમાં કામ કરનારું કોઈ ન હોય, ત્યારે એ બધાં કપડાં હું ગાંસડી બાંધીને ઘરે લાવું છું. આ કપડાં હું જાતે ધોઉં છું. મારે પુણ્ય કમાવું હોય તો બીજા પાસે કપડાં ધોવરાવાય નહીં. મારા ઘરનો ફક્ત સાબુ વપરાય છે અને થોડીઘણી મારી મહેનત છે. કપડાં ધોઈ, સૂકવી, ગડી વાળીને પાછા ત્યાં આપી આવું છું. એ બહેન ખુશી થાય એ જ આપણી કમાણી છે. મને આ કામમાં ઘણો જ આનંદ આવે છે."

મણિબહેનની વાત સાંભળીને જયંતમુનિજી તો આશ્ચર્યમાં ડૂબી ગયા. ધન્ય છે મણિબહેનને ! અને ધન્ય છે તેની પરમાત્મવૃત્તિને ! ખરેખર મણિબહેન મનુષ્યતાને વરેલાં હતાં.

મુનિશ્રી જેમ જેમ મણિબહેનના પરિચયમાં આવ્યા તેમ તેમ તેમની બીજી ઘણી ખાસિયતો અને સેવાવૃત્તિ જાણવા મળી. મણિબહેન જ્યારે પણ કોઈ માંદી બહેનના ઘેર જતાં ત્યારે જોવા મળતું કે ઘરધણી હાજર ન હોય, બાળકો રોતાં હોય, વલેપાત કરતાં હોય અને ઘરમાં રાંધનાર કોઈ ન હોય. ત્યારે મણિબહેન તે પરિવારમાં ગોઠવાઈ જતાં. આખા ઘરનું કામ કરી આપતાં. મણિબહેન બાળકોને સ્નાન કરાવે, પોતે જ રસોઈ કરી આપે અને માંદી પાડોશણને પણ જમાડે. તેનું ઘર આભલા જેવું ચોખ્ખું ચણાક કરી, પછી જ પોતાને ઘેર પાછાં આવતાં. જમવાની વાત તો ક્યાં રહી, કોઈના ઘરનું પવાલું પાણી પણ ન પીએ.

તેમના મોટાં વહુ કહેતાં, "મહારાજજી, અમારી સાસુ તો દેવતા છે દેવતા. સાતસાત જન્મ સુધી તેનાં ચરણ ધોઈને પીએ તો પણ ઉપકાર વળે તેમ નથી. પારકાનું કામ કરીને ક્યારેક તો ત્રણ-ચાર વાગે ઘરે આવે અને પછી જમે."

સવારમાં સ્નાન કરીને બીજાં ઘરોમાં નીકળી પડવાનું મણિબહેનનું મુખ્ય કામ હતું. બધાંનાં

ખબર-અંતર પૂછે. માંદાં-સાજાં હોય તેને માટે દવાખાને જઈ દવા લાવી આપે. ક્યારેક મુનિશ્રી ગોચરી માટે પધાર્યા હોય ત્યારે મણિબહેન સામે મળે. તેના હાથમાં પાંચ-સાત દવાની બાટલી હોય.

મુનિજી પૂછે, "મણિબહેન, આટલી બધી દવા કોને માટે?"

મણિબહેન હસીને કહે, "ગુરુજી, આમાં મારી કે મારા ઘરના કોઈની દવા નથી." કોની કોની દવા છે તે બધું મણિબહેન ગણાવી દે અને હસતાં હસતાં આગળ ચાલ્યાં જાય.

મણિબહેન આ સેવાકાર્યમાં પોતાના પાંચ-પચીસ રૂપિયા પણ વાપરે. મનુભાઈ પૂરો સહયોગ આપે. ક્યારેય માતુશ્રીને ટોકે નહીં. હસીને કહે, "બા અમારા પૈસાનો સદ્‌ઉપયોગ કરાવે છે." પુત્રો માતાને દેવીતુલ્ય માનતા. બંને વહુઓ એટલી જ ગુણવંતી હતી.

પાસે જ ઘર હોવાથી મણિબહેન મુનિજીની સેવામાં ચારે પહોર તત્પર રહેતાં. મનુભાઈ પણ રોજ દર્શન કરવા આવે. મણીબહેન તો અચૂક આવે. મણીબહેન 'મણિ નહીં પણ પારસમણિ' જેવાં હતાં. કોઈ ઘરમાં કલહ-કંકાસ હોય તો પ્રેમપૂર્વક સૌનું સમાધાન કરાવી આપતા.

નિકટમાં આવ્યા પછી લાગ્યું કે મણિબહેન ધર્મગ્રંથોનું પણ સારું જ્ઞાન ધરાવે છે. સમય મળે ત્યારે તેઓ પુસ્તકોનું વાંચન કરતાં રહેતાં. મણિબહેનને ઉપદેશ આપવો તો દૂર રહ્યો, પરંતુ એના જીવનમાંથી ઘણું શીખવા મળ્યું. આવી પરગજુ બાઈ બહુ ઓછી જોવા મળે છે. વારાણસી અભ્યાસ દરમ્યાન જયંતમુનિ નાના હોવાથી મણિબહેન માવડી સમાન નીવડ્યા.

**વારાણસી સંઘ :**

બનારસનો સંઘ ઘણો જ નાનો સંઘ હતો. તેમાં દેસાઈ પરિવાર મુખ્ય હતો. મોટા ભાગનાં ઘર સામાન્ય સ્થિતિનાં હતાં. સાધારણ સ્થિતિ હોવા છતાં ભાવનામાં સાધારણ ન હતાં. સૌ ભાઈ-બહેનો ભક્તિથી ભરપૂર હતાં.

મોહનલાલ લલ્લુભાઈ સાડીના સૌથી મોટા વેપારી હતા. તેઓ રાજકોટના સુવિખ્યાત જૈન ડૉક્ટર શ્રી લલ્લુભાઈના પુત્ર હતા. અહીં બનારસમાં મોહનભાઈએ ખૂબ જમાવટ કરી હતી. તેઓ વારાણસી સંઘના પ્રેસિડન્ટ હતા. મોહનભાઈ થિયોસૉફિકલ સોસાયટીના માન્યવર મેમ્બર હતા. તે વખતે આપણા ગુજરાતી રોહિતભાઈ સોસાયટીના પ્રેસિડેન્ટ હતા. રોહિતભાઈ સાથે મોહનભાઈને ઘર જેવો સંબંધ હતો.

સરપદડના રહેવાસી જગજીવન માવજી પટેલ વારાણસી આવીને વસી ગયા હતા. તે સુખી-સંપન્ન હતા. તેને મોહનભાઈ સાથે હાર્દિક દોસ્તી હતી. પોતે ઘણા બાહોશ અને બોલવામાં હોશિયાર હતા. તેણે પેટ્રોલ પંપનો ધંધો વિકસાવ્યો હતો. 'બર્મા શેલ'ના મોટા સાહેબો સાથે તેને દોસ્તી

હતી. કડકડાટ અંગ્રેજી બોલે. પછી વ્યાકરણની ઐસીતૈસી. એક વખત બર્મા સેલના મોટા સાહેબોને દર્શન કરાવવા બી. બી. હટિયા લઈ આવ્યા. જગુભાઈએ અંગ્રેજીમાં પરિચય આપ્યો, 'ધિઝ ઇઝ અવર બિગ ગુરુજી. ધિઝ ઇઝ અવર સ્મોલ ગુરુજી.' સાહેબો હસ્યા અને મૂળ વાત સમજી ગયા.

વસનજીભાઈ દોશીનો પરિવાર ખૂબ જ વિશાળ હતો. એ સમયે બનારસમાં ઉદ્યોગ-વ્યાપાર ઘણા જ સારા હતા. પોતે ઘણા સરળ હતા, તેમજ તેમના દીકરાઓ બધા બાહોશ હતા. આ પરિવારે ધંધાની ખૂબ જ જમાવટ કરી હતી. અત્યારે એક પરિવારનાં વીસ-પચ્ચીસ ઘરો અસ્તિત્વ ધરાવે છે. શામજીભાઈ દોશી સોનગઢના રંગે રંગાયેલા હતા, છતાં પણ મુનિજીની ભક્તિ કરવામાં પાછી પાની ન કરતા. મંછાબહેન બાળવિધવા હોવાથી ભાઈ સાથે રહેતાં. ધર્મના જાણકાર હોવાથી બધી બહેનોને ધર્મમાં ઓતપ્રોત કરી, તેમણે ભક્તિરસ વધાર્યો હતો. તે સિવાય લગભગ ૨૫-૩૦ પરિવારો મધ્યમ ભાવે વેપાર ચલાવતા હતા. સૌ સુખી હતા અને ધર્મમાં ખૂબ રસ લેતા હતા.

મનુભાઈ પટેલ ખૂબ ડાહ્યા ગણાતા હતા. તે ધર્મકાર્યોમાં આગળ પડતા હતા. તેમનાં પત્ની ચતુરાબહેન સુશીલ નારી હતાં. આપણા ગુજરાતના સંતો અહીં બનારસ પધારે અને સૌને સેવાનો લાભ મળે તે તેઓની કલ્પનામાં ન હતું. જેથી બધા ભાવવિભોર બની ભક્તિમાં ક્યારે પણ ઊણપ આવવા દેતા નહીં.

ચંદ્રકાંતભાઈ, સાકરચંદભાઈ તથા કાંતિભાઈ ઝાલાવાડ અને અમદાવાદ તરફના ધનાઢ્ય વેપારી હતા. મોહનભાઈને તોલે તેઓનું પણ સાડીનું કામકાજ ખૂબ જ સારું હતું. બંને પરિવારો ચુસ્ત સ્થાનકવાસી પરંપરાના હોવાથી સંઘમાં ઘણું જ વર્ચસ્વ ધરાવતા હતા. અમીચંદ અમુલખની પેઢી પ્રસિદ્ધ હતી. કુલ મળી સંઘનું સુંદર વાતાવરણ બન્યું હતું.

**પર્યુષણની પ્રથમ આરાધના :**

પર્યુષણ પર્વ ક્યારે આવે અને ક્યારે ચાલ્યા જતા તેની તેઓને ખબર પણ ન પડતી. તેઓ કહેતા હતા કે "સાહેબ, પાંચમને દિવસે માંડ બધા ભેગા થઈએ. ચોપડી વાંચીને પ્રતિક્રમણ કરાવીએ. જેવું પ્રતિક્રમણ પૂરું થાય કે તરત જ નાસ્તા-પાણી મંગાવીએ."

આ વરસે મહારાજશ્રી બિરાજમાન હતા તેથી પર્યુષણનો અનેરો રંગ જામ્યો. તેરથી ચૌદ જેટલી અઠ્ઠાઈ થઈ. નાનીમોટી તપસ્યા પણ ઘણી હતી. શ્રી આત્મારામભાઈ મોઢ વાણિયા હોવા છતાં તેમણે ભાવથી અઠ્ઠાઈ કરી. તેમણે પર્યુષણના આઠ દિવસ બી. બી. હટિયા ધર્મસ્થાનમાં વિતાવ્યા. મનોરમાબહેન દેસાઈ સૌથી નાની ઉંમરની દીકરી હતી અને તેમણે પણ અઠ્ઠાઈ કરી હતી. મોહનભાઈના ભત્રીજા શ્રી રમેશભાઈએ પણ અઠ્ઠાઈ કરીને સૌના આનંદમાં વૃદ્ધિ કરી હતી. જગજીવનભાઈના પરિવારમાં અઠ્ઠાઈ હતી. બાકીના શ્રાવકો ત્યાં ધર્મસ્થાનકમાં બપોરનું

ટિફિન મંગાવી લેતા હતા. પૂ. તપસ્વીજી મહારાજે બધાને પ્રતિક્રમણ કરવા ફરજ પાડી હતી. આઠ દિવસ તો ધર્મસ્થાનકમાં મેળો લાગી ગયો. મોહનભાઈ ગોટાવાળા પણ રંગે રંગાયા હતા. આમ બે મોહન મળી જવાથી કામ ભારે સોહન થઈ ગયું હતું. જગજીવનભાઈના પડકારા ચાલતા હતા. પર્યુષણનાં પારણાં ઘણી ધામધૂમ સાથે ઊજવાયાં.

પૂર્વ ભારતના સંઘોમાં જેમ જેમ ખબર પડતી ગઈ તેમ તેમ શ્રાવક-શ્રાવિકાઓ મુનિશ્રીનાં દર્શન કરવા માટે વારાણસી આવતાં હતાં. ઝરિયા સંઘથી બાવીસ બહેનોએ વારાણસી જવાની તૈયારી કરી. આપણી બહેનો ભદ્ર સ્વભાવનાં હતાં. મહારાજશ્રી વારાણસીમાં ક્યાં બિરાજમાન છે તેનું જરા પણ સરનામું કે ઠેકાણું પૂછ્યા વિના આમ જ નીકળી આવ્યા. તેમના પરિવારના પુરુષોએ પણ કેટલા ઠંડા કલેજે બહેનોને રજામંદી આપી હશે? બહેનો ક્યાં જશે અને કેવી રીતે જશે તેની કોઈએ જરા પણ પરવા કરી નહિ. બની શકે છે કે બહેનોએ પુરુષોને પૂછ્યા વિના જ કદાચ યાત્રાનું પ્રયાણ કર્યું હોય. ગમે તે હોય, વારાણસીમાં ક્યાં જવાનું છે તેની કોઈ પણ તપાસ કર્યા વગર જ બાવીશ બહેનો સીધેસીધા ઝરિયાથી નીકળી પડ્યાં. વારાણસી જવું છે એટલો જ ખ્યાલ હતો. બહેનોને કદાચ એવો ખ્યાલ હોય કે વારાણસી પણ ઝરિયા જેવડું જ હશે. બનારસ આટલું મોટું શહેર છે તે તો તેમની કલ્પનામાં જ હતું નહિ. કોઈ બહેનો પહેલાં ક્યારેય પણ બનારસ આવ્યાં ન હતાં.

બહેનો તો ધનબાદથી ગાડી પકડી, મોગલસરાઈ સ્ટેશને ઊતરી, પુન: કાશી સ્ટેશન માટે બીજી ગાડીમાં બેસી ગયા. વારાણસીમાં ત્રણ-ચાર રેલવે સ્ટેશન છે, તેમાં કાશી નામનું જૂનું અને નાનું સ્ટેશન છે. આ બાવીસ બહેનો સવારના ત્રણ વાગે કાશી સ્ટેશન પર ઊતરી ગયાં. અંધારું ભેંકાર હતું. સ્ટેશનની આસપાસનો વિસ્તાર સૂમસામ હતો. ઊતર્યા પછી સૌનાં દિમાગ ખૂલ્યાં. અરે ! આપણે સરનામું લાવ્યાં નથી ! ક્યાં જવું તે ખબર નથી. શું કરવું? હવે બહેનો મૂંઝાઈ ગયાં. તેઓ સ્ટેશનમાં બેસીને નવકાર મંત્રનો જાપ કરવા લાગ્યાં. વિશાળ સાગરમાં તેમનું નાવ એકલું ચાલી રહ્યું હતું.

**સંતોનાં અણધાર્યાં દર્શન :**

જુઓ ! ભોળાના પણ ભગવાન ભેરુ છે. કેવો સુંદર યોગ બન્યો ! સાંભળતાં જ આશ્ચર્ય થાય તેવું છે. તે વખતે સંત લોકો જાજરૂનો ઉપયોગ કરતા નહિ. બી. બી. હટિયાથી પ્રતિદિન ૨-૩ કિલોમીટર દૂર જવાનું હતું. કાશી સ્ટેશનથી થોડો દૂર જૂનો કિલ્લો છે. ત્યાં મોટાં ખંડેરો છે. ચારે તરફ જંગલ જેવું છે. પંચમી જવા માટે ત્યાં ઘણી જ અનુકૂળતા હતી. ત્યાં જવાનો રસ્તો કાશી સ્ટેશનની પાસેથી પસાર થતો હતો. સવારના ૫-૦૦ વાગે પ્રતિદિનના નિયમ પ્રમાણે મુનિશ્રી ત્યાંથી પસાર થયા. અચાનક બહેનોની નજર મુનિશ્રી પર પડી અને જોતાં જ રાજી

રાજી થઈ ગયાં. જેમ કબૂતર ઊડીને દાણા પર આવે તેમ જયજયકાર બોલતા બોલતા, બધી બહેનો દોડીને મહારાજશ્રી પાસે પહોંચી ગયાં.

બધાંની આંખોમાં હર્ષનાં અને આશ્ચર્યનાં આંસુ હતાં અને બોલવા લાગ્યાં, "અરે ગુરુ મહારાજ, બહુ સારું થયું, તમે અહીં પધારી ગયા તે. અમારી પાસે નથી સરનામું કે નથી તમારા ઠેકાણાનો ખ્યાલ. અમે તો બહુ મોટી ભૂલ કરી છે. કાશીનું નામ લઈને કાશી આવી ગયા. અમે ત્રણ વાગ્યાના આવ્યા છીએ. સ્ટેશનમાં આવ્યા પછી અમે મૂંઝાઈ ગયા હતા. ક્યાં જવું? નવકાર મંત્રનો જાપ કરતા હતા. મહાવીર સ્વામીએ આપને અમારી પાસે મોકલી આપ્યા. અમે તો ધન્ય થઈ ગયા. અમારી પહાડ જેવડી ભૂલ થઈ ગઈ અને ગાડુંએક ચિંતા દૂર થઈ ગઈ."

**ઝરિયાનાં આનંદી બહેનો :**

ઝરિયાનાં બહેનો ગાડું ભરીને તો શું, ચપટી પણ ચિંતા કરે તેવાં લાગ્યાં નહીં. ઝરિયાનાં બહેનો બધાં મસ્ત સ્વભાવનાં હતાં. બહેનો હસી-મજાકવાળાં અને આનંદી સ્વભાવવાળાં હતાં. તેઓ જોર જોરથી વાતો કરવાની ટેવવાળાં હતાં.

ગુરુ મહારાજે પૂછ્યું, "ક્યાંથી આવો છો?"

બહેનો બોલી, "ઝરિયાથી."

પૂર્વ ભારતમાં ઝરિયા સૌથી જૂનું ક્ષેત્ર છે. ત્યાં લગભગ સો ઘરનો સમુદાય છે. એ વખતે ધનબાદ સંઘનો હજી જન્મ પણ થયો ન હતો.

પૂ. તપસ્વી મહારાજ બોલ્યા, "ઝરિયામાં શું સૌ ભાઈઓ ગરિયા (ભમરડા) ફેરવે છે? તમને આમ એકલાં મોકલી આપ્યાં ? સાથે કોઈ ભાઈ માણસ નથી?"

ઝરિયાથી આ બધાં બહેનો લાભુબહેનનાં નેતૃત્વમાં આવ્યાં હતાં. લાભુબહેન દુ:ખાયેલા (વિધવા) હતાં અને તેમના ભાઈ મગનભાઈના પરિવાર સાથે જોડાયેલાં હતાં. તેઓ ઘણા જ હોશિયાર હતાં અને બોલવામાં ફરાટ (આખાબોલા) હતાં. પૂ. તપસ્વી મહારાજના સવાલનો જવાબ લાભુબહેને તરત જ આપ્યો, "ગુરુદેવ, અમે એક પણ ઠોઠું હારે (સાથે) લાવ્યા નથી."

પૂ. તપસ્વી મહારાજ ખૂબ હસ્યા. ત્યારબાદ પૂ. તપસ્વી મહારાજ જ્યારે પણ વ્યાખ્યાન વાંચતા ત્યારે આ વાતને યાદ કરી શ્રાવકોને કહેતા કે તમે તો બધા 'ઠોઠું' છો. તમારા ઘરની લગામ અને ધર્મની લગામ બાઈઓના હાથમાં છે. બધાં બહેનો ખુશ ખુશ થઈ જતાં હતાં.

મહારાજશ્રીએ કહ્યું, "તમે હજુ અડધો કલાક સ્ટેશન પર જ બેસો. દાતણ-પાણી કરી લો. અમે પાછા અહીં જ આવીશું. પછી સાથે ચાલીશું."

બહેનો હવે એકદમ નિશ્ચિંત થઈ ગયાં હતાં. તેઓ બોલ્યાં, "ગુરુમહારાજ, અમે તો ઝરિયાથી જ સંકલ્પ કરીને નીકળ્યાં છીએ કે ગુરુમહારાજને વહોરાવ્યા પછી જ મોઢામાં કશું નાખવું. હજુ અમે ડબરાના ઢાકણાં પણ ખોલ્યાં નથી. સ્થાનકે ગયા પછી અને લાભ લીધા પછી અમે દાતણ-પાણી કરશું. આપ પધારો. અમે વાટ જોઈને બેઠાં છીએ."

પૂ. તપસ્વી મહારાજ અને શ્રી જયંતમુનિજી ફરીથી સ્ટેશને આવ્યા પછી બધાં બહેનો તેમની સાથે ચાલી નીકળ્યાં. રસ્તે ચાલતાંચાલતાં બહેનો ગુજરાતીમાં ગીત ગાવા લાગ્યાં. સાથે સાથે મહાવીરસ્વામીનો જયજયકાર કરતાં હતાં. સ્થાનિક જનતાને પણ આ જોઈ ખૂબ આશ્ચર્ય થયું હતું. એ વખતે ઝરિયામાં વિધવા બહેનો માટે કાળા સાડલા પહેરવાનો રિવાજ હતો અને કચ્છી બહેનો મરુન કલરનો સાડલો પહેરતાં. લગભગ બધાં મોટી ઉંમરનાં હતાં અને કાળા-મરુન સાડલાવાળાં સૌથી વધારે હતાં. વારાણસીમાં કાળા સાડલા પહેરવાનો રિવાજ ન હોવાથી જોનારાને ખૂબ આશ્ચર્ય લાગતું હતું. બહેનો ગીતમાં બોલતાં હતાં કે "આજ ગુરુનાં દર્શન થવાથી અમે તો ગુલાબી સાડી પહેરી છે અને મારી ચૂંદડીમાં ચાર ચાર ફૂલ."

ઝરિયાનાં શાણા અને ચતુર બહેનો ધર્મસ્થાનકે પહોંચ્યા પછી ભાવ-વિભોર બની ગયાં. મગનભાઈનાં ભાભી ઝબકબહેન, તેમનાં પત્ની બહેનીબહેન અને તેમનાં બહેન લાભુબહેન, કચ્છનાં ડાહીબહેન, પાથરડીહવાળાં બહેનો, વીરજીભાઈ સંઘવીના ઘેરથી ચંચળબહેન, ચંચળબહેન માટલિયા, ગોદાવરીબહેન માટલિયા, ઝબકબહેન (બીજા) ઇત્યાદિ બહેનો સર્વપ્રથમ શ્રાવિકારૂપે વારાણસી દર્શન કરવાં આવ્યાં હતાં. તેઓ ત્રણ દિવસ રોકાયાં અને પ્રવચન અને સેવાનો લાભ લીધો. ઝરિયા સંઘ સાથેનો ગાઢ ભક્તિસબંધ સ્થાપિત કરીને તેઓ ગયાં. મુનિશ્રી ઝરિયામાં ચાતુર્માસ કરે તેવી વિનંતી અત્યારથી જ કરી ગયાં. ખરેખર, અત્યાર સુધી ભક્તિભાવમાં અને શાસનપ્રભાવમાં ઝરિયા મોખરે રહ્યું છે, જે આગળનાં પ્રકરણોમાં વિશેષરૂપે જાણવા મળશે.

❑



૧૧

# દર્શનશાસ્ત્રનું અધ્યયન

**જ્યા**રે જયંતમુનિજી રાજકોટ ગુરુકુળમાં વિદ્યાર્થીરૂપે ભણતા હતા ત્યારે પંડિતજી પ્રાણશંકરભાઈએ જયંતમુનિજીને સંસ્કૃતમાં રસ લેતા કર્યા હતા. તેમની તીક્ષ્ણ બુદ્ધિ અને જિજ્ઞાસાને કારણે પ્રાણશંકરભાઈ તેમને વધારાના વિષયોનો પણ અભ્યાસ કરાવતા હતા અને પુસ્તકો વાંચવા માટે પ્રોત્સાહન આપતા હતા. જયંતમુનિજી પણ અભ્યાસક્રમની બહારના વિષયોમાં પણ ઉત્સાહથી રસ લઈ અભ્યાસ કરતા હતા. પ્રાણશંકરભાઈ બરાબર માર્ગદર્શન આપતા રહેતા હતા.

એક વખત જયંતમુનિજીએ તેમની સલાહ માંગી "મારે ક્યા વિષયનો વધુ અભ્યાસ કરવો જોઈએ?"

પ્રાણશંકરભાઈએ તેને કાવ્યશાસ્ત્ર અને સાહિત્યનો અભ્યાસ કરવાની સલાહ આપી.

જયંતમુનિજીએ કહ્યું કે મારે એવા વિષયનો અભ્યાસ કરવો છે કે જેમાં સામાન્ય રીતે બધા ઊંડા ઊતરતા ન હોય.

પ્રાણશંકરભાઈએ પૂછ્યું, "તને કયો વિષય વધારે પસંદ છે ?"

"ગુરુજી, આપ જ કહો. કયો વિષય વધુ અઘરો છે?" જયંતમુનિજીએ પ્રતિપ્રશ્ન કર્યો.

"દર્શનશાસ્ત્રનો અભ્યાસ અઘરો ગણાય. તેમાં પણ ન્યાય અને નવ્યન્યાય વધુ અઘરા ગણાય છે." ત્યાર પછી પ્રાણશંકરભાઈએ દર્શનશાસ્ત્રના વિષયોની સમજણ આપી.

મુનિજીએ કહ્યું "મારે ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરવો છે, તેમાં પણ નવ્યન્યાયદર્શનનો વિશેષરૂપે અભ્યાસ કરવો છે."

પંડિતજીએ જણાવ્યું, "નવ્યન્યાયદર્શનનો અભ્યાસ કરવો હોય તો કાશી જવું પડે."

જયંતમુનિજીએ ન્યાય અને નવ્યન્યાયના અભ્યાસ માટે ઉત્સુકતા બતાવી.

પ્રાણશંકરભાઈએ જયંતમુનિજીની આ જિજ્ઞાસાને વધુ પ્રોત્સાહન ન આપ્યું. તેમને કાશી જઈને અભ્યાસ કરવાની વાત વ્યાવહારિક ન લાગી. તેમણે ફરીફરીને કાવ્ય અને સાહિત્યના અભ્યાસ માટે સમજાવ્યા. તેમણે એ પણ કહ્યું કે સાહિત્ય રસિક વિષય છે અને દર્શનશાસ્ત્ર શુષ્ક વિષય છે. ખંડન-મંડન અને તર્કના વિતંડાવાદમાં શક્તિ ન ગુમાવતાં તેમણે ફરીથી કાવ્યશાસ્ત્રના અભ્યાસ ઉપર ભાર મૂક્યો.

રાજકોટ ગુરુકુળના જયંતિભાઈને તો જ્ઞાનની આરાધના કરવી હતી. વિષય અઘરો છે તે માટે પાછળ ખસવાવાળા જયંતીભાઈ ન હતા. જ્યારે પ્રાણશંકરભાઈએ પણ જયંતીભાઈની લગનને પારખી અને તેમને લાગણીથી સંસ્કૃતના ઉચ્ચ અભ્યાસ માટેના વિવિધ વિષયોની જાણકારી આપવા લાગ્યા. એક ગુરુ તરીકે તે જયંતીભાઈ માટે ગૌરવની લાગણી અનુભવતા હતા. પ્રાણશંકરભાઈનાં ચર્મચક્ષુ તો બિડાયેલાં હતાં, પણ તેમનાં પ્રજ્ઞાચક્ષુથી તેમણે જયંતીભાઈની વિદ્યાની ઉપાસનાને જોઈ, જાણી અને તેની માવજત લીધી. તેમણે જયંતીભાઈની પ્રગતિ માટે અંતરના આશીર્વાદ આપ્યા.

આજ બનારસમાં જ્યારે વિદ્યાનાં દ્વાર ખૂલી રહ્યાં હતાં ત્યારે એ રાજકોટ ગુરુકુળના ગુરુના મમતાભર્યા શબ્દો જયંતમુનિજીના અંતરમાં ગુંજી રહ્યા હતા.

ખરેખર, શ્રી જયંતમુનિજીના વિદ્યાગુરુ પ્રાણજીવનભાઈની પ્રેરણા ફળીભૂત થઈ. મુનિશ્રી આટલો લાંબો વિહાર કરી બનારસ પધાર્યા અને આજે 'નવ્ય ન્યાય'ના અભ્યાસનો સુઅવસર આવ્યો. તે વિદ્યાગુરુની અમોઘ વાણી આજ સફળ થઈ અને મુનિજીના જીવનમાં નવો પ્રકાશ ફેલાવી ગઈ.

**પંડિત રામચંદ્રજી ખડગ :**

એ વખતે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જૈન ચેર પર શ્રી દલસુખભાઈ માલવણિયા જૈન દર્શનનો અભ્યાસ કરાવતા હતા. તેઓ જૈન શાસ્ત્રોના ધુરંધર વિદ્વાન હતા. પહેલાં આ ચેર ઉપર પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી નિયુક્ત હતા. દલસુખભાઈ તેમના હાથ નીચે તૈયાર થયેલા. તેઓ શાંત સ્વભાવી અને ગુણી વિદ્વાન હતા. તેમને વાત કરી કે જયંતમુનિજી 'ન્યાયદર્શન'નો અભ્યાસ કરવા માગે છે અને 'નવ્યન્યાય'ના વિદ્વાન પંડિતજીની જરૂરત છે. એ વખતે 'ન્યાયદર્શન'ના અભ્યાસ માટે હિંદુ વિશ્વવિદ્યાલયમાં રામચંદ્રજી ખડગ નિયુક્ત હતા. તેઓ મહારાષ્ટ્રના બ્રાહ્મણ

હતા. મહિનાના ૪૦૦ રૂપિયા લઈ તેમણે ભણાવવાની હા પાડી. ૧૯૪૯ની સાલમાં મહિનાના ૪૦૦ રૂપિયા ઘણી જ મોટી રકમ ગણાતી હતી. તેઓ બી. બી. હાટિયા સ્થાનકમાં આવવા લાગ્યા. રામચંદ્રજી જૈન મુનિઓના ત્યાગ-વૈરાગ્યથી ઘણા જ પ્રભાવિત થયા. મુનિજીની બુદ્ધિ વિચક્ષણ હતી, તેથી તેમને ભણાવવામાં ખૂબ રસ પડ્યો. પંડિતજીએ છેવટ સુધી અભ્યાસ કરાવવાનો ચાલુ રાખ્યો.

હવે વેદાંતના અભ્યાસની વ્યવસ્થા કરવી રહી.

સર્વ પ્રથમ મોહનભાઈએ સામવેદ વિદ્યાલયમાં તપાસ કરાવી. આ ગંગાજીના કિનારે સુશોભિત વિદ્યાલય હતું. ત્યાં હરેરામ શાસ્ત્રીજી વેદાંત, વ્યાકરણ અને ન્યાયદર્શનના પ્રખર પંડિત હતા. પરંતુ તે જૈન સાધુને ભણાવવામાં પાપ માનતા હતા. અર્થાત્ બ્રાહ્મણ સિવાય બીજા કોઈને ન ભણાવાય તેવી માન્યતા ધરાવતા હતા. જયંતમુનિજીએ પોતાની દૃઢતા અને આત્મવિશ્વાસથી આ વિકટ પ્રશ્નનું કેવી રીતે નિરાકરણ કર્યું તે જાણવું રસપ્રદ અને પ્રેરણાદાયી રહેશે.

હરેરામ શાસ્ત્રી વેદાંતના ઊંડા અભ્યાસી હતા એટલે તેમની પાસે ભણવું જરૂરી હતું. તે પોતાના ઘેર પાઠશાળા ચલાવતા હતા. તેમાં ૨૦ થી ૨૫ બ્રાહ્મણ છાત્રો ભણવા આવતા હતા. શાસ્ત્રીજીની જૈન સાધુ પ્રત્યે વિપરીત માન્યતા હોવા છતાં જયંતમુનિજી એક દિવસ તેમની પાઠશાળામાં ચાલ્યા ગયા.

શાસ્ત્રીજીની પત્નીએ આદર કર્યો. પરંતુ શાસ્ત્રીજી એ તરફ ધ્યાન ન આપતાં પોતાના વિદ્યાર્થીઓને ભણાવતા જ રહ્યા. તેઓ માનતા હતા કે જૈન મુનિના "દર્શનેનનરકાપાતો ભવેત, કથમ વિદ્યાભાસો સ્યાત્ ?" જૈન મુનિનાં દર્શન કરવાથી નર્કાપાત થાય. જૈન મુનિનું મુખ જોવાથી જો દુર્ગતિ થાય, તો તેમને ભણાવાય કેવી રીતે ?

જયંતમુનિજી તેમની માન્યતાનો જરાપણ વિચાર કર્યા વગર પાઠશાળામાં સ્વયં બેસી ગયા. તેઓ જે ભણાવે તેની નોંધ કરવા લાગ્યા. બ્રાહ્મણ વિદ્યાર્થીઓ તો ખાલી પેટભરા હતા. તેમને ભણવા સાથે લેવાદેવા ન હતી. પંડિતજી પ્રશ્ન પૂછે તેનો કોઈ સરખી રીતે ઉત્તર ન આપી શકે. બે-ત્રણ દિવસ થયા પછી મુનિજીએ સચોટ ઉત્તર આપવાનું શરૂ કર્યું. પંડિતજી ખુશ થઈ જતા. પરંતુ સામું જોઈ ન શકતા. પંડિતજી માત્ર એટલું જ બોલે, સુષ્ટુક્તમ્ ! સુષ્ટુક્તમ્ !' (બહુ સારો જવાબ આપ્યો.)

એક વખત તેમને બહુ જ અનુકૂળ જવાબ મળતાં ખુશ થઈ હસી પડ્યા અને સામે જોયું.

તરત જ મુનિએ કહ્યું, 'ન પશ્યતામ્, ન પશ્યતામ્, અત્ર ભવતઃ દુર્ગતિસ્યાત્' અર્થાત્ 'ન જુઓ ! ન જુઓ ! તમારી દુર્ગતિ થઈ જશે !'

પંડિતજી આ પ્રતિભાવને જીરવી ન શક્યા. હવે એને જોયા વગર છૂટકો ન હતો. અવસર

મળતાં મુનિજીએ પૂછ્યું, "તમારા કયા શાસ્ત્રમાં લખ્યું છે કે જૈન મુનિનાં દર્શન ન કરવાં. ખરેખર, એવો કશો ઉલ્લેખ શાસ્ત્રમાં છે જ નહિ."

તેઓ ઉત્તર ન આપી શક્યા. એટલું બોલ્યા, "રૂઢિ, પરંપરા."

મુનિજીએ તરત જ જવાબ આપ્યો, "અત્ર ભવત્ સદશ્યભવિહિ મિથ્યારૂઢિ પરિજાયતા" અર્થાત્ તમારા જેવા ઉચ્ચ કોટિના વિદ્વાને શા માટે મિથ્યા રૂઢિનો ત્યાગ ન કરવો?

પંડિતજીએ કબૂલ કર્યું, "અવશ્યમ્. મિથ્યારૂઢિવાદિતો પરિત્યાજયા." મિથ્યા રૂઢિવાદ છોડવો જોઈએ.

મુનિજીએ પોતાની દલીલ ચાલુ રાખતાં કહ્યું, "અત્રભવાન સદશ્યઃ" (હમણાં જ છોડવી જોઈએ.)

પંડિતજીએ પ્રસન્નતાથી કહ્યું, "મિથ્યાભાવમ પરિત્યજતિ." ( હું મિથ્યા ભાવનો ત્યાગ કરું છું.)

ત્યાર પછી તો પંડિતજી પ્રેમ વરસાવવા લાગ્યા. વાર્તાલાપ કરવા લાગ્યા. તેમણે ગંભીર સિદ્ધાંતોનું અધ્યયન કરાવ્યું અને પોતે આટલા દિવસ ઇન્કાર કર્યો તે બદલ ક્ષમા માગી અને ક્ષોભ પ્રગટ કરતાં કહ્યું, "મારી પત્નીએ તો મને પહેલેથી જ કહ્યું હતું કે આવા સંત આંગણે આવે અને તમે આદર ન કરો તો તમારાં દુર્ભાગ્ય છે."

મુનિજીએ તરત જ પંડિતજીને કહ્યું, "ખરેખર તો તમારા કરતાં તમારા પત્ની વધારે વિદ્વાન લાગે છે."

પંડિતજી સમજદાર હતા. તેમણે ધીમેથી કહ્યું, "ભક્તિયોગમાં તે અમારા કરતા આગળ છે."

**ગૌરવભરી વિદ્યોપાસના :**

શાસ્ત્રીજી અત્યંત તીવ્ર સ્મરણશક્તિવાળા અને ધુરંધર વિદ્વાન હતા. તેમની સામે વેદાંત, વ્યાકરણ અને ન્યાયદર્શનના ગ્રંથો, તેની ટીકાઓ, વિવરણો, ભાષ્ય અને કૃતિકાઓ મળી ૨૫ જેટલા ગ્રંથો એકસાથે રાખવામાં આવતા. પરંતુ તેમને એક પણ ગ્રંથ ઉઘાડવાની જરૂર ન પડતી. કયા ગ્રંથના કયા પ્રકરણની કઈ પંક્તિમાં શું લખ્યું છે તે બધું તેમને મુખસ્થ હતું. તેમને બધા જ શ્લોકો કંઠસ્થ હતા.

પંડિતજીને જોયા હોય તો એક મુઠ્ઠી હાડકાં હતાં. એક નાનકડું પોતિયું પહેરે. ગંજીમાં ૧-૨ કાણાં હોય. માથાના વાળ હવામાં ફરફરતા હોય. તે જમીન ઉપર એક સાધારણ આસન પર બેસતા. પછી તો તેમના પરિવાર સાથે મુનિજીનો ઘણો જ સંબંધ બંધાયો.

એક વખત જયંતમુનિજીએ તેમનાં પત્ની પાસે પ્રશંસા કરતાં કહ્યું, "પંડિતજી મોટા વિદ્વાન છે. તમે ભાગ્યશાળી છો."

ત્યારે એની પત્નીએ હસીને કહ્યું, "એ શું વિદ્વાન છે ! એમને તો શાકમારકીટમાં શાક પણ લેતાં નથી આવડતું. ઘરના કોઈ પણ કામની તેમને ખબર નથી. ભલા પોતે અને ભલા એમના ચોપડા. ભણાવવાના કોઈથી પૈસા પણ લેતા નથી. અમે માંડ માંડ ઘર ચલાવીએ છીએ."

ધીમે ધીમે જાણવા મળ્યું કે મહિનામાં એક દિવસ એવો હોય કે વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ ગ્રંથ ઉપર દક્ષિણા મૂકે. સાધારણ છોકરાઓ ૫-૧૦ રૂપિયાથી વધારે દક્ષિણા આપી શકે નહીં. આજ પણ ભારતમાં અનેક મોટા વિદ્વાન પંડિતો છે, જે અકિંચનવ્રતધારી છે અને કપરા સમયમાં પણ ગૌરવથી વિદ્યાની ઉપાસના કરી રહ્યા છે. આ પણ એક મોટું આશ્ચર્ય છે. હરેરામ શાસ્ત્રી તેમાંના એક હતા.

એ દરમિયાન શ્રી માણેકચંદ ઝવેરચંદ દેસાઈ વારાણસી દર્શન કરવા આવેલા. તેમણે પૂ. તપસ્વીજી મહારાજને અને બનારસ સંઘને વિનંતી કરી, "શ્રી જયંતમુનિ જે કંઈ અભ્યાસ કરે અને જેટલાં વરસ અભ્યાસ કરવો પડે એ બધી સેવાનો લાભ મને મળે એવી પ્રાર્થના છે."

જ્યારે હરિરામ શાસ્ત્રીની વાત થઈ ત્યારે પોતે સાથે આવ્યા અને પોથી પર પાંચસો રૂપિયા મૂક્યા. પંડિતજીનાં પત્ની ઘણાં જ ખુશી થયાં. જૈન સમાજ પ્રત્યેનો આખો દૃષ્ટિકોણ બદલાઈ ગયો. જૈન સાધુ પ્રત્યે ભક્તિભાવ પેદા થયો. ત્યાર પછી તો પંડિતજીએ દિલ ખોલીને અભ્યાસ કરાવ્યો.

ત્રીજા પંડિતજી વામાચરણ ભટ્ટાચાર્ય હતા. તેઓ વારાણસીમાં 'ન્યાયદર્શન'ના ગદાધારી અને અન્ય ગ્રંથોના ઉચ્ચ કોટિના વિદ્વાન ગણાતા હતા. ક્વીન્સ કૉલેજમાં પણ તેઓ ભણાવતા હતા. ત્યાં શ્રીયુત દલસુખભાઈ માલવણિયા સાથે તેમને પણ નિયુક્ત કર્યા હતા. પ્રથમ તેઓ બી. બી. હટિયા આવવા તૈયાર ન થયા. બે-ચાર દિવસ મુનિજી એમને ત્યાં ભણવા માટે ગયા. તેમનું ઘર ઘણું જ દૂર હતું. તેમને કલ્પના ન હતી કે મુનિજી પગપાળા આવે છે. જ્યારે તેમણે જાણ્યું કે જૈન મુનિ માટે પગપાળા જ ચાલવાનો નિયમ છે ત્યારે તેમને ઘણું આશ્ચર્ય થયું. પોતે સમજદાર વિદ્વાન હતા. તેમણે સામેથી કહ્યું, 'આપ કષ્ટ ન ઉઠાઇયે. મૈં સ્વયં વહાં આ જાઉંગા.'

મોહનભાઈએ તેમને આવવા-જવાની વ્યવસ્થા કરી આપી.

આમ રામચંદ્રજી ખડગ, હરિરામ શાસ્ત્રી અને વામાચરણ ભટ્ટાચાર્ય, આ ત્રણ પંડિતો પાસે મુનિજીએ વેદાંત, ન્યાયદર્શન, મીમાંસાદર્શનના પ્રમુખ ગ્રંથનો અભ્યાસ કર્યો. તે સિવાય નીતિશાસ્ત્રના કેટલાક ગ્રંથોનું પણ સાથેસાથે પઠન-પાઠન ચાલતું હતું.

## સ્વદર્શન અને પરદર્શન – બંનેનો અભ્યાસ :

શ્રીયુત દલસુખભાઈ માલવણિયા જ્યારે જ્યારે આવતા ત્યારે પ્રમાણ, મીમાંસા ઇત્યાદિ જૈન ગ્રંથોનું અવલોકન થતું હતું. લગાતાર ત્રણ વરસ સુધી કાશી ક્ષેત્રમાં અભ્યાસ ચાલ્યો. પૂ. તપસ્વીજી મહારાજ દરેક રીતે ધ્યાન રાખી અભ્યાસમાં પૂરો સહયોગ આપી રહ્યા હતા. તેમણે પોતાનો અવસર મેળવીને બત્રીસ આગમોમાંથી મોટાભાગના આગમશાસ્ત્રનો અભ્યાસ કર્યો. સમય મળતો ત્યારે શ્રી જયંતમુનિજી પણ જૈન આગમોના સ્વાધ્યાયમાં ભાગ લેતા હતા.

રામચંદ્રજી ખડગ બૌદ્ધદર્શનના ગ્રંથોથી પણ અભિજ્ઞ હતા, જેથી બૌદ્ધદર્શનના અભ્યાસ માટે પણ તક મળી.

અહીં સ્વદર્શન અને પરદર્શનનો અભ્યાસ કરવાનો અપૂર્વ અવસર ઉપલબ્ધ થયો. મુનિશ્રીએ ન્યાયદર્શન, અને તેમાં પણ વિશેષરૂપે નવ્યન્યાયનો સવિસ્તાર અભ્યાસ કર્યો. ગૌતમનું વૈશેષિક દર્શન અને કણાદના ન્યાયદર્શનનો કાશીના વિદ્વાનોએ રસથી અભ્યાસ કરાવ્યો. તેમાં પણ હરિરામ શાસ્ત્રી પાસે ગદાધર અને રઘુનાથ શિરોમણિ જેવા ભારતીય દર્શનશાસ્ત્રના મહાન વિદ્વાનનો અભ્યાસ કરવાની જે તક મળી તે શ્રી જયંતમુનિજીના શબ્દોમાં તેમનો 'સુવર્ણકાળ' છે.

ન્યાયદર્શનમાં પરમાણુની જે સૂક્ષ્મ વિવેચના કરવામાં આવી છે તેની શ્રી જયંતમુનિજી ઉપર અમીટ છાપ પડી છે. તેને કારણે તેમને જૈનદર્શનના પરમાણુવાદ ઉપર સ્વતંત્ર ચિંતન કરવાની પ્રેરણા મળી છે. તેમાં પણ છયે દર્શનોમાં ન્યાયદર્શનમાં જે રીતે યુક્તિપૂર્વક મુક્ત આત્માઓ પુનરાગમન નથી કરતા તે પ્રતિપાદ કર્યું છે તે જૈનદર્શનથી ઘણું નજીકનું મંતવ્ય છે. આમ કાશીના અભ્યાસથી શ્રી જયંતમુનિજીને સ્વદર્શન અને પરદર્શનના તુલનાત્મક અભ્યાસનો સોનેરી અવસર મળ્યો.

ખરું પૂછો તો વારાણસીનો આ સમય સ્મરણીય કાળ હતો અને અભ્યાસ માટે ઉત્તમ તક હતી. ત્રણ વર્ષમાં દર્શનશાસ્ત્રના જ્ઞાનનો ઊંડો પાયો પડ્યો. ત્યાગની સાથે જ્ઞાનનો સંગમ થાય ત્યારે જ ત્યાગ ચમકી ઊઠે છે.

## ભાવદીક્ષિત ભૂપતભાઈ – ભાવિના ગિરીશમુનિનું આગમન :

શ્રી ભૂપતભાઈ મણિલાલ શેઠ વૈરાગી ભાવદીક્ષિત હતા. આ ભૂપતભાઈ એટલે આજના ગુજરાતકેસરી, વાણીભૂષણ, ગોંડલ ગચ્છના સૂત્રધાર સ્વયં ગિરીશમુનિ. સંસારમાં તેમનું નામ ભૂપતલાલ હતું. સૌરાષ્ટ્રમાં પૂજ્ય ગુરુદેવ પ્રાણલાલજી સ્વામી, પૂજ્ય તપસ્વીજી મહારાજ અને નવદીક્ષિત જયંતમુનિજીના પરિચયમાં આવ્યા ત્યારથી જ તેમને વૈરાગ્યના રજકણ વળગી ગયા હતા. થોડા થોડા ધાર્મિક અભ્યાસ માટે તે મુનિશ્રી પાસે આવતા રહેતા. તેમની સામે બહુ જ

મોટો પ્રશ્ન હતો. તેમના પિતાશ્રી મણિભાઈ દીક્ષાની સખત વિરુદ્ધ હતા. કોઈ પણ ભોગે તે દીક્ષાની આજ્ઞા આપવામાં સંમત થાય તેમ ન હતું. દરમિયાન પૂજ્ય તપસ્વી મહારાજ અને શ્રી જયંતમુનિજી વારાણસી આવ્યા. શ્રી મણિભાઈને શ્રી જયંતમુનિ વિશે ઘણી શ્રદ્ધા અને સન્માન હતા, તેથી ભૂપતભાઈને વારાણસી ભણવા માટે આજ્ઞા આપી અને ભૂપતભાઈ મુનિરાજના સાંનિધ્યમાં આવી પહોંચ્યા.

તેમણે પારસનાથ વિદ્યાશ્રમમાં તથા શ્રી જયંતમુનિ પાસે ધાર્મિક અભ્યાસ શરૂ કર્યો. તેઓ વારાણસીમાં બાળકોને એકત્ર કરી જૈન શાળાનો અભ્યાસ પણ કરાવતા. તે નાના-મોટા સંવાદો તૈયાર કરી બાળકોને શીખવતા. તેમની કંઠકળા સારી હતી અને ભજનના રસિક હતા, તેથી ભજનના કાર્યક્રમમાં રસ લેતા. તે વારાણસીથી જ વિહારમાં જોડાઈ ગયા હતા અને મુનિરાજોની ઘણી સારી સેવા બજાવી હતી. ભાવદીક્ષિત તરીકે શ્રાવકો ઉપર તેમની ઊંડી છાપ પડતી હતી. પૂજ્ય જયંતમુનિજીના પ્રયાસથી મણિભાઈ ઘણા અનુકૂળ થઈ ગયા હતા. તેમણે છેવટે દીક્ષાની આજ્ઞા પ્રદાન કરી અને ભૂપતભાઈ પર ભાવદીક્ષિત તરીકે પાકી મહોર લાગી ગઈ.

વારાણસીમાં ઘણાં જોવાલાયક સ્થળ હતાં. મુનિશ્રીએ તેનું અધ્યયન પણ ચાલુ રાખ્યું. સારનાથ વિશ્વપ્રસિદ્ધ, દર્શનીય અને બૌદ્ધોનું મહાન તીર્થસ્થાન છે. તેની સાથે બૌદ્ધ ધર્મનો ઇતિહાસ જોડાયેલો છે. કહેવાય છે કે ભગવાન બુદ્ધે અહીં તપસ્યા કરી હતી અને સુજાતાને હાથે ખીર લઈ પારણું કર્યું હતું. અહીં નજીકમાં પાર્શ્વનાથ ભગવાનની જન્મભૂમિ પણ છે. ત્યાં વિશાળ જૈન મંદિરો બાંધવામાં આવેલાં છે. બન્ને જગ્યાએ પ્રતિદિન હજારો યાત્રાળુઓ આવે છે.

મુનિશ્રી પણ ૨-૪ વખત સારનાથ પધાર્યા. તેમણે સારનાથનું સાંગોપાંગ અધ્યયન કર્યું. બૌદ્ધો માને છે કે ઘણી તપસ્યા પછી ભગવાન બુદ્ધને થયું કે તપસ્યા વ્યર્થ છે. પરંતુ આ લોકો ભૂલી જાય છે કે તપશ્ચર્યા કરવી એ વ્યર્થ નથી. તપશ્ચર્યા કર્યા પછી જ ભગવાન બુદ્ધને જ્ઞાન પ્રાપ્ત થયું છે. તપસ્યાને અંતે જ તેમને ચાર આર્ય મહાસત્ય ઉપલબ્ધ થયા હતા.

**બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય :**

બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટી) વારાણસીની શોભામાં અપૂર્વ વધારો કરે છે. શ્રી મદનમોહન માલવિયા ગાંધીજીના પણ ગુરુ જેવા હતા. તેમણે દીર્ઘ દૃષ્ટિ ચલાવી હિંદુ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી. તેમણે એક મહાન કાર્ય સિદ્ધ કર્યું છે. તેમને જેટલાં માનપત્રક આપવામાં આવે તેટલાં ઓછાં પડે તેમ છે ! આટલું મહાન કાર્ય કરી તેઓ અમર બની ગયા છે. શ્રી જયંતમુનિજી ઘણી વાર હિંદુ યુનિવર્સિટીની મુલાકાતે જતા હતા.

**પાર્શ્વનાથ ઇન્સ્ટિટ્યૂટ :**

પાર્શ્વનાથ ઇન્સ્ટિટ્યૂટ એ બનારસ હિંદુ યુનિવર્સિટી સાથે જોડાયેલ જૈનદર્શનના વિદ્યાભ્યાસની સંસ્થા છે. તે સ્થાનકવાસી સમાજ દ્વારા સ્થપાયેલી પ્રખ્યાત સંસ્થા છે. ત્યાં પીએચ.ડી.ના વિદ્વાનો તૈયાર કરવામાં આવે છે. આવી જાતની સંસ્થા ભારતમાં ખૂબ ઓછી છે.

પંજાબના ભાઈઓએ ઘણું આદર્શ કામ કરી આ સંસ્થાને જન્મ આપ્યો છે. મુનિજી જ્યારે જ્યારે યુનિવર્સિટી પધારતા ત્યારે ત્યારે પાર્શ્વનાથ ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાશ્રમમાં નિવાસ કરતા. શ્રી કૃષ્ણચંદ્ર આચાર્ય આશ્રમના સંચાલક હતા. ઇન્સ્ટિટ્યૂટની બધી વ્યવસ્થા તેઓ સંભાળતા હતા. કૃષ્ણચંદ્ર આચાર્ય સ્થાનકવાસી જૈન મુનિ હતા. તેમણે મુનિપદનો ત્યાગ કરી, મુહપત્તી છોડી દીધી હતી. બાકીનો સાધુવેશ બરાબર રાખ્યો હતો. તેઓ શિક્ષણસંસ્થાની સેવામાં જોડાઈ ગયા. તેમણે હરિયાણામાં ચંડીગઢ પાસે પંચકુલ્લ ગુરુકુળની સ્થાપના કરી હતી. ત્યારબાદ તેઓ પાર્શ્વનાથ વિદ્યાલયમાં જોડાયા. તેઓ મુનિશ્રી પ્રત્યે અપાર સ્નેહ ધરાવતા હતા.

આ સિવાય બનારસમાં બીજી નાનીમોટી શિક્ષણસંસ્થાઓ છે. તેમાં જૈન સમાજની ખૂબ જ વિશાળ અને જૂની સંસ્થા 'સ્યાદ્‌વાદ મહાવિદ્યાલય' ગંગાજીના કિનારે આવેલ છે અને અપૂર્વ જ્ઞાનસાધનામાં જોડાયેલી છે. શ્રી કેસરીચંદ ત્યાંના અધિષ્ઠાતા હતા.

**પારસનાથ ભગવાનનું મંદિર :**

આ બધી શિક્ષણસંસ્થાનો અનુભવ લીધા પછી મુનિશ્રીએ બનારસનાં જૂનાં તેમજ નવાં મંદિરોનું નિરીક્ષણ કર્યું. તેમાં કાશી વિશ્વનાથનું મંદિર મુખ્ય છે. રામઘાટ ઉપર આવેલું પારસનાથ ભગવાનનું મંદિર આખા શહેરમાં સૌથી ઊંચું મંદિર છે. રામઘાટ ઉપર પારસનાથ ભગવાનનું વિશાળ જૈન મંદિર તે વખતના શ્રી જયચંદસૂરિજી આદિ મહાન આચાર્યોની સૂઝ-બૂઝની ઝલક આપે છે. બંગાળના આઝીમગંજ અને ઝિયાગંજના રાજશાહી ઓશવાળ જૈનો આ મંદિરના સંચાલનમાં મદદ કરે છે. શ્રી હીરાચંદજી જતિ આ મંદિરની વ્યવસ્થા સંભાળતા હતા.

**જતિ હીરાચંદજી :**

હીરાચંદજી જતિને પૂ. તપસ્વી મહારાજ તથા જયંતમુનિજી માટે અપાર સ્નેહ હતો. તેઓ મુનિઓને અવાર-નવાર પોતાને ત્યાં આમંત્રણ આપી, એક-બે દિવસ રોકતા અને ઘણો વાર્તાલાપ પણ કરતા. બહુ દુ:ખની વાત છે કે આ મંદિરના એક પૂજારીએ ધનસંપત્તિના લોભે હીરાચંદ સૂરિની હત્યા કરી દીધી હતી.

શ્રી હીરાચંદજી સૂરિએ ઘણાં વરસો સુધી મંદિરનું સંચાલન કર્યું અને શાસ્ત્રભંડાર સુરક્ષિત રાખ્યો હતો.

આપણે ત્યાં સાધુ અને ગૃહસ્થની વચ્ચેનો એક વર્ગ છે, જે જતિ કહેવાય છે. જતિઓને સહયોગ આપવો જરૂરી છે. સાધુ-સંતોને જે કામ કલ્પતું નથી તે જતિ પરિપૂર્ણ કરી શકે છે. જતિ ધર્મધ્યાન, શાસ્ત્રનો અભ્યાસ, ઉપદેશ-પ્રવચન આપવા ઉપરાંત (૧) ઔષધીય માર્ગદર્શન આપવું, દવા આપવી વગેરે, (૨) તંત્ર-મંત્ર દ્વારા ભૂત-પ્રેત ઇત્યાદિના નિવારણ કરી, અન્ય ફકીરો પાસે ચાલ્યા જતા જૈનોને જાળવી રાખવા, (૩) મંદિરોની સંપત્તિની સુરક્ષા કરવી અને (૪) સાધુ-સંતોનું સન્માન જાળવવું, ઇત્યાદિ પ્રવૃત્તિઓ કરતા હોય છે.

જતિ લોકો ગાદીપતિ હોય છે. તેઓ એક પ્રકારના મહંત છે. આપણે ત્યાં સંત અને મહંત, એમ બે શબ્દો વપરાય છે. સંત એટલે નિર્ગ્રંથ મુનિ અને મહંત એટલે જતિ. સમાજમાં બંનેની આવશ્યકતા છે. શ્રી હીરાચંદ સૂરિએ જયંતમુનિને આ મંદિરના ગાદીપતિ બનવા માટે હાર્દિક પ્રેમ બતાવ્યો અને સંચાલન કરવા માટે ત્યાં રહી જવાની પ્રેરણા આપી.

જયંતમુનિજીએ નમ્રતાથી કહ્યું, "હું એક સ્થાનકવાસી સાધુ છું. સૌરાષ્ટ્રકેસરી, મહાપ્રભાવી, પૂજ્ય ગુરુદેવ પ્રાણલાલજી સ્વામી અમારા ગુરુ છે. તેમનું અમારા માથે ઋણ છે. તેમણે અમને અહીં જ્ઞાનધ્યાન માટે મોકલ્યા છે, સંપ્રદાય પરિવર્તન કરી, ગાદીપતિ બની જવા માટે અહીં નથી મોકલ્યા. તેમજ તે ગુરુને દુ:ખ થાય તેવાં કોઈ પગલાં ભરવા માટે અમે અહીં આવ્યા નથી. તે ઉપરાંત ગોંડલ સંપ્રદાયની મારા ઉપર જવાબદારી છે. ગોંડલ ગચ્છના સાધુઓ સંપ્રદાય પ્રત્યે પોતાનું કર્તવ્ય સમજે છે. જતિજી, આપનો પ્રેમ અપાર છે, તે બદલ હું આપનો આભારી છું. પરંતુ તે પ્રેમને વશીભૂત થઈ સંપ્રદાય પરિવર્તન કરવું, કે નિયમાવલીને કોરે મૂકવી, તે ઘૃણિત કાર્ય છે. આપની ગાદી ફૂલેફાલે તેવી અમારી અંતરની ભાવનાનો સ્વીકાર કરી, આપ અમને બંધનમાં રહેવાની આશાથી મુક્ત કરશો તેવી હાર્દિક પ્રાર્થના છે."

ત્યારબાદ ૩ વરસ સુધી હીરાચંદસૂરિજીએ બધી રીતે સહયોગ આપ્યો. તેઓ અવારનવાર બી. બી. હટિયા પધારતા. તે જ રીતે પૂ. તપસ્વી મહારાજ તથા જયંતમુનિજી રામઘાટ જૈન મંદિરમાં પગલાં કરી હીરાચંદસૂરિજી સાથે ઘણો ધાર્મિક વાર્તાલાપ કરતા અને નિર્દોષ આનંદ મેળવતા.

**ગજબની ધૂન :**

કાશીનિવાસ દરમિયાન કનકવિજયજી નામના એક સંત ત્યાં પધાર્યા. તેમના પિતાજી પણ સાધુ હતા. બન્નેએ સાથે દીક્ષા લીધેલી. પિતાજી ક્રિયાપાત્ર હતા. કનકવિજયજીને તેની સાથે મતભેદ થતાં એકલા પડી બનારસ રહેવા લાગ્યા. તેઓ જૈન નિયમોમાં વધારે પડતી બાંધછોડ કરી, ગમે તે રીતે વિચરણ કરતા કે પગલું ભરતા. જોકે તેમનો કોઈ ખરાબ ઇરાદો ન હતો, પરંતુ સમાજમાં તેઓ અશ્રદ્ધાને પાત્ર બની ગયા હતા.

કનકવિજયજીને એક શોખ હતો. એક ધૂન તેમના મન પર સવાર થઈ ગઈ હતી. સામાન્ય કર્મચારીઓથી લઈને મોટા ઑફિસરો, રાજનેતાઓ, મોટા વેપારી, ઉદ્યોગપતિ, અન્ય ધર્મના ગુરુઓ, આચાર્યો, સંચાલકો, ઉપરાંત તંત્ર-મંત્રના જાણકારો, આ બધાની પાસે જવું અને તેની પાસે પોતાને માટે બે શબ્દો લખાવવા. તે માટે એક એક વ્યક્તિ પાસે દસ દસ વખત પણ જતા અને તેમની પાસે બે દિવસ સુધી રોકાઈને, અનુનય-વિનય કરીને, ગમે તે રીતે પણ પોતાના માટે સારા શબ્દો લખાવતા અને તેમની સાથે ફોટા પડાવતા.

આ પ્રવૃત્તિના કારણે તેઓ ઘણા જ પરેશાન રહેતા. જયંતમુનિજી પાસે આવ્યા ત્યારે તેમની પાસે લગભગ સાતસો પાનાં જેટલો મસાલો એકત્ર થઈ ગયો હતો. તેમની ઇચ્છા હતી કે બે હજાર પાનાંનો મસાલો એકત્ર થયા પછી એક મોટો ગ્રંથ છપાવવો. આ ગ્રંથ કેવળ ભારતમાં જ નહિ પરંતુ સમગ્ર વિશ્વમાં અને બધી લાયબ્રેરીઓમાં મોકલવો.

શ્રી જયંત મુનિજીએ પૂછ્યું, “નામનો આટલો બધો મોહ કેમ છે?”

તેમણે મગરૂરીથી જવાબ આપ્યો, “હું મારા દેશવાસી સમાજને બતાવી આપવા માગું છું કે ‘કનકવિજય’ ખોટો ન હતો. ઉપરાંત, સમગ્ર વિશ્વમાં મહાવીરના સાધુ કેવા હોય તેની જાણ થાય. એ લોકો મારો ‘કનકવિજય’ તરીકે નહીં, પરંતુ જૈન સંત તરીકે સ્વીકાર કરી, મારા નિમિત્તથી સમગ્ર સાધુઓને ઓળખતા થઈ જશે.”

કનકવિજયજી આવા વ્યાપક દિવાસ્વપ્નમાં રમતા હતા. જ્યારે વાત કરે ત્યારે પોતે બહુ ગંભીર કાર્ય ઉપાડ્યું છે અને તેમાં સફળતા મળશે તેવી રીતથી વાત કરતા. હસી હસીને પોતા વિશે સારા ખ્યાલ બંધાય તેવો પ્રસ્તાવ મૂકતા. તે વારંવાર પૂછતા, “મહારાજજી, મૈં આપકો કૈસા લગતા હૂં ?”

જયંતમુનિ હસીને કહેતા, “આપકા નામ હી કનકવિજયજી હૈ. કનક કા અર્થ સોના હોતા હૈ. તો આપ ભી સોના હૈ. કિંતુ બૂરા ન માને તો એક બાત કહૂં. સોના અપની પરીક્ષા કે લિયે કિસીકો નહીં કહતા હૈ. દુનિયા સ્વયં સોને કો પહચાનતી હૈ. અત: આપ કો દૂસરોં સે અભિપ્રાય લેને કી ક્યા દરકાર હૈ?”

તેમને જયંતમુનિજીની આ વાત રુચતી નહિ. તેમણે પોતાના કાર્યમાં પૂરા ઉત્સાહ સાથે ઝંપલાવ્યું હતું. તે સમયે રૂપિયા બે કરોડની યોજના લઈ તેઓ આકાશમાં વિચરણ કરતા હતા. ધરાતલ પર ક્યારે ઊતરશે તે કહેવું મુશ્કેલ હતું.

**બૌદ્ધ સાધુઓનો પરિચય અને આશ્ચર્ય :**

જયંતમુનિજીને સારનાથમાં બૌદ્ધ સાધુઓ સાથે પણ મિલન થયું. તેમને પહેલી વખત જાણવા

મળ્યું કે બૌદ્ધ સાધુઓ લગભગ માંસાહારી બની ચૂક્યા છે. ભગવાન બુદ્ધની કરુણા અને જીવદયાના સિદ્ધાંતોને પગતળે કચરી નાખવાનું આ સંતો માટે કેમ શક્ય બન્યું તે આશ્ચર્ય ઉપજાવે છે. જોકે તેમાં વર્તમાન સાધુઓનો દોષ નથી. વિદેશમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર થયા પછી ત્યાંની લોકસંસ્કૃતિથી પ્રભાવિત થઈ બૌદ્ધ ધર્મ તથા તેમના સાધુઓ ધીરે ધીરે માંસાહારના દૂષિત માર્ગમાં તણાઈ ગયા હશે.

જીવદયાનો અને અહિંસાનો સંદેશ લઈ બૌદ્ધ ધર્મ વિશ્વમાં ફેલાયો. પરંતુ ત્યાંની પ્રજાને નિરામિષ કરવાની ઝુંબેશ ઠંડી પડી ગઈ અને જે મિશન લઈને સંતો ત્યાં ગયા હતા તેઓ સ્વયં માંસાહારના કુંડમાં સ્નાન કરવા લાગ્યા. ઐતિહાસિક ક્રમમાં આવું બનતું આવ્યું છે અને તે જ ક્રમ બૌદ્ધ ધર્મમાં પણ ઘટિત થયો છે. આમાં કોને દોષ દેવો ? વસ્તુત: ભગવાન બુદ્ધે નિરામિષના ભાવ પર પૂરું વજન આપ્યું ન હતું અને 'મોટી અહિંસા માટે નાની હિંસા કરી શકાય' તેવો ઉપદેશ સ્થાપી, બચવા માટે જે પ્રયાસ કરેલો તે તર્કનું તીર વિપરીત દશામાં લાગવાથી વિપરીત પરિણામ આવ્યું અને આખો સંપ્રદાય નાની હિંસાનો સહારો લઈ માંસાહાર તરફ આગળ વધી ગયો.

કરુણાના સાગર ભગવાન બુદ્ધની કરુણા માનવજાતિ પૂરતી જ સીમિત રહી ગઈ. પશુપક્ષી અને પ્રકૃતિના ખોળે ખેલનારા, મનુષ્યજાતિના મહાન ઉપકારી એવા પશુજગતનાં પ્રાણીઓનો સંહાર રોકવા માટે ભગવાન મહાવીરની અહિંસાની જેમ કરુણાસાગરની અહિંસા વ્યાપક ન બનતાં માનવીય સીમા સુધી સીમિત રહી ગઈ. આ ચર્ચામાં વધારે ન જતાં અહીં માત્ર મુનિજીનો અનુભવ ટાંક્યો છે.

મુનિજી જ્યારે સારનાથમાં હતા ત્યારે ત્યાં બૌદ્ધ ધર્મનો મોટો ઉત્સવ-તહેવાર આવેલ. ઉત્સવ મોટો હોવાથી દેશ-વિદેશથી ઘણા બૌદ્ધ સાધુઓ આવ્યા હતા. નેપાળનરેશ વીરવિક્રમસિંહજી ઉદ્ઘાટન માટે પધારવાના હતા. નેપાળનરેશ અને રાણી એક હાથીની અંબાડી ઉપર આવી રહ્યાં હતાં. જેવા આ સમાચાર મળ્યા કે બધા બૌદ્ધ સાધુઓ તેમના સામૈયામાં દોડી ગયા. તેમણે જમીન ઉપરથી જ રાજાને નમસ્કાર કર્યા અને ત્યારબાદ શોભાયાત્રામાં આગળ આગળ ચાલ્યા. આ જોઈને ઘણી જ નવાઈ લાગી. જૈન સાધુઓ કોઈ પણ સંસારી જીવો સામે મસ્તક ઝુકાવતા નથી. રાજા-મહારાજાઓ જૈન સાધુઓને વંદન કરે છે. જ્યારે જૈન સાધુની સરખામણીમાં બૌદ્ધ સાધુએ પોતાનું સ્વમાન ગુમાવી દીધું છે. રાજાઓની સેવામાં તત્પર રહેવાના ભાવથી તેમણે પોતાની પરંપરા પૂરેપૂરી બદલી નાખી છે.

બૌદ્ધ સાધુઓ મોટા ઢમઢોલ વગાડતા વગાડતા કોઈના સ્વાગતમાં જોડાય છે એ પણ ઘણું આશ્ચર્યજનક લાગ્યું. સનાતન ધર્મ તો આ બાબતમાં ઘણો જ જાણીતો હતો અને હજારો સાધુનો અનુભવ વિશ્વપ્રસિદ્ધ થઈ ગયો છે. સાધુઓમાં ગાંજા, ચલમ, બીડી, શરાબ, ઇત્યાદિ ભયંકર વ્યસનો પણ જોવા મળે છે. વારાણસીમાં આ અનુભવ વધારે થઈ શકે છે. સનાતન ધર્મનું મહાન

કેન્દ્ર હોવાથી કાશી પ્રત્યે સાચા અને સારા બ્રાહ્મણો, વિદ્વાનો તથા સંતોને જેમ આકર્ષણ છે તેમ આ દૂષિત પ્રવૃત્તિવાળા સાધુવેશધારીઓનું પણ વારાણસી એક મોટું કેન્દ્ર છે.

**ગૌરવશાળી પરંપરા :**

જૈનોએ અને જૈન સંતોએ પોતાની પરંપરા જાળવી રાખી છે. સેવા કરવા છતાં અને બધા પ્રત્યે કરુણાના ભાવ હોવા છતાં, તેમણે સાધુઓની સર્વોપરિતા ટકાવી રાખી છે. તેના કારણે જૈન સમાજ ઉન્નતમસ્તક છે. સંત વિનોબાજી લખે છે કે જૈન સમાજ પ્રચારપ્રધાન નથી, પણ આચારપ્રધાન છે. આચાર ખોઈને પ્રચાર કરવો તે ખોટનું કામ છે. પ્રચાર ખોઈને પણ આચાર જાળવી રાખવો તે સ્થિતિસ્થાપકતાનો ગુણ હોવાથી તેઓ લાંબા કાળ સુધી જનસમૂહની સેવા કરી શકે છે.

મુનિઓને સમાજની બદીઓનો અધ્યયન કરવાનો અવસર મળતો ગયો. કાશીના નિવાસ દરમ્યાન એક એવી ઘટના બની જેનો સંક્ષેપમાં આપણે ઉલ્લેખ કરીશું. આ ઘટના તે સમયના હિન્દુસ્તાનનાં બધાં પેપરોમાં આવી ચૂકી છે. ધર્મના નામે તીર્થોમાં મૂળ જમાવીને બેઠેલા પંડાઓ કેટલી હદે નીચે સુધી જઈ, કુકર્મ કરી શકે છે તેનો આ ઉઘાડો દાખલો છે.

સમગ્ર ભારતમાંથી લાખો યાત્રીઓ સેંકડો વરસથી બનારસ આવ-જા કરે છે. પંડાઓ આ યાત્રી પરિવારોનાં નામઠામ લખી રાખે છે. પેઢી-દર-પેઢી પોતાના પરિવારને તે યાત્રી પરિવારના જજમાન તરીકે સ્થાપી દે છે. તેઓ દક્ષિણા લેવાનો હક આ લહિયા-ચોપડાના આધારે વસૂલ કરે છે. સુદૂર, દક્ષિણના કેરળ પ્રાંતથી એક ભક્ત પરિવાર નાના-મોટા સાત સભ્યો સાથે વારાણસી યાત્રામાં આવેલ.

**કેરળવાસી પરિવારની શ્રદ્ધા :**

આ દક્ષિણી બંધુની એવી ઇચ્છા હતી કે વારાણસીમાં એક સારું મંદિર બંધાવવું. તે માટે તેઓ પાંચ-સાત લાખ રૂપિયા રોકડા તથા ભગવાનને ચડાવવા માટે સોના-ચાંદીના અલંકારો લઈને વારાણસી આવ્યા હતા. તેઓ શ્રદ્ધાળુ હોવાથી એમ માનતા હશે કે વારાણસીમાં બધા દેવપુરુષો જ વિચરણ કરે છે અને આખી નગરી પવિત્ર પુરુષોથી ભરેલી છે. આવી પવિત્ર શ્રદ્ધાથી તેઓ પોતાના જાણીતા પંડાને ઘેર અતિથિ તરીકે ઊતર્યા.

ઊતરતાંની સાથે જ એ કેરળવાસીએ પંડા પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરતાં કહ્યું, "મારે એક સારું મંદિર બનાવવું છે. તે માટે રોકડા રૂપિયા તથા અલંકારો લઈને આવ્યો છું. અહીં રહીશ એટલો સમય તમારા ઘરનો બધો ખર્ચો પણ હું આપીશ."

આ બધું સાંભળીને પંડાની આંખ ચાર થઈ ગઈ !

ધનસંપત્તિ જોઈને પંડાના પેટમાં બેઠેલો લોભરૂપી કાળો નાગ સળવળી ઊઠ્યો. આ સાતે નિર્દોષ પ્રાણીને કોઈ કાવતરું કરી રહેંસી નાખવામાં આવે તો આ બધી સંપત્તિનો માલિક પોતે બની જાય ! પછી તો પૂછવું જ શું? બિચારાં નિર્દોષ પંખીઓ પંડાના લોભરૂપી પિંજરામાં પુરાઈ ગયા.

સાંજના આ પરિવાર જ્યારે પંડા સાથે ફરવા નીકળ્યા ત્યારે મોહનભાઈ લલ્લુભાઈની દુકાને સાડી ખરીદવા માટે ગયા હતા. તેમણે પોતાની પત્ની તથા દીકરીઓ માટે કીંમતી સાડીઓ ખરીદી. તેણે આખા પરિવારને સમજાવ્યું કે નવાં કપડાં પહેરી ગંગા નદીની પરિક્રમા કર્યા પછી જ મંદિર બંધાવી શકાય. ત્યાર પછી પંડાએ એક મોટી નાવ ભાડે કરી.

ચાર-પાંચ પંડાઓ મળી ગયા હતા. તેમણે પૂરા પરિવારને નાવમાં બેસાડી, કાશીથી દૂર, ગંગાના ઉપરવાસ તરફના એક મેદાનમાં સૌને ઉતાર્યાં. રાતનો સમય હતો. ત્યાં એકાંત હતું. રેતી ઉપર કોઈની હાજરી ન હતી. એ વખતે આ પંડાઓએ ભયંકર કૃત્ય કર્યું. આખા પરિવાર પર પંડાઓ તૂટી પડ્યા અને જોતજોતામાં સાતે માણસોની હત્યા કરી, નિર્જીવ કરી મૂક્યા. એ વખતે તેમની ભયંકર ચીસો અને બચવા માટે કરેલા આક્રંદને સાંભળનાર ત્યાં કોઈ ન હતું.

પછીથી મળેલા બ્યાન પ્રમાણે ગંગાના કિનારાના ગામડામાં રહેતા સાધારણ જાતિના માણસોને એમ લાગતું હતું કે આ ભયંકર અંધારામાં રેતીના પટ ઉપર ભૂત-પ્રેત આવીને આવી ડરામણી ચીસો પાડે છે. જેથી અંધશ્રદ્ધાના બળે ત્યાં મદદ કરવા પણ કોઈ ગયું ન હતું.

પંડાઓએ જુલ્મ કર્યા પછી સાતે મડદાંને એક જાડી રસ્સીથી એકસાથે બાંધ્યાં. કોણ જાણે પ્રકૃતિ તેનું પાપ પ્રગટ કરવા માગતી હોય તેમ પંડાઓને કુમતિ આપી રહી હતી. સાતે મડદાંને એકસાથે પથરા અને ઈંટાળાંઓથી બાંધીને ગંગાજીમાં ડુબાડી દીધાં. પંડાઓ મહાલોભી હોવાથી પત્ની અને દીકરીઓએ પહેરેલી નવી સાડીઓ છોડી શક્યા નહીં, જે તેમનું પાપ પ્રકાશવામાં કારણભૂત બની.

મડદાને પાણીમાં ડુબાડી તેઓ નિશ્ચિંત થઈ પાછા વળ્યા. પંડાઓએ કેરળવાસીની બધી સંપત્તિનો કબજો લઈ લીધો. આટલું ભયંકર કૃત્ય ઈશ્વરને પણ મંજૂર ન હતું. જે દોરડાથી મડદાં બાંધવામાં આવ્યાં હતાં તે દોરડા પર લોહીના છાંટા પડેલા હોવાથી, પાણીમાં રહેલાં જંતુઓએ દોરડાંને કોતરી નાખ્યાં. છેવટે ઈંટાળાથી અને પથ્થરોથી મડદાં છૂટાં થઈ ગયાં.

ગંગાનાં ધસમસતા પ્રવાહમાં એ મડદાં તણાઈ આવ્યાં. પાણીનો સ્વભાવ છે કે તે જીવતાને ડુબાડે અને મરેલાને તારે. આ સાતે મડદાંઓ તરતાં તરતાં બનારસના સુપ્રસિદ્ધ દશાશ્વમેધ ઘાટ ઉપર આવ્યાં અને ત્યાં પાણીમાં ખોડેલા વાંસડાઓ પર ભરાઈને અટકી ગયાં. આ ઘાટ ઉપર પ્રતિદિન દશ-વીસ હજાર માણસો સ્નાન કરે છે. વારાણસીનો આ સૌથી મોટો ઘાટ છે. પ્રકૃતિએ

મડદાંઓને ત્યાં જ લાવીને અટકાવ્યાં અને પંડાઓનું પાપ જગજાહેર કરવા માટે સૌની સામે ગોઠવી દીધાં. આખા બનારસમાં હાહાકાર મચ્યો. પોલીસે મડદાંનો કબજો લીધો. મારનાર પંડાઓ પકડાયા અને તેમના ઘરમાંથી નવી સાડીઓ મળી આવી. આ નવી સાડીઓ મોહનભાઈ લલ્લુભાઈની દુકાનેથી ખરીદેલી હતી, તેની સાક્ષી મોહનભાઈએ આપી. પેપરોમાં ફોટાઓ છપાણા.

આ ઉપરથી આપણે ધડો લેવાનો રહ્યો કે ધર્મને નામે કેટલું વિપરીત બની શકે છે! ધર્મમાં પણ કેવા વિકાર આવી શકે છે! જે ધર્મ માનવજાતિની રક્ષા માટે પૃથ્વીતટ ઉપર આવ્યો હતો તે માનવહત્યા, કૂડ-કપટ અને કાવતરાનું નિમિત્ત બની, કેટલો ભયંકર અને વિકટ થઈ ગયો છે તેની નોંધ લેવાની છે.

તપસ્વીજી મહારાજે આ સાતે મડદાંના ફોટાવાળું કટિંગ પોતાની ફાઈલમાં સાચવી રાખ્યું હતું.

**વસમી વિદાયની વેળા :**

વારાણસીમાં ત્રણ વરસ અતિ આનંદપૂર્વક વ્યતીત થયાં. ઘણા વિદ્વાનોને અને સંતોને મળવાનું થયું. વારાણસીમાં દર્શનશાસ્ત્રનો અભ્યાસ પૂર્ણ કરીને હવે પુનઃ ગુરુમહારાજના સાંનિધ્યમાં દેશમાં જવાનું હતું. હવે વિહારનો સમય પણ નજીક આવી ગયો હતો. ગુરુમહારાજના પત્રો પણ આવી ગયા 'અભ્યાસ કરીને ક્યારે પાછા ફરો છો?' આમ દેશમાં પાછા ફરવાનાં ચક્રો ગતિમાન થઈ રહ્યાં હતાં. એક સ્થાનકવાસી જૈન સાધુના ઐતિહાસિક અને સાહસપૂર્ણ પ્રકરણનું સમાપન થઈ રહ્યું હતું. વિહાર પહેલાંની વિદાયની ક્ષણો લાગણીથી ઊછળી રહી હતી. આટલી સુંદર રીતે વિદ્યાભ્યાસ થઈ શકવાને કારણે શ્રી જયંતમુનિજીની ઊર્મિઓ પરમ સંતોષ અને હર્ષોલ્લાસથી ઊભરાઈ રહી હતી. સ્વપ્ન સાકાર થયાનો આનંદ હતો. સાધુજીવનની સાર્થકતાનો અનુભવ થઈ રહ્યો હતો.

વારાણસીના જે પંડિતજીઓએ શ્રી જયંતમુનિને અભ્યાસ કરાવ્યો હતો તેમનું સન્માન કરી, તેમની શિક્ષા લઈ, તેઓથી પ્રેમવિદાય લેવાની હતી. ભક્તિરસે ભીંજાયેલા, ત્રણ વરસ સુધી જેમણે સતત સેવાભક્તિ બજાવી હતી, તેવા વારાણસીનાં રૂડા શ્રાવક-શ્રાવિકાઓને પણ આજે ગુરુદેવને ભાવભીની વિદાય આપવાનો ભારે પ્રસંગ ઊભો થયો હતો. કેવળ આપણા ગુજરાતી ભાઈઓ નહિ, પરંતુ વારાણસીનો સમગ્ર ઓશવાળ સમાજ, દેરાવાસી બંધુઓ અને દિગંબર સમાજના મહામંત્રી શ્રી શ્રી ગણેશપ્રસાદજી જૈન પણ વિદાય આપવા માટે દુઃખાનુભૂતિ કરી રહ્યા હતા.

શ્રી ગણેશપ્રસાદજી દિગંબર હોવા છતાં તેમને શ્વેતાંબર મુનિઓ પ્રત્યે, અને ખાસ કરીને સ્થાનકવાસી મુનિઓ પ્રત્યે ઊંડું આકર્ષણ હતું. કાશીનિવાસ દરમ્યાન તેમના પરિવારે મુનિશ્રીની ખૂબ જ ભક્તિ કરી હતી. બી. બી. હટિયાથી તેમનું ઘર નજીક હોવાથી આખો પરિવાર ભક્તિના રંગે રંગાયેલો હતો. મુનિશ્રી પણ અવારનવાર તેમને ત્યાં ગોચરીએ જતા હતા.

ગણેશપ્રસાદજીની બે પુત્રીઓ - મનોરમાબહેન અને સુધાબહેન - ભણવામાં ખૂબ રસ ધરાવતી હતી. સુધાબહેન ક્યારેક સંસ્કૃત સમજવા માટે મુનિશ્રી પાસે આવતાં. બંને બહેનોએ આગળ જતાં બી.એ. તથા એમ.એ. સુધી અભ્યાસ કર્યો હતો. મનોરમાબહેનનું સાસરું કલકત્તામાં હતું. મુનિશ્રી કલકત્તા પધાર્યા પછી મનોરમાબહેનની ફરીથી મુલાકાત થઈ અને તેમના પતિ જી. એસ. અગ્રવાલ પણ પરિચયમાં આવ્યા. આ દંપતીએ જે સેવા બજાવી છે તે આગળની પંક્તિઓમાં જાણવા મળશે. શ્રી ગણેશપ્રસાદજીની સાથે બીજા પણ કેટલાક દિગંબરભાઈઓ રસ ધરાવતા હતા. તેઓ પણ મુનિજીનો વિહાર થવાનો હોવાથી વ્યથાનો અનુભવ કરી રહ્યા હતા.

શ્રી હીરાચંદજી સૂરિ ત્રણ વર્ષના સંપર્ક પછી ગાઢ પ્રેમમાં સંકળાયેલા હતા. તેઓ પણ કહેવા લાગ્યા, 'મારે પણ વસમી વિદાય આપવી પડશે.'

**શાસ્ત્રીજીની હિતશિક્ષા :**

અભ્યાસ પૂરો થયા પછી અને વિહાર પહેલાં શ્રી જયંતમુનિજી હરેરામ શાસ્ત્રીને ત્યાં વિદાય લેવા ગયા હતા. શેઠ શ્રી માણેકચંદભાઈ દેસાઈએ છેલ્લે ૨૧૦૦ રૂપિયા અને ગરમ શાલ આપી તેમનું સન્માન કર્યું હતું.

શ્રી જયંત મુનિજીએ વિદાય વખતે આ વિદ્યાગુરુને વિનંતી કરી, 'તમારા તરફથી એક નીતિવાક્ય આપો કે જે મારા જીવનનું ભાતું બની રહે.'

શાસ્ત્રીજીએ તત્ક્ષણ કહ્યું, "સહસાવિદધી કૃતમ કર્મ પરમાપદષ્પદમ્." અર્થાત્ "વગર વિચાર્યે જલ્દીથી ભરેલું પગલું મહાવિપત્તિનું ઘર થાય છે." પહેલાં ઊંડેથી તેના ફલાફલનો વિચાર કરી, પરિણામ શું આવે તેનો પૂરો ખ્યાલ કરી, પછી જ પગલું ભરવું જોઈએ. હરેરામ શાસ્ત્રીએ શ્રી જયંતમુનિજીને આ વાક્યમાં શિક્ષારૂપી રત્ન આપ્યું.

ગુરુદેવ કહે છે, "અમે આ નીતિવાક્યનો જીવનમાં પૂરો ઉપયોગ કર્યો છે અને તેનાં ઘણાં સુફળ આવ્યાં છે."

હરેરામ શાસ્ત્રીજીની પણ આંખો અશ્રુભીની થઈ. જુઓ તો ખરા! કેટલું પરિવર્તન!

આ શાસ્ત્રીએ કહ્યું હતું કે જૈન મુનિનું મુખ જોવાથી નર્કાપાત થાય. એ જ પંડિતજીના વિચારો આજે બદલાઈ ગયા હતા. જૈન સાધુ જયંતમુનિજીના વિહાર સમયે તેમની આંખો સજળ બની હતી.

પંડિતાણીજીએ પણ કહ્યું, "પંડિતજી તો પાછા ભણાવવામાં મશગૂલ થઈ જશે. પરંતુ તમે મારા પરિવાર માટે આધારભૂત થઈ ગયા છો. તમે જશો પછી અમારા આનંદભોગમાં પુનઃ ફેર

પડશે." તેમની દૃષ્ટિ ફક્ત પૈસાની ન હતી. સાથે એક ચરિત્રવાન મહિલાની ભક્તિરસરંજિત ભાવના હતી. પોતાનું દુઃખ તેમણે પોતાની રીતે પ્રગટ કર્યું હતું.


બીજા પંડિતજી રામચંદ્ર ખડગ જૈનભવનમાં આવ્યા ત્યારે તેમની વિદાય લીધી. તેઓ આનંદી સ્વભાવના હતા. તેમણે હસતે મુખે જ પ્રેમભર્યા આશીર્વાદ આપ્યા. તેઓ તો મુનિશ્રીને બરાબર નમસ્કાર કરતા હતા. જૈન સાધુના ત્યાગ માટે તેમના મનમાં ગૌરવ હતું.


મુનિશ્રીએ પૂછ્યું, "પંડિતજી, આપકો ક્યા ચાહિએ?"

પંડિતજીએ થોડા ખચકાઈને કહ્યું, "મને એક સારો ધોતી-જોટો અપાવી દો."

એ સમયના શિક્ષકોની અપેક્ષાઓ પણ કેટલી અલ્પ માત્રામાં હતી ! કેટલા સંતોષ સાથે તેઓ જીવનયાપન કરી રહ્યા હતા ! શ્રીસંઘે તેમને એક જોડ ધોતીની સાથે એક સારામાં સારી ધાબળી પણ અર્પણ કરી. એટલાથી એ ખૂબ જ ખુશ થઈ ગયા. બનારસના આવા સજ્જન, નિર્દોષ, જ્ઞાનથી ભરપૂર પંડિતોનો પ્રેમ સંપાદન કરી, અભ્યાસ સંપૂર્ણ કરી સ્વદેશ જવા માટે મુનિલોકો પાંખ ફફડાવી રહ્યા હતા.

❑


સાવરકુંડલાથી બનારસ
ઉત્તર
પશ્ચિમ
પૂર્વ
દક્ષિણ
નદી
રેલ્વે
વિહારનો માર્ગ અને ગામ
સાવરકુંડલાથી વિહાર :
ફાગણ શુદ ૫, સં. ૨૦૦૪(૧૫-૩-૧૯૪૮)
આગ્રા પ્રવેશ :
જેઠ વદ ૧૧, સં. ૨૦૦૪(૧૫-૭-૧૯૪૮)
૭૫૯ માઇલ (૧૨૧૫ કિ.મિ.)
આગ્રાથી વિહાર :
કારતક વદ ૫, સં. ૨૦૦૫(૨૧-૧૧-૧૯૪૮)
બનારસ પ્રવેશ :
ફાગણ શુદ ૫, સં. ૨૦૦૫(૫-૩-૧૯૪૯)
૩૮૪ માઇલ (૬૧૫ કિ.મિ.)
કુલ-૧૧૪૩ માઇલ (૧૮૩૦ કિ.મિ.)
હીસોર
દિલ્હી
બીકાનેર
વૃંદાવન
ભરતપુર
આગ્રા
બારાબંકી
અયોધ્યા
જોધપુર
અજમેર
જયપુર
કીસનગઢ
ટોંક
ગંગાનદી
ગ્વાલિયર
શીવપુરી
બુંદી
સિરોહી
આબુ પહાડ
ડીસા
ચિતોડ
માળવા
ઉદયપુર
રામપુરા
પાલનપુર
ડુંગરપુરા
રાધનપુર
પ્રતાપગઢ
બાંસવાડા
અજમગઢ
મીરજાપુર
રૈવા
સાગર
મોરબી
ધ્રાંગધ્રા
અમદાવાદ
રતલામ
ઉજ્જૈન
ભોપાલ
જબલપુર
નડિયાદ
આણંદ
દેવાસ
હુશંગાબાદ
ઇંદોર
વડોદરા
ઇટારસી
સાવરકુંડલા
પાલીતાણા
નર્મદાનદી
છીંદવાડા
ભરૂચ
તાપીનદી
ખંડવા
શેત્રુંજી નદી
સુરત
ખંભાતનો અખાત
નાગપુર
ધરમપુર
ભુસાવળ
વર્ધા
દમણ
આકોલા
નાસીક
મનમાડ
અરબી સમુદ્ર


બનારસથી કલકત્તા
ઉત્તર
પશ્ચિમ
પૂર્વ
દક્ષિણ
નદી
રેલ્વે
ગ્રાન્ડ ટ્રંક રોડ
વિહારનો માર્ગ અને ગામ
બનારસથી વિહાર :
કારતક વ. ૩, સં. ૨૦૦૮, (૧૬-૧૧-૧૯૫૧)
કલકત્તાપ્રવેશ :
જેઠ શુ. ૧૫, સં ૨૦૦૮, (૮-૬-૧૯૫૨)
બનારસથી કલકત્તા :
૭૫૭ માઇલ (૧૨૧૦ કિ.મિ.)
સાવરકુંડલાથી કલકત્તા :
૧૯૦૦ માઇલ (૩૦૪૦ કિ.મિ.)
ડેહરીઘાટ
રઘુનાથપુર
આજમગઢ
ગોગ્રાનદી
ગાજીપુર
દાનાપુર
આરા
ગંગા નદી
સારનાથ
બનારસ
મુઘલસરાઇ
ગંગાનદી
ગઢહની
પટના
ચંદોલી
કરમનાસા
પીરો
ફતવા
બખતિયારપુર
હરનોત
મોહનિયા
વિક્રમગંજ
રામનગર
ખુદરાજાનાબાદ
કુંડલપુર-નાલંદા
બિહાર સરિફ
ભાગલપુર
પાટરગામા
ચાંદ
ચકિયા
ચૈનપુર
રાજગિર
પાવાપુરી
ઇતીન
ગોટ્ટા
ભાનુઆ
ગઢનોખા
મણીપુર
માનપુર
ગુણિયાજી
ભરવાનપુર
સાસારામ
નવાદા સ્ટેશન
ફતેહપુર
ચાંદની
ઔરંગાબાદ
ગયા
રજોલી
કરાડ
શેરગઢી
મદનપુર
બુદ્ધગયા
અબરખની ખાણ
ઝુમરી તિલૈયા-કોડરમા
દેવગઢ
અમરાપાડા
ગંગાનદી
મુરકી પહાડીયા
શેરઘાટી
બારાચટી
ચન્દબારા
સરવાન
મહેશપુર
નલહાટી
રોશનગંજ
બનારસથી કલકત્તા
કૈરાવતી
આજીમગંજ
સોનનદી
બહરીઆદિહ
રામપુરહાટ
ગિરીડિહ
મહાવીર કેવળજ્ઞાન સ્થાન.
સમેતશિખર
કન્દઘાટ
બરહમપુર
મુર્શિદાબાદ
બરકઠ
નિમિયાઘાટ
પલાસ્થ
કાંડી
ડાલ્ટનગંજ
હજારીબાગ
બગોદર
ડુમરી
તોપચાચી
ધનબાદ
ગોમો
શાન્તિનિકેતન
કરણપુર
કતરાસ
બેરમો
કાટવા
રામાનુજગંજ
ઝરિયા
અંગવાણી
ચાસ
પિનાજોડા
ભોજુડિહ
દામોદર નદી
નવદ્વીપ
રાંચી
પુરુલિયા
બર્ધમાન
નારાયણપુર
કાલના
પ્રતાબપુર
કન્ટાડી
બાંકુરા
બલરામપુર
ચાંડિલ
આદારડીહ
બિષ્ણુપુર
આરામબાગ
ચિનસુરા
ચેનપુર
ચન્દનનગર
કંદરાબેડા
આસનબની
ચન્દ્રકોના
જમશેદપુર
નરસિંહગઢ
ખેમાસલી
ખડગપુર
કોલાઘાટ
ગાલુડિહ
ઘાટશિલા
ચાકુલિયા
પરહટી
આરઆમ
લોધાસલી
બિષ્ણુપુર
મોહનપુર
પાંશકુડા
હુગલી નદી
કલકત્તા



૧૨

# વિહારની બદલાતી દિશા

દેશ તરફ વિહારના કાર્યક્રમ ઘડાઈ રહ્યા હતા. મનુષ્યની કલ્પનાનાં ચક્રો ગતિમાન થઈ રહ્યાં હોય છે ત્યારે સમયચક્ર જુદી દિશામાં ફરતું હોય છે. કાળબળ પોતાનો કાર્યક્રમ ગોઠવી રહ્યો હોય છે, જે અકળ છે. કાળ પોતાની રીતે, ગુપ્ત રીતે, ઘટનાઓને ઘડે છે, જે સર્વથા અજ્ઞાત હોય છે અને ફક્ત સંયોગો પરિપક્વ થાય છે ત્યારે જ પોતાની યોજનાનો અણસાર આપે છે.

વારાણસીમાં શ્રી મોહનભાઈ લલ્લુભાઈ એક એવા વ્યક્તિ હતા જેમણે પ્રશ્ન ઉપાડ્યો. જેમ અચાનક વાદળના જોરદાર ગડગડાટ સાથે વીજળી ચમકે અને સ્તબ્ધ થઈ જવાય, તેમ મોહનભાઈના અણધાર્યા પ્રસ્તાવથી મુનિશ્રી ચકિત થઈ ગયા !

"આપ અહીં સુધી આવ્યા છો, આટલો ઊંડો અભ્યાસ કર્યો છે, તો દેશમાં જવાની શા માટે ઉતાવળ કરવી જોઈએ? આટલે દૂર ફરીથી આવી શકાય નહીં. અહીં આવ્યા છો તો આપે એક વખત ભગવાન મહાવીરની ભૂમિનાં દર્શન કરવા જોઈએ. તાત્કાલિક દેશમાં જવાનો કોઈ અર્થ નથી."

મોહનભાઈએ પોતાના પ્રસ્તાવને ફરીથી ભારપૂર્વક રજૂ કર્યો, "જૈન સમાજનો ઇતિહાસ પૂર્વ દેશ સાથે જોડાયેલો છે. જૈનનાં વર્તમાન મોટાં તીર્થો પણ બિહાર અને બંગાળમાં છે. માટે આપે એક વખત એ ક્ષેત્રમાં બધે પર્યટન કરવું જઈએ. હું તમને કોઈ પણ રીતે સૌરાષ્ટ્ર જવા નહીં દઉં. જરૂર હશે તો ગુરુદેવ પૂજ્ય પ્રાણલાલજી સ્વામી પાસે જઈને આજ્ઞા

મેળવીશ. ભગવાને મને શક્તિ આપી છે. પૂર્વ દેશમાં વિહાર કરશો તો જે જાતની જરૂર હશે તે બધો સહયોગ હું આપીશ. પરંતુ આપે બિહાર-બંગાળની યાત્રા કરવી ખાસ જરૂરી છે."

**પૂર્વના વિહારનો પ્રથમ પાયો :**

જુઓ કાળબળનો પ્રવાહ ! મોહનભાઈના અંતઃકરણમાં આવા અનાયાસ સ્વાભાવિક વિચારો સ્ફુરાયમાન થયા અને તેઓએ આટલું બધું દબાણ કર્યું તેની પાછળ શું નથી લાગતું કે કોઈ વિધિનું બળ હશે કે કાળબળ યોજના કરી રહ્યું હશે? ભાવિ સદા અગમ્ય રહે છે અને આપણે જાણી શકતા નથી. આમ પૂર્વ તરફ વિહાર કરવા માટેનો એક પાયો સ્વતઃ તૈયાર થઈ ગયો. અત્યાર સુધી મુનિઓને ફક્ત બનારસ સુધીની જ કલ્પના હતી. પૂર્વ ભારતના કોઈ પણ ક્ષેત્રની કલ્પના ન હતી અને ત્યાં વિચરી શકાય તેવી કોઈ સંભાવના પણ લાગતી ન હતી. કલકત્તા તો જાણે વિલાયત જેટલું દૂર લાગતું હતું.

**વિહારનો બીજો પાયો – નરભેરામભાઈ કામાણીની નિષ્ઠા :**

ટાટાનગરથી શેઠ શ્રી નરભેરામભાઈ કામાણી તથા હેમકુંવરબહેન કામાણી પરિવાર સાથે દર્શન કરવા માટે વારાસણી આવ્યાં. નરભેરામભાઈનો આ પ્રથમ પરિચય હતો. તેઓ પૂર્વ ભારતના મૅગ્નેટ હતા અને કલકત્તા સંઘ પણ તેમના નામથી પ્રભાવિત હતો. તેઓ મૂળ ધારી-અમરેલીના વતની હતા, એટલે એ સંબંધથી દલખાણિયા સાથે જોડાયેલા હતા. તે ઘણા જ ભાવનાશીલ, વિચક્ષણ, સમયના જાણકાર, તેમજ સમાજ પર કાબુ ધરાવનાર દાનવીર શેઠ હતા. ઉદારતા તો તેમના કણ કણમાં ભરી હતી. એક તરફ મોહનભાઈનો પ્રસ્તાવ હતો, બીજી તરફ નરભેરામભાઈ કામાણી દર્શન કરવા આવ્યા અને સાથેસાથે જમશેદપુર પધારવાની વિનંતી પણ લાવ્યા.

સંતોએ કહ્યું, "ફક્ત ભણવા માટે બનારસ સુધીની આજ્ઞા મળી છે. ગુરુમહારાજની આજ્ઞા વિના અમારાથી એક ડગલું પણ આગળ વધી ન શકાય."

શેઠ શ્રી નરભેરામભાઈએ પૂરા વિશ્વાસ સાથે કહ્યું, "આ કામ મારું છે. હું ગુરુમહારાજ પાસેથી લેખિત આજ્ઞા મેળવી આપનાં ચરણોમાં રજૂ કરીશ. બોલો, પછી તમને કાંઈ વાંધો છે?"

મોહનભાઈની જેમ નરભેરામભાઈનો પૂરો આગ્રહ હતો. રાજગીર, પાવાપુરી, સમ્મેતશિખર, ઇત્યાદિ જૈન તીર્થોનો પણ સ્પર્શ કરવો તેવી તેમની આગ્રહભરી રૂડી ભાવના હતી.

ગુરુદેવની આજ્ઞાનું નિમિત્ત બતાવ્યા પછી સંતો એક રીતે વચનથી બંધાઈ ચૂક્યા હતા. પૂજ્ય તપસ્વી મહારાજે કહ્યું, "ગુરુદેવની આજ્ઞા મળ્યા પછી બધો વિચાર કરશું." કાળબળે અડધું ચક્ર ફેરવી નાખ્યું હતું. આ રીતે પૂર્વ દિશા તરફ જવા માટે શ્રીયુત નરભેરામભાઈ બીજો પાયો બન્યા.

કલકત્તા શ્રીસંઘમાં એ વખતે કાનજી પાનાચંદ ભીમાણી અગ્રેસર શ્રાવક હતા. ત્ર્યંબકભાઈ દામાણી અને સંઘના બીજા પ્રતિનિધિભાઈઓ સાથે તેઓ દર્શન કરવા આવ્યા. કલકત્તા શ્રીસંઘનો કલકત્તા પધારવા માટે આગ્રહ હતો. ઝરિયા સંઘનો તો પહેલેથી આગ્રહ હતો જ. આ રીતે પૂર્વ ભારતના સંઘ અને શ્રાવક-શ્રાવિકાઓના ભક્તિભર્યા આગ્રહે પૂર્વાંચલમાં વિહાર માટેના બીજા પાયાને મજબૂત કર્યો.

આ રીતે બે પાયા તૈયાર થતાં મુનિશ્રીનું મન ડગુંમગું થયું અને પશ્ચિમના કાઠિયાવાડ તરફથી નજર ફેરવી પૂર્વ જોવા લાગ્યા. ત્રણ વર્ષના બનારસના અભ્યાસકાળ દરમિયાન પૂર્વભારતનાં અનેક શ્રાવક-શ્રાવિકાઓનો પરિચય થયો હતો. મુનિઓના મન પર તેમની શ્રદ્ધા અને ભક્તિનું ખેંચાણ પણ કામ કરી રહ્યું હતું. મોટાં શહેરો ઉપરાંત કોલફિલ્ડ ઇત્યાદિના અંદરના પ્રદેશોમાં જૈનો સારી એવી સંખ્યામાં સ્થિર થયા હતા. તેમનાં બાળકોને જૈન સંસ્કારનો કોઈ પરિચય હતો નહીં. આ પૂરા ક્ષેત્રમાં જૈન સંસ્કાર અને પરંપરાને જાળવી રાખવાનું મહામૂલું કામ જૈન સાધુ સિવાય કોણ કરી શકે? ફરી ગુજરાત-સૌરાષ્ટ્રથી કોઈ સાધુને પૂર્વ તરફ આવવાનો સંયોગ ક્યારે થાય? અહીં બનારસ સુધી આવીને જો મુનિશ્રી પાછા ચાલ્યા જાય તો અન્ય સાધુઓ તરફથી, ઉગ્ર વિહાર કરી પૂર્વમાં આવવાની સંભાવના કેટલી? આમ અનેક દલીલો શ્રાવક સમુદાય તરફથી થતી હતી. સ્વાભાવિક રીતે મુનિઓનું મન પણ પૂર્વભારતને આવરી લેવા માટે ખેંચાઈ રહ્યું હતું. ત્યાં પણ જૈન સાધુઓની આવશ્યકતા છે એ વાતની પ્રતીતિ થઈ રહી હતી અને તેમનો આગ્રહ વ્યાજબી છે તેમ લાગી રહ્યું હતું.

**અજ્ઞાત પરિબળોનું પ્રોત્સાહન :**

પટનાના એક શ્રાવકબંધુ કાંતિભાઈના ભાઈ નાનજીભાઈ અજમેરા ચાર વરસથી પથારીવશ હતા. અજમેરા પરિવાર ખૂબ સુખી-સંપન્ન હતો. નાનજીભાઈ ખૂબ જ ધાર્મિક અને શ્રદ્ધાળુ હોવાથી સંતોનાં દર્શન કરી, માંગલિક સાંભળી, પછી જ દેહ છોડવાની ભાવના રાખતા હતા. તેમના મોટા પુત્ર નગીનભાઈને વારંવાર કહેતા, "મારે ગુરુમહારાજના દર્શન કર્યાં પછી જ સંસારમાંથી વિદાય લેવાની છે." ત્યારે પરિવારવાળા વાતને હસી કાઢતા. આ વસ્તુ બને જ ક્યાંથી? પટના જેટલા સુદૂર પ્રદેશમાં સ્થાનકવાસી જૈન સંતનું આગમન થાય તે સંભવ ન હતું.

જ્યારે તેમને ખબર મળ્યા કે મુનિવરો વારાણસી સુધી પધાર્યા છે ત્યારે તો તેમની ભાવના અત્યંત પ્રબળ બની ગઈ હતી. તે વારંવાર કહેતા : "મુનિઓને વિનંતી કરો. તેઓ ક્યારે પધારવાના છે તે ખબર લાવો. બનારસથી જલ્દી વિહાર કરે તેવી ગુરુદેવને પ્રેરણા આપો. મરતા પહેલાં મને દર્શન થાય તેવી મારી ભાવનાને પૂરી કરવા માટે ઊંડી વિનંતી કરો."

કેમ જાણે નાનજીભાઈ અજમેરાનું મનોબળ અને કાળબળ એક થઈ ગયા હોય તેમ તેમની

ભાવનાની પૂર્તિ થાય તેવા સંયોગો ઊભા થઈ રહ્યા હતા. જાણે પૂરા પૂર્વભારતના શ્રાવકવૃંદની પ્રગટ કે અપ્રગટ ભક્તિભાવના સામૂહિક રીતે કામ કરી રહી હતી ! મુનિશ્રીને પૂર્વભારત તરફ ખેંચવા માટે કોણ જાણે કેટકેટલાં અજ્ઞાત પરિબળો કામ કરી રહ્યાં હતાં !

**વિહારનો ત્રીજો પાયો :**

પાછળની પંક્તિઓમાં ઉલ્લેખ કર્યો છે કે વિદ્યાર્થી જીવનમાં જયંતીભાઈએ મુંબઈ ઇલાકા અને ગુજરાતની ભૂગોળનો જરા પણ અભ્યાસ કર્યો ન હતો. તેમને ત્યાંનાં નગર, શહેર, રેલવે સ્ટેશન કે મોટી નદીઓનો જરાપણ ખ્યાલ ન હતો. જ્યારે ગારિયાધારમાં પાંચમી કક્ષામાં ભણતા હતા ત્યારે બિહાર-બંગાળની ભૂગોળ ચાલતી હતી. બિહાર અને બંગાળની સાથે ઓરિસ્સાનાં પણ મોટાં શહેરો, રાજમાર્ગો, રેલવે સ્ટેશનો, મોટી નદીઓ અને પર્વતમાળાનું ભણતર થયું હતું. ગારિયાધારમાં ભણાવનાર ગુરુ ઉચ્ચ કોટિના હતા અને જયંતિભાઈને અભ્યાસનો રસ વધ્યો હતો. એટલે આ બધા પ્રદેશોની ભૂગોળ તો તેમને કંઠસ્થ હતી. ભૂગોળની દૃષ્ટિએ પૂર્વ દેશનું આખું ક્ષેત્ર બાળપણથી જ તેમનું જાણીતું હતું. કેમ જાણે કાળબળે કે વિશ્વવિધાતાએ સાધુ-જીવનમાં અહીં વિહાર કરવા માટે જાણે પ્લાનિંગ કરી રાખ્યું હોય તેમ જયંતમુનિજીને વિદ્યાર્થી જીવનમાં જ આખા ક્ષેત્રની ભૂગોળ ભણાવી દેવામાં આવી હતી.

વાહ રે વિધાતા! આ હતો વિહારનો ત્રીજો પાયો. શ્રાવકોના બે પાયા મજબૂત મળી જવા પછી મુનિઓના મનનો ત્રીજો પાયો પણ મજબૂત થઈ ગયો. લાગ્યું કે કાળબળે આખું ચક્ર ફેરવી દીધું છે. હવે ફક્ત ગુરુઆજ્ઞાનું એક્સિલરેટર દબાવવાનું બાકી હતું. જ્યાં જવાની કલ્પના સુધ્ધાં ન હતી ત્યાંના વિહારનો આખો ચાર્ટ તૈયાર થવા લાગ્યો! મુનિઓને જીવનભર પુન: તેમની જન્મભૂમિ, દીક્ષાભૂમિ, સંપ્રદાયનાં ક્ષેત્રો કે ગુજરાત જવાનું જ ન હોય તે રીતે કાળબળે મજબૂત ગાંઠ વાળી દીધી હતી. કહ્યું છે કે, "જીવ જાણે હું કરું, કરતલ બીજો કોઈ, આદર્યા અધૂરા રહે, હરિ કરે સો હોય." બનારસથી ભણીને પાછા જવાની વાત અધૂરી રહી. ન ધાર્યું હોય એવું વિહારક્ષેત્ર તૈયાર થયું.

એ સમયે પૂજ્ય ગુરુદેવ પ્રાણલાલજી મહારાજ બગસરા મુકામે હતા. શેઠ શ્રી નરભેરામભાઈ પોતાની સાથે કલકત્તાનું ડેપ્યુટેશન લઈ, ખરેખર સમય પર ગુરુમહારાજ પાસે પહોંચ્યા. તેમણે ગુરુદેવને ઘણી ઘણી હાર્દિક વિનંતી કરી. તેમણે સારી એવી સમજાવટ કરી. તેમણે ગુરુદેવને સમજાવ્યા : "પૂ. તપસ્વીજી મહારાજને અમારે પૂર્વ ભારતના બધા સંઘોમાં પગલાં કરાવવા માટે લઈ જવા છે. આપણા સેંકડો પરિવાર, અને ખાસ કરીને ગોંડલ સંપ્રદાયના હજારો શ્રાવકો આજે એકસો વરસથી ત્યાં વસી ગયા છે. અમારાં બાળકોને ખબર નથી જૈન મુનિ કેવા હોય. સંતો જો

ન પધારે તો સમાજ સંતોની ભક્તિથી વંચિત થઈ વેરવિખેર થઈ જાય એ સંભાવનાને નકારી શકાય તેમ નથી. આપણા સ્થાનકવાસી સંતો કે બીજા કોઈ જૈન સંતો હજુ પૂર્વ તરફ પધાર્યા નથી. કેટલાક દેરાવાસી સંતો તીર્થયાત્રા નિમિત્તે સમ્મેતશિખર સુધી જઈ તરત પાછા વળી ગયા છે. ખરેખર તેઓએ બધાં ક્ષેત્રો ખેડ્યાં નથી. તેમણે જૈનત્વનો સંદેશ પૂર્વભારતમાં વસતા જૈન ભાઈઓ કે ત્યાંની સામાન્ય આમ જનતા સુધી પહોંચાડ્યો નથી. તેઓ ઉગ્ર વિહાર કરી પાર થઈ જતા હતા. ભગવાન મહાવીરની ભૂમિ વણખેડાયેલી પડી રહી છે. આથી આ ભૂમિ કોઈ જૈન સાધુના આગમનને આવાહન કરી રહી છે."

છેવટે ગુરુદેવ પ્રાણલાલજી મહારાજ સ્વામી પણ ટાટાનગર-કલકત્તાથી પધારેલા શ્રાવકોના ભક્તિપ્રેમથી ભીંજાઈ ગયા.

**ગુરુદેવની આજ્ઞા – ચોથો અને અંતિમ પાયો :**

શેઠ શ્રી નરભેરામભાઈએ ગુરુદેવનું મન જીતી લીધું અને સાથે સાથે બધી જવાબદારી પણ લીધી. કેશી મુનિને અનાર્ય દેશમાં લઈ જવા માટે ચિત્તમંત્રીએ જવાબદારી લીધી હતી અને પોતાની બાંહેધરી ઉપર કેશી મુનિને અનાર્ય પ્રદેશનો વિહાર કરાવ્યો હતો. આજ ચિત્ત મંત્રી જેવા દૈદીપ્યમાન, ભક્તિરસથી ભરપૂર, શેઠ શ્રી નરભેરામભાઈએ મુનિઓના વિહારની પૂરી જવાબદારી લઈ, ગુરુમહારાજને સંતુષ્ટ કર્યા હતા. તેમણે ગુરુદેવ પાસેથી લેખિત આજ્ઞા મેળવી લીધી.

ગુરુદેવના આજ્ઞાપત્રે ચોથા પાયાનું કામ કર્યું. કોઈ પણ ઇમારત ત્રણ પાયા પર ઊભી ન રહી શકે. જ્યારે તેને ચાર પાયા હોય છે ત્યારે તે મજબૂત બને છે. ગુરુદેવના આજ્ઞાપત્રે એ ચોથા અને મહત્ત્વના પાયાનું કામ કર્યું. આ ચોથા પાયા વગર પૂર્વના વિહારના બધા જ નકશા નકામા થઈ જાત.

ગુરુ મહારાજને લાગ્યું કે "બાણમાંથી તીર છૂટી જાય તેને પાછા ફરવાનું કેમ કહી શકાય !" જ્યારે મુનિઓની ગુજરાત પાછા ફરવાની શક્યતા મટી ગઈ ત્યારે આ શબ્દો ગુરુમહારાજે ઉચ્ચાર્યા હતા. આજ્ઞા આપતી વખતે ગુરુદેવને જરૂર મનમાં લાગ્યું હશે કે,

"અહો ! કાળબળે ધનુષ્યથી તીર છૂટી ગયું છે" અને ગુરુમહારાજને એક ઊંડી નિરાશાએ ઘેરી લીધા હતા. ખરેખર, એ માત્ર પૂર્વમાં વિચરવા પૂરતી આજ્ઞા ન હતી, પરંતુ કાળગમ્ય હતું કે સદાને માટે છૂટા પડવાની આજ્ઞા હતી ! કેવું હશે તે કઠોર મુહૂર્ત ? અને આ બાજુ પૂર્વભારત માટે તે જ મુહૂર્ત કેવું મંગલમય હતું! એક જ મુહૂર્ત બેધારી તલવાર ચલાવી રહ્યું હતું. ગુરુમહારાજનો વિયોગ એ પૂર્વ ભારતના શ્રાવકો માટે સંયોગ બની ગયો !

એક વીર યોદ્ધો રણમેદાન જીતીને પાછો આવે તે રીતે, હોંકારા-પડકારા કરતા, આનંદના ઉછાળા સાથે શેઠ શ્રી નરભેરામભાઈ આજ્ઞાપત્ર લઈને પુનઃ તપસ્વી મહારાજનાં ચરણોમાં આવી પહોંચ્યા. તેમણે તપસ્વી મહારાજના હાથમાં આજ્ઞાપત્ર ધરી દીધો. સર્વપ્રથમ જેણે દૃઢ સંકલ્પ કર્યો હતો તે મોહનભાઈની ભાવના મૂર્તિમંત બની રહી હતી. પોતાના વિચારોને નક્કર રૂપ મળવાથી મોહનભાઈ ઘણા ઉત્સાહમાં આવી ગયા. તેમણે જગજીવનભાઈ પટેલને કહ્યું, "જુઓ પટેલ, આપણા નિશ્ચયનો ડંકો વાગી ગયો છે. હવે ગુરુદેવને રાજગિરી સુધી પહોંચાડવા માટે આપણે કમર કસવાની છે."

**વિહારનો નિર્ધાર :**

આ રીતે આખો નકશો બદલાઈ ગયો. સમયચક્ર બદલાઈ ગયું. વિહારની દિશા નિર્ધારિત થઈ ગઈ. પૂર્વ ભારતનાં દરેક ક્ષેત્રોમાં સંઘોની મિટિંગ થવા લાગી. ગુરુદેવો આ તરફ પધારે છે તે કલ્પનાથી જ સૌના મન-મયૂર નાચી ઊઠ્યા હતા. ગોંડલ સંપ્રદાયના પોતાના ગુરુદેવોના અહીં ઘરઆંગણે પદાર્પણ થાય તે વાત વિચારની સીમાથી પરે હતી. તેની જગ્યાએ કલ્પના આજે નક્કર હકીકત બની મૂર્તિમંત થવાની હતી.

બનારસમાં ગોચરી માટે, અભ્યાસ માટે કે કોઈ પણ કારણથી જયંતમુનિને બહાર જવાનું થાય ત્યારે તેમની સાથે રહેવા માટે મોતીલાલ નામના એક માણસની નિમણૂક કરી હતી. વિહારમાં પણ મોતીલાલને સાથે રાખવાનું નક્કી કર્યું હતું. તે ઉપરાંત હજુ એક હોશિયાર માણસની જરૂરત હતી. જુઓ, કુદરત કેવી રીતે માણસ આપે છે!

વિહારને હજુ બે દિવસની વાર હતી. દરમિયાન મુનિશ્રી બનારસના જૂના કિલ્લા તરફ "દિશા મેદાન" અર્થે પધાર્યા હતા. એ સમયે એક યોગ બન્યો. એક માણસ ત્યાં જંગલમાં ઝાડવા પાસે ઊભોઊભો કોગળા કરતો હતો. તપસ્વી સંતો જોઈને આ માણસે નમસ્કાર કર્યા.

પૂ. તપસ્વી મહારાજે પૂછ્યું, "તારું નામ શું છે?"

પેલા માણસે જવાબ આપ્યો, "ગુરુજી, મારું નામ હીરાસિંગ છે."

પૂ. તપસ્વી મહારાજે તેની સાથે વધારે વાત કરી અને પૂછ્યું, "તું ક્યાં રહે છે?"

"ચકિયા." એટલું કહીને હીરાસિંગે ચકિયા ગામનો પરિચય આપ્યો, જે વારાણસીથી થોડે દૂર છે.

ગુરુમહારાજે ફરી પૂછ્યું, "અહીં કેમ આવ્યો છે?"

હીરાસિંગ બોલ્યો, "કામની શોધમાં."

તપસ્વીજીએ પૂછ્યું, "તબ હમારે સાથ ચલોગે?"

હીરાસિંગે તરત હા કહી. "હા, જરૂર ચલૂંગા."

આ કોઈ એવું મુહૂર્ત હશે કે હીરાસિંગ સંતો સાથે જોડાયો તે જોડાયો. આખી જિંદગી સાથે રહ્યો અને ગુરુદેવોની સેવા કરી.

હીરાસિંગને લઈને સંતો બી. બી. હટિયા આવ્યા. જગુભાઈ તથા મોહનભાઈને વાત કરી. તે બંને હીરાસિંગ સાથે વાત કરીને સંતુષ્ટ થયા.

હીરાસિંગને કહ્યું, "ઘરે જા અને તૈયાર થઈને આવ. બરાબર કાલ સાંજ સુધીમાં તું આવી જજે." માણસ વાતનો બહુ પાકો નીકળ્યો. તે તૈયાર થઈને આવ્યો અને જીવન સુધી સાથ નિભાવ્યો. ત્યારપછી અનુભવ થયો કે આ માણસ ઘણો ચોખ્ખો, સ્વચ્છ અને સજાગ હતો. ઈમાનદારીનું જાણે પૂતળું જ હતો. તેનામાં ઘણા ગુણો હોવાથી પૂર્વભારતના આખા વિહારમાં આ માણસ ઘણો જ ઉપકારી થયો. હિન્દીભાષી હોવાથી અને ગ્રામીણ પ્રદેશના માણસોના જીવન-વ્યવહારને જાણતો હોવાથી શ્રી જયંતમુનિજીનો સાથી જ બની ગયો.

આખો વિહાર લગભગ નવસો માઈલનો થતો હતો. રસ્તામાં કેવી જાતની વ્યવસ્થા કરવી અને સાથે રસોડું રાખવું કે નહિ તેનો વિચાર પણ ભાઈઓમાં ચાલતો હતો. એટલામાં કલકત્તા સંઘ તરફથી ત્ર્યંબકભાઈ બનારસ આવી પહોંચ્યા. ઉત્તમચંદભાઈ પંચમિયા પણ સપરિવાર પોતાની ગાડી સાથે આવ્યા. તેમના રાજગૃહી સુધી સાથે રહેવાના ભાવ હતા.

ત્ર્યંબકભાઈએ આવતાંની સાથે કહ્યું કે, "ગુરુમહારાજ, તમે આગળ ઘણા પરિષહો ભોગવ્યા છે. પરંતુ હવે આપને ખૂબ જ સાતાપૂર્વક લઈ જવા માટે અમે આવી ગયા છીએ. કલકત્તા શ્રીસંઘે બધી ગોઠવણ કરી છે. માટે આપ વિહારની જરા પણ ચિંતા કરશો નહીં."

ત્ર્યંબકભાઈનો પડકારો જોશીલો હતો. સાથે ઉત્તમચંદભાઈ પંચમિયા જેવા ઉદારદિલ શ્રાવક હતા. ખર્ચની જરાપણ પરવા ન હતી. બધું સારામાં સારી રીતે કરવું તેવી ભાવના હતી. વિહારમાં ઠેર ઠેર કલકત્તા કે પૂર્વભારતના સંઘોના માણસો દર્શન કરવા આવે તેને માટે પણ રસોડાની વ્યવસ્થા કરવાની હતી.

ત્ર્યંબકભાઈ બોલ્યા, "અમે બધી રીતે તૈયાર થઈને આવ્યા છીએ." જુઓ પ્રકૃતિની લીલા! ક્યાં આગ્રા સુધીનો વિહાર! કોઈ પણ પ્રકારની વ્યવસ્થા નહિ. શુદ્ધ સાધુપણાનો ભાવ. અણગારની રીતે અજાણ્યાં ઘરોમાં ગોચરી કરવાની અને પરિષહોનો સામનો કરી તપોમય 'વિહાર" કરવાનો હતો.

આગ્રાથી વારાણસી સુધીનો વિહાર સાતામય હતો. તેમાં સામાન્ય પરિષહો છોડી નિરાપદ

યાત્રા બની હતી. તે મધ્યમ કોટિનો વિહાર હતો. પરંતુ વારાણસીથી કલકત્તા સુધીનો વિહાર સંપૂર્ણ સુખમય, સાતા ઉપજાવે તેવો રાજાશાહી વિહાર હતો. આ વિહારની આગ્રા વિહારની સાથે કોઈ તુલના થઈ શકે તેમ નથી.

વારાણસીથી શ્રીસંઘે વળામણું કરવાનું નક્કી કર્યું હતું. ત્ર્યંબકભાઈને કહ્યું, "આ વળામણું અમારા શ્રીસંઘ તરફથી જ થશે."

બનારસનો સંઘ નાનો હોવા છતાં તેની ભાવના અણમોલ હતી. સાંજથી બી. બી. હટિયા સ્થાનકમાં મિટિંગ કરી બધી ગોઠવણ કરી લીધી હતી. વારાણસીથી પહેલો વિહાર મોગલસરાઈ સુધી થવાનો હતો. દસ માઈલનો વિહાર હતો. એ વખતે કિલોમીટરની વ્યવસ્થા સરકારે કરી ન હતી. બધે માઈલસ્ટોન લાગ્યા હતા. તારીખ ૧૬-૧૧-૧૯૫૧ના સવારના પહોરમાં ગુરુદેવોનું સ્મરણ કરી, પૂ. તપસ્વી મહારાજ તથા શ્રી જયંતમુનિજીએ વિહાર માટે પગ ઉપાડ્યો.

ફાગણ સુદ પાંચમ સં. ૨૦૦૨, તારીખ ૧૫-૩-૪૮ના દિવસે સાવરકુંડલાથી કાશી તરફ પ્રયાણ કર્યું હતું. ૩ વર્ષ અને ૮ માસના ગાળામાં મુનિશ્રીને અનેક અનુભવ થયા. કાશીમાં રહીને દર્શનશાસ્ત્રનો અભ્યાસ તો થયો જ, પણ આ સમય દરમિયાન જીવનવિદ્યાનો પણ અભ્યાસ થયો. અનેક અજાણ્યા વિસ્તારમાંથી પસાર થયા. ભારતના વિભિન્ન પ્રદેશોના જનજીવનને નજીકથી નિહાળવાનો અવસર મળ્યો. પરંપરાગત શિક્ષણ જે ન આપી શકે તેવું શિક્ષણ મળ્યું. લગભગ ચાર વર્ષનો આ સમય એક પ્રકારે જીવનમાં સ્વાધ્યાયનો યુગ રહ્યો. આ ચાર વર્ષમાં જે કંઈ મેળવ્યું, જે કંઈ પામ્યા તેનો ઉપયોગ સાધુજીવનની સાર્થકતા કરવામાં, તેને સાધનાના એક પ્રબળ અવલંબનરૂપે સ્વીકાર કરીને, ગુરુદેવની સેવાથી જે વંચિત રહ્યા તેનું પૂરું ઋણ ચૂકવવાના દૃઢ મનોબળ અને મનોરથ સાથે શ્રી જયંતમુનિજીએ તપસ્વીજી મહારાજ સાથે વારાણસીથી કલકત્તા તરફના મંગલ વિહારનો શુભારંભ કર્યો, સ્વાધ્યાયના ચરણમાંથી જીવનમાં જે કંઈ મેળવ્યું હતું તેના સિંચન-સંવર્ધનના ચરણમાં મંગલાચરણ કર્યાં.

❑



૧૩

# પૂર્વભારતનો ઐતિહાસિક વિહાર

પૂજ્ય તપસ્વીજી જગજીવનજી મહારાજ અને યુવાસાધુ શ્રી જયંતમુનિજીને પૂર્વભારતની ઐતિહાસિક વિહારયાત્રાનો મંગલ પ્રારંભ થયો. કાશીમાં કરેલો દર્શનશાસ્ત્રનો અભ્યાસ શ્રી જયંતમુનિજી માટે જ નહીં, બલ્કે સમગ્ર જૈનસમાજ માટે ભવિષ્યમાં એક સીમાચિહ્નરૂપ ઘટના બની રહી, તો તેમનો પૂર્વભારતનો વિહાર ભવિષ્યમાં એક મહત્ત્વના કીર્તિસ્તંભરૂપે પ્રસ્થાપિત થવાનો હતો. બંને શ્રમણો એક નવી કેડી કંડારી રહ્યા હતા.

'મંગલ વિહાર' નામના ગ્રંથમાં પૂ. તપસ્વીજી મહારાજે સાવરકુંડલાથી વારાણસી સુધીનો વિહારયાત્રાનો પૂર્વાર્ધ આલેખ્યો છે અને બીજા ભાગમાં વારાણસીથી કલકત્તા સુધીના ઉત્તરાર્ધનું વર્ણન આપ્યું છે. બીજા ભાગનો પ્રારંભ પૂ. તપસ્વી મહારાજ ચાર મંગલ દોહરાથી આ પ્રમાણે કરે છે :

(૧) પ્રથમ નમો ભગવંતને,
જય માણેક ગુરુ પાય.
નમો ગુરુ પ્રાણલાલજી
સદ્‌ગુરુ કરજો સહાય.

(૨) યુ.પી. કાશીથી આવ્યા,
આરા પટના બિહાર.
રાજગૃહી રળિયામણું
ગયા મધુવન મોજાર.

(૩) ત્યાંથી ઝરિયા જોઈને આવ્યા,
ટાટાનગર બિહાર.

ખડકપુર થઈ પહોંચ્યા
કલકત્તા બંગાળ મોજાર.

(૪) વિસ્તારથી વર્ણન કરું,
વિહાર ઘણો મહિમાય,
સ્મરણ સરસ્વતી તારું,
કરવા મુજ કામ સહાય.

અર્થાત્ તપસ્વી મહારાજે વિહારનું આકલન કરતા સસરામ આરા, પટના, રાજગૃહી, મધુવન, ઝરિયા અને ટાટાનગરથી કલકત્તા સુધી જવાનો નિશ્ચય જાહેર કર્યો.

વિહારમાં સાથ આપવા માટે વારાણસીનાં ધર્મપ્રેમી શ્રાવકો અને શ્રાવિકાઓ તો મોટી સંખ્યામાં હતાં. એ સાથે જૈનદર્શનના અભ્યાસની પ્રતિષ્ઠિત સંસ્થા પાર્શ્વનાથ વિદ્યાશ્રમના અધ્યક્ષ તથા એના વિદ્યાર્થીઓ તથા જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય વિદ્વાન શ્રી દલસુખભાઈ માલવણિયા તથા મુનિશ્રી સાથે સંબંધ ધરાવતા તમામ ગુજરાતી ભાઈઓ વિહારમાં સાથ આપવા માટે ચાલી નીકળ્યા હતા. આ સર્વમાં આત્મારામભાઈ સૌથી મોખરે હતા અને તેઓ પ્રત્યેક કાર્યમાં મહત્ત્વની ભૂમિકા બજાવતા હતા અને તે રીતે સમાજને નવીન ઉત્સાહ અને પ્રોત્સાહન પૂરું પાડતા હતા.

આ સમયે પણ તેઓ પ્રસંગને દીપાવી રહ્યા હતા. મુનિશ્રી બી. બી. હટિયાથી વિહાર કરી વારાણસીના રાજઘાટ ઉપર બનેલા વિશાળ ગંગા પુલ પરથી પસાર થયા. પુલ પરથી ગંગાજીનું દૃશ્ય અતિ સોહામણું લાગતું હતું. ગંગાના વિશાળ પટની જેમ પુલ પણ વિશાળ હતો. ગંગા એ દેશની લોકમાતા છે. એને કિનારે ભારતની સંસ્કૃતિ ખીલે છે. એના દર્શનથી મનમાં ઉલ્લાસ અનુભવતા સહુ ગંગાને પેલે પાર ઊતરી ગયા.

ગંગાને પેલે પાર મોગલસરાઈ સ્ટેશન મોટું રેલવે જંક્શન છે. ભારતના પૂર્વ ઝોનનું સૌથી મોટું રેલવે જંકશન હોવાથી રાત-દિવસ ગાડીઓની સતત અવર-જવર ચાલતી હતી. મોડી રાતે પણ સ્ટેશન પર મુસાફરોની અવરજવર ચાલુ રહેતી.

જંક્શનથી થોડે દૂર આવેલા વિસ્તારમાં ઘણાં જૈન કુટુંબો વસતાં હતાં. તેમાં મનજીભાઈ કોન્ટ્રાક્ટર આગેવાન હતા. તેમને ધર્મમાં દૃઢ શ્રદ્ધા અને સંતો પ્રત્યે અપાર ભક્તિ હતી. તેમણે પોતાના મકાનમાં ઉપાશ્રય કર્યો હતો. અહીં બનારસના સંઘે વળામણું રાખ્યું હતું, જેમાં ૩૦૦થી ૪૦૦ માણસોનું સાધર્મિક વાત્સલ્ય થયું. કાર્યક્રમ શાંતિથી સંપન્ન થયો. અહીં કાનપુરના શ્રાવકો તેમજ સંબલપુરથી શ્રી જયંતીભાઈ સુતરિયા પણ દર્શનાર્થે આવ્યા હતા. શ્રી ત્ર્યંબકભાઈ તથા હરિભાઈ ઊભા પગે સહુની સેવા બજાવી રહ્યા હતા. વિહારયાત્રા સરસ રીતે આગળ ધપતી હતી.

બનારસથી જી. ટી. રોડ તરફ વિહારયાત્રા આગળ ચાલી. આ જી. ટી. રોડ ઉપર સસારામ નામનું જાણીતું ઐતિહાસિક નગર આવેલું છે. મોગલ બાદશાહ હુમાયુને હરાવી દિલ્હીના તખ્ત પર બેસનાર લોકપ્રિય વીર અફઘાન શેરશાહનો અહીં મકબરો બાંધવામાં આવ્યો હતો. શ્રી જયંતમુનિજી આ મકબરો જોવા માટે પધાર્યા હતા. (મકબરો જોયા પછી મુનિશ્રીને લાગ્યું કે સ્થળ અને કાળ જન્મને પ્રભાવિત કરી શકે છે.)

શેરશાહે દિલ્હીથી આઝીમગંજ અને ઝીયાગંજ થઈને મુર્શીદાબાદ સુધી એક વિશાળ રાજમાર્ગ બનાવ્યો હતો. આવો વિશાળ માર્ગ બાંધવાની મોગલાઈ કાળની એ પહેલી ઘટના હતી. શેરશાહે પ્રજાકલ્યાણનું ઐતિહાસિક કાર્ય કર્યું હતું. દિલ્હીથી આગ્રા અને કાનપુર થઈને આ રાજમાર્ગ વારાણસી પહોંચતો હતો. એ જ માર્ગ પૂર્વમાં ગંગાજીના તટ સુધી ફેલાયેલો હતો. ભારતનું આધિપત્ય મેળવ્યા પછી અંગ્રેજોએ પ્રથમ કાર્ય આ મહત્ત્વના રાજમાર્ગને સમારકામ કરીને ફરી ધમધમતો કરવાનું કર્યું હતું અને તેને ગ્રાન્ડ ટ્રંક (જી. ટી.) રોડ એવું નામ આપ્યું. હિન્દુસ્તાનનો આ સૌથી મોટો રાજમાર્ગ છે, જે અત્યારે નૅશનલ હાઈવે નંબર એક ગણાય છે. રાતદિવસ હજારો ટ્રક અને ગાડીઓ આ રાજમાર્ગ પરથી દેશનાં મહત્ત્વનાં શહેરોમાં મુસાફરો અને માલસામાનને પહોંચાડે છે.

સસારામ પછી જી. ટી. રોડ છોડી બીજા રાજમાર્ગથી પટના જવાય છે. રસ્તામાં વિક્રમગંજ, પીરો, ગઢતી વગેરે મોટાં ગામ હતાં. ત્યારબાદ આરા અને દાનાપુર થઈને પટના પહોંચવાનું હતું. આરા પણ એક મોટું શહેર છે.

### નવી પેઢીનું ઘડતર :

ધર્મસંસ્કારનું સિંચન બાળપણમાં થાય, તો જ તે સમય જતાં કલ્યાણમય વૃક્ષ રૂપે પરિણમે. વિદ્યાર્થીઓ અને યુવાનો ધર્મસંસ્કાર પામે, તો નવી પેઢીનું ભવિષ્ય ઊજળું બને. આથી શ્રી જયંતમુનિજીએ આ વિહારયાત્રા દરમ્યાન રસ્તામાં આવતી મિડલ સ્કૂલ, હાઇસ્કૂલ કે કૉલેજમાં પ્રવચન આપવાનો શુભારંભ કર્યો. વિદ્યાર્થીને સમજાય એવી શૈલીમાં ભાષણ આપતા હોવાથી વિદ્યાર્થીના ચિત્ત પર ગાઢ સંસ્કાર પડતા હતા. ગુરુદેવને યાદ છે કે સર્વપ્રથમ તેઓએ વિક્રમગંજ હાઇસ્કૂલમાં પ્રવચન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ ભારે હર્ષધ્વનિથી તેમને વધાવી લીધા હતા. વળી આ સાથે તમામ જનસમુદાય આવે તે માટે સ્થાનિક ભજનમંડળીને આમંત્રિત કરવામાં આવતી અને સૌ તેમનાં ભજનો સાંભળતાં. ભજનમંડળીના નિમિત્તે ગામની જનતા મોટી સંખ્યામાં એકત્ર થતી. મુનિશ્રી અડધો કલાક પ્રવચન આપી, દયા-ધર્મનું રહસ્ય સમજાવતા. ત્યારબાદ હાજર રહેલા તમામને પ્રસાદ આપવામાં આવતો. આ કાર્યક્રમથી એક સારું પરિણામ એ આવ્યું કે ગામની સમસ્ત જનતા જૈન સાધુના આચાર-વિચારથી પરિચિત થઈ. અહીંથી પદયાત્રી જૈન સાધુઓ પસાર

થયા છે તે હકીકત તેઓના હૃદયમાં કોતરાઈ ગઈ. આગંતુક અન્ય મુનિવરોનો માર્ગ સરળ થઈ જતો હતો. પ્રસાદ-વિતરણના કાર્યક્રમમાં શ્રીયુત ત્ર્યંબકભાઈ ઊંડો રસ ધરાવતા. વહેલી સવારે પ્રસાદ- વિતરણ માટે સારી વસ્તુ મંગાવી તૈયાર કરી રાખતા. આ રીતે વિહારને પગલે પગલે ધર્મભાવનાનો પ્રસાર થતો રહ્યો.

દરેક સ્થળે વ્યાપક દૃષ્ટિએ વ્યાખ્યાન આપવામાં આવતું. ધર્મના નામે કોઈ પણ જાતનું ખંડન-મંડન ન થાય તેનો પૂરો ઉપયોગ રાખવામાં આવતો. મધુર કંઠ ધરાવતો હીરાસિંગ રામાયણનો જ્ઞાતા હોવાથી ચોપાઈઓ સંભળાવીને જનરંજન કરતો. પીરો, ગઢતી ઇત્યાદિ મોટાં ગામોમાં જ્યાં જ્યાં પૂ. તપસ્વી મહારાજે વિશ્રાંત કર્યો ત્યાં ત્યાં શ્રી જયંતમુનિજીએ આ કાર્યક્રમ ચાલુ રાખ્યો, જેનો સારો પ્રભાવ પડતો હતો. વિદાય વખતે ગામના આગેવાન શ્રાવકો બે-ચાર માઈલ સુધી વળાવવા જતા. નિશાળોમાં યોજેલા કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓનો પ્રેમ પણ મળી જતો હતો.

બનારસથી સાથે આવેલો હીરાસિંગ અહર્નિશ ગુરુની સેવા કરવામાં લાગ્યો રહેતો. પ્રાતઃકાળે ચાર વાગ્યે વિહારનો શુભારંભ થતો ત્યારે હીરાસિંગ સ્વતઃ તૈયાર થઈ લાકડી લઈ આગળ ચાલતો. ક્યારેય તેને જગાડવો પડતો નહીં. ગામડાંનાં માણસો એકઠાં થયાં હોય, ત્યારે ઈશ્વરભજન કે રામયાણની ચોપાઈ ગાઈને ગ્રામ-સભાનું કામ ઉપાડી લેતો. મુનિ-મહારાજોની સેવામાં અહર્નિશ તત્પર રહેતો. અંતિમ શ્વાસ સુધી હીરાસિંગે એકધારી સેવા કરી. ઈમાનદારીમાં તેનો જોટો જડે તેમ ન હતો. સેવા, ભક્તિ અને નિષ્ઠાના ત્રિવેણીસંગમ ધરાવતા એના જીવનમાં પદે પદે સચ્ચાઈ હતી.

**દાનાપુર અને સોન નદી :**

વિહારયાત્રામાં બિહારનું મોટું રેલવે જંક્શન દાનાપુર આવ્યું, અહીં પૂજ્ય તપસ્વી મહારાજે વિશ્રામ કર્યો. અહીં સોન નદીની ધારા નજીક આવી જાય છે. સોન નદીનો વિશાળ પુલ પાર કરી આરા જવાનું હતું. નીચે રસ્તો અને ઉપર રેલવેનો પુલ હતો. આ બે માળના પુલની રચના વિશિષ્ટ લાગે. એ જોતાં વિચાર આવતો હતો કે ભૂતકાળમાં ભારતવર્ષ ઉચ્ચકોટિની વિદ્યાઓમાં ખૂબ આગળ વધેલું હતું એમ કહેવાય છે. પરંતુ એ યુગના માણસોને કોઈ એક નાનો સેતુ બાંધવાનું પણ કેમ ન સૂઝ્યું? રામેશ્વરનો સેતુ ફક્ત કથામાં છે. કોઈ પણ નદી ઉપર વિશાળ પુલ બાંધવાની કળા વિકાસ પામી નહિ હોય તેવું લાગે છે. બે તટને જોડનાર પુલ મનુષ્યને ઉપદેશ આપી જાય છે કે જો બન્ને પક્ષો વચ્ચે પ્રેમનો સેતુ બંધાય તો મતભેદ અને ક્લેશ દૂર થઈ જાય. જનતામાં સામંજસ્ય પેદા થાય. આ સિદ્ધાંતને સાચી રીતે સ્વીકારવામાં આવે તો વિશ્વ કેટલું બધું શાંતિમય બની રહે !

સોન નદીનો પુલ જોતાં લોકમાતા તરીકે ઓળખાતી નદીનું મહત્ત્વ સમજાય છે. ગંગા-

યમુના પછી સોન નદીનું સ્થાન છે. ખરેખર સોન નદીએ ચારે તરફ સોનું જ પાથર્યું છે ! પુલ પાર કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે સોને કરેલી કંચનવર્ષા નજરે નિહાળી શક્યા, પરંતુ અહંકારી મનુષ્યે સોન નદીએ તૈયાર કરેલી મૂલ્યવાન ભૂમિના વિવાદ ઊભા કરી સોનના લીલાકાંચન કાંઠાઓને રક્તરંજિત કર્યા છે. પૂ. ગુરુદેવ કહે છે કે એ વખતે તો સોન પાર કરવાનો અમારો પ્રથમ પ્રસંગ હતો. ત્યારબાદ બિહાર અને ઝારખંડના પર્વતીય પ્રદેશોમાં યાત્રાઓ થઈ ત્યારે અનેક વાર સોનનાં મનભર દર્શન થયાં છે.

**આરા – જૈન કોલેજ અને બાલાશ્રમ; ચંદ્રાબહેનની અદ્‌ભુત સેવા :**

પુલ પાર કર્યા પછી આરા નગરમાં પ્રવેશ થયો. આરા એક પ્રકારે જૈન નગરી છે. અહીં દિગંબર જૈનોનાં બસો જેટલાં ઘર છે. સુખી-સંપન્ન ધનાઢ્ય વેપારીઓ જૈન સમાજની શોભા વધારી રહ્યા છે. ત્રીસ જેટલાં જૈન મંદિરો છે. કેટલાંક શિખરબંધ છે, જ્યારે કેટલાંક ઘર-દેરાસર છે. આરાની મયણાસુંદરી ધર્મશાળા ઘણી આયોજનબદ્ધ, વ્યવસ્થિત અને આશીર્વાદરૂપ છે. વળી આરાની જૈન કૉલેજમાં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

બિહારના આવા અંતરાળ પ્રદેશમાં ભવ્ય જૈન મંદિરો અને રળિયામણી જૈન ધર્મશાળા જોઈને તપસ્વીજી મહારાજ અને શ્રી જયંતમુનિજીને આશ્ચર્ય સાથે પ્રસન્નતા થઈ. કાઠિયાવાડ – ગુજરાતમાં તો ભાગ્યે જ કોઈએ આરાનું નામ સાંભળ્યું હશે ! એવી આ આરા નગરીમાં આપણા જૈનભાઈઓ પોતાની હિંમત, સાહસ અને કૌશલ્યથી મોટા પાયે વ્યાપાર ખેડી રહ્યા હતા તે જાણીને મુનિરાજો અત્યંત ગૌરવની લાગણી અનુભવી રહ્યા હતા. તેથી પણ વિશેષ સંતોષ એ વાતનો થયો કે આ જૈન કુટુંબો આવા દૂરના પ્રદેશમાં પણ જૈન શાસનનો ધ્વજ લહેરાવી રહ્યાં હતાં. આરામાં જૈનસમાજના પ્રભાવનો હૃદયંગમ અનુભવ થયો. નિર્મળકુમાર જૈન આરાના સમગ્ર જૈન સમાજનું અને પૂર્વભારતના દિગંબર સમાજનું સંચાલન કરતા હતા.

આરાની બહાર જૈન બાલાશ્રમના વિશાળ આશ્રમમાં સેંકડો કન્યાઓ વ્યવહારિક કેળવણીની સાથે જૈન ધર્મનું શિક્ષણ મેળવે છે અને જૈન સંસ્કારોથી સ્વજીવનને સુવાસિત કરે છે. જૈન સમાજના પ્રમુખ પરિવારનાં ચંદ્રાબહેનને બાળવૈધવ્ય આવ્યું. એ સમયે જૈનોમાં પુનર્લગ્નનો રિવાજ ન હતો એટલે શિક્ષિત ચંદ્રાબહેન કેવી રીતે જીવન વ્યતીત કરે તે એક પ્રશ્ન હતો. તેઓએ શ્વસુર પક્ષનાં સંબંધીઓને જણાવ્યું કે હું એક 'જૈન બાલાશ્રમ' સ્થાપિત કરી, સેવાકાર્ય કરવા માગું છું. સુધારક જૈન પરિવારે તેમને આરાની બહાર પચ્ચીસ એકરની વિશાળ જમીન આપી અને વિશાળ સંકુલનું નિર્માણ કર્યું. ચંદ્રાબહેને આ સંસ્થાને માટે સમગ્ર જીવન સમર્પિત કર્યું. રાતદિવસ અથાગ પરિશ્રમ કરીને સંસ્થાના વિકાસ માટે સતત પ્રયાસ કર્યા. એનું ઘણું સુંદર પરિણામ આવ્યું. આશ્રમમાં બાહુબલિની વિશાળ મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. સમગ્ર બિહારમાં તેમનું નામ જાણીતું

થઈ ગયું છે. સરકારે તેમને 'અભિનંદન ગ્રંથ' સમર્પિત કર્યો. એક વ્યક્તિ સમર્પણશીલતાથી સેવાકાર્ય કરે, તો બીજમાંથી મહાન વૃક્ષ સર્જી શકે છે. દુઃખના સમયે રડવાને બદલે જીવનદિશાનું પરિવર્તન કરવાથી દુઃખ ઓછું થાય છે અને એક નવી સુખદ સ્થિતિનો જન્મ થાય છે. ચંદ્રાબહેન આ વાતનું જીવંત દૃષ્ટાંત છે.

**ઝરિયાના સંનિષ્ઠ શ્રાવક :**

આરામાં પૂજ્યશ્રી મયણાસુંદરી ધર્મશાળામાં ઊતર્યા હતા ત્યારે ઝરિયાથી થોડા શ્રાવકો દર્શન કરવા માટે આવ્યા. થોડું અંધારું થઈ ગયું હતું. તેઓ આવીને ચૂપચાપ બેઠા.

પૂજ્ય તપસ્વીજી મહારાજે પૂછ્યું, "શ્રાવકજી, ક્યાંથી આવો છો?"

"સાહેબ, અમે ઝરિયાથી આવ્યા છીએ. સાથે મુંબઈના મહેમાનો છે." જવાબ આપનાર વ્યક્તિએ મધુર અવાજે નમ્રતાપૂર્વક અને હસતે ચહેરે ઉત્તર આપ્યો.

પૂજ્ય તપસ્વી મહારાજ થોડા ખુશ થયા હોય તે રીતે બોલ્યા, "ભાઈ, તમારું નામ શું છે ?"

"સાહેબ, મારું નામ શંકરલાલ."

જયંતમુનિને થોડું હસવું આવ્યું. તેમને થયું, અરે! આ તો કોઈ બ્રાહ્મણ લાગે છે. પરંતુ એમની વાતચીતમાં વિવેક હતો. મુખ આડું કપડું રાખી જતનાથી વાત કરતા હતા. પૂજ્ય તપસ્વીજી મહારાજને ટેવ હતી કે નવો આગંતુક આવે કે તેનું પૂરું નામ-ઠામ લખી લેતા. તેમનું પૂરું નામ શંકરલાલ ઉમિયાશંકર મહેતા હતું. આમ તેમના સંપૂર્ણ નામમાં પણ વિરોધ હતો – નામ બ્રાહ્મણનું અને અટક વણિક !

પૂ. મહારાજ સાહેબે વાત કઢાવતા પૂછ્યું, "દેશમાં કયું ગામ છે?"

"સાહેબ, અમે મૂળ મોરબીના દશાશ્રીમાળી વણિક જાતિના છીએ. ઝરિયામાં ઉમિયાશંકર કેશવજી નામની અમારી પેઢી ચાલે છે."

કેમ જાણે તે ભાઈ સમજી ગયા હોય કે શંકરલાલ ઉમિયાશંકર નામ સાંભળીને પૂજ્ય તપસ્વીજી મહારાજના મનમાં સંદેહ થયો હશે, એટલે એમણે હસતા-હસતા પરિચય આપી દીધો.

સાથે આવનાર ભાઈ મુંબઈના સુપ્રસિદ્ધ રવિચંદ્રજી સુખલાલભાઈના પુત્ર શ્રી કુંદનલાલ હતા. બીજા નૌતમલાલ હતા, જેઓ અત્યારે સાધુ થઈને મુંબઈમાં વિચરે છે. પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા કુંદનલાલ સંસ્કારી યુવક હતા. તે સમયે સૌ દર્શન કરી પાછા ફર્યા, પરંતુ ત્રણેય વ્યક્તિ પુનઃ તૈયાર થઈને વિહારમાં સાથ આપવા માટે દાનાપુર આવી પહોંચ્યા હતા.

શંકરભાઈને પ્રથમ પરિચયે જયંતમુનિશ્રી અને તપસ્વીજી મહારાજ પ્રત્યે એવી શ્રદ્ધા બંધાઈ

કે તેમણે અંતિમ શ્વાસ સુધી મુનિઓની એકધારી સેવા બજાવી. તેમની સાથે બગસરાનિવાસી શ્રી શામળજીભાઈ ઘેલાણી અને કલકત્તાથી રતિભાઈ ઘેલાણી તથા મગનભાઈ દેસાઈ પણ સામેલ થયા. ચાર વ્યક્તિની એક મંડળી થઈ ગઈ. તેઓ સેંકડો માઈલ સુધી વિહારમાં જોડાતા રહ્યા.

નિશાળો અને કૉલેજોમાં સંસ્કાર આપવાની ઇચ્છા રાખનાર મુનિશ્રીની ભાવના આરાની જૈન કૉલેજમાં પ્રવચન આપવાની હતી. આ કૉલેજમાં પંદરસો વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા, પરંતુ એક જૈન શ્રાવકે સલાહ આપી, "સાહેબ, ત્યાં જવા જેવું નથી. આ કૉલેજિયનો તો વ્યાખ્યાન સાંભળવું દૂર રહ્યું, પરંતુ ફજેતી કરે તેવા છે."

આની પરવા કર્યા વિના શ્રી જયંતમુનિજી કૉલેજમાં પધાર્યા, જ્યારે પૂજ્ય તપસ્વી મહારાજ મયણાસુંદરીની ધર્મશાળામાં રોકાયા હતા. હિન્દી વિભાગના પ્રોફેસર બાલમુકુન્દજીને સૌપ્રથમ મળ્યા. તેઓ અત્યંત વિવેકી અને ધર્મભક્તિવાળા હતા. પ્રવચનની વાત સાંભળીને બોલ્યા, "મુનિજી, આપ પ્રવચન દે સકતે હો. કિંતુ કોલેજિયનોં કો સમ્હાલને કા સામર્થ્ય હોના ચાહિયે. વરના યે લોગ હમારે કંટ્રોલ મેં નહિ રહેંગે."

મુનિજીએ કહ્યું, "આપ ઇસકી ફિકર ન કરેં ઔર વ્યવસ્થા કરેં."

શ્રી બાલમુકુન્દજીએ પ્રિન્સિપાલને મળી વ્યવસ્થા કરી. કૉલેજના પ્રાંગણમાં એક વિરાટ સભાનું આયોજન થયું. પ્રવચન સાંભળતાં જ બધા વિદ્યાર્થીઓ ખુશ થઈ ગયા. રમૂજની સાથે છાત્રોને અનુકૂળ વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. વિષય હતો કે સરસ્વતી ન હોય તો લક્ષ્મી અને શક્તિ બન્ને મનુષ્યના, સમાજના કે રાષ્ટ્રના વિનાશનું કારણ બને છે. જ્ઞાન અને તે પણ સદ્જ્ઞાન જ મનુષ્યનો ઉદ્ધાર કરી શકે છે. વિદ્યાર્થીઓએ તાળીઓ પાડીને પ્રવચન આગળ ચલાવવા આગ્રહ કર્યો.

મુનિશ્રીએ એક કલાકને બદલે લગભગ દોઢ કલાક સુધી પ્રવચન આપ્યું. શ્રી જયંતમુનિજીની ઉંમર નાની હોવાથી સહુના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા. બાલમુકુન્દજી તો અતિ પ્રસન્ન થઈ ગયા. કૉલેજથી વિદાય લીધી ત્યારે કૉલેજના બસો વિદ્યાર્થીઓ બાલમુકુન્દજીની આગેવાની હેઠળ મયણાસુંદરીની ધર્મશાળા સુધી મૂકવા માટે સાથે આવ્યા. કૉલેજમાં પ્રવચન આપવાનો આ મધુર અનુભવ સદા માટે હૃદયમાં અંકિત થઈ ગયો.

આરાના શ્રી નેમિચંદજી શાસ્ત્રી નામાંકિત વિદ્વાન હતા. નીતિશાસ્ત્રના ઉચ્ચ કોટિના જાણકાર હતા અને તેમણે ચાર મહાખંડમાં પ્રસિદ્ધ થયેલા જૈન ઇતિહાસનું સંપાદનકાર્ય કર્યું હતું. તેઓની સાથે પરિચય થતાં દિગંબર–શ્વેતાંબર શાસ્ત્રોના મૂળભૂત મતભેદ કયા કયા છે તેની સૂક્ષ્મ ચર્ચા થઈ. તેઓ શ્વેતાંબર આગમોના પક્ષધર હતા. તેમની સાથેનો પરિચય અને ધર્મચર્ચા અત્યંત ફળદાયી રહ્યાં. આરાના ઉદ્યોગપતિ શ્રી નયનકુમાર જૈન સાથે પરિચય થયો. તેમણે જીવનભર ગાઢ સંબંધ રાખ્યો. આરાની ચાર દિવસની સ્થિરતા જ્ઞાનાનંદમય બની રહી.

**ઐતિહાસિક પટના :**

આરાથી પુલ પાર કરીને મુનિશ્રીઓ દાનાપુર આવ્યા. દાનાપુરમાં પટનાનાં ભાઈ-બહેનો ઉપસ્થિત હતાં. ત્ર્યંબકભાઈ સર્વ મહેમાનોનું હાર્દિક સ્વાગત કરતા હતા. ઓતમચંદભાઈ પંચમિયા તથા તેમનો પરિવાર વિહારમાં સાથે ચાલતો હતો. એમની ગાડી પણ સાથે હતી. તે આગળ જઈ બધો પ્રબંધ કરતા અને યોગ્ય સ્થાન શોધી લેતા. તેમની સેવા મુનિવૃંદને સાતા ઉપજાવતી હતી.

મુનિશ્રીએ ૧૯૫૧ની બીજી ડિસેમ્બરના દિવસે પટનામાં ધામધૂમથી પ્રવેશ કર્યો. પટના મોટું શહેર હોવાથી ત્યાં ત્રણ વિહાર થયા. મુનિશ્રી પ્રથમ મીઠાપુર વિસ્તારમાં પધાર્યા, ત્યાર પછી બાંકીપુર, પટના શહેર અને ફતેપુરમાં વિહાર કરીને પધાર્યા હતા. પટના શહેરમાં વિશેષ રોકાણ થયું અને ૧૯૫૧ની સાતમી ડિસેમ્બરે પટનાથી આગળ વિહારયાત્રા આરંભાઈ.

મુનિશ્રીએ મીઠાપુરમાં શાંતિભાઈ કોઠારીને ત્યાં થોડો સમય સ્થિરતા કરી. કોઠારી પરિવાર દેરાવાસી હોવા છતાં એમની ભક્તિમાં અંશ માત્ર પણ ભેદભાવ ન હતો. તેમની ભક્તિ સવાઈ હતી. એ સમયે પટનામાં શ્રીયુત જેઠાલાલભાઈ અનોપચંદભાઈ શેઠ, કાંતિભાઈ અજમેરા, ફૂલચંદભાઈ કામદાર, નગીનભાઈ અજમેરા તથા હરિભાઈ વગેરે અગ્રેસર શ્રાવકો સમાજનું નેતૃત્વ સંભાળતા હતા. પ્રથમ વાર જ જૈન મુનિઓ પધારતા હોવાથી જુદા જુદા સંપ્રદાયના શ્રાવકોને સંગઠિત થવાનો આ સુવર્ણ અવસર મળ્યો હતો. સ્થાનકવાસી જૈન સંઘ ઉદયમાન થયો. શાંતિભાઈ કોઠારી તેમાં પૂરેપૂરા જોડાયા હતા અને પટના સ્થાનકવાસી જૈન સંઘની સ્થાપના થઈ અને ઉપાશ્રય બાંધવાનો નિર્ણય કરવામાં આવ્યો.

પટના શહેરમાં ગુરુદ્વારાની પાછળની ગલીમાં આવેલા જૈન મંદિરની શેરીમાં દેરાવાસી ઓસવાળનો વસવાટ હતો. એમના મંદિરની પણ અનુપમ શોભા છે. પૂજ્ય મુનિવરો મંદિરની નજીકમાં આવેલી ધર્મશાળામાં ઊતર્યા હતા. ત્યાં પ્રતિદિન જયંતમુનિનાં પ્રવચન થતાં હતાં.

પટનામાં વારાણસી, જમશેદપુર, ઝરિયા અને કલકત્તાના અગ્રણી શ્રાવકો દર્શન કરવા આવ્યા હતા. શેઠ શ્રી નરભેરામભાઈ કામાણીએ સંઘમાં સ્વામીવાત્સલ્ય ભોજન કરાવ્યું.

**સંકલ્પની પ્રબળતા :**

પટનાના શ્રી નાનજીભાઈ અજમેરા અંતિમ શ્વાસ લઈ રહ્યા હતા. પક્ષાઘાત (લકવા) હોવાથી તેઓ સર્વથા અપંગ હતા. પરંતુ તેમની તીવ્ર ઇચ્છા હતી કે ગુરુદેવનાં દર્શન કરીને પરલોક પ્રયાણ કરવું. જુઓ તો ખરા ! આટલા દૂર આવેલા બિહાર પ્રદેશમાં આપણા સંતોની ઉપસ્થિતિની કલ્પના પણ ન થઈ શકે, ત્યાં આ પુણ્યશાળી આત્માએ આવો કઠિન સંકલ્પ કર્યો અને પૂજ્ય તપસ્વી મહારાજનાં દર્શન થતાં તે પૂર્ણ થયો. ખરેખર, તેમને માટે એક અપૂર્વ ઘડી આવી ગઈ.

ત્યાર પછી થોડા દિવસમાં તેમણે પ્રાણત્યાગ કર્યો. સતત ત્રણ વર્ષની એમની ભાવના પરિપૂર્ણ થઈ. પોતાના ઘેર રામ આવશે એ આશામાં જેમ શબરી સતત ત્રણ વરસ સુધી ભગવાન રામના સ્વાગતની તૈયારી કરતી રહી અને છેવટે તેનો ભક્તિયોગ પૂરો થયો હતો, તે જ રીતે નાનજીભાઈની ધર્મપૂર્ણ મનોકામના પૂર્ણ થઈ.

**આનંદરાજ જૈનની વિશિષ્ટ સેવા :**

પટના શહેરમાં આનંદરાજ જૈન પંજાબના સ્થાનકવાસી જૈન હતા. મુનિવરો પ્રત્યે તેમણે ઉત્કટ ભક્તિ પ્રદર્શિત કરી. તેમણે મુનિવરોના ઇતિહાસની અને તપસ્વીજી મહારાજના તપની આરાધનાની ટૂંકમાં નોંધ કરી. તેમણે તપસ્વી મહારાજનું હાર્દિક અભિવાદન કર્યું. વિહારક્ષેત્રની અને ત્યાંની વિરાટ તપશ્ચર્યાઓની માહિતી મેળવી. પોતે નાની-મોટી કાવ્યરચના કરતા. આ અવસરે તેમણે તપસ્વી મહારાજ તથા શ્રી જયંતમુનિ ઉપરં કવિતાની રચના કરી સૌને ભાવવિભોર કરી દીધા. તેઓ ગાંધીજી પ્રત્યે અનન્ય શ્રદ્ધા ધરાવતા હતા અને ખાદીધારી હતા. તેમણે આઝાદીની લડતમાં પણ ભાગ લીધો હતો. અત્યારે વૃદ્ધ હોવા છતાં અનેરું ખમીર ધરાવતા હતા. તેમણે એકત્ર કરેલી સામગ્રીનું એક પુસ્તક બહાર પાડ્યું હતું. તેમાં પૂ. તપસ્વીજી મહારાજનો ફોટો મૂકી, સારું એવું વર્ણન કરી, શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. આવા શ્રાવકોની સમાજમાં ખરેખર ઘણી જ આવશ્યકતા છે.

પટના શહેરના ઇતિહાસ પર દૃષ્ટિપાત કરીએ. પટના શહેરનું ઐતિહાસિક નામ પાટલીપુત્ર છે. પાટલીપુત્ર એક સમયે સંપૂર્ણ ભારતનું કેન્દ્રસ્થાન હતું. પાટલીપુત્રનો પ્રભાવ સમગ્ર દેશમાં પડતો હતો. ચંદ્રગુપ્ત મૌર્ય, સમ્રાટ અશોક, ગુપ્ત વંશના રાજવીઓ ઇત્યાદિ સમ્રાટો પાટલીપુત્રમાં પોતાનો પ્રભાવશાળી ઇતિહાસ મૂકી ગયા છે. કાળક્રમે પાટલીપુત્રનો નાશ થયો. પાટલીપુત્ર પર નદી તથા ધરતીકંપ જેવી કુદરતી આપત્તિનો કોપ વરસ્યો હતો. પાટલીપુત્ર એટલે આજનું પટના. પટના આજેય મોટું શહેર છે. ઈ.સ. ૧૯૩૪ના ધરતીકંપે પટનાને પારાવાર નુકસાન કર્યું. ત્યારબાદ પટના ફરી એની ભૂતકાળની જાહોજલાલી મેળવી શક્યું નથી. વર્તમાન બિહારની રાજધાની હોવાને કારણે પટનાનું પુનઃ મહત્ત્વ વધ્યું છે. તે સમયે પટના ૨૪ માઈલ (૩૮ કિલોમીટર) લાંબું અને ૫ માઈલ (૮ કિલોમીટર) પહોળું હતું.

'પટના સીટી' એ પટનાનું હૃદયસ્થાન છે. આખું પટના શહેર પવિત્ર ગંગાના કિનારે વસેલું છે. અહીં ગંગાની ધારા બહુ જ નજીક હોવાથી ગંગાદર્શનનો અણમોલ લાભ મળતો હતો. લાગતું હતું કે જૈન શાસ્ત્રકારોએ વીરસ્તુતિમાં 'સલિલાણ ગંગા' શબ્દો ઉચ્ચારીને ગંગાને સાચો ન્યાય આપ્યો છે.

**સ્થૂલિભદ્રનું સ્મારક અને ભવ્ય સંભાવના :**

દિગંબર જૈન મંદિર તથા રેલવે ક્રોસિંગને પેલે પાર જૈનશાસનની ઐતિહાસિક કથાના સુશોભિત મહાન પાત્ર સ્થૂલિભદ્ર મહારાજની જીવનલીલાને સ્પર્શ કરતું સ્મારક બનાવવામાં આવ્યું છે. પૂ. મુનિશ્રી એ સ્મારક જોવા માટે સવારથી ત્યાં પધાર્યા. પટનાના જૈન સમાજને આપણા ઐતિહાસિક વારસાની જાણ થાય અને તે પ્રત્યે ગૌરવ થાય એ શુભ આશયથી ત્યાં સમાજનાં ભાઈ-બહેનો મોટી સંખ્યામાં આવે તેવી વ્યવસ્થા કરી. સમાજે સ્મારકના સ્થળે સાધર્મિક વાત્સલ્ય રાખ્યું હતું. મુનિશ્રીએ આખો દિવસ સ્મારક અને આસપાસના વિસ્તારનું નિરીક્ષણ કર્યું. સ્થૂલિભદ્રની સ્મારકભૂમિમાં કોશાનું જીવનપરિવર્તન તથા સ્થૂલિભદ્રજીના અપૂર્વ બ્રહ્મચર્યનો પ્રકાશ દૃષ્ટિગોચર થતાં હતાં.

આ આખું સ્થાન અવિકસિત અવસ્થામાં પડ્યું છે. પટના જેવા શહેરમાં જૈનોની પાસે આટલી ભૂમિની સંપદા હોવા છતાં અત્યાર સુધી જૈન સમાજ ત્યાં કશું કરી શક્યો નથી. સ્મારક સાવ નાનું છે. આખી કથાને વિકસિત કરી વારાણસીના સારનાથની જેમ જો મોટા પાયે સ્મારક બાંધવામાં આવે અને જૈન ઇતિહાસના જે કાંઈ અવશેષો મળે તેનું સંગ્રહાલય (મ્યુઝિયમ) બનાવવામાં આવે, તો સમગ્ર ભારતવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની જાય.

પાટલીપુત્ર ઐતિહાસિક નગર હોવાથી ત્યાં ઘણું જાણવાનું અને જોવાનું હતું. ગંગા નદીના કિનારે વિશાળ સંગ્રહાલય (મ્યુઝિયમ) હતું. તેમાં બૌદ્ધ અને જૈન સમયનાં બધાં ધાર્મિક ચિહ્નો અને પ્રતીકો તથા ઐતિહાસિક સામગ્રી રાખવામાં આવ્યાં હતાં. મૌર્ય અને ગુપ્તવંશી રાજાઓનો ભવ્ય ભૂતકાળ પ્રત્યક્ષ થતો હતો. તે ઉપરાંત મુનિશ્રીએ એક દિવસ પટના કૉલેજનું પણ નિરીક્ષણ કર્યું.

શીખ સમાજના સદ્ગુરુ ગોવિંદસિંહનું જન્મસ્થાન પટના છે, તેથી પટનામાં વિશાળ ગુરુદ્વારા છે. આસપાસમાં સેંકડો પંજાબી ભાઈઓ વસે છે. પટનાના વ્યાપારમાં તેમનું મહત્ત્વનું સ્થાન છે. તેઓ સુખી, સંપન્ન અને ધર્મ માટે ભોગ દેનારી પ્રજા છે. મુનિશ્રીએ ગુરુદ્વારાનાં દર્શન કર્યાં. અહીં ગુરુ ગોવિંદસિંહના બાલ્યકાળથી લઈ તેમના પુત્રોએ બલિદાન આપ્યું તે બધાં ચિત્રો દ્વારા એમની જીવનગાથા આલેખવામાં આવી છે.

ગુરુ ગોવિંદસિંહના પુત્રોના બલિદાનની કથા શ્રી જયંતમુનિજીએ બાળપણમાં વાંચી હતી. આજે ગુરુ ગોવિંદસિંહની જન્મભૂમિમાં તે બલિદાનની ચિત્રાવલી પ્રત્યક્ષ જોઈ, ત્યારે રૂંવાડાં ઊભાં થઈ ગયાં. આંખમાંથી આંસુ સરી પડ્યાં. ખરેખર! ભારતના ઇતિહાસમાં ગુરુ ગોવિંદસિંહ અને તેમના પુત્રોનું બલિદાન એક નક્ષત્રની જેમ ચમકતું રહેશે. પંજાબી ભાઈઓએ મુનિશ્રીનું સ્વાગત કર્યું અને ગુરુદ્વારામાં ભક્તિપૂર્વક લઈ ગયા. મુનિશ્રીએ ત્યાં પ્રાસંગિક પ્રવચન આપ્યું.

**સાંપ્રદાયિક એકતાનું અમૃત :**

મીઠાપુર દિગંબર મંદિર અને બીજાં બે દિગંબર મંદિરોમાં શ્રી જયંતમુનિજીએ પ્રવચનો કર્યાં. દિગંબર ભાઈઓએ અપૂર્વ ભક્તિ બતાવી. સાંપ્રદાયિક ભેદભાવોને સ્પર્શ કરવાથી વિષ ફેલાય છે. જ્યારે સાંપ્રદાયિક અભેદ ભાવની વાતો કરવાથી સમાજમાં અમૃત ફેલાય છે. શ્રી જયંતમુનિજી અભેદ ભાવોની ખાસ માન્યતા ધરાવે છે. તેઓ જૈનના બધા ફિરકાઓને એકતાની માળામાં મણકા રૂપે પરોવી, સુદૃઢ ઐક્યની અભિલાષા રાખે છે. તેઓ જ્યાં જ્યાં ગયા, ત્યાં સહુને અભેદના અમૃતનો અનુભવ કરાવ્યો.

ભેદ અને અભેદમાં વિષ અને અમૃત જેટલો તફાવત છે. સંપ્રદાયવાદીઓ ભેદભાવો ઊભા કરી સમાજની શૃંખલાને તોડી નાખે છે અને સંઘનાશનું મહાપાપ વહોરી લે છે. પોતાના અહંકારને કારણે તેઓ સમાજનું વિભાજન કરે છે અને ધર્મને નામે અણછાજતી સ્પર્ધાઓ યોજાય છે. એકબીજાને બૂરા કહેવામાં સાધુ અને સમાજની શક્તિનો વ્યય થઈ જાય છે. સામાજિક ઉત્થાનનું કાર્ય અટકી જાય છે. દિગંબર સમાજે હાર્દિક સ્નેહ પ્રગટ કર્યો અને સાંપ્રદાયિક સદ્‌ભાવની સુવાસનો સહુને અનુભવ થયો. એ જ રીતે દેરાવાસી ગુજરાતી તથા ઓસવાળ બંધુઓએ એકતાનો ડંકો વગાડ્યો. પરિણામે પટનામાં આનંદ-ઉત્સવ છવાઈ ગયો હતો. પટનાનું એક સપ્તાહનું રોકાણ દરેક રીતે સંતોષકારક રહ્યું.

❑



# ૧૪

# ભગવાન મહાવીરની પાવનભૂમિ

પટનાથી રાજગૃહી પહોંચવાનું હતું. પટનાથી બખ્તિયારપુરનો વિહાર ગંગાજીને કિનારે હતો. પટના છોડ્યા પછી અત્યંત ફળદ્રુપ લીલીછમ જમીન અને ધાન્યથી પૂર્ણ ખેતીનાં દર્શન થતાં હતાં. પૂ. તપસ્વી મહારાજે 'મંગળવિહાર'માં આ ભૂમિનું વિસ્તારથી વર્ણન કર્યું છે. હજારો વર્ષ પહેલાં જૈન મુનિઓ તથા દેવાધિદેવ તીર્થંકરો રાજગૃહી પધારતા તે પ્રસંગો મુનિશ્રીએ શાસ્ત્રોમાં તથા કથામાં વાંચ્યા હતા, પરંતુ અત્યારે તેઓ સાક્ષાત્ રાજગૃહી જઈ રહ્યા હતા તે કલ્પના રોમેરોમમાં આનંદ અને રોમાંચ જગાવતી હતી.

આ ભૂમિમાં હજારો જૈન શ્રમણ-શ્રમણીઓની ચરણધૂલિ પડી હતી. સ્વયં ભગવાન મહાવીર આ ક્ષેત્રમાં વિચર્યા હતા, એ યાદ કરતાં સંતોનું મન ગદ્ગદ થઈ જતું હતું. સ્થાનિક જનતા જ્યારે જૈન સાધુના ત્યાગની વાત સાંભળતી, ત્યારે એમ લાગતું હતું કે ભગવાન મહાવીર, ગણધર ભગવંતો અને મહાન આચાર્યોના આ ભૂમિમાં જે કાંઈ પાવન રજકણો પડ્યા હતા અને પ્રજામાં જે કાંઈ સંસ્કારો સુષુપ્ત અવસ્થામાં હતા તે જાગ્રત થઈ રહ્યા હતા. દેવાધિદેવ તીર્થંકર ભગવાનની ચરણરજના સ્પર્શથી સ્વયં સંતોના હૃદયમાં ઉત્કૃષ્ટ આલ્હાદભાવનાં મોજાં ઊછળી રહ્યાં હતાં. જનતા પણ મુનિઓ પ્રત્યે અપાર ભક્તિ બતાવતી હતી. જેમને જૈન સાધુના આચારનો જરા પણ પરિચય નહોતો તેવા ગ્રામજનો સંતોને દૂધ, દહીં, પૌંઆ, ફળ-ફળાદિ નિર્દોષ વસ્તુઓ વહોરાવવા લાગ્યા. જયંતમુનિજી તેમના ક્રમ પ્રમાણે કથા-વાર્તા દ્વારા સરળ હિંદી ભાષામાં ઉપદેશ આપતા હતા.

લોકો કથાશ્રવણ કરીને ધન્યતા અનુભવતા હતા. જેઓ શાકાહારી ન હતા તેવા ઘણા લોકોએ માંસાહારી ભોજનનો ત્યાગ કર્યો અને અહિંસક જીવન ધારણ કર્યું. આનંદ ઉપજાવે તેવું વાતાવરણ હતું. બખ્તિયારપુર સુધી ગંગાજીનો સાથ હોવાથી વિહારમાં અનેરો રંગ આવતો હતો. ભારતની આ મહાપવિત્ર નદીનાં જળના ઓઘના ઓઘ નિસ્પૃહ ભાવે વહી રહ્યા હતા. સ્ફટિક જેવું પાણી ઉપદેશ આપી જતું હતું. મુનિશ્રીના મુખમાંથી સરી પડતું... 'ધન્ય છે ગંગા!'

મોરબીવાળા કુંદનભાઈ તથા તેમના સાથી નૌતમલાલ બનારસથી પટના સુધી વિહારમાં સાથે હતા. મુંબઈના રવિચંદ સુખલાલના પરિવારે પટનાથી વિદાય લીધી. તેઓ અપૂર્વ પ્રેમ બાંધી ગયા હતા. ઝરિયાના સુપ્રસિદ્ધ શ્રાવક શંકરભાઈ સર્વપ્રથમ આરામાં દર્શનાર્થે આવ્યા હતા અને પ્રથમ દર્શનથી જ અપૂર્વ ભક્તિભાવ જાગ્રત થતાં, તે ફરીથી દર્શન માટે આવ્યા અને આગળ વિહારમાં જોડાવાની તૈયારી બતાવીને ગયા. શ્રી નરભેરામભાઈ કામાણી પટનાથી વિહારમાં સાથે જોડાયા હતા. તેમને જમશેદપુર સમાજના સન્માનનીય અને જાણીતા શ્રાવક ભીખાબાપા તથા દયાળજીભાઈ મેઘાણી સાથ આપી રહ્યા હતા.

શ્રાવકોની થોડી થોડી અવરજવર ચાલુ રહેતી હતી. પટનાના પાંચ યુવકો રાજગૃહી સુધી સાથ આપવા માટે તૈયાર થઈને આવ્યા હતા. વિહારમાં સૌ તેમને પાંચ પાંડવ કહેતા હતા. જેઠાલાલભાઈ (પટનાવાળા) ખાવા-પીવાના શોખીન હોવાથી રોજ નવી નવી વસ્તુઓ તૈયાર કરીને વિહારી બંધુઓને જમાડતા હતા. ત્ર્યંબકભાઈએ ભંડાર ખુલ્લો રાખ્યો હતો.

**બખ્તિયારપુર – સંસ્કૃતિના વિનાશનું પ્રતીક :**

૧૯૫૧ની આઠમી ડિસેમ્બરે બખ્તિયારપુર પહોંચ્યા અને એક બાવાજીના મંદિરમાં નિવાસ કર્યો. ભદ્રતાની મૂર્તિ સમા વૃદ્ધ બાવાજીએ તથા તેમના શિષ્યોએ મુનિમંડળનું હાર્દિક સ્વાગત કર્યું. મુસ્લિમ અમલ દરમિયાન આ ગામનું નામ બખ્તિયારપુર પડ્યું હતું. અલ્લાઉદ્દીન ખીલજીના કાકા બખ્તિયાર ખીલજીએ બિહાર પર ચડાઈ કરી અને તેના પર વિજય મેળવ્યો હતો. એણે નાલંદાના પ્રખ્યાત વિદ્યાલયનો ધ્વંસ કર્યો અને તેના બહુમૂલ્ય પુસ્તકાલયને બાળી નાખ્યું. પોતાના વિજયની સ્મૃતિમાં તેણે આ શહેરનું નામ બખ્તિયારપુર રાખ્યું. સંસ્કૃતિના નાશકનું નામ આજે પણ ચાલુ છે. છતાં અત્યારે આ શહેરમાં ભારતીય સંસ્કૃતિ પૂર્ણરૂપે જળવાઈ રહી છે.

**બિહારશરીફ :**

બખ્તિયારપુર પછી દિશા બદલાતી હતી. ગંગાજી પૂર્વ તરફ આગળ વધી જાય છે, જ્યારે રોડ દક્ષિણ દિશામાં વળાંક લઈ રાજગૃહી તરફ આગળ વધે છે. બખ્તિયારપુરથી રાજગૃહી સુધીનો સંપૂર્ણ માર્ગ કંચન વરસતી ખેતીથી શોભી રહ્યો હતો. આ ક્ષેત્રમાં મરચાંની બહુ પેદાશ છે. જમીન પણ ઘણી જ ફળદ્રુપ છે. માર્ગમાં આ ક્ષેત્રનું પ્રસિદ્ધ ગામ બિહારશરીફ આવે છે. તે રોડનું

જંકશન છે. બિહારશરીફથી સીધો માર્ગ પાવાપુરી અને નવાદા થઈને જી. ટી. રોડમાં મળી જાય છે, જ્યારે એક શાખા રાજગૃહી તરફ જાય છે. મુનિરાજ ૧૯૫૧ની ૧૦મી ડિસેમ્બરે બિહારશરીફ પહોંચ્યા.

બિહારશરીફમાં એક સમયે જૈનોની ઘણી વસ્તી હતી. અહીં ભવ્ય જૈન મંદિરો નજરે પડે છે. અહીંના ઓશવાળ પરિવારો મોટા જમીનદાર હતા. ધનાઢ્ય હોવાથી તેઓની ધાક હતી. જમીનદારી ખતમ થતાં અને સમયનું પરિવર્તન થતાં ઘણા પરિવારોની સ્થિતિ સામાન્ય બની ગઈ. શેઠ લક્ષ્મીચંદજી સુચન્તી અહીંના નામાંકિત વ્યક્તિ હતા. તેમના બહોળા પરિવારના ઘણા સભ્યો ભણીગણીને ભારતનાં બીજાં ક્ષેત્રોમાં વસી ગયા હતા.

શેઠજીએ તથા તેમના પરિવારના જ્ઞાનચંદજીએ મુનિમંડળનું ભાવભર્યું સ્વાગત કર્યું. તેમણે આ સમગ્ર ક્ષેત્રનો જૈન ઇતિહાસ વર્ણવ્યો. રાજગૃહી ધર્મશાળાના મુનીમ કનૈયાલાલજી પણ આવી પહોંચ્યા હતા.

બિહારશરીફની બાજુના પર્વત પર પીરની દરગાહ છે. શરીફ એટલે સત્યવાદી. બિહારમાં મુસલમાનો આ દરગાહને શરીફ એટલે સત્યવાદી તરીકે શ્રદ્ધાથી માને છે આના પરથી આ ગામનું નામ બિહારશરીફ પડી ગયું. મોટી સંખ્યામાં હિંદુ-મુસ્લિમ શ્રદ્ધાથી આ દરગાહ ઉપર જાય છે. શ્રી જયંતમુનિજી પણ દરગાહ જોવા માટે ઉપર ગયા. ત્યાં શ્રદ્ધાળુઓ માટે સારી વ્યવસ્થા ગોઠવી હતી. શ્રદ્ધાળુઓ લાલ-પીળા કપડાના ચઢાવા વૃક્ષ ઉપર બાંધે છે. બિહારશરીફમાં મુસલમાનોનું જોર વધારે છે. હિંદુ-મુસલમાનનું ઘર્ષણ અવાર-નવાર થયા કરે છે.

રાજગૃહી આવેલાં ઘણાં શ્રાવક-શ્રાવિકા મોટી સંખ્યામાં બિહારશરીફ પહોંચી ગયાં હતાં. સેવાનો લાભ લેવા માટે ઘણા શ્રાવકો સાથે ચાલી રહ્યા હતા. દરેક જગ્યાએ શ્રી જયંતમુનિજી હિન્દીમાં પ્રવચન આપતા હતા. ઉદયમાન અવસ્થા હોવાથી વાણી ખૂબ જોશીલી હતી. એમના પ્રવચનનું આકર્ષણ જામતું હતું. સાથેસાથે સ્કૂલો અને સાર્વજનિક સ્થળે પણ પ્રવચન આપવાનો યોગ બનતો હતો.

**નાલંદા – બૌદ્ધ સંસ્કૃતિના અવશેષ :**

બિહારશરીફથી રાજગૃહીનો સુધીનો રસ્તો મંગલમય બની ગયો. ભગવાન મહાવીરના જયનાદથી સમગ્ર ક્ષેત્ર ગાજવા લાગ્યું. રાજગૃહી પહોંચતા પહેલાં કુંડલપુર તથા નાલંદાનો સ્પર્શ કરવાનો હતો. કુંડલપુર એ નાનું જૈન તીર્થક્ષેત્ર છે. એ ગૌતમસ્વામીનું જન્મસ્થાન છે. બૌદ્ધ ઇતિહાસને ઉજાગર કરતી, વિશ્વવિખ્યાત બૌદ્ધ વિશ્વવિદ્યાલયની ભૂમિ તરીકે નાલંદા ઘણું પ્રસિદ્ધ છે. નાલંદાના ઇતિહાસની કથા પણ ભરપૂર માત્રામાં પ્રાપ્ત થઈ છે. વિશ્વના યાત્રીઓ અને ઇતિહાસકારો નિયમિત નાલંદા જાય છે. જૈન શાસ્ત્રોમાં પણ ઠેર ઠેર નાલંદાનું નામ આવે છે.

ભગવાન મહાવીરે નાલંદામાં ચોમાસાં કર્યાં હતાં તેવી શાસ્ત્ર શાખ પૂરે છે. તે સમયે નાલંદા રાજગૃહી નગરીનું એક મોટું ઉપનગર હતું.

શ્રી જયંતમુનિજીને આ ઐતિહાસિક સ્થાનનું નિરીક્ષણ કરવાનો ઉત્સાહ હતો. તેમણે ફરી ફરીને નાલંદા જોયું. જુદા જુદા રાજાઓએ જુદા જુદા સમયે જીર્ણોદ્ધારનું કામ કર્યું છે. નાલંદામાં જે ખોદકામ થયું છે તેમાં જુદા જુદા કાળના અવશેષો મળે છે અને દટાયેલી વસ્તુ ઉપર પુનઃ નિર્માણ કર્યું છે તે સ્પષ્ટ જોઈ શકાય છે. અત્યારે ભારત સરકારે ત્યાં મોટું મ્યુઝિયમ સ્થાપ્યું છે.

પૂ. તપસ્વી મહારાજે નાલંદા વિશે વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે અને 'દટન સો પટન, પટન સો દટન'નું વર્ણન કરી નાલંદાનાં ઉત્થાન અને પતનની વાત કરી છે. એક દિવસ નાલંદામાં પસાર કર્યો. સાથે સાથે કુંડલપુરનું પણ નિરીક્ષણ કર્યું. ત્યાં શ્વેતાંબર અને દિગંબરનાં મંદિરો અને ધર્મશાળા છે. નાલંદાનો જૈન ઇતિહાસ વિસ્મૃત થઈ ગયો છે અને ફક્ત બૌદ્ધના ઐતિહાસિક સ્થાન રૂપે વર્તમાન વિદ્વાનો એનું વર્ણન કરે છે. જૈન સાહિત્યને ઉજાગર કરી નાલંદાનો ઇતિહાસ પ્રગટ કરવાની જરૂરત છે.

**ભગવાન મહાવીરની કર્મભૂમિ :**

કુંડલપુરથી વિહાર કરી સીધા રાજગૃહી જવાનું હતું. જે નગરીમાં ભગવાન મહાવીરે ૧૪ ચાતુર્માસ કર્યાં હતાં તે પવિત્ર પાવન નગરી રાજગૃહીમાં ઈ. સ. ૧૯૫૧ની બારમી ડિસેમ્બરે પ્રવેશ થયો. રાજગૃહીના પ્રવેશને આજ પંચાવન વર્ષ પૂરાં થયાં છે. રાજગૃહીના પ્રવેશ સમયે ભાઈઓ અને બહેનોમાં જે ઉત્સાહ હતો અને જે ધામધૂમથી મુનિશ્રીએ પ્રવેશ કર્યો તે દૃશ્ય આજે પણ તેમની નજરે તાજું છે. કુંડલપુર પહોંચ્યા પછી વારાણસી, કાનપુર, કલકત્તા, જમશેદપુર, ઝરિયા, બરાકર અને પટનાનાં સેંકડો ભાઈઓ અને બહેનો પહોંચી ગયાં હતાં. આગળથી જ શ્વેતાંબર કોઠીમાં ચારસો-પાંચસો ભાઈ-બહેનો આવી ગયાં હતાં. શ્વેતાંબર કોઠીના મૅનેજર શ્રી કનૈયાલાલજીનો ઉત્સાહ અપાર હતો. સંપ્રદાયના કોઈ પણ ભેદભાવ વિના બધા યાત્રાળુઓની તેઓ હંમેશાં એકધારી સેવા કરતા હતા. આજે ખાસ વિશેષ વ્યવસ્થા કરી તેઓ સેવાનો લાભ લઈ રહ્યા હતા.

અત્યારે રાજગૃહી ઘણું વિસ્તાર પામ્યું છે. પચાસ વર્ષ પૂર્વે તે ઘણું નાનું હતું. પૂજ્ય તપસ્વી મહારાજનાં પગલાં થયાં પછી રાજગૃહીની ઘણી ઉન્નતિ થઈ છે તેમ કહી શકાય. રાજગૃહીની નાનકડી, સાંકડી ગલીઓમાંથી પાર થતાં મનમાં થતું હતું કે આ એ જ ભૂમિ છે, જ્યાં એ સમયની નવતેરી નગરીનાં વિશાળ ભવનો ઊભાં હતાં, હજારો તપસ્વી જૈન શ્રમણો અને અન્ય ધર્મના સાધુ-સંન્યાસી વિચરણ કરતા હતા અને ધર્મોપદેશ આપતા હતા. રાજગૃહીમાં પ્રવેશતાં જ તેનો ભવ્ય ઇતિહાસ મુનિશ્રીની આંખ સામે જીવંત બની ગયો હતો અને રોમરોમમાં આનંદ વ્યાપ્ત

થયો હતો. શ્રી જયંતમુનિજી અને તપસ્વીજી મહારાજ ગુજરાત જેવા સુદૂર પ્રદેશથી વિહાર કરી, રાજગૃહીમાં પગ મૂકનાર સર્વ પ્રથમ સ્થાનકવાસી સંઘના સાધુ હતા. બે હજાર વર્ષ પછી પુન: રાજગૃહીમાં આ રીતે આપણા સંતોનો પ્રવેશ થઈ રહ્યો હતો. આ ઐતિહાસિક ઘડીએ હૃદયમાં એક આનંદનું મોજું ફરી વળ્યું હતું. ભગવાન મહાવીર અને પાર્શ્વનાથ પ્રભુના જયનાદ સાથે શ્વેતાંબર કોઠીમાં પગ મૂક્યો અને શ્રી કનૈયાલાલજીએ ભાવભર્યું સ્વાગત કર્યું તે દૃશ્ય અને તે અવસર ખરેખર એક ધન્ય ઘડી હતી. જીવનમાં આવો અણમોલ અવસર વિરલ જ ગણાય. મુનિરાજો પણ તેને પોતાનો પુણ્યોદય માનતા હતા.

**રાજગિરિની અખંડ પવિત્રતા :**

મુનિશ્રી કહે છે કે સૌરાષ્ટ્રમાં અભ્યાસ કરતા, ત્યારે શાસ્ત્રોનાં પાને પાને રાજગૃહીનું નામ જોવા મળતું હતું અને સાંભળતા હતા : "તેણં કાલેણં, તેણં સમએણં, સમણે ભગવં મહાવીરે રાયગિહે ણયરે સમોસરણં..."

આ શબ્દો હૃદયમાં પ્રતિધ્વનિત થઈને ગુંજતા હતા. તેનો ભાવ એવો છે કે 'તે કાળ અને તે સમયે રાજગૃહી નામની નગરીમાં શ્રમણ ભગવાન મહાવીરનું સમોસરણ થયું હતું." ત્યારે મનમાં ભાવનાઓ જાગ્રત થતી કે આ રાજગિરિ નગરી ક્યાં હતી? તે ભૂમિ ક્યાં છે? આજે એ કુતૂહલ શમી ગયું હતું. સાક્ષાત્ રાજગિરિ નગરીમાં પ્રવેશ કરવાનો અવસર ઉપલબ્ધ થયો હતો. પરંતુ જુઓ, કાળે કેટલો પલટો લીધો છે ! ક્યાં તે શ્રેણિક મહારાજાની સમૃદ્ધ રાજગૃહી અને ક્યાં આજની રાજગિરિ અને તેનાં ઝૂંપડપટ્ટી જેવાં મકાનો ! આખું રાજગૃહી ભાંગીને ભુક્કો થઈ ગયું છે. હાલમાં જે મંદિરો અને મકાનો દેખાય છે, તે પણ અર્વાચીન છે અને તે છેલ્લાં કેટલાંક વર્ષોમાં બાંધવામાં આવ્યાં છે. સરકારે જ્યાં સુધી પ્રાચીન અવશેષો માટે ખોદકામ કર્યું નહોતું ત્યાં સુધી રાજગૃહી નગરીની આ પવિત્ર ભૂમિ પર શિયાળ રુદન કરતા હતા અને ચોર-લૂંટારાઓના અડ્ડા થઈ ગયા હતા. ફક્ત રાજગૃહીના ગરમ પાણીના કુંડ ભૂતકાળની યાદી આપતા હતા. બાકી ધરતીકંપના કારણે ઘણો ફેરફાર થઈ ગયો હતો. આ બધું પરિવર્તન થવા છતાં વીરની ભૂમિ તો એ જ હતી. ભૂમિના રજકણો તથા પાંચે પહાડના શિલાખંડો પણ એ જ હતા. અહીં હજારો શ્રમણો ધ્યાનસમાધિમાં બેસી, સંથારો લઈને પ્રાણત્યાગ પણ કરતા હતા. કાળબળે ઘણું પરિવર્તન કર્યું, છતાં એનો ઇતિહાસ બદલાયો નથી કે રાજગિરિની પવિત્રતાનો કોઈ નાશ કરી શક્યું નથી. જે ઝરણાંઓ મહારાજા શ્રેણિકના કાળમાં વહી રહ્યાં હતાં, તે ઝરણાંઓ આજે પણ એ જ રીતે વહી રહ્યાં હતાં. પરંપરામાં વહેતા મનુષ્યના અંત:કરણમાં તે સમયના સંસ્કારોને હજી કાળ સર્વથા નાબૂદ કરી શક્યો નથી. રાજગિરિમાં પ્રવેશ કરતી વખતે, પ્રાચીન અને અર્વાચીન બન્ને પ્રવાહોની વચ્ચે મુનિશ્રીનો મન-મધુકર જ્યારે ઊડી રહ્યો હતો, ત્યારે મુનિરાજો પોતે જાણે જમીનથી ચાર આંગળ ઊંચા થઈ ગયા હોય તેવો અનુભવ કરી રહ્યા હતા.

રાજગિરિના સાત દિવસના સ્થિરવાસ દરમિયાન પૂર્વ ભારતનાં લગભગ દરેક ગામ અને શહેરનાં ૪૦૦-૫૦૦ શ્રાવક-શ્રાવિકાઓ અનેરા ઉત્સાહથી સંતોનાં દર્શનાર્થે આવ્યાં હતાં અને શ્વેતાંબર ધર્મશાળાનો લાભ લઈ રહ્યાં હતાં. પૂર્વ ભારતનાં શ્રાવક-શ્રાવિકા સાથે મળવાનો મુનિરાજોને આ પ્રથમ પ્રસંગ હતો. પૂર્વ ભારતના સમાજનો આ પહેલો પરિચય ઘણો જ મધુર રહ્યો.

શ્રી જયંતમુનિજી બંને સમય પ્રવચન આપતા હતા. એમનાં જોશીલા પ્રવચનો સાંભળીને શ્રાવકોની ભાવનામાં અનેરો ઉછરંગ વધી રહ્યો હતો. પૂજ્ય તપસ્વી મહારાજની લાક્ષણિક શૈલી નિરાળી હતી. તેઓ ગામઠી ભાષામાં, તળપદી શૈલીથી સચોટ ઉદાહરણ આપી, શ્રોતા ભાઈઓ અને બહેનોને ખૂબ હસાવતા અને સાથે સાથે હૃદયમાં ચોંટી જાય તેવો ઉપદેશ આપતા. બન્ને મુનિવરો માટે સર્વત્ર ભક્તિ-આદર જાગ્યાં. ગુરુદેવ કહે છે કે રાજગિરિ નગરીમાં જે મમતાનો પાયો પડ્યો તે આજે પણ હજાર ગણો વૃદ્ધિવંત થઈને જળવાઈ રહ્યો છે.

મૅનેજર કનૈયાલાલજીના આનંદની સીમા નહોતી. શ્વેતાંબર કોઠીના આંગણે પૂજ્ય મુનિરાજોનો સ્વાગત-સમારોહ જે ઉત્સાહ અને એકતાની ભાવનાથી ઊજવાઈ રહ્યો હતો તે ગૌરવભર્યું લાગતું હતું.

પૂ. તપસ્વી મહારાજે કનૈયાલાલજીને પૂછ્યું, "તમારે ધર્મશાળામાં કઈ વસ્તુની જરૂર છે?"

શ્રી કનૈયાલાલજીએ કહ્યું, "સાહેબ, થાળી-વાટકા અને ગ્લાસના સેટની અમારે ખાસ જરૂર છે. સારાં થાળી-વાટકા અમારી પાસે નથી."

પૂ. તપસ્વી મહારાજે શ્રાવકોને પ્રેરણા આપી અને જોતજોતામાં પાંચસો સેટ લખાઈ ગયા ! સંપ્રદાયના ભેદભાવ વગર ભાઈઓએ શ્વેતાંબર કોઠી માટે પ્રેમથી વાસણ ભેટ આપ્યાં. આજે પણ એ વાસણો યથાવત્ વપરાઈ રહ્યાં છે. દેરાવાસી કોઠીઓમાં ખરેખર ધર્મની એકતા સુંદર રીતે નિહાળી શકાય છે. સ્થાનકવાસી - દેરાવાસી મળીને કોઠીના પ્રસંગો ઊજવે છે અને શોભા વધારે છે.

### રાજગિરિનાં મહારાષ્ટ્રિયન બ્રાહ્મણ કુટુંબો :

વર્તમાન રાજગિરિમાં શ્વેતાંબર કોઠીની પાછળના ભાગમાં અનેક મહારાષ્ટ્રીયન બ્રાહ્મણોનાં ઘર છે. આ બ્રાહ્મણો ઉચ્ચ સંસ્કારો ધરાવે છે અને સર્વથા નિરામિષ છે. તેમાંના ઘણા શાસ્ત્રના પારંગત પંડિત પણ છે. તેમનો મુખ્ય વ્યવસાય પૂજા-પાઠ તથા અધ્યાપનનો છે. લગભગ બધા ઉપાધ્યાય બ્રાહ્મણો છે. જૈન સાધુઓ તેમના ઘરમાં જવાનો કે આહાર લેવાનો ક્યારે પણ પ્રયાસ કરતા નથી. શ્રી જયંતમુનિજીને જ્યારે આ પંડિતોનો પરિચય થયો ત્યારે તેમના ઘેર ગોચરી લેવા માટે પધાર્યા. લગભગ ૫૦ ઘરમાં પગલાં કર્યાં. આ પવિત્ર બ્રાહ્મણ બંધુઓએ તથા તેમના ઘરની

મહિલાઓએ અને બાળકોએ જે સ્વાગત કર્યું તે હૃદયંગમ અને આહ્‌લાદક હતું. ખરું પૂછો તો મુનિજીની જાણે પૂજા-આરતી કરીને પછી જ આહારદાન કરતા હતા. તેઓ આખું આંગણું લીપી-ગૂંપીને રંગોળીથી તૈયાર રાખતા હતા. મુનિશ્રી ઘરમાં પ્રવેશ કરે ત્યારે શંખ વગાડતા. તેમના ઘરમાં ગોચરી લેવાથી તેઓ ગૌરવ અનુભવતા હતા. તેમની પવિત્ર ભાવના જોઈ મુનિશ્રીની આંખમાં હર્ષના અશ્રુ ઊભરાતાં હતાં.

આ બ્રાહ્મણ પરિવારોની આર્થિક સ્થિતિ બહુ જ નબળી છે. કોઈક જ ઘર ધનાઢ્ય જોવા મળે, છતાં તેઓએ પોતાનાં સંસ્કાર-સંસ્કૃતિને સારી રીતે જાળવી રાખ્યાં છે. આચાર-વિચાર અને શુદ્ધતા પર પૂરું ધ્યાન આપ્યું છે. જોકે જૈન સમાજે કે આગંતુક જૈન તીર્થયાત્રીઓએ આ બંધુઓ સાથે થોડો પણ તાદાત્મ્ય ભાવ સ્થાપ્યો નથી. બધા અહિંસક સંસ્કૃતિના હોવા છતાં તેને હૂંફ આપી પોતાની સાથે રાખવાનો પ્રયાસ કર્યો નથી. ફક્ત પહાડોમાં અને મંદિરોમાં પૂજા-પાઠ કરવા માટે આ ભૂદેવોનો ઉપયોગ કર્યો છે. જો આ પરિવારો ઉપર પૂરું ધ્યાન અપાય તો રાજગિરિમાં તેમના સહયોગથી જૈન સંસ્થાનો પાયો વધારે મજબૂત બની શકે એમ છે.

જ્યારે મુનિવરોએ વિહાર માટે પગ ઉપાડ્યો ત્યારે વિદાય આપવા માટે જૈન ભાઈઓ અને બહેનો સિવાય બ્રાહ્મણ બંધુઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

રાજગૃહીના થોડા ઐતિહાસિક પ્રસંગો તથા વર્તમાન અવસ્થાનું વર્ણન કરીશું. ભગવાન મહાવીરની આ પુણ્યભૂમિનો પરિચય જૈન પરંપરા સાથેના ભાવનાત્મક જોડાણ માટે ઉપયોગી થશે.

રાજગૃહી મગધની રાજધાની હતી. મગધના રાજાઓ બલિષ્ઠ, યુદ્ધકળામાં નિપુણ અને સામ્રાજ્યમાં વધારો કરે તેવા પ્રબળ હતા. જૈન શાસ્ત્રોમાં રાજા શ્રેણિકનું નામ આવે છે, જ્યારે ઇતિહાસમાં શ્રેણિકના નામનો કોઈ પણ ઉલ્લેખ જોવા મળતો નથી. મગધ દેશના અધિપતિ તરીકે બિંબિસારનું નામ મળે છે. એક મત પ્રમાણે શ્રેણિક અને બિંબિસાર એક જ હતા, જ્યારે બીજા મતે બિંબિસાર અને શ્રેણિક પિતા-પુત્ર હતા અને બિંબિસારે મગધ સામ્રાજ્યનો પાયો નાખી રાજગૃહીને રાજધાની બનાવી હતી, જ્યારે શ્રેણિક રાજાએ તેનો વિસ્તાર કરી, રાજનીતિને સ્થિર કરી હતી. એ વાત નિશ્ચિત છે કે ધર્મ તરફ વળ્યા પછી શ્રેણિક રાજાએ ભગવાન મહાવીરની અને જૈન પરંપરાની અપૂર્વ સેવા કરી હતી.

શાસ્ત્રમાં રાજગૃહીના ભંડારો, સેના, શ્રેષ્ઠિ કુમારો, ત્યાંનો વ્યવસાય, ઉદ્યાનો, મોટાં જળાશયો અને રાજમહેલનાં વિસ્તૃત વર્ણનો જોવા મળે છે. શ્રમણ સંસ્કૃતિની બન્ને પરંપરાના સાધુઓ, જૈન તેમજ બૌદ્ધ, રાજગૃહીમાં અવારનવાર પદાર્પણ કરતા હતા. રાજકીય દૃષ્ટિએ શ્રમણોનું પ્રાધાન્ય હતું. ભગવાન મહાવીરે ૧૪ ચાતુર્માસ રાજગૃહીમાં કર્યા હતા, તેથી સમજાય છે કે તેનું કેટલું મહત્ત્વ હતું. રાજગૃહીની પ્રજા ઉપર આ સંતોના ઉપદેશની ઘેરી અસર હતી. એ સમયમાં રાજગૃહીના

દરબારમાં રાજનીતિની અને ધર્મનીતિની જે ઘોષણા થતી તેનો સમગ્ર ભારત પર પ્રભાવ પડતો હતો. આજે આપણે સવારમાં ઊઠીને દિલ્હી તરફ નજર નાખીએ છીએ અને દિલ્હીના સમાચારોથી દેશ પ્રભાવિત થાય છે, તે રીતે એ સમય એવો હતો કે ભારતના રાજા અને પ્રજા રાજગૃહીના પગલે ચાલતા હતા. સમગ્ર દેશની નજર રાજગૃહી પર રહેતી. તે ધર્મ, વિદ્યા, વાણિજ્ય અને રાજનીતિનું કેન્દ્રસ્થાન હતું. તેમાં પણ ધર્મનું મહત્ત્વ વધી જવાથી રાજગૃહીને પણ લોકો પવિત્ર ભાવનાથી જોવા લાગ્યા હતા. ભૂતકાળના જરાસંઘની સાથે રાજગૃહીના ઇતિહાસની જે કડી જોડાયેલી હતી તેમાં મૂળભૂત પરિવર્તન થયું હતું. જરાસંઘના કઠોર ઇતિહાસના જે પડઘાઓ રાજગૃહી પર પડ્યા હતા તે ઓસરી ગયા હતા. ભગવાન મહાવીર તથા બુદ્ધના પ્રભાવે દયા અને અહિંસાની દુંદુભિ રાજગૃહીમાં વાગી રહી હતી.

આટલો સ્વર્ણમય ઇતિહાસ જાણ્યા પછી આપણે વર્તમાન રાજગિરિ પર દૃષ્ટિપાત કરીએ. આ સ્વર્ણ ઇતિહાસને આજે ૨૫૦૦ વર્ષ પૂરાં થયાં છે. કાળની થપાટ ખાઈને આખું રાજગિરિ ભૂમિગત થઈ ગયું હતું. પ્રાકૃતિક જંગલનાં ઝાડ-ઝાંખરાંઓએ ભૂમિનો કબ્જો લીધો હતો. તે વખતના કિલ્લાના પથ્થરો અને અવશેષ નજરે પડે છે. કાળની ભીંસમાંથી બચેલા કિલ્લાના પથ્થરો અને પ્રકૃતિએ નિર્માણ કરેલા પાંચે પર્વતો રાજગૃહીની જાહોજલાલી, ભગવાન મહાવીરના સમવસરણ, શાલિભદ્રની અઢળક સમૃદ્ધિ અને એક પળમાં તેનો ત્યાગ, જંબુસ્વામીનો વૈરાગ્ય અને શ્રમણ પરંપરાની ચડતી અને પડતીની મૂક સાક્ષી આપતા હતા. જ્યાં રાજરાણીઓ સ્નાન કરવા આવતી હતી એ બાણગંગા નદી સુકાઈને નાના ઝરણા રૂપે આજે ચૂપચાપ ઝાડઝાંખરાંની વચ્ચે એકલી વહી રહી છે. વિષાદમાં સરકી પડેલા રાજગૃહીના ભવ્ય ઇતિહાસને તાજો કરવા સરકારે પ્રયાસ શરૂ કર્યા છે.

**રાજગૃહી – એક તીર્થસ્થાન :**

બંગાળના આઝિમગંજ અને ઝિયાગંજના શ્રાવકો તથા વર્તમાન દિગંબર અને શ્વેતાંબર પરંપરાના જૈન સંઘોએ ધર્મશાળાઓ, મંદિરો અને વિશાળ કોઠીઓનું નિર્માણ કરી, રાજગિરિને પુનઃ તીર્થસ્થાન તરીકે સ્થાપ્યું છે. સનાતન ધર્મનાં મંદિરો અને ધર્મશાળાઓ અને બૌદ્ધ ધર્મના સ્તૂપથી પણ રાજગૃહીનું મહત્ત્વ વધ્યું છે.

ગુરુ ગોવિંદસિંહનો પટનામાં જન્મ હોવાથી તેમનાં પગલાં પણ રાજગિરિમાં પડ્યાં છે. તે દૃષ્ટિએ પંજાબનો શીખ સમાજ ગુરુદ્વારા બનાવી તીર્થભાવનાથી યાત્રા કરવા આવે છે. જાપાન અને અન્ય દેશોના બૌદ્ધ ધર્મગુરુઓએ બૌદ્ધ મંદિરો અને વિહારની સ્થાપના કરીને રાજગિરિની શોભા વધારી છે. કોઈ પીરની દરગાહથી પણ રાજગિરિ કેટલેક અંશે મુસલમાનોનું તીર્થસ્થાન બન્યું છે.

મોટી સંખ્યામાં હિંદુઓ શ્રદ્ધાથી પ્રતિ વર્ષ ગરમ પાણીના કુંડોમાં સ્નાન કરવા આવે છે. અહીં વર્ષ દરમિયાન ઘણા મેળા ભરાય છે. ખાસ કરીને અધિક માસમાં આવા વિશાળ મેળા ભરાય છે અને લાખો લોકો ગરમ પાણીના કુંડમાં સ્નાન કરવા આવે છે. કેટલાક સંતો અને મહંતોએ પણ આશ્રમ બનાવી અભિનવ રાજગૃહીનો વિસ્તાર કરવામાં ભાગ ભજવ્યો છે.

રાજગૃહીમાં પ્રતિવર્ષ સામાન્ય પ્રજાજનો મોટી સંખ્યામાં પર્યટન કરવા આવે છે. નાનીમોટી અનેક હૉટેલો અને બજારનું નિર્માણ થયું છે. આ રીતે વર્તમાન રાજગિરિ ફરીથી પડખું ફેરવી માથું ઊંચું કરવા માગે છે. જનતા અને સરકારનો આ સ્થાનને ખૂબ સહયોગ મળી રહ્યો છે. તમામ સંપ્રદાયના લોકો રાજગિરિ માટે પુન: મમતા ધરાવવા લાગ્યા છે. વિદેશી યાત્રીઓ અને પર્યટકો પણ રાજગિરિમાં આવી ધનવર્ષા કરી જાય છે. થોડાં વર્ષોમાં રાજગિરિ ફરીથી સમૃદ્ધ બને તેવો અવસર દેખાય છે. પ્રાચીન અને અર્વાચીન બન્ને પ્રવાહો અને સમયની અસર એકસાથે રાજગૃહીમાં દૃષ્ટિગોચર થાય છે.

**દંતકથાઓ :**

ઠેર ઠેર ખોદાણમાં જૂની ઇમારતના પાયાઓ અને અવશેષ મળી આવ્યા છે. નાનીમોટી દંતકથાઓના આધારે સોનભંડાર, મધુવન અને કેટલીક ઋષિગુફાઓ સાથે આ અવશેષની કડી બંધબેસતી કરવામાં આવી છે.

પ્રાચીન ઐતિહાસિક ઘટના અને દંતકથાઓની કલ્પના, વર્તમાન ધર્મસ્થાન તથા પર્યટન-સ્થળનો ત્રિયોગ રાજગિરિનું વર્તમાન દૃશ્ય ઊભું કરે છે. શ્રી જયંતમુનિજી મહારાજે જેટલી વસ્તુ જોઈ શકાય છે તે બધાનું નિરીક્ષણ કરવાનો પ્રયાસ કર્યો. બન્ને મુનિવરોએ સેંકડો ભાઈઓ અને બહેનોની સાથે પાંચે પર્વતની યાત્રા કરી. પાંચમા પહાડ ઉપર ધન્ના અને શાલિભદ્રનાં ઐતિહાસિક સ્થાનો જોયાં. ગરમ પાણીનાં ઝરણાં જોઈ આશ્ચર્ય અનુભવ્યું. સૌથી સુગમ અને તરત જ યાત્રા કરીને ઊતરી શકાય તેવા ઉદયગિરિ નામના ત્રીજા પહાડની અનુપમ શોભા જોઈ. એ સમયે શું પૂ. તપસ્વી મહારાજને કલ્પના હશે કે આ જ પહાડની તળેટીમાં પોતે સંથારો લઈ સુધર્મા સ્વામીના સંથારાના ઇતિહાસનું પુનઃસ્મરણ કરાવશે ? આગળની પંક્તિઓમાં આપણે તેનો ફરીથી ઉલ્લેખ કરીશું. રાજગૃહીની નવી-જૂની, મીઠી-મધુરી સ્મૃતિઓને મનમાં સમેટી, શાસનનો જયનાદ બોલાવી, મુનિવૃંદે રાજગિરિથી આગળ વિહાર કરવાનું નક્કી કર્યું.

એક અઠવાડિયા પછી ભાવવિભોર અવસ્થામાં રાજગિરિથી વિહાર કરવાનો અવસર આવ્યો. અહીંથી વિહારમાં સાથે ચાલતી શ્રાવક-મંડળી પણ બદલાવાની હતી. કલકત્તા શ્રીસંઘે, તેના પ્રતિનિધિઓએ તેમજ શ્રી ત્ર્યંબકભાઈ દામાણીએ ઉત્તમ સેવા બજાવી અને મુનિરાજોને રાજગિરિ સુધી પહોંચાડ્યા હતા. હવે ઝરિયા અને કત્રાસના સંઘ સાથે મળીને મુનિરાજોના ઝરિયા સુધીના

વિહારની સેવાનો લાભ લેવાની ભાવના રાખતા હતા. કનૈયાલાલ મોદી, વીરજી રતનશી, શંકરભાઈ મહેતા, જગજીવનભાઈ મહેતા, મણિભાઈ અને ઝરિયા સંઘના યુવકો મોખરે હતા અને વિહારમાં સાથે જોડાવા માટે તલસતા હતા.

ત્ર્યંબકભાઈએ પડકાર કર્યો અને ઝરિયા સંઘના ભાઈઓને જાગ્રત કરવા માટે કહ્યું, "બધી વ્યવસ્થા કરી શકો તો જ તમે લગામ સંભાળજો, નહિતર અમે તૈયાર છીએ."

આ સાંભળી કોલફિલ્ડના ભાઈઓને વધારે પાણી ચડ્યું અને જોરદાર જવાબ આપ્યો, "સાહેબ, જરા પણ વિહારમાં ત્રુટિ નહિ રહે. ગુરુદેવ તમને જેટલા વહાલા છે તેથી વિશેષ અમને પણ વહાલા છે. જરા પણ ચિંતા કરશો નહીં. વિહારની વ્યવસ્થા જોવા માટે જરૂરથી પધારશો."

આ સંવાદ થયા પછી તો વિહારનો રંગ બદલાઈ ગયો અને તે કોઈ સ્થાનિક વિહારના બદલે રાષ્ટ્રીય વિહાર બની ગયો.

**નિર્વાણભૂમિ પાવાપુરી :**

રાજગિરિથી પાવાપુરી જવાનો નિર્ણય કરવામાં આવ્યો. રાજગિરિ રાજકીય દૃષ્ટિએ ઐતિહાસિક છે, જ્યારે પાવાપુરી સાથે કોઈ રાજકીય સબંધ નથી, પરંતુ ભગવાન મહાવીરની નિર્વાણભૂમિ હોવાથી આધ્યાત્મિક મહત્ત્વ ધરાવે છે. હજારો વર્ષથી લોકોની શ્રદ્ધાનું પવિત્ર સ્થાન છે. પાવાપુરી જનાર પોતાને ભાગ્યશાળી માને છે. ખરેખર, પાવાપુરીનું વાતાવરણ નિરાળું છે. મુનિરાજો ઈ. સ. ૧૯૫૧ની વીસમી ડિસેમ્બરે એક દિવસ માટે પાવાપુરી પધાર્યા. પાવાપુરીના મૅનેજરશ્રીએ મુનિઓનું ભાવપૂર્ણ સ્વાગત કર્યું. પાવાપુરીમાં જલમંદિર, સમોવસરણ અને બીજાં મંદિરોનાં દર્શન કર્યાં.

અઢી હજાર વર્ષ પૂર્વે શ્રી હસ્તિપાલ રાજાના સમયમાં ભગવાન મહાવીર પાવાપુરી પધાર્યા ત્યારે પ્રભુએ જાણ્યું કે હવે જીવન શેષ નથી. તેઓએ સમાધિભાવે 'સિદ્ધાસન'માં બેસીને અંતિમ મહાયોગની સાધના કરી. યોગાતીત બની શરીરના અનંત કાળના બંધનનો પરિત્યાગ કરી, સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ પરમધામ પધારી ગયા. ત્યારથી પાવાપુરી એક મહાન તીર્થ બની ગયું છે. પ્રભુએ દેહત્યાગ કર્યો તે દિવસ દિવાળીના પર્વ તરીકે ઊજવાય છે. દિવાળીને દિવસે અહીં વિશાળ જનમેદની ઊભરાય છે. હજારો શ્રદ્ધાળુઓ દિવાળીના દિવસે પાવાપુરી પહોંચે છે. અહીં એક હજાર રૂમવાળી વિશાળ ધર્મશાળા છે. એક સાથે દશહજાર માણસો ઊતરી શકે, જમી શકે અને સત્સંગ કરી શકે તેટલી વિશાળ વ્યવસ્થા શ્વેતામ્બર જૈન સંઘોએ કરી છે.

અપાપાપુરી, એ પાવાપુરીનો એક ભાગ છે અને અહીં ગ્રામીણ જનતા નિવાસ કરે છે, ત્યાં શ્રી જયંતમુનિજી ખાસ પધાર્યા. તેમણે ઘણાં ઘરોની મુલાકાત લીધી. લોકોનો પાવાપુરી માટે શું

અભિપ્રાય છે, કેવો દૃષ્ટિકોણ છે, તે જાણવા કોશિશ કરી. લોકોના સંભાષણથી લાગ્યું કે પાવાપુરી પ્રત્યે શ્રદ્ધાના દૃષ્ટિકોણ કરતાં આજીવિકાના કારણે વધુ સદ્ભાવ ધરાવે છે. નિરંતર સેંકડો યાત્રીઓ આવે છે અને છૂટથી પૈસા વાપરે છે, તેથી આસપાસનાં ગામોની જનતાને વ્યવસાયમાં ઘણો લાભ થાય છે.

**પાવાપુરીનાં મંદિર :**

જલમંદિરમાં ભગવાનની ચરણપાદુકા મૂકવામાં આવી છે અને તેના ઉપર એક મધ્યમ કક્ષાનું મંદિર બનાવ્યું છે. ચરણ ઉપર વીર સંવત એક એવો ઉલ્લેખ કરેલો લેખ છે. આ સિવાય પાવાપુરીથી થોડે દૂર ખેતરમાં એક વિશાળ સમવસરણ મંદિર બનાવ્યું છે. શ્રી જયંતમુનિજી ત્યાં પણ ગયા હતા. સમવસરણ જોયા પછી એમ લાગ્યું કે સકલ સંઘે મળીને જો વિશાળ રૂપ આપ્યું હોત તો સમવસરણને યોગ્ય ન્યાય મળત. જોકે જે કર્યું છે તે પણ ઘણા પરિશ્રમનું પરિણામ છે. પરંતુ અહીં તો સમગ્ર ભારતના ધોરણે નિર્માણ થવું ઘટે છે. સમવસરણ જોવાથી સારો એવો સંતોષ થયો. મુનિશ્રીને થયું કે અહીં આવનાર માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવે તો યાત્રીઓને સારો લાભ મળી શકે તેમ છે.[૧]

ત્યારબાદ શ્રી જયંતમુનિજી દિગંબર મંદિરમાં પધાર્યા. દિગંબર મંદિરમાં પણ જલમંદિર જેવી વ્યવસ્થા છે. ત્યાંના કાર્યકરો વધારે સજાગ હોય તેવું જાણી શકાય છે. શ્વેતાંબર મંદિર કરતાં ત્યાંની સ્વચ્છતા ઘણી સારી હતી. તેમજ મંદિરના કર્મચારીઓ પણ પ્રભુ પ્રત્યે અનન્ય આસ્થા ધરાવે છે. પાવાપુરીનો નિવાસ પરિપૂર્ણ થતા હવે વિહારનું લક્ષ્ય ઘણું જ લાંબું હતું.

આજે રાજગિરિ અને પાવાપુરીના જે ધોરી માર્ગ બન્યા છે તે ૧૯૫૧માં અસ્તિત્વ ધરાવતા ન હતા. પાવાપુરીથી નવાદા, કોડરમા, બરહિ, બસક્ષ, બગોદર થઈ સમ્મેતશિખર – મધુવન પહોંચવાનું હતું. લગભગ ૧૩૫ માઈલ (૨૧૫ કિ.મી.)ની યાત્રા હતી. રસ્તામાં ગાઢ જંગલમાંથી પસાર થવાનું હતું. પાવાપુરીથી શ્રી શંકરભાઈના નેતૃત્વમાં ઝરિયા સંઘે ઘણી સુંદર વ્યવસ્થા ગોઠવી હતી.

❑

૧. અત્યારે સમવસરણ મંદિરનો ઘણો વિસ્તાર થયો છે અને ત્યાં ભોજનની વ્યવસ્થા ઉપલબ્ધ છે.



# ૧૫

## સમેતશિખર તરફ પ્રયાણ

ઝરિયાનાં પચાસ શ્રાવક-શ્રાવિકાઓ વિહારમાં સાથ આપી રહ્યાં હતાં. કલકત્તાના પણ કેટલાક શ્રાવકો સાથે હતા. શ્રાવકોએ એક ટ્રક અને એક ગાડીની વ્યવસ્થા ગોઠવી હતી. કલકત્તાથી રસોઇયા બોલાવ્યા હતા. પૂજ્ય તપસ્વીજી મહારાજ આગળ ચાલતા અને તેમના નિયમ પ્રમાણે સામે સ્ટેશન પહોંચ્યા પહેલાં કશું વાપરતા નહીં. જ્યારે જયંતમુનિ મેલ ટ્રેનને આગળ જવા દેતા અને પોતાની લોકલ ગાડી પાછળ ચલાવતા અને જ્યાં-ત્યાં સ્ટેશન કરી, નાસ્તો-પાણી કરી આગળ વધતા. વિહારીઓના નાસ્તા માટે જ્યાં પડાવ પડતો ત્યાં મંગળમય વાતાવરણ બની જતું. આગંતુક બાળકો તથા ગ્રામજનોને પ્રસાદ આપવામાં આવતો.

માણસો ખૂબ જ શ્રદ્ધાપૂર્વક મુનિ મહારાજોને વંદન કરવા માટે ધસી આવતા. વિહાર ઘણો સાતાપૂર્વક થઈ રહ્યો હતો. વચ્ચે રજોડીનું મોટું જંગલ પાર કર્યા પછી કોડરમા આવે છે. કોડરમા અબરખનું સેંટર છે. આસપાસ અબરખની અનેક ખાણ છે. પૂરો પ્રદેશ અબરખની ખાણોથી ઉદ્યોગમય બની ગયો છે અને હજારો માણસોને રોજી-રોટી આપે છે.

કોડરમા પહોંચતા પહેલાં એક આનંદમય ઉત્સવનું આયોજન થઈ ગયું. સૌરાષ્ટ્ર નિવાસી ભાઈશ્રી રતિલાલભાઈ પોતાના પરિવાર સાથે વરસોથી કોડરમામાં વસ્યા હતા અને એક અબરખની ખાણ ચલાવતા હતા. કોડરમાથી વીસ કિલોમીટર દૂર, રજોડીના જંગલ તરફ રતિભાઈની ખાણ હતી. *તેમને સમાચાર મળ્યા કે પૂજ્ય મુનિવરો રાજગિરિ અને પાવાપુરી થઈને*

કોડરમા તરફ પધારી રહ્યા છે. તેઓ હર્ષમાં આવી ગયા. તેમના મનમાં ભક્તિનો જુવાળ ઊમટ્યો. તેઓએ રજોડી પહોંચીને પોતાની ખાણ ઉપર પૂજ્ય મુનિરાજો તથા વિહારમાં ચાલતા સંઘનો બે દિવસનો લાભ લેવાની તત્પરતા બતાવી. રતિભાઈએ ખાસ વિનંતી કરીને પોતાને ત્યાં રોકાવાનું નક્કી કર્યું.

મુનિરાજો માટે વિહારનું ઘણું અનુકૂળ સ્થળ હતું. શ્રી સંઘ જ્યારે રતિભાઈની ખાણ પર પહોંચ્યો ત્યારે તેમનો અપૂર્વ ઉત્સાહ ઊભરાયો હતો. તેઓ આખા પરિવાર સાથે આવી ગયા હતા. રસોડું ખોલી દીધું હતું. વિહારી ભાઈઓ માટે બે દિવસના ભોજન ઉપરાંત દરેક પ્રકારની સગવડતા ગોઠવી હતી. 'મુનિરાજો અહીં બિરાજે છે' એવું એક મોટું બેનર તેઓએ રસ્તા પર લગાવી દીધું હતું. બોર્ડ વાંચીને ઘણાં ભાઈબહેનો દર્શનાર્થે આવી ગયાં હતાં. બંને દિવસ પ્રવચન, ભજન તથા જાપનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.

રતિભાઈ અબરખની ખાણ જોવા માટે મુનિરાજોને લઈ ગયા. બીજી ખાણ કરતા અબરખની ખાણ ઘણી વિચિત્ર હોય છે. વાંકો-ચૂંકો વળાંક લેતી, ગોળ ગોળ ફરતી ખાણ જમીનમાં ઊતરતી જાય છે. કોઈ એક મોટા અજગરની ગુફા જેવો ખાણનો દેખાવ હોય છે. પ્રકૃતિએ પોતાના ગર્ભમાં કરોડોનું અબરખ છુપાવીને રાખ્યું છે. અબરખની લાદી એકધારી ચારે તરફ ફેલાયેલી નથી હોતી, પરંતુ અબરખનો રેસિયો હોય છે. અર્થાત્ અબરખનો એક પ્રકારનો વાંકોચૂંકો જથ્થો ભૂમિના પેટાળમાં ગોઠવાયેલો હોય છે. જેમ જેમ આ જથ્થો વળાંક લે, તેમ તેમ આ ખાણ ખોદાતી જાય છે અને ઊંડાણમાંથી અબરખ નીકળતું જાય છે. ભાગ્ય સારા હોય તો અબરખની મોટી શીટો (sheets) હાથ લાગી જાય, જેનું મૂલ્ય લાખોમાં હોય છે. પરંતુ ભાગ્ય ખરાબ હોય અને આ રેસિયો એકાએક અટકી જાય, આગળ અબરખ ન મળે તો ઉદ્યોગપતિને લાખોનું નુકસાન પણ થઈ શકે છે.

અબરખ ભાગ્યનો ખેલ છે. રતિભાઈને પણ સારી એવી ખાણ હાથ લાગી હતી. અબરખ સારા પ્રમાણમાં નીકળતું હતું. મુનિરાજોને અબરખની ખાણ જોયા પછી લાગ્યું કે ખરેખર 'બહુ રત્ના વસુંધરા' કહ્યું છે તે સાર્થક છે.

**કોડરમા :**

રતિભાઈની ખાણથી ૧૯૫૧ની છવીસમી ડિસેમ્બરે મુનિશ્રી કોડરમા પહોંચ્યા. કોડરમા વસ્તુતઃ નાનું ગામ છે. તેની બાજુમાં મોટું શહેર ઝૂમરી તિલૈયા છે. રેલવે લાઇન પર કોડરમા આવતું હોવાથી સ્ટેશનનું નામ કોડરમા આપ્યું છે. અબરખનો અરબો-ખરબોનો વેપાર કોડરમાના નામે ચાલે છે, જેથી કોડરમા વિશ્વવિખ્યાત બની ગયું છે અને ઝૂમરી તિલૈયાને કોઈ જાણતું નથી.

મુનિરાજો પણ અજાણ હતા. કોડરમા પાર થઈ ગયું ત્યારે ખબર પડી કે મૂળ શહેર ઝૂમરી તિલૈયા છે. કોડરમામાં રેલવે સ્ટેશન છોડી બીજી કોઈ મહત્ત્વપૂર્ણ જગ્યા નથી. કોડરમાથી મેઇન રોડ ઝૂમરી તિલૈયા થઈ, બરીહ પાસે જી. ટી. રોડમાં મળી જાય છે. જ્યારે બીજી શાખા કોડરમાથી ગિરિડિહ જાય છે. આમ રોડની દૃષ્ટિએ પણ કોડરમા જંકશન છે અને તેનું મહત્ત્વ ધરાવે છે. રોડ જંકશનની અને ગિરિડિહ ડાબી બાજુ રહી ગયું, તેની પૂજ્ય તપસ્વીજી મહારાજે બધી નોંધ લીધી. ગિરિડિહ રોડ છોડીને મુનિરાજો ઝૂમરી તિલૈયા પધાર્યા.

**ઝૂમરી તિલૈયાનો જૈનસમૂહ :**

ઝૂમરી તિલૈયામાં દિગંબર જૈનોનાં સો જેટલાં ઘર હતાં. તેરાપંથીનાં પંદરથી વીસ ઘર હતાં. બધાં જૈન કુટુંબો મારવાડી ઓસવાળ હતાં. તેમાં ચોરડિયા પરિવાર સાધુ-સંતની સેવામાં તત્પર રહે છે. ચોરડિયા પરિવાર શ્વેતાંબર તેરાપંથી હોવાથી સ્થાનકવાસી સાધુઓનો વહેવાર પણ જાણે છે અને પોતાના સાધુ તરીકે મમતા પણ ધરાવે છે. જ્યારે દિગંબર જૈનો સ્થાનકવાસી જૈન સાધુના વ્યવહારથી લગભગ અજાણ હોય છે, તેથી પૂરો લાભ લેવામાં સંકોચ પામે છે. જોકે તેમની ભક્તિમાં કચાશ હોતી નથી. અહીં એક વિશાળ દિગંબર મંદિર છે અને પાસે જૈન ભવન પણ આવેલું છે. મુનિરાજો જૈન ભવનમાં ઊતર્યા હતા.

રતિભાઈનું ઘર પણ ઝૂમરી તિલૈયામાં હતું. તેમનાં પત્ની સાકરબહેન સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે તે પૂ. તપસ્વીજી મહારાજનાં સાંસારિક કુટુંબનાં નજીકના દીકરી છે. રતિભાઈ મહારાજશ્રીના જમાઈ નીકળ્યા પછી તો સૌ શ્રાવકોને ભક્તિમાં અનેરો રંગ લાગ્યો અને વાતચીતમાં હાસ્ય અને વિનોદ પણ વધ્યા. શ્રી રતિભાઈએ ઝૂમરી તિલૈયામાં પણ ઘણી સારી સેવા બજાવી. સમસ્ત મારવાડી સમાજ સાથે સંબંધ હોવાથી, મારવાડી જૈનોને આમંત્રણ આપીને જૈન ભવનમાં બોલાવ્યા અને પ્રવચનનો લાભ અપાવ્યો. ઝૂમરી તિલૈયામાં વિશ્રાંતિ મળી.

જૈન ભવનની સામેની ગલીમાં બીબીજી રહેતાં હતાં. તેઓ દેરાવાસી ઓસવાળ જૈન હતાં. ઝૂમરી તિલૈયાના ઘણા જૂના રહેવાસી હતાં. તેમના પતિ મોટા જમીનદાર હતા અને સમગ્ર સમાજમાં સુપ્રસિદ્ધ હતા. પતિદેવ સ્વર્ગે સિધાવ્યા પછી બીબીજીએ પોતાનો ઊંચો વહેવાર બરાબર જાળવી રાખ્યો હતો. તેમને ધનસંપત્તિનો અભાવ ન હતો. પોતે દિલના ઉદાર અને બાહોશ હોવાથી વ્યવહાર સરસ રીતે સાચવતાં. જૈન ભવનમાં કોઈ જૈન સાધુ-સંત આવે તો તેમની હૃદયથી અપાર ભક્તિ કરતાં. આજે તેઓ પૂ. તપસ્વી મહારાજનાં દર્શન કરી ધન્ય થઈ ગયાં હતાં. વિહારના ભાઈઓના પૂરા દળને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું હતું. રતિભાઈનું ઘર પણ તેમની નજીક જ હતું, જેથી બીબીજીના ઉત્સાહમાં ઘણો જ વધારો થયો હતો.

શ્રી જયંતમુનિજીએ ઝૂમરી તિલૈયામાં 'સમયસાર' પર પ્રવચન આપ્યું અને દિગંબર-શ્વેતાંબરની

એકતા પર જોર આપ્યું. વસ્તુત: ભગવાન મહાવીરનો પંથ એક જ છે થોડા ક્રિયાકાંડને લઈ બે ફાંટા પડ્યા છે, મૂળ માન્યતામાં જરા પણ ભેદ નથી, ઇત્યાદિ સિદ્ધાંતો સમજાવ્યા. વાતાવરણ ઘણું જ ભાવસભર બની ગયું. મુનિશ્રી જૈન મંદિરમાં પણ દર્શન માટે પધાર્યા.

**દેરાવાસીભાઈનો પ્રશ્ન અને સમાધાન :**

એક દેરાવાસીભાઈએ પ્રશ્ન કર્યો, "શું તમે મૂર્તિનો વિરોધ કરો છો ? શું તમે મૂર્તિને ભગવાન નથી માનતા ?"

જયંતમુનિજીએ સમાધાન આપતાં કહ્યું, "અમે મૂર્તિનો કોઈ વિરોધ નથી કરતા. અમે મૂર્તિને મૂર્તિ રૂપે માનીએ છીએ, ભગવાન રૂપે નહીં. મૂર્તિ ભગવાનની સ્થાપનાનિક્ષેપ છે, તે ભાવનિક્ષેપ નથી. એટલે મૂર્તિપૂજામાં જે આરંભ-સમારંભ થાય છે અને ફૂલ આદિમાં જે સાવદ્ય ક્રિયા છે તેને અમે યોગ્ય નથી માનતા. મૂર્તિની જો ભાવપૂજા કરવામાં આવે તો અમને તેનો જરા પણ વાંધો નથી. મૂર્તિની જો કોઈ નિરવદ્ય પૂજા કરે તો તેમાં અમને જરા પણ કષ્ટ નથી.

દિગંબર ભાઈઓએ ફૂલ તોડવાનું બંધ કરીને થોડો સુધારો કર્યો છે. તેઓ ચોખાના દાણાને પીળો રંગ ચડાવીને તેને ફૂલ રૂપે મૂર્તિને ચડાવે છે. તેઓએ તેટલા પ્રમાણમાં હિંસા ઓછી કરી છે. હજુ આગળ વધે તો સંપૂર્ણ નિર્દોષ પૂજા થઈ શકે છે .

મુનિશ્રીના ઉત્તરથી પેલા ભાઈને સંતોષ થયો અને આટલી સૂક્ષ્મ પાતળી રેખાનું પ્રરૂપણ કરવાથી તેમને ઘણો જ હર્ષ થયો. પ્રવચન પછી શ્રી જયંતમુનિજી બધાં ઓશવાળ ઘરોમાં પગલાં કરવા માટે પધાર્યા અને બીબીજીને ત્યાં પણ લાભ આપ્યો. ચોરડિયા પરિવાર સાથે ભક્તિસંબંધ બંધાયો તે આજ સુધી ચાલુ છે. તે પરિવારના પુત્ર ધર્મેન્દ્રકુમાર જૈન હાલ બોકારો રહે છે, અત્યંત ધનાઢ્ય છે અને પૂજ્ય ગુરુદેવની સેવામાં સદા તત્પર રહે છે.

ઝૂમરી તિલૈયાથી એક દિવસ ચંદ્રવારા અબરખના કારખાનામાં મુકામ કરી ૧૯૫૧ની ૨૯મી ડિસેમ્બરે બહરીચટી પધાર્યા. બહરી જી. ટી. રોડ ઉપર આવેલું રોડ જંકશન છે. અહીં પટનાનો મેઇન રોડ જી. ટી. રોડને મળે છે. બંને રસ્તા ખૂબ મોટા હોવાથી બહરીનું ઘણું મહત્ત્વ વધી ગયું છે. જી. ટી. રોડ પરથી હજારો ગાડીઓ પસાર થાય છે, તેથી બહરી મુસાફરો અને ડ્રાઇવરોના ભોજન અને વિશ્રામ માટેનું મોટું કેન્દ્ર બન્યું છે. આ ક્ષેત્ર વાહનોની અવરજવરથી સતત ધમધમતું હોય છે.

મુનિરાજો બહરીમાં પણ ઘણી સાતા પામ્યા. બહરીથી બરકઠા અને બગોદર થઈ ડુમરી જવાનું હતું. ડુમરી ગામે પહોંચતાં જી. ટી. રોડ છોડીને મધુવન (સમ્મેતશિખર) જવાનું હતું.

બરકઠામાં ઠંડા પાણીનો રામકુંડ અને ગરમ પાણીનો લક્ષ્મણકુંડ સુપ્રસિદ્ધ છે. અહીંના કુંડની વિશેષતા એ છે કે એક માઈલ દૂરથી પણ કુંડમાંથી નીકળતા વરાળના ગોટા જોઈ શકાય છે.

પાણી એટલું બધું ગરમ હોય છે કે ચોખાની પોટલી તેમાં મૂકવામાં આવે તો ૧૭ મિનિટમાં ભાત તૈયાર થઈ જાય. પાણી કાયમ ઊકળતું રહે છે. વિશ્વમાં આટલા ઉષ્ણ તાપમાન ધરાવતા ગરમ પાણીના કુંડ બીજે ક્યાંય હશે કે કેમ તે શંકા રહે છે. જો કોઈ કુંડમાં નહાવા પડે તો તેની ચામડી ઊતરી જાય અને તેનું મૃત્યુ નીપજે. ખૂબી એ છે કે લક્ષ્મણકુંડનું પાણી આટલું બધું ઊકળતું રહે છે, જ્યારે રામકુંડનું પાણી તેની પાસે હોવા છતાં શીતળ હોય છે. આ પણ પ્રકૃતિનું એક રહસ્ય છે. બંને કુંડ બંને ભાઈઓના સ્વભાવનું સ્મરણ કરાવે છે. પાણીમાં ગંધકની ગંધ આવે છે. ગંધકના કારણે પાણી ગરમ થાય છે તે સ્પષ્ટ જોઈ શકાય છે. મુનિશ્રી કુંડ પાસેની ધર્મશાળામાં પધાર્યા અને ત્યાં જ વિશ્રામ કર્યો.

વિજ્ઞાન જણાવે છે કે જમીનમાં ગંધકનો પહાડ હોય છે, જેની ફાટમાંથી વહેતું પાણી ઉપર આવે છે. ગંધકના સ્પર્શથી પાણી ખૂબ ગરમ થઈ જાય છે. ગંધક પોતે સ્વભાવથી ગરમ દ્રવ્ય છે અને તેના સંપર્કથી શીતળ જલ ગરમ થઈને વહે છે. આથી સમજી શકાય છે કે દ્રવ્યો એકબીજાને સારી કે નરસી અસર કરે છે અને પોતાના ગુણોથી અન્યને પ્રભાવિત કરે છે.

**બગોદરમાં ધાર્મિક ચિંતન :**

મુનિરાજો બરકઠાથી બગોદર આવ્યા. બગોદર પણ ઘણા રસ્તાઓનું કેન્દ્ર છે અને ત્યાં મોટું બજાર છે. અહીં એક સંન્યાસીનો આશ્રમ છે. શ્રી જયંતમુનિજી આશ્રમ જોવા ખાસ ગયા હતા. તેના મહંત હાજર ન હતા, પરંતુ તેમના ભક્તોએ ઉમળકાથી સ્વાગત કર્યું હતું.

આશ્રમમાં સમન્વયનું વાતાવરણ હોવાથી જયંતમુનિને આનંદ થતો હતો અને ધર્મ-સંપ્રદાયના વિષય પર થોડું ચિંતન થયું. ધર્મના નામે વિષમતાઓ ઊભી કરી, એકબીજાને નીચા દેખાડી, ધાર્મિક માણસોએ ખરેખર ધર્મની હત્યા કરી છે. ધર્મ તો બધાને એક સૂત્રમાં બાંધે છે. ધર્મનો ભેદ માનવજાતિ માટે વિષ સમાન છે. કોમ્યુનિસ્ટ ચીનના માઓ ત્સે તુંગે ધર્મને અફીણના નશા જેવો કહ્યો છે. વસ્તુત: આ ધર્મની નિંદા નથી, પરંતુ ધર્મથી ઉત્પન્ન થતા વિભેદ, ક્લેશ અને યુદ્ધને લક્ષમાં રાખી કહેવાતા ધાર્મિક માણસોની નિંદા છે.

ધર્મના નામે ધર્મગુરુઓએ પોતાનો અહંકાર પોષવા માટે ભેદભાવ ઊભો કર્યો છે, અને વાડાબંધી કરી છે. જનતા બિચારી ભોળી હોવાથી આવા ધર્મગુરુઓની લીલામાં ફસાઈ જાય છે અને ભાઈ-ભાઈ એકબીજાથી દૂર થઈ જાય છે. સમન્વયવાદ એ ધર્મના પ્રાણ છે.

**ડુમરીમાં ઝરિયાના શ્રાવકો દ્વારા સ્વાગત :**

બગોદરમાં જ દર્શનાર્થી આવવા લાગ્યા હતા. ઝરિયાથી બીજા ભાઈઓ ડુમરી પહોંચવાના હતા. ડુમરી જંગલના કિનારે એક રોડ જંકશન છે. ડુમરીથી જી. ટી. રોડ કલકત્તા તરફ જાય છે. જ્યારે બીજો રોડ ગિરિડિહથી કોડરમા અને પટના જાય છે. દક્ષિણ દિશાનો માર્ગ બેરમો

કોલફિલ્ડ, જૈના મોડ અને જમશેદપુર તરફ જાય છે. ચારે દિશાના મુખ્ય માર્ગનું કેન્દ્ર હોવાથી સરકારે ડુમરીને સારું એવું મહત્ત્વ આપ્યું છે. ડુમરીમાં મોટી હાઇસ્કૂલ તથા હૉસ્પિટલ છે.

બગોદરથી બાર માઈલ લાંબો વિહાર કરી ૧૯૫૧ની ત્રીસમી ડિસેમ્બરે મુનિશ્રીએ ડુમરી ડાક બંગલામાં પદાર્પણ કર્યું. હજુ તો પાત્રા મૂક્યા ન હતા ત્યાં શ્રાવકો ઊભરાવા લાગ્યા. મુખ્યત્વે ઝરિયાના શ્રાવકો આવ્યા હતા. કલકત્તાથી પણ થોડાં ભાઈ-બહેનો આવી પહોંચ્યાં હતાં. મધુવન (સમ્મેતશિખર) કોઠીના ભાઈઓ પણ ડુમરી આવી ગયા.

કોલફિલ્ડ-ઝરિયા તરફથી મુનિરાજોનું ડુમરીમાં પહેલું સ્વાગત હતું. ડુમરીમાં લગભગ સંઘ જમણ જેવું થઈ ગયું. બહેનો મંગળગીત ગાતી હતી. શ્રાવક-શ્રાવિકાના મનમાં પ્રેમનો ઊભરો હતો. સ્થાનકવાસી જૈન સંતો આટલો લાંબા વિહાર કરી આ પ્રદેશમાં પહોંચે તે તેમની કલ્પનાથી બહાર હતું. દેરાવાસી મુનિઓ સમ્મેતશિખરની જાત્રાએ રડ્યા-ખડ્યા આવી પણ જતા હતા, પરંતુ સ્થાનકવાસી સંતો આ પ્રદેશમાં પધારે તે ન ધારી શકાય તેવો વિશેષ લાભ હતો.

હવે ઝરિયાનાં શ્રાવક-શ્રાવિકાનો ગાઢ પરિચય થયો. તેઓ હસી-મજાક અને વિનોદી સ્વભાવનાં, ઊંચે અવાજે વાત કરવાની ટેવવાળાં, છતાં સરળ, ધાર્મિક અને ભક્તિવાન હતાં. ઝરિયાનાં શ્રાવક-શ્રાવિકાઓ સાથે ભક્તિ ઉપરાંત ઊંડો આત્મીય સંબંધ સ્થાપિત થઈ ગયો. ગુરુદેવ કહે છે કે અત્યાર સુધી તે સંબંધ જળવાઈ રહ્યો છે. તે વખતના શ્રાવકોના ભાવ આજે તેની પછીની પેઢીઓમાં પણ ઊતરી આવ્યા છે અને હજુ પણ તેનાં પ્રત્યક્ષ દર્શન થાય છે. શ્રી જયંતમુનિજી પ્રત્યે ઝરિયાનું વિશેષ આકર્ષણ અખંડભાવે જળવાઈ રહ્યું છે.

**ડુમરી જંગલમાં માણસ પર વાઘનો હુમલો :**

હજુ શ્રાવકો ઊભરાઈ રહ્યા હતા ત્યાં જ ખબર આવ્યા કે એક માણસને જંગલમાં વાઘે ઘાયલ કર્યો છે. જયંતમુનિજી હૉસ્પિટલમાં તે માણસને જોવા માટે ખાસ ગયા. આ માણસને વાઘે ઊંડા નહોર બેસાડી દીધા હતા અને છતાં તે કેવી રીતે બચી ગયો તે વાત સાંભળીને ઘણું આશ્ચર્ય થયું. તેના સાથીદારે જણાવ્યું કે વાઘની સાથે જ્યારે ઝપાઝપી ચાલતી હતી ત્યારે કોલફિલ્ડમાં ડાયનામાઇટનો વિસ્ફોટ થયો. એકાએક ભયંકર અવાજથી વાઘ ચમકીને ભાગી ગયો. કુદરત કેવી રીતે બચાવે છે તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ હતું. જ્યાં મનુષ્યની બુદ્ધિ કામ કરતી નથી ત્યાં તેનું પુણ્યબળ કામ કરે છે. માણસ નિરાધાર હતો, તેથી મનિશ્રીએ સાથેના શ્રાવકોને તેને મદદ કરવાની પ્રેરણા પણ આપી.

**ઝરિયાની વીરજી બૅંકના માલિક વીરજીભાઈ :**

ઝરિયાની સુપ્રસિદ્ધ બૅંકના માલિક, ઝરિયા સંઘના પ્રમુખ અને ધર્મરંગે રંગાયેલા વીરજીભાઈ રતનશી સપરિવાર ડુમરી પધાર્યા. દર્શનનો લાભ લઈ તે ઘણા જ હર્ષિત થઈ ગયા. તેઓ મૂળ

કચ્છના વતની હતા. તેમણે પોતાના નામથી જ 'વીરજી બેંક'ની સ્થાપના કરી છે. કચ્છની સંસ્કૃતિ તેમણે બરાબર જાળવી રાખી હતી. ઘરમાં પણ એ જ પ્રકારનું સદાચારભર્યું વર્તન રાખતા હતા. બુદ્ધિશાળી હોવાથી ધાર્મિક જ્ઞાનમાં પણ ઊંડો રસ ધરાવતા હતા. આટલો મોટો કારોબાર હોવા છતાં પ્રતિદિન ૪થી ૫ સામાયિક કરતા. તેમનાં ધર્મપત્ની શ્રીમતી ચંચળબહેન ધર્મઆરાધનામાં ખૂબ સજાગ હતાં અને દૃઢતાપૂર્વક ધર્મનિયમનું પાલન કરતાં હતાં. બંને માણસો દાનેશ્વરી, ઉદારવૃત્તિવાળાં અને સત્કર્મમાં ધન વાપરવામાં મોખરે રહેતાં હતાં.

❑



## ૧૬

# વીસ તીર્થંકરોની પરમ પાવન નિર્વાણભૂમિ

ડુમરીથી સમ્મેતશિખરનો ૨૨ કિલોમીટરનો વિહાર હતો. ડુમરી બે દિવસની સ્થિરતા કરી, આરામ લઈ, ૧૯૫૨ની બીજી જાન્યુઆરીએ મધુવન પધાર્યા. આ વિહારમાં સેંકડો ભાઈઓ-બહેનો સાથે જોડાયાં હતાં. જિનશાસનના અને ભગવાન મહાવીરના જયનાદથી જંગલ ગાજી ઊઠ્યું હતું.

શિખરજીની તળેટી મધુવન મોડથી ચાર માઈલ અંદર છે. ચાર માઈલનો રસ્તો જરા પણ સારો નથી. રસ્તામાં રેલવે ક્રૉસિંગ પડે છે. મંદિરો પાછળ કરોડો રૂપિયા ખર્ચ કરનાર જૈન સમાજ આ ચાર માઈલ માટે કોઈ પણ પ્રકારની સગવડતા કરી શક્યો નથી તે આશ્ચર્યજનક છે. જૈનોએ સાચી રીતે પ્રયાસ કર્યો હોત તો મોડથી મધુવન સુધી રેલવે વિભાગ છુકછુકગાડી બેસાડી શકત. નેરોગેજ ગાડી આવ-જા કરતી રહેત. યાત્રીઓને આ મોડ ઉપર ઘણી જ તકલીફ ભોગવવી પડે છે. સમયસર વાહનો ન મળતાં યાત્રીઓ આ એકાંત ભયાનક જંગલમાં લૂંટાઈ જાય છે. ત્યાં ઊતરવા કે ઊભા રહેવા માટે એક નાની ધર્મશાળા પણ બનાવી નથી. આ મોડ પર પીવાનું પાણી પણ મળવું મુશ્કેલ છે. જૈન સમાજ માટે આ ખરેખર એક લાંછન છે. ભારતનો સૌથી ધનાઢ્ય વર્ગ જૈન સમાજ છે. એકતાનો અભાવ અને ઊંડી દૃષ્ટિ ન કેળવવાથી આ બધી ખામીઓ નજરે પડે છે.[1]

---

૧. છેલ્લાં પચાસ વર્ષમાં ઘણા સુધારો થઈ ગયો છે અને યાત્રીઓને તે સમય જેટલી મુશ્કેલી પડતી નથી.

**સમ્મેતશિખરના પ્રાંગણમાં :**

મુનિ મહારાજો ગિરિડિહનો મુખ્ય રસ્તો છોડી ઈસરી મોડ[૨] ઉપર આવ્યા અને સમ્મેતશિખર માટે આગળ વિહાર કર્યો. સામે વિરાટ પાર્શ્વનાથની પહાડી (પર્વત)નાં દર્શન થાય છે. પાંચ હજાર ફૂટ ઊંચી શિખરજીની પારસનાથ ટૂંક જાણે આકાશમાં કોઈ મંદિર બાંધ્યું હોય તેવો પ્રભાવ વિસ્તારે છે. એ જોતાં જ મનોમન મસ્તક નમી પડે છે.

ધન્ય છે એ ભક્તજનોને, જેઓએ આટલી ઊંચાઈ ઉપર આવાં સુંદર મંદિર બાંધીને અદ્ભુત ધર્મશ્રદ્ધા પ્રગટ કરી છે. તેઓ સમાજસેવાનું અને પ્રભુભક્તિનું ઉત્તમ ઉદાહરણ આપી ગયા છે. સાચું પુણ્ય કર્મ કરી જીવનને ધન્ય કરી ગયા છે. સમ્મેતશિખરના પ્રાંગણમાં પ્રવેશ કરતાં મન હળવું ફૂલ થઈ ગયું. પૂજ્ય તપસ્વીજી મહારાજનાં નયન અશ્રુભીના થયાં. તેઓએ સાંસારિક અવસ્થામાં વર્ષો પૂર્વે સમ્મતશિખરની યાત્રા કરી હતી અને અહીંથી તેમને વિરક્તિનો બોધ મળ્યો હતો. ફરીથી આ પૂણ્યભૂમિમાં પગલું મૂકતાં તેમનું હૃદય આનંદવિભોર બની ગયું હતું. જ્યારે જયંતમુનિજી માટે આ પ્રસંગ પ્રથમ હતો. હજારો લોકોના મુખેથી પારસનાથની પવિત્ર ગાથાઓનું વારંવાર વર્ણન સાંભળ્યું હતું, તેનો આજે સાક્ષાત્કાર થઈ રહ્યો હતો. પારસનાથ પર્વતના ઉપાંત્યમાં પગ મૂકતા દેવાધિદેવ વીસ તીર્થંકરોનો ઇતિહાસ ઊભો થવા લાગે છે.

શ્રી જયંતમુનિજીએ બાલ્યાવસ્થામાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે રચેલા 'ત્રિષષ્ઠિશલાકા પુરુષચરિત્ર'ના દશે ભાગનું વાંચન કર્યું હતું. એમાં અનેક વખત સમ્મેતશિખરનો નામોલ્લેખ હોવાથી એમના મનમાં એના દર્શનનું કુતૂહલ હતું. વરસો પછી આજે એ જિજ્ઞાસાની તૃપ્તિ થતાં, પ્રત્યક્ષ દર્શન કરવાનો અવસર આવ્યો હતો. એક અદ્ભુત ધન્ય ઘડી આવી હતી. શ્વેતાંબર કોઠીમાં મુનિરાજો સ્થિર થયા. ત્યાંના મૅનેજરો, કર્મચારીઓ તથા કોઠીના પ્રબંધકો સૌ હાજર હતા. સર્વમાં ભક્તિની ઉત્તમ ભાવના પ્રગટ થતી હતી. અહીં સઘળી સગવડતાઓ ઉપલબ્ધ હતી અને મુનિઓને અનુકૂળ સ્થાન હોવાથી મન વિશ્રામ પામ્યું હતું. રાજગિરિની જેમ અહીં પણ સમસ્ત પૂર્વભારતનાં શ્રાવક-શ્રાવિકાઓ ઊભરાવા લાગ્યાં. ત્રણ દિવસની સ્થિરતા હતી. સૌએ પ્રવચનનો લાભ ઉઠાવ્યો. શ્રી જયંતમુનિજીએ વિભિન્ન સંપ્રદાયોની કોઠીઓમાં પદાર્પણ કરી ઐક્ય ભાવનાનું પોષણ થાય તેવો પ્રયાસ કર્યો. દુઃખની વાત એ હતી કે સમ્મેતશિખર માટે વર્ષોથી દિગંબર-શ્વેતાંબર વચ્ચે ઉગ્ર વિવાદ ચાલે છે. આખો પહાડ શ્વેતાંબરની માલિકીનો છે.

**એકસો વર્ષ જૂનો વિવાદ :**

અંગ્રેજોએ કોર્ટમાં ફેંસલો કરી શ્વેતાંબરોને સમગ્ર પહાડની માલિકી સુપ્રત કરી, રજિસ્ટ્રેશન કરી આપ્યું હતું. દિગંબરોને ફક્ત યાત્રા અને પૂજાપાઠ કરવાનો વિધિવત હક્ક આપ્યો હતો. પરંતુ આટલા હક્કથી દિગંબર સમાજને સંતોષ ન થયો. પહાડનો સંપૂર્ણ હક્ક મેળવવા તેમણે

૨. રસ્તાના નાકાને પૂર્વ ભારતમાં મોડ કહે છે.

પુનઃ અદાલતનાં બારણાં ખખડાવ્યાં. અંગ્રેજો ગયા એટલે તેમણે આપેલો ચુકાદો બરતરફ થઈ ગયો હતો. ભારત આઝાદ થતા દિગંબર સમાજે નવેસરથી પોતાના હક્કની લડાઈ શરૂ કરી. પરિણામે બન્ને પક્ષના પ્રતિવર્ષ લાખો રૂપિયા કોર્ટ-કચેરીમાં વપરાય છે. કર્મચારીઓમાં પણ નાનીમોટી મારામારી થતી રહે છે. ક્યારેક આવા વિવાદથી દૂરથી આવેલા અજાણ્યા યાત્રાળુઓ ભારે મુસીબતમાં મુકાઈ જાય છે.

એકસો વર્ષથી અદાલતનું યુદ્ધ ચાલુ છે. કેસ કરનારાઓ મરી પરવાર્યા છે, પરંતુ કેસ હજુ જીવે છે. બંને સમાજના અગ્રેસરોએ ઘણા પ્રયાસ કર્યા, પણ સફળતા મળી નથી. લાગે છે કે આ કેસ હજુ સેંકડો વરસ સુધી ચાલતો રહેશે. ખરું પૂછો તો શ્વેતાંબર-દિગંબર બંને સમાજ માટે આ એક મોટું ગ્રહણ છે, એક કલંક છે અને એક મોટું દુર્ભાગ્ય પણ છે. આવી ગૂંચવણને સુધારવી ઘણી મુશ્કેલ છે.

જેરૂસલેમમાં યહૂદી અને મુસલમાન ચારસો વર્ષથી લડી રહ્યા છે. લોહીની નદીઓ વહેતી રહી છે, પરંતુ યુદ્ધનો અંત નથી આવ્યો. ધર્મનાં યુદ્ધો, કદાગ્રહો અને હક્કની આસક્તિ ઘણી જ ભયાવહ હોય છે. આ ક્લેશનાં મૂળિયાં બહુ ઊંડાં છે. જે ધર્મ સુલેહ અને શાંતિનો સંદેશ આપે છે તેના નિમિત્તે આવાં રમખાણ થાય, તેના જેવું બીજું મોટું શું દુર્ભાગ્ય હોઈ શકે? હકીકતમાં આ ધર્મની નહીં, સંપત્તિ અને હક્કની લડાઈ છે. સંપત્તિ ક્લેશનું મોટું કારણ છે. ભગવાન સૌને સદ્બુદ્ધિ આપે.

આપણા મુનિરાજો સ્થાનકવાસી હોવાથી બંને માટે તટસ્થ હતા. ત્રણ દિવસના ઓચ્છવમાં કોઈ સંઘર્ષ ન હતો. તેથી દિગંબર-શ્વેતાંબર બંને કોઠીના ભાઈઓએ ઊંડો રસ લઈ મુનિ મહારાજને સત્કાર્યા હતા.

સમ્મેતશિખરમાં શ્વેતાંબરની એક કોઠી છે, જ્યારે દિગંબરના તેરાપંથી અને વીસપંથી એવા બે પંથ હોવાથી ત્યાં બંનેની મોટી કોઠીઓ છે. તેઓ બંનેમાં ઝીણવટભરેલો મતભેદ ચાલુ રહે છે. તેથી બંને એક થઈ શ્વેતાંબરનો સામનો કરી શકતા નથી. એ જ રીતે શ્વેતાંબર એકલા હોવાથી એ બે કોઠીનો પૂરો સામનો કરી શકતા નથી. તેથી સંઘર્ષ સતત સળગતો રહે છે.

**સમ્મેતશિખર પહાડની યાત્રા :**

કોઠીથી વિહાર કરી સમ્મેતશિખર પહાડની યાત્રા કરવાની હતી. છ માઈલ ચઢવું, છ માઈલ ફરવું અને છ માઈલ ઊતરવું, આમ અઢાર માઈલની યાત્રા એકસાથે સંભવ ન હતી. તેથી ઉપરના જલમંદિરમાં રાત્રિવાસ કરવાનું નક્કી કર્યું. સામાન્ય રીતે પહાડ ઉપર કોઈ રાત્રિવાસ કરતું નથી. જલમંદિરમાં રાતના ચોકીદારની અને બીજી વ્યવસ્થા હોવાથી ત્યાં રાત્રિવાસ કરી શકાય તેવું છે.

પૂજ્ય મુનિશ્રી જલમંદિર પધાર્યા. આહાર-પાણી પતાવી, પારસનાથ ટૂંકની યાત્રા કરી, પુનઃ

જલમંદિર પધારી ગયા. ખરેખર, જલમંદિર એક પ્રકારનું વિશ્રાંતિભવન છે. અદ્ભુત શોભા ધરાવે છે. ઝરણાનું મીઠું પાણી કુંડમાં ઊભરાતું રહે છે. જલમંદિરનું વાતાવરણ અલૌકિક છે. જલમંદિરમાં રાત્રિવાસ કરવો તે સદ્ભાગ્યની વાત છે. મુનિશ્રીને જલમંદિરનો રાત્રિવાસ ઘણો જ આનંદદાયક લાગ્યો. યાત્રાળુઓ માટે પર્વતમાં ઉત્તમ પ્રકારની વ્યવસ્થાઓ ગોઠવી છે. યાત્રાળુ પાછા ફરે ત્યારે ગંધર્વનાળા ઉપર દરેક યાત્રીને એક મોટો લાડવો અને સેવ આપવામાં આવે છે. મીઠા પાણીના માટલા ભરેલા હોય છે. આ લાડવો ખાતા ક્ષુધાતુર યાત્રીઓ સંતોષ પામે છે અને અંતરના આશીર્વાદ વરસાવે છે. જે લોકોએ આ વ્યવસ્થા વિચારીને અમલમાં મૂકી છે તેઓ લાખ લાખ અભિનંદનને પાત્ર છે.

પર્વત ઉપર જ્યાં સીધું ચઢાણ છે ત્યાં પગથિયાં બાંધવામાં આવ્યાં છે. આ રસ્તે આખા પહાડમાં હજારો પગથિયાં મુકાયેલાં છે. યાત્રીઓની સગવડતા માટે જેમણે પોતાની સંપત્તિનો ભોગ-ઉપભોગમાં ઉપયોગ ન કરતાં, સત્કર્મમાં વાપરી, આ પગથિયાંઓ બંધાવ્યાં છે, તેઓ ઘણું પુણ્ય કમાયા છે. તેમનાં સત્કર્મોની કોઈ તુલના થઈ શકે તેમ નથી. એક એક પગથિયાં પર યાત્રી પોતાનો સદ્ભાવ વરસાવતો જાય છે અને બાંધનાર પ્રત્યે આશીર્વાદની મીઠી લહેર મૂકતો જાય છે. આ સેવા આપનારાઓ શાસનના સાચા પ્રેમી હતા. તેઓ શાસનનો હાર્દ સમજી શક્યા હતા.

શિખરજી ઉપર ચંદનવૃક્ષનાં જંગલો છે. આખો પર્વત રસાળ અને ફળદ્રુપ ભૂમિવાળો છે. જંગલની પ્રાકૃતિક શોભા નિરાળી છે. પહાડનાં તથા પ્રકૃતિનાં દર્શન કરી, મનમધુકર રસપાન કરી પુષ્ટ થયો. લાગ્યું કે આ ચડાણ ઘણું જ સાર્થક થયું છે. મુનિશ્રીનું મન આનંદિત હતું ત્યારે એક હૃદયદ્રાવક પ્રસંગ બન્યો જે જણાવવો જરૂરી છે.

**જલમંદિરમાં ખેદજનક ઘટના :**

જલમંદિરમાં રાતના નવ વાગ્યા હતા. ઘોર અંધકાર જામ્યો હતો. તે વખતે એક મહારાષ્ટ્રીયન જૈન પરિવાર યાત્રાએ આવેલો હતો. તે પર્વતથી સર્વથા અજાણ હતા એટલે પહાડમાં ભૂલા પડી ગયા હતા. આવા અંધારામાં તેઓ જલમંદિર આવી ચડ્યા અને એક ઓસરીમાં બેઠા. હજી તો આ બિચારો પરિવાર શ્વાસ લે અને થોડો આરામ કરે તે પહેલાં જલમંદિરનો ચોકીદાર ત્યાં પહોંચી ગયો અને પૂછ્યું, "તુમ કૌન હો?"

પરિવારના મુખ્ય વ્યક્તિએ જવાબ આપ્યો, "હમ દિગંબર જૈન હૈં."

હજુ આટલું બોલ્યા ત્યાં તો ચોકીદાર કોપાયમાન થઈ ગયો. દિગંબર-શ્વેતાંબરના પ્રબળ ભેદપ્રવાહ ચાલતા હતા. દિગંબરને અહીં ઊતરવા ન દેવો તેવી શ્વેતાંબર કોઠીની કડક આજ્ઞા હતી.

ચોકીદાર તાડુક્યો, "તુમ લોગ યહાં ઘૂસા કૈસે? જાનતે નહીં હો, યે શ્વેતાંબર કોઠી હે, તુમ જલદી સે બાહર નીકલો."

પરિવારમાં બાળ-બચ્ચાં અને સ્ત્રીઓ સાથે હતાં. બધાં રડવા જેવા થઈ ગયાં. હાથ જોડી, તૂટી ફૂટી હિન્દીમાં બોલ્યાં, "ભાઈસાબ, અબ હમ કહાં જાયેંગે?"

ચોકીદાર કહે, "હમકો કુછ સુનના નહિ હૈ. તુમ જહન્નમ મેં જાઓ." ચોકીદાર જોર કરીને તેમને ઉઠાડવા લાગ્યો.

એટલામાં શ્રી જયંતમુનિજીની નજર આ લોકો પર પડી. મુનિશ્રી તરત જ પાસે ગયા. પહેલા પરિવારને શાંતિ આપી. ચોકીદારને સમજાવવા કોશિશ કરી.

ચોકીદાર કહે, "બાબા, હમારી નોકરી ચલી જાયેગી. આપ બીચમેં મત આઈએ."

મુનિજીએ કહ્યું, "યદી ઐસા હૈ તો હમ ભી નિકલ જાયેંગે."

આ વાત સાંભળીને ચોકીદાર ઢીલો પડ્યો. થોડા માણસો પણ ભેગા થઈ ગયા. પેલો પરિવાર તો ડરના માર્યો કંપી રહ્યો હતો.

મુનિશ્રીએ કહ્યું, "અરે ભૈયા, શ્વેતાંબર-દિગંબર કા ભેદ બડા હૈ કિ માનવતા બડી હૈ? યહ પ્રશ્ન માનવતા કા હૈ. આપ લોગ કિસી કિંમત પર ઇસે નિકાલ નહીં સકતે, વરના અભી બહુત બડા ઝમેલા હોગા." આટલું દબાણ કર્યા પછી મામલો થાળે પડ્યો. મહારાષ્ટ્રીયન પરિવાર વરંડામાં સૂતો.

મુનિશ્રીની પ્રેરણાથી તેને પાથરવા શેતરંજી આપવામાં આવી. જુઓ તો ખરા, ભેદભાવને કારણે અહિંસાવાદી જૈનો કેવું હિંસાનું તાંડવ ખેલતા હોય છે? કેટલો રાગદ્વેષ વધી ગયો છે! ભગવાનના આદેશોને કિનારે મૂકી, ભગવાનની ભૂમિ માટે બાંયો ચડાવી લડવા તૈયાર થાય છે. કેટલું ઘૃણિત પરિણામ આવ્યું છે! વિચારો કે આ કુટુંબને રાત્રે બહાર ધકેલ્યું હોત તો તેની શું દશા થાત?

પ્રભુ સૌને સદ્બુદ્ધિ આપે અને સૌ વીરમાર્ગ પર ચાલવાનો પ્રયાસ કરે તેવી પ્રાર્થના સાથે મુનિરાજો નિદ્રાધીન થયા.

**સમ્મેતશિખર પહાડની પ્રાકૃતિક શોભા :**

સવારના પેલો પરિવાર મુનિશ્રી સાથે વિહારમાં ચાલી નીકળ્યો. અહીંથી પાછું મધુવન કોઠીમાં જવાનું ન હતું, પરંતુ પહાડની પેલી બાજુના ઢોળાવ ભરેલા માર્ગથી સીધું નિમિયાઘાટ ઊતરવાનું હતું. આ રસ્તો પ્રાકૃતિક સૌંદર્યથી શોભાયમાન હતો.

મુનિજીનો મનમકરંદ રસ્તાની શોભા જોઈ ખીલી ઊઠ્યો હતો. બંને બાજુની લીલીછમ લતાઓ જાણે પુષ્પવર્ષા કરી રહી હતી. પક્ષીઓ મધુર કલરવથી જાણે શાસ્ત્રના મંત્રધ્વનિ બોલી રહ્યા હતા. ઝરણાના કલકલ નિનાદ અને મોતી જેવું સ્ફટિક પાણી નેત્ર અને કાનને એકસાથે સંતોષ આપી રહ્યા હતા. આ ઝરણાંની સૌમ્યતા પ્રાકૃતિક સત્ત્વગુણની પરાકાષ્ઠા હતી. આખે રસ્તે અનેક જાતનાં ફળ પડેલાં હતાં. વહેલી સવારે આવેલા કઠિયારા અને ભારા લઈને ચાલ્યાં જતાં મહિલાવૃંદ ગુજરાન માટે કેટલો ભગીરથ પ્રયાસ કરતા હતા તેનો ખ્યાલ આપતા હતા. એમ લાગતું હતું કે આ સ્થાન છોડીને ન જતાં અહીં જ કોઈ કંદરામાં બેસી ધ્યાનનો આનંદ લેવો જોઈએ. ખરેખર, અરિહંતો અને મુનિઓ આવા પર્વતથી આકર્ષાઈને અહીં સમાધિસ્થ થયા હોય તો કોઈ નવાઈ નથી !

ત્યાગી સંતો માટે આ પર્વતીય કંદરાઓ ખરેખર સાચી સાધનાભૂમિ છે. પરંતુ દુઃખની વાત છે કે આવા રળિયામણા પર્વતમાં જૈન ધર્મના કે અન્ય સંપ્રદાયના એક પણ સાધુ-મહાત્મા કે બ્રહ્મચારી જોવા ન મળ્યા. ન કોઈ સાધનાભૂમિનાં દર્શન થયાં કે ન કોઈ અધ્યયનસ્થળ દૃષ્ટિગોચર થયું. આખો રસ્તો વાંદરાઓથી અને ગુજરાન ચલાવતા ગરીબ માણસોથી ભરેલો હતો. પ્રકૃતિએ પોતાનું અનુપમ સૌંદર્ય ચારેકોર વેર્યું હતું. કરોડોની સંપદા વનશ્રી રૂપે આ પ્રદેશમાં બિછાવી રાખી હતી. સમ્મેતશિખરના મહાવૈભવને મનોમન નમન કરતા અને તેની દિવ્યતાનો આનંદ લેતા મુનિરાજો નિમિયાઘાટ ધર્મશાળામાં પધારી ગયા.

**નિમિયાઘાટ :**

મુનિશ્રી ૧૯૫૨ની ચોથી જાન્યુઆરીએ નિમિયાઘાટ બહાદુરના બંગલે પહોંચ્યા. સાથીઓ મધુવનથી રોડ રસ્તે આગળથી નિમિયાઘાટ આવી ગયા હતા. મુનિરાજોને સાતા ઊપજે, સૌ વિહારીઓની ઉત્તમ સેવા થાય તેવી પ્રબંધકોએ સુંદર વ્યવસ્થા કરી હતી. નિમિયાઘાટ પોતાનું નિરાળું મહત્ત્વ ધરાવે છે. તે જી. ટી. રોડથી નજીક છે એટલે જો પર્વતની તળેટીનો વિકાસ કરવામાં આવે તો યાત્રાળુ માટે એક નવી સગવડતા ઊભી થઈ શકે. નિમિયાઘાટનો વિકાસ કેમ થયો નથી તે વિચારણીય છે.

ઓઝા પરિવાર નામનું મોટું જમીનદાર કુટુંબ અહીં વર્ષોથી વસે છે. એક આલીશાન મકાન બાંધીને અને સુંદર બગીચો વિકસાવી એ પરિવાર સાથે નિવાસ કરે છે. આ ઓઝા જૈન સંતોના અનન્ય પ્રેમી અને ભક્તિવાળા છે. સંતોને સાતા ઉપજાવે તેવો તેમના પરિવારનો ઉત્તમ વ્યવહાર છે. માધુર્ય ભરેલી, નમ્રતાયુક્ત વાણી ઓઝાનું ભૂષણ છે.

નિમિયાઘાટનો જે કંઈ વિકાસ થયો છે તે શ્રી ઓઝાના પુરુષાર્થનું ફળ છે. તેઓ બધી રીતે *આપણા સમાજને અનુકૂળ છે. અહીં શ્વેતાંબર અને દિગંબર બંનેની ધર્મશાળાઓ છે અને તેમનાં*

કોઈ ઝઘડો નથી. અહીંની આમજનતા ઉપર પણ ઓઝાભાઈનો પ્રભાવ દેખાય છે. પ્રાકૃતિક દૃષ્ટિએ નિમિયાઘાટ અત્યંત રળિયામણી જગ્યા છે. નાનકડો પાતળો રોડ સાપની જેમ વાંકોચૂંકો થતો પહાડ ઉપર ચડે છે તે દૃશ્ય ઘણું નેત્રરંજન છે. નિમિયાઘાટનું આખું વાતાવરણ બધી રીતે શાંતિથી ભરેલું છે.

**કત્રાસ તરફ વિહાર :**

વિહાર માટે કત્રાસના શ્રાવક ભાઈઓનો આગ્રહ વધતો જતો હતો. દેવચંદભાઈ અમુલખભાઈ મહેતા કત્રાસના માતબર શ્રાવક હતા. તેમની તથા રતિભાઈ દવેની ભાગીદારીમાં ઘણી કોલિયારીઓ હતી. દેવચંદભાઈ રાજગિરિ આવીને વિનંતી કરી ગયા હતા. દેવચંદભાઈ, ફૂલચંદભાઈ, રાયચંદભાઈ, જેચંદભાઈ તથા રતિભાઈ દવે – આ બધા ભાઈઓ વિહારમાં સારો એવો ભાગ લેતા હતા. ઝરિયાના શંકરભાઈનું નેતૃત્વ હતું. સૌ સાથે હળી મળીને સેવા આપતા હતા. શંકરભાઈ સાથે કલકત્તાના મિત્રોની મંડળી સામેલ થઈ. આ મંડળીમાં રતિભાઈ ઘેલાણી અને મગનભાઈ દેસાઈ મુખ્ય હતા. તે ઉપરાંત રતિભાઈના કાકા મુંબઈવાળા શામળજીભાઈ ઘેલાણી, ગુલાબભાઈ મેઘાણી, શાંતિભાઈ અને ભૂપતભાઈ મળીને છ જણની ટીમ બની હતી. શંકરભાઈ તથા શામળજીભાઈ ઘેલાણીની દોસ્તી ખૂબ જામી હતી. કત્રાસવાળા ભાઈઓએ પ્રસ્તાવ મૂક્યો કે પૂજ્ય મુનિવરો સર્વપ્રથમ કત્રાસમાં પગલાં કરે અને ત્યારબાદ ઝરિયા પધારે.

બેરમોથી મણિભાઈ કોઠારી, નવલભાઈ, મોહનભાઈ, બેચરભાઈ, કૃષ્ણાભાઈ, અમૃતભાઈ દોશી અવારનવાર આવતા હતા. બેરમોની વિનંતી ઊભી હતી. બેરમો, કત્રાસ અને ઝરિયા ત્રણે કેન્દ્રમાં પગલાં કરવાનું નક્કી હતું. દેવચંદભાઈની વિનંતીને માન્ય કરી વિહાર એવી રીતે ગોઠવવામાં આવ્યો કે સર્વપ્રથમ કત્રાસ જવું, ત્યારબાદ ઝરિયામાં પગલાં કરવાં. ઝરિયામાં અઠવાડિયું સ્થિરતા કરી પુનઃ કત્રાસ થઈ બેરમો આવવું. ટાટાનગરથી શ્રી નરભેરામભાઈ નક્કી કરીને ગયા હતા કે ટાટાનગર થઈને આપે કલકત્તા પધારવાનું છે. ચાતુર્માસને વાર હતી. તેથી બધાં ક્ષેત્રને પૂરો ન્યાય આપી શકાય તેવી અનુકૂળતા હતી. આ પ્રસ્તાવ સૌએ મંજૂર કરી લીધો અને વિહારની જવાબદારી પણ પોતપોતાની રીતે સ્વીકારી લીધી. નિમિયાઘાટથી કત્રાસગઢ સુધીની જવાબદારી કત્રાસના શ્રી સંઘે સ્વીકારી. જોકે વિહારમાં બધા ભાઈઓ સાથે જ હતા.

૧૯૫૨ની પાંચમી જાન્યુઆરીએ નિમિયાઘાટથી તોપચાચી આવવાનું થયું. તોપચાચી એ પાણી-સપ્લાયનું બહુ મોટું કેન્દ્ર છે. કોલફિલ્ડમાં નીચે કોલસો હોવાથી પીવા યોગ્ય પાણી નીકળતું નથી, તેથી સરકારે તોપચાચીના પહાડનો લાભ લઈ, વિશાળ બંધ બંધાવ્યો. એમાં મોટું જળાશય બનાવ્યું છે. પર્વતીય ઝરણાંનું પાણી સ્વચ્છ, નિર્મળ, સ્વાદિષ્ટ અને આરોગ્યવર્ધક છે. તોપચાચી અતિસુંદર રમણીય જોવાલાયક સ્થળ છે અને ત્યાં ઘણો જ આનંદ થયો. તોપચાચીથી સીધું કત્રાસ જવાનું

હતું. તે સમયમાં હજુ કત્રાસમાં ઉપાશ્રય બન્યો ન હતો, તેમ જ કોઈ ધર્મશાળા જેવું સાર્વજનિક સ્થાન પણ ન હતું.

**કત્રાસમાં ધર્મલાભ :**

૧૯૫૨ની સાતમી જાન્યુઆરીએ કત્રાસમાં આગમન થયું. દેવચંદભાઈ અને રતિભાઈ ભાગીદાર હોવાથી તેમણે પાસેપાસે વિશાળ મકાનો બનાવ્યાં હતાં. આખા કત્રાસ ગામનું નેતૃત્વ આ બંને ભાઈઓ કરતા હતા. દેવચંદભાઈના મકાનમાં મુનિશ્રીએ એક સપ્તાહની સ્થિરતા કરી હતી. આખા સમાજમાં મોટો પ્રસંગ આવ્યો હોય તે રીતે સહુ કોઈ અત્યંત ઉત્સાહમાં આવી ગયા હતા. અહીં દિગંબર જૈન મંદિર છે. શ્રી ચંદનમલજી જૈન દિગંબર સમાજનું નેતૃત્વ સંભાળતા હતા. દિગંબર, સ્થાનકવાસી અને દેરાવાસી, બધા સમાન ભાવે મુનિશ્રીના સ્વાગતમાં જોડાયા હતા.

શ્રીયુત રતિભાઈ દવે ત્યાંના ગુજરાતી સમાજનું નેતૃત્વ સંભાળતા હતા, તેથી ફક્ત જૈનો જ નહિ, પણ સમગ્ર ગુજરાતી સમાજના ધોરણે પૂજ્ય મુનિવરોનું કત્રાસમાં સ્વાગત થયું હતું. ગુજરાતથી પગપાળા ચાલીને કત્રાસ સુધી આવનારા મુનિરાજો પ્રથમ જૈન સંત હતા. અહીં દેરાવાસી સંતો પણ ક્યારેય પધાર્યા ન હતા. આખા સમાજમાં આનંદ-ઉત્સવ છવાઈ ગયો.

શ્રીયુત રતિભાઈ દવેના ફળિયામાં પ્રવચન માટે શામિયાણો બાંધવામાં આવ્યો હતો. શ્રી જયંતમુનિની ઉંમર નાની હતી, પરંતુ જોશીલા પ્રવચનનો સમાજ પર ઊંડો પ્રભાવ પડ્યો. પૂજ્ય તપસ્વી મહારાજના રમૂજી ટુચકા સૌનાં હૃદયને જીતી લેતા અને નૈતિક ઉપદેશ ગળે ઊતરી જતો. ધીરે ધીરે પ્રવચનમાં સંખ્યા ખૂબ વધવા લાગી. પ્રવચન રાત્રિના સમયે થતું. ચારેતરફ કોલિયારીઓ હોવાથી સર્વત્ર ગુજરાતી પરિવારો વસી ગયા હતા. તેઓ સૌ સાંજના પ્રવચનમાં આવવા લાગ્યા. ઝરિયા અને કરકિંદથી પણ મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો કત્રાસ પહોંચી જતાં હતાં. પ્રતિદિન એકથી એક ચઢિયાતી પ્રભાવના થવા લાગી.

કત્રાસમાં ત્રણ દિવસના અઠ્ઠમ ઉપવાસનું આયોજન કરવામાં આવ્યું. આટલા નાના સંઘમાં ૧૦૦થી વધારે અઠ્ઠમ થયા. તમામ ધર્મપ્રેમી બંધુઓએ ત્રણ દિવસના ઉપવાસ કરીને ઉત્સવ ઉપર કળશ ચઢાવ્યો હતો.

જયંતમુનિજીએ સામૂહિક અખંડ ધૂનનું જે આયોજન શરૂ કર્યું હતું તેના મંગલાચરણ કત્રાસથી થયા. ચોવીસ કલાકની અખંડ ધૂન ગોઠવવામાં આવી. ધૂનનું નેતૃત્વ જેચંદભાઈ તથા રાયચંદભાઈએ મુખ્ય રૂપે સંભાળ્યું હતું. આ ધૂન બધા વિહારોમાં, ચાતુર્માસમાં અને પૂજ્ય તપસ્વીજી મહારાજે રાજગિરિમાં સંથારો કર્યો ત્યાં સુધી બરાબર ચાલતી રહી. ધૂનના શબ્દો આ પ્રમાણે હતા :

ભગવાન ભજો, ભગવાન ભજો, ભગવાન થવા ભગવાન ભજો,
ભગવાન ભજો, ભગવાન ભજો, ભગવાન થવા અભિમાન તજો.

ભગવાન ભજો, ભગવાન ભજો, મહાવીર ભજો, મહાવીર ભજો
મહાવીર થવા મહાવીર ભજો. અરિહંત ભજો, અરિહંત ભજો,
અરિહંત થવા અરિહંત ભજો. વીતરાગ ભજો, વીતરાગ ભજો,
વીતરાગ થવા રાગદ્વેષ તજો.
સીતારામ ભજો, સીતારામ ભજો,
સીતારામ થવા કામ ક્રોધ તજો.

આ પાંચ ધૂનના શબ્દો સહુ કોઈના હૃદયમાં ગુંજતા થઈ ગયા હતા. પાછલી રાત્રે ધૂનના મધુરા શબ્દો જનજનમાં ભગવાનનું નામ પહોંચાડતા હતા. કોઈ નગર જાગરણ થતું હોય તે રીતે સેંકડો ભાઈઓ અને બહેનો અખંડ ધૂનમાં ભાગ લેતાં હતાં. બે કલાકના વારા ગોઠવવામાં આવ્યા હતા. સૌ પોતપોતાની ફરજ પ્રમાણે પાંચ મિનિટ અગાઉ ધૂનમાં પહોંચી જતા, પરંતુ ઘણા ધૂનપ્રેમીઓ પોતાના વારાની પરવા કર્યા વિના લગાતાર છ કલાક સુધી ધૂનમાં હાજર રહી મસ્ત બની જતા હતા.

ધૂન પૂરી કરીને ઊઠે ત્યારે તેમને પ્રસાદનાં પૅકેટ આપવામાં આવતાં. રાત્રિની ધૂનમાં ભાગ લેનાર દૂરથી આવેલા ભાઈઓ માટે રતિભાઈને ત્યાં રાતવાસાની ખૂબ સારી વ્યવસ્થા રાખવામાં આવી હતી.

**વિશાળ જનસંપર્ક :**

શ્રી જયંતમુનિજી ગોચરીએ નીકળતા ત્યારે પ્રતિદિન ૩૦-૪૦ ઘરોમાં પગલાં કરવાનું થતું. આ રીતે મુનિશ્રીનો વિશાળ પાયા પર જનસંપર્ક થતો રહ્યો. સમગ્ર ગુજરાતી સમાજ, દિગંબર જૈન સમાજ અને મારવાડી અગ્રવાલ સમાજના બધા મળીને ૨૦૦થી ૨૫૦ ઘરો આનંદ ઉત્સવમાં ભાગ લઈ રહ્યાં હતાં અને પોતાને ત્યાં પગલાં કરવા માટે મુનિશ્રીને સતત વિનંતી કરતાં હતાં. નજીકની કોલિયારીમાં પણ ગોચરી લેવા જવાનું થતું. યુવક-યુવતીઓમાં અપાર ઉત્સાહ જોવામાં આવતો હતો.

હવે આપણે અહીં કત્રાસની એક ખાસ ઘટનાનો ઉલ્લેખ કરી આગળ વધીશું. ધીરે ધીરે માલૂમ પડ્યું કે કત્રાસ જુગારનો મોટો અડ્ડો છે. શ્રાવણ માસની સાતમ-આઠમના એક મહિના અગાઉથી જુગારનો મોટો ખેલ શરૂ થઈ જતો. તેમાં મોટી હાર-જીત થતી. મોટી રકમ હારવાથી ઘણા પરિવાર બરબાદ થઈ જતા. હારનારનો કામધંધો પડી ભાંગતો. ક્યારેક હારનાર વ્યક્તિ અથવા તેના ઘરના સભ્યને આત્મહત્યા કરવાનો પણ પ્રસંગ આવી જતો. આખો ગુજરાતી સમાજ આ જુગારની બદીમાં ડૂબી જતો.

જુગારમાં કોઈ પણ જાતપાતના કે પ્રાંતીય ભેદ હોતા નથી. ખોટા કામમાં માણસ જલદીથી

જોડાઈ જાય છે. આ જુગારના મંડપમાં ગુજરાતીઓ ઉપરાંત અન્ય પ્રજા પણ ભાગ લેવા માંડી હતી. જુગારનું કામ એક મહિનો પૂરજોશમાં ચાલતું. સાતમ-આઠમ પછી પણ જુગારનો મેળો વીખરાતાં આઠ દિવસ લાગી જતા.

શ્રી જયંતમુનિજી ક્રાંતિકારી વિચારના હોવાથી ફક્ત ઉપદેશ આપીને અટકતા નહિ, પરંતુ જુગારના દૂષણને અટકાવવા તેમણે એક અભિયાન ચલાવ્યું. બધા જ સજ્જન માણસોએ ખાનગીમાં કહ્યું કે "ગુરુદેવ, કત્રાસની આ જુગારની બદી અટકી જાય તેવો પ્રયાસ કરો."

આ સાંભળ્યા પછી મુનિજીએ જુગાર વિરુદ્ધ એક ઝુંબેશ ઉપાડી. કેટલીય વ્યક્તિઓને જુગારનો ત્યાગ કરાવ્યો. પરંતુ આપણા જૈન સમાજના જેચંદભાઈ આ જુગાર મંડપના અગ્રણી હતા.

**જુગાર સામે સત્યાગ્રહ :**

સૌએ કહ્યું કે જો જેચંદભાઈ જુગાર છોડે તો જ જુંગારની બદી અટકે તેમ છે. જેચંદભાઈના મોટાભાઈ રાયચંદભાઈ બિલકુલ નિરાળા હતા અને તન-મન-ધનથી મુનિશ્રીની સેવામાં સંલગ્ન હતા. પરંતુ જેચંદભાઈ હજી મુનિશ્રીના સત્સંગમાં આવ્યા ન હતા. સવારના પૂજ્ય મુનિશ્રીએ સંદેશો મોકલીને જેચંદભાઈને બોલાવ્યા. તેઓને કલ્પના પણ ન હતી કે મુનિશ્રી શું વાત કરવા ઇચ્છે છે. તેથી તે સહજભાવે આવ્યા. મુનિશ્રીએ પ્રેમથી પાસે બેસાડ્યા. લાગણી અને ધર્મના મર્મને બતાવીને મુનિશ્રીએ જુગાર છોડવાનું કહ્યું.

આ સાંભળીને જેચંદભાઈ એકદમ છણકો કરીને એકાએક ઊભા થઈ ગયા. તેમણે સામો પડકાર આપતાં કહ્યું, "મહારાજ સાહેબ, આ શક્ય નથી. કૃપા કરીને આપ આમાં વચ્ચે ન પડશો."

તેમનો આવો ઉશ્કેરાટભર્યો ઉત્તર સાંભળતા મુનિશ્રીનું સ્વાભિમાન જાગ્રત થયું. મુનિશ્રીએ પણ સામે પડકાર કર્યો,

"જેચંદભાઈ, તમારે આ છોડવું જ પડશે. તમે શું સમજો છો? તમે ગોચરી-પાણી આપો છો એટલે અમે તમારા ઓશિયાળા બની તમને કંઈ ન કહી શકીએ એમ? જુઓ, હવે કોણ જીતે છે? તમે જ્યાં સુધી જુગાર નહીં છોડો, ત્યાં સુધી મારે ઉપવાસ છે. આજે આહાર-પાણી લેવાનું બંધ !"

જયંતમુનિજીનો પડકાર સાંભળીને જેચંદભાઈ થોડા નરમ પડ્યા. પરંતુ જુવાનીનું જોશ હોવાથી એકદમ ઝૂકી શક્યા નહીં. "આપને ઠીક લાગે તેમ કરજો. હું તો આ ચાલ્યો." એમ કહી જેચંદભાઈ ચાલતા થઈ ગયા.

શ્રી જયંતમુનિજીએ આહારપાણી ન લેવાની ઘોષણા કરી. ગોચરીએ નીકળવાનું બંધ કર્યું.

પૂજ્ય તપસ્વીજી મહારાજે પ્રથમ તો કહ્યું કે આપણે સાધુઓથી આવી કોઈ જીદ ન કરી શકાય. પરંતુ શ્રી જયંતમુનિજી ગાંધીવાદી હોવાથી સત્યાગ્રહની પોતાની વાત પર દૃઢ રહ્યા. પૂ. તપસ્વીજી મહારાજ પણ મૌન રહ્યા. અગિયાર વાગ્યા ત્યાં સુધીમાં તો સમગ્ર સમાજમાં વાત ફેલાઈ ગઈ કે પૂજ્ય ગુરુદેવ જેચંદભાઈની સામે ઉપવાસ પર ઊતર્યા છે.

**જેચંદભાઈનું હૃદયપરિવર્તન :**

જેચંદભાઈ મુશ્કેલીથી તાપ જીરવી શક્યા. બાર વાગતા પહેલાં તેઓ સ્વયં મુનિશ્રીના દરબારમાં હાજર થઈ ગયા. હાથ જોડ્યા અને પગે લાગ્યા. તેમનો અહંકાર પીગળી ગયો. વાણીમાં પણ ઘણો ભક્તિરસ ઊભરાયો. આંખો અશ્રુભીની થઈ ગઈ. ગદ્ગદ ભાવે બોલ્યા, "ગુરુદેવ, તમે જીત્યા અને હું હાર્યો. આપ પાત્રા લ્યો. આપ મારા કારણે આહાર-પાણી ન વાપરો તો મારા જેવો અભાગી કોણ? હું જુગારનો સર્વથા ત્યાગ કરવા તૈયાર છું."

મુનિશ્રીએ કહ્યું કે "જેચંદભાઈ, તમારી ભાવનાનો સ્વીકાર કરી આજે આહાર ગ્રહણ કરીશ. પરંતુ જુઓ, આ વ્રત તમને એકલાને અંગત રીતે આપવાનું નથી. કત્રાસમાં જુગાર રમનાર પ્રત્યેક વ્યક્તિએ આના પચ્ચક્ખાણ લેવા પડશે."

મુનિશ્રીએ જાહેર સભામાં જુગાર છોડવા માટે અનુરોધ કર્યો. બધા જુગાર રમનારને વ્યાખ્યાન સભામાં જ પચ્ચક્ખાણ લેવા કહ્યું. બધા તરફથી એક જ જવાબ મળ્યો કે જેચંદભાઈ જુગાર છોડે તો અમે છોડીએ. બધા એમ માનતા હતા કે જેચંદભાઈ જુગાર છોડશે નહીં અને આપણે જુગાર છોડવો નહીં પડે.

મુનિશ્રીએ જેચંદભાઈને બોલાવીને કહ્યું, "આજે આપણે પૂરું નાટક કરવાનું છે. ભરી સભામાં તમે જુગારનો ત્યાગ કરો એટલે આ એકસો વ્યક્તિને ત્યાં જ ઊભા કરી, તમારી સાથે જ ત્યાગ કરાવવાનો છું. આ બધા તમારા પાકા અનુયાયી છે. તેઓ કહે છે કે જેચંદભાઈ જુગાર છોડે તો અમે જરૂરથી છોડીશું. તો આજે બધાને હાથમાં લેવા છે. તમે તમારા સાગરીતોને પણ અંદરખાને તૈયાર કરજો. આજે સભામાં ધડાકો બોલાવવો છે."

જુઓ તો ખરા! થોડા કલાકમાં જેચંદભાઈ એટલા બધા બદલાઈ ગયા કે એક ઉદાહરણ આપવાને લાયક બની ગયા. ત્યારબાદ તેઓ જયંતમુનિના પરમ ભક્ત બન્યા. તેમણે જીવનપર્યંત પૂજ્ય મુનિજીની સેવા કરી.

રાત્રિનો સમય થયો. પોલીસ સ્ટેશનથી થાણાના દરોગા નાગરિક વેશમાં પોતાની આખી પાર્ટી લઈને પ્રવચન સાંભળવા આવતા હતા. થાણેદારના આવવાથી પ્રવચન પંડાલની શોભા વધી હતી. આખું આગણું ખીચોખીચ ભરાઈ ગયું.

પ્રસંગ જોઈને મુનિશ્રીએ દરોગાજીને નામ લઈને સંબોધ્યા, "જુઓ દરોગાજી, તમે તમારા

ચોરોને પકડી ન શક્યા. પરંતુ આજે અમે પકડ્યા છે. માટે તમારે પણ પૂરો સાથ આપવાનો છે."

દરોગાજી હસીને બોલ્યા, "એ બધા ચોર કોણ છે?"

મુનિશ્રીએ કહ્યું, "જુઓ, આ બધા ઊભા થાય છે. તમને ખ્યાલ આવી જશે."

મુનિજીએ આહ્‌વાન કર્યું, "જે ભાઈઓને આજે જુગાર છોડવાનો છે તે સૌ ઊભા થઈ જાય!"

જુગારનું નામ સાંભળીને દરોગાજી ચોંકી ઊઠ્યા. "અરે! આટલા બધા માણસો જુગારમાં સંડોવાયેલા છે!" દરોગાજીને આશ્ચર્ય થયું. જેચંદભાઈ મોખરે હતા. આજે જુગારનો આખો મંડપ તૂટી પડવાનો હતો. વરસોથી ચાલી આવતી કત્રાસની એક બહુ જ મોટી બદી આજ જડમૂળથી ઊખડવાની હતી. સરકાર અને સમાજ જે ન કરી શક્યાં, તે ધર્મના ધ્વજ નીચે પૂજ્ય મુનિશ્રીના હાથે સિદ્ધ થયું. ભરી સભામાં એકસાથે દોઢસોથી બસો માણસોએ જુગાર ન રમવાના જાહેરમાં પચ્ચક્ખાણ લીધા. વ્રત લીધા પછી જયજયકારથી પંડાલ ગુંજી ઊઠ્યું.

**દરોગાજીના અભિનંદન :**

દરોગાજીએ સ્વયં ઊભા થઈ પૂજ્ય મુનિશ્રીને હાર્દિક અભિનંદન આપ્યા. આ વાતનો સમગ્ર કોલફિલ્ડ ઉપર ઘણો જ ઊંડો પ્રભાવ પડ્યો. કત્રાસમાં મુનિશ્રીની કામગીરીની ચોતરફ પ્રશંસા થવા લાગી. સાંભળવા પ્રમાણે ગયે વરસે જ એક ભાઈ જુગારમાં હારી જતાં તેમની પત્નીએ કૂવામાં ઝંપલાવીને આત્મહત્યા કરી હતી. જાણે એ બહેનનો પવિત્ર આત્મા જુગારની વિરુદ્ધમાં પોકારી ઊઠ્યો હોય! તેમની જેહાદની ભાવનાનો પડઘો પડ્યો હોય તેમ આજે એક મોટી સફળતા મળી હતી.

દરોગાજીએ કહ્યું, "ખરેખર, એકલી સરકાર કશું કરી શકતી નથી, પરંતુ સંતોની કૃપાથી ઘણા કાર્યો સિદ્ધ થઈ શકે છે."

જેચંદભાઈ ધર્મના માર્ગ પર આવી ગયા તેથી રાયચંદભાઈને ખૂબ આનંદ થયો.

આ ઘટના પછી ગુજરાતી સમાજમાં સાતમ-આઠમના જુગાર રમવાની જે ઘોર દૂષણયુક્ત પ્રથા હતી, તેની વિરુદ્ધ અભિયાન ચલાવવાનું એક સૂત્ર મુનિશ્રીને બરાબર હાથ લાગી ગયું.

કત્રાસની સ્થિરતા દરમિયાન બે સંઘ-જમણ થયાં. અહીંની ગુજરાતી શાળામાં ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ ગુજરાતી શાળા, કત્રાસની હાઇસ્કૂલ અને કત્રાસના થાણામાં મુનિશ્રીનાં વિશેષ પ્રવચનો ગોઠવવામાં આવ્યાં. ઉપરાંત દિગંબર જૈન સમાજે પ્રવચન માટે મંદિરમાં પગલાં કરાવ્યાં. મુનિશ્રીએ મંદિરમાં ભગવાનનાં દર્શન કરી ધન્યતા અનુભવી. પૂ.

મુનિશ્રી પ્રવચનમાં ધાર્મિક ઉપરાંત સામાજિક વિષયોની પણ છણાવટ કરતા અને રાષ્ટ્રીય ભાવનાને ઉત્તેજન આપતા. જીવનસુધારની મુખ્ય વાતો એમના પ્રવચનમાં ગુંજતી હતી. આને કારણે ખૂબ જ સારો પ્રભાવ પડ્યો.

જોતજોતામાં એક સપ્તાહ વીતી ગયું. કત્રાસથી વિહાર કરવાનો સમય આવી પહોંચ્યો. સમગ્ર ગુજરાતી સમાજ તથા અન્ય ધર્મપ્રેમી બંધુઓ વિદાય સમારોહમાં ભાગ લેવા માટે એકત્રિત થયા હતા. સૌના મનમાં ઉત્કટ ભાવના વ્યાપ્ત થઈ હતી કે ઝરિયા સુધી પગપાળા મુનિશ્રીને સાથ આપવો. વચ્ચે એક દિવસ કરકિંદ રોકાવાનું હતું.

**કરકિંદમાં કત્રાસ-ઝરિયા સંઘનું મિલન :**

કત્રાસથી જ્યારે પગ ઉપાડ્યો ત્યારે આખો સમાજ કરકિંદ સુધી ચાલી નીકળ્યો હતો. અહીંની એકરા કોલિયારી ઘણી જ મોટી છે. અહીં થોડો સમય વિશ્રાંતિ લેવાની હતી. ભજન ગાતા ગાતા અને ધૂન બોલાવતા આખો સંઘ ૧૯૫૨ની તેરમી જાન્યુઆરીએ કરકિંદ આવી પહોંચ્યો હતો. આ ક્ષેત્રમાં કરકિંદની બજાર ઘણી જ મોટી ગણાય છે. અહીં મારવાડીભાઈઓનું પૂરું વર્ચસ્વ છે. અનેક ધનાઢ્ય મારવાડીઓ કરકિંદમાં વસે છે. શંકરભાઈની પણ ત્યાં એક દુકાન હતી અને ઊતરવા માટે તે સ્થળ પસંદ કર્યું હતું. અહીં કત્રાસ અને ઝરિયા બન્ને સંઘનો સંગમ થયો, એટલે સંઘ-જમણ રાખવામાં આવ્યું હતું. મારવાડીભાઈઓ તથા સત્સંગી બહેનો મોટી સંખ્યામાં સ્વાગત-સમારોહમાં જોડાયાં હતાં. જાહેર પ્રવચનમાં પણ સમસ્ત મારવાડી સમાજના લોકોએ હાજરી આપી.

અત્રે ખ્યાલ રાખવાનો છે કે હજી ધનબાદ સંઘનો જન્મ થયો ન હતો. ત્યાં જૈનનું ફક્ત એક જ ઘર હતું. વળી કોઈ પણ ધર્મસ્થાનક ન હતું. તેથી ધનબાદ સંઘનો અત્યાર સુધી કોઈ ઉલ્લેખ આવતો નથી.

❑



१७

## ધર્મભાવનાનું મધુર ગુંજન

કરકિંદથી વહેલી સવારના વિહાર શરૂ કરી ઝરિયામાં પદાર્પણ કર્યું. ઝરિયામાં પ્રવેશ પહેલાં અર્જુનબાબુ અગરવાલના આનંદભવનમાં સ્વાગત-સમારોહ ગોઠવ્યો હતો. ઝરિયા સંઘે ત્યાં શમિયાણો બાંધી ધર્મસભાનું આયોજન કર્યું હતું. અર્જુનબાબુ તરફથી જલપાનની વ્યવસ્થા હતી.

અર્જુનબાબુ કોલિયારી ક્ષેત્રના મોટા ઉદ્યોગપતિ હતા. તે ૫૦ જેટલી કોલિયારીનો હક્ક ધરાવતા હતા. તેમના નામનો અહીં રુઆબ હતો. જુઓ કુદરતની બલિહારી ! આટલા ધનાઢ્ય અને સમૃદ્ધ હોવા છતાં તેને ઘેર એક શેર માટીની ખોટ હતી. ભોગવનાર કોઈ ન હતું. પરંતુ પોતે વિશાળ દિલના હોવાથી બધા ભાઈઓનો પરિવાર સાથે રાખ્યો હતો. તેમને પોતાના સંતાન સમાન ગણીને સાથે રાખતા હતા. એક રાજા જેવો તેમનો વૈભવ અને સમૃદ્ધિ હતા. તેમને આંગણે ગાડીનો મોટો કાફલો હમેશાં ઊભો રહેતો. હજારો માણસોને રોજીરોટી મળતી હતી. તેઓ વેપારી ઉપરાંત વિચારશીલ, બુદ્ધિમાન અને સમાજ સાથે ઓતપ્રોત વ્યક્તિ હતા. જનકલ્યાણનાં ઘણાં કાર્યો કરતા. તેમણે વિશાળ વિદ્યાલયો, ગૌશાળા, મંદિર, ધર્મશાળા બંધાવીને પૂર્વજોની કીર્તિ ઉજ્જ્વળ કરી હતી.

આજની સભાના તે સ્વાગત-અધ્યક્ષ હતા. પોતે રાજસ્થાનના હોવાથી જૈન સાધુના આચાર-વિચારથી થોડા પરિચિત હતા. ગુજરાતથી પગપાળા યાત્રા કરી ઝરિયામાં પધારવા બદલ પૂજ્ય તપસ્વી મહારાજ તથા શ્રી જયંતમુનિજીનું હાર્દિક સ્વાગત કરતા તેમણે કહ્યું, “કોલફિલ્ડમાં પૂજ્ય તપસ્વી

સંતોનાં દર્શન થઈ રહ્યાં છે તે આપણા અહોભાગ્ય છે. તેઓનાં દર્શન કરી આપણે ધન્ય થઈ ગયા છીએ. દરેક રીતે મુનિઓની સેવા કરી, જ્ઞાન-લાભ મેળવી, જીવન સાર્થક કરવાનો અણમોલ અવસર ઉપલબ્ધ થયો છે." – આત્મીય ભાવે સ્વાગત કરતા કરતા તેઓ ગળગળા થઈ ગયા. તેમનો એક એક શબ્દ ઉત્સાહવર્ધક હતો.

સંઘ તરફથી શ્રી કલ્યાણભાઈ મોદીએ મુનિશ્રીનું હાર્દિક સ્વાગત કર્યું. સો માઈલનો વિહાર કરીને મુનિજીને સાતાપૂર્વક ઝરિયા સુધી લાવવા માટે તે ભાઈઓને પણ હાર્દિક અભિનંદન આપ્યા. ખાસ કરીને શંકરભાઈનું નામ લઈને તેમને પ્રેમભર્યા શબ્દોમાં બિરદાવતાં કહ્યું કે "શંકરભાઈએ સંઘની કીર્તિ ઘણી વધારી છે અને મુનિઓના મન ઉપર અમિટ છાપ મૂકી છે." રતિભાઈ ઘેલાણી, મગનભાઈ દેસાઈ અને મુંબઈના શામળાજીભાઈ ઘેલાણીને પણ તેમણે હાર્દિક અભિનંદન આપ્યા.

**શાસ્ત્રપ્રભાવનાનો સુયોગ :**

શ્રી જયંતમુનિજીએ સ્વાગતના પ્રત્યુત્તરમાં કહ્યું, "આજે તમારા સૌની અપૂર્વ ભક્તિ જોઈને અમારા સેંકડો માઈલના વિહારનો થાક ઊતરી ગયો છે. અમે પ્રસન્નતા અનુભવીએ છીએ. આટલાં દૂર આવીને, વર્ષોથી અવિરત પુરુષાર્થ કરીને આપણા ભાઈઓએ જે ઉન્નતિ કરી છે તે પ્રશંસનીય છે, પરંતુ જ્યાં સુધી સંતોનો લાભ ન મળે ત્યાં સુધી ભૌતિક સુખ હોવા છતાં મન પરિપૂર્ણ તૃપ્ત થતું નથી. આજ તમારાં સૌનાં મુખમંડળ પર અપાર હર્ષ છવાયો છે. તમને લાગે છે કે આ પ્રદેશમાં ગુરુદેવ પધારવાથી સેવા અને ભક્તિનો અવસર મળ્યો છે. સાથેસાથે અમને પણ એટલો જ સંતોષ થયો છે કે આટલે દૂર સુધી વસેલાં આપણાં શ્રાવક-શ્રાવિકા અને સાધુઓથી અપરિચિત બાલ-ગોપાલને ધર્મની પ્રેરણા આપી, શાસનપ્રભાવના કરવાનો સુયોગ મળ્યો છે.

ત્યારબાદ મુનિશ્રીએ હસતાં હસતાં કહ્યું કે, "અમારું સૌથી પ્રથમ સ્વાગત તો આ ઝરિયાની બહેનોએ કર્યું હતું. એમની સાથે એક પણ ભાઈ આવ્યા ન હતા. બહેનો જરાપણ પરવા કર્યા વિના સાહસ કરીને કાશી સ્ટેશને ઊતરી પડ્યાં હતાં. નસીબજોગે સ્ટેશનમાં મુનિઓનાં દર્શન થવાથી એક આફત ટળી ગઈ હતી. ત્યારબાદ અમારી બહેનોએ તમને પુરુષોને જે રીતે નવાજ્યા હતા તે ઘણો જ આનંદનો વિષય હતો. પૂજ્ય તપસ્વી મહારાજ ક્યારેક સમય પર કહેશે."

કાશીદર્શને આવેલી બધી બહેનો સભામાં હાજર હતી અને સૌની વચ્ચે હસાહસ થઈ પડી.

**નંદવાણા જ્ઞાતિના વ્હોરા અને ચંચાણી પરિવારની ભક્તિ :**

ભગવાન મહાવીરના જયનાદ સાથે મુનિરાજોએ ઝરિયા નગરમાં પદાર્પણ કર્યું. મુખ ઉપર મુહપત્તિ બાંધેલા સંતો પ્રથમ વાર ઝરિયામાં પધારતા હતા. જનતામાં ભારે કુતૂહલ હતું. દુકાનદારો અને રસ્તે ચાલતા સહુ કોઈ સ્તબ્ધ થઈને એકીટશે, કુતૂહલભરી નજરથી સંતોને નીરખી રહ્યા

હતા. કેટલાક ભક્ત આત્માઓ પ્રણામ પણ કરતા હતા. એક અપૂર્વ અવસર અનુભવાતો હતો.

પૂર્વભારતમાં સૌપ્રથમ ઝરિયામાં જૈન ઉપાશ્રય બંધાયો હતો અને સ્થાનકવાસી જૈન સંઘની સ્થાપના થઈ હતી. મુનિશ્રીના આગમનનો ઝરિયા સંઘે ઘણો સારો પ્રચાર કર્યો હતો. મોટી સંખ્યામાં હાજરી હોવાથી નંદવાણા જ્ઞાતિની મહાજનવાડીમાં સ્વાગત ગોઠવ્યું હતું. કોલફિલ્ડના ગુજરાતી ઉદ્યોગપતિ, કે. વ્હોરા કંપનીના વ્હોરા પરિવાર તથા ચંચાણી પરિવાર ઘણો વિશાળ હતો અને તેમનો પરસ્પર વેવાઈનો સંબંધ હતો. એક રસોડે ૭૫ માણસો જમતા હતા. તેઓ મૂળ કચ્છના વતની હતા. એ વખતે કોલફિલ્ડ ઉપરાંત સમગ્ર પૂર્વ ભારતમાં વ્હોરા અને ચંચાણીનો ડંકો વાગતો હતો. તેઓ ઉદ્યોગમાં નિષ્ણાત, નીતિ-નિયમના પાળનારા, દાનેશ્વરી અને ધાર્મિક ભાવનાથી ઓતપ્રોત હતા. શ્રી હરિશંકરભાઈ વ્હોરા અનન્ય ઈશ્વરભક્ત હતા. તેમને સાધુ-સંતો પ્રત્યે અપાર ભક્તિ હતી. કોલફિલ્ડની મોટી મોટી કોલિયારી તેઓના હાથમાં હતી. તેઓએ નંદવાણા વાડી બંધાવી હતી.

પૂજ્ય મુનિરાજ નંદવાણા વાડીમાં ઊતર્યા તેથી તેમને ઘણો સંતોષ થયો. બંને પરિવારનાં ભાઈઓ તથા બહેનો દર્શન કરવા તથા પ્રવચનનો લાભ લેવા આવતાં હતાં. તેમના આવવાથી સમાજમાં ખૂબ આદરભાવ વધી ગયો. કોઈએ ઠીક જ કહ્યું છે કે "જો નેતા સારા હોય તો જગત પ્રગતિશીલ બને છે." વ્હોરા અને ચંચાણી ભાઈઓ પૂરા ગુજરાતી સમાજનું નેતૃત્વ કરી સારી દોરવણી આપતા હતા અને ગરીબોની સેવામાં તત્પર રહેતા હતા.

**ભાવનાશીલ વ્યક્તિત્વ અને ભાવિનું બીજારોપણ :**

શ્રી વીરજીભાઈ સંઘવી ઝરિયા સમાજમાં અગ્રેસર હતા. તેઓ અત્યંત ધાર્મિક વ્યક્તિ હતા, નિયમિત જીવનચર્યા ધારણ કરનાર અને સમાજ માટે એક આદર્શ વ્યક્તિ હતા. તેમના મિત્ર હરચન્દમલજી જૈન અને ગિરધારીલાલ સુંડા કોલફિલ્ડમાં મોટા ઉદ્યોગપતિ તરીકે ખ્યાતિ ધરાવતા હતા.

હરચન્દમલજીની ભક્તિ ભવિષ્યમાં જયંતમુનિજીના જીવનમાં અતિ મહત્ત્વનું રૂપ ધારણ કરશે તેવો કોઈ અણસાર ત્યારે ન હતો. તેઓ ઉત્તર પ્રદેશના મેરઠ જિલ્લાના ટીકરી ગામના નિવાસી હતા. જૈન પરિવારમાં ઊછરેલા હોવાથી તેઓ ઉચ્ચ સંસ્કારો પામ્યા હતા. તે ઉત્તર ભારતમાં સ્થાનકવાસી સંતોના સારા પરિચયમાં આવ્યા હતા. શ્રી હરચન્દમલ જૈન તથા તેમનાં પત્ની શ્રીમતી પુષ્પાદેવી હંમેશાં વ્યાખ્યાનમાં આવતાં. શ્રીમતી પુષ્પાદેવી દિગંબર હોવા છતાં કશા ભેદભાવ વગર પૂજ્ય મુનિવરોને ભાવથી ગોચરી માટે લઈ જતાં અને આહાર-પાણી વહોરાવી ધન્યતા અનુભવતાં. ઉત્તર પ્રદેશમાં દિગંબર તથા સ્થાનકવાસી સમાજ પરસ્પર દીકરીની લેવડ-દેવડના કારણે એકબીજા સાથે પારિવારિક સંબંધથી જોડાયેલા રહેતા.

આર્થિક સ્થિતિ સામાન્ય હોવા છતાં હરચન્દમલજી એમ.એ. પાસ હતા અને વિદ્વાન હતા. નસીબ અજમાવવા તે ઝરિયા કોલફિલ્ડમાં આવ્યા. તે બાળપણથી સમાજકલ્યાણના વિચારો ધરાવતા હતા. આ પ્રદેશોમાં આવ્યા ત્યારે સંકલ્પ કર્યો કે "જો સારા દિવસો આવશે તો ટીકરીમાં એક પણ છોકરા-છોકરીને અભણ નહીં રહેવા દઉં. વિદ્યાલય બનાવીને ભણવાની સારામાં સારી વ્યવસ્થા કરીશ." આવા શુભ સંકલ્પ સાથે તેઓ ઉદ્યોગમાં જોડાયા. શ્રીમતી પુષ્પાદેવી જૈનના શુભ પગલે ઘરમાં લક્ષ્મીની વૃદ્ધિ થવા લાગી અને જોતજોતામાં તેઓ દસ કોલિયારીના માલિક બન્યા. તેમના સંકલ્પ પ્રમાણે ટીકરીમાં વિશાળ વિદ્યાલય બનાવ્યું. એ સમયે એ ઇલાકામાં આરસવાળું એક પણ ભવન નહોતું. એમણે ઉત્તર પ્રદેશ અને કોલફિલ્ડ, બંને જગ્યાએ ખૂબ ઊંચી નામના મેળવી.

મુનિશ્રી ઈ. સ. ૧૯૫૧માં ઝરિયા પધાર્યા ત્યારે વીરજીભાઈ અને ગિરધારીલાલ સુંડા સાથે તેઓ પણ  પ્રવચન સાંભળવા આવતા હતા. પ્રવચન પછી તેઓ મુનિશ્રી સાથે વિશેષ તત્ત્વચર્ચા કરતા. આટલા મોટા ઉદ્યોગપતિ હોવા છતાં ધર્મમાં ખૂબ ઊંડા ઊતર્યા હતા. નવતત્ત્વ, મોક્ષમાર્ગ-પ્રકાશ, રત્નકરંડ શ્રાવકાચાર વગેરે ગ્રંથોના સારા અભ્યાસી હતા. એ વખતે ઇસરીમાં 'ગણેશપ્રસાદજી વર્ણી' ઉચ્ચકોટિના ત્યાગી-મહાત્મા અને ધુરંધર વિદ્વાન હતા. દિગંબર સમાજના તેઓ નામાંકિત સંત હતા. શ્રી હરચન્દમલજી જૈન તથા શ્રીમતી પુષ્પાદેવીજી તેમના પરમ ભક્ત હોવાથી હંમેશાં એમના દર્શનાર્થે જતા અને જ્ઞાનલાભ મેળવતા હતા. શ્રી હરચન્દમલજી જૈન ખૂબ જ દીર્ઘદૃષ્ટિવાળા દાનવીર શેઠ હતા. પોતે લાખોનું દાન કર્યું હતું. હસ્તિનાપુરમાં આશ્રમ ચલાવતા હતા, જેનો લાભ ઘણા બ્રહ્મચારીઓ અને મુમુક્ષુઓને મળી રહ્યો હતો.

એક દિવસ હરચન્દમલજી જૈને શ્રી જયંતમુનિ પાસે પ્રસ્તાવ મૂક્યો, "મુનિ મહારાજ, આપ અહીં વિચરણ કરો છો. આ પ્રદેશમાં માનવસેવાનું એક કેન્દ્ર બનાવો તો આપ સ્વકલ્યાણની સાથોસાથ જનકલ્યાણ કરી શકશો. માણસો પ્રવચન સાંભળીને રાજી થાય, પરંતુ કોઈ નક્કર કાર્ય ન થાય ત્યાં સુધી વધારે સારો સ્થાયી લાભ મળી ન શકે."

શ્રી જયંતમુનિજીએ ઉત્તર આપ્યો, "ભગવાન મહાવીરની આ ભૂમિનો અમે પૂરો અભ્યાસ કરીશું. બધે વિચરણ કર્યા પછી જેવો અવસર હશે તે પ્રમાણે વ્યવસ્થા કરીશું."

હરચન્દમલજીએ ફરીથી કહ્યું, "આપ જ્યારે એ વિચારને અમલમાં મૂકો ત્યારે મને અવશ્ય સૂચના આપશો. હું બધી રીતે તેમાં ભાગ લઈશ."

કેટલી મંગલ ભાવના! તેમણે સૂચન આપ્યું તે સમય પણ કેવો મંગલ હશે! વીસ વર્ષ પછી તેમના વિચારોએ સાકાર રૂપ લીધું અને બેલચંપા આશ્રમનું નિર્માણ થયું ! જેમ કોઈ બીજ જમીનમાં વર્ષો સુધી સુષુપ્ત રહે અને અનુકૂળ સંયોગ મળતાં અંકુરિત થઈ વૃક્ષનું રૂપ ધારણ કરે છે, તેમ

તેમના મંગળ વિચારો અને શુભ ભાવનાનું બીજ ભાવિના ગર્ભમાં અજાણપણે વિકસતા રહ્યા.

આ પ્રસંગ તેમની વિલક્ષણતા, દીર્ઘદૃષ્ટિ અને સમાજસેવાની ઊર્ધ્વ ભાવનાનો ખ્યાલ આપે છે. પરંતુ દુઃખની વાત એ છે કે તેઓએ જે વિચાર આપ્યા હતા, તે સાકાર થાય તે પહેલાં જ તેઓ અવસાન પામ્યા, પરંતુ ત્યારે ક્યાં ખબર હતી કે એક દિવસ શ્રીમતી પુષ્પાદેવી જૈન શ્રી જયંતમુનિજીની બેલચંપાની સંસ્થા અહિંસા નિકેતન અને પેટરબારના ચક્ષુ ચિકિત્સાલયના આધારભૂત સ્તંભ બનશે. એ સમયે વવાયેલાં ભક્તિનાં બીજ વર્ષો પછી વટવૃક્ષ બની રહ્યાં.

**ઝરિયાની આસપાસનાં ક્ષેત્ર :**

ઝરિયાની પાસેના ભોંજૂડી, સિંદરી, કાનડા, પાથરડી વગેરે ગામમાં જૈનોની વસ્તી હતી તેમજ ઘણી કોલિયારીઓમાં પણ જૈનોનાં ઘર હતાં. તેમની હાર્દિક વિનંતીનો સ્વીકાર કરી, મુનિશ્રીએ આ બધાં ક્ષેત્રોની સ્પર્શના કરી. ઝરિયાથી ભોજૂડી આવતા રોમાંચ થતો હતો. ભોજૂડીના સંઘવી પરિવારની બે બહેનો, જયાબહેન અને વિજયાબહેને સ્થાનકવાસી સંઘમાં દીક્ષા લીધી હતી અને સમગ્ર સૌરાષ્ટ્રમાં ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. જયંતમુનિજી નાની ઉંમરમાં ગોંડલ ગયા હતા ત્યારે બંને બહેનોનો દીક્ષા-ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો.

આ દીક્ષા-ઉત્સવ જોઈને શ્રી જયંતમુનિના વૈરાગ્યમાં વૃદ્ધિ થઈ હતી અને પરિવ્રજન કરવાની પ્રેરણા મળી હતી. આજે તે બન્ને સતીઓની જન્મભૂમિમાં પગ મૂકતાં તેમનું દિવ્ય સ્મરણ થાય, તે સ્વાભાવિક હતું. સંઘવી પરિવારના રાયચંદભાઈ અને તેમના પુત્ર નવલચંદભાઈ તથા રવીચંદભાઈ હાલમાં ભોજૂડી વ્યવસાય કરે છે અને ધાર્મિક કાર્યમાં રસ ધરાવે છે.

**ઉપાશ્રયની પ્રેરણા અને તપસ્વીજી મહારાજનું વચન :**

વર્ષો પૂર્વે પંજાબથી શ્રી ફૂલચંદજી મહારાજસાહેબ આ ક્ષેત્રમાં પધાર્યા હતા અને ઝરિયા ચાતુર્માસ કર્યું હતું. એ સમયે ભોજૂડીના ઉપાશ્રયનો પાયો નખાયો હતો. જૈનોનાં ઓછાં ઘર અને અન્ય સહયોગના અભાવે મકાનનું કામ અર્ધે અટકી ગયું હતું.

પૂજ્ય તપસ્વીજી મહારાજે ઉપાશ્રય પૂરો કરી તેમાં સૌ ધર્મધ્યાન કરતા થાય તેવી પ્રેરણા આપી. ઉપાશ્રયનો ફાળો પણ કરાવી આપ્યો અને કહ્યું, "ભલે તમારું ગામ નાનુ હોય, પણ ઉપાશ્રય પૂરો કરશો તો અહીં એક ચાતુર્માસ થઈ શકશે." પૂજ્ય તપસ્વી મહારાજની વાણી ફળી અને ઈ. સ. ૧૯૫૮નું ચાતુર્માસ ભોજૂડીમાં ગાળવાનો અવસર આવ્યો.

મુનિશ્રી ભોજૂડીથી સિંદરી, કાનડા અને પાથરડી પધાર્યા. સિંદરીમાં ખાતરનું મોટું કારખાનું છે. તેના મૅનેજર સ્થાનકવાસી જૈન હતા. એ સિવાય માટલિયા પરિવારનાં ઘર હતાં. પાથરડીમાં સોમચંદભાઈના પરિવારે ઊભા પગે હાજર રહી મુનિઓ અને સંઘના આગંતુક ભાઈઓની અપૂર્વ

સેવા બજાવી. દેરાવાસી હોવા છતાં ભક્તિમાં મોખરે રહી તેમણે એકતાનું દૃષ્ટાંત પૂરું પાડ્યું.

શ્રી સોનપાલ તથા તેમનાં પત્ની લક્ષ્મીબહેન શ્રી વીરજીભાઈના પરમ મિત્ર હતા. તેમણે કોલિયારી પર પધારવા પ્રાર્થના કરી. આ સમગ્ર પરિવાર રણછોડદાસજી મહારાજનો ભક્ત હતો, છતાં મુનિશ્રીની ભક્તિમાં એટલો જ મગ્ન હતો. કોલિયારીનો બધો સ્ટાફ તથા ત્યાં વસેલા પરિવારોને લાભ આપવા માટે જાહેર પ્રવચન રાખ્યું તથા લાડવાનો પ્રસાદ આપી ઘણો લાભ લીધો.

તપસ્વીજી મહારાજે તેરસથી પાંચમ સુધી અસ્થાયી રૂપે ઝરિયામાં પર્યુષણ ઊજવવાની ઘોષણા કરી. શ્રીસંઘમાં અનેરો ઉત્સાહ વ્યાપી ગયો. પચ્ચીસથી ત્રીસ અઠ્ઠાઈ અને નાનીમોટી તપસ્યાઓની આરાધના થઈ. પારણાં-મહોત્સવ પણ ઊજવાયો. આઠ દિવસની અખંડ ધૂન રાખવામાં આવી. ધૂનમાં કત્રાસના ભાઈઓએ પૂરો લાભ લીધો. ધૂનમાં બેસનાર દરેકને ચાર લાડવાનું પૅકેટ આપવામાં આવતું હતું. સાંજના વિધિવત્ પ્રતિક્રમણનું આયોજન થતું હતું. ઝરિયામાં એક મહિનો કેવી રીતે પસાર થયો તેની ખબર ન પડી. હવે વિહારનાં વાજાં વાગવા લાગ્યાં.

ઝરિયાથી પુન: કત્રાસ અને ત્યાંથી બેરમો, ચાસ-બોકારો થઈ, પુરુલિયાને સ્પર્શ કરી, ટાટા જવાનું હતું. બેરમોથી પુરુલિયા સુધી એક પણ જૈનનાં ઘર ન હતાં. પુરુલિયા પછી વિહારની બધી જવાબદારી જમશેદપુર સંઘે ઉપાડવાની હતી. પુરુલિયા સુધી ઝરિયા, કત્રાસ અને બેરમોના ત્રણે સંઘ મળી વ્યવસ્થા કરવાના હતા. કત્રાસના મુખ્ય ભક્તો રતિભાઈ, દેવચંદભાઈ, ફૂલચંદભાઈ, રામચંદભાઈ, નાનુભાઈ તથા કેટલાક યુવકોએ ટાટાનગર સુધી સાથે ચાલવાની તૈયારી કરી હતી. ઝરિયા સંઘની વિહાર પાર્ટી પુરુલિયા સુધી સાથે રહેવાની હતી. બેરમોથી નવલચંદભાઈ રસોડાની બધી જવાબદારી સંભાળવા માટે તૈયાર થયા હતા. ઉત્સાહનું એક અપૂર્વ પૂર આવ્યું હતું. ફરીથી કત્રાસ અને ઝરિયા સંઘનો કરકિંદમાં સંગમ થતાં સામૂહિક પ્રીતિભોજન રાખવામાં આવ્યું હતું.

**કરકિંદમાં કડવો અનુભવ :**

આ વખતે કરકિંદ નગરમાં ન રોકાતાં પાસેની કોલિયારીના મૅનેજરસાહેબના વિશાળ બંગલામાં રહેવાની સંઘે વ્યવસ્થા કરી હતી. ભક્તિભાવવાળા મૅનેજરશ્રીએ જરાપણ સંકોચ કર્યા વિના બંગલો સુપ્રત કરી દીધો.

આખો બંગલો વ્યવસ્થિત રીતે સજાવેલો હતો. સુંદર ફર્નિચરથી સુશોભિત હતો. પૂજ્ય મુનિરાજોને એક વિશાળ ઓરડો ઊતરવા માટે આપ્યો. બાકીના ખંડ ભાઈઓ અને બહેનોને ઊઠવા-બેસવા માટે આપ્યા. વિહારમાં આવેલાં બાળકો બંગલામાં એકાએક ધસી આવ્યાં. મુનિરાજ તથા વડીલો

સત્સંગની વાતોમાં લીન હતા. બાળક-બાલિકાઓ મસ્તીમાં આવી તોફાને ચડી ગયાં અને વિના કારણે બંગલાના સામાનની તોડફોડ કરવા લાગ્યા. ઘણી વિચિત્ર પરિસ્થિતિ ઊભી કરી દીધી.

મૅનેજરનાં ધર્મપત્ની દોડી આવ્યાં. બાળકોને અટકાવવા કોશિશ કરી, પરંતુ અસભ્યતાનું પ્રદર્શન કરતાં બાળકોએ બંગલાના માલિકને જરા પણ ગણકાર્યા વિના તોફાનનું તાંડવ ચાલુ રાખ્યું. છેવટે લાચાર થઈ બહેનશ્રીએ મુનિરાજ બિરાજમાન હતા ત્યાં આવી ધા નાખી. બંગલાની તોડફોડ તેઓ જોઈ શકતા ન હતા. બહેનોને પોતાના ઘરની ઘણી મમતા હોય છે. તેમાં આવું કોઈ અસભ્ય વર્તન કરે તે મહાદુઃખનું કારણ થાય છે. વડીલો દોડ્યા, બાળકોને પડકાર્યાં અને થોડા શાંત કર્યા. પછીથી ખબર પડી કે બંગલા ઉપરાંત આ બાળકો સાહેબની ઑફિસમાં પણ ઘૂસી ગયાં હતાં.

**મૅનેજરની કફોડી સ્થિતિ :**

વિનય-વિવેકવિહીન તોફાની બાળકોએ ટેલિફોનના રિસીવરના બે ટુકડા કરી નાખ્યા હતા. મૅનેજરસાહેબ પણ એકદમ નર્વસ થઈ ગયા અને બોલ્યા, "આ છોકરાઓએ ટેલિફોનના વાયર તોડી નાખ્યા છે. મારે માટે વિપત્તિ ઊભી થઈ ગઈ છે."

તે વખતે ટેલિફોન મેળવવો ખૂબ મુશ્કેલ હતો. મોટી લાંચ આપ્યા પછી ટેલિફોન ચાલુ થતો હતો અને તે પણ તાત્કાલિક નહીં. કોલફિલ્ડના અંદરના વિસ્તાર માટે ટેલિફોન જીવાદોરી સમાન હોય છે. ટેલિફોન ન હોય તો પૂરી કોલિયારીનું કામ ઠપ થઈ જાય. મૅનેજર કફોડી પરિસ્થિતિમાં મુકાઈ ગયા હતા. તેઓ થોડા ગળગળા થઈ ગયા હતા. તેમને લાગ્યું કે બંગલો આપીને મોટી ભૂલ કરી છે. તેમનું આંતરિક મન ખૂબ દુઃભાયું હતું. ભાઈઓએ તથા મુનિરાજોએ થોડું કોરું આશ્વાસન આપ્યું. બાળકોને પણ ઠપકો આપ્યો.

બાળકોએ મૅનેજરસાહેબને ત્યાં પાંચથી છ હજારનું નુકસાન કર્યું હતું. પૂ. તપસ્વીજી મહારાજને પણ ખૂબ ઊંડું દુઃખ થયું હતું.

મુનિરાજે વિહાર કર્યો ત્યારે મૅનેજરસાહેબ તથા તેમનાં પત્નીએ અત્યંત દુઃખી મને વિદાય આપી. મુનિરાજો જાય છે તેનું એટલું દુઃખ ન હતું જેટલું બાળકોએ કરેલા ઉપદ્રવનું દુઃખ હતું. વિચાર કરો કે ભવિષ્યમાં ફરીથી કોઈ જૈન મુનિના નિવાસ માટે મૅનેજરસાહેબ પાસે જગ્યા માગવામાં આવે તો શું તે આપે ખરા?

**સમાજમાં સંસ્કારિતાનો અભાવ :**

બાળકોમાં સારા સંસ્કાર ન રોપાયા હોય અને સભ્યતાનું જ્ઞાન ન આપ્યું હોય ત્યારે બાળકો વિકટ પરિસ્થિતિ ઊભી કરે છે અને છેવટે વડીલોને નીચા જોવાપણું થાય છે. આ પ્રસંગ તે

વખતની આપણી સામાજિક પરિસ્થિતિ અને વડીલોની બાળકોના ઉછેર તરફના દુર્લક્ષની ઝાંખી આપે છે.

ઝરિયાનાં તોફાની બાળકો એક નવો પાઠ ભણાવી ગયા હતા. આજે પણ જોઈ શકાય છે કે જૈન સમાજમાં ભક્તિ ઘણી છે, પરંતુ ઊંચી સભ્યતાનો વિકાસ થયો નથી. જ્યાં સંઘજમણ થતું હોય ત્યાં ચારે બાજુ શોરબકોર કરવો, એઠું મૂકવું, પીરસનારાઓ જ્યાંત્યાં દાળ-શાક ઢોળે, વાનગી મેળવવા માટે જમનારાઓ બૂમો પાડતા હોય, પાણીની વ્યવસ્થા બરાબર ન હોય, આ બધું કાયમ બનતું હોય છે. છતાં કોઈ આ તરફ લોકજાગૃતિ આણતું નથી. આવી પરિસ્થિતિમાં ગુરુદેવે પૂર્વ ભારતમાં જેટલું શક્ય હતું તે પ્રમાણે પ્રવચનોમાં સુધારો કરી, શાંતિ જાળવવા ઉપર જોર આપી, નવા સંસ્કારોની સ્થાપના કરી છે. પ્રીતિભોજન માટે હજુ કોઈ ઉપાયો શક્ય બન્યા નથી. યથાસંભવ પરિવર્તન કરવા પ્રયાસ કર્યો છે. જ્યારે મોટાઓની આ હાલત હોય ત્યારે બાળકો પાસેથી શી અપેક્ષા રાખવી? આમ મૅનેજરસાહેબના બંગલેથી સમાજસુધારણાની મોટી શીખ લઈ મુનિરાજો વિદાય થયા.

**ઘટનાની ગાઢ અસર :**

શ્રી જયંતમુનિજીને લાગ્યું કે કેવળ ઠપકો આપવાથી બાળકોના મન ઉપર લાંબી અસર ટકતી નથી. ઠપકો આપવાથી સુધારો પણ થઈ શકતો નથી. વસ્તુતઃ બાળકોનું ઘડતર થવું જોઈએ. તેઓને સંસ્કાર આપવા જોઈએ. સંસ્કારશીલ વિદ્યાલયોનું નિર્માણ થાય તો જ સભ્યતા ટકી શકે. સરકારી સ્કૂલોમાં કેવળ પુસ્તકનું જ્ઞાન આપવામાં આવે છે, પરંતુ સંસ્કાર કે સંસ્કૃતિનું જ્ઞાન આપવામાં આવતું નથી કે ચારિત્ર્યનું કશું નિર્માણનું થતું નથી. ગુરુદેવ કહે છે કે આ ઘટનાનો પ્રભાવ આખી જિંદગી મન ઉપર રહ્યો અને આવા સંસ્કાર આપતી શાળાઓનું નિર્માણ કરવા માટે તીવ્ર અભિલાષા અંતરમાં ઘોળાતી રહી.

આજે પાછલા જીવનમાં અવસર મળતાં જયંતમુનિજીએ ભારતની સુપ્રસિદ્ધ સંસ્થા 'વિદ્યાભારતી' સાથે સહયોગ સ્થાપ્યો છે. વિદ્યાભારતી 'સરસ્વતી શિશુમંદિર', 'સરસ્વતી વિદ્યામંદિર' અને 'સરસ્વતી મહાવિદ્યાલય' ચલાવે છે. તેઓ શિક્ષામાં સાહિત્ય અને ચારિત્ર્યનિર્માણનું ખાસ લક્ષ્ય રાખે છે. ઉચ્ચ કોટિના સંસ્કારોની સાથે ભણતર, ઘડતર અને ચણતર થાય છે. પૂજ્ય ગુરુદેવે 'વિદ્યાભારતી'ના સહયોગથી આજે ઘણાં વિદ્યાલયોની સ્થાપના કરાવી છે.

**ધર્મના મોટા મેગ્નેટ :**

કત્રાસનાં ભાઈ-બહેનોએ પુનઃ પોતાની મમતા અને ભક્તિરસમાં સહુનાં મન ડુબાડી દીધાં.

આ સમયે કત્રાસમાં એક દિવસની સ્થિરતા હતી. કત્રાસથી વિહાર કર્યા પછી બાગમોરા તથા કેસરગડા કોલિયારીમાં રોકાવાનો અવસર આવ્યો. શ્રી નવલચંદભાઈ વરસોથી બાગમોરામાં રહેતા હતા. પોતાના આંગણે પ્રથમ વાર મુનિરાજોનાં દર્શન થતાં તે ભાવવિભોર બની ગયા. બાગમોરાની નજીકમાં ટી. એમ. શાહની કેસરગડા કોલિયારી હતી. તેમના નાનાભાઈ નંદલાલભાઈ કોલિયારીનો સઘળો વહીવટ સંભાળતા હતા. તેમણે શિવપુરીમાં વિદ્યાવિજયજીના આશ્રમમાં ધાર્મિક અભ્યાસ કરેલો. ધર્મ પ્રત્યેની સમજ અને સંતો પ્રત્યે તેમની અપાર ભક્તિ હતી.

બાગમોરામાં શ્રી નંદલાલભાઈનો પ્રથમ પરિચય થયો. તેમણે ઘણી ઉત્તમ સેવાભક્તિ બજાવી અને જીવનના અંતિમ શ્વાસ સુધી તેમણે શ્રી તપસ્વીજી મહારાજ તથા જયંતમુનિજીની સેવા બજાવવાની એક પણ તક જતી ન કરી. તે ઉત્સાહી યુવક હતા. શ્રી જયંતમુનિજીએ તેમને 'કોલફિલ્ડના ટાઇગર'ની ઉપમા આપી હતી અને ધર્મના મોટા મેગ્નેટ તરીકે તેમને વર્ણવ્યા છે.

❑



## ૧૮

# સાંપ્રદાયિક એકતાનો પ્રસન્ન અનુભવ

**મુ**નિશ્રી બાગમોરા અને ફુસરો થઈ બેરમો પધાર્યા. દામોદર નદીના કિનારે શોભતું બેરમો કોલફિલ્ડમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ઓપન (ખુલ્લી) કોલિયારી અહીંની વિશેષતા છે. પૂજ્ય તપસ્વી મહારાજે 'મંગલવિહાર'માં કોલિયારીનું ઝીણવટભરેલું સાંગોપાંગ વર્ણન કર્યું છે. અહીંની ખાણનો કોલસો આખા ભારતમાં જાય છે. આખું ક્ષેત્ર વ્યવસાયથી ધમધમે છે. ચંચાણી કંપનીની વિરાટ કોલિયારી ગુજરાતીઓના શ્રમભરેલા વ્યવસાયની ગવાહી પૂરે છે. અહીંનો વેપારી વર્ગ કોલસાના વ્યવસાય ઉપર જીવી રહ્યો છે. મોટાં મંદિરો, નિત્ય-પૂજાપાઠ, રામાયણ અને ભાગવતની સપ્તાહો બેસાડી જે ધાર્મિક ઉત્સવો ઊજવાય છે, તે બધાનો આધાર પણ કોલસો જ છે.

બેરમોના શ્રી મણિભાઈ કોઠારી અને શ્રી નવલચંદભાઈ કત્રાસથી જ હાજર હતા. મણિભાઈ મંકોલ્રી કોલિયારીના માલિક હતા. તે સુખીસંપન્ન હતા અને સમાજસેવાનાં ઘણાં કાર્યો કરતા હતા. તેમની બેરમો ફિલ્ડમાં પૂરી તાકાત હતી. દેરાવાસી હોવા છતાં સમજદારી અને ઉદારતાને કારણે તેમણે સમગ્ર સમાજને એકસૂત્રે બાંધી રાખ્યો હતો. સંપ્રદાયની ભિન્નતાને કારણે સહેજે વૈમનસ્ય થાય નહીં, તેની પૂરી તકેદારી રાખતા. ક્રાંતિકારી વિચારો દ્વારા ઘણી સમાજસુધારણાઓ કરાવતા. નવલચંદભાઈ સ્થાનકવાસી સમાજમાં મુખ્ય હતા. મણિભાઈની પ્રત્યેક સૂચના અને માર્ગદર્શન ઉપર પૂરું ધ્યાન આપી સુલેહથી કામ કરતા હતા. બંને સમાજની અભિન્નતા પ્રત્યક્ષ જોઈ શકાતી હતી.

મુનિરાજ બેરમો પધાર્યા ત્યારે મણિભાઈ અત્યંત ખુશ થયા. તેમનો ઉત્સાહ જોવાલાયક હતો. તેમણે મુનિરાજો માટે વિશેષ વ્યવસ્થા કરી હતી. જાહેર પ્રવચન માટે પણ શમિયાણો બંધાવ્યો હતો. બેરમોમાં ભક્તિભાવ પર એક કળશ ચડી ગયો હતો.

બેરમોમાં બન્ને સંઘોએ મળીને ઘણાં વર્ષ પહેલાં એક ઉપાશ્રય બનાવ્યો હતો. તેનું જૂનું મકાન હજી ઊભું હતું. દેરાસરની સ્થાપના થઈ ન હતી. મુનિરાજો ઉપાશ્રયમાં ઊતર્યા. આસપાસમાં જૈન તથા ગુજરાતી સમાજનાં ઘણાં ઘર હોવાથી ગોચરીપાણીની ખૂબ સગવડ હતી. ચુનીલાલ વલ્લભજી વોરા ઉપાશ્રયની સામે જ રહેતા. તે તથા તેમનાં પત્ની ભાનુબહેન સેવામાં ઊભે પગે તત્પર રહેતાં હતાં. મણિભાઈના ખાસ મિત્ર પ્રેમજીબાપા ઠક્કર અને દયાળજીભાઈ ઠક્કર સુખીસંપન્ન સદ્‌ગૃહસ્થ હતા. પ્રતિદિન મુનિ મહારાજના પ્રવચનમાં હાજરી આપતા. તેઓએ લોહાણા મહાજનવાડી ન થાય ત્યાં સુધી હજામત ન કરવી તેવું વ્રત લીધું હતું. મહેમાનોનો પણ સારો એવો ધસારો હતો. શ્રાવકો મહેમાનોને પોતાના ઘેર જમવા લઈ જતા.

બેરમોમાં એક અઠવાડિયાની સ્થિરતા થઈ. સમસ્ત ગુજરાતી સમાજે પૂરેપૂરો ભાગ લીધો હતો. અહીં સાંપ્રદાયિક સંકુચિતતાનો સંપૂર્ણ અભાવ અને સમાજની એકતા જોઈ જયંતમુનિને ઘણી પ્રસન્નતા થઈ.

**સમસ્યા અને સમાધાન :**

મુનિરાજો બેરમોથી ચાસ તરફ આગળ વધ્યા. દામોદર નદી કેવી રીતે પાર કરવી તે વિકટ પ્રશ્ન હતો. એ વખતે દામોદર નદી પર એક પણ પુલ ન હતો. ગુજરાતી સમાજે અને આપણા ભાઈઓએ ગજબ પુરુષાર્થ કર્યો. સેંકડો બેંચ ભેગી કરી, નદીમાં ક્યાંય પગ ન મૂકવો પડે તે રીતે ગોઠવી દીધી. કાચા પાણીમાં પગ ન મૂકવાના જૈન સાધુઓના નિયમનું પૂરું પાલન થઈ રહ્યું હતું.

ઝરિયાથી નૅશનલ ફોટો સ્ટુડિયોના માલિક મૂલચંદભાઈ તથા હંસરાજભાઈ શેઠે મુનિરાજોએ જે રીતે નદી પાર કરી તેની આખી મૂવી ઉતારી છે. મુનિરાજો બેંચ પર પગલાં મૂકી, કોરે પગે નદી પાર કરી રહ્યા હતા તે આખું દૃશ્ય અદ્‌ભુત લાગે છે.

બેરમોથી વિહાર થયો ત્યારે કત્રાસના ભાઈઓ વિહારમાં જોડાયા હતા. તેમાં જેચંદભાઈ મોખરે રહેતા. જેવો વિહાર શરૂ થાય તેવી જ ધૂન શરૂ થતી. 'ભગવાન ભજો, મહાવીર ભજો'ના શબ્દો ગુંજવા લાગતા. આખો વિહાર આનંદમય બની જતો હતો.

૧૯૫૨ની ૨૭મી જાન્યુઆરીએ મુનિશ્રી બેરમોથી અંગવાણીની સ્કૂલમાં પધાર્યા. અંગવાણી એ કોલફિલ્ડનું નામાંકિત ક્ષેત્ર છે. રાત્રે પ્રવચનમાં ભજનમંડળીએ તેનો રંગ જમાવ્યો અને ભજનોની રમઝટ બોલાવી. ભજનમંડળીની બધી વ્યવસ્થા ભૂપતભાઈ (હાલના પૂજ્ય શ્રી ગિરીશમુનિ) સંભાળી રહ્યા હતા. પ્રારંભથી જ ભજનો ગાવા-ગવડાવવાની સઘળી વ્યવસ્થા ભૂપતભાઈ સંભાળતા હતા.

અંગવાણીથી સીધા ચાસ જવાનું હતું. એ વખતે બોકારો સ્ટીલ સિટીની સ્થાપના થઈ ન હતી. આખો પ્રદેશ વેરાન અને ઉજ્જડ પડ્યો હતો. રસ્તામાં પાણી પણ મળવું મુશ્કેલ હતું. પહાડી પ્રદેશ હોવાથી ખેતીનો પણ સર્વથા અભાવ હતો અને મારધાડ અને ચોર-લૂંટારાનું ક્ષેત્ર હતું. કોને ખબર હતી કે જે રસ્તે મુનિરાજોએ પગલાં ભર્યાં હતાં અને પૂજ્ય તપસ્વી મહારાજની ચરણધૂલિથી જે ક્ષેત્ર પાવન થયું હતું ત્યાં બોકારોનો વિશાળ સ્ટીલ પ્લાન્ટ ઊભો થશે! આજે એ જ વેરાન ક્ષેત્રમાં દશ કિલોમીટરમાં ફેલાયેલું વિશાળ કારખાનું ધમધમી રહ્યું છે. બાર મોટાં સેક્ટરોમાં રહેઠાણ માટે નગર વસી ગયું છે. જ્યાં એક ટીપું પાણી ન હતું ત્યાં આજે પંપો ધોધમાર પાણી વરસાવી રહ્યા છે. દામોદર નદીનું પાણી નહેર વાટે આ ક્ષેત્રમાં પહોંચાડવાનો ભારત સરકારે અભિનવ પ્રયોગ કર્યો છે.

**ગાડાના બેલ ગોળગોળ ફર્યા ! :**

અંગવાણીથી ચાસ સોળ માઈલનો વિહાર હતો. ચાસના ડાકબંગલે ઝરિયા, જમશેદપુર, કત્રાસ અને બેરમોના ચાર સંઘોનું સંમેલન હતું. બેરમો સંઘ તરફથી જમણવાર હતો. નવલચંદભાઈએ કહ્યું કે આ રસ્તે મોટર કે વાહન ચાલી શકે તેમ નથી, માટે બધો સામાન બેલગાડીમાં લઈ જવો પડશે. સામાન વહેલી સવારે પહોંચે તો જ બધી તૈયારી થઈ શકે. બેલગાડીને પહોંચતાં વાર લાગે, એટલે નવલભાઈ રાતના જ બેલગાડી સાથે અંગવાણીથી રવાના થયા. આખી રાત ગાડાં ચલાવી સવારના ચાસ પહોંચી જવાની નવલભાઈની હામ હતી. પરંતુ વિધિનો ખેલ જુદો હતો. રાત્રીના ગાડા ચાલ્યા તે ચાલ્યા, આખી રાત ચાલતાં જ રહ્યાં. સવાર પડી ત્યારે ગાડાં પાછાં અંગવાણી પહોંચ્યાં હતાં! રાત્રિના અંધારામાં ગાડાં રસ્તાના ચક્રવ્યૂહમાં અટવાઈ ગયાં હતાં. 'દળી દળીને ઢાંકણીમાં ઉભરાયું !'

**સંતો માટે વિહારનો પરિશ્રમ અને શ્રાવકો માટે ક્ષુધાનો પરિષહ :**

મુનિરાજો અને શ્રાવકો પગપાળા વિહાર કરી, આખો વેરાન પ્રદેશ પાર કરી, બપોરના બાર વાગ્યા પછી ચાસ પહોંચ્યા. તેમને પણ રસ્તાની આંટીઘૂંટીના કારણે રસ્તો લાંબો થઈ ગયો હતો. આખા રસ્તામાં એક પણ ગામ કે ઘર ન હતું. થોડાંઘણાં જંગલી ઝૂંપડાંઓ હતાં. જાનવરોમાં સુવર વધારે જોવામાં આવતા હતા. તે વખતે નદી પર પુલ પણ ન હતો. ગમે તેમ નદી પાર કરી. ચાસ પહોંચતાં તો સૌના હોશકોશ ઊડી ગયા હતા. પાણી વગર સૌનાં ગળાં સુકાતાં હતાં. એ વખતે ચાસમાં મારવાડી કે ગુજરાતીનું એકેય ઘર ન હતું. ત્યાં ફક્ત બંગાળી વસ્તી હતી. સાધારણ નાની બજાર હતી, જ્યાં કાલીમાતાનું એક મંદિર હતું. મુનિરાજ પુરુલિયા રોડના ડાક બંગલે પહોંચ્યા ત્યારે ત્યાં કાગડા ઊડતા હતા. ત્યાં કોઈ ન હતું. નવલચંદભાઈ ક્યાં ખોવાઈ ગયા તેનો કોઈ પત્તો ન હતો. નવલચંદભાઈના ગાડાનું કોઈ નામનિશાન ન હતું. સૌ મનોમન નવલચંદભાઈને કોસવા લાગ્યા.

મુનિરાજો તથા વિહારીભાઈઓ થાકીને લોથપોથ થઈ ગયા હતા. સોળ માઈલનો આકરો વિહાર ભારે પડી ગયો હતો. પીવાનું પાણી પણ હાજર ન હતું. સૌ નિરાશ થઈ લાંબા થઈને સૂતા. એટલામાં ઝરિયા અને જમશેદપુરથી ગાડીઓ આવવા લાગી. જમવાનો સમય થઈ ગયો હતો, પણ જમાડનાર કોઈ ન હતું. શ્રાવકોને ક્ષુધાનો પરિષહ થયો!

**નવલચંદભાઈની અપૂર્વ ધીરજ :**

ઝરિયા સંઘના ભાઈઓએ બુમરાણ મચાવી, "અરે, નવલચંદભાઈ મહેતા ક્યાં ખોવાઈ ગયા? બેરમો સંઘ પાણીમાં બેસી ગયો કે શું? કોઈ આવ્યું નથી – જમવાનું શું થશે?"

જમશેદપુરના ભાઈઓએ કહ્યું, "ભાઈ, શાંતિ રાખો. આમંત્રણ આપનારને આબરૂ વહાલી હોય છે. કોઈ કારણસર ગાડાં રોકાઈ ગયાં લાગે છે."

ઝરિયાવાળા એક ભાઈ હસીને બોલ્યા, "ગાડું રોકાણું છે કે ધરી ભાંગી છે, એ તો બેરમોવાળા જ જાણે."

એક ભાઈ બધા માટે ચા લેવા ગયા. ચા પીધા પછી સૌની ધીરજ વધી. આશરે એક-દોઢ વાગે નવલચંદભાઈનાં ગાડાં આવ્યાં. હજી નવલચંદભાઈ જરા શ્વાસ લે, એટલામાં તો બધાએ તેમનો ઊધડો લીધો. નવલચંદભાઈ બરફનો પહાડ હતા. જરા પણ ગરમી ન આવી. સૌને હાથ જોડીજોડીને કહેવા લાગ્યા, "બસ, અબઘડી ચૂરમાના લાડવા તૈયાર થઈ જશે. તમે મહારાજશ્રીનો સત્સંગ સાંભળો, અમારું જમણ બરાબર થશે."

ચૂરમાનું નામ સાંભળી ભૂખ્યા શ્રાવકોના મોઢામાં પાણી આવી ગયું! નવલચંદભાઈ કામમાં લાગી ગયા. ચાર વાગે જમવાનું તૈયાર થઈ ગયું. બીજા ઘણા મહેમાનો આવી પહોંચ્યા હતા. સૌ જમીને ઊઠ્યા અને જયજયકાર થઈ ગયો. પછી નવલચંદભાઈએ ભૂલા પડ્યાની રામકથા સંભળાવી. સૌએ નવલચંદભાઈની પીઠ થાબડી.

**મિશ્રીલાલજી જયસ્વાલ – સાયકલ પર વિશ્વયાત્રા :**

સાંજના સેંકડો બંગાળી લોકો આવી પહોંચ્યા. ભજનમંડળીઓ પણ આવી. ભજનની રમઝટ જામી. બંગાળના મોટા મોટા અને લાંબા ખોલ (વાજિંત્રોનાં સાધનો) જોઈને જયંતમુનિજીને ખૂબ આશ્ચર્ય થયું હતું. બંગાળી ભાષાનો અને એનાં ભજનોનો આસ્વાદ લેવાનો પહેલો પ્રસંગ હતો.

વહેલી સવારે ચાસથી વિહાર કર્યો. ચાસનિવાસી મિશ્રીલાલજી જયસ્વાલ પણ વિહારમાં સાથે હતા. પૂજ્ય મુનિશ્રીની પદયાત્રામાં જોડાયા પછી મિશ્રીલાલની અંદર સૂતેલો યાત્રી આત્મા જાગી ઊઠ્યો. તેમણે સાયકલ પર સંપૂર્ણ ભારતની યાત્રા કરવાનો સંકલ્પ કર્યો. ખરેખર, પુરુલિયાથી વિદાય લીધા પછી તે સાયકલ ઉપર સમગ્ર ભારતની યાત્રામાં નીકળી પડ્યા.

એક વરસમાં સમગ્ર ભારતના એક એક જિલ્લામાં તેમણે સાયકલયાત્રા કરી. ભારતનાં અખબારોમાં એમના અહેવાલો આવવા લાગ્યા. યાત્રા પરિપૂર્ણ થયા પછી તેઓ ફરીથી મુનિશ્રીનાં દર્શનાર્થે આવ્યા અને ત્યારે તેણે સાયકલ પર વિશ્વયાત્રા કરવાનો સંકલ્પ કર્યો. તેમને મુનિશ્રીનાં ચરણોમાં અપાર શ્રદ્ધા અને વિશ્વાસ હતાં. તેમનો સંકલ્પ અખબારોમાં જાહેર થયો. દિલ્હીથી જવાહરલાલ નેહરુએ સાયકલ પર વિશ્વયાત્રા માટે લીલી ઝંડી આપી. તે દરેક દેશના રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને બીજા પ્રધાનોને મળ્યા. વિશ્વયાત્રી તરીકે બધાં અખબારોમાં તેમનું નામ ચમકવા લાગ્યું.

તેણે ત્રણ વર્ષમાં આ યાત્રા પૂરી કરી. બધા દેશોની તસવીરો અને અહેવાલો લઈ પુનઃ ભારત આવ્યા. પોતાના મૂળ ગામ ચાસમાં સ્થિર થયા. અડીખમ કાયા અને મિલનસાર સ્વભાવના મિશ્રીલાલજી જન્મજાત કવિ હતા. તેઓ વ્યંગકાવ્યો લખવામાં નિષ્ણાત હતા. જ્યારે પેટરબારમાં સંસ્થા બની ત્યારે મિશ્રીલાલજી ચાસથી અવારનવાર ત્યાં આવતા અને હૃદયસ્પર્શી કવિતાઓ સંભળાવી સૌનું મનોરંજન કરતા. હાલમાં તેઓ દિવંગત થઈ ગયા ત્યારે ચાસની ગુણી જનતાએ વિશાળ સભામાં તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. તેઓ હંમેશ કહેતા કે "મુનિ મહારાજના વિહારથી અને તેમની પદયાત્રાથી મને ભારતયાત્રા તથા વિશ્વયાત્રાની પ્રેરણા મળી છે." તે વિશે તેમણે કવિતાની રચના પણ કરી છે.

**અજાણ્યા આદિવાસી વિસ્તારમાં :**

છોટા નાગપુરમાં (હાલનું ઝારખંડ) મુખ્યત્વે આદિવાસીઓની વસ્તી છે, છતાં તેનાં શહેરો, ખાણ અને ઔદ્યોગિક વિસ્તારોમાં બિનઆદિવાસીઓ મોટી સંખ્યામાં વસે છે. આ ઉપરાંત આદિવાસીઓમાં અનેક જાતિઓ છે. તેમાંની અમુક જાતિઓ પ્રમાણમાં વધુ સુધરેલી કે વિકાસ પામેલી છે. માહતો જાતિના માણસો ખેતીના વ્યવસાયમાં જોડાયેલા હોય છે અને એટલા પછાત નથી. મુનિરાજોએ ચાસથી આગળ વિહાર કર્યો, ત્યારે આદિવાસી પ્રજાના વધુ સંપર્કમાં આવ્યા અને તેમની સંસ્કૃતિ અને રીત-રિવાજનો ઊંડો અનુભવ મળ્યો.

શ્રી જયંતમુનિજીને ચાસથી પુરુલિયા જવાનું હતું. તે માટે મુનિશ્રી ચાસ મોડ પધાર્યા. ચાસ મોડથી એક રસ્તો પુરુલિયા જાય છે અને બીજો રસ્તો રાંચી તરફ જાય છે. એ વખતે ચાસ મોડનો વિકાસ થયો ન હતો. મુનિશ્રીએ મોડથી એક કિલોમીટર અંદર નારાયણપુર ડાકબંગલામાં રાત્રિ- નિવાસ કર્યો. અંગ્રેજોએ બિહાર અને બંગાળમાં ઠેર ઠેર ડાક બંગલા બંધાવ્યા હતા. ડાકબંગલા એટલે 'રોડ ઉપરના સરકારી ગેસ્ટ હાઉસ'. ડાક બંગલામાં ઊતરવાની બધી સગવડ હોય છે અને તેના વિશાળ આંગણામાં મોટાં છાયાદાર વૃક્ષો હોય છે.

અંગ્રેજો ગયા પછી આપણી સરકારે આ ડાક બંગલાને સારી રીતે સંભાળ્યા નથી. ઘણા ડાક

બંગલા ખંડેર થઈ ગયા છે. નારાયણપુરના ડાક બંગલાની હાલત હજી સારી હતી. તેની પ્રાકૃતિક શોભા અપાર હતી. અહીં વિહારમંડળીને ઘણો જ આનંદ આવ્યો.

નજીકના ગામડાની ભજનમંડળીઓ આવી. આ પ્રદેશ બંગાળ - બિહાર (હાલના ઝારખંડ)ની સરહદનો પ્રદેશ છે. અહીંની પ્રજાનો અને તેની સંસ્કૃતિનો આગવો ઇતિહાસ છે. તેઓ પોતાની સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ ધરાવે છે. પ્રજા એકંદરે ધર્મપરાયણ છે. અહીંના દરેક ગામની ભજનમંડળીઓએ મુનિશ્રીનું પોતાનાં ભજનોથી અભિવાદન કર્યું છે. એમના ભજનમાં બંગાળી ભાષાનો પ્રભાવ સ્પષ્ટ દેખાતો હતો. શ્રી જયંતમુનિજીએ બંગાળી સમજવાનું શરૂ કરી દીધું હતું. બંગાળી ભજનો ઘણાં મનમોહક હોય છે. ભજનને અંતે સૌને પ્રસાદ આપવામાં આવતો.

**ભક્તિકેન્દ્ર – પુરુલિયા :**

નારાયણપુરથી મુનિશ્રી પુરુલિયા પહોંચ્યા. ત્યાંની વિશાળ ધર્મશાળામાં મુનિરાજો પધાર્યા. અહીંના ઓશવાળ ભાઈઓએ ભાવભર્યું સ્વાગત કર્યું. અહીં શ્વેતાંબર ઓશવાળનાં પાંચ-સાત ઘર છે, જ્યારે દિગંબર સમાજનાં પચાસ અને અગરવાલ મારવાડીનાં બસોથી અઢીસો ઘર છે. પુરુલિયાનો વેપાર મારવાડીના હાથમાં છે. કેટલાક પટેલ પરિવારો તમાકુનો વ્યવસાય કરે છે. પુરુલિયામાં ધનાઢ્ય ભાઈઓ વસતા હોવાથી ધર્મશાળા ઉપરાંત ઠાકોરવાડી, ગૌશાળા અને ઔષધાલય જેવી સામાજિક પ્રવૃત્તિઓ સારી રીતે ચાલી રહી હતી.

ધર્મશાળામાં પહોંચતા પહેલાં મદનગોપાલજીના બગીચે જલપાન માટે સૌ રોકાયા હતા. આ પરિવારે મુનિઓની જે ભક્તિભાવથી સેવા બજાવી, તેથી પૂજ્ય તપસ્વી મહારાજને તેમની પ્રત્યે ખૂબ જ આદર થયો. ત્યાર પછી પણ આ પરિવાર કાયમ સેવા કરતો રહ્યો છે.

પુરુલિયાના સમગ્ર સમાજે મળીને મુનિજીનું સ્વાગત કર્યું. શ્રોતાઓથી ધર્મશાળા ખીચોખીચ ભરાઈ ગઈ હતી. દિગંબર અને શ્વેતાંબર જૈન ઉપરાંત પટેલો પણ આવ્યા હતા. કેટલાક ધાર્મિક બંગાળી પરિવારો પણ દર્શન તથા શ્રવણ માટે આવ્યા હતા. પંચવર્ણી પ્રજા એકત્રિત થઈ હતી. પુરુલિયા નગરી જાણે કોઈ ધાર્મિક ક્ષેત્ર હોય તેમ મુનિઓને આભાસ થયો. મિશ્રીમલજી પણ ચાસથી આવી પહોંચ્યા હતા.

પન્નાલાલજી ડાગા જૈન સમાજના અગ્રેસર હતા. પન્નાલાલજી તથા તેમનાં ધર્મપત્ની બંને કાબેલ, ભજનપ્રેમી અને ધાર્મિક ઉપાસનામાં દૃઢ આસ્થા રાખતાં હતાં. દિગંબર સમાજના તેઓ પ્રતિષ્ઠિત આગેવાન હતા. ડાગા પરિવાર હજી સુધી મુનિશ્રીની ભક્તિમાં જોડાયેલો છે. તેમના બે પુત્ર મોહનલાલ તથા મદનલાલ ડાગા ચાસ-પુરુલિયામાં ઘણી સારી નામના ધરાવે છે. જ્યારે એક પુત્ર સુભાષ ડાગાએ અમેરિકામાં ખૂબ પ્રગતિ કરી છે. તે ઉપરાંત શિવપ્રસાદ કેડિયા પણ અનન્ય ભક્ત હતા.

પુરુલિયાનો એક દિવસ યાદગાર બની ગયો. મુનિશ્રીનો પુરુલિયા સાથે ઊંડો સંબંધ સ્થાપિત થયો. તેની ઝલક આપણે આ ચરિત્રના આગળનાં પ્રકરણોમાં નિહાળી શકીશું.

પુરુલિયાથી ટાટા જવાની તૈયારી થવા લાગી. અહીં વિહારમંડળ બદલાવાનું હતું. ઝરિયા, કત્રાસ અને બેરમોની સેવા સમાપ્ત કરી, જમશેદપુર સંઘે નેતૃત્વ સંભાળવાનું હતું. ટાટાનગરની મંડળીનું નેતૃત્વ ભીખાબાપાના હાથમાં હતું. શેઠશ્રી નરભેરામભાઈએ વિહારનો પૂરો લાભ ઉઠાવ્યો હતો. સંઘના યુવકો ઉપરાંત ગુજરાતી શાળાના લાડીલા શિક્ષક ચુનીભાઈ તથા નાનુભાઈ પણ વિહારમાં જોડાયા હતા.

જમશેદપુર શ્રી સંઘના આગ્રહથી દેવચંદભાઈ, રતિભાઈ, રાયચંદભાઈ, જેચંદભાઈ વગેરે ભાઈઓએ પણ જમશેદપુર સુધી ચાલવાનો નિર્ણય કર્યો હતો. વિહારમંડળીમાં બે શ્રીસંઘોનો સંગમ થયો હોય તેમ અનેરો રંગ આવ્યો. ભીખાબાપા ભોજનવ્યવસ્થામાં નિષ્ણાત હોવાથી વિહારપાર્ટીને જમવાની વ્યવસ્થામાં જરાપણ ત્રુટિ રહેતી નહીં. વિહારની શરૂઆત થાય ત્યારે ભગવાન મહાવીરના જયનાદથી આકાશ ગુંજી ઊઠતું અને જેચંદભાઈની 'ભગવાન ભજો'ની ધૂન શરૂ થઈ જતી. વિહારયાત્રામાં ઓશવાળ ભાઈઓ પણ જોડાયા. વિહારમાં સાઠ માણસોનો સંઘ થઈ ગયો.

**બલરામપુર સાથેનો સ્થાયી સંબંધ – લક્ષ્મીચંદજી લૂણાવત :**

૧૯૫૨ની પાંચમી માર્ચે કન્ટાડિ થઈ મુનિરાજો બલરામપુર ધર્મશાળામાં પહોંચ્યા. બલરામપુર પણ પુરુલિયાની જેમ ધનાઢ્ય મારવાડી વેપારીઓનું મોટું કેન્દ્ર છે. એક જ મારવાડી શેઠે વિશાળ ધર્મશાળા બંધાવી છે. ત્યાં ઓસવાળ શ્વેતાંબર જૈનના બે-ત્રણ પરિવારો અને દિગંબર જૈનના બે-ચાર પરિવાર નિવાસ કરતા હતા. શ્વેતાંબર પરિવારના શેઠ શ્રી લક્ષ્મીચંદજી લૂણાવત ઘણા સંપન્ન અને ભક્તિવાળા હતા. તેઓ સમાજમાં આગવું સ્થાન ધરાવતા હતા. તેઓ શ્વેતાંબર હોવાથી મુનિઓની ભક્તિ વિશેષપણે કરવાની જવાબદારી સમજતા હતા.

ઘરની પાછળ આવેલા વિશાળ બગીચામાં તેમણે જૈન મંદિર પણ બનાવ્યું હતું. તેમના પરિવારના કિરણબહેન વારાણસીની દીકરી હતા. મુનિશ્રી વારાણસીમાં હતા ત્યારે તેના પિયરપક્ષે ઘણી સેવા બજાવી હતી. તેની ઓળખાણ નીકળતાં કિરણબહેનના ભાવમાં ઘણી જ વૃદ્ધિ થઈ.

શેઠ શ્રી લક્ષ્મીચંદજીનો પરિવાર આદર્શ પરિવાર હતો. તેમની બન્ને વહુઓ તેમનાં વૃદ્ધ માતુશ્રીની રાત-દિવસ એક કરીને સેવા કરતી હતી. દૃષ્ટાંત આપવા યોગ્ય તેમની ભાવના હતી. બલરામપુરમાં પણ ખૂબ ઊંડો સંબંધ બંધાયો, જે આપણે આગળનાં પ્રકરણોમાં જોઈશું.

**આદારડી સ્કૂલનો જીર્ણોદ્ધાર :**

બલરામપુરથી આદારડી થઈ ચાંડિલ (તા. ૬-૩-૫૨) જવાનું હતું. આદારડીમાં પહોંચ્યા

પછી ત્યાંની ગ્રામ જનતાએ ભવ્ય સ્વાગત કર્યું. શ્રી ચુનીભાઈ જનતાને સમજાવવા માટે સારો એવો શ્રમ કરતા હતા. આદારડી સ્કૂલના રૂમના બે દરવાજા તૂટેલા હતા. સ્કૂલની દુર્દશા હતી, જ્યારે ત્યાંના અધ્યાપકોમાં ઊંચી ભાવના અને કર્તવ્યપરાયણતા હતી.

નરભેરામભાઈએ આદારડી શાળાના શિક્ષકોને માન આપી, સ્કૂલનું રિપેરિંગ કરવા માટે હુકમ આપ્યો. બે-ચાર હજારના ખર્ચે સુંદર સ્કૂલ બની ગઈ. ફરીથી જ્યારે મુનિરાજો આદારડી સ્કૂલમાં પધાર્યા ત્યારે શિક્ષકોએ વિદ્યાભવનને સુંદર બનાવી દીધું હતું. આંગણામાં બગીચો પણ ખીલી ઊઠ્યો હતો. જુઓ, ધનપતિઓનું ધન સારા કામમાં વપરાય તો કેટલાં સારાં સુફળ આવે છે અને તેઓ કેટલું પુણ્ય ઉપાર્જન કરી શકે છે.

**રામજીભાઈ હંસરાજ કામાણી :**

જમશેદપુરથી શ્રી નરભેરામભાઈ સાથે તેમના મોટાભાઈ રામજીભાઈ હંસરાજ પણ આવ્યા. રામજીભાઈ મોટા ઉદ્યોગપતિ હતા. તેમની કામાણી એન્જિનિયરીંગ કંપનીએ આખા હિન્દુસ્તાનમાં તેમજ ઈરાન-ઇરાકમાં પણ હજારો ઇલેક્ટ્રિક ટાવર બેસાડી કંપનીની શાખ વધારી હતી. રામજીભાઈ ગાંધીજીના અનુયાયી હોવાથી ખાદીધારી હતા. કૉંગ્રેસના આંદોલનમાં તેઓએ પૂરો ભાગ લીધો હતો. લાખો રૂપિયાનો ફાળો પણ આપ્યો હતો. તેઓ નાદુરસ્ત તબિયતને કારણે જમશેદપુર હવાફેર માટે આવ્યા હતા. મુનિરાજોના આગમનથી તેમને અને શ્રાવિકા જડાવબહેનને અનાયાસે લાભ મળી ગયો. પતિ-પત્ની બન્ને ધર્મના રંગે રંગાયેલાં હતાં. રામજીભાઈના આવવાથી નરભેરામભાઈની છાતી ગજગજ ઊછળતી હતી. તેમના ઉત્સાહમાં ચારગણો વધારો થઈ ગયો હતો.

વિહારપાર્ટી આગંતુકોની સેવાનો ઉત્તમ પ્રબંધ કરતી હતી. ગુજરાતી શાળાના શિક્ષકો શ્રી ચુનીભાઈ તથા નાનુભાઈ પણ સેવામાં જોડાયા હતા. ચુનીભાઈ કવિહૃદયના હોવાથી કવિતા સંભળાવતા હતા અને હાસ્ય-વિનોદના ટુચકાઓથી સૌને હસાવીને આનંદમાં ડોલાવી દેતા.

**આદારડીની ભજનમંડળી – રાત્રિજાગરણ :**

આદારડીમાં બપોર પછી ભજનમંડળીઓ આવવા લાગી. આદારડીમાં રાતના દસ વાગ્યા સુધી ભજનકીર્તનો ચાલ્યાં. હવે તો ભીખાબાપા પ્રસાદમાં બધાને લાડવા આપતા હતા. પ્રસાદ-વિતરણને કારણે ભજનસભામાં અનેરો રંગ છવાઈ જતો હતો. દસ વાગે થાક્યાપાક્યા સૌ જંપી ગયા. ત્યાં તો અગિયાર વાગે ફરી મૃદંગના અવાજો સંભળાવા લાગ્યા. બે-ત્રણ પેટ્રોમેક્સ સાથે ૧૫૦થી ૨૦૦ માણસોનું ટોળું આદારડી તરફ આવી રહ્યું હતું. દૂરથી લાગતું હતું કે કોઈનો લગ્ન-ઉત્સવ ચાલતો હશે! ત્યાં તો આ જનસમૂહ આદારડી સ્કૂલમાં પહોંચી ગયો.

નાચગાન થવા લાગ્યા. સૂતેલા મુનિવરોને ફરીથી ઊઠવું પડ્યું. જાણવા મળ્યું કે થોડે દૂરનાં

ગામડાંના બધા માણસો ભજન-કીર્તનની મંડળી સાથે મુનિવરોનાં દર્શન માટે આવ્યા છે. શ્રી જયંતમુનિજીએ સભાનું નેતૃત્વ સંભાળ્યું. ચુનીભાઈ પૂરો સહયોગ આપી રહ્યા હતા. ભજનની મધુર પંક્તિઓ અને મૃદંગના પડઘાઓ દૂર દૂર સુધી પડતા હતા. રાત્રિના બે વાગ્યે કાર્યક્રમ પૂરો થયો. તે વખતે ભીખાબાપાએ ગરમ રસોઈ કરાવી સૌને જમાડ્યા. પ્રસાદ-વિતરણ કરી ભજનમંડળીનો ઉત્તમ સત્કાર કર્યા પછી સૌ વિદાય થયા. ચાર વાગતાં પુનઃ વિહારયાત્રાનો આરંભ થયો.

ગુજરાતથી બંગાળ સુધીની વિહારયાત્રામાં ભારતના વિભિન્ન પ્રદેશો અને જાતિઓના રીત-રિવાજો, પરંપરા, સંસ્કૃતિ, ભાષા અને પહેરવેશ ઇત્યાદિનો કીમતી અનુભવ મળ્યો. ગાંધીજીએ કહ્યું છે કે ભારતનો પ્રાણ તેનાં ગામડાંઓમાં ધબકે છે તે યોગ્ય જ છે. પૂજ્ય જયંતમુનિજીની ચિંતનસૃષ્ટિ અને વિચારધારા પર આ અનુભવનો ગાઢ પ્રભાવ પડ્યો છે. શ્રી જયંતમુનિશ્રીએ સમય જતાં માનવસેવા અને કેળવણીના ક્ષેત્રને મહત્ત્વનું જીવનકાર્ય બનાવ્યું, તેની પશ્ચાદ્ ભૂમિમાં આ લાંબી વિહારયાત્રા અને વિશાળ લોકસંપર્ક છે. પ્રજાની મૂળભૂત સમસ્યાનો ખ્યાલ આવ્યો અને તેથી માનવસેવાના કાર્યની પ્રેરણા મળી. જ્યારે અજ્ઞાનજનિત અંધકારને નિવારવા માટે શિક્ષણનું કામ હાથ પર લીધું.

**રમૂજી ઘટના :**

૧૯૫૨ની સાતમી માર્ચે ચાંડિલની વિશાળ મારવાડી ધર્મશાળામાં ઊતર્યા. ચાંડિલ પધાર્યા તેની સાથે જમશેદપુરના પરિવારો બાળકો સાથે ઊમટી પડ્યા. નાનજીબાપા પણ પોતાના ટાંક પરિવાર સાથે દર્શનાર્થે ચાંડિલ આવ્યા. તેઓ અત્યંત સુખી હતા અને સમાજ પર એમનું ઘણું વર્ચસ્વ હતું.

ચાંડિલમાં એક આનંદ-ઉત્સવ ઊજવાઈ ગયો. બપોરના સંઘજમણ થયું. જયંતમુનિજીને અતિ પરિશ્રમના કારણે તાવ આવી ગયો હતો. બીજો દિવસ પણ ચાંડિલમાં રોકાઈ, સાંજના નાનકડો વિહાર કરવો તેમ નક્કી કર્યું. બીજે દિવસે મારવાડી ગૃહસ્થોને ત્યાં ગોચરી જવાનો પ્રસંગ સાંપડ્યો. દરેક સ્થળે અગ્રવાલ મારવાડી ભાઈઓની સેવા નોંધપાત્ર હતી.

ચાંડિલથી બે માઈલ દૂર ચેનપુર રોકાવાનું નક્કી કર્યું. ચેનપુરમાં શ્રી મણિભાઈ પટેલે વિશાળ પાયા પર પોતાના વ્યવસાયને વિકસાવ્યો છે. તેમના ઘેર ઉતારો હતો. થોડો આરામ મળવાથી મુનિશ્રીની તબિયત સારી થઈ ગઈ હતી. વહેલી સવારે વિહારનો પ્રારંભ કરવાનો હતો.

બે વિહારી ભાઈઓને ભ્રમ થયો કે ચાર વાગી ગયા છે અને તેઓ સફાળા બેઠા થઈ ગયા. તેમણે અવાજ કર્યો કે 'ઊઠો ઊઠો, વિહારનો સમય થઈ ગયો છે.'

સૌ ભર ઊંઘમાં સૂતા હતા. તેમણે હાકોટો પાડીને બધાને જગાડ્યા. વિહાર પાર્ટી તૈયાર થઈ ગઈ.

મુનિઓએ પણ ભેટ બાંધી. સૌ રસ્તા પર નીકળી આવ્યા. ચારે તરફ અંધારું ભેંકાર હતું. વાતાવરણ પણ સૂમસામ હતું. પ્રાત:કાલીન હલચલ પણ દેખાતી ન હતી. સૌ થોડી શંકામાં પડ્યા. સૌએ ઘડિયાળ જોઈ, ત્યારે હાસ્યનું મોજું ફરી વળ્યું.

સૌ બોલ્યા, "અરે ભાઈ, હજુ તો રાતના બાર વાગ્યા છે."

સૌને જગાડનાર ભાઈ ચૂપ થઈ ગયા. થોડું આગળ ચાલી વૃક્ષ નીચે સહુ પુન: વિશ્રાંતિ લેવા બેસી ગયા. બે કલાક પસાર કરીને પુન: પાછલી રાત્રે વિહાર આરંભ્યો. વિહારમાં આવા રમૂજી પ્રસંગો પણ ક્યારેક બનતા હોય છે.

**વેદનાનો સ્પર્શ :**

હવે સિંહભૂમ જિલ્લાનો સુપ્રસિદ્ધ દલમા પહાડ નજર સામે આવી ઊભો હતો. મુનિશ્રીઓ કાંદરાબેડા સ્કૂલમાં પહોંચ્યા. સ્કૂલની વેદનાભરી હાલતનું વર્ણન પૂજ્ય તપસ્વી મહારાજે 'મંગલવિહાર'માં કર્યું છે. કાંદરાબેડાથી રસ્તો સર્પાકારે દલમા ઉપર ચાલ્યો જાય છે. દલમા પહાડ ગાઢ જંગલોથી છવાયેલો છે. જોકે અત્યારે જંગલો કપાઈ રહ્યાં છે, એટલે દલમા પણ વનરાજી વિહોણો થવા લાગ્યો છે. આ જંગલો તથા પર્વતો આસપાસનાં ગામડાંઓની જીવાદોરી છે. કાંદરાબેડાથી જમશેદપુર સુધીનો આખો માર્ગ દલમાની તળેટીથી પસાર થાય છે. રસ્તાની એક બાજુ પર્વતમાળા છે, જ્યારે બીજી બાજુ સ્વર્ણરેખા નદી સાથ આપે છે. નદી અને પર્વત વચ્ચે આવેલા આ રસ્તાની શોભા અત્યંત મનોહર છે. વનરાજી અને વૃક્ષો ભૂમિ પર કંચન વરસાવતા લાગે છે. મહુડાનાં વૃક્ષો અહીંની આદિવાસી જનતાને આજીવિકા પૂરી પાડે છે અને એટલા જ જનઉપકારી પણ છે. મહુડા પડવાનો સમય હોય, ત્યારે બાળબચ્ચાં સહિત પૂરો પરિવાર મહુડા વીણવાના કામમાં જોડાઈ જાય છે. તેમાંથી વર્ષ ભરના ગુજરાનની રકમ મેળવી લે છે. છોટા નાગપુર(હાલના ઝારખંડ)નાં આ જંગલોમાં મહુડા ઘણું મહત્ત્વ ધરાવે છે. લાકડાના ભારા લઈ સવારના મહિલાઓનાં ટોળે ટોળાં રસ્તા ઉપર ઊભરાય છે ત્યારે ખ્યાલ આવે છે કે જીવન માટે આ લોકો કેવો કઠિન સંઘર્ષ ખેડી રહ્યા છે. તેમના કઠોર શ્રમના પ્રમાણમાં તેમને યોગ્ય મજૂરી મળે છે કે કેમ, તે શંકા ભરેલું છે. પર્વતીય ક્ષેત્રની ગરીબ જનતાના વાસ્તવિક, વિદારક જીવનનો પ્રત્યક્ષ અનુભવ મેળવીને મુનિવરો ૧૯૫૨ની બારમી માર્ચે ટાટાનગરના આંગણે આવી પહોંચ્યા.

**જૈન મુનિઓનો પ્રથમ પ્રવેશ :**

હાથીનાલા બંગલામાં વિશ્રાંતિ કરી ટાટાનગરના ઉપાશ્રયમાં પદાર્પણ કરવાનું હતું. વહેલી સવારથી જ ટાટાનગરના શ્રીસંઘનાં શ્રાવક અને શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં એકત્રિત થયાં હતાં. જેચંદભાઈ તથા ફૂલચંદભાઈની ધૂન વાતાવરણ ગજવી રહી હતી. આ ધૂન બધાને મુખપાઠ થઈ

ગઈ હતી. ધૂનમાં સાથ આપવાથી સહુની ગતિ વધી જતી હતી. શ્રી ભાઈચંદભાઈ પંચમિયા જમશેદપુરના અગ્રગણ્ય શ્રાવક હતા અને નરભેરામ કંપનીના ભાગીદાર હતા. સુખી, સંપન્ન અને પ્રભાવશાળી વ્યક્તિ તરીકે તેમનું આ વિસ્તારમાં ઘણું સન્માન હતું. તેઓ રામજીભાઈ હંસરાજના સાળા થતા હોવાથી તેમને કામાણી બંધુઓ સાથે આત્મીય સંબંધ હતો. શ્રી ભાઈચંદભાઈ, દયાળજીભાઈ મેઘાણી તેમજ જમશેદપુરના બીજા ભાઈઓ પરિવાર સાથે સ્વાગત-સમારોહમાં જોડાયા હતા. ગુજરાતી સમાજના અગ્રેસર તરીકે શ્રી નાનજીબાપા તથા પરીખ પરિવારના શેઠ વલ્લભદાસ એટલો જ ઉત્સાહ ધરાવતા હતા.

ટાટાનગરમાં જૈન મુનિઓનો આ પ્રથમ પ્રવેશ હતો. દેરાવાસી સંતોને પણ ટાટાનગરમાં આવવાનું કોઈ પ્રયોજન ન હતું. કોઈ પણ ફિરકાના સાધુઓએ જમશેદપુરને સ્પર્શ કર્યો ન હતો. પૂજ્ય તપસ્વી જગજીવન મહારાજ તથા શ્રી જયંતમુનિજી જમશેદપુરમાં પધારનાર સૌપ્રથમ જૈન સાધુ હતા. સમાજમાં ઘણું આશ્ચર્ય હતું. મુનિવરો ગુજરાતથી પદયાત્રા કરીને પૂર્વ પ્રદેશમાં પધાર્યા છે તે વાત લોકોના અંતરમાં સ્પર્શી જતી હતી અને આશ્ચર્ય સાથે મુનિઓ પ્રત્યે ભક્તિભાવ ઊભરાતો હતો.

**ગુજરાતી સમાજમાં આનંદોત્સવ :**

ગુજરાતી સમાજ માત્ર જૈન સાધુ તરીકે નહીં, પણ તેઓ ગરવી ગુજરાતની ભૂમિના સંતો છે, તે રીતે આનંદભેર સ્વાગત કરીને ગૌરવનો અનુભવ કરી રહ્યો હતો અને મુનિજીઓ પ્રત્યે મમત્વ પ્રદર્શિત કરી સંતોષ અનુભવી રહ્યો હતો. દરેક સ્થળે એક જ વાત હતી કે "અરે, આપણા આ સંતો છેક ગુજરાતથી પદયાત્રા કરીને આવ્યા છે." સમસ્ત જમશેદપુરમાં આ વાત ઠેરઠેર ગુંજવા લાગી. ત્યાંના અખબારમાં તસવીર સાથે સમાચાર પ્રગટ થયા. સહજ ભાવે ટાટાનગરમાં ભવ્ય સ્વાગતનું આયોજન થયુ.

મુનિરાજોએ સર્વપ્રથમ શ્રી નરભેરામભાઈ કામાણીના બંગલામાં પગલાં કર્યાં. અહીં સૌને અલ્પાહાર આપવામાં આવ્યો. શ્રી નરભેરામભાઈએ સર્વપ્રથમ વારાણસીમાં વિનંતી કરી મુનિરાજોને પૂર્વભારતમાં પધારવા માટે પ્રયાસ કર્યો હતો, આજે તેમની ભાવના ફળીભૂત થઈ હતી. ખરેખર, તેઓએ કહ્યું, "મહારાજસાહેબ, આજે મને ઘણો સંતોષ થયો છે. ભગવાને મારી ઇચ્છા પૂર્ણ કરી."

શ્રીમતી હેમકુંવરબહેન તથા બાળ-પરિવાર સહુ સેવામાં તન્મય હતાં. એ સમયે હેમકુંવરબહેનનો આનંદ અને ઉત્સાહ ચરમસીમા પર પહોંચ્યો હતો. શ્રી નરભેરામભાઈ અને હેમકુંવરબહેન સ્વયં સેવામાં જોડાઈને લાભ લઈ રહ્યાં હતાં. ત્યારબાદ ભગવાન મહાવીરના જયનાદો સાથે શોભાયાત્રાએ બિષ્ટુપુરના કોન્ટ્રાક્ટર વિસ્તારના ઉપાશ્રયમાં પગ મૂક્યો.

યુવકોએ ચારે બાજુ તોરણ બાંધ્યાં હતાં. ધજા-પતાકાથી ઉપાશ્રય શણગારવામાં આવ્યો હતો. મુનિરાજો પાટે બિરાજ્યા ત્યારનું દૃશ્ય શ્રીસંઘ અને ગુજરાતી સમાજ માટે અપૂર્વ બની ગયું હતું.

સર્વપ્રથમ નાનજીભાઈ ટાંકે ગુજરાતી સમાજ તરફથી મુનિઓનું સ્વાગત કર્યું. તેમણે પોતાની લાક્ષણિક શૈલીમાં કહ્યું, "આજે આપણે ત્યાં ભગવાન સંત રૂપે બિરાજ્યા છે. આપણા સંતો ગુજરાતથી આટલી લાંબી પદયાત્રા કરી જમશેદપુર પધાર્યા છે તે આપણા માટે ધન્ય ઘડી છે. બીજા સંતો આવી શકે, પરંતુ પદયાત્રી જૈનમુનિઓનું જમશેદપુરમાં પદાર્પણ થાય તે કલ્પનાતીત વાત છે. આજે તપસ્વી મહારાજે સંતો માટે અહીંનાં દરવાજા ખોલી દીધા છે. હું પૂજ્ય મુનિજીને વિનંતી કરું છું કે અમને સૌને લાભ મળે તેવી કૃપા કરશો. ફક્ત જૈન સંઘ નહીં, આખો ગુજરાતી સમાજ આપનો છે."

ખરેખર, નાનજીભાઈનાં શબ્દોએ સમાજની તાસીર ફેરવી નાખી. સમસ્ત ગુજરાતી સમાજ મુનિવરોને પોતાના સમજી ભક્તિભાવ પ્રદર્શિત કરવા લાગ્યો.

**તપસ્વી મહારાજની હળવી રમૂજ :**

શ્રી જયંતમુનિએ સ્વાગતસમારોહનો જવાબ આપ્યો, "નાનજીબાપાની ભાવના સોળ આના પરિપૂર્ણ થશે. ધર્મમાં કોઈ ભેદ નથી, મનુષ્યના મનમાં ભેદ હોય છે. ખાંડ કહો કે સાકર કહો, પદાર્થ એક જ છે. રામ કહો કે મહાવીર કહો, શુદ્ધ આત્મા એક છે, નામ જુદાં છે. મનુષ્યો પોતાની બુદ્ધિથી ભેદભાવોનું સર્જન કરે છે, પરંતુ સત્યનો માર્ગ એક જ છે. આપણા ગુજરાતી સમાજે જે પ્રેમ વરસાવ્યો છે તે બેનમૂન છે. આજે જમશેદપુર પહોંચતાં અમને ઘણો સંતોષ થયો છે.

પછી જયંતમુનિજીએ રમૂજમાં ઉમેર્યું, "તમારા યુવકોએ આટલી મોટી ઉંમરના પૂજ્ય તપસ્વી મહારાજની સાથે જલદી ચાલવાની હોડ કરી. પૂજ્ય તપસ્વી મહારાજ પડી જાય તેટલા વેગથી તેમને ચલાવ્યા છે. આ પણ એક મોટી ભક્તિ છે !" આ સાંભળીને સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું.

પૂજ્ય તપસ્વી મહારાજ વચ્ચે બોલ્યા, "ભાઈ, આમાં યુવકોનો દોષ નથી. દોષ આપણો જ છે. સંસારનો નિયમ છે કે જે વધારે દોડે તે પડે. એટલે આ ફળ ઉતાવળનું છે."

**અપૂર્વ તપઆરાધના :**

જમશેદપુરનો અપાર ઉત્સાહ હતો. અહીં અઠ્ઠાઈ ઉત્સવ ઊજવવામાં આવ્યો. આઠ દિવસ દરમિયાન જમશેદપુરના સમાજમાં એક મોટો મહોત્સવ ઊજવાઈ ગયો. શેઠ શ્રી નરભેરામભાઈએ બે વખત સ્વામીવાત્સલ્ય ભોજન કરાવ્યું.

શ્રી જયંતમુનિજીએ કહ્યું, "લાડવાથી સ્વામીવાત્સલ્ય થઈ શકે છે, પરંતુ બધા આયંબિલ કરે તો સાચું સ્વામીવાત્સલ્ય થાય."

લોકોએ પડ્યો બોલ ઝીલી લીધો. કુલ ૫૭૬ આયંબિલ થયા. શ્રી નરભેરામભાઈ પણ આયંબિલ કરવા બેઠા. તેમણે કહ્યું, "મારી જિંદગીનું આ પહેલું વ્રત છે. હું દાન કરી શકું છું, પરંતુ વ્રત-ઉપાસના કરી શકતો નથી." તેમના જીવનમાં આ પહેલું કહો કે છેલ્લું કહો, તેમણે એક જ આયંબિલ કર્યું અને વ્રતસાધનામાં નામ લખાવી ગયા. કુલ પિસ્તાલીસ ઓળી અને નવસો આયંબિલ થયા. જમશેદપુરના નાના સમાજમાં અપૂર્વ તપની આરાધના થઈ.

પુષ્કળ સંખ્યામાં મહેમાનો આવતા હતા. કોલફિલ્ડનાં તમામ ક્ષેત્રો, કલકત્તા, ખડકપુર અને ઓરિસ્સાં-બાલાસુરનાં ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જમશેદપુર આવી રહ્યાં હતાં. મહેમાનોની સેવા માટે શ્રી નરભેરામભાઈએ ઉત્તમ વ્યવસ્થા કરાવી હતી. પ્રવચનો ઉપરાંત રાત્રિના જ્ઞાન-ગોષ્ઠિનો વિરાટ કાર્યક્રમ થતો હતો અને જયંતમુનિજી બધા પ્રશ્નોના ઉત્તર આપી સૌની જ્ઞાન-પિપાસા શાંત કરતા. ભાવદીક્ષિત ભૂપતભાઈ ઉત્સાહથી ભજનનું આયોજન કરતા હતા. સમાજ પણ તેમનું સાધુભાવથી જ સન્માન કરતા હતા. તેમણે જમશેદપુરમાં પણ બાળમંડળીઓને અને બહેનોને ધાર્મિક શિક્ષણ આપી ઘણી સારી રીતે તૈયાર કર્યાં હતાં. જ્યાં જ્યાં પ્રસંગ આવે ત્યાં ભજનો સંભળાવતા. શ્રી જયંતમુનિજીની સાથે રહીને દરેક રીતે સહયોગી બનતા હતા.

જમશેદપુરમાં આઠ દિવસની અખંડ ધૂન રાખવામાં આવી. અહર્નિશ ધૂન બોલવા માટે સેંકડો ભાઈઓ-બહેનોનાં નામ લખાયાં હતાં. ધૂનના કારણે વાતાવરણ ભક્તિભાવપૂર્ણ બની ગયું.

**ગાંધીવાદી શિક્ષક ચુનીભાઈ :**

ગુજરાતી શાળાના શિક્ષકો ઘણો જ રસ લઈ બધા કાર્યક્રમો ગોઠવતા હતા. ચુનીભાઈ આ બધામાં આગળ પડતા હતા. તેઓ શુદ્ધ ગાંધીવાદી હોવાથી ખાદીના કપડાં પહેરતા. એટલું જ નહીં, તેઓ રેંટિયો ચલાવી સ્વયં ખાદી વણીને પહેરતા હતા. પોતાના સમગ્ર પરિવારને કપડાં આપી શકવા માટે જેટલું જોઈએ તેનાથી પણ વધારે સુતર તે કાંતતા હતા.

ચુનીભાઈ સાહિત્યના રસિક અને અભ્યાસી હતા. તેમના ઘરમાં તેમની પોતાની લાઇબ્રેરી હતી. લગભગ ત્રણ હજાર પુસ્તકો તેમણે વાંચ્યાં હતાં. બાળકોને ભણાવવામાં પણ નિષ્ણાત હતા. તે ભિન્ન ભિન્ન પ્રકારની મુદ્રાઓ કરી શકતા તથા પ્રાણીઓના અવાજની નકલ કરી શકતા હતા. ખાવાના પદાર્થો કેવી રીતે ખવાય તેની પણ અનેક મુદ્રાઓ કરતા. તે આસનસિદ્ધ પુરુષ હતા. એ જ રીતે ભોજનમાં પણ ઘણા ચોક્કસ અને નિયમિત હતા. જ્ઞાતિથી વાણિયા સોની હોવાથી ઉચ્ચકોટિના કલાકાર પણ હતા. ચિત્રકળા, શિલ્પકળા, સંગીતકળા તથા નૃત્યકળામાં પણ પારંગત હતા. ખરું પૂછો તો ચુનીભાઈમાં એક લાખ ગુણ હતા. એક પણ દુર્ગુણ જડે તેમ ન હતો. હસતો ચહેરો અને સ્વભાવે મૃદુ, કોઈ પણ પ્રકારના કંકાસ-કલેહથી દૂર રહેનાર અને બે પક્ષોને સમાધાન કરાવી શકે તેવા સહૃદયી વ્યક્તિ હતા.

ચુનીભાઈ સેવાના કોઈ પણ કામમાં હંમેશ તત્પર રહેતા. કોઈના પણ દુ:ખની ખબર પડે તો રાત્રિના બાર વાગે પણ દોડી જાય. જાત-પાત કે પ્રાંતનો કોઈ ભેદ ન રાખતા. તે પૂરેપૂરા માનવધર્મને વરેલા હતા. બીજા શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ પર તેની અમિટ છાપ હતી.

પૂ. મુનિશ્રીના પરિચયમાં આવ્યા પછી તેઓ શ્રી જયંતમુનિજીના ઊંડા પ્રભાવમાં આવ્યા અને તેમના ભક્ત બની ગયા. ઈ. સ. ૧૯૫૨માં પરિચયમાં આવ્યા પછી જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી એકધારી ભક્તિ કરી. તેઓ શ્રી જયંતમુનિજીનાં બધાં પ્રવચનો શૉર્ટ હૅન્ડમાં લખી લેતા. 'જયંતવાણી' નામે તેમનું એક પુસ્તક છપાયેલું છે. બાકી ઘણાં પ્રવચનો તેમની પાસે રહી ગયેલાં છે.

જ્યારે પણ દર્શનાર્થે આવતા ત્યારે હંમેશ પ્રવચન લખી લેતા. મહાત્મા ગાંધી, શ્રીમદ્ રાજચંદ્ર તથા રણછોડદાસજી મહારાજ પ્રત્યે તેમને અનન્ય શ્રદ્ધા હતી. જમશેદપુરમાં કોઈ પણ સાધુ-પુરુષ આવે તેની સેવામાં તે હોય જ. સંતભક્તિ તેમને રુંવે રુંવે વરેલી હતી.

ચૂસ્ત અને સિદ્ધાંતવાદી વ્યક્તિની સામે વિરોધી ઊભા થાય તે સ્વાભાવિક હતું, પરંતુ વિરોધીઓની ક્યારેક પણ નિંદા કરવી કે તેને નુકસાન કરવાની કોઈ પ્રવૃત્તિ ચુનીભાઈમાં જોવામાં ન આવતી. શ્રી જયંતમુનિજીએ ચુનીભાઈના જીવનમાંથી ઘણા પાઠ લીધા છે. આજે પણ ગુરુદેવ કહે છે કે ચુનીભાઈનું નામ લેતાં એક આદર્શ મૂર્તિ નજર સામે તરવરે છે. તેમનાં પત્ની ચંપાબહેન પણ એવાં જ ગુણવાન હતાં અને ચુનીભાઈની ભાવનાને પૂરી રીતે વરેલાં આદર્શ મહિલા હતાં. તે નામ પ્રમાણે સાક્ષાત્ ચંપા જેવાં હતાં.

ચુનીભાઈને કોઈ બાળક ન હતું. તેમણે ભાઈઓના પુત્રોને પોતાનાં બાળક માની, છેવટ સુધી ભણાવ્યાં અને તેમને માટે પૂરો ભોગ આપ્યો. અહીં તેમના ગુણોના પ્રભાવને કારણે તેમના માટે આટલી પંક્તિઓ લખવી જરૂરી લાગી છે, બાકી તો તેમનું આખું જીવનચરિત્ર લખી શકાય તેમ છે.

**જમશેદપુરનાં શિક્ષિકા નિર્મળાબહેન :**

એ જ રીતે જૈન સમાજનાં નિર્મળાબહેન દોશીએ પણ ગુજરાતી શાળામાં હેડ મિસ્ટ્રેસ તરીકે વર્ષો સુધી સેવા આપી પરિવારનું નામ ઉજ્જ્વળ કર્યું હતું. નિર્મળાબહેને લગ્ન કર્યાં ન હતાં, પરંતુ વિદ્યાને વરી ગયાં હતાં. તેઓ સ્વતંત્ર વિચારનાં, ક્રાંતિકારી પગલાં ભરે તેવાં અને અન્યાયની સામે ઝઝૂમતાં નારી હતાં.

આજે ચુનીભાઈ અને નિર્મળાબહેન બંને દેવગતિ કરી ગયાં છે, પરંતુ તેમના ગુણો યાદ આવે છે.

**બાવીશ વર્ષની પ્રતીક્ષાને અંતે સાકચીમાં ઉપાશ્રય :**

જમશેદપુરમાં બિસ્ટીપુર ઉપરાંત સાકચી અને જુગસલાઈ બીજાં બે ક્ષેત્રો હતાં. ત્યાં ઉપાશ્રય

ન હતો, તેમજ સંઘ તરીકે કોઈ સ્વતંત્ર સંગઠન ન હતું. પૂજ્ય મુનિવરો સાકચી પધાર્યા અને ત્યાંની ગુજરાતી શાળામાં ઊતર્યા. ત્યાંના શિક્ષકોએ ઘણો ઊંડો રસ લીધો. પૂજ્ય તપસ્વી મહારાજે જૈન ભાઈઓ પાસે ઉપાશ્રય માટે ફાળો કરવા ટહેલ નાખી. જમશેદપુરની બધી જ જગ્યા ટાટા કંપનીની છે. ટાટા કંપની જમીન ફાળવે અને મંજૂરી આપે તો જ કોઈ ચણતર થઈ શકે. સાકચીના શ્રાવકોએ ટાટા કંપની પાસે ધર્મસ્થાનક માટે જગ્યા માંગી હતી, પણ હજુ મંજૂરી મળી ન હતી. શ્રાવકોએ કહ્યું કે ઉપાશ્રયની મંજૂરી મળશે ત્યારે ફંડ ઉઘરાવી લઈશું.

પૂજ્ય તપસ્વી મહારાજે કહ્યું, "વાણિયાની બુદ્ધિ વાપરો. લાંબે ગાળે લખાવેલું ફંડ માણસો ભૂલી જાય, માટે અત્યારે જ ફંડ ભેગું કરી અનામત મૂકી દો. સમય પર તમને સારો જવાબ આપશે." તપસ્વીજી મહારાજે ભારપૂર્વક ફંડ ઉઘરાવ્યું. લગભગ ત્રીસ હજારનો ફાળો થયો. આ રકમ શેઠ શ્રી નરભેરામભાઈને ત્યાં મૂકવામાં આવી.

ટાટા કંપનીએ સાકચીમાં જગ્યા આપવામાં વિલંબ કર્યો. પૂજ્ય તપસ્વી મહારાજ તો કાળ કરી ગયા હતા. પરંતુ તેમણે કરેલો ઉપકાર ઊભો હતો. બાવીશ વર્ષ પછી જ્યારે ઉપાશ્રયનું કામ શરૂ કર્યું ત્યારે અઢી લાખ રૂપિયાની માતબર રકમ હાથમાં આવી. શ્રીસંઘને જરા પણ ચિંતા ન રહી. સાકચીના ઉપાશ્રય સાથે તે સમયની યાદી સ્થપાઈ ગઈ અને ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન પૂજ્ય જયંતમુનિજીના સાંનિધ્યમાં કર્યું.

**ઓશવાળ જૈનોની એકતા :**

જુગસલાઈમાં ગુજરાતી જૈનોનાં ઘર ઘણાં જ ઓછાં હતાં, પરંતુ જોધપુર બાજુના ત્રીસ-ચાલીસ ઓશવાળ પરિવારો હતા. ગુજરાતી જૈન ભાઈઓને ખબર પણ ન હતી કે જુગસલાઈમાં આટલાં મારવાડી જૈન કુટુંબો વસે છે. જ્યારે મુનિશ્રી જુગસલાઈ બજારમાંથી પસાર થયા ત્યારે જેમ જેમ ઓસવાળ ભાઈઓ મળતા ગયા, તેમતેમ વિધિવત્ વંદના કરી, મહાવીર સ્વામીની જય બોલાવવા લાગ્યા. આ બધા જૈન ભાઈઓ કાપડની ફેરી કરી આજીવિકા ચલાવતા હતા.

જુગસલાઈમાં મારવાડી અગ્રવાલ ભાઈઓનાં બસો જેટલાં ઘર હતાં. તે બધા સુખી હતા. મુનિશ્રી તેમની ધરમશાળામાં રોકાયા ત્યારે આપણા ઓશવાળ ભાઈઓ એકત્ર થઈ ગયા. તેમાં દેરાવાસી-સ્થાનકવાસી બંને પ્રકારના ઓશવાળ હતા, પરંતુ તેઓએ જરા પણ ધર્મનો ભેદભાવ ન રાખતાં સંગઠિત થયા અને ઓશવાળ સંઘની સ્થાપના કરી. ત્યાં સર્વપ્રથમ જૈન મંદિરનો ફાળો એકત્રિત કરવામાં આવ્યો. મંદિરની પ્રતિષ્ઠા પણ શ્રી જયંતમુનિના સાંનિધ્યમાં થઈ હતી. જાતમહેનત, ધર્મની ભક્તિ અને ગુરુઓની કૃપાથી થોડાં વરસોમાં જ ઓશવાળ ભાઈઓ ખૂબ આગળ વધી ગયા.

**જમશેદપુરમાં ધર્મઉત્સાહ :**

બધાં ઓશવાળ કુટુંબોએ સંગઠિત થઈ જૈન કૉલોનીની સ્થાપના કરી. આ કૉલોનીમાં તેમણે

વિશાળ મકાન બનાવ્યાં અને તેના કેંદ્રમાં એક જૈન સ્થાનક બનાવ્યું. જૈન મંદિર અને જૈન સ્થાનકથી ઓશવાળ સંઘ દેદીપ્યમાન બન્યો. કેટલાક તેરાપંથી ઓશવાળ પણ હતા. મંદિરનો પ્રસંગ હોય કે સ્થાનકનો હોય, સૌ મળીને બધા પ્રસંગો એકસાથે જ ઊજવતા. શ્રીયુત ભાઈચંદભાઈ પંચમિયાએ ઓસવાળ ભાઈઓની ઉન્નતિમાં ઊંડો રસ લીધો હતો અને તેઓને આગળ વધવામાં ઘણો જ યોગ આપ્યો હતો. આજે પણ તેઓ ભાઈચંદભાઈનો ઘણો જ ઉપકાર માને છે.

જમશેદપુરની ક્ષેત્રસ્પર્શના વખતે ત્રણ ઉપાશ્રયના પાયા પડી ગયા હતા અને આગળ ચાલી ત્રણે સંઘોએ ઘણી સારી ઉન્નતિ કરી. પૂજ્ય મુનિવરો પ્રત્યે જમશેદપુરના શ્રાવકોની અગાધ શ્રદ્ધા બંધાઈ અને અત્યાર સુધી એકધારો પ્રેમ જાળવી રાખ્યો છે. સમગ્ર ગુજરાતી સમાજનો પણ એટલો જ સ્નેહ છે. શ્રી જયંતમુનિજી પ્રત્યેક મારવાડી અને ગુજરાતી ઘરમાં ગોચરી માટે પગલાં કરતાં અને કશાય સાંપ્રદાયિક ભેદભાવ વિના પરસ્પર પ્રેમ અને એકત્વનો ઉપદેશ આપતા.

એક ભાઈ રોજની બે ડબ્બા સિગારેટ પીતા હતા. પૂ. તપસ્વીજી મહારાજે તેનું બંધાણ છોડાવ્યું, તેથી તેઓ રોગથી પણ મુક્ત થયા અને ધનસંપત્તિમાં પણ સમૃદ્ધ બન્યા. તેઓ પૂજ્ય તપસ્વીજી મહારાજનો ઊંડો ઉપકાર માનતા હતા. સિગારેટનો જે ખર્ચો થતો તે બધી ધનરાશિ વિધવા બહેનોની સહાયતામાં વાપરવાનો તેમણે નિશ્ચય કર્યો હતો.

અમરેલી નિવાસી અને મોઢ વણિક શ્રી વલ્લભબાપા પરીખ અને તેનો પરિવાર પૂરા સમાજ સાથે ખૂબ ભળેલા હતા. તેઓએ ઘણી ભક્તિ કરી. આ પરિવારમાં નગીનભાઈ પરીખ ખૂબ નામાંક્તિ ઉદ્યોગપતિ થયા. નગીનભાઈ આજે પણ પોતાનાં બે અંગત વિમાન રાખે છે. નગીનભાઈનો શ્રી જયંતમુનિજી પ્રત્યે ઘણો સ્નેહ હતો. તેમનાં માતુશ્રી કમળાબહેન પરીખ ઘણાં ગુણી અને સત્સંગી મહિલા હતાં. આ જ રીતે ટાંક પરિવાર પણ વિશાળ વટવૃક્ષ જેવો ફેલાયેલો હતો. તેમના પરિવારમાં શામજીભાઈ ટાંક પણ એવા જ નામાંકિત વ્યક્તિ થયા. વર્ષો સુધી સમાજના પ્રમુખ રહી તેઓએ અપૂર્વ સેવા બજાવી. આમ જમશેદપુરમાં ઊંડી લાગણી બંધાણી.

ધાતકિડીહના ઉદાણી પરિવાર તથા કંદોઈ મહાજનને ત્યાં પણ મુનિશ્રીએ પગલાં કર્યાં. દલીચંદભાઈ ઉદાણી તથા તારાચંદભાઈ ઉદાણીના પરિવાર જૈન ધર્મના રંગે રંગાયેલા હતા. આગળ જતા દલીચંદભાઈ ઉદાણી પરિવારે શ્રીસંઘની અપૂર્વ સેવા બજાવી છે.

ગોલમૂડી પણ જમશેદપુરનો એક વિસ્તાર છે. અહીં ભાઈચંદભાઈ પંચમિયાના મોટાભાઈ ડાહ્યાભાઈ પંચમિયા વર્ષો પૂર્વે વસ્યા હતા અને સારી નામના મેળવી હતી. મુનિરાજો જ્યારે પધાર્યા ત્યારે ડાહ્યાભાઈનો સ્વર્ગવાસ થઈ ગયો હતો. પરંતુ સાંકળીબહેન સાથે તેના પુત્ર બળવંતભાઈ અને ધરમચંદભાઈ સંતોની ભક્તિમાં તત્પર રહેતા. તેઓ ઘરમાં દૂઝણાં રાખી શુદ્ધ દૂધ-દહીંનો ઉપભોગ કરી શકતા હતા. તેઓએ પૂજ્ય તપસ્વી મહારાજને ગોલમૂડી પધારવા માટે ખાસ વિનંતી

કરી. ગુરુદેવે ૧૯૫૨ની ઓગણત્રીસમી એપ્રિલે ગોવિંદભાઈના મકાનમાં બે દિવસ માટે ગોલમૂડીમાં પદાર્પણ કર્યું. બળવંતભાઈ તથા ધરમચંદભાઈ સેવામાં ખડે પગે તત્પર રહ્યા. પોતાના આંગણે આખા સંઘને આમંત્રણ આપી જમવાની સારી વ્યવસ્થા કરી હતી અને પ્રભાવનાઓ કરી ઉત્તમ લાભ લીધો.

**ભાલુબાસા બનશે દેવબાસા :**

ભાલુબાસાથી રતિભાઈ આવ્યા. શ્રીમતી જયાબહેન ઘણાં જ ધાર્મિક અને સંત ભક્તિવાળાં હતાં. તેમણે ભાલુબાસા પધારવા માટે હાર્દિક વિનંતી કરી. મુનિશ્રી ત્યાં બે દિવસ રોકાયા અને જાહેર પ્રવચન કર્યાં.

શ્રી જયંતમુનિએ પ્રવચનમાં કહ્યું કે, "આ ગામનું નામ ભાલુબાસા છે. અહીં ભાલુ (રીંછ) વસતા નથી. પરંતુ મનુષ્યના હૃદયમાં ઘણા ભાલુઓ વસતા હોય છે. જેમ તમે જંગલના ભાલુઓને ભગાડી અહીં સુંદર શહેર વસાવી લીધું છે, તે જ રીતે મનના ભાલુઓને ભગાડીને તમારા આત્માનું શહેર શુદ્ધ કરો, તો આ સ્થળ ભાલુબાસાને બદલે દેવબાસા થઈ જશે." શ્રી શાંતિભાઈએ પણ આગંતુક મહેમાનોની ઉત્તમ સેવા બજાવી અને સારી પ્રભાવના કરી શાસનનો ડંકો વગાડ્યો.

એક દિવસ સોનારી પણ જવાનું થયું. અહીં મંદિરમાં જાહેર પ્રવચન થયું. શ્રીમાન ગુલાબચંદજી જૈન તથા ત્યાંના જવેલર્સ ભાઈઓએ મુનિઓનું સ્વાગત કર્યું. પ્રવચનમાં ત્યાંના મોટા અધિકારીઓ પણ આવ્યા હતા. સોનારીનું નામ જેવું સુંદર છે એવા ત્યાંના ભાવ પણ ઘણા સુંદર હતા.

**સરદાર ઇન્દ્રસિંગજીનું વિશાળ હૃદય :**

કેન્દ્રીય ભારત સરકારના ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન સરદાર બલદેવસિંહજીના પિતાશ્રી સરદાર ઇન્દ્રસિંગજીનું જમશેદપુરના જેમકો વિસ્તારમાં મોટું કારખાનું છે. ઇન્દ્રસિંગ બાબુનો જમશેદપુરમાં ઘણો પ્રભાવ હતો. તેમણે પૂરા જેમકોમાં સુંદર રસ્તા અને બાગ-બગીચાઓ વિકસાવ્યા હતા. ઉપરાંત તેમણે એક વિશાળ વિદ્યાલય બંધાવ્યું હતું. જેમાં મિડલ-સ્કૂલ અને હાઇસ્કૂલનાં મળીને આઠસો બાળકોને વિદ્યાલાભ મળતો હતો. વિદ્યાલય ઘણું વ્યવસ્થિત હતું અને અભ્યાસ ઉચ્ચ કોટિનો હતો.

તેમના હાર્દિક આમંત્રણને માન આપી ૧૯૫૨ની તેરમી મેએ મુનિજી જેમકો પધાર્યા. તેઓએ કહ્યું, "મારે ત્યાં જે કોઈ પધારે તે સૌને અમારી કંપની તરફથી જમવાનું ખાસ નોતરું છે."

મુનિશ્રી સાથે વિહારમાં ૧૪૦૦ માણસો જોડાયા. ઇન્દ્રસિંગ બાબુને ઘણો ઉત્સાહ હતો. તેમણે શમિયાણા બંધાવી સભામંડપ તૈયાર કર્યો હતો. તેમણે સમસ્ત સંઘને પ્રીતિભોજનનું આમંત્રણ આપ્યું. આપણા સમાજના તેમજ તેમના કારખાનાના કામદાર મળીને લગભગ ૧૮૦૦ માણસોએ મિષ્ટ ભોજન કરી સંતોષ અનુભવ્યો.

ઇન્દ્રસિંગ બાબુએ સૌનું સ્વાગત કર્યું અને આખો દિવસ સત્સંગનો પણ લાભ ઉઠાવ્યો. તેમણે સ્વાગતમાં કહ્યું, "અહીં મારું કશું નથી. હું તો ભગવાને નિયુક્ત કરેલો ડ્યૂટી કરવાવાળો માણસ છું. આજે જે કંઈ સંપત્તિ છે તે શ્રમિકોના શ્રમનું ફળ છે, તેથી હું તેમના કલ્યાણ માટે બનતું કરું છું."

ઇન્દ્રસિંગ બાબુ સમયનું ચીવટથી પાલન કરનારા હતા. તે સમય માટે ધ્યાન રાખી મિનિટ મિનિટનો કાર્યક્રમ અનુસરતા હતા. પંજાબી ઇન્દ્રસિંગ બાબુને કોઈ પણ પ્રકારનું વ્યસન ન હતું, તેમજ પોતે શાકાહારી ધાર્મિક વ્યક્તિ હતા. સદાચાર તેમનો મુખ્ય સિદ્ધાંત હતો.

તે શ્રમિકોને અર્થાત્ મજદૂરોને ખૂબ માન આપતા, પરંતુ તેઓને સખ્ત કામ કરવાની સલાહ પણ આપતા. તેઓના પરિવારનું પણ ધ્યાન રાખતા. જેવું વિદ્યાલય હતું તેવી જ સુંદર તેમણે જેમકોની હૉસ્પિટલ બનાવી હતી. પોતે ઘણા જ કર્મઠ અને ખડતલ વ્યક્તિ હતા. તેમના વિચારોમાં પણ પૂરી સ્પષ્ટતા અને નિર્મળતા હતી. એક આદર્શ વ્યક્તિ તરીકે તેઓએ આખા સમાજનું ઊંડું સન્માન મેળવ્યું હતું. ખરેખર તેઓ અભિનંદનને પાત્ર હતા.

**જમશેદજી ટાટાની દીર્ઘદષ્ટિ અને સાહસ :**

વિહાર કર્યા પહેલાં ટાટાનગરનું લોખંડનું કારખાનું જોવાનો નિર્ણય કરવામાં આવ્યો. ભારતના મહાન ઉદ્યોગપતિ જમશેદજી ટાટાના અદ્ભુત પરાક્રમ, દીર્ઘદૃષ્ટિ તથા દેશપ્રેમના કારણે આ પ્રખ્યાત કારખાનાની સ્થાપના થઈ હતી.

તેઓ ઉચ્ચ અભ્યાસ માટે ઇંગ્લેન્ડ ગયા હતા. ત્યાંના મોટા ઉદ્યોગો અને આર્થિક પ્રવૃત્તિઓ અને વિકાસ જોઈને ચકિત થઈ ગયા હતા. તેમના મનમાં પ્રશ્ન થયો કે ભારતમાં પણ આવા મોટા ઉદ્યોગો કેમ ન થઈ શકે? તેમને સમજાયું કે ભારતમાં ખનિજ સંપત્તિનો અભાવ નથી, પણ ઉદ્યોગ સ્થાપવા માટે આવશ્યક ટેકૃનિકલ જાણકારી અને તેનાથી વિશેષ સાહસની આવશ્યકતા છે. ભારતમાં લોખંડનાં કારખાનાં સ્થાપવાના એક સ્વપ્ન લઈને તે ભારત પાછા ફર્યા.

એ કલ્પનાને સાકાર કરવાનું કામ એ સમયે ઘણું અઘરું હતું. બિહારના છોટાનાગપુરનાં જંગલોના ભૂગર્ભમાં ખનિજ લોખંડ દટાયેલું છે. તેનો લાભ લઈ છોટાનાગપુરમાં લોખંડનું કારખાનું સ્થાપવાનો તેમણે વિચાર કર્યો. ક્યાં મુંબઈ અને પારસી પરિવારના સુખી સદ્ગૃહસ્થ અને ક્યાં સિંગભૂમ જિલ્લાનાં જંગલો! તે સમયે સિંગભૂમનો પ્રદેશ ગાઢ જંગલોથી છવાયેલો હતો અને ત્યાં વાઘ, વરુ અને હાથી વિચરણ કરતાં હતાં. લાખો આદિવાસીઓ ગરીબીમાં સપડાયેલા હતા.

જમશેદજી તરવરિયા યુવક હતા. પોતાના સાથીઓ સાથે ઘોડા પર બેસી આખા પ્રદેશનું નિરીક્ષણ કર્યું. તે સમયે અહીં રેલવે કે મોટરગાડીની વ્યવસ્થા નહોતી, તેમજ રસ્તા પણ ન હતા.

ઉદ્યોગ સ્થાપી શકાય તે માટે સો માઈલનો વિસ્તાર તેમણે નક્કી કર્યો. અંગ્રેજ નિષ્ણાતોનો સહકાર લઈ લોખંડના કારખાનાનું વિશાળ પ્લાનિંગ કર્યું. આ આખો વિસ્તાર કાલિમાટી તરીકે પ્રસિદ્ધ હતો. તેને જમશેદપુર નામ આપ્યું. તેમણે લોખંડની ખાણો વિકસાવી. ત્યાંથી કાચો માલ જમશેદપુર સુધી લાવવા રેલવે લાઇનની સ્થાપના કરી. આજે આ કારખાના ઉપર પાંચ લાખ માણસો નભે છે. હજારો વ્યાપારીઓની જીવનદોરી આ કારખાના સાથે સંકળાયેલી છે.

મુનિરાજ આટલો મોટો ઉદ્યોગ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. કાચા માલથી શરૂ કરી, શુદ્ધ લોખંડ અને પોલાદના ઉત્પાદન સુધીની આખી પ્રક્રિયા ધ્યાનપૂર્વક નિહાળી. જયંતમુનિજી માટે કારખાનાનો અનુભવ એક નવું જ દર્શન હતું. કારખાનાની આખી પ્રક્રિયા ધ્યાનથી જોવાથી મહાવીર સ્વામીએ ફરમાવેલ 'પુદ્ગલાસ્તિકાય' દ્રવ્યો કેવું કેવું રૂપાંતર કરે છે તેનું પ્રત્યક્ષ ઉદાહરણ મળે છે.

આત્માનો વ્યાપાર તો ફક્ત જ્ઞાન છે. બાકીની બધી પ્રક્રિયા પુદ્ગલજન્ય છે. બીજાં દ્રવ્યો નિમિત્ત ભાવે કામ કરે છે. કારખાનામાંથી એક ઊંડો આધ્યાત્મિક સંદેશ પણ મળ્યો. છ દ્રવ્યોના સંયોગથી વિશ્વનું વિશાળ કારખાનું કેવી રીતે ચાલે છે તેનું નાનું ઉદાહરણ આ કારખાનામાં જોવા મળ્યું.

જ્યારે મોટી ભઠ્ઠીમાંથી લોખંડનો લાલ રસ ધોધમાર કરતો બહાર વહે છે ત્યારે એ દૃશ્ય શાસ્ત્રોમાં આપેલ નરકની સ્થિતિના વર્ણનની યાદ અપાવે છે. શાસ્ત્રમાં લોહારસની નદીનું જે વર્ણન કર્યું છે તે લોહારસની નદી અહીં પ્રત્યક્ષ જોઈ શકાય છે. શાસ્ત્રોમાં નરકમાં અતિ વેગથી અગ્નિરસની નદીનું વર્ણન આપેલું છે. ઊકળતા લોઢાને જોઈને મુનિજી સહસા બોલી ઊઠ્યા,

"ભીમો અગ્નિરસઃ પ્રવહતિ પ્રબલભાવેન, યથા નરકેષુ પ્રવહતી તપ્તલોહરસ:" (નરકમાં ઊકળતા લોઢાના પ્રવાહ જેવી ભયંકર અગ્નિરસની ધારાને અહીં તેજ ગતિથી વહેતી જોઈ શકાય છે.)

કારખાનું જોઈને બહાર નીકળ્યા પછી ભાઈઓએ શ્રી જયંતમુનિજીને પૂછ્યું, "આપે કારખાનામાં શું જોયું? કેવી વ્યવસ્થા છે?"

જયંતમુનિજીએ તરત જ ઉત્તર આપ્યો, "આ કારખાનામાં ત્રણ વસ્તુ મુખ્યપણે જોવા મળી – ટ્રેઇન, ક્રેઇન અને બ્રેઇન."

ખરેખર, અત્યંત વજનદાર, લોઢાના ગરમ ગરમ જાજ્વલ્યમાન પિંડો ઉપાડી, એક સ્થળેથી બીજે સ્થળે ફેરવવાનું કામ ક્રેઇન કરે છે તે અદ્ભુત છે. ક્રેઇનમાં બેઠેલો માણસ વિશ્વનિયંતાની જેમ કેટલો મોટો બોજો એક પલકમાં આમથી તેમ ફેરવે છે. એ જ રીતે આખા કારખાનામાં

રેલવેના પાટાઓની જાળ બિછાવેલી છે. હર પળે આ પાટા ઉપર ગાડીઓનું આવાગમન થાય છે. એટલા માટે જ ઠેકઠેકાણે લખ્યું છે, 'સાવધાન.' આ પાટિયા કેમ જાણે ધર્મનો ઉપદેશ આપતા હોય તે રીતે લખાયેલા હતા. સંતો અને શાસ્ત્રો પણ આ જ વાત કહે છે. સાવધાન રહો, જોઈને અને જતનથી ચાલો, હોશિયારીથી કામ લ્યો. જીવનમાં ભૂલ કરવા જેવું નથી, નહિતર ચગદાઈ જશો. આ કારખાનાનાં પાટિયાંઓ પણ એ જ સૂચના આપતા હતા કે ભૂલ કરશો તો ચગદાઈ જશો.

આમ લોહ-કારખાનાના નિરીક્ષણ પછી ઘણા આધ્યાત્મિક ભાવો સાથે તુલના કરી મુનિરાજો સ્વસ્થાને પધાર્યા. કારખાનું ઘણો ઉપદેશ આપી ગયું.

કલકત્તા શ્રીસંઘ અને જમશેદપુર શ્રીસંઘે મળીને વિહારનું આયોજન કર્યું. રૂપનારાયણ નદી પાર કરવાનો મોટો પ્રશ્ન હતો. રેલવે પુલથી જ નદી પાર કરવી પડે તેમ હતું. તે પ્રશ્નનો ઉકેલ કલકત્તા સંઘ પર છોડી દેવામાં આવ્યો. ટાટાનગરથી ખડકપુર સુધીની બધી જવાબદારી જમશેદપુર સંઘે ઉપાડી તથા વિહારનો બધો ખર્ચ શ્રીયુત નરભેરામભાઈએ ઉપાડી લીધો. જમશેદપુરથી ખડકપુર સુધી વિહારમાં ચાલવા માટે સો જેટલાં નામ લખાયાં હતાં.

સામાન માટે એક ટ્રક તથા વિહારના સ્થાનની વ્યવસ્થા માટે બે ગાડીઓ રાખવામાં આવી હતી. વિહારમાં સેવા માટેનું નેતૃત્વ દયાળજીભાઈ મેઘાણીને સોંપવામાં આવ્યું હતું. શ્રી દયાળજીભાઈ મેઘાણી અત્યંત બુદ્ધિશાળી અને દીર્ઘદૃષ્ટિવાળા શ્રાવક હતા. શ્રી નરભેરામભાઈને પણ ખાસ વાત કહેવી હોય તો તેઓ કહી શકતા. નરભેરામભાઈને પણ તેઓ પ્રત્યે ઊંડું સન્માન હતું. આ ઉપરાંત ઓતમચંદભાઈ દેસાઈ તથા દુર્લભજીભાઈ મડિયાએ વિહારમાં સાથે રહી મુનિરાજોની ઉત્તમ સેવા બજાવી.

મુનિરાજોએ જમશેદપુરનાં બધાં ક્ષેત્રો સ્પર્શી, બે મહિનાનો સ્થિરવાસ પૂરો કર્યો. હવે કલકત્તા જવા માટે વિહારની યાત્રા ગોઠવાઈ રહી હતી.

❑



## ૧૯

# બંગભૂમિ બની વિહારભૂમિ

ટાટાનગરની ભક્તિથી ભીંજાઈને મુનિરાજોએ આસનબની, ગાલુડી, ઘાટશિલા અને ચાકુલિયા તરફ વિહાર કર્યો. વિહારમાં સાકચીના બે યુવકો - વિનુભાઈ વોરા અને મનુભાઈ દરજી ઉપર પૂજ્ય તપસ્વી મહારાજની વધારે કૃપા વરસી હતી. તેઓ પૂજ્ય તપસ્વી મહારાજની સાથોસાથ ડગલે ડગલું મેળવી ચાલતા હતા. શંકરભાઈ અને શામળજીભાઈની ટીમ પણ સાથે જોડાયેલી હતી. આમ વિહારનો અનેરો આનંદ અને ચાલવાની અનુપમ મઝા આવતી હતી.

ગાલુડી અને ઘાટશિલામાં મારવાડીના ઘણાં ઘર હતાં. તેઓએ ઘણું સારું સ્વાગત કરી ધર્મલાભ લીધો હતો. ગાલુડીમાં કલકત્તા સંઘના પ્રમુખ મણિભાઈ દેસાઈ, કાનજીભાઈ પાનાચંદ, ગિરધરભાઈ, ત્ર્યંબકભાઈ તથા અન્ય અગ્રસર શ્રાવકો આવ્યા હતા. શ્રી નરભેરામભાઈનો આદેશ હતો કે ખર્ચનો કોઈ વિચાર ન કરતાં આગંતુકોની સારામાં સારી સેવા થવી જોઈએ. ચુનીભાઈ તથા નાનુભાઈ મહેમાનોનું ખૂબ જ ધ્યાન રાખતા હતા.

**વિશેષ કૃપાપાત્ર ન્યાલચંદભાઈ ઘેલાણી :**

બિસ્ટુપુરના શ્રી ન્યાલચંદભાઈ ઘેલાણી પર પૂજ્ય તપસ્વી મહારાજની વિશેષ કૃપા હતી, અને તેમના કલકત્તા નિવાસી પરમ મિત્ર નાથુભાઈ દોશી સપરિવાર પહેલેથી જ ગાલુડી પહોંચી ગયા હતા. નાથુભાઈ દોશીને બીડી-પત્તાનો મોટો વેપાર હતો. નાથુભાઈ તથા ન્યાલચંદભાઈએ સૌનું હાર્દિક સ્વાગત કર્યું. તેમણે પ્રીતિભોજનની વ્યવસ્થા કરી હતી. દાલભૂમગઢના

મારવાડી ભાઈઓ પણ એટલા જ ઉત્સાહી હતા. મુનિરાજોએ તેમનો પણ ઊંડો પ્રેમ સંપાદન કરી, ૧૯૫૨ની અઢારમી મેએ ચાકુલિયામાં શુભ આગમન કર્યું.

ચાકુલિયા વેપારનું સારું એવું મથક છે. ચાકુલિયાનો વેપાર મારવાડી ભાઈઓના હાથમાં હતો. અહીંની હાઇસ્કૂલ પણ ઘણી જ વિકસિત થયેલી હતી. ચાકુલિયાના મારવાડી ભાઈઓ, ખાસ કરીને પ્રભુદયાળજી અત્યંત ગૌસેવાપ્રેમી હતા. તેમણે પોતાની ગૌશાળા સ્થાપી હતી. તેમણે મંદિર અને ધર્મશાળા પણ બંધાવ્યા હતાં. જમશેદપુરના આપણા ઍલ્યુમિનિયમના વેપારી ભાઈઓને ચાકુલિયાના અગ્રણી શેઠ ઝુનઝુનવાલા સાથે સારો સંબંધ હતો. અહીં જાહેર પ્રવચનો થયાં. અહીંના નિવાસ દરમિયાન જે સંતોષ ઊપજ્યો અને જે પ્રેમ મળ્યો તે અત્યાર સુધી મુનિજીની સ્મૃતિમાં સંચિત છે.

ચાકુલિયા પછી મોટા ગામમાં મેદનીપુર જિલ્લાનું ઝાડગ્રામ આવતું હતું. અહીંથી બંગાળ શરૂ થાય છે. મેદનીપુર ઘણું જાણીતું ઐતિહાસિક સ્થળ છે. ઝાડગ્રામમાં બંગાળી ભાષાનો પૂરો પ્રભાવ છે. ત્યાંનો વેપાર પણ મારવાડી ભાઈઓના હાથમાં છે. બધા મારવાડી સારું બંગાળી બોલી શકે છે. હવે શ્રી જયંતમુનિજી પણ હિંદીનો ત્યાગ કરી બંગાળીમાં ભાષણ આપવા લાગ્યા હતા. બંગાળી ઘણી મધુરી અને હૃદયગ્રાહી ભાષા છે. ઝાડગ્રામમાં ખડકપુર શ્રીસંઘનાં ભાઈ-બહેનો દર્શનાર્થે આવ્યાં હતાં. ખડકપુરના કેટલાક ભાઈઓ અહીંથી વિહારમાં સાથે જોડાયા હતા.

ઝાડગ્રામનો આનંદ લઈ, મુનિરાજ ૧૯૫૨ની બાવીસમી મેના રોજ લોધાસલી પધાર્યા. અહીં ફક્ત બંગાળી જનતા છે. અહીં મુનિશ્રીએ વિદ્યાલયમાં નિવાસ કર્યો. તે દિવસે વિદ્યાલયમાં વાર્ષિકોત્સવ હોવાથી ત્યાં ઘણી તૈયારી થઈ હતી. પૂરી સ્કૂલને શણગારવામાં આવી હતી અને મંડપ બંધાયો હતો. કેમ જાણે મુનિરાજોના સ્વાગતની તૈયારી કરી હોય! રાતના જાત્રા થવાની હતી. બંગાળમાં લોકનાટકને જાત્રા કહે છે. જાત્રામાં ચેતન ગૌરાંગ મહાપ્રભુનું જીવનચરિત્ર પ્રસ્તુત કરવામાં આવ્યું.

શ્રી જયંતમુનિજીએ વૈરાગ્યભરેલા ગૌરાંગ મહાપ્રભુના જીવન પરની જાત્રાના બંગાળી સંવાદો ખૂબ ધ્યાનપૂર્વક સાંભળ્યા. ગૌરાંગ મહાપ્રભુ વિરક્ત થઈ, ઘેરથી ચાલી નીકળે છે ત્યારે તેમની પત્ની વિષ્ણુપ્રિયા મહાપ્રભુનો માર્ગ રોકે છે. એ વખતે ગૌરાંગ પ્રભુ કહે છે, "વિષ્ણુપ્રિયા, સંસારે આમાર ઠાકુર નાહીં, આમી ચોલે જાબો. આમી વૃંદાવન જાબો. આમાર ભગવાન સેખાને આછે. અમારt માર્ગ રૂંધન કોરો ના." (વિષ્ણુપ્રિયા, સંસારમાં ભગવાન નથી, હું ચાલ્યો જઈશ. હું વૃંદાવન જઈશ. ત્યાં મારા ભગવાન છે. મારા માર્ગમાં અવરોધ ન કર.)

આટલું કહી, વિષ્ણુપ્રિયાને બાજુએ હડસેલીને, ગૌરાંગ મહાપ્રભુ નીકળી જાય છે. વિષ્ણુપ્રિયા બેહોશ થઈ જમીન પર ઢળી પડે છે. આ દૃશ્ય ઘણું હૃદયદ્રાવક હતું. વિષ્ણુપ્રિયા એ સમયની બંગાળની સર્વશ્રેષ્ઠ સુંદર નારી હતી અને તેનામાં એટલા જ પ્રચુર ગુણો પણ હતા. આવા મહાન

અવતારી ગૌરાંગ પ્રભુની અર્ધાંગિની વિષ્ણુપ્રિયા પણ વિશ્વવિખ્યાત થઈ ગયાં. વિરક્તિના ઊંચા ભાવ જાગ્રત થાય તેવું અસરકારક આ નાટક હતું.

**ઉત્સાહ અને એકતાનો સંગમ :**

લોધાસલી પછી ખેમાસલીનો સ્પર્શ કરી મુનિરાજો ખરીદા બજાર પધાર્યા. ત્યાં દેરાવાસી મહાસતીજીઓ પણ બિરાજમાન હતાં. શ્રીમાન ચાંદમલજી જૈન, તેજપાલજી વગેરે ઓશવાળ ભાઈઓ ગુજરાતી સંઘ સાથે જોડાયેલા હતા. જાણે ઘેર કોઈ મોટો લગ્ન પ્રસંગ હોય એટલો ઉત્સાહ ખરીદા બજાર સંઘમાં વ્યાપ્ત થઈ ગયો.

મારવાડી બહેનો શણગાર સજીને સામે આવ્યાં હતાં. કલકત્તાથી ચારસો-પાંચસો વ્યક્તિઓ ટ્રેન દ્વારા ખરીદા બજાર પહોંચ્યા હતા. આ બાજુ જમશેદપુર તથા જુગસલાઈના મારવાડી ભાઈઓ મોટી સંખ્યામાં ખરીદા પહોંચ્યા હતા. ખડકપુર - ગોલ બજારથી પણ સારી સંખ્યામાં ભાઈ-બહેનો હાજર હતાં. અહીં એક પ્રકારે મેળો જામ્યો હતો. મારવાડી ભાઈઓની હિંમતની શું વાત કરવી? અચાનક ચારસો-પાંચસો માણસો આવી ગયા છતાં તેઓએ તરત બધી તૈયારી કરી. વાટીદાળનો શીરો પીરસવાનો તેઓનો ભાવ હતો, પરંતુ પલાળેલી દાળ વાટતા ઘણો સમય લાગે. પરંતુ આ લોકોનાં સંપ-સલાહ એટલાં સારાં હતાં કે એક ઇશારામાં દરેક ઘેરથી વાટેલી દાળ પળભરમાં આવી ગઈ! તેઓએ જે રીતે ધાર્યું હતું તેથી વિશેષરૂપે સ્વાગત થયું.

દયાળજીભાઈ મેઘાણીએ કહ્યું કે, "લગ્નની જાનમાં પણ જોવા ન મળે તેટલું સદ્ભાવ ભરેલું સ્વાગત અહીંના લોકોએ કર્યું છે." દેરાવાસી, સ્થાનકવાસી અને તેરાપંથી ઓસવાળ ભાઈઓ એક સૂત્રમાં બંધાઈ ગયા હતા. શ્રી ચાંદમલજી પણ વિશાળ દિલના વ્યક્તિ હોવાથી સર્વમાન્ય હતા. મુનિજીએ ખરીદા બજારમાં એક દિવસ વધારે સ્થિરતા કરી અને ત્યાંની હાઇસ્કૂલમાં જાહેર પ્રવચન આપ્યું.

**સવાયા જૈનનું જીવન :**

મુનિશ્રીએ ખરીદાથી વિહાર કરી ખડકપુર ૨૬-૫-૫૨ના રોજ ગુજરાતી સ્કૂલમાં પદાર્પણ કર્યું. ખડકપુર સમાજ બહુ જ વ્યવસ્થિત ગુજરાતી સ્કૂલ ચલાવતો હતો. આટલા નાના સમાજમાં આવી સુંદર સ્કૂલની સ્થાપના કરી ગુજરાતી સમાજે સારો દાખલો બેસાડ્યો હતો. સ્કૂલના પ્રાંગણમાં ગુજરાતી સમાજના નેતા શ્રી નરસિંહભાઈ બેચરની પ્રતિમા (સ્ટેચ્યૂ) મૂકવામાં આવી હતી. તેઓએ સ્કૂલ બાંધવામાં ઘણો ભોગ આપ્યો હતો. પરંતુ સ્કૂલની સ્થાપના, વ્યવસ્થા તથા નિર્માણનો શ્રેય શ્રીયુત બચુભાઈ પુજારાને ફાળે જાય છે. એ વખતે ગુજરાતી સમાજના નેતા તરીકે શ્રી બચુભાઈ પૂજારા મોખરે હતા. તેઓએ સમાજ સાથે રહીને પૂ. મુનિઓના સ્વાગતસમારોહમાં મુખ્ય ભાગ લીધો હતો.

શ્રી બચુભાઈ પૂજારા કેવળ જૈન સમાજ કે કેવળ ગુજરાતી સમાજ નહિ, પરંતુ આખા ખડકપુરનું નાક હતા. પોતે પ્રતિભાસંપન્ન, પ્રખર વક્તા, દાનેશ્વરી અને સેવાભાવી મૂર્તિ હતા.

સમાજમાં કોઈને ત્યાં જરાપણ તકલીફ હોય કે રાજકીય કોઈ પ્રશ્નો ઊભા હોય ત્યારે પોતે પારકી છઠ્ઠીના જાગનાર હતા. જેને પણ જરૂર હોય, તેમની ગાડી તથા ડ્રાઇવર હાજર હતાં. નાનો કે મોટો કોઈ પણ માણસ બચુભાઈનો નિ:સંકોચ સહયોગ મેળવી શકતો હતો. આટલો મોટો વેપાર હોવા છતાં અને મુખ્ય બજારમાં તેમની નવ દુકાનો હોવા છતાં, પોતે ફારગ રહી, ભજનકીર્તનમાં મસ્ત રહેતા. તેમની એક ભજન મંડળી બની ગઈ હતી. કાંતિભાઈ, રમણીકભાઈ, દયાળજીભાઈ, મારવાડી ભાઈઓ, પંજાબી ભાઈઓ અને કેટલાક સ્થાનિક બંગાળી ભાઈઓ તેમની મંડળીના સભ્ય હતા અને બચુભાઈના ઇશારે તન-મનથી સેવા આપનારા હતા.

બચુભાઈ નિયમ પ્રમાણે સવારના ત્રણ વાગે ઊઠી જતા. સાથે બાજરાના રોટલા, ગોળ, ધાણી, દાળિયા, લેમન જ્યુસ જેવા ખાદ્ય પદાર્થો લઈ 'શ્રી રામ, જય રામ, જય જય રામ'ની ધૂન બોલાવતા. ખડકપુરની એક એક ગલીઓમાં અને બજારોમાં વારાફરતી રાઉન્ડ પૂરો કરતા. ભૂખ્યા-તરસ્યા જે કોઈ મળે તે વ્યક્તિઓને સવારના પહોરમાં નાસ્તો મળી જતો. ઉપરાંત ગાય, કૂતરાં કે કોઈ રિક્ષાવાળો, નાનાં બાળકો, આ બધાને કંઈ ને કંઈ આપી સંતુષ્ટ કરતા. બચુભાઈનો આ કાર્યક્રમ બારે મહિના ચાલતો. તેમણે બજાર વચ્ચે સુંદર ભવન બનાવ્યું હતું. તેમના ઘેર દરરોજ રાતના આઠથી દસ વાગ્યા સુધી અચૂક ભજનનો કાર્યક્રમ ચાલતો. ઘરની વચ્ચે એક ખાંભાવાળી મોટી છત્રી બાંધવામાં આવી હતી. તેના પર ૫૦૦-૭૦૦ કબૂતરો બેસી શકતાં.

સવારના કબૂતરને નિરંતર ચણ આપવામાં આવતું. તેઓ ગુજરાતી સંસ્કૃતિનું પૂરી રીતે પાલન કરી લાભ લેતા. તેમનું જીવન તપોમય હતું. આખા દિવસમાં સાત દ્રવ્ય જ લેતાં. તેઓ કહેતા કે જૈન ધર્મના મેં બે બોધપાઠ લીધા છે. (૧) દ્રવ્ય ધારવા અને (૨) ઉપવાસ. તેઓ કહેતા કે વૈષ્ણવ પરંપરાનો ફળાહારવાળો પોલો ઉપવાસ ન કરવો, પરંતુ જૈન ધર્મમાં ફરમાવેલો ગરમ પાણી ઉપર રહી નકોરડો ઉપવાસ કરવો તથા રાત્રિભોજનનો ત્યાગ કરવો. આમ પોતે ગુણગ્રાહી હોવાથી જ્યાં જે સારું મળે તે તુરત ગ્રહણ કરી લેતા.

ખડકપુરના ૩ દિવસની સ્થિરતામાં શ્રી બચુભાઈના નેતૃત્વ નીચે ગુજરાતી સમાજે અપૂર્વ સેવા બજાવી ખડકપુરનું નામ ઘણું જ ઊંચું કર્યું. તે વખતે સ્થાનકવાસી જૈન સમાજ તરીકે સંઘની સ્થાપના થઈ ન હતી. પરંતુ સમગ્ર ગુજરાતી સમાજે સંતોને પોતાના સમજી, ભાવભીનું સ્વાગત કરી, સેવા કરવામાં જરા પણ કચાશ રહેવા દીધી ન હતી તથા મહેમાનોને પણ એટલા બધા સાચવ્યા કે સૌના મન ઉપર ઊંડી છાપ પડી હતી.

જૈન સમાજમાં શ્રી જાદવજીભાઈ ગાંધી, દલીચંદભાઈ મહેતા તથા ચુનીલાલભાઈ દોશીના પરિવાર મુખ્ય હતા. કેટલાંક ભાવસાર ઘરો હતાં, જેમાં માધવજીભાઈ, કાંતિભાઈ તથા નગીનભાઈ આગળ હતા. નાનો સંઘ પણ સંપ-સુલેહ ઘણી હતી. જાદવજી ગાંધી વહેવારકુશળ, નમીને વાત કરનારા, સૌની સલાહ લઈ પગલું ભરનારા શાણા શ્રાવક હતા. ચુનીભાઈ દોશીના પુત્રો છબીલભાઈ વગેરે ભાઈઓ બુદ્ધિશાળી તથા ધગશવાળા હતા. શ્રી દલીચંદભાઈ મહેતા પૂજારા કંપનીમાં કામ કરતા. શ્રી નરભેરામભાઈ નરસિંહભાઈ બેચરના ખાસ મિત્ર હોવાથી હેમકુંવરબહેન સાથે દર્શનાર્થે આવ્યાં હતાં. નરસિંહભાઈએ પણ ભક્તિનો સારો લાભ લીધો.

**શ્રીસંઘનો અતિ ઉલ્લાસ :**

કલકત્તાથી અતિથિઓના આગમનનો ધસારો વધતો જતો હતો. અહીં ટાટાની વિહાર પાર્ટીની ફરજ પૂરી થતી હતી. કલકત્તા સંઘે ચાર્જ સંભાળી લીધો હતો. કલકત્તાથી ભૂપતભાઈ હીરાચંદ કમાણી, શાંતિભાઈ કાળીદાસ સંઘવી તથા બીજા યુવકો વિહારી દળ સાથે ખડકપુર આવી પહોંચ્યા હતા. આ બધા યુવકોને કલકત્તાના વડીલ ભાઈઓની પૂરી પ્રેરણા મળી હતી. કલકત્તા શ્રીસંઘની આખી કમાન શ્રી પ્રભુદાસ હેમાણીના હાથમાં હતી. તેઓ રાજપુરુષ જેવા મોટા મનના દીપ્તા શ્રાવક હતા. તેમની વાતનો આખા સંઘમાં પડઘો પડતો અને એ જ રીતે શ્રી મનુભાઈ સંઘવી શ્રીસંઘના એક મોટા મૅગ્નેટ હતા. બંને ભાઈઓ ઉદાર દિલના હોવાથી સંઘનું સારું સંચાલન કરી શકતા હતા. કાર્યને અમલમાં મૂકવાની જવાબદારી શ્રી ત્ર્યંબકભાઈ દામાણીના હાથમાં હતી. તેમનો ઊંચો અવાજ, કામ પૂરું કરવાની ધૂન અને આવડત, ક્યાંથી, કોનો સહયોગ મળશે તેની જાણકારી તથા કામ સંપાદન કરવાની અદ્‌ભુત કળાને કારણે તે ધાર્યું કામ પાર ઉતારતા.

**કનકાવતી નદી – જૈન સંસ્કૃતિના અવશેષ :**

બંગાળમાં પગ મૂકતાં જ વાતાવરણ બદલાઈ ગયું, લીલીછમ ભૂમિ આવી ગઈ. જંગલ અને પહાડનો રસ્તો મેદનીપુર સુધીમાં સમાપ્ત થઈ જાય છે. બંગાળની રસાળ, ફળદ્રૂપ અને સીધી સપાટ ભૂમિ, કાંઠા વગરનાં નદીનાળાં, અને પાણીની વિપુલતાને કારણે આખો પ્રદેશ કોઈ બગીચા જેવો હરિયાળો હતો.

કનકાવતી નદીના તટવર્તી ક્ષેત્રમાં વિહાર થઈ રહ્યો હતો. હાલ કનકાવતીને કસાઈ નદી કહે છે. પુરુલિયાના પહાડમાંથી નીકળેલી આ નદી દામોદરની નજીકમાં વહીને સીધી સમુદ્રને મળે છે. કનકાવતીનો ઇતિહાસ જૈન સંસ્કૃતિ સાથે જોડાયેલો છે. કોઈ જમાનામાં કનકાવતીની બંને બાજુમાં નાનાંમોટાં શહેરો વસેલાં હતાં અને ત્યાં ઘણા મોટા પ્રમાણમાં જૈન મંદિરોની સ્થાપના થઈ હતી. અત્યારે આ ભૂમિમાંથી અનેક જૈન મૂર્તિઓ મળી છે. સરકારે મ્યુઝિયમમાં ઘણી જૈન મૂર્તિઓ ગોઠવી છે. અનેક સ્થાનિક મંદિરોમાં આ મૂર્તિઓ બેસાડી લોકો દેવતાના નામે તેની પૂજા

કરી રહ્યા છે. પ્રાચીન જૈનો આ ક્ષેત્રમાં અત્યારે પણ વસી રહ્યા છે. તેઓ સરાક જાતિ તરીકે આળખાય છે, જે વિશે આગળ ઉપર જોઈશું.

બંગાળમાં લલિતકળાનો વિશેષરૂપે વિકાસ થયો છે. સંગીત, સાહિત્ય, નૃત્ય, વાદ્ય અને શિલ્પ, આ પાંચે લલિતકળાનો વિપુલ માત્રામાં બંગાળી પ્રજાએ વિકાસ કર્યો છે. આજે પણ નાનાંમોટાં ગામોમાં ઘરે ઘરે સંગીતના સુરો સંભળાય છે. બાલ-બાલિકાઓ બાળપણથી જ સંગીતની સાધના કરે છે. મુનિરાજો પણ બંગાળની સંસ્કૃતિનું અધ્યયન કરતા અને ત્યાંની પ્રજાની ભાવભરી ભક્તિનું આસ્વાદન કરતા આગળ વધી રહ્યા હતા. બંગાળી જનતામાં સંતો પ્રત્યે અપાર શ્રદ્ધા છે. મુનિરાજો જ્યાં જ્યાં નિવાસ કરતા ત્યાં ત્યાં ભાઈ-બહેનોનાં ટોળાં ઊભરાવા લાગ્યાં.

આસપાસનાં ગામડાંઓમાંથી બહેનો, બાળકો અને ભાઈઓ પણ દર્શન માટે આવવા લાગ્યાં. તેમનો શિષ્ટાચાર પણ ઘણો ગરિમાપૂર્ણ હતો. સહેજ પણ ધક્કામુક્કી કર્યા વિના, હારમાં ઊભા રહી એક પછી એક ભાઈઓ અને બહેનો દર્શન કરી, પરિપૂર્ણ નમસ્કાર કરી, ચરણરજ માથે ચડાવી, આગળ વધી જતાં અને બીજા દર્શનાર્થીને માટે સ્થાન ખાલી કરતાં. અમીર હોય કે ગરીબ, બધા બંગાળી પરિવારોમાં એકસરખી ભક્તિ જોવા મળે છે. રહેણીકરણીમાં જરાપણ ઉચ્છૃંખલતા કે અકડાઈ નથી. કપડામાં સદાચાર અને પ્રાચીન સંસ્કૃતિની ઝલક મળતી હતી. એ સમયે બંગાળમાં હજુ રાજકીય પરિવર્તન આવ્યું ન હતું, તેમજ સામ્યવાદનો પણ પ્રભાવ કે પ્રચાર નહોતો. બંગાળની સંસ્કૃતિ જળવાઈ રહી હતી. દેશના ભાગલા પડ્યા અને આખા હિંદુસ્તાનમાં મોટાં રમખાણો થયાં, પણ તેની કોઈ ઘટના અહીંનાં ગામડાંઓમાં થઈ ન હતી. આખો જિલ્લો શાંતભાવે પ્રાચીન સંસ્કૃતિ અને જીવનધોરણ પ્રમાણે પ્રભુભક્તિમાં મસ્ત હતો. સંતોનાં દર્શન કરી તેઓ અનહદ આનંદ અનુભવતા હતા.

ઈ. સ. ૧૯૪૭ની રાજકીય ઊથલપાથલ શમી ગઈ હતી. કૉંગ્રેસનું રાજ્ય સ્થિર થયું હતું. બંગાળમાં ઘણી શાંતિ છવાઈ ગઈ હતી. બંગાળની મુખ્ય પેદાશ ચોખા-કમોદ છે. માઈલો સુધી ધાનનાં ખેતરો એકસરખાં નિહાળી શકાય છે. બંગાળી પ્રજા ત્રણે ટંક ભાત ખાનારી છે. ગામેગામ પુકુર (તળાવ) જોવા મળે છે. પ્રત્યેક બંગાળી ઘરની સાથે એક નાનું-મોટું તળાવ હોય છે. આ તળાવ બંગાળની પ્રજાની જીવાદોરી છે. અહીંનાં તળાવોમાં બારે માસ પાણી હોય છે. અહીં શાકભાજીની પેદાશ ખૂબ સારી છે. આખું ગામ વૃક્ષોથી અને લતાઓથી ઘેરાયેલું રહે છે.

ગરમીની મોસમ આવી ગઈ હતી. તડકો ખૂબ સારા પ્રમાણમાં વધી ગયો હતો. કેરીની સીઝન આવી ગઈ હતી. બંગાળનાં તરબૂચ (તળિયા) અને સક્કરટેટી ઘણાં પ્રસિદ્ધ છે. વિહારમાં કલકત્તાથી ઘણી સારી સંખ્યામાં ભાઈ-બહેનો આવી રહ્યાં હતાં. કોઈ કોઈ ભાઈઓ સાથે ચાલીને વિહારનો આનંદ અને કલકત્તા સંઘનું સ્વાગત માણી રહ્યા હતા. વિહારી ભાઈઓ પ્રતિદિન રસ-

પૂરીનું ભોજન, તરબૂચ તથા બીજાં ફળોનો ઉપયોગ કરી આનંદ લઈ રહ્યા હતા. બંને મુનિરાજો ૧૯૫૨ની બીજી જૂને પાંસકુડાથી કોલાઘાટ પહોંચ્યા ત્યારે સમુદ્રી હવા નજીક આવી ગઈ હતી.

કોલાઘાટમાં રૂપનારાયણ નદીનો પટ ઘણો પહોળો છે. રૂપનારાયણ દામોદર નદીની એક શાખા છે. બંને નદીઓ સમુદ્રમાં મળે છે. રૂપનારાયણમાં ભરતી ઓટ થાય છે. સમુદ્રની ભરતીનું પાણી નદીના મુખમાં પાછું ઠેલાય છે ત્યારે પાણી નદીના બે કાંઠામાં સમાતું નથી. ઓટ આવે ત્યારે જ તે નદી રૂપે જોવા મળે છે. આમ સમુદ્ર અને નદીના મિલનનું તાંડવ રાત-દિવસ ચાલ્યા કરે છે.

૧૯૫૨માં હજુ ખડકપુરથી કલકત્તા સુધીનો નૅશનલ હાઇવે થયો નહોતો. વચ્ચે વચ્ચે કાચો રસ્તો પણ આવતો. નદીઓ ઉપર પાકા પુલ ન હતા. કોલાઘાટથી વિહાર કર્યા પછી રૂપનારાયણ નદી પાર કરવાની હતી.

કોલાઘાટમાં શ્રીચંદ બોથરાને ત્યાં ઊતરવાનું હતું. તે સ્થાનકવાસી ઓશવાળ જૈન હતા. શ્રીચંદભાઈએ કોલાઘાટમાં ખૂબ જ સારી જમાવટ કરી હતી. તે સુખી-સંપન્ન, શાણા અને વાણીમાં ખૂબ જ મીઠાશ ધરાવનાર શ્રાવક હતા. તે જૈન ધર્મના રંગે રંગાયેલા ભક્તિવાન પુરુષ હતા. તેમને ત્યાં વિહારી ભાઈઓને અપૂર્વ સાતા ઊપજી. શ્રીચંદ બાબુએ ભંડાર ખુલ્લો મૂકી દીધો હતો. દિલ ખોલીને સૌની સેવા કરતા હતા. તેમણે પ્રીતિભોજનનો પણ લાભ ઉઠાવ્યો હતો. તેમની ભક્તિ પૂજ્ય તપસ્વી જગજીવન મહારાજનાં ચરણોમાં બંધાઈ, તે જીવ્યા સુધી જાળવી રાખી.

કોલાઘાટ પહોંચ્યા એટલે કલકત્તા નજીક આવી ગયું હતું. કલકત્તાના પડઘા પડવા લાગ્યા હતા. હજારો માઈલની લાંબી વિહારયાત્રા પરિપૂર્ણ થવાનો આનંદ છવાઈ ગયો હતો.

સવારના રૂપનારાયણ નદી રેલવે પુલ પરથી પાર કરવાની હતી. પુલ પાર થવા માટે ઘણી જ સાવચેતી રાખવાની હતી. રૂપનારાયણનો બે કિલોમીટરનો પટ કેવી રીતે પાર કરવો તે એક સમસ્યા હતી. આ નદી નૌકાથી પાર કરવામાં પણ ઘણો ભય હતો. નદી ઉપર રેલવેએ ઘણો જ લાંબો પુલ બાંધ્યો છે. પુલ પરથી સતત માલગાડી તથા પૅસેન્જર ટ્રેનો પાર થાય છે. આખો પુલ ધમધમતો રહે છે. રેલવે બોર્ડનો સહયોગ મેળવી, એક કલાક માટે ટ્રેન થંભાવી, મુનિરાજોને પુલ પાર ઉતારવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ખરેખર, રેલવે અધિકારીઓએ ખૂબ જ સારો સહયોગ આપ્યો અને ધમધમતી ગાડીઓ ધીમી પડી ગઈ. મુનિરાજો સાતાપૂર્વક પુલના સહારે નદી પાર કરી ગયા. આપણા ભાઈઓએ ત્યાં રેલવે સ્ટેશનમાં પ્રસાદ-વિતરણ કરી સૌને ખુશી કર્યા. મહાવીર પ્રભુની કૃપાથી બધા અનુકૂળ સંયોગો બનતા હતા.

કોલાઘાટ પછી સમુદ્રના તટવર્તી ક્ષેત્રમાં શણની મોટી મિલો જોવા મળે છે. એ સમયે આ મિલો સમગ્ર દુનિયાની મોટાભાગાની કંતાન-કોથળાની જરૂરિયાત પૂરી કરતી હતી. હાલમાં રાજકીય

તોફાનોના કારણે ઘણી મિલો ભાંગી પડી છે અને કેટલીક બંધ થવાની અણી પર પહોંચી ગઈ છે.

ગૂંચ ઊભી કરવી, ક્રાંતિ કરવી અને વાદવિવાદ કરવામાં બંગાળી પ્રજા મશહૂર છે. સૌથી વધારે લેબર ટ્રબલ (મજૂરોની સમસ્યા) તથા યુનિયનનો ઉપદ્રવ બંગાળના ઉદ્યોગપતિઓને સહેવા પડ્યાં છે. તેના કારણે ઘણા ઉદ્યોગો બંધ થઈ ગયા છે. વ્યાપારી ધોરણે આ પ્રદેશને ઘણું જ નુકસાન થયું છે.

આજથી પચાસ વર્ષો પહેલાં બંગાળના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીપ્રધાન જીવન હોવાથી શાંતિની સરિતા વહેતી હતી. બંગાળની 'સુજલમ્ સુફલમ્' ભૂમિનો આનંદ અને અનુભવ લેતા લેતા પૂજ્ય તપસ્વી જગજીવનજી મહારાજ અને શ્રી જયંતમુનિજી બાગનાન, કુલગાછિયા, ઉલુબેડિયા અને મૌરીગ્રામનો સ્પર્શ કરી હાવડાની પાસે જ્યોતિન્દ્રકુંજ બંગલે નિવાસ કર્યો.

**ગુરુકૃપા બલિયસી :**

અહીં કલકત્તા નિવાસી ડોસાભાઈ તરફથી અલ્પાહાર, સ્વાગત-સમારોહ અને પ્રીતિભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

મુનિ-મહારાજોના સ્વાગત માટે કલકત્તા શ્રીસંઘનાં શ્રાવક-શ્રાવિકાઓનો ધસારો વધી રહ્યો હતો. કલકત્તા પદાર્પણ કરતા પહેલાં હાવડા છેલ્લું સ્ટેશન હતું. વિહાર પાર્ટીના ભાઈઓ પણ પોતપોતાનો સામાન લઈ, 'હવે આવતીકાલે મળશું, આજે અમારી ફરજ પૂરી થઈ ગઈ,' એમ કહી કલકત્તા ચાલ્યા ગયા. આમ એક દિવસ માટે મુનિરાજો ભાઈઓની સેવાથી વંચિત થઈ ગયા હતા.

ભાઈઓ-બહેનો ખૂબ જ સારી સંખ્યામાં આવી ગયાં હતાં. અત્યારે વ્યવસ્થા કોણ કરશે તે ચિંતા ઉપજાવે તેવું હતું. બસોથી ત્રણસો ભાઈઓ-બહેનો આવી ગયાં હતાં. એટલામાં ડોસાભાઈ સ્વયં આવી ગયા.

જયંતમુનિજીએ પૂછ્યું, "ડોસાભાઈ, તૈયારી ક્યારે થશે? ઘણા બધા માણસો આવી ગયા છે."

ડોસાભાઈ અત્યંત શાંતિપ્રિય અને શ્રીમદ્‌ના સહજભાવના સિદ્ધાંતને વરેલા હતા. તે બોલ્યા, "ગુરુદેવ, ચિંતા ન કરો. સહજ ભાવે બધું સારું થઈ જશે." જુઓ તો ખરા! તેમનો સહજભાવ કેટલો સફળ થયો!

એ બંગલામાં કોઈ ભાઈઓએ ઉજાણી – પિકનિક પાર્ટીનો પ્રોગ્રામ કરેલો. કોઈ કારણસર તેમનો પ્રોગ્રામ બંધ રહ્યો. પાર્ટીનો ઑર્ડર લેનાર કોન્ટ્રાક્ટર આ બાજુ માણસોની મેદની જોઈને આવ્યો. તેણે કહ્યું, "સાહેબ, સાતસો-આઠસો માણસોનો નાસ્તો તૈયાર છે. પૂરી, ઇડલી, ઢોંસા, મીઠાઈ, ચા, કૉફી, વગેરે સામાનનો ખપ હોય તો હું અત્યારે ઓછા ભાવે આપી દઈશ."

ડોસાભાઈએ કહ્યું, "જલદી લઈ આવો, અમે બધો જ સામાન લઈ લઈશું."

તે વખતે સોંઘવારી હોવાથી આઠસો રૂપિયામાં બધું પતી ગયું. સારામાં સારી ચીજો સહજ ભાવે મળી ગઈ. કલકત્તા ગુજરાતી સમાજનાં ભાઈ-બહેનો અને બાળકો ખુશ ખુશ થઈ ગયાં. ખરેખર, સહજ ભાવે અમૃતવર્ષા થઈ ગઈ હતી.

ડોસાભાઈ સંતોષથી બોલ્યા, "જુઓ ગુરુદેવ, ઘીના ઠામમાં ઘી ઢળી ગયું."

મુનિરાજોને બીજે દિવસે ૧૯૫૨ની સાતમી જૂને કલકત્તાના ૨૭ નંબર, પોલોક સ્ટ્રીટના ઉપાશ્રયમાં પદાર્પણ કરવાનું હતું. ક્યાં ગુજરાત, ક્યાં બનારસ અને આજે ક્યાં કલકત્તા ! ૩૫૦૦ કિલોમીટર લાંબી વિહારયાત્રા સમાપ્ત થઈ. કલકત્તા ચાતુર્માસ માટેનો સુઅવસર આવી ગયો હતો.

ગુરુકૃપાથી આખી યાત્રા અત્યંત સુખદ ભાવે પરિપૂર્ણ થઈ. આગ્રા પહેલાંના ૮૦૦ માઈલ પરિષહ ભરેલી યાત્રા હતી. રાજગિરિ સુધીનો સાતસો માઈલનો વિહાર સુખદ મધ્યમ યાત્રા હતી. રાજગિરિથી કલકત્તા સુધીની છસ્સો માઈલ રાજાશાહી યાત્રા હતી. આ રીતે વિવિધ વિહારયાત્રાના અનુભવ લઈ પૂજ્ય તપસ્વીજી મહારાજ અને શ્રી જયંતમુનિજી કલકત્તા શ્રીસંઘમાં પધાર્યા.

❑



# ૨૦

## કલકત્તામાં ધર્મભાવનાની ભરતી

ગુજરાતથી વેપાર માટે આવેલા ભાઈઓએ સંગઠિત થઈ ૭૫ વર્ષ પહેલાં કલકત્તા સ્થાનકવાસી શ્રીસંઘની સ્થાપના કરી હતી. સાથે સાથે જૈન શાળાનું પણ ઉદ્દઘાટન કર્યું હતું. ત્યારબાદ શ્રીસંઘે પોલોક સ્ટ્રીટમાં એક ઉપાશ્રય બાંધ્યો હતો. દુર્ભાગ્યવશ એ ઉપાશ્રય જૈન સમાજના ધાર્મિક ઉપયોગમાં આવી શકતો ન હતો.

કેટલાક ભાઈઓએ તે ઉપાશ્રયનો કબજો લઈ લીધો હતો તેથી સંઘને પર્યુષણ પણ બહારના મકાનમાં કરવા પડતા હતા. આવી સ્થિતિમાં કલકત્તા સંઘે વારાણસીમાં ગુરુદેવને ચાતુર્માસની વિનંતી કરી ત્યારે ઉપાશ્રય માટે સંઘને ચિંતા હતી. તે સમયે શ્રી અમૃતલાલ પંચમિયા મુખ્ય કાર્યકર્તા હતા. તેમણે નવો ઉપાશ્રય બાંધવા માટે આહ્‌વાન કર્યું અને એક કલાકમાં ચાર લાખ રૂપિયાનો ફાળો નોંધાયો. બધાને બળ મળ્યું. પરંતુ જૂના ઉપાશ્રયને ખાલી કરાવવાનું કામ ઘણું મુશ્કેલ અને કપરું હતું. આ માટે એક પ્રભાવશાળી માણસની જરૂરત હતી. આ કામ ત્ર્યંબકભાઈ દામાણીને સર્વાનુમતે સોંપવામાં આવ્યું. ખરેખર! ત્ર્યંબકભાઈએ બીડું ઝડપ્યું અને પોતાની કુનેહથી ઉપાશ્રય ખાલી કરાવ્યો. હવે શ્રીસંઘે સમાજના અગ્રેસર પ્રભુદાસભાઈ હેમાણી અને ગિરધરભાઈ કામાણીને નવા ઉપાશ્રયના બાંધકામ માટે પૂરી સત્તા આપી. પ્રભુદાસભાઈ હેમાણી એક આદર્શ વ્યક્તિ હતા. તેમના પરિશ્રમથી ૨૭ નંબર, પોલોક સ્ટ્રીટમાં દેવભુવન જેવો સુંદર ઉપાશ્રય તૈયાર થયો. જૈન સંઘમાં વડીલ તરીકે માંગરોળવાળા શ્રી કેશવજીભાઈ તથા અમરેલીના શ્રી જે. પી. આખા સંઘમાં માર્ગદર્શક હતા. તેઓએ કલકત્તા સ્થાનકવાસી

(ગુજરાતી) જૈન સંઘનું બંધારણ ખૂબ દીર્ઘદષ્ટિથી તૈયાર કરાવ્યું, જેણે અત્યાર સુધી સંઘનું સંગઠન જાળવી રાખ્યું છે.

વાંકાનેરના શ્રી મનુભાઈ સંઘવી તે વખતે સમર્થ અને સમૃદ્ધિવાન શ્રાવક હતા. તેમનાં પત્ની શ્રીમતી પ્રતિભાબહેન એટલાં જ વિચક્ષણ અને ભક્તિપ્રધાન હતાં. સમગ્ર પરિવારે પૂજ્ય મુનિવરોની અપૂર્વ સેવા બજાવી છે. પોરબંદરના લાખાણી પરિવારે પણ સંઘનો પાયો નાખવામાં ઘણી જ મદદ કરી હતી. આ આખો પરિવાર ધર્મ રંગે રંગાયેલો છે. એ જ રીતે લાઠિયા અને માલાણી પરિવાર પણ જૈન ધર્મના ઊંડા અનુરાગી હતા અને હજી પણ સ્થાનકવાસી જૈન સંઘના સ્થંભરૂપે શાસન પ્રભાવનામાં મોખરે રહે છે.

કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર), ગુજરાત અને પાલનપુરના સેંકડો પરિવાર ઘણાં વર્ષોથી કલકત્તામાં વસી ગયા છે. આ બધા પરિવારો ધીરે ધીરે વિકાસ પામી, વ્યાપારના ક્ષેત્રે ઘણા આગળ આવ્યા છે. તેઓએ પોતાની સંસ્કૃતિ અને સૌરાષ્ટ્રનાં રીત-રિવાજ અને પરસ્પરનો ભાઈચારો અત્યાર સુધી બરાબર જાળવી રાખ્યાં છે. ખરું પૂછો તો આખા ભારતમાં કલકત્તા સ્થાનકવાસી જૈન સંઘ એક કુટુંબની જેમ એક સૂત્રમાં બંધાઈને શાસનની સેવા બજાવે છે. એ ગૌરવની વાત છે કે વડીલોના સંસ્કારને જરાપણ ખંડિત ન કરતા તેમણે પ્રગતિ જ કરી છે. શ્રાવકો પણ સુખી-સંપન્ન, ભક્તિવાળા અને ઉદાર દિલના હોવાથી સંઘની શોભામાં વૃદ્ધિ કરે છે.

**નવા ઉપાશ્રયમાં ચાતુર્માસ :**

પૂજ્ય તપસ્વી મહારાજ તથા શ્રી જયંતમુનિજીનું સર્વપ્રથમ ચાતુર્માસ કલકત્તાના નવા ઉપાશ્રયમાં કરવાનું નક્કી થયું. હજુ નીચેનો એક જ હૉલ તૈયાર થયો હતો. ઉપરના હૉલનું કામ જોરશોરથી ચાલતું હતું. શ્રીસંઘમાં અનેરો ઉત્સાહ હતો. નવો ઉપાશ્રય અને આપણા ગુજરાતના સંત મુનિઓ પ્રથમ ચાતુર્માસ કલકત્તામાં કરી રહ્યા હતા તેનું નાનામોટા સૌને ઘણું જ ગૌરવ હતું.

બાળકોને પણ એક કુતૂહલ હતું કે આપણા સાધુ કેવા હોય? કલકત્તામાં ઊછરીને મોટા થયેલા સેંકડો જૈનોએ સાક્ષાત જૈન સાધુને જોયા પણ ન હતા. તેઓ મુનિઓની વેશભૂષાથી પણ પરિચિત ન હતા. ભાઈ-બહેનોના મનમાં એ જ ગૌરવ હતું કે આપણાં બાળકો મુનિવરોનાં દર્શન કરે અને તેમના આચાર-વિચારથી પરિચિત થાય. મુનીશ્વરના આગમનથી સમગ્ર સંઘમાં એક પ્રકારે ઉત્સાહનું નગારું બજી ઊઠ્યું હતું.

મોરીગ્રામથી પૂજ્ય મુનિવરો રેલવેના પાટા પર વિહાર કરી હાવડામાં સતનારાયણ ધર્મશાળામાં પધાર્યા. કલકત્તા સંઘના આગ્રહથી જમશેદપુર, ઝરિયા તથા કત્રાસ વગેરે ક્ષેત્રોનાં બધાં ભાઈ-બહેનો કલકત્તાપ્રવેશ વખતે હાજર રહ્યાં હતાં. શ્રી ચુનીભાઈ માસ્ટર મોખરે રહી ધૂન બોલાવતા હતા. શ્રી શંકરભાઈએ પૂજ્ય તપસ્વી મહારાજની જાળવણી રાખી કલકત્તાના પ્રવેશ સુધીની સેવાનો

અપૂર્વ દાખલો બેસાડ્યો હતો. યુવકો ચારે તરફથી કોર્ડન કરી માણસોના ધસારામાં મુનિવરોની જાળવણી માટે પૂરો પ્રયાસ કરી રહ્યા હતા. સ્થાનકવાસી સંઘ ઉપરાંત દેરાવાસી સંઘ અને ગુજરાતી સમાજના અગ્રેસરો ઉપરાંત મારવાડી સમાજના કેટલાક સુપ્રસિદ્ધ મહાનુભાવો આ સામૈયામાં મોટી સંખ્યામાં જોડાયા હતા. સંગઠનનો એક નવો જ નમૂનો જોવામાં આવતો હતો.

ગુજરાતથી પદયાત્રા કરી મુનિવરો કલકત્તા પહોંચ્યા છે તેનું સૌના મનમાં ઊંડું આશ્ચર્ય હતું. ભગવાન મહાવીરના જયનાદોથી આકાશ ગુંજી ઊઠ્યું હતું. આપણા ભાવદીક્ષિત વૈરાગી બંધુ શ્રી ભૂપતભાઈ ઘણા ઉછરંગ સાથે ગીતો ગવરાવી રહ્યા હતા. તેમનો પણ જનતા પર ખૂબ સારો પ્રભાવ પડી રહ્યો હતો. આ બધા સ્વાગત-સમારોહમાં એક વિશિષ્ટ વ્યક્તિ પોતાની જુદી જ ભાત પાડી રહ્યા હતા. તે હતા મહાનુભાવ સોહનલાલજી દુગ્ગડ.

આજે મુનિશ્રીને સોહનલાલજીનો પ્રથમ પરિચય હતો. તેઓ વંદન કરી સમૂહમાં પણ આગળ ચાલી રહ્યા હતા. સિંહ જેવી તેમની રાજપૂતી ચાલ જ નિરાળી હતી.

હાવડા સતનારાયણ ધર્મશાળાથી શરૂ કરી સમગ્ર શોભાયાત્રા અને સ્વાગત સમૂહે હાવડાનો પ્રખ્યાત પુલ પાર કર્યો. મુનિરાજોને હુગલી નદી અને હાવડા પુલના અભિનવ દર્શન થતાં ખ્યાલ આવ્યો કે મનુષ્ય પોતાના પરાક્રમથી આવી વિશાળ નદીઓને નાથીને તેના ઉપર પુલ બાંધી શકે છે. આશ્ચર્ય અને ગૌરવની વાત હતી કે વગર થાંભલાનો આટલો લાંબો વિશાળ પુલ કેવી રીતે બાંધવો તે સામાન્ય બુદ્ધિથી વિચારી શકાય તેમ ન હતું ત્યારે કલકત્તામાં રહેતા કચ્છના એક ગુજરાતી કોન્ટ્રાક્ટર ભાઈએ પોતાની બુદ્ધિથી અંગ્રેજ અને મોટા વૈજ્ઞાનિકોને પુલ બાંધવામાં સહાય કરીને હેરત પમાડ્યા હતા. આ સામાન્ય માણસના અસામાન્ય ઇજનેરી કૌશલ્ય માટે સમગ્ર ગુજરાતને ગૌરવ લેવા જેવું છે. દુઃખની વાત એ છે કે આ ગુજરાતી બંધુનો ફોટો તો દૂર રહ્યો, તેનું નામ સુધ્ધાં પણ સમાજની તવારીખમાં ક્યાંય લખવામાં આવ્યું નથી.

મુનિરાજ જ્યારે વિશાળ સંઘ સાથે હાવડા પુલ પરથી પાર થતા હતા ત્યારે સૌરાષ્ટ્રકેસરી ગુરુદેવ પ્રાણલાલજી મહારાજની અસીમ કૃપાનાં દર્શન થઈ રહ્યાં હતાં. તેઓશ્રી કાઠિયાવાડથી શિષ્યોની મંગલકામના કરી શુભ્ર પરમાણુઓની અમૃત વર્ષા કરી રહ્યા હોય તેમ લાગતું હતું. પૂજ્ય તપસ્વી મહારાજ પણ બધું નિરીક્ષણ કરી ઇતિહાસ મેળવી રહ્યા હતા.

**કલકત્તામાં પ્રવેશ :**

હુગલીનાં પાણી જે રીતે ઊછળી રહ્યાં હતાં તે રીતે સંઘ અને સમાજની ભક્તિ ઊછળી રહી હતી. મુનિશ્રીઓએ હાવડા પુલ પાર કરી બ્રેબ્રોન રોડમાં પ્રવેશ કર્યો ત્યારે હજારો ભાઈ-બહેનોએ અભિવાદન કર્યું અને જયનાદોથી શ્રીસંઘના ઉત્સાહમાં અપૂર્વ વધારો કર્યો. શ્રીયુત મનુભાઈ સંઘવી શ્રી જયંતમુનિજીની ખાસ સંભાળ લઈ ચાલી રહ્યા હતા. બેબ્રોન રોડથી કલકત્તાની ગલીઓમાં

પરિભ્રમણ કરી શ્રીસંઘના માર્ગદર્શન પ્રમાણે મુનિવરોએ પોલોક સ્ટ્રીટના ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો.

પોલોક સ્ટ્રીટ, ૨૭ નંબરના ઉપાશ્રયનું નવું ભવન દેવભવનની જેમ ચમકી રહ્યું હતું. શ્રી પ્રભુદાસભાઈ હેમાણી તથા ગિરધરભાઈ કામાણીએ આ ભવનના નિર્માણમાં ભોગ આપી, ઊભે પગે રહી કામ કર્યું હતું. તેમનો પુરુષાર્થ આજે દાદ આપી રહ્યો હતો. સૌનાં મસ્તક ગૌરવથી ઊંચાં થઈ રહ્યાં હતાં. પ્રવેશ પહેલાં નવો ઉપાશ્રય તૈયાર કરી, શ્રીસંઘે જે ભાવના પ્રદર્શિત કરી હતી તે સમગ્ર સમાજ માટે દૃષ્ટાંતરૂપ બની ગઈ હતી. કલકત્તા શ્રીસંઘે મુનિરાજોને કલકત્તા સુધી લાવવા માટે તથા ચાતુર્માસ કરાવવા માટે જે ભગીરથ પ્રયાસ કર્યો હતો તે મુનિવરોના ઉપાશ્રયમાં પગ મૂકતાંની સાથે જાણે સફળ થઈ સોળ આના ચમકી રહ્યો હતો.

**ગુરુચરણે અમ પુષ્પાંજલી :**

ગુરુવરો પાટે બિરાજ્યા ત્યારે અપૂર્વ શાંતિ છવાઈ ગઈ હતી. શ્રી જયંતમુનિજી મહારાજે પૂજ્ય તપસ્વી મહારાજની આજ્ઞાથી શ્રીસંઘને અભિનંદન આપ્યાં. પૂજ્ય ગુરુદેવ પ્રાણલાલજી સ્વામી તથા ગોંડલ સંપ્રદાયના મહાન સંતો પૂજ્ય ડુંગરશી મહારાજ, ખોડાજી મહારાજ, દેવજી મહારાજ સ્વામી, તથા જય-માણેકની જોડી, એ સર્વ ગુરુદેવોને યાદ કરી, સર્વપ્રથમ તેઓનાં ચરણોમાં ભાવપુષ્પાંજલિ અર્પણ કરી. તેઓની અસીમ કૃપાથી તેમનો આ અભિનવ વિહાર પાર પડ્યો છે તે પ્રગટ કરી, આંખનાં પ્રેમઅશ્રુઓ પોંછ્યાં. તે વખતે સમગ્ર સંઘનાં શ્રાવક-શ્રાવિકાઓનાં હૃદય પ્રફુલ્લિત થયાં હતાં અને સહુની આંખોમાં હર્ષનાં આંસુ ઊભરાયાં હતાં.

શ્રી જયંતમુનિની સેવામાં શ્રી બચુભાઈ પુજારા દરેક રીતે સહયોગ આપી રહ્યા હતા. તેઓ ઊભા થયા અને વચમાં જ કહ્યું, "આપણા પૂજ્ય સંતોએ અમારા ખડકપુરને લાભ આપી આજે સુખરૂપ કલકતામાં પ્રવેશ કર્યો છે, તેથી એમ લાગે છે કે જાન પરણીને ઘેર આવી છે." અને સૌ ખડખડાટ હસી પડ્યા.

સ્વાગત-સમારોહનો દોર શ્રી સોહનલાલજી દુગ્ગડે સંભાળ્યો હતો. તેઓએ પોતાની લાક્ષણિક શૈલીમાં અને રાજસ્થાની ભાષામાં મુનિઓના આગમનને ખૂબ બિરદાવ્યું. સભામાં સેંકડો રાજસ્થાની ભાઈ-બહેનો હાજર હતાં.

સોહનલાલજીએ સૌનાં મન જીતી લીધા. તેમણે જણાવ્યું કે, "મુનિઓના આગમનથી આકાશમાંથી પૂનમનો ચાંદ આજે કલકત્તા શ્રીસંઘના ઉપાશ્રયમાં પ્રવિષ્ટ થયો હોય તેવો આભાસ થઈ રહ્યો છે." તેમણે આગળ કહ્યું, "મને પૂર્ણ વિશ્વાસ છે કે મુનિઓનું ચાતુર્માસ સોળ આના સફળ થશે. એટલું જ નહિ, તેઓના હાથે કલકત્તા સંઘનો તથા પૂર્વભારતના જૈન સમાજનો એક ઇતિહાસ રચાશે અને આપણા પ્રિય મુનિવરો જૈન સમાજના બધા ફિરકાઓમાં એકતાનો મંત્ર ફૂંકશે અને આપણે સૌ ભગવાન મહાવીરનો એકસાથે જયનાદ કરી શકીશું."

**માંગલિકનો મંગલ દિન :**

શ્રી જયંતમુનિજીએ કલકત્તા શ્રીસંઘમાં પ્રથમ પ્રવચન આપતાં જણાવ્યું કે "જૈન સિદ્ધાંત વેરનો ત્યાગ કરી, અહિંસાની ભાવનાઓ જાગ્રત કરી, સમસ્ત જીવોના સુખનો વિચાર કરે છે. નાનામાં નાના જીવોને દુઃખ ન થાય કે કષ્ટ ન થાય તેનો સૂક્ષ્મ વિચાર જૈન શાસ્ત્રોમાં જોવા મળે છે. આપણા જીવનને સફળ બનાવવું હોય તો અહિંસાનું અવલંબન કરી, વિશુદ્ધ પ્રેમસૂત્રનો પ્રકાશ કરી, એકબીજા પ્રત્યે સંપૂર્ણ સન્માન જાળવી, નિષ્ઠાપૂર્વક ભગવાન મહાવીરના તપોમય માર્ગ ઉપર ચાલવા પ્રયાસ કરીએ તો આપણું વ્યવહારિક જીવન પણ સુધરે અને આધ્યાત્મિક જીવન પણ સુધરે."

પૂ. તપસ્વી મહારાજે પૂર્વભારતના બધા સંઘોની પ્રશંસા કરી. તેઓએ જે ભક્તિની અભિવ્યક્તિ કરી છે તેનો ઉલ્લેખ કરી સૌને દાન-શીલ-તપ-ભાવના માર્ગ ઉપર મંગલ આશીર્વાદ આપ્યા.

શ્રી માણેકચંદ દેસાઈ કે જેમણે વારાણસીથી અત્યાર સુધી અપૂર્વ સેવા બજાવી હતી અને ત્રણ વરસ સુધી મુનિશ્રીના વારાણસીના અધ્યયનનો મોટો ભાર વહન કર્યો હતો, તેઓ તરફથી આજે પ્રથમ પ્રભાવના રાખવામાં આવી હતી. છથી સાત હજાર માણસોની ઉપસ્થિતિ હોવા છતાં અપૂર્વ શાંતિ જળવાઈ રહી હતી. મુનિરાજો પ્રત્યે અહોભાવ વ્યક્ત થઈ રહ્યો હતો. આ બધી ભાવનાઓને અંતરંગમાં સંચિત કરી, શ્રી જયંતમુનિજી મહારાજે નવા ઉપાશ્રયમાં શ્રીસંઘને પ્રથમ માંગલિક સંભળાવ્યું તથા ભગવાન મહાવીરના અને પૂજ્ય તપસ્વી મહારાજના જયનાદો સાથે સભા સમાપ્ત થઈ.

**ભવાનીપુરમાં અઠ્ઠાઈની અખંડ સાંકળ :**

કલકત્તા પ્રવેશ પછી અને ચાતુર્માસ આરંભ થયા પહેલાં મુનિરાજો ભવાનીપુરમાં પધાર્યા. એ સમયે ભવાનીપુરમાં ખૂબ જ ટાંચાં ઘર હતાં. છતાં જે કોઈ પરિવાર ભવાનીપુર વિસ્તારમાં રહેતા હતા તે બધા જ કલકત્તાના જૈન અને ગુજરાતી સમાજનાં અગ્રેસર કુટુંબો હતાં.

પૂજ્ય તપસ્વી મહારાજ અને જયંતમુનિજીએ ચુનીભાઈ હેમાણીના મકાનમાં સ્થિરતા કરી. શ્રીયુત ચુનીભાઈ હેમાણીનાં ધર્મપત્ની પ્રભાબહેન ઘણાં કોઠાડાહ્યાં અને ભાવિક આત્મા હતાં. તે મહેમાનોનું હાર્દિક સ્વાગત કરી સેવા બજાવતાં હતાં. એ જ રીતે ચંચળબહેન હેમાણી બધાં બહેનોની સેવામાં રત રહેતાં. એક રીતે ભવાનીપુરમાં જ કલકત્તાના મંગલ ચાતુર્માસનો શુભારંભ થઈ ગયો હતો. અષાઢ સુદ પૂનમ પહેલાં જ તપસ્યાની લહાણી શરૂ થઈ. એ વખતે વીસ-પચ્ચીસ ભાઈ-બહેનોએ અઠ્ઠાઈ તપની આરાધના કરી. ત્યારબાદ ભાઈઓ અને બહેનોએ સંકલ્પ કર્યો કે કારતક સુદ પૂનમ સુધી અઠ્ઠાઈની અખંડ સાંકળ ચાલુ રાખવી. ચોમાસામાં એક પણ દિવસ એવો ન હોવો જોઈએ જ્યારે કોઈ અઠ્ઠાઈ ન હોય. ખરેખર ! ભાઈઓએ તથા બહેનોએ આ સંકલ્પ પૂરો કર્યો.

કોઈ પણ સમયે એક નહીં પણ બેથી ચાર અઠ્ઠાઈઓ એકસાથે થતી હતી. કારતક સુદ પૂર્ણિમાએ ચાતુર્માસ સમાપ્ત થયું ત્યાં સુધી અઠ્ઠાઈ સતત ચાલુ રાખી. ખરું પૂછો તો આ ચાતુર્માસ તપોમય બની ગયું.

અઠ્ઠાઈની શરૂઆત ભવાનીપુરથી થઈ હતી. જ્યારે ત્યાં પારણાં થવાં લાગ્યાં ત્યારે મોટે પાયે વાસણોની લહાણી થતી હતી. શ્રી જયંતમુનિજીએ પૂજ્ય તપસ્વી મહારાજને કહ્યું કે લહાણી એક પ્રકારનો ખોટો ખર્ચ છે. જો તેમાં સુધારો થાય તો ધનરાશી સત્કાર્યમાં વાપરી શકાય. તપસ્વી મહારાજે સહર્ષ સહમતી આપી. જયંતમુનિજીએ આ વિચારનો પ્રવચનમાં પડઘો પાડ્યો. અષાઢ સુદ પૂનમ પછી સંઘમાં આ નિયમ લાગુ થાય તેવો વિચાર રાખ્યો.

**લહાણીની પ્રથાનો વિરોધ :**

દરમિયાન એક મધ્યમ પરિવારના બહેનને મુનિશ્રીએ નવાઈ તપ કરવા માટે પ્રેરણા આપી.

તે બહેન વ્યથા સાથે બોલ્યાં કે, 'ગુરુદેવ, આ મંગળસૂત્ર વેચીએ તો જ નવાઈનાં પારણાં થઈ શકે. અમારે લહાણી તો કરવી જ પડે ને !'

આ સાંભળીને મુનિશ્રીનું હૃદય દ્રવિત થયું. લહાણી બંધ કરાવવાના વિચારને સમર્થન મળ્યુ અને નિશ્ચય કર્યો કે સંઘનાં ભાઈ-બહેનોને સમજાવી અવશ્ય લહાણી બંધ કરાવી.

ભવાનીપુરના દિવસો ખૂબ જ આનંદપૂર્વક વ્યતીત થયા. નાના કેશવજીભાઈ, જે. પી. તથા માંગરોળનાં શ્રાવક-શ્રાવિકાઓએ તત્ત્વચર્ચા અને જ્ઞાનગોષ્ઠિનો કાર્યક્રમ રાખ્યો હતો. માંગરોળવાળાં ભાઈ-બહેનો ધર્મમાં ઊંડાં ઊતરેલાં તથા થોકડાનાં જાણકાર હતાં તેથી જ્ઞાન-ગોષ્ઠિમાં રંગ પુરાતો હતો. શ્રી ભૂપતભાઈ વૈરાગી ધાર્મિક અભ્યાસ કરતા હોવાથી અને દીક્ષાના ઉમેદવાર હોવાથી સૌના પ્રીતિભાજન બની ગયા હતા. તે બાળકોને ભજન શીખવવામાં, જૈન શાળાનો બોધ આપવામાં તથા નાના-મોટા સંવાદો શીખવવામાં રચ્યાપચ્યા રહેતા. તેમની દીક્ષાની ઘોષણા થઈ ચૂકી હતી. આવો તેજસ્વી યુવક દીક્ષા લેશે તેથી ગોંડલ સંપ્રદાયનું ગૌરવ વધશે તેવી લોકોને શ્રદ્ધા બંધાઈ ગઈ હતી.

ભવાનીપુરમાં આનંદમય દિવસો વિતાવી, શાસનપ્રભાવના કરી, ૨૭ નં. પોલોક સ્ટ્રીટમાં (બડાબજાર) આવેલ કલકત્તાના મુખ્ય ઉપાશ્રયમાં ચાતુર્માસ કરવા માટે મુનિવરોએ વિહાર કર્યો. ભવાનીપુર અને બડાબજારનાં સેંકડો ભાઈઓ અને બહેનો વિહારમાં સાથે જોડાયાં. કલકતામાં પ્રથમ ચાતુર્માસ હોવાથી શ્રીસંઘમાં અને સમસ્ત ગુજરાતી સમાજમાં એક ઉછરંગનું મોજું ઊછળી રહ્યું હતું. સંતો ગુજરાતથી પદયાત્રા કરી કલકતા સુધી આવ્યા છે તે પૂરા ગુજરાતી સમાજ માટે ગૌરવનો વિષય છે તેવી ભાવના પાટીદાર સમાજ સહિત સમગ્ર ગુજરાતી સમાજમાં હતી. આ ચાતુર્માસમાં દેરાવાસી સંઘનાં તમામ ભાઈ-બહેનો તથા ગુજરાતી સમાજના બધા જ અગ્રેસર

ભાઈઓ સમાન ભાવે રસ લઈ રહ્યા હતા. જ્યારે સ્થાનકવાસી સમાજને પોતાપણાની પૂરી મમતા હોય તેમાં શી નવાઈ ?

કલકત્તાના નવા ઉપાશ્રયમાં ચાતુર્માસ માટે મંગલ પ્રવેશ થયો ત્યારે પ્રેમથી શ્રાવક-શ્રાવિકાઓનાં હૃદય ધબકી રહ્યાં હતાં. મુનિ-મહારાજોનો કેવી રીતે ભક્તિભાવ કરવો, તેમને કેવી રીતે સાતા ઉપજાવવી અને જ્ઞાનનો કઈ રીતે લાભ મેળવવો તે સમગ્ર સમાજની એક માત્ર નિષ્ઠા બની ગઈ હતી. કલકત્તા ચાતુર્માસનો જે કેસરિયો રંગ ઘોળાયો અને જે શાસનપ્રભાવના થઈ તે એક ઐતિહાસિક ઘટના રૂપે કલકત્તા શ્રીસંઘના ઇતિહાસમાં સવર્ણ અક્ષરે અંકિત રહેશે. આજે પણ ભાઈ-બહેનો એ ચાતુર્માસને યાદ કરી ગદ્‌ગદ થઈ જાય છે. ભાવદીક્ષિત ભૂપતભાઈને જોઈને તથા તેમના સદ્‌વ્યવહારથી શ્રીસંઘમાં ભક્તિની હેલી ચડી હતી. તેઓ યુવક-યુવતીઓને ભજનના રંગથી અને મીઠી વાણીમાં ભીંજવી દેતા હતા.

ઉપાશ્રયમાં ભરચક કાર્યક્રમ રહેતો હતો. વહેલી સવારના પ્રાર્થના, સવારે આઠથી દસ બે કલાક વ્યાખ્યાન, બપોરના ધાર્મિક વર્ગ, સ્વાધ્યાય, શાસ્ત્રપાઠ, તત્ત્વચિંતન અને ત્યારપછી બપોરનો રાસ અને ધર્મકથા, સાંજના સમૂહ-પ્રતિક્રમણ અને રાતના જ્ઞાનગોષ્ઠિ તથા વિવિધ ભજનોનો કાર્યક્રમ, છેવટે અડધો કલાક ધૂન અને ત્યારબાદ પૂર્ણાહુતિ. શ્રી જયંતમુનિજી આટલા ભારે કાર્યક્રમ ઉપરાંત ગોચરી - પાણી, પૂજ્ય તપસ્વી મહારાજની શુશ્રૂષા, વસ્ત્ર-પ્રક્ષાલન, ઇત્યાદિ કાર્યો સંપન્ન કરતા. નાની ઉંમર હોવાથી બધાં કાર્યોને ઝડપથી પહોંચી વળતા હતા. વૈરાગીભાઈ સાથે હોવાથી શ્રી જયંતમુનિને રાહત રહેતી, છતાં તેમને એક મિનિટની ફુરસદ ન રહેતી.

**પ્રભાવનાની સાંકળ :**

શ્રીસંઘની મિટિંગમાં શ્રી માણેકચંદભાઈ દેસાઈએ પ્રસ્તાવ મૂક્યો કે દરેક આઠમ - પાખી અને રવિવારના રોજ પ્રભાવના થવી જોઈએ. સાથે સાથે એ પણ જાહેર કર્યું કે કોઈ બીજાં નામ લખાવે તો છૂટ છે, નહિતર બધી પ્રભાવના પોતાના તરફથી થઈ રહેશે. માણેકચંદભાઈની ભાવનાથી શ્રીસંઘમાં આનંદનું મોજું ફરી વળ્યું. દર મહિને લગભગ રૂપિયા દશથી બાર હજારનો પ્રભાવનાનો ખર્ચ આવતો હતો. શ્રોતાજનની ભરચક હાજરી થતી હતી.

બપોરના વર્ગમાં શ્રી જયસુખલાલ પ્રભુલાલ શાહ મુખ્ય રૂપે ભાગ લેતા હતા. તેઓ સિંધિયા કંપનીમાં જવાબદાર ઑફિસર હતા. આટલી જવાબદારી છતાં ધર્મકાર્યક્રમમાં પૂરો રસ લેતા. પ્રવચન તથા વર્ગમાં તેમની બરાબર હાજરી હતી. જયસુખભાઈએ સંપૂર્ણ ચાતુર્માસનાં પ્રવચનોનું સંપાદન કરી, 'જયંતવચનારવિંદ' રૂપે પ્રકાશિત કર્યું હતું. તેમની સેવા પણ અનુપમ હતી.

તપશ્ચર્યાની તો હેલી વરસતી હતી. ભવાનીપુરથી અઠ્ઠાઈની જે સાંકળ ચાલુ થઈ તે અખંડભાવે ચાલુ રહી હતી. ચાર-પાંચ અઠ્ઠાઈનાં પારણાં એકસાથે આવી રહ્યાં હતાં. શ્રીસંઘમાં ઉજવણું ચાલતું

હતું. પાછલી પંક્તિઓમાં લખ્યા મુજબ પૂજ્ય તપસ્વી મહારાજની પ્રેરણા લઈ શ્રી જયંતમુનિજીએ વ્યાખ્યાનમાં ઘોષણા કરી કે લહાણીમાં વાસણો વહેંચવાં બંધ કરવાં. વાસણોના નિરર્થક ખર્ચનો બચાવ કરી, પૈસા સત્કર્મ તથા સાધાર્મિક સેવામાં વાપરવા.

**નવી ક્રાંતિકારી પહેલ :**

જનતાએ પૂજ્ય મુનિશ્રીનો પડ્યો બોલ ઝીલી લીધો. કદાચ કોઈ ઉપરવટ થઈને લહાણી કરે તો પણ કોઈએ લહાણી લેવી નહિ તેવી પ્રેરણા આપવામાં આવી. પરિણામે સંઘમાં લાખો રૂપિયાની વૃદ્ધિ થઈ અને સારાં કાર્યો થવા લાગ્યાં. આ એક ક્રાંતિકારી વિચાર હતો. યુવકોમાં ઘણો જ ઉત્સાહ હતો. શ્રીયુત ગટુભાઈ લાઠિયાને ઘેર યુવકોની પરિષદ રાખવામાં આવી. શ્રી જયંતમુનિજી આ બેઠકમાં પધાર્યા. ઘણા ઉત્સાહની સાથે જૈન યુવક સમિતિની સ્થાપના કરવામાં આવી. આજે પચાસ વર્ષ પછી પણ જૈન યુવક સમિતિ એકધારી સેવા આપી રહી છે. આ સમિતિએ સેવાનાં ઘણાં કાર્યો કર્યાં છે. અત્યારે પણ સમિતિ સારામાં સારું કાર્ય કરી રહી છે. તેમનાં કેટલાંક કાર્યો ઉલ્લેખયોગ્ય છે.

**(૧) સસ્તા લગ્નનું આયોજન :** સમિતિ એકસો એક રૂપિયા લઈ સારામાં સારી રીતે વર-કન્યાનો મેળાપ કરાવી, લગ્ન કરાવી આપતી. આ લગ્નમાં કલકત્તા સમાજના બધા અગ્રેસરો અને મોવડીઓ પણ હાજરી આપતા. જમણવારના બધા આડંબરો દૂર કરી, ફક્ત આઇસક્રીમ પાર્ટીની વ્યવસ્થા રાખવામાં આવતી હતી. સમિતિએ આ પ્રકારનાં ઘણાં લગ્નો સંપન્ન કરાવ્યાં છે.

(૨) **ઉતારાની વ્યવસ્થા :** સમિતિ તરફથી ગુજરાત-સૌરાષ્ટ્રથી કલકત્તામાં રોજી-રોટી રળવા જે ભાઈઓ આવે તેમની પાસેથી સાધારણ ચાર્જ લઈ, તેમના રહેવા-ઊતરવાની પૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી. તે માટે બે રૂમ ભાડા પર રાખવામાં આવેલ હતા.

(૩) **સામાજિક સેવા :** સમાજમાં કોઈ પણ પ્રસંગ હોય ત્યાં સમિતિના સભ્યો સ્વયંસેવક તરીકે હાજર રહેતા. તેઓ કોઈ પણ પ્રકારની આશા રાખ્યા વિના સેવા આપી પ્રસંગને દિપાવતા હતા. ઉપાશ્રયમાં ખાસ પ્રસંગ અને પર્યુષણ દરમિયાન સમિતિ મોખરે રહેતી. સમિતિ પગરખાંની પણ ઉત્તમ વ્યવસ્થા કરતી હતી.

(૪) **તીર્થયાત્રા :** સમાજનાં સામાન્ય ભાઈ-બહેનો માટે બસ ભાડે કરી દર્શનયાત્રા ગોઠવતા. સંતોનાં દર્શન કે તીર્થયાત્રા માટે ખૂબ જ સારી વ્યવસ્થા કરતા.

(૫) **વસ્તીપત્રક :** સમિતિએ જનગણના કરી જૈનોનું વસ્તીપત્રક તૈયાર કર્યું. આ કાર્યમાં યુવકોએ અનુપમ શ્રમ કર્યો.

ઉપર્યુક્ત મુખ્ય કાર્યો સિવાય સાધાર્મિક ભાઈઓને મદદ કરવી, બાળકોને સ્કૉલરશીપ આપવી, પુસ્તકો અને નોટબુકો આપવાં, વગેરે કાર્યોને જૈન યુવક સમિતિએ પોતાનું લક્ષ્ય બનાવ્યું હતું. આજે પણ જૈન યુવિક સમિતિ સક્રિય છે. તેનો ઇતિહાસ ઘણો જ ઉજ્જ્વળ અને યશસ્વી છે.

પૂજ્ય મુનિવરો પૂર્વ ભારતનાં બધાં ક્ષેત્રોમાં વિહાર કરી કલકત્તા પધાર્યા હતા. પ્રથમ ચાતુર્માસ હોવાથી સેંકડો ભાઈ -બહેનો દર્શન કરવા માટે આવતાં હતાં અને એ જ રીતે ગુજરાત, મુંબઈ અને દક્ષિણનાં નગરોથી પણ ભાઈઓ-બહેનો સારી સંખ્યામાં દર્શન કરવા માટે કલકત્તા આવવા લાગ્યાં. શ્રીસંઘે રસોડું ખોલ્યું હતું અને અતિથિની સેવા યોગ્ય રીતે થાય તે ઉપર પૂરું ધ્યાન આપ્યું હતું.

અઠ્ઠાઈ, નવાઈ અને અટ્ઠમ સિવાય બહોળા પ્રમાણમાં આયંબિલ થવા લાગ્યા. નીચેના હૉલમાં વ્યવસ્થિત રીતે આયંબિલ ખાતું ખોલવામાં આવ્યું. પ્રથમ ચાતુર્માસ અને નવો ઉપાશ્રય હોવાથી શ્રીસંઘની પણ આ બધી નવી જ ઉપલબ્ધિ હતી. આયંબિલ ખાતામાં માણસોએ દિલ ખોલી લાભ લેવો શરૂ કર્યો. એક હજાર રૂપિયાની એક એવી કાયમી તિથિઓ નોંધાઈ. પ્રતિદિન સારી સંખ્યામાં ભાઈ-બહેનો ઉપાશ્રયમાં આયંબિલની આરાધનામાં આવવા લાગ્યાં. વરસો પછી પણ આજે આયંબિલ ખાતું એટલું જ સક્રિય છે અને ઉત્તમ સેવા આપી રહ્યું છે.

**જન્માષ્ટમી જુગારાષ્ટમી નહીં ! :**

પર્યુષણ પહેલાં સાતમ-આઠમના દિવસો આવ્યા. ગુજરાતી સમાજ ઘણી જૂની પરંપરાથી સાતમ-આઠમના પવિત્ર દિવસોમાં જુગાર રમે છે. આખા ગુજરાતમાં આ ખોટી પ્રથા ક્યારે પ્રવેશી એ સમજી શકાતું નથી. જુગારથી સેંકડો પરિવાર બરબાદ થઈ જાય છે. સાતમ-આઠમમાં રમાતો જુગાર મહિના સુધી ચાલુ રહે છે. કત્રાસમાં જુગાર વિરુદ્ધ મુનિજીએ જે આંદોલન ચલાવ્યું હતું અને એમાં જે સફળતા મળી હતી તે લક્ષમાં રાખી, તેમણે જૈન યુવક સમિતિના સભ્યોને તૈયાર કર્યા. પચ્ચીસ યુવાનોને સાથે રાખી, એક પછી એક મકાનમાં પ્રવેશ કરવો, લોકોને જુગાર ન રમવાના પચ્ચક્ખાણ આપવા અને જુગાર વિરોધી આંદોલન ચલાવવું તેમ નક્કી કર્યું. આ આંદોલન જૈન સમાજ પૂરતું સીમિત ન રાખતાં તેમાં સમગ્ર ગુજરાતી સમાજને આવરી લીધો હતો.

ગુજરાતી ભાઈઓ સાથે રહેતા મારવાડી ભાઈઓ પણ જુગારમાં સંડોવાયા હતા. જોકે મારવાડી લોકો દિવાળી પર જુગાર વધારે રમે છે. આ આંદોલન એક પ્રકારનું સીધું પીકેટિંગ હતું. યુવકોએ શ્રી જયંતમુનિજીને પૂરો સાથે આપ્યો. જુગાર વિરોધના આંદોલનની શરૂઆત આર્મેનિયન સ્ટ્રીટની કોઠીથી[૧] કરી હતી. મકાનમાં પ્રવેશ કરવાની સાથે જ યુવકો જુગાર વિરુદ્ધ જયનાદ કરતા અને

૧. જે મકાન મોટું હોય અને જેમાં ઘણાં કુટુંબો રહેતાં હોય તેને કોઠી કહે છે.

એક એક વ્યક્તિને સમજાવીને જુગાર ન રમવાનું વ્રત આપવામાં આવતું હતું. આની સામે કેટલાક ભાઈઓ વિરોધ કરી ગુસ્સે થતાં હતા, પરંતુ તેમને પ્રેમપૂર્વક સમજાવવામાં આવતા હતા કે ભગવાન કૃષ્ણના પવિત્ર જીવન સાથે જુગારને જોડવાથી ધાર્મિક કલંક લાગે અને ધર્મને અન્યાય થાય. જન્માષ્ટમી એ મહાન પવિત્ર દિવસ છે. તેમાં કૃષ્ણચરિત્ર અને ગીતાજીના પાઠ કરવા, ગાયોની સેવા કરવી, બાળકોને મીઠી પ્રસાદી આપવી એ બધું હોવું જોઈએ. જન્માષ્ટમીના પવિત્ર દિવસે જુગાર રમવો એ ઘણું અધાર્મિક કૃત્ય છે.

આ આંદોલનનો સમાજ ઉપર ઘણો સારો પ્રભાવ પડ્યો. સેંકડો માણસોએ જુગાર છોડ્યો. દરેક કોઠીમાં ચાલતા અડ્ડા બંધ થયા. ખાસ કરીને બહેનોએ ખૂબ જ સહકાર આપ્યો. જુગારના અડ્ડાથી સૌથી વધારે ત્રાસ બહેનોને થતો હતો અને બાળકો ઉપર ખૂબ ખોટી છાપ પડતી હતી. ૧૯૫૨ના ચાતુર્માસમાં આ ભગીરથ કાર્ય સિદ્ધ થવાથી ઉપાશ્રયમાં બહુ મોટી સંખ્યામાં માણસો આવવા લાગ્યા. પર્યુષણ નજીક આવી રહ્યાં હતાં. ભાઈઓ અને બહેનોનાં ખૂબ ચડતાં પરિણામો અને ઉત્સાહ-ઉલ્લાસ દૃષ્ટિગોચર થતા હતાં. ઉપાશ્રયમાં ભાવિકોની સંખ્યા પ્રતિદિન વધી રહી હતી. વિશાળ મોટી સભામાં પ્રવચન આપવામાં શ્રી જયંતમુનિજીને મુશ્કેલી પડતી હતી.

આ સમયે જૈન સાધુઓ માટે લાઉડ સ્પીકર અથવા માઇક વાપરવાની પ્રણાલી હજુ શરૂ થઈ ન હતી. પરંતુ જ્યાં સુધી ગુરુદેવોની આજ્ઞા ન આવે અને સકલ સંઘ એક અવાજે સંગઠિત થઈ માઇકમાં બોલવાનો પ્રસ્તાવ ન કરે ત્યાં સુધી માઇકમાં ન બોલવાનો મુનિશ્રીનો નિર્ધાર હતો. મુનિશ્રીએ જાહેર કર્યું કે જો માઇકમાં બોલવાથી સંઘમાં મતભેદ ઊભો થાય તો લાભ કરતાં નુકસાન વધારે છે.

**માઈકની મૂંઝવતી સમસ્યા :**

શ્રી જયંતમુનિજીએ પ્રવચનમાં ઘોષણા કરી હતી કે પૂરો સંઘ એકમત થાય, સર્વાનુમતે સકળ સંઘની સન્મતિ હોય અને જરાપણ વિવાદ ન ઉદ્‌ભવે તો જ માઇકમાં બોલવાનું શક્ય બનશે.

આજે પર્યુષણનો પહેલો દિવસ હતો. સંતોના સાંનિધ્યમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વ ઊજવવાનો આ પ્રથમ પ્રસંગ હોવાથી સવારના પાંચ વાગ્યાથી ઉપાશ્રયમાં ધસારો થઈ રહ્યા હતો. જૈન યુવક સમિતિના બધા સભ્યો તત્પરતાથી સેવા કરવા માટે તૈયાર હતા.

શ્રી જયંતમુનિજીએ જાહેર કર્યું કે માઇક વાપરવા માટે કોઈને મતભેદ હોય તો જાહેર કરે. જૈન યુવક સમિતિએ માઇકની બધી વ્યવસ્થા તૈયાર કરી હતી. જણાવતાં સુખદ આશ્ચર્ય થાય છે કે ઘોષણા કર્યા પછી એક પણ માણસે વિરોધ જાહેર ન કર્યો.

આખી સભામાં ફક્ત એક જ માણસ ઊભો થયો. તેણે કહ્યું, "હું અંગત રીતે માઇકના પક્ષમાં નથી, પરંતુ સકલ સંઘને સર્વાનુમતે જો માઇક આવશ્યક લાગે તો તેમાં મારો કોઈ વિરોધ નથી."

આ રીતે સંઘ-સંગઠનનો પ્રભાવ જોઈ શ્રી જયંતમુનિજીએ વ્યાખ્યાન માટે માઇકનો ઉપયોગ કરવાનું એક નવું ક્રાંતિકારી પગલું ભર્યું. પર્યુષણમાં પ્રતિદિન એટલી હાજરી થતી હતી કે મેદની ઉપાશ્રયની બહાર છલકાઈ જતી હતી.

ઉપાશ્રયમાં ચંપલ તથા બૂટની કાયમ ચોરી થતી હતી. બૂટચોરીને અટકાવવા જૈન યુવક સમિતિએ બૂટચંપલ રાખવા માટે ખાનાવાળો લાકડાનો મોટો રૅક ઊભો કર્યો. ઉપરાંત સાહિત્યનો સ્ટોલ પણ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ઉપાશ્રયના આંગણામાં પંડાલ બાંધવામાં આવ્યો હતો. આખી પોલોક સ્ટ્રીટને ધજા-પતાકાથી શણગારવામાં આવી હતી. બંને બાજુ બે ગેટ ઊભા કર્યા હતા. બડાબજાર પોલીસ થાણાના સિપાઈઓને પણ ઉપાશ્રયની બહાર ચોકીદારી કરવા રાખ્યા હતા.

શ્રાવણ વદ તેરસ, પર્યુષણના પહેલા દિવસે પ્રવચન પૂરું થતાં ચાલીસ જુવાનો એકસાથે ઊભા થયા અને જાહેર કર્યું કે અમારે સૌને અઠ્ઠાઈ તપ કરવાના ભાવ છે. અમને ઉપવાસના પચ્ચક્ખાણ આપો. વાત સાંભળતાં જ સંઘમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું અને જયનાદ થવા લાગ્યા. યુવકોને પહેલા એક ઉપવાસના પચ્ચક્ખાણ અપાયા. આખા શ્રીસંઘમાં પાંચસો જેટલી મોટી તપશ્ચર્યા કરવાનો શુભારંભ થઈ ચૂક્યો હતો. કલ્પી ન શકાય તેવી તપશ્ચર્યા કરવાની હોડ થઈ.

**સાત વર્ષની બાળાની અઠ્ઠાઈ :**

૫૦ નંબર, પોલોક સ્ટ્રીટમાં નિવાસ કરતી સાત વરસની વર્ષા નામની એક બાળાએ ઉપવાસના પચ્ચક્ખાણ કર્યા. લખતાં ઘણો હર્ષ થાય છે કે આ બાળાએ અઠ્ઠાઈતપ પૂર્ણ કર્યું. તેના આઠ અપવાસ પૂરા થયા ત્યારે યુવક સમિતિના યુવાનોએ વર્ષાબહેનને ખભે બેસાડી, સમાજને તેનાં દર્શન કરાવ્યાં. એટલું જ નહિ, યુવકોએ એક શિબિકા (પાલખી) સજાવી તેમાં દેવમૂર્તિની જેમ તેને બેસાડી, હાથોહાથ શિબિકા ઉપાડી અને તેના પ્રત્યે ભક્તિ પ્રદર્શિત કરી. આજે વર્ષાબહેન ક્યાં છે તે ખબર નથી, પરંતુ તેમના અઠ્ઠાઈતપની મધુર સ્મૃતિ ગુરુદેવના મનમાં એટલી જ તાજી છે.

પર્યુષણના આઠે દિવસ પુરુષો અને મહિલાઓની જુદી જુદી અખંડ ધૂન રાખવામાં આવી હતી. ધૂન કરનારાના બબ્બે કલાકના વારા રાખ્યા હતા. તેમાં સેંકડો નામ લખાયાં હતાં. ધૂન માઇકમાં બોલાતી હતી તેના કારણે આખો ઉપાશ્રય ચોવીસ કલાક માટે ગુંજાયમાન રહેતો હતો અને આખી પોલોક સ્ટ્રીટ ગાજી ઊઠતી હતી.

ધૂનના મધુર રણકારા રાત્રિની નીરવ શાંતિને ચીરીને દૂર દૂર સુધી શુભ્ર પરમાણુઓ ફેલાવતા હતા. અખંડ ધૂનના કારણે શ્રીસંઘમાં એક નવું જોમ પેદા થયું. ધૂન કરનાર દરેકને ચાર લાડવા આપવામાં આવતા. તે ઉપરાંત જે કોઈને ભાવ જાગતા હતા તે પણ ધૂન કરનારાઓનું પોતાની રીતે સ્વાગત કરતા હતા. તપશ્ચર્યા, ધૂન, પ્રવચન, પ્રભાવના અને પ્રાર્થનાના સંયુક્ત કાર્યક્રમથી

પર્યુષણ પર્વ સોળે કળાએ ખીલી ઊઠ્યા. વૈરાગી ભૂપતભાઈ બધા કાર્યક્રમોમાં આગળ પડતો ભાગ લઈ સૌને દોરવણી આપતા હતા. ભરયુવાનીમાં આવો ઊગતો યુવક, બધી રીતે સમર્થ, છતાં સંસારનો ત્યાગ કરી, દીક્ષાની ભાવના સેવતો હતો તેથી તેમના પ્રત્યે શ્રીસંઘમાં ઘણી જ લાગણી બંધાઈ ગઈ હતી.

પૂ. જયંતમુનિજીની પ્રેરણાથી પર્યુષણ પર્વ દરમિયાન માનવસેવાનાં કાર્યો ઉપર વધારે ભાર દેવામાં આવતો હતો. મધ્યમવર્ગનાં આપણાં ભાઈ-બહેનોને કેવી રીતે સહાયક થઈ શકાય, તેઓ કેવી રીતે ધર્મમાં વધારે ભાગ લઈ શકે, તેમને કેવી રીતે પ્રેરણા આપી શકાય, તેનું પૂ. જયંતમુનિશ્રી હંમેશ ચિંતન કરતા હતા. તેમાંથી સાધર્મિક સેવાના વિચારોનો પ્રાદુર્ભાવ થયો હતો.

જૈન શાળાના બાલ-બાલિકાઓ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે મોટી તૈયારી કરી રહ્યા હતા. એ જ રીતે જૈન યુવક સમિતિના યુવકોએ સામાજિક નાટકની તૈયારી કરી હતી. નાટકની પટકથા શ્રી જયંતમુનિજીએ લખી આપી હતી. નાટકનું નામ અને વિષય 'ગરીબ અને ધનવાન' હતાં. બંનેના જીવનમાં પરસ્પર શું પ્રભાવ પડે છે તે નાટકનો મુખ્ય વિષય હતો. અમીર અને ગરીબની વચ્ચે ખોટી ભેદરેખા ખેંચી સમાજમાં ક્લેશ ઊભો કરી દેવામાં આવ્યો છે. વસ્તુતઃ ગરીબ અને અમીર એકબીજાના પૂરક છે અને પરસ્પર ઉપકારી છે.

ગરીબ માણસ પણ સ્વતઃ અમીરનું હિત કરતો હોય છે અને અમીર પણ જો સારા સંસ્કારથી તૈયાર થયો હોય તો ગરીબ ભાઈઓ-બહેનો માટે આશીર્વાદરૂપ બની જાય છે. આ ભેદરેખા મિટાવી, જો અભેદ રેખા સ્થાપવામાં આવે તો પરસ્પરની ઈર્ષ્યા, વિદ્વેષ અને વૈમનસ્ય દૂર કરી, સમાજમાં સામંજસ્ય સ્થાપી શકાય તેમ છે. આ નાટકનો સમાજ ઉપર ઘણો સારો પ્રભાવ પડ્યો.

બહેનોએ પણ પર્યુષણમાં ભજન, ધૂન ઇત્યાદિનો કાર્યક્રમ આપ્યો. પર્યુષણ દરમિયાન ફંડફાળો પણ ખૂબ જ સારો થયો. બહારગામથી શ્રાવકોના પ્રતિનિધિઓ પોતાને ત્યાં ઉપાશ્રય બાંધવા માટે ફાળો લેવા આવ્યા હતા. ગુજરાતના ધારી અને ધંધુકા માટે તથા પૂર્વભારતના કત્રાસ માટે નવા ઉપાશ્રય માટે સારી રકમનો ફાળો નોંધાયો હતો.

**મહિમાવંતી મહાવીર જયંતિ :**

પર્યુષણના પાંચમા દિવસે મહાવીર જયંતિ મનાવવામાં આવી. ખરેખર તો મહાવીર જયંતિ ચૈત્ર સુદ તેરસની હોય છે. પરંતુ આપણે ત્યાં પર્યુષણના પાંચમા દિવસે મહાવીર જયંતિ મનાવવાની પ્રથા ચાલી આવી છે. આ પ્રથા ઉત્પન્ન થવાનું પણ એક કારણ છે. પર્યુષણમાં શ્વેતાંબર દેરાવાસી આચાર્યો કલ્પસૂત્ર વાંચે છે. કલ્પસૂત્રમાં પાંચ તીર્થંકરોનાં ચરિત્રો છે. આઠે દિવસના વાંચનના ક્રમ બાંધેલા છે. આ ક્રમ પ્રમાણે પાંચમે દિવસે ભગવાન મહાવીરના જન્મનું વાંચન થાય ત્યારે જયનાદ થાય સાથે ખુશીની લહેર ફેલાય. વરસો સુધીના નિયમિત કાર્યક્રમના કારણે પાંચમે દિવસે ભગવાન

મહાવીરની જન્મજયંતિ મનાવવાની પ્રથા પડી ગઈ. આ દિવસે આનંદરૂપે લાડવાની પ્રભાવના થતી. હવે બીજા સમાજોમાં કલ્પસૂત્ર વંચાય કે ન વંચાય, પરંતુ પ્રથાનુસાર પાંચમે દિવસે પ્રભુનો જન્મ વંચાય છે, મહાવીર જયંતિ ઊજવાય છે અને જયંતિના દિવસે લાડવાની પ્રભાવના થાય છે.

મહાવીર જયંતિના દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમો ગોઠવાય છે. પૂ. મુનિશ્રી જયંતમુનિજીએ કલ્પસૂત્ર દ્વારા વિસ્તાર સાથે પ્રભુનો જન્મ સંભળાવ્યો ત્યારે ભારે જયનાદ થયા. પ્રથમ વાર આટલા વિસ્તારથી પ્રભુનો જન્મ સાંભળતા લોકોનાં હૃદય ગદ્ગદ થઈ ગયાં.

**વારાણસીમાં જૈન જીવન :**

મુનિરાજો વારાણસીમાં સતત ત્રણ વર્ષ રહ્યા હતા. તેથી વારાણસીના શ્રીસંઘની સંતો પ્રત્યે ઘણી જ મમતા હતી. પર્યુષણ દરમિયાન વારાસણી શ્રીસંઘનાં શ્રાવક-શ્રાવિકાઓ મોટી સંખ્યામાં દર્શનાર્થે આવ્યાં હતાં. પૂજ્ય તપસ્વી મહારાજની પ્રેરણા હતી કે વારાણસીમાં જૈન ઉપાશ્રયનું નિર્માણ થાય તો ત્યાંના શ્રીસંઘની સેવાનો બદલો વાળી શકાય. વારાણસી સંઘના મોહનભાઈ તથા જગજીવનભાઈ એ બંને અગ્રણીઓ આ વાત સાથે સહમત થયા અને બનારસમાં જૈન ભવન બાંધવનો નિર્ણય કર્યો.

વ્યાખ્યાન પૂરું થતાં શ્રી જગજીવનભાઈએ વારાણસી સંઘની પરિસ્થિતિનો ચિતાર આપ્યો. "આ જ્ઞાનનગરીમાં આપણું જૈન ભવન બને તો આખો સંઘ સંગઠિત થઈ એક સ્થળે ધાર્મિક ઉપાસના કરી શકે. પૂજ્ય મુનિવરો ત્રણ વર્ષ સુધી જ્યાં બિરાજ્યા હતા તેની સ્મૃતિ બની રહે તે માટે જૈન ભવનનો પાયો નાખવો જરૂરી છે. અમારો સંઘ નાનો છે. કલકત્તા શ્રીસંઘને આંગણે રૂડો અવસર છે. આપશ્રી સંઘ અમારા વડીલ છો. જો આપનો સહયોગ મળે તો અમારો સંકલ્પ સિદ્ધ થાય અને અમારાં નિર્ધાર પરિપૂર્ણ થાય. આ શુભ કાર્ય માટે પૂજ્ય ગુરુદેવ તપસ્વી મહારાજના આશીર્વાદ અમને મળ્યા છે."

વારાણસી શ્રીસંઘે પ્રસ્તાવ મૂક્યા પછી કેશુભાઈ સ્પીકર બોલવા ઊભા થયા. ભાવનાના સાથિયાની રંગોળી પુરાઈ ગઈ. જોતજોતાંમાં વારાણસી જૈનભવનના નિર્માણ માટે રૂપિયા એંસી હજારનો ફાળો નોંધાઈ ગયો અને વારાણસી જૈનભવનનો પાયો નખાયો. આજે લખતાં હર્ષ થાય છે કે સ્થાનકવાસી જૈન ભવન નિર્મિત થયા પછી વારાણસી દેદીપ્યમાન બન્યું છે અને ત્યાં ઘણાં સાધુ-સાધ્વીજીના ચાતુર્માસ પણ થયા છે. વારાણસી શ્રીસંઘ ગૌરવનો અનુભવ કરે છે.

જોતજોતાંમાં સંવત્સરીનું પર્વ આવી ગયું. સંતોને પણ ચોવિયારા ઉપવાસ હતા. પાંચસો જેટલી મોટી તપસ્યાઓની પૂર્ણાહુતિ થઈ રહી હતી. સંઘ આનંદના હિલોળે ચડ્યો હતો. નાનાંમોટાં તમામ ભાઈ-બહેનોની દૃષ્ટિ ૨૭ નંબરના ઉપાશ્રય પર સ્થિર થઈ ગઈ હતી. દરેકને ગુરુદર્શન, પ્રવચન, પચ્ચક્ખાણ અને માંગલિક સાંભળવાની તાલાવેલી લાગી હતી.

શ્રી જયંતમુનિજી નાની ઉંમરના કારણે ઘણો જ શ્રમ કરી બધાં કાર્યોને પહોંચી વળવા માટે પ્રયાસ કરતા હતા. આપણો સેવક હીરાસિંગ ખડેપગે મુનિવરોની સંભાળ રાખતો હતો. પ્રત્યેક કાર્યમાં ધ્યાન આપી, શ્રી જયંતમુનિને આરામ મળે તે રીતે સેવા-શુશ્રૂષામાં તત્પર રહેતો હતો. યુવકમંડળે પણ પૂરું ધ્યાન આપી, મુનિઓની તથા શ્રીસંઘની સેવામાં જરાપણ કચાશ ન રાખી.

**સંવત્સરીનું મહાપ્રતિક્રમણ :**

સંવત્સરીનું મહાપ્રતિક્રમણ પૂર્ણ થતાં શ્રી જયંતમુનિજીએ જયનાદ કરાવ્યા. ભગવાન ઋષભદેવથી શરૂ કરી દરેક તીર્થંકરોના જયનાદ ઉપરાંત ગણધરોના જયનાદ કરાવ્યા. ભૂતકાળના દરેક મહાન જૈનાચાર્યોનાં નામ લઈ તેમના જયનાદ કરાવી, સમગ્ર સ્થાનકવાસી સમાજના જુદા જુદા સંપ્રદાયોના સંસ્થાપક જૈનાચાર્યોના જયનાદ કર્યા. ગુજરાત-સૌરાષ્ટ્રના જે કોઈ સ્થાનકવાસી સંપ્રદાયો છે તેનાં નામ લઈ તેમને શ્રદ્ધાંજલિ આપી. વર્તમાન જે ગુરુદેવો છે તેમના જયનાદ કર્યા. ત્યારબાદ સમગ્ર ભારતના શ્રમણ સંઘના આચાર્ય આત્મારામજી મહારાજ તથા આનંદઘનજીના જયનાદો સાથે જૈનશાસનનો જયનાદ કરાવ્યો.

આ જયનાદ પૂર્વે અપૂર્વ શાંતિ છવાઈ ગઈ હતી. એક સ્વરે હજારો ભાઈ-બહેનોએ જયનાદ કર્યા ત્યારે આકાશ ગાજી ઊઠ્યું હતું. બધા સંપ્રદાયોનાં નામ અને બધા જૈન ફિરકાઓના પ્રસ્તુત મહાન આચાર્યોનાં નામ લેવાથી એકતાનો પડઘો પડ્યો હતો. તેરાપંથી સંઘના મહાન આચાર્ય તુલસીનો પણ જયનાદ બોલાવવામાં આવ્યો. આ સમ્મિલિત જયનાદોથી બધા ફિરકાના જૈન ભાઈઓમાં એકતાની ભાવના જાગી ઊઠી. શ્રી જયંતમુનિજી કહે છે કે ફિરકા પરસ્તીના કારણે આપણી જ સંસ્કૃતિના મહાન આચાર્યોને આપણે શ્રદ્ધાંજલિ આપતાં સંકોચ પામીએ છીએ તે મોટી શરમજનક અને અતિ દુઃખની બાબત છે. આ ભેદભાવોથી આપણું શાસન ખંડ ખંડ બની જાય છે.

"જૈન ઇતિહાસના મહાન જ્યોતિર્ધરો ત્યાગમય જીવનધારણ કરી, સમગ્ર જૈન સંસ્કૃતિનું પોષણ કરી રહ્યા છે. આવા નામધારી આચાર્યનાં નામ સાથે સંપ્રદાયના ભેદ જોડીને મન કુંઠિત કરવામાં આવે છે. ખરું પૂછો તો સાંપ્રદાયિક સંકુચિતતા એક મહારોગ છે. આ રોગને દૂર કરવામાં આવે તો જ જૈન શાસનની કાયા નિરોગી બની શકે તેમ છે."

શ્રી જયંતમુનિજીએ બધા ભેદભાવોને ભુલાવી, અખંડ ઇતિહાસને દૃષ્ટિમાં રાખી, તમામ જૈનાચાર્યોના જયનાદ કર્યા ત્યારે જૈનશાસનના સરોવરમાં રહેલાં બધાં કમળો એકસાથે ખીલી ઊઠ્યાં. તેનું શુભ પરિણામ ગિરીશમુનિજીના દીક્ષા-મહોત્સવ પ્રસંગે પ્રતિબિંબ થયેલું જોવા મળ્યું.

પર્યુષણ પર્વ ઘણા આનંદ સાથે સંપન્ન થયું અને પોતાની મધુરી યાદ મૂકતું ગયું.

❑



# ૨૧

## જાગે જૈનસમાજ !

કલકત્તામાં પદાર્પણ કર્યા ત્યારથી પર્યુષણ સુધીમાં કલકત્તાના અનેક મહાનુભાવો, સમાજના અગ્રણીઓ અને સેવકોએ જયંતમુનિજીથી પ્રભાવિત થઈ કાયમ માટે મુનિશ્રી પ્રત્યે આદર અને ભક્તિના ભાવ રાખ્યા હતા. તેમાંના થોડા વ્યક્તિવિશેષનો અને સંસ્થાઓનો પરિચય અહીં ઉલ્લેખનીય છે.

**સાહુ શાંતિપ્રસાદજી જૈન :**

ચાતુર્માસ દરમિયાન ભારતના મોટા ઉદ્યોગપતિ સાહુ શાંતિપ્રસાદજી જૈન મુનિશ્રીના પરિચયમાં આવ્યા. તેઓ શ્રી જયંતમુનિજી અને તપસ્વીજી મહારાજ પ્રત્યે ઊંડી લાગણી ધરાવતા હતા. તેઓ ઉદ્યોગપતિ અને લક્ષ્મીવાન હતા, એટલું જ નહિ પરંતુ ધર્મના ઘણા જાણકાર, સાહિત્યપ્રેમી અને શિક્ષિત વ્યક્તિ હતા. વિદ્વાનો પ્રત્યે તેમને ઘણો અનુરાગ હતો. તેમનાં પત્ની રમાદેવી જૈન પણ એટલાં જ વિદ્યાપ્રેમી હતાં અને તેમને ત્યાગી મુનિઓનાં ચરણોમાં અપાર શ્રદ્ધા હતી.

સાહુ શાંતિપ્રસાદજી જૈન દિગંબર હોવા છતાં બધા સંપ્રદાયોના મુનિ પ્રત્યે ઘણો સમભાવ રાખતા. તેમના સેક્રેટરી શ્રી લક્ષ્મીચંદજી જૈન ઘણા યોગ્ય વ્યક્તિ હતા અને સાહુજીને ઉત્તમ સલાહ આપતા હતા. સાહુજી એક દિવસ સવારના દશ વાગે પ્રથમ વાર દર્શન માટે આવ્યા. ઓસવાળ સમાજના મહાન ઉદ્યોગપતિ શ્રી રામપુરિયાજી, કાંકરિયાજી તથા સૂરજમલ બચ્છાવત સાથે હતા. શ્રી જયંતમુનિજી સાથે તેમણે જ્ઞાનચર્ચા કરી. સાહુજીએ એક પ્રશ્ન પૂછ્યો :

*"मुनिजी, जैन धर्म एक है, फिर भी धर्म में इतना भेदभाव क्यूं है ?"*

શ્રી જયંતમુનિજીએ સરળ ખુલાસો કર્યો. "भाईश्री, आप हमारी बात पर थोड़ा गोर भी दीजिये । श्वेतांबर और दिगंबर, दोनों संप्रदाय के बीच में यदि हम एक सो बाते लेते हैं तो नबे बातें मिलती-झुलती है। सिर्फ जो बातों में फर्क है उसे ज्यादा महत्त्व दिया जा रहा है । यदि हमारे गुरु धर्म मैं जो बात समान हैं उस पर जोर लगाते हैं, और जो बाते समान नहीं हैं उसे गौण करे तो समन्वय का वातावरण उपस्थित हो सकता है । जो कुछ भी विवाद हैं वह व्यक्तिगत आग्रह से बढ रहा है । भगवान महावीर का जैन धर्म तो एक ही है और उसके सिद्धांत भी एक हैं । विवाद मात्र क्रिया का है ।"

આ સ્પષ્ટતાથી સાહુજી ઘણા પ્રસન્ન થયા. આ વાત તેમને ગળે ઊતરી ગઈ. ત્યારબાદ તેઓ શ્રી જયંતમુનિજીના ઉદારવાદી વિચારોની ચર્ચા ઘણી સભામાં કરતા હતા. આ રીતે દિગંબર સમાજ પણ ઘણો નજીક આવી ગયો.

સાહુજી જ્યારે જ્યારે જૈન ઉપાશ્રયમાં દર્શનાર્થે આવતા ત્યારે ધર્મચર્ચા કરતા. એક વખત તેમણે પ્રશ્ન કર્યો, "આપણે જીવદયામાં માનીએ છીએ. માંસાહારીઓ દ્વારા લાખો પ્રાણીઓનો સંહાર થાય છે. જો આ બધો સંહાર અટકી જાય તો એ પ્રાણીઓ ધરાતલ ઉપર જીવી શકે ખરા? વિરાટ સંખ્યામાં બચેલાં જાનવરો પૂરતા પ્રમાણમાં ભોજન પણ પ્રાપ્ત કરી શકે ખરા? હું કતલખાનાના પક્ષમાં દલીલ નથી કરતો, પરંતુ આ સામાન્ય જિજ્ઞાસા છે."

મુનિશ્રીએ આ પ્રશ્નનું પણ યુક્તિપૂર્વકનું સમાધાન આપ્યું. "ભાઈશ્રી, જીવદયા એ સ્વર્ણ સિદ્ધાંત છે. જ્યારે હિંસા એ લોખંડ જેવી છે. વિશ્વમાં સોના કરતાં લોઢું અનેકગણું વધારે રહેવાનું. આપણે જીવદયાનો ઉપદેશ આપીએ છીએ. વધારે માણસો અહિંસક બને તેની પ્રેરણા આપીએ છીએ. પરંતુ આ સિદ્ધાંત સોના જેવો છે. આખું વિશ્વ સ્વર્ણમય બની જાય તે સંભવ નથી. તે રીતે બહુમતમાં માણસો અહિંસક બની જાય તે સંભવ નથી. આપણે આપણું કર્તવ્ય બજાવવાનું છે. આપણે પ્રકૃતિને પડકારી શકતા નથી. સંસારમાં બધાં જ પુત્ર કે પુત્રી જન્મે તો શું થાય, એવો પ્રશ્ન કરતા નથી. પ્રકૃતિ પોતાનો ક્રમ જાળવી રાખે છે. જે જીવોની હિંસા થતી નથી તે જીવો પણ એક મર્યાદિત સંખ્યામાં જ જીવન ધારણ કરે છે."

આ ઉત્તરથી સાહુજી ઘણા જ ખુશ થયા. તેમના મનની જિજ્ઞાસાનું સંતોષકારક સમાધાન થયું.

**શ્રી સોહનલાલજી દુગ્ગડ :**

આ ચાતુર્માસ દરમિયાન શ્રી સોહનલાલજી દુગ્ગડ સક્રિયરૂપે પૂજ્ય મુનિશ્રીના ચાતુર્માસમાં ભાગ લઈ રહ્યા હતા. તેમનો બંગાળ સરકાર સુધી પ્રભાવ હતો. મારવાડી ભાષામાં જ્યારે તેઓ ભાષણ આપતા ત્યારે સભામાં જોશ જાગી જતું. તેઓ ઘણું તેજસ્વી ભાષણ આપતા હતા.

તે ગાંધીજીના ભક્ત હતા. તેઓ ખાદીધારી હતા અને સત્ય અને સદાચારના પૂરા પક્ષપાતી હતા. પોતે તેરાપંથી હોવા છતાં તમામ ધર્મોનો હૃદયથી આદર કરતા. ક્રાંતિકારી વિચારના હોવાથી ધાર્મિક પરંપરાઓમાં રહેલી અંધશ્રદ્ધા અથવા અનુચિત કાર્યક્રમો ઉપર તે તીખો પ્રહાર કરતા. પરંતુ તે વિનય-વિવેકમાં જરા પણ ખામી આવવા ન દેતા. શ્રી જયંતમુનિજીનાં સામાજિક પ્રવચનોને કારણે તેઓ ઘણા પ્રભાવિત થયા હતા.

**કેશુભાઈ સ્પીકર :**

આ પ્રથમ ચાતુર્માસમાં સભાના સંચાલન માટે અને સુંદર રીતે બોલી શકે તે માટે કેશુભાઈ શાહની એક સમર્થ કાર્યકર્તા તરીકે ઉપલબ્ધિ થઈ. આગળ જતાં તે કેશુભાઈ સ્પીકર તરીકે ઓળખાવા લાગ્યા. કેશુભાઈએ પોતાની મીઠી વાણીથી અને હાસ્યપ્રધાન શબ્દોથી સમાજ ઉપર ઊંડો પ્રભાવ પાડ્યો. પ્રવચન પછી બધી જાહેરાત કેશુભાઈ કરતા. પ્રવચનમાં શાંતિ અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરી તકેદારી રાખતા. જે ક્રમથી શ્રોતાઓ આવે તે પ્રમાણે ક્રમશઃ બેસતા જાય તેવું સૂત્ર બનાવ્યું હતું. અતિથિવિશેષ માટે ખાસ જગ્યા રાખવામાં આવતી. બાકી સમાનતાનો સિદ્ધાંત રાખ્યો હતો.

**શ્રી ઠાકોરલાલ હીરાલાલ :**

પાલનપુરના હીરાના વેપારી શ્રીયુત ઠાકોરલાલ હીરાલાલ મુનિમહારાજનાં દર્શનાર્થે આવ્યા. ટોલીગંજ વિસ્તારમાં તેનો મોટો બંગલો હતો. ડેલહાઉસીમાં તેમની ઝવેરાતની મોટી દુકાન હતી. શ્રીયુત ઠાકોરલાલભાઈ ઘણા વિલક્ષણ અને સામાજિક દૃષ્ટિ ધરાવતા ધનાઢ્ય વ્યક્તિ હતા. તેમના એક દીકરા કોલફિલ્ડમાં શ્રમિકોના હિતમાં કાર્ય કરતા હતા અને તેમાં જ પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું. તેમનાં એક પુત્રીએ પણ ઊંચી કેળવણી લીધી હતી અને ચિંતનશીલ હતાં. તેમણે લગ્ન ન કર્યાં અને ગુજરાતના મહાન ગાંધીવાદી સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકરની સાહિત્યસેવામાં જિંદગી અર્પણ કરી હતી. ઠાકોરભાઈ પણ ગાંધીસાહિત્યના પ્રેમી અને ગાંધીભક્ત હતા. જૈન ધર્મમાં તેમની અગાધ શ્રદ્ધા હતી.

પૂજ્ય તપસ્વી મહારાજના તપોમય જીવનથી તેઓ ઘણા જ પ્રભાવિત થયા હતા. જીવ્યા ત્યાં સુધી ઊંડી ભક્તિ કરી. કલકત્તા શ્રી સંઘમાં તેમના ભળવાથી શ્રીસંઘને ઘણું બળ મળ્યું. ઉત્સાહમાં પણ વૃદ્ધિ થઈ. તેમની ભાવનાથી મુનીશ્વરો બે દિવસ માટે વિહાર કરી ટોલીગંજ પધાર્યા. ત્યાં શ્રી જયંતમુનિજીનાં જાહેર પ્રવચનો રાખવામાં આવ્યાં હતાં. તેઓશ્રીએ બે દિવસ દરમિયાન આગંતુક દર્શનાર્થીઓની અપૂર્વ સેવા કરી.

**બે મહાનુભાવ – હીરાચંદભાઈ અને ત્રિભોવનભાઈ :**

એ સમયે ભવાનીપુરમાં ઉપાશ્રય, વાડી, ભવન કે જૈન મંદિર જેવી જૈનોની કોઈ પણ સંસ્થા

ન હતી. અત્યારે જ્યાં સંગમ બિલ્ડિંગ છે ત્યાં એક વિશાળ આંબાવાડિયું હતું. આવડી મોટી વિશાળ જગ્યા સ્થાનકવાસી ભાઈઓ હસ્તક હતી. શ્રીયુત કાનજીબાપા, પ્રભુદાસભાઈ હેમાણી અને હરિભાઈની ભાગીદારીમાં આખો પ્લૉટ હતો. તેની સામે હીરાચંદ ત્રિભોવન કામાણીનું એક વિશાળ બિલ્ડિંગ ૨૪ નંબર, રાય સ્ટ્રીટમાં હતું. જૈન સમાજમાં હીરાચંદભાઈ ઊંચી ખ્યાતિ મેળવી ગયા હતા. હીરાચંદકાકા કલકત્તા આવનાર નવા આગંતુક યુવકોને સહયોગ આપી પોતાની પેઢીમાં નોકરી આપી તેને જીવનના સાચા રસ્તે લઈ જતા. તેઓ એવા ભાગ્યશાળી હતા કે તેમને ત્યાં જેમણે જેમણે સર્વિસ કરી તે બધા ઘણા સુખી-સંપન્ન થઈ ગયા. અત્યારે હીરાચંદકાકાની પેઢી તેમના મોટા પુત્ર લીલાધરભાઈ તથા ભૂપતભાઈ સંભાળતા હતા. ભૂપતભાઈનાં માતુશ્રી કંકુબહેન સમાજમાં વડીલ જેવાં હતાં અને તે સૌને સારી સલાહ આપતાં.

ગુજરાતી સમાજમાં ત્રિભોવનભાઈ પણ તેમની સેવા માટે કીર્તિ પામ્યા હતા. પોલોક સ્ટ્રીટમાં આવેલી 'કલકત્તા ઍંગ્લો ગુજરાતી સ્કૂલ'ના નિર્માણનું શ્રેય ત્રિભોવનભાઈના ફાળે જાય છે.

**મનુભાઈ સંઘવી :**

૨૭ નંબર પોલોક સ્ટ્રીટમાં પ્રવેશ કર્યા પહેલાં શ્રી મનુભાઈ સંઘવીના બંગલા પર સંતોએ પગલાં કરી લાભ આપ્યો હતો. તેઓએ સમસ્ત શ્રીસંઘનો આદર કરી પ્રેમપૂર્વક સૌને અલ્પાહાર આપ્યો. શ્રી મનુભાઈ નાની ઉંમર હોવા છતાં બુદ્ધિશાળી અને સંપન્ન હતા તેમજ શ્રીસંઘના ટ્રસ્ટી હતા. તેમના પ્રત્યે સમસ્ત શ્રીસંઘને ઘણું સન્માન હતું. આપણે ગૌરવ લઈ શકીએ તેવું તેમનું ઊંચું વ્યક્તિત્વ હતું. તેમનાં પત્ની શ્રીમતી પ્રતિભાબહેન ઘણાં સંસ્કારી, ધાર્મિક, ભક્તિભાવપૂર્ણ અને નામ પ્રમાણે ગુણ ધરાવનાર ખરેખર પ્રતિભાસંપન્ન હતાં. તેમનાં દેર-દેરાણી તેવાં જ આજ્ઞાકારી અને મોટાભાઈ-ભાભીને પૂરું માન આપી રામલક્ષ્મણની જોડી જેવું ઉદાહરણ પૂરું પાડતાં હતાં. પ્રતિભાબહેનનાં દેરાણી પણ ઘણાં જ સંસ્કારી અને પ્રતિભાબહેનના પ્રેમમાં તદ્રૂપ થઈ ગયાં હતાં. ટૂંકમાં આખો પરિવાર આદર્શ પરિવાર હતો.

**સ્થાનકવાસી જૈન સભા :**

મુનિવરના કલકત્તાના આગમન વખતે ગુજરાતી ઉપરાંત મારવાડી ઓસવાળ અને પંજાબી સંઘના ભાઈઓ પણ સંમિલિત થઈ સ્વાગત કરવા માટે થનગની રહ્યા હતા. ઓસવાળ ભાઈઓનો ઉત્સાહ અપૂર્વ હતો. ઘણાં વરસો પછી કલકત્તા સ્થાનકવાસી જૈનના સંતો કલકત્તા પધારી રહ્યા હતા. (જોકે ગુરુ ફકીરચંદજીના મહારાજના સંઘાડાના આગમજ્ઞાતા શાસ્ત્રવિશારદ શ્રી ફુલચંદજી મહારાજે કલકત્તા ચાતુર્માસ કર્યું હતું. પરંતુ તે વખતની વિષમ પરિસ્થિતિના કારણે તેમને અનુકૂળ આવ્યું ન હતું. જેથી એ ચાતુર્માસની જાહોજલાલી સ્મરણમાંથી ભૂંસાઈ ગઈ હતી.)

સ્થાનકવાસી જૈન ઓશવાળ ભાઈઓનું ખૂબ જ સારું સંગઠન હતું. તેઓ સંઘ શબ્દ ન

વાપરતા સ્થાનકવાસી જૈન સભા ના નામે સંઘ ચલાવતા હતા. તેમાં શ્રી જેચંદલાલજી રામપુરિયા, કાંકરિયા પરિવાર, કોઠારી પરિવાર અને બચ્છાવત પરિવાર મુખ્ય હતા. એક આંકડે લાખોનું દાન કરી શકે તેવા સશક્ત પરિવારો છે. ભણશાલી ભાઈઓ પણ દેદીપ્યમાન હોવાથી તન-મન-ધનથી સમાજની સેવા કરે છે.

બધા ઓશવાળ ભાઈઓ પ્રવચનમાં આવવા લાગ્યા. દરેક ધાર્મિક કાર્યોમાં રસ લઈ તેમણે સંઘના ઉત્સાહમાં અપૂર્વ વૃદ્ધિ કરી.

સંવત્સરી પછી બીજે દિવસે ઓશવાળ સમાજના ધુરંધર વ્યક્તિઓ શ્રી જેચંદ રામપુરિયા, મોહનલાલ, હરકચંદજી કાંકરિયા તથા અન્ય ભાઈઓ મુનિશ્રીનાં ચરણોમાં ખમ્મત-ખામણા માટે આવ્યા. જયંતમુનિજીને એક બહુ જ સરસ તક મળી ગઈ અને તેમને કલકત્તામાં ભવન- નિર્માણ માટે પ્રેરણા આપી.

જોતજોતાંમાં ઓસવાળ ભાઈઓ સંગઠિત થઈ ગયા. સ્થાનકવાસી જૈન સભાના ધ્વજ નીચે એકત્ર થઈ તેઓએ ભવનનો પાયો નાખ્યો. બેબ્રોન રોડ પર આવેલ સુકિયાસ લેનમાં સોળ કટ્ઠા જમીન પ્રાપ્ત કરી. ત્યાં શમિયાણો બાંધી, મોટી સભા સમક્ષ જૈન ભવનના નિર્માણની ઘોષણા કરી.

આ જમીન પર સૌથી પહેલું પ્રવચન આપવાનો અવસર શ્રી જયંતમુનિજી મહારાજને મળ્યો.

સાહુજીને સ્થાનકવાસી જૈન સભાના કાર્યકર્તાઓ સુકિયાસ લેન જૈન ભવન લઈ ગયા. ત્યારે ઉપરના માળનું નિર્માણ અટકી ગયું હતું. કામ અધૂરું પડ્યું હતું. સભાને પૈસાની જરૂર હતી. સાહુજીને વસ્તુસ્થિતિનો ખ્યાલ આવ્યો અને તરત જ આદેશ આપ્યો : "બચ્છાવતજી, ઉપરના માળનું કામ મારા તરફથી પૂરું કરાવી લો."

ત્યાં હાજર રહેલા બધા ભાઈઓ ખૂબ ખુશ થઈ ગયા. સહુએ સાહુજીને હાર્દિક અભિનંદન આપ્યા તેઓ જન્મથી દિગંબર હોવા છતાં ઉદાર વિચારને કારણે સમગ્ર જૈન સમાજને પોતાનો સમાજ ગણતા હતા.

આજે એ જમીન ઉપર ઉચ્ચ કક્ષાનું વિદ્યાલય ચાલે છે. તેમા બારસો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જૈન સભાએ ઉત્તરોત્તર પ્રગતિ કરી છે. હાવડામાં મોટી હૉસ્પિટલ, બંગાળનાં ગામડાંઓમાં સેવા અને કેળવણી માટે વિદ્યાર્થીઓને સહાય અને અનેક પ્રકારનાં સમાજ-ઉત્કર્ષનાં સુંદર કાર્ય ચાલી રહ્યાં છે. હાલમાં એક કૉલેજની યોજના અમલમાં મુકાઈ રહી છે. સ્થાનકવાસી જૈન સભા હજુ પણ શ્રી જયંતમુનિના ઉપકારને યાદ કરે છે.

દેશના ભાગલા પડ્યા પછી કેટલાક સ્થાનકવાસી જૈન પંજાબી પરિવારો કલકત્તામાં વસી ગયા છે. તેઓ પંજાબ જૈન સભાના નામે એકત્ર થયા.

મુનિશ્રી જ્યારે કલકત્તા પધાર્યા ત્યારે પંજાબી સ્થાનકવાસી જૈન ભાઈઓ છૂટાછવાયા કલકત્તામાં

નિવાસ કરતા હતા. તેમનું કોઈ સંગઠન હજુ બન્યું ન હતું. શ્રી જયંતમુનિજીને પંજાબથી આવેલા જૈન ભાઈઓ પ્રત્યે ઘણી હમદર્દી તથા સ્નેહભાવના હતી. પ્રવચનમાં શ્રી જયંતમુનિજીએ ઘોષણા કરી કે આપણા પંજાબી જૈન ભાઈઓ એકત્ર થઈ ૨૭ નંબર પોલોક સ્ટ્રીટમાં એક સભા કરે. જે ભાઈઓ પ્રવચનમાં હાજર હતા તેમણે આદેશ શિરોધાર્ય કર્યો અને પછીના રવિવારે બધા પંજાબી ભાઈઓ મુનિશ્રીના સાંનિધ્યમાં એકત્ર થયા. તેમને વિશેષ રૂપે સન્માન મળવાથી તેમના ઉત્સાહમાં ઘણી વૃદ્ધિ થઈ હતી. ત્યારબાદ શ્રી પંજાબ જૈન સભાની સ્થાપના કરવામાં આવી. આજે પંજાબ જૈન સભા ઘણી જ વિકસિત થઈ આગળ વધી ગઈ છે. ભવાનીપુરમાં પંજાબ જૈન સભાએ પોતાનું ભવન પણ બનાવી લીધું છે.

દેરાવાસી સંઘના મુખ્ય અગ્રેસર શ્રી ડોસાભાઈ તથા તેમના નાનાભાઈ કરમચંદભાઈ મુનિશ્રી પ્રત્યે હાર્દિક ભક્તિ ધરાવતા હતા અને પ્રતિદિન પ્રવચનમાં આવતા હતા. દિગંબર સમાજના ધરમચંદજી સરાવગી પણ સારો રસ લેતા હતા.

કલકત્તાના માણેકતલ્લામાં આવેલું શ્વેતાંબર જૈન મંદિર પૂરા ભારતમાં સુપ્રસિદ્ધ છે. કલકત્તામાં તેને દાદાજીનો બગીચો કહે છે. તે બદરીનાથ જૈન મંદિર (ટેમ્પલ) તરીકે પણ ઓળખાય છે.

**બદરીદાસજીનો પરિચય :**

બંગાળમાં આજીમગંજ, ઝિયાગંજ અને મુર્શિદાબાદમાં મોગલોના સમયથી મોટી સંખ્યામાં ઓશવાળ જૈન વસેલાં છે. અંગ્રેજના અમલ દરમિયાન કલકતાનો રાજકીય અને વ્યાપારી દૃષ્ટિએ વિકાસ થતો ગયો. સાથેસાથે આજીમગંજ, ઝિયાગંજ અને મુર્શિદાબાદનું મહત્ત્વ ઘટતું ગયું. સેંકડો જૈન પરિવારો ત્યાંથી કલકત્તામાં આવીને વસ્યા હતા. કલકત્તાનો મોટા ભાગનો વ્યાપાર આ ઓશવાળ પરિવારોના હાથમાં હતો. તેઓ ઘણા જ સમૃદ્ધ અને ધનાઢ્ય હતા. શેઠ બદરીદાસજી મુકિમ આ ઓશવાળ જૈન સમાજના ખૂબ જ દીપતા શાણા શ્રાવક હતા. મુકિમ પરિવારના બધા ભાઈઓ ઝવેરાતનો વ્યાપાર કરતા હતા. શેઠ બદરીદાસજી ધર્મમાં અનન્ય શ્રદ્ધા ધરાવતા હતા. જેમાં જૈન સંસ્કૃતિ જળવાઈ રહે, જૈન સમાજ ગૌરવનો અનુભવ કરી શકે, ભગવાન મહાવીરના શાસનની ઉત્કૃષ્ટ પ્રભાવના થાય, તેવા ઐતિહાસિક કાર્યો કરવાની તેમની મોટી અભિલાષા હતી.

આવા ઉચ્ચ વિચારથી પ્રેરાઈને તેમણે માણેકતલ્લામાં દાદાવાડીની સામે વિશાળ જગા મેળવી અને ત્યાં જૈનમંદિર બંધાવ્યાં. શીતલનાથ ભગવાન મૂળ નાયક છે. અદ્‌ભુત કારીગરી તથા ઉચ્ચકોટિની કલાથી મંદિરોનું નિર્માણ થયું છે. બધાં મંદિરો શુદ્ધ આરસ-પહાણનાં બનેલાં છે. જ્યારે મુખ્ય જૈન મંદિર સંપૂર્ણ જડાવકામથી બનાવ્યું છે. તેની શોભા અદ્‌ભુત છે. મંદિરની રચનામાં ખૂબી એ છે કે સૂર્યોદય થાય ત્યારે પહેલું કિરણ ભગવાનના મુખારવિંદ પર પડે છે અને મંદિરનું ગર્ભગૃહ ઝળકી ઊઠે છે.

શેઠ બદરીનાથે પોતાની સમગ્ર સંપત્તિ આ મંદિરોમાં વાપરી નાખી હતી.

શીતલનાથના મંદિરની બરાબર સામે દાદાજીના પવિત્ર પગલાનું અતિરમણીય સુંદર મંદિર છે. કહેવાય છે કે ત્યાં બેસીને જાપ કરતા સાધક ઊંડી શાંતિ અનુભવે છે. પાસે ચંદ્રપ્રભુનું પણ એક સુંદર કલાત્મક મંદિર છે. પૂરું સંકુલ દાદાજીના બગીચા તરીકે પણ ઓળખાય છે. મંદિરના સંકુલમાં બીજી પણ ઘણી વિશેષતા છે. કલકત્તાનાં જૈન મંદિરો સ્વયં મહાતીર્થ બની ગયાં છે.

આપણા મુનિરાજોએ બદરીનાથ જૈન મંદિરોમાં જવાનો નિર્ણય કર્યો. પ્રાતઃકાલની પ્રાર્થનામાં જાહેર કરવામાં આવ્યું કે મુનિરાજ આજે વિહાર કરી દાદાજીના બગીચામાં પધારશે અને આજનું પ્રવચન બંધ રહેશે. મુનિશ્રી સાથે સંઘનાં ઘણાં ભાઈ-બહેનો પણ જવા તૈયાર થયાં. ત્યાં સહુના ભોજનની વ્યવસ્થા માટે શ્રી ત્ર્યંબકભાઈ દામાણી આગળથી જ પહોંચી ગયા.

**વાદળો ધૂન સાંભળી ! :**

સવારના વિહારના સમયે સેંકડો ભાઈ-બહેનો આવી ગયાં. વિહારનો સમય થયો ત્યારે જ વાદળાં ઘેરાયાં અને ઝરમર ઝરમર વરસાદ આવવા લાગ્યો.

શ્રી કેશુભાઈ સ્પીકરે માઇક ઉપર જાહેર કર્યું કે જો વરસાદ આવશે તો બધો કાર્યક્રમ અટકી જશે. તેઓએ મુનિશ્રીને પૂછ્યું, 'સાહેબ, શું કરશું ?'

શ્રી જયંતમુનિજીએ જવાબ આપ્યો, "કેશુભાઈ, ગભરાવવાની જરૂર નથી. ભગવાન મહાવીરના નામમાં અદ્દ્ભુત શક્તિ છે. આપણે સૌ ધૂન શરૂ કરો અને જુઓ, પાંચ મિનિટમાં વાદળાં વીખરાઈ જશે ને વિહાર ચાલુ થશે."

ભગવાને લાજ રાખી. સંઘનાં સેંકડો ભાઈઓ-બહેનોએ એક સ્વરથી 'મહાવીર ભજો'ની ધૂન શરૂ કરી દીધી. જુઓ, ચમત્કાર થયો. પાંચ મિનિટની ધૂન થતાં ખરેખર વાદળાં વીખરાઈ ગયાં! તડકો નીકળી આવ્યો !

માણેકતલ્લા તરફ મુનિરાજોએ પગ ઉપાડ્યો. રસ્તામાં સેંકડો ભાઈઓ અને બહેનો વિહારમાં જોડાયાં. બદરીનાથ ટેમ્પલ અર્થાત્ દાદાજીના બગીચામાં પગ મૂક્યો ત્યારે લગભગ બે હજાર માણસોની હાજરી થઈ. ગણતરી સાતસોથી આઠસો માણસની હતી. રોટલા ઓછા પડે તેમ હતા. કોઈ ટિફિન લાવ્યા નહોતા. ડર હતો કે તૈયારી આઠસો માણસોની છે અને જમનારા બે હજાર હતા. કેમ થશે? પરંતુ પૂજ્ય તપસ્વી મહારાજની કૃપા વરસી અને કુદરતે સહાય કરી. પ્રભુદાસભાઈ હેમાણીના મનમાં સહેજ વિચાર આવ્યો. જો લાડવા અને ગાંઠિયા તૈયાર મળી જાય તો ઘણે અંશે પ્રશ્નનું નિરાકરણ થઈ શકે.

કાર્યકર્તાઓ મૂંઝવણમાં હતા ત્યાં કેશુભાઈએ *માઇક ઉપર જાહેર કર્યું, "જલપાન કરવા* પધારો."

રોટલા પીરસવાનો પ્રોબ્લેમ ચાલતો હતો ત્યાં સ્વયં વ્યવસ્થા ઊભી થઈ ગઈ. પ્રભુદાસભાઈ બે હજાર લાડવા અને તેના પ્રમાણમાં ગાંઠિયા લઈ આવી પહોંચ્યા. આમ એકાએક વ્યવસ્થા થઈ જતાં વ્યવસ્થાપકોના મનની ચિંતા મટી ગઈ. સહજ ભાવે આ પણ એક ચમત્કાર થઈ ગયો. લાડવા અને ગાંઠિયા મળી જવાથી રોટલા પણ ઘણા થઈ પડ્યા. ભગવાન મહાવીરના જયનાદ સાથે સૌ જલપાન લઈને ઊઠ્યા.

મુનિમહારાજ દાદાજીના બગીચે બે દિવસ રોકાયા. બન્ને દિવસ પ્રવચનનો લાભ આપ્યો.

દાદાજીના બગીચાની ઉત્તરે ૨ કિલોમીટર પર બેલગાછિયામાં વિશાળ દિગંબર જૈનમંદિર છે. એ વખતે બેલગાછિયા જૈન મંદિરમાં દિગંબરના જૈનાચાર્ય દેશભૂષણજી મહારાજ પોતાના સંઘ સાથે બિરાજમાન હતા. મુનિરાજ બેલગાછિયા મંદિરમાં પધાર્યા અને દેશભૂષણ મહારાજનાં દર્શન કર્યાં.

**જૈન સભા :**

'જૈન સભા' કલકત્તાના જૈન સમાજના બધા ફિરકાઓને એક સૂત્રમાં બાંધનારી સંસ્થા છે. જૈન સભામાં ચારે સંપ્રદાયના જૈનો સભ્ય છે અને સમગ્ર જૈન સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. એ વખતે શ્રી રતનચંદજી સુરાણા અને દીપચંદજી નાહટા જેવા સમર્થ કાર્યકર્તાઓ જૈન સભાનું સંચાલન કરતા હતા. જૈન સભાને મજબૂત બનાવવા માટે બધા સમાજ અને સંઘો તેને દરેક રીતે સહયોગ આપે તેવી શ્રી જયંતમુનિજીએ પ્રેરણા આપી. શ્રી જયંતમુનિજીની પ્રેરણાથી જૈન સભાએ શ્વેતાંબરનાં પર્યુષણ અને દિગંબર સમાજનાં દશલક્ષણ પર્વ પૂરાં થયાં પછી સામૂહિક ખમતખામણાંની પરંપરા શરૂઆત કરી, જે આજ પર્યંત ચાલુ છે.

**એકતા અને અભિવાદન :**

સાહુ શાંતિપ્રસાદજી જૈન એ વખતે જૈન સભાના પ્રમુખ હતા. સામૂહિક ખમતખામણાંનો કાર્યક્રમ શાંતિપ્રસાદજી જૈનની અધ્યક્ષતામાં ગોઠવાયો. આ કાર્યક્રમ બેલગાછિયા દિગંબર જૈન મંદિરના પ્રાંગણમાં રાખવામાં આવ્યો હતો. ત્યાં દિગંબર આચાર્ય દેશભૂષણજી મહારાજ તથા પૂ. તપસ્વી મહારાજ સમૂહ રૂપે એક પાટ પર સાથે બિરાજ્યા. શ્વેતાંબર તથા દેરાવાસી મુનિઓની પણ હાજરી હતી. ચારે સમાજના દસ હજાર જૈનોએ એકત્ર થઈ સભામાં હાજરી આપી. સાહુ શાંતિપ્રસાદજી જૈને પરસ્પરનો પ્રેમ વધે અને સૌ એક સૂત્રમાં બંધાય તે માટે વીરપ્રભુને પ્રાર્થના કરી.

શ્રી જયંતમુનિજી આવી એકતા માટે પ્રયાસ કરી રહ્યા છે તે બદલ તેમણે મુનિશ્રીને અભિનંદન આપ્યાં. તેમણે ભારપૂર્વક કહ્યું કે "વિભિન્ન સંપ્રદાયની ભેદભાવવાળી બે વાતોને ખીંટી પર ટાંગી દઈ, સમાનતા ધરાવતી અઠ્ઠાણું વાતોને અમલમાં લાવવાથી જૈનોની એકતાનો પાયો ખૂબ જ મજબૂત

બની જશે." તેમણે પ્રવચનમાં ખાસ ઉલ્લેખ કર્યો કે "મને આ વાત શ્રી જયંતમુનિજીએ કરી છે અને તે મારા મનમાં બરાબર બેસી ગઈ છે. આપ સૌનો સહયોગ જરૂરી છે."

ત્યારબાદ દેશભૂષણજી મહારાજ તથા શ્રી જયંતમુનિજીનાં ક્ષમાપના ઉપર પ્રવચનો થયાં. શ્રી જયંતમુનિજીએ પોતાના પ્રવચનમાં કહ્યું કે "ક્ષમા એ જૈન ધર્મનો પ્રાણ છે. આપણે એકબીજાના દોષોને અવગણી, પરસ્પર ઉદારતા અને ક્ષમાની ભાવના રાખી, જો એકબીજાને નહિ અપનાવીએ તો જૈન સમાજ ખંડખંડ થઈ જશે. અખંડ સમાજના નિર્માણ માટે સાચા અર્થમાં સ્યાદ્‌વાદને જીવતો કરવો પડશે."

**દિગંબર આચાર્ય દેશભૂષણજીના જયંતમુનિજીને આશીર્વાદ :**

સભા પૂરી થયા પછી મુનિરાજોએ બેલગાછિયા જૈન મંદિરનાં દર્શન કર્યાં અને દેશભૂષણજી મહારાજ સાથે ઘણી શાસ્ત્રીય ચર્ચા કરી. તેઓશ્રી પણ ખૂબ જ ઉદાર હૃદયના હતા. તેમણે દિલ ખોલીને શ્રી જયંતમુનિજીને આશીર્વાદ આપતાં કહ્યું :

"अभी आप युवा संत हो । आपके पास बहोत शक्ति है और जैन तत्त्वज्ञान का अभ्यास करके आप समाज की अच्छी सेवा कर सकते हैं !"

બેલગાછિયાનું પ્રેમમિલન ઘણું સફળ થયું અને સામૂહિક ખમતખામણાંની પરંપરાએ કલકત્તામાં જન્મ લીધો જે અત્યારે પણ ચાલુ છે. દર વરસે પર્યુષણ તથા દશલક્ષણ મહાપર્વ પૂરાં થયાં પછી સામૂહિક ખમતખામણાં ગોઠવાય છે. જૈન સભાના કાર્યકર્તાઓ ઘણા ખુશ થઈ ગયા હતા. જૈન સભાના ઉદ્દેશને જે પ્રબળ ટેકો મળતો હતો તે બદલ જૈન સભા પૂજ્ય શ્રી જયંતમુનિજી મહારાજનો ઊંડો ઉપકાર માને છે.

**કલકત્તામાં ધર્મવર્ષા :**

કલકત્તાના રેડિયો બ્રોડકાસ્ટિંગ સેન્ટરથી મુનિશ્રીને ગાંધીજયંતીને દિવસે પ્રવચન આપવા આમંત્રણ મળ્યું. પ્રવચનનો વિષય હતો - 'વિવિધ અહિંસા' જયંતમુનિ મહારાજ આમંત્રણનો સ્વીકાર કરી, ગાંધી જયંતિની સવારે બ્રોડકાસ્ટિંગ સેન્ટર પર પધાર્યા. મુનિશ્રીએ સાઉન્ડ પ્રૂફ હૉલ-અવાજ રહિત ઓરડા-માં પ્રવચન આપ્યું.

મુનિશ્રીએ પોતાના પ્રવચનમાં કહ્યું :

ભગવાન બુદ્ધ, મહાત્મા ગાંધી અને ભગવાન મહાવીર - આ ત્રણે મહાપુરુષોએ અહિંસા પર જોર આપ્યું છે. પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ ત્રણેની અહિંસામાં સૂક્ષ્મ ભેદ છે. ભગવાન બુદ્ધની અહિંસા માનવજીવન સુધી મર્યાદિત છે. તેઓ સાક્ષાત પશુની હિંસા નહિ કરવાનો ઉપદેશ આપે છે. પરંતુ તે તારતમ્યના ભાવથી ગોઠવે છે. અર્થાત્ સો નાનાં જાનવર મારવા કરતાં એક મોટું

જાનવર મરે તો તેમને વાંધો નથી. અર્થાત્ સો બકરાં મારવા કરતાં એક હાથીને મારે તે પણ અહિંસાની ક્રિયા છે. આમ અહિંસામાં સાર્વભૌમ સિદ્ધાંત મૂક્યો નથી. વળી તેમના મતથી મરેલા જાનવરનું માંસ ખાવામાં હિંસા નથી. આ રીતે તેમણે માંસાહાર અને અહિંસા છૂટાં પાડી દીધાં. જેના પરિણામે લગભગ બધા જ બૌદ્ધ સાધુઓ માંસાહારી છે અને એ જ રીતે કરોડો બૌદ્ધધર્મીઓ માંસાહાર કે હિંસાથી મુક્ત થઈ શક્યા નથી.

મહાત્મા ગાંધીજી અહિંસાનું અવલંબન લઈ આઝાદીની લડાઈ લડ્યા, પરંતુ તેઓએ અહિંસાનો એક સાધન તરીકે ઉપયોગ કર્યો. આ અહિંસાનો સ્વરક્ષા માટે ઉપયોગ કરવા માટે સત્યાગ્રહ જોડવામાં આવ્યો. સત્યાગ્રહ અહિંસક સાધન છે તેમ બતાવ્યું. જ્યારે સત્યાગ્રહ એક પ્રકારની સૂક્ષ્મ હિંસા છે. બીજાના મન ઉપર દબાણ લાવી કાર્ય સિદ્ધ કરવું તે સત્યાગ્રહનું રહસ્ય છે. ગાંધીજીએ શાકાહાર માટે પૂરું જોર આપ્યું અને શુદ્ધ જીવન સાથે અહિંસાને જોડી, પરંતુ રાજકીય દૃષ્ટિએ તેમણે અહિંસાથી ક્રૂર લોકોને વશમાં લેવા માટે જે પ્રયોગ કર્યો તે સફળ ન થયો અને જલિયાવાલા બાગ જેવા ભયંકર પ્રસંગો ઉદ્ભવ્યા. ત્યાં હિંસાનું મોટું તાંડવ થયું. દેશના ભાગલા પાડ્યા એ પણ એક હિંસક કૃત્ય બની ગયું. સાક્ષાત હિંસાને રોકવા માટે અથવા અહિંસાને રાજ્યનીતિમાં જોડવા માટે જે પ્રયાસ થયો તે ભયંકર હિંસાનું કારણ બની ગયો.

**મહાવીરની સાર્વભૌમ અહિંસા :**

ભગવાન મહાવીરે જે અહિંસાનો ઉપદેશ આપ્યો તે સાર્વભૌમ અહિંસા હતી. તેમાં પ્રાણીમાત્રના જીવનનું સમાન મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેમણે નાનામાં નાના જીવથી લઈ મોટા પ્રાણી સુધી તમામ જીવોને જરાપણ ઉપદ્રવ ન કરવો તેવી અહિંસાની વ્યાપક વ્યાખ્યા કરી. તેમણે વ્યવહારમાં જરાપણ બાંધછોડ કરી ન હતી. તેમજ વધારે જીવોની રક્ષા માટે થોડા જીવોનું બલિદાન આપવું, તેવું કોઈ ગણિત કર્યું ન હતું. વળી તેમણે અહિંસાને ફક્ત હિંસાથી દૂર રાખવા પૂરતી વ્યાખ્યા કરી ન હતી, પરંતુ તેમણે તમામ માનવીય ગુણોને અહિંસામાં આવરી લીધા હતા. અહિંસા શબ્દ નકારાત્મક હોવા છતાં તેમનો ભાવ સકારાત્મક હતો. ભગવાન મહાવીરની અહિંસા સૈદ્ધાંતિક અહિંસા હતી. વ્યક્તિગત અહિંસાના આચરણ માટે ભાર મૂકવામાં આવ્યો હતો, પરંતુ રાજકીય દૃષ્ટિએ અહિંસાનું આચરણ થઈ શકે તેવી કોઈ ગુંજાયશ ન હતી.

રાજની રક્ષા માટે હિંસા અને અહિંસાની વિવેચનામાં જઈ ન શકાય. પરંતુ નૈતિક રીતે જે પગલું ભરવું જરૂરી હોય તે ભરવું જોઈએ, અન્યથા અહિંસા હિંસાનું કારણ બની જાય છે. એ જ રીતે સામાજિક અહિંસાનું આચરણ પણ બહુ જ ઉપકારી થઈ શકતું નથી. અહિંસા એ આધ્યાત્મિક સિદ્ધાંત છે. વ્યવહારિક દૃષ્ટિકોણથી અહિંસાનું મૂલ્યાંકન કરવું અન્યાય ભરેલું બની શકે છે.

આ પ્રવચનમાં ત્રણે મહાપુરુષોની અહિંસાનું તુલનાત્મક અધ્યયન કરી, મુનિશ્રીએ અહિંસાની વ્યાખ્યાને સ્પષ્ટ કરી અને એક નવી ચેતના આપી હતી.

## રાજ્યપાલશ્રીનું શુભાગમન :

ઈ. સ. ૧૯૫૨માં શ્રી કાલીચરણ મુખરજી બંગાળના રાજ્યપાલ હતા. બંગાળી હોવા છતાં તેના વડવાઓએ કેથલિક ધર્મ સ્વીકાર્યો હતો. તેઓ વિદ્વાન હતા અને વિચારની દૃષ્ટિએ ઘણું સહૃદય અને ઉચ્ચ કોટિનું વ્યક્તિત્વ ધરાવતા હતા. શ્રી કલકત્તા સંઘે તેઓશ્રીને ઉપાશ્રયમાં પધારવા માટે આમંત્રણ આપ્યું.

શ્રીયુત રાજ્યપાલને ઉપાશ્રય લાવવામાં શ્રી સોહનલાલજી દુગ્ગડે પૂરો સહયોગ આપ્યો હતો.

પર્યુષણ પછી સવારના પ્રવચનમાં રાજ્યપાલ મહોદય પધાર્યા ત્યારે અચાનક એક દુર્ઘટના બની. જુઓ ભગવાન પણ કેવી રીતે લાજ રાખે છે ! રાજ્યપાલશ્રીએ પ્રવેશ કર્યો ત્યારે ઉપાશ્રય માનવમેદનીથી ઊભરાતો હતો. ઉપાશ્રય ખીચોખીચ ભર્યો હતો. એવામાં ઉપાશ્રયની છત ઉપરથી એક નવ વરસની બાળા એકાએક પોલોક સ્ટ્રીટમાં પડી ગઈ. તે ૪૦ ફૂટ ઉપરથી પડી. એકદમ હંગામો મચી ગયો. લાગ્યું કે રાજ્યપાલ મહોદયનો પોગ્રામ અપસેટ થઈ જશે. પરંતુ બનવાકાળ મ્યુનિસિપાલિટીએ રસ્તા ઉપર કંઈ કામ કરેલ હતું તેથી ત્યાં નરમ માટીનો ઢગલો પડ્યો હતો અને આપણાં બેબીબહેન બરાબર તે ઢગલા પર પડ્યાં અને બાલબાલ બચી ગયાં! શાંતિ પથરાઈ ગઈ. રાજ્યપાલ મહોદય પ્રવચન હૉલમાં શાંતિપૂર્વક પહોંચી ગયા. પ્રકૃતિએ એક મિનિટમાં કેવો ખેલ કરી બતાવ્યો અને કેવી રીતે રક્ષા કરી ! અદ્ભુત પ્રસંગ બની ગયો !

રાજ્યપાલ મહોદયે પોતાના પ્રવચનમાં કહ્યું કે "જૈન ધર્મ ખરેખર માનવતાવાદી ધર્મ છે. તેના સૂક્ષ્મ સિદ્ધાંતોનો મેં અભ્યાસ કર્યો છે. જૈન સંતોનાં જીવન ત્યાગ અને સદાચારથી પરિપૂર્ણ છે. ભારતમાં જૈનો સમૃદ્ધ છે. ધર્મનો તેમના જીવન પર સ્પષ્ટ પ્રભાવ જોઈ શકાય છે. આટલો સુખી-સંપન્ન સમાજ હોવા છતાં જૈનોમાં વિવેક અને બુદ્ધિમત્તાનાં પૂરાં દર્શન થાય છે. આ જન્મમાં હું ક્રિશ્ચિયન છું અને હવે મારી ઉંમર પણ થઈ ગઈ છે. પરંતુ મેં ભગવાનને પ્રાર્થના કરી છે કે આગલા જન્મમાં કોઈ જૈનકુળમાં જન્મ આપે."

શ્રી રાજ્યપાલ મહોદયે આ ભાવના વ્યક્ત કરી ત્યારે આખી સભા તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠી. તેમના આ શબ્દોમાં હાર્દિકતાનો રણકાર હતો એટલે શ્રોતાઓ ઉપર તેની ઊંડી અસર થઈ. ત્યારબાદ તેમણે ઉમેર્યું, "પ્રભુ મને એવો મોકો આપે કે હું પણ એક જૈન સંત બની વિશ્વની સેવા કરી શકુ !" ક્રિશ્ચિયન હોવા છતાં તેઓ શાકાહારમાં ઘણો વિશ્વાસ કરતા હતા.

## શ્રી જયંતમુનિજીનો પ્રતિભાવ :

શ્રી જયંતમુનિજીએ પ્રવચનમાં કહ્યું કે, "આજે આપણા સમાજ માટે ગૌરવનો વિષય છે કે બંગાળના રાજ્યપાલ મહોદય આપણે ત્યાં અતિથિ નહિ, દર્શનાર્થી બની જૈન ઉપાશ્રયમાં પધાર્યા છે. તેઓએ જૈન ધર્મ પ્રત્યે જે સદ્ભાવ વ્યક્ત કર્યો છે તે જૈનોએ ગૌરવ લેવા જેવો વિષય છે.

તેઓએ ક્રિશ્ચિયન ધર્મનો અભ્યાસ કર્યો છે, પરંતુ આટલા મોટા હોદ્દા પર હોવા છતાં તેમણે જૈન ધર્મનો ઊંડાણથી અભ્યાસ કરવાની તક લીધી છે તે તેમની જિજ્ઞાસાવૃત્તિને આભારી છે. તેમણે આવતા જન્મમાં જૈનકુળમાં જન્મ લેવા માટે ઈશ્વરને પ્રાર્થના કરી છે. તેઓ ભારતીય મૂળના ઊંડા સંસ્કારોથી રંગાયેલા છે. ક્રિશ્ચિયન ધર્મ આજે વિશ્વના ત્રણ ભાગમાં ફેલાયેલો છે. બાઇબલના ઊંચા સિદ્ધાંતો દયા અને ક્ષમાની વાત કરે છે. ક્રિશ્ચિયનના સિદ્ધાંતો સાથે ભારતીય સંસ્કૃતિના સિદ્ધાંતોનો કોઈ કાળમાં સુમેળ થયો છે તે નક્કી હકીકત છે. આપણા રાજ્યપાલ મહોદય તેનું જીવતુંજાગતું ઉદાહરણ છે. આ અવસરે આપણે તેઓને વિનંતી કરીશું કે મહાવીર જયંતિના દિવસે રાજકીય રજા સાથે કતલખાનાં બંધ રહે તેવી વ્યવસ્થા કરાવે તથા વિદ્યાલયોમાં મહાવીર સ્વામીના જીવન ઉપર પ્રકાશ પડે તેવી જાતના પાઠ મૂકવામાં આવે. બંગાળની પ્રજાએ ભૂલવાનું નથી કે એક સમયે બંગાળની ભૂમિ પર ભગવાન મહાવીરનાં પવિત્ર ચરણો પડ્યાં હતાં. બિહાર અને બંગાળ એક સૂત્રમાં બંધાયેલા હતા ત્યારે અહીંના સમગ્ર ક્ષેત્રમાં હજારો જૈન સંતો વિચરણ કરતા હતા. જૈન સાધુઓની પદયાત્રાને વિહાર કહેવામાં આવે છે અને આ શબ્દના આધારે બિહાર એવું નામ પડ્યું છે. ઉપરાંત બર્દવાન યુનિવર્સિટીએ ઐતિહાસિક સંશોધનથી સાબિત કર્યું કે વર્ધમાન સ્વામીના નામથી બર્દવાન નામ પડ્યું છે. જેથી ત્યાંના સ્ટેશનનું નામ વર્ધમાન રાખ્યું છે. બંગાળનો ઇતિહાસ મહાવીર સ્વામીની યાત્રા સાથે જોડાયેલો છે."

શ્રીસંઘે રાજ્યપાલ મહોદયનું સન્માન કર્યું અને તેમને ધાર્મિક પુસ્તકો અર્પણ કર્યાં. રાજ્યપાલશ્રીના આવવાથી શ્રી સંઘના ઉત્સાહમાં વધારો થયો હતો.

❑



૨૨

# વ્યવહારમાં સ્યાદ્વાદ

**શ્રી** સોહનલાલજી દુગ્ગડની તીવ્ર ઇચ્છા હતી કે શ્વેતામ્બર તેરાપંથી જૈન મહાસભામાં શ્રી જયંતમુનિજીનું એક પ્રવચન રાખવામાં આવે. તે વખતે શ્રીચંદજી રામપુરિયા તેરાપંથી મહાસભાનું સંચાલન કરતા હતા. તેઓ પણ ઉપાશ્રયે પ્રવચન સાંભળવા આવતા અને તત્ત્વચર્ચા પણ કરતા. તેમની પણ ઇચ્છા હતી કે મુનિશ્રી મહાસભાના ૩, પૉર્ટુગીઝ ચર્ચ સ્ટ્રીટના વિદ્યાલયના ભવનમાં પધારે. ભવનના નીચેના ભાગમાં વિદ્યાલય ચાલે છે અને ઉપરના હૉલમાં ધર્મક્રિયાનું સ્થાનક છે.

એક રવિવારની સવારે વિદ્યાલયના પ્રાંગણમાં વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. શ્રી દુગ્ગડજી હાજર હતા.

શ્રી જયંતમુનિજીએ વિશાળ સભામાં પ્રવચન આપતાં જણાવ્યું કે "ખરેખર તો સ્થાનકવાસી અને તેરાપંથી સંપ્રદાય એક જ વૃક્ષની બે શાખા છે. બંને અમૂર્તિપૂજક, નિરાકારવાદી સમાજ છે. બંને સંપ્રદાયોના મુનિરાજો મુહપત્તિ બાંધે છે. આહાર-વિહાર અને ગોચરી-પાણીના નિયમો એકદમ સમાન છે. તેથી આ બંને સંપ્રદાયોએ સાથે રહીને શાસન-પ્રભાવના કરવી જોઈએ. કેટલીક બાબતમાં અથવા શાસ્ત્રની વ્યાખ્યા કરવામાં ફરક હોય, પરંતુ તેના પર જોર આપી મતભેદ વધારવો ન જોઈએ. આપણો મહાવીરનો માર્ગ સ્યાદ્વાદ માર્ગ છે. આ સ્યાદ્વાદ વિચારમાં સીમિત ન રહેવો જોઈએ. તે વ્યવહારમાં પણ આવવો જોઈએ. સ્યાદ્વાદની દૃષ્ટિ અપનાવવામાં આવે તો જૈન સંપ્રદાયોના ઘણા પ્રશ્નોનું સમાધાન થઈ શકે તેમ છે. પરંતુ આપણે સ્યાદ્વાદને વિચારમાં જ અપનાવ્યો છે. આપણે તત્ત્વજ્ઞાન અથવા તર્કશાસ્ત્રના

સિદ્ધાંત તરીકે સ્યાદ્વાદનું વર્ણન કરીએ છીએ. દ્રવ્યાનુયોગમાં સ્યાદ્વાદની સ્થાપના કરીએ છીએ. પરંતુ વ્યવહારમાં સ્યાદ્વાદ અપનાવવો જરૂરી છે."

ત્યારબાદ મુનિશ્રીએ પૂજ્ય ભીખણજી સ્વામીને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું કે "જૈન સંપ્રદાયમાં પુનઃ ચારિત્ર્યના નિયમોને દૃઢ કરવાની આવશ્યકતા હતી. ત્યારે પૂજ્ય ભીખણજી સ્વામીએ વિચારક્રાન્તિ કરી અને તેરાપંથ સમાજનું નિર્માણ કરી એક મજબૂત સંગઠનને જન્મ આપ્યો. આ મહાન આચાર્યે રાજસ્થાનની લોકભાષામાં ઉપદેશ આપ્યો છે અને પોતાની કવિત્વશક્તિનો પણ પરિચય આપ્યો છે. તેમના વિરક્તિ ભરેલાં પદો ત્યાગપથ પર ચાલવાની પ્રેરણા આપે છે."

**સોહનલાલજી દુગ્ગડના ઉમદા વિચાર :**

શ્રી જયંતમુનિજીના પ્રવચન પછી સોહનલાલજી દુગ્ગડે મુનિશ્રીનું સ્વાગત કર્યું અને પોતાની લાક્ષણિક શૈલીથી કહ્યું કે, "ચાતુર્માસ સફળ બનાવવા માટે તથા જૈન શાસનની ધજા ફરકાવવા માટે સૌએ મતભેદો છોડી, એક ધરાતલ પર એકત્ર થવું જોઈએ. મહાત્મા ગાંધીજીની કૃપાથી સમગ્ર વિશ્વ અહિંસાના સિદ્ધાંતથી અને અહિંસા શબ્દથી પરિચિત થયું છે. અહિંસા એ જૈન ધર્મનો પ્રાણ છે. તેથી જૈન સમાજે તથા સંતોએ અહિંસાનો પ્રચાર કરવાની આ ઉત્તમ તક ઝડપી લેવી જોઈએ. ભગવાન મહાવીરનો માર્ગ અપરિગ્રહ અને અહિંસાનો છે. અહિંસામાં દયા અને સેવા ભરી છે. જ્યારે અપરિગ્રહ ત્યાગનું સૂચન કરે છે. ધર્મમાં આ બે સિદ્ધાંતો સર્વોપરી છે. ફક્ત આપણે એક થવાની જરૂર છે. ભલે સૌ પોતપોતાની આંતરિક માન્યતા પ્રમાણે આચરણ કરે, પરંતુ બાકીના પ્રશ્નો પર જૈન સમાજ એક થઈ, વિશ્વને અહિંસાનો સંદેશ આપે તો આખું વિશ્વ ભગવાન મહાવીરની અહિંસાનું મહત્ત્વ સમજી શકે તેમ છે.

મહાસભાના અધ્યક્ષ શ્રીચંદ રામપુરિયાએ મુનિઓનું સ્વાગત કર્યું અને કહ્યું કે "તેરાપંથી મહાસભા માટે આજનો દિવસ ગૌરવપૂર્ણ બની રહેશે. સ્થાનકવાસી સંપ્રદાયના મુનિશ્રીએ જે હૃદયગ્રાહી ઉપદેશ આપ્યો છે તે ધ્યાનમાં લેવા જેવો છે. ગુજરાતથી પદયાત્રા કરી મુનિવરો કલકત્તા પધાર્યા અને કલકત્તાને ચાતુર્માસનો લાભ આપી જૈન ધર્મનો જે ઉદ્ઘોષ કર્યો છે તે ઘણો જ શ્રેયસ્કર અને આપણા માટે કલ્યાણકારી છે. તેરાપંથી જૈન મહાસભા એકતાના પ્રયાસમાં આગળ રહેશે. આચાર્ય તુલસીજીએ પરસ્પરના મિલનને ઘણું મહત્ત્વ આપ્યું છે, તેથી આજે અહીં આચાર્યશ્રીને આપણે ભાવપૂર્વક નમન કરી, પૂ. જયંતમુનિજીને ખાત્રી આપીએ છીએ કે અમે આ મિલનને નિષ્ફળ નહિ જવા દઈએ. જ્યારે કોઈ પણ શાસનનાં કાર્યો હશે ત્યારે મહાસભા પાછળ નહિ રહે."

સભાને અંતે પૂજ્ય મુનિવરોએ માંગલિક સંભાળાવ્યું. આ પ્રવચન પછી તેરાપંથી ભાઈઓ અને બહેનો ઘણી જ મોટી સંખ્યામાં ૨૭ નંબર, પોલોક સ્ટ્રીટના ઉપાશ્રયમાં આવવા લાગ્યાં.

તેરાપંથી મહાસભાનો જે સુંદર પ્રતિભાવ મળ્યો તેનું પ્રતિફળ શ્રી ગિરીશચંદ્ર મહારાજની દીક્ષા વખતે પ્રાપ્ત થયું છે. એ શુભ પ્રસંગે તેરાપંથી મહાસભાએ બધી રીતે ભાગ લઈ પોતાના વચનનો નિર્વાહ કર્યો છે.

**ઍંગ્લો ગુજરાતી સ્કૂલમાં પ્રવચન :**

૨૭ નંબર, પોલોક સ્ટ્રીટના જૈન ઉપાશ્રયની સામે જ ઍંગ્લો ગુજરાતી સ્કુલનું ભવ્ય મકાન છે. આ સ્કૂલમાં મોટી સંખ્યામાં ગુજરાતી બાલ-બાલિકાઓ અભ્યાસ કરે છે. એ સમયે તે સ્કૂલ એશિયાની મોટી સ્કૂલમાં ગણાતી હતી. પાંચ હજારથી વધુ વિદ્યાર્થીઓ આ વિદ્યાલયમાં અભ્યાસ કરતાં હતાં.

વિદ્યાલયની કમિટીએ તથા ત્યાંના ગુજરાતી શિક્ષકબંધુઓએ મુનિશ્રીને વિદ્યાલયમાં પ્રવચન આપવા માટે આમંત્રણ આપ્યું.

મુનિશ્રીએ પ્રવચનમાં કહ્યું કે, "વિદ્યાર્થીજીવન એ આખી જિંદગીનો પાયો છે. તેથી પણ આગળ કહી શકાય કે વિદ્યાલય કેવળ વ્યક્તિનો પાયો નથી, પરંતુ સમગ્ર રાષ્ટ્રનો પાયો છે. છાત્રજીવનમાં જેટલું પવિત્ર, ઉદાત્ત અને ઊંચું શિક્ષણ આપવામાં આવે તેટલી રાષ્ટ્રની વધુ પ્રગતિ સંભવે છે. બાળકો દેશની બહુમૂલ્ય સંપત્તિ છે. નાની ઉંમર સુધી બાળકમાં ઈશ્વર નિવાસ કરે છે. તે દરમિયાન જો બાળકની જિંદગી નીતિપરાયણ બને અને તેમને ઊંચા સંસ્કાર આપવામાં આવે તો દેશમાં મહાપુરુષોની કમી ન રહે અને સમગ્ર રાષ્ટ્ર ઊંચું આવી શકે છે."

શ્રી જયંતમુનિજીના ભાવોને વિદ્યાર્થીઓએ હર્ષપૂર્વક વધાવી લીધા હતા. સાથેસાથે શ્રી જયંતમુનિજીએ પોતાની લાક્ષણિક શૈલીમાં હાસ્યરસ પણ ફેલાવ્યો હતો. આ પ્રવચન પછી ઘણા બાળકો ઉપાશ્રયમાં નિયમિત રીતે પ્રવચન સાંભળવા આવવા લાગ્યા. પ્રવચનનો સમય પણ બાળકોને ઘણો અનુકૂળ હતો. વિદ્યાલયમાં પ્રવચન આપવાથી ગુજરાતી સમાજનો સંબંધ વધુ ગાઢ બન્યો.

**બંગાળી વિદ્વાનો સાથે :**

કલકત્તા વિદ્વાનોની નગરી છે. કલકત્તા યુનિવર્સિટીમાં વર્ષો સુધી જૈન ચેર હતી અને અનેક બંગાળી વિદ્વાનોએ જૈન ધર્મ, દર્શન અને પ્રાકૃત ભાષા ઉપર સંશોધન કર્યું છે અને પુસ્તકો લખ્યાં છે. ખાસ કરીને વીસમી સદીના પૂર્વાર્ધમાં કલકત્તામાં આ વિષયો પર મહત્ત્વનો અભ્યાસ થયો છે અને ઘણા નામાંકિત વિદ્વાનોએ જૈન દર્શનને વિશ્વના વિદ્વાનો સમક્ષ રજૂ કરવામાં મહત્ત્વનો ફાળો નોંધાવ્યો છે. એ સમયે બંગાળમાં જૈન ધર્મ અસ્તિત્વ ધરાવતો ન હતો. ફક્ત ગુજરાતી - મારવાડી જૈનોની વસ્તી કલકત્તામાં હતી. પરંતુ તેઓ મુખ્યત્વે વેપારી વર્ગ હતો અને તેમાં કોઈ એવા શાસ્ત્રવિશારદ જૈન ન હતા કે જેની સાથે આ બંગાળી વિદ્વાનોને કોઈ પણ તાત્ત્વિક ચર્ચા કે

સંશોધનમાં મદદ મળે. તેમજ કોઈ જૈન સાધુ-સંતોનો પણ આ વિદ્વાનો સાથે સંપર્ક થયો ન હતો. તેમ છતાં અડચણો વચ્ચે પણ તેમનાં જૈન ધર્મ અને દર્શન પ્રત્યેની લગની દાદ માગે છે.

શ્રી જયંતમુનિજીને આ વિદ્વાનોનો સંપર્ક કરવાની તીવ્ર ઇચ્છા હતી. તેમાં પણ મુનિજીએ કાશીમાં દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો હતો એટલે આ અજૈન વિદ્વાનોને મળી, તેમના દૃષ્ટિકોણને સમજવાની પણ જિજ્ઞાસા હતી. કલકત્તાના ચાતુર્માસ દરમિયાન મુનિશ્રીએ અનેક બંગાળી વિદ્વાનોનો સંપર્ક સાધ્યો હતો.

ઉત્તર કલકત્તાના એક વયોવૃદ્ધ બંગાળી વિદ્વાન તેમના જૈન દર્શનની ઊંડી સમજણ માટે પ્રખ્યાત હતા. મુનિશ્રી તેમને મળવા માટે તેમને ઘેર ગયા હતા. વૈરાગી ભૂપતભાઈ પણ સાથે ગયા હતા. મુનિશ્રીએ તેમની સાથે ઘણી તાત્ત્વિક ચર્ચા કરી અને પ્રસન્નતા અનુભવી.

બંગાળી મહાશયે ગદ્‌ગદ થતાં કહ્યું, "અમે તો વર્ષો સુધી ગ્રંથના આધારે જૈન ધર્મને સમજ્યા છીએ. જૈન સાધુઓનો આચાર કેવો હોય તે પણ જાણ્યું છે. પણ સાક્ષાત જૈન મુનિના દર્શન કરવાનો અમને ક્યારે પણ અવસર મળ્યો નથી અને એ અવસર ક્યારે પણ મળશે તેવી કલ્પના પણ કરી નથી. આજ આપને મળીને એમ લાગે છે કે અમારો પચાસ વર્ષનો અભ્યાસ ફળીભૂત થયો છે. જો તમને ન મળ્યા હોત તો કદાચ અમારો બધો જ અભ્યાસ અધૂરો રહી જાત. અમારું જ્ઞાન પોથીનું જ્ઞાન છે. જૈન ધર્મનું જીવનમાં પાલન કરનાર સાધુની તો અમને માત્ર કલ્પના જ હતી, જે આજ મૂર્તિમંત થઈ છે."

શ્રી જયંતમુનિજીએ તેમને કહ્યું, "જૈન ધર્મની પરંપરાને વિશ્વ સુધી પહોંચાડવાનું મહત્ત્વનું કામ આપ કરી રહ્યો છો. તે બદલ સમગ્ર જૈન સમાજ વતી હું આપનો આભાર માનું છું. હવે મારે આપને એક પ્રશ્ન પૂછવો છે."

બંગાળી મહાશયે પ્રસન્નતાથી પ્રશ્ન પૂછવા કહ્યું.

મુનિશ્રીએ પૂછ્યું, "આપના દીર્ઘ કાળના અભ્યાસમાં આપને ગમી ગયું હોય તેવું કોઈ નીતિવાક્ય કહો."

એ વરિષ્ઠ વિદ્વાને કહ્યું, "આપ જૈન સાધુ છો. ભગવાન મહાવીરના પંચ મહાવર્તનું પાલન કરો છો. ભગવાન મહાવીરે ગૃહસ્થો માટે પણ આ પાંચ વ્રતનું સેવન કરવાની સંહિતા પ્રરૂપી છે. મહાવીર સ્વામીની અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહની વ્યાખ્યા ઘણી જ સૂક્ષ્મ છે. જૈનો યથાશક્તિ આ વ્રતોનું પાલન કરે છે. જૈનોમાં દાનનો મહિમા ઘણો છે. તેના સંદર્ભમાં એક સૂત્ર યાદ આવે છે. :

આદદાતિ, આદદાતિ, આદત્તાત્યેવ,

નદદાતિ કિંચનઃ સસ્તેનઃ

અર્થાત્ જે વ્યક્તિ લે છે, લે છે અને લેતો જ રહે છે, પણ ક્યારે પણ કંઈ આપતો જ નથી તે ચોર છે.

એ વયોવૃદ્ધ બંગાળી વિદ્વાન સાથે તાત્ત્વિક ચર્ચાનો નિર્દોષ આનંદ માણી, નવા અનુભવોનું કીમતી ભાથું બાંધી, યુવામુનિ શ્રી જયંતીલાલજી મહારાજ સાહેબ વૈરાગી ભૂપતભાઈ સાથે પ્રસન્ન ચિત્તે ઉપાશ્રય પાછા ફર્યા.

કલકત્તાના ચાતુર્માસ દરમિયાન મુનિશ્રીને અનેક વિદ્વાનો સાથે મુલાકાત થઈ. તેમની સાથેના વાર્તાલાપમાં તેમને બનારસના અભ્યાસની સાર્થકતાનો અનુભવ થયો.

**ગિરીશમુનિની દીક્ષા :**

ઉપાશ્રય તેમજ બહારમાં જાહેર પ્રવચન, ભજન-પ્રાર્થના, જ્ઞાનગોષ્ઠિ, ધર્મવર્ગ, ઉપરાંત ગોચરી, પાણી, પૂજ્ય તપસ્વી મહારાજની સેવા-આ બધા કાર્યક્રમોમાં ચાતુર્માસના દિવસો ઝડપથી વહી ગયા. શ્રીસંઘના ઉત્સાહમાં પણ વૃદ્ધિ થઈ રહી હતી. વૈરાગી ભાવદીક્ષિત ભૂપતભાઈ સમાજના લાડલા યુવક તરીકે સૌના ઘણા જ વહાલા થઈ પડ્યા હતા. તેઓ સાંસ્કૃતિક કાર્યક્રમો તૈયાર કરવા, બાળકોને જૈનશાળાના અભ્યાસનું જ્ઞાન આપીને ધર્મ પ્રત્યે વાળવા અને ભજન-સ્તવનના કાર્યક્રમો ગોઠવવામાં પરોવાઈ ગયા હતા.

દિવાળીના મંગલ દિવસો પાર થઈ ગયા. મુનિશ્રીના વિહારનો દિવસ આવી રહ્યો હતો. ભૂપતભાઈની દીક્ષા કલકત્તામાં થાય તેવી શ્રીસંઘે વિનંતી કરી.

શ્રી ગિરીશમુનિના પિતાશ્રી શ્રીયુત મણિભાઈ શેઠ તરફથી દીક્ષાની આજ્ઞા મળી ગઈ હતી. એક વખતના સખત કડક મણિભાઈ અત્યારે મીણ જેવા થઈ ગયા હતા. ભૂપતભાઈનો પરિપક્વ વૈરાગ્ય જોઈને તથા તપસ્વી મહારાજ તથા શ્રી જયંતમુનિજી પ્રત્યે પરિપૂર્ણ વિશ્વાસ હોવાથી તેઓએ રાજીખુશીથી દીક્ષા આપવાની તૈયારી બતાવી હતી. દીક્ષા સારામાં સારી રીતે ઊજવાય તેવાં ચક્રો ગતિમાન થયાં હતાં.

**ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મહારાજની આજ્ઞા :**

સર્વપ્રથમ તપસ્વી મહારાજે સૌરાષ્ટ્રકેસરી ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મહારાજનાં ચરણોમાં નિવેદન કર્યું અને કલકત્તામાં દીક્ષા આપવા માટેની આજ્ઞા મંગાવી. તેમણે એ પણ નક્કી કર્યું કે ભૂપતભાઈએ દેશમાં જઈ પૂ. ગુરુદેવ પ્રાણલાલજી સ્વામીની પ્રત્યક્ષ આજ્ઞા મેળવી પુનઃ કલકત્તા પાછા ફરવું. ત્યાર બાદ જ દીક્ષાની બધી તૈયારી કરવી.

એ વખતે ગુરુદેવ શ્રી પ્રાણલાલ સ્વામીનું ગોંડલમાં ચાતુર્માસ હતું. શ્રી ભૂપતભાઈ ગુરુદેવનાં ચરણોમાં ઉપસ્થિત થયા. ઉદાર હૃદયના ગુરુદેવે ભૂપતભાઈની પીઠ થાબડી. ભૂપતભાઈ ગોંડલના

હતા એટલે સ્થાનિક શ્રીસંઘમાં પણ હર્ષ અને ગૌરવની લાગણી ફેલાઈ ગયાં હતાં. ગોંડલ શ્રીસંઘે તેમનું ભાવભર્યું સન્માન કર્યું. ભરી સભામાં ગુરુદેવે ભૂપતભાઈને દીક્ષા આપવાની આજ્ઞા ઘોષિત કરી.

દીક્ષાની આજ્ઞા લઈ ભૂપતભાઈ જ્યારે કલકત્તા સ્ટેશને ઊતર્યા ત્યારે શ્રી કલકત્તા સંઘ અને જૈન યુવક સમિતિએ ભારે દબદબા સાથે તેમનું સામૈયું કર્યું. શ્રીસંઘમાં ઘરે ઘરે વાત ફેલાઈ ગઈ કે ભૂપતભાઈને દીક્ષાની આજ્ઞા મળી ગઈ છે.

ભૂપતભાઈ આજ્ઞાપત્ર લઈ તપસ્વી મહારાજનાં ચરણે પહોંચ્યા. જયંતમુનિના શિષ્ય તરીકે ભૂપતભાઈએ ભાગવતી દીક્ષા શોભાવવાની આજ્ઞા હતી. ગુરુદેવનો આજ્ઞાપત્ર અર્પણ કર્યો ત્યારે ભગવાન મહાવીરના જયનાદથી ઉપાશ્રય ગાજી ઊઠ્યો. મંગલ ઘડીની શરૂઆત થઈ ચૂકી. દીક્ષારૂપી બીજ અંકુરિત થઈ ગયું હતું. ભૂપતભાઈના મુખ ઉપર ભાવભરી લાગણી છવાઈ ગઈ હતી. તેમની વાણીમાં તથા ચાલમાં તરવરાટ આવી ગયો હતો. એક રંગીલો યુવક દીક્ષાના પંથે જઈ રહ્યો હતો તેથી સમગ્ર સમાજનાં ભાઈબહેનોનાં હૃદય સંયમભાવનાથી છલકાઈ ઊઠ્યાં હતાં.

**સમસ્ત જૈન સમાજનો સહયોગ :**

પૂજ્ય તપસ્વી મહારાજ તથા શ્રી જયંતમુનિજીના સાંનિધ્યમાં શ્રીસંઘની તથા કલકત્તાની મહત્ત્વની જૈન સંસ્થાઓની એક વિશાળ સભા ભરવામાં આવી. તેરાપંથી મહાસભા, સ્થાનકવાસી જૈન સભા, પંજાબ જૈન સભા, દિગંબર જૈન સમાજ, ગુજરાતી સમાજ, શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ, તુલાપટ્ટી જૈન મંદિર કમિટી ઇત્યાદિ ઘણી સંસ્થાઓને અને તેના પ્રતિનિધિઓને ખાસ આમંત્રણ આપવામાં આવ્યાં હતાં. સૌના મનમાં અપૂર્વ ઉત્સાહ ભર્યો હતો. એક અવાજે સૌએ ભૂપતભાઈની દીક્ષામાં સારામાં સારો સહયોગ આપવા માટે ભાવ પ્રદર્શિત કર્યા. સાહુ શાંતિપ્રસાદજી જૈનની અધ્યક્ષતામાં દીક્ષાપ્રસંગ ઊજવાય તેવો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો.

**ભવ્ય આયોજન :**

એક દીક્ષા સમિતિનું ગઠન કરવામાં આવ્યું. શ્રી પ્રભુદાસભાઈ હેમાણીને સંપૂર્ણ અધિકાર આપવામાં આવ્યો. કમાન્ડર ઇન ચીફ તરીકે પ્રભુદાસભાઈ હેમાણીને વધાવી લેવામાં આવ્યા. ત્ર્યબંકભાઈ દામાણીએ રસોડાની બધી જવાબદારી સંભાળી. દીક્ષાની ગાડીની સજાવટ તથા વિધિ અને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરવાની જવાબદારી બહેનોને સોંપવામાં આવી. બધા માંગલિક પ્રસંગો વિધિવત્ સંપન્ન થાય તે જવાબદારી પણ બહેનોએ સંભાળી હતી. તેરાપંથી મહાસભાને વ્યવસ્થાનું કામ સોંપવામાં આવ્યું. જૈન યુવક સમિતિના સ્વયંસેવકો પ્રસાદવિતરણ અને ભોજનની બધી જવાબદારી સંભાળે તેમ નક્કી કર્યું. મૂર્તિપૂજક શ્વેતાંબર સમાજના બંને અગ્રેસર ભાઈઓ ડોસાભાઈ તથા કરમચંદભાઈએ દીક્ષા મહોત્સવને દીપાવવા માટે કમર કસી હતી.

ઈ. સ. ૧૯૫૨માં કલકત્તાનો સમગ્ર સમાજ એક હતો. તે સમયે સમાજનો મોટો ભાગ બડા બજારમાં રહેતો હોવાથી કામને ખૂબ જ વેગ મળ્યો હતો.

ભારતના અનેક જૈન આચાર્યો, સતીજીઓ, વિદ્વાનો અને મહાનુભાવોના દીક્ષા ઉપલક્ષે મંગલ સંદેશા આવ્યા હતા.

દીક્ષાનો વરઘોડો બાહુબજારમાં નિવાસ કરતા શ્રી કરમચંદભાઈના મકાનથી શરૂ કરવામાં આવશે તે વાતનો સ્વીકાર થઈ ગયો. કરમચંદભાઈ અને ડોસાભાઈની વિનંતી હતી કે વરઘોડાનો લાભ તેમને મળે. સંપ્રદાયનો કોઈપણ ભેદભાવ રાખ્યા વિના સૌએ તેમની વિનંતીનો સહર્ષ સ્વીકાર કર્યો. તેમનો ઉત્સાહ સાંપ્રદાયિક એકતાનું આદર્શ ઉદાહરણ બની ગયું.


દીક્ષાનો મંડપ પણ કરમચંદભાઈ અને ડોસાભાઈના ઘરઆંગણે રોપવાનું નક્કી કર્યું હતું. દીક્ષા આપવા માટે દાદાજીનો બગીચો નક્કી કરવામાં આવ્યો. ત્યાંની જૈન મંદિર કમિટીએ ઘણા હર્ષપૂર્વક દીક્ષા આપવા માટે આજ્ઞા પ્રદાન કરી. દાદાજીના બગીચાને ધજા-પતાકા તથા તોરણો બાંધી દીક્ષાનગર તરીકે સજાવવામાં આવ્યો.

દીક્ષાર્થીઓનાં માતાપિતા અને સગાં-સંબંધી એક મહિના અગાઉથી કલકત્તા આવી ગયાં હતાં. તેમના ઊતરવાની સગવડતા કરમચંદભાઈ અને ડોસાભાઈને ત્યાં રાખી હતી. ૨૭ નંબર, પોલોક સ્ટ્રીટ ઉપાશ્રયની સામે એક વહોરાજીનું જૂનું વિશાળ મકાન હતું. તેના ભોંયતળિયે એક મોટો હૉલ હતો. ત્યાં સંઘનું રસોડું ખોલવામાં આવ્યું.

શ્રીસંઘે દીક્ષાની આમંત્રણ-પત્રિકા બહુ સારી રીતે તૈયાર કરી. આમંત્રણ-પત્રિકા સમસ્ત ભારતમાં મોકલવામાં આવી. પંજાબ, ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મદ્રાસ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, નેપાળ ઉપરાંત ભારત બહાર અમેરિકા, ઇંગ્લૅન્ડ, જર્મની, ઇન્ડોનેશિયા, થાઇલૅન્ડ, બર્મા, રંગૂન, સિંગાપોર, તેમજ આફ્રિકાના ઘણા દેશોમાં પત્રિકાનો વ્યાપક પ્રચાર થયો. પૂર્વ ભારતના બધા સંઘોમાંથી વિશાળ સંખ્યામાં ભાઈઓ અને બહેનોએ દીક્ષા પ્રસંગે હાજર રહેવાનું વચન આપ્યું હતું. જે સંઘો ન આવી શક્યા તેના ઉત્સાહ ભરેલા પ્રત્યુતર આવ્યા હતા.

**અપૂર્વ ઉત્સાહ અને શોભાયાત્રા :**

પૂજ્ય ગુરુદેવ પ્રાણલાલજી મહારાજે માગસુર સુદ દશમ, સંવત ૨૦૦૯ (તા. ૨૧/૧૧/૫૨) ના દિવસે દીક્ષાની આજ્ઞા આપી હતી. ચાર ફુલેકાંની અને એક મહાભિનિષ્ક્રમણની, એમ પાંચ શોભાયાત્રામાં કલકત્તાનો બધો વિસ્તાર આવરી લેવામાં આવ્યો હતો. મહાભિનિષ્ક્રમણનો વરઘોડો કરમચંદભાઈ અને ડોસાભાઈને ત્યાંથી આરંભ થઈ દીક્ષાનગર સુધી જવાનો હતો. તે માટે મોટી તૈયારી કરવામાં આવી હતી. ચારે સમાજનાં હજારો નર-નારી વરઘોડામાં જોડાવા માટે તૈયાર હતાં. સ્વયંસેવક દળ બધી રીતે તૈયાર થઈ અહર્નિશ ફરજ બજાવવા તત્પર હતું. ખાસ કરીને બહારથી આવનારા અતિથિઓને ખૂબ જ સારી રીતે સંભાળવા અને એક જાન કરતાં વિશેષ સરભરા કરવી તેવો સંઘે નિર્ણય કર્યો હતો. ગામેગામના ઉતારાઓ માટે અલગ



# કલકત્તામાં શ્રી ગિરીશમુનિની દીક્ષાની ઝાંખી












નવો દેશ, નવી દિશા અને નવી દૃષ્ટિ
શ્રી ગિરીશમુનિ, પૂ. તપસ્વીજી મહારાજ અને શ્રી જયંતમુનિ

# પૂ. તપસ્વી જગજીવનજી મહારાજ



આત્મબળનું ઓજસ




૩૨મા ઉપવાસે સંલેખનાનો સંતોષ




શ્રી જયંતમુનિજી અને પંડિત રોશનલાલજી શ્રી વિનોબા ભાવેને અનશનનો મહિમા જણાવી રહ્યા છે.



ઉદયગિરિના અનશન આરાધકને વિનોબાજીની શુભકામના




સેવાની સંગાથે શ્રાવકોનો સમૂહ :
શ્રી નીમચંદભાઈ દોશી, શ્રી મનસુખભાઈ હેમાણી,
શ્રી શાંતિલાલ કાળીદાસ સંઘવી, શ્રી છોટુભાઈ દોશી,
શ્રી આર. કે. અવલાણી, શ્રીમતી મધુબહેન અવલાણી



બેલચંપામાં નેત્રયજ્ઞના સાથી : શ્રીમતી પુષ્પાદેવી જૈન અને ડોક્ટર


નવી ક્ષિતિજ, નવા સ્વપ્ન

જગ્યા નક્કી કરી હતી અને ત્યાંથી ઉપાશ્રય આવવા-જવા માટે ગાડીઓની પૂરી વ્યવસ્થા રાખી હતી. મહેમાનો સાત દિવસ રોકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

૧૫ નવેમ્બરથી મહેમાનો આવવાની શરૂઆત થઈ ગઈ હતી. ઝરિયા, કત્રાસ, જમશેદપુર, વારાણસી, કાનપુર, બાલાસુર, કટક ઇત્યાદિ પૂર્વ ભારતના સંઘો મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. એ જ રીતે મુંબઈ, રાજકોટ, ગોંડલ, ઇત્યાદિ સંઘના ભાઈઓ પણ આવ્યા હતા. થાઇલૅન્ડ, સિંગાપોર, અમેરિકા અને યુરોપથી પણ મહેમાન આવ્યા હતા. કુલ લગભગ ૭૦૦ મહેમાનોની હાજરી હતી.

ઉપાશ્રય તથા પોલોક સ્ટ્રીટને લગ્નમંડપની જેમ સજાવવામાં આવ્યા હતા. બધાનો એક મત થયો કે દીક્ષાર્થીને બેસવા માટે મોટરગાડી ન રાખવી પરંતુ રાજાશાહી ઠાઠની ચાર ઘોડાની બગી રાખવી. સારામાં સારા રાજકીય ઘોડાઓ સાથે ઘોડાગાડીને બાદશાહી ઢબે સજાવવી અને વૈરાગી ભૂપતભાઈને એક રાજકુમારની જેમ દીક્ષાનગર સુધી લઈ જવા. પૂજ્ય તપસ્વી મહારાજની અને ગુરુદેવની કૃપાથી બંગાળના જમીનદારો રાખતા તેવી જ ચાર ઘોડાની બગી તૈયાર કરી હતી. સફેદ રંગના ઊંચાઈવાળા ઘોડા જ્યારે હણહણી ઊઠ્યા ત્યારે સૌના મનમયૂર પણ નાચી ઊઠ્યા. બંગાળના કલાકારો તેમજ શ્રીસંઘનાં યુવકો અને યુવતીઓએ બગીને સજાવવામાં જરા પણ કચાશ ન રાખી. પ્રતિદિનના ફુલેકાંનો મહોત્સવ પૂરો થયો. ચાર દિવસ સુધી ગલીએ ગલીએ ફુલેકાંઓ ફર્યાં ત્યારે અપૂર્વ જાગરણ થઈ ચૂક્યું હતું.

માગસર સુદ દશમ, બુધવાર તા. ૨૧/૧૧/૧૯૫૨નો નિર્ધારિત દીક્ષાનો મંગલ દિવસ આવી પહોંચ્યો. સામે આવતા દિવાકરે પૂર્વ દિશામાંથી જ્યારે પ્રકાશ પાથર્યો ત્યારે કલકત્તાના સમગ્ર જૈન સમાજના સાતે રંગ પુરાઈ ગયા હતા. વહેલી સવારથી માણસો વરઘોડામાં ચાલવા માટે ઉતાવળા પગલે પહોંચી ગયા હતા. એ જ રીતે હજારો માણસો કરમચંદભાઈને ત્યાં એકત્ર થઈ ગયા હતા.

એમ નક્કી એમ કરવામાં આવ્યું હતું કે ઉપાશ્રયથી વાજતેગાજતે વૈરાગીને લઈ બંને મુનિરાજ કરમચંદભાઈને ત્યાં પધારશે. ત્યાં માંગલિક સંભળાવી, મુનિરાજો વિહાર કરી, સીધા દાદાજીના બગીચે પધારી જશે અને શોભાયાત્રા પરિભ્રમણ કરી લગભગ એક વાગે દાદાજીના બગીચે પહોંચશે. એક ને ચાલીસે દીક્ષાનો પાઠ ભણાવવાનું મુહૂર્ત હતું.

જ્યારે વરઘોડામાં વૈરાગી બિરાજમાન થયા ત્યારે શ્રીયુત કાંકરિયાજી એક લાખની કિંમતનો હીરો લઈ ઉત્સાહ સાથે વૈરાગીજીની પાઘડીમાં લગાડવા માટે તૈયાર થયા. સંઘના ભાઈઓએ કહ્યું કે, "સાહેબ, આટલી ભીડમાં હીરો પડી જાય તો મોટી મુશ્કેલી થઈ જશે."

ત્યારે કાંકરિયાજી હસીને બોલ્યા, "इसकी चिंता आपको नहि करनी है ! हीरा कहीं नहि जायेगा और न उसकी चिंता हमको है ।" આમ કહીને કાંકરિયાજીએ વૈરાગીની પાઘડીમાં એક

લાખનો હીરો પિન કરી દીધો. પાઘડીમાં જ્યારે હીરો લગાડ્યો ત્યારે તેના પર સૂરજનો પ્રકાશ પડ્યો; અને તેનાં કિરણો ચારે તરફ ફેલાયાં ત્યારે અવર્ણનીય શોભા બની રહી.

**વૈરાગ્ય અને વરસીદાન :**

વરસીદાન માટે વીસ હજાર રૂપિયાનાં સોના-ચાંદીનાં ફૂલ તથા રોકડ રકમ રાખવામાં આવી હતી. યુવકોએ ખૂબ મજબૂતી સાથે બગીને ચારેતરફ કોર્ડન કરી લીધી હતી. બૅન્ડ પાર્ટીના મધુર ધ્વનિ વાગવા લાગ્યા ત્યારે શ્રીસંઘનો ઉત્સાહસાગર છલકાઈ ગયો. કલકત્તાના મુખ્ય માર્ગો ઉપર ફરીને મહાભિનિષ્ક્રમણનો વરઘોડો દાદાજીના બગીચા તરફ આગળ વધ્યો ત્યારે રસ્તામાં લાખો નર-નારીએ વૈરાગીનાં દર્શન કર્યાં. રાજકુમારના વેશમાં ભૂપતભાઈ શોભી ઊઠ્યા હતા. ગૌરવર્ણ, પાતળો દેહ, ચમકતી આંખો અને નમણું મુખ લોકોના હૃદયને આકર્ષિત કરી રહ્યા હતા. આટલી નાની ઉંમરમાં આ લાડલો સંસારનો ત્યાગ કરી ત્યાગના પંથે પગલાં ભરી રહ્યો છે તે સૌને આશ્ચર્ય સાથે ઘણું મોહક લાગતું હતું.

તેમનાં બા અને બાપુજી તો રડી પડ્યાં હતાં. છતાં હિંમત રાખી, પુત્રને ગુરુચરણે ધરવા માટે તૈયાર થયાં હતાં. જાણે પોતાનું પણ કલ્યાણ સાધી રહ્યાં હતાં. નરસિંહ મહેતાએ ઠીક જ ગાયું છે, 'કુળ એકોતેર તાર્યા રે'. દીક્ષા લેનારની સાથે સાથે દિશા આપનાર માતાપિતાનું પણ કલ્યાણ થાય છે તેવા શાસ્ત્રપાઠ જોવા મળે છે. જૈન શાસ્ત્રોમાં ઉલ્લેખ છે કે તીર્થંકરનાં માતા-પિતા એકાવતારી હોય છે. વિરક્ત પુત્ર-પુત્રીનાં માતા-પિતા થવું તે મહાપુણ્ય અને કલ્યાણનો ઉત્સવ છે. ભૂપતભાઈ જ્યારે ચાર ચાર હાથે વરસીદાન દેવા લાગ્યા ત્યારે આ યુવકનો વૈરાગ્ય ઝળહળી ઊઠ્યો હતો. સૌને મુખે એક જ શબ્દ નીકળતો હતો, 'ધન્ય છે તેનાં માતા-પિતાને'. મહાભિનિષ્ક્રમણ(દીક્ષા)ની શોભાયાત્રા જ્યારે દાદાજીના દરવાજે પહોંચી ત્યારે હજારો માણસો તેમાં જોડાઈ ચૂક્યા હતા. વોલિન્ટરો માટે શાંતિ જાળવવી કસોટીરૂપ બની ગયું હતું.

**માનવમેદની :**

દાદાજીના બગીચે છવ્વીસ હજાર માણસોની હાજરી નોંધાણી હતી.

સાહુ શાંતિપ્રસાદજી જૈન દરવાજે આવી પહોંચ્યા. પરંતુ અધ્યક્ષ મહોદયને મંડપ સુધી પહોંચાડવાનો વિકટ પ્રશ્ન થઈ ગયો. એક તસુની પણ જગા ન હતી. દીક્ષાની બધી વિધિ કરાવવાનો અવસર આવી ચૂક્યો હતો. પરંતુ અધ્યક્ષ મહોદયની ખુરસી ખાલી હોવાથી ભારે પ્રતિક્ષા થઈ રહી હતી.

હવે જુઓ ભક્તિનો અનેરો રંગ ! યુવકોએ સાહુજીને હાથોહાથ ઊંચે ઉપાડી લીધા! આ ભીડમાં યુવકોએ ભુજાબળથી જગ્યા કરી, સાહુજીને મંડપ સુધી લાવવાનું જે સાહસ દેખાડ્યું તે

અદ્‌ભુત કાર્ય હતું. સાહુ શાંતિપ્રસાદજી જૈન જ્યારે મંચ ઉપર આવ્યા ત્યારે એક વિરાટ જયનાદની સાથે જનતામાં ખામોશી છવાઈ ગઈ. 'શાંતિ રાખો' કહેવાના શબ્દો બંધ થઈ ગયા. કેમ જાણે શાંતિપ્રસાદજીનું નામ સાર્થક હોય તેમ સહજ શાંતિ સ્થપાઈ ગઈ.

શ્રીસંઘે પ્રથમ વિચાર કર્યો હતો કે દાદાજીના બગીચે દીક્ષાના પાઠ ભણાવ્યા પછી સ્વામીવાત્સલ્ય ભોજન રાખવું. પરંતુ આટલી ભીડમાં જગાના અભાવે જમાડવાનું શક્ય ન હતું. તેથી શ્રીસંઘે નિર્ણય કર્યો કે દરેક વ્યક્તિને પેટ ભરી શકાય તે રીતે મીઠાઈ, નમકીન અને આચારનું પૅકેટ આપવું. લગભગ સાતસો ગ્રામનું પૅકેટ બનતું હતું. આમ છવ્વીસ હજાર પૅકેટ તૈયાર કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ પૅકેટ ઘટે તો પ્રસાદરૂપે લાડવા-ગાંઠિયા આપવાની તૈયારી રાખી હતી. માણસો ગમે ત્યાં બેસીને જમી લેશે તેવી ધારણા હતી. પરંતુ વિશાળ જનસંખ્યા હોવાથી બેસવા માટે જગા મળવી મુશ્કેલ હતી. આ પરિસ્થિતિમાં એકંદરે બહુ જ સારી વ્યવસ્થા કરવામાં આવી હતી.

**સાહુ શાંતિપ્રસાદજીનાં અણમોલ વચન :**

સાહુ શાંતિપ્રસાદજીએ સભાનું અને દીક્ષા મહોત્સવનું ઉદ્‌ઘાટન કરતાં કહ્યું કે,

आज कलकत्ता के आंगन में एक स्वर्ण अवसर है । चारों समाज के तमाम भाई-बहन एक जगह पर एक उद्देश से इस पवित्र स्थान पर एकत्र हुऐ हैं इस लिये मुझे अपार खुशी हो रही है । हमारे बीच एक युवान युवक धार्मिक अध्ययन करके गुरुचरण में अपने आपको समर्पित कर भागवती जैन दीक्षा ले रहा है । मैं आशा करता हूँ कि हमारा प्रिय युवक भगवान महावीर के पथ पर चलके हमारे समाज को सच्चे राह में जाग्रत करे, और जयंतमुनिजीने एकता का जो आदर्श खडा किया है उसी आदर्श को आगे बढाने में पूर्ण प्रयास करे । मैं आज सभा का और इस दीक्षा महोत्सव का उद्‌घाटन करके स्वयं को धन्यभागी समजता हूँ ।

ત્યારબાદ તેઓએ મંચ પરથી ઉદ્‌ઘાટનની ઘોષણા કરી. તેમણે મહોત્સવના ઉપલક્ષે સહજભાવે દસ હજાર રૂપિયાનું દાન આપ્યું.

**દીક્ષાર્થીને આજ્ઞાપ્રદાન :**

દીક્ષાર્થી ભૂપતભાઈ મંચ ઉપર ઊભા થયા. રાજકુમારના વેશમાં સજ્જ હોવાથી લોકોના મનમાં પ્રિયપાત્રના ભાજન બની ગયા હતા. ભૂપતભાઈએ બે મિનિટ ભાષણ આપ્યું અને ગુરુચરણોમાં પોતાની ભક્તિ અર્પિત કરી દીક્ષા દેવા માટે પ્રાર્થના કરી. શ્રી જયંતમુનિજીએ મંચ પર હાજર રહેલાં ભૂપતભાઈનાં માતા-પિતા શ્રી મણિભાઈ શેઠ તથા જબકબહેનને જાહેરમાં પૂછ્યું, "આજે તમારો વહાલો પુત્ર દીક્ષા ગ્રહણ કરી રહેલ છે. તેમાં તમે સમંત છો? બધી રીતે રાજી છો? તો તમે ઊભાં થઈ પુત્રને દીક્ષા આપવા માટે તમારી ભાવના વ્યક્ત કરો અર્થાત્ આજ્ઞા પ્રદાન કરો."

હવે દીક્ષાની ઘડી નજીક આવી ગઈ હતી. મુર્હૂતના ટકોરા થાય એટલી જ વાર હતી.

માતા-પિતાની આજ્ઞા મળતાં જ વૈરાગી ભૂપતભાઈને રાવટીમાં લઈ ગયા. ત્યાં તેમનું મુંડન થયું. પંચમુષ્ટિ લોચ માટે થોડા વાળ રાખી દીક્ષાર્થીનું મુંડન કરવાની પ્રથા છે. ત્યારબાદ સ્નાન કરી સાધુવેશનાં કપડાં ધારણ કરવામાં આવે છે. વસ્ત્ર તથા અલંકાર તેમના પરિવારને સુપ્રત કરી દેવામાં આવે છે. બધી વિધિ પૂરી થયે ભગવાન મહાવીરના જયનાદ સાથે દીક્ષાર્થીને મંચ પર લાવ્યા. સભામાં ખામોશી છવાઈ ગઈ. એટલું જ નહિ, સૌની આંખો અશ્રુભીની થઈ ગઈ. ઠીક સમય પર લોચ કરી દીક્ષાના પાઠ ભણાવવામાં આવ્યા. કલકત્તાના ઇતિહાસમાં આ પ્રથમ દીક્ષા હતી. કલકત્તાનો શ્રીસંઘ ગૌરવ લઈ શકે તેવો અદ્‌ભુત અવસર ઉપલબ્ધ થયો હતો. ત્યારબાદ રજોહરણ, પાત્રા, જ્ઞાનપોથી, વસ્ત્રપોથી, ઇત્યાદિ સાધુનાં ઉપકરણ આપવામાં આવ્યાં. જે ભાગ્યશાળી લોકોએ લાભ લીધો હતો તેઓ ક્રમશઃ નવમુનિને ઉપકરણ અર્પણ કરી ધન્ય થઈ ગયા હતા.

પૂજ્ય તપસ્વી મહારાજ દ્વારા ભૂપતભાઈને આજે ભરી સભામાં 'ગિરીશમુનિ' તેવું નામ આપ્યું. આ નામ સંપ્રદાયના મૂળ સંસ્થાપક પરમ પૂજ્ય આચાર્ય દેવ ડુંગરશી મહારાજના નામને અનુરૂપ હતું. શ્રી જયંતમુનિજીએ ગિરીશચંદ્રને આશીર્વાદ આપતાં કહ્યું કે, "જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપના માર્ગે ચાલી આત્માને ઉજ્જ્વળ કરશો અને તમારી શક્તિથી શાસનપ્રભાવના કરી, ગુરુદેવોનું નામ ઊંચું કરશો અને કીર્તિનો કળશ ચડાવશો."

આખો પ્રસંગ ઘણા સમાધિભાવે સંપન્ન થયો હતો.

**નવદીક્ષિત મુનિનો મંગળ પ્રવેશ :**

મુનિશ્રીઓ દાદાજીના બગીચે રાત્રિવાસ માટે રોકાયા. માગસર સુદી અગિયારસ અને તારીખ ૨૨/૧૧/૫૨ના રોજ અભિનવ બાળમુનિ સાથે ગુરુદેવનો નગરપ્રવેશ રાખવામાં આવ્યો હતો. જૈન સમાજ વિદાય થયા પછી બંગાળી ભાઈ-બહેનોનું આગમન શરૂ થયું. બંગાળની ભક્તિ સુપ્રસિદ્ધ છે. હજારો નર-નારી પંક્તિબદ્ધ આવતાં ગયાં અને મોડી રાત સુધી દર્શનનો પ્રવાહ ચાલુ રહ્યો.

કાર્યક્રમ અનુસાર હજારો ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં ૨૭ નંબર, પોલોક સ્ટ્રીટ જૈન ઉપાશ્રયમાં મુનિરાજોનો પ્રવેશ થયો. નવદીક્ષિત મુનિ સાથે હોવાથી સમગ્ર જૈન સમાજની મમતા અને ભાવનામાં ઘણો જ વધારો થયો હતો. બધા મહેમાનો પણ જવાની તૈયારીમાં હતા. શ્રીસંઘે તમામ અતિથિઓને ભાતું આપીને એક સુંદર પ્રથા ઊભી કરી. દીક્ષાની સુચારુ વ્યવસ્થાને કારણે સંઘની કીર્તિમાં વધારો થયો હતો.

**કાયમી સ્મૃતિ :**

શ્રીસંઘે નિર્ણય લીધો હતો કે દીક્ષા મહોત્સવ વખતે જે રકમ એકત્ર થાય તેમાંથી રાહત દરે જૈન ભોજનાલય ઊભું કરવું. દેશમાંથી કલકત્તામાં આવેલા જૈન સમાજના ભાઈઓ માટે આ ભોજનાલયમાં જૈન ભોજનની સારામાં સારી વ્યવસ્થા કરવી, તેને હોટલમાં કે બીજી જગ્યાએ અશુદ્ધ ભોજન ન કરવું પડે અને તેને ખોટો ખર્ચ પણ ન થાય અને જે કાંઈ બચત થાય તેમાંથી પોતાના પરિવારને દેશમાં રકમ મોકલી શકે તેવી શુભ ગણતરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શ્રીસંઘને ઘણી સારી સફળતા મળી.

મુંબઈના સુપ્રસિદ્ધ મુંબઈ સમાચારે આખું પાનું ભરીને કલકત્તાના દીક્ષા મહોત્સવનું વિગતવાર વર્ણન છાપ્યું હતું. જેની કાઠિયાવાડ અને ગોંડલ ઉપર બહુ સારી અસર થઈ હતી.

દીક્ષાર્થીનાં માતા-પિતા તથા પરિવાર જવા માટે તૈયાર થયો ત્યારે શ્રીસંઘે તેમના સન્માનનું આયોજન કરી તેમને જાહેરમાં અભિનંદન આપ્યાં તથા ખૂબ જ મોટી સંખ્યામાં શ્રીસંઘના ભાઈ-બહેનોએ સ્ટેશન પર હાજરી આપી, તેમને પ્રણામ કરી વિદાય આપી.

અહીં મુનિરાજોના એક ચમત્કારિક અનુભવની વાત કર્યા વગર કલકત્તાના અપૂર્વ ચાતુર્માસની કથા અપૂર્ણ રહેશે.

ચાતુર્માસનો કાર્યક્રમ સુંદર રીતે ચાલી રહ્યો હતો. પૂજ્ય તપસ્વી જગજીવનજી મહારાજ કલકત્તા સંઘના ઉત્સાહથી ખૂબ જ સંતુષ્ટ હતા. કેમ જાણે પ્રકૃતિ કંઈક બદલો લેવા માગતી હોય અને પંચમકાળમાં બધા શુભ પ્રસંગો વ્યાધિરહિત પાર કરી શકાતા નથી તેનું ઉદાહરણ આપવા માગતી હોય તેમ એક વ્યાધિનો ઉદ્ભવ થયો. સવારના પૂજ્ય તપસ્વી મહારાજ જેવા પાટ પરથી ઊભા થવા ગયા ત્યારે તેમના પગની એક નસ અકડાઈ જવાના કારણે ઊભા થવાને બદલે તેઓ એક બાજુ પડી ગયા. શ્રાવકોએ દોડીને તેમને ઊભા કર્યા. પરંતુ તેઓ ચાલી શકે તેવી સ્થિતિમાં ન હતા. તેમને સાયટિકા નસમાં ભયંકર વેદના થવા લાગી. આખી નસ પર રોગનો પ્રભાવ પડી ગયો હતો અને તેઓને અપાર દર્દ થઈ રહ્યું હતું.

પૂજ્ય તપસ્વી મહારાજ સાધનાશીલ હતા. પરંતુ આવું શારીરિક દુઃખ ક્યારેય પણ આવેલું નહિ. તેથી આ અસહ્ય દુઃખને પચાવી શકવામાં ઘણી મુશ્કેલી પડી. તેઓ દાક્તરી દવા લેતા નહિ. જિંદગીમાં ક્યારેય ઇંજેક્શન લીધેલ નહિ. પૂ. તપસ્વી મહારાજને દાક્તરની દવામાં વિશ્વાસ પણ ન હતો. છતાં પણ ઘટતા ઉપચાર કર્યા, પરંતુ જરાપણ લાભ ન થયો.

**ચમત્કારિક ઉપચાર :**

આઠ દિવસ સુધી અસહ્ય વેદના ભોગવ્યા પછી એક ચમત્કાર થયો. રેલવેના એક ઑફિસરને

સમાચાર મળ્યા કે કોઈ સંત-મહાત્માને ભારે તકલીફ છે. પૂ. તપસ્વીજી મહારાજની તકલીફની તપાસ કરતાં કરતાં તે એક સવારનાં ઉપાશ્રય આવ્યા. સૌ તેમને મહારાજશ્રી પાસે લઈ આવ્યા. ઑફિસરે તપસ્વીજી મહારાજની પીડાને જાણી અને તે માટે યોગ્ય દવા લેવા માટે પાછા ગયા.

શ્રીસંઘના ભાઈઓએ તેમને ગાડી આપી. તે ઑફિસર કોઈ વનસ્પતિનો રસ લઈ આવ્યા હતા. તેમણે અડધા ગ્લાસ પાણી સાથે ૨ ચમચી રસ તપસ્વીજીને પિવડાવ્યો. ચમત્કાર થયો હોય તેમ દવા લેતાંની સાથે પાંચ મિનિટમાં દર્દ શાંત થયું. બધા ખુશ ખુશ થઈ ગયા. ઑફિસરનું સન્માન કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ સૌના આશ્ચર્યની વચ્ચે એ ભાઈ ક્યારે સીડી ઊતરી અલોપ થઈ ગયા તે કોઈને સમજાણું નહીં. દૈવી ચમત્કાર થયો હોય તેમ એ પરોપકારી નિઃસ્વાર્થી ભાઈ નજર સામેથી ખોવાઈ ગયા.

શ્રી જયંતમુનિજીએ પ્રવચનમાં આ ઘટના ઉપર વિસ્તારથી પ્રકાશ નાખ્યો અને કહ્યું કે "આપણે ત્યાગ-વૈરાગ્યના પથ પર ચાલીએ તો દેવતાઓ પણ આપણું રક્ષણ કરે છે." દશવૈકાલિક સૂત્રમાં ભગવાને કહ્યું છે, દેવા વિ તમ્ નમંસન્તિ, જસ્સ ધમ્મે સયા મણો – જેનું મન સદા ધર્મમાં અનુરક્ત હોય છે તેમને દેવતાઓ પણ નમસ્કાર કરે છે.

પૂજ્ય તપસ્વી જગજીવનજી મહારાજના આ પ્રસંગમાં આ સૂત્ર સ્પષ્ટ જોઈ શકાય છે. આ ચમત્કારિક ઉપચારથી સૌ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. આશ્ચર્ય એ હતું કે, ઉપચાર આપનારને કોઈએ ફરીથી જોયા જ નહીં, એટલે સન્માન તો ક્યાંથી થાય !

**પૂર્વભારતની ભાવના અને ગુરુદેવની અનુમતિ :**

વિહારનો દિવસ નજીક આવી ગયો હતો. મુનિરાજો પણ વિદાય લઈ, પુનઃ વિચરણ કરવા માટેની તૈયારી કરી રહ્યા હતા. ગુરુદેવ શ્રી પ્રાણલાલસ્વામીના પત્રો બરાબર આવતા હતા. અહીંથી પણ જવાબ જતા હતા. ગુરુદેવનો આગ્રહ હતો કે હવે કાઠિયાવાડ તરફ નજર કરો અને પાછા ફરો.

મુનિરાજો પણ વિહાર માટે પાંખો ફફડાવી રહ્યા હતા. ચાતુર્માસ પછી કલકત્તામાં દોઢ મહિનાથી પણ વધારે સ્થિરતા થવાથી ચાતુર્માસ છ મહિનાનું થઈ ગયું હતું.

જમશેદપુરથી શેઠ નરભેરામભાઈ દર્શન કરવા માટે આવ્યા ત્યારે આગળના વિહાર માટેનો તેમણે પ્રશ્ન કર્યો. પરંતુ વિહારનો કોઈ નકશો તૈયાર ન હતો.

દરમિયાન નરભેરામભાઈએ પ્રસ્તાવ મૂક્યો કે "ગુરુદેવ, એકલા કલકત્તાને લાભાન્વિત કરી તમે પાછા ફરો અને અમે બધા ચોમાસાના લાભથી વંચિત રહીએ, સાવ કોરા રહીએ એ નહિ બની શકે. આપશ્રી મહાવીર ભગવાનની ભૂમિમાં પધાર્યા છો. આ ભૂમિને ખેડવાની જરૂર છે. આપ દસ વરસનું પ્લાનિંગ કરો. ટાટાનગર અને ઝરિયામાં આપણા સમાજનો મોટો સમુદાય

વસે છે. તેમને પણ આપના લાભની જરૂરત છે. ગુરુદેવને સમજાવવાનું કામ અમારું છે. વિહારની બધી વ્યવસ્થા માટે અમે સૌ તૈયાર રહીશું."

ગુરુદેવની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકાય તેમ ન હતું. પરંતુ ગુરુદેવને સમજાવી તેમની આજ્ઞા મેળવવાની હતી. પુનઃ કલકત્તાના કેટલાક શ્રાવકો સાથે નરભેરામભાઈ ગુરુદેવના દર્શનાર્થે ગયા. પૂજ્ય ગુરુદેવ પ્રાણલાલજી મહારાજે પૂર્વ ભારતના શ્રીસંઘો અને શ્રાવકોની ભાવનાને યોગ્ય પ્રતિસાદ આપ્યો. પ્રતિનિધિઓ ટાટાનગર અને ઝરિયાના ચાતુર્માસની રજામંદી લઈને આવ્યા. આમ વિહારનો માર્ગ મોકળો થયો.

પ્રથમ ઝરિયા અને ત્યારબાદ ટાટાનગર, એમ બે ચાતુર્માસ કર્યા પછી બાકીનું પ્લાનિંગ ગોઠવવાનો નિર્ણય થયો. અત્યારે ઝરિયાનું ચાતુર્માસ વિહારનું અંતિમ લક્ષ્ય હતું.

શ્રી જયંતમુનિએ જાહેર કર્યું કે તેમને શાંતિનિકેતન જવાની ભાવના છે. શાંતિનિકેતન વિશ્વવિખ્યાત સ્થળ છે. વિશ્વકવિ રવીન્દ્રનાથ ટાગોરનું કલાકેન્દ્ર છે. ત્યાં પ્રાચીન સંસ્કૃતિ સાથે અર્વાચીન સંસ્કૃતિનો મેળ કરી, કલાયુક્ત શિક્ષા આપી, છાત્રોને તૈયાર કરવાની પદ્ધતિ અપનાવી છે. ત્યાં ઘણા ગુજરાતી કલાકારોએ પણ પ્રશિક્ષણ લીધું છે. શેઠ શાંતિલાલ વનમાળી પણ ત્યાં થોડો સમય રહ્યા હતા. આ બધાં કારણોથી મુનિશ્રીને શાંતિનિકેતનનું આકર્ષણ હતું.

પ્રથમ શાંતિનિકેતનનું નિરીક્ષણ કરી, પછી સેંથિયા કેટલાક દિવસની સ્થિરતા કરવાની ભાવના હતી. સેંથિયામાં ગુજરાતી જૈનો નથી, પરંતુ ત્યાં ઓસવાળ જૈનોનાં પચાસ ઘર હતાં. તેરાપંથી અને સ્થાનકવાસી ઓસવાળ પરિવારો ત્યાં વરસોથી વસી ગયા હતા. શાંતિનિકેતન પણ સેંથિયાની પાસે જ હતું. આ રીતે શાંતિનિકેતન અને સેંથિયાનો કાર્યક્રમ સંઘમાં જાહેર કરવામાં આવ્યો. જે ભાઈ- બહેનોને વિહારમાં સાથે રહી સેવા કરવાની ભાવના હોય તેઓને પોતાનાં નામ લખાવવા અનુરોધ કર્યો. વિહારની બધી વ્યવસ્થા જૈન યુવક સમિતિને સોંપવામાં આવી હતી.

વિહારયાત્રાની પૂરી જવાબદારી ચંદુભાઈ મરચાવાળાને સોંપવામાં આવી. ખરેખર, તેઓએ જૈન યુવક સમિતિને સાથે રાખી બખૂબી વિહારવ્યવસ્થા ગોઠવી હતી. પોતે ખૂબ રમૂજી હોવાથી યુવકો પાસે હસાવીને કામ લેતા હાત. ખાવા-પીવાના ખૂબ જ શોખીન હોવાથી રસોઈમાં રોજ નવી નવી ભાત પડતી. પચાસ જેટલા યુવકો વિહારમાં સાથ આપી રહ્યા હતા. જૈન યુવક સમિતિની સેવા પ્રશંસનીય હતી. બર્દવાન થઈને શાંતિનિકેતનનો વિહાર નક્કી કર્યો હતો.

**ધર્મનો સાચો મર્મ :**

૨૭ નં. પોલોક સ્ટ્રીટ ઉપાશ્રયથી વિહાર કરી, તિરેટા બજારમાં પગલાં કરવાનાં હતાં. ત્યાં એક દિવસ રોકાઈને દાદાજીના બગીચે જવાનું હતું. તિરેટા બજારના એક જ મકાનમાં લગભગ

સો જેટલાં જૈન ઘર હતાં. એમ સમજો કે ત્યાં સો ઘરનો નાનો એવો સંઘ હતો. ત્યાંના ભાઈઓએ સંગઠિત થઈ વિનંતી કરી હતી. ઉપરની વિશાળ છતમાં શામિયાણો બાંધી પ્રવચન ગોઠવ્યું હતું.

મુનિશ્રીએ ઉપાશ્રયથી વિહાર આરંભ કર્યો અને તિરેટા પધાર્યા. ત્યાંનાં ભાઈ-બહેનોએ સૌનું સ્વાગત કર્યું. શ્રી જયંતમુનિજીએ વ્યાખ્યાનમાં ફરમાવ્યું કે "તિરેટા એક કોઠી નથી, પરંતુ એક ગામ છે. અહીં ભાઈઓએ સંગઠિત થઈ જે લાભ ઉઠાવ્યો છે તે સૌ અભિનંદનને પાત્ર છે. મનુષ્યજીવન કેવળ ભોગ-ઉપભોગ માટે નથી. ધન મેળવવું તે મનુષ્યનું એકમાત્ર લક્ષ નથી. લક્ષ તો જીવનની શાંતિ અને ધર્મની આરાધના છે. તેમાં ધન સાધનરૂપે છે. આજીવિકા રળવા સિવાય પણ મનુષ્યનાં ઘણાં કર્તવ્યો હોય છે. જો આ કર્તવ્ય બજાવી શકે તો તેની કમાણી સાર્થક છે." વ્યાખ્યાન સમાપ્ત થયા પછી પ્રભાવના અને અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

કાશીથી કલકત્તાનો વિહાર અને ચાતુર્માસ શ્રી જયંતમુનિજીના શ્રમણજીવનનો મહત્ત્વ કાળ બની રહ્યો. કાશીમાં કરેલા અધ્યયનને અનુભવનું સિંચન આ સમયગાળામાં અને આ ક્ષેત્રમાં મળ્યું. જીવન એક નવી દિશા તરફ વળી રહ્યું હતું તેનો અણસાર સ્વયં મુનિરાજોને પણ ન હતો. પરંતુ બીજ અંકુરિત થઈને પલ્લવિત થઈ રહ્યું હતું. ભવિષ્ય અજાણ રીતે આકાર લઈ રહ્યું હતું.

❑



## ૨૩

# બંગાળની સંસ્કૃતિ અને ગ્રામીણ પ્રદેશ

**પૂ**ર્વભારતમાં ગુજરાતી જૈનોની સૌથી વધુ સંખ્યા કલકત્તામાં છે. જમશેદપુર અને ઝરિયાના કોલફિલ્ડમાં પણ આપણા સમાજના ભાઈઓ સારી સંખ્યામાં વસેલા છે. તે ઉપરાંત કોલફિલ્ડનાં નાનાં ક્ષેત્રો તેમજ બંગાળ અને બિહારના છૂટાછવાયા પ્રદેશોમાં પણ જૈન કુટુંબો વસેલાં છે. ઓરિસ્સાનાં મુખ્ય શહેરો અને અંદરના પ્રદેશમાં પણ ગુજરાતીઓ અને જૈન કુટુંબો સારી એવી સંખ્યામાં જોવા મળે છે.

શ્રી જયંતમુનિજીને પૂજ્ય ગુરુદેવ પ્રાણલાલજી મહારાજ તરફથી ઝરિયા અને જમશેદપુરમાં બે ચાતુર્માસની આજ્ઞા મળી હતી. આ આજ્ઞા પાછળનો શુભ હેતુ એ હતો કે પૂર્વભારતનાં ક્ષેત્રોને આપણા જૈન મુનિઓનો લાભ મળે અને આવતી પેઢીને જૈન સંસ્કારો મળે. એટલે પૂ. જયંતમુનિજીની ભાવના હતી કે ઝરિયા અને જમશેદપુરનાં મોટાં ક્ષેત્રોને તો લાભ આપવો જ, પણ માર્ગમાં આવતાં નાનાં ક્ષેત્રો ઉપરાંત બંગાળ - બિહારના અંદરના પ્રદેશોમાં જ્યાં જૈનોની સંખ્યા પાંખી હોય તેમને પણ લાભ મળે એ રીતે વિહારના કાર્યક્રમ ગોઠવવા. તે માટે જરૂર પડે તો થોડા લાંબા અને મોટા ફેરાના વિહાર માટેની તેમણે તૈયારી રાખી હતી. આવી મંગલ કામનાથી શ્રી જયંતમુનિજીએ તપસ્વીજી મહારાજ અને નવદીક્ષિત ગિરીશમુનિ સાથે કલકત્તાથી પૂર્વ ભારતમાં વિહાર શરૂ કર્યો.

કલકત્તા શ્રીસંઘે દાદાજીના બગીચે વળામણું રાખ્યું હતું. ત્યાંથી મુનિવરોએ જી. ટી. રોડ થઈ, કેટલાંક નાનાંમોટાં ક્ષેત્રોનો સ્પર્શ કરી બર્દવાન આવ્યા. બર્દવાનમાં અંગ્રેજના જમાનાનું મોટું પ્રવેશદ્વાર છે, જે

કરજન ગેટ કહેવાય છે. જી. ટી. રોડથી પ્રવેશતાં બર્દવાનનો આ ગેટ આવનારનું સહેજે ધ્યાન ખેંચે છે. આવનારનું સ્વાગત કરવા માટે જ દ્વાર બનાવ્યો હોય તેવી લાગણી થાય છે. એટલે તેનું દેશી નામ બીજતોરણ રાખ્યું છે તે સુયોગ્ય જ છે.

કરજન ગેટની બાજુમાં દલપતભાઈ અને ડાહ્યાભાઈનું વિશાળ મકાન આવેલું હતું. બંને ભાઈઓ વૈષ્ણવ પરિવારના હતા છતાં જૈનાના રંગે રંગાઈ ગયા હતા. તેમનાં માતુશ્રી ભદ્ર સ્વભાવનાં અને ઉદાર દિલનાં ભાવિક મહિલા હતાં. સંતો પ્રત્યે અપાર સ્નેહ ધરાવતા હતા. માતુશ્રીએ આખા પરિવારને સંતભક્તિના સુંદર સંસ્કારો આપ્યા હતા. પરિવારમાં જૈનની દીકરીઓ આવવાથી ઘરનું વાતાવરણ જૈન સંસ્કૃતિને અનુકૂળ થઈ ગયું હતું.

બર્દવાનમાં ગુલાબચંદ ભવાન, શ્રીયુત ખોડીદાસ ઍલ્યુમિનિયમવાળા તથા વાસણના વેપારી ભાઈઓએ સેવામાં ખૂબ જ ભાગ લીધો અને અતિથિઓની સેવા બજાવી. ગુજરાતી ઉપરાંત હરિયાણાના ત્રીસથી ચાલીસ જેટલાં ઘરો હતાં. સમગ્ર સમાજે હાર્દિક સ્વાગત કર્યું. મુનિઓના સ્વાગતમાં મુસ્લિમ કવિનો વિશેષ ડાયરો રાખ્યો હતો. કલકત્તાથી પણ ૨૫૦ માણસો આવ્યા હતા.

આ રીતે નાનાં કેન્દ્રોમાં મુનિઓ વિચરણ કરવાથી તેમનો મોટાં શહેરોના જૈન સમાજ સાથેનો પરિચય વધ્યો, જૈન સંસ્કારો તાજા થયા. જેઓ દૂરના એકાંત વિસ્તારમાં રહેતા હતા તેઓ પણ મુખ્ય સામાજિક અને ધાર્મિક પ્રવાહમાં સહેલાઈથી ભળી ગયા.

મુનિજી બર્દવાનથી શાંતિનિકેતન તરફ આગળ વધ્યા. પાનાગઢથી શાંતિનિકેતનનો રસ્તો જુદો પડે છે. જી. ટી. રોડ પશ્ચિમ તરફ જાય છે, જ્યારે શાંતિનિકેતનનો રસ્તો ઉત્તરમાં વળે છે.

મુનિશ્રી જ્યારે શાંતિનિકેતન પહોંચ્યા ત્યારે તેમને ઘણી જ નવાઈ લાગી. ત્યાં પચાસ-સાઠ જેટલાં ઓશવાળ જૈન ભાઈ-બહેનો સ્વાગતમાં આવ્યાં હતાં. શાંતિનિકેતનમાં એક પણ જૈનનું ઘર ન હતું. તો સહેજે પ્રશ્ન થયો કે આ બધા ભાઈઓ ક્યાંથી આવ્યા? સ્વાગતમાં શ્રી સંપતલાલજી, મોહનલાલજી, ભંવરમલજી, લાલચંદજી પારેખ ઇત્યાદિ ભાઈઓ મુખ્ય હતા.

ગુરુદેવે આશ્ચર્યથી પૂછ્યું, "આપ ક્યાંથી આવ્યા છો?"

ઓશવાળભાઈઓએ સહજ મારવાડી લચકમાં કહ્યું, "બાપજી, અઠે સેંથિયો." (અહીં સેંથિયાથી).

સેંથિયામાં ૫૦ જૈનોનાં ઘર છે. સ્થાનકવાસી - તેરાપંથી બધા સંમેલિત છે. મારવાડીભાઈઓએ મુનિઓને વિધિવત્ વંદના કરીને મારવાડી ભાષામાં વિનંતી કરી કે, "બાપજી, આપકો સેંથિયા આના પડેગા. હમ સબ વિનંતી કરને આયો હો." તેમના મુખ પર એટલો બધો હર્ષ અને ભક્તિભાવ હતા કે તેમની ભાવભરી વિનંતી નકારી શકાય તેમ ન હતી.

સેંથિયા આજી નદીના કિનારે શોભતું સુંદર ગામ છે અને મોટું રેલવે સ્ટેશન છે. ગામનો

બધો વ્યાપાર જૈન ભાઈઓના હાથમાં છે. અત્યાર સુધી સ્થાનકવાસી, દેરાવાસી કે તેરાપંથી, કોઈ પણ સાધુ સેંથિયા ગયા ન હતા. પૂજ્ય તપસ્વી મહારાજનું આગમન એ જૈન સાધુનો સેંથિયા પધારવાનો પ્રથમ પ્રસંગ હતો. શાંતિનિકેતન બે દિવસની સ્થિરતા હતી.

૨૭ નંબર, પોલોક સ્ટ્રીટ ઉપાશ્રયનું ચણતર જેમણે કર્યું હતું તે કોન્ટ્રક્ટર બેનરજી બાબુ ખાસ શાંતિનિકેતનમાં રહેતા હતા. ત્યાં તેમણે ભવ્ય બંગલો બનાવ્યો હતો. તેઓ કલકત્તામાં ચાતુર્માસ દરમિયાન દર્શન કરી ગયા હતા. તેમણે જૈન ભાઈઓનું અને મુનિશ્રીનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. એમની કોઠી ઉપર જ ઊતરવાનું થયું. બંગાળી બહેનોની ભક્તિનું પૂછવું જ શું ? બંગાળમાં સાધુ પ્રત્યે અનન્ય ભક્તિ હોય છે, ખાસ કરીને બંગાળનો મહિલા વર્ગ તો સંતોનાં દર્શન થતાં જ ભક્તિપૂર્વક ઝૂકી પડે છે. બેનરજીબાબુએ રસગુલ્લાના ટોકરા મંગાવી વિહારી ભાઈઓને ખૂબ સંતોષ્યા.

અહીં આપણે શાંતિનિકેતનનો થોડો પરિચય આપીએ.

**લલિતકળાનું સંસ્કૃતિધામ :**

મહાકવિ રવીન્દ્રનાથ ટાગોરે વીરભૂમ જિલ્લાની તેમની પૈતૃક ભૂમિમાં શાંતિનિકેતનની સ્થાપના કરી. તેમણે શાંતિનિકેતનમાં નિરામિષ જીવનની શરૂઆત કરી હતી. તેઓ એક વખત બગીચામાં બેઠા હતા. તેમણે જોયું કે કોઈ નાના પક્ષી પાછળ બાજ પડ્યું હતું. આ નાનકડું પક્ષી પાંખો ફફડાવીને ટાગોરની પાસે આવી ગયું. ત્યારે તે પક્ષી નિર્ભય બની ટાગોરની સામે આંખ પટપટાવી પ્રેમપૂર્વક જોવા લાગ્યું. આ પ્રસંગથી ટાગોરને નાનાં પ્રાણીઓના જીવનની કિંમત સમજાણી અને તે જ ક્ષણે તેમણે માંસાહારનો ત્યાગ કરી દીધો. **"સવ્વે જીવા વિ ઇચ્છંત્તિ, જીવિઉં ન મરિજ્જિઉં"** - અર્થાત્ બધા જીવો જીવવાની ઇચ્છા રાખે છે, કોઈને મરવું ગમતું નથી, ભગવાન મહાવીરના આ અમર સૂત્રને ટાગોરે ચરિતાર્થ કર્યું.

તેમણે શાંતિનિકેતનમાં શિક્ષણસંસ્થાનો પાયો નાખ્યો. લલિતકળાઓનો વિસ્તાર આ શિક્ષણસંસ્થાનો ધ્યેય હતો. તેઓશ્રીએ સંસ્થાને 'શાંતિનિકેતન' એવું સુંદર મંગલમય નામ આપ્યું. નામ એટલું સુંદર હતું કે તરત જ માણસોની જીભે ચડી ગયું. તે સાહિત્ય, સંગીત, શિલ્પ, વાદ્ય અને નૃત્ય એ પાંચ મુખ્ય લલિતકળાઓની સાધનાભૂમિ છે. શાંતિનિકેતનમાં સંપૂર્ણ ભારતથી અને વિશ્વના બીજા દેશોથી તેજસ્વી વિદ્યાર્થીઓ તથા ઊંચી કક્ષાના વિદ્વાનો અભ્યાસ માટે આવવા લાગ્યા. રવીન્દ્રનાથ જીવિત હતા ત્યાં સુધી કોઈ મોટાં મકાનો બાંધવાની તેઓએ ના પાડી. પ્રાકૃતિક રીતે વૃક્ષોની નીચે બેસીને અભ્યાસ કરવો અને કરાવવો તેવી તેમણે વ્યવસ્થા કરી. રહેઠાણ માટે પ્રાકૃતિક ધોરણનાં, પરંતુ કલાયુક્ત, બંગાળની સંસ્કૃતિને ઉજાગર કરે તેવાં માટીનાં દેશી ઘર બનાવ્યાં હતાં.

મુનિવર પધાર્યા ત્યારે મહાકવિ રવીન્દ્રનાથ પરલોકવાસી થઈ ગયા હતા. શ્રીયુત ક્ષિતિજબાબુ શાંતિનિકેતનનું સંચાલન કરતા હતા, તેઓએ જૈનમુનિઓનું સ્વાગત કરી આનંદની અનુભૂતિ વ્યક્ત કરી. આ પહેલાં શાંતિનિકેતનમાં કોઈ જૈન સાધુ આવેલા નહીં. પૂજ્ય તપસ્વીજી મહારાજ, જયંતમુનિજી અને ગિરીશમુનિનું જ પ્રથમ પદાર્પણ થયેલું. તેઓએ રાત્રે કલાપ્રદર્શનના એક વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું અને મુનિવરોને આમંત્રણ આપ્યું. શાંતિનિકેતન એક સાધનાભૂમિ છે જે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરે છે. મહાત્મા ગાંધી તથા રવીન્દ્રનાથ ટાગોરનું પ્રથમ મિલન અહીં થયું હતું. તેઓ ગાંધીજી પ્રત્યે તેઓ શ્રદ્ધા ધરાવતા હતા. કહેવાય છે કે ગાંધીજીને સર્વપ્રથમ મહાત્મા સંબોધન રવીન્દ્રનાથ ટાગોરે કર્યું હતું.

**સૈંથિયામાં સુધારાવાદી પ્રયોગ :**

બે દિવસ શાંતિનિકેતનનો આનંદ લઈ મુનિવરોએ સૈંથિયા માટે પ્રયાણ થયું. સૈંથિયાનાં ભાઈબહેનો નિરંતર દર્શનાર્થે આવી રહ્યાં હતાં. સૈંથિયામાં પગ મૂક્યો ત્યારે લાગ્યું કે આપણે રાજસ્થાન આવી ગયા છીએ. મારવાડી વેશભૂષામાં સજ્જ થયેલા શ્રાવકો સામે આવ્યા હતા.

સૈંથિયામાં જૈન મંદિરમાં મુનિવરો ઊતર્યા હતા. આશ્ચર્ય થયું કે સૈંથિયામાં એક પણ દેરાવાસી ઘર નથી તો આ મંદિર કોણે બનાવ્યું? આ જૈન મંદિરની પ્રતિષ્ઠા કોણે કરી હશે?

શ્રી જયંતમુનિએ આશ્ચર્યથી પૂછ્યું કે, “અહીં મૂર્તિપૂજક શ્રાવકો તો કોઈ છે નહીં. તો આ મંદિર કોણે બનાવ્યું?”

ભાઈઓએ કહ્યું, “સાહેબ, અહીં સૈંથિયામાં ૧૫૦ વરસથી જૈન ભાઈઓ વસી ગયા છે. અમારા બાપદાદાઓએ વિચાર કર્યો કે જૈન સાધુઓ તો અહીં સુધી પધારી શકવાના નથી. કોઈ અવલંબન નહીં હોય તો અમારાં બાળકો જૈન ધર્મને ભૂલી જશે. જૈન સંસ્કૃતિ ટકાવી રાખવા માટે સ્થાનકવાસી અને તેરાપંથી હોવા છતાં તેઓએ આ જૈન મંદિર બનાવ્યું અને એક નવો દાખલો બેસાડ્યો. પૂજા માટે બ્રાહ્મણ પંડિત નિયુક્ત કર્યા. પોતાના ધર્મના પાલનની સાથેસાથે મંદિર-પરંપરા ટકાવી રાખી.”

આ વાત સાંભળીને જયંતમુનિજીએ ઘણી પ્રસન્નતા અનુભવી.

સૈંથિયામાં શ્રી જયંતમુનિને બીજી નવાઈ એ લાગતી હતી કે શોભાયાત્રામાં એક પણ મહિલા ન હતી. તેમજ પ્રથમ વ્યાખ્યાન થયું ત્યારે પણ બહેનોની સર્વથા ગેરહાજરી હતી.

મુનિજી ગોચરીએ પધાર્યા ત્યારે બહેનોને પૂછ્યું કે, “કેમ કોઈ પ્રવચનમાં નથી આવતાં?”

બહેનોએ પ્રત્યુત્તર આપ્યો કે, “ગુરુદેવ, એ વાતનું મોટું દુઃખ છે. અહીં સૈંથિયામાં દિવસનાં મારવાડી બહેનો બજારમાં નીકળતા જ નથી. રૂઢિચુસ્ત ઓશવાળ સમાજે તેના ઉપર પ્રતિબંધ મૂક્યો છે. અમો બહુ જ વહેલી સવારે મંદિરમાં દર્શન કરીને આવી જઈએ છીએ. અમને આપના પ્રવચનનો લાભ મળશે નહીં.”

જયંતમુનિજીએ લાગ્યું કે આ તો બહુ પેચીદો પ્રશ્ન છે અને સમાજને કહેવાથી સમાધાન થાય તેવું લાગતું નથી, માટે નવો જ રસ્તો લેવો પડશે.

મુનિજીએ બહેનોને ખાનગીમાં કહ્યું કે, "તમારે ક્રાન્તિ કરવી પડશે. પુરુષોને પૂછવાની જરૂર નથી. અંદરોઅંદર વાત કરી લો અને જેવો વ્યાખ્યાનનો સમય થાય ત્યારે દરેક ઘેરથી બહેનો એકસાથે નીકળી પડો."

બહેનોએ થોડી આનાકાની સાથે વાત સ્વીકારી અને કહ્યું કે, "તમારા શ્રાવકો વધારે વિરોધ કરે તો આપે સંભાળી લેવું પડશે."

બહેનો હિંમતવાળી હતી. તેઓ અંદરોઅંદર સંગઠિત થઈ ગઈ. ઇશારાથી ઘરે ઘરે વાત પહોંચાડી દીધી અને પુરુષોને અજાણ રાખ્યા. મુનિશ્રીને સુખદ આશ્ચર્ય થયું કે નવ વાગતાં જ બધી બહેનો સમૂહમાં મંદિરમાં પહોંચી. ભગવાન મહાવીરના નામનો જયનાદ કર્યો. પુરુષો તો ચકિત જ રહી ગયા. આ કેવી રીતે બની ગયું ! તેમને સમજતા વાર ન લાગી. સભાભવનમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. સો વરસથી જે બહેનો બજારમાં નીકળી ન હતી તેમને આજે સ્વતંત્રતા મળી હતી. ત્યારબાદ આખો પ્રશ્ન મુનિશ્રીએ પ્રવચનમાં સંભળાવ્યો. તે દિવસથી બહેનોને છૂટ થઈ તે થઈ. શ્રી જયંતમુનિજીની સુધારાવાદી વિચારને તરત જ અમલમાં મૂકવાની હિંમતને કારણે બહેનોને જે મુક્તિ મળી તે આજ સુધી ચાલુ છે. બધી બહેનો મુનિશ્રીને ખૂબ જ યશ આપી રાજી રાજી થઈ હતી.

સેંથિયા પંદર દિવસનો મુકામ હતો. શ્રાવક-શ્રાવિકાઓ ધર્મના રંગે રંગાયાં. બહેનોએ મોટી તપશ્ચર્યાઓની ઉપાસના કરી. જ્યારે પારણાં ઊજવાયાં ત્યારે પૂરા સંઘમાં આનંદનો સાગર હિલોળે ચઢ્યો હતો. સેંથિયામાં ખૂબ જ ઘાટો સંબંધ બંધાયો. આજે ૫૦ વર્ષ પછી પણ સેંથિયાનાં શ્રાવક-શ્રાવિકાએ એકધારી ભક્તિ જાળવી રાખી છે. હાલમાં જ એક બસ ભરીને સેંથિયાનાં શ્રાવક-શ્રાવિકાઓ પેટરબાર ગયાં હતાં. બા. બ્ર. પૂજ્ય જયાબાઈ સ્વામી પણ સેંથિયા પધાર્યાં હતાં. તેમના સન્માનમાં ભોજરાજજી પારેખે માસક્ષમણની તપશ્ચર્યા કરી હતી. સેંથિયા રતન જેવું ગામ નીકળ્યુ.

મુનિરાજ સેંથિયાથી વિહાર કરી શિવરી પધાર્યા. આ આખા જિલ્લાનું નામ વીરભૂમ જિલ્લો છે. શિવરી જિલ્લાનું મુખ્ય કેન્દ્ર છે. બેચાર ગુજરાતી પાટીદારોનાં ઘર પણ શિવરીમાં છે. સૌએ ભક્તિ કરી. શિવરીથી રાણીગંજ જવાનું હતું. રસ્તામાં રૂપાણીબાપાની એક ચોખાની મિલ હતી. કલકત્તામાં રહીને અહીં બંગાળમાં આટલે દૂર મિલનો વહીવટ સંભાળતા હતા. તેમને સમાચાર મળ્યા કે મહારાજશ્રી આ રસ્તે પધારવાના છે ત્યારે આખો પરિવાર અગાઉથી આવી ગયો હતો. તેમણે મિલમાં પગલાં કરાવ્યાં.

**ખેતરને બદલે ખાણ :**

મુનિરાજોએ બંગાળના ખેતીપ્રધાન ગ્રામીણ વિસ્તારમાં વિચરણ કરી, બંગાળ - બિહારના કોલસાની ખાણના પટ્ટા તરફ વિહાર કર્યો. આ વિસ્તારમાં કોલસાની ખાણો ચારે તરફ પથરાયેલી છે. હવે ચારે તરફ ખેતરને બદલે કોલસાની ખાણો નજરમાં આવતી હતી.

શિવરીથી રાણીગંજ લગભગ ૪૦ માઈલ દૂર હતું. મુનિવરો બે દિવસ પછી રાણીગંજ પધાર્યા. ત્યાં મારવાડી ધર્મશાળામાં નિવાસ કર્યો. અહીં ગોપાલજીભાઈ પતીરા તથા ન્યાલચંદભાઈ મહેતા પરિવારો સુખીસંપન્ન હતા. બંને પરિવારમાં પુત્રોની સંખ્યા સારી હોવાથી ઘેઘૂર વડલો બન્યો હતો.

રાણીગંજના મારવાડીભાઈઓ મોટા વેપારી હતા. તેઓ રાણીગંજની શોભામાં વૃદ્ધિ કરતા હતા. તેઓએ પણ ગુરુદેવોની ભક્તિમાં કચાશ ન રાખી. ધર્મશાળામાં જાહેર પ્રવચનો ગોઠવવામાં આવ્યાં. મારવાડી સમાજને પણ ભક્તિનો રંગ લાગ્યો. ત્યાં ત્રણ દિવસનો મુકામ થયો.

રાણીગંજ, આસનસોલ, નિયામતપુર, સિતરામપુર, બર્નપુર અને બારાકર (બિહાર-હવેના ઝારખંડની સરહદ) સુધીના વિસ્તારમાં બંગાળની મોટી કોલિયારીઓ આવેલી છે. આ વિસ્તાર ગ્રામીણ બંગાળથી છૂટો પડી જાય છે. અહીંથી આગળ ધનબાદ, ઝરિયા અને બોકારો સુધી સળંગ ખાણ અને ઉદ્યોગનો મોટો પટ્ટો છે. અહીંનાં દરેક નાનાંમોટાં ગામ અને કેંદ્રમાં ગુજરાતી અને મારવાડીઓ વસી ગયા છે. તેમાં જૈનભાઈઓનાં પણ છૂટાંછવાયાં ઘર છે. શ્રી જયંતમુનિજીના આ વિસ્તારમાં વિચરણથી જૈન સંસ્કૃતિને નવું જીવન મળ્યું છે અને તે માટે જૈનો જયંતમુનિજીનો ઉપકાર હજુ સુધી યાદ કરે છે.

ઝરિયાના જૈન શ્રાવક હરચન્દમલજી જૈનની પણ એક મોટી કોલિયારી રાણીગંજ અને આસનસોલની વચ્ચે હતી. જયંતમુનિજી રાણીગંજથી આસનસોલ આવ્યા ત્યારે આ કોલિયારી પર થોડો સમય રોકાયા હતા. જૈન સાહેબના મૅનેજરે સારી આગતા-સ્વાગતા કરી હતી.

આસનસોલ મુનિઓનું પદાર્પણ થયું ત્યારે હજી આસનસોલમાં જૈન ઉપાશ્રયનું નિર્માણ થયું ન હતું. પૂજ્ય તપસ્વી મહારાજ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં જૈન ભવન નિર્માણ કરવાની પ્રેરણા આપતા. આસનસોલ સંઘ નાનો હતો પણ ઉત્સાહ ઘણો હતો. આસનસોલની આસપાસ ઘણી કોલિયારીઓ છે. ત્યાંના નાનામોટા ગામમાં ઓછાવધતા જૈનોનાં ઘર વસેલાં છે.

આટલા લાંબા વિહારમાં મુનિજીએ આસનસોલ એક એવું ગામ જોયું કે જ્યાં કરોડોનો વેપાર વાણિયા નહીં પણ બ્રાહ્મણના હાથમાં છે. આલનસોલના ગુજરાતી બ્રાહ્મણ પરિવાર સંસ્કારી, ધર્મપ્રેમી, મોટા પાયે વેપાર કરનાર અને સુખી-સંપન્ન હતા. ત્યાંનો વેપાર પંડિત બ્રધર્સ, વ્યાસ પરિવાર, એન. પી. વ્યાસ વગેરેના હાથમાં હતો. એ વખતે શ્રી વર્ધમાનભાઈ જૈન સંઘના વડીલ

હતા. ગુરુદેવો ફરીથી રેલ અને રોડના ધોરી માર્ગ ઉપર આવી જતા કલકત્તાથી મોટી સંખ્યામાં દર્શનાર્થી ભાઈ-બહેનો આવવા લાગ્યાં. કહેવું પડશે કે સંઘ નાનો હોવા છતાં અતિથિસેવામાં તેણે ચાર ચાંદ લગાવી દીધા. સૌનું આસનસોલ શ્રીસંઘ પ્રત્યે સન્માન વધ્યુ.

સ્થાનિક ભાઈ-બહેનોની વિનંતીને માન આપી મુનિરાજ સીતારામપુર, ચિતરંજન, બરાકર, નિયામતપુર, આદિ ક્ષેત્રોને સ્પર્શ કરી બર્નપુર પધાર્યા. ત્યાં હરગોવિંદભાઈ તથા ધનજીભાઈ છગનભાઈ વરસોથી સાથે રહેતા હતા. બંને સાળા-બનેવી થતા હતા. ધનજીભાઈ જમશેદપુર નિવાસી ભીખાભાઈના નાનાભાઈ હતા. તેમને સંતો પ્રત્યે અપાર ભક્તિ હતી.

બર્નપુરમાં ૨-૪ દિવસની સ્થિરતા કરી મુનિશ્રી દામોદર પધાર્યા. દામોદર નદીના કિનારે દામોદર નામનું રેલવે સ્ટેશન છે, તેથી ગામનું નામ પણ દામોદર પડ્યું છે. ત્યાં એક ગુજરાતી ઠેકેદાર રહેતા હતા. પૂરા પરિવારે ઘણી ભક્તિ બજાવી.

બીજે દિવસે રેલવેના ઓપન પુલ પરથી દામોદર નદી પાર કરવાની હતી. એ સમયે હજુ એટલા પુલ બંધાયા ન હતા. આ ઘણું સાહસભરેલુ અને ભયંકર પગલું હતું. પરંતુ બીજો ઉપાય ન હતો. રેલવેના સ્ટેશન માસ્તરોથી વાતચીત થઈ હતી.

આ રસ્તે માલગાડીઓની ઘણી જ અવરજવર થાય છે. એટલે પુલ પાર કરતી વખતે ગાડી આવી જાય તો સીધી મૃત્યુની જ મુલાકાત થાય. આવા ખુલ્લા પુલ ઉપર વારંવાર અકસ્માતો થતા રહે છે અને ગરીબ માણસો માર્યા પણ જાય છે. પુલ પર ઉતાવળા પગલે ચાલી શકાતું નથી. પ્રભુ મહાવીરનું નામ લઈ મુનિઓએ એક ઝપાટે પુલ પાર કર્યો. છેલ્લું પગલું પ્લેટફોર્મ ઉપર મૂક્યું ત્યારે એક ગાડી ધસમસતી પાર થઈ. હૃદય ધ્રૂજી ઊઠ્યાં. એક મિનિટ મોડું થયું હોત તો પરિણામ કેવું આવત? પરંતુ સાક્ષાત્ ધર્મનો પ્રભાવ જોઈ શકાય છે. ઝરિયાથી શંકરભાઈ વગેરે ઘણા ઉત્સાહી ભાઈઓ દામોદર નદીનો પુલ પાર કરવા માટે આવી ગયા હતા.

કલ્પના કરી શકાય છે કે આજથી પચાસ વર્ષ પહેલાં જૈન શાસનના ધ્વજને લહેરાતો રાખવા માટે પૂ. તપસ્વી જગજીવનજી મહારાજ, પૂ. જયંતીલાલજી મહારાજ અને નવદીક્ષિત ગિરીશમુનિએ કેવી વિકટ પરિસ્થિતિમાં પૂર્વભારતનું ખેડાણ કર્યું હતું !

દામોદર પાર કરીને મુનિશ્રીઓ અનાડા પહોંચ્યા. અનાડામાં શ્રી પ્રભાશંકરભાઈ સિનેમાવાળા, વનેચંદભાઈ, છગનભાઈ વગેરે સમૃદ્ધ પરિવારો હતા. આ સિવાય ત્યાં ગુજરાતી ઠેકેદારોનાં પણ ઘર હતાં. ગુરુદેવો પધારવાથી તેઓ ઘણા ખુશ થઈ ગયા. અનાડામાં આવો લાભ મળે તે કલ્પના બહારની વસ્તુ હતી. મણિબહેન ડહાપણવાળા, પ્રભાવશાળી અને ધર્મભક્તિવાળાં હતાં. અત્યારે પણ આ ત્રણે પરિવારનાં સંતાનો જયંતમુનિશ્રી પ્રત્યે અપાર ભક્તિ-શ્રદ્ધા ધરાવે છે અને સેવા બજાવે છે.

અનાડામાં સારો એવો લાભ આપી મુનિમહારાજ પુરુલિયા પધાર્યા. પ્રથમ વિહારમાં પુરુલિયા જાણીતું હોવાથી ત્યાં ઘણી સાતા ઊપજી. ડાગા પરિવાર તથા બીજા ઓસવાળ પરિવારનાં ભાઈઓ અને બહેનો સેવામાં તત્પર હતાં. ત્યાં ચાર-પાંચ દિવસની સ્થિરતા કરી રાંચી જવાનો કાર્યક્રમ નિર્ધાર કરવામાં આવ્યો હતો.

**વનાંચલમાં વિહાર :**

શ્રી જયંતમુનિજીએ કોલિયારીનો વિસ્તાર પાર કરીને ધીરે ધીરે છોટા નાગપુરના પહાડી અને આદિવાસી વિસ્તારમાં પ્રવેશ કર્યો. અત્યારે જ્યાં બોકારોનું વિશાળ પોલાદનું કારખાનું ધમધમી રહ્યું છે તે સ્થળ પચાસ વર્ષ પહેલાં એકદમ અવિકસિત હતું. એ સમયે ત્યાં રાંચી એક જ પ્રમાણમાં મોટું શહેર હતું. હાલમાં રાંચી ઝારખંડની રાજધાની છે.પૂરા વિસ્તારમાં ગીચ જંગલ અને પહાડો ફેલાયેલાં છે. મોટાભાગની વસ્તી આદિવાસીઓની છે.

મુનિશ્રીને પુરુલિયાથી ચાસમોડ, જયપુર, જાલદા, મુડી અને સિલી થઈ રાંચી પહોંચવાનું હતું. પુરુલિયાથી રાંચીવાળા ભાઈઓએ બધી વ્યવસ્થા કરી હતી.

ચાસમોડ - નારણપુર ડાક બંગલે એક દિવસ રોકાયા. અહીંથી એક રસ્તો ચાસ-બોકારો તરફ જાય છે અને બીજો નૅશનલ હાઇવે રાંચી જાય છે. વચ્ચે જયપુર નામનું નાનું દેશી રાજ્ય આવતું હતું. આઝાદી પછી સરકારે જમીનદારી લઈ લીધેલી. ત્યાંનાં રાજા-રાણી એક બંગલામાં રહેતાં હતાં. મુનિવરોની તેમને ત્યાં ઊતરવાની વ્યવસ્થા કરી હતી. ભાંગ્યું-તૂટ્યું તોય ભરૂચ. ત્યાંનો રાજવૈભવ હજુ એવો જ હતો. રાણીસાહેબે ઘણી ભક્તિપૂર્વક મુનિઓનું સ્વાગત કર્યું. રાજપરિવાર વૈષ્ણવ હોવાથી સંપૂર્ણ નિરામિષ હતો.

જાલદામાં ઓસવાળ પરિવારનો ઉપાશ્રય છે. બધા ભાઈઓ તેરાપંથી હોવા છતાં હાર્દિક સેવા બજાવી. શેઠ ઉત્તમચંદજી એ વખતે સમાજના વડીલ હતા. અહીં આવ્યા પછી જયંતમુનિજીની જાણમાં આવ્યું કે જાલદામાં ચરોતરના પટેલ પરિવાર કરોડોનો કારભાર કરે છે. તેમની ૩૦૩ છાપ બીડી પ્રસિદ્ધ હતી. અત્યારે હિતેષભાઈ તથા તેમનાં પત્ની નયનાબહેન આ બીડીનો કારભાર સંભાળી રહ્યાં છે. તેમને ત્યાં પણ મુનિજીએ પગલાં કર્યાં. જાલદાનો પ્રેમ માણી મુનિવરો મુડી પધાર્યા. ત્યાં કૈલાસબહેન પરિવારમાં મુખ્ય વ્યક્તિ હતાં.

મુડીમાં ગુજરાતી પરિવાર હોવાથી જયંતમુનિને અનુકૂળતા ઘણી રહી. શ્રીમતી ઝવેરબહેન ઘણાં ભક્તિવાન અને હોશિયાર હતાં. તેઓએ પણ સારી એવી ભક્તિ બજાવી. હવે રાંચી નજીક આવતાં ત્યાંનાં ભાઈ-બહેનો દર્શનાર્થે આવવા લાગ્યાં હતાં.

❑



૨૪

## અમારો છેલ્લો દા !

**રાં**ચીમાં લાલજી હિરજી રોડમાં આવેલી એક મોટી ઓસરીમાં મુનિશ્રીઓના ઊતરવાની વ્યવસ્થા ગોઠવી હતી.

રાંચીમાં દિગંબર જૈન સમાજ બહોળા પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે. રાંચીનું દિગંબર જૈન મંદિર આખા છોટા નાગપુરમાં એક દર્શનીય મંદિર છે. રાયબહાદુર હરચંદમલજી સમાજનું નેતૃત્વ સંભાળતા હતા. તેઓ ઘણા બાહોશ હોવાથી અંગ્રેજ સરકારે તેમને બહુ જ નાની ઉંમરમાં રાયબહાદુરની પદવી આપી હતી. આટલી નાની ઉંમરમાં રાયબહાદુરની પદવી લેનાર હરચંદજી જૈન એક આદર્શ વ્યક્તિ હતા. એ જ રીતે રાંચીના દોરંદા વિસ્તારમાં હીરાલાલ મોતીલાલ શ્વેતાંબરમાં અગ્રેસર વ્યક્તિ હતા. રાંચીમાં જૈન શ્વેતાંબરનું એક પણ સ્થાન ન હતું. પૂજ્ય મુનિવરોના સ્વાગતમાં આ બધા ભાઈઓ જોડાયા હતા. જરાપણ ધર્મના ભેદભાવ રાખ્યા વિના શ્રી રાયબહાદુર તથા હીરાલાલજીએ હાર્દિક સ્વાગત કર્યું હતું. રાંચીમાં લગભગ એક મહિનાનો મુકામ હતો. ગુજરાતી પરિવારો સારી સંખ્યામાં હતા અને સંપન્ન હોવાથી સર્વ પ્રકારે અનુકૂળતા હતી.

એ વખતે રાંચીમાં આપણા ચાર દિપ્તા પરિવારો મોટો વ્યવસાય સંભાળી રહ્યા હતા. ભાઈચંદભાઈ પંચમિયા, ધીરજલાલ નાગરદાસ શાહ, અનુપચંદભાઈ ખારા અને ભાઈચંદભાઈ બીડી-પત્તાવાલાના પરિવારો સુખીસંપન્ન અને ગાડી-બંગલાવાળા હતા. વિઠ્ઠલદાસભાઈ પરિવાર ઉપરાંત આખો ગુજરાતી સમાજ સેવારત હતો.

અહીં આવ્યા પછી ખબર પડી કે મિસ્ત્રી તરીકે ઓળખાતા ગૂર્જર

ક્ષત્રિય પરિવારો ઘણા ધનાઢ્ય હતા. તેઓ મુખ્યત્વે બાંધકામના વ્યવસાયમાં હતા અને ઠેકેદારી કરતા હતા. તેમના સમાજના મુખ્ય બે પરિવારમાં વરસોથી ઝઘડો ચાલ્યો આવતો હતો. તેના કારણે ગુજરાતી સમાજ વિકાસ કરી શક્યો ન હતો તેમજ રાંચી બહાર તેમના સમાજને કોઈ સ્થાન ન હતું.

શ્રી લાલજી હીરજી અને શ્રી રામજી વાલજીના પરિવાર વીસ વરસથી ઝઘડામાં ફસાયા હતા. બંને પરિવાર એકબીજાની નિંદા કરવામાં જરા પણ પાછી પાની કરતા ન હતા. ભગવાનની દયાથી હજુ કોર્ટ-કચેરી થઈ ન હતી.

લાલજી હીરજી એ રાંચીના નામાંકિત વ્યક્તિ હતા. રાંચી એરપોર્ટ તેમણે બનાવ્યું હતું અને સરકારનો પ્રેમ પ્રાપ્ત કર્યો હતો. મ્યુનિસિપાલિટીએ ખુશ થઈને એક રસ્તાનું નામ 'લાલજી હીરજી રોડ' રાખ્યું હતું. લાલજીભાઈની બહેન લક્ષ્મીનાં લગ્ન રામજી વાલજીના પુત્ર રણછોડભાઈ સાથે થયાં હતાં. બંને વેવાઈ કરોડાધીશ હતા. તેમણે એક કોન્ટ્રાક્ટ ભાગીદારીમાં લીધો. તેમાં લેવડ-દેવડમાં વાંધો પડ્યો. अर्थ क्लेशस्य कारणम् અર્થાત્ પૈસો જ ઝઘડાનું ઘર છે. આ રીતે બંને પરિવારો ખોટી રીતે આંતરિક ક્લેશમાં ફસાઈ પડ્યા. સમાજને ઘણું નુકસાન થયું. રોડની સામસામે બંને વેવાઈના બંગલાઓ હતા. લાલજીભાઈની બહેન સોળ વરસ થયાં પિયર આવી ન હતી. રામજી વાલજી મોટી મૂછવાળા વ્યક્તિ હોવાથી તેમણે વેવાઈને ત્યાં પગ મૂકવાની સખત કડક મનાઈ કરી હતી. ખરું પૂછો તો લક્ષ્મીબહેનની માતા સૌથી વધારે દુઃખી હતી. સામે જ દીકરીનું ઘર હતું. લેવડ-દેવડ તો દૂર રહી, બોલવાનો પણ વ્યવહાર ન હતો.

રામજી વાલજી શ્રી નરભેરામભાઈના મિત્ર હતા. તેઓ મુનિશ્રીના સ્વાગતમાં અને સત્સંગમાં ખૂબ જ ભાગ લઈ રહ્યા હતા. તેમનાં પત્ની રતનબહેન ખરેખર રતન હતાં. પરંતુ પરિવારના ઝઘડામાં બહેનોના અભિપ્રાયને કોણ સાંભળે? ગાંધારી અને કુંતીને આટલો બધો મેળ હોવા છતાં તેના પુત્રો એકબીજાની હત્યા કરવા માટે રણમેદાનને રોળી રહ્યા હતા. આ છે સંસાર. બિચારાં રતનબહેન શું કરે?

લાલજીભાઈની માતા કહેતાં, "બેટા, નમતું મૂકો. આપણે દીકરીના બાપ છીએ." પરંતુ વટવાળા એમ મૂકે ખરા? તેમણે માતાને વચમાં પડવાની સખત મનાઈ કરી દીધી.

શ્રી જયંતમુનિ રાંચી પધાર્યા ત્યારે તેમને થયું કે જો બે પરિવારોનો મેળ થાય તો ગુજરાતી સમાજનું કલ્યાણ થાય. શ્રી જયંતમુનિજીએ વાત ઉપાડી. સલાહકારોએ કહ્યું કે "આ કેસ સોળ વરસ જૂનો છે. ગુર્જર ક્ષત્રિય જ્ઞાતિના હિંદુસ્તાનના મોટા મોટા નેતાઓ આવી ગયા, પરંતુ આ કેસ સુધર્યો નથી. રાયબહાદુર હરચંદજીમલ જૈન જેવા પણ સફળ થયા નથી, માટે આપે વચમાં પડવા જેવું નથી."

શ્રી જયંતમુનિજીએ આશા રાખી કહ્યું કે, "ભાઈ, સૌએ ઘા કર્યો છે તો આ અમારો છેલ્લો ઘા! પચીસ ઘા માર્યા પછી કોઈ પથ્થર તૂટે, પણ તોડવામાં છેલ્લો ઘા જ કામ કરે છે. ચોવીસ ઘાએ તો ખોખરું કરી મૂક્યું છે. કદાચ અમને જશ મળવાનો હોય તો શું ખબર?"

રાંચીના મોવડીઓ બોલ્યા, "તો પછી ઝંપલાવો."

જયંતમુનિજીએ આ કેસમાં હાથમાં લીધો. તેમણે સર્વપ્રથમ રામજી વાલજીને બોલાવ્યા. તેમને સમજાવ્યા. તેઓએ ચરણધૂલિ લઈ સંકલ્પ કર્યો કે, "આપ જે ફરમાવશો તે હું કરવા તૈયાર છું."

ત્યારબાદ મુનિશ્રી લાલજીભાઈને ત્યાં પધાર્યા અને તેમને વાત કરી. તેઓએ પણ કહ્યું કે, "હું તો આપ જેમ કહેશો તે કરીશ. પરંતુ મારા વેવાઈ માનશે કે કેમ તેની મને શંકા છે."

મુનિરાજોએ ફરમાવ્યું કે, "લાલજીભાઈ, ફિકર ન કરો. કાલે આ વાતનો ફેંસલો થઈ ચૂક્યો છે. ફેંસલો ન થાય તો અમારે આહાર-પાણી છોડી દેવા પડશે."

આટલું સાંભળતાં જ લાલજીભાઈ ઢીલા પડી ગયા. તેઓએ પણ વચન આપ્યું, "આપની આજ્ઞા શિરોધારી છે." આમ એક ધમકીથી કામ પાટે ચડી ગયું. સમાજમાં વાત ફેલાઈ ગઈ, આવતીકાલે સમાધાન થવાનું છે. પરંતુ આ લોકો મહારાજશ્રીની વાત માનશે કે કેમ તે શંકા હતી.

ઓસરી ખચાખચ ભરાઈ ગઈ. જેઓ સત્સંગી નહોતા તેઓ પણ આવી પહોંચ્યા હતા. રામજી વાલજી તથા લાલજી હીરજી બંને હાજર હતા. બંનેને એક સભામાં એકસાથે બેઠેલા જોઈને સૌને આશ્ચર્ય થતું હતું. જ્યાં સોળ વર્ષથી એકબીજાની આંખો લડતી હતી ત્યાં બંને એકસાથે સભામાં આવ્યા તે આશ્ચર્યજનક હતું.

તપસ્વીજી મહારાજે સર્વપ્રથમ ગુજરાતી ઉદાહરણ આપ્યું કે "વેત (નેતર) નરમ છે તો પાણીના પ્રવાહમાં ઊખડતી નથી. પુર વહી ગયા પછી પુનઃ ઊભી થઈ જાય છે. જ્યારે મોટાં ઝાડવાંઓ અહંકારને કારણે જડમૂળથી ઊખડી જાય છે. નમ્રતા આત્માનો સ્વભાવ છે અને અહંકાર તે વિકાર છે."

ત્યારબાદ શ્રી જયંતમુનિજીએ પ્રસંગ જોઈને સમાજના ઉત્થાન વિષે નાનું પ્રવચન આપ્યું. ત્યાર પછી કહ્યું કે, "બંધુઓ આજની સભામાં આપણે એક બહુ જૂના ક્લેશનો ફેંસલો કરવાનો છે અને જેની વચ્ચે ઝઘડો છે તેઓ અમને માન આપીને આજે હાજર થયા છે તે બદલ તેમને અભિનંદન આપતાં આનંદ થાય છે."

"પરંપરા અને રિવાજ પ્રમાણે દીકરીના બાપે નરમ થવું પડે છે અને દીકરાના બાપ પાસે ઝૂકે છે. તેમજ ઉંમરમાં નાના હોય તે મોટાને નમન કરે છે. પરંતુ અહીં અમે એથી વિપરીત ન્યાય આપ્યો છે. રામજી વાલજી દીકરાના બાપ છે અને ઉંમરમાં મોટા છે છતાં તેમને આદેશ

આપવામાં આવે છે કે તેઓ ઊભા થાય અને લાલજીભાઈને નમસ્કાર કરીને વેરઝેરનો ત્યાગ કરે.”

રામજીભાઈ સમાજમાં ખૂબ અક્કડ મનાતા હતા અને ધારદાર મોટી મૂછ રાખતા હતા. જયંતમુનિજીનાં આટલાં વચન સાંભળતાંની સાથે જ તેઓ એક સપાટે ઊભા થઈ ગયા. લાલજીભાઈ પણ પોતાની મર્યાદાને સમજી ગયા અને તેઓ પણ તત્ક્ષણ ઊભા થઈ ગયા. એકબીજાને નમસ્કાર કરવામાં આવે તે પહેલાં બંને વેવાઈ ભેટી પડ્યા.

સભામાં ખામોશી છવાઈ ગઈ. શું થયું તે સમજાય તે પહેલાં તો સોળ વરસના જૂના વેરનો અંત આવી ગયો હતો અને તેનો યશ મુનિવરોને મળવાનો હતો.

પરસ્પરનો પ્રેમ જાહેર થયો તે જ ક્ષણે લાલજીભાઈએ પોતાની મોંઘા ભાવની, મુખ્ય રસ્તા પર આવેલી દશ કઠ્ઠા જમીન ગુજરાતી સ્કૂલના નિર્માણ માટે અર્પણ કરી. ઝઘડાના કારણે ગુજરાતી સમાજનો વિકાસ અટક્યો હતો. હવે તેનો માર્ગ હવે સ્વચ્છ થઈ ગયો. ભૂમિદાનની જાહેરાત થતાં જ સભામાં જયજયકાર થઈ ગયો. લાલજીભાઈએ એ જ વખતે જાહેર કર્યું કે મારે ત્યાં આજે સમાજના બધા ભાઈઓએ જમવા પધારવાનું છે. આમ સમાજમાં આનંદનું મોજું ફેલાઈ ગયું. રાંચી ગુજરાતી સમાજનો પાયો પડ્યો. આજે એ જ જગ્યામાં ગુજરાતી સમાજનું વિશાળ ભવન બની ગયું છે અને ત્યાં એક વિદ્યાલય પણ ચાલે છે.

શ્રી જયંતમુનિજીએ સમાજને આદેશ આપ્યો કે કોઈએ પણ કોણ નમ્યું એ બાબતની ચર્ચા કરવાની નથી. ચર્ચાઓથી જો વેરઝેર ઊભું થશે તો ચર્ચા કરનાર પાપના ભાગીદાર બનશે. અવળી ચર્ચા કરનાર સમાજના મોટા દુશ્મન હોય છે. મુનિશ્રીએ એક પ્રકારે બધાને વ્રત આપી દીધું.

આ ક્લેશ-નિવારણનું સુખદ પરિણામ એ આવ્યું કે જ્યારે મુનિશ્રી ગોચરી માટે પધાર્યા ત્યારે લક્ષ્મીબહેન સોળ વરસે પિયર આવ્યાં હતાં. તેમની આંખમાં હર્ષ સમાતો નહોતો. લક્ષ્મીબહેન બોલ્યાં કે, “ગુરુદેવ, મારાં લગ્ન આજે જ થયાં હોય અને હું પહેલી વાર માવતરે આવી છું તેમ લાગે છે.”

વિચાર કરો, માવતરનું ઘર સામે હોવા છતાં દીકરી તેની મા સાથે સોળ વરસ થયાં વાત પણ કરી શકતી નહોતી. બધો ક્લેશ શાંત થયો તેના સુખના સૌથી મોટા ભાગીદાર લાલજીભાઈનાં વયોવૃદ્ધ માતુશ્રી હતાં. તેમણે પોતાની વહાલસોઈ દીકરી પાછી મેળવી હતી.

**સંકુચિતતા સામે પડકાર :**

રાંચીના નિવાસ દરમિયાન દિગંબર જૈન મંદિરમાં જાહેર પ્રવચન રાખવામાં આવ્યું હતું. રાયબહાદુર હરચંદજી સાહેબ, શ્રી લાલચંદજી, પૂનમચંદજી વગેરે દિગંબર સમાજના ધુરંધર અગ્રેસરો હાજર હતા. ગુજરાતી સમાજ તો પૂરી સંખ્યામાં હાજર હતો જ. દોરંદાથી હીરાલાલજી, મોતીલાલજી

તથા બીજા ઓસવાળ ભાઈઓ પણ આવ્યા હતા. હરિયાણાના જૈન ભાઈઓ પણ હાજર હતા.

મુનિશ્રીએ પ્રવચનમાં કહ્યું કે, "સંપ્રદાય ભેદની જે મોટી ખાઈ છે તેને પૂરવી બહુ જરૂરી છે. જો આ ખાઈને દૂર નહીં કરવામાં આવે તો તેનું પાણી કોહવાઈ જશે અને ગંદકી વધતી જશે. છેવટે પૂરો સમાજ તેમાં ડૂબી જશે. આપણે બધાં મહાવીરનાં સંતાનો છીએ. નવાઈની વાત એ છે કે દિગંબર અને શ્વેતાંબર શબ્દ શાસ્ત્રમાં ક્યાંય જોવા મળતો નથી. છતાં પણ આ બંને શબ્દો સમાજે હઠાગ્રહથી પકડ્યા છે. બંને શબ્દો એકબીજાના દુશ્મન હોય તેવી છાપ ઊભી થઈ છે. આ માણસથી માણસના ઝઘડા નથી પણ શબ્દના શબ્દથી ઝઘડા છે. બંને શબ્દો બનાવટી છે."

ક્યારે પણ ન સાંભળ્યા હોય તેવા શબ્દો મુનિજીએ કહ્યા ત્યારે સભામાં ખામોશી છવાઈ ગઈ. આ શબ્દોથી અપમાન લાગ્યું હોય તેવો ભાવ શ્રોતાઓ અનુભવ કરી રહ્યા હતા.

ખરેખર, આ શબ્દો શાસ્ત્રમાં નથી એટલે કોઈ બોલી શકે તેમ ન હતું. પરિણામ એ આવ્યું કે દિગંબર સમાજે ફરીથી મહારાજશ્રીને બોલાવવાનું સાહસ ન કર્યું. પરંતુ એક સત્ય જરૂર ઉજાગર થયું હતું. આજે દિગંબર અને શ્વેતાંબર એ બંને શબ્દો નિર્મળ જૈન સમાજ પર આવરણ બની ગયા છે. ખરું પૂછો તો જૈન ધર્મ શબ્દ સ્વયં પર્યાપ્ત શબ્દ છે. તેને કોઈ વિશેષણની જરૂર નથી. પરંતુ જ્યારે વાડાબંધી થાય ત્યારે આવા શબ્દોની નિતાંત જરૂર પડે છે અને વિદ્વાન લોકો એક નવું વિશેષણ લગાવી એક નવું કૂંડાળું ઊભું કરે છે.

રાયબહાદુર હરચંદજી જૈન પોતે એકતાના પ્રેમી હતા. તેઓ આ વ્યાખ્યાથી ખૂબ જ ખુશ થયા હતા અને પાછળથી તેમણે શ્રી જયંતમુનિજીને અભિનંદન આપ્યા હતા.

યુવાન વય, વિચારોની મૌલિકતા અને નવીનતા, પરંપરાથી ચાલી આવતી રૂઢિગત માન્યતા કરતાં તદ્દન જુદી જ વાત, નિર્ભયતા અને સચોટતાથી વિચારોની રજૂઆતને કારણે જયંતમુનિજી શ્રોતાઓ ઉપર એક અમિટ છાપ મૂકી જતા હતા. બહોળો વર્ગ પરંપરા અને સાંપ્રદાયિકતાના વાડામાં બંધાયેલો હોવાથી નવીન વિચારસરણીને સમજવામાં અને અપનાવવામાં મૂંઝવણ અનુભવે તે સ્વાભાવિક છે. પરંતુ સમજદાર, સુજ્ઞ અને ઉદારદિલ શ્રોતા તેમના ક્રાંતિકારી, સમન્વયવાદી અને ઉદારતાવાદી વિચારથી પ્રભાવિત થયા વગર રહેતા નહીં. એ સમયે પણ જયંતમુનિજીની ભાષામાં જૈનોની એકતા માટેનો રણકાર અને સાંપ્રદાયિકતા અને સંકુચિતતા સામેનો પડકાર ઘૂંટાઈને આવતો હતો. એ સમયે આવા વિષય પર બોલવું, અને તે પણ એક સાધુ માટે, લગભગ કલ્પના બહાર હતું. વાડાબંધી સામેની ઝુંબેશના ઇતિહાસમાં શ્રી જયંતમુનિજીનું નામ પ્રથમ હરોળમાં રહેશે.

દિગંબર સમાજને આપેલા પ્રવચન પછી મુનિશ્રી હીરાલાલજીની વિનંતીથી દોરંદા પધાર્યા. દોરંદામાં ૫-૭ ઓશવાળ ઘરો હતાં. હીરાલાલજીને ત્યાં ઘરમંદિર પણ હતું. ભાઈઓએ પ્રતિદિન મંદિરમાં પ્રવચનનો સારો લાભ ઉઠાવ્યો.

**જયપાલજી – વિચક્ષણ વ્યક્તિત્વ :**

દોરંદામાં કન્યાઓની વિશાળ એક હાઈસ્કૂલ છે. તેમાં ૫૦૦ કન્યાઓ ભણે છે. આ વિદ્યાલયનો પણ એક જાણવા જેવો નમૂનાદાર ઇતિહાસ છે. શ્રી જયપાલજી નાઈ (વાળંદ - હજામ) જ્ઞાતિના હતા અને પોતે હજામતનું કામ કરતા. પરંતુ ઘણા બુદ્ધિશાળી અને પ્રભાવશાળી હોવાથી રાજનેતા જેવું કામ કરતા. સમાજસુધારાની તેમનામાં ઘણી ધગશ હતી. હજામત બહુ સારી કરતા હોવાથી લગભગ બધા મોટા માણસો તેમની પાસે હજામત કરાવતા. પરંતુ જયપાલજી ઘણા જ વિચક્ષણ હોવાથી હજામતની સાથે તેમની બીજી પણ હજામત કરતા. સૌને વિદ્યાલયના નિર્માણની વાત સમજાવતા. તેમની વાતો સાંભળી લોકો સારામાં સારો ફાળો આપતા. જયપાલજીએ હજામત કરતાં કરતાં હાઈસ્કૂલ બંધાવી દીધી. રાજકીય ક્ષેત્રે તેમનું ઘણું સન્માન હતું. પૂજ્ય મુનિશ્રીના પરિચયમાં આવ્યા પછી તેઓએ ઘણી ભક્તિ કરી. તે પ્રવચન માટે મુનિશ્રીને વિદ્યાલયમાં લઈ ગયા. જૈન ધર્મ વિશે બાળકોને ઘણું જાણવાનું મળ્યું. ત્યારબાદ થયેલી પ્રશ્નોત્તરીના મુનિશ્રીએ સચોટ જવાબ આપ્યા.

શ્રીમાન સોહનલાલજી દુગ્ગડ દર્શન કરવા માટે રાંચી આવ્યા હતા. તેમણે શ્રીયુત જાલમલજીનો પરિચય કરાવ્યો. તેમનું ટાટામાં મોટું કારખાનું ચાલતું હતું. મોટા વ્યવસાયી અને ઉદ્યોગપતિ હોવા છતાં તેમને સંગીતનો ઘણો શોખ હતે. તેઓએ મારવાડી આરોગ્યભુવનમાં ખાસ કાર્યક્રમ યોજી મુનિશ્રીને અનુપમ ભજનો સંભળાવ્યાં. રાંચીમાં ગંગામલ બુધિયાજીનો પણ પરિચય થયો. તેઓ પણ મોટા ઉદ્યોગપતિ અને કરોડાધીશ હતા, છતાં માનવતાવાદી વ્યક્તિ ધરાવતા હતા. પોતે બહુ જ સાદાઈથી રહેતા હતા. સાદા વસ્ત્રમાં સદાચારની મૂર્તિ જેવા લાગતા હતા. તેમણે સમાજસેવાનાં તથા ધર્મનાં ઘણાં મોટાં કાર્યો કર્યાં હતાં. તેમણે પણ સત્સંગ ભવનમાં પ્રવચન ગોઠવી લાભ ઉઠાવ્યો.

મિસ્ત્રીભાઈઓ શ્રી હીરજીભાઈ, પ્રેમજીભાઈ, પ્રાગજીભાઈ, લાલજીભાઈ તથા કેટલાક સોની ભાઈઓ મુનિશ્રીના ખૂબ જ નિકટ પરિચયમાં આવ્યા. તે સૌએ રાંચી ચાતુર્માસ માટે વિનંતી કરી. રામજી વાલજીએ વચન આપ્યું કે મુનિશ્રી ફરીથી આવશે ત્યારે વિદ્યાલયનું મકાન અને સત્સંગ ભવન તૈયાર થઈ ગયાં હશે અને તેમાં ચાતુર્માસ માટે બિરાજી શકશે. રાંચી એક પ્રેમી ભક્તોનું મોટું કેન્દ્ર બની ગયું.

અહીં ગુજરાતી સ્કૂલની સામે વ્રજભવનના માલિક યુ.પી.ના નિવાસી વર્મા સાહેબ રહેતા હતા. તેમનો પૂરો પરિવાર ધાર્મિક, સત્સંગી અને નિરામિષ હતો. તેઓએ પણ મુનિશ્રીની ભક્તિમાં ઘણો રસ લીધો. વ્રજભવનમાં સ્થાનકવાસી જૈન શ્રી વિઠ્ઠલભાઈ અને શ્રીમતી લીલાવતીબહેન રહેતાં હતાં. પોતે સર્વિસ કરતા હતા, પરંતુ સંતો પ્રત્યે તેમને અપાર ભક્તિ હતી.

એકંદરે રાંચીની યાત્રા ઘણી સફળ થઈ અને ચાતુર્માસ માટે એક નવું ક્ષેત્ર તૈયાર થઈ ગયું. ધીરુભાઈનાં પત્ની શ્રીમતી જયાબહેન ઘણી જાણકારી ધરાવતાં હતાં. એ જ રીતે ઝબકબહેન, ભાઈચંદભાઈનાં પત્ની કંચનબહેન, નરભેરામભાઈનાં પુત્રી કાંતાબહેન, ગાયત્રીબહેન, કમલાબહેન, સરજુબાલા, સંતોકમા, ગટુબહેન, લક્ષ્મીબહેન વગેરે બહેનો નિયમિત હાજરી આપી ખૂબ જ ઊંડો રસ લેતાં હતાં. સ્થાનના અભાવથી બધાનાં નામ લખી શક્યાં નથી, પરંતુ સૌ અભિનંદનને પાત્ર છે.

**વન પ્રદેશમાં પરીક્ષા :**

હવે ફરીથી રાંચીથી વિહારની તૈયારી થઈ. ચાઈબાસા પહોંચતા પહેલાં ૨૪ માઈલની જંગલની ઘાટી આવે છે. એ ઘાટીમાં એક પણ સારું ઘર કે ગામ નથી. જંગલમાં હાથીનાં ઝુંડનાં ઝુંડ જોવા મળતાં હતાં. બે દિવસના વિહાર પછી મુડહુ આવ્યા. ત્યાં બજરંગબલિનું સુંદર મંદિર છે અને પાંચ-છ મારવાડી ઘર છે. ગાયત્રીબહેન વગેરે બહેનોએ સુંદર સેવા બજાવી.

ત્યારબાદ જુઓ એક દિવસ મુનિરાજોને કેવી પરીક્ષા થઈ!

રાંચીથી રોજ ગોચરી લઈ ત્રણ-ચાર પરિવારોની ગાડી આવતી હતી. શ્રી જયંતમુનિજીએ સૂચન આપ્યું કે બધા વારાફરતી આવે તો દૂર સુધી સેવા થઈ શકે. ભાઈઓને આ સૂચન ગમી ગયું.

મુનિઓની સાથે સોનુ નામનો એક માણસ હતો. તેનો બાપ બીમાર થતાં તે સામાનના થેલા સાથે ચાલ્યો ગયો હતો. આ રીતે મુનિઓ એકલા પડ્યા હતા. મુડહુથી મુનિરાજો જંગલમાં એક ડાક બંગલા પર પહોંચ્યા. ત્યાં ઊતરવા સિવાય કશી વ્યવસ્થા ન હતી. અગિયાર થયા, બાર વાગ્યા, પરંતુ કોઈ ફરક્યું જ નહીં. પૂજ્ય તપસ્વી મહારાજે તો બાર વાગ્યા એટલે ઉપવાસના પચ્ચક્ખાણ કરી લીધા અને બોલ્યા કે હવે કોઈ ખટપટ ન રહી. પરંતુ શ્રી જયંતમુનિજી તથા ગિરીશમુનિ આહારની આશાએ કોઈના આવવાની વાટ જોતા હતા. પરંતુ કોઈ ન આવ્યું તે ન જ આવ્યું. રાંચીમાં ચારે પરિવારે વિચાર કર્યો હશે કે બીજું કોઈ ને કોઈ ગયું હશે. સરવાળે કોઈ ન આવી શક્યું. બે વાગે પૂજ્ય તપસ્વી મહારાજ બોલ્યા, "આજે સૌને ઉપવાસ થયો છે, એટલે કાલે તો તમે વિહાર કરી શકશો નહીં. માટે અત્યારે વિહાર કરી નાખો." તેઓની સૂચના પ્રમાણે મુનિઓએ ભેટ બાંધી.

ડાક બંગલે પાણી પણ ન મળ્યું. ચોકીદારને પૂછ્યું તો કહે કે, "બાલદી તૂટેલા તળિયાની છે. હું તો એક કિલોમીટર દૂર જઈ ઝરણાનું પાણી પી આવું છું."

આવી પરિસ્થિતિમાં ફરીથી આઠ માઈલનો વિહાર કરી ત્રણે મુનિરાજો ભૂખ્યા-તરસ્યા ટેબો ડાક બંગલે પહોંચી ગયા. રસ્તામાં એક બસ ઊભી રખાવીને શ્રી જયંતમુનિજીએ રાંચી સંદેશ મોકલ્યો.

સંદેશો મળતાં મિસ્ત્રી પરિવારનાં બે બહેનોએ બે ટિફિન ભરીને રાંચીથી દરબાર સાથે મોકલ્યાં. પરંતુ આજે પાકો અંતરાયનો જોગ હતો. રસ્તામાં બસ ખોટકાઈ ગઈ હતી. દરબારે બસમાં વાત કરી કે મુનિરાજો રાત્રે જમતા નથી. તેથી બસના યાત્રીઓ ટિફિનની બધી વાનગી જમી ગયા હતા. અંતરિયાળ જંગલમાં ખોટકાયેલી બસના પૅસેન્જરોને અનાયાસ સારો લાભ મળી ગયો. રાત્રે આઠ વાગે દરબાર ખાલી ટિફિન સાથે ટેબો પહોંચ્યા.

બીજે દિવસે ચાઇબાસા, રાંચી અને મુડહુ સંદેશ પહોંચી ગયો કે મુનિરાજોને ઉપવાસ પડ્યો છે. સવારના આઠ વાગતા સુધીમાં રાંચીની બે, મુડહુની એક અને ચાઇબાસાની એક મળી ચાર ગાડીઓ ટેબો પહોંચી ગઈ. સવારના અંતરાય પૂરો થયો. આજે મુનિરાજો ટેબો રોકાઈ ગયા. હજારો માઈલની પદયાત્રામાં આ એક જ એવો દિવસ હતો કે જ્યારે સર્વથા આહાર-પાણી ન મળ્યાં હોય.

**છોટાનાગપુરનો વનપ્રદેશ :**

ત્યારબાદ વનશ્રીનો આનંદ લેતા અને જંગલી હાથીઓના ટોળાનું દર્શન કરતા મુનિરાજો ચક્રધરપુર પહોંચી ગયા. ચક્રધરપુરમાં રેલવે પ્લોટમાં પ્રેમજી પ્રાગજી ઠેકેદાર સદ્‌ગૃહસ્થ હતા. બહારથી આવનારા સંત-મહાત્માઓને પોતાના ઘરે જ ઉતારતા. આખો પરિવાર સેવામાં જોડાઈ જતો. ત્યાં જૈનોનાં પણ ચાર-પાંચ ઘર હતાં. તે બધા તેમની કૉલોનીમાં રહેતા હતા. ચક્રધરપુર પહોંચતાની સાથે ઘણા ભાઈ- બહેનો આવી પહોંચ્યાં. પૂજ્ય તપસ્વી મહારાજ ગુજરાતીમાં પ્રવચન આપતા અને શ્રી ગિરીશમુનિજી મંગલાચરણ કરી ભજનો સંભળાવતા. થોડો ઉપદેશ પણ આપતા. તેમની વાણીમાં મધુરતા આવવાથી પ્રવચન ઘણું આનંદજનક બની જતું. ચક્રધરપુરની પ્રેમભક્તિનો સ્વીકાર કરી મુનિરાજો ચાઇબાસા પધાર્યા.

શ્રી ધરમચંદજી સરાવગી ચાઇબાસાના એક મોટા મૅગ્નેટ હતા. તેમણે લાખોના ખર્ચે દિગંબર જૈન મંદિર બંધાવ્યું હતું. રાંચીના રાયબહાદુર હરચંદજીના નાના ભાઈ જ્ઞાનચંદજી જૈને ચાઇબાસામાં વેપારનો સારો વિકાસ કર્યો હતો. ત્યાં ગુજરાતીઓનાં પાંચ-છ ઘરો હતાં. દીપચંદભાઈ, બાબુભાઈ કંદોઈ વગેરે ભાઈઓ સુખી-સંપન્ન હતા. પદયાત્રા કરી ચાઇબાસા પહોંચવાથી આખા સમાજમાં હર્ષ છવાઈ ગયો હતો. ચાઇબાસાની પ્રજાએ ઘણું જ ભાવભીનું સ્વાગત કર્યું. તેમાં શ્રી શર્માજી મોખરે હતા.

રાંચીથી ચાંઇબાસા અને ચક્રધરપુરનો રસ્તો ગાઢ જંગલ અને મીઠો કલરવ કરતા પાણીનાં ઝરણાંઓ વચ્ચેથી પસાર થતો હતો. એ જંગલમાં વસતા તીરકામઠાવાળા, કાળા અને શરીરે મજબૂત આદિવાસીઓનું જીવન પણ અધ્યયનને યોગ્ય હતું. એ જંગલવાસીઓ પૂરાં વસ્ત્ર પણ પહેરતા નહીં. મહિલા વર્ગ પણ નીચેનું એક વસ્ત્ર પહેરી કામમાં મશગૂલ રહેતી હતી. આધુનિક

જીવનના દબાણથી મુક્ત, પ્રકૃતિને ખોળે રમતા રમતા જીવનયાપન કરી રહેલા આદિવાસીઓ અને વિપુલ વનશ્રીના વૈભવનાં દૃશ્ય મનોરમ્ય હતાં.

ચક્રધરપુરથી મુનિવૃંદ ટાટાનગર પધાર્યા. ત્યાંના ઉપાશ્રયમાં એક મહિનાની સ્થિરતા કરી. સવા વર્ષ પહેલાંનાં ભક્તિ અને સદ્ભાવભરેલાં સંસ્મરણો તાજાં થયાં. સાકચી તથા જુગસલાઈમાં પરિભ્રમણ કર્યું. જુગસલાઈનાં કપડાંની ફેરી કરતા ઓશવાળભાઈઓ વેપારી થઈ ગયા હતા. તેઓ બે માળનાં મકાન ધરાવતા થઈ ગયા હતા. જૈન મંદિર તથા ઉપાશ્રયની સ્થાપના કરી ધર્મ-આરાધનામાં પણ તત્પર હતા. આ ભાઈ-બહેનોને આપણા મુનિરાજો માટે અપાર સ્નેહ હતો. તેઓ માનતાં હતાં કે પૂજ્ય તપસ્વી મહારાજના ચરણે પડ્યા પછી તેમનો અભ્યુદય થયો હતો. શ્રી નરભેરામભાઈ કામાણી સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ તરીકે ખૂબ સારું કર્તવ્ય બજાવી રહ્યા હતા.

**સંકલ્પ અને સિદ્ધિ :**

ટાટાનગરનો શેષકાળ પૂરો કરી, જયંતમુનિજીએ પુરુલિયા અને ચાસ થઈ ઝરિયા તરફ પ્રયાણ કર્યું. ચાસ સંઘનો હજી ઉદય થયો ન હતો. બોકારો સ્ટીલ સીટીનો પણ હજુ પાયો પડ્યો ન હતો. એ જ રીતે ધનબાદ સંઘનો પણ હજુ ઉદય થયો ન હતો. પરંતુ બર્મા તૂટવાથી રંગૂનથી ચાર કુટુંબ ધનબાદ આવ્યા હતા. પરંતુ ધનબાદ સંઘની હજુ સ્થાપના થઈ ન હતી. પ્રમુખ સંઘ ઝરિયા જ હતો. ઝરિયાનું ચાતુર્માસ પૂરા કોલફિલ્ડનું ચાતુર્માસ ગણી શકાય.

પ્રથમ કત્રાસ થઈ ઝરિયા જવાનું હતું. કત્રાસમાં અઠવાડિયાની સ્થિરતા હતી. કત્રાસ પધારતાં આનંદ છવાઈ ગયો. કત્રાસમાં સ્થાનકવાસી અને દેરાવાસી ઘરો ઠીક સંખ્યામાં થઈ ગયાં હતાં. જૈન ભવનની આવશ્યકતા હતી. ઝરિયાથી પણ શ્રાવક ભાઈઓ પ્રવચનમાં આવતા હતા. મુખ્ય રસ્તા ઉપર ઝરિયાના ત્રણ શ્રાવક ભાઈઓની જમીન વગર વપરાયે જ પડી હતી. કત્રાસ સંઘે પ્રસ્તાવ મૂક્યો કે 'આ જમીન મળે તો સહેલાઈથી જૈન ભવનનું નિર્માણ થઈ શકે.'

વ્યાખ્યાનમાં બધા ભાઈઓની હાજરીમાં પૂજ્ય તપસ્વી મહારાજે પ્રસ્તાવ મૂક્યો કે "ધર્મસ્થાનક માટે ભૂમિદાન કરનાર વ્યક્તિ મહાપુણ્યશાળી બની જાય છે. ઘણી પેઢી સુધી માણસો તેને યાદ કરે છે. એમનો પરિવાર પણ ગૌરવ લઈ શકે છે." આ વાતથી પ્રભાવિત થઈ જમીનના ત્રણ માલિકોએ એકસાથે ઘોષણા કરી કે "કત્રાસના શ્રીસંઘને અમે જમીન અર્પણ કરીએ છીએ."

દાતાઓએ સાથે સાથે એક શરત પણ મૂકી : "જૈન ભવન છ મહિનામાં બંધાઈ જવું જોઈએ."

શ્રી દેવચંદભાઈએ દાતાઓના પડકાર સામે બીડું ઊપાડ્યું. તેમણે છ મહિનામાં ભવનનું નિર્માણ પૂરું કરવાનો સંકલ્પ જાહેર કર્યો. એ જ સમયે જૈન ભવન માટે ફાળો શરૂ થયો અને

સારી રકમ લખાઈ ગઈ. છ મહિનામાં કત્રાસ જૈન ભવનનું નિર્માણ થયું. તેની સાથેની જમીનમાં જૈન દેરાસર અને સનાતન ધર્મના મહાદેવના મંદિરનું પણ નિર્માણ થયું. આખી જમીન ધર્મનગર જેવી બની ગઈ.

કત્રાસમાં મુનિરાજોએ જૈન ભવનના નિર્માણની પ્રેરણા આપી, ઝરિયા ચાતુર્માસનો શુભારંભ કર્યો.

ઝરિયાનો જૈન ઉપાશ્રય નાનો હોવાથી ચાર મહિના માટે લોહાણા મહાજન વાડી માંગી હતી. તેમણે કોઈ પણ ચાર્જ વગર પોતાની વિશાળ વાડી ચાર મહિના માટે અર્પણ કરી હતી. ખરેખર લોહાણા સમાજ અભિનંદનને પાત્ર છે. સમાજનું સ્થાન હોવાથી દરેક ધર્મના માણસો સરળતાથી પ્રવચનમાં આવી શકતા હતા.

શ્રી ગિરીશચંદ્ર મુનિ સુરીલી બંસરી બજાવી સૌનું મન મોહી લેતા હતા. ત્યારબાદ કાઠિયાવાડી ભાષામાં પૂજ્ય તપસ્વી મહારાજના ચાબખા સાંભળવા મળતા હતા. શ્રી જયંતમુનિજી હિન્દીમાં જ પ્રવચન આપતા. ઝરિયામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય અને તપની ઉત્કૃષ્ટ આરાધના થઈ અને વીરકૃપાથી ચાતુર્માસ સરસ રીતે પરિપૂર્ણ થઈ ગયું.

ચાતુર્માસ દરમિયાન પૂજ્ય તપસ્વી મહારાજે જૈન ઉપાશ્રયના પુનરુદ્ધારનો પ્રસ્તાવ મૂક્યો. ફત્તેહપુર મહોલ્લામાં તળિયાવાળો ઉપાશ્રય હતો અને માટીની દીવાલો હતી. ત્યાં નવું જૈનભવન બનાવવું તેમ શ્રીસંઘે નક્કી કર્યું. પૂજ્ય તપસ્વી મહારાજ ફાળા માટે પ્રેરણા આપવામાં ઘણા જ કુશળ હતા. તેમના પ્રભાવે કામ ઝડપથી પાટે ચડી જતું. શ્રી કનકભાઈ સંઘવી, કનૈયાલભાઈ મોદી તથા શંકરભાઈ સહિત સૌ ભાઈઓએ બીડું ઉઠાવ્યું અને એક વરસમાં જૈન ઉપાશ્રયનું નિર્માણ પૂરું કરવાનો સંકલ્પ કર્યો.

ઝરિયા ચાતુર્માસ પરિપૂર્ણ કરી ગુરુદેવ ખોખાણી પરિવારના આગ્રહથી ધનબાદ આવ્યા. ત્યાં ખોખાણી હાઉસના વિશાળ ભવનમાં મુનીશ્વરો ઊતર્યા.

**ગંગાનો ઐતિહાસિક તટપ્રદેશ :**

ઝરિયાથી પૂજ્ય તપસ્વી મહારાજે ગાડી અને રસાલો સાથે ન રાખવાનો નિર્ણય કરેલો, કારણ કે તેનાથી પ્રપંચ વધી જાય છે અને દરેક સ્થળે વધારે રોકાઈને લાભ આપી શકાતો નથી. હવે ફક્ત એક હીરાસિંગ જ સાથે હતો. જરૂરી સામાન હીરાસિંગ પોતાના ખભે ઉપાડી લેતો.

ધનબાદથી ભાગલપુર જવાનો નિર્ણય કર્યો. ધનબાદથી ગાભાભાઈની કોલિયારી ઉપર આવ્યા. ગાભાભાઈ બ્રાહ્મણ હતા, પરંતુ કનકભાઈ, શંકરભાઈ વગેરે તેમના મિત્રમંડળમાં હતા તેથી મુનિજીની ભક્તિમાં જોડાઈ ગયા હતા. મુનિશ્રી હજુ તેમનો અપૂર્વ સ્નેહ યાદ કરે છે. બરાકરમાં બંને

ભાઈઓ શ્રીયુત અમૃતલાલ તથા રસિકભાઈ ભક્તિમાં તત્પર હતા. લલિતાબહેન તેમજ મંજુલાબહેન સેવામાં ઊભે પગે રહેતાં. તેઓ મહેમાનોનું આતિથ્ય ખૂબ જ જાળવતાં.

મુનિશ્રી બરાકરની બહાર મહાવીર શેઠના બગીચામાં ઊતર્યા. મહાવીર શેઠનો દીકરો સાધુ-સંતોથી નારાજ રહેતો. તે માનતો હતો કે સાધુઓ ખૂબ જ ખર્ચાળ હોય છે અને નાના પ્રકારની લીલાઓમાં રચ્યા-પચ્યા રહે છે. તે આપણા મુનિશ્રીઓને મળવા માટે આવ્યા ત્યારે કોઈ પ્રકારના આડંબર વગરના જૈન સાધુઓના આચારવિચાર અને જીવનચરિત્ર જોઈ ઘણા જ પ્રભાવિત થયા. તેમણે કહ્યું કે, "હું સાધુઓને માનતો ન હતો. પરંતુ હવે મારા વિચાર બદલાયા છે. આપના જેવા ત્યાગી સંતો તો ઘણા જ ઉપકારી છે." તેમણે મુનિશ્રીને બગીચામાં વધુ સમય રોકાવા માટે આગ્રહ કર્યો.

જયંતમુનિજી બરાકરથી જામતલા આવ્યા. જામતલામાં શિવમંદિરમાં ઊતર્યા. કોઈ પણ પ્રકારનું સાધન સાથે ન હોવાથી શ્રી જયંતમુનિજી ગોચરી માટે જતા. ક્યારેક ગિરીશમુનિને સાથે લઈ જતા.

હવે જુઓ તેનાથી વિપરીત એક રમૂજી ઉદાહરણ !

હીરાસિંગ ટેકવાળો હતો એટલે હોટલનું જમતો નહીં. હીરાસિંગ માટે પણ મુનિરાજ થોડી ચિંતા કરતા. મુનિઓ જે શંકરના મંદિરમાં ઊતર્યા હતા ત્યાં એક મારવાડી શેઠ આવ્યા હતા. શ્રી જયંતમુનિજીએ શેઠને પૂછ્યું, "શેઠજી, અમારો એક માણસ છે. તેને આપના ઘરે જમાડશો?"

શેઠજી આકાશ તરફ નજર કરીને બોલ્યા, "હા, એક માણસને ખવડાવીશું. ચાર રોટલી વધારે કરીશુ." ત્યાર પછી તેઓ બોલ્યા, "એ માણસને મારી સાથે લઈ જઉં છું. એ ઘર ક્યાં ગોતશે."

હીરાસિંગને તેમની સાથે મોકલ્યા પછી શ્રી જયંતમુનિજી ગોચરીએ નીકળ્યા. અજાણ્યાં ઘરોમાં જવાનું હતું. લગભગ ઘરો બંધ હતા. મુનિજી આગળ વધ્યા. ત્યાં એક દરવાજો ખુલ્લો હતો. મુનિશ્રીને ખબર ન હતી કે આ એ જ ઘરનો દરવાજો છે જ્યાં શેઠ હીરાસિંગ લઈ ગયા હતા.

મુનિશ્રીએ પ્રવેશ કર્યો ત્યારે શેઠ ઓસરીમાં જ ઊભા હતા. મુનિજીને જોઈને તે ખૂબ હસીને અને કટાક્ષથી બોલ્યા, "વાહ, તમે તો ખૂબ ચાલાક છો. પહેલા માણસ મોકલ્યો, હવે તમે પધાર્યા. ત્યારે જ બોલ્યા હોત તો શું વાંધો હતો?"

મુનિજીએ ખુલાસો કર્યો, "શેઠજી, મને ખબર ન હતી કે આ દરવાજો આપના ઘરનો છે."

શેઠે બીજું તીર છોડ્યું, "હવે વધારે ચાલાકી ન કરો. તમને પણ બે રોટલી આપું છું. કોણ જાણે, સાધુઓ પણ માગવામાં હોશિયાર થતા જાય છે."

છેવટે શેઠના કહેવાથી મુનિશ્રીને આહાર તો લેવો જ પડ્યો. જયંતમુનિજી કહે છે કે શેઠે જે પ્રહાર કર્યો તેનો ઘા અત્યાર સુધી રુઝાયો નથી.

મુનિજી ગોચરી લઈને આવ્યા ત્યારે નિયામિતપુરથી શાંતિભાઈ દર્શન કરવા માટે પધાર્યા હતા. તેમણે પૂછ્યું, "મહારાજશ્રી, વિહારમાં સાથે કોણ છે? શું વ્યવસ્થા છે ?"

મુનિશ્રીએ ગોચરીનો કિસ્સો સંભળાવ્યો.

શાંતિભાઈને પણ હૃદયમાં ચોટ લાગી ગઈ. તેમણે તરત જ નિર્ણય લઈને કહ્યું, "આવી રીતે વિહાર ન થઈ શકે. અમે શ્રાવકો શું કામના છીએ? આપ આજ્ઞા આપો. હું ભાગલપુર સુધી તમારી સાથે આવીશ. સાંજ સુધીમાં મારી ગાડી લઈને બધા સામાન સાથે પાછો આવું છું."

તપસ્વી મહારાજે ના પાડી, પરંતુ તેઓ માન્યા નહીં. સાંજના તેઓ ગાડી, નોકર-ચાકર અને સામાન-રસાલા સાથે આવી ગયા હતા. તેમણે ભાગલપુર સુધી સાથે ચાલવાનો નિર્ધાર જાહેર કર્યો.

શાંતિભાઈ આવ્યા એટલે ફરીથી વિહારનો ઠાઠ ગોઠવાઈ ગયો. મુનિશ્રી મધુપુર થઈ દુમકા પધાર્યા. હવે સંથાલ પરગણાનો પ્રદેશ આવી ગયો હતો. ફરીથી નાનાંમોટાં આદિવાસી ગામો જોવા મળ્યાં. છોટા નાગપુર અને દુમકા બંને આદિવાસી ક્ષેત્ર હોવા છતાં થોડો ફેર હતો. અહીં સંથાલ લોકોની સંખ્યા વધારે છે. છોટા નાગપુર તરફ મુંડા અને ઉરાવ જાતિ વધારે છે. અહીંના સંથાલ પ્રમાણમાં વધુ શિક્ષિત છે. સંથાલ પરગણામાં નાનીમોટી પહાડીઓ અને જંગલો છે, પરંતુ તે ભયાનક નથી. ગામેગામ રસ્તામાં ભજનકીર્તન થતાં તથા પ્રવચન ગોઠવાતાં હતાં.

**મંદારગિરિનું દિગંબર તીર્થક્ષેત્ર :**

દુમકાથી ભાગલપુર એકસો કિલોમીટર દૂર છે. રસ્તામાં પર્વત ઉપર મંદારગિરિ જૈન તીર્થ આવે છે. આ દિગંબર તીર્થક્ષેત્ર છે. દિગંબર ઇતિહાસ પ્રમાણે અહીં ભગવાન મહાવીરે દેશના આપી હતી. અહીં શ્વેતાંબરો યાત્રાએ આવતા નથી. ફક્ત દિગંબર જૈનો જ આવે છે. પહાડની તળેટીમાં મોટી જૈન ધર્મશાળા છે. મુનિવરો ત્યાં રોકાયા. જયંતમુનિજી તથા ગિરીશમુનિ પહાડ ઉપર યાત્રા કરી નીચે આવ્યા. પર્વત ઘણો જ રળિયામણો અને સુંદર છે. નામ પ્રમાણે ગુણ છે. મંદારનો અર્થ 'ઇન્દ્રનો બગીચો' અથવા 'સ્વર્ગ' થાય છે. બીજા અર્થ પ્રમાણે 'શાંતિપૂર્વક મસ્તીથી ચાલનાર' પણ મંદાર કહેવાય છે. ખરેખર, આ મંદારગિરિ ઇન્દ્રના બગીચા જેવો છે અને પર્વત પોતે ચાલતા ચાલતા ઊભો રહી ગયો તેવું દૃશ્ય નજરે પડે છે.

આપણા મુનિઓને શ્વેતાંબર કે દિગંબરનો કોઈ ભેદભાવ ન હતો. બધાને સમદૃષ્ટિથી જ નિહાળતા હતા. મંદારગિરિની યાત્રાથી તેમના મનમાં પ્રસન્નતા થઈ.

**ભાગલપુર અને ઐતિહાસિક ચંપાપુરી :**

ભાગલપુર પહોંચતાં પુનઃ ગંગાજીનાં દર્શન થયાં. ક્યાં હરિદ્વારની ગંગા, ક્યાં કાનપુરની ગંગા? બનારસ પહોંચતાં તો ગંગા ગાંડીતૂર થાય છે. અઢળક જળપ્રવાહ વધી જાય છે. જયંતમુનિજીએ

હરિદ્વારની ગંગા જોઈ હતી અને અત્યારે ભાગલપુરની ગંગા જોઈ રહ્યા હતા. હરિદ્વારની સરખામણીમાં ભાગલપુરની ગંગામાં સો ગણો પ્રવાહ દેખાય છે. ઉત્તરખંડ અને નેપાળની મોટી નદીઓ ગંગામાં મળે છે. એ જ રીતે પશ્ચિમ અને દક્ષિણની પણ ઘણી નદીઓ ગંગામાં અઢળક પાણી ઠાલવે છે. ભાગલપુર પહોંચતાં પહોંચતાં તો ગંગા પૂરી જોબનવંતી બની છે.

ગંગાજીનાં ધસમસતાં પાણી ભાગલપુરનાં ચરણોનું પ્રક્ષાલન કરે છે. જોકે અત્યારે તો ગંગા નદી શહેરથી બે માઈલ ઉપર તરફ ખસી ગઈ છે. પરંતુ ગંગાજીનો આખો પટ શહેરની સાથે જોડાયેલો છે. પૂર આવે ત્યારે આખો પ્રદેશ વાંસભર પાણીથી ઢંકાઈ જાય છે. જ્યારે ગંગાનાં પાણી હટી જાય છે ત્યારે આખા પ્રદેશમાં ગંગાનાં પાણી માખણ જેવો કાંપ મૂકી જાય છે અને ખેડૂતોને લાભમાં અઢળક ઘઉંનો પાક મળે છે. મુનીશ્વર જ્યારે ભાગલપુર પહોંચ્યા ત્યારે ઘઉંનાં લીલાંછમ ખેતરો ઉદયમાન થઈ ગયાં હતાં. દૃશ્ય અતિશય મનોરમ્ય હતું.

ભાગલપુરનું પ્રાચીન ચંપાપુરી નામ છે અને જૈનતીર્થ છે. દુઃખની વાત એ છે કે ચંપાપુરી જૈનતીર્થની આસપાસ એક પણ જૈનનું ઘર નથી. બધા કાપડ વણનારા જુલાણ – મુસલમાનોનાં ઘર છે. ફક્ત ચંપાપુરીનું મંદિર અને ધર્મશાળા જ જૈનના હાથમાં છે.

જયંતમુનિજીની દૃષ્ટિમાં 'સતી સુભદ્રાનો' ઐતિહાસિક પ્રસંગ પ્રગટ થવા લાગ્યો. નદી તરફના ગઢમાં હજુ પણ એક બારી બંધ છે. એમ કહેવાય છે કે સુભદ્રાએ કહ્યું હતું કે "આ બારી બંધ રાખું છું. મારી પાછળ કોઈ પણ સતી નારી તેના સતીત્વના બળે એ બારી ઉઘાડી શકે છે." પરંતુ હજુ સુધી કોઈ નારીએ આ બારી ઉપર પોતાનું સતીત્વ અજમાવ્યું નથી. હવે બારીની અવસ્થા પણ જીર્ણ થઈ ગઈ છે. આપણાં તીર્થો સાથે જોડાયેલી આવી ઐતિહાસિક ઘટનાઓ આધ્યાત્મિક ઉપદેશ આપી જાય છે.

ચંપાપુરીનું પૂરું નિરીક્ષણ કરીને મુનિશ્રી ભાગલપુર શહેરમાં પધાર્યા. અહીં શ્વેતાંબર - દિગંબર બંને મંદિરો પાસે પાસે છે. મુનિશ્રી દિગંબર જૈન મંદિરમાં પધાર્યા. શ્રી જયંતમુનિજી 'સમયસાર' ઉપર પ્રવચન આપતા હતા, તેથી તેમાં લોકોને વધારે રસ પડ્યો. જોતજોતામાં ત્યાંનો દિગંબર સમાજ ઘણો પ્રભાવમાં આવી ગયો અને મુનિવરોની ખૂબ જ ભક્તિ બજાવી.

હવે નિયામિતપુરવાળા શાંતિભાઈ પાછા ફર્યા. તેમણે છેક ભાગલપુર સુધી ખૂબ જ સારી સેવા બજાવી. અહીં કલકત્તાવાળા કાનજી પાનાચંદની પેઢી હતી. તેમણે પણ સત્સંગનો લાભ લીધો.

### વિજય રામચંદ્રસૂરિજી મહારાજનું મિલન :

એ સમયે શ્વેતાંબર સમાજના પ્રખર આચાર્ય ધર્મધુરંધર શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજ ચંપાપુરીની યાત્રામાં ભાગલપુર પધાર્યા. તેઓ પ્રેમસૂરિ સંપ્રદાયના ગાદીપતિ હતા. તેઓ ઘણા ચુસ્ત મહાત્મા હતા. તેમનાં વ્યાખ્યાનોનો દેરાવાસી સમાજ પર ઘણો પ્રભાવ હતો. શ્રી જયંતમુનિજી

મહારાજ ગિરીશમુનિને સાથે લઈ, સામે પગલે તેઓશ્રીને મળવા ગયા. શ્રી રામચંદ્રસૂરિજી મહારાજ આટલા ઉચ્ચ કોટિના પ્રખર આચાર્ય હોવા છતાં તેઓશ્રીએ જયંતમુનિશ્રીને ઘણો આદર આપ્યો. દિગંબર ભાઈઓ પણ સાથે આવ્યા હતા.

શ્રી જયંતમુનિજીએ આચાર્યજી સાથે સારી એવી તત્ત્વચર્ચા કરી. દિગંબર તથા શ્વેતાંબર મૂર્તિના મૂળભૂત શા ફરક છે તે બાબતની ચર્ચા હતી. શ્વેતાંબર સમાજ ભગવાનની મૂર્તિ ગૃહસ્થ રૂપે સ્થાપે છે અને તેમને અલંકાર વગેરે ચડાવે છે. દ્રવ્યનિક્ષેપનો ઉપયોગ કરે છે. દિગંબર ત્યાગઅવસ્થાની મૂર્તિની સ્થાપના કરે છે. એટલે તેમને કોઈપણ પ્રકારના પરિગ્રહથી મુક્ત રાખી આંખો પણ ચડાવતા નથી. કારણ કે ભગવાનને કેવળજ્ઞાન છે. તેઓ ભાવદીક્ષિત અને ભાવનિક્ષેપનો ઉપયોગ કરે છે.

આ છે મૌલિક અંતર. તે બાબતનો ખુલાસો કર્યા પછી મૂર્તિની બાબત કોઈ વિવાદ રહેતો નથી. આજે શ્વેતાંબરો દિગંબર મંદિરમાં જતા નથી અને દિગંબરો શ્વેતાંબર મંદિરમાં જતા નથી અને ભેદ વધતો જાય છે. તત્ત્વદૃષ્ટિને સ્વીકાર કરે તો પરિણામ સારું આવે. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજ શ્રી જયંતમુનિજીની પ્રજ્ઞાથી ખુશ થયા અને હૃદયથી આશીર્વાદ આપ્યા.

**ગંગાના કિનારે કિનારે :**

ભાગલપુર પછી ગંગાજીના કિનારે કિનારે વિહાર કરી, રાજગંજ થઈ આજિમગંજ અને જિયાગંજ તરફ જવાનું નક્કી કર્યું હતું. રાજગંજ એ મોગલાઈ કાળનું ઐતિહાસિક સ્થળ છે. એમ કહેવાય છે કે મોગલોના સમયમાં ચલણી સિક્કાઓ અહીં રાજગંજમાં તૈયાર થતા હતા. એ વખતે કલકત્તાનું અસ્તિત્વ ન હતું. દિલ્હીથી સીધો સંબંધ મુર્શીદાબાદ સાથે હતો. એ વખતનો જી. ટી. રોડ બનારસથી પટના થઈ, ગંગાના કિનારે મુંગેરનો ઇલાકો પાર કરી, ભાગલપુરને સ્પર્શ કરી, રાજગંજથી સીધો મુર્શીદાબાદ જતો હતો. જ્યારે અત્યારનો જી. ટી. રોડ વારાણસી પછી દક્ષિણમાં વળાંક લઈ, જૂના માર્ગથી છૂટો પડી, રાણીગંજ અને બર્દવાન થઈ કલકત્તા તરફ જાય છે. ખરું પૂછો તો અત્યારે મુનિવરો ૪૦૦ વરસ પુરાણા મોગલાઈ કાળના રસ્તા ઉપર વિચરણ કરી રહ્યા હતા.

સાથેસાથે ગંગાજીનો પ્રવાહ વહી રહ્યો હતો. પ્રતિદિન ગંગાજીનાં દર્શનથી અનેરો આનંદ આવતો હતો. મુનિશ્રી હવે શુદ્ધ બંગાળમાં પહોંચ્યા હતા. બંગાળી ભાષા, બંગાળી રહેણીકરણી અને પુકુરનો પ્રદેશ આવી ગયો હતો. આ પ્રદેશમાં વાંસ ઘણા થાય છે. પહાડી પ્રદેશ પછી શુદ્ધ મેદાની ઇલાકો આવી ગયો હતો. માઈલો સુધી ધાનનાં (ચાવલનાં) ખેતર દેખાય છે. ગંગાજીનું પાણી બેફાટ વહી રહ્યું હતું. લાગતું હતું કે હવે ગંગાજી બધું પાણી પોતાના પેટમાં સમાવી શકશે નહીં અને તેની બે ધારાઓ થઈ જશે.

મુનિશ્રી જાંગીપુર પધાર્યા. ગયા વરસે જાંગીપુરમાં ભયંકર પૂર આવવાથી ઘણું નુકસાન થયું હતું. રેલવેલાઇન તૂટીને ગંગાજીમાં ખોવાઈ ગઈ હતી. જાંગીપુર ગંગાજીનું છેલ્લું કેન્દ્ર છે. ત્યારબાદ ગંગાજીની બે ધારા થાય છે. એક ધારા, જે પદ્મા કહેવાય છે, તે સીધી પૂર્વમાં બંગલાદેશમાં જાય છે. ત્યાં બ્રહ્મપુત્ર નદી સાથે તેનું મિલન થાય છે. જ્યારે બીજા ધારા, જે ભાગીરથી કહેવાય છે, તે દક્ષિણ તરફ વળી, હુગલી નદીને મળી, કલકત્તા જાય છે. આમ ગંગાજીનું અઢળક પાણી બે ભાગમાં વહેંચાઈ જતાં તેના જોબનનું જોર ઓછું થાય છે.

અખંડ ગંગા જાંગીપુર સુધી નિહાળી શકાય છે. ત્યાં જૈનોનાં સો ઘર છે. મુનિશ્રી દિગંબર જૈન મંદિરમાં બે દિવસ પધાર્યા. ત્યાં મહાવીર જયંતિ મનાવવામાં આવી. હવે આજિમગંજ તથા જિયાગંજનાં જૈનમંદિરો નજીક આવી ગયાં હતાં. મોગલાઈના સમયમાં આ ક્ષેત્રમાં ૩,૦૦૦ જૈનોનાં ઘર હતાં. મુસલમાનોનું જોર વધ્યા પછી મુર્શીદાબાદની સાથેસાથે જૈનોની પણ જાહોજલાલી વધી હતી. જગતશેઠની પદવી આપી બાદશાહે ઘણું સન્માન કર્યું. ખરું પૂછો તો આ જૈનો રાજા જેવો વૈભવ ભોગવતા હતા. જૈનોએ પોતાની સંપત્તિનો સદ્‌ઉપયોગ કરી વિશાળ મંદિરો બંધાવ્યાં હતાં.

અત્યારે આજિમગંજ અને જિયાગંજની વચ્ચે ૧૪ મંદિરો છે. ગંગાને એક કિનારે આજિમગંજ છે અને સામે કિનારે જિયાગંજ છે. બાદશાહોએ આ પ્રદેશ જીત્યા પછી શહેરને મુસ્લિમ નામો આપ્યાં છે. આજિમગંજમાં અત્યારે પણ લગભગ સો-દોઢસો જેટલાં જૈનોનાં ઘર છે. બધાં ઘરો સુખી-સંપન્ન અને ધર્મમાં રંગાયેલાં છે. તેના રીતરિવાજમાં હજુ પણ વૈભવનાં ચિહ્‌નો દેખાય છે. સરકારે જમીનદારી લઈ લીધા પછી તેઓ આર્થિક દૃષ્ટિએ તૂટી ગયા છે. ભક્તિભાવ અને સંતોની સેવામાં તત્પર રહે છે. અહીં સુધી ત્યાગી સાધુઓ આવી શકતા નથી તેથી જૈન જતિઓએ ગાદી સ્થાપી હતી.

મુનિરાજ જિયાગંજ ગયા ત્યારે ગાદી પર કરમચંદજી જતિ બિરાજમાન હતા. કરમચંદજી ખૂબ જ ઉચ્ચ વિચારના, સદાચારી, ગાંધીવાદી વિચારથી રંગાયેલા, ખાદીધારી આચાર્ય હતા. તેમની સાથે ખૂબ જ સારો વાર્તાલાપ થયો. તેઓએ આ પ્રદેશનો આખો ઇતિહાસ જણાવ્યો. અહીંનાં મંદિરોમાં કરોડોની કિંમતના હીરા, માણેક, નીલમ અને મોતીની પણ મૂર્તિઓ છે. અત્યારે મૂર્તિઓ ખૂબ કડક જાપ્તામાં રાખવામાં આવેલી છે. ખાસ રજા મેળવ્યા પછી જ દર્શન કરી શકાય છે. પ્રેમી ભાઈઓએ મુનિશ્રીને ગુપ્ત ભંડારમાં રાખેલી બહુમૂલ્ય મૂર્તિઓનાં દર્શન કરાવ્યાં. તે સિવાય ત્યાં એક કસોટી મંદિર પણ છે. જે પથ્થર ઉપર સોનાને ઘસીને પરીક્ષા કરવામાં આવે છે તેને કસોટી પથ્થર કહે છે. આખું મંદિર કસોટી પથ્થરથી બનેલું છે. આ પથ્થર ઘણો જ કીંમતી હોય છે. મૂર્તિઓ જોતાં એમ લાગે કે જે શ્રાવકોએ ભગવાનનાં બિંબ બનાવવામાં કરોડોની સંપત્તિનો ત્યાગ કર્યો છે તે ભક્તિભાવથી કેટલા ઓતપ્રોત હશે ! ધન્ય છે તેમના ભક્તિભાવને! આવા વિશાળ મંદિર બનાવી શ્રાવકો પોતાની અમર કીર્તિ મૂકી ગયા છે અને જૈન શાસનની ધજા

ફરકાવી ગયા છે. પ્રાચીન ક્ષેત્રોનું નિરીક્ષણ કરતાં મુનિરાજો ગદ્ગદ થઈ ગયા હતા.

શ્રી જયંતમુનિજીને પગના પંજામાં સોજો આવી જવાથી અહીં લગભગ ૨૭ દિવસ રોકાવાનું થયું. શ્રી ગિરીશચંદ્રજી મુનિ વડીલ મુનિઓની હૃદયપૂર્વક સેવા બજાવી રહ્યા હતા અને સાથે સાથે પ્રવચનમાં પણ જોડાઈને સેવામાં તત્પર રહેતા હતા. અહીં મુનિરાજોએ આયંબિલનું અનુષ્ઠાન કરાવ્યું, જેમાં નેવું નામ લખાયાં હતાં. સમૂહ આયંબિલ થવાથી સંઘના ઉત્સાહમાં વૃદ્ધિ થઈ.

બાદશાહની કરોડની સંપત્તિ જગતશેઠ સંભાળતા. અહીં જગતશેઠની નવ પેઢીનો ઇતિહાસ મળે છે. ઉત્તરોત્તર નવ જગતશેઠ થઈ ગયા. કહેવાય છે કે જગતશેઠના પલંગમાં નીલમ જડેલાં હતાં.

ખરેખર, જૈનોનો આ ઝળહળતો સમય બાદશાહ તથા અંગ્રેજોનો સંધિકાળ હતો. અંગ્રેજો કપટથી બાદશાહનું રાજ તોડી રહ્યા હતા. એ વખતે ક્લાઇવ અંગ્રેજ કંપનીનો પ્રથમ ગવર્નર હતો. તેણે અમીચંદને ઊભો કર્યો અને મોગલ વિરુદ્ધ તેનો ઉપયોગ કર્યો હતો. અમીચંદ જૈન પરિવારનો હતો. ઇતિહાસમાં અમીચંદ દેશદ્રોહી તરીકે કલંકિત થઈ ગયો છે. છેવટે ક્લાઇવના દગાનો શિકાર થવાથી અમીચંદ ગાંડો થઈ ગયો હતો.

આ બધાં મંદિરો જોતાં તે સમયની જૈનોની જાહોજલાલી અને ભક્તિ સારી રીતે જાણી શકાય છે. સમ્મેતશિખર, રાજસ્થાન, ગુજરાત અને પાલીતાણામાં આ જૈન ભાઈઓએ વિશાળ મંદિર બાંધી આખા ભારતમાં પોતાની કીર્તિ ફેલાવી હતી. તે સમયે રંજનસૂરિજી વિદ્વાન આચાર્ય હતા. તેઓએ જૈનોને ખૂબ જ સારી પ્રેરણા આપી હતી. અંગ્રેજ સરકારનું રાજ સ્થપાયા પછી જૈનોએ બાદશાહો સાથે સંપર્ક ઓછા કરી અંગ્રેજ સાહેબો સાથે હાથ મિલાવ્યા હતા. મુનીશ્વરો આ ક્ષેત્રનું ધાર્મિક, સામાજિક અને ઐતિહાસિક ઊંડું અધ્યયન કરી આજિમગંજથી મુર્શિદાબાદ પધાર્યા.

હાલ મુર્શીદાબાદ ભાંગીને ભૂકો થઈ ગયું છે. બાદશાહના વખતના ઐતિહાસિક ભાંગેલ-તૂટેલ મહેલો જોવા મળે છે. માલદા અને મુર્શીદાબાદનો અનુભવ લઈ, પૂર્વની યાત્રા પૂરી કરી, મુનિરાજો હવે પુનઃ પશ્ચિમ તરફ વળ્યા. આજિમગંજના નિવાસ દરમિયાન કલકત્તાથી સેંકડો ભાઈ-બહેનો દર્શનાર્થે આવ્યાં હતાં, તેઓએ કલકત્તાની વિનંતી કરી હતી. પરંતુ અત્યારે અવસર ન હતો.

મુનિરાજો મુર્શીદાબાદ પાર કરી સેંથિયા તરફ વળ્યા. રસ્તામાં મોટું ગામ કાંદી પડતું હતું. કાંદીનો વેપાર ઘણો સારો છે. પરંતુ આશ્ચર્ય એ થતું હતું કે વેપારનું આવડું મોટું મથક હોવા છતાં ત્યાં એક પણ ઘર મારવાડીનું ઘર ન હતું. આખું ગામ બંગાળી પ્રજાનું હતું અને વેપાર પણ તેમના હાથમાં હતો. મુનિરાજો વૈષ્ણવ મંદિરમાં ઊતર્યા. આજે કોઈ પણ શ્રાવકો સાથે ન હતા. સેવામાં ફક્ત હીરાસિંગ હતો. આગળ લખ્યા મુજબ આ વિહારમાં કોઈ પણ જાતની રસોડાની વ્યવસ્થા રાખવામાં આવી ન હતી તેમજ સંઘના ખર્ચે માણસો કે ગાડી રાખવામાં આવ્યાં ન હતા.

**બંગાળી વૈષ્ણવોની ભક્તિ :**

કાંદી મધ્ય બંગાળનું શહેર હોવાથી ત્યાં કોઈ પણ શ્રાવકો આવવાની સંભાવના ન હતી. આજે કસોટી હતી. મંદિરમાં ઊતર્યા પછી લાગતું હતું કે આજે ગોચરી-પાણી મળવા મુશ્કેલ છે. એટલામાં કેટલાંક બંગાળી બહેનો દર્શન કરવા આવ્યાં અને બંગાળીમાં પૂછ્યું, "આપનાર સેવા હોયે છે ?" (આપની જમવાની વ્યવસ્થા થઈ છે?) આ વૈષ્ણવ સંપ્રદાયમાં સાધુસંતોને જમાડવાને સેવા કહે છે.

ત્યારે શ્રી જયંતમુનિજીએ જવાબ આપ્યો કે, "આમરા ભિક્ષા કરે આહાર ગ્રહણ કરી. કિંતુ આપનારા સમસ્ત બાંગાલી માંસ-માછ ખાઓ. શેઈ જન્ય આમરા ભોજનેર જન્ય ભિક્ષા ગ્રહણ કરતે જાઈ નય." (અમે ભિક્ષા ગ્રહણ કરીને ભોજન લઈએ છીએ. પરંતુ તમે બંગાળીઓ માંસ-મચ્છી ખાઓ છો એટલે અમે ભિક્ષા માટે નથી ગયા.)

આ સાંભળીને બહેનો બોલ્યાં, "બાબા રે, આમરા ખાટી વૈષ્ણવ. આમરા માંસ, માછ, લસુન, પ્યાજ કીછું ખાયના. આમરા શુદ્ધ નિરામિષિ." (બાપ રે, અમે શુદ્ધ વૈષ્ણવ છીએ. અમે માંસ, મચ્છી, લસણ પ્યાજ-ડુંગળી પણ નથી ખાતાં. અમે શુદ્ધ શાકાહારી છીએ.)

આટલું સાંભળ્યા પછી શ્રી જયંતમુનિજી ઊંડા ઊતર્યા. આ વૈષ્ણવ ભાઈ-બહેનોના માહોલ અલગ જ છે. તેઓ બધાં શુદ્ધ શાકાહારી છે. તેઓએ હૃદયપૂર્વક ગોચારી માટે આમંત્રણ આપ્યું. લખતાં આનંદ થાય છે કે આ ભાઈઓ અને બહેનોના પરિચયમાં આવતાં જાણવા મળ્યું કે તેમના આચારવિચાર ઘણા શુદ્ધ છે અને તેઓ ઘણા સારા સંસ્કાર ધરાવે છે.

ચૈતન્ય ગૌરાંગ મહાપ્રભુ બંગાળમાં થઈ ગયા. લાખો માણસોને તેમણે વૈષ્ણવ બનાવ્યા અને તેમને માંસાહારથી મુક્ત કર્યા. તેમણે પોતાના સંપ્રદાયમાં શુદ્ધ શાકાહારની સ્થાપના કરી. એ પરંપરામાં હજારો બંગાળી અત્યારે પણ નિરામિષ છે. કાંદીમાં જ્યાં ઉપવાસ કરવાની નોબત આવી હતી ત્યાં શુદ્ધ આહાર-પાણી મળી ગયાં અને મુનિઓની વિહારયાત્રામાં એક નવો અનુભવ નોંધાયો. કાંદીમાં એક દિવસ વધુ રોકાયા. હવે કોઈ જાતની ચિંતા હતી નહીં કે ગોચરી-પાણીનું શું થશે !

**અણધાર્યા સંયોગ :**

પૂજ્ય તપસ્વી મહારાજના સાંસારિક મોટા પુત્ર અને શ્રી જયંતમુનિના સાંસારિક મોટાભાઈ અમૃતલાલભાઈ (બચુભાઈ) તેમના એક સાથીને લઈ કાઠિયાવાડથી દર્શન કરવા માટે નીકળ્યા હતા. તેઓ સમાચાર મેળવતા મેળવતા મુર્શીદાબાદ સુધી પહોંચ્યા હતા. ત્યાં પણ મુનિ મહારાજનાં દર્શન ન થતાં તેઓ થોડી હિંમત હારી ગયા હતા. એટલામાં કોઈએ તેમને બતાવ્યું કે મોઢા પર કપડાં બાંધેલા સાધુઓ કાંદી તરફ ગયા છે. પાછી તેમણે હિંમત કરી અને કાંદીના રસ્તે આગળ

વધ્યા. સૌભાગ્યથી તેઓ સમયસર કાંદી આવી પહોંચ્યાં. મુનિઓનાં દર્શન થવાથી તેમને અપાર હર્ષ થયો.

પૂજ્ય તપસ્વી મહારાજ બોલી ઊઠ્યા, "અરે બચુ, તું અહીં ક્યાંથી? તું અહીં કેવી રીતે પહોંચ્યો?"

બચુભાઈએ પણ થોડે દેખાવ કર્યો. "શું કરીએ? તમે આવા આડા રસ્તે રઝળપાટ કરો છો! આ તો સારું થયું કે છેવટે દર્શન થયાં. નહીંતર અમે સેઢે આવીને શિરામણ કર્યા વગર પાછા જાત. મુર્શીદાબાદથી જ પાછા ફરવાના હતા. નિરાશ થઈ ગયા હતા. આ તો તમારા તપોબળે કોઈએ ખબર આપ્યા. ચમત્કાર થયો અને અમે અહીં આવી પહોંચ્યા. તમારી પાછળ આ બિચારા ગિરીશમુનિ કેટલા દૂબળા થઈ ગયા છે? આવું બધું ન કરો અને કોઈ સારી જગ્યાએ રોકાવ તો વાંધો શું છે?"

તેઓ પોતાની સાથે થોડાં ફળ અને કાકડી લાવ્યા હતા. બધું સૂઝતું થયું ત્યારે વહોરાવીને લાભ લીધો. આમ અચાનક કઠણ વિહારમાં બચુભાઈ મળી જવાથી મોટી રાહત થઈ.

કાંદીથી સૈંથિયા સુધી તેઓ વિહારમાં સાથે રોકાયા. કાંદીથી પગ ઉપાડ્યો ત્યાં સૈંથિયાના શ્રાવકો આવી પહોંચ્યા. વિહારનું બધું તંત્ર ગોઠવાઈ ગયું. હવે ગોચારી પાણીની ચિંતા ન રહી. શ્રાવકો પોતાનો ધર્મ બજાવતા હતાં. હવે સૈંથિયા હાથવેંતમાં હતું. આખો રસ્તો કાચો હતો. આ ખેતીપ્રધાન દેશ લીલાં શાકભાજીથી ભરપૂર હતો. બંગાળની ભક્તિનું તો પૂછવું જ શું? શ્રી જયંતમુનિજીને સૂત્ર હાથ લાગી ગયું હતું એટલે ગામમાં જતાં જ વૈષ્ણવ ઘરની પૂછપરછ કરતા. ખાટી (શુદ્ધ) વૈષ્ણવ મળી જાય તેને ગોચારી-પાણીનો લાભ દેવાનું ચૂકતા નહીં.

બચુભાઈ ખૂબ રમૂજી સ્વભાવના હતા. સૈંથિયાના ચાર-પાંચ મારવાડી ભાઈઓ વિહારમાં સાથે હતા એટલે આખો રસ્તો આનંદમય બની ગયો. સૈંથિયાની ભક્તિનો ઉલ્લેખ આપણે આગળ કરી ગયા છીએ. અત્યારે ફરથી સૈંથિયા આવતા તે લોકોનો ઉછરંગ ખૂબ વધી ગયો હતો. સૈંથિયા માટે મુનિરાજો ખૂબ જાણીતા થઈ ગયા હતા. આ વખતે પણ સૈંથિયામાં પંદર દિવસનો મુકામ હતો. જયંતમુનિજી સૈંથિયા પહોંચ્યા પછી કલકત્તાથી ચાતુર્માસ પૂરું કરી પ્રતાપમલજી મહારાજ, હીરાલાલજી મહારાજ, લાભચંદ્રજી મહારાજ આદિ ઠાણા સાત વિહાર કરી સૈંથિયા પધાર્યા.

સંતો મળવાથી આનંદ આનંદ થઈ ગયો. સૈંથિયામાં સાધુ-સંમેલન થવાથી સૈંથિયા સંઘના હરખનો પાર ન રહ્યો. બચુભાઈ બે દિવસ રોકાઈ સૈંથિયાથી કલકત્તા થઈ દેશમાં ચાલ્યા ગયા. શ્રી પ્રતાપમલજી મહારાજ ઘણું જ સારું પ્રવચન આપતા હતા.

પૂજ્ય તપસ્વી મહારાજ, શ્રી જયંતમુનિ મહારાજ અને ગિરીશમુનિ મહારાજે પૂર્વ પ્રદેશમાં

જે કામ કર્યું છે અને ઠેર ઠેર જૈનભવનોની સ્થાપના કરી, સંઘોને સંગઠિત કરી, શાસનપ્રભાવના કરી છે તે બદલ આગુંતુક સંતો સન્માન કરવા માગતા હતા. પોતાના હૃદયના ભાવો ઠાલવી શ્રી જયંતમુનિને આશીર્વાદ આપવા માગતા હતા. તેમણે 'સમાજભૂષણ'ની પદવી આપી જયંતમુનિજીને નવાજ્યા અને અપૂર્વ સ્નેહસંબંધ સ્થાપિત કર્યો.

સૈંથિયાથી રાણીગંજ સુધી બધા સંતોએ સાથે વિહાર કર્યો. શ્રી પ્રતાપમલજી મહારાજે બંગ સંપ્રદાય સ્થાપવા માટે પ્રસ્તાવ મૂક્યો અને ગંભીરતાથી પ્રયત્ન કર્યો. પરંતુ કાળ પાક્યો નહીં હોય તેથી પૂજ્ય તપસ્વી મહારાજ આ વિચારમાં સંમત ન થયા. પૂજ્ય તપસ્વી મહારાજને લાગ્યું કે નવો સંઘાડો સ્થાપવાથી ગોંડલ સંપ્રદાયનો સંબંધ તૂટી જશે અને એક પ્રકારનો વિદ્રોહ ગણાશે. માટે આવું કશું કરવાની તેમને જરૂર ન લાગી. તેમને જે છે તે યથાવત્ - બરાબર જણાયું.

**રાણીગંજમાં જૈન ભવન :**

સૈંથિયાથી રાણીગંજ આવવાનું નક્કી હતું. રાણીગંજમાં ગોપાલજીભાઈ પતિરાએ પૂજ્ય તપસ્વીજીની પ્રેરણાથી પોતાની કીમતી જમીનનું દાન કર્યું. જૈન ભવન માટે ફાળો થયો. આજે રાણીગંજનું જૈન ભવન ઘણાં વરસોથી એકધારી સેવા આપી રહ્યું છે. પૂજ્ય તપસ્વી મહારાજ યોગ મળતાં જૈન ભવનની સ્થાપના કરવાનું ન ચૂકતા. જેને પરિણામે રાણીગંજ જૈન ભવનની સ્થાપના થઈ અને જૈન સંઘનો ઉદય થયો.

મુનીશ્વરો રાણીગંજથી બરાકર અને અનાડા થઈને પુરુલિયા પધાર્યા. આ ક્ષેત્રોમાં અગાઉ વિહાર થઈ ગયો હતો એટલે સ્થાનિક શ્રાવકો અને ગુજરાતી-મારવાડી સમાજ જાણીતા હતા. અહીંની જનતા પણ મુનિઓને ઓળખતી થઈ ગઈ હતી. પુરુલિયામાં દિગંબર સમાજનો સારો એવો પરિચય થયો. શ્રીયુત ઇન્દ્રચંદ્રજી જૈન ઉદાર દિલના હોવાથી તેમના મન ઉપર ઘણા પ્રભાવ પડ્યો. પુરુલિયામાં ચાર દિવસની સ્થિરતા થઈ. જમશેદપુર શ્રીસંઘ બધી તૈયારી સાથે સ્વાગત કરવા માટે પુરુલિયા પહોંચી ગયો.

હવે વિહારની કમાન જમશેદપુરના ભીખાબાપાએ સંભાળી હતી. બલરામપુર, ચાંડિલ થઈ મુનિશ્રી સરધાનાજી કોઠી ઉપર રોકાયા. ગિરીશચંદ્રજી મુનિ સારા એવા ઘડાઈ ગયા હતા. સાધુજીવનમાં તત્પર રહી, શ્રાવકોને સંભાળવા, ગુરુદેવની સેવા કરવી, ઇત્યાદિ યોગદાન આપી રહ્યા હતા. સરધાના પરિવાર પંજાબી આર્યસમાજી હોવાથી સંપૂર્ણ નિરામિષ અને સંસ્કારી પરિવાર હતો. પરિવારનાં વૃદ્ધ માતુશ્રી ઘણાં જ બાહોશ, ભક્તિના રંગે રંગાયેલાં, મધુરભાષી અને ઉદાર હતાં. સરધાનાજીએ સમસ્ત સંઘનું હાર્દિક સ્વાગત કર્યું અને પોતાના તરફથી જલપાનની વ્યવસ્થા ગોઠવી.

**જમશેદપુર ચાતુર્માસ :**

ઈ.સ.૧૯૫૪નું ચાતુર્માસ ટાટાનગરમાં નિર્ધારિત થયું હતું. પૂજ્ય ગુરુદેવ પ્રાણલાલ સ્વામીનો

જમશેદપુર ચાતુર્માસ માટે મંજૂરીનો આજ્ઞાપત્ર આવી ગયો હતો. સંઘમાં અનેરો ઉત્સાહ હતો. આખો ગુજરાતી સમાજ, સાકચી અને જુગસલાઈના મારવાડી ભાઈઓ, ઓસવાળ જૈન સમાજ, બધાં જ જાણીતા હતા. બધા ઘરોમાં ધર્મનો પ્રભાવ વધ્યો હતો.

શ્રીયુત ચુનીભાઈ માસ્તર દરેક કામમાં આગળ રહી, મુનિઓને સાતા ઉપજાવવાની એક પણ તક જવા ન દેતા. શ્રી નિર્મળાબહેન ગુજરાતી સ્કૂલ સંભાળતાં હતાં. તેઓ ચુનીભાઈ સાથેના સારા સંબંધો જાળવી બાળાઓને બધી રીતે તૈયાર કરી સાંસ્કૃતિક કાર્યક્રમ આપતા હતા. ખરું પૂછો તો આખી ગુજરાતી શાળા બધા કાર્યક્રમમાં સંપૂર્ણપણે ભાગ લેતી હતી. ઝરિયા ચાતુર્માસ પછી લગભગ છસો માઈલનો (૧૦૦૦ કિલોમીટર) વિહાર પરિપૂર્ણ થયો હતો. ઉપાશ્રયની પાસે જ શ્રીયુત ભાઈચંદભાઈ પંચમિયાનું ઘર હતું. તેઓએ વિશ્રાંતિ માટે બે રૂમ અર્પણ કર્યા હતા. તેથી પૂજ્ય તપસ્વીજી મહારાજને ધ્યાન-સમાધિ અને લખાણમાં સાતા ઊપજતી હતી. ટાટા શ્રીસંઘે અતિથિઓની સેવા માટે અલાયદું રસોડું ન ખોલતાં શ્રાવકો વારા પ્રમાણે પોતાના ઘેર લાભ લે તેવી ભાવના રાખી હતી.

જોતજોતામાં આનંદ સાથે ચાતુર્માસ વ્યતીત થઈ ગયું. આખા ચાતુર્માસમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યની ઉત્કૃષ્ટ આરાધના થઈ. શ્રી ગિરીશમુનિ ભજનો સંભળાવી અને પૂજ્ય તપસ્વી મહારાજ કાઠિયાવાડી ભાષામાં ચાબખા સંભળાવી પ્રવચનના સાથિયા પૂરતા હતા. શ્રી જયંતમુનિજી હિંદીમાં પ્રવચન આપતા હતા. શ્રીસંઘને ત્રણે મુનિશ્વરોનો ઉત્તમ લાભ મળતો હતો. સૌરાષ્ટ્રથી ઉપાશ્રયના ફાળા માટે જે ભાઈઓ આવ્યા હતા તેને જમશેદપુર સંઘે સારો સહકાર આપી સત્કાર કર્યો હતો.

❑



# ૨૫

## લોભી અને જોગીનો અનુભવ

વિહારનો હારનો સમય નજીક આવી ગયો. કલિંગ યાત્રા માટે પૂરો નકશો તૈયાર કર્યો હતો. ઉડિસાનું પ્રાચીન નામ કલિંગ છે. જમશેદપુરથી જગન્નાથપુરી જવું હતું. ત્યાંથી સંબલપુરનો સ્પર્શ કરી, રાઉરકેલા થઈ રાંચી ચાતુર્માસ માટે માનસિક નિરધાર કર્યો હતો. જમશેદપુરથી મોટું સ્ટેશન રાયરંગપુર અને ત્યારબાદ બાલાસુર આવતું હતું. પંદરથી વીસ નામો વિહાર સાથે ચાલવા માટે લખાયા. બાલાસુર સુધીની જવાબદારી જમશેદપુર શ્રીસંઘે લીધી હતી. શંકરભાઈને પણ વિહારમાં આવવા માટે આમંત્રિત કર્યા હતા. રાયરંગપુરમાં શ્રીયુત કેશુભાઈ બગડિયાએ ઉત્તમ સેવા બજાવી. મુનિશ્રીએ ત્યાં ૩ દિવસની સ્થિરતા કરી અને જાહેર પ્રવચનો આપ્યાં.

અહીંની હાઇસ્કૂલમાં શ્રી જયંતમુનિજી તથા ગિરીશમુનિજી પ્રવચન આપવા માટે પધાર્યા. અહીં ઓરિસાની સંસ્કૃતિની ઝલક જોવા મળી હતી. આખો પર્વતીય પ્રદેશ છે. ખેતીવાડી માટે સપાટ જમીન બહુ જ ઓછી છે. બધાં ખેતરો ઊંચા-નીચા ઢોળાવવાળાં હોય છે. અહીં ચોખાની પેદાશ વધારે છે, બાકીની ઊપજ નહીંવત્ છે. ગરીબીની રેખા નીચે જનતાનો બહોળો ભાગ જીવે છે. જાનવરો પણ ખૂબ જ નાનાં અને દૂબળાં હોય છે. ગાય અડધા કે એક લિટરથી વધારે દૂધ આપતી નથી. હિન્દુ સમાજ ગાયોને પૂજે છે પરંતુ ગાયોની સેવા કરી શકતો નથી.

રાયરંગપુરથી બાલાસુર પહોંચ્યા. અડધો રસ્તો પાર થયા પછી પર્વતીય માળાઓ પૂરી થઈ હતી અને મેદાની ક્ષેત્ર શરૂ થઈ ગયું હતું. ધાનનાં

વિશાળ ક્ષેત્રો દૃષ્ટિગોચર થવા લાગ્યાં. બાલાસુરમાં જૈન મુનિઓનું પ્રથમ વાર આગમન હોવાથી શ્રીસંઘને ઘણો જ આશ્ચર્યનો અનુભવ થતો હતો. આપણા મુનિ મહારાજ વિહાર કરીને ઓરિસા સુધી પહોંચી ગયા તે બહુ જ કહેવાય. એ વખતે વર્ધમાન ફૂલચંદની ત્યાં હાજરી હતી. વર્ધમાન બાપાએ આનંદભર્યા આશ્ચર્ય સાથે કહ્યું કે "અમને સ્વપ્નમાં પણ ખ્યાલ ન હતો કે આપણા મહારાજ અહીં હિન્દુસ્તાનના પૂર્વ છેડે સમુદ્ર સુધી પધારશે. બાલાસુર સંઘને આપ જેવા સંતોની ચરણધૂલિનો લાભ મળશે તે અમારી કલ્પના બહારની વસ્તુ હતી."

બાલાસુર શ્રીસંઘ હજુ સંગઠિત થયો ન હતો, તેમજ સંઘની સ્થાપના પણ થઈ ન હતી. જૈન ભવન કે ઉપાશ્રયનું અસ્તિત્વ ન હતું. તેઓના ભક્તિમય સંસ્કાર સંતો પ્રત્યે ઊંડી ભાવના અભિવ્યક્ત કરતા હતા. બાલાસુર એ દરિયાકિનારાનું નાનું એવું શહેર છે, તેમજ બાલાસુર ઉડિસાનો મુખ્ય જિલ્લો પણ છે. જિલ્લાનું કેન્દ્ર હોવાથી બાલાસુરનું મહત્ત્વ ઘણું છે. મુનિરાજોએ ગુજરાતી શાળામાં નિવાસ કર્યો હતો. ગુજરાતી સમાજ તરીકે બધા ભાઈઓ સંગઠિત હતા. મુનિ મહારાજનું સ્વાગત પણ ગુજરાતી સમાજના ધોરણે કરવામાં આવ્યું હતું. બાલાસુરમાં દસ દિવસની સ્થિરતા થઈ.

ત્યાંના મોટા મારવાડી શેઠ રામેશ્વર બાબુ અગ્રવાલ પ્રતિદિન પ્રવચનમાં આવતા હતા. પૂ. તપસ્વી મહારાજનો તેમના પર ખૂબ જ પ્રભાવ પડ્યો. બજારમાં તેમની જમીન હતી. ત્યાં ઉપાશ્રય બાંધવામાં આવે તો બધાને ખૂબ જ સગવડતા રહે. પૂજ્ય તપસ્વી મહારાજની પ્રેરણાથી શ્રી રામેશ્વર બાબુએ આ જમીન શ્રીસંઘને અર્પણ કરી દીધી અને એ જ જમીન ઉપર મુનિઓનાં પગલાં કરાવ્યાં. રામેશ્વર બાબુનાં પત્ની પણ એવાં જ ઉદાર અને ભક્તિવાળાં હતાં. જમીન ઉપર શામિયાણો બાંધી પ્રથમ પ્રવચન રાખવામાં આવ્યુ. શ્રી ગિરીશચંદ્ર મુનિએ મીઠા સ્વરે ભજન સંભાળવી સૌનાં મન મુગ્ધ કરી દીધાં. જેમણે ધર્મનો પાયો નાખ્યો હતો એવા રામેશ્વર બાબુને શ્રી જયંતમુનિજીએ હિન્દી પ્રવચનમાં બાલાસુર શ્રીસંઘ ઉપરના ઘણા જ ઉપકાર બદલ અભિનંદન આપ્યાં.

ખડકપુરથી બચુભાઈ પૂજારા બાલાસુર આવી ગયા હતા. તેઓ પણ કલિંગયાત્રામાં જોડાયા. બચુભાઈની ઇચ્છા હતી કે મુનિવરોને ચંડીખોલ લઈ જવા. ચંડીખોલ એક ઊંચા પહાડ ઉપર ઝરણાના કિનારે આવેલું છે. ત્યાં એક બાવાજીએ પુરુષાર્થ કરી મોટું તીર્થ ઊભું કર્યું છે. ત્યાં ચંડીમાતાની મૂર્તિ મૂકવાથી ચંડીખોલ નામ પડી ગયું છે. બાવાજી ભૈરવાનંદ ચંડીખોલ આશ્રમના અધિષ્ઠાતા હતા. તેમને બચુભાઈ સાથે ગાઢ સંબંધ હતો.

બાલાસુર પછી સોરો, ભદ્રક ઇત્યાદિ સ્ટેશનોમાં રોકાઈને મુનિવરો આગળ વધ્યા.

**ધર્મપરાયણ પિતા-પુત્ર :**

મુનિમહારાજ વિહાર કરીને સોરો પહોંચ્યા. એકાએક એક બાપ-દીકરો મુનિજીને ચરણે આવી વિધિવત્ લળી લળીને વંદન કરવા લાગ્યા. ત્યાર પછી દીકરો તુરત જ પથરણું ખોલી, સામાયિક બાંધી, સાધનામાં બેસી ગયો. બાપા કહેવા લાગ્યા, "ગુરુદેવ, આ મારો દીકરો છે.

વધારે શું વખાણ કરવા! પરંતુ એટલો ધાર્મિક છે કે ચાર ઘડીની સામાયિક કર્યા વિના ક્યારે પણ પાણી પીતો નથી."

ભાઈનું નામ રમણભાઈ હતું. તેમણે કહેવાનું શરૂ કર્યું, "ગુરુદેવ, આપ ચંડીખોલ પધારવાના છો અને ત્યાં આઠ દિવસની સ્થિરતા કરશો એમ સાંભળ્યું છે. ત્યાં ખડકપુર, બાલાસુર, ટાટાનગર અને કટકથી શ્રાવકો આવવાના છે. સાહેબ, મારી એક વિનંતી છે. આપ જેટલા દિવસ ચંડીખોલ રહો તેટલા દિવસનો લાભ લેવાની મારી ભાવના છે. આપ આજ્ઞા આપો. હું બધી વ્યવસ્થા કરીશ."

તેમણે એટલા ઉત્કૃષ્ટ ભાવથી વિનંતી કરી કે મુનિવરોનું મન પીગળી ગયું. મુનિશ્રીને પણ થોડી ચિંતા હતી કે ચંડીખોલ જેવા જંગલમાં આવનારાઓની વ્યવસ્થા કોણ કરશે? આ ભાઈની વિનંતીથી ઘણો બોજો ઊતરી જતો હોય તેવું લાગ્યું. મુનિજીઓએ તુરત જ હા પાડી.

ત્યાર પછી આ ભાઈએ પોતાની ઉદારતાની ઘણી વાતો કરી. તેમણે ખડકપુરમાં પચાસ હજાર રૂપિયા ખર્ચીને સ્કૂલનો ઉપરનો ભાગ બનાવી દેવાનું વચન આપ્યું હતું. બાલાસુરમાં પણ ઉપાશ્રય બાંધવામાં પોતે મદદ કરશે તેવું વચન આપ્યું હતું.

જમ્યા પછી તેમણે કહ્યું. "સાહેબ, આ છોકરો આપની સેવામાં રહેશે. હું કટક જઉં છું. ત્યાંના શ્રાવકોને તૈયાર કરી, ચંડીખોલ સામાન લઈને પહોંચું છું." એમની વાણી એટલે બધી મીઠી હતી કે એક એક શબ્દે મુખમાં પાણી આવી જતું હતું.

તેમણે કટક સંઘને જણાવ્યું કે "જુઓ ભાઈઓ, તમને તો લાભ મળશે, પરંતુ મહારાજશ્રી ચંડીખોલ પધારે ત્યારે બધો લાભ મારે લેવો છે." કટકવાળા તો રાજીના રેડ થઈ ગયા. તેમને થયું કે પરબારો બોજો ઊતરી ગયો !

રમણભાઈએ વિશેષમાં ઉમેર્યું કે "જુઓ ભાઈઓ, હું તો સામાન્ય માણસ છું. પરંતુ મારા શેઠને મોટી રકમ વાપરવી છે. હાલમાં તેઓ જગન્નાથપુરી રોકાયા છે. અહીંથી ચંડીખોલ ૫૦ કિલોમીટર દૂર છે. બાલ-બચ્ચાં અને બહેનોને જવા-આવવાની તકલીફ પડે. હું તેની વ્યવસ્થા ન કરું તો જમાડ્યાં ન જમાડ્યાં બધું સરખું થઈ જાય. માટે મારી ખાસ ભલામણ છે કે અહીંથી બે મોટી લક્ઝરી બસ કરી લેજો. બસનો બધો ખર્ચ મારે જ આપવાનો છે."

રમણભાઈની ભાવનામાં આટલો ઉમેરો થતાં કટકાવાળાનાં દિલ તો થનગની ઊઠ્યાં. તેમણે કહ્યું, "રમણભાઈ, તમે તો ભાઈસાબ, ઘણો લાભ લઈ રહ્યા છો. આટલુ બીજાથી ન બને."

રમણભાઈએ સામાનનું લિસ્ટ બનાવી કટક શ્રીસંઘના જોખમે ટ્રકમાં ભરાવી લીધો. પછી કહ્યું, "સાહેબ, હું શેઠને લઈ પુરીથી ગાડીમાં સીધો ચંડીખોલ આવું છું. તમો આ બધો સામાન લઈ ચંડીખોલ પધારો. મારા શેઠ પુરી છે અને ચેક તેમની પાસે છે. નહીંતર હું જ તમને ચેક આપી દેત."

કટકવાળા ભાઈઓએ વિવેક કર્યો, "અરે શું વાત કરો છો? પૈસાની ક્યાં ઉતાવળ છે. તમારી રૂડી ભાવના એ જ પૈસા છે. તમે નિરાંતે પુરી જાઓ." તેમનો દીકરો, જે પ્રતિદિન ૨-૨ સામાયિક કરતો હતો, તે પણ વંદન કરી, રમણભાઈને મારી જરૂર પડશે તેમ કહી કટકથી ચાલ્યો ગયો. આ બાજુ આટલા સામાનનો બોજો અને બે બસનાં ભાઈબહેનો સાથે કટકનો સંઘ ચંડીખોલ પહોંચ્યો.

દરમિયાન મુનિશ્રી પાસે કોઈ એક માણસ ચિઠ્ઠી મૂકી ગયું. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે "એક બાપ-દીકરો તમારા તરફ આવી રહ્યા હતા. સાવધાન રહેશો. બંને ઠગ છે. વિશ્વાસ ન કરશો."

ચિઠ્ઠી વાંચતાં જ સૌના મોતિયા મરી ગયા. કટક સંઘ ઘણા ઉત્સાહ સાથે ચાર-પાંચ હજાર રૂપિયાનો સામાન અને સોએક માણસો સાથે આવી પહોંચ્યો હતો. સૌ આવતાંની સાથે મુનીશ્રી પાસે રમણભાઈનાં ખૂબ જ વખાણ કરવા લાગ્યા, "સાહેબ, અમારા ભાગ્યમાં નહીં હોય એટલે રમણભાઈએ બધો લાભ લઈ લીધો. તેની ભાવનાની શી વાત કરવી !"

દરમિયાન ચંડીખોલના બાવાજી ભૈરવાનંદજીને આ ચિઠ્ઠીની ખબર પડી ગઈ હતી. બાવાજીએ જયંતમુનિજીને કહ્યું, "સાહેબ, મહેરબાની કરીને ઉતાવળ ન કરશો. એક વખત બધો સામાન ઊતરી જાય અને રસોઈ શરૂ થઈ જાય ત્યાર પછી જ વાત કરજો."

કટક સંઘ ઘણો ઉત્સાહમાં હતો. કટક, ખડકપુર, બાલાસુર, કલકત્તા મળીને ૨૫૦થી ૩૦૦ માણસો ભેગા થઈ ગયા. બધે જ રમણભાઈનાં વખાણ થઈ રહ્યાં હતાં. તેણે ખડકપુર અને બાલાસુરમાં પણ મોટાં મોટાં વચન આપ્યાં હતાં. જેથી રમણભાઈનો ડંકો વાગ્યો હતો. સૌનો ઊભરો શમી ગયો પછી તપસ્વી મહારાજે કટકના ભાઈઓના હાથમાં ચિઠ્ઠી મૂકી. જાણે દૂધના ઊભરામાં પાણી પડી ગયું. થોડો હંગામો પણ થઈ ગયો.

કટક સંઘના ભાઈ બોલ્યા, "આ માણસ ખોટો હોઈ જ ન શકે. ચિઠ્ઠી બનાવટી છે. રમણભાઈએ જે ભક્તિ દેખાડી હતી તે ભારોભાર સાચી હતી. હું માણસને જગન્નાથપુરી મોકલું છું." કટક સંઘ ઝડપાઈ ગયો હતો. તેમના તરફથી આટલી વ્યવસ્થા અને તૈયારી સંભવ ન હતા.

પુરીથી ફોન આવ્યો કે અહીં નથી કોઈ શેઠ કે નથી રમણભાઈ. બધું હવામાં અલોપ થઈ ગયું છે. આ સમાચાર સાંભળીને સુખેદુઃખે, નાછુટકે બધો લાભ કટક સંઘે લેવો પડ્યો. બીજાની મદદ માગે તો કટક સંઘની નામોશી થાય. હવે ઉદારતા કરે કે કંજૂસાઈ કરે, બધું સરખું હતું.

રમણભાઈ ગયા તે ગયા, પરંતુ ચંડીખોલમાં મહેમાનો માટે આઠ દિવસની વ્યવસ્થા કરતા ગયા. તે ચાલાકી અને હોશિયારીથી કામ લેતા. જ્યારે તેમની પોલ ખૂલી ત્યારે ખબર પડી કે તેમણે ખડકપુર, બાલાસુર અને કટકના દરેક ભાઈઓ પાસેથી ચાલતી વખતે ૨૫ - ૨૫ રૂપિયા

લીધા હતા. ખરું પુછો તો રમણભાઈનો સ્વાર્થ નજીવો જ હતો. તે એવી ટેકનિક બતાવતા અને કુનેહથી જુદાં જુદાં બહાનાં નીચે એક એક વ્યક્તિ પાસેથી ૨૫ રૂપિયા માંગી લેતા. આટલો મોટો માણસ, એટલે નાની રકમ આપવામાં સંકોચ પણ શું થાય? રમણભાઈએ માંડ કરી ૫૦૦ - ૭૦૦ રૂપિયા લીધા હશે. જ્યારે તેમને હાથે પરમાર્થનું કામ પાંચથી સાત હજારનું થયું હતું !

ખરેખર, રમણભાઈને ઠગ કહેવા, બાજીગર કે સોદાગર કહેવા! રમણભાઈને નવ દિવસનો લાભ લેવો હતો. તેમણે લાભ લીધો નહીં, પણ લેવડાવ્યો ખરો! આ રીતે રમણભાઈનું કરુણતા-રમૂજના મિશ્રણયુક્ત પ્રકરણ પૂરું થયું. આ પ્રસંગ વિગતથી એટલા માટે આપ્યો છે કે જેમ લોભ અને લાલચમાં ફસાઈને વ્યક્તિ ઠગાય છે તેમ સમૂહ પણ ઠગાઈ જાય છે તેનું આ ઉદાહરણ છે. એક સફેદ ઠગનું પ્રકરણ આપણને એક જાગૃતિની ચેતના આપી જાય છે.

**ચંડીખોલની કુદરતી શોભા :**

મુનિરાજોની ચંડીખોલમાં નવ દિવસની સ્થિરતા થઈ. ત્યાંના બાવા ભૈરવાનંદ ઉચ્ચ કોટિના ત્યાગી, ભણેલા અને થોડા વિદ્વાન પણ હતા. એના ગુરુ રાજસ્થાનના હતા અને પોતે મૂળ ગુજરાતી હતા. તે નાનપણથી મારવાડી સાધુના પરિચયમાં આવ્યા અને ગિરિ સંપ્રદાયમાં દીક્ષા લઈ ભૈરવાનંદ નામ રાખ્યું. ગુરુ-શિષ્ય બંને ફરતા ફરતા ઓરિસાના ચંડીખોલ પહાડ ઉપર આવ્યા. આસપાસના જંગલની શોભા પણ અપૂર્વ છે. અહીં પહાડમાં એકદમ ઉપરથી ઝરણું ફૂટે છે અને ખળખળ કરતું નીચે આવે છે. જે ગુફામાંથી આ ઝરણું ફૂટે છે તેમાં ચંડિકાની સ્થાપના કરી છે, તેથી આ પહાડનું નામ ચંડીખોલ પડી ગયું છે.

આખો પર્વત ચટ્ટાનદાર છે. ગુરુચેલો બંને આ પહાડમાં સ્થિર થયા અને ઝરણાનું પાણી જ્યાં એકત્ર થઈ શકે છે ત્યાં એક મોટુ તળાવ બનાવ્યું અને ગૌમુખી બેસાડ્યા. બધું પાણી ભેગું થઈ, ગૌમુખીના મુખમાંથી ધોધરૂપે બહાર પડે છે. અપૂર્વ શોભા બની જાય છે. તળાવ પાંચ-છ ફૂટ ઊંડું કરી, ચારે તરફ બાંધી લેવામાં આવ્યું છે. તળાવમાંથી પાણી વહેતું રહે છે તેથી એકદમ સ્વચ્છ મોતી જેવું બરાબર જળવાઈ રહે છે. માણસો આરામથી તળાવમાં સ્નાન કરી શકે છે. ડૂબવાનો ભય રહેતો નથી. આ પાણી પીવાના ઉપયોગમાં પણ આવે છે અને આરોગ્યવર્ધક છે. સ્થાનિક માણસો આ પહાડમાંથી લાકડાના ભારા લઈ જીવનનિર્વાહ ચલાવે છે.

ગુરુ કાળધર્મ પામ્યા પછી ભૈરવાનંદે પોતાનો પુરુષાર્થ ચાલુ રાખ્યો. પહાડ ઉપર ધર્મશાળાઓ બનાવી. પહાડની તળેટીમાં હાઇસ્કૂલ બનાવી. ચંડીખોલમાં પોસ્ટ ઓફિસની સ્થાપના થઈ. કામ ખૂબ જામ્યું. પ્રતિદિન બસો-ત્રણસો માણસો આવવા લાગ્યા. ભૈરવાનંદનું નામ ચારેતરફ ફેલાઈ ગયું. મૂળમાં ગુજરાતી હોવાથી ગુજરાતી સમાજ સાથે ઘણો સારો સંબંધ સ્થાપ્યો.

ભૈરવાનંદે મુનીશ્વરોનું ઉમળકાથી સ્વાગત કર્યું. ભૈરવાનંદનો નિયમ હતો કે પૈસાનો કે સામાનનો

સંગ્રહ ન કરવો. જે કાંઈ સામાન આવે તે ચોવીસ કલાકમાં વાપરી નાખવો, જે કાંઈ વધારાનો સામાન હોય તે ગરીબોને આપી દેવો. અસંગ્રહવૃત્તિથી તેનામાં ત્યાગનો પ્રભાવ દેખાતો હતો. કટક નિવાસી સુંદરજીભાઈ અને ખડકપુરના બચુભાઈ પૂજારા તેમના ખાસ ભક્ત હતા. ભૈરવાનંદને કોઈ આમંત્રણ આપે તો તે ત્યાં જતો પણ ખરો. મુનીશ્વરો ત્યાં નવ દિવસ સુધી ખૂબ જ સાતા પામ્યા.

ભૈરવાનંદે સ્નેહ સંબંધ કાયમ સુધી જાળવી રાખ્યો. અત્યારે ભૈરવાનંદનું શરીર નથી, પરંતુ ચંડીખોલથી મુનિવરોએ વિહાર કર્યા પછી કોઈ પણ વરસ એવું ગયું નથી કે ભૈરવાનંદે ભક્તિભર્યો પત્ર લખ્યો ન હોય. દિવાળી પછી તેમનો પત્ર અચૂક આવતો. તેમાં ચંડીખોલની ભસ્મ અને કંકુના બે ચાંદલા જરૂર કરેલા હોય. ભૈરવાનંદ જીવ્યા ત્યાં સુધી તેમણે આ ક્રમ જાળવી રાખ્યો.

ચંડીખોલની યાત્રામાં રમણભાઈની ઠગબાજી, સામૂહિકભાવે સમાજનું લાલચમાં લપસીને ઠગના શિકાર થવું અને ભૈરવાનંદ બાબા જેવા જોગીના નિઃસ્વાર્થ ત્યાગનો એકસાથે અનુભવ થયો. શ્રી જયંતમુનિજી કહે છે કે આ રમણભાઈના નાના પ્રકરણમાંથી ઘણું શીખવાનું મળ્યું છે. ઠગલોકો સાધુઓને પણ કેવા જાળમાં ફસાવે છે તેનો પ્રત્યક્ષ અનુભવ થયો.

મુનિવરો ચંડીખોલથી કટક પધાર્યા. કટકવાળા રોજ ચંડીખોલ આવતા પણ હતા. કટકમાં દેરાવાસી અને સ્થાનકવાસી પરિવાર એક સૂત્રમાં બંધાયેલા હતા. બીજા કેટલાક વૈષ્ણવ પરિવારો પણ સાથે જોડાયેલા હતા. આમ ગુજરાતી સમાજનું પણ સંગઠન સારું હતું. કટકમાં હજુ જૈન ભવન બન્યું ન હતું. ગુજરાતી સ્કૂલ ઘણી સારી સ્થિતિમાં હતી. મુનિરાજો ગુજરાતી સ્કૂલમાં ઊતર્યા. પ્રતિદિન પ્રવચન થતાં. ગુજરાતી સિવાય મારવાડી ભાઈઓ પણ ખૂબ સારો રસ લેવા લાગ્યા.

કટક એ ઓરિસાનું જૂનું શહેર છે. આખું શહેર મહાનદીના કિનારે વસેલું છે. મહાનદી ઓરિસાની સૌથી મોટી નદી છે. બારે મહિના મહાનદીમાં પાણી વહેતું રહે છે. નદી ઉપરમોટો બંધ (પુલ) બનાવી સરકારે રોડ કાઢ્યો છે, તેથી અદ્‌ભુત દૃશ્ય બની રહે છે. શ્રી જયંતમુનિને કટકમાં ઘણો જ ગાઢ પ્રેમ બંધાયો. કટકથી જગન્નાથપુરીની યાત્રા ગોઠવવામાં આવી. વચમાં ઓરિસાની રાજધાની ભુવનેશ્વરનો પણ સ્પર્શ થયો. ભુવનેશ્વરમાં ઘણા પ્રાચીન મંદિરો છે. તેમાં લિંગરાજનું મંદિર સૌથી ઊંચું છે. ભુવનેશ્વરમાં એક દૂધિયું તળાવ છે. તેમાં દૂધ જેવું પાણી નીકળે છે. તે પીવામાં પણ છે.

**ખંડગિરિ અને ઉદયગિરિનાં જૈન તીર્થ :**

અહીંથી પાંચ માઈલ દૂર ખંડગિરિ અને ઉદયગિરિનાં જૈન તીર્થો આવેલાં છે.

મુનિરાજોએ ભુવનેશ્વરમાં પાંચ દિવસની સ્થિરતા કરી અને ખંડગિરિ-ઉદયગિરિની યાત્રા કરી. ત્યાં સમસ્ત સંઘ પણ દર્શનાર્થે આવેલ અને ધર્મશાળામાં પ્રીતિ ભોજન રાખવામાં આવેલ. મુનિરાજોએ ખંડગિરિની ધર્મશાળામાં નિવાસ કરી, પહાડ ઉપર પર્યટન કર્યું. પહાડમાં પ્રવેશ કરતાં

જ મોટા પથ્થર ઉપર બ્રાહ્મી લિપિમાં નવકારમંત્ર લખેલો દેખાય છે. પુરાતત્ત્વ વિભાગ કહે છે કે તે લગભગ હજાર વર્ષ પહેલાં કોતરેલો છે. આખા ભારતવર્ષમાં સૌથી પ્રાચીન નવકારમંત્ર અહીં જોવા મળે છે. પૂ. તપસ્વી મહારાજે પોતાની પોથીમાં બ્રાહ્મી લિપિની બારાખડી રાખી હતી તેની સાથે કોતરેલા અક્ષરો મેળવ્યા. આ પોથીના આધારે સાક્ષાત નવકારમંત્ર વાંચી શકાયો. જયંતમુનિજીના ચિત્તમાં આંતરિક આનંદ થયો. તેમણે નવકાર મંત્રને પ્રણામ કર્યા.

ઉદયગિરિ કે ખંડગિરિમાં મંદિરો બાંધવામાં આવ્યાં નથી, પરંતુ પથ્થર કોતરીને ગુફા બનાવવામાં આવી છે અને તેમાં જૈન સંસ્કૃતિના ઘણા પ્રસંગો કંડાર્યા છે. ઉપરાંત મૂર્તિઓ પણ સ્થાપિત કરી છે. પ્રાચીન અવશેષોની નગરી હોવાથી સરકારના પુરાતત્ત્વ વિભાગે અહીં પોતાનું આધિપત્ય સ્થાપ્યું છે. આ બંને દિગંબર તીર્થો છે. દિગંબર સમાજે અહીં ધર્મશાળાઓ બનાવી છે અને પૂજાપાઠ પણ થાય છે.

આખો પહાડ રસાળ છે, વનસ્પતિથી ભરપૂર છે, પરંતુ એક પણ કાંટાવાળું ઝાડ જોવામાં આવતું નથી. મૃદુ અને ફૂલો ખીલેલી વનસ્પતિથી પર્વત શોભાયમાન છે. બંને પર્વત જોડાજોડ છે. પથ્થર પણ મુલાયમ હોવાથી કોતરકામ કરી ગુફા બનાવવામાં પ્રાચીન કાળના કારીગરોએ પૂરો લાભ ઉઠાવ્યો છે.

**જૈન સમ્રાટ ખારવેલની કીર્તિ :**

ઐતિહાસિક દૃષ્ટિએ ૧૭૦૦ વરસ પહેલાં કલિંગની ગાદી પર રાજા ખારવેલ આવ્યો. ૧૫ વરસની નાની ઉંમરે રાજ્યની સ્થાપના કરી, ઘણી ઉજ્જ્વળ કીર્તિ મેળવી રાજ્યનો વિસ્તાર કર્યો. દિગંબર મુનિઓના પરિચયમાં આવવાથી તેણે જૈન ધર્મ સ્વીકાર્યો હતો.

ખારવેલ રાજમહેલમાં જિનેશ્વર ભગવાનની પૂજા કરતો હતો. મગધના રાજવીઓએ કલિંગ પર ચડાઈ કરીને કલિંગજિનને લઈ ગયા હતા. મહારાજા ખારવેલે પોતાના બાહુબલથી મગધને પરાજિત કરી, કલિંગજિનની મૂર્તિ પાછી મેળવી અને પુનઃરાજમહેલમાં સ્થાપના કરી. દક્ષિણ આંધ્ર સુધી ખારવેલે પોતાના રાજનો વિસ્તાર કર્યો. તે ધર્મમાં અનુરક્ત હોવાથી ખંડગિરિ અને ઉદયગિરિની કોતરણી કરી જૈન તીર્થની સ્થાપના કરી. આઠ વર્ષ પછી તે એકાએક ગાદી પરથી વિલીન થઈ જાય છે. ત્યારપછીનો તેનો ઇતિહાસ મળતો નથી.

આઠ વરસમાં તેમણે જે જાહોજલાલી મેળવી તે સાધારણ રીતે એંસી વરસમાં પણ મેળવવી મુશ્કેલ છે. જૈન ઇતિહાસમાં ખારવેલ એક મહાન સમ્રાટ તરીકે પોતાની આણ વર્તાવી ગયો છે. ભુવનેશ્વર મહારાજ ખારવેલની રાજધાની હતી. કેટલાક ઇતિહાસકારોનું માનવું છે કે તે પાછળથી મુનિ બની એકાંત સાધનામાં ચાલ્યો ગયો છે. મુનિરાજોએ ઉદયગિરિ-ખંડગિરિનું નિરીક્ષણ કર્યું. આ પવિત્ર સ્થળે અનેક જૈન સંતોએ તપસ્યા અને સાધના કરી છે. આ મહાન સંતોની ભાવનાને

અંતરમાં રાખી જયંતમુનિજીએ પવિત્ર ભૂમિને મનોમન પ્રણામ કર્યા. ભુવનેશ્વરનાં બધાં તીર્થોનું નિરીક્ષણ કરી, જયંતમુનિજીએ પ્રાચીન કાળના ઉજ્જ્વળ ઇતિહાસને મનમાં અંકિત કર્યો.

**અશોકનો શિલાલેખ :**

ભુવનેશ્વરથી એક દિવસ માટે મુનિરાજો રત્નાગિરિ પધાર્યા. રત્નાગિરિ વિશ્વપ્રસિદ્ધ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. અહીં પથ્થર ઉપર મહારાજા અશોકે લખાવેલ શિલાલેખ હજુ સુધી અખંડ ભાવે જળવાઈ રહ્યો છે. અશોકે પાટલીપુત્રથી કલિંગ ઉપર ખૂબ મોટી ચઢાઈ કરી હતી. સમ્રાટ અશોક અને કલિંગરાજ વચ્ચે ઘણું ભયંકર ઘમાસાણ યુદ્ધ થયું હતું. આ યુદ્ધમાં મોટી સંખ્યામાં માણસો માર્યા ગયા હતા.

સમ્રાટ અશોક જ્યારે હાથી પર બેસી પોતાની વિજયયાત્રા નીહાળવા માટે નીકળ્યો ત્યારે સ્ત્રીઓનાં ક્રંદન અને રુદન સાંભળ્યાં. હજારો સ્ત્રીઓ અશોકને શાપ આપી રહી હતી. યુદ્ધના કારણે તેમના પરિવાર છિન્ન થઈ ગયા હતા. અશોકે તેના સેનાધિપતિને પૂછ્યું, "શું આ મારો વિજય છે? આ યુદ્ધનું પાપ શું મેં વહોર્યું? શું યુદ્ધના વિજયની કિંમત લાખોના જીવનથી અપાઈ રહી છે?" અશોક હચમચી ગયો અને બોલી ઊઠ્યો, "ધિક્કાર છે આ યુદ્ધને !"

અશોકનો હૃદયપલટો થયો. કરુણાથી તેનું મન ભરાઈ આવ્યું. પોતે બૌદ્ધ ધર્મ અનુપ્રાણિત હતો. ભગવાન બુદ્ધનાં વચનો તેની સામે તરવરી ઊઠ્યાં : અશોક તેં આ શું કર્યું ! અશોકે આ રીતે મનોમંથન કર્યું. કલિંગનું રાજ્ય પુનઃ રાજકર્તાઓને સુપ્રત કરી રત્નાગિરિના પથ્થર પર મોટો શિલાલેખ કોતરાવ્યો. તેમાં લખ્યું છે કે "આ શિલાલેખ દ્વારા પ્રિયદર્શી અશોક, બંને હાથ જોડીને સૌને વિનંતી કરે છે કે કોઈ કોઈને દુઃખ ન આપે. બીજાં કોઈ પ્રાણીઓને કોઈ પીડા આપશો તો તેનું અશોકને ખૂબ જ દુઃખ થશે. બધા ઉપર કરુણા વરસાવવા માટે મારી પ્રાર્થના છે."

જ્યારે જયંતમુનિજીએ શિલાલેખના આ શબ્દો વાંચ્યા ત્યારે તેમની આંખ અશ્રુથી ભીંજાણી. કરુણા એ જ જીવનનો સાર છે. અશોક અને કલિંગનો ઇતિહાસ નજર સામે નાચવા લાગ્યો. અશોકનો હૃદયપલટો તે જ આ યુદ્ધનો સાચો વિજય હતો. કલિંગની બહાદુર પ્રજાએ ખરેખર અશોકને નમતું આપ્યું ન હતું. હારીને પણ પ્રજાએ પોતાનું ગૌરવ જાળવી રાખ્યું હતું.

મુનિશ્રી રત્નાગિરિથી પુનઃ ભુવનેશ્વર આવ્યા અને જગન્નાથપુરી માટે પ્રસ્થાન કર્યું.

આ યાત્રામાં ત્રણે સંસ્કૃતિનાં મહાન તીર્થનાં દર્શનનો લાભ મળ્યો. ઇતિહાસનું અવલોકન એ વધારાનો લાભ થયો હતો. ઉદયગિરિ અને ખંડગિરિમાં જૈન સંસ્કૃતિ, રત્નાગિરિમાં બૌદ્ધ સંસ્કૃતિ અને ભુવનેશ્વર અને જગન્નાથપુરીમાં સનાતન સંસ્કૃતિની આ ત્રિવેણીયાત્રા મુનિરાજો માટે ઘણી મહત્ત્વપૂર્ણ બની ગઈ હતી.

**જગન્નાથપુરીની તીર્થયાત્રા :**

જગન્નાથપુરી પ્રાચીન શહેર છે. સમુદ્રકિનારે પથરાયેલું હોવાથી સમુદ્રનાં દશ્ય તથા હવાથી જગન્નાથપુરીનું માનસ ખીલી ઊઠે છે. ગુજરાતી તીર્થયાત્રીઓ માટે અહીં રેવાબાઈ ધર્મશાળા છે. રેવાબહેન કચ્છનાં વતની હતાં. તેમના પતિ કરોડોની સંપત્તિ મૂકી ગયા હતા. રેવાબાઈએ ઠેર ઠેર ગુજરાતી સમાજની સગવડતા માટે બધાં તીર્થોમાં મોટી ધર્મશાળાઓ બંધાવી છે. શ્રી કટક સંઘે મુનિરાજો માટે રેવાબાઈ ધર્મશાળામાં ઊતરવાની વ્યવસ્થા કરી હતી.

સદીઓ પહેલાં અહીં ઊંચી પહાડીઓ હતી, જે નીલાંચલ કહેવાતી હતી. આ પહાડી કટક અને સંબલપુરની વચ્ચેના ભયંકર ગાઢા જંગલમાં આવેલી હતી. અહીં પુરી નામે નગર હતું. આ જંગલોમાં તે સમયે આદિવાસીઓની ધાક હતી. આ પહાડની ઉપર અતિ પ્રાચીન કાળમાં વિષ્ણુનું મંદિર હતું. વિષ્ણુદેવની જાત્રાએ અનેક માણસો આવતા. એક રાત્રે પુરીના રાજાને સ્વપ્ન આવ્યું કે હવે જગન્નાથજી સ્વયં પહાડોમાંથી ઊતરી સમુદ્રકિનારે આવવા માગે છે અને ત્યાં મોટું તીર્થ સ્થપાય તેવી જગન્નાથજીની પ્રેરણા છે. આ સ્વપ્નના આધારે રાજાએ પહાડમાં જઈને લોકોને વિનંતી કરી અને વિષ્ણુદેવને નીચે લઈ આવ્યા.

હાથીની અંબાડી ઉપર મૂર્તિની સ્થાપના કરી. હજારો હાથીઓ સાથે વાજતેગાજતે મોટી સંખ્યામાં આદિવાસીઓ ભગવાનને મૂકવા માટે જગન્નાથપુરી સુધી આવ્યા. અહીં ભગવાને 'જગન્નાથ' નામ ધારણ કર્યું. નીલાંચલ ઉપર વિશાળ મંદિર બંધાવી ભગવાન જગન્નાથની સ્થાપના કરવામાં આવી. એ સ્થળ જગન્નાથપુરી કહેવાયું. વર્ષમાં એક મહિના સુધી પૂજા કરવાનો હક આદિવાસીઓને આપવામાં આવ્યો. આદિવાસીઓ આ હક હજુ ભોગવે છે. પણ જુઓ બ્રાહ્મણોની ચતુરાઈ! તેઓએ આદિવાસીઓને જેઠ મહિનો સુપ્રત કર્યો. એક મહિનાની આવક વનવાસી પ્રજાને મળે છે અને અગિયાર મહિનાની મંદિરની આવક બ્રાહ્મણ પંડાઓને મળે છે.

પુરાણા કાળમાં કોઈ મહાન ધર્મગુરુએ ક્રાન્તિ કરી જગન્નાથપુરીમાં છૂતાછૂતની બીમારીને દૂર કરી અને એક સંતવાદી સિદ્ધાંત સ્થાપિત કર્યો. તેમણે ઘોષણા કરી કે જગન્નાથપુરીમાં કોઈ પણ પ્રકારનો જાતિભેદ કે પ્રજાભેદ માનવામાં આવશે નહીં. હરિજન હોય કે બ્રાહ્મણ હોય, બધાએ એક જ પંક્તિમાં એકસાથે બેસીને જમવું પડશે. જગન્નાથજીના ભાત એટલા પવિત્ર છે કે તેમાં કોઈ પ્રકારનો ભેદ નહીં રહે. તે બધાનું એકસાથે સરખું કલ્યાણ કરશે.

ખરેખર, કોઈ મહાત્માએ એ જમાનામાં વિચાર ક્રાંતિ કરી, અસ્પૃશ્યતાનું કલંક જગન્નાથપુરીમાં ધોઈ નાખ્યું હતું. અત્યાર સુધી આ નિયમ બરાબર પળાઈ રહ્યો છે. 'જગન્નાથના ભાતમાં ભેદ નહીં' એ સૂત્ર વાક્ય બની ગયું છે. ભાત પકાવવાની આખી વિધિ પણ દર્શનીય છે.

એક સાથે પચ્ચીસ મણ ભાત રાંધી શકાય તેવી મોટી ત્રાંબાની તેવડી હાંડી છે. આવી સાત

હાંડી ઉપરાઉપર ચડાવવામાં આવે છે અને સાતે હાંડીમાં એકસાથે ચાવલ રંધાય છે. જુઓ પ્રકૃતિની દેન! બધા ભાત એકસરખા, એકસાથે રંધાઈ જાય છે. મોટા વિશાળ થાળોમાં કડછાથી ભાત ઢાળવામાં આવે છે. ત્યારબાદ નાનાંમોટાં માટીનાં લોટકાંઓમાં ભાત ભરીને યાત્રાળુને આપવામાં આવે છે. એ જ રીતે પંક્તિમાં બેઠેલો હજારો માણસોને એકસાથે ભાત-દાળ પીરસાય છે. દિવસમાં સોળ કલાક સુધી આ યંત્ર ચાલુ રહે છે. ભાત પણ એટલા સ્વાદિષ્ટ હોય છે કે જમવામાં અમૃત જેવા લાગે છે.

ગૌરાંગ મહાપ્રભુ અહીં પધાર્યા ત્યારે જગન્નાથજીએ દર્શન આપવામાં મોડું કર્યું. ગૌરાંગ મહાપ્રભુએ ત્યારે ભક્તિના આવેશમાં બંને હાથના પંજા જમીન પર એટલા જોરથી માર્યા કે દશે દશ નખ નિકળી ગયા. લોહીની ધારા વહી અને જગન્નાથ તત્ક્ષણ પ્રગટ થઈ ગૌરાંગ મહાપ્રભુને ભેટી પડ્યા. તેમના નખ ફરીથી સોનાના નખ બની ગયા! અહર્નિશ મંદિરમાં પંડિતો વેદ-મંત્રોના ઉચ્ચારણ સાથે પૂજાપાઠ ચાલુ રાખે છે.

મુનીશ્વરોએ પુરીનાં દર્શન કરવા માટે જ્યારે પ્રવેશ કર્યો ત્યારે જાણવા મળ્યું કે જગન્નાથપુરીના મુખ્ય દ્વારની દીવાલ પર ભગવાન જિનેશ્વરની પણ એક નાની મૂર્તિ રાખવામાં આવી છે.

કહેવાય છે કે ખરેખર આ જગન્નાથજીનું મંદિર કોઈ કાળમાં જૈન મંદિર હતું. જિનેશ્વર ભગવાની મૂર્તિ રૂપાંતર કરી અહીં સ્થાપી દેવામાં આવી હતી. આજે જગન્નાથજીની આ મૂર્તિ ઉપર લાકડાનો ખોલ ચઢેલ છે. આખી મૂર્તિ ખોલમાં ઢંકાયેલી રહે છે. બાર વરસે એક વખત લાકડાની ખોલ બદલવામાં આવે છે.

દંતકથા એવી હતી કે જે કારીગર આ ખોલ બદલતો તેના પ્રાણ હરી લેવામાં આવતા. જે હોય તે સત્ય તો કેવળીગમ્ય છે. પરંતુ જૈનો એમ માને છે કે આ મૂર્તિ જિનેન્દ્ર ભગવાનની છે અને આ રીતે તેને છુપાવીને રાખવામાં આવી છે.

જગન્નાથપુરીના મંદિરમાં હિંદુને છોડી બીજી સંસ્કૃતિના માણસોને પ્રવેશ કરવા દેવામાં આવતો નથી. ઇંદિરા ગાંધીએ પારસી સાથે લગ્ન કર્યાં હતાં એટલે તેમને પણ બહારથી દર્શન કરવા પડ્યાં હતાં. આમ કેટલાક ચૂસ્ત નિયમો અત્યાર સુધી જળવાઈ રહ્યા છે. વાઇસરૉય આવ્યા ત્યારે તેમણે પણ બહારથી નમસ્કાર કર્યા હતા. અંગ્રેજોની વિશેષતા એ હતી કે તેઓએ ક્યારેય પણ જબરદસ્તી કે સત્તાના બળે મંદિરમાં પ્રવેશ કર્યો ન હતો.

**કલાની વિચિત્ર પરંપરા :**

કલિંગમાં આજે વર્ષોથી કળાના ક્ષેત્રમાં મંદિરો ઉપર ભોગાત્મક, અશ્લીલતાથી ભરપૂર શિલ્પકળા ચાલી આવે છે. જગન્નાથપુરીના મંદિર ઉપર પણ બાહ્યભાગમાં આ પ્રકારના ભોગાત્મક શિલ્પ કોતરેલાં છે. એ જ રીતે કોનાર્કનાં મંદિરો ઉપર આવાં અસંખ્ય અશ્લીલ ચિત્રો છે. એક પરિવારના

માણસો એકસાથે નિરીક્ષણ પણ ન કરી શકે તેટલાં લજ્જાભરેલાં આ શિલ્પ છે. આ જાતનું શિલ્પ પૂરી કલિંગ સંસ્કૃતિમાં જોવા મળે છે. કારણ ગમે તે રહ્યું હોય, પરંતુ ધાર્મિક ક્ષેત્રમાં, ધાર્મિક મંદિરો ઉપર આ જાતનું શિલ્પ ખૂબ આશ્ચર્ય ઉપજાવે તેવું છે.

તાંત્રિક મતનો કોઈ કાળમાં અહીં પૂરો પ્રભાવ પડ્યો હશે. તાંત્રિક મત હટી ગયા પછી પણ આ કળા પરંપરામાં રહી ગઈ હશે તેવું અનુમાન થાય છે. ઇતિહાસકારો કે પુરાતત્ત્વ વિદ્વાનો બીજાં કેટલાંક કારણો બતાવે છે. સંભવ છે કે તેમાં પણ સત્ય હોય.

જગન્નાથપુરીનાં મંદિરોનું નિરીક્ષણ કર્યા પછી તેના આહ્લાદક સમુદ્રકિનારાનાં દર્શન કર્યાં. પૂર્વનો સમુદ્ર જગન્નાથજીના ચરણ પખાલતો હોય તેવું છાયાવાદી ચિત્ર મનમાં ઊભું થાય છે. જે ઋષિ મહાત્માજીએ યા કોઈ મહાન ભક્તે પુરીનું સ્થાન પસંદ કર્યું છે તે કોટિ કોટિ અભિવંદનીય છે.

પુરીની આખી પૂજા-પરંપરા વૈષ્ણવ પદ્ધતિથી જોડાયેલી છે. તેથી અહીં કોઈ પ્રકારનું બલિદાન કે જીવહિંસા થતી નથી. અહિંસાનો પૂરો પ્રભાવ છે તેના કારણે વાતાવરણ ખૂબ શુદ્ધ લાગે છે.

પુરીના નિવાસ દરમિયાન કલકત્તાથી શેઠશ્રી સોહનલાલજી દુગ્ગડ મુનિશ્રીનાં દર્શન માટે આવ્યા હતા. તેમણે પુરીમાં દાનનું ઉત્તમ ઉદાહરણ પ્રસ્તુત કર્યું. દર્શન કર્યા પછી તેમણે જયંતમુનિજીને કહ્યું કે, "અહીં બ્રાહ્મણ પંડાઓને બધા જ દાન-દક્ષિણા આપે છે. પરંતુ અહીં રહેતા સેંકડો હરિજનને કોઈ દક્ષિણા નહીં આપતું હોય. ઝાડું મારીને સફાઈ રાખનારને કોઈ કંઈ નહીં આપતું હોય."

મહારાજશ્રીએ કહ્યું, "શેઠજી, એ લોકોને કોણ દાન આપે!"

સોહનલાલજી એ કહ્યું, "હું પુરીના બધા જ હરિજનોને કપડાં આપવા માંગું છું. પુરુષોને ધોતી, સ્ત્રીઓને સાડી, છોકરાંઓને શર્ટ અને છોકરીઓને ફ્રોકનું પીસ આપવા ઈચ્છું છું."

શેઠજીએ તુરત નિર્ણય કરી, આખી જગન્નાથપુરીમાં ઢોલ વગડાવી દીધો કે જે હરિજન હોય તે બધા લાઇનમાં બેસે. કોઈને ડર લાગ્યો કે અન્ય જાતિના માણસો આવીને કપડાં લઈ જશે. શેઠજી હોશિયાર હતા. તેમણે કહ્યું, "એક ધોતી માટે કોઈ હરિજન બનશે નહીં. તેમ છતાં જે કોઈ હાથ લંબાવશે તેને કપડાં આપશું."

શેઠજીનું અનુમાન બરાબર હતું. બપોર સુધીમાં તો આખી પુરીમાં હરિજનોને પંક્તિમાં બેસાડી એકવીસ હજાર કપડાં વહેંચી દીધાં. પોતે પણ સ્ફૂર્તિવાળા ઘણા જ હતા. એટલું ઝડપથી કામ પતાવ્યું કે તે જોવાલાયક હતું. લગભગ સવા લાખ-દોઢ લાખનું દાન હતું.

આ રીતે શેઠજી દાનની એક નવી જ પરંપરા સ્થાપિત કરી ગયા. તેઓ એક અદ્ભુત ઉદાહરણ મૂકી ગયા. પંડાઓ મોઢું તાકતા રહી ગયા.

જગન્નાથપુરીથી મુનિવરો પુનઃ કટક પધાર્યા. કટકમાં બે-ચાર દિવસનો વિશ્રામ કરી સંબલપુર

જવાનો નિર્ણય કર્યો. કટકમાં શ્રી ગિરીશમુનિ વ્યાખ્યાનનું અડધું કામ સંભાળી લેતા હતા. હવે તેઓ ઘડાઈ ગયા હતા. તેમની વાણીમાં પણ ગંભીરતા આવી ગઈ હતી. સૌને લાગતું હતું કે આ કોઈ તેજસ્વી મહાત્મા થશે.

કટકથી સંબલપુરનો આખો રસ્તો જંગલોથી ભરેલો છે. બસો માઈલનો લાંબો વિહાર હતો. સંબલપુરથી પરમાણંદભાઈ, શાંતિભાઈ દેસાઈ અને ખારા પરિવારના ભાઈઓ દર્શનાર્થે આવ્યા હતા.

**ઓરિસાની વૈષ્ણવ સંસ્કૃતિ :**

સંબલપુર તથા કટકના ભાઈઓએ મળીને વિહારની જવાબદારી સંભાળી હતી. સાથે ગાડીની વ્યવસ્થા પણ કરી હતી. કલકત્તાના કેટલાક યુવકો વિહારમાં જોડાયા હતા. એ વખતે પ્રતિદિન ૧૫થી ૨૦ માઇલના લાંબા વિહારો થતા. ઓરિસાની જૂની સંસ્કૃતિનું અધ્યયન કરવાનો સુયોગ સાંપડ્યો. આખા ઓરિસા ઉપર ચૈતન્ય ગૌરાંગ મહાપ્રભુના વૈષ્ણવ ધર્મનો પ્રભાવ પડ્યો હતો. બધી જગ્યાએ હરિબોલનાં ભજન થતાં. ઓરિસામાં જે ભજનો ગવાય છે તે લગભગ બંગાળી ભાષાનાં ભજનો છે. આમેય ઓડિસી અને બંગલા ખૂબ જ મળતી ભાષાઓ છે. ઓડિસીમાં ભાષાનું પ્રાકૃતિક રૂપ છે. જ્યારે બંગાળી ભાષા સંસ્કૃત પ્રધાન છે. શ્રી જયંતમુનિજી થોડો અભ્યાસ કરી એ વખતે ઓડિસી બોલવા લાગ્યા હતા. ગુજરાતી ભાષાના છે - છું પણ ઓડિસા ભાષામાં જોવા મળે છે.

હજુ ઓરિસામાં ઘણી ગરીબી ફેલાયેલી છે તે સાક્ષાત જોઈ શકાતું હતું. આખું ઘર ફક્ત વાંસડા ઉપર બનાવેલું હોય છે. ચારેતરફ વાંસડા ખોદી, વચ્ચમાં ઘાસ ભરી તેના પર માટીના લેપ ચડાવવાથી લગભગ ૪-૫ ઇંચની પાતળી દીવાલ બની જાય છે. ઉપરમાં ઘાસની કે પતાની દમણી કરવામાં આવે છે. ઘરના દરવાજા પણ વાંસની પટ્ટીના હોય છે. ઘરમાં ખાસ બારી-બારણાં મૂકવા પડતાં નથી, કારણ કે ઘાંસ-પતામાંથી હવા પસાર થાય છે. ગરીબ ઘરમાં રહેનારા માણસો પણ પોતાની સભ્યતા અને સંસ્કૃતિને જાળવી શક્યા છે. તેમનો ભક્તિયોગ આદર ઉપજાવે તેવો છે.

**આંગુલનો ચમત્કારિક બાવો :**

આ યાત્રામાં અંગુલ નામનું ગામ આવ્યું. ત્યાનાં કોઈ માણસમાં ચમત્કાર આવી ગયો છે તેવી વાત પાંચ વરસ પહેલાં આખા હિન્દુસ્તાનમાં ફેલાઈ ગઈ હતી. લોકો સ્પેશિયલ ગાડીઓ કરી સારવાર માટે આંગુલ સુધી પહોંચ્યા હતા. બે-ચાર મહિનામાં દશ લાખ જેટલી ભીડ થઈ ગઈ હતી. કોઈ જાતની સ્થાનિક કે સરકારની વ્યવસ્થા હતી નહીં. તેમજ માણસોના પ્રવાહને પણ કોઈ રોકી શક્યું નહીં. પરિણામે રોગચાળો ફેલાઈ ગયો અને મોટા પ્રમાણમાં માણસો મરણને શરણ થઈ ગયા.

આ બધી અંધાધૂંધી થયા પછી ઓરિસા સરકારે પગલાં લીધાં. પેલા ચમત્કારિક બાવાને ગિરફતાર કરી લીધો અને બધું થાળે પડી ગયું. બે-ચાર મહિના પછી તે બાવાને છોડી દેવામાં આવ્યો અને તે સામાન્ય માણસ તરીકે પાછો કામ કરતો થઈ ગયો. મુનીશ્વરો જ્યારે ત્યાં પધાર્યા ત્યારે આ માણસ હજુ તે ગામમાં રહેતો હતો. મુનિઓએ તેની મુલાકાત કરી. ખરેખર, તે સામાન્ય માણસ જેવો જ માણસ હતો. ફક્ત દૈવી શક્તિની છાયા જે ખરેખર વાસ્તવિક ન હતી તે હટી ગઈ હતી. તેણે હસીને પ્રણામ કર્યા.

શ્રી જયંતમુનિજીએ પૂછયું કે, "ભાઈ, તારામાં ચમત્કાર કેવી રીતે આવ્યો?"

"મને કશી ખબર નથી. હું તો ખાલી બૉટલમાં પાણી ભરીને આપતો હતો. કોઈને ચપટી રાખ આપતો હતો. માણસોની ભીડ હતી, તેનાથી વધારે મને કશી ગતાગમ પડી ન હતી. શું થઈ રહ્યું છે તેની પણ મને વધુ ખબર નથી."

વસ્તુત: આવા સાદા માણસને માધ્યમ બનાવી કોઈ ટોળી કામ કરતી હોય છે તેવું અનુમાન કરવામાં જરા પણ વાંધો નથી. ગામની બહાર મોટું મેદાન હતું. માણસો કેટલાક દિવસો સુધી મેદાનમાં જ પડ્યા હતા અને ચમત્કારી બાબાથી પોતે સાજા થઈ જશે તેવી આશા બાંધીને બધી તકલીફો સહન કરવા તૈયાર હતા. આ છે ભારતના ભાવિકોની શ્રદ્ધા કે અંધશ્રદ્ધાનો નમૂનો!

સંબલપુર પહોંચતાં ઘણો સમય લાગ્યો. રસ્તામાં કોઈ કોઈ જગ્યાએ ચરોતરના પાટીદારોનાં ઘર પણ આવતાં હતાં. તેઓ મોટે ભાગે બીડી-પત્તાંનું કામ કરતાં હતાં. આવે સ્થળે મુનિરાજોને ઘણી અનુકૂળતા રહેતી હતી.

લીલોછમ પર્વતીય પ્રદેશ હોવાથી ઠેરઠેર કલકલ કરતાં પાણીનાં ઝરણાંઓ ચિત્તને આનંદ આપી જતાં. આવો નિર્દોષ આનંદ લેતાં લેતાં મુનિરાજ સંબલપુર જઈ રહ્યા હતા. મહાનદીનો ઉદ્ગમ નજીક આવી રહ્યો હતો. કટકથી સંબલપુર સુધી આખો રસ્તો મહાનદીની તરાઈમાં જ ચાલે છે. સંબલપુરની બાજુમાં હીરાકુડ પાસે સરકારે મહાનદી ઉપર બંધ બાંધ્યો છે.

હીરાકુડ એશિયાના મોટા ડેમ માંહેનો એક છે. હીરાકુડની જળસંપત્તિનો યોગ્ય ઉપયોગ થાય તો ઓરિસાનો કાયાકલ્પ થઈ જાય અને સોનાની ફસલ ઊગે. પરંતુ દુ:ખ એ વાતનું છે કે ભારતીય પ્રજાની બેઈમાની પાણી ફેરવી દે છે. છતાં પણ આ ડેમ ઘણો ઉપકારી છે તે એક હકીકત છે. જયંતમુનિજી હીરાકુડના નિરીક્ષણ માટે પધાર્યા હતા. આટલી વિશાળ યોજના જોઈને તેમને સુખદ આશ્ચર્ય થતું હતું. પાણીના પ્રભાવને નાથી લેવામાં આવ્યા હતા. હીરાકુડના નામ એવા ગુણ હતા.

**સંબલપુરમાં ધર્મસભા :**

મુનિરાજો સંબલપુરમાં એક અઠવાડિયું રોકાયા. ગુજરાતી, મારવાડી ઉપરાંત બીજાં સેંકડો ભાઈ-બહેનોએ પ્રતિદિન પ્રવચન-લાભ ઉઠાવ્યો. શ્રી જયંતમુનિએ એક ધર્મસભાની સ્થાપના કરાવી.

આપણા દેશના જે કોઈ મહાન સંતો થઈ ગયા છે, જે કોઈ અવતારી પુરુષ થયા છે તે બધાની જન્મ જયંતી કે નિર્વાણતિથિના પ્રસંગો ઊજવવા, ધર્મનો પ્રચાર કરવો, નૈતિક આચરણ ઉપર ભાર આપવો, સારાં પ્રસિદ્ધ ભજનો જનતામાં ફેલાય તે માટે પ્રયત્ન કરવો અને ભજનમંડળીઓને ઉત્સાહ આપવો, વગેરે ધર્મસભાનું મુખ્ય કામ નક્કી કર્યું. આ ધર્મસભા ચાલી નહિ. તે પર કોઈએ વિશેષ ધ્યાન આપ્યું નહીં. આપણા દેશનું એક મોટું લક્ષણ છે કે ધર્મસંસ્થાઓ એક પ્લેટફોર્મ પર એકત્ર થઈ શકતી નથી. તેઓ હિંદુત્વની રક્ષા કરી શકતા નથી, કે નૈતિક સિદ્ધાંતોને અમલમાં લાવી શકતા નથી. ધર્મના નામે નાનામોટા પૂજાપાઠ કરીને અટકી જાય છે કે મંદિરમાં ઘંટ વગાડી ધર્મની ભક્તિની ઇતિશ્રી કરે છે. સમાજ, રાષ્ટ્ર, ભારતીય ભાષા કે સંસ્કૃતિનું વ્યાપક રીતે રક્ષણ થાય તેવું કોઈ અનુષ્ઠાન કરવામાં આવતું નથી.

**વનપ્રદેશમાં પુનઃ વિહાર :**

ઓરિસાના ભૌગોલિક દૃષ્ટિએ બે ભાગ છે. સમુદ્રકિનારા પાસેનો મેદાની પ્રદેશ, કે જ્યાં સંસ્કૃતિનો સારો વિકાસ થયો છે અને જંગલ ને પહાડોથી ઘેરાયેલો આદિવાસી વિસ્તાર. સંબલપુર, જારસુખડા અને રાઉરકેલા જંગલ અને પહાડનો વિસ્તાર છે અને આગળ જતાં ઝારખંડના આદિવાસી વિસ્તારને મળી જાય છે. શ્રી જયંતમુનિજીએ ફરીથી રાંચી, કત્રાસ વગેરે ક્ષેત્રોના વિહારનો કાર્યક્રમ વિચાર્યો હતો. એટલે વનાંચલ અને કોલફિલ્ડના ગામ અને શહેરોના શ્રીસંઘ અને સમાજ સાથેનો સંપર્ક તાજો થયો.

જારસુખડામાં તે વખતે ગુજરાતી ભાઈઓની પ્રભુતા હતી. ઉદાર દિલના પત્તાબીડીવાળા શેઠ સમાજનું સંગઠન જાળવી રાખવામાં પૂરું યોગદાન કરતા હતા. આસનસોલવાળા વર્ધમાનભાઈના નાનાભાઈ મગનભાઈ પણ જારસુખડામાં રહેતા હતા. જારસુખડામાં ૨-૪ દિવસનો લાભ આપ્યો. હવે ચાતુર્માસનો સમય નજીક આવતો હતો, તેથી મુનિશ્રીઓએ રાંચીની દિશા તરફ મુખ ફેરવ્યું. જમશેદપુરથી પુરી સુધી પૂર્વદિશાની યાત્રા હતી. ત્યારબાદ જારસુખડા સુધી પશ્ચિમમાં ચાલ્યા. હવે ઉત્તર દિશા તરફ વળાંક લઈ રાઉરકેલાથી રાંચી પહોંચવાનું હતું.

જારસુખડા તથા સંબલપુરના ૧૫થી ૨૦ યુવકો અને ભાઈઓ વિહારમાં જોડાયા હતા. આખો રસ્તો જંગલોથી ભરેલો હતો. વિહાર ખૂબ જ આનંદરૂપ બની ગયો હતો. રેલવે લાઇન ઉપર વિહાર હોવાથી ગાડી સાથે રાખી ન હતી. ગોચરી-પાણી લઈ ભાઈઓ સ્ટેશન પર આવી જતા. રસ્તામાં મોટા રેલવે-બોગદાંઓ પણ આવતાં હતાં. બોગદાંના ઘોર અંધારામાં ગાડી પાર થતી અને મુનિરાજો પણ એ અંધકારમાં વગર લાઇટે બોગદો પાર કરી જતા હતા.

શ્રી મગનભાઈ શેઠ હાસ્યપ્રણેતા હોવાથી સૌને હસાવીને લોટપોટ કરી દેતા. વિહારમાં

હાસ્યની છોળ ઊડતી હતી. ચાલવામાં પણ ખૂબ હરીફાઈ થતી હતી. જારસુખડાથી રાઉરકેલા ૭૫ માઈલ થતું હતું. આ વિહાર ઘણો આનંદમય રહ્યો.

રાઉરકેલા હજી ઉદયમાન સ્થિતિમાં હતું. કારખાનાની સ્થાપના થઈ ન હતી. મોટાં મોટાં મશીનો પથ્થરો તોડી, નાના ટેકરાઓને જમીનદોસ્ત કરી, ખાડાઓમાં ભરી દેતા હતા. જમીન લેવલિંગ કરવાનું કામ મોટા પાયા પર ચાલતું હતું. હજુ ત્યાં ગુજરાતી ભાઈઓનું સંગઠન થયું ન હતું. તેમજ મારવાડી જૈનો પણ વસ્યા ન હતા. ફક્ત એક કચ્છી જૈનનું ઘર હતું. તેની દુકાનમાં તેઓએ ભક્તિપૂર્વક મુનિશ્રીને ઉતાર્યા. જમવાનો બધો પ્રબંધ તેમણે જ કર્યો. તેણે ઘણો સ્નેહ પ્રદર્શિત કર્યો. આવા ઉજ્જડ પ્રદેશમાં એકાએક પોતાના મુનિરાજોને જોઈને લોકોનાં દિલ ઊભરાઈ જતાં હતાં.

કાઠિયાવાડ અને ગુજરાતના આપણા સંતો અહીં પધારે તે તેમની કલ્પનાની બહારની વસ્તુ હતી. મુનિરાજોનાં પગલાં થયાં ત્યારે એ કલ્પના પણ કરી શકાય તેવું ન હતું કે આગળ ઉપર અહીં રાઉરકેલામાં સંઘની સ્થાપના થશે, મોટું જૈન ભવન થશે અને મુનિરાજોના ચાતુર્માસ પણ થશે. આજે તે બધી વસ્તુ સાકાર થઈ ગઈ છે. પૂજ્ય તપસ્વી મહારાજનાં ચરણો જ્યાં જ્યાં પડ્યાં ત્યાં ત્યાં ઘણાં સુફળ જોઈ શકાય છે.

રાઉરકેલાથી ચક્રધરપુર થઈ રાંચી ચાતુર્માસ માટે જવાનો નિર્ણય કર્યો. આખો રસ્તો ભયંકર જંગલમાંથી પસાર થતો હતો અને રેલવે પર ચાલવાનું હતું. વચ્ચે મનોહરપુર એક મુખ્ય સ્ટેશન હતું. ત્યાં શ્રી હરજીવનભાઈ પાઠકનું લાકડાનું કામ મોટા પાયા પર હતુ. તે ઘણા સુખી- સંપન્ન અને સંત ભક્ત હતા. મનોહરપુરમાં વિક્રમસિંહ મહેતા પરિવાર સાથે રહેતા હતા. તેઓ છબલબાઈ સ્વામીના ભત્રીજા હતા. તેઓ ધર્મથી ખૂબ રંગાયેલા હતા અને ઘણો ઉત્સાહ હતો. તે સર્વેએ મુનિવરોની ઉત્કૃષ્ટ ભાવે સેવા બજાવી.

મનોહરપુરથી સોનુ નામનો એક માણસ પૂજ્ય તપસ્વીજી મહારાજની સેવા માટે સાથે લીધો. ગિરીશચંદ્ર મુનિ ઉત્કર્ષભાવે ગુરુવર્યોની સેવા કરતા હતા. જેથી શ્રી જયંતમુનિજીને આરામ રહેતો અને બહારનાં જાહેર કાર્યોમાં વધારે રસ લઈ શકતા હતા. મનોહરપુરમાં જાહેર પ્રવચન થયાં.

મનોહરપુરમાં એક આશ્રમ છે. મુનિવરો આ આશ્રમ જોવા માટે પધાર્યા. ત્યાંના અધિષ્ઠાતા સાધુ બધાને પ્રસાદમાં માલપૂડા આપતા. તેની ધૂણીમાં કડાઈ ચઢેલી જ હોય. સાધુ પોતે જ માલપૂવા ઉતારતા હતા અને આવનારને ગરમ ગરમ માલપૂવા આપતા. મુનિવરોને પણ માલપૂવા વહોરાવ્યા. ખરેખર તેનો સ્વાદ નિરાળો હતો. આ સાધુને માલપૂવા આપવા માટે સામાન કોણ પૂરો પાડે છે તે આશ્ચર્યજનક હતું. તેમણે મુનિવરોનો હાર્દિક આદર કર્યો અને આશીર્વાદ પણ માગ્યા.

ચક્રધરપુરમાં જમશેદપુરથી લગભગ સો શ્રાવકો-શ્રાવિકાઓ દર્શન માટે આવ્યાં. પ્રાગજીભાઈને

ત્યાં નિવાસ હતો. પ્રાગજીભાઈનો આખો પરિવાર સેવામાં સંલગ્ન હતો અને તેઓ બધા મહેમાનને પોતાના ઘેર જ જમાડતા હતા. ચક્રધરપુરમાં એક અનાથ બહેન આવી ચડેલાં. તેનો હાથ પકડનાર કોઈ મળી જાય તો તેનું ઘર બંધાઈ જાય તેવી વાત ચર્ચાતી હતી.

જમશેદપુરથી આવનારા ભાઈઓમાં હેમચંદભાઈ મોટી ઉંમરના હોવા છતાં લગ્ન થયાં ન હતાં. તેને સાંસારિક જીવન શરૂ કરી ઘર બાંધવાના ભાવ હતા. આમ બે પક્ષમાં યોગ મળી ગયો અને ત્યાં પંચની સાક્ષીએ પેલાં બહેનને ગાંધર્વ વિધિથી હેમચંદભાઈએ સ્વીકારી લીધાં. તેમનું ઘર બંધાયું. આ બહેન જન્મથી જૈન ન હતાં, પરંતુ હેમચંદભાઈના ઘરમાં ગયા પછી તેમને જૈન ધર્મનો રંગ લાગી ગયો. તે ઊંડે રંગે રંગાયા. છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ, નવાઈ, ૧૬ ઉપવાસ આદિ ઘણી તપસ્યાઓ કરી. તે રોજ અચૂક સામાયિક કરતા. તેમણે હેમચંદભાઈને પણ ધર્મના રંગે રંગી દીધા. બંને માણસ જીવન સાર્થક કરી ગયાં. પૂજ્ય તપસ્વી મહારાજની કૃપાથી તેઓ ધન્ય બની ગયાં.

ચક્રધરપુરથી ઘાટી પાર કરી રાંચી જવાનું નક્કી કર્યું. ચોવીસ માઈલની ઘાટીમાં વાઘ, હાથી, રીંછ, ચિત્તા ઇત્યાદિ જાનવરો સારી સંખ્યામાં જોવા મળે છે. મુનિરાજોને પણ રોડ પર હાથીના ઝુંડની મુલાકાત થઈ. જંગલી હાથી ખૂબ જ ભયંકર હોય છે. પરંતુ તમે જો નમ્રતા રાખો અને શાંત ભાવે માર્ગ આપો, ભય ન પામો, તો જરાપણ ઉપદ્રવ કર્યા વિના હાથી પસાર થઈ જાય છે. રાંચીથી બધા ભાઈઓએ વિહારની વ્યવસ્થા કરી હતી. જરા પણ તકલીફ પડ્યા વિના ત્રણે મુનિરાજો શાંતિપૂર્વક રાંચી પધારી ગયા.

**રાંચીમાં પુનઃ પ્રવેશ :**

શ્રી જયંતમુનિજી પ્રથમ વાર રાંચી આવ્યા ત્યારે મોટા બે પરિવારના ઝઘડાનું સમાધાન કરાવ્યું હતું. ત્યારે શ્રીયુત રામજી વાલજીએ વચન આપ્યું હતું કે આપ ફરીથી રાંચી પધારો ત્યાં સુધીમાં ગુજરાતી વિદ્યાલયનું મકાન તૈયાર થઈ જશે. ખરેખર, તેઓએ વચન પાળ્યું. ગુજરાતી સ્કૂલના ભોંયતળિયાના ત્રણ રૂમ તૈયાર થઈ ગયા હતા. મુનિરાજોએ ત્યાં સ્થિરતા કરી. જૈન પરિવાર તરીકે શ્રી ભાઈચંદભાઈ પંચમિયા, ધીરજલાલ નાગરદાસ શાહ, અનુપચંદ ખારા, ભાઈચંદભાઈ બીડીપત્તાંવાલા તથા વિઠ્ઠલદાસભાઈ ભક્તિ કરવામાં પૂરો રસ લેતા હતા. તે ઉપરાંત સમસ્ત ગુજરાતી સમાજ મુનિવરોની ભક્તિમાં જોડાઈ ગયો હતો. સ્વાગત વખતે રાયબહાદુર હરચંદજી જૈન અને વ્રજભવનના માલિક નંદલાલજી હાજર રહ્યા હતા.

ગુજરાતી સ્કૂલમાં બે રૂમમાં મુનિરાજોનો નિવાસ હતો. બાકીના એક રૂમ તથા ઓસરીમાં સ્કૂલ ચાલતી હતી. શ્રી નરભેરામ હંસરાજ કામાણી જમશેદપુરથી દર્શનાર્થે આવ્યા ત્યારે પૂજ્ય તપસ્વી મહારાજે પ્રસ્તાવ રાખ્યો કે સ્કૂલની ઉપરના માળે એક મોટો સાર્વજનિક હૉલ બનાવવામાં

આવે તો ઉપાશ્રય તરીકે પણ વપરાશે, ભજનકીર્તન પણ થઈ શકશે અને સામાજિક કાર્યોમાં પણ કામ આવશે. શ્રી નરભેરામ ભાઈએ ફાળો શરૂ કર્યો અને જોતજોતામાં જરૂરી રકમ મળી ગઈ. શ્રી રામજીભાઈએ ઊભે પગે રહીને બે મહિનામાં હૉલ તૈયાર કરી આપ્યો. પર્યુષણ પર્વ આ નવા હૉલમાં મનાવવામાં આવ્યાં. રાંચી ગુજરાત સમાજ માટે એક મોટા ઉપકારનું કામ થયું. ત્યારબાદ પાછળના ભાગમાં વિદ્યાલયનું બે માળનું મકાન બનાવવામાં આવ્યુ. સંતોની પ્રેરણાથી સમાજને માટે એક નક્કર કાર્ય થયું. બહુ આનંદમંગલની સાથે ચાતુર્માસ પૂરું થયું.

કારકત વદ બીજનો દિવસ નજીક આવતાં યાત્રાની બધી તૈયારી થઈ.

**લૂગુ પહાડની કઠિન યાત્રા :**

રાંચીથી બેરમો તરફ જતા વચ્ચે લૂગુ પહાડ આવે છે. લૂગુ પહાડ જોયા પછી શ્રી જયંતમુનિજીએ ઉપર ચડવાનો વિચાર કર્યો. લૂગુ પહાડ વિશે ઘણી દંતકથાઓ સાંભળી હતી. ત્યાં ઉપરમાં મોટું હાથીદ્વાર છે. સામે વિશાળ સરોવર છે. સરોવરમાં હજારો કમળ ખીલેલાં છે. પહાડ ઉપર લૂગુ બાવાની ગુફા છે. આ ગુફામાં પ્રવેશ કરવાથી દેવીનાં દર્શન થાય છે. જોકે લૂગુ પહાડ ઘણો વિષમ અને ઊંચો છે તે સત્ય હકીકત હતી. નિકટમાં વેણીશંકરભાઈની કોલિયરી હતી. પૂજ્ય તપસ્વી મહારાજ ત્યાં રોકાઈ ગયા. મુનિરાજ સાથે પહાડ ઉપર ચડવા માટે કોલિયરીના ૨૦ જુવાન તૈયાર થયા. સૌને લૂગુ પહાડ ઉપર ચડવાની ઇચ્છા હતી. અત્યાર સુધી પહાડ ઉપર કોઈ ગયું ન હતું. જયંતમુનિજીએ ૧૩-૧૨-૧૯૫૫ના રોજ પહાડની યાત્રા કરી.

ટાટાનગરથી ચુનીભાઈ તથા નાનુભાઈ માસ્તર પણ આવી ગયા હતા. સૌ ઉપર ચડવા માટે તૈયાર થયા. પૂજ્ય તપસ્વી મહારાજના આશીર્વાદ લઈને કુલ ત્રેવીસ વ્યક્તિઓએ સવારના પાંચ વાગે પહાડ ઉપર ચડવાની શરૂઆત કરી. રસ્તામાં ઘણું મોટુ ભયંકર ઘાસ આવતું હતું. ઘોડેસવાર ઘાસમાં દબાઈ જાય એટલું ઊંચું ઘાસ હતું. વચ્ચે કેડી કરી સૌ આગળ વધતા હતા. મોટી ભૂલ એ કરી કે ભોમિયો સાથે ન લીધો. રસ્તામાં આડાઅવળા ભટકી જવાથી રસ્તો ઘણો લાંબો થઈ ગયો. ખાવાનું કશું સાથે લીધેલ નહીં. એમ ધારેલું કે બપોર સુધીમાં નીચે ઊતરી જવાશે. પરંતુ ઉપર પહોંચતાં પહોંચતાં બે વાગી ગયા. ઉપર ગુફા તો હતી, પરંતુ પાણીનાં સરોવર કે કમળ કશું ન હતું. લૂગુ બાવાની ગુફા પણ ભયંકર અને અંધકારમય હતી. (આગળ જતાં આ પર્વત ઉપર શ્રી જયંતમુનિજીએ ચાતુર્માસ કર્યું હતું.) જે દંતકથાઓ સાંભળી હતી તે બધી હકીકતથી દૂર હતી.

એક ભાઈની પાસે બિસ્કિટનાં બે-ચાર પૅકેટ હતાં. સૌએ થોડાં બિસ્કિટ ખાધાં અને તૃષા છિપાવી પુનઃ રવાના થયા. પાછા ફરતાં ભયંકર અંધારું થઈ ગયું અને આટલા મોટા ઘાસની વચ્ચે ચાલવું જોખમ ભરેલું હતું. રસ્તો મળે તેમ ન હતો. કોઈની પાસે પ્રકાશનું સાધન પણ ન

હતું. સાચું પૂછો તો વગર વ્યવસ્થાએ આવા પહાડમાં યાત્રા કરવી તે એક પ્રકારનું ગાંડપણ હતું.

સૌએ 'લૂગુ બાવા'ની જય બોલાવી. એટલામાં એક ચમત્કાર થયો. અંધારામાં બે છોકરાઓ થોડા પાંદડાં લઈ નીચે ઊતરતા હોય તેવું લાગ્યું. તેમની વય ૧૪-૧૫ વરસની હતી. શ્રી નાનુભાઈ માસ્તરે છોકરાઓને રોક્યા અને કહ્યું કે "અમારે પણ તમારી સાથે નીચે ઊતરવું છે. ઊતરી ગયા પછી તમને ઇનામ આપીશું."

આખી ટુકડી અને મુનિરાજો છોકરાંની પાછળ ચાલવા લાગ્યા. છોકરાંઓ એટલી ઝડપથી ઊતરતા હતા કે આ ટુકડીને તેની પાછળ દોડવું પડતું હતું. આટલા ભયંકર અંધારામાં તે છોકરાંઓ જરા પણ રસ્તો ભૂલ્યા વિના સડસડાટ આગળ વધતાં હતાં. દોઢ કલાકમાં તો નીચે તળેટી સુધી આવી ગયા. પરંતુ નીચે આવતાં જોયું કે બંને છોકરાં એકાએક ગાયબ થઈ ગયાં. કશું ઇનામ પણ આપી શકાયું નહીં. સૌને આશ્ચર્ય થયું કે સાચે જ છોકરાં હતાં કે પછી કોઈ દૈવી મદદ મળી હતી!

પૂજ્ય તપસ્વીજી મહારાજનાં ચરણે પહોંચ્યા ત્યારે શ્વાસ નીચે બેઠો. જયંતમુનિજી અને ગિરીશચંદ્રમુનિને જાણે ઉપવાસ સાથે પહાડ ચડ્યા હોય તેવું લાગ્યુ.

**બેરમો ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર :**

મુનિમંડળને હવે બેરમો તરફ આગળ જવાનું હતું. આખો રસ્તો પહાડી, ધૂળ ભરેલો અને કાચો હતો. રસ્તો દામોદર નદીને કિનારે કિનારે આગળ વધતો હતો. ઈ. સ. ૧૯૫૫માં તેનુઘાટ ડેમનું નિર્માણ થયું ન હતું. ત્યારે ખબર પણ ન હતી જે ભૂમિ પર મુનિરાજો વિહાર કરી રહ્યા છે તે આખી ભૂમિ ધરાશયમાં દબાઈ જવાની છે. અત્યારે જ્યાં વાંસ ડૂબે તેટલું પાણી છે તે જમીન ઉપર ૧૯૫૫માં મુનિમહારાજોએ પગલાં પાડ્યાં હતાં.

અત્યારે જ્યાં જળાશય છે તેના કિનારે સાડમ નામનું ગામ વસેલું છે. મોરપાથી વિહાર કરીને મુનિરાજોએ સાડમ બજારમાં પગ મૂક્યો ત્યારે ખબર ન હતી કે અહીં જૈન ઘરો છે અને જૈન મંદિર પણ છે. શ્રી સુગંધચંદજી જૈન બજારમાં જ મળ્યા. તેમનો ગૌર વર્ણ ચહેરો સદા હસતો અને ભરાવદાર હતો. તેમની વાણીમાં ઘણી જ મીઠાશ હતી. તેઓએ પ્રણામ કર્યા અને આગ્રહપૂર્વક પોતાને ઘેર લઈ ગયા. બે-ત્રણ કલાક માટે અહીં રોકાણ થયું. સૌની અપાર ભક્તિ થઈ. ત્યારે કયાં ખબર હતી કે આ સાડમ સાથે આટલો ઉત્કટ ભક્તિસંબંધ સ્થાપિત થશે અને લૂગુ પહાડમાં ચોમાસું થશે ત્યારે સાડમનો જૈન સમાજ બધી જવાબદારી સંભાળી શ્રી જયંતમુનિની સેવાભક્તિમાં ઊંડો રસ લેશે ! તપસ્વીજી મહારાજે સુગંધચંદજી જૈનની પીઠ થાબડી અને તેમને આશીર્વાદ આપ્યા. મુનિરાજોએ ખરું પૂછો તો અહીં ઉપવાસનાં પારણાં કર્યાં. મુનિશ્રીએ સાડમની ભક્તિનો સ્વીકાર કરી, ગોમિયામાં રાત્રિનિવાસ કરીને સવારે બેરમો જૈન ઉપાશ્રયમાં પદાર્પણ

કર્યું. શ્રી મણિભાઈ કોઠારી, નવલચંદભાઈ, હાકેમચંદભાઈ મહેતા, અમૃતલાલ નાગજી, કૃષ્ણાલાલ ફતેહચંદભાઈ, મોહનલાલ બેચરભાઈ અને ગુજરાતી સમાજના પ્રેમજીભાઈ, પ્રાગજીભાઈ, વાડીભાઈ વગેરે સૌ ભાઈઓ હાજર હતા.

એ વખતે ઉપાશ્રયની જગ્યાએ જૂનું નળિયાવાળું મકાન હતું. દરવાજાના મિજાગરા પણ તૂટેલા હતા. પૂજ્ય તપસ્વી મહારાજે મણિભાઈને ટકોર કરી કે "મણિભાઈ, આ દરવાજો માથે તો નહીં પડે ને!" બસ, આટલી ટકોરથી ચતુર શ્રાવક ચેતી ગયા. આ ઉપાશ્રયમાં દેરાવાસી તથા સ્થાનકવાસી બંને સંઘ જોડાયેલા હતા. પૂજ્ય તપસ્વીજી મહારાજની ટકોરથી શ્રાવકોએ નિર્ણય કર્યો કે નવો ઉપાશ્રય બનાવવો જરૂરી છે. અહીં મુનિરાજનું ચાતુર્માસ તો જ થઈ શકે. ભાઈઓએ ઉપાશ્રયનો ફાળો શરૂ કર્યો. બહારથી મહેમાનો પણ આવ્યા હતા. રૂપિયા નવ હજારનો ફાળો લખાઈ ગયો અને ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર કરવાનું નક્કી કર્યું.

મુનિશ્રીઓએ બેરમોથી ભાવભરી વિદાય લઈ, મણિભાઈની કોલિયારીમાં પગલાં કરી, પટનાનો નૅશનલ હાઇવે સ્વીકાર્યો. હજારીબાગ, ગયા થઈ પટના જવાનો નિરધાર કર્યો. હજારીબાગ સુધી રસ્તો જંગલથી ભરપૂર હતો. વિહારની ખાસ અલગ વ્યવસ્થા કરવામાં આવતી ન હતી. હીરાસિંગ ઘણો જ હોશિયાર સેવક હતો. ગામમાં પહોંચતાં જ સારાં ઘર ગોતી કાઢતો. સૌને મુનિઓનો મહિમા સમજાવતો. ગોચરી-પાણી મળી શકે તેવાં ઘરોમાં પ્રચાર કરી દેતો. ઉપરાંત બે-ચાર શ્રાવકો પણ સાથે ચાલતા હતા. જેથી ઓછામાં ઓછા પરિષહથી સારામાં સારો વિહાર નીપજતો હતો. શ્રી ગિરીશચંદ્રજી મુનિ યુવા સંત હોવાથી સેવામાં જરાપણ કચાશ ન રહેતી.

**હજારીબાગના મૂળચંદજી બ્રહ્મચારી :**

હજારીબાગમાં ભાઈશ્રી સુખલાલ કોઠારી નિવાસ કરતા હતા. તે રાંચી નિવાસી ભાઈચંદભાઈના ભાઈ થતા હતા. હજારીબાગમાં દિગંબર જૈનનાં સવાસો જેટલાં ઘરનો સમુદાય છે. ત્યાં વિશાળ જૈન મંદિરો અને મોટી જૈન ધર્મશાળા છે. મુનિરાજોએ ત્યાં ઊતરવાનું હતું. દિગંબર સમાજના અગ્રેસરોએ ભાવપૂર્વક અભિવાદન કર્યું. એ સમયમાં મૂળચંદજી બ્રહ્મચારી આ ક્ષેત્રમાં વિહાર કરતા હતા.

જેતપુરમાં ભાઈચંદભાઈના પરિવારમાં ત્રણ ભાઈઓ હતા. મૂળચંદભાઈ, શાંતિલાલભાઈ અને ચુનીલાલભાઈ. આ ભાઈઓ રોટી રળવા માટે કલકત્તા આવ્યા. ત્યારબાદ તેઓનો ઝરિયા કોલફિલ્ડમાં વસવાટ થયો. તેઓ જૈન આશ્રમમાં વર્ણીજીના પરિચયમાં આવ્યા અને તેમનાં ચરણોમાં શ્રદ્ધા બંધાણી. ત્રણે ભાઈઓએ દિગંબર ધર્મનો સ્વીકાર કર્યો. શાંતિભાઈ ગૃહસ્થાશ્રમમાં આવ્યા અને ઉડીસામાં સંબલપુરમાં પરિવાર સાથે રહેવા લાગ્યા. જ્યારે મૂળચંદજી અને ચુનીલાલજી બ્રહ્મચારી બની, દિગંબર સમાજમાં વિચરણ કરી, ધર્મનો પ્રચાર કરવા લાગ્યા.

ચુનીલાલ બ્રહ્મચારી નાની વયે દેવલોકવાસી થઈ ગયા. મૂળચંદજીએ ઘણું લાંબું આયુષ્ય ભોગવ્યું. તે ઘણા જ કટ્ટર નિયમો અપનાવી, ધર્મમાં ઓતપ્રોત બની, નિર્જરાને પંથે પડ્યા હતા. તેમનો સ્વભાવ ઘણો તેજ હતો એટલે હજુ ક્રોધને જીતવામાં સફળતા મળી ન હતી. મુનિરાજોને હજારીબાગમાં મૂળચંદજી સાથે મિલન થયું. કાઠિયાવાડનો જૂનો ઇતિહાસ તાજો થયો. તેમના પિતાશ્રી ભાઈચંદભાઈ દેસાઈ જેતપુરમાં ગોંડલ સંપ્રદાયનો સ્તંભ હતા. તેમને ગુરુ-મહારાજો પ્રત્યે અપાર ભક્તિ હતી. આ બધો વાર્તાલાપ વાગોળ્યો. મૂળચંદજી પણ ખુશ થયા.

મૂળચંદજીએ બ્રહ્મચારી બનતા પહેલાં લગ્ન કર્યાં હતાં. તેમના એક દીકરી મંજુલાબહેન પૂજ્ય તપસ્વી મહારાજ પ્રત્યે અનન્ય શ્રદ્ધા ધરાવે છે. તેમનાં લગ્ન ઝરિયાના મોદી પરિવારના શ્રી નગીનદાસ મોદી સાથે થયાં હતાં.

❑



# ૨૬

# સંત સાધે સહુનું કલ્યાણ

મુનીરાજોએ હજારીબાગથી બિહારનો આદિવાસી ઇલાકો છોડી, શુદ્ધ બિહારમાં પ્રવેશ કર્યો. આ બિહાર એટલે જૂનાં સમયનું મગધ.

હજારીબાગથી જી. ટી. રોડ પકડી ગયા જવાનું હતું. જયંતમુનિજીએ બુદ્ધગયાનાં દર્શન કરી, ત્યાંનો અનુભવ લેવાનો નિશ્ચય કર્યો. તેમણે ૨૭-૧-૧૯૫૬ના રોજ બુદ્ધગયા પદાર્પણ કર્યું. તેઓ ત્યાં બિરલા ધર્મશાળામાં ઊતર્યા. બુદ્ધગયા વિશ્વવિખ્યાત તીર્થસ્થળ છે. તે બૌદ્ધ મંદિરોની નગરી છે. ત્યાં જાપાન, સિલોન, બર્મા, વગેરે દેશોનાં કલાત્મક વિશાળ મંદિરો છે. અહીં બૌદ્ધ સાધુનો વિહાર પણ છે. અહીં વિદેશથી તીર્થયાત્રીઓ પણ મોટી સંખ્યામાં આવે છે.

ગયામાં સનાતન ધર્મના મહંતનો મોટો દરબારગઢ પણ છે. આખો દરબારગઢ મોટી કિલ્લેબંધી હોય તે રીતે તૈયાર કર્યો છે.

શ્રી જયંતમુનિજી આ મહંતજીને ખાસ મળવા માટે ગયા. ત્રણ મોટા ડેલા વટાવ્યા પછી જ ગઢમાં પ્રવેશ થઈ શકે છે. જે દરવાજો ખૂલ્યો એમાં પ્રવેશ થયા પછી ફરીથી તેને તાળાં મારી દેવામાં આવે છે. ત્યારબાદ જ બીજો દરવાજો ખોલે છે. આ રીતે દરવાજા ખૂલે અને બંધ થાય અને મુલાકાતી અંદર પ્રવેશ કરી શકે છે.

મુનિશ્રી મહંતજીને મળ્યા અને કહ્યું કે "આપની સાથે થોડી વેદાંતની ચર્ચા કરવી છે."

મહંતજી વ્યાકુળ સ્વભાવે બોલી ઊઠ્યા, "સાધુજી, અત્યારે કોર્ટ કચેરીમાં

મારા ૨૪ કેસ ચાલે છે. આ જ મારું મોટું વેદાંત છે. સરકારે મારી જમીનદારી લઈ લેવા માટે જાળ પાથરી છે. બીજા કેટલાક જમીનદારો પણ અમારી જમીન પચાવી પાડવા માગે છે. અત્યારે રાત-દિવસ અમને તેની ચિંતા છે. આમાં બીજું કયું વેદાંત ભણવું ?" આટલું કહીને તેમણે દરબારગઢની જમીન, વિવાદ અને કાવાદાવાનું વૃત્તાંત શરૂ કર્યું.

તેની ઉપાધિ ભરેલી લાંબી વાતનો અંત આવે તેમ ન લાગ્યું. છેવટે જયંતમુનિશ્રી વચ્ચેથી ઊભા થયા ત્યારે મહંતજીએ હુકમ કર્યો કે, "મુનિજીનું સ્વાગત કરો." પરંતુ નિયમ પ્રમાણે જયંતમુનિજીથી કશું લઈ શકાય તેમ ન હતું. ફક્ત મહંતજીની ઉપાધિનું જ્ઞાન લઈ મુનિશ્રી છૂટા પડ્યા. ફરીથી ત્રણે દરવાજા એક પછી એક ખૂલ્યા અને મુનિજી બહાર આવી ગયા.

બુદ્ધગયામાં વિનોબાજીએ બુદ્ધ અને સનાતનનું સમન્વય કરવાની દૃષ્ટિએ 'સમન્વય' આશ્રમ સ્થાપ્યો છે. મુનિજીએ તેનું પણ નિરીક્ષણ કર્યું. પરંતુ તે બંનેનો અસમન્વય એટલો બધો મોટો છે કે સમન્વય સાગરમાં તણખા જેવો છે.

બુદ્ધગયાથી મુનિરાજો ગયા પધાર્યા અને દિગંબર ધર્મશાળામાં ઊતર્યા. શ્રી ગિરીશચંદ્રજી દરેક સ્વાગત-સમારોહમાં સુંદર ભજન સંભળાવી માંગલિક ફરમાવતા. ત્યારબાદ શ્રી જયંતમુનિજી સમય અનુસાર પ્રવચન આપતા. ગયામાં દિગંબર જૈન મંદિર ઘણું સુંદર અને દર્શનીય છે. એ વખતે શ્રી ગજાનન જૈન પ્રમુખસ્થાને હતા. મુનિજીએ જાહેર વ્યાખ્યાન આપ્યું. મુનિરાજોએ વિષ્ણુપદ મંદિરનાં પણ દર્શન કર્યાં.

હવે મુનિશ્રીએ જાહનાબાદ થઈ પટના માટે પ્રસ્થાન કર્યું. જાહનાબાદની હાઇસ્કૂલમાં શ્રી જયંતમુનિજીએ પ્રવચન આપ્યું. ત્યાંના મારવાડી સમાજે ઘણી જ આદરપૂર્વક અપૂર્વ સેવા બજાવી. ત્યારે આખું ક્ષેત્ર શાંત અને સમૃદ્ધ હતું. અત્યારે જાહનાબાદ સૌથી વધારે અશાંત અને એન.સી.સી.નું સેન્ટર છે અને લોહિયાળ કેન્દ્ર છે. કોઈ તેને ક્રાંતિ કહે છે, તો કોઈ આતંકવાદ કહે છે!

**પટનામાં ઉપાશ્રયની પ્રેરણા :**

ગયાથી પટના સુધીના વિહારમાં પટનાના ભાઈઓએ અપૂર્વ સેવા કરી હતી. શ્રી જેઠાલાલ અનુપચંદ, કાંતિભાઈ, શાંતિભાઈ અને ફૂલચંદભાઈ આખા વિહારમાં સાથે રહ્યા હતા. બધા ભાઈઓ ગાડીવાળા હોવાથી તેમનો પરિવાર પણ દર્શન કરવા આવતો-જતો હતો.

પટનાના મીઠાપુરમાં જયંતમુનિજી શાંતિભાઈ કોઠારીને ત્યાં ઊતર્યા હતા. પટનાના શ્રાવકોનો પરિચય પ્રથમ વાર થયો હતો. આ વખતે પણ એટલી જ ભક્તિથી તેમણે સેવા કરી. મીઠાપુરથી ગોવિંદ મિત્રા રોડમાં પૂજ્ય મુનિવર પધાર્યા. ત્યારબાદ પટના શહેરમાં ગુરુદેવનું આગમન થયું. ત્યાં દસથી બાર દિવસ રોકાઈ શ્રીસંઘનું સંગઠન મજબૂત કર્યું અને ઉપાશ્રય માટે ફાળાની શરૂઆત થઈ. પટનાનો વિહાર મનમાં યાદ રહી જાય એવો આનંદમય હતો.

**પવિત્ર રાજગિરિનું તીર્થધામ :**

તારીખ ૧૪-૨-૧૯૫૬ના રોજ પટનાથી વિહાર કરી પૂજ્ય મુનિવરો રાજગિરિ તીર્થમાં પધાર્યા. ત્યારે કોને ખબર હતી કે પૂજ્ય તપસ્વી મહારાજ અહીં મોટા મહોત્સવના આયોજનનું નિમિત્ત બની પોતાની અંતિમ સાધના કરશે !

ત્યાં કલકત્તા, ટાટા, ઝરિયા વગેરે સંઘોથી ઘણાં ભાઈઓ અને બહેનો દર્શનાર્થે આવ્યાં. કલકત્તા શ્રીસંઘની વિનંતીને માન આપી ૧૯૫૬નું ચાતુર્માસ કલકત્તા કરવું તેવો નિર્ણય કર્યો. જોકે વિધાતાને તે મંજૂર નહીં હોય, તેથી આ ચાતુર્માસ કલકત્તા થઈ ન શક્યું.

અહીં જયંતમુનિજીએ પાંચે પહાડોની યાત્રા કરી. પૂજ્ય તપસ્વી મહારાજ પહાડો ઉપર ન ચડતાં નીચે જ બિરાજ્યા હતા. શ્રી જયંતમુનિજી સાથે ગિરીશમુનિજી અને સેંકડો ભાઈ-બહેનો પહાડની યાત્રામાં સામેલ થયાં હતાં. ધન્ના-શાલિભદ્રની ગુફાઓ જોઈને જૈન આગમની ત્યાગભરી વિશિષ્ટ ધર્મકથાઓ દૃષ્ટિગત થતી હતી. જૈન કથાઓની એ વિશેષતા હોય છે કે તેમાં લગભગ નબળી કડી હોતી નથી. જૈન કથાનું મુખ્ય પાત્ર પુરુષાર્થ કરી, તપસાધનાનું અવલંબન લઈ, મોટા પરાક્રમ સાથે આધ્યાત્મિક શ્રેણીમાં આરોહણ કરી મોક્ષગામી બને છે.

આવી જ અનુપમ કથાનાં મહાન પાત્રો ધન્ના અને શાલિભદ્રના ચરણથી પાંચમો પહાડ પવિત્ર છે. ધન્નાજી મોક્ષગામી થયાં છે, જ્યારે શાલિભદ્રજી લવસપ્તમના અતિ અલ્પ પ્રમાદના પ્રભાવે 'સર્વાર્થસિદ્ધિ વિમાનમાં' એકાવતારી દેવ થયા છે અને અંતે તેઓ પણ મોક્ષગામી બનશે.

**બ્રાહ્મણ પરિવારનો પુનરુદ્ધાર :**

રાજગિરિમાં સંતોએ એક પખવાડિયું આરામ લીધા પછી કલકત્તા માટે પ્રયાણ કર્યું હતું. આ વખતે રાજગિરિથી સમ્મેતશિખર જવા માટે નવો રસ્તો લેવામાં આવ્યો. પ્રથમ વાર કોડરમાં થઈ જી. ટી. રોડ લીધો હતો. પરંતુ આ વખતે નવાદા થઈ મહાભાલ પર્વતની તળેટીમાં થઈ જંગલ રસ્તે ગિરિડિહ પધાર્યા. રસ્તામાં બ્રાહ્મણોની સંખ્યા વિશાળ પ્રમાણમાં જોવા મળે છે. આખો પ્રદેશ પર્વતીય છે. પર્વતોમાંથી જે ઝરણાંઓ વહેતાં હોય છે તેના કિનારાઓ કાપીને ખેતીયોગ્ય જમીન બનાવવામાં આવી છે. કોઈ સમયમાં અહીંના નિવાસીઓએ કાળી મહેનત કરી, કૃષિયોગ્ય જમીન બનાવી, જીવનનિર્વાહનાં સાધન ઊભાં કર્યાં હતા. આખા પ્રદેશનું નિરીક્ષણ કરતા, અનેક નદી-નાળાંઓ વટાવતા, કાચે રસ્તે વિહાર કરી મુનિરાજો આગળ વધતા હતા.

એક દિવસ બેરિયા ગામમાં આગમન થયું. અહીં બદરીનાથના મકાનમાં ઊતર્યા. તેમનો મોટો બ્રાહ્મણ પરિવાર હતો. બપોરના મકાનમાલિકે પૂછ્યું, “આપ ભોજન કેવી રીતે ગ્રહણ કરશો? મને લાભ આપો.”

પરંતુ પૂજ્ય તપસ્વી મહારાજે કહ્યું કે, "તમે બ્રાહ્મણ છો, પરંતુ માંસાહારી હોવાથી તમારા ઘરનું અમને કશું ખપે નહીં." તે ભાઈ નિરાશ થયા અને ઊંડું દુઃખ અનુભવ્યું.

દરમિયાન એક ભાઈની પત્ની સમય મેળવી મુનિજીનાં દર્શન માટે આવી. તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે, "ગુરુજી, મારાં માબાપને ત્યાં જરાપણ માંસાહાર થતો નથી. હું પવિત્ર બ્રાહ્મણ પરિવારની દીકરી છુ. પરંતુ અહીંના લોકો માંસાહારી હોવાથી મારે નજરે જોવું પડે છે. જોકે હું માંસાહારનું બિલકુલ સેવન કરતી નથી. પરંતુ મને આ લોકોની વચ્ચે રહેવું ઘણું દુઃખદાયી લાગે છે. કૃપા કરીને તમે આ પરિવારનો ઉદ્ધાર કરો."

આ સાવિત્રીબહેનના પતિ સ્કૂલમાં શિક્ષક હતા. બે વાગે જમવા આવ્યા ત્યારે તપસ્વીજી મહારાજે તેમને પોતાની પાસે બોલાવ્યા. સાવિત્રી પણ સાથે આવી. સાવિત્રીએ કહ્યું કે, "આપણા ઘરમાં અખાદ્ય હોવાથી સંતોએ આપણે ત્યાંથી ભિક્ષા લીધી નથી. કેટલા દુઃખની વાત છે !"

તપસ્વી મહારાજે માસ્તરસાહેબને સમજાવ્યા. તેમણે કહ્યું, "સાવિત્રીને ક્રોધ ઘણો છે. જો તે ક્રોધનો ત્યાગ કરે તો હું માંસાહારનો ત્યાગ કરી દઉં."

જુઓ તો ખરા, સાવિત્રીનું પરાક્રમ! તે એક ઝાટકે ઊભી થઈ ગઈ અને બોલી, "મારે આજથી ક્રોધ કરવો હરામ છે. મારું માથું કાપશો તો પણ હું ક્રોધ નહીં કરુ."

માસ્તરસાહેબ પણ બંધનમાં આવી ગયા. બીજા ભાઈઓને બોલાવ્યા અને ચારે ભાઈઓએ તથા તેમની પત્નીઓ સહિત આખા પરિવારે એકસાથે માંસાહારનો ત્યાગ કર્યો. ઘર આખું શુદ્ધ કર્યું. બધાં વાસણોને અગ્નિ દેખાડી પવિત્ર કર્યાં. પરિવારમાં આનંદ છવાઈ ગયો.

મંદિરોમાં જે બકરાનો બલિ ચઢતો તેની મૂંડીનો હક આ બ્રાહ્મણનો હતો. તેનાથી થોડી કમાણી પણ થતી હતી. બધો મોહ છોડી તેઓએ કૃષિના આધારે જીવનનિર્વાહ કરવાનો નિર્ણય કર્યો હતો. રાતના વિરાટ સભા થઈ. પાંચસો માણસોની હાજરીમાં આ બ્રાહ્મણ પરિવારના વડીલે ઘોષણા કરી, "હજુ સુધી અમે ચંડાળ હતા. આજે આ જૈનમુનિઓના પ્રતાપે અને ગુરુદેવોના પ્રભાવે અમે સાચા બ્રાહ્મણ બન્યા છીએ."

બ્રાહ્મણ પરિવારે મુનિશ્રીને એક દિવસ વધારે રોકાવાનો આગ્રહ કર્યો. પૂજ્ય તપસ્વીજી મહારાજે તેમની વિનંતીનો સ્વીકાર કર્યો. સાવિત્રી તો ખુશ ખુશ હતી.

તેમણે બીજે દિવસે શુદ્ધ ભાવે ઘરમાં નિર્દોષ ભોજન બનાવ્યું. મુનિરાજોને આહાર આપી તેઓએ ધન્યતા અનુભવી.

**સમ્મેતશિખરમાં મેળો :**

આવા નાનામોટા પ્રસંગોનો અનુભવ લઈ, પૂજ્ય મુનિવરો જંગલના રસ્તે ગિરિડિહ પધાર્યા.

ગિરિડિહ સમ્મેતશિખરનું ઉત્તર દિશાનું દ્વાર છે. મુનિવરોએ ત્યાં શ્વેતાંબર જૈન ધર્મશાળામાં નિવાસ કર્યો. અહીં દિગંબરનાં ચાલીસ-પચાસ અને શ્વેતાંબરનાં આઠથી દસ ઘર છે. દિગંબર ધર્મશાળામાં પ્રવચન રાખવામાં આવ્યું હતું.

ગિરિડિહથી બરાકર જૈન ધર્મશાળામાં પદાર્પણ થયું. બરાકર ભગવાન મહાવીરની કેવળજ્ઞાનભૂમિ મનાય છે. ત્યાં શ્વેતાંબર સમાજે વિશાળ મંદિર અને મોટી ધર્મશાળા બનાવ્યાં છે. સમ્મેતશિખર આવનારા યાત્રીઓ લગભગ અહીં આવે છે. બરાકર નદીના કિનારે આ સ્થાન સુશોભિત છે અને પ્રાકૃતિક છટાથી આનંદ ઉપજાવે તેવું છે. ધ્યાનસમાધિ માટે આ સ્થાન ઘણું યોગ્ય છે. પરંતુ આ તીર્થોમાં કોઈ તપસ્વી તપસ્યા કરતા હોય તેવું જોવામાં આવતું નથી.

બરાકરથી શિખરજી આગમન થયું. અહીં હોળી ઉપર ખૂબ મોટો મેળો ભરાય છે અને હજારો માણસો આ મેળામાં આવે છે. વ્યવસ્થાના અભાવે ગંદકી પણ ખૂબ જ ફેલાય છે.

**આશ્રમમાં તત્ત્વચર્ચા :**

મુનિરાજોને મેળામાં રહેવું ઉચિત ન લાગ્યું એટલે એક સપ્તાહ માટે ઇસરી પધાર્યા. ત્યાં બંને પક્ષોની ધર્મશાળા ઉપરાંત ગણેશપ્રસાદજી વર્ણીજીનો આશ્રમ છે. મુનિરાજો દિગંબર ધર્મશાળામાં ઊતર્યા. તે આશ્રમ સાથે જોડાયેલી છે. શ્રી જયંતમુનિને વર્ણીજી સાથે સમાગમ કરવાની ઉત્કંઠા હતી.

દિગંબર પરંપરામાં ત્યાગની ચાર ભૂમિકા છે : (૧) બ્રહ્મચારી, (૨) ક્ષુલ્લખ, (૩) એલખ અને (૪) મુનિ. શ્વેતાંબર પરંપરામાં બે જ ભૂમિકા છે : (૧) શ્રાવક અને (૨) મુનિ.

બ્રહ્મચારી ઘર-પરિવારનો ત્યાગ કરી મુનિઓની સાથે રહે છે.

ક્ષુલ્લક પણ ઘર-સંસારનો સંબંધ તોડી નાખે છે. તે ત્રણ કપડાં ધારણ કરે છે, પ્રતિમાધારી બને છે, પરંતુ તે પાટલે બેસી આહાર કરે છે.

એલખ ફક્ત એક લંગોટી, કમંડળ અને પીંછી રાખે છે. તે પણ બેસીને આહાર કરે છે.

મુનિ સર્વથા નગ્ન રહે છે, કમંડળ અને પીંછી રાખે અને ઊભા ઊભા આહાર કરે છે.

જે ક્ષુલ્લખ વિદ્વાન હોય, શાસ્ત્રના જાણકાર હોય, ઉપાધ્યાય તરીકે શાસ્ત્ર ભણે-ભણાવે તેવા ગાદીપતિ સાધુને વર્ણી કહે છે. વર્ણીનું સમાજમાં સ્થાન ઊંચું ગણાય છે.

શ્રી જયંતમુનિજી ગણેશપ્રસાદજી વર્ણીને મળવા તેમના આશ્રમમાં ગયા. વર્ણીજી કટ્ટર સંપ્રદાયવાદી હતા. પરંતુ ઘણા સમયસૂચક પણ હતા. શ્વેતાંબર મુનિઓ પ્રત્યે પણ સન્માન ધરાવતા હતા. તેઓએ ઊભા થઈને સ્વાગત કર્યું અને કહ્યું, "તમે મુનિપદમાં છો એટલે આદરણીય છો."

એ સમયે શ્રી ગણેશપ્રસાદજી તત્ત્વાર્થસૂત્ર ઉપરના અકલંકના ભાસ્ય ઉપર કેટલાક બ્રહ્મચારી અને અરજીકાઓ સાથે સ્વાધ્યાયચર્ચા કરી રહ્યા હતા. તે ઉપરાંત થોડાં શ્રાવક-શ્રાવિકાઓ પણ

હાજર હતાં. વાતાવરણ પ્રાચીનકાળના આશ્રમની યાદી આપતું હતું. બધા સ્વાધ્યાયશીલ હોવાથી તત્ત્વચર્ચામાં રસ ધરાવતા હતા. જયંતમુનિજી પણ સ્વાધ્યાયમાં જોડાયા.

ઉપાદાન અને નિમિત્તની ચર્ચા ચાલી. ઉપાદાનની પ્રધાનતા માનવા છતાં નિમિત્તને પણ મહત્ત્વ અપાય છે. વર્ણીજીએ પૂછ્યું, "આપ ઉપાદાન કોને કહો છો ?"

ત્યારે જયંતમુનિજીએ ઉત્તર આપ્યો કે, "यदि कारणम् कार्यम् परिणमति तत्सत्ये उपादानम्।" જે કારણ કાર્યરૂપે પરિણમે છે તેને ઉપાદાન કહી શકાય.

વર્ણીજી ઘણા ખુશ થયા અને કહ્યું, "આ મુનિજી અધ્યયનશીલ અને તત્ત્વચિંતક સાધુ છે."

સ્વાધ્યાયને અંતે સૌ આહાર માટે ઊઠ્યા. અહીં આશ્રમમાં રહેનાર બધાને એક ટાઇમ જ જમવાનું હોય છે. સાંજના જેને ઇચ્છા હોય તે ફળાહાર કે દૂધ વાપરી શકે છે.

શ્રી જયંતમુનિ પ્રતિદિન વર્ણીજીના સ્વાધ્યાયમાં ભાગ લેતા હતા. એક સપ્તાહમાં વર્ણીજીનો ખૂબ જ સારો સમાગમ થયો. તેઓ જૈન તત્ત્વજ્ઞાનના ધુરંધર વિદ્વાન હતા. તેમણે ઘણા ગ્રંથો સંપાદન કર્યા છે. સંપૂર્ણ દિગંબર સમાજ ઉપર તેમની ઊંડી પકડ હતી. તેમનો જન્મ મધ્યપ્રદેશના કિસાન પરિવારમાં થયો હતો. જૈન પાઠશાળામાં આવ્યા પછી તેમને ત્યાગભાવનાનું સ્ફુરણ થયું. જ્ઞાન, ત્યાગ, વિરક્તિ ઇત્યાદિ ઊંડા ગુણોના કારણે તેઓ ઘણી પ્રસિદ્ધિ પામ્યા. છેવટે શિખરજીની પરિક્રમાની બહાર વિહાર ન કરવાની પ્રતિજ્ઞા કરી ઇસરીમાં એકાંતવાસ સ્વીકાર્યો. ભક્તિના કારણે જોતજોતામાં ઇસરી આશ્રમનું નિર્માણ થઈ ગયું. તેઓ જીવનભર આ જ આશ્રમમાં સ્થિરવાસ થયા. પ્રાચીન ભારતના આશ્રમને તાદૃશ્ય કરે તેવા ઇસરી આશ્રમની મીઠી મધુરી સ્મૃતિ સાથે મુનિજીએ કત્રાસ તરફ પ્રસ્થાન કર્યું.

અનાયાસે સનાતન ધર્મનું ગયા, બૌદ્ધોનું બુદ્ધગયા અને જૈનોનાં રાજગિર અને સમ્મેતશિખરનાં તીર્થસ્થાનોની યાત્રા થવાથી શ્રી જયંતમુનિ પ્રસન્નતા અનુભવી રહ્યા હતા.

**કત્રાસમાં નૂતન જૈન ભવનનું ઉદ્‌ઘાટન :**

મુનિશ્રી ગોમો જંકશન થઈ કત્રાસ પધારવાના હતા. ગોમોમાં નાનજી કુંવરજીનો પરિવાર ઘણા વર્ષોથી નિવાસ કરે છે. તેઓ દેરાવાસી હતા, પરંતુ ત્યાં જૈનોનું એક જ ઘર હોવાથી તે સમાનભાવે બધા મુનિઓની સેવાનો લાભ લેતા હતા. આખો પરિવાર ધર્મના રંગે રંગાયેલો છે. તેમણે ગુરુદેવની ખૂબ સેવા બજાવી અને સાથે રહેલા ભાઇઓનો સુંદર અતિથિસત્કાર કર્યો. રાત્રિના જાહેર પ્રવચનમાં ચારસોથી પાંચસો માણસોની હાજરી હતી. હજુ સુધી સમગ્ર પરિવાર જયંતમુનિજીનાં ચરણોમાં અપાર શ્રદ્ધા ધરાવે છે.

તા. ૪/૪/૧૯૫૬ના રોજ મુનિવરો કત્રાસ પધાર્યા. અહીં દોઢ મહિનાની સ્થિરતા હતી.

મુનિજી જ્યારે પ્રથમ વાર કત્રાસ પધાર્યા હતા ત્યારે ઉપાશ્રયનો ફાળો થયો હતો. એ ફાળામાંથી નવનિર્મિત જૈન ભવનના ઉદ્‌ઘાટન માટે કત્રાસના ભાઈઓ ઇસરીમાં હાર્દિક વિનંતી કરી ગયા હતા.

કત્રાસ ઉપાશ્રયના ઉદ્‌ઘાટનના અવસરે શ્રમણસંઘના લાભચંદ્રજી મહારાજ ઠાણા બે પણ પધાર્યા હતા. મુનિ-મિલનથી આનંદ થયો. કલકત્તા, જમશેદપુર, ઝરિયા, ધનબાદ અને બીજાં નાનાં ક્ષેત્રનાં ભાઈ-બહેનો સારી સંખ્યામાં આવ્યાં હતાં. શ્રી દેવચંદભાઈ અમુલખ મહેતા તરફથી સ્વામીવાત્સલ્યનું જમણ કરાવવામાં આવ્યું. ભગવાન મહાવીરના જયનાદ સાથે નવા જૈન ભવનમાં પ્રવેશ થયો. પૂ. તપસ્વીજી મહારાજ આ પ્રદેશમાં પધાર્યા પછી સૌપ્રથમ કત્રાસનું ઉદ્‌ઘાટન થયું હતું.

**કત્રાસમાં ભૂમિદાન :**

હવે પૂર્વ ભારતમાં જૈન ભવનના નિર્માણની પરંપરા શરૂ થઈ. ઝરિયાના ત્રણ જૈન ભાઈઓની વિશાળ જમીન કત્રાસમાં જૈન ભવનની પાસે જ હતી. આ જમીન ઉપર સુંદર વાડી બાંધવાનો યોગ બનતો હતો. જૈન ભવન અને વાડી સાથેસાથે હોય તો સારી એવી આવક પણ ઊભી થાય. તપસ્વી મહારાજની પ્રેરણાથી ઝરિયાના ભાઈઓએ ઉદ્‌ઘાટનના શુભ ચોઘડિયે આખી જમીન કત્રાસ શ્રીસંઘને અર્પણ કરવાની ઘોષણા કરી. કત્રાસ સમાજે તેમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા. આજે આ વાડી કત્રાસ સમાજ માટે આશીર્વાદરૂપ છે અને ત્યાં અનેક શુભ કાર્યો સંપન્ન થાય છે.

જયંતમુનિજીને કલકત્તા ચાતુર્માસના ભાવ હતા. કલકત્તાના લક્ષ્યે વિહાર ગોઠવવામાં આવ્યો. ઝરિયા અને ધનબાદમાં સ્થિરતા કરી, ગોવિંદપુરથી જી. ટી. રોડ પકડી કલકત્તા જવાનું હતું. મનુષ્યની કલ્પના અને પ્રકૃતિનો ક્રમ સદા એક સમાન હોતો નથી. મનુષ્ય માત્ર યોજના ઘડે છે, પણ છેવટનો નિર્ણય તો પ્રકૃતિના હાથમાં છે તેનો વિશિષ્ટ અનુભવ મુનિશ્રીને થયો.

**કુળવાન કૂતરો :**

એક અદ્‌ભુત કૂતરો ઘણા માઈલથી મુનિવરોના વિહારમાં સાથેસાથે ચાલતો હતો. તેને પાછો વાળવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેણે સંગ ન જ છોડ્યો. તે જરા પણ ગંદકી કરતો નહીં. ગમે તેટલો ખાવાનો સામાન સામે હોય, તે જરા પણ સામુ જોતો નહીં. જ્યારે ખાવાનું આપવામાં આવે ત્યારે જ તે ખાતો. પ્રવચનના સમયે આગળ આવીને જ બેસતો. વિહાર શરૂ થાય એટલે સાથે ચાલી નીકળતો. પૂર્વ જન્મનો ભક્ત કે ઊંચા કુળનો આત્મા કેમ જાણે પાછલાં કર્મ પૂરાં કરવા આવ્યો હોય!

ધનબાદથી વહેલી સવારના વિહાર થયો. થોડું થોડું અંધારું હતું. કૂતરો આગળ આગળ ચાલતો હતો. આજે તે ઘણો જ પ્રેમ દેખાડી રહ્યો હતો. એવામાં સામેથી એક કાર પૂરપાટ

આવી. મોટરની સીધી લાઇટ આવવાથી તે અંજાઈ ગયો. આંખના પલકારમાં મોટરે પૂરજોશથી કૂતરાને ટક્કર મારી દીધી. શ્રી જયંતમુનિજી નિકટમાં જ હતા, પરંતુ બચાવવાનો અવસર ન રહ્યો. કૂતરો વીસ ફૂટ દૂર ખેતરમાં ફેંકાઈ ગયો. તેની આખી છાતી વીંધાઈ ગઈ હતી. મુનિજી દોડીને ત્યાં ગયા. કેમ જાણે અંતિમ વિદાય લેતો હોય તેમ તેણે માથું નમાવી મુનિશ્રીનાં ચરણ સૂંઘ્યાં ! સાથે રહેલા ભાઈઓએ મુખ પર પાણી છાંટ્યું. પૂજ્ય ગુરુદેવે નવકારમંત્ર સંભળાવ્યા. કૂતરો થોડી થોડી વારે કાન હલાવી, નવકારમંત્ર સાંભળવાથી સંતોષ મળતો હોય તેવો ભાવ પ્રગટ કરતો હતો. પંદર-વીસ મિનિટ પછી નવકારમંત્રના જાપ સાથે જ તે અરહિંત શરણે થઈ ગયો. આ કૂતરો જરૂર કોઈ સારા ખાતાનો પુણ્યશાળી જીવ હશે. મુનિજીઓ પણ ઘણા ગમગીન થઈ ગયા.

કૂતરાના મૃત્યુથી એવો આભાસ થયો કે આ સંઘ દ્વારકા પહોંચશે નહીં. તપસ્વીજી મહારાજ બોલ્યા, "જયંતી, કલકત્તાના ચાતુર્માસમાં અંતરાય આવે એવું લાગે છે. આ દુર્ઘટના અશુભ સૂચના આપી જાય છે." ખરેખર, બન્યું પણ તેવું જ. પૂજ્ય મુનિવરો જગજીવન નગરની હૉસ્પિટલમાં પધાર્યા ત્યારે જયંતમુનિને એકાએક આકરો તાવ ચડી આવ્યો.

**વિહારમાં વિઘ્ન :**

જગજીવન નગર હૉસ્પિટલમાં આઠ દિવસ રોકાવું પડ્યું. જયંતમુનિજીની તબિયત પર ઊંડી અસર થઈ. વિહારમાં મોટું વિઘ્ન આવી પડ્યું. આવી પરિસ્થિતિમાં કલકત્તા પહોંચી શકાય તેવું ન લાગ્યું. કલકત્તાથી સેંકડો ભાઈ-બહેનો દર્શનાર્થે આવ્યાં. તેઓ પણ નિરાશાનો અનુભવ કરવા લાગ્યાં. સમય બહુ થોડો હતો અને વિહાર લાંબો હતો. તબિયત માટે એકાદ માસ આરામ જરૂરી હતો. ડૉક્ટરોએ પણ લાંબા વિહારની મનાઈ કરી. ટાટાનગરથી શ્રી નરભેરામ હંસરાજ કામાણી ડૉ. શર્માને લઈને જગજીવન નગર હૉસ્પિટલમાં આવ્યા. ડૉ. શર્મા મુનિશ્રીની તાસીરથી પરિચિત હતા. તેમણે પણ એ જ સલાહ આપી.

**જયંતમુનિજીનો સ્વાસ્થ્ય માટે વિશ્રામ :**

મુનિશ્રીની તબિયત સુધરે એટલે ગોવિંદપુર પાસે લોએન્કાજીના બંગલામાં આરામ માટે કલકતા તથા કોલફિલ્ડના ભાઈઓએ વ્યવસ્થા કરી. ત્યાંનાં હવાપાણી ખૂબ જ સારાં હતાં. કલકત્તાના ચાતુર્માસને ધક્કો લાગી ગયો. "ધાર્યું ધણીનું થાય છે" તે સત્ય બરાબર નીવડ્યું.

કલકત્તાથી ચોકીદારને ઑર્ડર આવી ગયો હતો કે મુનિરાજોને ઊતરવા માટે બંગલો સુપ્રત કરે. મુખ્ય પ્રશ્ન એ હતો કે જ્યાં સુધી એક-બે રસોડાં ન ખૂલે ત્યાં સુધી બંગલામાં આહાર-પાણીની પ્રતિકૂળતા રહે તે સ્વાભાવિક હતું. ઝરિયા અને કત્રાસના કેટલાક ભાઈઓ ભેગા થયા. જે રસોડું ખોલે તેને સમય અને પૈસા બંનેનો ભોગ આપવાનો રહે. કામ થોડું અટક્યું હતું.

એવામાં ટી. એમ. શાહ કંપનીના માલિક નંદલાલભાઈ શાહ દર્શન માટે આવ્યા. તેઓ દેરાવાસી હતા, છતાં મુનિજી પ્રત્યે ઊંડી ભક્તિ ધરાવતા હતા. તેમણે તુરત પડકાર કર્યો, "અરે! ગુરુભક્તિમાં શું વિચાર કરો છો? આપણે ભક્તિ ન કરી શકીએ તો આપણી શક્તિને લાંછન છે."

તેમણે ઉમેર્યું, "ગુરુદેવ, આ લોકોને વિચાર કરવા દો. મને અનુમતિ આપો. આવતીકાલથી મારું રસોડુ ખૂલી જશે. મારાં પત્ની અહીં રોકાશે. હું આવતો જતો રહીશ. આ તો જંગલ જેવું છે. દર્શનાર્થીઓની સગવડતા માટે મારી બે ગાડી અહીં રહેશે." ખરેખર, નંદલાલભાઈ મરદ આદમી હતા, બોલ્યા પ્રમાણે કરનાર હતા. ચાર વાગતા સુધીમાં તેમનો બધો રસાલો સામાન આવી ગયો.

તેમના ખાસ મિત્ર, બેરમોના શ્રી અમૃતલાલ મોનજીનું પણ રસોડું ખૂલી ગયું. ઝરિયા સ્થાનકવાસી સંઘના મગનભાઈ દોશી પણ પરિવાર સાથે આવ્યા અને પોતાનું રસોડું ખોલ્યું. આ રીતે ત્યાં બે-ત્રણ પરિવાર વસી જવાથી મુનિરાજોને બધી અનુકૂળતા થઈ. નરમ તબિયતના સમાચાર સાંભળતાં જ દર્શનાર્થીઓનો પ્રવાહ વધી ગયો. સાતા પૂછવા માટે ગામે ગામના સંઘો આવવા લાગ્યા. બધા મહેમાનો નંદલાલભાઈના રસોડે જમતા હતા. શ્રી નરભેરામભાઈ કામાણી જમશેદપુરથી ડૉ. શર્માને લઈને ફરીવાર આવ્યા હતા. મુનિરાજોએ પંદરથી વીસ દિવસ આરામ કર્યો.

હવે કલકત્તા પહોંચવા જેટલો સમય હતો નહીં. કલકત્તાથી શ્રીસંઘના ભાઈઓ પણ આવી ગયા હતા. બધો વિચારવિમર્શ કર્યા પછી નજીકમાં બેરમો ચાતુર્માસ કરવાનું નક્કી થયું.

**બેરમો ચાતુર્માસ :**

મુનિવરો લોએન્કાના બંગલેથી પુનઃ ઝરિયા પધાર્યા. ત્યાં થોડા દિવસની સ્થિરતા કરી ભોજૂડી પહોંચ્યા. ભોજૂડી નાનો સંઘ હતો અને ઉપાશ્રયની વ્યવસ્થા સારી હતી. એટલે હવાફેર માટે અનુકૂળ સ્થાન હતું. ત્યાંથી રેલવે પર ચાલી, મોહદા થઈ, બેરમો જવામાં વિહારની અનુકૂળતા હતી. નવલચંદભાઈ ટ્રેન દ્વારા આવતા હતા અને ગોચરી પાણીનો લાભ લઈ ઉત્તમ સેવા બજાવતા હતા.

બેરમો ચાતુર્માસમાં શ્રીયુત મણિલાલ રાઘવજી કોઠારીનો પૂરેપૂરો સહયોગ હતો. નવલચંદભાઈને દરેક પ્રકારની વ્યવસ્થા કરવા માટે તેઓએ હુકમ કરી દીધો હતો. સંઘ નાનો હોવા છતાં મણિભાઈના સહયોગથી સંઘને જરા પણ મૂંઝવણ રહેતી નહીં.

તબિયતના કારણે શ્રી જયંતમુનિજીએ પ્રવચન બંધ રાખ્યું હતું. વ્યાખ્યાન-વાણીનો બોજો ગિરીશમુનિએ સંભાળ્યો હતો. તેમની ગાવાની ઢબ સારી હોવાથી શ્રોતાઓને મુગ્ધ કરી દેતા અને પ્રવચનમાં ધર્મની ઉત્તમ પ્રેરણા આપતા. પૂજ્ય તપસ્વી મહારાજ દેશી ભાષામાં ટુચકા સંભળાવતા.

**તત્ત્વચિંતનનો સુવર્ણ અવસર :**

સોનુ નામનો માણસ પ્રતિદિન જયંતમુનિની સેવામાં રહેતો. જયંતમુનિજીને ફરવાનો ખૂબ અવસર મળ્યો. બેરમો કોલફિલ્ડ નાની નાની પહાડીઓથી ઘેરાયેલ છે. ટેકરીના એકાંતપ્રદેશમાં મુનિશ્રી કલાકો સુધી ધ્યાન-સમાધિમાં બેસતા. તબિયત ભલે ખરાબ થઈ, પરંતુ આરામના નિમિત્તે આત્મારામને જગાડવાનો અવસર મળ્યો. તત્ત્વચિંતન કરવાનો રૂડો અવસર મળ્યો.

અનેક ધર્મ વિશ્વનિયંતા તરીકે ઈશ્વરનો સ્વીકાર કરે છે. જ્યારે જૈનદર્શન વિશ્વની મૂળભૂત સંપત્તિ રૂપે છ દ્રવ્યનો સ્વીકાર કરે છે. આ દ્રવ્યો સ્વયં પોતાની શક્તિથી વિશ્વનું સંચાલન કરે છે અને ભિન્ન ભિન્ન પર્યાય રૂપે પદાર્થમાં સંઘટન-વિઘટન કરે છે. વિશ્વનો ખેલ ચાલુ રહે છે. જૈનદર્શનમાં 'ઈશ્વરનું અસ્તિત્વ છે કે નહિ' એ મૂળભૂત પ્રશ્ન ઊભો રહે છે.

ઈશ્વર એટલે ઐશ્વર્યવિત તત્ત્વ. આ છ દ્રવ્યો ઐશ્વર્યવિત હોવાથી સ્વયં ઈશ્વરનું રૂપ ધારણ કરે છે. જીવદ્રવ્ય ઈશ્વરના પ્રાણ છે. બાકીનાં પાંચ દ્રવ્યો તે ઈશ્વરનું શરીર છે. છએ દ્રવ્યો વિરાટ, વ્યાપક અને અનંત શક્તિનાં ધારક છે. શાસ્ત્રમાં પણ ભગવાનને વિરાટ, વ્યાપક અને શક્તિના ધારક બતાવ્યા છે. ઈશ્વર સર્વોપરી છે. તેનાથી ઉપર કોઈ નથી. સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરતાં છએ દ્રવ્યો દ્વારા પરોક્ષ ભાવે ઈશ્વર આવી જાય છે અને છએ દ્રવ્યોમાં પ્રભુનો વાસ છે એમ કહેવામાં જરા પણ અનુચિત લાગતું નથી. આ ચિંતનથી શ્રી જયંતમુનિજીને એક બહુ જ મોટું સમાધાન પ્રાપ્ત થયું.

બેરમો ચાતુર્માસ એક નવી જ વિશેષતા મૂકી ગયું. નાદુરસ્ત તબિયતના બહાના હેઠળ મુનિશ્રીને ઘણી ઉપલબ્ધિ થઈ. સમયનો સાચો સદ્‌પયોગ થયો. બેરમોના પર્વતીય પર્યટનથી મુનીશ્વર પરમાત્માની વધારે નિકટ પહોંચ્યા હોય અને તેના સ્વરૂપનો વિચારના આનંદની અનુભૂતિ થઈ. બહુ વરસાદ હોય ત્યારે જ પર્યટન અટકતું. ચાર મહિના ઝરણાના કિનારે, પહાડીની ટોચે, જંગલોના શાંત ઉદરમાં બેસીને તત્ત્વજ્ઞાન વાગોળવાનો અને અનેરા આનંદની સોનેરી તક મળી. ક્યારેક નાનાં બાળકો પણ પર્યટનમાં સાથે જોડાતાં. તેઓ બાળલીલા કરતાં કરતાં જંગલપ્રદેશનો આનંદ મેળવતા.

**ઉપાશ્રયના વિસ્તાર માટે અનુકૂળતા :**

શ્રી નવલચંદભાઈએ નવો ઉપાશ્રય બાંધવાનું કામ શરૂ કર્યું હતું. તેમને જૈન ભવનના નિર્માણમાં ઘણો રસ હતો. તે તન, મન અને ધનથી સેવામાં લાગી ગયા હતા. ભવન હોય તો ભાઈ-બહેનોને ધર્મધ્યાનની વિશેષ અનુકૂળતા થાય. આગળ ચાલીને દેરાવાસી-સ્થાનકવાસીના મતભેદ ઊભા ન થાય. બંને સમાજ પોતાના સ્થાનકમાં ધર્મઉપાસના કરી, પરસ્પર પ્રેમ જાળવી શકે. તપસ્વી મહારાજ દીર્ઘદૃષ્ટિવાળા હોવાથી સાચી પ્રેરણા આપી સમાધાન કરી દોરવણી આપતા હતા.

સ્થાનકવાસી જૈન ભવન થોડું નાનું પડતું હતું. શ્રી નરભેરામભાઈ જ્યારે દર્શન માટે આવ્યા ત્યારે તેમણે પૂછ્યું, "પાસેની જમીન કોની છે?"

નવલચંદભાઈ બોલ્યા, "સાહેબ, એકદમ નજીકમાં મારી જ જમીન છે."

નરભેરામભાઈએ નવલચંદભાઈની પીઠ થાબડી અને કહ્યું, "ભાઈ, આ એક અવસર છે. તમારી જમીન ઉપાશ્રયને આપી દો."

આ જમીનમાં નવલચંદભાઈનું ગોડાઉન હતું. જમીન આપી દેવાથી તેમના વ્યાપારને નુકસાન થાય. તેઓએ કહ્યું, "પાછળમાં અમૃતલાલ મોનજીની જગ્યા મને ગોડાઉન માટે મળે તો હું મારી જમીન આપી દઉં."

નરભેરામભાઈના હાથમાં જશ હતો. અમૃતલાલભાઈ હાજર હતા. તેમણે તરત જ કહ્યું કે, "હું નવલચંદભાઈને જમીન આપી દઈશ." મણિભાઈની હાજરીમાં બધી વાત નક્કી થઈ અને જૈન ભવનનો નકશો સુંદર બની ગયો. નવા જૈન ભવનનું નિર્માણ એ બેરમો ચાતુર્માસની પ્રથમ ઉપલબ્ધિ હતી. આખો સમાજ સંગઠિત થઈ ગયો એ બીજી ઉપલબ્ધિ હતી. સંઘને પોતાનું કર્તવ્ય સમજમાં આવ્યું. દાન, પુણ્ય કરવાના અવસર ઊભા થયા. કોલફિલ્ડમાં તપસ્યાનાં પૂર આવ્યાં. વરસોથી પરદેશમાં વસ્યા પછી આજે ધર્મ-ઉત્સવનો અવસર મળવાથી સંઘમાં અનેરો આનંદ ફેલાયો.

**બેરમો કોલફિલ્ડ :**

અહીં બેરમો કોલફિલ્ડનો પરિચય આપવો ઉચિત ગણાશે. બેરમો કોલફિલ્ડ એશિયાનું મોટામાં મોટું કોલફિલ્ડ છે. ત્રીસથી ચાલીસ ફૂટ પથરીલી માટીના કવચની નીચે સિત્તેર ફૂટ જેટલા જાડા કોલસોના થર મળી આવે છે. મોટા બુલડોઝર અને ડમ્પર માટીને હટાવે છે. દારૂગોળાથી બ્લાસ્ટિંગ થતું જાય છે. રાતદિવસ બ્લાસ્ટિંગના ભડાકાઓ સંભળાય છે. હજારો મજદૂરો ખાણમાં કોલસો કાપતા હોય છે. કોલસો ટ્રોલીઓમાં ભરાય છે. ટ્રોલીઓની ટ્રેન વીજળીના મશીનથી બહારમાં ખેંચાઈ આવે છે. ત્યારબાદ કોલસો ટ્રકમાં કે વેગનમાં ભરાઈ યથાસ્થાને જતો રહે છે.

એક દૃષ્ટિથી મોટું યુદ્ધ ચાલતું હોય તેવું લાગે છે. જમીનના પેટાળમાં સો-બસો ફૂટ ઊંડાં અને પાંચથી દસ હજાર ફૂટ પહોળાં તળાવ બને છે. કટિંગ કરીને દીવાલની સાઈડમાં ચડવા-ઊતરવાના રસ્તા બનાવેલા છે. કોલસો કાઢે ત્યારે નીચેનું પાણી તળાવમાં ધસી આવે છે. તે પાણીને પણ સાથોસાથ બસોથી પાંચસો હોર્સ પાવરના પમ્પ ઉલેચતા હોય છે. જ્યાં પાણી પડે છે ત્યાં એક પ્રકારનું ઝરણું ચાલુ થઈ જાય છે. આખા કોલફિલ્ડમાં કાળી રજ ચારે તરફ ઊડતી રહે છે. ઘર, બજાર અને કપડાં ઉપર કાળી રજનો પ્રભાવ જોઈ શકાય છે. આખુ કોલફિલ્ડ કાળા રંગથી ઘેરાયેલું રહે છે.

બેરમો કોલફિલ્ડમાં ત્રણથી ચાર લાખ માણસો વસે છે. તેનો રોજીરોટીનો આધાર કોલસો છે. કોલસાનું આર્થિક મહત્ત્વ એટલું બધું છે કે તેને કાળો હીરો (Black diamond) કહે છે.

કોલસા નીકળી ગયા પછી ખાલી તળાવ સો સો ફૂટ ઊંડાં પાણીથી ભરેલાં રહે છે. આ પાણી જીવજંતુઓથી ભરેલાં હોય છે. જોવામાં આખું ક્ષેત્ર ઘણું ભયંકર લાગે છે. આમ મુનિરાજોએ ઓપન કોલ માઇનનો પણ અનુભવ લીધો.

ચાતુર્માસ પછી શ્રીસંઘે મુનિઓનાં વળામણાંની તૈયારી કરી. પૂજ્ય તપસ્વી મહારાજે આગળના વિહારક્ષેત્રનું આલેખન કર્યું.

**જયાબાઈસ્વામી :**

પૂજ્ય તપસ્વી જગજીવનજી મહારાજના સંસારપક્ષે સુપુત્રી અને જયંતમુનિજીનાં બહેન, પૂજ્ય જયાબાઈ મહાસતીજી પૂર્વ ભારત પધારવાનાં ભાવ ધરાવતાં હતાં. તે માટે યથાયોગ્ય અનુમતિ પણ મેળવી લીધી હતી. જયાબાઈસ્વામી સાથે તેમનાં બે શિષ્યાઓ બા.બ્ર. હંસાબાઈસ્વામી તથા બા.બ્ર. વિમળબાઈ મહાસતીજી હતાં. ચિતલ ચાતુર્માસ પૂરું થયા પછી પૂર્વ ભારતમાં આવવા માટે જયાબાઈ સ્વામીએ વિહાર શરુ કરી દીધો હતો. દેશમાંથી પૂર્વ ભારત સુધીના વિહારનું બધું સંચાલન પૂ. તપસ્વીજીના હાથમાં હતું. તેમણે સંપૂર્ણ વિહારપથના ચિતલથી ગોધરા, ગોધરાથી ખંડવા, ખંડવાથી જબલપુર અને જબલપુરથી બિલાસપુર એમ ચાર ભાગ કર્યા હતા.

ચક્રધરપુર મુકામે જયાબાઈ સ્વામીનું મુનિરાજો સાથે મિલન ગોઠવવામાં આવ્યું હતું. તપસ્વી મહારાજ વિહાર-સંચાલનની વ્યવસ્થા માટે બેરમો રોકાયા. જયંતમુનિજી તથા ગિરીશમુનિજી વિહારમાં આગળ વધ્યા.

**ગુરુસંતનું શરણ નવ જાજો :**

શ્રી જયંતમુનિજી તથા ગિરીશમુનિ પુરુલિયાથી હજુ આગળ વધે તે પહેલાં એક દુઃખદ ધડાકો થયો. મુનિરાજોના ગુરુદેવ, સૌરાષ્ટ્ર કેસરી, બાલબ્રહ્મચારી, પ્રખર વક્તા, પંડિતરત્ન શ્રી ૧૦૦૮, પૂજ્ય પ્રાણલાલજી સ્વામી બગસરા મુકામે ૧૯૫૬ની ઓગણત્રીસમી નવેમ્બરે કાળધર્મ પામ્યા.

આ સમાચાર મળતાં શ્રી જયંતમુનિને ઊંડો આઘાત લાગ્યો. આ વિરહવેદના અસહ્ય હતી. કાળે કારમો પ્રહાર કર્યો હતો. મુનિશ્રીનું છત્ર છિનવાઈ ગયું હતું. ૧૦૦૮, સ્વર્ગસ્થ ગુરુદેવ પૂજ્ય શ્રી જેચંદ સ્વામીના લાડીલા સંત શિષ્ય વિલુપ્ત થવાથી ગુરુદેવની ગાદી ખાલી પડી ગઈ. સાવરકુંડલા મુકામે પૂજ્ય ગુરુદેવ પ્રાણલાલજી સ્વામીએ પ્રેમભરી વિદાય આપી ત્યારે શું ખબર હતી કે ગુરુદેવનું આ અંતિમ મિલન છે! હવે તેમનો વાત્સલ્યપૂર્ણ વરદ હસ્ત જયંતમુનિના મસ્તક ઉપર ફરીથી સ્પર્શ પામવાનો ન હતો. પ્રકૃતિની કેટલી કઠોર લીલા!

આ પરિસ્થિતિ નેત્ર-પંક્તિઓમાંથી અશ્રુબિંદુ વરસાવી રહી હતી. એથી વધારે કશું કરી

શકાય તેમ ન હતું. કાળબળની આગળ કોઈનું ચાલે છે? વિહારનું ચક્ર અટકી ગયુ. જયંતમુનિજીએ તરત જ તપસ્વીજીના શરણે જવાનો નિર્ણય કર્યો અને બેરમો માટે વળતો વિહાર આરંભી દીધો. ગિરીશમુનિ ખૂબ જ ઢીલા પડી ગયા હતા. બંને મુનિઓનું મન આક્રંદ કરી રહ્યું હતું. ચારે દિશામાં અંધારું છવાઈ ગયું હતું. ઋષિરાજનું એક પદ યાદ આવતું હતું :

જાજો રે બધું,

જાજો રે બધું,

પણ વહાલા ગુરુસંતનું શરણ નવ જાજો... જાજો રે (૨)

પુરુલિયાથી વિહાર કરી બંને મુનિરાજ તપસ્વી મહારાજનાં ચરણે પહોંચી ગયા. ત્યાં શ્રદ્ધાંજલિ સમારોહ ગોઠવવામાં આવ્યો. સૌરાષ્ટ્ર છોડ્યા પછી પણ ગુરુદેવ પ્રાણલાલજી સ્વામીએ બન્ને મુનિરાજોની બરાબર સંભાળ રાખી હતી. ૧૯૪૮માં સાવરકુંડલામાં ગુરુદેવે વિદાય આપ્યા નવ વરસનાં વહાણાં વાઈ ગયાં હતાં. એક પણ મહિનો એવો ન હતો કે જેમાં ગુરુદેવનો પત્ર ન આવ્યો હોય. તેઓશ્રી પત્રમાં કાઠિયાવાડના બધા સમાચાર લખતા અને સંપ્રદાયની સમસ્યાઓનું પણ વિવેચન કરતા. બરાબર આત્મીય ભાવ જાળવી રાખી ગુરુદેવે નિરંતર કૃપા વરસાવી હતી.

તપસ્વી મહારાજ પણ ગુરુદેવ પ્રાણલાલજી મહારાજને બધા સમાચાર નિયમિત આપતા રહેતા. સંબંધની અખંડ કડી જળવાઈ રહી હતી. જયંતમુનિજી પર ગુરુદેવને અપાર સ્નેહ હતો. સૌથી નાના શિષ્ય હોવાથી આ મમતાની સાંકળ મજબૂત હતી. આવી પરિસ્થિતિમાં ગુરુદેવ શિષ્યોને અનાથ મૂકી પરલોકવાસી થયા તે દુઃખ પચાવી શકાય તેવું ન હતું. તપસ્વીજી મહારાજે જ્ઞાનદૃષ્ટિથી વિચાર કરી, બંને સંતોને હૈયાધારણ બંધાવી. આર્તધ્યાન-રોદ્રધ્યાન ન કરતાં ધર્મધ્યાન દ્વારા શ્રદ્ધાંજલિ આપવા માટે પ્રેરણા આપી. જે થયું તે મિથ્યા કરી શકાતું નથી. ગુરુદેવના વિરહનો જખમ જીવનભર રૂઝાય તેવો ન હતો.

**બેરમો જૈન ભવનનું ઉદ્‌ઘાટન :**

તા. ૨૬-૧-૧૯૫૭ના રોજ બેરમો સ્થાનકવાસી જૈન ભવનનું ઉદ્‌ઘાટન ટાટા સંઘના પ્રમુખ નરભેરામભાઈ કામાણીના હસ્તે રાખવામાં આવ્યું. તેઓ સપરિવાર ટાટા સંઘ સાથે બેરમો પધાર્યા. કલકત્તાથી કાનજીભાઈ પાનાચંદભાઈ, ગિરધરલાલ હંસરાજ કામાણી, નંદલાલભાઈ ઇત્યાદિ નામાંકિત શ્રાવકો આવ્યા હતા. ઝરિયા અને બીજા સંઘોની પણ પૂરી હાજરી હતી. નરભેરામભાઈ પ્રત્યે સમગ્ર પૂર્વ ભારતને ઘણો સ્નેહ હતો અને તેમનું ખૂબ જ સન્માન જાળવતા. ઉદ્‌ઘાટન ઘણી ધામધૂમ સાથે સંપન્ન થયું. શ્રી મણિલાલભાઈ રાઘવજી આખા પ્રસંગમાં મોખરે રહ્યા હતા. સ્વામીવાત્સલ્ય સંઘ-જમણમાં પણ તેમણે ભાગ લીધો હતો. બધા મહેમાનોનો ઉતારો પણ તેમના ઘેર રાખવામાં આવ્યો હતો. ખરું પૂછો તો મણિલાલભાઈ પૂરા કોલફિલ્ડનું નાક હતા.

કલકત્તા શ્રીસંઘે ૧૯૫૬નું ચાતુર્માસ જયંતમુનિજીની તબિયતના કારણે ગુમાવ્યું હતું એટલે તેમણે ફરીથી વિનંતી મૂકી. ૧૯૫૭ના ચાતુર્માસનો નિર્ણય કરવામાં આવ્યો. તપસ્વીજી મહારાજે બેરમોથી રાંચી, ચક્રધરપુર, જમશેદપુર અને ખડગપુર થઈ કલકત્તા સુધીના વિહારનું આકલન કર્યું.

બેરમો સંઘે ગુરુદેવને ભાવભરી વિદાય આપી. મુનીશ્વરો ત્યાંથી રામગઢ પધાર્યા. શ્રી રવજીભાઈ કાલિદાસ તથા દિવાળીબહેન બડકાકાનાથી સામે આવી ભક્તિનો લાભ લઈ રહ્યાં હતાં. રામગઢનો દિગંબર જૈન સમાજ મુનિઓ પ્રત્યે સારી એવી લાગણી ધરાવતો હતો. ગુજરાતી ઘરો બહુ જ ઓછાં હતાં. રામગઢથી રાંચી થઈ ચોવીસ માઈલની જંગલની ઘાટી પાર કરી, ૧૩/૩/૧૯૫૭ના રોજ મુનિમંડળે ચક્રધપુરમાં પ્રવેશ કર્યો. શ્રી પ્રાગજી પ્રેમજીભાઈના ઘરે ઉતારો હતો.

**અપૂર્વ હર્ષની ઘટના :**

આ તરફ પૂજ્ય જયાબાઈસ્વામી પણ બિલાસપુર પાર કરી ચૂક્યાં હતાં. તેઓ પણ ઉગ્ર વિહાર કરી, રેલવે લાઇનના પાટે પાટે ચાલી રહ્યાં હતાં. ચિતલથી ગોધરા સુધી દયાળજીભાઈ ઠક્કર તથા મંછાબહેન વિહારમાં જોડાયાં હતાં અને જયાબાઈ મહાસતીજીને સાતા ઉપજાવતા હતા. ગોધરાથી ખંડવા સુધી રવજીભાઈ, નાનુભાઈ તથા મંછાબહેન સાથે રહ્યાં અને જયાબાઈસ્વામીના આશીર્વાદ મેળવ્યા.

ખંડવાથી મોહનભાઈ અને નાનુભાઈએ જબલપુર સુધી સાથે રહીને પૂ. મહાસતીને ઘણી સાતા ઉપજાવી. જબલપુરથી કલકત્તાના સુપ્રસિદ્ધ શ્રાવક, શ્રી જગજીવનભાઈ માલાણી સ્વયં વિહારમાં જોડાયા હતા. સાથે બેરમોવાળા ગુલાબભાઈ તથા નાનુભાઈ પણ ચક્રધરપુર સુધી વિહારમાં રહ્યા હતા. બધાએ અપૂર્વ લાભ લીધો હતો. મુનિવરોએ ચક્રધરપુર દસ દિવસ રોકાવાનો નિર્ણય કર્યો. જયાબાઈ સ્વામીના આગમનની પ્રતીક્ષા હતી. પ્રાગજીભાઈની ભાવના હતી કે સંત-સતીજીઓનું મિલન તેમને આંગણે થાય. પ્રતિદિન સેંકડો દર્શનાર્થીઓ આવતા હતા. તે સહુનું આતિથ્ય-ભોજન તેમને ઘેર જ હતું. વેપાર-ધંધાના ભોગે તેઓ ઊભા પગે સેવામાં હાજર રહેતા. તપસ્વીજી મહારાજજીનો પ્રાગજીભાઈ પ્રત્યે ઊંડો સદ્ભાવ હતો.

ત્રણે મહાસતીજીઓની ૧૯૫૭ની સત્યાવીસમી માર્ચે ચક્રધરપુર પહોંચી જવાની સંભાવના હતી. જયંતમુનિજી, ગિરીશમુનિજી અને તપસ્વીજી મહારાજના હર્ષમાં ઘણી વૃદ્ધિ થઈ. મહાસતીજીઓ ચિતલથી આટલો લાંબો અને ઉગ્ર વિહાર ટૂંક સમયમાં પાર કરી, રસ્તાનો પરિષહ સહન કરી, નિર્વિઘ્ને ચક્રધરપુર સુધી સાતાપૂર્વક પધારી રહ્યાં હતાં. નિર્ધારિત સમય અનુસાર ૧૯૫૭ની સત્યાવીસમી માર્ચે સવારના નવને ત્રીસ મિનિટે તેઓ ચક્રધરપુર પહોંચી ગયાં. જગુભાઈ માલાણીના મુખમંડલ પર વિજયની રેખા ચમકી રહી હતી અને તેઓ જોરજોરથી ગુરુદેવોની જય બોલાવી રહ્યા હતા. તપસ્વી મહારાજે સોંપેલું મોટું કાર્ય પોતે પાર પાડી શક્યા તે બદલ ગૌરવનો અનુભવ કરી રહ્યા

હતા. ખરેખર, જયાબાઈસ્વામી, હંસાબાઈસ્વામી તથા વિમળબાઈ મહાસતીજીએ અપૂર્વ સાહસ કર્યું હતું. તેમની અસ્ખલિત વિહારયાત્રા સમાધિભાવે સંપન્ન થઈ તે બદલ પૂર્વભારતમાં અપૂર્વ હર્ષની લાગણી ફેલાઈ ગઈ હતી. ટાટાનગર, ઝરિયા, પુરુલિયા અને કલકત્તાના સેંકડો ભાઈ-બહેનો ચક્રધરપુર દર્શનાર્થે આવ્યાં.

**ધાર્યું ધણીનું થાય :**

ચક્રધરપુરથી બધા ઠાણાઓ આગળપાછળ વિહાર કરી ૧૯૫૭ની બીજી એપ્રિલે ટાટાનગર પધાર્યા. જયાબાઈસ્વામી શામજીભાઈ ટાંકના મકાનમાં ઊતર્યાં અને મુનિવરોએ ઉપાશ્રયમાં નિવાસ કર્યો.

જમશેદપુરમાં શ્રીસંઘે વરસીતપ પારણા મહોત્સવ મનાવ્યો. મનુભાઈ ગાંધી તથા તેમનાં ધર્મપત્ની મધુકાન્તાબહેનને સજોડે વર્ષીતપ હતો. આ દંપતીએ જમશેદપુર તથા સાકચી જૈનશાળા ચલાવી સંઘની સેવા બજાવી હતી. તેમણે બાળકોમાં જૈન ધર્મના ઊંડા સંસ્કાર રેડ્યા હતા. શ્રીસંઘને બંનેનાં વરસીતપ બદલ ઘણું જ ગૌરવ હતું. પૂ. મુનિવરોને પણ આ દંપતી માટે ઘણું જ સન્માન હતું.

જયંતીલાલજી મહારાજે ૪ એપ્રિલ ૧૯૫૬ના રોજ કત્રાસમાં પ્રવેશ કર્યો અને તારીખ ૨ એપ્રિલ ૧૯૫૭ના રોજ ટાટાનગરથી કલકત્તા માટે વિહાર શરૂ કર્યો. તેમને માટે છેલ્લું એક વર્ષ મિશ્ર ભાવવાળું અને ઘટનાસભર રહ્યું. કલકત્તામાં ૧૯૫૬ને બદલે ૧૯૫૭માં ચાતુર્માસ થઈ રહ્યું હતું. એક વર્ષમાં તેઓશ્રી શરીરની વ્યાધિથી પરેશાન થયા, કલકત્તાનો વિહાર રદ કરવો પડ્યો અને ગુરુદેવ પ્રાણલાલજી મહારાજનો સદા માટે વિયોગ ખમવો પડ્યો. બીજી તરફ જયાબાઈ મહાસતીજીનું મિલન એક સુખદ ઘટના હતી. બેરમોના ચાતુર્માસ દરમિયાન ફરજિયાત વિશ્રાંતિના સમયમાં ઊંડા ચિંતનનો યોગ મળ્યો તે એક ઉપલબ્ધિ હતી. એક વર્ષમાં પ્રકૃતિએ બતાવી આપ્યું કે જે કરવા ધારીએ છીએ તે બધું નિષ્ફળ જાય છે, અને જે ચિંતવ્યું ન હોય તે થઈ જાય છે. ખરેખર, છેવટે તો ધાર્યું ધણીનું જ થાય છે !

**કલકત્તાનું યશસ્વી ચાતુર્માસ :**

પ્રથમ બા.બ્ર. જયાબાઈ સ્વામીએ કલકત્તા તરફ વિહાર કર્યો. મુનિરાજોનો વિહાર તેમની પાછળ ચાલુ રહ્યો. ટાટાથી કલકત્તા સુધીનાં બધાં ક્ષેત્રો તેમજ શ્રાવકો જાણીતાં હતાં, તેથી વિહાર સુખરૂપ થતો હતો. ટાટા તથા કલકતાના શ્રીસંઘોએ વિહારની વ્યવસ્થા કરી હતી. ખડગપુરમાં પુનઃ મહાસતીજી ભેગાં થયાં. ૧૬/૬/૧૭૫૭ના ૨૭ નંબર, પોલોક સ્ટ્રીટમાં ચાતુર્માસ માટે પ્રવેશ કર્યો. બા.બ્ર. જયાબાઈસ્વામીનું ચાતુર્માસ સાથે હોવાથી મુનિવરોને પણ વ્યાખ્યાનવાણી અને ગોચારી-પાણીમાં રાહત રહેતી હતી. પૂ. તપસ્વી મહારાજને સાતા ઉપજાવવાનો સંકલ્પ કરીને પૂ. જયાબાઈસ્વામી દેશથી પધાર્યાં હતાં. તે ભાવના પૂરી કરવાનો તેમને રૂડો અવસર મળ્યો હતો.

જયાબાઈ સ્વામીએ દીક્ષા લીધા પછી ચોથે દિવસે જ સંસારીબંધુ શ્રી જયંતમુનિ અને પિતા

તપસ્વી મહારાજજી ચાલી નીકળ્યા હતા. સાથે રહેવાનો અવસર આવ્યો ન હતો. આજે દસ વરસ પછી તે અવસર પ્રાપ્ત થયો હતો. તે માટે જયાબાઈસ્વામીએ અપૂર્વ પરાક્રમ કર્યું હતું.

ચાતુર્માસના દિવસો આનંદથી વીતી રહ્યા હતા. સંત અને સતીજીના સાંનિધ્યમાં જ્ઞાન, દર્શન, તપ અને ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધના થઈ રહી હતી. વ્યાખ્યાનવાણીનો પણ અનેરો રંગ હતો. ગિરીશમુનિ પરિપક્વ થયા હતા. ગિરીશમુનિ ભજનોની રમઝટ બોલાવતા અને તેમના મધુર પ્રવચનથી સૌનું મનોરંજન કરતા હતા. તેમના પ્રવચનનનો ઊંડો પ્રભાવ થવા લાગ્યો. ગિરીશમુનિની દીક્ષા કલકત્તામાં થઈ હોવાથી કલકત્તા શ્રીસંઘને તેમના પ્રત્યે સ્વાભાવિક રીતે મમત્વ હતું. પૂ. તપસ્વી મહારાજ કાઠિયાવાડી ભાષામાં માર્મિક શબ્દ સંભળાવી હાસ્યરસ સાથે અમૃતપાન કરાવતા હતા.

**મધ્યમ વર્ગને આશીર્વાદરૂપ :**

તપસ્વીજી મહારાજનો અભિપ્રાય હતો કે ફક્ત વાહ વાહ કરી ચાતુર્માસ પૂરું થઈ જાય તેમાં શ્રીસંઘને વિશેષ લાભ થતો નથી. કશું નક્કર કાર્ય થવું જોઈએ. એ વખતે શ્રીસંઘ પાસે ઉપાશ્રય સિવાય અન્ય કોઈ સાધન ન હતું. ઉપાશ્રયમાં ધાર્મિક કાર્યો થવાં જોઈએ તે એક સામાન્ય અભિપ્રાય હતો. સામાજિક કાર્ય માટે સંઘ પાસે કોઈ એક મકાન કે જગ્યા ન હતાં. છાશવારે સમાજમાં નાનામોટા પ્રસંગો આવે છે ત્યારે મધ્યમ વર્ગના માણસો ખૂબ મૂંઝવણ અનુભવે છે. ધનાઢ્ય માણસ ભાડાની મોટી જગ્યા રોકી શકે છે, પરંતુ મધ્યમ વર્ગ માટે કસોટી બને છે.

ઉપરાંત સસ્તા દરે જૈન ભોજનાલય ચલાવવા માટે પણ સંઘ પાસે કોઈ સમુચિત જગ્યા ન હતી. જયંતમુનિજીએ પ્રવચનમાં આ અભાવની પૂર્તિ કરવા માટે જોરદાર પ્રેરણા આપી. શ્રીસંઘમાં ઉત્સાહ વધ્યો. વાડી માટે અનુકૂળ જગ્યા લઈ ભવનના નિર્માણ માટે રૂપિયા સાત લાખની યોજનાનો પ્રસ્તાવ પસાર થયો. એ વખતે સાત લાખ રૂપિયા આજના સિત્તેર લાખ જેવા હતા. પૂજ્ય તપસ્વીજી મહારાજજીની કૃપાથી અને સંતોની પ્રેરણાથી ફાળામાં એવી મોટી અને માતબર રકમ એકત્ર થઈ.

ઇઝરા સ્ટ્રીટમાં યોગ્ય જમીન મળી જતાં જૂનું મકાન તોડી ત્યાં નવા ભવનનો પાયો નાખવામાં આવ્યો. વેપારી બુદ્ધિથી કામ લઈ શ્રીસંઘે જોતજોતામાં સાત માળનું વિરાટ બિલ્ડિંગ ઊભું કર્યું. આ ભવન મધ્યમ વર્ગ માટે ઘણું જ ઉપકારી થયું છે. અહીં ઘણાં વરસ સુધી જૈન ભોજનાલય ચાલતું રહ્યું. ઈ. સ. ૧૯૫૭ના ચાતુર્માસની આ એક મોટી ઉપલબ્ધિ થઈ.

આ વરસે સંયુક્ત ચાતુર્માસ હોવાથી ભાઈઓ અને બહેનોમાં તપશ્ચર્યાની આરાધના કરવાની હેલી ચડી હતી એ બીજી ઉપલબ્ધિ હતી. સેંકડો ભાઈબહેનો તપશ્ચર્યામાં જોડાયાં હતાં. એક ઓશવાળ બંધુએ એક સાથે એકવીસ ઉપવાસના પચ્ચક્ખાણ કર્યા હતા. સાત માસખમણની આરાધના થઈ હતી. બીજી તપશ્ચર્યાઓ પણ વિશાળ સંખ્યામાં થઈ હતી. શ્રી જયંતમુનિજીએ સિદ્ધિતપની પ્રેરણા આપી હતી, જેમાં ઘણાં ભાઈ-બહેનો જોડાયાં હતાં. આ વર્ષે તપશ્ચર્યાનો વિક્રમ નોંધાયો.

## મિશનરી ભાવના માટે પ્રેરણા :

શ્રીસંઘમાં મધ્યમ વર્ગનાં બાળકોને અભ્યાસમાં મદદ આપવા માટે સ્કૉલરશીપની યોજના કરવામાં આવી. એ જ રીતે સાધર્મિક બંધુઓને ઔષધીય મદદ આપવા માટે ફંડ ઊભું કરવામાં આવ્યું હતું. આપણો જૈન સમાજ પ્રથમથી ક્રિયાવાદી ધાર્મિક સમાજ છે. પરંતુ તેમાં મિશનરી ભાવના ન હોવાથી સમાજને ઉપકારી પ્રવૃત્તિઓ થતી નથી. શ્રી જયંતમુનિજીએ પોતાનાં સામાજિક પ્રવચનો દ્વારા સમાજની મૂળભૂત રચનામાં ક્રાંતિ લાવી, મિશનરી કાર્ય ચાલુ થાય તેવી પ્રેરણા આપી હતી.

મિશનની બે મુખ્ય પાંખ હોય છે - એજ્યુકેશન અને મેડિકલ હેલ્પ. આ બંને પાંખ પર જો ધ્યાન આપવામાં આવે તો સમાજ મિશનરી-કાર્યથી પોતાનાં ભાઈ-બહેનોને સહાય કરી શકે. એટલું જ નહીં, આમ જનતામાં ધર્મ પ્રત્યેની શ્રદ્ધાનાં ઊંડાં મૂળ રોપી શકાય છે. સમાજે ધાર્મિક પરંપરાને જીવતી રાખવી હોય, સમાજ અને ધર્મ પ્રત્યે સાધારણ માણસનો આદર જાળવી રાખવો હોય, સમાજે સ્વયં સ્વસ્થ સમાજની છાપ ઉપસાવવી હોય અને જૈન ધર્મની દયા, કરુણા અને અનુકંપાની ભાવનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરવી હોય તો જૈન સમાજમાં મિશનરી ભાવના કેળવવી જોઈશે. જૈનોએ સમાજસેવા માટે મિશન ચલાવવું જોઈએ.

કલકત્તા શ્રીસંઘમાં આંશિકરૂપે પણ મિશનરી કાર્યનાં બીજ રોપાયાં. આજે કલકતા શ્રીસંઘ અનેક સામાજિક અને લોકોપકારી સેવાનાં કાર્યમાં આગળ વધી રહ્યો છે.

જોતજોતામાં ચાતુર્માસના રૂડા દિવસો પસાર થઈ ગયા.

## વળામણાં :

જયાબાઈ મહાસતીજીને મધુવન, રાજગિરી, પાવાપુરી ઇત્યાદિ જૈન ક્ષેત્રોમાં વિહારની ઇચ્છા હતી, તેથી એ તરફ વિહાર કરી ગયાં. ઝરિયા સંઘની ખાસ ભાવના હતી કે મુનિવરોના સાનિધ્યમાં નવા ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન થાય. તેથી મુનિરાજોએ કલકત્તાથી સીધા ઝરિયા જવાનો કાર્યક્રમ નક્કી કર્યો.

જ્યારે જ્યારે કલકત્તાથી પ્રસ્થાન કર્યું ત્યારે ત્યારે દાદાજીના બગીચે વળામણાનો પ્રસંગ આવ્યો છે. આ વખતે પણ એ જ રીતે દાદાજીના બગીચે શ્રીસંઘે વળામણાનો ભવ્ય કાર્યક્રમ ગોઠવ્યો હતો. દાદાવાડી સમગ્ર જૈનસમાજ માટે ગૌરવ લઈ શકાય તેવું સ્થાન છે. સાંજના હજારોની સંખ્યામાં બંગાળી ભાઈઓ અને બહેનો પણ ત્યાં દર્શન કરવા તથા ફરવા આવે છે. સાંજના શ્રી જયંતમુનિજીએ બંગાળીમાં નાનું ભાષણ આપી બંગાળી ભાઈઓ અને બહેનોને અહિંસક જીવનની પ્રેરણા આપી.

કલકત્તાથી બધાં ક્ષેત્રો જાણીતાં હોવાથી વિહાર ઘણો સુગમ બની ગયો. મેમારી, બર્દવાન,

દુર્ગાપુર, રાણીગંજ, આસનસોલ, નિયામતપુર, સીતારામપુર, બર્નપુર, જેમારી, બરાકર ઇત્યાદિ ક્ષેત્રોમાં જૈન કુટુંબો વસે છે. આ બધાં ક્ષેત્રોને ધર્મલાભ આપી મુનિરાજો આગળ વધ્યા. ઝરિયા સંઘના ભાઈઓ વિહારમાં સાથે હતા. તેઓએ તમામ ક્ષેત્રોનાં ભાઈ-બહેનોને ઝરિયા ઉદ્‌ઘાટન પર પધારવા માટે વિનંતી કરી. ૧૯૫૮ની ત્રીજી ફેબ્રુઆરીએ ઝરિયામાં પદાર્પણ થયું.

**ઝરિયામાં નવો ઉપાશ્રય :**

ઝરિયામાં નવા ઉપાશ્રયનું નિર્માણ થઈ ચૂક્યું હતું. શ્રી કનકભાઈ સંઘવી, કનૈયાલાલભાઈ મોદી, ગૌતમભાઈ મોદી, ટી. એમ. શાહનો પરિવાર, નાનચંદભાઈ પારેખ, વીરજીભાઈ, મનુભાઈ માટલિયા પરિવાર, મણિભાઈ, વગેરે ભાઈઓએ ઘણો જ પુરુષાર્થ કરી, જૂના ઉપાશ્રયને સ્થાને ફત્તેહપુર મહોલ્લામાં નવા ભવનનું નિર્માણ કર્યું હતું.

ઉદ્‌ઘાટન નિમિત્તે મુનિશ્રીને ઝરિયામાં એક મહિનાની સ્થિરતા હતી. ટાટા સંઘના પ્રમુખ શ્રી નરભેરામભાઈ કામાણીના કરકમલોથી ઉદ્‌ઘાટન રાખવામાં આવ્યું હતું. વિશેષ અતિથિ તરીકે કલકત્તાથી શ્રી સોહનલાલજી દુગડ પધાર્યા હતા. ઝરિયા અને ધનબાદના ભાઈઓએ સંમિલિત થઈ ઉદ્‌ઘાટનની બધી તૈયારી કરી હતી. ઉદ્‌ઘાટનના ઉપલક્ષે તપશ્ચર્યાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તપશ્ચર્યા કરી, ઉત્સવ મનાવવાની પ્રથા જૈન સંસ્કૃતિને અનુકૂળ છે. સમસ્ત ગુજરાતી સમાજ પણ આ મંગળ પ્રસંગે આમંત્રિત હતો. કોલફિલ્ડના અનેક ગણમાન્ય વ્યક્તિઓ પણ હાજર હતા. કોલફિલ્ડના મહાન ઉદ્યોગપતિ હરચંદમલજી જૈન તથા તેમનાં પત્ની પુષ્પાદેવીએ બધી રીતે ભાગ લઈ મુનિઓના ઘણા આશીર્વાદ મેળવ્યા હતા. તેઓ સંપ્રદાયનો ભેદભાવ ન રાખતાં સમગ્ર સમાજને પોતાનો માનતાં હતાં.

સોહનલાલજી દુગડ ક્રાંતિકારી વિચારના હોવાથી તેમણે ઘોષણા કરી કે તે પોતે સમાજના સૌ બંધુઓની સાથે બેસીને ભોજન લેશે. તેઓએ કહ્યું, "હું વિશેષરૂપે અતિથિ છું, પરંતુ મારા માટે વિશેષરૂપે કશી સગવડતા ન હોવી જોઈએ. બધાં દર્શનાર્થીઓનું સમાનરૂપે સ્વાગત થવું જોઈએ. જ્યારે આપણી જૂની રૂઢિ પ્રમાણે મોટા માણસોને વધારે માન આપવામાં આવે છે, તેમની સગવડતાઓ પણ સારા પ્રમાણમાં ગોઠવાય છે. આ ઉચિત નથી."

શ્રી સોહનલાલજીના ઉમદા વિચારો અને વિશાળ હૃદયની સમાજ ઉપર સારી છાપ પડી. તેઓએ પોતાના ભાષણમાં કહ્યું, "આપણે વ્યક્તિગત મોક્ષમાં જવાની આરાધના કરીએ છીએ. પરંતુ આપણે સામાજિક દૃષ્ટિએ કશું કરતા નથી. તેથી જૈન સમાજ સામાજિક ક્ષેત્રે ઘણો પાછળ રહી ગયો છે. આવા ભવ્ય ઉદ્‌ઘાટન પછી આ ભવનમાં જનઉપયોગી કાર્યો થવાં જોઈએ. સમાજને આ સ્થાનેથી નિરંતર માનવસેવાના સંદેશ મળવા જોઈએ. જૈનોએ વિશ્વની સાથે ચાલવું હોય તો મનુષ્ય-માત્રના કલ્યાણની ભાવના કેળવવી પડશે."

તેમના ભાષણનો સારો એવો પ્રભાવ પડ્યો. પોતે ગાંધીવાદી હોવાથી પ્રાર્થનામાં ઘણો વિશ્વાસ રાખતા હતા. તેમની પ્રેરણાથી યુવકોએ પ્રાર્થનાસભાની સ્થાપના કરી, જે વરસો સુધી ચાલતી રહી.

જયંતમુનિજીએ શ્રીસંઘને નવા જૈન ભવનના નિર્માણ બદલ અભિનંદન આપ્યા અને કહ્યું, "ફક્ત ભવન બાંધીને અટકી જવાનું નથી. તેમાં લગાતાર ધર્મક્રિયા થવી જોઈએ. બારે માસ ઉપાશ્રય ઉઘાડો રહે, નાનીમોટી ધર્મકરણી થતી રહે તો જ ઉદ્ઘાટન સાર્થક ગણાય." શ્રી જયંત મુનિજીએ સોહનલાલજીના વિચારોને અનુમોદન આપતાં માનવસેવાની પ્રેરણા આપી અને નવા ઉપાશ્રયમાં જૈન શાળા સ્થાપી બાળકોને ઉત્તમ સંસ્કારો મળે તે ઉપર સભાનું ધ્યાન દોર્યું. સ્વામી-વાત્સલ્યસંઘની ઉત્તમ રીતે જમણવારી સંપન્ન થઈ અને ઉદ્ઘાટનનો મહોત્સવ પૂરો થયો. ભવન માટે સારામાં સારો ફાળો થઈ ગયો હતો અને ધનરાશિની જે કમી હતી તે પરિપૂર્ણ થઈ ગઈ.

ઉદ્ઘાટન પછી ઝરિયા શ્રીસંઘ ઘણો જ મજબૂત બન્યો. નવા ભવનમાં મુનિરાજોનું પ્રથમ ચાતુર્માસ થાય તેવી ભાવના સાથે શ્રીસંઘે જોરદાર વિનંતી કરી. હજુ ચાર મહિનાનો સમય હાથમાં હતો. તે દરમિયાન ભવનનું બાકીનું કામ પરિપૂર્ણ થઈ જશે તેવી ખાતરી આપી.

પૂજ્ય તપસ્વી મહારાજે પરોક્ષ રૂપે તેમની વિનંતી માન્ય કરી અને મહાવીર જયંતીના મંગળ અવસરે ચાતુર્માસની વિધિવત્ ઘોષણા થશે એવું આશ્વાસન આપ્યું. ચાતુર્માસની આજ્ઞા માટે ગોંડલ શ્રીસંઘને પત્ર લખવા માટે તેઓએ પ્રેરણા આપી. ગોંડલ સંરક્ષણ સમિતિ સાધુ-સાધ્વીઓના ચાતુર્માસની યાદી બહાર પાડે છે. તે પ્રથા પૂજ્ય તપસ્વી મહારાજે બરાબર જાળવી રાખી હતી. ચાતુર્માસ પહેલા ગોંડલથી આજ્ઞા મેળવવા માટે તેઓ બરાબર પ્રેરણા આપતા હતા.

ઝરિયા શ્રીસંઘને આશ્વાસન મળી જતાં તે ભવ્ય ચાતુર્માસની તૈયારીમાં લાગી ગયો.

આ અવસરે કાનપુરથી વિહાર કરી બ્રહ્મઋષિજી, રાજેન્દ્રજી તથા દાતારામજી મહારાજ ઝરિયા પધાર્યા હતા.

**તપસ્વીજી મહારાજને વ્યાધિ :**

પૂજ્ય તપસ્વી મહારાજને હરણિયાની તકલીફ થઈ હતી, જેથી આંતરડામાં દુઃખાવો રહેતો. પરંતુ આ ઉંમરે કોઈ ડૉક્ટર ઓપરેશન કરવા તૈયાર ન હતા. જો આ રોગ વધે તો અસહ્ય વેદના થાય, જેથી ઑપરેશન કરવું બહુ જરૂરી હતું.

કનૈયાલાલભાઈ મોદી સાંકટોડિયા હૉસ્પિટલના મોટા સર્જન ડૉ. સેનને લઈ આવ્યા. ડૉ. સેન હકીકત પામી ગયા. આ સંતો પદયાત્રા કરે છે, તેથી આ તકલીફ મટાડવી જરૂરી છે. તેઓએ ઓપરેશન કરવાની હા પાડી.

પૂ. મુનિવરોએ ઝરિયાનું ચોમાસું પૂર્ણ થતાં નિયામતપુર તરફ વિહાર કર્યો. સાંકટોડિયા

હૉસ્પિટલ નિયામતપુરથી નજીકમાં હતી. એ વખતે નિયામતપુરમાં શાંતિભાઈ, મનસુખભાઈ તથા તેમનાં ભાભી નિર્મળાબહેનનો ઉત્સાહી પરિવાર સંપીને સંયુક્ત કુટુંબમાં રહેતાં હતાં. મોટાભાઈની હાજરી ન હતી, પરંતુ તેમનાં ભાભી નિર્મળાબહેન ધાર્મિક સ્વભાવના સેવાભાવી મહિલા હતાં. બંને ભાઈઓએ તેમને ઘરમાં ઊંચું સ્થાન આપ્યું હતું અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તન કરી તેનું સન્માન જાળવતા હતા. શાંતિભાઈ તથા તેમનાં પત્ની રજવંતીબહેન એ જ રીતે આદર્શ દંપતી હતાં. ભાઈઓમાં તો સંપ હતો, તેથી વિશેષ દેરાણી-જેઠાણીમાં સંપ હતો. ધાર્મિક પરિવાર હોવાથી તેઓ સાધુ-સાધ્વી પ્રત્યે અનન્ય ભક્તિભાવ ધરાવતાં હતાં. મુનિઓને નિયામિતપુર ઑપરેશન માટે લગભગ દોઢ માસ રોકાવું પડે તેમ હતું. જ્યારે શાંતિભાઈને આ ખબર મળ્યા ત્યારે તેઓ ખુશ ખુશ થઈ ગયા.

બધા સંઘોને સમાચાર મળી ગયા કે પૂજ્ય તપસ્વી મહારાજ શરીરના કારણે નિયામતપુર રોકાવાના છે. મહેમાનોનો પ્રવાહ ચાલુ થઈ ગયો. શાંતિભાઈ, મનસુખભાઈ અને તેના પરિવારે વિચાર કર્યો આવો લાભ ક્યારે મળે! અલગ રસોડું ન ખોલવું અને બધા મહેમાનોને પોતાના ઘેર જમાડી લાભ લેવાનો તેમણે નિર્ણય કર્યો.

રસોડાનો બધો ખર્ચ સ્વયં વહન કરશે તેવી પ્રાર્થના કલકત્તા શ્રીસંઘે શાંતિભાઈને કરી હતી. પરંતુ આ પરિવારે કલકત્તા સંઘની પ્રાર્થનાનો સ્વીકાર ન કરતાં સ્વયં લાભ લેવાનો નિર્ણય કર્યો. બંને ભાઈઓ આર્થિક દૃષ્ટિએ ઘણા સુખી હતા, તેથી મહેમાનોને કશું ન લખાવવા માટે પ્રાર્થના કરી. જેને ફાળો આપવો હોય તેને વિદ્યાલયમાં આપવાની વિનંતી કરી. પરિવારે ઉદારતાની સાથે સચોટ ભક્તિનો પણ પરિચય આપ્યો !

નિયામતપુરમાં વાસુદેવજી અગરવાલ મારવાડી ગૃહસ્થ હતા. તેઓ ઓમ ના ઉપાસક હોવાથી ઘરમાં મૂર્તિ ન રાખતા. તે કેવળ 'ઓમ'ની પૂજા કરતા. તે પણ જયંતમુનિજીના અનન્ય ભક્ત હતા. તેમના વિશાળ 'શ્રીનિવાસ' ભવનમાં સંતોને ઊતરવાની ઘણી જ સારી વ્યવસ્થા કરવામાં આવી હતી.

**ડૉ. સેનની અપૂર્વ સેવાભક્તિ :**

ડૉ. સેને ઑપરેશન માટે તારીખ આપી. ત્રણે મુનિરાજો સાંકટોડિયા હૉસ્પિટલમાં પધાર્યા. ડૉ. સેનના મનમાં અપૂર્વ ભક્તિ પેદા થઈ હતી. એમને ખબર પડી કે સેંકડો દર્શનાર્થી રોજ આવશે, તેથી તેમના ઊતરવા માટે આખું ગેસ્ટહાઉસ આપી દીધું. કોઈ પણ પ્રકારનો ચાર્જ લીધા વગર આ હૉસ્પિટલ તરફથી બધી સેવા આપવામાં આવી હતી.

અંગ્રેજોના જમાનામાં સ્થપાયેલી આ હૉસ્પિટલ આખા કોલફિલ્ડમાં સારામાં સારી હૉસ્પિટલ

હતી. તેનો ચાર્જ પણ ઘણો ઊંચો હતો, તેમજ વ્યવસ્થા પણ ઘણી ઊંચી હતી. આઝાદી આવ્યાને હજુ ઝાઝો સમય થયો ન હતો. હૉસ્પિટલનું તંત્ર હજુ બગડ્યું ન હતું. બદી આવી ન હતી. આઝાદી આવ્યા પછી જનતાને સુખ મળવું જોઈએ તેના બદલે ધીરે ધીરે બધું સરકારી તંત્ર ચરમસીમા સુધી બગડી ગયું હતું. જેમ જેમ વરસો વીતતાં ગયાં તેમ તેમ ભારતની બરબાદી થઈ છે.

શ્રી જયંતમુનિજી યાદ કરે છે કે નામાંકિત નિર્વાચન અધિકારી ડૉ. શેષને એક પુસ્તક લખ્યું છે - 'ભારત પતન કી ઓર'. ખરેખર, આ પુસ્તક વાસ્તવિક સત્યને ઉજાગર કરી રહ્યું છે. પરંતુ આ દેશમાં અત્યારે સત્ય પણ બોલી શકાય તેમ નથી. પુસ્તકપ્રકાશન થયા પછી શેષન પણ કિનારે ફેંકાઈ ગયા. ખરેખર, આગળ ઉપર દેશનું શું થશે તે વિધાતા જાણે!

ખુશીની વાત હતી કે સાંકટોડિયા હૉસ્પિટલમાં વ્યવસ્થા જળવાઈ રહી હતી. તેનું મુખ્ય કારણ ડૉ. સેન હતા. તેઓએ પૂજ્ય મહારાજશ્રીને પોતાના ભક્તિબંધનમાં બાંધી લીધા અને હસતા હસતા સારામાં સારી રીતે ઑપરેશન કર્યું. ઑપરેશન કર્યા પછી પૂજ્ય તપસ્વી મહારાજને જીવ્યા ત્યાં સુધી જરા પણ તકલીફ ન રહી અને કોઈ જાતની ફરિયાદ પણ ન થઈ.

ઑપરેશન થયા પછી હૉસ્પિટલમાં એક અઠવાડિયું રહેવાનું હતું. ત્રીજે જ દિવસે ડૉ. સેન પોતે આવ્યા અને પૂજ્ય તપસ્વી મહારાજનો હાથ પોતાના ખભા પર લટકાવી, જેમ પિતા બાળકને પા પા પગલી ભરાવે તેવી રીતે પૂજ્ય તપસ્વી મહારાજને થોડું ચલાવ્યા. ડૉ. સેન રોજ દસ મિનિટ બેસતા. પૂજ્ય તપસ્વી મહારાજ બંગાળી ન બોલી શકતા અને હિંદી પણ તૂટચું ફૂટચું બોલતા.

તપસ્વી મહારાજ ડૉ. સેનને કહે, આપ અંગ્રેજી જાણો છો ને તો હું પણ અંગ્રેજીમાં જ બોલીશ. મહારાજ સાહેબ એવા ઉટાંપટાંગ સ્ટાઈલથી અંગ્રેજી શબ્દો બોલે કે ડૉ. સેન સમજી શકે નહીં. સેન પૂછે "What are you saying ?" પૂજ્ય તપસ્વી મહારાજ ઠાવકું મોઢું કરી કહે, "હમારા અંગ્રેજી બહુત ઊંચા છે. આપ સમજી નહીં શકો." ત્યારે સેન ખૂબ હસી પડતા. ગુરુ-ચેલામાં ખૂબ દોસ્તી જામી. તબિયત સારી હોય તો પણ ડૉ. સેન અડધો કલાક બેસવા આવતા.

એક અઠવાડિયા પછી હૉસ્પિટલથી છૂટી મળી અને મુનિરાજો ફરી પાછા નિયામિતપુર પધાર્યા. શ્રી વાસુદેવજીના મકાનમાં જ ઉપાશ્રય કર્યો. અહીં આરામ માટે લગભગ એક મહિનો રોકાયા. સેંકડો માણસો દર્શનાર્થે આવ્યા. શાંતિલાલ કસળચંદ શેઠના પરિવારે ભક્તિનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડ્યું. આરામ થયા પછી મુનિશ્રી બરાકર રતનશી ઍન્ડ સન્સને ત્યાં પધાર્યા.

❑



## ૨૭

# જૈન એકતાનો જયઘોષ

કલકત્તાથી સોહનલાલજી દુગડ જૈન સભાના કાર્યકર્તાઓને તથા કલકત્તા સંઘના ભાઈઓને સાથે લઈ વિનંતી કરવા આવ્યા. કલકત્તામાં પૂર્વ ભારત જૈન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. એ સંમેલનનો પ્રસ્તાવ શ્રી જયંતમુનિએ જૈન સભાને આપ્યો હતો જેથી ના પાડી શકાય તેમ ન હતું. બરાકરથી કલકત્તા માટેનું પ્રસ્થાન કર્યું.

મુનિશ્રી ૧૯૫૯ની પાંચમી એપ્રિલે કલકત્તા પહોંચ્યા. પૂર્વ ભારતના સંમેલનના અધ્યક્ષસ્થાને પૂના નિવાસી ગાંધી ભક્ત પૂનમચંદજી રાંકાની વરણી કરવામાં આવી હતી. આખા સંમેલનની કમાન સાહુ શાંતિપ્રસાદજી જૈન તથા શ્રીમતી રમા જૈનને હસ્તક હતી. ઉપરાંત રતનલાલજી સુરાણા વગેરે જૈન સભાના તમામ કાર્યકર્તાઓ પોતાનું કર્તવ્ય સંભાળી રહ્યા હતા.

સાહુ શાંતિપ્રસાદજી મોટા ઉદ્યોગપતિ હોવા છતાં જૈન ધર્મનાં નાનાંમોટાં કાર્યોમાં ચીવટથી ભાગ લેતા. જૈનત્વને પ્રધાનતા આપી જૈન સમાજની શાન વધારવી એ તેમના જીવનનો સિદ્ધાંત હતો.

**કર્મયોગી અધ્યક્ષ પૂનમચંદજી રાંકાનું સફાઈ અભિયાન :**

શ્રી રાંકાસાહેબની આવવાની તારીખ નક્કી થઈ. તેના સ્વાગત માટે હાવડા સ્ટેશન ઉપર ગાડીઓ મોકલવામાં આવી હતી. કાર્યકર્તાઓએ ધારેલું કે પૂનમચંદજી રાંકા મોટા આડંબર સાથે આવશે, પરંતુ ત્યાં કોઈ તેમને ઓળખી શક્યું નહીં. વ્યક્તિગત તેઓ સીધા પોલોક સ્ટ્રીટમાં આવી ગયા. સાથે એક પણ માણસ ન હતો. ખાદીનું ટૂંકુ ધોતિયું, ગંજી ઉપર સાધારણ ઝભ્ભો અને ખભા ઉપર લગભગ પાંચેક ફૂટ લાંબું તંબુરા જેવું કપડામાં પૅક કરેલું સાધન લટકાવેલું હતું.

તંબૂરો ખૂણામાં મૂકી, તેઓ મુનિવરોનાં દર્શન કરવા આવ્યા. શ્રી જયંતમુનિજીએ પૂછ્યું "આપ સાહેબ કોણ છો ?"

"મૈં પૂનમચંદજી રાંકા, પૂને સે."

એટલું સાંભળતાં જ ખળભળાટ મચી ગયો. ઘડીક તો લાગ્યું કે આ માણસ મજાક કરવા તો નથી આવ્યો ને? પરંતુ તેમનાં વાણીવર્તનમાં વિચાર-ગાંભીર્ય પ્રગટ થતું હતું. રાત થઈ ગઈ હતી. તેમણે જમવાની ના પાડી. તેમને રાત્રિભોજનનો ત્યાગ હતો. તે એક ખૂણામાં સ્વાધ્યાય કરવા માટે બેસી ગયા. જૈન સભાને ખબર આપ્યા. જૈન સભાએ સવારના તેમનું સ્વાગત કરી, ધામધૂમથી ઉતારે લઈ જવાનો પોગ્રામ ગોઠવ્યો.

રાત્રિવિશ્રામ કર્યા પછી સવારના તેઓ ચાર વાગે ઊઠી ગયા. શ્રી જયંતમુનિજીને તેમની દિન-ચર્યા જાણવામાં રસ પડ્યો હતો. જ્યારે તેમણે પોતાનો કોથળો ખોલ્યો ત્યારે આશ્ચર્ય સાથે જાણ્યું કે તે બોરામાં તંબૂરો ન હતો, પરંતુ વાંસના ડંડાવાળું નેતર જેવું ઝાડું હતું. સાથે પાણીની નાની બાલદી હતી. બાલદીને ઝાડું સાથે એવી રીતે બાંધી હતી કે તંબૂરા જેવું લાગતું હતું. શ્રી જયંતમુનિજીએ પૂછ્યું, "બાબુજી, યે સબ ક્યા હૈ? હમને સોચા કિ આપ તંબૂરા બજાતે હોગે."

તેઓ હસીને બોલ્યા, "તંબૂરા ગાને-બજાનેકે કામ આતા હૈ, ઓર યે તંબૂરા સફાઈ-ધોલાઈ મેં કામ આતા હૈ."

જોતજોતામાં તો તેઓએ ખાખી હાફ પેન્ટ ઉપર બ્લૂ રંગના જાડા જીનનું વસ્ત્ર પહેરી નીચે ઊતરી ગયા. શ્રી જયંતમુનિજી પણ સાથેસાથે ગયા. તેમણે તો પોલાક સ્ટ્રીટમાં ઝાડું મારવું શરૂ કરી દીધું. પાકા ગાંધીવાદી ખરાને ! વાતચીતમાં માલૂમ પડ્યું કે તેમનો નિયમ હતો કે ગમે ત્યાં રોકાય, ગમે ત્યાં જાય, તેનું ઝાડું સાથે જ હોય! સવારમાં બે કલાક મેતરની જેમ ગલીની સફાઈ કરે. તે દરેક સ્થળે નવું દૃષ્ટાંત પૂરું પાડતા. ધીરે ધીરે સેંકડો માણસો પોલોક સ્ટ્રીટમાં જમા થઈ ગયા.

સાહુ શાંતિપ્રસાદ જૈન આવીને તરત જ પાછા ચાલ્યા ગયા, કારણ કે જે કાર્યકર્તા આવતા હતા તેમને પણ રાંકાજી આગ્રહ કરીને સફાઈના કામમાં જોડી દેતા હતા.

તેરાપંથી સમાજના આચાર્ય તુલસીજી પૂર્વભારત સંમેલનમાં ભાગ લેવા માટે પોતાના શિષ્ય સાથે કલકત્તામાં બિરાજમાન હતા. આચાર્ય તુલસીજીનો એક વિરોધી ૨૭ નં. પોલોક સ્ટ્રીટમાં પહોંચી ગયો. તે છાપેલી પત્રિકાઓ દ્વારા આચાર્ય તુલસીનો વિરોધ કરતો હતો. તે વિરોધની વાત કરે તે પહેલાં જ રાંકાજી બોલ્યા, "આઈએ. હમ આચાર્યજી કો સમજાયેંગે. કિંતુ આપ હમ સે સહયોગ માંગતે હૈ તો હમારે કામ મેં ભી થોડા સહયોગ દીજિએ." રાંકાજીએ તેના હાથમાં સાવરણો પકડાવ્યો અને કહ્યું, "થોડી સફાઈ કરીએ. આપ જિસ પ્રકાર કે વિચારોં કી સફાઈ કરના ચાહતે હૈં ઇસી કા યે સ્થૂલ નમૂના હૈ. સ્થાન કી સફાઈ ભી જરૂરી હૈ."

પેલો વિરોધી ભારે ફસાઈ ગયો. પાંચ-સાત વાર ઝાડું મારી, પૂંછડી દબાવી ક્યારે ભાગી છૂટ્યો તેની ખબર ના પડી. રાંકાસાહેબ બોલ્યા, "મુનિજી, વિરોધ કરનેવાલા ઝઘડાખોર કૈસા દૂમ દબા કર ભાગા! વરના કિતની સીરફોડી કરતા." આ રીતે જૈન સભાના બે-ચાર કાર્યકર્તાઓને પણ તેમણે સફાઈયોગમાં જોડી દીધા. આપણા સંઘના ભાઈઓ પણ સફાઈયોગના ઝપાટામાં આવી ગયા હતા.

બે કલાક સુધી સખત પરિશ્રમ કરી તેઓ ઉપર આવ્યા. સ્નાન કરી, ખાદીના કપડામાં જ્યારે સજ્જ થયા ત્યારે તેમનું વ્યક્તિત્વ ખીલી ઊઠ્યું હતું. પ્રભાવશાળી ચહેરો, સુંદર સ્વસ્થ શરીર અને વાત કરવાની અનુપમ શૈલી તેમના વ્યક્તિત્વની ચાડી ખાતાં હતાં.

ચારે તરફથી ફોન આવવા લાગ્યા. સૌ મોટા કાર્યકર્તાઓ સ્વાગત માટે પોલોક સ્ટ્રીટ આવ્યા. શ્રી સાહુજી તથા રમા જૈન હાજર થઈ ગયાં. શ્રી જયંતમુનિજીએ તેમના કર્મયોગીની વાત કહી ત્યારે સૌને સુખદ આશ્ચર્ય થયું.

**વિશિષ્ટ આયોજન :**

પૂર્વ ભારત જૈન સંમેલન મહમદીઅલી પાર્કમાં રાખવામાં આવ્યું હતું. આખો પાર્ક વિશાળ શમિયાણાથી શણગારવામાં આવ્યો હતો. મોટા ગેટ મુકવામાં આવ્યા હતા. મુનિરાજોને ઉપાશ્રયથી આવવા-જવામાં તકલીફ ન પડે તે માટે મહમદીઅલી પાર્કની સામે નાથુભાઈ દોશીના બ્લૉકમાં ઉતારો રાખ્યો હતો. દિવસમાં ત્રણ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યા હતા :

(૧) સવારમાં પ્રવચન

(૨) બપોરના વિચારમંથન

(૩) રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમ.

પ્રાતઃકાલ મુનીશ્વર જ્યારે પંડાલમાં પધાર્યા ત્યારે આપણા સંઘનાં હજારો ભાઈ-બહેનો હાજર હતાં. આચાર્ય તુલસીજી પણ હજારો ભક્તો સાથે ધામધૂમથી પંડાલમાં પધાર્યા. ભગવાન મહાવીરના જયનાદથી પંડાલ ગરજી ઊઠ્યો. જયંતમુનિજીએ પણ એમનું અભિવાદન કર્યું. એ જ રીતે બધા સંપ્રદાયના પ્રતિનિધિઓ આવી પહોંચ્યા.

સ્વાગત-અધ્યક્ષ તરીકે શાંતિપ્રસાદજીએ તમામ આચાર્ય-સંતોનું સ્વાગત કર્યું. ત્યારબાદ પૂનમચંદ રાંકા અધ્યક્ષસ્થાને બિરાજ્યા. શ્રી રતનલાલજીએ નીચે જણાવેલ મુદ્દાઓથી પૂર્વ ભારત જૈન સંમેલનનો હેતુ સ્પષ્ટ કર્યો :

(૧) સહુથી મોટો પ્રશ્ન છે જૈનોના બધા ફિરકામાં ઐક્યની સ્થાપના. બધા જૈનો નિકટ આવે, એક સૂત્રમાં બંધાય, એકબીજાનું સન્માન જાળવે તે માટે બધા સંપ્રદાયોની એક જનરલ

સભાનું ગઠન કરવું જોઈએ. આ સભા જૈનોના બધા પ્રશ્નોને ઉકેલીને જૈન સમાજની કીર્તિમાં વધારો કરે એ આવશ્યક છે.

(૨) ભગવાન મહાવીરનો મુખ્ય સિદ્ધાંત અહિંસા છે. અહિંસાનો વિશ્વમાં ફેલાવો થાય, માનવજીવન અહિંસામય બને અને વિશ્વસમુદાય અહિંસાને અપનાવી, તમામ પ્રશ્નોને અહિંસાની કસોટી પર કસીને નિર્ણય કરે તે માટે જૈન સમાજે ભગીરથ પ્રયાસ કરવાનો છે.

(૩) જૈન સાહિત્યનો વિસ્તાર કરવો, પ્રાચીન જૈન સંસ્કૃતિની રક્ષા કરવી અને જૈન ઇતિહાસને ઉજાગર કરવો. જૈન ધર્મ તે જન ધર્મ છે. જૈન સાહિત્યનો વ્યાપક પ્રચાર કરવાથી વિશ્વ જૈન ધર્મનું હાર્દ સમજી શકે છે. પુરાતત્ત્વની દૃષ્ટિએ જે કોઈ જૈન ચિહ્ન મળી આવે છે તે બધાંના સંગ્રહ કરી, જૈન સંગ્રહાલયની સ્થાપના કરવી, જેથી દેશ-વિદેશના માણસો જૈન મ્યુઝિયમનો પરિચય કરી, જૈનોના સ્વર્ણમય ઇતિહાસમાં ડૂબકી લગાવી શકે.

(૪) ભારતમાં ક્યારેય સમસ્ત ત્યાગી મુનિવરોનું સામૂહિક સંમેલન થતું નથી. સંપ્રદાયના ત્યાગીઓનાં સંમેલન થાય છે, પરંતુ ચારે સંપ્રદાયના ત્યાગી મહાત્માઓ એકસાથે ભેગા થાય તે આવશ્યક છે.

દર વર્ષે અથવા દર પાંચ વર્ષે આવું એક સંમેલન થાય અને આ પૂજનીય મહાત્માઓ, મુનિરાજો, સતીજીઓ, સાધ્વીજીઓ, માતાજીઓ, અરજીકાઓ, બધાં પરસ્પર મળી જૈન તત્ત્વજ્ઞાનની ઊંડી ચર્ચા કરે, એકબીજાના પરિચયમાં આવે અને જૈનોના જે કોમન સવાલ છે તેનો સ્પર્શ કરે.

(૫) જૈન સમાજમાં ગરીબી પ્રવેશી રહી છે. આપણાં ભાઈ-બહેનો ઉચ્ચ કક્ષાનું જીવન જીવી શકે અને જૈન સમાજની સામાજિક દૃષ્ટિએ ઉન્નતિ થાય તે માટે પ્રયાસ કરવામાં આવે.

શ્રી રતનલાલજીએ સમાપન કરતાં કહ્યું, "આ બધા પ્રશ્નોને સફળતા મળે એ ભાવના સાથે, સર્વ મુનિવરોને વંદન કરી, આજની સભાનું સંચાલન કરવા માટે સ્વાગત-અધ્યક્ષ શ્રી શાંતિપ્રસાદજીને હું પ્રાર્થના કરું છું. તેઓ અધ્યક્ષ મહોદયનું સન્માન કરી સભાનું કાર્ય આગળ વધારે."

અધ્યક્ષ શ્રી પૂનમચંદજી રાંકાએ સંચાલનનું સૂત્ર હાથમાં લઈ સિંહનાદ કર્યો કે "જે કાંઈ કાર્યવાહી થશે તે અધ્યક્ષની આજ્ઞા પ્રમાણે થશે. માટે મારા તરફથી જે કાંઈ આજ્ઞા કે પ્રેરણા મળે તે ઉપર ધ્યાન આપશો તેવી મારી વિનંતી છે."

મુનિજી તરફથી મંગલાચરણ કર્યા પછી ઉપરના બધા પ્રશ્નો માટે ઊંડો વિચાર કરી, અનુકૂળતા અને પ્રતિકૂળતાનો ખ્યાલ રાખી, સૌએ પોતાના વિચાર રજૂ કર્યા.

સાહુ શાંતિપ્રસાદજીએ જણાવ્યું, "પૂર્વભારત સંમેલન બોલાવવાની આપણને મૂળ પ્રેરણા પૂજ્ય

શ્રી જયંતમુનિ મહારાજે આપી છે. તેઓના પ્રત્યેક શબ્દ ઉપર ધ્યાન આપી, વર્તમાન પરિસ્થિતિને સમજવી જરૂરી છે."

**એકતાનો સૂર :**

શ્રી જયંતમુનિજીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું, "જૈનોના બધા ફિરકાઓ અલગ અલગ રીતે જૈનતત્ત્વની ઉપાસના કરે છે અને નાનામોટા પરસ્પરના ભેદ જાળવી રાખે છે. પરંતુ બહુ ઊંડાઈથી સમીક્ષા કરવામાં આવે તો ખ્યાલ આવે છે કે જૈનોના ભેદ કરતાં અભેદનું ધરાતલ વધારે મજબૂત છે.

"એકતા સ્થાપવાનો આધાર ઘણો વિશાળ છે જ્યારે ખંડ ખંડ કરવાના મુદ્દા બહુ થોડા છે. જો જૈનો આ વસ્તુને સમજે તો એક બહુ મોટી વૈચારિક ક્રાન્તિ થઈ શકે છે અને સહુ મળીને અખંડ જૈનત્વની રક્ષા કરી શકે છે. બધા ફિરકાઓમાં મહાવીર તીર્થંકર દેવાધિદેવરૂપે સમાનભાવે પૂજાય છે. કોઈ ખાલી નામ લે છે. કોઈ તેમની પૂજા કરે છે. પરંતુ સમગ્ર સાધનામાં મહાવીર સ્વામીનું જીવન વણાયેલું છે અને ભગવાન મહાવીર બધા ફિરકાઓના પૂજ્ય દેવાધિદેવ તીર્થંકર હોવાથી ભગવાનની કક્ષામાં સમાનભાવે શોભી રહ્યા છે. કહેવાનું તાત્પર્ય એ છેક દેવ અને શાસ્ત્ર એટલી બધી સમાનતા ધરાવે છે કે જો ગુરુઓ આ ઉપર ધ્યાન આપે તો બધા પ્રશ્નો હલ થઈ શકે છે.

"દેવ, શાસ્ત્ર અને ધર્મનો આધાર, ઉપાસનાના કારણભૂત, આદર્શ ત્યાગી સંતો ગુરુસ્થાને બિરાજે છે. ગુરુઓ સમસ્ત સમાજને પ્રેરણા આપી શકે છે. જૈન સમાજની એકતાની કડીમાં બંધાયેલી ટ્રેનને તેઓ આચાર અને વિચારના બંને પાટા પર દોડાવી શકે છે. જો એકતા સ્થાપાય તો બધા પ્રશ્નોનું નિરાકરણ થાય.

"અત્યારે ભારતમાં અખિલ ભારતીય જૈન મહામંડળ જે ઉદ્દેશથી સ્થપાયું છે તે ઉદ્દેશોને જન જન સુધી પહોંચાડવા માટેનો ભગીરથ પ્રયાસ કરી એકતાનો ઉદ્‌ઘોષ કરવામાં આવે તો વર્તમાન હિંસાના મહાભારતમાં અહિંસાનો વિજય થઈ શકે તેમ છે.

"આચાર્ય પ્રવર તુલસીજી જેવા મહાન વ્યક્તિ આ સંમેલનમાં ઉપસ્થિત છે તે આપણા સૌને માટે ગૌરવભર્યું છે. તેઓએ સ્વયં પરસ્પર સુહાર્દ માટે આંદોલનને વેગ આપ્યો છે. તો આશા કરીએ છીએ કે આગામી ૨૫ વરસની અંદર ભેદોની દીવાલ તોડી એક અખંડ જૈન શાસનનાં આપણે દર્શન કરી શકીએ. સૌ પોતપોતાની રીતે પૂજાપાઠ કરે કે સાધના કરે. પરંતુ એકબીજાને ઠેસ પહોંચાડ્યા વિના વિશ્વસ્થલ પર જૈનત્વની ઉપાસના થાય તેવો પ્રયાસ કરે."

આખી સભાએ શ્રી જયંતમુનિને બહુ ધ્યાનથી સાંભળ્યા. ત્યારબાદ સંમેલનમાં આચાર્ય તુલસીજીએ પણ એકતાની ઊંડાઈથી સમાલોચના કરી સંમેલનના ઉદ્દેશનું સમર્થન કર્યું.

શ્રીમતી રમા જૈને પોતે જૈન સંમેલનના ઉદ્દેશોને જીવનમાં ઉતાર્યા છે અને વ્યાપક દૃષ્ટિથી પોતે જીવે છે અને તેથી તેમને ખૂબ સન્માન મળ્યું છે. તેમણે સૌને પ્રાર્થના કરી કે સંકુચિત દૃષ્ટિ મૂકી વ્યાપક દૃષ્ટિએ જોતાં શીખવું. ઘરમાં, વ્યવહારમાં, સમાજમાં કે રાજનીતિમાં બધે જ વ્યાપક દૃષ્ટિની જરૂર પડે છે. તેમણે અપીલ કરી કે "બંધુઓ, ધર્મમાં તો ખાસ વ્યાપકની દૃષ્ટિની જરૂર છે, માટે મારી નમ્ર અપીલ છે કે આપણા પૂજ્ય ત્યાગી મુનિવરો અને જૈન ધર્મ પાળનારા કોઈ આપણાં ભાઈબહેનો વ્યાપક દૃષ્ટિનો સિદ્ધાંત જીવનમાં ઉતારે તો બધા પ્રશ્નો સુંદર રીતે હલ થઈ શકે તેમ છે." રમા જૈનને આખી સભાએ ભારે તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધા.

શ્રી અધ્યક્ષ મહોદયે સભાનું અદ્‌ભુત સંચાલન કરી સૌને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા અને જે શાંતિ જાળવી રાખી તે એક નમૂનો બની ગયો. ત્રણ દિવસ સુધી સંમેલન ચાલ્યું. પૂર્વ ભારતના સંમેલનની સાથે જૈન મહિલા સંમેલન, જૈન યુવા સંમેલન, વિશ્વ સંમેલન ઇત્યાદિ સંમેલનોની પણ એક એક સભા રાખવામાં આવી હતી. જેમાં યથાસંભવ શ્રી મુનિજીએ ભાગ લીધો હતો. દુઃખની વાત છે કે આટલા પ્રયાસ કર્યા છતાં અને લાખો રૂપિયાનો ખર્ચ કરવા છતાં પણ આ સંમેલન લાંબા ગાળે સફળ થયું નથી. જેવી આશા રાખી હતી તેવો એકતાનો જોરદાર મંચ સફળ થયો નથી.

સામૂહિક નાનીમોટી ક્ષમાપના કે કોઈ મહાવીરજયંતિ જેવા ઉત્સવો ઊજવવા સિવાય એકતાના સૂત્રમાં જૈન સમાજ વધારે આગળ વધી શક્યો નથી. પૂર્વભારત જૈન સંમેલન સામાન્ય રીતે ઘણું સફળ થયું ગણાય અને કલકત્તાના આંગણે આ રીતનું પ્રથમ સંમેલન હોવાથી ચારે સમાજના જૈન ભાઈઓએ ઉત્સાહ સાથે ભાગ લીધો. એકબીજા વધારે નિકટ આવ્યા અને સંમેલનના આયોજકોને હાર્દિક અભિનંદન આપ્યા.

**સંત સુશીલમુનિજી સાથે મિલન :**

મુનિરાજો સંમેલન નિમિત્તે જ કલકત્તા પધાર્યા હતા. ચાતુર્માસ ભોજૂડીમાં કરવાના ભાવ હતા. કલકત્તાથી વિહાર કર્યા પહેલાં ભારતના વિખ્યાત સંત સુશીલકુમારજી મહારાજ કલકત્તા પધાર્યા. તેમનું ચાતુર્માસ કલકત્તામાં હતું. જૈન સંમેલન પછી સુશીલકુમારજી સાથેનું મિલન સોનામાં સુંગધ જેવું થયું. એ જ રીતે આચાર્ય તુલસી મહારાજનું ચાતુર્માસ પણ કલકત્તામાં હતું.

સુશીલમુનિજી સાથે ઘણો સારો સંપર્ક થયો. તેઓ પણ કલકત્તાથી ટૂંકો વિહાર કરી પુનઃ કલકત્તા ચાતુર્માસ માટે પધારવાના હતા. શ્રી સુશીલમુનિજી સાથે શ્રી જયંતમુનિજીને સાધુભાવ સિવાય વ્યક્તિગત ઊંડી મિત્રતા હતી. જેથી કરી તેઓએ પૂજ્ય તપસ્વી મહારાજ સાથે વિહાર કરવાનો નિર્ણય કર્યો હતો.

શ્રી સુશીલમુનિજી કલકત્તા પધાર્યા ત્યારે શ્રીસંઘે ભારે ઉત્સાહથી તેમનું સ્વાગત કર્યું હતું. શ્રી

જયંતમુનિજી પણ તેમના સ્વાગત-સમારોહમાં જોડાયા હતા. ખાસી ભીડ સાથે શ્રી સુશીલમુનિજીએ કલકત્તામાં પ્રવેશ કર્યો. શ્રી જયંતમુનિજી તેની પાછળ ચાલી રહ્યા હતા.

**શ્રી કામાણી જૈન ભવનનું ઉદઘાટન :**

આ જ વરસે ભવાનીપુરમાં શ્રી હંસરાજ લક્ષ્મીચંદ કામાણી જૈન ભવનની સ્થાપના કરવામાં આવી હતી. તેના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કામાણી જૈન ભવન તરફથી પ્રભુદાસભાઈ હેમાણી, ગિરધરલાલ હંસરાજ કામાણી, શાંતિલાલ કાળીદાસભાઈ સંઘવી, કાનજી પાનાચંદ ભીમાણી, શ્રી ત્ર્યંબકભાઈ દામાણી, શ્રી ઈશ્વરલાલ ગાંધી તથા ચુનીભાઈ દોશીએ સાથે મળીને પૂજ્ય તપસ્વીજીના શરણે વિનંતી કરી કે "આપ ભવાનીપુર પધારો. આપના સાંનિધ્યમાં કામાણી જૈન ભવનનું ઉદ્‌ઘાટન રાખવાનું અમોએ નક્કી કર્યું છે. સાથે સાથે સુશીલમુનિજીને પણ આપ લેતા આવો." ઉદ્‌ઘાટનમાં વિશેષ અતિથિ તરીકે સાહુ શાંતિપ્રસાદજી જૈનને આમંત્રિત કર્યા હતા અને તેના કરકમલો દ્વારા ઉદ્‌ઘાટન રાખવામાં આવ્યું હતું.

પૂજ્ય મુનિવરો ભવાનીપુર પધાર્યા. શ્રી સુશીલમુનિજી મહારાજ પણ ભવાનીપુર આવવા સંમત થયા. ઉપરાંત બ્રહ્મઋષિજી મહારાજ ૩ ઠાણા ત્યાં બિરાજમાન હતા, તેઓ પણ ભવાનીપુર પધાર્યા. સૌભાગ્યથી ઉદ્‌ઘાટન વખતે સંતોની સારી એવી હાજરી થઈ જે દૃશ્યમાન હતી. આંગણામાં જ શમિયાણો બાંધવામાં આવ્યો હતો. નવું ભવન લોકોને આકર્ષિત કરી રહ્યું હતું.

ભારતના મોટા ગજાના ઉદ્યોગપતિ અને જૈન ધર્મના ઊંડા અભ્યાસી સાહુ શાંતિપ્રસાદજી જૈન નવા ભવનમાં પધાર્યા. સૌને ઘણો જ હર્ષ થયો. એ વખતે સ્થાનકવાસી જૈન સભાના મુખ્ય કર્ણધાર શ્રી રામપુરિયાજી, કાંકરિયાજી, બચ્છાવતજી, ભણશાળીજી વગેરે સારી સંખ્યામાં હાજર હતા. પંજાબી ભાઈઓની હાજરી પણ શોભા વધારી રહી હતી. ઉપરાંત દેરાવાસી અને તેરાપંથી ભાઈઓ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા. કામાણી જૈન ભવનનો વાવટો ફરકી રહ્યો હતો.

શાંતિપ્રસાદજીએ ઉદ્‌ઘાટન-પ્રવચનમાં સમગ્ર જૈન સમાજને અપીલ કરતાં કહ્યું કે "આજે આપણા સમાજની સંપત્તિમાં વધારો થયો છે તે હર્ષનો વિષય છે. પરંતુ જૈનનો બાળક ક્યાંય લાંબો હાથ કરતો નથી અને પોતાની દરિદ્રતાનો પરિચય આપતો નથી. જૈન કોમ ઉદ્યોગી કોમ છે. પરંતુ મારે કહેવું જોઈએ કે જૈન સમાજની આર્થિક સ્થિતિ કેમ સુધરે તેનો અભ્યાસ કરવો જરૂરી છે.

"યુગ બદલાયો છે, મૂલ્ય બદલાયાં છે. તમારી પાસે કેટલા પૈસા છે તે મહત્ત્વપૂર્ણ નથી, પરંતુ તમારા હાથમાં ઉદ્યોગ કેટલો છે, તે ઘણું જ મહત્ત્વપૂર્ણ છે. એક માણસ ઈંટનું ઉત્પાદન કરે છે અને હજારો માણસોની આવશ્યકતાને પોતાના બિઝનેસમાં આવરી લે છે. તે માણસની માર્કેટમાં જે ઇજ્જત છે તે એક કરોડપતિની નથી. કહેવાનો આશય એ છે કે નાના કે મોટા

ઉદ્યોગ જૈન વૈપારીએ અપનાવવા જોઈએ. અત્યાર સુધી આપણા સમાજે ફક્ત દુકાનદારી કરી છે. હવે આપણે પ્રોડક્શન તરફ ધ્યાન આપવું જોઈએ. જો સમાજ સમૃદ્ધ હશે તો જ આથી પણ વિશાળ સમાજ ઉપયોગી ભવનો બાંધી શકશે.

"આપે કામાણી જૈન ભવનનું નિર્માણ કર્યું છે તે બદલ હું આપ સૌને અભિનંદન આપું છું. મારી અપીલ છે કે આવાં વિશાળ ભવન કેવળ ધાર્મિક ક્રિયા માટે રોકાઈ ન રહેવાં જોઈએ. પરંતુ ભવનમાં સમાજ ઉપયોગી બધાં કાર્યો થવાં જોઈએ. જોકે આ જૈન ભવન છે એટલે અહીં જૈન સંસ્કૃતિને અનુકૂળ કાર્ય થવાં જોઈએ. સમાજના નાનામાં નાના એકમ અને સૌથી સાધારણ સ્થિતિના નાના માણસ માટે પણ ભવનમાં પૂરું સ્થાન હોવું જોઈએ." સાહુજી થોડું વ્યંગમાં બોલ્યા કે, "ભવનનું નામ કામાણી ભવન છે, પરંતુ સામાજિક સ્થાનો કમાણી કરવાનાં સાધન ન બની જાય તે ધ્યાનમાં રાખવું જોઈશે. આ ભવન સેવાભવન બનવું જોઈએ. મને વિશ્વાસ છે કે ગુજરાતી બંધુઓ સમાજસેવામાં આગળ વધેલા છે. તેઓએ મને ઉદ્દ્ઘાટનનું મંગળ કાર્ય સોંપીને મારી જવાબદારીમાં વૃદ્ધિ કરી છે અને જે સન્માન આપ્યું છે તે આપની ઉદારતાનો પરિચય છે. આ પ્રસંગે હું તમામ મુનિમહારાજોને ભાવપૂર્વક વંદન કરું છું અને સાથે સાથે વિનંતી પણ કરું છું કે આપ મુનિરાજો ગૃહસ્થ જીવનનો ત્યાગ કરી, કઠોર તપશ્ચર્યા કરી, સાધુજીવનને સ્પર્શ કરી, ભગવાન મહાવીરના સંદેશ બધી જગ્યાએ પહોંચાડી રહ્યા છો. પરંતુ સમય બદલાયો છે તે હકીકત ત્યાગીવૃંદોએ પણ લક્ષમાં લેવી પડશે અને સમાજના સળગતા પ્રશ્નોનું નિરાકરણ કરવું પડશે. યુવા પેઢીને નવું માર્ગદર્શન આપવું પડશે. સમગ્ર જૈન સમાજ અને બધા ફિરકાઓ એક સૂત્રમાં બંધાય તે માટે પ્રયાસ કરવો પડશે."

હાલમાં મળેલા પૂર્વ ભારત જૈન સંમેલનનો ઉલ્લેખ કરી તેઓએ કહ્યું કે, "ચારે સમાજનું જે વિરાટ સંમેલન થયું છે તે શ્રી જયંતમુનિજીને આભારી છે. આપ સૌને મારી અપીલ છે કે સંમેલનમાં બેસીને આપણે જે નિર્ણયો કર્યા છે તે અમલમાં આવે તે માટે ફિરકા પરસ્તીથી ઉપર ઊઠી અખંડ જૈન શાસનનો નાદ ગાજી ઊઠે અને આપણે સૌ મળીને જૈન શાસનના ધ્વજને ફરકાવીએ."

તેઓએ દીપ પ્રજ્જ્વલિત કરી જૈન ભવનનું ઉદ્દ્ઘાટન કર્યું અને ચાંદીની કાતરથી રિબન કાપી ભવનનાં દ્વાર ખુલ્લા મૂક્યા. તેમણે દસહજાર રૂપિયાની રકમ ભવનના ફાળામાં આપી. સમાજે પોતાના લાડીલા ઉદ્યોગપતિ સાહુ શાંતિપ્રસાદજીને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

**વિશાળ વૃક્ષની શાખાઓ :**

પૂજ્ય શ્રી જયંતમુનિજી મહારાજે પ્રવચનમાં જણાવ્યું કે, "કલકત્તા શ્રીસંઘ ભારતનો એક મોટો સંઘ છે. મોટા સંઘમાં શાખાઓ વૃદ્ધિ પામે છે. એક એક વિચારસરણીમાંથી એક એક

શાખાનો જન્મ થાય છે. ઘણી શાખાઓ હોવી તે શુભ લક્ષણ છે. પરંતુ બે શાખાઓનું ઘર્ષણ ન થાય તે જરૂરી છે. મહાન ચિંતક વાડીલાલ મોતીલાલ શાહે કહ્યું છે કે, એક વૃક્ષમાં ઘણી ડાળીઓ હોય તે વૃક્ષની શોભા છે. પરંતુ આ ડાળીઓ એકબીજા સાથે અથડાય તો વૃક્ષનો નાશ થાય છે. આ મંગળ અવસરે અમારી એ જ ભાવના છે કે આ ભવન આપણા સમાજમાં પ્રેમમિલનનું મંગલ સ્થાન બને. ભવનના ઉદ્‌ઘાટનકર્તા સાહુજી કેવળ ધનાઢ્ય નથી, તેઓ વિચારના પણ મહાન ધણી છે. તેઓએ ભવનને સેવાભવન બનાવવા માટે પ્રેરણા આપી છે તેના ઉપર પૂરું લક્ષ આપવામાં આવશે તેવી આશા રાખીએ છીએ."

આ અવસરે રાજેન્દ્રમુનિજીએ પણ પોતાના પ્રવચનમાં નવા જૈન ભવનમાં ધાર્મિક ક્રિયાઓની વૃદ્ધિ થાય અને વધારેમાં વધારે જ્ઞાન-દર્શન-ચારિત્ર્યની ઉપાસના થાય તેવી પ્રેરણા આપી.

**સુશીલમુનિનો રણકાર :**

ઓજસ્વી અને તેજસ્વી વાણીના ધારક શ્રી સુશીલમુનિજી મહારાજે બે શબ્દો બોલવાની કૃપા કરી ત્યારે આખા સમાજમાં જાણે વીજળીનો કરંટ ફેલાઈ ગયો હોય તેવા ઉત્સાહ સાથે પારસનાથ ભગવાનના જયનાદો થવા લાગ્યા. તેઓએ પોતાની રણકાર ભરેલી વાણીમાં નવકારમંત્રનું ઉચ્ચારણ કર્યું. તે ખરેખર જેઓએ સાંભળ્યું તેઓ ધન્યભાગી થઈ ગયા. તેમણે વિચારપ્રવાહનું સૂત્ર પકડીને ઉત્સાહવર્ધક વાણીમાં કહ્યું કે, "મેં બરસોં સે ગુજરાતી સમાજ કે પરિચય મેં હૂં. ગુજરાતી બંધુ વ્યવહારકુશલ હૈ. મૈં આપકી ભક્તિ કા લોહા માનતા હું. કિંતુ ઇસ અવસર પર મુઝે કહના હોગા કિ આપ કેવલ રૂઢિવાદી ન બને રહે ઔર રૂઢિ અનુસાર થોડા સા કામ કરકે સંતોષ ન માન લે..

"આપકે અંદર કા વિરાટ કો જગાના હૈ. જૈન કભી સંકુચિત નહીં થે ઓર ન જૈન શાસ્ત્રો મેં કોઈ દાયરાબંધી કા ઉલ્લેખ હૈ. સારે શાસ્ત્ર વિરાટ આત્મા કો જગાને કી ચેષ્ટા કર રહે હૈં. મુઝે ઇસ બાત કા દુઃખ હૈ કી જૈન સમાજ ઔર ઉસકે જિતને ફિરકે હૈ સબ રૂઢિવાદી કી જાલ મેં ફસ ગયે હૈ ઓર જૈન ધર્મ કો સંકુચિત કર દિયા હૈ. જૈન ધર્મ વિશ્વધર્મ બનને કે કાબિલ હૈ. ઉસ ધર્મ કો સંકુચિત કરકે કેવલ બનિયા કોમ કા ધર્મ બના દિયા ગયા હૈ. ઇસલિયે આજ દલિત પ્રજાકો, કિસાનોં કો, મજદૂરોં કો યા વિશ્વ કી આમ જનતા કો જૈન ધર્મ સે સંદેશ મિલના બંધ હો ગયા હૈ. જૈન ધર્મ કો કેવલ મંદિર ઔર ઉપાશ્રયોં મેં બંધ કર દિયા હૈ. ભગવાન કો તાલે મેં રખ દિયા ગયા હૈ. હમ કહતે હૈં કિ જૈન ધર્મ સર્વશ્રેષ્ઠ હૈં. કિસ આધાર સે કહતે હૈં? આપકો શ્રેષ્ઠતા સાબિત કરની હોગી.

"જૈન શાસ્ત્ર કી ખુશ્બૂ કો હવા મેં પ્રસારિત કરની હોગી. મેં ઇતના કહના ચાહતા હૂં કિ આપકા યે ભવન માનવસેવા કા કેન્દ્ર બને, ઉચ્ચ કક્ષા કે સાહિત્ય ચિંતન કા, જૈન આગમ કે અધ્યયન કા પવિત્ર સ્થાન બન જાયે ઔર ઇસ ભવન કા જિસ ઉત્સાહ કે સાથ ઉદ્‌ઘાટન કિયા હૈ

ઉસી ઉત્સાહ કો આગે જીવિત રખકે આપ જૈન ધર્મ કા મંગલ સંદેશ પૂરે ભારત ઔર વિશ્વ કો મિલતા રહે ઐસી વ્યવસ્થા કરેંગે. આજ હમારા સૌભાગ્ય હૈ કિ ઐસે વિશ્વવિખ્યાત ઉદ્યોગપતિ હમારે સમાજ કા નેતૃત્વ સંભાલ રહે હૈ ઓર ત્યાગી મુનિયોં કી તપશ્ચર્યા કા બલ હમેં ઉપલબ્ધ હૈ. આપકા પ્રયાસ હર તરહ સે સફલ હો ઐસા આંતરિક આશીર્વાદ દેતે હુએ મૈં હર્ષ કા અનુભવ કર રહા હૂં."

સભાની બાલિકાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા બાદ પૂજ્ય શ્રી તપસ્વીજી મહારાજે સ્વમુખે માંગલિક સંભળાવ્યું. સભા પૂર્ણ થયા પછી નવા ભવનમાં સ્વામીવાત્સલ્ય-ભોજનનો સમારંભ થયો.

ખરેખર, જૈન સંમેલન અને કામાણી જૈન ભવનના ઉદ્ઘાટનને કારણે કલકત્તાની સ્થિરતા શ્રી જયંતમુનિજીને યાદગાર રહી.

ભવાનીપુરમાં કામાણી જૈન ભવનનું ઉદ્ઘાટન સંપન્ન થયા પછી મુનિજીને વિષ્ણુપુર, બાકુડા, આદ્રા, અનાડા થઈ ભોજૂડી જવાનું લક્ષ્ય હતું. ભોજૂડીમાં પણ નવા ઉપાશ્રયના ઉદ્ઘાટનની તૈયારી હતી. શ્રી સુશીલમુનિ મહારાજ દિલ્હી તરફ જવાના હતા. જ્યારે બ્રહ્મઋષિજી મહારાજ ઠાણા પૂજ્ય તપસ્વીજી મહારાજ સાથે ભોજૂડી તરફ આગળ વધવાના હતા. સાધુમંડળી સાથે હોવાથી વિહારમાં આનંદ આવતો હતો અને ધર્મપ્રચારમાં પણ સહયોગ મળતો હતો.

ત્રણે મુનિવર પરમ પૂજ્ય તપસ્વીજી મહારાજ પ્રત્યે અનન્ય શ્રદ્ધા ધરાવતા હતા. ભક્તિ કરવામાં જરાપણ કચાશ ન હતી. કલકત્તાથી હાવડા થઈ કામારપુકુરના રસ્તે વિષ્ણુપુર જવાનું હતું. ભગવદ્ સ્વરૂપ શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવની જન્મભૂમિ કામારપુકુર અને શારદા માની જન્મભૂમિ જયરામ બાટી જનતાનું આકર્ષણનું કેન્દ્ર હતાં. કામારપુકુર માર્ગમાં આવવાથી મુનિઓના મનમાં પણ સહજ આનંદભાવ હતો.

પૂજ્ય ગુરુદેવ દલખાણિયામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હતા ત્યારે ગાયકવાડ સરકારના બધા જ ગામની દરેક સ્કૂલોમાં નાની લાયબ્રેરી સ્થાપિત કરવામાં આવી હતી. આ લાયબ્રેરીમાં પહેલું જ પુસ્તક 'પરમહંસ રામકૃષ્ણ દેવ'નું ગુજરાતીમાં અનુવાદ થયેલું ચરિત્ર હતું. ત્યારે બાળવિદ્યાર્થી જયંતીભાઈએ તે પુસ્તક સાંગોપાંગ વાંચ્યું હતું અને તેની ઊંડી અસર મન પર થતા તે પુસ્તક વૈરાગ્યનું નિમિત્ત બન્યું હતું.

આજે રામકૃષ્ણ પરમહંસ દેવની જન્મભૂમિ કામારપુકુરમાં પગ મૂકતાં જયંતમુનિજીને તે બધી સ્મૃતિ તાજી થઈ આવી અને હૃદયમાં અહોભાવ જાગ્રત થયો. કામારપુકુર જવાની મનની સંચિત ઇચ્છા સહજ ભાવે પરિપૂર્ણ થઈ રહી હતી. કામારપુકુરની રસાળ ભૂમિનું નિરીક્ષણ કરતાં તેમણે ઘણો જ આહ્લાદ અનુભવ્યો. ડૉ. આઈ. એસ. રૉયના આદેશથી ત્યાં ધર્મશાળામાં મુનિઓ માટે સારી વ્યવસ્થા રાખવામાં આવી હતી. મુનિશ્રીને જયરામ બાટી જવાનો સુયોગ ન મળ્યો,

પરંતુ કામારપુકુરમાં અવસર મળે ત્યારે કશુંક આયોજન કરવું તેવી ભાવનાનાં બીજ રોપાયાં.

### મંદિરોની નગરી વિષ્ણુપુર :

કામારપુકુરથી કોટલપુર, જયપુર થઈ વિષ્ણુપુરના રસ્તે આગળ વધવાનું હતું. જયપુરથી વિષ્ણુપુર જતાં રસ્તામાં મોટુ જંગલ પાર કરવાનું હતું. મોટું જંગલ હોવા છતાં પર્વતીય ભૂમિ ન હતી. લગભગ સમથલ હતું. જયપુરના ડાકબંગલામાં વનસ્થલીનું અદ્‌ભુત દૃશ્ય જોવા મળે છે. વિષ્ણુપુર તે ઘણું જ ઐતિહાસિક નગર છે. વિષ્ણુપુરને બંગાળનું કાશી ગણવામાં આવે છે. અહીં શ્રી રણછોડદાસજી રાઠીના ભવનમાં નિવાસ કરવામાં આવ્યો.

જયપુરથી વિષ્ણુપુર ઘણો જ લાંબો વિહાર હતો. તપસ્વી મહારાજ આ ઉંમરે પણ ઘણા જ લાંબા વિહાર કરી શકતા હતા. રણછોડદાસજી રાઠીને સંતો પ્રત્યે અપાર ભક્તિ હતી. પોતાના ભવનની સામે જ ઘણું જ સુંદર રાધાકૃષ્ણનું મંદિર બનાવ્યું હતું. ત્યાં અહર્નિશ પૂજાપાઠ ચાલતાં.

રાઠીજીનો તપસ્વી મહારાજ માટેની શ્રદ્ધામાં ખૂબ જ વધારો થયો હતો. સમગ્ર પરિવાર ભક્તિમય બની ગયો. તેમણે બે દિવસ વિષ્ણુપુરમાં રોકાવા માટે હાર્દિક આગ્રહ કર્યો. ત્યાં જૈનોનાં પાંચથી છ ઘર હતા. તે બધા આચાર્ય તુલસીના શિષ્ય હોવા છતાં સમભાવે સંતોની સેવા બજાવી રહ્યા હતાં. આચાર્યશ્રીએ સાંપ્રદાયિકતાનો ખરેખર પરિહાર કરાવ્યો હતો.

વિષ્ણુપુર એક ધર્મનગરી હોય તેવું સ્પષ્ટ જોઈ શકાય છે. અહીં નવસો નવ્વાણું પ્રાચીન મંદિરો છે. વિષ્ણુપુર જાણે મંદિરોની જ નગરી હતી. ઉપરાંત પાંચ મોટા વિશાળ સરોવરો રાજાએ બંધાવ્યાં છે, જે જનતા માટે ઉપકારનું નિમિત્ત છે. અહીં એક સંગીતની કૉલેજ પણ છે, જેમાં બંગાળી પ્રજાનો સંગીતપ્રેમ નિહાળી શકાય છે.

વિષ્ણુપુરની ભક્તિ લઈ મુનિરાજો વિહાર કરી બાકુડાની મારવાડી ધર્મશાળામાં પહોંચ્યા. બાકુડામાં સુખી-સંપન્ન મારવાડી ભાઈઓ વિશેષતા ધરાવે છે. વેપારનું સમગ્ર સૂત્ર તેમના હાથમાં છે. અહીં ગુજરાતી બંધુ લાલજી રાજા ખરેખર તેલ ઉદ્યોગના રાજા હતા. તેમણે વિશાળ તેલ મિલની સ્થાપના કરી હતી. મારવાડી સમાજ ઉપર પણ તેમની ધનાઢ્ય વ્યક્તિ તરીકે ઊંડી છાપ હતી.

બાકુડાથી આદરા-અનાડા થઈ ભોજૂડી જવાનો કાર્યક્રમ હતો.

### ભોજૂડી ચાતુર્માસ :

ભોજૂડીમાં ટાટાનિવાસી દાનવીર શેઠશ્રી નરભેરામભાઈના હાથે નવા ઉપાશ્રયના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ હતો. બા.બ્ર. પૂજ્ય જયાબાઈ મહાસતીજી ઠાણા ૩ ઝરિયાથી વિહાર કરી ભોજૂડી પધારી ગયાં હતાં. ઉપરાંત શ્રમણસંઘના બ્રહ્મઋષિજી મહારાજ ઠાણા ૩, જેઓ કલકત્તાથી વિહારમાં સાથે હતા, તેઓ પણ ભોજૂડી ભવનના ઉદ્‌ઘાટનમાં લાભ આપવા માટે તત્પર હતા.

ભોજૂડી ઉદ્દ્ઘાટન વખતે પૂર્વભારતનાં ઘણાં ભાઈ-બહેનો હાજર હતાં. કલકત્તા સંઘના ટ્રસ્ટી અને મૂળ વાંકાનેરના શ્રી મનુભાઈ તથા પ્રતિભાબહેન મિત્રમંડળ સાથે હાજર હતાં. શ્રી નરભેરામભાઈ પ્રત્યે સમગ્ર પૂર્વભારતના સંઘો ઊંડું સન્માન ધરાવતા હતા, તેથી ભોજૂડીના આંગણે એક પ્રકારે સંઘસંમેલન થઈ ગયું.

**સંઘ નાનો, કામ મોટું :**

ભોજૂડીમાં જૈનનાં માત્ર ચાર ઘર હતાં. પરંતુ ચારે ઘરોમાં વિશાળ સંખ્યામાં સદસ્યો હોવાથી સંઘ ભર્યો ભર્યો લાગતો હતો. તેમને અનેરો ઉત્સાહ હતો. ખાસ કાઠિયાવાડથી શ્રી રાયચંદભાઈ સંઘવી ઉદ્દ્ઘાટન નિમિત્તે પધાર્યા હતા. તેમનો પરિવાર ભોજૂડીમાં જ વ્યવસાય કરી રહ્યો હતો. નાનું ગામ, નવો ઉપાશ્રય અને નવ ઠાણાની હાજરી ભોજૂડી માટે એક ઐતિહાસિક ઘટના હતી.

ભોજૂડીમાં ઉદ્દ્ઘાટનનું કાર્ય સારી રીતે સંપન્ન થયું હતું. ઉપાશ્રયનો લગભગ દસ હજાર રૂપિયા જેવો ફાળો એકત્રિત થયો હતો. પૂજ્ય જયાબાઈ સ્વામી ટાટાનગર પધાર્યા. બ્રહ્મઋષિજી મહારાજ ઠાણા ૩નું કત્રાસ ચાતુર્માસ હોવાથી તેઓ ઝરિયા તરફ પધાર્યા. તપસ્વી મહારાજને આ વર્ષનું ચાતુર્માસ ખડગપુર કરવાની ભાવના હતી તેથી મુનિરાજોએ ખડગપુરના વિહારનો આરંભ કર્યો.

ભોજૂડીથી માત્ર ચાર માઈલનો વિહાર કરી મુનિરાજો ગોયાડેમ ગયા ત્યારે લાગ્યું કે આગળ વિહાર થઈ શકશે નહીં. ભોજૂડીથી સંઘની તીવ્ર ભાવના હતી કે નવા ઉપાશ્રયમાં ચાતુર્માસ થાય. તેમનો સંઘ નાનો હતો છતાં ગમે તે ખર્ચ થાય તો પણ ચાતુર્માસ દીપાવવા માટે તેમણે હામ ભીડી. ભોજૂડી સંઘની પ્રબળ ભાવનાનો આખરે વિજય થયો. તપસ્વી મહારાજને હા કહેવી પડી. તેઓ બમણા ઉત્સાહથી મુનિવરોને ફરી ભોજૂડી લાવ્યા. ભોજૂડી સંઘમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું.

**અઠ્ઠાઈ તપનો સ્વાનુભવ :**

પૂજ્ય ગુરુદેવોનું ચાતુર્માસ ભોજૂડી નિર્ધારિત થયું. પૂર્વભારતમાં ભોજૂડી સંઘનો ડંકો વાગી ગયો. પર્યુષણ આવી પહોંચ્યાં. શ્રી જયંતમુનિજી સ્વયંને અઠ્ઠાઈ કરવામાં એક અજબ નિમિત્ત પ્રાપ્ત થયું, જેનો ઉલ્લેખ રસપ્રદ રહેશે.

શ્રી જયંતમુનિજી મહારાજે હજારો માણસોને અઠ્ઠાઈ - નવાઈ તપ કરાવેલાં, પરંતુ સ્વયં અઠ્ઠાઈ તપની આરાધના કરવા માટે તૈયાર થઈ શક્યા ન હતા. પરંતુ ભોજૂડીમાં નિમિત્ત મળતાં સર્વપ્રથમ અઠ્ઠાઈની આરાધના થઈ.

પર્યુષણના પ્રથમ દિવસે શ્રી જયંતમુનિજી વહેલી સવારે બહારથી આવી રહ્યા હતા. એ વખતે એક બહેન રસ્તામાં મળી ગયાં. શ્રી જયંતમુનિજીએ પૂછ્યું, "પર્યુષણ આવી રહ્યા છે. નાનો સંઘ છે. તપસ્યા કરવાના કંઈ ભાવ ખરા? તપસ્યા થવી જરૂરી છે."

બહેને ઠાવકું મોઢું રાખીને વળતા સામો સવાલ પૂછ્યો, "ગુરુ મહારાજ, એક વાત પૂછું ?"

"હા બહેન, જરૂર પૂછો."

બહેને પૂછ્યું, "તમે બધાને અઠ્ઠાઈ કરાવો છો. તમે પોતે ક્યારેય અઠ્ઠાઈ કરી છે ખરી"

બહેનની વાત એકદમ સાચી હતી. સ્વયં અઠ્ઠાઈનો અનુભવ લીધા વિના મુનિશ્રી વરસોથી બધાંને તપ કરાવતા હતા. એ બહેને આંખ ખોલી. તેઓ તો આટલું કહીને આગળ વધી ગયાં. શ્રી જયંતમુનિ ઉપાશ્રયે આવ્યા. તેમના આત્મામાં જાગરણ થયું. તેમણે તરત જ ઊભા થઈને અઠ્ઠાઈ કરવાનો નિર્ણય કર્યો અને એકસાથે આઠ ઉપવાસના પચ્ચક્ખાણ કર્યા. પ્રથમ તો પૂજ્ય તપસ્વી મહારાજે એક એક ઉપવાસ કરવાની પ્રેરણા આપી. પરંતુ સંકલ્પ થઈ ચૂક્યો હતો અને પૂજ્ય તપસ્વી મહારાજે સંકલ્પ પ્રમાણે પચ્ચક્ખાણ આપી દીધા ! જુઓ નિમિત્ત મળતાં કેવું સારું કામ સંપન્ન થયું !

બહેન દોડતાં આવ્યાં. "ગુરુ મહારાજ, મેં તો મજાકમાં કહ્યુ હતુ."

મુનિજીએ જવાબ આપ્યો, "બહેન, મજાક પણ ઉચ્ચ કોટિની હોવાથી સાર્થક થઈ ગઈ છે. તમે ગુરુપદ પામી ગયાં છો." ત્યારબાદ એ બહેને પણ તપસ્યામાં યથાસંભવ સાથ આપ્યો.

શ્રી જયંતમુનિજીની અઠ્ઠાઈ વખતે શ્રી ગિરીશમુનિએ અપૂર્વ સેવા કરી સાતા ઉપજાવી હતી. વ્યાખ્યાન પણ સુંદર રીતે આપતા હતા. શ્રી મુનિજીની અઠ્ઠાઈ નિર્વિઘ્ને પૂર્ણ થઈ. બીજી પણ નાનીમોટી તપસ્યા ભોજૂડી ચાતુર્માસ દરમિયાન થઈ. દર્શનાર્થીઓનું પણ રૂડી રીતે સન્માન કરવામાં આવતું હતું.

ભોજૂડીમાં બ્રાહ્મણોનાં પણ ઘણાં ઘર છે. બ્રાહ્મણ છોકરાઓ આમતેમ ભટકતા હતા. તેમને ગીતાનો એક પણ શ્લોક શીખવનાર કોઈ ન હતું. મુનિશ્રીએ બ્રાહ્મણ છોકરાંઓને એકત્ર કરી ગીતાનો વર્ગ ચલાવવાની કોશિશ કરી. હર્ષપૂર્વક બ્રાહ્મણ વિદ્યાર્થીઓ આવવા લાગ્યા. 'પુરુષોત્તમ પ્રાપ્તિયોગ' નામનો પંદરમો અધ્યાય લગભગ બધાં બાળકોએ કંઠસ્થ કરી લીધો. વર્ષો વીતી ગયાં. આજે એ બધાં બાળકો મોટા ગૃહસ્થ થઈ ગયાં છે, પરંતુ ગીતાજ્ઞાન ભૂલ્યાં નથી. જ્યારે મળે છે ત્યારે મુનિશ્રીનો અતિ ઉપકાર માને છે. ફક્ત જૈન ધર્મનો જ આગ્રહ ન રાખતાં સમગ્ર ભારતીય વિદ્યાનો પ્રચાર કરવો ઘણું જ જરૂરી છે. દેશ અને સનાતન ધર્મ બચશે તો જ જૈન ધર્મની જાળવણી થઈ શકશે. અત્યારે ભારતીય મૂળનાં જ્ઞાનાત્મક શાસ્ત્રો પ્રત્યે સમભાવ કેળવવો નિતાંત જરૂરી છે.

ભોજૂડી રેલવેનું મોટું જંકશન છે. ત્યાં રેલવેના કર્મચારીની મોટી કૉલોની છે. ધાર્મિક સ્વભાવના રેલવેના ગાર્ડ અને ડ્રાઇવરો પ્રવચનમાં આવવા લાગ્યા તથા અહિંસા અને દયાધર્મમાં રસ લેતા

થયા. ગાર્ડ પ્રસન્નરાવ ઘણું જ સાત્ત્વિક જીવન જીવી રહ્યા હતા. સાત્ત્વિક આહાર તથા સદાચારપૂર્વકનું જીવન તેમને ખૂબ જ પસંદ હતું. તે શુદ્ધ શાકાહારી હતા. જૈન ધર્મની ત્યાગમય વાતોથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા. જૈન ધર્મનાં દ્રવ્યો ધારવાની વાત સાંભળ્યા પછી તેઓ પાંચ દ્રવ્યમાં જ દિવસ પૂરો કરતા.

ભોજૂડી નાનું સેન્ટર હોવાથી અન્ય ગુજરાતીઓ, મારવાડી ભાઈઓ તથા સ્થાનિક જનતા પણ રસ લેતાં થયાં. આ પ્રદેશમાં મઘયા કોમ કાઠિયાવાડની કાઠી કોમને મળતી જાત છે. તેના પ્રમુખ વ્યક્તિ પણ ભક્તિમાં જોડાયા.

ભોજૂડીમાં ચાર પરિવાર વરસોથી નિવાસ કરે છે. દરેક પરિવાર બહોળા છે અને ઊંડી ધાર્મિક ભાવનાથી ઓતપ્રોત છે.

(૧) પ્રેમચંદ જેચંદભાઈ પારેખ : તેઓ ભોજૂડીના મુખ્ય શ્રાવક હતા. તેમના સાત દીકરાનો પરિવાર વિસ્તાર પામ્યો છે. એક રસોડે ૩૫ માણસો જમતા હતા.

(૨) રાયચંદભાઈ ગોવિંદભાઈ સંઘવી : તેઓ ધર્મના સારા જાણકાર હતા. તેમના પરિવારમાંથી બે દીકરીઓએ દીક્ષા લીધી છે. સૌરાષ્ટ્રમાં બંને સાધ્વીજીઓ, પૂજ્ય જયાબાઈસ્વામી તથા વિજયાબાઈ સ્વામીની જોડીએ ઘણી જ શાસન-પ્રભાવના કરી છે અને સંપ્રદાયનું ગૌરવ વધાર્યું છે.

(૩) પ્રાણજીવનભાઈ જેચંદભાઈ પારેખ : તેઓ ખૂબ જ સરલ આત્મા હતા અને ઘણી જ મહેનતથી આગળ વધ્યા હતા. તેમના પરિવારમાં ધર્મના ઊંડા સંસ્કાર છે.

(૪) શ્રીયુત મોહનલાલ ગોવિંદજી : તેઓ શાણા શ્રાવક છે. ધર્મની દૃઢ નિષ્ઠાથી તેમના પરિવારમાં ઊંચા સંસ્કાર જોઈ શકાય છે.

**તપસ્વી મહારાજની એકાંત સાધના :**

ભોજૂડીનું ચાતુર્માસ ખૂબ જ શાંતિપૂર્વક પસાર થયું. વરસો પછી પણ ભોજૂડીનું ચાતુર્માસ ભૂલી શકાતુ નથી. આ અવસરે પૂજ્ય તપસ્વી મહારાજને એકાંત સાધનાની પ્રબળ ભાવના હતી તે પૂરી કરવાનો અવસર આવ્યો. નદીકિનારે એકાંત વનવગડામાં એક સૂકી પથરીલી જગ્યામાં ત્રિપાળથી ઝૂપડી જેવો છાંયો કરવામાં આવ્યો હતો. તેમાં સૂકા ઘાસની પથારી કરી હતી. તેના પર એક ટુવાલ પાથરી તેઓ આરામ કરતા. રાત્રિનો બધો સમય સમાધિમાં પાર થતો. દિવસના તેઓ સ્વાધ્યાય અને થોડું લખાણ કરતા. ઉપરાંત ત્યાં જે કોઈ દર્શન કરવા જતા તેમની સાથે જ્ઞાનચર્ચા કરતા. વધારે સમય મૌન ભાવથી વ્યતીત થતો. એક સમય ત્રણથી પાંચ દ્રવ્યનો સૂક્ષ્મ આહાર કરતા. આ રીતે તપસ્યામાં ત્રણ મહિના વ્યતીત કર્યા. ત્યારબાદ સંઘના આગ્રહથી તેઓ સ્થાનકમાં પધાર્યા. ચાતુર્માસની આ મોટામાં મોટી વિશેષતા હતી. ચાતુર્માસ પરિપૂર્ણ થયું ત્યારે

પરિવારનાં ભાઈઓ, બહેનો અને બાળકો ગળગળાં થઈ ગયાં અને તેઓની આંખોમાંથી મોતી જેવાં અશ્રુબિંદુ ટપકી પડ્યાં.

૧૯૫૯ ભોજૂડીનું ચાતુર્માસ પરિપૂર્ણ થયા પછી પુરુલિયાથી ચાંડિલ ન જતાં મુનિશ્રીએ બલરામપુર, બડાબજાર થઈ પહાડના રસ્તે જમશેદપુર જવાનો નિર્ધાર કર્યો હતો. બડાબજારના મારવાડી ભાઈઓએ ઘણી જ ભક્તિ બજાવી. બડાબજાર પણ સામાજિક દૃષ્ટિએ એક ઉત્તમ ક્ષેત્ર છે તેમ શ્રી જયંતમુનિને લાગ્યું. અહીંથી દલમા પહાડ તરફ ડીમના નાળા જવાનો વિકટ રસ્તો છે.

જંગલથી ભરપૂર આ માર્ગ કાઠિયાવાડના ગીરનાં જંગલોની યાદી આપતો હતો. વચમાં કલકલ કરતાં વહેતાં ઝરણાંઓ સૌંદર્યમાં અપાર વૃદ્ધિ કરતાં હતાં. પ્રકૃતિની લીલા નિહાળતા નિહાળતા મુનિવરો ટાટાનગર પધાર્યા. જમશેદપુર ભક્તિભર્યું ક્ષેત્ર હોવાથી અને નરભેરામભાઈ જેવા રૂડા શ્રાવકનું નેતૃત્વ હોવાથી સંઘ ભર્યોભાદર્યો હતો.

**તપસ્વીજી મહારાજનું સ્વાસ્થ્ય :**

ભક્તિના ઊભરા જોઈ મુનિઓના મન ઊંડો સંતોષ અનુભવતા હતા. ઘણી જ ધામધૂમ સાથે શ્રીસંઘે મુનિઓનું સ્વાગત કર્યું. આ વખતે પંજાબશાર્દૂલ શ્રી સુશીલકુમારજી મહારાજ કલકત્તા પધાર્યા હતા. તેઓ ત્યાં વિશ્વધર્મ સંમેલનનું આયોજન કરી રહ્યા હતા. આ સંમેલનમાં પૂજ્ય તપસ્વી મહારાજ તથા શ્રી જયંતમુનિજીને હાજરી આપવા માટે ખાસ તેમની આગ્રહભરી વિનંતી હતી. પૂજ્ય તપસ્વી મહારાજ જમશેદપુર રોકાઈ ગયા અને જયંતમુનિજીએ ગિરીશમુનિ સાથે કલકત્તા જવા માટે વિહાર કર્યો. ખડગપુર પધાર્યા ત્યારે પૂજ્ય તપસ્વી મહારાજની તબિયત ખરાબ થવાના સમાચાર મળતાં તાત્કાલિક તેમના ચરણે આવી ગયા.

**ગિરીશમુનિનું સૌરાષ્ટ્ર તરફ પ્રસ્થાન :**

શ્રી ગિરીશમુનિ દીક્ષા લીધા પછી ૬ વરસ સુધી ગુરુસેવામાં રહ્યા. હવે તેઓનું મન સૌરાષ્ટ્ર તરફ વિહાર કરવા આકર્ષિત થયું હતું. ખરું પૂછો તો સૌરાષ્ટ્રમાં એ વખતે એવા સમર્થ સાધુની આવશ્યકતા હતી જે ગોંડલ સંપ્રદાયમાં પડઘો પાડી શકે અને બધાં ક્ષેત્રોને સંભાળી શકે. ગિરીશમુનિ છૂટા પડી ગુજરાત પધારે તે તપસ્વીજી મહારાજ જરા પણ ઇચ્છતા ન હતા. પરંતુ એવો કોઈ અંતરાય યોગ હતો કે શ્રી જયંતમુનિજીને શિષ્યસેવાથી વંચિત થવું પડે, જેથી તેઓ મૌન રહ્યા. ટાટા શ્રીસંઘે ગિરીશચંદ્ર મુનિની ભાવનાનું અનુમોદન કર્યું અને પૂજ્ય તપસ્વી મહારાજે આજ્ઞા આપી.

આમ એકાએક ત્રણ સાધુનો યોગ વિચ્છિત થયો. તા. ૧૬/૧/૧૯૬૦ના રોજ શ્રી ગિરીશચંદ્ર મુનિજી ગુજરાત જવા માટે વિહાર એકલા ચાલી નીકળ્યા. તેમના સાહસને પણ ખરેખર દાદ દેવી પડે. તેમને ઘણા જ ઉપસર્ગ અને પરિષહનો સામનો કરી, મોટાં જંગલો અને પ્રદેશ પાર કરી અમરાવતી પહોંચવાનું હતું. ત્યાં પૂજ્ય તપસ્વીજી મોટા રતિલાલમુનિ બિરાજમાન હતા એટલે આગળની ચિંતા ન હતી. પૂજ્ય તપસ્વી મહારાજની કૃપાથી તેમનો વિહાર સાતાપૂર્વક સંપન્ન થયો.

શ્રી ગિરીશમુનિના વિહાર પછી મુનિઓના મનમાં ઉદાસીનતા આવી જવી તે સ્વાભાવિક હતું. તેમની વિભક્તિનો ખટકો દિલને અંદરથી કોતરે તેવો હતો. પરંતુ કાળગતિ પ્રબળ છે. જ્ઞાનપૂર્વક બધા સંયોગ-વિયોગને મનુષ્યે વધાવી લેવા પડે છે. પૂ. તપસ્વી મહારાજને વ્યવહારિક દૃષ્ટિએ આ પ્રસંગ ઘણો જ કષ્ટદાયક લાગ્યો હતો. પરંતુ ગ્રહયોગો અને કર્મલીલાને તેઓ સમજતા હતા. જેથી મન ઉપર ઊંડો ઘાવ ન થવા દીધો.

**કલકત્તામાં વિશ્વધર્મ સંમેલન :**

આ વખતે વિશ્વધર્મ સંમેલનમાં હાજરી આપી શકાય તેવા સંયોગ દેખાતા ન હતા. પરંતુ સુશીલમુનિ તરફથી ફરીથી જોરદાર આમંત્રણ લઈ આવેલા ભાઈઓએ કહ્યું કે "સુશીલમુનિજીનું ફરમાન છે કે કોઈ પણ ભોગે કલકત્તા પહોંચવાનું છે. તેમનું આમંત્રણ સ્વીકાર્યે જ છૂટકો છે."

તપસ્વી મહારાજ ખૂબ જ સમયસૂચક હોવાથી તેમણે જયંતમુનિજી સાથે પરામર્શ કરી કલકત્તા વિશ્વધર્મ સંમેલનનું આમંત્રણ સ્વીકાર્યું. ટાટાનગરથી પુનઃ ખડગપુર પધારી કલકત્તા જવાનો નિર્ધાર હતો. આખો રસ્તો ઘણો જ જાણીતો હોવાથી વિહારની સ્વાભાવિક અનુકૂળતા હતી.

**એર ફોર્સની છાવણીનો સુખદ અનુભવ :**

ખડગપુરથી ચાર કિલોમીટર દૂર, કલાઈકુંડામાં ભારતીય હવાઈ મથકનો બહુ મોટો કૅમ્પ છે. હજારો જવાનો ત્યાં ટ્રેનિંગ લઈ ભારતની સીમાની સુરક્ષા માટે તૈયાર થાય છે.

ખડગપુરના ભાઈઓને આવતાં વાર લાગી. બપોર થતાં મુનિવરો એર-ફોર્સની છાવણીમાં પ્રવેશ્યા. ત્યાંના અફસરોએ હાર્દિક સ્વાગત કર્યું. મનમાં લાગતું હતું કે મિલિટરીના માણસો અજાણ્યા હોવાથી કદાચ અનાદર કરે. પરંતુ તેમની ભક્તિ અને સદ્‌ભાવે મનની બધી શંકાઓ ધોઈ નાખી.

બચુભાઈ પૂજારા પણ આવી પહોંચ્યા. છાવણીમાં રાત્રે ભજનકીર્તન અને પ્રવચન થયાં. સેંકડો જવાનોએ ધ્યાનપૂર્વક ધર્મકથા સાંભળી. મુખ્ય અફસરે ઊભા થઈ આગ્રહ કર્યો કે "અમને એક દિવસ વધારે આપો." ગુરુદેવને ખરેખર નવાઈ લાગી હતી. તેમના પ્રેમને આધીન થઈ એક દિવસ વધારે રોકાયા. જ્યારે છાવણીથી વિહાર કર્યો ત્યારે લશ્કરના ૨૦૦ જવાનો સિવિલ ડ્રેસમાં વળાવવા માટે સાથે આવ્યા. ૪ કિ.મી. સુધી પૂરો સાથ આપી તેઓએ કોલબજારથી વિદાય લીધી.

સમગ્ર સમાજને તથા ખડગપુરની જનતાને નવાઈ લાગતી હતી. મિલિટરીની ભક્તિ મનમાં ઊંડી છાપ મૂકી ગઈ. ખડગપુરના શ્રીસંઘે ભાવભર્યું સ્વાગત કર્યું. પરંતુ તાત્કાલિક કલકત્તા જવાનું હોવાથી બીજે જ દિવસે કલકત્તાની દિશામાં મુનીશ્વરો આગળ વધી ગયા.

શ્રી સુશીલમુનિજી પૂજ્ય તપસ્વી મહારાજ અને શ્રી જયંતમુનિજીને મળવા માટે ઘણા જ આતુર હતા. તેઓ બંને મુનિજીથી દીક્ષામાં મોટા હતા. છતાં તેમની વિનયશીલતા દાદ માગે તેવી

હતી. તેમનો જયંતમુનિજી પ્રત્યેનો આત્મીયભાવ શબ્દમાં ન ઉતારી શકાય તેવો હતો. તેઓશ્રી મોટી સંખ્યામાં શ્રાવકો સાથે હાવરા સુધી અભિવાદન કરવા માટે પધાર્યા હતા. તેઓની પ્રેમ-લાગણી સામે બંને મુનિજી નતમસ્તક થઈ ગયા. તેમના આમંત્રણને માન આપી, ઉગ્ર વિહાર કરી, કલકત્તા પધાર્યા તેથી તેઓ ઘણા જ પ્રસન્ન થયા હતા. તેમના હૃદયના આશીર્વચન લેવાની આ એક તક હતી.

સંતો પધાર્યા ત્યારે નવલખો ઉપાશ્રય ગાજી ઊઠ્યો. શ્રી સુશીલમુનિએ વિશ્વધર્મ સંમેલનનું આયોજન એક પાર્કમાં રાખ્યું હતું. શ્રી જગદ્ગુરુ શંકરાચાર્ય, અન્ય મહંતો, મુસ્લિમ ધર્મગુરુઓ અને ખ્રિસ્તી પાદરીઓ ઉપરાંત થાઇલૅન્ડથી આવેલા બૌદ્ધ સાધુઓએ આ સંમેલનમાં હાજરી આપી હતી.

શ્રી સુશીલકુમારજી સ્વયં સંમેલનનું સંચાલન કરી રહ્યા હતા. કેટલાંક ભાષણો થયાં પછી બધા ધર્મના પ્રતિનિધિઓએ એક સર્વમાન્ય સિદ્ધાંત પર પ્રસ્તાવ લાવવાનો હતો. જગતમાં વધતા જતા નાસ્તિકવાદને પડકારવામાં આવ્યો હતો. સૌએ સમાન મંતવ્ય જાહેર કર્યું કે બધા ધર્મ એક પ્લેટફૉર્મ પર આવે તો જ નાસ્તિકવાદી, ભોગવાદી, ભૌતિકવાદી અને ચાર્વાકવાદીઓની પ્રબળતાને તોડી, ધર્મસિદ્ધાંતને સ્થાપિત કરી, જગતમાં નૈતિકતાની વૃદ્ધિ થઈ શકે.

**બૌદ્ધોનો વિરોધ :**

બધાં મંતવ્ય રજૂ થયાં પછી મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવ આવ્યો. તેની પહેલી કૉલમમાં લખ્યું હતું.... "અમે ઈશ્વર, સત્ય અને અહિંસાનો સ્વીકાર કરીએ છીએ." સત્ય અને અહિંસા બૌદ્ધ અને જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો હતા. જ્યારે સનાતન, ઇસ્લામ અને ઈસાઈ, એમ ત્રણે મોટા ધર્મ ઈશ્વરવાદમાં માનતા હતા.

જેવો પ્રસ્તાવ રજૂ થયો કે તુરત જ થાઇલૅન્ડના બૌદ્ધગુરુ ભભૂકી ઊઠ્યા. "અમે ઈશ્વરમાં નથી માનતા. જો આ પ્રસ્તાવ પસાર થાય તો અમે ઈશ્વરવાદી બની જઈએ. અમે ઈશ્વરવાદના પ્રબળ વિરોધી છીએ, એટલે ઈશ્વર શબ્દ હટાવો તો જ અમે પ્રસ્તાવ સાથે સહમત થઈ શકીએ."

તેમના નાનકડા ભાષણથી સભામાં ભયંકર હંગામો થઈ ગયો. "ઈશ્વર વિરોધીઓ કા યહાં ક્યા કામ હૈ?" એવા પોકાર થવા લાગ્યા. 'ઈશ્વરોં કો નહીં માનતે હૈં વો પાપી ઓર નાસ્તિક હૈં.' તેમ માણસો જોરથી બોલવા લાગ્યા. સુશીલમુનિજીએ પોતાના બુલંદ અવાજથી સૌને શાંત કરવા ઘણી કોશિશ કરી. પરંતુ સંમેલન ભાંગી પડશે તેવો અણસાર દેખાતો હતો.

જૈન, બૌદ્ધ, સનાતન, ઇસ્લામ અને ઈસાઈ આ પાંચે સંપ્રદાયો અહિંસા અને સત્યનો સ્વીકાર કરે છે. ગાંધીવાદી પણ સત્ય અને અહિંસાની વાત કરે છે. તેથી આ બે શબ્દ રાખી ઈશ્વર શબ્દને હટાવી દેવાનો પ્રસ્તાવ આવ્યો.

આ વાત સાંભળી શંકરાચાર્ય અને સનાતન ધર્મના મહંતો તાડુકી ઊઠ્યા અને બોલ્યા, "હમારી હાજરી મેં ઈશ્વર કો હટાને વાલે યે કૌન હૈ ?" ઇસ્લામ અને ઈસાઈએ પણ તેમને સાથ આપ્યો. એ લોકોએ કહ્યું કે 'ખુદા અને ગોડને કેવી રીતે દૂર કરી શકાય? પહેલેથી જ સત્ય અને અહિંસા એ બે શબ્દો રાખ્યા હોત તો અમને વિરોધ કરવાની જરૂર ન રહેત. પરંતુ તમે ઈશ્વર શબ્દ લાવ્યા પછી અમારી સામે તેને હટાવવાની વાત કરો એ સરાસર ઈશ્વરવાદનું અપમાન છે. માટે એ બની જ ન શકે.' જનતાએ પણ ઈશ્વરવાદની તરફેણમાં ઘણા જ જયનાદ કર્યા અને ઘોંઘાટ ધાંધલ વધી ગઈ.

**સંમેલનની નિષ્ફળતા :**

હરદ્વારથી આવેલ એક મસ્ત અખાડા સંપ્રદાયના સાધુ હાથમાં ત્રિશૂળ લઈ, ઊંચેથી છલાંગ મારી, સ્ટેજ ઉપર દોડી આવ્યા. તેમની હડફેટમાં બે-ચાર માણસોને ઈજા થઈ ગઈ. એક-બે ખુરશી તૂટી ગઈ. છલાંગ મારનાર સાધુને પણ ઈજા થઈ. તે બહુ ખરાબ રીતે નીચે ફેંકાઈ ગયો હતો. આ ધાંધલમાં બધા ધર્મગુરુઓ ઊઠીને જવા લાગ્યા. સંમેલન ભાંગી પડ્યું. કોઈ પણ પ્રકારનું પરિણામ લાવી ન શક્યા. સભાજનો પણ લગભગ ચાલ્યા ગયા. સ્ટેજ પર ફક્ત ૩ જૈન સાધુ અને કેટલાક શ્રાવકો મુશ્કેલીથી બચ્યા હતા. શ્રી સુશીલમુનિજીએ માઇક પરથી ઘણી પ્રેરણા આપી, પરંતુ તેમનો ધ્વનિ આકાશમાં વિખેરાઈ ગયો. છેવટે આપણા મુનિવરો પણ નિરાશભાવે રંગભૂમિ છોડી ઉપાશ્રયની રાવટીમાં પધારી ગયા. આમ ઘણા પ્રયાસે ઊભું કરેલું સંમેલન વિફળ થઈ ગયું. જેના માટે પૂજ્ય તપસ્વી મહારાજ અને શ્રી જયંતમુનિજીએ આટલો લાંબો વિહાર કર્યો હતો તે ફક્ત તેમની તપસ્યાની કડી બની ગઈ.

**સુશીલમુનિજી સાથે કલકત્તામાંથી વિહાર :**

સુશીલમુનિજીએ ઘણી હિંમત બંધાવી. આપણા મુનિવરો કરતા સુશીલમુનિને વધારે આઘાત લાગ્યો હતો, કારણ કે તેમનું આખું મિશન નિષ્ફળ ગયું હતું. બીજે દિવસે સવારના ઊઠતાંની સાથે જ સુશીલમુનિએ કહ્યું કે, "તપસ્વીજી, આપણે વહેલી તકે કલકત્તા છોડી દેવું જોઈએ." સાથે પૂછ્યું કે "આપનો પોગ્રામ શું છે ?"

ત્યારે તપસ્વી મહારાજે જણાવ્યુ કે "અહીંથી ગૌરાંગ મહાપ્રભુની જન્મસ્થલી અને ગંગાના ભક્તિપ્રધાન પ્રદેશ શાંતિપુર, માયાપુર, નદિયા અને નવદ્વીપ તરફ જવાનો વિચાર છે. ગૌરાંગ મહાપ્રભુના ઉપદેશથી લાખો લોકોએ અહિંસામય જીવનધારણ કર્યું છે. તેમણે માંસાહાર તથા મત્સ્ય-આહાર જેવા અખાદ્યનો ત્યાગ કરી, શાકાહાર ગ્રહણ કરી, શુદ્ધ જીવન ધારણ કર્યું છે. આ પ્રદેશમાં વિચરણ કરવાની ભાવના છે."

સુશીલમુનિજી આ પ્રોગ્રામથી ખુશ થયા અને તેઓ પણ આ વિહારયાત્રામાં સાથે જોડાયા.

કલકત્તાથી વિહાર કરી મોગરા થઈ મુનિમંડળ નવદ્વીપ પધાર્યા. ત્યાં કલકત્તાનાં ગુજરાતી, ઓશવાળ તથા પંજાબનાં ભાઈ-બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી. નવદ્વીપમાં સુશીલમુનિજીની તબિયત થોડી લથડતાં ચિંતા થઈ. પરંતુ ત્યાંના ડૉક્ટરે ઘણો સારો સહયોગ આપ્યો અને ઉત્તમ ઉપચાર કરી ભક્તિમાં કચાશ ન રાખી. ગંગાજીની ધારા પાર કરી મુનિરાજોનું માયાપુરમાં આગમન થયું.

માયાપુરમાં સુખદેવ મહારાજ સ્વાગતમાં હાજર હતા. ઉપરાંત ત્યાંના તીર્થેશ્વર સ્વામી જૈન સંતોને મળીને ઘણા જ ખુશ થયા. તેઓએ કહ્યું કે, "જૈન મુનિઓને પ્રત્યક્ષ જોવાનો અને મળવાનો આ પહેલો પ્રસંગ છે. તમારી પદયાત્રા જોઈ ગૌરાંગ મહાપ્રભુની પદયાત્રાનું સ્મરણ થાય છે. તેઓએ પ્રભુપાદપુરી, વૃંદાવન, વારાણસી વગેરે ક્ષેત્રોમાં હજારો માઈલની પદયાત્રા કરી અહિંસાધર્મનો શંખનાદ બજાવ્યો હતો. આજે આપશ્રી હરેકૃષ્ણ - હરેરામની આ જન્મભૂમિમાં પધાર્યા છો તેથી અમને અનહદ આનંદ થાય છે."

બંગાળી પ્રજાની સૌમ્યતા, ભક્તિ, સરળતા અને ભાષાનું માધુર્ય જોઈ શ્રી જયંતમુનિજી મુગ્ધ થઈ જતા હતા. માયાપુરથી શાંતિપુરનો સ્પર્શ, કરી પુનઃ ગંગા પાર કરી, નવદ્વીપ આવ્યા. નવદ્વીપથી સુશીલમુનિ મહારાજ છૂટા પડ્યા અને તેઓ આજિમગંજ અને જિયાગંજ વિહાર કરી ગયા. તપસ્વી મહારાજ અને જયંતમુનિજી કટવા આવ્યા.


❑



પરમાર્થમાં પ્રસન્નતા





ભક્તિની પરાકાષ્ઠા - ખારા પરિવાર



ગુરુભક્તિની ભરતી સમા
સ્વ. ભોગીભાઈ ખારા





નિર્મળ ભક્તિમાં અનુરક્ત
સ્વ. નવલભાઈ ખારા



**પદયાત્રાના પથિકો :**
*શ્રી જયંતમુનિજી સાથે શ્રી શરદ ખારા, શ્રી હર્ષદ દોશી અને શ્રી શશિકાંત ગાંઠાણી*



# ૨૮

# વૈતરણીને તીરે ચિંતનધારા

સર્વધર્મ સંમેલનનો કટુ અનુભવ પાછળ મૂકીને તપસ્વીજી મહારાજ અને જયંતમુનિજી ગૌરાંગ પ્રભુની જન્મભૂમિ કટવા પધાર્યા. ત્યાં આપણા શ્રાવક તનસુખભાઈ ગિરધરલાલ પંચમિયાનું એક ઘર હતુ. ગૌરાંગ મહાપ્રભુ પદયાત્રા પૂરી કરી કટવા પધાર્યા ત્યારે તેઓએ પોતાની દાઢી અને વાળ અહીં ઉતરાવ્યાં હતાં. જે વાળંદે ઠાકુર ગૌરાંગ મહાપ્રભુની દાઢી ઉતારી કેશકર્તન કર્યું હતું તે આખો પરિવાર ગૌરાંગ મહાપ્રભુના સંપ્રદાય માટે પૂજ્ય બની ગયો અને કેશનકર્તન થવાથી કટવા ગૌડ સંપ્રદાયનું એક તીર્થ બની ગયું. આજે હજારો ભાવિકો કેશ-કર્તનની તિથિ ઉપર કટવા પધારે છે.

આ ઉપરાંત કટવાની પ્રજાનો સંકલ્પ જાણવા જેવો છે. ત્યાંના ગૌડ સંપ્રદાયના ભક્તોએ એક હજાર વર્ષ સુધી અખંડ કીર્તન કરવાનો સંકલ્પ કર્યો છે. જ્યારે મુનિરાજો પધાર્યા ત્યારે એંસી વર્ષ થઈ ગયાં હતાં ! સતત એંસી વર્ષ સુધી અખંડ કીર્તન થાય તે પણ ગિનિસ વર્લ્ડબુકમાં લખવા જેવું છે. પ્રભુ તેમનો હજાર વર્ષનો સંકલ્પ પૂરો કરે એવી અભિલાષા સાથે મુનિજીએ તેમને આશીર્વાદ આપ્યા હતા.

કટવાની ભૂગોળ પણ જાણવા જેવી છે. કટવાની ત્રણ દિશામાં ત્રણ નદીઓ વહે છે અને કટવા કોઈ સમુદ્રીય ટાપુ જેવું દેખાય છે. કટવા નામ પણ કેશકર્તનથી અથવા તો નદીઓ ભૂમિને કાપતી રહે છે તે કારણે પડ્યું છે. જયંતમુનિજીને કટવામાં ઘણો જ આનંદ મળ્યો. ત્રણ દિવસની સ્થિરતા કરી તેઓશ્રી સેંથિયા પધાર્યા. સેંથિયા ઘણું જ

જાણીતું અને ભક્તિવાળું ક્ષેત્ર હતું. સેંથિયાથી રાણીગંજ અને આસનસોલ થઈ, દામોદર પાર કરી બાકુડા, વિષ્ણુપુર થઈને મુનિમંડળ ચાતુર્માસ માટે ખડગપુર પધારવાના હતા. જયાબાઈ સ્વામી ઠાણા પણ ચાતુર્માસમાં ખડગપુર બિરાજવાનાં હતાં.

**ખડગપુરમાં ચાતુર્માસ :**

મુનિશ્રીએ તારીખ ૨૯/૬/૧૬૬૦ના ખડગપુરમાં મંગળ પ્રવેશ કર્યો. આ વર્ષનો સમગ્ર વિહાર આઠસો પચાસ માઈલ થઈ ચૂક્યો હતો. ખડકપુર શ્રીસંઘ નાનો હોવા છતાં તેનો ઉત્સાહ ઘણો હતો. જૈન સમાજ તથા ગુજરાતી બંધુઓ એકબીજામાં સંકળાયેલા છે એ જ રીતે રાજસ્થાનના ઓસવાળ ભાઈઓ ઘણા સંપન્ન અને ધર્મપ્રધાન છે. શ્રીમાન જે. પી. પૂજારાની ગેરહાજરી આ ચાતુર્માસ દરમિયાન ખૂબ ખટકી રહી હતી.

પૂજ્ય જયાબાઈસ્વામી સાથે હોવાથી પૂજ્ય તપસ્વીમહારાજની સેવાનો ભાર ઘણો જ હળવો થઈ ગયો હતો. શ્રી જયંતમુનિજી માટે ઘણી જ અનુકૂળતા થઈ. પૂ. જયાબાઈ મહાસતીજીનાં બંને શિષ્યાઓ વિમળાબાઈ મ.સ. તથા હંસાબાઈ મ.સ. આદર્શ સાધ્વીઓ હતાં. તેમની વિનયશીલતા બેજોડ હતી. બન્ને સાધ્વીજીઓ જયાબાઈસ્વામીને સોળ આના સમર્પિત હતાં. તેઓએ બંને મુનિરાજોની સેવામાં જરા પણ કચાશ રાખી નહીં. શ્રીસંઘમાં સતીજીઓ માટે ઘણું જ ઊંડું સન્માન હતું.

**ભૂતકાળનાં સંસ્મરણો :**

પિતા-પુત્રી જ્યારે વાર્તાલાપમાં જોડાતાં ત્યારે દલખાણિયાનાં જૂનાં સંસ્મરણો ખૂબ જ વાગોળતાં હતાં. તપસ્વી મહારાજે સંસાર-અવસ્થામાં છઠ્ઠ-છઠ્ઠનો વરસીતપ કરેલો અને છેવટે અઠ્ઠમનો પણ વરસીતપ કર્યો ત્યારે જયાબહેન ઘણાં નાનાં હોવા છતાં પારણાંની તૈયારીમાં પૂરા તત્પર રહેતાં. જોકે તે વખતે મુખ્ય સેવા પ્રભાબહેનની હતી. તેઓએ આગળ ચાલીને સંસારત્યાગ કરી બાળબ્રહ્મચારી પ્રભાબાઈ મહાસતીજીનાં શિષ્યા તરીકે સારું જ્ઞાન મેળવી આત્મજ્ઞાન સાધી ગયાં હતાં. આ બંને બહેનોએ સંસાર-અવસ્થામાં પૂજ્ય તપસ્વી પિતાની જે સેવા કરી તેના પુણ્ય પ્રતાપે તેઓ બંને વૈરાગ્યશીલ બની ગયાં હતાં. તેમણે પિતાના પગલે ચાલી સાધુજીવન ધારણ કર્યું હતું. ખડગપુરના ચાતુર્માસમાં ઘણી જ શાંતિ-સમાધિ હતી.

ખડગપુર બંગાળના કલકત્તા, બિહારના જમશેદપુર અને દક્ષિણે ઓરિસાના બાલેશ્વર સાથે સીધી ગાડીઓથી જોડાયેલું હતું. તેથી મહેમાનોની ઘણી જ અવરજવર રહેતી હતી. દર્શનાર્થી ભાઈ-બહેનો સારી સંખ્યામાં ખડગપુર પહોંચી જતાં હતાં. આ પહેલા પણ ખડગપુરમાં સ્થિરતા કરેલી, એટલે દરેક ભાઈઓનો ભક્તિભાવ હતો જ. અહીં ઘર થોડાં હતાં, પણ સંગઠન ખૂબ સારું હતું. ખડગપુર શ્રીસંઘે તથા ઓશવાળ ભાઈ-બહેનોએ સાધાર્મિક સેવામાં જરા પણ ત્રુટી આવવા દીધી ન હતી. તેમણે સોળ આના સેવા બજાવી સંતોના અને દર્શનાર્થીઓના ઊંડા આશીર્વાદ મેળવ્યા હતા.

**ખડગપુરથી ઓરિસા :**

જોતજોતામાં ચાતુર્માસનો મંગળ સમય વ્યતીત થઈ ગયો. જયાબાઈસ્વામી બાલેશ્વર થઈ પુરી તરફ પધાર્યાં. પૂજ્ય તપસ્વી મહારાજે ચંડીખોલ થઈ કેન્જોરગઢ તરફ જવાનો નિર્ણય જાહેર કર્યો.

અહીંથી ઓરિસા પ્રદેશ શરૂ થતો હતો. બાલેશ્વર સુધી એક જ રસ્તો હતો. પરંતુ જયાબાઈસ્વામી ઉગ્ર વિહારી હોવાથી આગળ વધી ગયાં, જ્યારે શ્રી જયંતમુનિજી તથા પૂજ્ય તપસ્વી મહારાજ બધી જગ્યાએ લાભ આપતાં ધીરે ધીરે આગળ વધ્યા. જલેશ્વર, દાતુન, બેલાઘાટ આદિ ગામોમાં ઠક્કરબંધુઓના ગુજરાતી પરિવાર ઘણી સારી સંખ્યામાં નિવાસ કરે છે. તેઓ વ્યવસાયમાં સુખી-સંપન્ન છે. જૈન સંતો પ્રત્યે અપાર ભક્તિ હોવાથી તેઓ શ્રાવક તરીકે જ સેવા બજાવે છે. તેઓ સામે લેવા આવે છે, વ્યાખ્યાન-વાણી સાંભળે છે, ભાવથી ગોચરીપાણી વહેરાવે છે અને વળાવવા પણ કરે છે.

ઉડિયા પ્રજામાં ધર્મના સંસ્કાર ઘણા જ ઊંડા છે. પ્રાચીન સમયમાં આ પ્રદેશને ગ્રંથોમાં કલિંગ દેશ કહ્યો છે. કલિંગ દેશ ઘણો સમૃદ્ધ તથા ઊંચા સંસ્કારોથી સંયુક્ત હતો.

કલિંગની સંપન્નતા અને રાજવૈભવ સાહિત્યગ્રંથોમાં વિસ્તારથી જોવા મળે છે. આજે કલિંગમાં પગ મૂકતાં શ્રી જયંતમુનિને ઇતિહાસનાં સંસ્મરણો ઉજાગર થતાં હતાં. સમ્રાટ અશોકના આક્રમણ પણ દૃષ્ટિગત થતાં હતાં.

બાલેશ્વર ફરીથી જવાનો પ્રસંગ ઊભો થયો. શ્રીસંઘે હાર્દિક સ્વાગત કર્યું. શ્રીયુત વર્ધમાન ફૂલચંદનો પરિવાર તથા વીરચંદ ભગવાનજી, ભોગીભાઈ વીરચંદ અજમેરા તથા બીજા ગુજરાતી બંધુઓએ અને મારવાડી સંઘે પણ સત્સંગમાં ખૂબ જ રસ લીધો.

બાલેશ્વરમાં પ્રવચન દરમિયાન ઉપાશ્રય-નિર્માણની ચર્ચા થઈ. શ્રીયુત રામદાસજી અગરવાલ, પ્રવચનમાં આવતા હતા. તેઓએ કહ્યું, "જૈન ભાઈઓ ઉપાશ્રય બનાવે તો હું મારી જમીન આપીશ." ખરેખર, તેઓએ આ વચન પાળ્યું. આજે એ જમીન ઉપર વિરાટ ઉપાશ્રય શોભી રહ્યો છે.

બાલાસુરથી બારીપદા જવાનું હતું. અહીં વૈતરણી નદી પાર કરવાની હતી. જોકે બેઠો પુલ છે એટલે ચિંતા ન હતી. મુનિઓએ વૈતરણી નદીના કિનારે આનંદપુર મંદિરમાં નિવાસ કર્યો. દરમિયાન બા.બ્ર. જયાબાઈ સ્વામી ઠાણા ૩ જગન્નાથપુરીથી વિહાર કરી આનંદપુર મુકામે ભેગાં થયાં. તે દિવસે ઘણો જ વરસાદ હોવાથી વિહારમાં સારી એવી કસોટી થઈ. ભાવદીક્ષિત ક્રિષ્નકુમાર વૈરાગી રૂપે સાથે હતા. સરલબુદ્ધિનો આ યુવક ઘણો જ સેવાભાવી અને આજ્ઞાકારી હોવાથી સૌને પ્રિય લાગતો.

મુનિઓએ આનંદપુરથી આગળ વધી ઝાઝપુર રોડ પકડી ચાઈબાસા જવાનું નક્કી કર્યું હતું.

**જીવનભરનું ભાતું :**

શ્રી જયંતમુનિજી આજે કોઈ કારણસર બેચેન હતા. તેમણે બેચેની ઉપર ચિંતન કર્યું. "સંસારના માણસો બહારનાં નિમિત્તોથી બેચેની અનુભવે છે અને નિમિત્ત પ્રત્યે રાગદ્વેષ જન્મે છે," તે વિષય પર ચિંતન કરતાં મુખ્ય સૂત્ર હાથ લાગતું ન હતું. મનમાં ગડમથલ ચાલી રહી હતી. સૌ મંદિરમાં પોતપોતાના કાર્યમાં સંલગ્ન હતા ત્યારે સાંજના સમયે શ્રી જયંતમુનિજી મંદિરની નીચે વહેતી વૈતરણી નદીની કોહમાં ઊતર્યા. નદીના તટ ઉપર એક મોટી શિલા પર બેસી ફરીથી એ જ મુદ્દા પર મૂળગામી ચિંતન શરૂ કર્યું. તે વખતે જે જ્ઞાનપ્રાપ્તિ થઈ તે જીવનભરનું ભાથું બની ગયું. તેમને ઘણો જ આનંદ થયો

વસ્તુતઃ મનુષ્ય સુખ-દુઃખની કે માન-અપમાનની જે કાંઈ લાગણી અનુભવે છે તે પોતાના વિચારોના આધારે છે. જો વિચાર લુપ્ત થઈ જાય અથવા વિચારનો જન્મ જ ન થયો હોય તો સામે ગમે તેવા પ્રકારના નિમિત્ત હોવા છતાં જીવને સુખદુઃખની લાગણી થતી નથી. ધારો કે એક ખેડૂત રાત્રિના સમયે પોતાના ખેતરમાં સૂતો છે. તે ભરનિદ્રામાં હતો ત્યારે એક ભયંકર સિંહ તેના બિછાના સુધી આવી અને ચાલ્યો ગયો. પરંતુ તેની ખેડૂતને ખબર નથી અને તેને ભયની લાગણી થતી નથી. હવે ધારો કે તે ખેડૂત જાગે છે ત્યારે તેને સિંહ આવ્યો તેવો ભ્રમ થાય છે. ત્યારે સિંહની હાજરી ન હોવા છતાં તે ખેડૂત ઘણો ભય પામે છે. ખરું પૂછો તો તે ખેડૂત પોતાના આધારે જ ભય પામ્યો છે. સિંહની હાજરી કે ગેરહાજરી મહત્ત્વપૂર્ણ નથી, પરંતુ સિંહનો ખ્યાલ આવવો કે ન આવવો તે વધારે મહત્ત્વપૂર્ણ છે. સમગ્ર જીવરાશિ પોતાના વિચારને આધારે, પોતાના પરિણામના આધારે સુખ-દુઃખ અને માન-અપમાન અનુભવે છે.

માન-અપમાન થવું કે ન થવું તેની લગામ મનુષ્યના હાથમાં છે, સામી વ્યક્તિના હાથમાં નથી. સામાન્યપણે આપણે બીજી વ્યક્તિને આપણી લાગણીનો આધાર માની, તેના પર આરોપ કરીએ છીએ. જેમ કે એક ગરીબ બાઈ પાસે સોનાની બંગડી નથી. પરંતુ તે એ વાતનો મનમાં ખ્યાલ નથી રાખતી. તેથી તેની પાસે સોનાની બંગડી ન હોવા છતાં તે દુઃખી નથી. પરંતુ આર્થિક રીતે તેનાથી થોડી આગળ વધેલી એક બાઈ પાસે સોનાની બંગડી નથી. તેના મનમાં "મારી પાસે સોનાની બંગડી નથી" એ વિચાર ફર્યા કરે તો તે દુઃખી થાય છે. દુઃખનો આધાર સોનાની બંગડી હોવી કે ન હોવી તે નથી. પરંતુ સોનાની બંગડીનો વિચાર વ્યક્તિના દુઃખ કે સુખનો આધાર બને છે. નિર્ણય એ થયો કે વ્યક્તિ પોતાના વિચારના ભાર તળે દબાય છે. વધારે પડતા અનયુક્ત વિચારોના વમળ ઊભા થાય તો તેમાં તે સળંગ તણાય છે. પરંતુ તે આ વિચારોનું વિસર્જન કરે તો તે સત્ય હળવું ફૂલ થઈ જાય છે અને તેના હૃદયમાં આનંદનું મોજું આવી જાય છે.

વસ્તુતઃ એક માણસના ઘરમાં સારો એવો ખજાનો દટાયેલો છે. પરંતુ તેને ખ્યાલ નથી કે તેના ઘરમાં ખજાનો છે એટલે તે હમેશાં રડતો રહે છે. પરંતુ જ્યારે તેને ખ્યાલ આવે છે ત્યારે તેને ખજાનો તો મળે જ છે. પરંતુ તેને જે આનંદનો ખજાનો મળે છે તે સાચો ખજાનો છે. તમે તમારા ઉત્તમ વિચારોથી ધનના ખજાનાથી પણ વિશેષ આનંદનો ખજાનો પ્રાપ્ત કરી પ્રસન્ન થઈ શકો છો. નહીંતર વિચારોના દબાણથી ચગદાઈને, ભીંસાઈને ભયંકર પીડા ભોગવો છો. ખરેખર, વૈતરણીએ શ્રી જયંતમુનિજીના મનની વૈતરણી પાર કરાવી દીધી અને આનંદનો સાચો ખજાનો ઉપલબ્ધ કરાવ્યો. મુનિશ્રી પ્રસન્નચિત્તે બધી બેચેનીને વૈતરણીમાં પધરાવીને આનંદ સાથે પુનઃ મંદિરમાં પહોંચ્યા.

**કલ્પનાની મોહજાળ :**

મંદિરમાં પહોંચ્યા ત્યારે ત્યાં એક દુર્ઘટના થઈ હતી. પૂજાના ચડાવા માટે બે પૂજારીઓ આપસમાં લડી પડ્યા હતા. તેમને સમજાવવા છતાં બંને કોઈ પૂજારી કોઈ રીતે શાંત થતા ન હતા. મુનિશ્રી ઉપર પહોંચ્યા ત્યારે વૈતરણી જ્ઞાનનો પહેલો પ્રયોગ આ પૂજારીઓ ઉપર કરવામાં આવ્યો.

મુનિજી વચમાં જવાથી બંને ધીમા પડ્યા. જે ઉંમરલાયક પંડિત હતો તેને પૂજ્ય મુનિજીએ પૂછ્યું, "તારી શું કલ્પના છે?"

તેણે જવાબ આપ્યો, "આ પંડિત વધારે પૈસા લઈ ગયો છે."

જ્યારે બીજા પંડિતને પૂછ્યું ત્યારે તેણે પણ એ જ જવાબ આપ્યો, "આ પંડિત વધારે પૈસા લઈ ગયો છે."

શ્રી જયંતમુનિજીએ બંને પંડિતોને સમજાવ્યાં. "જુઓ પંડિતજી, ખરેખર હકીકત શું છે તે કોઈ જાણતા નથી. પણ તમારા બંનેની કલ્પના એકસરખી જ છે. તમે અત્યારે જે દુઃખી છો તે તમારી કલ્પનાથી દુઃખી છો.

"પહેલાએ કેટલા પૈસા લીધા એ ખબર નથી. પરંતુ તમે વિચારો છો કે તેણે વધારે પૈસા લીધા છે એટલે તમે દુઃખી છો. હવે તમે ભગવાનની સામે હાથ જોડીને કહો કે તેણે વધારે પૈસા લીધા નથી. હવે આ બીજા પંડિતજી પણ ભગવાનની સામે એમ જ કહે એટલે આપોઆપ તમારું સમાધાન થઈ જશે. તમે બંને સાચા છો. પરંતુ એકબીજા વિશે ખોટું વિચારો છો એટલે ઝઘડો થયો છે. માણસ વિચારથી દુઃખી થાય છે, વસ્તુથી નહીં."

બંને પંડિતને ગળે વાત ઊતરી ગઈ. બંનેએ એકબીજાને સારા કહ્યા. ઝઘડો શાંત થયો. વૈતરણીનું જ્ઞાન સફળ થયું. એક નગ્ન સત્ય હાથ આવ્યું હતું. આપણી કલ્પના જ ખરેખર આપણા માટે દેવ પણ છે અને ભૂત પણ છે.

**કેનજોરગઢનાં આકર્ષક હરણ :**

મુનિજી ત્યાંથી વિહાર કરી બધા કેનજોરગઢ પધાર્યા. કેનજોરગઢમાં જૈનનાં ઘર નથી. પરંતુ ગુજરાતી સમાજ ઘણી સારી સંખ્યામાં છે. શ્રીયુત પોપટભાઈ એ વખતના સમાજના મુખ્ય વ્યક્તિ હતા. મુનિશ્રીનો ઉતારો પોપટભાઈના ઘેર ગોઠવ્યો હતો. તેઓ ઉંમરલાયક, વિચારવાન, સંતો પ્રત્યે ભક્તિવાળા અને દાનેશ્વરી વ્યક્તિ હતા. તેમના બંગલામાં વિશાળ બગીચો અને લોન હતા. તેમણે બગીચામાં હરણ પણ પાળ્યાં હતાં. જયંતમુનિજીને હરણાંને આટલે પાસેથી જોવાનો પહેલો પ્રસંગ હતો. આપણા સાહિત્યમાં હરણનાં વર્ણન મળે છે. મૃગ પ્રેમશાસ્ત્રનો રાજા છે. તેનાં સોનેરી, આકર્ષક અણિયાળાં મોટાં શિંગડાં અને તેની પ્રાકૃતિક શોભા મનની ભાવલીલાને ગદ્ગદ કરી જાય છે. શું પ્રભુની માયા? મુનિજીએ બંને મૃગોને બોલાવ્યા ત્યારે તે પાસે આવીને ઊભા રહ્યા. તેમના પાતળા પગ, નાજુક કમરનો વળાંક અને ચંચળ પૂંછડી જાણે કોઈ કવિતાની જીવતી કડી હોય તેવો દેખાવ સર્જતા હતા.

કેનજોરગઢમાં ગુજરાતી ભાઈઓના લગભગ પચાસ ઘર છે. ત્યાંની સ્થાનિક પ્રજા સાથે ગુજરાતી ભાઈબહેનોનો ઘણો જ સુમેળ છે. વ્યવસાયમાં ગુજરાતી બંધુઓ નિપુણ હોવાથી સુખીસંપન્ન હતા તથા શહેરમાં આગવું સ્થાન ધરાવતા હતા. અહીં એક ગુજરાતી શાળા પણ ચાલે છે. કેનજોરગેટમાં પંદર દિવસની સ્થિરતા થઈ. પ્રતિદિન પ્રવચન થતાં હતાં. સત્સંગમાં નાનામોટા સૌ લાભ લેતા હતા. પૂજ્ય તપસ્વી મહારાજની પ્રેરણાથી એક દિવસ આખા સમાજનું પ્રીતિભોજન ગોઠવવામાં આવ્યું હતું.

કેનજોરગઢથી ચંપવા અને કરેજિયા થઈ ચાઈબાસા જવાનું હતું. બધી જગ્યાએ બબ્બે-ચાર ચાર ઘરો વસેલાં છે. અહીં ઓરિસાની હદ પૂરી થતી હતી અને બિહારમાં પ્રવેશ કરવાનો હતો. નદીની એક બાજુ ઓરિસા અને પેલે કિનારે બિહાર હતું, વચ્ચે બંનેને જોડતો વિશાળ પુલ હતો.

**બિહારમાં પ્રવેશ – ચાઈબાસા :**

ચાઈબાસા પહોંચ્યા ત્યારે એક લાંબી યાત્રા પૂરી થઈ હતી. ઓરિસાના અર્થાત્ કલિંગના ઘણા અનુભવો લઈ મુનિશ્રી ચાઈબાસા પહોંચ્યા હતા. ચાઈબાસા એ સિંગભૂમ જિલ્લાનું મુખ્ય કેન્દ્ર છે અને વેપારથી ધમધમતું શહેર છે. ચાઈબાસાની ચારેબાજુ ચાઈના ક્લેની મોટી ખાણો છે, જેમાં મારવાડી ભાઈઓ કરોડો રૂપિયા કમાયા છે.

ચાઈબાસામાં ધરમચંદ સરાવગીજીએ લાખોના ખર્ચે જૈન મંદિર બંધાવ્યું છે. એ જ રીતે સીતારામજી રુંગટા પણ મોટા દાનેશ્વરી હતા. 'મેરેજ હાઉસ' તેમણે જ બંધાવી આપ્યું છે. એ જ રીતે રતનલાલ સૂરજમલ પેઢીના શ્રી જ્ઞાનચંદ્રજી જૈન તથા તેમનાં પત્ની રૂપાબહેન ધર્મ-ઉપાસનામાં અને સંત-ભક્તિમાં ખૂબ જ આગળ રહેતા હતા. આ ત્રણ માંધાતાઓએ ચાઈબાસાની કીર્તિ ઉજ્જ્વળ કરી હતી.

આપણા ગુજરાતી જૈન સમાજના દીપચંદભાઈ પટેલ આગળ પડતા હતા. તેઓ આ ત્રણે મોટા પરિવાર સાથે ખૂબ જ ઘનિષ્ઠ સંબંધ ધરાવતા હતા. મુનિમહારાજની બધી વ્યવસ્થાનું સૂત્ર તેઓએ સંભાળ્યું હતું. ચાઈબાસા બાર દિવસની સ્થિરતા થઈ. સત્સંગનો જનતાએ પૂરો લાભ ઉઠાવ્યો. મારવાડી, ગુજરાતી સિવાય હિન્દુસ્તાની ભાઈઓ, ઑફિસરો, પંજાબી ભાઈઓ એટલો બધો રસ લેતા હતા કે સાંજ થતાં મૅરેજ હાઉસનો હૉલ નાનો પડવા લાગ્યો. ત્યાંની અનુપમ ભક્તિ મેળવી મુનિરાજો ટાટા તરફ વળ્યા.

**કૃષ્ણકુમારની દીક્ષા :**

કૃષ્ણકુમારને દીક્ષા આપવાની ધારણા હતી. તેથી બા.બ્ર. જયાબાઈ સ્વામી ઠાણા ૩ જમશેદપુરમાં બિસ્ટીપુર પહોંચ્યા હતા. સાકચી, જુગસબાઈ અને બિસ્ટીપુર, ત્રણે વિસ્તારના મુખ્ય કાર્યકર્તાઓ એકત્ર થયા. શ્રીયુત નરભેરામભાઈએ કૃષ્ણકુમારને અહીં દીક્ષા આપવા માટે પ્રાર્થના કરી. તે વખતે દુર્લભજીભાઈ મડિયા તથા ઓતમચંદ શેઠ બંને મુખ્યપણે સંઘ સંભાળતા હતા. શ્રી જયંતમુનિજીએ સંઘને પ્રેરણા આપી કે "તમારે આંગણે આ પ્રથમ દીક્ષા-મહોત્સવ છે. શ્રીસંઘ ભાગ્યશાળી છે. જ્યાં સાધુ-સંતોનું આગમન પણ સંભવ ન હતું. ત્યાં આજે દીક્ષા આપવાનો અવસર આવ્યો તે ખરેખર સંઘનો પુણ્યોદય કહેવાય."

સંઘની પ્રાર્થનાને માન આપી પૂ. તપસ્વી મહારાજે કૃષ્ણકુમારને બિસ્ટીપુરમાં દીક્ષા આપવાની ઘોષણા કરી. ૧૯૬૧ની બારમી મેને શુક્રવારનો દિવસ નિર્ધારિત થયો. પાંચ દિવસનો ભરચક દીક્ષા-મહોત્સવનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો. ૪ ફુલેકાં અને ૧ મહાભિનિષ્ક્રમણનો વરઘોડો– આમ પાંચ દિવસનું આયોજન થયું. શ્રી મહિલા સંમેલન, યુવાસંમેલન, આમંત્રિત સદ્ગૃહસ્થોનું સંમેલન અને અભિનંદન સંમેલન - એમ ૪ સંમેલન ગોઠવાયાં.

પંજાબી આર્યસમાજની બહેનો પૂ. મુનિજીના પ્રવચનમાં ખૂબ રસ લેતી હતી. તેઓએ મહિલા સમાજનું નેતૃત્વ સંભાળ્યું. મિસિસ તલવાર ખૂબ જ આગળ પડતાં નારી હતાં. નામ પ્રમાણે તેમની વાણી પણ તેજસ્વી તલવાર જેવી હતી. તે દક્ષ અને નિપુણ હોવાથી બધું કાર્ય સુંદર રીતે પાર પાડી શકતા. બહેનોએ ધર્મ ટકાવ્યો છે અને હવે બહેનોએ ધર્મમાં શું ક્રાન્તિ કરવાની છે તે વિચારો મહિલા સંમેલનમાં પ્રસારિત કરવામાં આવ્યા. યુવા સંમેલનનું નેતૃત્વ શામજીભાઈ ટાંકને સોંપવામાં આવ્યું. તેઓ સમાજના ખૂબ જ પ્રતિષ્ઠિત વ્યવસાયી હોવાથી કામ ઘણું જ સુંદર દીપાવ્યું.

આમંત્રિત સદ્ગૃહસ્થનું સંમેલન વિશાળ પાયા પર આયોજિત થયું. તેમાં ટાટાનગરના બધા પ્રમુખ વ્યક્તિઓની હાજરી હતી. આ સંમેલનમાં ત્યાગ, દીક્ષા-મહોત્સવ અને ત્યાગીજીવનની વિગત આપવામાં આવી. પૂ. જયંતમુનિજીએ પ્રેરણા આપી કે આ દીક્ષામાં બધા ભાઈઓ ખુલ્લા દિલથી ભાગ લે અને કોઈ પણ સાંપ્રદાયિક મતભેદ મનમાં ન રાખે. તેમણે વધુમાં જણાવ્યું કે આ

કેવળ જૈન દીક્ષા-મહોત્સવ નથી પરંતુ સમગ્ર જમશેદપુરનો મહોત્સવ છે એમ સમજીને બધા ભાઈઓએ દરેક કાર્યક્રમમાં ખુલ્લા દિલથી ભાગ લેવાનો છે. પૂ. મુનિશ્રીની પ્રેરણાથી બધા ચેતનવંતા થઈ ગયા.

કૃષ્ણકુમારના પરિવારને અભિનંદન આપવા માટે આ સમારોહનું આયોજન કર્યું હતું. સમારોહ ઘણી સારી રીતે ગોઠવવામાં આવ્યો હતો. મુખ્ય અતિથિ તરીકે ચાઈબાસાથી શ્રીયુત સીતારામજી રુંગટા અને વિશેષ અતિથિ તરીકે શ્રી જ્ઞાનચંદ જૈનને આમંત્રિત કરવામાં આવ્યા હતા. બિસ્ટીપુર સમાજે તેમનું અહોભાવથી સ્વાગત કર્યું.

દીક્ષા-મહોત્સવનો શુભારંભ થઈ ચૂક્યો હતો. સીતારામજી રુંગટાને જનતાએ તાળીઓના ગડગડાટથી વધાવ્યાં. તેમની મીઠી વાણી, જોશીલા ભાવ અને હૃદયની ઉદારતા બધાને સ્પર્શી જાય તેવાં હતાં. ચારેય ફુલેકાં લેવાઈ ગયાં હતાં. શેઠશ્રી નરભેરામભાઈના બંગલેથી મહાભિનિષ્ક્રમણનો વરઘોડો નીકળવાની તૈયારી હતી. વરઘોડો નગરના પ્રમુખ માર્ગો ઉપર ફર્યા પછી ગુજરાતી સ્કૂલના પ્રાંગણમાં આવવાનો હતો. સ્કૂલના વિશાળ પંડાલમાં દીક્ષાનો પાઠ ભણાવવાનો હતો.

પ્રાતઃકાલ સવારના બૅન્ડ પાર્ટીઓ આવી ગઈ. ૨૫૧ બહેનોએ કળશ ઉપાડ્યા. વર્ષીદાન દેવા માટે કૃષ્ણકુમાર જ્યારે ગાડીમાં ઊભા થયા ત્યારે ભગવાન મહાવીરના જયનાદથી જમશેદપુર ગાજી ઊઠ્યું. સાધુસંતો અગાઉથી જ પ્રાચીન પરંપરા અનુસાર પંડાલમાં પહોંચી ગયા હતા. યુવકોએ અભિનિષ્ક્રમણના રથની ચારે તરફ મજબૂત કૉર્ડન કરી હતી. બિસ્ટીપુરના આંગણે એક અદ્વિતીય પ્રસંગ ઊજવાઈ રહ્યો હતો.

દીક્ષાનો પાઠ ભણાવવાનું મુહૂર્ત દસ વાગે રાખવામાં આવ્યું હતું. પૂજ્ય તપસ્વી મહારાજે દીક્ષાર્થીને માંગલિક સંભળાવ્યુ. બા.બ્ર. જયાબાઈ મહાસતીજીએ આશીર્વાદ આપ્યા. ત્યારબાદ પંચમુષ્ટિ લોચ કરી શ્રી જયંતમુનિએ વિધિવત દીક્ષાના પાઠ ભણાવવાના શરૂ કર્યા. ત્યારે એક વૃદ્ધે છીંક ખાધી અને તેઓ ખુરશી પરથી નીચે ઢળી પડ્યા. થોડો ખળભળાટ થયો અને વચ્ચે જ દીક્ષાનો પાઠ થંભી ગયો. લાગ્યું કે કશુંક અમંગળ સૂચન મળી રહ્યું છે. કાળને શું પ્રિય છે તે કહી શકાતું નથી. કયા ક્ષેત્રમાં કેવી ઘટમાળ સહેજે ગોઠવાય છે તે પ્રકૃતિની લીલા છે.

એક રાજકુમારની શોભામાં સજ્જ થયેલો યુવક સાધુરૂપે શ્વેત પરિધાનમાં શોભી ઊઠ્યો. પુનઃ બેમાંથી ત્રણ મુનિઓ પૂર્વ ભારતમાં વિચરણ કરતા થઈ જશે તેનો ઉમંગ છવાયો.

કૃષ્ણમુનિને દીક્ષા આપ્યા પછી. પૂ. તપસ્વી મહારાજ તથા પૂ. જયાબાઈ મહાસતીજી ઠાણા ૩ થોડા દિવસ ટાટાનગર રોકાયાં. શ્રી જયંતમુનિજી બાળમુનિને સાથે લઈ થોડા દિવસ માટે વિહારમાં નીકળ્યા. સ્વામિનારાયણ સંપ્રદાયના એક સાધુને ગુરુઓ સાથે મેળ ન થવાથી એકલા પડી ટાટાનગર આવ્યા હતા. આ સાધુનાં મા-બાપ મૂળ જૈન હતાં. સ્વામિનારાયણના સંપર્કમાં આવ્યા પછી તેણે સ્વામિનારાયણમાં દીક્ષા લીધી, પરંતુ મતભેદ થતા ટકી શક્યા નહીં. આ સાધુ પણ વિહારમાં સાથે જોડાયા.

**જેલમાંથી મહેલમાં :**

ટાટાનગરથી નીકળ્યા પછી મુનિઓનો વિહાર કાચે રસ્તે હતો. બે દિવસના વિહાર થયા પછી જંગલમાં રસ્તો અટવાઈ ગયો. આ ક્ષેત્ર યુરેનિયમ ધાતુનું હતું. ભારત સરકારે કાંટાળા તારની વાડથી પૂરા ક્ષેત્રને ઘેરી લીધું હતું. રસ્તો કાંટાની વાડમાં આવીને અટક્યો. સવારના દસ વાગ્યા હતા. જંગલમાં એક ચકલું પણ દેખાતું ન હતું. વેરાન ભૂમિ હતી. ક્યાંય છાયાનું નામ ન હતું. ગોવાળિયાઓએ આ કાંટાળા તાર ઉપર-નીચે ખેંચીને બાંધી, વચ્ચેથી જવાની જગ્યા બનાવી હતી. મુશ્કેલીથી પ્રવેશ જેટલી જગ્યા હતી. આપણું સાધુવૃંદ દૈવયોગે આ કાંટાની વાડમાંથી સરકી સરકારી ક્ષેત્રમાં પ્રવેશ્યું. આમ કરવું સર્વથા અનુચિત હતું. આજ્ઞા લીધા વિના વાડ ઓળંગી શકાય નહીં. પરંતુ મુનિરાજો શકેન્દ્ર મહારાજની આજ્ઞા લઈ અંદર પ્રવેશ્યા. ચોતરફ ડાભોળિયાનું મોટું ઘાસ હતું. વચ્ચે પગદંડી હતી. સાધુ-મહાત્માઓ કેડીએ કેડીએ આગળ વધ્યા. એવામાં બે ચોકીદારો મોટેથી બૂમ પાડતા આવ્યા અને સાધુને અટકાવ્યા.

ચોકીદારો બોલ્યા, "બાબા, તમે લોકોએ મોટી ભૂલ કરી છે. કાયદાની રુએ તમને ગિરફતાર કરવા પડશે. અમે તમને મોટા સાહેબ પાસે લઈ જઈશું. મોટા સાહેબના હુકમથી આપને જેલ પણ થઈ શકે છે. હવે તમે બીજે ક્યાંય પણ જઈ નહીં શકો. આ 'યુરેનિયમ' ફિલ્ડ છે. અહીંયાંનું પાણી જાનવર પીએ તો તે પણ મરી જાય છે. અમારા માટે બહારથી પાણી આવે છે."

આપણા સાધુઓ સારી રીતે ફસાઈ ગયા હતા. સિપાઈઓ ચારે સાધુને લઈને આગળ વધ્યા. સિપાઈઓની વાતને આધીન થવું પડ્યું. પરંતુ કુદરતની પ્રેરણા જુદી જ હતી.

વાત એમ હતી કે સાહેબ પંજાબના હતા. એમનાં ધર્મપત્ની સુપ્રસિદ્ધ વિમલમુનિનાં ખાસ ભક્ત હતા. તેઓ જૈન ન હતાં, પરંતુ જૈનમુનિ પ્રત્યે તેમની અપાર ભક્તિ હતી. જંગલમાં બે વરસ થયાં હતાં. અહીં એક પણ જૈનમુનિનાં તેમને દર્શન થયાં ન હતાં. તેઓ મુનિરાજનાં દર્શન કરવા માટે આતુર હોય અને કેમ જાણે વિધાતાએ તેમને દર્શન આપવા માટે જ સાધુઓને ભૂલા પાડ્યા હતા ! (મન તડપત હૈ હરિદર્શન કો આજ).

સાહેબના બંગલાના ઉપરના માળે બહેનશ્રી બાલ્કનીમાં બેઠાં હતાં. તેમણે સંતોને આવતા જોયા. તે ભાવવિભોર બની ગયાં. પગમાં ચંપલ પણ ન પહેર્યાં અને તે નીચે ઊતરી દોડતાં આવી પહોંચ્યાં. ભાવપૂર્વક વંદન કરવા લાગ્યાં. બે સિપાઈઓને અભિનંદન આપવા લાગ્યાં અને કહ્યું, "સારું થયું, તમે મુનિરાજોને અહીં લઈ આવ્યા." પહેલાં સિપાઈઓ તો ડઘાઈ ગયા. મોટા સાહેબનાં પત્ની આ રીતે વંદન કરે તે જોઈને સિપાઈઓને નવાઈ લાગી. એટલું જ નહીં, તેમને અંદરથી ભય લાગ્યો કે કંઈ ભૂલ તો નથી કરીને? તેમણે એક સિપાઈને કહ્યું, "જલદી જઈને સાહેબને સમાચાર આપો કે અમારા ગુરુજી પધાર્યા છે."

પહેલો સિપાઈ ગળામાંથી ગાળિયો નીકળી ગયો હોય તેમ તાબડતોબ ઊપડ્યો. એક સિપાઈ સેવામાં રોકાયો. થોડી વારમાં મોટા સાહેબ પણ આવી ગયા. તેઓએ ભક્તિપૂર્વક વંદન કર્યાં. બંને સિપાઈઓને ખૂબ નવાજ્યા. ખરું પૂછો તો મુનિમંડળ જેલમાંથી મહેલમાં પહોંચી ગયા. પરંતુ જેમ બાળક ગુનો કરે તો પણ મા-બાપ તેને ફોસલાવીને ચોકલેટ આપે છે તેમ નિર્દોષ ભાવે આજ્ઞા ભંગ કરી હતી એટલે પ્રભુએ મુનિઓને બદલામાં શિરપાવ આપ્યો. જોકે શકેન્દ્ર મહારાજ જાણતા હતા, કારણ કે તેની આજ્ઞાથી મુનિવર આ ક્ષેત્રમાં પ્રવેશ્યા હતા!

પેલા સ્વામિનારાયણ સાધુ તો પ્રથમથી જ ખૂબ ડરી ગયા હતા. તેમને લાગ્યું કે હું ક્યાં ભાઠે ભરાયો. પરંતુ સાહેબની ભક્તિ જોઈ ખુશ ખુશ થઈ ગયો હતો. ખરેખર તો આ સાધુ ખાવા-પીવાના શોખીન હતા અને આવો સારો યોગ મળે તો સુખભોગી પણ હતા.

સાહેબે અને તેની ધર્મપત્નીએ ઘણી ભક્તિ દર્શાવી. મુનિરાજોને ૩ દિવસ બંગલે રોકી દીધા. વિહારનું કોઈ લક્ષ ન હતું અને ઉતાવળ પણ ન હતી, તેથી તેમની વિનંતીને માન આપ્યું. કૉલોનીમાં સત્સંગ અને પ્રવચન પણ થયાં. જંગલમાં એકાંત વનવાસ જેવું હતું. આ ક્ષેત્રમાં માણસો ન આવે તે માટે કડક કાયદો હતો. મર્યાદિત સંખ્યામાં જ ઑફિસના માણસો, કર્મચારીઓ અને મજૂરો હતા.

સાહેબે યુરેનિયમ શું છે અને જમીનમાંથી કેવી રીતે ૨૦૦ - ૫૦૦ ફૂટ ઊંડે સુધી છિદ્ર કરી યુરેનિયમ પ્રાપ્ત કરવામાં આવે છે તે સમજાવ્યું. તેમની લેબૉરેટરીમાં પૃથ્વીના પેટાળનું આખું મોડલ બનાવેલું હતું. પૃથ્વીના ગર્ભનો પૂરો તાગ મેળવી, ઇંચ-ઇંચનું મોડલ બનાવવામાં આવ્યું હતું. આ મોડેલ જોઈને ઘણું જ જાણવાનું મળ્યું. આપણા વૈજ્ઞાનિકો કઈ રીતે કામ કરે છે અને પાતાળમાં પ્રવેશ કરે છે તે બધું આશ્ચર્યજનક હતું. ખરેખર તો આપણી પૃથ્વી રત્નકરપ્રભા છે.

**બહુરત્ના વસુંધરા :**

શાસ્ત્રોમાં પૃથ્વીને વસુંધરા કહે છે તે વાસ્તવિક છે. આ યુરેનિયમની સાથે રેડિયમ મળેલું હોય છે. એક તોલા રેડિયમની કિંમત કરોડો રૂપિયા હોય છે. જેથી યુરેનિયમ પણ એટલું જ મોઘું હોય છે. અત્યારે જે ઍટમબૉબ બન્યા છે તે માનવસંહારનું મોટામાં મોટું હથિયાર છે. તેના જનક આ યુરેનિયમ ધાતુ છે. તે ધાતુ કેટલી ભયાનક છે તેની કલ્પના કરવાથી શરીરમાં ધ્રુજારી આવી જાય છે. એક જ બૉંબથી ગૌરવભર્યું જાપાન જમીનદોસ્ત થઈ ગયું હતું અને ૬૫ વરસ પછી પણ જાપાનની કમર સીધી નથી થઈ. કરોડો રૂપિયાનો ખર્ચો કરી સરકાર આ કાળા નાગને કરંડિયામાં સાચવે છે. જોકે યુરેનિયમ એટલે કે અણુશક્તિનો ઉપયોગ મનુષ્યના લાભ માટે પણ થઈ રહ્યો છે. કુદરતની બક્ષિસનો ઉપયોગ મનુષ્યજાતિના કલ્યાણ માટે કરવો કે તેના વિનાશ માટે કરવો તે સ્વયં મનુષ્યના જ હાથમાં છે. પ્રકૃતિના ખોળે આવું તો ઘણું ઘણું આશ્ચર્ય ભર્યું છે. ત્યાં બિચારા એકલા યુરેનિયમને શો દોષ દેવો!

સાહેબના બંગલે ત્રણ દિવસની સાતા પામી મુનિઓ ઘાટશિલા તરફ આગળ વધ્યા. મુખ્ય દરવાજેથી સાહેબના માણસો પાછા ફર્યા. ત્રણે સાધુઓ હતા તેવા એકલા અટપટા જંગલમાં નીકળી ગયા. બપોરના થોડી વિશ્રાંતિ કરી, સુવર્ણરેખા નદીનો પુલ ઓળંગી, સાંજના ઘાટશિલા પહોંચી જવાની મુનિરાજોની ધારણા હતી.

ઘાટશિલા સુવર્ણરેખા નદીને કિનારે આવેલું, નાની પહાડીઓથી ઘેરાયેલું, સુંદર નાનું ગામ છે. આસપાસ ગાઢ જંગલ છે. પૂરો વિસ્તાર આદિવાસીઓથી વસેલો છે. અહીં ત્રાંબાંની ખાણો છે અને ત્રાંબું શુદ્ધ કરવાનું ભારતનું સૌથી મોટું કારખાનું છે. આ રીતે ઘાટશિલા પ્રકૃતિને ખોળે રમતું ગામ પણ છે અને ઔદ્યોગિક પ્રવૃત્તિથી ધમધમે પણ છે. છતાં એકંદરે ઘાટશિલા શાંત, વનરાજીથી શોભતું, નયનરમ્ય સ્થળ છે.

જમશેદપુરની આસપાસનાં નાનાં નાનાં ગામ, ખનિજ ઉદ્યોગો અને જંગલો વચ્ચે વિચરણ કરતા કરતા પૂજ્ય જયંતમુનિજીના ચિત્તમાં પ્રસન્નતા અને આનંદ સાથે ચિંતનની ધારા પણ વહી રહી હતી. જેમ ગંગોત્રીમાંથી સ્ફૂરેલી નાની ધારામાં અનેક નદીઓ પોતાનું પાણી ઠાલવતી જાય છે અને ગંગાને પુષ્ટ કરે છે તેમ શ્રી જયંતમુનિજીના ચિંતનનો વ્યાપ્ત વધતો જતો હતો. બેરમો ચાતુર્માસની વિશ્રાંતિ, વૈતરણી નદીના તટ ઉપરની અગમ્ય પ્રેરણા, જમશેદપુરની આસપાસનાં જંગલોનું શાંત એકાંત તેમના ચિંતનની ધારાને ઊંડાણ સાથે નવી દિશાનું સૂચન કરી રહી હતી.

બનારસના અભ્યાસ પૂરો કર્યાને એક દશકો થઈ ગયો હતો. આ દશ વર્ષમાં શ્રી જયંતમુનિજીએ પૂર્વ ભારતનાં મોટાં શહેરો, નાનાં ગામડાં, ગાઢ જંગલો, આદિવાસી વિસ્તાર અને ઔદ્યોગિક વસાહતોમાં બહોળા પ્રમાણમાં વિહાર કર્યો હતો. તેઓએ જૈન અને અજૈન સમાજ, શહેરીઓનો ભભકો, ગામડાની ભક્તિ અને ભોળા આદિવાસીઓનું પ્રાકૃતિક જીવન નિકટથી જોયું હતું. તેમણે ભારતની પચરંગી સંસ્કૃતિનો ઊંડો પરિચય મેળવ્યો. કાશીમાં સ્વાધ્યાય કર્યો હતો, અહીં અનુભવનું ભાથું ભેગું કર્યું હતું. હિમાલયમાંથી નીકળેલી ગંગા બિહાર-બંગાળના પટમાં આવે છે ત્યારે ભારતની મોટી નદીઓની જળરાશિને પોતાના ઉરમાં લઈને વહે છે. એ જ રીતે સૌરાષ્ટ્રનાં ગામડાં અને ગુરુકુળમાંથી શ્રી જયંતમુનિજીએ લીધેલી શિક્ષા બનારસના સ્વાધ્યાય અને પૂર્વભારતના અનુભવથી સંવર્ધન પામી પરિપક્વ અને સમૃદ્ધ થઈ હતી. જીવનની આ સમૃદ્ધિને જનતાને વધુ ફળદાયી રૂપે પ્રદાન કરવા માટે જયંતમુનિ હવે ઉત્સુક હતા. તે માટે પ્રકૃતિનાં પરિબળો પોતાની રીતે કામ કરી રહ્યાં હતાં. ગુરુદેવ ૧૯૬૩માં બાર વર્ષે જ્યારે ફરી બનારસ પધાર્યા ત્યારે એક વર્તુળ પૂરું થયું હતું અને નવું વર્તુળ આકાર લઈ રહ્યું હતું. આગલા ખંડમાં શ્રી જયંતમુનિજીના જીવનમાં આવી રહેલા નવા વળાંકને વધુ સ્પષ્ટતાથી જોઈ શકાશે.

❑



## २९

# પીડ પરાઈ જાણે રે !

**શ્રી** જયંતમુનિએ ૧૬ નવેમ્બર, ૧૯૫૧ના રોજ બનારસથી કલકત્તા માટે વિહાર કર્યો હતો. ૧૯૫૨નું કલકત્તામાં ચાતુર્માસ દરેક રીતે ભવ્યાતિભવ્ય હતું. શ્રી ગિરીશમુનિની દીક્ષા પણ કલકત્તામાં આ ચાતુર્માસને અંતે થઈ હતી. ત્યાર પછીનાં દસ વર્ષમાં શ્રી જયંતમુનિનું એક ચાતુર્માસ ૧૯૫૭માં કલકત્તામાં અને એક ૧૯૬૦માં ખડગપુરમાં થયું હતું. બાકીનાં આઠ ચાતુર્માસ ઝારખંડના ઝરિયા, જમશેદપુર, રાંચી, બેરમો અને ભોજૂડીમાં થયાં હતાં. આ બધાં જ ક્ષેત્રો આદિવાસી વિસ્તાર છે.

શ્રી જયંતમુનિએ છેલ્લાં દસ વર્ષમાં મોટા પાયે આદિવાસી વિસ્તારમાં વિચરણ કર્યું હતું. રાંચી, જમશેદપુર અને ધનબાદ ઝારખંડનાં મોટાં શહેર છે. આ શહેરો પણ આદિવાસી વસ્તી અને જંગલોથી ઘેરાયેલાં છે. ઝારખંડના એક શહેરમાંથી બીજા શહેરમાં જવા માટે શ્રી જયંતમુનિને ગાઢાં જંગલોમાંથી અને સંપૂર્ણ આદિવાસીથી વસેલાં ગામડાંઓમાંથી પસાર થવું પડતું હતું. શ્રી જયંતમુનિને આ દસ વર્ષમાં આદિવાસીઓની જીવનશૈલી, સામાજિક વ્યવસ્થા અને આર્થિક સ્થિતિનો અત્યંત નજીકથી પરિચય થયો. આજે ૨૧મી સદીમાં પણ મોટાભાગના આદિવાસીઓ ગામડાંઓમાં રહે છે, દરેક રીતે પછાત છે અને નિરક્ષર છે. આજથી ૫૦ વર્ષ પહેલાંની તેમની પરિસ્થિતિની તો કલ્પના જ કરવી રહી !

શ્રી જયંતમુનિએ આદિવાસીઓનાં ગામડાં અને જંગલોના વિહાર દરમિયાન જોયું કે આદિવાસીઓની સ્થિતિ કરુણાજનક છે. પહાડી વિસ્તાર હોવાને કારણે તેમનાં ખેતરોમાં ઊપજ ઘણી ઓછી થતી હતી. સિંચાઈની

વ્યવસ્થા હતી જ નહીં. વીજળી, રસ્તા અને વાહનવ્યવહારનું માળખું નહીંવત્ હતું. તે લોકો અત્યંત ગરીબી સાથે પછાત અવસ્થામાં જીવી રહ્યા હતા. તેમની આર્થિક સ્થિતિ પણ ઘણી ખરાબ હતી. જંગલોની અને ખાણોની ઊપજ ઠેકેદારોના હાથમાં હતી. આદિવાસીઓ ખાણમાં અને જંગલોમાં મજૂરીનું કામ કરતા, પરંતુ તેમને યોગ્ય મહેનતાણું મળતું નહીં. તેઓ ઠેકેદારોના શોષણના ભોગ બનતા હતા.

૧૯૬૦ના સમયમાં દેશમાં જે ઔદ્યોગિકીકરણ અને સુધારા થઈ રહ્યાં હતાં તેનો સ્પર્શ માત્ર પણ આદિવાસીઓને થયો ન હતો. સૌથી વધુ દુ:ખ અને નવાઈની વાત એ છે કે સમગ્ર ભારતમાં ઝારખંડ (એ સમયનું છો ા નાગપુર) ખનિજ સંપત્તિમાં સૌથી વધુ સમૃદ્ધ છે. તેની ખનિજ સંપત્તિને કારણે તે વિસ્તારમાં કોલિયારીઓ, અબરખ અને લોઢાની ખાણોનો ઝડપથી વિકાસ થયો. પરંતુ તેનો લાભ અન્ય પ્રદેશોના ઉદ્યોગપતિઓને મળતો હતો. કેળવાયેલા મજૂરો પણ બહારથી આવતા હતા. આ રીતે ભારતની વિકાસયાત્રાથી તેઓ સર્વથા વંચિત રહી ગયા હતા.

આદિવાસીઓની પરિસ્થિતિ જોઈને શ્રી જયંતમુનિનું હૃદય દ્રવી જતું હતું. આદિવાસીઓના ઉદ્ધારની કોઈ શક્યતા કે માર્ગ તેમને દેખાતાં ન હતાં.

આવી અંધકારમય પરિસ્થિતિમાં આદિવાસીઓ માટે આશાનું જો કોઈ કિરણ હોય તો તે ક્રિશ્ચિયન મિશનરીઓ હતા! આદિવાસી વિસ્તારમાં જે કંઈ સ્કૂલ, હૉસ્પિટલ કે પ્રાથમિક સગવડતાઓ હતી તે બધી જ આ ક્રિશ્ચિયન મિશનરીઓ ચલાવતા હતા. એ સમયે રાંચીની આસપાસના સંકડો માઈલ સુધી અંદરનાં જંગલોમાં આ ક્રિશ્ચિયન સેવાભાવીઓ પહોંચી ગયા હતા. સાથેસાથે આદિવાસીઓનું મોટા પ્રમાણમાં ધર્મપરિવર્તન પણ થઈ રહ્યું હતું. તેની સરખામણીમાં હિંદુ સમાજ તરફથી આદિવાસીઓના વિકાસ માટે કે તેમને મુખ્ય ધારામાં સમાવી લેવા માટે કોઈ જ પ્રયાસ થતા ન હતા. ઝારખંડની બહારથી આવેલ ઉજળિયાત હિંદુ કોમે આદિવાસીઓના શોષણ સિવાય કંઈ જ કર્યું નથી.

### ખ્રિસ્તી સાધ્વીની સેવાભાવના :

એક વાર શ્રી જયંતમુનિ પલામુ જિલ્લામાંથી પસાર થઈ રહ્યા હતા. તેઓ જંગલ પાર કરી થોડા ખુલ્લા વિસ્તારમાં પ્રવેશ્યા. આસપાસ નાની પહાડીઓ હતી અને સપાટ ભૂમિમાં થોડાં છૂટાં-છવાયા ખેતરો હતાં. પાસે એક નાની નદીનો સુકાયેલો પટ હતો. ભર ઉનાળાનો સમય હતો એટલે ખેતરો વણખેડાયેલાં પડ્યાં હતાં. નદીમાં પાણી જરા પણ હતું નહીં. તેની રેતી અને કાળમીંઢ ખડકો તડકામાં તપી રહ્યાં હતાં. દૂર સુધી વેરાન અને ઉજ્જડ હતું. માણસ તો દૂર રહ્યા, દૂર સુધી કોઈ ચકલું પણ ફરકતું દેખાતું ન હતું.

આવા ધોમ તડકામાં કાચી-પાકી સડક ઉપરથી મુનિરાજો આગળ વધી રહ્યા હતા. એવામાં

શ્રી જયંતમુનિએ દૂરથી કોઈ વ્યક્તિને આવતા જોઈ. એ વ્યક્તિ થોડી નજીક આવતાં જણાયું કે કોઈ સ્ત્રી એકલી આવી રહી હતી.

આવા ઉજ્જડ અને વેરાન જંગલમાં ખરે બપોરે એકલી સ્ત્રીને જોઈને શ્રી જયંતમુનિને થોડું આશ્ચર્ય થયું. જ્યારે તે બાઈ નજીક આવી ત્યારે શ્રી જયંતમુનિએ તેને પૂછ્યું, "આવા કસમયે, ધોમ તડકામાં તમે એકલા નીકળી પડ્યાં છો તેનું શું કારણ છે ?"

તે સ્ત્રીએ હળવેથી જવાબ આપ્યો, "હું ખ્રિસ્તી સાધ્વી 'નન' છું. હું થોડે દૂરનાં ગામડાંમાં જઈ રહી છું."

વધારે પૂછ-પરછ કરતાં તેણે વધારે વિગત આપી. "હું થોડા સમયથી આ વિસ્તારનાં ગામડાંઓમાં કામ કરું છું. અહીં માઈલો સુધી નથી કોઈ સ્કૂલ કે નથી કોઈ ડૉક્ટર કે દવાખાનું. વાહનવ્યવહારનાં સાધન નહીંવત્ છે. અહીં કોઈ સગવડતા નથી. પ્રજા અતિશય ગરીબ અને પછાત છે. તેમની કઠણાઈની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. હું પાસેના ગામમાં રહું છું અને આસપાસનાં ગામડાંઓમાં જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં મેડિકલ સહાય આપવાનો પ્રયત્ન કરું છું. કામ ઘણું છે અને કામ કરનારા ઓછા છે. આ સમગ્ર આદિવાસી વિસ્તારમાં હું એકલી છું."

શ્રી જયંતમુનિની જિજ્ઞાસા જાગી. તેમણે એ બાઈને વધારે માહિતી માટે પૂછ્યું, "ગામડામાંથી કોઈએ સમાચાર આપ્યા હશે તો જ તમે ત્યાં જઈ રહ્યા હશો ને? તમારી સાથે કેમ કોઈ નથી? જે માણસ એ ગામમાંથી તમારી પાસે કોઈની માંદગીના સમાચાર લઈને આવ્યો હશે તે કેમ સાથે નથી? આવા જંગલ અને તડકામાં એકલાં જવાનું કેમ સાહસ કર્યું છે ?"

એ સ્ત્રીએ થોડું હસીને કહ્યું, " અહીંની પ્રજાની હાડમારી અને અજ્ઞાનની આપણે કલ્પના નથી કરી શકતા. પોતાની જરૂરિયાત માટે શું કરવું જોઈએ તેનું પણ આ લોકોને ભાન નથી. તેમના ભલા માટે કોઈની રાહ ન જોતાં આપણે જ ઘટતું કરવાનું રહે છે. જોકે આજની વાત જુદી છે.

"થોડે દૂરના ગામડાના આદિવાસીઓ મારી પાસે દવા અને સારવાર માટે આવે છે. તે ગામમાં એક બાઈ સગર્ભા છે. તેની પ્રસૂતિ આજકાલમાં થવી જોઈએ. તેની પાસેથી કોઈ સમાચાર મળે તેવી રાહ ન જોવાય. એટલે હું તે સ્ત્રીને પ્રસૂતિ કરાવવા એ ગામમાં જઈ રહી છું."

શ્રી જયંતમુનિ એ સ્ત્રીની વાત સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયા. તેમને એ સ્ત્રી પ્રત્યે માન પણ થયું. શ્રી જયંતમુનિએ મનોમન ખ્રિસ્તી મિશનરીઓની નિષ્ઠા અને સેવાની ભાવનાનો સ્વીકાર કર્યો. છોટાનાગપુરના લાંબા સંપર્કને કારણે તેઓ જાણતા હતા કે આદિવાસીઓની દરિદ્રતાથી અને શોષણથી ઘેરાયેલી અંધકારમય જિંદગીમાં પ્રકાશ ફેલાવાનું કામ માત્ર ખ્રિસ્તીઓ જ કરી રહ્યા હતા. શ્રી જયંતમુનિનું હૃદય કંપી ઊઠ્યું. જો આ વિસ્તારમાં ખ્રિસ્તી મિશનરીઓ ન આવ્યા

હોત તો આ આદિવાસીઓનું શું થાત? એક તરફ ઠેકેદારોના લોભ અને ત્રાસથી તેમની અગાઉની પ્રાકૃતિક જીવનશૈલી ઊથલપાથલ થઈ ગઈ હતી, જ્યારે બીજી તરફ આધુનિક યુગના લાભથી તેઓ વંચિત રહી ગયા હતા. આ બેવડી ભીંસમાં દબાઈ રહેલા આદિવાસીઓની કરુણ દશા ફક્ત ખ્રિસ્તી મિશનરીઓ જ અનુભવી રહ્યા હતા.

શ્રી જયંતમુનિના મનમાં પ્રશ્ન ઊઠ્યો, "શા માટે આ પ્રજા ખ્રિસ્તી ન થઈ જાય? આપણો સમાજ તેમના માટે શું કરે છે?' શ્રી જયંતમુનિએ છોટાનાગપુરના વિસ્તારમાં વ્યાપક પ્રમાણમાં વિહાર કર્યો હતો. તેઓ સ્થાનિક સમસ્યાઓથી પરિચિત હતા અને મિશનરીઓ જે કામ કરી રહ્યા હતા તેનો પણ ખ્યાલ હતો. તેમને એ વ્યથા હતી કે આપણા સમાજની ઉપેક્ષાને કારણે આદિવાસી પ્રજા વટલાઈ જશે.

**એક શિક્ષકની હતાશા :**

એ જ વિસ્તારમાં શ્રી જયંતમુનિને એક એવો અનુભવ થયો કે તેમની વ્યથા વધી ગઈ.

શ્રી જયંતમુનિ રાંચી તરફ વિહાર કરી રહ્યા હતા. રાંચી વહેલા પહોંચવા માટે તેઓ વહેલી સવારના વિહાર કરી, કોઈ ગામમાં વિશ્રાંતિ કરી, ફરીથી બપોરના વિહાર શરૂ કરતા અને કોઈ યોગ્ય સ્થળ મળતાં રાત્રિ માટે વિરામ કરતા. આ રીતે વિહાર કરતા કરતા તેઓ રાંચીથી થોડે દૂર ખૂંટી નામે ગામ પહોંચ્યા. સાંજ થવા આવી હતી એટલે તેમણે ખૂંટીની એક સ્થાનિક સ્કૂલમાં મુકામ કર્યો.

રાત પડતા ચારે તરફ સૂનકાર છવાઈ ગયો. અંધારું જામવા લાગ્યું હતું. સવારે વહેલો વિહાર કરવાનો હતો એટલે મુનિશ્રીઓ ઊંઘવાની તૈયારી કરવા લાગ્યા. એ વેળાએ જોરજોરથી સતત દરવાજો ખટખટાવાનો અવાજ આવ્યો. અત્યારે રાતના અજાણ્યા ગામમાં કોણ આવ્યું હશે તેવો વિચાર કરતા કરતા શ્રી જયંતમુનિ દરવાજો ખોલવા માટે ઊઠ્યા. તપસ્વીજી મહારાજ પણ પરસાળમાં આવી ગયા.

શ્રી જયંતમુનિ દરવાજો પૂરો ખોલે તે પહેલાં જ એક માણસે દરવાજો હડસેલીને અંદર પ્રવેશ કર્યો. આછા અજવાળામાં જણાતું હતું કે તે કોઈ આધેડ વયનો માણસ હતો. તેણે ખાદીનાં કપડાં પહેર્યાં હતાં. તે ક્રોધમાં કાંપી રહ્યો હતો.

પરસાળમાં પ્રવેશતાં જ તે જોરશોરથી મુનિઓને કહેવા લાગ્યો, "તમે કોણ છો? અહીં શા માટે આવ્યા છો ?"

શ્રી જયંતમુનિએ તેને શાંતિથી સમજાવવાનો પ્રયત્ન કર્યો, "અમે જૈન સાધુ છીએ. અમે રાંચી તરફ જઈ રહ્યા છીએ. અમે..."

"મને ખબર છે. મને ખબર છે તમે સાધુ છો." શ્રી જયંતમુનિને અધવચ્ચે જ અટકાવીને તે બોલ્યો, "એટલે જ તમને પૂછું છું કે તમે અહીં શા માટે આવ્યા છો? અહીં તમારું કોઈ કામ નથી. ચાલ્યા જાઓ." તે હજુ પણ ક્રોધમાં હતો અન કાંપી રહ્યો હતો.

શ્રી જયંતમુનિને સમજણ ન પડી કે આ માણસ શા માટે આટલો ગુસ્સે થયો છે. તેમણે ફરીથી કહ્યું, "જુઓ ભાઈ સાહેબ, અમે આ મકાનમાં મંજૂરી લઈને આવ્યા છીએ."

"તમને કોણે મંજૂરી આપી? આ સ્કૂલમાં તમારા જેવા સાધુ-બાવાઓનું કોઈ કામ નથી. તમે સાધુઓ મફતનું ખાઈ-પીને આરામથી ફરો છો. દેશ કે સમાજ માટે તમે શું કરો છો? તમે લોકોએ દેશને લૂંટવામાં બાકી નથી રાખ્યું. ભોળા માણસોને લૂટવાનો ધંધો છોડીને તમારે બીજું કંઈ કામ છે કે નહીં?"

શ્રી જયંતમુનિને આ પ્રકારના ઘણા અનુભવ થઈ ચૂક્યા હતા. તે જાણતા હતા કે ઘણા માણસોને સાધુઓ પ્રત્યે અણગમો હોય છે. આવા માણસોને કેમ સંભાળવા તે સારી રીતે જાણતા હતા. જો દિવસ હોત તો તેઓ એ જ ક્ષણે ત્યાંથી નીકળી ગયા હોત. પણ અત્યારે રાતનો સમય હતો. તે જાણતા હતા કે અત્યારે શાંતિ રાખી સમજાવટથી કામ લેવું પડશે.

"ભાઈશ્રી, તમને ન ગમતું હોય તો અમે ચાલ્યા જઈશું. પણ તમે ધારો છો તેવા અમે નથી. અમે જૈન સાધુ છીએ. અમે નિરુપદ્રવી અને અપરિગ્રહી છીએ. અમે પગપાળા જ મુસાફરી કરીએ છીએ. અમે ચાલતા ચાલતા રાંચી જઈ રહ્યા છીએ. વહેલી સવારે અમે ચાલ્યા જવાના છીએ. રાતવાસો કરવા અહીં રોકાણા છીએ. સાંજે અહીં આવ્યા ત્યારે જે માણસ અહીં હતો તેની મંજુરી લીધી છે."

તે માણસનો ક્રોધ કોઈ રીતે ઓછો થતો ન હતો. તેણે બરાડા પાડીને બોલવાનું ચાલુ રાખ્યું, "હિંદુસ્તાનમાં બધા જ સાધુઓ અને બાવાઓ એકસરખા જ છે. મોટા સાધુઓ માલ-મલીદો ખાય છે અને નાના સાધુઓ ભીખ માંગીને ખાય છે. કામ કોઈ કરતા નથી. તેઓ દેશના સૌથી મોટા શત્રુ છે. આ દેશની પ્રજાના શોષણ માટે આ કહેવાતા સાધુઓ જ જવાબદાર છે. પરજીવી કીડાની જેમ સમાજ ઉપર જીવો છો, પણ તમે સમાજને બદલામાં શું આપો છો ?"

શ્રી જયંતમુનિ સમજી ગયા કે આ માણસને સાધુઓનો કોઈ કડવો અનુભવ થયો લાગે છે. તેમને થયું કે આ માણસનો પૂર્વગ્રહ ભાંગવો પડશે. તેમણે અત્યંત સમતાપૂર્વક કહ્યું, "તમારી ઇચ્છા વગર અમે અહીં એક મિનિટ પણ રહીશું નહીં. અમે બહાર રસ્તામાં રાત વિતાવશું. પણ અમે જઈએ એ પહેલાં અમને એક વાત કહો. અમે તમારા માટે શું કરીએ? તમારી ફરિયાદ છે કે અમે સાધુઓ કંઈ કરતા નથી. તમે જ કહો, અમારે શું કરવાનું છે ?"

શ્રી જયંતમુનિની સમતાની તેની ઉપર થોડી અસર થઈ. તે થોડો શાંત થયો. તેણે કહ્યું, "મારે તમારી કોઈ સેવા જોઈતી નથી. તમે સમાજ માટે શું કરો છો ?"

શ્રી જયંતમુનિએ ફરી સમજાવ્યું, "જૈન સાધુનું જીવન સમાજ માટે જ સમર્પિત હોય છે. અમારી પોતાની વ્યક્તિગત જરૂરિયાત ઓછામાં ઓછી હોય છે. અમે ગામેગામ વિચરણ કરીને આપણી સંસ્કૃતિને જીવતી રાખીએ છીએ અને સંસ્કારની જાળવણી કરીએ છીએ."

એ માણસે પોતાની દલીલ અને આક્ષેપો ચાલુ રાખતાં કહ્યું, "એ તો તમે ઊંચી જ્ઞાતિવાળા માટે કરો છો. તમે આ આદિવાસીઓ માટે શું કરો છો ?"

શ્રી જયંતમુનિને થયું કે તેને કોઈ મોટી ફરિયાદ લાગે છે. મનનો ઊભરો નીકળી જશે તો આ માણસ શાંત થશે. એટલે શ્રી જયંતમુનિએ તેને જ બોલવાનો મોકો મળે એ રીતે વાત ચાલુ રાખતાં પૂછ્યું, "અમે નાતજાતના કોઈ ભેદભાવમાં માનતા નથી, તેમજ તમે ધારો છો તેવા સાધુ પણ નથી. તમે ઇચ્છતા હશો તો અમે અત્યારે જ ચાલ્યા જઈશું. પણ અમે એ પણ જાણવા માંગીએ છીએ કે તમને સાધુઓ માટે આટલો રોષ શા માટે છે. તમે અમને જણાવો તો બની શકે છે કે અમે કંઈક ઉપયોગી થઈ શકીએ."

જયંતમુનિની સૌમ્ય વાણી અને સમતાની તેની ઉપર થોડી અસર થઈ. તે શાંત થયો. તેણે પોતાનો અનુભવ શ્રી જયંતમુનિને જણાવ્યો.

એ માણસનું નામ મિશ્રાજી હતું. તે આ સ્કૂલનો શિક્ષક હતો અને સ્કૂલની વ્યવસ્થા પણ સંભાળતો હતો. તે ગાંધીવાદી હતો અને તેણે આઝાદીની લડતમાં પણ ભાગ લીધો હતો. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં તેને વિશ્વાસ હતો. ગાંધીજીની સેવા અને સર્વોદયની ભાવનાથી પ્રેરાઈને તે ગામડાંઓના ઉત્કર્ષમાં જોડાઈ ગયો હતો. છોટા નાગપુરના જંગલનાં ગામડાંઓ અને આદિવાસીઓના શિક્ષણને તેણે પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું હતું.

તેને આશા હતી કે આઝાદી પછી એક નવો સૂરજ ઊગશે. સદીઓથી જેમની ઉપેક્ષા થઈ રહી છે તેવા આદિવાસીઓ માટે વિકાસનાં નવાં દ્વાર ખૂલશે. પરંતુ તેની આશા ઠગારી નીકળી. આદિવાસીઓ આઝાદી પછી આર્થિક અને સામાજિક રીતે વધારે પરતંત્ર થયા હતા. આદિવાસીઓ સરકારી ભ્રષ્ટાચાર અને ઠેકેદારોના લોભના ભોગ બની રહ્યા હતા. તેઓ માણસના ખોળિયામાં પશુનું જીવન જીવી રહ્યા હતા. ચારે તરફના શોષણ અને ત્રાસના વાતાવરણ વચ્ચે ફક્ત ખ્રિસ્તી મિશનરીઓ તરફથી માણસને છાજે તેવું વર્તન અને સહાનુભૂતિ જોવા મળતાં હતાં. એ લોકો જ આદિવાસીઓ માટે કંઈક કામ કરી રહ્યા હતા.

મિશ્રાજીનું હૃદય ખળભળી ઊઠ્યું. તેમણે સ્વતંત્ર ભારતની જે કલ્પના કરી હતી તે ભાંગી

પડી. તે ઘોર હતાશાથી વીંટળાઈ ગયા. ખ્રિસ્તી સાધુઓ અને આપણા સાધુઓ અને મહંતોની દિનચર્યાનો તફાવત આઘાતજનક હતો. એક તરફ ઠાઠમાઠ વચ્ચે રહેતા મહંતો હતા અને બીજી તરફ પોતાના દેશથી હજારો માઈલ દૂર, જંગલમાં હાડમારી વચ્ચે સ્વેચ્છાએ સેવા કરી રહેલા મિશનરીઓ હતા!

મિશ્રાજીનો અજંપો વધી રહ્યો હતો. આપણા સમાજે વર્ણવ્યવસ્થાને નામે હજારો વર્ષથી આદિવાસીઓ, હરિજનો અને અન્ય પછાત જાતિઓ સાથે અન્યાય કર્યો છે. ભૂતકાળને ભૂલી જઈએ, પણ આઝાદીના આંદોલન સમયે ગાંધીજીએ શરૂ કરેલી સમાજસુધારાની ચળવળ શું આ રીતે હવાઈ ગયેલા ફટાકડાની જેમ ફૂસ થઈ જશે? હજારો નવજવાનોનાં બલિદાનનો શું આવો અંજામ આવશે? આપણા સાધુઓનું કર્તવ્ય શું પૂજાપાઠથી પૂરું થઈ જાય છે? મધ્યયુગમાં પછાતો મુસલમાન બની ગયા હતા. હવે આદિવાસીઓ શું ખ્રિસ્તી બની જશે? મિશ્રાજીની પીડા અસહ્ય થઈ ગઈ. આપણા સમાજ અને સાધુ-મહંતો પ્રત્યે તેમના રોષની જ્વાળા ભભૂકી ઊઠી.

સ્કૂલમાં કોઈ સાધુ ઊતર્યા છે તેવા સમાચાર મળતાં જ મિશ્રાજી આ સાધુઓની ખબર લેવા દોડી ગયા.

પછી તો મિશ્રાજીએ પણ શ્રી જયંતમુનિજીની વાતો સાંભળી. તેમને પણ સમજાણું કે આ સાધુઓ બીજાથી જુદા છે. મિશ્રાજીએ પણ મુનિશ્રી પાસે પોતાના વર્તન બદલ અફસોસ વ્યક્ત કર્યો.

શ્રી જયંતમુનિના હૃદય ઉપર આવા પ્રસંગોની ઘેરી અસર પડી. તેમનું મન એક પ્રકારની વિમાસણમાં પડ્યું. તેમણે પૂર્વ ભારતમાં વ્યાપક વિહાર કર્યો હતો. અહીંની પ્રજાના જીવનનો પણ તેમને ઊંડો અનુભવ થયો હતો. કરુણા અને સેવાનું જીવનમાં ચોક્કસ સ્થાન છે તેવી તેમને દૃઢ પ્રતીતિ થઈ. જૈન સાધુની આચારસંહિતાનું પાલન કરીને પણ સ્વકલ્યાણ સાથે પરકલ્યાણ થઈ શકે છે તેવો વિશ્વાસ થયો. તેમને લાગ્યું કે પરકલ્યાણ એટલે સભાખંડોમાં પ્રવચનોની હારમાળા નહીં, પણ અંત્યજોની સેવા એવી વ્યાખ્યા થવી જોઈએ. તેમને સ્પષ્ટ લાગતું હતું કે જ્ઞાન જો ક્રિયામાં ન પરિણમે તો એ જ્ઞાન કોરું છે. આ ક્રિયા એટલે સેવા. જો કરુણા કાર્યમાં ન પરિણમે તો એ કરુણા શા કામની? જો કરુણાથી પીડિતોની પીડા ઓછી ન થાય તો એ કરુણાનો શો અર્થ?

આદિવાસીઓની પરિસ્થિતિ, સમાજની ઉપેક્ષા અને ખ્રિસ્તીઓની સેવાની ધગશ જોઈને શ્રી જયંતમુનિને લાગતું હતું કે બધા આદિવાસીઓ ટૂંક સમયમાં ધર્મપરિવર્તન કરી, ક્રિશ્ચિયન થઈ જશે. તેમને એ પીડા થઈ રહી હતી કે આંખ સામે આ તથ્ય દેખાતું હોવા છતાં કંઈ કરી શકતા ન હતા! શ્રી જયંતમુનિને સમજાણું કે મિશ્રાજીના આક્રોશના મૂળમાં તેમની અકળામણ અને હતાશા કામ કરી રહી હતી.

**બેલચંપા આશ્રમ :**

આપણે શ્રી જયંતમુનિના જીવન પર દૃષ્ટિપાત કરીએ તો આપણને જણાશે કે છેક નાનપણથી તેમના હૃદયમાં કરુણા અને સેવાનાં બીજ રોપાયેલાં હતાં. જ્યારે જ્યારે અવસર મળ્યો છે ત્યારે ત્યારે તેમણે ખરા હૃદયથી સેવા કરી છે. ગારિયાધારમાં ડોશીમા અને દલખાણિયામાં મૂળજીબાપાએ તેમની ઉપર અંતરના આશીર્વાદ વરસવ્યા હતા.

શ્રી જયંતમુનિના અંતરમાં આદિવાસીઓ અને ગ્રામીણ જનતા માટે કંઈ નક્કર કાર્ય કરવાની ઇચ્છા ઘણા સમયથી ઘોળાતી હતી. તેમાં પણ જંગલમાં એકલી ચાલી જતી ખ્રિસ્તી સાધ્વી અને મિશ્રાજી જેવા અનુભવ પછી સેવાની લગની તીવ્ર થતી જતી હતી.

ઝરિયા-ધનબાદના ઉદ્યોગપતિ શેઠ હરચંદમલજી જૈને છેક ૧૯૫૨માં શ્રી જયંતમુનિ પાસે પ્રસ્તાવ મૂક્યો હતો કે આપશ્રી સેવાનું કોઈ પણ કાર્ય શરૂ કરશો તો તેમાં મારો પૂરો સહયોગ રહેશે. ત્યાર પછી તો હરચંદમલજી અને તેમનાં પત્ની પુષ્પાદેવી જૈન મુનિશ્રીના અનન્ય ભક્ત તરીકે હંમેશ સેવામાં હાજર રહેતાં હતાં. તેમની સાથે પણ અનેક વાર કોઈ નક્કર કાર્ય કરવા બાબત ચર્ચા-વિચારણા થતી રહેતી હતી.

એક દિવસ શ્રી હરચંદમલજીએ શ્રી જયંતમુનિ પાસે ફરીથી પ્રસ્તાવ મૂક્યો. “આપશ્રીનો વિહાર આ બાજુના પ્રદેશમાં કાયમ થતો રહે છે. એટલે જો કોઈ સ્થાયી સ્થળ નક્કી કરીને ત્યાં સેવાનું કામ શરૂ કરવામાં આવે તો આપશ્રી પણ ત્યાં વારંવાર જઈ શકો અને આપણને કોઈ નક્કર કામ કર્યાનો સંતોષ થાય. આપશ્રી ફરમાવો તો હું દરેક રીતે સહયોગ આપવા તૈયાર છું.”

પૂજ્ય તપસ્વીજી મહારાજે પણ આ પ્રસ્તાવમાં અનુકૂળતા બતાવી. હરચંદમલજીએ રામગઢ પાસે નદીને કિનારે એક સાધના ભવન બંધાવ્યું. પરંતુ શ્રી જયંતમુનિ જ્યારે વિહાર કરતા કરતા રામગઢ પહોંચ્યા ત્યારે તેમને આ સ્થાન બહુ અનુકૂળ ન લાગ્યું.

હરચંદમલજી દેવલોક પામ્યા એટલે એ વાત ત્યાં અટકી ગઈ હતી.

શ્રીમતી પુષ્પાદેવી જૈન પણ મુનિશ્રી પ્રત્યે ઊંડી ભક્તિ ધરાવતાં હતાં. તેમને પણ જૈન સાહેબની ઇચ્છા પૂરી કરવી હતી. પુષ્પાદેવી અને તેમના ભત્રીજા શ્રી વિમલપ્રસાદ જૈને તેમની બેલચંપાની જમીન સેવાના કાર્ય માટે અર્પણ કરવાની ભાવના બતાવી.

ગઢવા રોડ પાસે કોયલ નદીને પશ્ચિમ કિનારે તેમની ભારત માઇનિંગ કંપનીની ૧૪ એકર જમીન હતી. આ જમીન હરચંદમલજીના પરિવારે શ્રી જયંતમુનિના ઉપયોગ માટે અર્પણ કરી. સને ૧૯૬૨માં તપસ્વીજી મહારાજ અને શ્રી જયંતમુનિ ત્યાં પધાર્યા. આ જમીન બેલચંપા ગામની પાસે હતી એટલે તે બેલચંપા આશ્રમ તરીકે જાણીતી થઈ.

ત્યાર પછી મુનિરાજો તેમના વિહારમાં બેલચંપા આવતા-જતા હતા અને માનવસેવાના કાર્યની રૂપરેખા ધીરે ધીરે આકાર પામતી ગઈ. એ દરમિયાન મુનિશ્રીનું ૧૯૬૨નું ચાતુર્માસ રાંચી થયું અને ૧૯૬૩નું ચાતુર્માસ વારાણસીમાં થયું. ૧૯૫૧માં વારાણસીથી પ્રસ્થાન કર્યા પછી શ્રી જયંતમુનિ ૧૨ વર્ષે વારાણસી પધાર્યા. આ બાર વર્ષમાં વારાણસીનાં ભાઈ-બહેનોની ભક્તિમાં વધારો જ થયો હતો. સાથે સાથે આ ૧૨ વર્ષમાં ગંગા નદીમાંથી પણ ઘણું જ પાણી વહી ગયું હતું. સમયનાં વહેણ બદલાઈ ગયાં હતાં. ૧૨ વર્ષ પહેલાં વારાણસીથી પૂર્વમાં વિહાર કર્યો તે ટૂંક સમય માટે હતો. પૂર્વ ભારતના શ્રાવકોને આપણા સાધુઓનો લાભ આપવા માટે, જૈન સંસકૃતિથી નવી પેઢીને પરિચિત કરાવા માટે અને મુનિરાજોને તીર્થંકરની પાવન ભૂમિમાં યાત્રા કરી, તીર્થંકરોની ચરણરજ ગ્રહણ કરવાના મર્યાદિત પ્રયોજન માટે મુનિશ્રીઓ પૂર્વ ભારત તરફ પધાર્યા હતા. એ કાર્ય પૂરું થયે પાછા ફરતાં ફરી વારાણસીને ભક્તિલાભ આપી, ગુરુદેવ પ્રાણલાલજી મહારાજના ચરણે પાછા ફરવાનું હતું.

આ વાતને બાર વર્ષનાં વહાણાં વાઈ ગયાં હતાં. શ્રી જયંતમુનિ સૌરાષ્ટ્ર તરફ પાછા ફરતાં માર્ગમાં વિશ્રામરૂપે નહીં, પણ પૂર્વ ભારતના એક ભાગ તરીકે વારાણસી પધાર્યા હતા. હવે સૌરાષ્ટ્ર તરફ પાછા ફરવાનાં કોઈ એંધાણ દેખાતાં ન હતાં. બેલચંપાના આશ્રમને વધુ કાર્યાન્વિત કરવાનું લક્ષ હતું. વારાણસીથી શ્રી જયંતમુનિને પાછા પૂર્વ તરફ જ ફરવાનું હતું. હવે તેમની વ્યાપક દૃષ્ટિમાં પૂર્વ ભારતના જૈનની સાથેસાથે પૂર્વ ભારતના પીડિતો અને પછાત આદિવાસીઓ પણ હતા. હવે જૈન પરંપરાની સાથે ભારતીય સંસ્કૃતિને યથા શક્તિ બચાવવાનું મોટું કામ પણ હતું.

**અહિંસા નિકેતન :**

શ્રી જયંતમુનિએ વારાણસીના ચાતુર્માસ પછી ૧૯૬૪માં બેલચંપામાં ચાતુર્માસ કર્યું અને આશ્રમને સ્થાયી સ્વરૂપ આપ્યું. આશ્રમને "અહિંસા નિકેતન" નામ આપવામાં આવ્યું.

એ સમયે પૂ. જયાબાઈ મહાસતીજી પણ કોલફિલ્ડમાં વિચરતાં હતાં. એટલે તપસ્વીજી મહારાજ પણ તેમને લાભ આપવા માટે તેમની સાથે વિચરણ કરતા હતા, જ્યારે શ્રી જયંતમુનિ બેલચંપાથી અવારનવાર વિહાર કરીને તેમને સાથ આપતા હતા. શ્રી નિરંજનજી જૈન બેલચંપા આશ્રમની વ્યવસ્થા સંભાળતા હતા.

આશ્રમનો બધો જ ખર્ચ તેમનું ટ્રસ્ટ ભોગવે તેવી શ્રીમતી પુષ્પાદેવી જૈન અને શ્રી બિમલ પ્રસાદજી જૈનની ભાવના હતી. આ રીતે તેમના આર્થિક સહયોગથી અહિંસા નિકેતનનું નિર્માણ થયું અને તેની વ્યવસ્થા સુચારુ રૂપે થતી હતી. દર્શન માટે આવતા-જતા ભાવિકો પણ ભેટ રૂપે ફાળામાં રકમ નોંધાવતા હતા, જેનો માનવરાહતમાં શુભ ઉપયોગ કરવામાં આવતો હતો.

કોયલ નદીને સામે કિનારે 'રહેલા' નામનું ગામ છે. એ ગામ ગઢવા રોડ તરીકે પણ

ઓળખાય છે. રહેલામાં ચરોતરના પાટીદારો મોટે પાયે બીડી-પત્તાંનું કામ કરે છે. રહેલા-બેલચંપાની આસપાસનાં જંગલોમાં ઊગતા બીડી-પત્તાંની ઠેકેદારી તેમના હાથમાં હતી. એ સમયે ત્યાં પાટીદાર ભાઈઓની છ મોટી પેઢીઓ ચાલતી હતી. તેમના સ્ટાફમાં ગુજરાતીઓ સારી સંખ્યામાં હતા અને તે બધા ત્યાં પરિવાર સાથે રહેતા હતા. આ રીતે રહેલામાં ગુજરાતી ઘરોની સંખ્યા સારી હતી. તે બધા ચરોતરના પાટીદાર હતા અને ત્યાં જૈનોનું એક પણ ઘર ન હતું. આ પાટીદાર ભાઈઓ પણ મુનિશ્રી સંપર્કમાં આવ્યા પછી બેલચંપા આશ્રમમાં ભક્તિથી જોડાઈ ગયા હતા.

ગુજરાતી પેઢીઓ પોતાની રીતે માનવસેવાના કાર્યમાં પરોવાયેલી હતી. તેમાં જે. બી. કંપની વાળા વિઠ્ઠલભાઈ પટેલ આગળ પડતો ભાગ લેતા હતા. તેમણે રહેલામાં પોતાના ખર્ચે એક સ્કૂલ બાંધી હતી અને તેનો બધો જ ખર્ચ પણ પોતે ભોગવતા હતા. આ ઉપરાંત તેઓ ગુજરાતમાં પણ મોટે પાયે દાન કરતા હતા. આ રીતે બધી પેઢીઓ માનવસેવાનાં કાર્યોમાં પરોવાયેલી હતી. એટલે ત્યાંનો ગુજરાતી સમાજ સહેલાઈથી અહિંસા નિકેતનની માનવરાહતની પ્રવૃત્તિમાં જોડાયો હતો અને શ્રી જયંતમુનિના સેવાકાર્યમાં હંમેશ તત્પર રહેતો હતો.

આ પેઢીઓનાં પોતાનાં કાયમી રસોડાં ચાલતાં હતાં. એટલે શ્રી જયંતમુનિ પણ પ્રતિદિન તેમના રસોડે ગોચરી માટે પધારતા અને તેઓ પણ અહોભાવથી લાભ લેતા હતા. ઘણાં વર્ષો સુધી અહિંસા નિકેતનને પોતાનું રસોડું હતું જ નહીં. અહિંસા નિકેતનમાં મુનિશ્રીના દર્શને આવતા ભક્તો અને અન્ય મહેમાનોના જમવાની સગવડતા જે. બી. કંપનીના રસોડે જ થતી હતી. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ ઉદાર દિલના હતા અને તેમને શ્રી જયંતમુનિ પ્રત્યે ઘણો જ ભક્તિભાવ હતો. એટલે મહેમાનોની પોતાને રસોડે જમવાની વ્યવસ્થા કરી તે પ્રસન્નતાનો અનુભવ કરતા હતા. રહેલાના દરેક ગુજરાતી કુટુંબે શ્રી જયંતમુનિની ઘણી જ ભક્તિભાવ સાથે સેવા કરી છે. શ્રી જયંતમુનિ કહે છે કે તેમની સેવાની મધુર સ્મૃતિ કાયમ રહી છે. તેમને બેલચંપા છોડ્યે આજ ત્રીસ વર્ષ વીતી ગયાં છે છતાં એ પરિવારોએ તેમની સાથે એવો જ મીઠો સંબંધ જાળવી રાખ્યો છે. આજ દરેક કુટુંબમાં નવી પેઢી આવી ગઈ છે, છતાં તેમનાં ભક્તિ અને પ્રેમસંબંધ એવાં જ છે અને દાનપ્રવાહ પણ એવો જ ચાલુ છે. એ દુખની વાત છે કે બિહાર સરકારના બદલાયેલા કાયદા નીચે બીડી-પત્તાંનો ઉદ્યોગ નષ્ટ થઈ ગયો છે અને આ બધી પેઢીઓને મોટું આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે અને તેમનો કારભાર લગભગ બંધ થઈ ગયો છે. પરિણામે રહેલાના મોટાભાગનાં ગુજરાતી કુટુંબો વેરવિખેર થઈ ગયાં છે. છતાં આ કુટુંબોએ શ્રી જયંતમુનિ સાથે એવો જ ગાઢ સંબંધ જાળવી રાખ્યો છે.

બેલચંપા અને તેની આસપાસના વિસ્તારની ગ્રામીણ જનતાને અહિંસા નિકેતનનો લાભ મળતો જ હતો, સાથેસાથે દૂરનાં ક્ષેત્રોને પણ અનુકૂળતા અનુસાર આવરી લેવામાં આવ્યાં હતાં. શ્રી

જયંતમુનિએ નિરીક્ષણ કર્યું હતું કે ભારતનાં ગામડાંઓમાં આંખના દર્દની, ખાસ કરીને મોતિયાના ઉપચારની કોઈ સગવડ હતી નહીં. આજથી ૪૦ વર્ષ પહેલાં બિહારનાં ગામડાંઓમાં આંખની અને મોતિયાની પીડા ભોગવી રહેલા દરદીઓની પરિસ્થિતિ દયાજનક હતી. મોતિયાને કારણે મોટા ભાગના વૃદ્ધ ગ્રામીણો માટે અંધાપો છોડીને બીજો કોઈ વિકલ્પ હતો જ નહીં. શ્રી જયંતમુનિએ ઠેર ઠેર ચક્ષુ-ચિકિત્સાના કૅમ્પનું આયોજન કરી હજારો માણસોને પુનઃ આંખની જ્યોતિ આપી છે અને તેમના અંધકારમય જીવનમાં નવી રોશની પ્રગટાવી છે. તેમને નેત્રયજ્ઞના અભિયાનમાં અમદાવાદના ડૉ. રમણીકભાઈ દોશીનો અપૂર્વ સહયોગ મળ્યો હતો.

શ્રી જયંતમુનિની પ્રેરણાથી અનાડા, ચાસ, વિષ્ણુપુર, વૈશાલી, નિમદિહ, બલરામપુર, ઈચાગઢ ઇત્યાદિ અનેક ગામોમાં નેત્રયજ્ઞનું આયોજન કરી આદિવાસીઓ અને પછાત જાતિની વસ્તીને લાભ આપ્યો છે. નાનપણમાં તેમણે જ્યારે શ્રી રામકૃષ્ણ પરમહંસનું જીવનચરિત્ર વાંચ્યું હતું ત્યારથી તેમને રામકૃષ્ણનું આકર્ષણ રહ્યું હતું. તેમના જીવનમાંથી જે પ્રેરણા મેળવી હતી તેનું ઋણ ચૂકવવા તેમણે શ્રી રામકૃષ્ણના જન્મસ્થળ કામારપુકુરમાં પણ નેત્રયજ્ઞ ગોઠવ્યો હતો.

બેલચંપામાં ૫૦ વિદ્યાર્થીઓના અભ્યાસની અને રહેવાની વ્યવસ્થા હતી. ત્યાંના ચિકિત્સાલયમાં રોજ ૨૦૦ રોગીઓ સારવાર માટે આવતા હતા. ઉપચાર અને દવા તદ્દન મફત આપવામાં આવતા હતા. ધીરે ધીરે આ ચિકિત્સાલયનો લાભ આસપાસનાં ૫૦ ગામડાંનાં માણસો લેતા હતા. આ બધી જ પ્રવૃત્તિઓને મહાત્મા રણછોડદાસજી, સદવિચાર મંડળ (અમદાવાદ), ડૉ. રમણીકભાઈ દોશી, વિઠ્ઠલભાઈ પટેલ, સી. બી. કંપની, વિક્રમભાઈ વગેરેનો હંમેશ સહયોગ મળતો હતો.

❑



## ૩૦

# ઉદયગિરિની પાવન છાયામાં મહાપ્રસ્થાન

દરમિયાન શ્રી જયંતમુનિએ ૧૯૬૫માં કત્રાસને અને ૧૯૬૭માં ધનબાદને ચાતુર્માસનો લાભ આપ્યો. એ સમયે ગુલાબબાઈ મહાસતીજી પૂર્વભારતમાં વિચરણ કરી રહ્યાં હતાં. તેમણે પણ ૧૯૬૭માં ધનબાદમાં ચતુર્માસ કરેલ. આ ચાતુર્માસમાં મહાસતીજીઓએ શ્રી જયંતમુનિના ઊંડા અને વિશાળ આગમ જ્ઞાનનો પૂરો લાભ લીધો અને તેમને સ્વાધ્યાયની ઘણી જ અનુકૂળતા રહી.

ધનબાદના ચાતુર્માસ દરમિયાન પૂજ્ય તપસ્વીજી મહારાજને સારો ઉત્સાહ રહ્યો હતો. તેમણે પૂરું જીવન અનેક નાનીમોટી તપશ્ચર્યાઓથી પોતાની જાતને કસી હતી. હજુ આ ઉંમરે પણ તેમને એટલા જ ઉત્કૃષ્ટ તપશ્ચર્યાના ભાવ રહેતા હતા. ધનબાદમાં તેમને ૧૫ ઉપવાસના ભાવ થયા.

તપસ્વીજી મહારાજના ૧૫ ઉપવાસ ઘણી જ સાતા સાથે સંપન્ન થયા. શ્રીસંઘમાં પણ એટલો જ ઉત્સાહ પ્રવર્તતો હતો અને તેમનું પારણું પણ ઉત્સવની જેમ ઊજવવામાં આવ્યું.

એ સમયે એમ લાગતું હતું કે આ ૧૫ ઉપવાસ તપસ્વીજી મહારાજની તપશ્ચર્યાની માળામાં એક વધુ મણકો છે. કોઈને અણસાર ન હતો કે તેમણે આ ઉપવાસ પોતાના આત્માના સંતુલનની અને શક્તિની પરીક્ષા અર્થે કર્યા છે અને તેમની તપસાધના ચરમબિંદુનો સ્પર્શ કરવા ઊર્ધ્વગામી થઈ રહી છે.

**દૃઢ સંકલ્પની ઘડી :**

પૂજ્ય તપસ્વીજી મહારાજે ધનબાદના ચાતુર્માસ દરમિયાન કે પંદર

ઉપવાસ દરમિયાન પોતાના ભાવિ સંકલ્પનો જરા પણ અણસર આવવા દીધો ન હતો. પંદર ઉપવાસની નિર્મળ સાધના દરમિયાન અને તે પછી તે હમેંશ પોતાની જાતમાં મગ્ન રહેતા હતા. ત્યારે એમ લાગતું હતું કે તેમની આ અનાસક્તિ અને રોજિંદી ઘટનાઓ પ્રત્યેની ઉદાસીનતા ઉપવાસ સાથેની અંતરસાધનાનું સ્વરૂપ છે.

એક વખત તપસ્વીજી મહારાજે સહજભાવે કહ્યું, "જયંતી, હવે મને કોઈ સંકલ્પ-વિકલ્પ થતો નથી કે વિચારો પણ આવતા નથી. હવે કોઈ મમતા પણ નથી રહી અને કોઈ પ્રત્યે વિશેષ આકર્ષણ પણ રહ્યું નથી. પ્રભાબાઈ અને જયાબાઈ મહાસતીજીઓને જે પત્ર લખું છું તે માત્ર બાહ્ય વ્યવહાર છે. બાકી તેમની સાથે પણ પત્રવ્યવહારની હવે કોઈ ઈચ્છા કે ઉત્કંઠા રહી નથી."

ચાતુર્માસ પૂરું થતાં કત્રાસ અને જમશેદપુર તરફ વિહાર કરવાનો કાર્યક્રમ નક્કી કર્યો હતો. વિહારની તૈયારીઓ થઈ રહી હતી. અચાનક કારતક વદ તેરસની મોડી રાત્રે તપસ્વીજી મહારાજે શ્રી જયંતમુનિને ઉઠાડ્યા. શ્રી જયંતમુનિને શંકા થઈ કે તપસ્વી મહારાજની તબિયતમાં કોઈ વાંધો તો નહીં આવ્યો હોય ને ? પરંતુ વાત કંઈક જુદી જ હતી.

તપસ્વીજી મહારાજે કહ્યું, "જયંતી, રાજગૃહી તરફ વિહાર કરવાની મારી હાર્દિક ભાવના છે."

આ નવો પ્રસ્તાવ સાંભળી શ્રી જયંતમુનિ વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું, "અત્યારે કડકડતી ઠંડી પડી રહી છે. રાજગૃહી થઈને વિહાર કરવાથી ૨૫૦ કિલોમીટરનો વિહાર વધી જશે."

પરંતુ તપસ્વીજી મહારાજ પોતાના વિચારમાં મક્કમ રહ્યા. બંને મુનિઓએ ધનબાદથી રાજગિર તરફ વિહાર શરૂ કર્યો ત્યારે કોઈને જાણ ન હતી કે રાજગિર જવાની મધ્યરાત્રિએ જે આંતરપ્રેરણા થઈ હતી તે સંલેખના મહાતપનો મૂળ સ્રોત હતો અને તે ઉદયગિરિની તળેટીમાં લાખો માણસોની શ્રદ્ધાનું મધુર આચમન કરાવતી મહાનદીનું સ્વરૂપ ધારણ કરશે. રાજગિરમાં પ્રવેશ પહેલાં ત્રીજા પહાડની તળેટી પાસેથી પસાર થયા ત્યારે તપસ્વીજી મહારાજનું હૃદય કેવા ભાવથી ઊભરાતું હશે તેની તો કલ્પના જ કરવી રહી.

૧૨ ડિસેમ્બર ૧૯૬૭ના મંગળવારે મુનિરાજોએ રાજગૃહિમાં મંગળ પ્રવેશ કર્યો. તેમણે શ્વેતાંબર કોઠીની પાસે આવેલા આરોગ્ય ભુવનમાં સ્થિરતા કરી. તપસ્વીજી મહારાજે અત્યંત શાંતિ, સ્થિરતા અને ગંભીરતા સાથે પોતાની દિનચર્યાનો પ્રારંભ કર્યો. હજુ સુધી તેમના બાહ્ય વ્યવહારમાં તેમના મહાનિર્ણયની કોઈ ઝલક કળાતી ન હતી.

રાજગૃહિમાં ત્રણ દિવસના વિશ્રામ પછી તેમણે પાંચે પહાડોની યાત્રા કરવાની ભાવના વ્યક્ત કરી. ૮૨ વર્ષની ઉંમરે જયંતમુનિજી સાથે તેમણે અત્યંત ઉત્સાહ સાથે પાંચે પહાડોની યાત્રા કરી. ત્યાર બાદ એક દિવસનો આરામ કરી, તેઓ ફરી ત્રીજા પહાડ - ઉદયગિરિ-ની તળેટીમાં

પધાર્યા. ત્યાંના અપ્રતિમ નૈસર્ગિક સૌંદર્યનું રસપાન કરીને તપસ્વીજી અદ્ભુત પ્રસન્નતા અનુભવી રહ્યા હતા. તેમણે કહ્યું, "જયંતી, આ સ્થળ ઘણું જ સુંદર છે, ઘણું જ આકર્ષક છે. ભાઈ જયંતી, તારો ઘણો જ ઉપકાર છે. બસ, મારા આત્માને અહીં ઘણી જ શાંતિ અને વિશ્રામ મળી રહ્યાં છે. મારે માટે તો "અઠે દ્વારકા" છે." આટલું કહેતાં તો તેમના મુખ ઉપર અપૂર્વ હાસ્યની લહેર ફરકી ગઈ.

ઓહો ! કેવી વિલક્ષણતા ! સામાન્ય માણસને કોઈ સ્થળે પોતાના મૃત્યુની ભૂલથી પણ જરા ગંધ આવી જાય તો એ તત્કાલ એ સ્થળેથી સેકડો જોજન દૂર ભાગી જાય ! તેનાથી વિપરીત, અહીં તપસ્વીજી પોતાના દેહવિલય માટે સ્વયં પ્રાકૃતિક સ્થળ શોધી રહ્યા હતા !

૨૩ ડિસેમ્બર, પોષ વદ સાતમ, શનિવારે તપસ્વીજી મહારાજનો જન્મદિવસ આવી રહ્યો હતો. તેના ત્રણ દિવસ પહેલાં, બુધવારે તેમણે કહ્યું, "જયંતી, કેવો સુંદર યોગાનુયોગ છે. મારો જન્મદિવસ આવી રહ્યો છે." તેમણે દૃઢતાપૂર્વક ફરીથી કહ્યું, "જો ભાઈ, મારે સાતમથી સંલેખના તપની આરાધના શરૂ કરવી છે. લલિતાબાઈ મહાસતીજી થોડા દિવસ રોકાઈ જવાનું કહે છે. હું તેમનો આગ્રહ સમજી શકું છું. પરંતુ મારા માનસિક નિર્ણયની દૃઢતા મારા જન્મદિવસની જ છે. મને જણાય છે કે મહા સુદ છઠના દિવસે મારા ગ્રહો બદલાઈ રહ્યા છે. એટલે ત્યાં સુધી તો તપની આરાધના ચાલવાની જ છે. ત્યાં સુધીમાં બધું અનુકૂળ થઈ રહેશે. માટે વિલંબ કરવો મને યોગ્ય નથી લાગતો."

શ્રી જયંતમુનિએ એ સમયે રાજગૃહિમાં ઉપસ્થિત જયચંદભાઈ હેમાણી વગેરે ભાઈઓને એકઠા કર્યા. શ્રી જયંતમુનિએ તેમને સૂચના આપી, "આવતી કાલે અહીંથી વિહાર કરીને ઉદયગિરિ પહાડની તળેટીમાં જવું છે. તપસ્વીજી મહારાજ ત્યાં બે દિવસ આહાર કરશે. ત્યાર પછી આહાર-ત્યાગની તેમની ભાવના છે."

સાંભળનારાઓ આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયા ! વાયુવેગે વાત પ્રસરી ગઈ ! તાર અને ટેલિફોનનાં ચક્ર ગતિમાન થઈ ગયાં. તાબડતોડ કલકત્તા સમાચાર પહોંચી ગયા.

**ઉદયગિરિના પવિત્ર શરણે :**

ભગવાન મહાવીર અને ભગવાન શાંતિનાથના ગગનભેદી જયનાદ સાથે ગુરુવારે સવારના સાડા દસ વાગ્યે મુનિરાજોએ ઉદયગિરિ તરફ પ્રસ્થાન કર્યું. સાથે લગભગ ૧૫૦ નર-નારીઓનો સમુદાય હતો. ઉદયગિરિથી થોડે દૂર, વિશાળ વટવૃક્ષ નીચે માંગલિક સ્વર ગુંજવા લાગ્યા. શ્રી જયંતમુનિનું હૃદય કરુણાના ભાવથી આક્રાંત હતું. તેઓ ગદ્ગદ થઈ બોલ્યા, "આ કેવી વિચિત્રતા છે! અહીં ઉપસ્થિત નરનારીઓ આ વિલક્ષણ ઘટના અને વિરલ પ્રસંગના સાક્ષી છે. રાજગૃહ નગરીથી શરૂ કરેલી આ યાત્રા પૂજ્ય તપસ્વીજી મહારાજની અંતિમયાત્રાના શ્રીગણેશ છે. હવે

તેઓ આ માર્ગેથી ફરી ક્યારે પણ પાછા ફરવાના નથી એ કહેતા જીભ અટકી જાય છે અને હૃદય ભરાઈ જાય છે. હું જ્યારે આ માર્ગથી એકલો પાછો ફરીશ ત્યારે મારી કેવી હૃદયવિદારક સ્થિતિ હશે !" શ્રી જયંતમુનિના હૃદયભેદી શબ્દોથી જનસમુદાયની આંખો સજળ થઈ ગઈ.

આ ઉદયગિરિની તળેટીએથી ભગવાન મહાવીરે દેશના આપી હતી. તળેટીના આ પવિત્ર સ્થળે જ મહાન આર્ય સુધર્માએ સંલેખના તપની આરાધના કરી હતી. પાસેના વૈભારગિરિ પર્વત ઉપર ધન્ના અને શાલિભદ્રે સંલેખના તપની આરાધના કરીને પોતાનો દેહવિલય કર્યો હતો. પાસેના વિપુલાચલને અતિમુક્તમુનિએ સંલેખના તપથી પવિત્ર કર્યો હતો. જૈન ઈતિહાસના ગૌરવશાળી મહાપુરુષોનાં ચિત્ર છાયાપટની જેમ પસાર થઈ રહ્યાં હતાં. ભગવાન મુનિસુવ્રતના ચાર કલ્યાણક, રાજા શ્રેણિકની અપૂર્વ ભક્તિ, ભગવાન મહાવીરનાં ચૌદ ચાતુર્માસ અને અગણિત સંતોની તપ-આરાધનાની રાજગૃહી સાક્ષી છે. વિપુલાચલ, રત્નગિરિ, ઉદયગિરિ, સ્વર્ણગિરિ અને વૈભારગિરિ પર્વતોની હારમાળા તેના સૌંદર્ય, મહાપુરુષોની અંતિમ સાધના અને તેમના પવિત્ર રજકણોથી આજ પણ અસંખ્ય ભક્તોના હૃદયને ભક્તિભાવથી વિભોર કરે છે.

ઉદયગિરિની યાત્રા દરમિયાન તાપ વધી રહ્યો હતો. તપસ્વીજીને શાતા ઉપજાવવા માટે એક લાલ ચાદરને ચાર ખૂણેથી પકડી ભક્તોએ તેમના શિર ઉપર છત્ર બનાવ્યું હતું. તપસ્વીજીના ઉત્સાહ અને આનંદનો પાર ન હતો. તળેટીએ પહોંચીને તેમણે ભગવાન મહાવીરની લાંબી સ્તુતિ કરી અને પોતાના જીવનનું અંતિમ પ્રવચન આપ્યું.

તેમણે શુક્રવાર સાંજે ભોજન કર્યું. થોડી ખીચડી, દૂધ અને એક નાનો ટૂકડો બદામ કતરી અને તલપાપડી તેમનો અંતિમ આહાર હતો. શ્રી જયંતમુનિએ આ છેલ્લા ભોજનમાં સાથ આપ્યો. શ્રી જયંતમુનિના અતિ આગ્રહથી તેમણે શરીર-શુદ્ધી માટે આજ્ઞા આપી. જયંતમુનિએ સ્વહસ્તે તેમના દેહનું સ્પંજ કરી, વસ્ત્ર બદલાવ્યાં. કષાય અને શરીરથી કૃષ શ્રી જગજીવનજી મહારાજ હળવા ફૂલ થઈ ગયા હતા.

તેમણે વિશુદ્ધ આલોયણા કરી. શ્રી જયંતમુનિને ફરીથી દીક્ષાપાઠ ભણાવવાની આજ્ઞા કરી. તેમણે પુનઃ નિરતિચાર ચારિત્ર ધારણ કર્યું. તેમની દરેક ક્રિયાઓ અને ચેષ્ટાઓમાં મહાસમાધિની સમતાપૂર્વકની તૈયારીનાં દર્શન થતાં હતાં. એ કેવું અલૌકિક દશ્ય હતું અને કેવી દૈવી ઘડી હતી!

સંધ્યા થતાં તેમણે દેવસી પ્રતિક્રમણ કર્યું. હજુ પ્રતિક્રમણ પૂરું થયું ત્યાં કલકત્તાથી એકસો જેટલા ભાઈઓ દર્શનાર્થે આવ્યા. તપસ્વીજી મહારાજ પાટ ઉપર ઊભા થઈ ગયા. એ સમયે તેમનું વીરત્વ, શૌર્ય અને ઉત્સાહ અનુપમ અને બેજોડ હતાં. તેમણે બુલંદ અવાજે કહ્યું, "જયંતી, મને ૧૫ ઉપવાસના પચ્ચક્ખાણ કરાવો. આજથી તારી આજ્ઞા છે અને પહેલા ત્રણ દિવસ મૌન છે."

જયંતમુનિએ હૃદય કઠણ કરીને પચ્ચક્ખાણ કરાવ્યા. પુષ્પાદેવી જૈન અને તેમના ભાઈ જૈન

પ્રકાશજી જૈન સાક્ષી હતાં. ઉપસ્થિત દરેક વ્યક્તિની આંખમાં અશ્રુનો ધોધ હતો. માત્ર તપસ્વીજી મહારાજની આંખો હસી રહી હતી.

**સાધના કુટિરમાં પ્રવેશ :**

પવિત્ર ઉદયગિરિ પર્વત રાજગૃહના પાંચ પહાડોમાં ત્રીજો પહાડ છે. ઉદયગિરિ વૃષભાકાર અને આકર્ષક છે. ઊંચી અને ઊભી દીવાલ જેવો પર્વત અપ્રતિમ સૌંદર્ય અને નૈસર્ગિક શ્રીસમૃદ્ધિનું ધામ છે. તેની તળેટીમાં શ્વેતાંબરોનું એક ભાતા-ઘર છે. અહીં યાત્રીઓ વિશ્રામ કરે છે અને કોઠી તરફથી તેમને ભાતું આપવામાં આવે છે. પાસે એક કૂવો છે. આ કૂવાના શીતળ જળે પણ અનશન-અનુષ્ઠાન દરમિયાન જનતાને સારી સાતા આપી હતી.

ભાતાઘરની પૂર્વ દિશામાં એક ઘાસની કુટિર હતી. આ કુટિર અંદરથી સફેદ હતી, જે શુક્લ લેશ્યાની સૂચક હતી. તેની ઉત્તરે બે દરવાજા અને એક બારી હતાં. કુટિર ઈશાનકોણમુખી હતી. ઘાસથી ઢંકાયેલું તેનું છજું પ્રાચીન યુગના મહર્ષિઓની યાદી આપતું હતું. દરેક રીતે કુટિર શુભભાવથી યુક્ત હતી. પાછળથી આ કુટિર 'સાધના કુટિર' તરીકે પ્રખ્યાત થઈ ગઈ.

૨૩ ડિસેમ્બરની સવારથી તપસ્વીજીના ઉગ્ર તપનો આરંભ થઈ ગયો હતો. સવારના ચાર વાગ્યાથી સ્વાધ્યાયનો નંદિઘોષ શરૂ થઈ ગયો હતો. આસપાસની પ્રકૃતિ પણ આજ ભાવવિભોર થઈને નાચી રહી હતી. તેમના તપના પ્રભાવથી જડજગત પણ ઉત્સવ મનાવી રહ્યું હતું. વનરાજી પણ હર્ષિત હતી. ઉપવાસને પ્રથમ દિવસે ત્યાં એક વાઘ પણ આવ્યો હતો અને સત્વરે જંગલમાં અલોપ થઈ ગયો હતો. જાણે વાઘ પણ તપસ્વીજીનાં દર્શન કરી કૃતાર્થ થયો હતો.

તપસ્વીજીએ ૨૭ તારીખ, બુધવારે સાધના કુટિરમાં પ્રવેશ કર્યો. તપસ્વીજી સ્વભાવથી જ પ્રકૃતિપ્રેમી હતા. ઋષિમુનિઓના નૈસર્ગિક જીવનમાં તેમને શ્રદ્ધા હતી. સાધના કુટિરની ચારે તરફ વનરાજીના અવલોકનથી તેમના હૃદયને શાંતિ અને સમૃદ્ધિનો અનુભવ થઈ રહ્યો હતો.

સવારનો સ્વાધ્યાય લગભગ સાડાસાત વાગ્યે પૂરો કરી તપસ્વીજી કુટિરની બહાર પધારતા હતા. સેંકડો ભાવુકો તેમનાં દર્શન કરી કૃતકૃત્ય થતા હતા. પ્રકૃતિની ગોદમાં બિરાજમાન આ મહાસંતના મુખકમલ પર અપૂર્વ શાંતિ છવાયેલી હતી. જનતાને થોડાં હિતવચનો સંભળાવી, બપોરના બાર વાગતાં તે પુનઃ કુટિરમાં પધારી જતા હતા.

જેમ જેમ દિવસો પસાર થતા જતા હતા તેમ તેમ બહારગામથી દર્શનાર્થીઓનો ધસારો વધતો જતો હતો. પૂર્વ ભારતના દરેક શહેર અને ગામ, મુંબઈ, સૌરાષ્ટ્ર અને મદ્રાસથી પણ દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં આવી રહ્યા હતા. બિહાર શરિફ, પટના, રાજગિરિ અને આસપાસનાં ગામોમાંથી પણ સ્થાનિક લોકો મોટી સંખ્યામાં આવી રહ્યા હતા. સ્થાનિક જનતામાં પૂજ્યભાવની સાથે આશ્ચર્ય અને કુતૂહલ પણ એટલાં જ હતાં. સ્વેચ્છાએ કોઈ જીવનનો આ રીતે અંત લાવે

એવું તેમણે ક્યારે પણ સાંભળ્યું ન હતું. ગ્રામીણ જનતાની ભીડને સંભાળવા માટે એક મોટો શામિયાણો ઊભો કર્યો હતો.

**તેજસ્વી તપની દિવ્ય આભા :**

તપસ્વીજી મહારાજના મુખ પર તપની કાંતિ વધતી જતી હતી. તેમનામાં નવું ચૈતન્ય પ્રસરી રહ્યું હોય તેવી આભા દેખાતી હતી. આત્મભાવના પવિત્ર રંગમાં રંગાયેલા, સ્નિગ્ધ હૃદયવાળા આ પ્રભુ મહાવીરના વીર યોદ્ધાનું કર્મશત્રુ સામેના ભયંકર આત્મયુદ્ધનું જોશ વધી રહ્યું હતું. તેમના આત્મસંતોષની ઉપલબ્ધિનું વર્ણન શબ્દાતીત છે ફક્ત મહાપુરુષોના અંતરંગ અનુભવ જ આ વિરલ ભાવને ઝીલી શકે છે.

અહિંસા નિકેતન, બેલચૅંપાના વ્યવસ્થાપક શ્રી નિરંજનદેવ જૈન અને વડિયાની પ્રખ્યાત જૈન વિદ્યાલયના નિર્દેશક પંડિત રોશનલાલજી તપસ્વીજી મહારાજની સેવામાં હાજર થઈ ગયા હતા. તેમના આવવાથી તપસ્વીજી મહારાજને ઘણો સંતોષ થયો અને જયંતમુનિજીને પણ ઘણો સહયોગ મળ્યો. રાજગિરના સ્થાનિક સામાજિક કાર્યકર્તા "તરુણજી" નિષ્ઠાપૂર્વક સેવામાં જોડાઈ ગયા હતા. સ્થાનિક સહયોગ મળતાં વ્યવસ્થાના કામમાં ઘણી જ અનુકુળતા રહી.

બિહાર રાજ્યના મંત્રી શ્યામસુંદર બાબુ જ્યારે દર્શન કરવા પધાર્યા ત્યારે આશ્ચર્યથી ચકિત થઈ ગયા. તેમણે કહ્યું, "બહારમાં માણસો તેમના જીવન-મરણની ચર્ચા કરી રહ્યા છે, જ્યારે અહીં તો બાબા સ્મિત વેરી રહ્યા છે! બાબાના મન ઉપર તો કોઈ અસર દેખાતી જ નથી. તેઓશ્રી કેટલા મૃત્યુથી પરે થઈ ગયા છે !"

આ જ રીતે જાપાનના બૌદ્ધ ધર્મગુરુ શ્રી ફુજી પધાર્યા ત્યારે વાતાવરણ ઘણું જ લાગણીશીલ થઈ ગયું હતું. ગુરુ ફુજીએ બૌદ્ધ પરંપરાથી તપસ્વીજી મહારાજને ભાવપૂર્વક વંદન કર્યું અને કહ્યું, "હું પણ ૮૪ વર્ષનો થઈ ગયો છું. આપની પાછળ પાછળ આવી રહ્યો છું."

એ સમયે પંજાબના વિદુષી સાધ્વીજી શાંતાદેવીજી ઠાણા ત્રણ પટના પધાર્યાં હતાં. તેઓ પણ ઉગ્ર વિહાર કરીને તપસ્વીજી મહારાજનાં દર્શન અને સેવા માટે પધારી ગયાં હતાં. મહાસતીજી પ્રકાંડ વિદ્યાવ્યાસંગી અને વ્યાખ્યાનકાર હતાં. તેઓ અપૂર્વ શ્રદ્ધા, ભક્તિ, સદ્ભાવ અને આંતરિક સમર્પણની ભાવનાથી તપોનિધિની વૈયાવચ્ચમાં જોડાઈ ગયા હતા.

શાંતાદેવી મહાસતીજી શ્રમણસંઘના મહાન આચાર્ય શ્રી આત્મારામજીના સ્વર્ગવાસ સમયે ઉપસ્થિત રહી શક્યાં ન હતાં તેની તેમના હૃદયમાં પીડા હતી. આજ તપસ્વીજી મહારાજની સેવાનો અવસર મળતાં તેમનું આ માનસિક દુઃખ ભુલાઈ ગયું. ત્રણે મહાસતીજીઓએ મણસા, વયસા અને કર્મણાથી આ મહા તપોયજ્ઞમાં પોતાની સેવા અર્પણ કરી અને પોતાના હૃદયગ્રાહી પ્રવચનથી જનતાને પણ અપૂર્વ લાભ આપ્યો.

બા.બ્ર. લલિતાબાઈ મહાસતીજી (બાપજી) ઠાણા ૬ કલકત્તામાં બિરાજમાન હતાં. તેમને અનશનના સમાચાર મળતાં જ ઉગ્ર વિહાર કરી ૧૭મે ઉપવાસે ઉદયગિરિ પધાર્યાં. તપસ્વીજીનાં ચરણોમાં પહોંચવાની એક માત્ર તીવ્ર મનોભાવનાના આધારે તેમણે કલકત્તાથી રાજગિર માત્ર ૧૭ દિવસમાં પહોંચવા માટે જે ઘોર વિહાર કર્યો, માર્ગમાં જે પરિષહો અને પ્રતિકૂળતાઓને સર્વથા અવગણીને તેનો જે સામનો કર્યો તે ખરેખર અવિસ્મરણીય છે. તપોમૂર્તિ યોગીરાજ અને મહાસતીજીઓનું મિલન સુખ દુઃખના મિશ્રિત ભાવથી પરિપૂર્ણ હતું. બધાંનાં નેત્ર હર્ષમિશ્રિત શોકથી છલકાઈ રહ્યાં હતાં. મહાસતીજીઓ તપસ્વીજીનાં દર્શન થઈ શકવાથી પોતાને કૃતકૃત્ય માનતા હતા, જ્યારે તપસ્વીજી મહાસતીજીઓના ઉગ્ર વિહાર અને પદાર્પણને અસાધારણ માનતા હતા. મહાસતીજીઓના આગમનથી તપસ્વીજી મહારાજને જે સાત્ત્વિક આનંદ મળ્યો, તેમના પવિત્ર હૃદયને જે સાતા ઊપજી અને જે ભાવભર્યું વાતાવરણ નિષ્પન્ન થયું તે અનુભવનો વિષય છે. તે ઉપરાંત મહાસતીજીઓએ સ્વાધ્યાય અને પ્રવચનનું કાર્ય ઉપાડી લેતાં શ્રી જયંતમુનિજીને પણ ઘણી રાહત મળી.

**સંલેખના તપમાં મંગલ પ્રવેશ :**

તપસ્વીજી મહારાજે પહેલા ૧૫ ઉપવાસ પૂરા થતા પહેલાં જ તેમાં બીજા ૧૫ ભેળવીને માસ ખમણના પચ્ચક્ખાણ લીધા હતા. તેમણે જાહેર કર્યું હતું કે, "મારા આ માસખમણનું લક્ષ્ય યાવજ્જીવન સંલેખના તપ (સંથારો) છે. કદાચ માસખમણ તપની વચ્ચે જ જો દેહત્યાગ થઈ જાય તો મારા ઉપવાસને સંથારો જ માનવાનો છે. આ મારો દૃઢ સંકલ્પ છે."

૨૫ ઉપવાસ પછી તપસ્વીજી મહારાજ હિતવાક્યો અને પોતાના સંદેશ લખીને આપતા હતા. તેમના આ સંદેશ સંગ્રહિત કરવામાં આવ્યા છે.

હવે તેમનું શરીર ઘણું જ સુકાઈ ગયું હતું. પાણીનું પ્રમાણ ઘટતું જતું હતું. છતાં અવાજ હજુ પણ પહેલા જેવો જ હતો. રાજકોટથી જયાબાઈ મહાસતીજીના પત્રો આવતા હતા. તેમની બધાને ખાસ ભલામણ હતી કે પાણી તો હમણાં બંધ ન જ કરવું. શ્રી જયંતમુનિ પણ પાણી ચાલુ રાખવાની તરફેણમાં હતા. પટનાથી વિનોબા ભાવેજીએ ખાસ સંદેશો મોકલ્યો હતો કે, "તપસ્વીજી ભલે ઉપવાસ ચાલુ રાખે, પણ ખાસ વિનંતી છે કે પાણી બંધ કરશો નહીં." પોતાની ભલામણની પુષ્ટિ માટે તેમણે વેદ અને ઉપનિષદનાં સૂત્રો ટાંક્યાં હતાં.

૨૮મા ઉપવાસની રાત્રિએ અસાતા રહી. ૨૯મે દિવસે તેમણે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓના ચતુર્વિધ સંઘની વિશાળ મેદની વચ્ચે વિધિવત્ સંથારાની ઘોષણા કરી. તેમનો આત્મા શાંત, દાંત, ગંભીર અને મહાનતા પ્રાપ્ત કરી ગયો હતો. પૂરા ભારતમાં અને ભારત બહાર તેમના મહાતપનો મંગલ પ્રભાવ ફેલાઈ ગયો હતો. રાજગિરમાં ઉપસ્થિત વિશાળ જનસમુદાય આ આશ્ચર્યકારી, ઐતિહાસિક અને વાસ્તવિક પ્રસંગને જોઈ વિસ્મય પામી રહી હતી.

તપસ્વીજી મહારાજે ૨૦ જન્યુઆરી, ૧૯૬૮, શનિવારે બપોરે ૧૨ વાગ્યે યાવજ્જીવન સંથારાનો નિર્ણય જાહેર કર્યો. શ્રી જયંતમુનિ ઉપરાંત મહાસતીજી શાંતિદેવીજી, લલિતાબાઈ મહાસતીજી, તપસ્વીજી મહારાજના સંસારી પુત્ર બચુભાઈ, પંડિત રોશનલાલજી અને અગ્રગણ્ય શ્રાવક સમુદાય ઉપસ્થિત હતો. વાતાવરણમાં અદ્ભુત દિવ્યતા અને પ્રભુતા વ્યાપ્ત હતી.

તપસ્વીજી મહારાજે પાટનો ત્યાગ કર્યો. નીચે જમીન ઉપર ઘાંસની ૬ X ૪ ફૂટની પથારી બનાવી હતી. તપસ્વીજી મહારાજે તેમનું શેષ જીવન આ ૬ X ૪ ફૂટની મર્યાદામાં જ વિતાવ્યું.

જ્યારે ધરતી ઉપર શય્યા તૈયાર કરવામાં આવી ત્યારે સૌની આંખોમાં સંવેદનાનાં અશ્રુ ઊભરાયાં. યોગીરાજને ધરતી ઉપર જોઈ સૌ નર-નારી મૌન થઈ ગયાં.

શ્રી જયંતમુનિએ સંલેખના તપની વ્યાખ્યા કરી અને સંક્ષિપ્તમાં આલોયણા કરાવી. ત્યારબાદ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી યાવજ્જીવન સંથારાના પચ્ચક્ખાણ કરાવ્યા.

પચ્ચક્ખાણ અને આલોયણાની વિધિ દરમિયાન તપસ્વીજી મહારાજ ગંભીરતાથી અને સમજપૂર્વક હાથ જોડીને વ્રતભાવનો સ્વીકાર કરી રહ્યા હતા. જ્યારે જયંતમુનિજીએ કહ્યું કે આ જીવ અનાદિકાળથી સંસારમાં ભટકી રહ્યો છે અને અસીમ પુણ્યોદય પછી જ સમાધિમરણનો આવો યોગ પ્રાપ્ત થાય છે, ત્યારે તપસ્વીજી મહારાજની આંખોમાંથી પશ્ચાત્તાપનું એક એક બુંદ ખરી પડ્યું. માસખમણ અને સંથારાના આ મહાતપમાં પૂજ્ય તપસ્વીજી મહારાજની આંખો સજળ થવાનો આ પહેલો અને છેલ્લો પ્રસંગ હતો.

શ્રી દુર્લભજીભાઈ વિરાણી બરાબર તેમની સેવામાં હાજર હતા. ૩૩મા ઉપવાસે તપસ્વીજી મહારાજે તેમને લક્ષીને કહેલા શબ્દો તેમની અંતરંગ દશાને પ્રકાશિત કરે છે. "માંદા માણસ પાસે ખબર કાઢવા આવ્યા હો તેમ ચિંતવશો નહીં. હું ખૂબ જ આનંદમાં છું. તમારા જેવો જ મને આનંદ થઈ રહ્યો છે. મારા વિશે ચિંતા કરશો નહીં અને બીજું કંઈ ચિંતવશો નહીં. તમને બધાને જોઈને મારો આત્મા ખુશ થાય છે. હજુ તો ૩૪મો ઉપવાસ છે. સાતા બહુ જ સારી છે."

સંથારાના પચ્ચક્ખાણ ગ્રહણ કર્યા પછી તપસ્વીજી એકદમ નિશ્ચિંત થઈ ગયા હતા. તેઓ અત્યંત ઉત્કૃષ્ટ વૈરાગ્યભાવનાપૂર્વક, સમસ્ત સંકલ્પ-વિકલ્પની જાળમાંથી મુક્ત થઈ, આત્મસાધનામાં લીન થઈ ગયા હતા. તેમનો આત્મા વર્ધમાન પરિણામયુક્ત ઉત્કૃષ્ટ સમાધિભાવમાં લીન થઈ રહ્યો હતો. દર્શનાર્થીઓ ઉપર તેમની નિર્લેપ અને અખંડ સમાધિની ઊંડી છાપ પડતી હતી.

સંલેખના તપ શરૂ કર્યા પછી પણ અને શરીર ઘણું નબળું પડી ગયું હતું છતાં તપસ્વીજી મહારાજ દરરોજ ત્રણ કલાક એક આસનમાં ધ્યાન કરતા હતા. પોતાના શરીરને તેઓ જરા પણ સ્પર્શ કરવા દેતા ન હતા. વાર્તાલાપ પણ બંધ હતો. સંપૂર્ણ શાંતિ જાળવવાની તેમની સૂચના

હતી. તેમની ઘાસની શય્યાને વ્યવસ્થિત કરવાની વિનંતીને પણ ટાળતા હતા. ૩૭મા ઉપવાસે એક અદ્ભુત ઘટના બની.

કોઈની જરા પણ મદદ વગર તપસ્વીજી મહારાજ એક સપાટામાં બેઠા થઈ ગયા. પદ્માસન લગાવી, બિછાનાને એક છેડે આરૂઢ થઈ, તેમણે કહ્યું, "પછીથી કોઈ ફેરફાર ન કરવા પડે એ રીતે અત્યારે બિછાનાને વ્યવસ્થિત કરી લો. એટલો સમય હું પદ્માસનમાં ધ્યાનમાં બેઠો છું."

શરીર એટલું અશક્ત હતું કે જ્યાં પોતાની મેળે પડખું પણ ફેરવી શકતા ન હતા ત્યાં તેમણે અદ્ભુત પરાક્રમ બતાવી બધાને આશ્ચર્યથી દિગ્મૂઢ કરી દીધા. તેઓ લગભગ ૨૦ મિનિટ સુધી શાંત યોગમુદ્રામાં બિરાજમાન રહ્યા. શ્રી જયંતમુનિએ થોડી મિનિટોમાં તેમની ઘાસની શય્યાને વ્યવસ્થિત કરી લીધી.

એ જ દિવસે રાત્રે વિદ્વાન પંડિત રોશનલાલજીએ તપસ્વીજી મહારાજ ઉપર એક કાવ્યરચના કરીને તેમને સંભળાવી. તપસ્વી મહારાજને ૩૭મો ઉપવાસ હતો, પણ મન અને ચિત્ત કેટલાં જાગ્રત હતાં તેનો ખ્યાલ આપણને તેમણે પંડિત રોશનલાલજીને આપેલા પ્રતિભાવમાંથી મળે છે.

"હજી કસોટી મોટી છે. કસોટીથી પાર ઊતરી ગયા પછી જ આવી રચના (કવિતા) શોભે. હું કસોટીમાં ઊભો છું. કસોટી માટેની લડાઈમાં ઊભો છું. પણ મને જરા પણ ભય નથી. જે શરીરને છોડવું છે તે ઊંધી શક્તિ બતાવી રહ્યું છે એમ મને લાગી રહ્યું છે."

કેટલો આત્મવિશ્વાસ! કેટલી સહજતાથી કર્મની સત્તાનો સ્વીકાર! તેમના ઉત્તરમાં જણાઈ આવે છે કે શરીર દુર્બળ થયું છે, પણ આત્માની શક્તિ અક્ષીણ છે. તેમણે લેશ માત્ર પ્રમાદ કે આત્મછલનાને પ્રવેશવા દીધાં નથી.

કફનો જે થોડોઘણો પ્રભાવ હતો તે ૪૦મા દિવસથી અંદર સમાઈ ગયો. જ્યારે જ્યારે ઉધરસ આવતી ત્યારે શરીર હલી ઊઠતું હતું, પણ તેમણે ક્યારે પણ વમન કર્યું નહીં, તેમજ મનને જરા પણ વિચલિત થવા દીધું નહીં. આટલી વિષમ પરિસ્થિતિમાં પણ તેમણે દૃઢ મનોબળ અને સ્થિરતા જાળવી રાખ્યાં હતાં.

૪૧મે દિવસે સંત વિનોબાજી ઉદયગિરિની તળેટીએ તપસ્વીજીનાં દર્શન કરવા પધાર્યા. તેમણે કહ્યું, "રાજગિર આવતાં જ સૌથી પહેલાં આપની પાસે આવ્યો છું. બીજાં કામ પછી થશે." આટલું કહીને તેમણે તપસ્વીજી મહારાજને ચરણે શીશ નમાવ્યું. વિનોબાજીએ થોડું પાણી ગ્રહણ કરવાની વિનંતી કરી. તપસ્વીજી મહારાજે પણ પ્રેમપૂર્વક કહ્યું, "હવે ખાવાપીવાની વાતનો અવસર વીતી ગયો છે." વિનોબાજીએ થોડી વાર મૌન રાખીને પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી.

એ જ રાત્રે લોકનાયક જયપ્રકાશ નારાયણ તેમની પત્ની સાથે પધાર્યા. તેમણે સાતા પૂછ્યા પછી

કહ્યું, "જ્યોં કી ત્યોં ધર દીની ચદરિયા કબીરની આ પંક્તિઓને મહાત્માજીએ અક્ષરશઃ સાર્થક કરી છે. ખરેખર, ઈશ્વર પાસેથી મેળવેલું આ શરીર નિર્ભયતાપૂર્વક પ્રભુને પુનઃ સોંપી દીધું છે."

**મહાપ્રસ્થાનની વેળા :**

૪૧મા દિવસ પછી શરીર ઘણું દુર્બળ થઈ ગયું હતું. સાધારણ રીતે શરીર દુર્બળ થતાં ઇન્દ્રિયો પણ નિર્બળ થઈ જતી હોય છે. તપસ્વીજી મહારાજની વાણી મંદ થઈ ગઈ હતી, પણ આંખોનું તેજ એવું જ હતું. રાત્રે જ્યારે આંખો ખોલતા ત્યારે તે હીરાની જેમ ચમકતી હતી. કાનની તીવ્રતા પણ વધી ગઈ હતી. ૪૨મા ઉપવાસે તેઓ સંપૂર્ણ સ્થિર થઈ ગયા. હવે મૌન અને શાંતિનો જ આદેશ હતો. હવે કોઈના પરિચયમાં પણ રુચિ રહી ન હતી.

છેલ્લા ચાર દિવસ શરીરથી ભિન્ન આત્મજ્ઞાનની સમાધિ લાગી ગઈ હતી. ૪૨મા ઉપવાસની રાત્રે ત્રણ વાગ્યે તેમણે જયંતમુનિની હથેળી ઉપર લખ્યું, 'હવે મને અશાતાનો ઉદય થશે. પણ ગભરાશો નહીં.' જોકે તેમણે ઘણા દિવસો પહેલાં જ સાવચેત કર્યા હતા, "મને મારણાંતિક વ્યાધિ આવશે. આયુષ્યનું બળ પ્રબળ છે એટલે શરીર પર પોતાનો પ્રભાવ બતાવશે."

છેલ્લા બે દિવસોમાં નાનીમોટી અસાતા શરૂ થઈ હતી. બગલમાં શૂળ અને હરસની વ્યાધિ શરૂ થઈ હતી. જીભમાં છાલા પડ્યા હતા. ગળું સુકાઈ રહ્યું હતું. આટલી શારીરિક વ્યાધિ હોવા છતાં મન ઘણું જ સ્વસ્થ હતું.

૪૪મા ઉપવાસના દિવસે હરસની તકલીફ ઘણી વધી ગઈ હતી. તે રાત્રી દેહ અને પ્રાણને જુદા કરનારી અંતિમ રાત્રિ હતી. તે રાત્રિના અંતિમ ચોઘડિયે, વહેલી પરોઢે, ચાર વાગ્યે, દેહત્યાગના ૬ કલાક પૂર્વે, તેમણે પોતાના હાથે, પેન્સિલથી વાંકાચૂંકા અક્ષરોમાં છેલ્લો સંદેશો લખ્યો, 'દુઃખ તે કર્મનો ઉદય છે. અનુકૂળતા નથી. તમારો કોઈ દોષ નથી.'

તપસ્વીજી મહારાજને આ નશ્વર દેહત્યાગ માટે છ કલાક બાકી હતા. આ મહાતપની પૂર્ણાહુતિ નજીક આવી રહી હતી. ૮૪ વર્ષની ઉંમરે, ૪૫ દિવસના ઉપવાસનું ઘોર તપ ચરમાન્તને સ્પર્શ કરી રહ્યું હતું. અસાતા ધીરે ધીરે શાંત થઈ રહી હતી. શરીર સ્થિર થઈ ગયું હતું, પણ ચેતના સતેજ હતી. આ આત્મા કસોટી ઉપર કસાઈને શુદ્ધ સોના જેવો ચમકી રહ્યો હતો. મહારાજશ્રી જ્યોતિમાં મળવાની તૈયારી કરી ચૂક્યા હતા.

તપસ્વીજી મહારાજનું મસ્તક ઉચ્ચાસને હતું. તેઓ શય્યાના મધ્યભાગમાં સ્વતઃ વ્યવસ્થિત હતા. જયંતમુનિ એકદમ નિકટ હતા. પંડિત રોશનલાલજી અને નિરંજનજી જૈન તેમના પગ પાસે બેઠા હતા. લલિતાબાઈ મહાસતીજી લોગ્ગસ્સનો પાઠ બોલી રહ્યાં હતાં ત્યારે તપસ્વીજીના હાથ આપોઆપ જોડાઈ ગયા હતા. જેમ જેમ તીર્થંકરદેવોની સ્તુતિ આગળ વધી રહી હતી તેમ

તેમ તેમના શ્વાસોની ગતિ મંદ થઈ રહી હતી. નાડી સૂક્ષ્માતિસૂક્ષ્મ થઈ રહી હતી. પ્રાણ હંમેશ માટે શરીરનો સંબંધ છોડી રહ્યો હતો. શ્રી જયંતમુનિજી કહે છે કે, "નિર્વાણની અંતિમ પળોમાં અમે તપસ્વીજી મહારાજના શરીરના હલનચલનને નીરખી રહ્યા હતા. 'યોગિનઃ ગુપ્ત મૃત્યુવઃ' સૂક્તિ અનુસાર અમારી સંપૂર્ણ જાગરૂકતા હોવા છતાં અંતિમ ક્ષણ ઠગારી નીકળી."

સૌએ ધાર્યું હતું કે અંતિમ ક્ષણોમાં તેમની આંખો ફરકશે, નાડીઓ ખેંચાશે, કદાચ થોડી હેડકી પણ ઊપડે. પરંતુ આવું કંઈ ન બન્યું. એકદમ ધીમે ધીમે, શાંતભાવે પ્રાણ સ્થિર થઈ ગયો.

૪૫મે દિવસે સવારે ૧૦ને ૨૦ મિનિટે તપસ્વીજી મહારાજનો સંથારો સીજી ગયો. મહા સુદ સાતમ, સંવત ૨૦૨૪, પાંચ ફેબ્રુઆરી ૧૯૬૮, સોમવારના શુભ દિવસે, આર્ય સુધર્માના *નિર્વાણના પવિત્ર દિવસે, ધન્ય તપસ્વી યોગીરાજે મહાતપથી વિશુદ્ધ અને નિર્મલ થયેલા શરીરનો* પરિત્યાગ કર્યો.

૧૦ને ૪૦ મિનિટે શ્રી જયંતમુનિએ ગદ્‌ગદ કંઠે બહાર શામિયાણામાં બેઠેલ આતુર ભક્ત સમુદાયને તપસ્વીજી મહારાજના મહાપ્રસ્થાનના સમાચાર આપ્યા અને ફરી સાધના કુટિરમાં ચાલ્યા ગયા.

**અંતિમ યાત્રા :**

શ્રી જયંતમુનિ કુટિરમાં, ધ્યાનસ્થ મુદ્રામાં, શાંતભાવે બિરાજમાન હતા. જાણે તપસ્વીજીને આકાશગામી શિબિકાઓમાં નિહાળી રહ્યા હતા. પાસે મહાસતીજીઓ પણ ઉપસ્થિત હતાં. એવામાં સહસા તેમના મુખમાંથી શબ્દો સરી પડ્યા, "જાય છે, જાય છે, લાલ લાલ આભામય દિવ્ય પ્રભા જાય છે."

લગભગ ૧૧ વાગ્યે શ્રી જયંતમુનિજીએ તપસ્વીજી મહારાજના પાર્થિવ દેહને વોસરાવીને શ્રીસંઘને અર્પણ કર્યો.

તપસ્વીજીના પવિત્ર દેહને બિરાજમાન કરવા માટે વિમાન આકારની પાલખી તૈયાર કરવામાં આવી હતી. તપસ્વીજીની સાધુવેશમાં શોભિત, પદ્માસનમાં આરૂઢ, તપથી વિશુદ્ધ અને પવિત્ર મુદ્રા દિવ્ય અને અલૌકિક લાગતી હતી. તેમના આભામય દેહ અને મહાસંકલ્પધારી મુખમુદ્રાના છેલ્લા દર્શન માટે માનવમેદની ઊમટી રહી હતી. દૂર દૂરથી દર્શનાર્થીઓ આવી રહ્યા હતા. કલકત્તા સહિત પૂરા પૂર્વ ભારતથી મોટી સંખ્યામાં ભક્તો અંતિમયાત્રામાં જોડાવા માટે ઉત્સુક હતા. બીજે દિવસે ભવ્ય પાલખીયાત્રાનું આયોજન રાખ્યું હતું. આજના દિવસે શ્રી જયંતમુનિ, સમસ્ત સાધ્વી મંડળ, પંડિત રોશનલાલજી અને અન્ય કેટલાય ભક્તોએ ચૌવિહારો ઉપવાસ કર્યો હતો.

બીજે દિવસે સંત વિનોબાજી તપસ્વી મહારાજને અંતિમ શ્રદ્ધાંજલી આપવા પધાર્યા. તેઓ

વિમાન આકારની પાલખી સન્મુખ તપસ્વી મહારાજને વંદન કરી, મૂક શ્રદ્ધાંજલી અર્પણ કરીને સભાસ્થળે પધાર્યા. વિનોબાજી શ્રીમદ્ રાજચંદ્રનું 'અપૂર્વ અવસર' ગાતા ગાતા થોડી વાર માટે ધ્યાનમાં લીન થઈ ગયા. વૈરાગ્યભાવથી ભરપૂર આ ભજન ગાતી વેળાએ વિનોબાજીની આંખોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. તેમણે અત્યંત ગંભીર ભાવથી અને ગદ્ગદ કંઠે તપોનિધિ મહાત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું, "તપસ્વીજી સંસારરસના અનુભવી હતા. જેમને સંસારનો તીવ્ર અનુભવ હોય છે તેમને તેથી પણ તીવ્રતર આસક્તિ રહે છે. પરંતુ જ્યારે જ્ઞાનપૂર્વક સત્યનો સાક્ષાત્કાર થાય છે ત્યારે બધી જ આસક્તિ તીવ્રતમ વિરક્તિમાં બદલાઈ જાય છે. આ રીતે યૌગિક છટાથી નિર્ભય થઈને દેહત્યાગ કરવો એ તીવ્રતમ વિરક્તિનું સાક્ષાત ઉદાહરણ છે." આ રીતે અધ્યાત્મના ઉચ્ચભાવ સાથે પોતાની શ્રદ્ધા પ્રગટ કરી, વિનોબાજીએ વિદાય લીધી.

પાલખી સમારોહમાં બિહાર રાજ્યના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. ભૂતપૂર્વ મુખ્ય મંત્રી કૃષ્ણ વલ્લભ સહાય, વિધાન સભાના અધ્યક્ષ ધનિકલાલ મંડલ, બિહાર કૉંગ્રેસ સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર મિશ્ર, કૉંગ્રેસ વિધાયક સભાના અધ્યક્ષ મહેશ પ્રસાદ સિંહ, ભૂતપૂર્વ મંત્રી રામ લખન સિંહ યાદવ, તરુણજી અને દિગંબર સમાજના શ્રી નેમ કુમાર જૈન ઇત્યાદિ પધાર્યા હતા. મુખ્ય મંત્રી મહામાયા પ્રસાદ અને મંત્રી શ્યામસુંદર બાબુ પહેલા જ આવી ગયા હતા.

અંતિમ યાત્રામાં દર્શન માટે દસ હજારથી પણ વધુ લોકો એકત્રિત થયા હતા. ઉદયગિરિની તળેટીથી શરૂ કરેલી પાલખીયાત્રા "જય જય નંદા, જય જય ભદ્રા"ના ગગનભેદી નાદ સાથે બાણગંગા નદીના તટ ઉપર પહોંચી.

તપોમૂર્તિ શ્રી જગજીવનજી મહારાજના દ્રવ્ય દેહથી શોભતી વિમાનાકારની પાલખીને સમાધિ સ્થાન ઉપર ઊંચા સ્તંભ ઉપર ગોઠવી. મહાતપની પ્રચંડ અગ્નિથી વિશુદ્ધ થયેલો તેમનો દ્રવ્ય દેહ જરા પણ કરમાયો ન હતો અને યથાવત્ તપતેજથી ચમકી રહ્યો હતો. તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રી અમૃતલાલભાઈ(બચુભાઈ)એ અગ્નિ સંસ્કારની અંતિમ વિધિ પૂરી કરી.

પૂજ્ય તપસ્વીજી મહારાજનાં અંતિમ દર્શન કરવા પૂર્વ ભારતના લગભગ બધા જ સંઘોના પ્રતિનિધિઓ અને મુખ્ય શ્રાવકો આવ્યા હતા. તે સર્વની એક સભા ગોઠવવામાં આવી. તેમાં નિર્ણય લેવાયો કે ઉદયગિરિની તળેટીમાં તપસ્વીજી મહારાજની સ્મૃતિમાં એક સ્મારક બનાવવું અને રાજગિરમાં પૂર્વ ભારતથી આવતા યાત્રીઓ માટે એક આરોગ્ય નિવાસનું નિર્માણ કરવું. એ સમયે સંગઠિત થયેલો પૂર્વ ભારત સ્થાનકવાસી જૈન સંઘ રાજગિરમાં આજ પણ સેવા આપી રહ્યો છે.

❑



## ૩૧

# સેવા એ જ શ્રદ્ધાંજલિ

**ધી**રે ધીરે બહારગામથી આવેલા દર્શનાર્થીઓ પાછા ફરવા લાગ્યા. શ્રી જયંતમુનિ એકલા પડી ગયા. તેમણે ભગ્ન હૃદયે, દુઃખી મનથી અને ભારે પગલે બેલચંપા તરફ વિહાર કર્યો. લલિતાબાઈ મહાસતીજી ઠાણા ૬ અને પંડિત રોશનલાલજી તેમની સાથે વિહારમાં જોડાયાં. મહાસતીજીઓએ અને પંડિત રોશનલાલજીએ શ્રી જયંતમુનિને તેમના કપરા દિવસોમાં પૂરો સહયોગ આપ્યો. બેલચંપા પહોંચીને મહાસતીજીઓ વિહાર કરી ગયાં.

તપસ્વીજી મહારાજની ગેરહાજરી પ્રતિક્ષણ પીડા આપી રહી હતી. તેમને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો એક જ ઉપાય હતો - માનવસેવા. શ્રી જયંતમુનિએ હવે અહિંસા નિકેતનની પ્રવૃત્તિઓને પુનઃ સંગઠિત કરી. શ્રી હરચંદમલજી જૈન ટ્રસ્ટ, રતનલાલ જૈન ટ્રસ્ટ, પૂર્વ ભારતના સંઘો અને શ્રી શ્રી લક્ષ્મી નારાયણ ટ્રસ્ટના સહયોગથી માનવસેવાનાં કાર્ય વ્યવસ્થિત ચાલવા માંડ્યા.

**બિહારનો કારમો દુષ્કાળ :**

૧૯૬૮માં બિહારમાં ભયંકર દુકાળ પડ્યો. ગયે વર્ષે વરસાદ ખેંચાઈ ગયો હતો અને ખેતીની કોઈ ઊપજ થઈ ન હતી. ઢોર અને પશુ માટે ચારા અને પાણીની વિકટ સમસ્યા ઊભી થઈ હતી. તેમાં પણ પલામુ જેવા પછાત જિલ્લાઓમાં દુકાળની અસર વધુ વર્તાતી હતી. સામાન્ય ગ્રામીણો પાસે પોતાના વપરાશ માટે કોઈ લાંબો પુરવઠો હોતો નથી. ચોમાસામાં વરસાદ ન પડતાં તેમનાં ખેતરોમાં રોપાઓ પણ સુકાઈ ગયા હતા. તેમાં પણ જમીન વગરના દહાડીયા ખેતમજૂરોની પરિસ્થિતિ એકદમ કફોડી

હતી. તેમની પાસે કોઈ બચત હોતી નથી અને ચાલુ દિવસોમાં કામ મળવું બંધ થઈ ગયું હતું. જાન્યુઆરી મહિનાથી જ પાણીની મોટી અછત ઊભી થઈ હતી.

બિહારનો આ દુકાળ ઘણો જ વિષમ હતો. તેની નોંધ પૂરા ભારત અને ભારત બહાર પણ લેવામાં આવી હતી. પૂ. જયંતમુનિજીએ અહિંસા નિકેતનના માધ્યમથી દુષ્કાળ પીડિતો માટે મોટા પાયે રાહત કાર્ય શરૂ કરવાનો નિર્ણય કર્યો.

દુષ્કાળ ભયંકર હતો. બિહારના મોટા ભાગના જિલ્લા દુષ્કાળની ભીંસમાં આવી ગયા હતા. માઈલો સુધી સૂકી જમીન આંખને દઝાડતી હતી. રાહત માંગનારાઓની કતાર લંબાતી જતી હતી. કામ મોટું હતું અને સગવડ સીમિત હતી. મુનિશ્રી સામે મોટો પ્રશ્ન હતો કે આ સંજોગોમાં શું કરવું અને કેટલું કરવું? મુનિશ્રીએ પુષ્પાદેવી અને વિમલ પ્રસાદ જૈન સાથે વિચારણા કરી. તેમણે રહેલાનાં ગુજરાતી કુટુંબો અને શ્રી શ્રી લક્ષ્મી નારાયણ ટ્રસ્ટના શ્રી જશવંતભાઈ વોરા સાથે પણ મંત્રણા કરી. સૌએ રાહતકાર્યમાં સહયોગ આપવાની બાંહેધારી આપી. પ્રાથમિક ફંડ ઊભું કરવા માટે શ્રી જશવંતભાઈ વોરાએ એ જ ક્ષણે ૫૦,૦૦૦ રૂપિયા ફાળવ્યા.

**રાહતકાર્ય :**

બિહારના દુકાળની પૂરા ભારતમાં ચિંતા હતી. અનેક સમાજસેવાની સંસ્થાઓ બિહારમાં રાહતકાર્ય શરૂ કરવા માટે તત્પર હતી. અમદાવાદની સંસ્થા 'સદ્‌વિચાર મંડળ' પણ બિહારમાં પોતાની સેવા આપવા માટે તૈયાર હતી. ડૉ.. રમણીકભાઈ દોશી બિહારની પીડિત જનતા માટે સહાનુભૂતિ ધરાવતા હતા. તેઓને પણ સેવાના કાર્ય માટે યોગ્ય કેન્દ્રની જરૂરત હતી. ડૉ. રમણીકભાઈ દોશી અને અહિંસા નિકેતનને પરસ્પર સહયોગનો અવસર મળતાં રાહતકાર્યને વધુ વેગ મળ્યો.

સદ્‌વિચાર મંડળ તરફથી પ્રીતિબહેન પણ અમદાવાદથી આવ્યાં હતાં. તેમણે પત્રવ્યવહારનું મહત્ત્વનું કામ ઉપાડી લીધું. તેમણે દાન આપી શકે તેવી ૧૦૦ સંસ્થાઓની યાદી તૈયાર કરી. એક જ દિવસમાં તેમણે ૯૦ સંસ્થાઓને દાનની અપીલના પત્રો લખીને રવાના કર્યા. તેમના પ્રયાસથી વિભિન્ન સ્થાનકવાસી જૈન સમાજ પાસેથી ૩ લાખ રૂપિયા રાહતકાર્ય માટે ભેટ મળ્યા અને જરૂર પડે તો વધુ સહાયનાં વચન પણ મળ્યાં.

બિહારના આ કારમા દુષ્કાળની ભીંસમાં કરોડો માણસો સપડાઈ ગયા હતા. તેથી રાહતનું કામ પણ એટલું જ વ્યાપક સ્તરે કરવું જરૂરી હતું. તે માટે પૂરતી નાણાકીય જોગવાઈ અને સંનિષ્ઠ સેવાભાવીઓની જરૂરત હતી. વ્યવસ્થિત આયોજન પણ એટલું જ જરૂરી હતું. બધી વ્યવસ્થા કરતા શ્રી જયંતમુનિને ત્રણ મહિના લાગ્યા. માર્ચ માસથી યોજના ઘડવી શરૂ કરી હતી, જ્યારે કૅમ્પ જૂન માસથી શરૂ કરી શકાયા.

શ્રી હરચંદમલજી જૈન ટ્રસ્ટ, રતનલાલજી જૈન ટ્રસ્ટ, શ્રી શ્રી લક્ષ્મી નારાયણ ટ્રસ્ટ, વિભિન્ન

સ્થાનકવાસી સંઘ, કેરો કંપની તરફથી અને વિશાળ માત્રામાં વ્યક્તિગત રૂપે દુષ્કાળરાહતના કામમાં નાણાકીય મદદ મળી હતી. રહેલાના ગુજરાતી સમાજે નાણાકીય સહાય કરી જ હતી, સાથેસાથે કેમ્પની વ્યવસ્થામાં તેમનો અદ્ભુત સાથસહકાર મળ્યો હતો. જે. બી. કંપનીવાળા શ્રી વિઠ્ઠલભાઈએ મોકળે મને ધનરાશિ વાપરી હતી અને પોતાની વ્યક્તિગત અને સ્ટાફની સેવા સમર્પિત કરી હતી.

રાહતકાર્યના ચાર મુખ્ય વિભાગ હતા : અનાજ (રેશન)વિતરણ, ભોજન, વસ્ત્ર-વિતરણ અને પશુ-ચારો. શ્રી જયંતમુનિના અનેક સમર્પિત ભક્તો સેવા આપવા માટે બેલચંપા પહોંચી ગયા હતા. મોતીબાબુએ તપસ્વીજીના સંથારા સમયે રસોડું સંભાળ્યું હતું, તે ફરીથી અહીં રસોડું સંભાળવા હાજર થઈ ગયા હતા. જગન્નાથજીએ વસ્ત્ર-વિતરણની જવાબદારી સંભાળી લીધી હતી. શર્માજી પશુચારાનું કામ પ્રેમથી કરી રહ્યા હતા. અનાજ-વિતરણની વ્યવસ્થા રહેલાના ગુજરાતીભાઈઓએ સંભાળી લીધી હતી. પ્રભુ નારાયણ પંજાબી આર્મીના નિવૃત્ત ઑફિસર હતા. ચારે વિભાગની મુખ્ય વ્યવસ્થા તેમને સોંપવામાં આવી હતી. તે ઉપરાંત વિઠ્ઠલભાઈ પટેલ, ઉમેદભાઈ પટેલ, અંબાભાઈ પટેલ, બિમલ પ્રસાદ જૈન, ડૉ. રમણીકભાઈ દોશી, પ્રીતિબહેન, પુષ્પાદેવી જૈન વગેરે અહર્નિશ સેવા માટે હાજર હતાં. દરેકની નિઃસ્વાર્થ સેવા ખરેખર અભિનંદનને પાત્ર છે.

કૅમ્પ જૂન ૧૯૬૮થી જાન્યુઆરી ૧૯૬૯ સુધી ૮ માસ ચાલ્યો. ૧૦,૦૦૦ માણસોને ૮ માસ સુધી અનાજની સહાય આપવામાં આવી હતી. તેમને દલિયા, દાળ, ચોખા અને અન્ય ખાદ્ય સામગ્રી આપવામાં આવતી હતી. રોજ ૨૫૦૦ વ્યક્તિઓ ભોજન કરતા હતા. ૫૦૦ પશુઓને ખલી, ખોળ અને ચારો આપવામાં આવતો હતો. તે ઉપરાંત ૫૦,૦૦૦ જોડી વસ્ત્રનું વિતરણ કર્યું હતું. ભોજન, રેશન, પશુચારો વગેરેમાં લગભગ ૧૨ લાખ રૂપિયાની ધનરાશિ વપરાઈ હતી.

કૅમ્પમાં વ્યવસ્થા જળવાઈ રહે અને રાહતનું કામ તેના લક્ષ્ય પ્રમાણે પાર ઊતરે તે માટે વિશિષ્ટ કાર્યશૈલી અમલમાં મૂકી હતી.

બિહારના મોટાભાગના કૅમ્પમાં ભોજન બપોરે પીરસવામાં આવતું હતું. તેથી દૂર ગામડામાંથી માણસો ૧૦ વાગ્યે નીકળી જતા. તેમનો પૂરો સમય ભોજનમાં ચાલ્યો જતો હતો. બેલચંપા કૅમ્પમાં સવારે ૮ વાગ્યે ભોજન આપતા, જેથી માણસોને કામ કરવા માટે પૂરો દિવસ મળી શકતો, તેમજ રસોઈ બનાવવા માટે પૂરી રાતનો સમય મળતો હતો. જમવાનું શરૂ કરતા પહેલાં પાંચ મિનિટ ભગવાન મહાવીર, બજરંગ બલિ, સીતારામની ધૂન બોલાવતા હતા. હિંદુ- મુસલમાનના કોઈ ભેદભાવ વગર દરેક માટે રસોડું ખુલ્લું હતું. દરેકે પોતાનાં વાસણ લાવવાનાં રહેતાં. હાથ અને વાસણ ધોવા માટે ૨૦ પાણીના નળની વ્યવસ્થા રાખી હતી. ચોખ્ખાઈ ઉપર પૂરું ધ્યાન આપવામાં આવતું હતું. આવવા અને જવાનાં જુદાં દ્વાર રાખ્યાં હતાં, જેથી અંધાધૂંધી ન ફેલાય.

બેલચંપાના કેમ્પને જોવા માટે શ્રી જયપ્રકાશ નારાયણે તેમના પ્રતિનિધિઓને મોકલ્યા હતા. તે ઉપરાંત રાજ્ય કક્ષાના ઘણા મહાનુભાવો પણ આવ્યા હતા.

એ સમયે બિહારમાં ૮૫૭ રાહતકાર્યના કેમ્પ ચાલતા હતા તેમાં વ્યવસ્થાની દૃષ્ટિએ શ્રી જયંતમુનિની પ્રેરણાથી ચાલતા બેલચંપાના કેમ્પને સર્વશ્રેષ્ઠ જાહેર કરવામાં આવ્યો હતો.

અહિંસા નિકેતનનો દુષ્કાળ-રાહત કેમ્પ જ્યારે બંધ કરવામાં આવ્યો ત્યારે તપસ્વીજી મહારાજના દેવલોકગમનને એક વર્ષ થવા આવ્યું હતું. શ્રી જયંતમુનિના ૨૫ વર્ષના સાધુજીવનમાં તપસ્વીજી મહારાજે પ્રેમાળ પિતા અને પથદર્શક ગુરુની બેવડી ભૂમિકા નિભાવી હતી. શ્રી જયંતમુનિના જીવનમાં આવેલો શૂન્યાવકાશ ભરાઈ શકે તેમ ન હતો, પરંતુ એક વર્ષના રાહતકાર્યથી તપસ્વીજી મહારાજને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કર્યાનો તેમને સંતોષ હતો.

**બેલચંપા આશ્રમની પૂરમાં તારાજી :**

કલકત્તાનું ૧૯૭૭નું સફળ ચાતુર્માસ થયા પછી શ્રી જયંતમુનિને બેલચંપા જવાનો યોગ ન આવ્યો. ૧૯૭૭માં ભયંકર પૂર આવવાથી કોયલ નદીના કિનારે બેલચંપા આશ્રમને ખૂબ જ નુકસાન થયું હતું. આખો આશ્રમ તણાઈ ગયો હતો.

બ્રા. બ્ર. જયાબાઈ મહાસતીજી જ્યારે બેલચંપા પધાર્યાં હતાં ત્યારે તેમણે ભવિષ્યવાણી કરેલી હતી કે આ આશ્રમ તણાઈ જવાનો છે. પરંતુ ત્યારે તમારી હાજરી ન હોઈ તમે બચી જવાનાં છો. ખરેખર, આ ભવિષ્યવાણી સોળ આના સાચી નીકળી. ૧૯૭૭માં બિહારના પલામુ જિલ્લામાં મહાભયંકર વૃષ્ટિ થઈ અને નદીઓએ માઝા મૂકી. કોયલ નદીમાં ગાંડાપૂર આવ્યાં. વાંસઝાલ પાણી ચડ્યા. કિનારે રહેલાં ગામનાં ગામ તણાઈ ગયાં હતાં.

આશ્રમની રક્ષા માટે બાંધેલી ૧૩૦૦ ફૂટ લાંબી, ૧૪ ફૂટ ઊંચી અને ૪ ફૂટ પહોળી ભીમકાય દીવાલને પાણીએ પોતાની એક ઝાપટથી નીચે પાડી દીધી. આખો આશ્રમ રોળાઈ ગયો. એ વિકટ પરિસ્થિતિમાં ખૂબ જ નાની વય હોવા છતાં જગન્નાથ તિવારીએ ખૂબ જ સેવા આપી હતી.

ગૌશાળામાં લગભગ ૨૫ જેટલાં ઢોર હતાં. પરંતુ જગન્નાથે બુદ્ધિ વાપરીને પાણી ચડ્યા પહેલાં ગૌશાળાનાં બધાં ઢોરેને છોડી, હંકારીને ઊંચી જગ્યા પર લઈ ગયો. ભગવાનની દયાથી બધાં જાનવર બચી જવા પામ્યાં. બાકી ઘણું ધનોતપનોત થયું. એક કરોડની સંપત્તિ નષ્ટભ્રષ્ટ થઈ. આવી વેરાન અવસ્થા થયા પછી શ્રી જયંતમુનિને બેલચંપા આશ્રમમાં જવાની કોઈ ઇચ્છા થઈ નહીં.

**ગુફામાં ચાતુર્માસની ભાવના :**

કલકત્તાથી વિહાર કર્યા પછી શ્રી જયંતમુનિના મનમાં વિચાર સ્ફુર્યો કે કોઈ પર્વતીય ગુફામાં ચાતુર્માસ કરવું. મુનિશ્રી જાણતા હતા કે જૂના સમયમાં સાધુઓ ગુફામાં રહેતા અને ધ્યાન-સમાધિ

કરતા હતા. આ હકીકત ફક્ત વાર્તાઓમાં વાંચી હતી, પરંતુ સ્વયં અનુભવ ન હતો.

શ્રી જયંતમુનિએ નિર્ણય કર્યો કે ગુફાનો અનુભવ લેવો અને જ્યાં કોઈ આવી શકતું ન હોય તેવી પર્વતની ઊંડી કંદરામાં ચોમાસું કરવું.

૧૯૫૬માં પૂજ્ય તપસ્વીજી મહારાજ સાથે રાંચીથી બેરમોના વિહારમાં શ્રી જયંતમુનિએ લૂગુ પહાડ ઉપર આરોહણ કર્યું હતું. (તેની વિગત રાંચી - બેરમો ગયા - પટનાના ૧૯૫૬ના વિહાર વર્ણનમાં આપેલ છે.) શ્રી જયંતમુનિને આ રીતે લૂગુ પહાડની ગુફાનું આછું સ્મરણ હતું. ૧૯૭૭માં જ્યારે ગુફામાં ચાતુર્માસ કરવાનો વિચાર ઊઠ્યો ત્યારે આ સ્મરણ તાજું થયું.

**લૂગુ પહાડનું નિરીક્ષણ :**

શ્રી જયંતમુનિએ સંસારસિંગ અને મોતીલાલજી નામના બે માણસોને લૂગુ પહાડના નિરીક્ષણ માટે મોકલ્યા. આ બંને માણસો હિંમત કરીને લૂગુ પહાડની ગુફા જોઈને આવ્યા.

ગુફાની પાસે, પહાડ ઉપર કેટલી ઊંચાઈ પર નિર્મળ પાણીનું ઝરણું છે તેનો અહેવાલ તેમણે આપ્યો. પાણીનો યોગ ન હોય તો ગુફામાં રહી શકાય નહીં. આ રિપોર્ટના આધારે શ્રી જયંતિમુનિનો ગુફામાં રહેવાનો સંકલ્પ મજબૂત બન્યો. ત્યારબાદ ફરતા ફરતા શ્રી જયંતમુનિ સાડમ આવ્યા. સાડમમાં જૈન દેરાસર છે અને દિગંબર ભાઈઓનાં લગભગ પંદરથી સોળ ઘર છે.

લૂગુ પહાડ સાડમથી ઘણો નજીક છે. શ્રી જયંતમુનિએ ફરીથી લૂગુ પહાડ ઉપર આરોહણ કર્યું અને ત્યાં સોળ દિવસ સ્થિરતા કર્યા પછી લાગ્યું કે ત્યાં ચાતુર્માસ કરી શકાય તેમ છે. આ અનુભવ લીધા પછી ગુફામાં ચાતુર્માસ કરવાનો સંકલ્પ પાકો થયો.

**લૂગુ પહાડ ઉપરનો પ્રથમ દિવસ :**

પુનઃ વિહાર કરતા કરતા શ્રી જયંતમુનિ સાડમ પધાર્યા. સાડમના શ્રી જૈન સમાજ સાથે બધો વિચારવિમર્શ કરી ગુફામાં ચાતુર્માસ માટે નિર્ણય કર્યો. આ વખતે શ્રી જયંતમુનિ સાથે નથુરામભાઈ બારીક, જગન્નાથ તિવારી, પ્રહ્‌લાદ માહતો, નેપાલ માહતો અને શિવરામભાઈ - એમ પાંચ માણસો હતા. તે ઉપરાંત બે આદિવાસી પણ સાથે હતા.

સાડમથી વિહારયાત્રાનો આરંભ કરી, શ્રી જયંતમુનિએ લૂગુ પહાડની તળેટીમાં તુલબુલ નામના નાના ગામમાં રાત્રિવાસ કર્યો. ત્યાં કુંભારી, આદિવાસી તથા માહતો(ખેડૂતો)ની વસ્તી છે. એ વખતે લંડનથી ડૉ. નવીનચંદ્ર મનુભાઈ મેઘાણી તેમનાં પત્ની સાથે દર્શનાર્થે આવી ચડ્યા. તેઓએ સેવાનો ખૂબ જ સારો લાભ લીધો. તેમણે બાળકોને બિસ્કિટ વહેંચી. એક રીતે પ્રભાવના કરીને મંગલાચરણ કર્યું. પર્વતારોહણ સવારના છ વાગે શરૂ થયુ.

નાનામોટા ટેકરાઓ તથા ઝરણાંઓ પાર કરી, પ્રકૃતિની અદ્‌ભુત છૂટ નિહાળતાં સૌ આગળ વધ્યા. ગુફા લગભગ ત્રણ હજાર ફૂટની ઊંચાઈ પર છે. પરંતુ લૂગુ પહાડ ઘણો જ વાંકો હોવાથી

તથા સીધું ચડાણ હોવાથી આટલી ઊંચાઈ ચડવામાં પણ ઘણો જ પરિશ્રમ કરવો પડે છે. ફક્ત કોઈ કોઈ આદિવાસી લાકડાં લેવા માટે પહાડ ઉપર જતા જોવામાં આવતા હતા. બાકી આખુ જંગલ જાનવરોના અવાજથી અને મોરલાના ટહુકારથી ગુંજતું રહે છે. સાપ વધારે હોય ત્યાં મોરલા પણ વધારે હોય. રસ્તામાં ધૂળ ઉપર રીંછનાં પગલાં જોવા મળતાં હતાં.

અગિયાર વાગે એકાએક વીજળીના ગડગડાટ થયા અને મુશળધાર વરસાદ પણ આવ્યો. વરસાદના આક્રમણ સામે ટકવું મુશ્કેલ હતું. પરંતુ ગુફા પાસે આવી ગઈ હતી એટલે પલળવા છતાં બધા દોડીને ગુફા સુધી પહોંચી શક્યા. ભગવાન મહાવીરના જયનાદ સાથે અને તપસ્વીજીના નામનો જયઘોષ કર્યા પછી શ્રી જયંતમુનિએ ગુફામાં પ્રવેશ કર્યો.

ગુફામાં ઘણો જ કચરો પડ્યો હતો. સફાઈ થયા પછી માણસોએ ખીચડીનું ભોજન તૈયાર કર્યું. બે વાગ્યે બધા માણસો તથા મુનિશ્રી આહાર ભેગા થયા. આ ગુફાનો નિવાસ એક નવો જ અનુભવ હતો. ત્રણ વાગતાં તો અંધકાર ઢળવા લાગ્યો અને રાત્રિનું ભયાનક સ્વરૂપ પ્રત્યક્ષ થવા લાગ્યું. થોડી વારમાં વાઘની ત્રાડો અને જાનવરના જુદી જુદી જાતના અવાજો કાન પર આવવા લાગ્યા.

ત્યારે ખ્યાલ આવ્યો કે આ ગામડાના કે જંગલના માણસો કેટલા ડરપોક હોય છે. શ્રી જયંતમુનિ સાથેની આખી ટોળી ભયભીત થઈ ગઈ હતી. સંધ્યા પછી એક પણ માણસ લઘુશંકા માટે પણ બહાર જવાની હિંમત કરતો ન હતો.

શ્રી જયંતમુનિએ હિંમત બંધાવી અને બહાર જનાર દરેકને તેમણે સ્વયં સાથ આપ્યો. તેમને ખાતરી હતી કે આ પરિસ્થિતિમાં બે-ચાર દિવસ જ રહેવું પડશે. પહાડના નવા ક્ષેત્રના કારણે આ લોકો ભયભીત થયા હતા. તેઓ બે-ચાર દિવસમાં ટેવાઈ જશે એટલે ભય ચાલ્યો જશે.

**ગુફાનું ચિત્ર :**

શ્રી જયંતમુનિએ જે ગુફામાં નિવાસ કર્યો તે કોઈ મનુષ્યની બનાવેલી ગુફા ન હતી, પરંતુ કુદરતી રીતે બનેલી ગુફા હતી. હજારો વરસો સુધી અંદરના પોલાણમાં પાણીથી માટી ધોવાતી ગઈ અને પથ્થરની વચ્ચે વિશાળ પોલાણ ઊભું થયું હતું. આખી ગુફા એકસો ચાર ફૂટ લાંબી હતી. વચ્ચેના ભાગમાં ચોપન ફૂટ પહોળી હતી. ઉત્તર દિશાના છેડે ૧૫ ફૂટ પહોળી હતી. ગુફામાં વધારેમાં વધારે ઊંચાઈ ચૌદ ફૂટ હતી. જ્યારે કોઈ કોઈ જગ્યાએ સાતથી આઠ ફૂટની ઊંચાઈ હતી.

આમ ગુફાની છત અને ભોંયતળિયું ઘણાં ઊંચાં-નીચાં હતાં. એક તરફ વરસાદમાં વરસતા પાણીનું ઝરણું - વહેણ હતું. જ્યારે બાજુમાં ત્રણ ફૂટની ઊંચાઈ ઉપર ખાસ્સી પહોળી ચટ્ટાન હતી. ગુફાને ત્રણ પ્રવેશ હતા. ઉત્તરમાં સીધું ભોંયરા જેવું છિદ્ર હતું. દક્ષિણમાં રીતસરનો સાત

ફૂટ ઊંચો-બાર ફૂટ પહોળો એકદમ ચોરઘુટ પ્રવેશદ્વાર જ હતો. આ પ્રવેશદ્વાર સૌથી મોટો હતો. પૂર્વમાં પહાડમાં તિરાડ થઈ જવાથી બેથી ત્રણ ફૂટ પહોળો નાનકડો ચાલવાનો રસ્તો હતો. આખી ગુફામાં લગભગ અંધકાર છવાયેલો રહેતો. ક્યાંય પણ સીધો તડકો આવવાની શક્યતા હતી નહીં. છતાં દિવસમાં થોડુંઘણું જોઈ શકાતું હતું. શ્રી જયંતમુનિના માણસોએ પોતાની રીતે એક ઊંચા પથ્થર ઉપર બધો સામાન ગોઠવી દીધો અને મુખ્ય પ્રવેશ પાસે થોડા નીચાણમાં રસોડું બનાવ્યું. ગુફાથી લગભગ સિત્તેર ફૂટ નીચે પહેલું પાણીનું ઝરણું હતું. મોતીબાઈ મહાસતીજીના નામથી આ ઝરણાનું નામ મોતીઝરણું રાખવામાં આવ્યું. માણસો મોતીઝરણા સુધી પાણી લેવા માટે જતા.

ખરેખર, પાણી મોતી જેવું સ્વચ્છ હતં. મોતીબાઈ મહાસતીજી પણ મોતી જેવાં હતાં. તેઓ દેવકુંવર બાઈ મહાસતીજીનાં શિષ્યા ઊજ્જમબાઈ સ્વામીથી નાનાં હતાં. તેઓ ઘણા સરળ સ્વભાવનાં, સ્વચ્છ વિચાર ધરાવનાર આચારનિષ્ઠ ઉચ્ચકોટિનાં સાધ્વીજી હતાં. અત્યારે તેમની પરંપરામાં પ્રાણકુંવરબાઈ મહાસતીજીએ ખૂબ જ નામ ઉજ્જ્વળ કર્યું છે. શ્રી જયંતમુનિએ માણસોને મોતીઝરણા નામનું મહત્ત્વ સમજાવ્યું. જ્યાંથી પાણી લેવામાં આવતું હતું ત્યાં સીધેસીધું, પથ્થરની વચ્ચેથી, કોઈનો પણ સ્પર્શ ન થયો હોય તેવું શુદ્ધ નિર્મળ પાણી પ્રાપ્ત થતું હતું.

**ધ્યાનનો આત્મિક આનંદ :**

મોતીઝરણાની નજીકમાં એક કાળા પથ્થરના કિનારા પર ઊંચી ચટ્ટાન હતી. આ શિલા ઉપર બેસીને શ્રી જયંતમુનિ પ્રતિદિન ત્રણથી ચાર કલાક ધ્યાન કરતા હતા. ધ્યાન આત્માના અંદરના શુદ્ધ પ્રદેશોનો અદ્ભુત આનંદ હોય તેવો અનુભવ કરાવતો હતો. સૂર્યનો તાપ માથા ઉપર આવી જતાં વાતાવરણ ઘણું જ ગરમ થતું અને ક્યારેક પરસેવાના રેલા પણ વહી જતા, છતાં પણ ધ્યાન ભંગ થતું નહીં અને આનંદની લહેરમાં આત્મા ખોવાયેલો રહેતો. ભૂતકાળમાં પણ તે યોગીઓની સાધનાશિલા હશે તેવો અનુભવ થતો હતો. પ્રાચીન કાળમાં આ બધી કંદરાઓમાં જૈન મુનિઓ પણ છવાયેલા હશે અને તેની સાધનાના શુદ્ધ રજકણો અત્યારે પણ સ્પર્શ કરતા હોય તેવો રોમ રોમ અનેરો આનંદ થતો હતો. ખરેખર, ગુફાનો આ નિવાસ જીવનનો એક અણમોલ ખજાનો બની ગયો.

ગુફાની બહાર લગભગ ત્રીસ ફૂટ જેટલી ઊંચી ગોળ પહાડી હતી. તેના ઉપર એક ચટ્ટાન હતી. તેની ઉપર ચડવા માટે માણસોએ નિસરણી બનાવી હતી. જયંતમુનિજી આ ચટ્ટાન ઉપર બેસીને રાત્રિના ધ્યાન કરતા હતા. ઘોર અંધકાર અને સર્વથા એકાંત ભલભલાને ધ્રુજાવી દે તેવાં ભયાનક હતાં. આત્મધ્યાનમાં લીન મુનિશ્રીને ભયદ્ર હોવા છતાં અલૌકિક આનંદ સાથે આ વિભાવરીનાં અદ્ભુત દર્શન થતાં હતાં. ખરેખર, લૂગુ પહાડ અને ગુફાના ચાર મહિનાનો નિવાસ શ્રી જયંતમુનિના

જીવનની અણમોલ સંપત્તિ હતી અને સાધનાના ઉત્તમ દિવસો હતા. સાધુજીવનનો ત્યાં ખરેખર અનુભવ થતો હતો.

**દર્શનાર્થીઓની ભક્તિ :**

ગુફાના નિવાસ દરમિયાન છ માણસો મુનિશ્રી સાથે હતા. એ લોકો પોતાના ભોજન માટે મુખ્યત્વે ખીચડી બનાવતા. શ્રી જયંતમુનિ તેમાંથી એક ટાઇમ આહાર લેતા. પહાડ ઉપર દૂધ અને શાકભાજી બિલકુલ મળવાં દુર્લભ હતાં. ઘણા દિવસો નિમક વગરના પસાર થતા હતા. તપસ્યાનો અનુકૂળ યોગ હતો. સામાન લેવા માટે માણસો પહાડથી નીચે ઊતરી, ટ્રેઇનમાં રામગઢ જતા. સોમવારે જાય તે ગુરુવારે પાછા આવી શકતા. રામગઢવાળા શ્રીમતી પુષ્પાદેવી જૈને (માતાજી) ચાર મહિના ખૂબ જ ભક્તિથી સેવા બજાવી હતી. તેઓ માણસોને બધો સામાન તૈયાર કરી આપતા હતા.

કલકત્તા નિવાસી પ્રતાપભાઈ વોરા બે વખત પર્વત ઉપર આવેલ. ધનબાદ સંઘના દસ-બાર ભાઈઓ બહુ સાહસ કરી ઉપર પહોંચ્યા હતા. ચાસનિવાસી પ્રાણલાલભાઈ, કલકત્તાથી હરિભાઈ ઝાટકિયા, મહિપતભાઈ દેસાઈ, નરોત્તમભાઈ માલાણી, જગતભાઈ પારેખ, હરકિશનભાઈ વગેરે પહાડ ઉપર દર્શનાર્થે પહોંચી શક્યા હતા. આર. એસ. એસ.ના નાનામોટા કાર્યકર્તા, વનવાસી કેન્દ્રના અધ્યક્ષ, ધનબાદ કોલફિલ્ડના મોટા ઉદ્યોગપતિ શ્રી મગનલાલ અગ્રવાલ પણ આવ્યા હતા.

મહિલાઓમાં રમાબહેન કામદાર પોતાના સાથી સાથે અને પુષ્પાદેવી જૈન ડોળીમાં બેસી એક વખત ઉપર પહોંચ્યા હતા. આવો વિકટ પહાડ હોવા છતાં આ બધા ભક્તોએ પહાડ ચડી દર્શનનો લાભ લીધો હતો. ગુફાની બાજુમાં એક નાનું શિવમંદિર છે, જે અધૂરું પડ્યું હતું. શ્રી પ્રાણલાલભાઈ મહેતાએ આ મંદિર પૂરું કરાવવા માટે પાંચ બોરી સિમેન્ટ અને મજૂરો મોકલ્યા હતા. પહાડ ઉપર સિમેન્ટ ચડાવવી ઘણું જ કઠિન કામ હતું. પરંતુ ભક્તિથી તેઓએ એ કામ પૂર્ણ કરેલ.

એક વખત સાડમનાં સાઠ જેટલાં જૈન ભાઈ-બહેનો અને બાળકો સાહસ કરીને ઉપર આવ્યાં. પહાડ ઉપર જ દાલબાટી બનાવી સૌએ ભોજન લીધું અને ખૂબ જ આનંદ કર્યો. પહાડ આટલો નજીક હોવા છતાં તેઓ પહેલી જ વાર લુગુ પહાડ જોઈ શક્યા હતા. પથ્થરની ચટ્ટાન ઉપર સૂવાનું અને પ્રાકૃતિક જગ્યામાં રહેવાનો અનુપમ અનુભવ લઈ, વહેલી સવારના સૌ પહાડ ઊતરી ગયા.

**અંધવિશ્વાસનો ભોગ :**

શ્રી જયંતમુનિ જે ગુફામાં રોકાયા હતા તેની ઉપરના ભાગમાં એક બીજી ગુફા હતી, જે લુગુબાબાની ગુફા કહેવાતી હતી. આ ગુફામાં એક ભોંયરા જેવું દર હતું. માણસોની માન્યતા

હતી કે આ દરમાંથી સૂતાં સૂતાં પણ જે માણસ અંદર પહોંચે તેને ત્યાં બીજી મોટી ગુફામાં સાક્ષાત ભગવતી દેવીનાં દર્શન થાય છે. ચાંદીના ઝૂલા પર ભગવતી દેવીમા ઝૂલે છે અને ચારે તરફ દીવા બળે છે. આ માન્યતાના આધારે ઘણા માણસો ભોંયરામાં સૂતાં સૂતાં આગળ વધતા અને પછી સાંકડી જગ્યામાં સલવાઈ જતા. જેમ ઢેડગરોળી પાઇપમાં ઘૂસી જાય તો પાછી વળી ન શકે અને મરણને શરણ થાય તેમ જ અહીં માણસોનું થતું.

મુનિશ્રી ઉપર ગયા ત્યારે એ ગુફા પાસે આઠથી દસ માણસો પથ્થર પર બેઠા હતા. તેઓએ કહ્યું કે, "અમારા ઘરની વહુ અને દીકરી, બંને નવાં કપડાં પહેરી, કપાળમાં ચાંદલો કરી, ઘરેણા સાથે શણગાર કરી આ ગુફામાં પ્રવેશી છે. મા ભગવતીનાં દર્શન કરી આઠ દિવસમાં પાછી નીકળશે. આજે ચાર દિવસ થયા છે. જો અત્યારે નહીં નીકળે તો ભાદરવા વદ આઠમના નીકળશે." ખાવાપીવાનું કશું સાધન ન હોવાથી પહાડ ઉપર આ માણસો ચીમળાઈ ગયા હતા.

શ્રી જયંતમુનિએ તેમને સમજાવીને નીચે મોકલ્યા. તેમનાં નામ અને સરનામાં લખી લીધાં. ત્યારબાદ રોતી આંખે તે લોકો નીચે ઊતરી ગયા. તેઓ જતાં જતાં કહેતા ગયા, "બાબા, આ લોકો નીકળે અથવા જે કાંઈ ખબર હોય તે અમને મોકલજો."

આ બંને નણંદ-ભોજાઈ ગુફામાં પહોંચ્યા પછી મરણને શરણ થઈ ગઈ. તેમનો કશો પત્તો લાગ્યો નહીં. પહાડ પોલો હોવાથી તેમાં ઘણા મોટા નોળિયા જેવાં જાનવરો રહે છે, જે ગુફામાં ફસાયેલા માણસોને ખાઈને ઠેકાણે કરી નાખે છે.

ઉપરની ગુફા કોઈ છિદ્ર દ્વારા મુનિશ્રી હતા તે ગુફા સાથે જોડાયેલી હતી. આ વાતની કોઈને ખબર ન હતી. પરંતુ જ્યારે જોરનો વરસાદ આવ્યો ત્યારે ઉપરની ગુફામાં પાણી ભરાયું હતું તે આ છિદ્ર વાટે મોટી ગુફામાં નીકળવા લાગ્યું. પાણી જ્યારે સ્થિર થયું ત્યારે ત્યાં રેતી ઉપર ચૂડીના કટકા, હાથના આંગળાં, પગનાં હાડકાં, કાનના એરિંગ, બ્લૂ રંગના બ્લાઉઝના ટુકડા વગેરે મળી આવ્યાં.

મુનિશ્રીએ અનુમાન કર્યું કે જે નણંદ-ભોજાઈ ગુફામાં ગઈ હતી તેમનાં આ નિશાન છે. તેના પરિવારને ખબર આપતાં સૌ ઉપર આવ્યા અને પોતાની વહુ-દીકરીનાં નિશાનો ઓળખી ગયા. તેઓ ખૂબ જ રડી પડ્યા. જોગાનુજોગ તે દિવસે બરાબર ભાદરવા વદ આઠમ હતી. માણસોને સમજાવી, પ્રસાદ આપી અને અવશેષોને દામોદરમાં પધરાવી દેવાની સલાહ આપીને રવાના કર્યા.

પુનઃ જ્યારે ભારે વરસાદ થયો ત્યારે પ્રહ્લાદભાઈએ ઉપરની ગુફામાં લાલ રંગના કોલસા નાખ્યા. એકાદ કલાક પછી પાણીની સાથે મોટી ગુફામાં એ કોલસા નીકળ્યા. આથી નક્કી થયું કે બંને ગુફા જોડાયેલી છે. ગુફામાં ભગવતી માતા ઝૂલે છે તે વાત મિથ્યા સાબિત થઈ. આવા

અંધવિશ્વાસમાં આગળ પણ ઘણા માણસો મર્યા હશે. માટે શાસ્ત્રમાં કહ્યું છે "અંધવિશ્વાસ બહુ મોટું પાપ છે." જૈન શાસ્ત્રોમાં તેને ગ્રહિત મિથ્યાત્વ કહે છે.

**સ્થાનિક માણસોની ભક્તિ :**

ગુફામાં ચાતુર્માસના દિવસો ધીરે ધીરે આનંદપૂર્વક પસાર થવા લાગ્યા. વચ્ચે નાના-મોટા ઉપસર્ગ અને પરિષહ આવતા હતા, પરંતુ વીરકૃપાથી બધા પાર થઈ ગયા. ગુફામાં દિવસ અને રાતના અનેક સાપ, મોટા અજગર જેવા લાંબા સાપ કે લીલાછમ ઝેરી સાપ પણ નીકળતા હતા. રાત્રે જંગલી જાનવરો અને રીંછના અવાજો આવતા, પરંતુ કોઈ જાનવરે ગુફામાં પ્રવેશવાનું સાહસ કર્યું ન હતું.

કોઈ કોઈ વખત નીચેના ગામડાના માણસો ભજનમંડળી લઈને ઉપર આવતા હતા. ત્યારે ભજનોથી ગુફા ગુંજી ઊઠતી હતી.

જ્યોતિપ્રસાદ નામનો એક ઘરસંસારી બાવો પણ પહાડ ઉપર ચડ્યો હતો અને ૨થી ૩ મહિના રોકાયો હતો. જ્યારે શ્રી જયંતમુનિએ પેટરબારમાં હૉસ્પિટલ બનાવી ત્યારે ખબર પડી કે એ બાવાનું ઘર પેટરબારમાં જ હતું.

આદિવાસી લોકો લાકડાં લેવા પહાડ ઉપર આવતા અને ગુફાની પાસે થોડો વિશ્રામ કરતા. ગુફામાં ગોળ અને ચણા રાખ્યા હતા. જે કોઈ કઠિયારા ઉપર આવતા તેને ગોળ અને ચણા આપવામાં આવતા હતા. ચારે મહિનાના ગોળ-ચણાનો ખર્ચ મહિપતભાઈ દેસાઈએ આપ્યો હતો.

**તપસ્વીજી મહારાજનો આદેશ ! :**

શ્રી જયંતમુનિ ધ્યાનમાં બેસતા ત્યારે એક વખત એવો આદેશ મળ્યો કે તમે નેપાળની યાત્રા કરો અને કાઠમંડુ ચાતુર્માસ કરવાનો સંકલ્પ કરો. મુનિશ્રીને કાઠમંડુ કે નેપાળ જવાનું સ્વપ્ન પણ ન હતું. લૂગુબાવાનો કે તપસ્વી મહારાજનો આદેશ હોય તેમ સ્પષ્ટ લાગતું હતું! ગુફામાં આ રીતે આદેશ મળવાથી શ્રી જયંતમુનિનો સંકલ્પ દૃઢ થઈ ગયો.

શ્રી જયંતમુનિએ દિવાળી પછી નીચે ઊતરવાનો વિચાર જાહેર કર્યો. શેષ દિવસો સાડમને આપવા એમ નક્કી કર્યું. ગુફાથી સાડમ વિહારની મર્યાદામાં હતું. મુનિશ્રી કારતક સુદ પાંચમના પહાડ પરથી નીચે ઊતર્યા અને સાડમના જૈન મંદિરમાં છેલ્લા દસ દિવસ વ્યતીત કર્યા.

❑



# ૩૨

## નેપાળની ઐતિહાસિક વિહારયાત્રા

**શ્રી** જયંતમુનિએ સાડમમાં બધા ભાઈઓની હાજરીમાં નેપાળયાત્રાની જાહેરાત કરી. રામગઢ, હજારીબાગ, રાજગિરિ, પટના, વૈશાલી, મુઝફરપુર, મોતીહારી થઈ ભારતની સીમા રક્ષોલ સુધી જવાનો કાર્યક્રમ ઘડ્યો. ત્યાંની નાની નદી પાર કરી નેપાળના વીરગંજમાં પ્રવેશ કરવાનો હતો. વીરગંજથી કાઠમંડુ સુધીનો બસો કિલોમીટરનો નૅશનલ હાઇવે છે.

શ્રી જયંતમુનિ રાજગિરિ પધાર્યા ત્યારે તપસ્વીજી મહારાજની સ્મૃતિમાં બનાવેલું 'કેશવલાલ ખંડેરિયા આરોગ્ય ભવન'નું ઉદ્‌ઘાટન કરવાનું હતું. હાલમાં આ ભવન 'પૂર્વ ભારત' તરીકે ઓળખાય છે. શ્રી રામેશ્વર પ્રસાદ સિંગ સોલંકીજી પૂર્વ ભારતની બધી વ્યવસ્થા સંભાળતા હતા. પૂર્વ ભારત ઊભું કરવામાં તેમણે ઘણો જ પરિશ્રમ લઈ પોતાનું યોગદાન આપ્યું હતું. તેમણે ઈમાનદારીથી કામ કરી તથા કર્મકાંડથી સમસ્ત ભાઈઓનાં હૃદયમાં સ્થાન મેળવ્યું હતું. વ્યસનરહિત સાધનામય જીવન હોવાથી પૂર્વ ભારતને એક યોગ્ય વ્યક્તિ મળી ગયા હતા. ઉદ્‌ઘાટન-સમારોહ સારી રીતે ઊજવાય તેની બધી વ્યવસ્થા કરવામાં આવી હતી.

રાજગિરિમાં શ્વેતાંબર કોઠી, વીરાયતન અને અન્ય સંસ્થાઓએ મુનિશ્રીનું ઉમળકાભેર સ્વાગત કર્યું. ઉદ્‌ઘાટન-સમારોહ ખૂબ જ શાનદાર રીતે થયો. ફાળો પણ ઘણો સારો થયો હતો, જેથી સંસ્થાને પણ બળ મળ્યું.

રાજગિરિથી શ્રી જયંતમુનિ પટના પધાર્યા. પટનામાં કેટલાક દિવસ સ્થિરતા કરી કાઠમંડુ માટે પૂર્વતૈયારી કરી. ઉમેશચંદ્ર જૈન તથા સુધાબહેન ખાસ કાઠમંડુથી પટના આવ્યાં અને બધો કાર્યક્રમ નક્કી કરી ગયા. વિહારની

બધી જવાબદારી તેમણે સંભાળી. શ્રી જયંતમુનિએ પટનાથી નૌકામાં ગંગાનદી પાર કરી હાજીપુરના કિનારે ઊતર્યા.

રાજગિરિથી રામેશ્વરબાબુ હાજીપુર આવી ગયા હતા. હાજીપુરના નાગરિકોએ ગંગાકિનારે શ્રી જયંતમુનિનું ભાવભીનું સ્વાગત કર્યું. તેઓ ખાદી ભંડારમાં ઊતર્યા. વૈશાલીના જિલ્લા કલેક્ટર તેમની પત્ની સાથે દર્શન કરવા આવ્યા હતા. તેમણે વૈશાલીના નેત્રયજ્ઞમાં હાજરી આપવાનું વચન આપ્યું. હાજીપુર જાહેર પ્રવચન આપી મુનિશ્રી વૈશાલી પધાર્યા.

**ભગવાન મહાવીરની જન્મભૂમિ :**

વૈશાલી ભગવાન મહાવીરસ્વામીની જન્મભૂમિ છે. ખરેખર વૈશાલીનું આખું ક્ષેત્ર ફળદ્રુપ અને રસાળ છે. હાજીપુરથી વૈશાલી સુધી માર્ગની બંને બાજુ કેળાંની વાડીઓ છે. અહીં ઘણી સારી સંખ્યામાં કેળાં તથા નાળિયેર પેદા થાય છે. જમીન એકદમ સમતળ હોવાથી બધી જગ્યાએ પાણી ભરેલાં હોય છે અને ત્યાં પાણીમાં નાવ પણ ચાલે છે.

અહીંનાં ગામડાંની જનતા ખૂબ જ ભાવિક અને સંતપ્રેમી છે. હજુ પણ ત્યાંના માણસો દૂધ વેચતા નથી. ગોવાળિયા અને દૂધનો વેપાર કરનારા જ દૂધના પૈસા લે છે. મોટાં ઘરોમાં કોઈ દૂધ લેવા જાય તો લોટો ભરીને દૂધ આપી દે છે. પૈસા લેવાનું કહેવાથી તેઓ ઘણા જ નારાજ થાય છે. સામાન્ય મોટા સદ્ગૃહસ્થો અને સુખી-સંપન્ન ખેડૂતો, રાજપૂતો, મોટો જમીનદાર કે બ્રાહ્મણો દૂધ વેચતા નથી. એટલું જ નહીં પરંતુ દરવાજા પર આવેલા અતિથિનું હાર્દિક સ્વાગત કરે છે. અજાણ્યા માણસો હોવા છતાં તેમના જમવા-રહેવાની વ્યવસ્થા કરે છે. સાધુ-સંતો માટે પૂછવાનું જ શું?

વૈશાલીની આ યાત્રામાં ભક્તિનો એક રસમય પ્રસંગ બન્યો. બદરીનાથ નામના એક પંડિત બ્રાહ્મણ ગાયનો ચારો લઈને રસ્તા પર જઈ રહ્યા હતા. શ્રી જયંતમુનિને જોઈને તેણે ચારો નીચે મૂકી દર્શન કર્યાં અને ભક્તિથી વિનંતી કરી, "બાબા, અમારું ઘર નજીક છે. પ્રસાદ લેવા પધારો."

મુનિશ્રી કહ્યું કે, "એ ભાઈ, અમે આટલે દૂર આવી શકશું નહીં. પરંતુ થોડોઘણો પ્રસાદ લઈ અહીં આવો. અમે થોડી વાર વિશ્રાંતિ કરીએ છીએ."

થોડી વાર વિશ્રાંતિ કરી, પરંતુ બદરીનાથ આવ્યા નહીં એટલે મુનિશ્રીએ વિહાર શરૂ કરી દીધો. પરંતુ બદરીનાથની ભક્તિ અપાર હતી. જ્યારે તે પૌંવા અને ઘરનું દહીં લઈ રસ્તા ઉપર આવ્યા ત્યારે મુનિશ્રીને ન જોયા. આ ભક્ત આત્માએ રસ્તા પર દોડવાનું શરૂ કર્યું. ૩થી ૪ કિલો મીટર દોડીને તે મુનિશ્રીને આંબી ગયા અને ખૂબ જ ભક્તિપૂર્વક દહીં-પૌંવાં અર્પણ કર્યા. એ વખતે એમની આંખોમાં પ્રેમનાં આંસુ ઊભરાતાં હતાં. ત્યારે સાબિત થયું કે ખરેખર, આ ભગવાન

મહાવીરસ્વામીની ભૂમિ છે. બે હજાર વર્ષ પહેલાંના સંસ્કારો હજુ પણ બિહારની ધરતીમાં અસ્તિત્વ ધરાવે છે. જૈન સંતોને જોઈને અજાણ છતાં જનતાનો અપૂર્વ ભાવ ઊભરાતો હતો.

હાજીપુરથી વૈશાલી સુધીના અનુભવ ઘણા જ સુખદ રહ્યા. ગ્રામીણ જનતામાં હજુ પણ આતિથ્યની ભાવના એટલી જ લાગણીસભર જણાય છે. થોડા માણસોના સ્વાર્થ, ઉગ્રતા અને તોડફોડાઈને કારણે બિહારની છાપ ખરાબ પડી ગઈ છે. ઉચ્ચ કુળના હોય કે સાધરણ હોય, ગરીબ હોય કે સુખી હોય, જનતાનો મોટો ભાગ હજુ પણ પરંપરાગત ભદ્રતા અને સલુકાઈનો પરિચય કરાવે છે. ભારતની લોકમાતા ગંગા બિહારને મધ્યમાંથી ચીરતી વહી રહી છે. તેના પ્રતાપે આખો બિહારનો પ્રદેશ હરિયાળો અને ફળદ્રુપ છે. અહીંની ખેતીની પેદાશ ભારતના કોઈ પણ પ્રાંત સાથે ટક્કર ઝીલી શકે તેમ છે. જો યોગ્ય માર્ગદર્શન અને નેતૃત્વ મળે તો હજુ પણ બિહાર તેની જૂની જાહોજલાલી પાછી મેળવીને પોતાની સંસ્કારિતાથી બધાંને પ્રભાવિત કરી શકે તેમ છે.

વૈશાલી પહેલાં મુનિશ્રી લાલપુર રોકાયા. લાલપુરમાં એક કૉંગ્રેસી ભક્ત શ્રી લાલચંદજીએ તે જમાનામાં આ નાના ગામમાં એક ગાંધી પુસ્તકાલયની સ્થાપના કરી હતી અને તેમાં પોતાના પ્રાણ રેડ્યા હતા. આજે આ પુસ્તકાલય વિશાળ રૂપ ધરાવે છે. તેમાં દોઢથી બે લાખ પુસ્તકો છે. પ્રતિદિન બસોથી અઢીસો માણસો વાંચનનો લાભ ઉઠાવે છે. પુસ્તકાલયના પ્રભાવે આખું ગામ સંસ્કારી થઈ ગયું છે. પુસ્તકાલયો એ સમાજજીવન માટે બહુ જ ઉપકારી સંસ્થા છે.

**વૈશાલીમાં નેત્રયજ્ઞ :**

લાલપુરથી વિહાર કરી મુનિશ્રી વૈશાલી પધાર્યા. વૈશાલી એ બૌદ્ધ ધર્મ તથા જૈન ધર્મનું બહુ જ મોટું કેન્દ્ર છે. ચૈત્ર સુદ તેરસનાં દિવસે ત્યાં મોટા પાયા ઉપર મહાવીર જયંતી ઊજવાય છે. ગવર્નર અને મુખ્યમંત્રીઓએ પણ અનેક વાર હાજરી આપી હતી. મહાવીર જયંતી મહાપર્વ ઊજવવાનું શ્રીયુત રાજેન્દ્રબાબુએ જ શરૂ કર્યું હતું અને તે સ્વયં હાજરી આપતા હતા. વૈશાલીમાં પ્રાકૃત સંશોધન કેન્દ્રની પણ મોટે પાયે સ્થાપના થઈ છે. દેશ-વિદેશથી છાત્રો અને વિદ્વાનો માગધી, પ્રાકૃત અને પાલી ભાષાના અભ્યાસ માટે ત્યાં આવે છે.

જૈન સાહિત્યમાં વૈશાલી અગ્ર સ્થાન ભોગવે છે. ભગવાન મહાવીરને વૈશાલીય કહ્યા છે. વૈશાલીનું ગણતંત્ર વિશ્વમાં પ્રસિદ્ધ હતું. રામાયણમાં પણ રામની પ્રથમ વનયાત્રામાં વૈશાલીનો ઉલ્લેખ છે. શ્રી જયંતમુનિ વૈશાલીમાં પર્યટક કેન્દ્રમાં ઊતર્યા હતા. અહિંસા નિકેતન તરફથી વૈશાલીમાં મોટો નેત્રયજ્ઞ ગોઠવ્યો હતો. ત્યાંના સ્કુલના પ્રાધ્યાપક તથા શિક્ષકોનો આ નેત્રયજ્ઞમાં બહુ જ મોટો સહયોગ મળ્યો હતો. નેત્રયજ્ઞનું ઉદ્‌ઘાટન એ વખતના બિહાર સહકારના મંત્રી શ્રી લલિત શાહીના કરકમલથી કરવામાં આવ્યું હતું.

શ્રી જયંતમુનિ વૈશાલીથી મુઝફરપુર પધાર્યા. ત્યાં આર્યસમાજમાં નિવાસ કર્યો. મુઝફરપુરમાં ત્રણથી ચાર સ્થાનકવાસી ઘરો છે. શ્રી રતિલાલભાઈ વગેરે શ્રાવકો ખૂબ જ ભક્તિવાળા છે. ત્યાંના સુપ્રસિદ્ધ વકીલ શ્રી પશુપતિનાથે તેમની પ્રત્યે અનન્ય શ્રદ્ધા દર્શાવી. ત્યાં જાહેર પ્રવચનો ગોઠવ્યાં હતાં. મુઝફરપુરમાં મુનિશ્રીનો ખૂબ જ ઊંડો પ્રભાવ પડ્યો. મુઝફરપુરથી મોતીહારીનો રસ્તો ગ્રહણ કરી તેઓ નેપાળ તરફ આગળ વધ્યા.

**ભારત-નેપાળ સીમા :**

શ્રી જયંતમુનિને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે ખૂબ જ સારો સંબંધ હતો. તેના પટના કાર્યાલયે મુઝફરપુરથી રક્ષોલ સુધી બધા ગામોને સૂચના આપી હતી કે જૈનમુનિ શ્રી જયંતમુનિ પદયાત્રા કરતા નેપાલ જઈ રહ્યા છે અને દરેકને તેનો લાભ લેવા કહ્યું હતું. દરેક ગામમાં વીસથી પચ્ચીસ સ્વયંસેવકો જયનાદ કરતા સામે લેવા આવતા હતા. તેમણે ગામમાં દરેક વ્યવસ્થા કરી હતી. તેઓ ગોચરી માટે મુનિશ્રીને દરેક ઘેર લઈ જતા હતા. તેઓ સાથેના માણસોના ભોજનની પણ પૂરી વ્યવસ્થા કરતા.

બપોર પછી માઇક દ્વારા જાહેર પ્રવચનના ખબર આપતા હતા. રાતના ત્રણસોથી ચારસો ગ્રામીણ જનતા એકત્ર થતી હતી. પ્રવચન પછી ભજન-કીર્તનનો કાર્યક્રમ રહેતો. આ રીતે રોજ ત્રણથી ચાર કલાક સત્સંગ માટે ફાળવવામાં આવતા હતા. બીજે દિવસે બધા યુવકો વળાવવા માટે આવતા હતા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સૂચનાથી ખૂબ જ અનુકૂળતા આવી અને આ નવા રસ્તે જરાપણ મુશ્કેલી ન પડી, ન કોઈ પરિષહ આવ્યો કે ન અજાણપણું લાગ્યું. જાણે બધા શ્રાવકોનાં ક્ષેત્ર હોય અને ઘણાં જ વરસોથી બધા પરિચિત હોય તેવી રીતે ઉત્તમ વ્યવહાર જોવા મળ્યો. આખી યાત્રા ખૂબ જ મંગલમય હતી.

વચ્ચે થોડાં જૈન ઘરો પણ મળતાં હતાં. તેમાં તેરાપંથી ઓસવાળ ભાઈઓ મુખ્ય હતા. ગુજરાતી જૈન ક્યાંય નજરે ચડતો ન હતો. રક્ષોલમાં ચરોતરના પાટીદાર ભાઈઓ ખૂબ જ સારી સંખ્યામાં છે. તેઓએ શ્રી જયંતમુનિનું ભાવભર્યું સ્વાગત કર્યું અને પ્રવચનો ગોઠવ્યાં. રક્ષોલમાં ત્રણ દિવસ વિશ્રાંતિ કરી. કાઠમંડુથી ધનબાદવાળા શંકરભાઈ મહેતા અને તેમના પુત્ર પ્રવીણભાઈ દર્શનાર્થે આવ્યા. પ્રવીણભાઈ ઘણાં વરસોથી કાઠમંડુ રહે છે. તેમનાં પત્ની જ્યોત્સ્નાબહેન કલકત્તાના સુપ્રસિદ્ધ શ્રી હીરાચંદ ત્રિભુવનભાઈ કામાણીનાં દીકરી છે. પ્રવીણભાઈ બધી તૈયારી સાથે જ રક્ષોલ આવેલા. આવતાંની સાથે જ તેમણે કહ્યું, "હું ઠેઠ કાઠમંડુ સુધી પદયાત્રામાં સાથ આપીશ." ખરેખર, પ્રવીણભાઈ બોલ્યા તે જ પ્રમાણે પાળી બતાવ્યું અને પોતાના પિતાશ્રી શંકરભાઈના પગલે ચાલી મુનિશ્રી સાથે દોઢસો કિલોમીટર વિહાર કર્યો.

**નેપાળમાં શુભાગમન :**

પેટરબારના ચક્ષુ ચિકિત્સાલયનાં અધ્યક્ષ શ્રીમતી પુષ્પાદેવી જૈનનાં મોટાં દીકરી સુધાબહેન

કાઠમંડુમાં રહે છે. તેમના જમાઈ શ્રી ઉમેશચંદ્ર જૈન ખૂબ જ ધાર્મિક-વૃત્તિના દાનવીર અને સુખી-સંપન્ન વ્યક્તિ છે. તેઓ બન્ને કાઠમંડુથી રક્ષોલ આવી ગયાં હતાં. કાઠમંડુમાં તેમના પુરુષાર્થથી જ જૈન મંદિરનો પાયો નાખવામાં આવ્યો છે. આજે ત્યાં દિગંબર તથા શ્વેતાંબર બંને મંદિર તથા મહાવીર ભવન સુંદર શોભી રહ્યાં છે. તેમાં ઉમેશભાઈનો ફાળો મુખ્ય છે.

રક્ષોલથી શ્રી જયંતમુનિ વીરગંજ પધાર્યા. ત્યાં ગોલછા પરિવારે ઉત્તમ સેવા બજાવી અને તેમના ગેસ્ટહાઉસમાં ઊતર્યા. તેઓ તેરાપંથી છે, પરંતુ જરાપણ સંપ્રદાયનો ભેદ રાખ્યા વિના તેમના મુનીમોએ ખૂબ જ સારી ભક્તિ બજાવી. ત્યાં બે દિવસ રોકાવાનું થયું. હાઈસ્કૂલોમાં પ્રવચનો થયાં. ત્યાંથી વિહાર કરી આગળના ગામમાં જ્યાં ઉમેશભાઈની ડીલર કંપની હતી ત્યાં ઊતરવાનું થયુ.

ઉમેશભાઈ તથા સુધાબહેન ફરીથી ત્યાં આવ્યાં. તેઓ સાથે એક જીપ લાવ્યાં હતાં. મુનિશ્રી સાથે વિહારમાં બે રિક્ષાઓ રહેતી હતી. પરંતુ આ પર્વતીય ક્ષેત્રમાં અને કાઠમંડુની ચડાઈમાં રિક્ષા બિલકુલ ચાલી શકે તેમ ન હતાં. તેથી બંને રિક્ષા ઉમેશભાઈના ગૅરેજમાં મૂકી, જીપગાડીમાં સામાન ચડાવ્યો.

શ્રી પ્રવીણભાઈ પદયાત્રામાં સાથે હતા. તે વિહારની બધી વ્યવસ્થા સંભાળતા હતા તેથી ઘણી જ અનુકૂળતા રહેતી હતી. અમલેખગંજ રેલવે લાઇનનું છેલ્લું સ્ટેશન છે. ત્યાંથી રેલવે પણ આગળ જઈ શકતી નથી. મુનિશ્રી એક દિવસ અમલેખગંજ રોકાઈ હાથીતાલા પહોંચ્યા. અહીંથી નેપાળની છટા અને પ્રાકૃતિક રૂપસૌંદર્ય ડગલે-પગલે જોવા મળે છે. રોડ ખૂબ જ ચઢાણ અને ઉતરાણવાળો છે. બંને બાજુ પહાડ કાપીને રોડ બનાવ્યો છે અને પાણીનાં ઝરણાંઓ વહેતાં રહે છે.

અમેરિકાએ આ પાણીનાં ઝરણાંના મુખ પાસે નાના પાઇપ ફીટ કરી આપ્યા છે. તેથી ઝરણાંનું પાણી નળમાંથી પડતું હોય તે રીતે રોડની બંને બાજુની નાલીમાં પૂરજોશથી વહેતું આવે છે. આવાં સેંકડો ઝરણાંના ભેગા થયેલા મોતી જેવાં સ્વચ્છ, તીવ્ર ગતિથી આગળ વધતાં પાણીનું દૃશ્ય નયનાભિરામ બની જાય છે અને મનને ખૂબ જ મુગ્ધ કરે છે. જાણે આપણે કોઈ સ્વર્ગીય કંદરામાં પહોંચ્યા હોઈએ તેવો આભાસ થાય છે.

હાથીનાલા વેપારનું કેન્દ્ર છે એટલે વેપારી ભાઈઓનાં સારાં ઘર તથા મંદિર નજરે પડે છે. ત્યાંના વેપારીભાઈઓ સાધુ-સંતોની ખૂબ જ કદર જાણે છે. તેઓએ મુનિશ્રીનું હાર્દિક સ્વાગત કર્યું. હાથીનાલાથી કાઠમંડુ માટેના બે રસ્તા છે. એક રસ્તો લાંબો છે અને ફરીને જાય છે, પણ ઓછો વિકટ છે. જ્યારે બીજો રસ્તો લગભગ ૭૫ કિમી. ટૂંકો છે, પરંતુ ઘણો કઠિન છે. આ માર્ગમાં બહુ જ ઊંચા પહાડ ઓળંગવાના હોય છે. મુનિશ્રીએ પ્રવીણભાઈનું મંતવ્ય લઈ આ ટૂંકા માર્ગે જવાનો નિર્ણય કર્યો.

આ રસ્તે જીપ ચાલી શકે તેવું ન હતું. પરંતુ જીપનો ડ્રાઇવર રસ્તાનો જાણકાર હતો. તેણે કહ્યું કે "આપ જ્યાં જ્યાં પધારશો ત્યાં હું ફેરવાળે રસ્તે જીપ ચલાવી, ગમે તે રીતે પહોંચી જઈશ. સામાનની ચિંતા નહીં રહે." ખરેખર, આ ડ્રાઇવર ઘણો જ ઉસ્તાદ નીકળ્યો. પચ્ચીસથી પચાસ કિલોમીટર ફરીને પણ તે નિશ્ચિત મુકામ પર પહોંચી જતો હતો. ખરેખર, એ પ્રશંસાને પાત્ર હતો.

સમગ્ર નેપાલની જમીન ખૂબ જ ઊંચી-નીચી છે. વીસ ફૂટ જેટલી પણ સમાન કે સીધાણવાળી જમીન મળવી મુશ્કેલ છે. બધાં ગામો પણ પર્વતની કંદરામાં વસેલાં છે. ગામમાં મકાનો પણ ખૂબ જ ઊંચાણ-નીચાણવાળાં હોય છે. નેપાલના નાના ગામના માણસો પણ ખૂબ જ માયાળુ હોય છે. અહીંની પ્રજા ઘણી ખડતલ અને મહેનતુ છે. પહાડી વિસ્તાર હોવાથી પ્રજાનો વર્ણ પણ ઊજળો છે. કાળા માણસો બહુ જ ઓછા જોવા મળે છે.

માર્ગમાં કોરિયન કૅમ્પમાં ઊતરવાનો યોગ મળ્યો. નેપાળમાં કોરિયન લોકોએ બહુ મોટું કામ સંભાળ્યું હતું. ઇલેક્ટ્રિસિટી ઉત્પન્ન કરવા માટે નેપાળ અને કોરિયાએ મળીને એક બહુ જ મોટો પ્રૉજેક્ટ હાથ ધર્યો હતો. પહાડમાં મોટું બોગદું બનાવી, પ્રાકૃતિક પાણીના પ્રવાહને ખૂબ જ નીચી જગ્યાએ વાળીને તેનાથી વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે. સાધારણ કોરિયન સાથે ભાષાના કારણે વાત કરવી મુશ્કેલ હતી. પરંતુ તેના સાહેબો ઘણા જ ભલા માણસો હતા.

**નેપાળના શાકાહારી શ્રેષ્ઠીઓ :**

નાનામોટા પહાડો ઓળંગ્યા પછી, ખૂબ નીચે ઉતરાણમાં, વહેતી નદીને કિનારે ભીમફેરી નામનું એક સુંદર રળિયામણું ગામ જોવામાં આવ્યું. ત્યાં શ્રેષ્ઠિ (અર્થાત્ સાહુ) લોકોની સારી એવી વસ્તી છે. નેપાળના આ શ્રેષ્ઠિઓ જાતિની દૃષ્ટિએ ખરેખર શ્રેષ્ઠ છે. રાજા કુળ પછી શ્રેષ્ઠિ લોકોનો નંબર આવે છે. તે સુખી, સંપન્ન અને વેપારી જાતિ છે. ભીમફેરી પર્યટનનું નાનું કેન્દ્ર પણ છે. ત્યાંના શ્રેષ્ઠિઓએ શ્રી જયંતમુનિનું અને સાથેની મંડળીનું ભાવભર્યું સ્વાગત કર્યું.

શુદ્ધ વૈષ્ણવ હોવાથી ઘણા શ્રેષ્ઠિઓ શાકાહારી હોય છે. તેઓ મુનિશ્રીને ઘણાં ઘરોમાં ગોચરી માટે પણ લઈ ગયા હતા. પ્રવીણભાઈ મહેતા સાથે હતા. તેમને પણ ખૂબ જ સન્માન આપ્યું. ભીમફેરીમાં એક દિવસ આરામ કરી સવારના પ્રસ્થાન કર્યું. ભીમફેરીથી નીકળતાં જ સાતસો ફૂટ ઊંચો પહાડ ચડવાનો હતો.

કહેવાય છે કે જ્યારે રક્ષોલથી કાઠમંડુનો પાકો રોડ બન્યો ન હતો ત્યારે આ ભીમફેરીના રસ્તે જ આવાગમન થતું હતું. નેપાલના રાજાએ જ્યારે પ્રથમ ગાડી ખરીદી ત્યારે તે ગાડી ચલાવીને કાઠમંડુ સુધી લઈ જવી અશક્ય હતી. ત્યારે આખી ગાડી સો માણસોએ ખભે ઉપાડી આ પહાડોમાંથી પાર કરી હતી. ત્યાર પછી જ કાઠમંડુના રસ્તા પર ગાડી ચાલી હતી.

**જ્ઞાનમંદિરોમાં :**

થોડા મોટા પહાડો ઓળંગ્યા પછી કાઠમંડુ ખૂબ જ નજીક આવી ગયું. કાઠમંડુ જ્યારે દસ કિલોમીટર દૂર હતું ત્યારે થોડો સમતલ પ્રદેશ જોવામાં આવ્યો. પહાડથી ઊતરી એક સ્કૂલભવનમાં શ્રી જયંતમુનિએ પોતાની મંડળી સાથે વિશ્રામ કરી બીજે દિવસે સવારે કાઠમંડુમાં પ્રવેશ કર્યો.

૧૫૦ કિમી. યાત્રા પછી નેપાળમાં સૌથી મોટુ શહેર કાઠમંડુ જોવા મળ્યું. કાઠમંડુ નેપાળની રાજધાની છે. તે બાગમતી નદીના કિનારે વસેલું મોટું અને સુંદર શહેર છે. વિશ્વવિખ્યાત પશુપતિનાથનું મહાન તીર્થ પણ અહીં છે. કાઠમંડુ વિશ્વનું મોટું પર્યટન-કેન્દ્ર પણ છે. અહીં યુરોપ-અમેરિકાથી માણસો ખૂબ જ મોટી સંખ્યામાં ફરવા આવે છે. પહાડની ઊંચાઈ પરથી સમસ્ત કાઠમંડુનું દૃશ્ય અને તેનાં વિશાળ મકાનોનો નજારો જોઈ શકાય છે.

નેપાલ હિંદુ રાજ્ય છે તેમ બૌદ્ધ સંસ્કૃતિનું પણ એક કેન્દ્ર છે. નેપાળમાં મોટી સંખ્યામાં બૌદ્ધ ધર્મીઓ જોવા મળે છે. બૌદ્ધ-લામાઓ હિંદુ મહંત જેવા હોય છે. લામા એક પ્રકારના ધર્મગુરુ છે, પરંતુ તે ત્યાગી નથી, ગાદીપતિ સાધુ છે. લામા મંદિરનો વહીવટ સંભાળે છે અને સમાજનું પણ સંચાલન કરે છે. સમાજની સત્તા બૌદ્ધ સાધુઓના હાથમાં નહીં પણ લામાઓના હાથમાં હોય છે.

ધનબાદમાં શ્રી મનુભાઈ પરીખ મુનિશ્રી પ્રત્યે ખાસ ભક્તિ ધરાવતા હતા. તે લાયસન્સ ક્લબના ગવર્નર હતા. નેપાળની લાયન્સ ક્લબ પણ મનુભાઈના ડિસ્ટ્રિક્ટમાં આવતી હતી. તેમણે કાઠમંડુ લાયન્સ ક્લબને જણાવેલું કે શ્રી જયંતમુનિ પદયાત્રા કરી ભારતથી કાઠમંડુ આવી રહ્યા છે. તેમણે નેપાલ જૈન પરિષદને પણ ખૂબ જ સાબદી કરી હતી. ગોલછા પરિવારના શ્રી ઉલ્લાસચંદ્ર પણ ખૂબ ઊંડો રસ લઈ રહ્યા હતા. ગોલછા પરિવારનું નેપાળમાં ઘણું મહત્ત્વ છે. ભારતમાં જેમ બિરલા પરિવાર છે તેમ નેપાળમાં ગોલછા પરિવાર છે. તે ઉપરાંત જૈન અને પટેલ સહિત કેટલાક ગુજરાતી ભાઈઓ પણ મુનિશ્રીના પરિચયમાં હતા. આ સૌ ભાઈઓ શ્રી જયંતમુનિને કાઠમંડુમાં સામે લેવા માટે આવ્યા હતા.

એપ્રિલ માસમાં કાઠમંડુમાં પ્રવેશનો અવસર આવ્યો. શ્રી ઉમેશચંદ્ર જૈન, લાયન્સ ક્લબના સભ્યો, જૈન અને ગુજરાતી સમાજના ભાઈઓ અને બહેનોએ મળીને શ્રી જયંતમુનિનું અભિવાદન કર્યું. મહાવીર સ્વામીના જયનાદ સાથે મુનિશ્રીએ ગુલછા હાઉસમાં પ્રવેશ કર્યો.

ગોલછાજીએ પોતાના ઘરથી નજીકમાં 'જ્ઞાનમંદિર' નામનું એક ભવન બનાવ્યું છે. આ ભવનમાં જ નેપાળ જૈન પરિષદની બધી કાર્યવાહી થાય છે. નજીકમાં નાનું જૈન મંદિર પણ છે. ગોલછા પરિવાર મૂર્તિપૂજક નથી. પરંતુ કલકત્તાના કાંકરિયા પરિવારનાં તારાબહેન ગોલછા પરિવારમાંથી આવેલાં હતાં. તારાબહેન મૂર્તિપૂજાનાં ઉપાસક હતાં. તેઓ કાઠમંડુ આવે ત્યારે તેમની પૂજાપાઠની સગવડતા માટે આ મંદિર બનાવ્યું હતું.

જ્ઞાનમંદિર સગવડતાભરેલું સુંદર ભવન હતું. મુનિશ્રી થોડા દિવસ માટે જ્ઞાનમંદિરમાં રોકાયા. નેપાળમાં માંસાહારની પ્રથા છે અને બહાર નીકળતાં ગલીઓમાં માંસની દુકાનો નજરે પડે છે. તેથી મુનિશ્રીની ઇચ્છા હતી કે થોડા બહારના ભાગમાં શુદ્ધ એકાંત સ્થાનમાં નિવાસ હોય તો વધારે સારું. ઉલ્લાહાસચંદ્રભાઈના ઘરથી થોડે દૂર બાગમતીના કિનારે, ઊંચી ટેકરી ઉપર, ગોલછાજીનો એક બહુ જ મોટો બંગલો છે. કોઈ રાજાની આખી એસ્ટેટ ગોલછાજીએ ખરીદી લીધી હતી. બે એકર જમીનમાં બંગલો ફેલાયો છે. તેની ચારેતરફ મોટો બગીચો છે. આખું ભવન ખાલી હતું. શ્રી જયંતમુનિને આ સ્થાન ખૂબ જ પસંદ પડ્યું. જોકે એક તકલીફ હતી. આહાર-પાણી માટે બજારમાં આવવા-જવાનું થતું. રોજ આઠ કિલોમીટર યાત્રા થતી. બાકી બધી રીતે ખૂબ જ સગવડતાભર્યું હતું. આ જ બંગલામાં ચાર મહિનાનું ચાતુર્માસ ગાળવામાં આવ્યું.

**ઊંચી પહાડીઓની યાત્રા :**

નેપાળ પહોંચ્યા ત્યારે ચાતુર્માસ શરૂ થવાને હજુ વાર હતી. મુનિશ્રીની ઇચ્છા હિમાલયની ઊંચી પહાડીઓમાં થોડું વિચરણ કરવાની હતી. આ માટે હેલમ્બો જવાનો નિર્ણય થયો. હેલમ્બો લગભગ નવ હજાર ફૂટની ઊંચાઈ ઉપર છે. તે કાઠમંડુથી ચારથી પાંચ હજાર ફૂટ વધુ ઊંચાઈ ઉપર છે. ઉનાળો હતો એટલે ઠંડીનો કે બરફ પડવાનો બહુ ભય ન હતો.

હેલમ્બો ટ્રેકિંગ માટેનું જાણીતું સ્થળ છે. ત્યાં પગે ચાલીને જ જઈ શકાય છે. નેપાળના આ ઊંચા પહાડોમાં ઘોડા કે સાઇકલ તો ચાલી શકતાં નથી, પણ ખચ્ચર પણ ચાલતાં નથી. માણસોએ જ ખભે બોજો ઉપાડીને ચાલવું પડે છે. એટલે ઉમેશભાઈએ યાત્રા માટે મથુર, પ્રહ્લાદ નેપાળી, ગોપાલ પંડિતજી તેમજ હિમ્બુ અને થાંડી નામના બે શેરપા પણ આપ્યા. આગળના ગામડામાં નેપાળી ભાષા પણ ચાલતી નથી. ત્યાં તિબેટી ભાષાનો પ્રભાવ વધારે છે. શેરપાઓ બધી ભાષા જાણતા હોય છે અને પહાડી રસ્તાના પણ ભોમિયા હોય છે, તેથી શેરપા સાથે હોવા જરૂરી હતા.

શ્રી ઉમેશભાઈએ એક જાપાનીઝ ટેન્ટ આપ્યો હતો. આ ટેન્ટનું વજન ૧ કિલો પણ નહીં હોય. આ તંબુ ખૂબ જ ઉપયોગી હોય છે. બહુ જ પાતળા કાપડનો બનેલો અને પાતળી લાકડીથી ફીટ કરેલો આ તંબુ ફક્ત ૩ ફૂટ ઊંચો હોય છે. તેમાં બેસી અને સૂઈ શકાય છે, પણ ઊભા ન રહી શકાય. અંદર પ્રવેશ કર્યા પછી તેને ચેનથી બંધ કરી દેવામાં આવે છે. તેમાં એક કીડી પણ પ્રવેશી શકતી નથી. ઉપરમાં હવાની આવ-જા માટે નાનું છિદ્ર હોય છે. આટલું પાતળું કપડું હોવા છતાં તંબુ ખૂબ જ ગરમ રહે છે. દિવસ ઊગ્યા પછી થોડી વારમાં જ તુંબ ન રહી શકાય તેવો ગરમ થઈ જાય છે. રાત્રિ તેમજ ઠંડી માટે તે ઘણો જ અનુકૂળ છે. તંબુમાં પ્રવેશ્યા પછી કોઈ પણ પ્રકારનાં સાપ, વીંછી કે કીડી-મંકોડાનો ભય રહેતો નથી.

નેપાળનો આખો રસ્તો ચઢાવ-ઉતરાણવાળો હોય છે. આપણો દેશ સમતલ છે તે સાંભળીને

ત્યાંના માણસોને હસવું આવે છે. તેઓ પૂછે છે કે સપાટ જમીન ઉપર ચાલતાં પડી ન જવાય! જ્યાં ઉતરાણ હોય ત્યાં ખળખળ કરતું ઝરણું વહેતું હોય છે. તેનું પાણી એકદમ ઠંડું બરફ જેવું હોય છે.

આખી યાત્રામાં લગભગ બધા વિદેશી માણસો જ મળતા હતા. ઇંગ્લૅન્ડ, અમેરિકા, જર્મની, જાપાન, ફ્રાન્સ, હોલૅન્ડ વગેરે પ્રદેશના માણસો ખાસ ટ્રેકિંગ કરવા અહીં આવતા હતા. આ યાત્રામાં જાપાન સિવાય એક પણ એશિયાઈ માણસ જોવા ન મળ્યો. આ બધા માણસો ખભે થેલા ઉપાડી, ખૂબ જ મસ્તીપૂર્વક, પ્રકૃતિના સૌંદર્યનું નિરીક્ષણ કરતાં યાત્રા કરે છે. ભારતીયમાં માત્ર શ્રી જયંતમુનિ તથા તેમની પાર્ટી હતી. મુનિશ્રીને જોઈને પરદેશીઓ થોડું અટકતા અને પોતાની રીતે રામ રામ કરતા. તેઓ તરત જ કૅમેરા કાઢી ફોટા પાડતા અને ખુશ થઈને હસ્તધૂનન કરી આગળ વધતા હતા.

નેપાળના પહાડી પ્રદેશમાં ચમરી ગાયો રહે છે. તેનું આખું શરીર લાંબા વાળથી ઢંકાયેલું હોય છે અને તે બહુ ધીમી ગતિથી ચાલી શકે છે. ગામની બહાર ગાયો સારા પ્રમાણમાં ઊભી હોય ત્યારે જેને જેટલું જોઈતું હોય તેટલું દૂધ દોહી લે છે. વાળને હટાવી દૂધ દોહવાનું હોય છે. સ્થૂળતાને કારણે આ ગાયો બિલકુલ લાત કે પાટુ મારી શકતી નથી. આ ગાયોનું દૂધ ઘી જેવું ઘાટું હોય છે અને તેનું ઘી તો આંગળી પર ચોંટી જાય તેવું સ્નિગ્ધ હોય છે. આ રીતે પહાડી ક્ષેત્રમાં ઘી, દૂધ અને દહીં ઘણાં છે, જ્યારે તેલ અને નિમકની અછત છે. એટલે અહીં ઘી કરતાં તેલ મોંઘું હોય છે.

આ પ્રદેશની બીજી વિશેષતા એ છે કે માણસો રૂપાળા અને પૂરાં કપડાં પહેરેલા જોવામાં આવે છે. ગરીબ માણસો પણ ખૂબ જ સારાં કાપડાં પહેરે છે. અહીં ઉઘાડો કે ફાટેલાં વસ્ત્રોવાળો કે કાળો માણસ એક પણ નજરે ચડતો નથી. લગભગ બધી સ્ત્રીઓએ સોનાના દાગીના પહેર્યા હોય છે.

ઘણા પહાડ ઓળંગી અને પાંચ દિવસની યાત્રા પછી મુનિશ્રી હેલમ્બોની નજીક પહોંચ્યા.

**હેલમ્બોના લામા :**

હેલમ્બોમાં લામાની ગાદી છે. કોઈ પણ સંયોગથી ત્યાંના લામાને અને પ્રજાને કોઈએ સમાચાર આપેલા કે ભારતથી પદયાત્રા કરતા જૈન મુનિ હેલમ્બો આવી રહ્યા છે. આ વાત સાંભળીને તે લોકો ખૂબ જ ખુશ થયા હશે. શ્રી જયંતમુનિ પણ ખ્યાલ ન હતો કે હેલમ્બોમાં તેમના આગમન વિશે જાણ થઈ ગઈ છે. ઢોલ-નગારાં સાથે, ગાતાં-બજાવતાં પચાસ જેટલા નર-નારી સાથે એક લામાજી મુનિશ્રીને સામા મળ્યા. જ્યારે લામા ભેટી પડ્યા અને પ્રણામ કરવા લાગ્યા ત્યારે જ મુનિશ્રીને જાણ થઈ કે આ લોકો તેમનું સ્વાગત કરવા આવ્યા છે. તેઓ ખૂબ જ પ્રસન્ન થયા.

બૌદ્ધ ધર્મના પ્રચાર માટે બે બૌદ્ધ સાધુઓ ભારતથી પદયાત્રા કરી હેલમ્બોના રસ્તે ચીન

ગયા હતા. આજ સોળસો વર્ષ પછી પદયાત્રા કરી હેલમ્બો પધારનાર શ્રી જયંતમુનિ પ્રથમ હતા. આ એક ઐતિહાસિક ઘટના બની ગઈ હતી. આ પદયાત્રાની નોંધ ઐતિહાસિક ક્રમમાં લેવી જરૂરી છે.

લામાએ ખૂબ જ પ્રેમ સાથે શ્રી જયંતમુનિનું અભિવાદન કર્યું અને ગાજતેવાજતે તેમને હેલમ્બો લઈ ગયા. પ્રથમથી જ ઉતારાની અને નિર્દોષ આહાર-પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**હેલમ્બો – બૌદ્ધ નગરી :**

હેલમ્બો આખી બૌદ્ધ નગરી છે. ગામમાં ૭૦ જેટલાં ઘર અને ૬૦૦ જેટલા માણસોની વસ્તી હશે. હેલમ્બોમાં બૌદ્ધ ધર્મનો સારો પ્રભાવ છે. હેલમ્બોને પવિત્રનગર માનવામાં આવે છે. સારીપુત્ર ધર્મનાથ સાધુ જ્યારે અહીં આવ્યા ત્યારે તેમણે હેલમ્બોમાં "અમારિ ઘોષણા" કરી. તેનું અત્યાર સુધી પાલન કરવામાં આવે છે. આખું ક્ષેત્ર અહિંસક છે. અહીં કોઈ પણ પ્રાણીની હિંસા થઈ શકતી નથી. ત્યાંના માણસો કોઈ પણ નાનામોટાં જીવની હિંસા કરતા નથી કે માંસાહાર કરતા નથી.

હેલમ્બો સ્વર્ગ જેવું સુંદર અને અતિ રમણીય ગામ છે. વિદેશી યાત્રીઓ હેલમ્બોને 'પેરેડાઇઝ ઑફ નેપાલ' કહે છે. ખરેખર, પ્રકૃતિએ પોતાનો અપૂર્વ ખજાનો હેલમ્બોમાં ખુલ્લો મૂક્યો છે. હેલમ્બો પાસેની ખીણ સ્વર્ગની ગંગા જેવી લીલીછમ અને લતાઓથી આચ્છાદિત રહે છે. બહુ જ ઊંડે, એક હજાર ફૂટ નીચે, પાણીનાં ઝરણાંઓ રજતપટ પાથર્યો હોય તેવા ચમકતાં હોય છે. ઊંચી કંદરાઓથી ઝરતાં ઝરણાં હેલમ્બો પાસેથી વહેતાં વહેતાં, રાતદિવસ મધુર ધ્વનિ સાથે નીચે ખીણમાં પડતાં રહે છે. ઝરણાંનો નિનાદ સતત વાંજિત્રની પૂર્તિ કરે છે. ઝરણાંનું મધુર સંગીત મંત્રમુગ્ધ કરે છે.

આ પહાડની નગરીઓ અને તેનાં ઘર ખૂબ જ ઊંચાનીચા ઢાળવાળી જમીનમાં વસેલાં છે. બધા જ ઘર લાકડાનાં છે. તેમાં ઈંટ-ચૂના કે પથ્થરનું કામ હોતું નથી. આવાં વિશાળ મકાન લાકડાના મોટા થાંભલાના પાયા ઉપર ઊભા કરવામાં આવે છે. કોઈ પણ મકાન જમીનના સ્તર પર હોતું નથી, પણ જમીનથી આઠ-દસ ફૂટની ઊંચાઈ પર હોય છે. ઘરની નીચેથી માણસ આરપાર જઈ શકે છે! મકાનની અંદર શોભા અપૂર્વ હોય છે. હેલમ્બોમાં એક પણ ઘરમાં માંસાહાર, મરઘાં, ઈંડાં, હાડકાં કે પીંછાં જેવા અશુભ પદાર્થના દર્શન થતા નથી. પરંતુ શ્રાવકની નગરી હોય તેવું લાગે છે!

આજે લગભગ બધા જ બૌદ્ધધર્મીઓ માંસાહારી થઈ ગયા છે. જ્યારે હેલમ્બોમાં શુદ્ધ બૌદ્ધ ધર્મની ઝાંખી જોવા મળે છે. હેલમ્બો પોતાની વિશેષતાઓથી અલંકૃત છે અને એટલું જ શોભાયમાન છે. હેલમ્બો જેવી અહિંસક નગરી જોઈને શ્રી જયંતમુનિનું મન ખૂબ જ તૃપ્ત થયું.

સવારના નવ વાગે એકાએક આકાશમાં ઘરઘરાટ થયો અને હેલમ્બોનું આકાશ ગાજી ઊઠ્યું! જાનવરો ભડકીને ભાગવા લાગ્યાં. પક્ષીઓ પણ ફડફડાટ ઊડવા લાગ્યાં. હેલમ્બોના એક ખેતરમાં હેલિકૉપ્ટર નીચે ઊતર્યું. શ્રી જયંતમુનિ જે મકાનમાં ઊતર્યા હતા ત્યાંથી સ્પષ્ટ જોઈ શકાતું હતું. તેઓ બોલ્યા, "અરે! આ તો આપણા ઉમેશભાઈ !" આશ્ચર્ય સાથે બધા માણસો ત્યાં દોડી ગયા. હેલિકૉપ્ટર ઊતરવાથી હેલમ્બો ગામના માણસો પણ પૂરી સંખ્યામાં એકત્ર થઈ ગયા.

હેલમ્બોના નિવાસ દરમ્યાન શ્રી પુષ્પાદેવી જૈન કાઠમંડુ આવ્યાં હતાં. તેમની સાથે શ્રી ઉમેશચંદ્ર જૈન અને તેમના પરિવારે દર્શન કરવા માટે હેલમ્બો આવવાનો વિચાર કર્યો. આકાશમાર્ગ છોડીને ત્યાં આવવાનો બીજો કોઈ રસ્તો ન હતો. તેથી તે લોકોએ કાઠમંડુથી એક હેલિકૉપ્ટર ભાડે કર્યું. શ્રી જયંતમુનિની મંડળીને પણ કલ્પના ન હતી કે હેલમ્બોમાં કોઈ વિમાનમાર્ગે દર્શન કરવા આવશે!

પુષ્પાદેવી જૈન, ઉમેશભાઈ જૈન, સુધાબહેન તથા તેમનાં બે બાળકો હેલિકોપ્ટર મારફતે આવ્યાં હતાં. સૌએ તેમનું સ્વાગત કર્યું. શ્રી જયંતમુનિનાં દર્શન કરી તેઓ ખૂબ જ હર્ષિત થયાં. હેલમ્બોમાં પણ કાઠમંડુનાં આહાર-પાણી પ્રાપ્ત થયાં.

હેલિકોપ્ટર સવારે મૂકીને ચાલ્યું જવાનું હતું અને બે વાગે પાછું લેવા આવવાનું હતું. હેલમ્બોના એક વૃદ્ધ લામા, કે જે શરીરથી બહુ જ ભારે હતા અને ક્યારેય પણ કાઠમંડુ જઈ શક્યા ન હતા, તેમની કાઠમંડુ જવાની તીવ્ર ઇચ્છા હતી. હેલિકોપ્ટરના પાયલોટ સાથે લામાએ સંકેત કરી લીધો અને પાયોલોટે ભલમનસાઈથી તેમને કાઠમંડુ લઈ જઈ પાછા હેલમ્બો પહોંચાડવાની તૈયારી બતાવી. આ રીતે લામાને સવળું પડ્યું અને તેઓ હેલિકોપ્ટરમાં ઊડી ગયાં અને મઝાથી ચાર કલાકમાં કાઠમંડુની યાત્રા કરી પાછાં આવી ગયાં. તેમના જીવન માટે એક ધન્ય ઘડી બની ગઈ!

શ્રીમતી પુષ્પાદેવી, શ્રી ઉમેશભાઈ તથા પરિવારે હેલમ્બોનું નિરીક્ષણ કર્યું અને બૌદ્ધ સ્તૂપના દર્શન કર્યાં. આ પહાડી ક્ષેત્રમાં મોટાં મંદિર નથી હોતાં પરંતુ સ્તૂપ હોય છે. લોકો સ્તૂપમાં જ પૂજાપાઠ કરે છે. બરાબર બે વાગે પુનઃ હેલિકોપ્ટર આકાશમાંથી ઊતરી આવ્યું. તેઓ માંગલિક સાંભળી પુનઃ આકાશમાર્ગે કાઠમંડુ ચાલ્યા ગયાં.

પછીથી જાણવા મળ્યું કે હેલિકોપ્ટરથી હેલમ્બો લાવવાના અને પાછા કાઠમંડુ લઈ જવાના એક દિવસના અઠ્ઠાવીસ હજાર રૂપિયા ચાર્જ આપવામાં આવ્યો હતો. હેલમ્બોમાં આટલા વરસોમાં પહેલી વાર હેલિકોપ્ટર ઊતર્યું હતું. આ પણ એક ઐતિહાસિક ઘટના બની ગઈ હતી.

**પ્રાચીન બૌદ્ધ સ્તૂપ :**

હેલમ્બોની પાસે એક બીજા પહાડ ઉપર એક બહુ જ પ્રાચીન બૌદ્ધ સ્તૂપ આવેલો છે. તે સ્તૂપ ઉપર તિબેટી ભાષામાં કોઈ લેખ છે તેવું પણ જાણવા મળ્યું હતું. શ્રી જયંતમુનિએ આ પર્વત

ઉપર જવાનો વિચાર કર્યો. મુનિશ્રીએ તા. ૨૬-૧૧-૧૯૯૮ની વહેલી સવારના પહાડ ઉપર ચડવાનું શરૂ કર્યું. સાંજ સુધીમાં પાછું ઊતરી જવાનું હતું. પર્વતની ઊંચાઈ તેરથી ચૌદ હજાર ફૂટ હતી.

શ્રી જયંતમુનિ મથુરની પાર્ટી અને બે શેરપાઓ સાથે કેટલોક સામાન લઈ પર્વતની તળેટી પાસે આવ્યા ત્યારે શેરપાએ કહ્યું કે સામાન સાથે આ પહાડ ચડી ન શકાય. તેમણે રસ્તાની બાજુમાં એક ઝાડ નીચે સામાન રાખી દીધો. તેમાં દૂરબીન તથા બીજાં કેટલાંક સાધનો પણ હતાં.

મુનિશ્રીએ જયંતમુનિએ શેરપાને પૂછયું, "રસ્તા ઉપર સામાન સુરક્ષિત રહેશે ?" શેરપાએ હસીને કહ્યું, "बाबाजी, यहाँ पर भारत थोड़ा है? आपका सामान जैसा का तैसा मिलेगा." મુનિશ્રીએ વિશ્વાસ મૂકી, પોતાની મંડળી સાથે પર્વતારોહણ શરૂ કર્યું. કોઈ કોઈ જગ્યાએ પહાડની કેડી એટલી નાજુક અને સાંકડી હતી કે ચાલવા માટે એક ફૂટ પણ જગ્યા ન હતી. એક બાજુ પાંચથી સાત હજાર ફૂટ નીચી ખાઈ અને બીજી બાજુ પહાડની ઊભી ચટ્ટાન! જરા ચૂક્યા તો ગયા. શરીરનું બૅલેન્સ ખૂબ જ જાળવવું પડે. સૌ હેમખેમ ઉપર પહોંચી ગયા.

આ પહાડ ઉપર બૌદ્ધનો એક મોટો સ્તૂપ છે. તેનું પ્રાંગણ ત્રણસોથી ચારસો ફૂટ ગોળાઈમાં હતું. સ્તૂપની ઊંચાઈ લગભગ પચાસ ઇંચ જેટલી હતી. તેની અંદર ગુફા જેવું હતું. તે પથ્થર, માટી અને ચૂનાનો બનેલો હતો. સ્તૂપ ઉપર એક તરફથી ચડી શકાય તેવું હતું. શ્રી જયંતમુનિએ સ્તૂપ ઉપરના લેખનું સંશોધન કર્યું. પરંતુ ભારતમાં જૈન શિલાલેખ હોય છે તેવો સ્પષ્ટ શિલાલેખ જોવા ન મળ્યો. તિબેટિયન લિપિમાં વાંકાચૂંકા થોડા અક્ષરો હતા. મુનિશ્રી તેનો અર્થ પામી ન શક્યા.

સ્તૂપ અને પર્વતની યાત્રા કરી તેઓ લગભગ સાંજના ચાર વાગે નીચે ઊતરી આવ્યા. તેમણે આશ્ચર્ય સાથે જોયું કે સામાન બધો બરાબર પડ્યો હતો. ખરેખર, નેપાળની આ ઈમાનદારી અને સરલતા હૃદયસ્પર્શી હતાં. અમેરિકાની આવી ઈમાનદારીનાં વર્ણન સાંભળવા મળે છે. પરંતુ નેપાળમાં અમેરિકાથી ચડે તેવી ઈમાનદારી પ્રત્યક્ષ જોવા મળી. જોકે આ ઈમાનદારી કાઠમંડુ કે ભારતની સીમા સાથે જોડાયેલા નેપાળમાં જોવા મળતી નથી, ફક્ત પહાડી પ્રદેશમાં જ આ પ્રભુતાનાં દર્શન થાય છે.

શ્રી જયંતમુનિ પુનઃ હેલમ્બો આવ્યા. આ વખતે તેઓ એક શાહી નેપાળી પરિવારને ત્યાં ઊતર્યા હતા. તેમણે પણ ખૂબ જ સેવા બજાવી. કોઈ પણ જાતની લોભ-લાલચ વિના પણ માણસો નિષ્ઠાથી સેવા બજાવે છે અને સહેજે કોઈ પ્રેમપ્રસાદી આપે તો ગ્રહણ પણ કરે છે તેનો અનુભવ થયો.

**શાસ્ત્ર-અભ્યાસનું પર્વ :**

શ્રી જયંતમુનિ જ્યારે હેલમ્બો હતા ત્યારે બૌદ્ધ સાધુઓનો શાસ્ત્રપાઠનો અર્થાત્ સ્વાધ્યાયનું પર્વ આવ્યુ હતુ. બૌદ્ધ શાસ્ત્રને પિટ્ટિકા કહે છે. લગભગ પચાસ-સાઠ જેટલા બૌદ્ધ સાધુઓ અને

સાધ્વીઓ એક મોટા ભવનમાં બૌદ્ધ શાસ્ત્રનો પાઠ કરતાં હતાં. આ શાસ્ત્રો જોવાલાયક અને આશ્ચર્યજનક હતાં. તે જૂના જમાનાના કાઠિયાવાડના નામું લખવાના ચોપડા જેવાં લાંબાં હતાં. એક પાનું બેથી અઢી ફૂટ લાંબું હતું. બંને બાજુ ખોલવાથી આ શાસ્ત્ર ચાર-પાંચ ફૂટ સુધી ફેલાઈ જતું. તેમાં એક ઇંચ મોટા અક્ષરો હતાં. આ બધાં શાસ્ત્રો હસ્તલિખિત હતાં અને પાલિ ભાષામાં પણ તિબેટિયન લિપિમાં લખેલાં હતાં. મોટા ભાગના એ સાધુઓ પાલિ ભાષા સમજતા ન હતા. છતાં તેઓ ખૂબ જ શ્રદ્ધાથી અને પ્રેમભાવથી મોટા અવાજે વીરપાઠની જેમ શાસ્ત્રપાઠ કરતા હતા.

બધાં સાધુ-સાધ્વીઓ ઊંચા આસન પર સામસામે પંક્તિમાં બેઠાં હતાં. સામે એટલા જ ઊંચા ટેબલ ઉપર રેશમી વસ્ત્ર પર શાસ્ત્રોને વ્યવસ્થિત ફેલાવીને રાખ્યાં હતાં. બધા સાધુઓએ એકસરખા ગોળિયા મોઢાવાળા રૂપાળા ગેરુઆ રંગનાં કપડાં પહેરેલાં હતાં. સાધ્વીઓએ પણ લગભગ એવાં જ વસ્ત્રો ધારણ કર્યાં હતાં. શ્રી જયંતમુનિ પધાર્યા ત્યારે તેઓ પણ એક ખાલી સીટ પર બેસી ગયા. સૌ શાસ્ત્રપાઠમાં મસ્ત હતા. આ સાધુઓને સ્વાધ્યાય સમયે ખાવા-પીવાની કોઈ રોકટોક ન હતી. થોડી થોડી વારે ખાવાની પ્લેટ તથા પાણીના ગ્લાસ આવતા હતા. શાસ્ત્રપાઠ કરતાં કરતાં જ તેઓ ખાતા હતા.

શ્રી જયંતમુનિ સાથેનો એક શેરપો હિન્દી જાણતો હતો. મુનિશ્રી આ શેરપાને હિન્દીમાં જે કહે તે શેરપો અનુવાદ કરીને પેલા સાધુઓને તિબેટી ભાષામાં સમજાવતો હતો. શ્રી જયંતમુનિએ પૂછ્યું, "આપ જે વાંચન કરી રહ્યા છો તેનો અર્થ જાણો છો ?"

સાધુઓએ માથું હલાવી ના પાડી. શ્રી જયંતમુનિ પાલિ ભાષા સમજતા હતા. સાધુએ શાસ્ત્રની બે લાઇન વાંચી. શ્રી જયંતમુનિએ તેનો અર્થ હિન્દીમાં કહ્યો. જ્યારે શેરપાએ તે તિબેટીમાં કહ્યો ત્યારે બધા સાધુ ખૂબ જ ખુશ થઈ ગયા.

ત્યારબાદ શ્રી જયંતમુનિએ પૂછ્યું, "આ બૌદ્ધ સાધ્વીઓ ક્યાંથી આવ્યા છે?"

સાધુઓએ જવાબમાં જણાવ્યું કે હેલમ્બોની બંને બાજુ બે નાના પહાડો છે. બન્ને પહાડ ઉપર એક મોટો આશ્રમ છે. એક આશ્રમ બૌદ્ધ સાધુઓનો છે. જ્યારે બીજો આશ્રમ સાધ્વીઓનો છે. બંને આશ્રમ વચ્ચે લગભગ બેથી ત્રણ કિલોમીટરનું અંતર છે. બધાં શાસ્ત્રો તેમનાં પોતાનાં હતાં.

જ્યારે ચીનની કોમ્યુનિસ્ટ સત્તાએ તિબેટ પર આક્રમણ કર્યું ત્યારે ઘણાં બૌદ્ધ સાધુ-સાધ્વીઓને મારી નાખવામાં આવ્યાં હતાં. એ વખતે ઘણાં સાધુ-સાધ્વીઓ ભાગીને નેપાળના આ ઉચ્ચ પ્રદેશમાં બૌદ્ધ ગામોમાં આવીને વસી ગયાં હતાં. તેઓ આ શાસ્ત્રો ખભે બાંધીને સાથે લાવ્યાં હતાં. એ સિવાય તેમની પાસે કશું ન હતું. અહીં આવ્યા પછી તેમણે આશ્રમ વસાવ્યા. તેમણે આશ્રમની આસપાસ બગીચાઓનો અને થોડી ખેતીનો પણ વિકાસ કર્યો હતો. તેમાંથી તેઓની થોડી આજીવિકા ચાલતી હતી. ઉપરાંત હેલમ્બોના લામા પણ તેમનું પોષણ કરતા હતા અને ભિક્ષા આપતા હતા. જોકે બધા સાધુઓ હૃષ્ટપુષ્ટ જણાતા હતા.

**તિબેટી આશ્રમ :**

શ્રી જયંતમુનિને આ બધા આશ્રમનું નિરીક્ષણ કરવાની ઇચ્છા થઈ. તેઓ પ્રથમ સાધ્વીજીના આશ્રમમાં ગયા. બધી સાધ્વીઓ પૂજાપાઠ તથા ક્રિયાઓમાં જોડાયેલી હતી. તેઓએ શ્રી જયંતમુનિનું સ્વાગત કર્યું. પરંતુ એકબીજાને સમજવા માટે ભાષાનો મોટો અંતરાય હતો. ફક્ત શેરપાનો જ આધાર હતો. શેરપો ભાંગ્યું તુટ્યું સમજાવતો હતો. થોડીઘણી વાત થઈ શકી, પરંતુ પૂરી મઝા ન આવી. તિબેટની વાત નીકળતાં તેઓના મુખ પર વેદનાની રેખાઓ ખેંચાઈ ગઈ અને ખૂબ દુઃખી મને પોતાની વ્યથા પ્રગટ કરી. તેઓ કેટલા મોટા જાહોજલાલીવાળા, ધનધાનથી ભરપૂર આશ્રમ છોડીને અનાથ બની ગયા હતા અને આ બાજુના પર્વતીય પ્રદેશમાં ઊતરી આવ્યા હતા!

સાધ્વીઓએ સૌને ચા આપી. આ લોકોની ચા જુદા પ્રકારની હોય છે. તેઓ ચામાં થોડું ઘી નાખે છે અને ખાંડને બદલે નમક નાખે છે. એટલે તેમની ચાનો સ્વાદ બહુ જ વિચિત્ર હોય છે.

લાકડાના મોટા બંબામાં ઊકળતું પાણી ભરેલું જ હોય છે. તેમાં થોડું નમક અને છાંટો ઘી નાખે છે. ચાની પત્તી નથી હોતી, પણ મોટા લાટા હોય છે. આ લાટા ખૂબ જ કઠણ અને ભારે હોય છે. તેના છરી અથવા કુહાડીથી નાના ટુકડા કરી ઊકળતા પાણીમાં નાખે છે, જે ધીરે ધીરે ઓગળતા રહે છે અને પાણીમાં ચાની લાલશ આવી જાય છે. નીચેનો નળ ખોલી કપમાં ચા આપવામાં છે.

મુનિશ્રીની મંડળીનો એક પણ માણસ આ ચા પી શક્યો નહીં.

બીજે દિવસે સાધુઓનો આશ્રમ જોવાની તક મળી. સાધુઓ પણ તિબેટની વાતથી ગળગળા થઈ ગયા. પોતાના વતનનો ત્યાગ કરી અહીં ભાગી આવ્યા છે તેનું ઊંડું દુઃખ તેઓના મન પર હતું. તેઓએ જણાવ્યું કે એકસાથે બસો જેટલા સાધુઓને લાઇનમાં ઊભા રાખી ગોળીથી ઠાર મારવામાં આવ્યા હતા. આ રીતે હજારો સાધુ-સાધ્વીઓને મોતને ઘાટ ઉતાર્યાં હતાં. તેઓ કેવી રીતે ભાગી આવ્યાં હતાં તેનું હૃદયદ્રાવક વર્ણન સાધુઓએ થોડું ઘણું સંભળાવ્યું.

બંને આંખમાંથી આંસુ પડે તેટલુ જ બાકી રહેતું હતું. આ બધું દર્દ હોવા છતાં પણ તેઓ નેપાળના આશ્રમમાં ખૂબ જ આનંદપૂર્વક રહેતા હતા. પોતાની સાધના અર્થે તેઓ શાસ્ત્રપાઠ ચાલુ રાખતા હતા. આજીવિકાનું પૂરું સાધન ન હોવાથી તેમને શ્રમ પણ ઘણો થતો હતો. એમ લાગ્યું કે તેમને નેપાળ સરકારની પણ થોડી-ઘણી મદદ મળતી હશે.

ત્યાં પહાડી પ્રદેશમાં સારાં સારાં ઘરોમાં પણ ચૂલો ઘર વચ્ચે જ હોય છે. ચૂલાને ચાર મોટા પાયા હોય છે. તેમાં ચારે તરફથી લાકડાં મૂકે છે. તેને ફરતા ગાલીચા પાથરેલા હોય છે. નેપાળની રૂપસુંદરીઓ રસોઈ કરતી હોય ત્યારે અપ્સરા જેવી લાગે છે. ત્યાં બધુ યુરોપિયન સિસ્ટમ જેવું છે. જમવા માટે પ્લેટ, ચમચા, છરી, કાંટા વપરાય છે, થાળી-વાટકા નથી હોતાં.

તેમનાં ઘરેણાં-ગાંઠા ઘરની દીવાલ ઉપર ખીંટી ઉપર ટાંગેલા હોય છે. તેઓ ઘર એકદમ સાફ-સૂથરા રાખે છે. ઘરનો એક માણસ તો ઘર પોંછવામાં જ રોકાયેલો હોય છે. ચીકણા લાકડાના ભોંયતળિયાવાળાં ઘર ચકમકતાં સાફ હોય છે. ધૂળ અને ગંદકી તો આ પહાડી પ્રદેશમાં જોવા મળતી નથી. તેઓ ઍલ્યુમિનિયમનાં વાસણો પણ ખૂબ ઘસીને ચાંદી જેવાં ચમકાવે છે. બધાનાં મુખ પર હાસ્ય અને રૂપની અનેરી છટા જોઈ શકાય છે. સ્ત્રી-પુરુષોના ચહેરા પર ગુલાબી ઝાંય હોય છે.

ત્યાંની આટલી ઊંચાઈની મધુરમ અને શુદ્ધ હવા માણીને શ્રી જયંતમુનિએ પાંચમે દિવસે કાઠમંડુ તરફ પ્રયાણ કર્યું. શ્રી જયંતમુનિ માટે હેલમ્બોની ચાર દિવસની આ યાત્રા ખૂબ જ આનંદમય બની ગઈ. તેમને ઘણું ઘણું જાણવાનું મળ્યું અને નવો જ અનુભવ થયો.

તેમણે વળતી વખતે બીજો રસ્તો લીધો. ચીનાઓએ કાઠમંડુથી ગોમતક સુધી મોટો વિશાળ રસ્તો બાંધી આપ્યો છે. આ રસ્તેથી ચાઇના બોર્ડર સુધી જઈ શકાય છે. હેલમ્બોથી મુનિશ્રીની મંડળી આ નૅશનલ હાઇવે પર ઊતરી આવી અને ત્યાર બાદ તેઓ બૉર્ડર તરફ આગળ વધ્યા.

સરહદ પાંચ કિલોમીટર દૂર હતી ત્યારે ઊંચી જગ્યાએથી તિબેટનું ક્ષેત્ર જોઈ શકાતું હતું. આટલેથી સંતોષ માની મુનિશ્રીએ પુનઃ કાઠમંડુ તરફ વિહાર કર્યો. હાઇવે ઉપર ઉમેશભાઈ, સુધાબહેન, પુષ્પાદેવી, ગોલછાજી રસ્તામાં મળ્યાં. ત્રણ દિવસનો વિહાર કરી તેઓ કાઠમંડુમાં પધાર્યા.

❑



३३

# ચાતુર્માસની ઉપલબ્ધિઓ

**કા**ઠમંડુ નેપાળ જૈન પરિષદે તેમનું પુનઃ હાર્દિક સ્વાગત કર્યું. મુનિશ્રી બાગમતીના કિનારે ગોલછાના રાજભવનમાં ચાતુર્માસ માટે સ્થિર થયા.

પર્યુષણ પર્વ દરમિયાન આઠ દિવસ જ્ઞાનમંદિરમાં રહેવાનું નક્કી થયું. સમગ્ર તેરાપંથી સમાજ, દિગંબર સમાજ, મૂર્તિપૂજક સમાજ અને સ્થાનકવાસી ભાઈ-બહેનો એકત્ર થયાં. પર્યુષણ સારી રીતે ચાલતાં હતાં. કાઠમંડુમાં ચોથમલજી જટિયા એક મોટા ઉદ્યોગપતિ છે. તેમનાં પત્ની શ્રીમતી પુષ્પાબહેન જૈન પરિવારનાં હતાં. તેઓ પર્યુષણ સમયે તેમના પતિ સાથે દર્શનાર્થે આવ્યાં ત્યારે મુનિશ્રીનું પ્રવચન ચાલતું હતું. તેમણે કાઠમંડુ સમાજને તીવ્ર ઉપદેશ આપતાં કહ્યું કે "કાઠમંડુ ક્ષેત્રમાં આટલા સુખી-સંપન્ન જૈન પરિવારો હોવા છતાં જૈનોનું એક પણ સ્થાનક નથી, તેમ જ કોઈ જૈન મંદિર પણ નથી. આપણા માટે આ લજ્જાની વાત છે.

"નેપાળમાં ભદ્રાબાહુસ્વામીએ બાર વર્ષ સુધી તપસ્યા કરી હતી. ભૂતકાળમાં ભારતથી ઘણા સંતો નેપાળની ભૂમિને પાવન કરી ગયા છે. મલ્લિનાથ ભગવાનનું જન્મનકલ્યાણક નેપાળની મિથિલા નગરીમાં હતું. આજે જૈનોની પોતાની કોઈ ઓળખ નથી. અમો આટલો લાંબો વિહાર કરીને કાઠમંડુ આવ્યાં છીએ. આ યાત્રા ત્યારે જ સફળ થઈ ગણાય કે જ્યારે તમે કોઈ સમાજહિતનું નક્કર કાર્ય કરો. અમે ફક્ત કાઠમંડુનાં આહાર-પાણી લેવા માટે અહીં સુધી નથી આવ્યાં. કાઠમંડુમાં જૈન સમાજનો ઇતિહાસ સર્જાય તેવું ઇચ્છીએ છીએ. આજે સમગ્ર જૈન સમાજની ઉપસ્થિતિ છે. આવી સભા હવે ફરીથી મળવી મુશ્કેલ છે. તો આજની સભામાં નક્કર કામ થવું જોઈએ."

મુનિશ્રીનું આહ્‌વાન સાંભળી શ્રીમાન ચોથમલજી જટિયા સભામાં ઊભા થઈ ગયા. મુનિશ્રીની વાણીનો એમના મનમાં ઊંડો પડઘો પડ્યો. તેઓએ જાહેર કર્યું કે "પશુપતિનાથના મુખ્ય રસ્તા પર, જ્યાં પાંચ રસ્તા ભેગા થાય છે, ત્યાં અમારી દોઢ એકર જમીન છે. તેની કિંમત આઠથી દસ લાખ રૂપિયા છે. એ જમીન જૈન ભવનના નિર્માણ માટે અમે ભેટ આપીએ છીએ. તે ઉપરાંત આ ભવનના નિર્માણ માટે બીજા એકવીસ લાખ રૂપિયા આપું છું." શ્રી ચોથમલજી જટિયાની ઉત્સાહભરી જાહેરાત સાંભળતાં જ આખી સભામાં આનંદનું મોજું ફરી વળ્યું.

એ વખતે જ શ્રી ઉલ્લાસભાઈ ગોલછા અને શ્રી મોતીલાલજીએ ક્રમસર ત્રણ લાખ અને બે લાખ રૂપિયા જાહેર કર્યા. ઉપરાંત ઉમેશચંદ્ર જૈન તથા બીજા ભાઈઓએ પણ દાન જાહેર કર્યાં. અડધા કલાકમાં રૂપિયા એકત્રીસ લાખ એકત્ર થયા તથા 'મહાવીર જૈન ભવન'નો પાયો નાખવાનું નક્કી થયું. ખરેખર, શ્રી જયંતમુનિનું કાઠમંડુનું ચોમાસું ઘણું જ સફળ થયું. આજે એ જમીન ઉપર મહાવીર જૈન ભવન ઉપરાંત દિગંબર જૈન મંદિર અને શ્વેતાંબર જૈન મંદિરનું નિર્માણ થઈ ચૂક્યું છે. આ મંદિરોની પ્રતિષ્ઠા શ્વેતાંબર મૂર્તિપૂજક આચાર્ય શ્રી પદ્મસાગરજી મ.ના શુભ સાંનિધ્યમાં કરવામાં આવી છે. આજે કાઠમંડુમાં જૈનો નિરાળું અસ્તિત્વ ધરાવે છે. દુઃખ એ વાતનું છે કે હજી સુધી મિથિલામાં, જે અત્યારે જનકપુર કહેવાય છે અને જ્યાં ભગવાન મલ્લિનાથનું જન્મકકલ્યાણક છે, ત્યાં હજુ જૈન મંદિરનું નિર્માણ થઈ શકયું નથી. જૈન માટે હજુ નેપાળમાં તીર્થભૂમિનો ઉદ્‌ભવ થયો નથી. જૈન સમાજે આ વિષય પર ધ્યાન આપવાની જરૂર છે.

સમગ્ર જૈન સમાજ એક સૂત્રમાં બંધાય તેવી તક ચાતુર્માસ દરમિયાન મળી. મુનિશ્રીની ખ્યાતિ સંભાળી ત્રિભુવન કૉલેજના પ્રિન્સિપાલ મહોદયે શ્રી જયંતમુનિનું જાહેર પ્રવચન ગોઠવ્યું. નેપાળ અને ભારતનો સાંસ્કૃતિક સંબંધ કેટલો ઊંડો છે તે બાબતનું ગહન વિશ્લેષણ સાંભળી સૌ ગદ્‌ગદ થઈ ગયા. સમગ્ર પ્રવચનનો નેપાળી અનુવાદ ત્યાંના દૈનિક પત્રમાં છાપવામાં આવ્યો હતો.

**સંસ્કૃત કૉલેજ :**

કાઠમંડુમાં એક સંસ્કૃત કૉલેજ પણ છે, જે ગૌરવનો વિષય છે. તેના પ્રિન્સિપાલે શ્રી જયંતમુનિને સંસ્કૃત કૉલેજમાં પધારવા વિનંતી કરી. લોકોના આગ્રહથી મુનિશ્રીએ વીસ મિનિટ સંસ્કૃતમાં પ્રવચન આપ્યું, બાકીના ઉદ્‌ગારો હિન્દી ભાષામાં સંભળાવ્યા.

શ્રી જયંતમુનિએ જણાવ્યું કે "સંસ્કૃત એ દેવભાષા છે. તેટલું જ નહીં, પરંતુ ભારત તથા નેપાળનો સાંસ્કૃતિક ખજાનો સંસ્કૃત ભાષામાં છુપાયેલો છે. આ ખજાનો માનવજાતિની અણમોલ સંપત્તિ છે." આ વાક્ય સાંભળતાં તાળીઓના ગડગડાટથી સભા ગુંજી ઊઠી.

તેઓએ આગળ કહ્યું કે, "નેપાળ એ ભારતવર્ષનું મસ્તક છે. અહીંની કંદરાઓમાં ઋષિમુનિઓએ અને જૈન સંતોએ સાધના કર્યા પછી જ્ઞાનની ગંગા દક્ષિણમાં વહાવી છે. અર્થાત્ નેપાળ એ ભારતીય સંસ્કૃતિની ગંગોત્રી છે."

### નેપાળના શાકાહારીઓ :

મુનિશ્રીની કાઠમંડુની આસપાસનાં ગામડાંઓમાં પદાર્પણ કરવાની ભાવના હતી. નેપાલમાં એક એવો સંપ્રદાય છે જે સર્વથા નિરામિષ અર્થાત્ શાકાહારી છે અને નિરાકાર બ્રહ્મની ઉપાસના કરે છે. આ સંપ્રદાયની સભ્યતા જૈનો જેવી છે. તેઓ બધા લગભગ વ્યાપારી છે. ગ્રામીણ પ્રદેશના ભાઈઓ સાથે પરિચય થતાં તેઓએ મુનિશ્રીને પોતાના ગામમાં આવવા માટે આમંત્રણ આપ્યું. ચાતુર્માસ કલ્પની મર્યાદામાં હોવાથી તેઓ વિહાર કરી ૩ દિવસ માટે તે ભાઈઓની વચ્ચે પધાર્યા. તેઓએ મુનિશ્રી સાથે તાત્ત્વિક ચર્ચા કરી. તેમની આધ્યાત્મિક ભૂખ ઘણી હતી. તેઓ આત્મજ્ઞાન મેળવવા માટે ઘણા તત્પર હતા. તેઓએ બહારથી આવનાર ભાઈ-બહેનોને જમાડવાની સુંદર વ્યવસ્થા કરી હતી. સ્વાગતમાં એક મંડપ બનાવ્યો હતો. તેમાં બસો જેટલાં ભાઈ-બહેનો એકત્ર થતાં હતાં. આ યાત્રાથી શ્રી જયંતમુનિને ખૂબ જ આનંદ થયો. નેપાળ જેવા પ્રદેશમાં માંસાહાર અને દારૂથી દૂર રહી આવું સાત્ત્વિક જીવન જીવવા બદલ તેઓને હાર્દિક અભિનંદન આપ્યા.

પુનઃ તેઓ વાજતેગાજતે શ્રી જયંતમુનિને કાઠમંડુ સુધી મૂકવા આવ્યા.

કાઠમંડુનું ચાતુર્માસ ખૂબ જ સમાધિપૂર્વક વ્યતીત થયું. ચાતુર્માસ દરમિયાન કલકત્તા, ધનબાદ, જમશેદપુર આદિ ક્ષેત્રથી ઘણાં ભાઈઓ-બહેનો દર્શનાર્થે આવ્યાં હતાં. ખારા પરિવાર, શ્રી મધુકરભાઈ અને સુશીલાબહેન દેસાઈ, ધનબાદથી શંકરભાઈ, તેમના વેવાઈ ભૂપતભાઈ કામાણી, શ્રી નિમચંદભાઈ અને લીલાવતીબહેન દોશીએ ઘણી ભક્તિ બજાવી હતી.

પર્યુષણ દરમિયાન સારી એવી તપશ્ચર્યા પણ થઈ હતી. ઉમેશભાઈ જૈનનાં પત્ની શ્રીમતી સુધાબહેને અઠ્ઠાઈ કરીને જીવન ધન્ય બનાવ્યું. તેઓ દિગંબર પરિવારના હોવા છતાં સ્થાનકવાસી વિધિ પ્રમાણે અઠ્ઠાઈતપ ઊજવ્યું તે ગૌરવ લેવા જેવું હતું. ત્યાંના મહિલા મંડળે વિકલાંગોને સહાયતા આપવાનું નક્કી કર્યું. શ્રી જયંતમુનિને તેમની સંસ્થા તરફથી ખાસ આમંત્રણ આપવામાં આવ્યું. આ પ્રસંગે નેપાળનાં મહારાણી રત્નેશ્વરી દેવી હાજર હતાં. મુનિશ્રી ભારતથી પદયાત્રા કરી નેપાળ આવ્યા છે તે સાંભળીને તેઓ ખૂબ જ હર્ષાન્વિત થયાં અને અહોભાવ દર્શાવ્યો.

### પશુપતિનાથ મંદિરમાં શાસ્ત્રચર્ચા :

ચાતુર્માસ પૂરું થવાનો સમય નજીક આવવા માંડ્યો. દરમિયાન એક વખત શ્રી જયંતમુનિ કાઠમંડુના સુપ્રસિદ્ધ તીર્થસ્થાન પશુપતિનાથના દર્શને પધાર્યા. પશુપતિનાથનું વિરાટ મંદિર પ્રાચીન સંસ્કૃતિની યાદ આપી રહ્યું છે. નેપાળ, ભારત તથા વિશ્વમાંથી લાખો માણસો પશુપતિનાથનાં દર્શન કરવા ઉત્તમ શ્રદ્ધાથી કાઠમંડુ આવે છે. પશુપતિનાથ એક જ્યોતિર્લિંગ છે. અહીં કોઈ પણ પ્રકારનું પશુનું બલિદાન થતું નથી, બધું અહિંસક ભાવે અને વૈષ્ણવ પદ્ધતિથી થાય છે. ઉપરાંત ત્યાં સપ્તાહમાં એક વખત શાસ્ત્રસભા પણ થાય છે. તેમાં નેપાળના વિદ્વાનો હાજરી આપે છે.

ત્યાં સંસ્કૃતમાં જ બોલવાનો નિયમ છે. જે સંસ્કૃત બોલી શકે તે જ આ સભામાં ભાગ લઈ શકે છે.

મુનિશ્રી જ્યારે પશુપતિનાથ મંદિરમાં ગયા ત્યારે સભા ચાલુ થવાની હતી. તેમના નિમંત્રણથી મુનિશ્રીએ સભામાં ભાગી લીધો. તેમણે પતંજલિ યોગશાસ્ત્રના પ્રથમ સૂત્ર 'યોગશ્ચિત્તવૃત્તિનિરોધ' સૂત્ર ઉપર વિવેચન કર્યું. તેમણે આ સૂત્રનો ભાવાર્થ બદલીને વ્યાખ્યા કરી:

अत्र चित्तवृत्ति निरोधस्य भाव, नतु चित्तस्यवृत्ति । अपितु चितेन वृत्ति निरोध ।

મુનિશ્રીએ આ રીતે પદચ્છેદ કરીને સમજાવ્યું ત્યારે પંડિતો આશ્ચર્ય પામ્યા. આ સૂત્રમાં સામાન્ય રીતે 'ચિત્તનો નિરોધ કરવો' એવો અર્થ ઘટાવાય છે. પરંતુ ઊંડાણથી વિચારતાં જણાય છે કે 'ચિત્ત' એ ચૈતન્યનું પ્રતિભાષક છે. અર્થાત 'ચિત્ત' બ્રહ્મની સાથે વધારે સંબંધ ધરાવે છે. એટલે ચિત્ત કે બ્રહ્મમાં વૃત્તિ હોતી નથી. વૃત્તિ એ માયાતત્ત્વ છે. વૃત્તિનો નિરોધ કરવાની આવશ્યકતા છે.

સૂત્રના શબ્દો સાથે લઈ અર્થ કરવાથી ચિત્તનો પણ નિરોધ થઈ જાય છે, જે સંભવ નથી. એટલે વૃત્તિનો નિરોધ કરવો તે જ ઇષ્ટ છે અને વૃત્તિના વિરોધ માટે ચિત્ત એ સાધન છે. અર્થાત્ ચૈતન્યશક્તિથી વૃત્તિને હટાવવાની છે અથવા નિયંત્રણમાં લેવાની છે. 'चित्तेन' અર્થાત્ ચિત્તથી, ચૈતન્યથી વૃત્તિનો નિરોધ કરવો તે અર્થ વધારે ઇષ્ટ છે. ઇષ્ટ ભાવ પ્રાપ્ત કરવા માટે જરૂર પ્રમાણે વ્યત્ય થઈ શકે છે અને ઋષિ લોકો આવા ગૂઢભાવોને વ્યત્યમાં સંગ્રહે છે. જેથી સાધક વ્યક્તિ તે ભાવને પામી શકે. બાકી જ્ઞાની ગમ્ય છે.

અહીં નિરોધનો અર્થ 'રોકવું' અને 'નિયંત્રણ કરવું' એવો પણ થાય છે. જેમ નદીના પાણીને રોકવું અને તેના બંને કિનારાને વ્યવસ્થિત કરી, તેના પ્રવાહને સંયમમાં રાખવો તે બે જુદી વાત છે, તેમ વૃત્તિને રોકવી અને તેને નિયંત્રણમાં રાખવી એ બે જુદી વાત છે. સાધક વૃત્તિને રોકવાની કોશિશ કરે તો પોતે નષ્ટ થઈ શકે છે. પરંતુ સમ્યક્ પ્રકારે વૃત્તિનું નિયંત્રણ કરી, તેનો સંયમ રાખે તો તે સાધનાપથમાં સફળ થઈ શકે છે. એટલે મહર્ષિ પતંજલિજીએ 'રોધ' શબ્દ ન વાપરતાં 'નિરોધ' શબ્દ વાપર્યો છે. રોધ એટલે રોકવું અને નિરોધ એટલે નિયંત્રણમાં લેવું, એવો અર્થ સુગમતાથી થઈ શકે છે. યોગી સમ્યક્ રીતે પ્રવર્તીને સંયમપૂર્વક ચાલે તો સ્વતઃ મન, વચન અને કર્મનો યોગ બની જાય છે. ખરેખર, આ મંગલસૂત્ર સાધક માટે પ્રથમ ભૂમિકાનું ઉદ્‌ઘાટન કરે છે.

આટલી સુંદર વ્યાખ્યા સાંભળી પંડિતોની સભામાં આનંદનું મોજું ફરી વળ્યું અને ફરી ફરી શ્રી જયંતમુનિને ત્યાં પધારવાનું આમંત્રણ આપવા લાગ્યા.

કાઠમંડુમાં પશુપતિનાથ સિવાય વિશાળ બૌદ્ધ મંદિરો પણ છે. આ બૌદ્ધ મંદિરો પણ લાકડાંનાં બનેલાં છે અને ત્યાં બૌદ્ધ સાધુઓ સેવા-પૂજામાં તલ્લીન જોવા મળે છે.

નેપાળની ખાસિયત છે કે ત્યાં હિન્દુઓ અને બૌદ્ધોમાં કોઈ પ્રકારનો સંપ્રદાયભેદ નથી. ત્યાં

એકબીજા પ્રત્યે કોઈ પણ પ્રકારનું ધાર્મિક ઝનૂન કે વૈમનસ્ય નથી. હિંદુઓ અને બૌદ્ધો સમાન ભાવે બધાં મંદિરોમાં જાય છે. તેઓ ઉત્સવો પણ સાથે ઊજવે છે. આ રીતે કાઠમંડુનું ધાર્મિક વાતાવરણ પરસ્પર સૌહાર્દવાળું છે.

**નેપાળમાંથી વિદાય :**

મુનિશ્રીની ઇચ્છા હતી કે નેપાળથી પુનઃ રક્ષોલ કે વીરગંજ ન જતાં, આખું નેપાળ પાર કરી, સિલિગુડીથી બંગાળમાં પ્રવેશ કરવો અને ત્યાંથી દાર્જિલિંગ તરફ જવું. જો આ યાત્રા ગોઠવાય તો મુનિશ્રીને કાઠમંડુથી સમસ્ત પૂર્વ નેપાળ પાર કરવાનો યોગ સાંપડે તથા નેપાળનું વધારે દિગ્દર્શન થઈ શકે. તેમણે કાઠમંડુનું ભવ્ય ચાતુર્માસ પરિપૂર્ણ કરી, કારતક સુદ પૂર્ણિમાના વિહારની તૈયારી કરી.

સમસ્ત જૈન સમાજે ભાવભરી ભવ્ય વિદાય આપી. દિગંબર સમાજનાં શ્રી ઉમેશચંદ્ર જૈન અને સુધાબહેન જૈન મોખરે હતાં. ચાતુર્માસમાં પરિચયમાં આવેલા બીજા ભાઈઓ પણ યાત્રામાં હતા. એક હોટલના માલિક, કે જે મુસલમાન હતા અને શ્રી જયંતમુનિ પ્રત્યે ભક્તિ ધરાવતા હતા, તેમણે પણ વિદાય વખતે પત્ની સાથે ખાસ હાજરી આપી હતી.

આ વખતે કાઠમંડુથી ભીમફેદીના રસ્તે ન જતાં હાથીનાલા અને અમલેખગંજના લાંબે રસ્તેથી જવાનું હતું. ત્યાંથી રાજબિરાજ થઈ વિરાટનગર જવાનું હતું. અહીં ભારત, ચીન અને અમેરિકાએ નેપાલમાં રસ્તાઓ બંધાવી આપ્યા છે.

અમેરિકાએ અમલેખગંજથી વિરાટનગર થઈ આગળ પૂર્વમાં નેપાળની સીમા સુધી રોડ બાંધ્યો છે. ભારતે બાંધેલો રસ્તો ખૂબ જ તૂટેલો-ફૂટેલો અને ખરાબ હતો. એટલે તેમણે ભારતનો ખરાબ રોડ મૂકી અમેરિકન રોડ ઉપર પગ મૂક્યો ત્યારે રસ્તાના સુખની અનુભૂતિ થઈ.

રાજબિરાજમાં તેરાપંથી જૈનોનાં દસથી પંદર ઘરો છે. તેઓને કાઠમંડુથી સમાચાર આપ્યા હતા તેથી સૌ લેવા માટે સામે આવ્યાં હતાં. તેઓએ જરાપણ ધર્મનો ભેદભાવ દેખાડ્યો નહીં. તેઓએ ખૂબ જ પ્રેમપૂર્વક, સમાનભાવે શ્રી જયંતમુનિનું સ્વાગત કર્યું અને પોતાના જ મુનિ હોય તે રીતે આદર આપ્યો. તેઓ રાજબિરાજમાં ચાર દિવસ રોકાયા. જૈન ભાઈઓની ભક્તિ તો હતી જ, તે ઉપરાંત ત્યાંના બીજા મારવાડી ભાઈઓએ પણ ખૂબ જ સારો રસ લીધો હતો.

**એક વિચિત્ર અનુભવ :**

રાજબિરાજ પછીના ગામમાં ઊતરવાની સારી જગ્યા ન મળી. શ્રી જયંતમુનિ સ્વયં બજારમાં ગયા. ત્યાં એક મારવાડીની મોટી સરસ દુકાન હતી અને શેઠ પણ ગાદી પર બેઠા હતા. શ્રી જયંતમુનિએ દુકાનમાં પ્રવેશતાં શેઠ સાહેબને ધર્મલાભ આપ્યા અને પૂછ્યું, "ભાઈશ્રી, અહીં ઊતરવા જેવી કોઈ વ્યવસ્થા છે ?" પરંતુ શેઠે સામે જ જોયું નહીં.

શ્રી જયંતમુનિ પણ ખૂબ જ થાકેલા હતા. શેઠનો આવો દુર્વ્યવહાર જોઈ તેમને પણ થોડો

પારો ચડી ગયો. તેમણે કહ્યું, "અરે મૂર્ખ ! સામે પણ જોતો નથી કે બોલતો પણ નથી? કંઈ હા કે ના તો કહે! અહીં તારી દુકાનમાંથી અમારે કશાની દરકાર નથી." આટલું કહીને પંચેન્દ્રિય જીવની આસાતના થાય તેવા શબ્દો તેમના મુખથી સરી પડ્યા. આટલા કઠોર શબ્દો સાંભળ્યા પછી પણ શેઠ ચૂપચાપ જ રહ્યા અને જરાપણ ધ્યાન ન આપ્યું. થોડો ધિક્કાર વરસાવી શ્રી જયંતમુનિ પાછા ફર્યા અને છેવટે એ ગામ જ છોડી દીધું.

આખી મંડળી આગળ વધી ત્યારે છ કિલોમીટર દૂર એક નાનું રેલવે સ્ટેશન હતું. તેમણે તેમાં ઉતારો કર્યો. સ્ટેશનમાં બેંચ ઉપર એક મારવાડી યુવક બેઠો હતો. તેમની સાથે વાર્તાલાપ થયો. શ્રી જયંતમુનિએ અહીં હૃદયનો ઉકળાટ કાઢ્યો. પેલો યુવક પણ ખૂબ જ ધીરી ધારણાવાળો હતો, પણ શ્રી જયંતમુનિનો ઉકળાટ હજુ શમ્યો ન હતો. જે ગામ છોડી દીધું હતું તે શેઠની પણ આ યુવક સામે ભરપેટ નિંદા કરી.

બધું સાંભળી લીધા પછી પેલો યુવક બહુ જ શાંતિપૂર્વક બોલ્યો, "ગુરુજી, તમે જે શેઠની વાત કરો છો તે મારા સગા મામા છે."

શ્રી જયંતમુનિને આ સાંભળીને આશ્ચર્ય તો થયું, સાથે સાથે ભાણેજ સામે મામાની નિંદા કરવાથી થોડી વિમાસણ પણ થઈ. તેમણે વાત બદલાવી. "એ ભાઈ તારા મામા ભલે રહ્યા. અમે ભલે તેની નિંદા કરી, પરંતુ તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. તેમની શાંતિ દાદ માંગી લે તેવી છે. અમે આટલા કડવા શબ્દો કહ્યા પછી પણ તમારા મામાશ્રીએ જરાપણ ગુસ્સો ન કર્યો. તેઓ માલિક હતા છતાં કોઈ પણ પ્રકારના અપમાનનો અનુભવ ન કર્યો. તે શાંતિપૂર્વક સ્થિતપ્રજ્ઞ જેવા રહ્યા. અમે તો આગંતુક સાધુ હતા. તેઓ વીફર્યા હોત અને કહ્યું હોત કે "ચાલ, ચાલ, તું દાદાગીરી કરનારો કોણ છો?' તો અમારા માટે ઘણું દુઃખરૂપ થઈ જાત. પરંતુ મામાની શાંતિ અને સમભાવ જોઈને ધડો લેવા જેવું છે. અમે સાધુ હોવા છતાં આટલી અશાંતિ અને ઉકળાટ અનુભવ્યો, મનમાં અસમાધિ થઈ. જ્યારે તે મહાપુરુષે સાધુને શોભે તેવી સમાધિ જાળવી રાખી."

યુવકે જે ખુલાસો કર્યો તે ધ્યાનપૂર્વક સાંભળવા જેવો છે :

"ગુરુજી, મારા મામા સંતોના પરમ ભક્ત છે અને સાધુઓ માટે તેમના ઘરના દરવાજા હંમેશ ખુલ્લા રહેતા હતા. લાખ કામ પડતા મૂકીને તેઓ સંત-સેવામાં રહેતા હતા. ચાર દિવસ પહેલાં એક દાઢી-જટાવાળા અને ભગવાં વસ્ત્રધારી સાધુબાબા તેમને ત્યાં આવ્યા. મામાસાહેબ તો સાધુને જોઈને એકદમ ઢળી પડતા. તેમણે બાબાને પ્રણામ કરીને પોતાની ગાદી પર જ બેસાડ્યા. મામા સાધુજી માટે કેસરવાળું દૂધ લેવા ઘરમાં ગયા. મામા દૂધ લઈને આવ્યા ત્યારે સાધુ ત્યાં ન હતા. મામાને થયું, અરે! મહાત્માજી ક્યાં ગયા? મામાને થયું કે દૂધ લાવતાં થોડી વાર લાગી તેથી બાબાજી નારાજ તો નથી થયાને! મામાએ હાથમાં ગ્લાસ લઈ બજારમાં ચારેતરફ નજર નાખી, પરંતુ પેલા સાધુબાબા ક્યાંય જોવામાં ન આવ્યા એટલે તેઓ પાછા ફરી, થડા પર બેઠા.

"થોડી વાર પછી સંદૂક ઉઘાડતાં જ મામા અવાક રહી ગયા. બધા રૂપિયા ગાયબ હતા. આ વખતે ગલ્લામાં રૂ. ૮૩,૦૦૦ રોકડા હતા. સાધુને ખૂબ જ સારી તક મળી ગઈ અને આ કહેવાતો ઠગ સાધુ મોટી રકમ લઈ હવામાં પીગળી ગયો. મામાને અપાર દુઃખ થયું. મામાશ્રીને રૂપિયાનું દુઃખ ન હતું. પરંતુ આવા મહાત્મા જેવા સાધુ ઠગ નીકળ્યા તેનું અપાર દુઃખ હતુ. સાધુ પ્રત્યે તેમનો વિશ્વાસ હલી ગયો હતો. આપશ્રી પધાર્યા ત્યારે હજુ ઘા તાજો જ હતો."

મારવાડી યુવકે કહ્યું, "આપ જ બતાવો, મામાજી શું કરે? મામાજી તમને જોઈને ચુપચાપ રહી ગયા તેનું અસલી કારણ તે દુષ્ટ સાધુનું વર્તન હતું. પરંતુ આજથી ચાર દિવસ પહેલાં જ એવી ઘટના બની ગઈ કે તેનાં કડવાં ફળ આપને ભોગવવાં પડ્યાં. વસ્તુતઃ મારા મામા દેવપુરુષ છે."

તે યુવકે જે વાત કરી તે ખૂબ જ શરમાવે તેવી હતી અને આજના સાધુઓ માટે નાલેશી ભરેલી હતી. ઠગ સાધુનું દુઃચરિત્ર સાંભળીને શ્રી જયંતમુનિને અપાર દુઃખ થયું. આવા શેઠને જે કડવા શબ્દો કહ્યા તે બદલ પણ તેમને ઘણો પશ્ચાત્તાપ થયો. કડવા શબ્દ કહેવા બદલ તેમણે ભાણેજ સામે ક્ષમાયાચના કરી અને ખાસ સંદેશ મોકલ્યો. તેમણે કહ્યું કે "તમારા મામાને કહેજો કે જરાપણ દુઃખ ન લગાડે. તેમને એ પણ કહેજો કે જૈન સાધુઓનો વ્યવહાર ઘણો જ ઊંચો હોય છે. તેઓ કદાચ જૈન સાધુને ઓળખી શક્યા ન હોય તો તે બાબત ખુલાસો પણ કરશો."

એ યુવકે બધો સંદેશ હૃદયગત કર્યો. એટલું જ નહીં, તેણે મુનિશ્રીની સેવા બજાવી અને દરેક રીતે સાતા ઉપજાવી. જાણે કે મામા વતી બધો બદલો વાળી દીધો હોય તેમ યુવકે સદ્‌વ્યવહાર કર્યો.

આ આખી ઘટના ખૂબ જ આશ્ચર્યકારક છે. તેથી વિશેષ ધડો લેવાનો છે કે જરા પણ ઉતાવળ કર્યા વિના, આગળ-પાછળની પરિસ્થિતિનો થોડો તાગ મેળવવો જોઈએ.

**ભારત-નેપાળનું સીમાક્ષેત્ર :**

પૂરો વિહાર નેપાળ અને ભારતવર્ષના સીમાક્ષેત્ર ઉપર જ હતો. તેથી આછો-પાતળો ખ્યાલ આવતો હતો કે હજારો ભારતવાસીઓ નેપાળમાં વસેલા છે.

વિરાટનગરમાં ઓશવાળ જૈનોનાં લગભગ ત્રણસોથી ચારસો ઘર હતાં. જ્યારે સમસ્ત મારવાડી સમાજનાં ૨,૦૦૦ જેટલાં ઘર હતાં. ત્યાં બહુ જ મોટા પ્રમાણમાં મારવાડી સમાજનું અસ્તિત્વ છે. ત્યાં તેમના સમાજનું વિશાળ મારવાડી ભવન પણ છે.

વિરાટનગરમાં સ્થાનકવાસી જૈનોનાં પણ દસથી બાર ઘર હતાં. મોટાભાગનાં ઘર તેરાપંથી સંપ્રદાયની ભક્તિવાળાં હતાં. તે બધા આચાર્ય તુલસીજીના ભક્ત હતા. વિરાટનગરમાં સકળ જૈન સમાજે શ્રી જયંતમુનિનું ભવ્ય સ્વાગત કર્યું. તેઓ તેરાપંથીના મહાવીર ભવનમાં ઊતર્યા હતા. આ ભવનનું નિર્માણ ઘણું ભવ્ય હતું. વિરાટનગરમાં ત્રણથી ચાર દિવસ રોકાવાનો કાર્યક્રમ હતો, તેમાં એક દિવસ જાહેર પ્રવચન રાખ્યું હતું.

માઇક દ્વારા સમસ્ત વિરાટનગરમાં પ્રવચનનો જોરદાર પ્રચાર કરવામાં આવ્યો હતો. પ્રવચન સાંજે સાત વાગે ગોઠવ્યું હતું, તેમાં નેપાળના મોટા રાજકીય હોદ્દેદાર શ્રી રાણા અધ્યક્ષસ્થાને હતા. મુનિશ્રી પાટ પર પધાર્યા ત્યારે હૉલ હકડેઠઠ ભરાઈ ગયેલો હતો. રાણાસાહેબ પણ સમયસર પધાર્યા. તેમણે પ્રવચનમાં અહિંસા તથા સમભાવ પર પ્રકાશ નાખ્યો. વેદાંત અને જૈન ધર્મનો શું સંબંધ છે તેની બારીક છણાવટ કરતાં આધ્યાત્મિક તત્ત્વો ઉપર પ્રકાશ પાડ્યો. તેમણે બતાવ્યું કે વેદાંતકાળ સુધીમાં અહિંસાનો સારા પ્રમાણમાં ઉદય થઈ ગયો હતો. વેદમાં યજ્ઞ ઇત્યાદિ ક્રિયાઓમાં હિંસા જોવા મળે છે, જ્યારે વેદાંતમાં આત્મતત્ત્વનું અવલંબન લઈ શુદ્ધ સચ્ચિદાનંદની ઉપાસના માટે જે માર્ગ અપનાવ્યો છે તેમાં અહિંસાનાં દર્શન થાય છે. જૈન તત્ત્વદર્શન પણ સચ્ચિદાનંદની સાધના ઉપર જ અવલંબિત છે અને જૈનોનો માર્ગ શુદ્ધ અહિંસાથી ભરેલો છે. નેપાળમાં જૈન સંતોએ વર્ષો સુધી સાધના કરી છે તે વાતનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. રાણાને કહ્યું કે નેપાળીની પ્રજાએ પુનઃ જૈન ધર્મનો સમાદર કરી, જૈનોનો માર્ગ પ્રશસ્ત કરવો જોઈએ.

શ્રી જયંતમુનિનું પ્રવચન સાંભળી શ્રી રાણા ભાવવિભોર થઈ ગયા. તેમણે મુનિશ્રીનું હાર્દિક અભિવાદન કર્યું અને આશ્વાસન આપ્યું કે નેપાળમાં અહિંસાનો અભ્યુદય થાય તેમાં પૂરો સહયોગ આપવા કોશિશ કરશે. આ પ્રવચનથી ત્યાં હાજર રહેલા જૈન ભાઈઓને ખૂબ જ સંતોષ થયો હતો અને મારવાડી ભાઈઓ ગૌરવનો અનુભવ કરતા હતા.

વિરાટનગર પાસે શ્રીમાન ગોલછાજીની એક સ્ટીલની મોટી ફૅક્ટરી હતી. મુનિશ્રી આ ફૅક્ટરી જોવા માટે ગયા હતા. ઉલ્લાસજી ગોલછા વિરાટનગરમાં રહેતા હતા, જ્યારે ફૅક્ટરી ભારતમાં હતી.

**પુનઃ ભારતમાં પ્રવેશ :**

વિરાટનગરથી શ્રી જયંતમુનિ સિલિગુડી તરફ આગળ વધ્યા. નેપાળની જનતા પણ ખૂબ જ સંત ભક્ત છે, એટલે કોઈ પણ જગ્યાએ અનાદર, અભક્તિ કે કોઈ કડવા પ્રસંગનો અનુભવ થતો ન હતો. બધી જ જગ્યાએ સેવાભક્તિ અને આદરનાં દર્શન થતાં હતાં. વિહારમંડળીએ ખૂબ જ ઉત્સાહપૂર્વક યાત્રા કરી હતી. આ યાત્રામાં ભાઈ મથુર, ગોપાલ પંડિત, પ્રહ્‌લાદ નેપાળી તથા રામવિલાસનો પુત્ર, એમ ચાર માણસો સાથે હતા. તેમણે ખૂબ જ સારી સેવા બજાવી હતી.

શ્રી જયંતમુનિએ બિહારમાંથી નેપાળમાં પ્રવેશ કર્યો હતો, જ્યારે બંગાળ પાસે નેપાળની વિદાય લેવાની હતી. સીમા ઉપર ચેકિંગ પોસ્ટ હતી. શ્રી જયંતમુનિએ ચેકિંગ સિપાહીઓને રિક્ષા તપાસી લેવા માટે સામેથી કહ્યું, પરંતુ તે લોકોએ ભક્તિપૂર્વક પ્રણામ કરી ચેકિંગ કરવાની ના કહી. આ રીતે નેપાળની છેલ્લી વિદાય લઈ મુનિશ્રીએ નક્ષલબાડી પાસે બંગાળમાં પ્રવેશ કર્યો.

**ઐતિહાસિક નક્ષલબાડી :**

નક્ષલબાડીનું નામ સાંભળી શ્રી જયંતમુનિ ઉત્સુક થયા. તેમને નક્ષલબાડીની ચળવળ અને

તેનો ઇતિહાસ જાણવાની ઇચ્છા હતી. આ નક્ષલબાડી આખા વિશ્વમાં પ્રસિદ્ધ થઈ ગઈ છે. નક્ષલપંથ કે નક્ષલાઈટ લોકોના અભ્યુદયને નક્ષલબાડી સાથે સંબંધ છે. તેમના મનમાં હતું કે નક્ષલબાડીમાં એવી શું વિશેષતા છે કે ત્યાંથી નક્ષલવાદનો ઉદય થયો અને તેણે સમસ્ત બંગાળ તથા ભારતને હચમચાવી મૂક્યા. આજે પણ ઉગ્રવાદી લોકો નક્ષલાઇટ ગણાય છે.

તેઓ સાંજના સમયે નક્ષલબાડી પહોંચ્યા. તેમનો ઉતારો ત્યાંની હાઈસ્કૂલમાં થયો. અધ્યાપક લોકોએ ખૂબ આદર કર્યો તથા જૈન સાધુ વિશે જાણકારી મેળવી.

શ્રી જયંતમુનિએ અહીં એક દિવસ વધારે રોકાવાનો નિર્ણય કર્યો. બીજે દિવસે સ્કૂલમાં સાર્વજનિક પ્રવચન રાખ્યું. પ્રવચનમાં ખૂબ જ સારી સંખ્યામાં માણસોની હાજરી હતી.

પ્રવચન આપ્યા પછી તેઓ પૂરા ગામમાં ફર્યા. નક્ષલબાડી સાવ નાનું ગામ નથી અને મોટું શહેર પણ નથી. તેને સાધારણ ટાઉનશીપ ગણી શકાય તેવું છે. નક્ષલબાડીના માણસો ખૂબ ભદ્ર અને ભક્તિવાળા છે. અહીં કોમ્યુનિઝમનો કે નક્ષલવાદનો પ્રભાવ પણ બહુ જ ઓછો હતો.

અહીં જાણવા મળ્યું કે ૧૯૭૧ની આસપાસ ત્યાંના સ્થાનિક ખેડૂતોએ કોમ્યુનિસ્ટોના પ્રભાવ નીચે જમીનદારો સામે બળવો કર્યો હતો. ખેડૂતોની ચળવળને ઉગ્રવાદી કોમ્યુનિસ્ટોનો સાથ હતો. એ વખતે બંગાળમાં કોમ્યુનિસ્ટ સરકાર પ્રથમ વાર જ સત્તા ઉપર આવી હતી. કોમ્યુનિસ્ટોની વર્ષોથી કામદાર અને ખેડૂત તરફી નીતિ હોવાથી સરકારે આ બળવાખોરો સામે કોઈ પગલાં ન લીધાં અને ચળવળને પ્રોત્સાહન આપ્યું. બંગાળમાં કોમ્યુનિસ્ટ સરકાર નવી હતી એટલે સમગ્ર દેશનું ધ્યાન તેની કાર્યવાહી ઉપર હતું. એટલે જ્યારે આ ચળવળે હિંસક સ્વરૂપ ધારણ કર્યું અને તેને સરકારનો ટેકો હતો ત્યારે તેના સમાચાર આખા દેશમાં ઝબકી ગયા. આ ચળવળના નેતાઓ નક્ષલવાદી કહેવાયા. મૂળ જમીનદારો સામેની માંગ હતી, પણ પછીથી કામદારોની માંગના હિંસક અને ઉગ્રવાદી નેતાઓ પણ નક્ષલવાદી તરીકે આળખાવા લાગ્યા. આ રીતે દરેક ઉગ્રવાદીઓ નક્ષલપંથી તરીકે પ્રસિદ્ધ થયા.

આ રીતે નક્ષલબાડીનું નામ યોગાનુયોગ આગળ આવી ગયું છે. મૂળ નક્ષલબાડીમાં હાલ આ વાદનો કોઈ પ્રભાવ પણ ન હતો. સહજ ભાવે નક્ષલબાડી વિશ્વમાં પ્રસિદ્ધ થઈ ગઈ હતી.

બે દિવસનો નક્ષલબાડીનો પ્રેમ જીતીને શ્રી જયંતમુનિ આગળ વધ્યા.

તેમનું લક્ષ્ય સિલિગુડીથી દાર્જિલિંગનો સ્પર્શ કરી, કાલિંગપોંગ થઈ, આસામ તરફ જવાનું હતું. પરંતુ વિધિનું વિધાન જુદું હશે, તેથી મુનિશ્રી જયંતમુનિ સિલિગુડીથી વધારે આગળ વધી ન શક્યા.

**સિલિગુડી :**

બંગાળના ઉત્તર વિભાગમાં એકદમ છેડે સિલિગુડી આવેલું છે. સિલિગુડીમાં તેરાપંથી જૈન

સમાજનાં લગભગ સો ઘર છે. એ વખતના અખિલ ભારત જૈન મહામંડળના અધ્યક્ષ શ્રી પ્રતાપચંદ જૈન બોથરા સિલિગુડીના નિવાસી હતા. શ્રી જયંતમુનિ સાથે તેમનો પરિચય હતો, તેથી સિલિગુડીમાં તેમને ત્યાં ઊતરવાનું થયું. સિલિગુડીમાં તેમનું છ માળનું વિશાળ મકાન મુખ્ય માર્કેટમાં આવેલું છે. તે મકાનનો પહેલો માળ સાધુ-સંતોની સેવામાં અને સામાજિક કાર્યમાં વપરાતો હતો. તેઓ આગંતુક અતિથિઓની બહુ જ ઉત્તમ પ્રકારે સેવા બજાવતા હતા.

શ્રી પ્રતાપચંદજી મૂળ તેરાપંથી સંપ્રદાયના હતા, પણ તેઓ સાંપ્રદાયિકતાથી પર, ખૂબ જ વિશાળ હૃદયના વ્યક્તિ હતા અને આદર્શ જીવન જીવતા હતા. ચારે જૈન સમુદાયના સંમેલિત મહામંડળના અધ્યક્ષ થવું અને તે પદ પર સેવા આપવી તે ઘણો જ ગૌરવનો વિષય છે. શ્રી પ્રતાપચંદ્રજી આ રીતે ભાગ્યશાળી ગૌરવવંત ઉચ્ચકોટિના શ્રાવક હતા. સિલિગુડીમાં લગભગ પાંચ દિવસનો વિશ્રામ હતો.

**દાર્જિલિંગનો નિષ્ફળ પ્રયાસ :**

સિલિગુડી આવ્યા પછી ખબર મળ્યા કે ગિરીશચંદ્ર મુનિ અને બીજા સંતો મુનિશ્રીનાં દર્શન કરવા માટે કલકત્તા પધારવાના છે. કલકત્તાના કેટલાક ભાઈઓ આ બધા સમાચાર આપવા સિલિગુડી પહોંચ્યા હતા. એટલે શ્રી જયંતમુનિને ફરીથી કલકત્તા જવાના યોગ ઊભા થયા.

આ નવી પરિસ્થિતિમાં દાર્જિલિંગ અને આસામની વિહારયાત્રા અટકી જશે તેમ લાગતું હતું. છતાં તેમણે દાર્જિલિંગ સુધી જવાનો પ્રયાસ કર્યો.

દાર્જિલિંગનો આખો રસ્તો પર્વતના સીધા ચડાણવાળો છે. ત્યાં સાથે રિક્ષા ચાલી શકે તેમ ન હતું. પ્રતાપચંદ્રજીએ કહ્યું, “હું સ્વયં દાર્જિલિંગના રસ્તે ગાડી લઈને આવીશ. જો કોઈ કારણથી હું ન આવી શકું તો પણ ગાડી મોકલી આપીશ.” આ ઉપરાંત શ્રીમતી પુષ્પાદેવી જૈને પણ કહ્યું હતું કે તે દાર્જિલિંગના રસ્તે સાથ આપશે અને જીપગાડી લઈને આવશે. આ વિશ્વાસે તેઓ દાર્જિલિંગ તરફ આગળ વધ્યા. શરૂઆતમાં રોડ પાકો અને સુંદર હતો તેથી બે દિવસ સુધી તો ખૂબ જોર કરી રિક્ષાવાળા ભાઈઓએ પહાડમાં રિક્ષા ચલાવી. ત્યાર પછી તો રિક્ષા કોઈ પણ હિસાબે ચાલી શકે તેમ ન હતી. એક કે બે કલાકે પણ બે કિલોમીટર રસ્તો કપાય તેમ ન હતો. કોઈ કારણસર પ્રતાપચંદજીની કે પુષ્પાદેવી જૈનની ગાડી ન આવી. છેવટે મુનિશ્રીને દાર્જિલિંગ જવાનો વિચાર પડતો મૂકવો પડ્યો. તેમની સાથેના બધા માણસો દાર્જિલિંગ જવા ઇચ્છતા હતા એટલે મુનિશ્રી ત્યાં એક રેલવે સ્ટેશનમાં રોકાઈ ગયા અને સાથેના બધા માણસો ટ્રેનથી દાર્જિલિંગ ચાલ્યા ગયા.

સ્ટેશનમાં બે નેપાળી પરિવાર હતા. તેમણે બે દિવસ સુધી અપૂર્વ સેવા બજાવી. સાથીઓ પાછા આવ્યા પછી તેમણે પાછા ફરવાનો નિર્ણય કર્યો.

રસ્તામાં બધા સાથીઓ આગળપાછળ થઈ ગયા હતા. શ્રી જયંતમુનિએ ઠંડીના કારણે માથા

ઉપર એક જાડી ધાબળી વીંટેલી હતી. કોઈએ પૂછ્યું કે આમાં માથા પર ધાબળી કેમ લગાડી છે? તેમણે હસીને કહ્યું કે બરફ પડે તો રક્ષા થાય તે માટે. સાંજનો સમય હતો. ત્રણથી ચાર કિમી. ચાલવાનું હતું. ખરેખર, આકાશમાં અંધકાર છવાઈ ગયો અને છાંટા પડવા લાગ્યા. મુનિશ્રી એકલા જ હતા. થોડી વારે આકાશમાંથી કરા પડવાની શરૂઆત થઈ. કાઠિયાવાડના કરા કરતાં અંહીંના કરા બહુ જ મોટા હતા. ભાગ્યજોગે સામે બંધ પડેલી ગૌશાળાનું ઉજ્જડ મકાન હતું. જો બે મિનિટનો ફેર પડ્યો હતો તો રામ રમી જાય તેવું હતું.

ભયંકર ગર્જનાઓ સાથે બરફ પડવા લાગ્યો. શ્રી જયંતમુનિ બહુ જ ઉતાવળે એ ગૌશાળામાં પહોંચ્યા. ૨૦૦થી ૨૫૦ ગ્રામના મોટા બરફના પથરાઓ આકાશમાંથી વરસવા લાગ્યા. સાથીઓએ ક્યાં શરણું લીધું તેની કંઈ ખબર ન હતી. સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો. આવા સમયે આહાર-પાણી મળવાની સંભાવના ક્યાંથી હોય?

તેમની પાસે થોડું પાણી હતું. પરંતુ આહારની કલ્પના કરવી પણ વ્યર્થ હતી. પરંતુ ગૌશાળાના મકાનમાં પહોંચ્યા પછી તેમણે જાણ્યું કે કોઈ મોટી સ્કૂલના બાવીસ શિક્ષકો પિકનિક કરવા માટે આ જ મકાનમાં આવ્યા હતા. અંદરના વરંડામાં તેમની સાઇકલો પણ પડી હતી. તેઓ જવાની તૈયારીમાં હતા. તેઓ પણ બરફ પડવાના કારણે જ અટક્યા હતા. તેઓનું ખાવા-પીવાનું બધું પતી ગયું હતું. પરંતુ ભાગ્યજોગે તેમની પાસે એક લોટો દૂધ વધેલું હતું. બે અધ્યાપકો વગર પૂછ્યે સામેથી આવ્યા અને બોલ્યા, "બાબાજી, અમારી એક સમસ્યા છે. અમે બધાએ દૂધ પી લીધું છે. હજુ પણ એક લોટો દૂધ વધ્યું છે. કૃપા કરીને આપ આ દૂધનો સ્વીકાર કરો."

શ્રી જયંતમુનિ માટે તો ભાવતું હતું અને વૈદે ચીંધ્યું. આમ સૂર્ય આથમતી વખતે અચાનક સામેથી આહારનો સંયોગ ઉપસ્થિત થતાં તેમને તપસ્વીજી મહારાજની કૃપાનાં અપૂર્વ દર્શન થયાં. તેમણે પાત્રા ખોલ્યા અને સહર્ષ દૂધ સ્વીકારી લીધું. સહજ ભાવે નિર્દોષ દૂધ આહારમાં મળ્યું તે આરોગીને શ્રી જયંતમુનિએ શિક્ષકમંડળને આશીર્વાદ આપ્યા.

બરફ બંધ થતાં જ શિક્ષકો સડસડાટ ચાલ્યા ગયા અને આ ઉજ્જડ ધર્મશાળામાં અંધકાર છવાઈ ગયો. મુનિશ્રી જયંતમુનિ એક ઓટલા ઉપર બેસી 'અરિહંત શરણં'ના જાપ કરવા લાગ્યા. એક કલાક પછી ધીરે ધીરે સાથીઓ શોધતા શોધતા ગૌશાળા આવી પહોંચ્યા અને બધા રૂડા વાના થઈ ગયા. આવી માર્ગની દુર્ઘટનાઓમાં ખરેખર કોઈ રક્ષાત્મક તત્ત્વ હતું તેવો અનુભવ થઈ રહ્યો હતો.

ફરીથી સિલિગુડી ન જતાં તેમણે સીધો કલકત્તા તરફનો રસ્તો પકડવાનું નક્કી કર્યું. આમ દાર્જિલિંગની ક્ષેત્ર-સ્પર્શતા પણ લખી ન હતી. વળતાં સિલિગુડીથી આઠ કિલોમીટર દૂર કલકત્તાનો રસ્તો ફંટાયો.

❑



# ૩૪

## ગુરુ-શિષ્યનું મિલન

**અ**હીંથી છસો કિ.મી.નો વિહાર હતો. બાંગલાદેશ અને પશ્ચિમ બંગાળની બોર્ડર પર ચાલવાનું હતું. બબ્બે ચાર-ચાર કિલોમીટરના અંતરે પૂર્વ બંગાળનાં ક્ષેત્રો જોઈ શકાતાં હતાં. કિસનપુર, કૃષ્ણનગર, પલાશીનાં યુદ્ધક્ષેત્રો તથા મુર્શીદાબાદનાં ભાંગી પડેલાં રાજકીય મકાનો વગેરે ઐતિહાસિક સ્થળો તથા આજિમગંજ અને જિયાગંજનાં જૈન ક્ષેત્રોના ઐતિહાસિક મંદિરો આ રસ્તે આવતાં હતાં.

ચૈતન્ય ગૌરાંગ મહાપ્રભુની જન્મભૂમિ, નદિયા જિલ્લા તથા નવદ્વીપનાં ક્ષેત્રો પણ આ રસ્તામાં હતાં. આ ક્ષેત્રમાં ગુજરાતી ઘરો તો ફક્ત ચરોતરના પટેલ લોકોનાં જ જોવામાં આવે છે. તેઓનું બીડી-પાનનું કામ આ વિસ્તારમાં છે. ધૂલિયાના અને જંગીપુરમાં ગુજરાતી ભાઈઓ વસેલા છે.

સિલિગુડીથી કલકત્તાનો રસ્તો લગભગ બાંગલાદેશની સીમાને સમાંતર ચાલે છે. ઊંચા સ્થળેથી ભાગીરથીને પેલે પાર બાંગ્લાદેશના ખેતર જોઈ શકાય છે. કેટલીક જગ્યાએ નદીની વચ્ચોવચ બાંગલાદેશ અને ભારતની સીમા હોય છે. પરિણામે બંગાળની પૂર્વની સીમાનાં ગામોમાં લાખોની સંખ્યામાં મુસલમાનો વસી ગયા છે. ભારતનો આ અંતિમ છેડો આખો મુસ્લિમપ્રધાન બની ગયો છે. આ બધા મુસ્લિમ ભાઈઓ તેમના દેશ સાથે અવર-જવરનો પૂરો સંબંધ રાખે છે. તેને કોઈ પાસપૉર્ટની જરૂર રહેતી નથી. આના પરિણામે કેટલીક રાજકીય ક્ષતિ થવાનો પૂરો ભય રહે છે.

કેટલાંક ગામો તો પૂરેપૂરા મુસલમાન ભાઈઓની વસ્તીવાળાં હતાં. એટલે શ્રી જયંતમુનિને મુસ્લિમ ઘરોમાં ઊતરવાનું પણ બનતું હતું. તેમણે

જોયું કે મુસલમાન ઘરોમાં માનવીય વ્યવહાર સારો હતો અને મુસ્લિમો વિવેકવાળા અને સ્વભાવથી સારા હતા. પરંતુ મુસલમાનો અલ્લાતાલાને છોડી કોઈને નમસ્કાર કરતા નથી, પરંતુ 'સલામ આલેકુમ, વાલેકુ સલામ' કહીને સલામ કરવાનો તેમનો રિવાજ છે.

**મુસ્લિમ બાલિકાઓની ભક્તિ :**

એક નાનકડા ગામમાં એક રસપ્રદ જાણવા જેવી હકીકત બની. આખું ગામ મુસ્લિમ વસ્તીનું હતું. શ્રી જયંતમુનિ નાની એવી સ્કૂલોમાં ઊતર્યા હતા. સ્કૂલનાં બાલ-બાલિકાઓ તેમને ઘેરીને જોવા માટે ઊભાં હતાં. આઠથી દસ વર્ષની બે મુસ્લિમ નાની છોકરીઓ આગળ આવી. તેઓએ શ્રી જયંતમુનિને અંદર પધારવા વિનંતી કરી. બાલિકાની વાત સાંભળી તેઓ રૂમમાં ગયા. બાળાઓના કહેવાથી મુનિશ્રીએ બીજાં બાળકોને બહાર કાઢ્યાં.

રૂમ ખાલી થયો ત્યારે બંને દીકરીઓ બોલી, "बाबा, हम आपको वंदन करेंगे." પછી બન્ને બાલિકાઓએ તેમને હિન્દુ વિધિથી ભાવપૂર્વક પ્રણામ કર્યા અને ચરણરજ લીધી. દીકરીઓએ કહ્યું કે "बाबाजी, हम सब मुसलमान हैं । हमारे घरवाले साधु को नमस्कार करने की मना करते हैं." આ બધાંની સામે અમે નમસ્કાર કર્યા હોત તો ઘરમાં અમને માર પડત. તમને જોયા પછી અમને નમસ્કાર કરવાનું ખૂબ જ મન થયું હતું.

બંધુઓ, આ ઘટના કોઈ જન્મજન્માંતરનો સંબંધ બતાવે છે. આ જીવે કોઈ કારણથી મુસ્લિમ ઘરમાં જન્મ લીધો છે. પરંતુ એના જન્મજન્માંતરના સંસ્કાર જાગ્રત થયા છે. ભારતના કરોડો મુસલમાન ઘણી પેઢી પહેલાં લગભગ હિંદુ હતા. આ બાળકોના શરીરમાં હજુ પણ એ હિંદુનું લોહી જળવાઈ રહ્યું છે. તેના કારણે આ બાળકોમાં નમસ્કારની આવી પ્રબળ ભાવના જાગ્રત થઈ હતી. નહીંતર આ રીતે નમસ્કાર કરવા કેવી રીતે પ્રેરાઈ શકે! પૂરી ઘટના કેટલીક આશ્ચર્યજનક છે!

**ઉગ્ર વિહાર :**

સિલિગુડી મૂક્યા પછી વિહાર વધારે ઉગ્ર માત્રામાં થતો હતો. ભવાનીપુરમાં વરસીતપનાં પારણાં હતાં. આ વરસે કલકત્તામાં ઘણાં વરસીતપ હતાં એટલે શ્રી જયંતમુનિની નિશ્રામાં પારણાંની શ્રીસંઘની ભાવના હતી. તે માટે શ્રીસંઘનું ભાવભરી ભક્તિ સાથે ખૂબ જ દબાણ હતું. શ્રી જયંતમુનિએ છસો કિ.મી.ની આ લાંબી યાત્રા પચીસથી સત્તાવીસ દિવસમાં પરિપૂર્ણ કરી હતી. રોજના વીસ કિ.મી.નો વિહાર થતો હતો.

માર્ગમાં મહાવીર જયંતી ધૂલિયામાં ઊજવવામાં આવી હતી.. ત્યાં જૈનોનાં ઘણાં ઘર છે. બધાં જ દિગંબર છે અને તેમનું દેરાસર પણ છે, પરંતુ શ્વેતાંબર મુનિઓ સાથે કોઈ પ્રકારનો ભેદભાવ રાખતા નથી. બધા સુખી-સંપન્ન છે. તેઓએ ખૂબ જ આદરથી તેમનું સન્માન કર્યું. તેઓ ધૂલિયામાં બે દિવસ રોકાયા.

**ધનબાદના શ્રાવકો :**

વચ્ચે ફરકા બંધ પાસેથી રોડ પાર થાય છે. ફરકા પાર કર્યા પછી બહુ જ આનંદપૂર્વક યાત્રા થઈ રહી હતી. ત્યાં અચાનક એક મોટી કાર આવીને શ્રી જયંતમુનિ પાસે અટકી. તેમાંથી ધડાધડ શ્રાવક-શ્રાવિકાઓ ભાવપૂર્વક ઊતરી પડ્યાં. શ્રી જયંતમુનિની કલ્પના પણ ન હતી કે આવા વેરાન સ્થળમાં આપણાં ભાઈ-બહેનો જોવા મળશે. ધનબાદ સંઘનાં ભાઈ-બહેનો દર્શનાર્થે નીકળ્યાં હતાં. તેઓ આગલા દિવસથી ચારે તરફ શ્રી જયંતમુનિની ખોજ કરતાં હતાં. છેવટે નિરાશ થઈ તેઓ ધનબાદ પાછાં ફરી રહ્યાં હતાં. ત્યાં એકાએક મુનિશ્રીને જોઈને તેઓ ખૂબ જ ભાવવિભોર થઈ ગયા.

જેને શોધતા હતા તે અચાનક રોડ પર મળી જવાથી સૌને હર્ષ થયો હતો. અચાનક આવા ભાવિકો મળી જવાથી શ્રી જયંતમુનિને પણ એટલો જ હર્ષ થતો હતો. સૌ વિહારમાં સાથે ચાલ્યા. આગળના નાના ગામમાં ત્રણથી ચાર મારવાડી ઘરો હતાં. ત્યાં નાનું એવું જૈન મંદિર પણ હતું. મુનિશ્રીએ ત્યાં ઉતારો કર્યો અને પ્રવચન પણ આપ્યું.

ધનબાદના ભાઈઓએ આગામી ચાતુર્માસ માટે પ્રાર્થના કરી. તેઓ ચાતુર્માસની વિનંતી લઈને જ દર્શન કરવા માટે નીકળ્યા હતા. આટલી ભક્તિ જોયા પછી શ્રી જયંતમુનિએ આશ્વાસન આપ્યું કે અનુકૂળતા હશે તો ધનબાદમાં ચાતુર્માસ થશે.

પલાશીનું યુદ્ધક્ષેત્ર આ રસ્તામાં આવતું હતું. શ્રી જયંતમુનિ એક દિવસ ત્યાં રસ્તામાં રોકાઈ ગયા અને પલાશીનું રણમેદાન જોવા ગયા. પલાશીના યુદ્ધનું વર્ણન ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. યુદ્ધનાં કેટલાંક નિશાન હજુ પણ ત્યાં જોવા મળે છે. થોડી ભાંગી-તૂટી તોપો પણ પડેલી છે. આપણે માનસિક કલ્પના કરીએ ત્યારે ખ્યાલ આવે કે આ પલાશીના મેદાનમાં કેટલી ભયંકર લડાઈ થઈ હશે. અત્યારે ત્યાં લડાઈનું કોઈ સાક્ષી રહ્યું નથી. જૂનાં ઝાડવાંઓ પણ સુકાઈને ચાલ્યાં ગયાં છે.

આદિકાળથી માનવજાતિ આ બધાં યુદ્ધો ઝીલતી આવી છે અને તેમાં ઘણા નિર્દોષ માણસો મરણને શરણ થાય છે. લડનારાઓ લડે છે, જ્યારે ભોગવવું પડે છે સમસ્ત પ્રજાને. આટલી વૈજ્ઞાનિક ઉન્નતિ હોવા છતાં આ રાષ્ટ્રો લડાઈને રોકી શકતા નથી. તેમજ યુદ્ધ ન થાય તેવા વિશ્વ માટે કશું કરી શક્યા નથી. સંસાર ઉપર યુદ્ધનાં વાદળાંઓ રોજ ગરજતા હોય છે.

**શ્રી ચૈતન્ય મહાપ્રભુની કર્મભૂમિ :**

નદિયા જિલ્લો બંગાળના સુપ્રસિદ્ધ અવતારી પુરુષ શ્રી શ્રી ચૈતન્ય ગૌરાંગ મહાપ્રભુનું જીવનક્ષેત્ર છે. ગંગાને બન્ને કિનારે આવેલાં શાંતિપુર, નદિયા, રામપુર, નવદ્વીપ અને માયાપુરનાં ક્ષેત્રો ગૌરાંગ મહાપ્રભુના સંપ્રદાયનાં તીર્થસ્થાનો છે. હજારો માણસો પ્રતિવર્ષ આ તીર્થસ્થાનોમાં આવે છે. શાંતિપુરની ગાદી હજુ ચાલુ છે. ત્યાંના આચાર્યો તીર્થસ્વામી કહેવાય છે.

બંગાળ જેવા માંસાહારી પ્રદેશમાં ગૌરાંગ મહાપ્રભુએ અહિંસાની આલેખ જગાવી હતી અને લાખો નર-નારીઓને એકદમ ચુસ્ત શાકાહારી બનાવ્યાં હતાં. તેમના મુખ્ય ત્રણ મંત્ર હતા. (૧) નામે શ્રદ્ધા (૨) જીવદયા (૩) ઈશ્વરે અનુરાગ. જીવદયા તેમનો મુખ્ય સિદ્ધાંત હતો. ગૌરાંગ મહાપ્રભુના શિષ્યો તેમને અવતારી પુરુષ માની ભગવાન રૂપે પૂજે છે. 'હરે રામ, હરે કૃષ્ણ' તેમની મુખ્ય ધૂન હતી. આ ધૂનથી તેમના ભક્તો કલાકો સુધી ભજન-કીર્તન કરે છે. વર્તમાનમાં નદિયા જિલ્લામાં હજારો અમેરિકા અને યુરોપના માણસો 'હરે રામ હરે કૃષ્ણ' ધૂનથી રંગાયા છે. તેમણે વિશાળ આશ્રમનું નિર્માણ કર્યું છે. ધીરે ધીરે આ સંસ્થા વિશ્વવ્યાપી બની ગઈ છે. ગૌરાંગ મહાપ્રભુનાં આ દયામય ક્ષેત્રોમાં વિહાર કરતાં અદ્ભુત આનંદની અનુભૂતિ થતી હતી. શ્રી જયંતમુનિને લાગતું હતું કે જૈન સમાજે ગૌરાંગ પ્રભુના સંતો સાથે સાંકળ જોડી, અહિંસા ધર્મનો પ્રચાર કરવાની તક ઊભી કરવી જોઈએ. ગૌરાંગ મહાપ્રભુનું જીવન અને તેમના કડક આચારવિચાર જૈન સાધનાને અનુકૂળ છે.

ફાગણ સુદ પૂનમના શુભ દિને આ મહાપુરુષનો જન્મ થયો હતો. તેમની પત્નીનું નામ વિષ્ણુપ્રિયા હતું. બંગાળની તે અનુપમ સુંદરી હતી. ચૈતન્ય ગૌરાંગનું સાંસારિક નામ નિમાઈ હતું. તેમની લાખો-કરોડોની સંપત્તિ હતી. તેઓ કાંચન-કામિનીનો સદંતર ત્યાગ કરી ઉત્તમ કોટિના સંત બન્યા હતા.

નદિયાથી આગળ વધતાં શ્રી જયંતમુનિ કિસનપુરમાં રોકાયા. ત્યાં જૈનોની સારી એવી વસ્તી છે. ત્યાં એક જૈન મંદિર છે. ગુજરાતી પાટીદારો પણ છે.

**કૃષ્ણગરના મહાન શિલ્પી કે. સી. પાલ :**

કલકત્તા તરફ આગળ વધતાં બીજું સારું શહેર કૃષ્ણનગર આવે છે. કૃષ્ણનગર કલાકારોનું મોટું કેન્દ્ર છે. વીરાયતનમાં અત્યારે જે કલામંદિર છે તેમાં પણ કૃષ્ણનગરના કલાકારનો મુખ્ય હાથ છે. મહાન શિલ્પી કે. સી. પાલ કૃષ્ણનગરના વતની હતા. તેમના પુત્ર ગૌતમ પાલ પણ તેવા જ મોટા કલાકાર હતા.

શ્રી જયંતમુનિને તેમને બંગલે જ ઊતરવાનું થયું. તેમની શિલ્પશાળામાં પૂ. તપસ્વી જગજીવનજી મહારાજની મૂર્તિ જોતાં શ્રી જયંતમુનિને ઘણું જ આશ્ચર્ય થયું. ત્યારે ખબર પડી કે આ એ જ કે. સી. પાલ હતા કે જેમણે તપસ્વી મહારાજની મૂર્તિનું નિર્માણ કર્યું હતું. તેમણે ગાંધીજી, જમશેદજી ટાટા, અમેરિકાના રૂઝવેલ્ટ, નહેરુ, રાજેન્દ્રબાબુ ઇત્યાદિ મહાનુભાવોની મૂર્તિ બનાવી હતી. તેઓ આરસ, ત્રાંબા-પિત્તળ અને પથ્થર ઉપર શિલ્પનું નિર્માણ કરતા હતા.

પિતા-પુત્ર બન્નેએ ખૂબ જ ઉત્સાહપૂર્વક શ્રી જયંતમુનિનું સ્વાગત કર્યું. ભવાનીપુર કામાણી ભવનની બે બસમાં એક સો જેટલા દર્શનાર્થીઓ આવી ચડ્યા. કે. સી. પાલે સૌને હૃદયથી સત્કાર્યા.

પોતાના આગણે આવેલા ભક્તોને જોઈ તે ગદ્ગદ થઈ ગયા. તેમણે રસગુલ્લા અને ચમચમની મીઠાઈઓ પીરસીને સૌનું ભાવભીનું સ્વાગત કર્યું.

**વિહારમાં વિચિત્ર અનુભવ :**

કે. સી. પાલનો પ્રેમ સંપાદન કરી શ્રી જયંતમુનિ કૃષ્ણાનગરથી આગળ વધ્યા. હવે કલકત્તા નજીક આવી રહ્યું હતું. ધીરે ધીરે ભક્તોના સમૂહ-દર્શન કરવા આવવા લાગ્યા હતા.

હવે કલકત્તાથી ઘણા યુવકો વિહારમાં સાથ આપવા માટે આવી પહોંચ્યા હતા. તેમાં મનસુખલાલ રેવાશંકર મુખ્ય હતા. શ્રી નરોત્તમભાઈ માલાણી અને બીજા પણ ઘણા ભાઈઓ પદયાત્રામાં જોડાયા હતા. વરસીતપનાં પારણાં નજીક આવી રહ્યાં હતાં એટલે રોજના ૨૫થી ૪૦ કિ.મી. ચાલવાનું થતું હતું. કામાણી ભવન તરફથી સ્વાગતની જવાબદારી શ્રી મનસુખલાલ પ્રભુદાસ હેમાણી સંભાળી રહ્યા હતા અને સંથારા વખતે પ્રભુદાસભાઈએ બજાવેલી સેવાની યાદી આપતા હતા.

કલકત્તા સંઘના પ્રમુખ શ્રી ભોગીભાઈ ખારા ભક્તિભાવે સેવામાં સંયુક્ત હતા. વાતાવરણ ખૂબ જ મંગલમય બની ગયું હતું. ગરમીના દિવસો હોવાથી વિહારયાત્રા બહુ જ વહેલી સવારે આરંભ થતી હતી. ચારે વાગે સૌ ઊઠીને તૈયાર થઈ જતા હતા.

સવારના પ્રાતઃકાળે થોડું અંધારું હતું અને શ્રી જયંતમુનિ આગળ વધતા હતા. એવામાં છરા અને હથિયાર સાથે લૂંટમાર કરનારા કેટલાક બદમાશ યુવકો એકદમ આગળ આવ્યા અને રસ્તા પર શ્રી જયંતમુનિને ઘેરી વળ્યા અને પૂછવા લાગ્યા કે "आप के पास क्या है ?" બધાઓએ છરા કાઢ્યા અને ચારેતરફ Position લઈ ઊભા રહી ગયા.

શ્રી જયંતમુનિએ હસતાં હસતાં કહ્યુ, "मित्रो, हम साधु है और हमारे पास अपना शरीर और कपडा है, क्या आपको कुछ दरकार है?"

એક યુવક બોલ્યો "पैसा नहि है क्या?"

"पैसा होते ता हम गाडी में चढकर के नहि जाते?" મુનિશ્રીએ સામો સવાલ કર્યો.

"क्या पैदल ही चल कर जा रहे हैं?" યુવકોને આશ્ચર્ય થઈ રહ્યું હતું.

"देखिऐ ! आप स्वयं देख रहे हैं कि हम पैदल चल रहे हैं ।" મુનિશ્રી સાથે આટલો વાર્તાલાપ થતાં તેઓ ઢીલા પડ્યા.

આ વખતે એક શ્રાવકભાઈ સાથે હતા. તેમના ગાળમાં સોનાના ચેન, કાંડા ઉપર ઘડિયાળ અને બીજો થોડોઘણો સામાન હતો. શ્રી જયંતમુનિને ડર લાગ્યો કે એ ભાઈ સપાટે ન આવી જાય. તેઓ રોડને સામે કિનારે જઈ રહ્યા હતા. શ્રી જયંતમુનિએ પેલા લૂંટારા યુવકોને થોડા વાતના રંગમાં લીધા અને મીઠી વાતો કરી તેમને થોડા હસાવ્યા. એટલી વારમાં એ ભાઈ કિનારો પાર થઈ આગળ વધી ગયા. શ્રી જયંતમુનિએ "હાશ!"નો અનુભવ કર્યો.

શ્રી જયંતમુનિએ યુવકોને કહ્યું, "चलो, हम साथ में चलेंगे. बहुत अच्छे लगते हैं. आपका साथ मिलेगा तो हमारा रस्ता अच्छा कटेंगा ।" આ બધું સાંભળીને યુવકોને લાગ્યું કે આ તલમાં તેલ નીકળે તેમ નથી. "શિકાર ઠીક નહીં મિલા" એવું બબડતા બબડતા, પ્રણામ કરીને યુવકો વીખરાઈ ગયા. તેમને થયું કે આ તો લેવાના દેવા પડશે. સાથે ચાલવાથી તો બાબાને ખાવાનું દેવુ પડશે! સૌ હવામાં રફુચકર થઈ ગયા.

મુનિઓને આવા નાનામોટા અનુભવો રસ્તામાં થતા હોય છે. કડવા-મીઠા પ્રસંગો ઊભા થાય ત્યારે સમભાવ, શાંતિ અને કુનેહથી કામ કરવાનું હોય છે. શ્રી જયંતમુનિએ કહ્યું કે, "મહાવીર સ્વામીને પણ બદમાશોએ કૂવામાં લટકાવ્યા હતા. આપણા જેવા પંચમકાળના સાધુની શી વિસાત! આદિકાળથી સંતોને વિહારમાં પરિષહ આવ્યા છે. છતાં અત્યાર સુધી વિહારની ગંગા વહેતી રહી છે તે વીરકૃપાનું ફળ છે." ત્યારબાદ વરસાદ શરૂ થયો.

**ગુરુ–શિષ્યનું મિલન :**

કલકત્તાનાની નજીકના ટાઉનમાં શ્રી જયંતમુનિનું આગમન થતાં કલકત્તાથી સેંકડો નરનારી આવવા લાગ્યાં. એ બાજુમાં આર. કે. અવલાણીનું કારખાનું હતું. સમગ્ર અવલાણી પરિવાર સુખી-સંપન્ન છે અને સંતોની સેવામાં ખૂબ જ કાળજીપૂર્વક ભક્તિ રાખનાર અને ધર્મઉપાસના કરનાર પરિવાર છે. અવલાણી પરિવારમાં ધર્મનો રંગ ઘણો જ ઘાટો છે. પ્રાણપરિવાર પ્રત્યે તો તેઓ ખૂબ જ ઊંડા લાગણી ધરાવે છે. શ્રી જયંતમુનિને દાદાજીના બગીચે થઈ સીધું ભવાનીપુર જવાનું હતું.

સત્તાવીસ નંબર શ્રીસંઘનો શ્રી જયંતમુનિને સીધા મોટા ઉપાશ્રયે લઈ જવાનો હતો આગ્રહ હતો, જ્યારે વરસીતપનો મુખ્ય ઉત્સવ કામાણી ભવનમાં હતો. સૌ કાર્યકર્તાઓએ મળીને પ્રથમ કામાણી ભવનમાં પ્રવેશ કરવાનું નક્કી કર્યું. કામાણી ભવનના સભ્યો શ્રી નગીનભાઈ, છોટુભાઈ વગેરે કાળજીપૂર્વક બધી વ્યવસ્થા કરી રહ્યા હતા. તેમાં શ્રી મનસુખભાઈ હેમાણી મોખરે હતા.

આજે નેપાળયાત્રા સુખરૂપ સમાપ્ત થતાં અને પુનઃ સમાધિપૂર્વક કલકત્તા પહોંચી જવા માટે ૧૦૦૮ શ્રી શ્રી તપસ્વીજી જગજીવન મહારાજાની કૃપાનાં સાક્ષાત દર્શન થતાં હતાં. શ્રી ગિરીશચંદ્ર મુનિ શ્રી જયંતમુનિના શિષ્ય તરીકે કલકત્તામાં દીક્ષિત થયા હતા. ગુજરાતમાં અને ખાસ કરીને ગોંડલ સંપ્રદાયમાં ઉચ્ચ કોટિના એક સારા સંતની જરૂર હતી. તેથી પૂજ્ય તપસ્વી મહારાજની હાજરીમાં, તેમના આશીર્વાદ લઈ, થોડાં વર્ષ અભ્યાસ કર્યા પછી શ્રી ગિરીશચંદ્ર મહારાજ કાઠિયાવાડ અને ગુજરાતમાં પધારી ગયા હતા. તેમણે મુંબઈ તથા સૌરાષ્ટ્રમાં ધર્મનો ધ્વજ ફરકાવ્યો હતો. આજે તેમને વિદાય લીધાને બાવીસ-બાવીસ વરસનાં વહાણાં થઈ ગયાં હતાં.

ગુરુ-શિષ્ય વચ્ચે અવારનવાર પત્રોથી સંદેશની લેવડ-દેવડ થતી હતી, પરંતુ સાક્ષાત મિલનને બાવીસ વરસનો અંતરાય ઊભો થયો હતો. ગિરીશચંદ્ર મહારાજ મુંબઈથી કલકત્તા આવવા માટે વિહાર કરી ચૂક્યા હતા. જેમ જેમ કલકત્તા નજીક આવતું જતું હતું તેમ તેમ ગુરુ-શિષ્યનું મિલન પણ નજીક આવતું હતું. કલકત્તાના યુવકોમાં અને સમગ્ર સમાજમાં આ મિલન માટેનો અપૂર્વ ઉત્સાહ હતો. કલકત્તામાં ગિરીશચંદ્ર મહારાજની જે ભવ્ય દીક્ષા થઈ હતી તેનો નમૂનો મળવો મુશ્કેલ છે.

કલકત્તાની જનતાને ૨૭ વરસ પછી પણ ગિરીશચંદ્ર મહારાજની એ ભવ્ય દીક્ષાનું સ્મરણ તાજું હતું. કલકત્તા સ્થાનકવાસી જૈન સંઘના એક લાડીલા સંત તરીકે શ્રી ગિરીશચંદ્ર મહારાજનું સ્વાગત કરવા માટે સૌ તલપાપડ હતા. સૌના મનમાં ગુરુ શિષ્યના મિલનની ઊંડી આતુરતા હતી.

શ્રી જયંતમુનિ ભવાનીપુરનો બધો કાર્યક્રમ સંપાદન થયા પછી ૨૭ નંબર, પોલોક સ્ટ્રીટમાં પધારી ગયા હતા. ગિરીશચંદ્ર મહારાજના આગમન માટે ગલીએ ગલીએ તોરણ બંધાયાં હતાં. જૈન યુવક સમિતિના સભ્યોએ મોટાં પોસ્ટર છપાવી ચારે તરફ લગાવ્યાં હતાં. શુભાગમન માટે ગેટ ઊભા કરવામાં આવ્યા હતા. યુવક સમિતિએ પોલોક સ્ટ્રીટ અને ૨૭ નંબરના જૈન ભવનને શણગાર્યાં હતાં. શ્રી ગિરીશમુનિ હાવરા બ્રિજ પાર કરીને કલકત્તા નગરીમાં પ્રવેશ્યા. જ્યારે તેમણે કલકત્તામાં પદાર્પણ કર્યું ત્યારે હજારોની સંખ્યામાં જૈન સમાજ ઊભરાયો હતો. વાજતેગાજતે, ભગવાન મહાવીરના જયનાદ સાથે શ્રી ગિરીશચંદ્ર મુનિએ જ્યારે જૈન ઉપાશ્રયમાં પગ મૂક્યો અને ગુરુદેવને ભેટી પડ્યા ત્યારે સમગ્ર જૈન સંઘનાં ભાઈ-બહેનોની આંખો ભક્તિથી ભીંજાણી હતી.

❑



## ૩૫

# પેટરબારનો મહાન સેવાયજ્ઞ

જે ઉત્સાહ અને ઉત્સવના ભાવ સાથે જૈન સમાજનાં ભાઈ-બહેનો પોલોક સ્ટ્રીટના ઉપાશ્રયમાં ઊભરાઈ રહ્યાં હતાં તેનાથી વિશેષ થનગનાટથી ગુરુ-શિષ્યનાં હૃદયમાં પ્રેમ ઊભરાઈ રહ્યો હતો. બાવીશ વર્ષના લાંબા ગાળા પછી પિતા-પુત્રનું મિલન થતું હોય ત્યારે જેવા લાગણીઓનાં ઘોડાપૂર ઊછળતાં હોય છે તેવાં જ લાગણીઓના બંધ અહીં પણ તૂટી ગયા હતા. લાગણીની નદી બે કાંઠે વહી રહી હતી. જનસમુદાય પણ ગુરુ-શિષ્યની સાથે લાગણીમાં વહી રહ્યો હતો.

કલકત્તા સંઘના ભાઈઓના હૃદયપટમાં હજુ પણ સત્તાવીશ વર્ષ પહેલાંની હર્ષ અને ઉલ્લાસભરી દીક્ષાની યાદ એટલી જ તાજી હતી. તેમણે શ્રી જયંતમુનિને આ ચાતુર્માસનો લાભ કલકત્તાને આપવા વિનંતી કરી. તેમણે પોતાના નિવેદનમાં એ પણ ભાર મૂક્યો કે મુનિશ્રીના અને ગિરીશમુનિના એક સાથે ચાતુર્માસનો લાભ કલકત્તાને ફરી ક્યારે મળશે?

શ્રી જયંતમુનિજી ધનબાદના સંઘને ઝરિયા પાસે વચન આપી ચૂક્યા હતા એટલે કલકત્તામાં ચાતુર્માસનો કોઈ અવકાશ હતો નહીં. તે ઉપરાંત આંતરિક રીતે પણ તેમની મોટા શહેરમાં સ્થિરતા કરવાની કોઈ રુચિ હતી નહીં. બે વર્ષ પહેલાં કોયલ નદીમાં આવેલા પૂરમાં બેલચંપાનો આશ્રમ તણાઈ ગયા પછી તેમની માનવસેવાની પ્રવૃત્તિઓ ખોટવાઈ ગઈ હતી. બધી જ ગોઠવણ નવેસરથી કરવાની હતી. નદીના પૂરની સાથે કાર્યક્રમો પણ વીખરાઈ ગયા હતા. વિચારોને સ્પષ્ટ દિશા મળે અને નવા કાર્યક્રમને અમલમાં મૂકી શકાય તે માટે મન એકાંત ઝંખતું હતું. એટલા માટે જ

શ્રી જયંતમુનિ કોયલ નદીના પૂર પછી કલકત્તાથી સીધા લૂગુ પહાડમાં એકાંતસાધના કરવા ચાલ્યા ગયા હતા. ત્યાં પણ આંતરસ્ફુરણા એકાંત તરફ જ દોરી રહી હતી. એટલે મુનિશ્રી લૂગુ પહાડથી હિમાલયની ગોદમાં નેપાલ તરફ વિહાર કરી ગયા હતા. તેમને છોટા નાગપુરનો આદિવાસી વિસ્તાર ફરીથી ખેંચી રહ્યો હતો. બેલચંપામાં નેત્રયજ્ઞની જે ગંગા વહેતી થઈ હતી તેનો પ્રવાહ ચાલુ રાખવો હતો. શ્રી જયંતમુનિને ફરીથી બેલચંપા જવાના ભાવ હતા. તેમને છોટા નાગપુરમાં ફરી પ્રવૃત્તિ શરૂ કરવા માટે કલકત્તા કરતાં ધનબાદ વધારે યોગ્ય સ્થળ લાગતું હતું.

શ્રી જયંતમુનિએ ૧૯૮૦નું ચાતુર્માસ ગિરીશમુનિ સાથે ધનબાદમાં કર્યું. ત્યાં ગુલાબબાઈ મહાસતીજી ઠાણા ૩નો સાથ મળ્યો.

મુનિશ્રીએ સર્વપ્રથમ છોટા નાગપુરમાં નેત્રયજ્ઞથી શરૂઆત કરી. એ સમયે હજુ ઝારખંડનું સ્વતંત્ર અસ્તિત્વ થયું ન હતું. તે હજુ પણ બિહારના છોટા નાગપુર તરીકે ઓળખાતું હતું. જોકે સ્વતંત્ર ઝારખંડની માંગ શરૂ થઈ ગઈ હતી.

આદિવાસી વિસ્તારોમાં ફરીથી 'આઈ કૅમ્પ' થવા લાગ્યા. રામગઢના રાજુભાઈ જૈનનો ઘણો જ સહયોગ મળતો હતો. છતાં આ પ્રમાણે છૂટક આઈ કૅમ્પમાં ઘણી ત્રુટિઓ અને કઠણાઈઓ હતી. બે કૅમ્પની વચ્ચે ઘણો સમય આપવો પડતો હતો. આયોજનમાં પણ વધુ મહેનત અને ખર્ચ થતાં હતાં. સામાનની હેરવણી પણ કરવી પડતી હતી. તેથી પણ મોટી સમસ્યા ઉપકરણોને સાચવવાની હતી. બેલચંપામાં વિદ્યા-કેળવણી અને આરોગ્યને લગતી પ્રવૃત્તિઓ સારી રીતે ગોઠવાઈ ગઈ હતી, જે કોઈ કાયમી સ્થળ વગર સંભવ ન હતી. આ બધાં કારણોથી શ્રી જયંતમુનિ હવે કોઈ કાયમી સ્થળ મળી જાય તેવું ઇચ્છતા હતા.

શ્રી જયંતમુનિને હિંદુ વિશ્વ પરિષદ, વનવાસી પરિષદ અને વિદ્યાભારતી સંસ્થાઓ સાથે સારો પરિચય અને પ્રેમસંબંધ હતો. તેમનો આગ્રહ હતો કે મુનિશ્રી આદિવાસી વિસ્તારમાં પોતાની પ્રવૃત્તિને કેન્દ્રિત કરે. શ્રીમતી પુષ્પાદેવી જૈન અને ચાસ-બોકારોના પ્રાણલાલભાઈ મહેતા વગેરેનો પણ એવો જ અભિપ્રાય હતો કે આદિવાસીઓના પહાડી પ્રદેશમાં કાયમી કેન્દ્ર સ્થાપવું. આદિવાસી વિસ્તારમાં સાધન અને સગવડતા ઓછાં છે અને મદદની વધારે જરૂરત છે. આ બધા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને મુનિશ્રીએ ચાસ (બોકારો) અને રામગઢની વચ્ચેના વિસ્તારમાં યોગ્ય સ્થળ શોધવું શરૂ કર્યું.

રામગઢ પાસે ગોલા નામનું ગામ છે. જો તેની આસપાસ કોઈ સ્થળ મળે તો તેને પસંદગી આપવી તેમ નક્કી કર્યું. ગોલાથી આદિવાસીઓના અંદરના ગામ સાથે સહેલાઈથી સંપર્ક થઈ શકે તેમ હતું. તેમજ ગોલાથી રાંચી અને બોકારો બંને સમાન દૂર હોવાથી વ્યવસ્થા, પ્રબંધ અને સંચાલનમાં પણ અનુકૂળતા રહે. આ બધી વિચારણાને અંતે બેરમોના ઉત્સાહી કાર્યકર્તા રાજુભાઈ (હરીશભાઈ) દોશીને ક્ષેત્રની બધી તપાસનું કામ સોંપ્યું.

રાજુભાઈ ગોલાથી પેટરબાર ગયા હતા. પેટરબારમાં થોડા મારવાડી ઓશવાળ દિગંબર ભાઈઓનાં ઘર છે. તેમની સાથે વાતચીત થતાં તેમણે ઘણો જ ઉત્સાહ બતાવ્યો. જો કોઈ જૈન મુનિ પેટરબારમાં આંખની હૉસ્પિટલ શરૂ કરે તો તેમના તરફથી પૂરો સહયોગ આપવાની તેમણે તત્પરતા બતાવી. તેમણે અંદરોઅંદર આ વિષયમાં ચર્ચા-વિચારણા પણ કરી. પેટરબાર જેવાં નાનાં સ્થળે કોઈ જૈન સાધુના નિમિત્તથી જૈન સંસ્થાનો અભ્યુદય થાય તેવો તેમણે ક્યારેય પણ વિચાર કર્યો ન હતો.

એ વખતે શ્રી જયંતમુનિ લૂગુ પહાડ પાસે સાડમ ગામમાં બિરાજમાન હતા. પેટરબારથી શ્રી ફૂલચંદ જૈન, શ્રી સાગરમલ જૈન, શ્રી જ્ઞાનચંદજી જૈન, શિખરચંદ જૈન, નાગરબાબુ વગેરે ભાઈઓ મુનિજીને મળવા સાડમ પહોંચ્યા. તેમની ભક્તિ અને ઉત્સાહ જોઈને મુનિશ્રીને પણ પેટરબારનું નિરીક્ષણ કરવાનું યોગ્ય લાગ્યું.

પેટરબારના ભાઈઓનો ઉત્સાહ કાયમ ટકી રહે તે જરૂરનું હતું. પ્રારંભિક ઉભરો શમી ગયા પછી યોજનાઓ ખોરંભે ચડી જવાનો ભય હોય છે. મુનિશ્રીએ સર્વ પ્રથમ પેટરબારમાં એક આઈ કૅમ્પનું આયોજન કર્યું. ત્યાંના યુવકોએ ઘણા જ ઉત્સાહ સાથે કૅમ્પમાં કામ કર્યું. તેમની સેવાથી મુનિશ્રીને પણ સંતોષ થયો. આ રીતે પેટરબારમાં કાયમી કેન્દ્રની શક્યતાઓ ઊજળી થઈ.

પેટરબારના અજૈન મારવાડી શ્રી રામચંદ્ર અગ્રવાલ આઈ કૅમ્પથી ઘણા જ પ્રભાવિત થયા. તેમની પાસે પેટરબારમાં તેનુઘાટ રોડ ઉપર જમીન હતી તે હૉસ્પિટલ માટે તત્કાલ અર્પણ કરી. જરૂર પડે તો વધારાની સહાયની પણ ખાતરી આપી. આ રીતે પેટરબારમાં શુભ શરૂઆત થઈ. શ્રી જયંતમુનિના પ્રયાસ અને પ્રેરણાથી ત્યાંના સ્થાનિક આદિવાસી પરિવારના ધનીરામ વેદિયાના પુત્રોએ પણ જમીન દાનમાં આપી. છત્રુરામ મહતોએ વધારાની જમીન ખરીદવામાં, જમીનની આંકણી અને નોંધણી વગેરેમાં ઘણી મદદ કરી.

પ્રારંભિક ઔપચારિકતા પૂરી થયા બાદ હજારીબાગ જિલ્લાના કમિશ્નર શ્રી અભિમન્યુ સિંગને હાથે શિલાન્યાસ વિધિ સંપન્ન કરી. શ્રી અભિમન્યુ સિંગ ઘણા જ ઉદાર દિલના અધિકારી હતા અને સહયોગ આપવામાં તત્પર હતા. તે જ રીતે રાંચીના પ્રસિદ્ધ આર્કિટેક્ટ શ્રી ચડ્ઢાએ નિઃશુલ્ક ભાવે નકશા બનાવીને પાસ કરાવ્યા.

શ્રી જયંતમુનિએ ૧૯૮૧ અને ૧૯૮૨ના ચાતુર્માસ પેટરબારમાં કર્યા અને આંખની હૉસ્પિટલનો સંગીન પાયો નાખ્યો. તેને 'પૂજ્ય તપસ્વી જગજીવનજી મહારાજ ચક્ષુ ચિકિત્સાલય' નામ આપ્યું. અદ્યતન સાધનો અને કુશળ ડૉક્ટરોની મદદથી આંખની હૉસ્પિટલ આસપાસનાં ગામડાંઓ માટે આશીર્વાદરૂપ બની છે.

હવે પેટરબારના કામે ઝડપ પકડી. શ્રીમતી પુષ્પાદેવી જૈને બધો જ પ્રારંભિક ખર્ચ ઉપાડી

તપસ્વી શ્રી જગજીવનજી મહારાજ ચક્ષુ ચિકિત્સાલય, પેટરબારનું તપોવન





ગ્રામીણ જનતા માટે સંપ, સુલેહ અને સમાધાનનું ત્રિવેણી સૂત્ર





સેવાનો દૃઢ સંકલ્પ



ઊંડા અંધારેથી પરમ તેજે તું લઈ જા.








પંગું લંઘયતે ગિરિમ્



ઉત્તમ ઉપચારના ઉપકરણ





ગ્રામીણને ગૌદાન : શાકાહારી જીવનનો સથવારો



પૂજ્ય તપસ્વીજી જગજીવનજી મહારાજ ચક્ષુ ચિકિત્સાલય, પેટરબારના રજતજયંતિ ઉપલક્ષે વિવિધ પ્રકાશનના વિમોચન પ્રસંગે શ્રી જયવંતભાઇ ઘેલાણી, શ્રી પ્રવિણભાઇ પારેખ, શ્રી ગુણવંતભાઇ બરવાળિયા વગેરે



***શ્રમણ-શ્રમણીઓને સથવારે***
*(પૂ. સાધ્વી દર્શનાબાઇ, પૂ. સાધ્વી સ્વાતિબાઇ,*
*પૂ. સુશાંત મુનિ અને પૂ. ગિરીશમુનિ).*



શ્રીલલિત મંડળના શ્રાવિકા બહેનો :
શ્રીમતી મંજુલાબહેન ઘેલાણી, શ્રીમતી કંચનબહેન શાહ, શ્રીમતી લીલાવતીબહેન દોશી વગેરે



સંઘર્ષ અને સમર્પણની કથાને અક્ષરદેહ (હર્ષદ દોશી સાથે વિચાર-વિનિમય)

લેવાનું વચન આપ્યું. બોકારોથી પ્રાણલાલભાઈ મહેતા તન, મન અને ધનથી હૉસ્પિટલ ઊભી કરવાના કામમાં જોડાઈ ગયા. જમશેદપુર નિવાસી શ્રી પ્રફુલભાઈ કામાણી દર્શનાર્થે આવ્યા હતા. પેટરબારની યોજના તેમને પસંદ આવી અને સારી એવી દાનરાશિ અર્પણ કરી. બોકારોના શ્રી પ્રવીણભાઈ ઘેલાણી અને કલકત્તાના શ્રી છબીલભાઈ શાહ અને પરિવારે પણ નોંધનીય સહયોગ આપ્યો. પૂજ્ય તપસ્વીજી મહારાજની સ્મૃતિમાં "પૂજ્ય તપસ્વી જગજીવનજી મહારાજ સાહેબ ટ્રસ્ટ'ની સ્થાપના કરી. તેમની કૃપાથી બધા જ સંયોગો અનુકૂળ થતા ગયા અને સંસ્થાએ વિરાટ પ્રગતિ કરી છે.

આ લાંબા ગાળામાં પૂર્વ ભારતનાં તેમજ ભારતનાં અન્ય સ્થળોએથી અને વિદેશના ઉદાર ભાઈ-બહેનોના સહયોગથી માનવસેવાની પ્રવૃત્તિઓમાં વધારો થયો છે. શ્રી વિનયચંદ્ર છબીલભાઈ શાહ તરફથી વિક્કી ધ્યાન કક્ષના નિર્માણમાં સારું યોગદાન મળ્યું છે. બોકારોના શ્રી ધર્મેન્દ્ર જૈન ઉત્તમ સેવા કરી રહ્યા છે. તેમના પિતાશ્રીએ ૫૦ વર્ષ પહેલાં કોડરમા-ઝૂમરી તિલૈયામાં સ્નેહસંબંધ સ્થાપ્યો હતો તે ત્રણ પેઢીએ જાળવી રાખ્યો છે અને ઉત્કૃષ્ટ ભાવે માનવસેવાનાં કાર્યોમાં સહયોગ આપે છે. બેરમોના રાજુભાઈનો સાથ પેટરબારની સ્થાપનાથી જ મળતો રહ્યો છે.

પૂજ્ય દર્શનાબાઈ અને સ્વાતિબાઈ મહાસતીજીઓ છેલ્લાં ઘણાં વર્ષોથી પેટરબારમાં સેવા આપી રહ્યાં છે. તેમણે હૉસ્પિટલની અનેક જવાબદારીઓ સંભાળી લીધી છે અને શ્રી જયંતમુનિને બીજી માનવસેવાની પ્રવૃત્તિઓમાં સતત મદદરૂપ થાય છે. બંને મહાસતીજીઓની ઉપસ્થિતિથી સ્વાધ્યાય અને પ્રાર્થનામાં પણ મદદ મળે છે. શ્રી જયંતમુનિના માર્ગદર્શન નીચે તેઓ પૂર્વ ભારતનાં અનેક ક્ષેત્રોમાં ધર્મલાભ આપે છે.

સાધનોથી સુસજ્જ હોવાથી હૉસ્પિટલમાં આઈ બૅંક, દંત-ચિકિત્સા, જનરલ ચેક અપ, ઈ. એન ટી. સારવાર વગેરે સુચારુરૂપે ચાલે છે. વિકલાંગોને ટ્રાઇસિકલનું વિતરણ, બાલ ભોજન, અન્ન અને વસ્ત્ર-વિતરણ વગેરે અન્ય નિયમિત પ્રવૃત્તિઓ છે. ગામડાના માણસોને રોજી-રોટી મળે અને સ્વાવલંબી બને તે માટે ગોદાનની યોજના ઘણી સફળ થઈ છે. આ યોજના અંતર્ગત ગરીબ પરિવારને એક સારી દૂઝતી ગાય દાનમાં આપવામાં આવે છે. ગોપાલનથી તેમને આવક થાય છે અને પગભર થાય છે. જે પરિવારને ગૌદાન કરવામાં આવે છે તેણે માંસાહાર છોડી શાકાહાર સ્વીકારવો ફરજિયાત છે. ગાય મળતા તેમની આવકમાં વધારો થાય છે અને તે પરિવાર સહેલાઈથી શાકાહાર અપનાવી શકે છે.

શ્રી જયંતમુનિના માર્ગદર્શન નીચે સંસ્થાએ આજ ગર્વ અને સંતોષ સાથે ૨૫ વર્ષ પૂરાં કર્યાં છે.

**સંપ, સુલેહ અને સમાધાન :**

શ્રી જયંતમુનિએ પેટરબારને કેંદ્રમાં રાખી આદિવાસીઓના ઉત્થાનનાં કાર્યોને વેગ આપ્યો.

હવે દૂર ગામડાંઓમાં આઈ કૅમ્પ કરવાની જરૂર ન રહી. મુનિશ્રી વર્ષમાં બે વાર આસપાસનાં ગામડાંઓમાં પદવિહાર કરીને વિચરણ કરે છે. મુનિશ્રી આજ પણ પદવિહારને ઘણું મહત્ત્વ આપે છે, પગપાળા વિહારથી ગામડાના માણસો ઉપર સારો પ્રભાવ પડે છે. તેમની સાથે વધુ નજીકથી પરિચય થાય છે, તેમની સમસ્યાઓ અને પ્રશ્નો સમજી શકાય છે અને તેમને સાચું માર્ગદર્શન પણ આપી શકાય છે. શાકાહાર, નશાબંધી, શિક્ષા અને કેળવણીનો અમલ ગામડાની પ્રજા સાથે સીધો સંપર્ક હોય તો જ કરી શકાય છે. ગ્રામીણ જનતા ઉપર ભાષણની કોઈ અસર થતી નથી.

શ્રી જયંતમુનિ તેમના બહોળા અનુભવથી એ નિર્ણય ઉપર આવ્યા હતા કે જે પ્રજા કે સમાજ જેટલા પ્રમાણમાં ગરીબ અને અભણ, તેટલા પ્રમાણમાં તેમનામાં ઝઘડા અને કંકાસ વધુ જોવા મળે છે. આદિવાસીઓમાં અંદરોઅંદરના ક્લેશ, દારૂની લત અને આળસ મોટાં દૂષણ હતાં. તેમની આર્થિક સ્થિતિ નબળી હતી, ભણતર બરાબર ન હતું અને વિકાસ માટે કોઈ નક્કર દિશા હતી નહીં. એટલે મુનિશ્રીએ આદિવાસીઓ માટે સ્વાસ્થ્યની સગવડ, શિક્ષા-કેળવણી અને સામાજિક જાગૃતિનો ત્રિ-તરફી વ્યૂહ અમલમાં મૂક્યો.

આંખ વગરનો અંધ માણસ જેમ ગોથાં ખાય છે તેમ પ્રજ્ઞાથી અંધ માણસ પણ સંસારમાં ગોથાં ખાય છે. એટલે ચર્મચક્ષુ જેટલા ઉપયોગી છે તેટલા જ પ્રજ્ઞાચક્ષુ આવશ્યક છે. એટલે આંખની હૉસ્પિટલની સાથે સાથે મુનિશ્રીએ આદિવાસીઓનાં શિક્ષણ અને સામાજિક માર્ગદર્શન માટે પ્રયાસો કર્યા. નેત્રજ્યોતિની સાથે જ્ઞાનજ્યોતિના કાર્યક્રમને વેગ આપવા માટે તેમણે પેટરબારમાં જ "શ્રી જગજીવનજી મહારાજ જ્યોતિ શિશુ વિદ્યામંદિર"ની સ્થાપના કરી. અહીં ૬૦૦ વિદ્યાર્થીઓને ભારતીય પરંપરા જાળવીને આધુનિક શિક્ષણ આપવામાં આવે છે. ઉત્તમ શિક્ષણ, ઉત્તમ શિક્ષક અને ઉત્તન સંસ્કાર મળે તે માટે શાળાનો વહીવટ 'વિદ્યાભારતી'ને સોંપ્યો છે. બોકારો અને રાજગિરમાં પણ આધુનિક શાળાઓનું નિર્માણ કર્યું છે. આસપાસનાં અનેક ગામડાંઓમાં 'એકલ' સ્કૂલને મદદ કરે છે. એકલ સ્કૂલ સરકારી મદદ વગર ઊભી કરવામાં આવી છે. જે ગામમાં એક પણ ભણેલી વ્યક્તિ હોય તેને ગામનાં બાળકોને ભણાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. તે પોતાના વ્યવસાયમાંથી સમય કાઢીને બાળકોને અભ્યાસ કરાવે છે. તેને થોડું મહેનતાણું પણ આપવામાં આવે છે. આ રીતે જે બાળકો તદ્દન અભણ રહેવાનાં હતાં તેને થોડું પ્રાથમિક શિક્ષણ મળે છે. એક જ શિક્ષક હોવાથી તે એકલ સ્કૂલ કહેવાય છે. સરકારી કહેવાતી શાળાઓ કરતાં આ એકલ સ્કૂલનું પરિણામ વધારે સારું આવે છે.

ગામડાંઓ સાથેના તેમનાં સંપર્કને કારણે મુનિશ્રી આદિવાસીઓમાં ઘણા આદરણીય છે. આસપાસના ૧૫૦ કિલોમીટરમાં તેઓ દરેકના પૂજનીય છે. સાચી સલાહ અને નિષ્પક્ષ વલણને

કારણે આદિવાસીઓને તેમના ઉપર વિશ્વાસ છે અને પોતાની સમસ્યાઓના ઉકેલ માટે તેમની પાસે સલાહ લેવા જાય છે. મુનિશ્રીએ આદિવાસીઓમાં સંપ, સુલેહ અને સમાધાનના ત્રિવેણી સૂત્રથી સદ્ભાવનું વાતાવરણ સર્જ્યું છે.

શ્રી જયંતમુનિને તેમની કેળવણી અને આંખની હૉસ્પિટલને કારણે તેમના ભક્તો  ગુરુદેવ અને "નેત્ર જ્યોતિપ્રદાતા" કહીને સન્માન આપે છે. પણ આસપાસના લાખો આદિવાસીઓ તો તેમને "બાબા" કહીને જ આદર આપે છે.

❑



૩૬

# સાર્થક જીવનની સુરભિ

**મા**ર્ચ ૨૦૦૫માં 'પૂજ્ય તપસ્વી જગજીવનજી મહારાજ ચક્ષુ ચિકિત્સાલય'ની રજત જયંતી ઊજવી હતી. સાવરકુંડલાથી વિહાર કર્યાને ૫૮ વર્ષનો પ્રલંબ કાળ વીતી ગયો છે. મુનિશ્રી ૬૩ વર્ષથી જૈન શ્રમણ સાધુજીવનમાં રત્નત્રયીની આરાધના કરી રહ્યા છે. તેમણે અડધી સદીથી પણ વધુ સમય આદિવાસીઓની વચ્ચે વિતાવ્યો છે.

તેમણે અનેક ક્ષેત્રમાં પહેલ કરી છે. ૧૯૪૮માં સૌરાષ્ટ્રની ધરતીને નમન કરીને કાશી તરફ વિહાર કર્યો એ ક્રાંતિકારી નિર્ણય હતો. કોઈ જૈન સાધુ ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી કાશી સુધી અભ્યાસ કરવા ગયા હોય તેવું કોઈને યાદ નથી. જૈન સાધુની આચારસંહિતાનું પૂરું પાલન કરીને માનવસેવાના કાર્ય કરનાર તેઓ પહેલા જૈન સાધુ છે. તેમણે પહેલ કર્યા પછી અનેક સાધુ-સંતો સામાજિક કાર્યમાં રસ લઈ રહ્યા છે. છતાં સક્રિય રીતે સેવામાં પરોવાયેલા જૈન સાધુઓની સંખ્યા આજ પણ ઘણી ઓછી છે.

તેમણે જૈન દર્શનની સાથે વૈદિક અને બૌદ્ધ દર્શનનો ઊંડો અભ્યાસ કર્યો છે. સાથેસાથે તેમના ચિંતનની ધારા પણ અખંડ વહેતી રહી છે. તેમના અલ્પ સંપર્કમાં આવનારને પણ તેમના અગાધ જ્ઞાન અને મૌલિક ચિંતનનો પરિચય મળી જાય છે. મુનિશ્રી કહે છે કે, "સેવાની ભાવના એ જ્ઞાનરૂપી વૃક્ષનું ફળ છે. જ્ઞાન જ્યારે પરિપક્વ થાય છે ત્યારે તે ચારિત્રમાં પરિણમે છે. ચારિત્ર સ્વકેંદ્રી મટીને વ્યાપક સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે સેવારૂપે પ્રગટે છે. સેવા એ કોઈ બાહ્ય આચાર નથી પણ કરુણામાંથી *ઉદ્ભવતી આંતરસ્ફુરણા છે."*

આજના યુવાનો માટે મુનિશ્રીનો ખાસ સંદેશ છે. તેઓ વધુને વધુ સંખ્યામાં માનવસેવાનાં કાર્યોમાં જોડાય એવી તેમની ભાવના છે. આપણે ત્યાં દાનની પરંપરા છે, પરંતુ સક્રિય રીતે સેવામાં જોડાવાની પરંપરા આપણે હજુ સ્થાપી નથી. ૪૦ વર્ષ પહેલાંનું દૃશ્ય હજુ તેમની આંખો સામે તરવરે છે. પોતાનું ઘર, આરામ અને સુખ-સગવડતા છોડી, સામેથી અગવડતા વેઠી, ખ્રિસ્તીબાઈ એકલી જંગલમાં નીકળી પડી હતી એ દૃશ્ય તેઓ ભૂલી નથી શકતા. આપણા સમાજના યુવકો જ્યારે આ રીતે નીકળી પડશે ત્યારે જ ભારતીય સંસ્કૃતિ અને પરંપરા સુરક્ષિત રહેશે.

શ્રી જયંતમુનિ દૃઢતાથી માને છે કે જ્ઞાન એ દીપકની જ્યોત છે. સેવા અને સમર્પણના દિવેલ વગર જ્ઞાનનો દીપક ગરીબના જીવનને ઉજાગર ન કરી શકે. ચક્ષુહીન અને જ્ઞાનહીન એમ બન્નેનાં જીવનમાં પ્રકાશ પાથરવો એ તેમના જીવનનો હેતુ છે.

તેઓ માને છે કે ત્યાગી જીવન ઉત્તમ છે. પરંતુ જ્યાં સુધી તેમાં માનવસેવાનું મિશન ન જોડાય ત્યાં સુધી તે વ્યક્તિગત સાધના બની રહે છે. સામાજિક દૃષ્ટિએ જનતાને જે ફળ મળવું જોઈએ તેનાથી તેઓ વંચિત રહી જાય છે. પ્રકૃતિમાં દરેક પદાર્થ પોતાના ગુણોનો પ્રસાર કરે છે. પાણી શીતળતા આપે છે. વૃક્ષ ફળ આપીને જીવન સાર્થક કરે છે. ફૂલ સુગંધ ફેલાવે છે. વ્યક્તિ નિસ્પૃહી બનીને ત્યાગી જીવન સ્વીકાર્યા પછી દીન-દુઃખીઓનાં કષ્ટને ધ્યાનમાં ન લે તો તેનું ત્યાગી જીવન બંધ ખજાના જેવું છે. તેની સુગંધ ફેલાતી નથી.

શ્રી જયંતમુનિ દર વર્ષે ચાતુર્માસના આરંભમાં અને અંતે ગામડાંઓમાં પદયાત્રા કરે છે. ગ્રામીણ ક્ષેત્રોમાં વિહાર કરવાથી ત્યાંની પરિસ્થિતિનું સાચું જ્ઞાન મળે છે. તેમણે જે સેવા કરી છે તેની શુભ પ્રતિક્રિયા ગ્રામીણ જનતાના સમાગમમાં જોઈ શકાય છે. તેઓ કહે છે કે, "આમ જનતાના હૃદયમાં જ્યારે ભક્તિનો ઊભરો ઉદ્‌ભવતો દેખાય છે ત્યારે જીવનની સાર્થકતા જણાય છે. આ જીવનની સુરભિ ખૂણે ખૂણે વ્યાપ્ત થઈ રહી છે. આ સુરભિ એટલે ત્યાગી જીવનનો અને જનતાનો સંતોષ. ઘરનો ત્યાગ કર્યો છે તે વ્યક્તિગત સાધના ઉપરાંત કોઈ બીજા જ અલૌકિક આનંદનો અનુભવ લેવા માટે. આ આનંદ એટલે સંત તુલસીદાસના શબ્દોમાં 'સીયારામમય સબ જગ જાની'. સમગ્ર નરનારીઓમાં સીયારામનાં દર્શન કરવાં અને તેમને શાંતિ ઉપજાવવી તે ત્યાગી જીવનનું સાર્થક્ય છે. જૈન ભાષામાં કહીએ તો 'પ્રાણી માત્રમાં અરિહંતનાં દર્શન કરવાં તે જ સમ્યગ દર્શન છે.' શ્રીમદ્ રાજચંદ્રે પણ એ જ કહ્યું છે, 'સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો.' એ જ જ્ઞાની અને ત્યાગી જીવનની સૌરભ છે.

"પરંતુ આ વચનો બોલીને અટકી જવા માત્રથી જીવન સાર્થક થતું નથી. જ્યાં સુધી આ પંક્તિઓને ચરિતાર્થ ન કરવામાં આવે ત્યા સુધી એ પંક્તિઓની સૌરભ મળતી નથી. સાર્થક જીવનની એક માત્ર સૌરભ છે કે સમાજમાં, જનજનમાં, ઘટઘટમાં પ્રભુતાનો પ્રકાશ થાય અને તે સ્વયં જરૂરી સેવા મેળવે અને અન્યની સેવા કરે."

શ્રી જયંતમુનિની કથા ફક્ત તેમના જીવનની કથા નથી. ફક્ત કોઈ સંઘર્ષની કથા નથી. આ કથા એક જૈન સાધુએ પોતાના ત્યાગ અને સમર્પણથી રચેલા નવા ઇતિહાસનું સર્જન છે. આપણા બધાની ગૌરવગાથા છે. શ્રી જયંતમુનિએ આપણી સંસ્કૃતિ અને પરંપરાના પ્રાણ ધબકતા રાખ્યા છે. તેમણે સંસ્કારનું સિંચન કર્યું છે.

તેમણે અનેક પરિષહો અને મુશ્કેલીઓનો સામનો કરીને પોતાની કેડી પોતાના હાથે જ કંડારી છે. આવતી પેઢી માટે તેમણે રસ્તો સરળ કરી આપ્યો છે. તેમણે ચીંધ્યા રાહ ઉપર ચાલીને જીવનના પડકારને સ્વીકારવો એ જ આપણી તેમના પ્રત્યેના પ્રેમ અને આદરની નિશાની છે.

તેમણે પોતાના જીવનમાં માનવતાનાં જે ફૂલ ખીલવ્યાં છે તેની સૌરભ દશે દિશાઓમાં પ્રસરે અને જૈન શાસનનો ધ્વજ સદા ઊંચો ફરકતો રહે એ જ અભ્યર્થના છે.

પરમ દાર્શનિક શ્રી જયંતમુનિના જીવનમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રનો ત્રીવેણી સ્ત્રોત સમ્યકરૂપે પ્રવાહિત છે. આ સ્ત્રોત શતશત વર્ષ સુધી ભક્તોના ભાવને ભીંજવતો રહે, ઘરઘરમાં સંસ્કારનું સિંચન કરતો રહે અને જનજનના હૃદયમાં કરુણાની ધારા છલકવતો રહે એ જ શાસનદેવને પ્રાર્થના છે.

❑

# પરિશિષ્ટ ૧

## પૂ. શ્રી જયંતમુનિની અમૃતવાણી

- પુસ્તકનાં ઉત્તમ પાત્રો પણ વાસ્તવિક જીવન ધારણ કરી ધરા પર જન્મે છે.
- એવી કોઈ વિરલ જ માતા હોય જે પુત્રને ત્યાગના પંથે વાળે.
- કેમ જાણે ગુરુદેવના માનવસેવાના મિશનનો આ પ્રથમ પાયો હોય અને તેના પહેલા પાઠનો યોગ હોય! તેમના હૃદયમાં અંકિત થઈ ગયું કે 'માનવસેવા મહાન ધર્મ છે.'
- સારા અક્ષરો પણ સ્વચ્છતાનો ઉત્તમ નમૂનો છે. બાળપણથી જ સુંદર અક્ષરો પ્રત્યે ધ્યાન અપાય તે મા-બાપની અને શિક્ષકોની મોટી ફરજ છે.
- પુણ્યશાળી આત્માઓને અચાનક પણ હિતકર વસ્તુનો યોગ થઈ જાય છે.
- પશુનું સારી રીતે પાલન કરવામાં આવે અને તેનો પ્રેમ કેળવવામાં આવે તો સમય પર તેની અપાર શક્તિનાં દર્શન થાય છે. સર્વ પ્રાણી અને ભૂતોમાં ઈશ્વરનો નિવાસ છે તેવો અનુભવ થયો.
- વિધિની વિચિત્રતામાં કેટલા વિસ્મય રહેલા છે !
- ખરેખર, વહેમનું કોઈ ઓસડ નથી. વહેમનું પરિણામ હંમેશ કરુણતાભરી દુર્ગતિ હોય છે.
- વ્યાયામ અને ભોજન એ બંને શરીરના ખોરાક છે.
- સમડી એક મોટો ઉપદેશ આપી ગઈ. અસાવધાન રહેવું તે પ્રમાદ દશા છે અને તેનાથી જીવ દુઃખી થાય છે. પડીકું જવામાં સમડી કરતાં અસાવધાની વધારે કારણભૂત હતી. એટલા માટે જૈન શાસ્ત્રકારો કહે છે કે પ્રતિપક્ષના દોષ કરતાં આધ્યાત્મિક દોષો વધારે કારણભૂત હોય છે.
- મનુષ્યના બધા સંકલ્પો સિદ્ધ થતા નથી. કર્મસંયોગ પણ પોતાનું કામ કરે છે.
- વિધિના વિધાન ઉપર પગલું મૂકી શકાતું નથી.
- મનુષ્યે પોતે પોતાના માસ્ટર બનવું જોઈએ. સ્વયં મન ઉપર કાબૂ મેળવવા માટે મનને પણ દંડ આપવો જોઈએ. મનુષ્ય બીજાનો ન્યાય કરવા તૈયાર થઈ જાય છે, પરંતુ પોતે પોતાનો ન્યાય કરતો નથી.
- અમીરો કરતાં ગરીબની સંસ્કૃતિ ઘણી જ ઊંચી છે.
- મનુષ્યની ઇચ્છા જરા પણ કામ આવતી નથી. પ્રકૃતિનાં પરિબળ આખું ચક્ર ચલાવે છે. મનુષ્ય એક નિમિત્ત માત્ર છે.
- "સેવાધર્મપરમગહનો યોગીનામપ્યગમય" અર્થાત્ સેવાધર્મ ઘણો જ ગહન છે. યોગીઓ યોગસાધના કરી શકે છે, ત્યાગ કરી શકે છે, તપસ્યા કરી શકે છે, પરંતુ દીનદુઃખિયાઓની સેવામાં રોકાઈને તેની પૂરી માવજત કરવી તે યોગીઓ માટે પણ કઠણ છે. ખરું પૂછો તો સેવા એ જ ધર્મનો સાર છે. સેવાની સરિતામાં સ્નાન કરી મનુષ્ય ધન્ય બની જાય છે.
- ગુરુઓને ગમ્યું તે માન્ય. આ સિદ્ધાંતને આચરવો તે હિતાવહ છે. ઉપાદાનમાં જીવનાં શુભાશુભ કાર્યો અને યોગ-સંયોગ હોય છે.
- એવી માતા વિરલ હોય છે કે જેણે સામે ચાલીને પુત્રને ત્યાગપંથે વળાવ્યા હોય અને હૃદયના આશીર્વાદ આપ્યા હોય.

- આ સવળી દૃષ્ટિની વાત અમને આખી જિંદગી યાદ રહી છે. આ દૃષ્ટિ અપનાવવાથી ખોટા વિવાદોથી અને નઠારી પંચાતોથી બચી શકાય છે. પ્રેમસૂત્ર સ્થાપી શકાય છે. અમારી સમગ્ર જીવનધારામાં આ સિદ્ધાંત જાળવવા માટે પૂરો પ્રયાસ કર્યો છે, જેનાં ખૂબ જ સારાં પરિણામ આવ્યાં છે. આ નાની વાતમાં માતુશ્રીએ અપાર જ્ઞાન ભરી દીધું હતું.
- સાધુ અને શ્રાવકનો સુસંયોગ હોય તો સારાં પરિણામ આવે તેમાં આશ્ચર્ય જેવું નથી.
- 'સાંપ્રદાયિક કલહ ન આવે અને પ્રેમભાવ જળવાઈ રહે' તે જયંતમુનિનું જીવનસૂત્ર બની ગયું.
- જૈનાચાર્યોએ હસ્તલેખન-કલામાં જે પ્રગતિ કરી હતી તે અલૌકિક છે. તેમની સાથે કોઈ પણ હસ્તલિખિત કલાની તુલના થઈ શકે નહિ. તેમાં પણ તાડપત્રનું જે હસ્તલેખન છે તે કલ્પનાતીત સૌંદર્ય ધરાવે છે. સૂકવેલાં તાડપત્રો ઉપર સોયની અણીથી બારીક અક્ષરો ખોદવામાં આવે છે અને ત્યારબાદ તેમાં વિશિષ્ટ સોના જેવી ચમકતી શાહી ભરવામાં આવે છે.
- અત્યાર સુધી કોઈ પણ સ્થાનકવાસી સંત વારાણસી સુધી વિહાર કરી ગયા ન હતા. અનેક વર્ષો પહેલાં યશોવિજયજી મહારાજ ખાસ વારાણસી અધ્યયન માટે ગયા હતા. ત્યારબાદ જૈન સાધુ માટે અધ્યયન કરવા વારાણસી જવાનો આ પ્રથમ અવસર હતો. જયંતમુનિજી માટે જ નહીં, પણ જૈન સમાજ માટે આ એક ઐતિહાસિક ઘટના બની ગઈ.
- કર્મની ગતિ ન્યારી છે. કાળનો પ્રવાહ અબાધિત છે. મનુષ્યની કલ્પનાથી પરે એવું કાળના પેટમાં ઘણું ઘણું સમાયેલું હોય છે.
- ખરેખર, સંતકૃપા એ ઈશ્વરકૃપા તુલ્ય હોય છે.
- સંતબાલજી ઘણા સમયસૂચક અને સમયના પાલનમાં નિયમિત હતા. તેઓ ભગવાન મહાવીરની અહિંસાનો વિધેયાત્મક અર્થ કરી, સેવાના કાર્યમાં સક્રિય બની, કર્મયોગનો અનુપમ દાખલો બેસાડી રહ્યા હતા.
- "આપ પાછા નહીં ફરો ત્યાં સધી હું વરસીતપનાં પારણાં નહીં કરું." - કાલાવડના શ્રાવક છગનલાલ જાદવજી દોશી. સહેજે પ્રેમના આવેશમાં બોલાયેલાં વચનો પોતે નક્કર ભાવથી બોલેલાં. પૂ. તપસ્વી મહારાજ પાછા ફરી ન શક્યા. તેઓએ ૩૩ વર્ષ સુધી એકાંતર ઉપવાસ ચાલુ રાખ્યા અને પારણું ન કર્યું તે ન જ કર્યું ! વરસીતપ દરમ્યાન તેઓ સ્વર્ગે સિધાવી ગયા. ધન્ય છે આ એકવચની ભક્ત શ્રાવકને ! તે કોટિ કોટિ અભિનંદનને પાત્ર છે.
- જ્યાં જ્યાં હિંદુ-મુસ્લિમની મિશ્ર વસ્તી હતી, પાસેપાસે ઘરો હતાં, ત્યાં ત્યાં ૧૯૪૭ના દેશવ્યાપી હુલ્લડના અવશેષ નજરે પડતા હતા. અર્ધાં બળેલાં ઘરો પણ પડ્યાં હતાં. અનેક સ્થળે હજુ સુધી ભડભડતી આગ નજરે ચડતી હતી. મનુષ્ય ધર્મના નામે કેવા અનર્થ આચરી શકે છે તેની આ મકાનો સાક્ષી આપી રહ્યાં હતાં. આદિકાળથી ધર્મના ઝઘડા ચાલતા આવ્યા છે. ખરું પૂછો તો આ અધર્મનું યુદ્ધ છે.
- સાચું પૂછો તો ભગવાનના ભોગને વેંચી નાખવાનો કોઈને પણ અધિકાર નથી. મંદિરને ભોગ માટે પૈસાની કોઈ જરૂર નથી કારણ કે ભક્તોએ પોતાના ખર્ચે પ્રભુને ભોગ ચડાવ્યો છે. એટલે ભોગ શા માટે વેંચવા પડે છે? પરંતુ હાય ધર્મ ! ધર્મના આલંબન જેવા તીર્થમાં આટલી ભયંકર

વિકૃતિઓને જન્મ આપી, કહેવાતા ધર્મિષ્ઠો પવિત્ર ધર્મને જ કલંકિત કરવાનો અવસર ઊભો કરે છે!

- જ્યાં શુદ્ધિ ત્યાં ધર્મ અને ધર્મ ત્યાં શુદ્ધિ. શુદ્ધિ વિના ધર્મ નહિ અને ધર્મ વિના શુદ્ધિ નહિ.
- ખરેખર, આટલા ગંદા તળાવમાં મનુષ્ય ઇચ્છાપૂર્વક પ્રવેશ કરે છે. હવે બીજી કોઈ નરકમાં પ્રવેશ કરાવવાનું તેને કોઈ પ્રયોજન રહેતું નથી. આનાથી વધારે મોટું કયું નરક હોઈ શકે? પરંતુ ભારતવાસીઓની શ્રદ્ધા અપાર છે.
- શ્રદ્ધાળુઓનો કોઈ દોષ નથી, વ્યવસ્થાપકોએ સુધારો કરવાની જરૂર છે.
- આખા રસ્તે હુલ્લડનાં નિશાનો, બળેલાં મકાનો અને ભંગારના ઢગલાઓ નજરે પડતાં હતાં. કહેવાતો માણસ જાનવર કરતાં પણ નીચી કક્ષાએ જઈને કેવાં કેવાં કુકૃત્ય કરે છે અને છતાં પોતાને ધાર્મિક કહેવરાવે છે ! કેટલી વિટંબણા !
- ગામડાના ખંડેર જેવા મકાનના એક વરંડામાં શાળા ચાલતી હતી. કુલ ચાર વિદ્યાર્થી હતા. માસ્તરની બેસવાની ખુરશીનો એક પાયો તૂટેલો હતો, ત્યાં ઈંટો ગોઠવી હતી. બેસવા કે ઊભા રહેવાની પણ જગ્યા ન હતી. (ભારતનાં ગામડાંઓમાં જોવા મળતી શાળાનું વર્ણન)
- આવી નાનીમોટી ચમત્કારિક ઘટનાઓ બનતી અને વિહારની સમૃદ્ધિ થતી હતી. વિહારના પરિષહને અંતે સુખદાયી બનાવો શ્રદ્ધાનો એક નવો પાઠ ભણાવી જતાં હતાં.
- વર્તમાન જૈન સમાજની શું પરિસ્થિતિ છે? જો જૈનો સામાજિક પ્રશ્નોથી દૂર રહેશે, રાજનીતિથી ઉદાસીન રહેશે તો સમાજે ઘણું ભોગવવું પડશે. વર્તમાન યુગ એ સામાજિક દૃષ્ટિએ વિચાર કરવાનો યુગ છે. વ્યક્તિવાદી બનવાથી સામાજિક સંગઠન નબળું પડે છે.
- ખરેખર તો મનુષ્યના ગ્રહો આકાશમાં નથી, પણ સ્વયં મનુષ્યના હાથમાં છે. આકાશમાં રહેલા ગ્રહો પોતાની ક્રિયા પ્રમાણે આકાશનાં ચક્ર પૂરાં કરે છે. પરંતુ ખરા ગ્રહો તો મનુષ્યના શુભાશુભમાં છે. ગ્રહો તો જીવનનું એક ગણિત છે. આ ગણિતથી હકીકત જાણી શકાય છે. ગ્રહ સુખ-દુઃખ આપતા નથી, પણ કેવાં સુખ-દુઃખ આવવાનાં છે તેની સૂચના આપી જાય છે. તે એક પ્રકારના માઇલસ્ટોન છે. ગ્રહોને વધારે સમજવા કરતાં મનુષ્ય પોતાનાં કર્મ સુધારે તો ગ્રહો સ્વયં સુધરી જાય છે. યાદ રાખવું ઘટે કે ગ્રહગતિ પણ કર્માધીન છે.
- જેવો લોકવ્યવહાર હોય તે પ્રમાણે વર્તવું.
- લાંબી યોજનાઓ હરિને હાથ હોય છે.
- ઐતિહાસિક ક્રમમાં માનવીનાં ખંત, ભક્તિ, ધીરજ અને છેવટે પોતાના મૃત્યુ પછી પણ યોજના ચાલતી રહે અને પરિપૂર્ણ થાય એવી અદ્ભુત પરિકલ્પના અને સાહસ ખરેખર માન ઉપજાવે છે. છેવટે ન્યાય આપવો ઈશ્વરના હાથમાં છે.
- ક્યારેક સંઘર્ષ પણ સુપરિણામદાયી અને સુખદાયી પણ હોય છે.
- આજ પણ ભારતમાં અનેક મોટા વિદ્વાન પંડિતો છે, જે અકિંચનવ્રતધારી છે અને કપરા સમયમાં પણ ગૌરવથી વિદ્યાની ઉપાસના કરી રહ્યા છે. આ પણ એક મોટું આશ્ચર્ય છે.
- ત્યાગની સાથે જ્ઞાનનો સંગમ થાય ત્યારે જ ત્યાગ ચમકી ઊઠે છે.

- બૌદ્ધો માને છે કે ઘણી તપસ્યા પછી ભગવાન બુદ્ધને થયું કે તપસ્યા વ્યર્થ છે. પરંતુ આ લોકો ભૂલી જાય છે કે તપશ્ચર્યા કરવી એ વ્યર્થ નથી. તપશ્ચર્યા કર્યા પછી જ ભગવાન બુદ્ધને જ્ઞાન પ્રાપ્ત થયું છે. તપસ્યાને અંતે જ તેમને ચાર આર્ય મહાસત્ય ઉપલબ્ધ થયા હતા.
- જીવદયાનો અને અહિંસાનો સંદેશ લઈ બૌદ્ધ ધર્મ વિશ્વમાં ફેલાયો. પરંતુ ત્યાંની પ્રજાને નિરામિષ કરવાની ઝુંબેશ ઠંડી પડી ગઈ અને જે મિશન લઈને સંતો ત્યાં ગયા હતા તેઓ સ્વયં માંસાહારના કુંડમાં સ્નાન કરવા લાગ્યા.
- કરુણાના સાગર ભગવાન બુદ્ધની કરુણા માનવજાતિ પૂરતી જ સીમિત રહી ગઈ. પશુપક્ષી અને પ્રકૃતિના ખોળે ખેલનારા, મનુષ્યજાતિના મહાન ઉપકારી એવા પશુજગતનાં પ્રાણીઓનો સંહાર રોકવા માટે ભગવાન મહાવીરની અહિંસાની જેમ કરુણાસાગરની અહિંસા વ્યાપક ન બનતાં માનવીય સીમા સુધી સીમિત રહી ગઈ.
- સનાતન ધર્મનું મહાન કેન્દ્ર હોવાથી કાશી પ્રત્યે સાચા અને સારા બ્રાહ્મણો, વિદ્વાનો તથા સંતોને જેમ આકર્ષણ છે તેમ આ દૂષિત પ્રવૃત્તિવાળા સાધુવેશધારીઓનું પણ વારાણસી એક મોટું કેન્દ્ર છે.
- સંત વિનોબાજી લખે છે કે જૈન સમાજ પ્રચારપ્રધાન નથી, પણ આચારપ્રધાન છે. આચાર ખોઈને પ્રચાર કરવો તે ખોટનું કામ છે. પ્રચાર ખોઈને પણ આચાર જાળવી રાખવો તે સ્થિતિસ્થાપકતાનો ગુણ હોવાથી તેઓ લાંબા કાળ સુધી જનસમૂહની સેવા કરી શકે છે.
- ધર્મના નામે તીર્થોમાં મૂળ જમાવીને બેઠેલા પંડાઓ કેટલી હદે નીચે સુધી જઈ, કુકર્મ કરી શકે છે !
- ધર્મને નામે કેટલું વિપરીત બની શકે છે ! ધર્મમાં પણ કેવા વિકાર આવી શકે છે ! જે ધર્મ માનવજાતિની રક્ષા માટે પૃથ્વીતટ ઉપર આવ્યો હતો તે માનવહત્યા, કૂડ-કપટ અને કાવતરાંનું નિમિત્ત બની, કેટલો ભયંકર અને વિકટ થઈ ગયો છે તેની નોંધ લેવાની છે.
- 'સહસા વિદધીત કૃતંકર્મ પરમાપદાષ્પદમ.' અર્થાત્ વગર વિચાર્યે જલ્દીથી ભરેલું પગલું મહાવિપત્તિનુ ઘર થાય છે.
- એ સમયના શિક્ષકોની અપેક્ષાઓ પણ કેટલી અલ્પ માત્રામાં હતી! કેટલા સંતોષ સાથે જીવનયાપન કરી રહ્યા હતા!
- મનુષ્યની કલ્પનાનાં ચક્રો ગતિમાન થઈ રહ્યાં હોય છે ત્યારે સમયચક્ર જુદી દિશામાં ફરતું હોય છે. કાળબળ પોતાનો કાર્યક્રમ ગોઠવી રહ્યો હોય છે, જે અકળ છે. કાળ પોતાની રીતે, ગુપ્ત રીતે, ઘટનાઓને ઘડે છે, જે સર્વથા અજ્ઞાત હોય છે અને ફક્ત સંયોગો પરિપક્વ થાય છે ત્યારે જ પોતાની યોજનાનો અણસાર આપે છે.
- સ્થળ અને કાળ જન્મને પ્રભાવિત કરી શકે છે.
- બે તટને જોડનાર પુલ મનુષ્યને ઉપદેશ આપી જાય છે કે જો બન્ને પક્ષો વચ્ચે પ્રેમનો સેતુ બંધાય તો મતભેદ અને ક્લેશ મટી, જનતામાં સામંજસ્ય પેદા થાય. આ સિદ્ધાંતને સાચી રીતે સ્વીકારવામાં આવે તો વિશ્વયુદ્ધ પણ ટળી શકે.

- ❑ એક વ્યક્તિ સાચી રીતે સેવામાં જોડાય અને બુદ્ધિનો સદુપયોગ કરે તો કેટલું વિશાળ કાર્ય થઈ શકે છે! દુ:ખના સમયે રડવા ન બેસી જતાં જીવનની દિશા બદલી નાખવાથી દુ:ખ તો ચાલ્યું જાય છે, ઉપરાંત એક નવી સુખદ સ્થિતિનો જન્મ થાય છે.
- ❑ સરસ્વતી ન હોય તો લક્ષ્મી અને શક્તિ બન્ને મનુષ્યના, સમાજના કે રાષ્ટ્રના વિનાશનું કારણ બને છે. જ્ઞાન, અને તે પણ સદ્જ્ઞાન જ મનુષ્યનો ઉદ્ધાર કરી શકે છે.
- ❑ સાંપ્રદાયિક ભેદભાવોને સ્પર્શ કરવાથી વિષ ફેલાય છે. જ્યારે સાંપ્રદાયિક અભેદભાવની વાતો કરવાથી સમાજમાં અમૃત ફેલાય છે. ભેદ અને અભેદમાં વિષ અને અમૃત જેટલો તફાવત છે. સંપ્રદાયવાદીઓ ભેદભાવો ઊભા કરી સમાજની શૃંખલાને તોડી નાખે છે અને સંઘનાશનું મહાપાપ વહોરી લે છે. પોતાને વિશિષ્ટ સમજી સમગ્ર સમાજ ઉપર દુર્ગંધ ફેલાવે છે અને ધર્મને નામે અણછાજતી સ્પર્ધાઓ યોજાય છે. એકબીજાને બૂરા કહેવામાં સાધુ અને સમાજની શક્તિનો વ્યય થઈ જાય છે. સામાજિક ઉત્થાનનું કાર્ય અટકી જાય છે.
- ❑ ધર્મના નામે વિષમતાઓ ઊભી કરી, ડાયરાબાજી કરી, એકબીજાને નીચા દેખાડી, ધાર્મિક માણસોએ ખરેખર ધર્મની હત્યા કરી છે. ધર્મ તો બધાને એક સૂત્રમાં બાંધે છે. ધર્મનો ભેદ માનવજાતિ માટે વિષ સમાન છે.
- ❑ ધર્મના નામે ધર્મગુરુઓએ પોતાનો અહંકાર પોષવા માટે ભેદભાવ ઊભો કર્યો છે, અને વાડાબંધી કરી છે. જનતા બિચારી ભોળી હોવાથી આવા ધર્મગુરુઓની લીલામાં ફસાઈ જાય છે અને ભાઈ-ભાઈ એકબીજાથી દૂર થઈ જાય છે. સમન્વયવાદ એ ધર્મના પ્રાણ છે.
- ❑ જ્યાં મનુષ્યની બુદ્ધિ કામ કરતી નથી ત્યાં તેનું પુણ્યબળ કામ કરે છે.

  લોહીની નદીઓ વહેતી રહી છે, પરંતુ યુદ્ધનો અંત નથી આવ્યો. ધર્મનાં યુદ્ધો, કદાગ્રહો અને હકની આસક્તિ ઘણી જ ભયાવહ હોય છે. આ ક્લેશનાં મૂળિયાં બહુ જ ઊંડાં છે. જે ધર્મ સુલેહ અને શાંતિનો સંદેશ આપે છે તેના નિમિત્તે આવાં રમખાણ યોજાય, તેના જેવું બીજું મોટું શું દુર્ભાગ્ય હોઈ શકે? હકીકતમાં આ ધર્મની નહીં; સંપત્તિ અને હકની લડાઈ છે. સંપત્તિ ક્લેશનું મોટું કારણ છે. ભગવાન સૌને સદ્બુદ્ધિ આપે.
- ❑ છીછરી બુદ્ધિના માણસો આવા ઐતિહાસિક માનવઉપયોગી સત્કર્મની ઊંડાઈને માપી શકતા નથી. પરંતુ જે વાસ્તવિકતા છે તે સો ટચના સોના જેવી છે.
- ❑ ભેદભાવને કારણે અહિંસાવાદી જૈનો કેવું હિંસાનું તાંડવ ખેલતા હોય છે? કેટલો રાગદ્વેષ વધી ગયો છે! ભગવાનના આદેશોને કિનારે મૂકી, ભગવાનની ભૂમિ માટે બાંયો ચડાવી લડવા તૈયાર થાય છે. કેટલું ઘૃણિત પરિણામ આવ્યું છે! આ કુત્સિત વિચારધારાને ધિક્કાર આપવા સિવાય છૂટકો નથી. પ્રભુ સૌને સદ્બુદ્ધિ આપે અને સૌ વીરમાર્ગ પર ચાલવાનો પ્રયાસ કરે તેવી પ્રાર્થના.
- ❑ ત્યાગી સંતો માટે આ પર્વતીય કંદરાઓ ખરેખર સાચી સાધનાભૂમિ છે.
- ❑ વ્યસન અને બુરાઈને જ્ઞાતિ કે પ્રાંતના ભેદ હોતા નથી. બધા માણસો ખોટા કામમાં જલદીથી જોડાઈ જાય છે.
- ❑ ખરેખર, એકલી સરકાર કશું કરી શકતી નથી. પરંતુ સંતોની કૃપાથી ઘણાં કાર્યો સિદ્ધ થઈ શકે છે.

❑ જ્યાં સુધી સંતોનો લાભ ન મળે ત્યાં સુધી ભૌતિક સુખ હોવા છતાં મન પરિપૂર્ણ તૃપ્ત થતું નથી.

❑ જો નેતા સારા હોય તો જગત પ્રગતિશીલ બને છે.

❑ મંગળ વિચારો અને શુભ ભાવનાનું બીજ ભાવિના ગર્ભમાં અજાણપણે વિકસતા રહે છે.

❑ બાળકોમાં સારા સંસ્કાર ન રોપાયા હોય અને સભ્યતાનું જ્ઞાન ન આપ્યું હોય ત્યારે બાળકો વિકટ પરિસ્થિતિ ઊભી કરે છે અને છેવટે વડીલોને નીચા જોવાપણું થાય છે.

❑ સમાજના ઘડતર માટે ધરમૂળથી એક વ્યવસ્થિત પ્રયાસ કરવાની જરૂર છે.

❑ સંસ્કારશીલ વિદ્યાલયોનું નિર્માણ થાય તો જ સભ્યતા ટકી શકે.

❑ ધનપતિઓનું ધન સારા કામમાં વપરાય તો કેટલાં સારાં સુફળ આવે છે અને તેઓ કેટલું પુણ્ય ઉપાર્જન કરી શકે છે તે ધનાઢ્ય માણસોએ સમજવાની વાત છે.

❑ ગુજરાતથી બંગાળ સુધીની વિહારયાત્રામાં ભારતના વિભિન્ન પ્રદેશો અને ત્યાંની જાતિઓનાં રીત-રિવાજો, પરંપરા, સંસ્કૃતિ, ભાષા અને પહેરવેશ ઇત્યાદિનો જે અનુભવ મળ્યો છે તેની કોઈ તુલના થઈ શકે તેમ નથી. ગાંધીજીએ કહ્યું છે કે ભારતનો પ્રાણ તેનાં ગામડાંઓમાં ધબકે છે તે યોગ્ય જ છે. શ્રી જયંતમુનિના ચિંતન અને વિચારઘડતર પર આ અનુભવનો ઘણો મોટો પ્રભાવ પડ્યો છે. શ્રી જયંતમુનિએ આગળ જતાં માનવસેવા અને શિક્ષણના ક્ષેત્રમાં પોતાની શક્તિને સમર્પિત કરી છે તેના મૂળમાં લાંબી વિહારયાત્રા અને વિશાળ જનસંપર્ક રહેલાં છે.

❑ ખરેખર, ધર્મમાં ભેદ નથી, મનુષ્યના મનમાં જ ભેદ હોય છે. શુદ્ધ આત્મા એક છે, નામ જુદાં છે. મનુષ્યો પોતાની બુદ્ધિથી ભેદભાવોનું સર્જન કરે છે. પરંતુ સત્યનો માર્ગ એક જ છે.

❑ સંસારનો નિયમ છે કે જે વધારે દોડે તે પડે.

❑ આત્માનો વ્યાપાર તો ફક્ત જ્ઞાન છે. બાકીની બધી પ્રક્રિયા પુદ્ગલજન્ય છે. બીજાં દ્રવ્યો નિમિત્ત ભાવે કામ કરે છે. કારખાનામાંથી એક ઊંડો આધ્યાત્મિક સંદેશ પણ મળ્યો અને છ દ્રવ્યોના સંયોગથી વિશ્વનું વિશાળ કારખાનું કેવી રીતે ચાલે છે તેનું નાનું ઉદાહરણ આ કારખાનામાં જોવા મળ્યું.

❑ કારખાનામાં ઠેકઠેકાણે પાટિયાં પર લખ્યું છે, 'સાવધાન' આ પાટિયાં કેમ જાણે ધર્મનો ઉપદેશ આપતાં હોય તે રીતે લખાયેલાં હતાં. સંતો અને શાસ્ત્રો પણ આ જ વાત કહે છે. સાવધાન રહો, જોઈને અને જતનથી ચાલો, હોશિયારીથી કામ લ્યો. જીવનમાં ભૂલ કરવા જેવું નથી, નહિતર ચગદાઈ જશો. આ કારખાનાનાં પાટિયાંઓ પણ એ જ સૂચના આપતાં હતાં કે ભૂલ કરશો તો ચગદાઈ જશો.

❑ જૈન સિદ્ધાંત વેરનો ત્યાગ કરી, અહિંસાની ભાવનાઓ જાગ્રત કરી, સમસ્ત જીવોના સુખનો વિચાર કરે છે. નાનામાં નાના જીવોને દુઃખ ન થાય કે કષ્ટ ન થાય તેનો સૂક્ષ્મ વિચાર જૈન શાસ્ત્રોમાં જોવા મળે છે. આપણા જીવનને સફળ બનાવવું હોય તો અહિંસાનું અવલંબન કરી, વિશુદ્ધ પ્રેમસૂત્રનો પ્રકાશ કરી, એકબીજા પ્રત્યે સંપૂર્ણ સન્માન જાળવી, નિષ્ઠાપૂર્વક ભગવાન મહાવીરના તપોમય માર્ગ ઉપર ચાલવા પ્રયાસ કરીએ તો આપણું વહેવારિક જીવન પણ સુધરે અને આધ્યાત્મિક જીવન પણ સુધરે.

- ❑ લહાણી એક પ્રકારનો ખોટો ખર્ચ છે. જો તેમાં સુધારો થાય તો ધનરાશિ સત્કાર્યમાં વાપરી શકાય.
- ❑ ફિરકા પરસ્તીના કારણે આપણી જ સંસ્કૃતિના મહાન આચાર્યોને આપણે શ્રદ્ધાંજલિ આપતાં સંકોચ કરીએ છીએ તે મોટી શરમજનક અને બહુ દુ:ખની વાત છે. આ ભેદભાવોથી આપણું શાસન ખંડ ખંડ બની જાય છે.
- ❑ જૈન ઇતિહાસના મહાન જ્યોતિર્ધરો ત્યાગમય જીવન ધારણ કરી, સમગ્ર જૈન સંસ્કૃતિનું પોષણ કરી રહ્યા છે. આવા નામધારી આચાર્યના નામ સાથે સંપ્રદાયના ભેદ જોડીને મન કુંઠિત કરવામાં આવે છે. ખરું પૂછો તો સાંપ્રદાયિક સંકુચિતતા એક મહારોગ છે. આ રોગને દૂર કરવામાં આવે તો જ જૈન શાસનની કાયા નિરોગી બની શકે તેમ છે.
- ❑ ક્ષમા એ જૈન ધર્મનો પ્રાણ છે. આપણે એકબીજાના દોષોને અવગણી, પરસ્પર ઉદારતા અને ક્ષમાની ભાવના રાખી, જો એકબીજાને નહિ અપનાવીએ તો જૈન સમાજ ખંડખંડ થઈ જશે. અખંડ સમાજના નિર્માણ માટે સાચા અર્થમાં સ્યાદ્વાદને જીવતો કરવો પડશે.
- ❑ મનુષ્યજીવન કેવળ ભોગ-ઉપભોગ માટે નથી. ધન મેળવવું તે મનુષ્યનું એકમાત્ર લક્ષ નથી. લક્ષ તો જીવનની શાંતિ અને ધર્મની આરાધના છે. તેમાં ધન સાધનરૂપે છે. આજીવિકા રળવા સિવાય પણ મનુષ્યનાં ઘણાં કર્તવ્યો હોય છે. જો આ કર્તવ્ય બજાવી શકે તો તેની કમાણી સાર્થક છે.
- ❑ વેત (નેતર) નરમ છે તેથી પાણીના પ્રવાહમાં ઊખડતી નથી. પૂર વહી ગયા પછી પુનઃ ઊભી થઈ જાય છે. જ્યારે મોટાં ઝાડવાંઓ અહંકારને કારણે જડમૂળથી ઊખડી જાય છે. નમ્રતા આત્માનો સ્વભાવ છે અને અહંકાર તે વિકાર છે.
- ❑ સંપ્રદાયભેદની જે મોટી ખાઈ છે તેને પૂરવી બહુ જરૂરી છે. જો આ આ ખાઈને દૂર નહિ કરવામાં આવે તો તેનું પાણી કોહવાઈ જશે અને ગંદકી વધતી જશે. છેવટે પૂરો સમાજ તેમાં ડૂબી જશે. આપણે બધાં મહાવીરનાં સંતાનો છીએ. નવાઈની વાત એ છે કે દિગંબર અને શ્વેતાંબર શબ્દ શાસ્ત્રમાં ક્યાંય જોવા મળતો નથી. છતાં પણ આ બંને શબ્દો સમાજે હઠાગ્રહથી પકડ્યા છે.
- ❑ આજે 'દિગંબર' અને 'શ્વેતાંબર' એ બંને શબ્દો નિર્મળ જૈન સમાજ પર આવરણ બની ગયા છે. ખરું પૂછો તો "જૈન ધર્મ" શબ્દ સ્વયં પર્યાપ્ત શબ્દ છે. તેને કોઈ વિશેષણની જરૂર નથી. પરંતુ જ્યારે વાડાબંધી થાય ત્યારે આવા શબ્દોની નિતાંત જરૂર પડે છે અને વિદ્વાન લોકો એક નવું વિશેષણ લગાવી એક નવું કૂંડાળું ઊભું કરે છે.
- ❑ હિન્દુ સમાજ ગાયોને પૂજે છે પરંતુ ગાયોની સેવા કરી શકતો નથી.
- ❑ કરુણા એ જ જીવનનો સાર છે.
- ❑ આપણા દેશનું એક મોટું લક્ષણ છે કે ધર્મસંસ્થાઓ એક પ્લૅટફૉર્મ પર એકત્ર થઈ શકતી નથી. તેઓ હિંદુત્વની રક્ષા કરી શકતા નથી, કે નૈતિક સિદ્ધાંતોને અમલમાં લાવી શકતા નથી. ધર્મના નામે નાનામોટા પૂજાપાઠ કરીને અટકી જાય છે કે મંદિરમાં ઘંટ વગાડી ધર્મની ભક્તિની ઇતિશ્રી કરે છે. સમાજ, રાષ્ટ્ર, ભારતીય ભાષા કે સંસ્કૃતિનું વ્યાપક રીતે રક્ષણ થાય તેવું કોઈ અનુષ્ઠાન કરવામાં આવતું નથી.

- મનુષ્યની કલ્પના અને પ્રકૃતિનો ક્રમ સદા એકસમાન હોતો નથી. મનુષ્ય માત્ર યોજના ઘડે છે, પણ છેવટનો નિર્ણય તો પ્રકૃતિના હાથમાં છે.
- જૈન કથાઓની એ વિશેષતા હોય છે કે તેમાં લગભગ નબળી કડી હોતી નથી. જૈન કથાનું મુખ્ય પાત્ર પુરુષાર્થ કરી, તપસાધનાનું અવલંબન લઈ, મોટા પરાક્રમ સાથે આધ્યાત્મિક શ્રેણીમાં આરોહણ કરી મોક્ષગામી બને છે.
- જે કરવા ધારીએ છીએ તે બધું નિષ્ફળ જાય છે, અને જે ચિંતવ્યું ન હોય તે થઈ જાય છે. ખરેખર, છેવટે તો ધાર્યું ધણીનું જ થાય છે !
- મિશનની બે મુખ્ય પાંખ હોય છે - એજ્યુકેશન અને મેડિકલ હેલ્પ. આ બંને પાંખ પર જો ધ્યાન આપવામાં આવે તો સમાજ મિશનરી કાર્યથી પોતાનાં ભાઈ-બહેનોને સહાય કરી શકે. એટલું જ નહિ, આમ જનતામાં ધર્મ પ્રત્યેની શ્રદ્ધાનાં ઊંડાં મૂળ રોપી શકાય છે. સમાજે ધાર્મિક પરંપરાને જીવતી રાખવી હોય, સમાજ અને ધર્મ પ્રત્યે સાધારણ માણસનો આદર જાળવી રાખવો હોય, સમાજે સ્વયં સ્વસ્થ સમાજની છાપ ઉપસાવવી હોય અને જૈન ધર્મની દયા, કરુણા અને અનુકંપાની ભાવનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરવી હોય તો જૈન સમાજમાં મિશનરી ભાવના કેળવવી જોઈશે. જૈનોએ સમાજસેવા માટે મિશન ચલાવવું જોઈએ.
- જૈનોએ વિશ્વની સાથે ચાલવું હોય તો મનુષ્ય માત્રના કલ્યાણની ભાવના કેળવવી પડશે.
- આઝાદી આવ્યા પછી જનતાને સુખ મળવું જોઈએ તેના બદલે ધીરે ધીરે બધું સરકારી તંત્ર ચરમસીમા સુધી બગડી ગયું હતું. જેમ જેમ વરસો વીતતાં ગયાં તેમ તેમ ભારતની બરબાદી થઈ છે.
- ફક્ત જૈન ધર્મનો જ આગ્રહ ન રાખતાં સમગ્ર ભારતીય વિદ્યાનો પ્રચાર કરવો ઘણો જરૂરી છે. દેશ અને સનાતન ધર્મ બચશે તો જૈન ધર્મની જાળવણી થઈ શકશે. અત્યારે ભારતીય મૂળનાં જ્ઞાનાત્મક શાસ્ત્રો પ્રત્યે સમભાવ કેળવવો નિતાંત જરૂરી છે.
- આનંદનો ખજાનો મળે છે તે સાચો ખજાનો છે. તમે તમારા ઉત્તમ વિચારોથી ધનના ખજાનાથી પણ વિશેષ આનંદનો ખજાનો પ્રાપ્ત કરી પ્રસન્ન થઈ શકો છો. નહિતર વિચારોના દબાણથી ચગદાઈને, ભીંસાઈને ભયંકર પીડા ભોગવો છો.
- માણસ વિચારથી દુઃખી થાય છે, વસ્તુથી નહિ. આપણી કલ્પના જ ખરેખર આપણા માટે દેવ પણ છે અને ભૂત પણ છે.
- કાળને શું પ્રિય છે તે કહી શકાતું નથી. કયા ક્ષેત્રમાં કેવી ઘટમાળ સહેજે ગોઠવાય છે તે પ્રકૃતિની લીલા છે.
- કુદરતની બક્ષિસનો ઉપયોગ મનુષ્યજાતિના કલ્યાણ માટે કરવો કે તેના વિનાશ માટે કરવો તે સ્વયં મનુષ્યના જ હાથમાં છે. પ્રકૃતિના ખોળે આવું તો ઘણું ઘણું આશ્ચર્ય ભર્યું છે. ત્યાં બિચારા એકલા યુરેનિયમને શું દોષ દેવો !
- જ્ઞાન જો ક્રિયામાં ન પરિણમે તો એ જ્ઞાન કોરું છે. આ ક્રિયા એટલે સેવા. જો કરુણા કાર્યમાં ન પરિણમે તો એ કરુણા શા કામની? જો કરુણાથી પીડિતોની પીડા ઓછી ન થાય તો એ કરુણાનો શો અર્થ?

- ❑ ઓહો! કેવી વિલક્ષણતા! સામાન્ય માણસને કોઈ સ્થળે પોતાના મૃત્યુની ભૂલથી પણ જરા ગંધ આવી જાય તો એ તત્કાલ એ સ્થળેથી સેંકડો જોજન દૂર ભાગી જાય ! તેનાથી વિપરીત, અહીં તપસ્વીજી પોતાના દેહવિલય માટે સ્વયં પ્રાકૃતિક સ્થળ શોધી રહ્યાં હતાં !
- ❑ શાસ્ત્રમાં કહ્યું છે 'અંધ વિશ્વાસ બહુ મોટું પાપ છે.' જૈન શાસ્ત્રોમાં તેને ગ્રહિત મિથ્યાત્વ કહે છે.
- ❑ જો યોગ્ય માર્ગદર્શન અને નેતૃત્વ મળે તો હજુ પણ બિહાર તેની જૂની જાહોજલાલી પાછી મેળવીને પોતાની સંસ્કારિતાથી બધાને પ્રભાવિત કરી શકે તેમ છે.
- ❑ યોગી સમ્યક્ રીતે પ્રવર્તીને સંયમપૂર્વક ચાલે તો સ્વતઃ મન, વચન અને કર્મનો યોગ બની જાય છે. ખરેખર, આ મંગલસૂત્ર સાધક માટે પ્રથમ ભૂમિકાનું ઉદ્‌ઘાટન કરે છે.
- ❑ માર્ગની દુર્ઘટનાઓમાં ખરેખર કોઈ રક્ષાત્મક તત્ત્વ હતું તેવો અનુભવ થઈ રહ્યો હતો.
- ❑ આદિકાળથી માનવજાતિ આ બધાં યુદ્ધો ઝીલતી આવી છે અને તેમાં ઘણા નિર્દોષ માણસો મરણને શરણ થાય છે. લડનારાઓ લડે છે, જ્યારે ભોગવવું પડે છે સમસ્ત પ્રજાને. આટલી વૈજ્ઞાનિક ઉન્નતિ હોવા છતાં આ રાષ્ટ્રો લડાઈને રોકી શકતાં નથી. તેમજ યુદ્ધ ન થાય તેવા વિશ્વ માટે કશું કરી શક્યાં નથી. સંસાર ઉપર યુદ્ધનાં વાદળાંઓ રોજ ગરજતાં હોય છે.
- ❑ સેવાની ભાવના એ જ્ઞાનરૂપી વૃક્ષનું ફળ છે. જ્ઞાન જ્યારે પરિપક્વ થાય છે ત્યારે તે ચારિત્રમાં પરિણમે છે. ચારિત્ર સ્વકેંદ્રી મટીને વ્યાપક સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે સેવારૂપે પ્રગટે છે. સેવા એ કોઈ બાહ્ય આચાર નથી પણ કરુણામાંથી ઉદ્‌ભવતી આંતરસ્ફુરણા છે.
- ❑ જ્ઞાન એ દીપકની જ્યોત છે. સેવા અને સમર્પણના દિવેલ વગર જ્ઞાનનો દીપક ગરીબના જીવનને ઉજાગર ન કરી શકે.
- ❑ વ્યક્તિ નિસ્પૃહી બનીને ત્યાગી જીવન સ્વીકાર્યા પછી દીન-દુઃખીઓનાં કષ્ટને ધ્યાનમાં ન લે તો તેનું ત્યાગી જીવન બંધ ખજાના જેવું છે. તેની સુગંધ ફેલાતી નથી.
- ❑ આમ જનતાના હૃદયમાં જ્યારે ભક્તિનો ઊભરો ઉદ્‌ભવતો દેખાય છે ત્યારે જીવનની સાર્થકતા જણાય છે. આ જીવનની સુરભિ ખૂણે ખૂણે વ્યાપ્ત થઈ રહી છે. આ સુરભિ એટલે ત્યાગી જીવનનો અને જનતાનો સંતોષ.

❑

# પરિશિષ્ટ ૨
## પુસ્તકમાં આવતાં સંત-સતીજીઓની નામાવલી

**સંત અને સતી :**

**ગોંડલ સંપ્રદાયના સંત :** તપસ્વી માણેકચંદ્રજી સ્વામી, સૌરાષ્ટ્ર કેસરી ગુરુ પ્રાણલાલજી સ્વામી, પૂ. ભીમજી મહારાજ, પૂ.પ્રેમચંદજી મહારાજ, પૂ.મોટા રતિલાલજી મહારાજ, પૂ.તપસ્વી જગજીવનજી મહારાજ, પૂ.નાના રતિલાલજી મહારાજ, પૂ.ગિરીશમુનિ, પૂ.જનકમુનિ, પૂ. મનોહરમુનિ, પૂ. સુશાતમુનિ

**ગોંડલ સંપ્રદાયનાં સતીજી :** પૂ.ઉજ્જમબાઈ, પૂ.મોતીબાઈ, પૂ.અંબાબાઈ, પૂ.ફૂલકુંવરબાઈ, પૂ.મણિબાઈ, પૂ.પ્રભાબાઈ, પૂ.જયાબાઈ, પૂ.ચંપાબાઈ માંગરોળવાળાં, પૂ.ચંપાબાઈ રાણપુરવાળાં, પૂ.ગુલાબબાઈ, પૂ.પ્રાણકુંવરબાઈ, પૂ.ભોજૂડીવાળાં જયાબાઈ અને પૂ.વિજયાબાઈ, પૂ.લલિતાબાઈ અને પૂ.ડૉ. તરુલતાબાઈ (પીએચ.ડી.), પૂ.હંસાબાઈ, પૂ.વિમળબાઈ, પૂ.દર્શનાબાઈ, પૂ.સ્વાતિબાઈ, પૂ.સંઘમિત્રાજી

**અન્ય સંપ્રદાયના સંત – સતીઓ :**

પંજાબકેસરી જૈનાચાર્ય ૧૦૮ શ્રી શ્રી કાશીરામજી મહારાજ

બોટાદ સંપ્રદાયના પૂ.માણેકચંદ્રજી મહારાજ, પૂ.શિવલાલજી મહારાજ, પૂ.કાનજી સ્વામી, પૂ.અમુલખજી મહારાજ

દરિયાપુરી સંપ્રદાયનાં પૂ.સૂરજબાઈ, પૂ.પદ્માબાઈ અને પૂ.નંદકુંવરબાઈ

લીમડી સંપ્રદાયના પૂ.નાનચંદજી મ.સા., પૂ.સંતબાલજી, પૂ.પ્રભાકુંવરજી,

પૂ.ગિરધરલાલજી મહારાજ,

પૂ.કેવલચંદજી મહારાજ, પૂ.પૂનમચંદજી મહારાજ (શિવપુરી આશ્રમ)

પૂ.ચાંદકુંવરજી તથા વલ્લભકુંવરજી, પૂ.શાંતાદેવીજી

પૂ.રંભાબાઈ, પૂ.સુમતિકુંવરજી, પૂ.આચાર્યશ્રી ચંદનાજી અને વીરાયતનનાં સાધ્વીજી

પૂ.પ્રીતિસુધાજી અને પરિવારનાં સાધ્વીજી

પૂ.રતનચંદ્રજી મહારાજ, પૂ.પૃથ્વીચંદ્રજી મહારાજ, રાષ્ટ્રકવિ પૂ.અમરચંદજી મહારાજ, પૂ.વિજયમુનિજી પૂ.સુશીલમુનિજી, પૂ.પ્રતાપમલજી, પૂ.હીરાલાલજી, પૂ.લાભચંદ્રજી, પૂ.બ્રહ્મઋષિજી, પૂ.રાજેન્દ્રજી, પૂ.દાતારામજી, પૂ.અરુણમુનિ, પૂ. સુરેશમુનિ, પૂ. સુમતિપ્રકાશજી, પૂ. ડૉ. વિશાલમુનિજી અને તેમનો પરિવાર

દિવાકર શ્રી શ્રી ચોથમલજી મહારાજ; આચાર્ય શ્રી તુલસી

દિગંબર જૈનાચાર્ય દેશભૂષણજી મહારાજ, ગણેશપ્રસાદજી વર્ણી, મૂળચંદજી બ્રહ્મચારી

વિજય રામચંદ્રસૂરિજી મહારાજ

કરમચંદજી જતિ, હીરાચંદજી જતિ, શ્રી કનકવિજયજી

ચંદ્રકુંજ સ્વામી (કાંગડી), પુનિત મહારાજ, શ્રી શંકરાચાર્યજી, બાવાજી ભૈરવાનંદ (ચંડીખોલ)

# પરિશિષ્ટ ૩

## પુસ્તકમાં આવતા શ્રી જયંતમુનિનાં કુટુંબીઓ, ભક્ત, સહયોગીઓ વગેરેની નામાવલી (કક્કાવારી પ્રમાણે)

### કુટુંબ

મોનજી વચ્છરાજ (દાદા), ઝલકબહેન (દાદી), જગજીવનજીભાઈ (પિતાશ્રી), અમૃતબહેન (માતુશ્રી), અમૃતલાલભાઈ (બચુભાઈ, વડીલબંધુ), પ્રેમકુંવરબહેન (મોટાંબહેન), ચંપાબહેન (મોટાંબહેન), પ્રભાબહેન (મોટાંબહેન), જયાબહેન (નાનાંબહેન), કંચનબહેન કકલ (મોટાભાઈનાં સ્વર્ગસ્થ વાગદત્તા), લાભકુંવરબહેન (ભાભી), પીતાંબરબાપા અને ડાહીમા (પિતાશ્રીનાં કાકા અને કાકી), રૂગનાથભાઈ (ભાઈજી), જીવરાજભાઈ, રૂગનાથભાઈ અને શામજીભાઈ (પિતાશ્રીના પિત્રાઈ ભાઈ)

### સગાં-સ્નેહી

સ્વ. કંચનબહેનના પિતાશ્રી, માતુશ્રી અને ભાઈ : શ્રી અમૃતલાલભાઈ કકલ, કસુંબાબહેન અને રમણીકભાઈ, લાભકુંવરબહેનના પિતાશ્રી અને ભાઈ : માણેકચંદ રાયચંદ રૂપાણી અને નાથાલાલભાઈ.
શ્રી જયંતીભાઈનાં વાગદત્તા : જયાબહેન, તેમના પિતાશ્રી ભાઈચંદભાઈ ઝાટકિયા, તેમનાં માતુશ્રી સમજુબહેન અને તેમનાં મોટાં બહેન કમળાબહેન.

ભીમજીભાઈ ડાહ્યાભાઈ (ફુઆ), દૂધીબહેન (ફોઈ), તેમના પુત્ર શાંતિભાઈ અને પત્ની શાંતાબહેન, શામળજીભાઈ ઘેલાણી, મૂળજીભાઈ (પિતાશ્રીના મામા), હીરાચંદભાઈ (પિતાશ્રીનાં ફોઈના પુત્ર) શાંતિભાઈ જસાણી (મૂળ અટક મિંદડા, જેમની સાથે પ્રભાબાઈસ્વામીનું વેવિશાળ કર્યું હતું), ભગવાનજીભાઈ અને જડાવબહેન (તેમનાં પિતાશ્રી અને માતુશ્રી)

બાબાપુરના નગરશેઠ ખીમચંદ મોતીચંદ લાધાણી, શ્રી ભીખુભાઈ લાધાણી

### શિક્ષક

**ગારિયાધાર**: શ્રી બાલુભાઈ પંડિતજી, શ્રી લાભશંકરભાઈ, શ્રી અબ્દુલાભાઈ

**અમરેલી** : શ્રી ઝવેરચંદભાઈ, શ્રી બી. એલ. મહેતા (ભગવાનજીભાઈ)

**રાજકોટ** : શ્રી પૂનમચંદજી દક, પંડિત ચૌધરી સાહેબ, શ્રી પ્રાણશંકરભાઈ

**જેતપુર** : પંડિત રોશનલાલજી

**કાનપુર** : પંડિત કૃષ્ણાનંદ ઝા

**વારાણસી** : પંડિત હરેરામ શાસ્ત્રી, પંડિત રામચંદ્રજી ખડગ, પંડિત વામાચરણ ભટ્ટાચાર્ય, શ્રી દલસુખભાઈ માલવણિયા, શ્રી ઇન્દ્રચંદજી

### સહ-અધ્યાયી

**ગારિયાધાર** : પોપટ વેલજી

**અમરેલી** : ઓઢાના સમઢિયાવાળા રામદાસભાઈ, ઉપલેટાના ગુલાબભાઈ ગાંધી, સરભંડાવાળા મણિભાઈ

કચરાભાઈ, દામનગરવાળા રમણીકભાઈ અજમેરા, હિંમતભાઈ તથા જયંતીભાઈ લાખાણી, બાબાપુર નિવાસી ભીખુભાઈ લાધાણી, રૂપાણીભાઈ

**રાજકોટ** : મેંદરડાવાળા વ્રજલાલ કપૂરચંદ ગાંધી, દેશિંગવાળા મગનભાઈ, જયંતીભાઈ રૂપાણી, પ્રાણલાલભાઈ રૂપાણી, રમણિક કચ્છી

**ભક્ત અને સહયોગી**

**અનાડા** : પ્રભાશંકરભાઈ, વનેચંદભાઈ, છગનભાઈ પારેખ

**આગ્રા** : શેઠ અચલસિંહજી, ઉદયચંદજી, કસ્તૂરચંદજી, લાલા કનૈયાલાલજી, શેઠ કલ્યાણમલજી જૈન, ચૈનલાલજી, ચેનસુખદાસજી, માસ્તર જગન્નાથજી, ટોપીવાળા મૂલચંદજી, મોતી કટરાવાલા, પારસમલ જૈન તથા તેમનાં પત્ની કૈલાસવતી જૈન, શેઠ રતનલાલજી, સીતાચંદજી, સંપતલાલ યાદવરાય, ગુલઝારી (સેવક)

**આરા** : ચંદ્રાબહેન, નિર્મલકુમાર જૈન, પ્રોફેસર નેમિચંદજી શાસ્ત્રી જૈન, શ્રી નયનકુમાર જૈન, બાલમુકુન્દજી

**આસનસોલ** : વર્ધમાનભાઈ શેઠ

**ઉજ્જૈન** : ફૂલચંદ શેઠ

**કટક** : બાવચંદભાઈ

**કટવા** : તનસુખલાલ ગિરધરલાલ પંચમિયા

**કત્રાસ** : દેવચંદભાઈ અમુલખભાઈ મહેતા, રાયચંદભાઈ, જેચંદભાઈ તથા રતિભાઈ દવે, ફુલચંદભાઈ દોશી, રામચંદભાઈ, નાનુભાઈ

**કરેજિયા (ઓરિસા)** : બજરંગભાઈ

**કાનપુર** : અભેચંદભાઈ મેઘાણી, કિસનલાલજી લોહિયા, કાશીનાથજી, જગજીવનભાઈ કોઠારી, ઝવેરમા મેઘાણી, નરોત્તમભાઈ, પ્રેમવતીજી, લાલા ફૂલચંદજી, પ્રેમચંદભાઈ, બચુભાઈ, પવનકુમાર, લક્ષ્મીચંદભાઈ, રમણીકભાઈ, રવિચંદભાઈ, રાજકુંવરજી, શ્યામલાલજી

**કાલાવડ** : છગનભાઈ જાદવજીભાઈ દોશી

**કેંજોરગઢ (ઓરિસા)** : પોપટભાઈ

**કૃષ્નનગર** : કે. સી. પાલ

**કોડરમા અને ઝુમરી તિલૈયા** : રતિલાલભાઈ અને સાકરબહેન, ચોરડિયા પરિવાર, ધર્મેન્દ્રકુમાર જૈન, બીબીજી

**કોલકત્તા** : અમૃતલાલ પંચમિયા, ઈશ્વરલાલ ગાંધી, ઉત્તમચંદભાઈ પંચમિયા, કરમચંદભાઈ, કાનજી પાનાચંદ ભીમાણી, કેશવજીભાઈ શાહ (માંગરોળવાળા), કેશુભાઈ શાહ (સ્પીકર), કેશવલાલ ખઢેરિયા, કોઠારી પરિવાર, ગટુભાઈ લાઠિયા, ગિરધરલાલ હંસરાજ કામાણી, ગુલાબભાઈ મેઘાણી, ચંદુભાઈ મરચાવાળા, ચુનીભાઈ દોશીનો પરિવાર, ચુનીભાઈ અને પ્રભાબહેન હેમાણી, છોટુભાઈ ગાંધી, જયસુખલાલ પ્રભુલાલ શાહ, જગજીવનભાઈ માલાણી, ઝવેરચંદ પાનાચંદ (જે પી), જગતભાઈ પારેખ, જયચંદલાલજી રામપુરિયાજી, ઠાકોરલાલ હીરાલાલ, ડોસાલાલભાઈ, ત્ર્યંબકભાઈ દામાણી,

ત્રિભોવનભાઈ, દીપચંદજી નાહટા, ધરમચંદજી સરાવગી, નાથુભાઈ દોશી, નગીનભાઈ કેશવજી, નરોત્તમભાઈ માલાણી, નાનુભાઈ બાવીશી, નિમચંદભાઈ અને લીલાવતીબહેન દોશી પરિવાર, પ્રભુદાસભાઈ, ચંચળબહેન અને મનસુખભાઈ હેમાણી, ભૂપતભાઈ કામાણી, ભોગીભાઈ ખારા, ભણશાળીજી, મનુભાઈ અને પ્રતિભાબહેન સંઘવી, મગનભાઈ દેસાઈ, મણિભાઈ દેસાઈ, માલાણી પરિવાર, માણેકચંદભાઈ દેસાઈ, મહીપતભાઈ દેસાઈ, મોહનલાલજી, રતિભાઈ ઘેલાણી, આર. કે. અવલાણી, રતનચંદજી સુરાણા, લાઠિયા પરિવાર, પોરબંદરના લાખાણી પરિવાર, શાંતિલાલ કાળીદાસ સંઘવી, શ્રીચંદજી રામપુરિયા, સાહુ શાંતિપ્રસાદજી અને રમા જૈન, સોહનલાલજી દુગ્ગડ, સૂરજમલ બચ્છાવતજી, સરદારમલ કાંકરિયા, હીરાચંદ ત્રિભોવન અને કંકુબહેન કામાણી, હરકચંદજી કાંકરિયાજી

**કોલાઘાટ**: શ્રીચંદ બોથરા

**ખડગપુર** : કાંતિભાઈ તથા નગીનભાઈ ભાવસાર, છબીલભાઈ મહેતા, છબીલભાઈ અને ચુનીલાલભાઈ દોશી, જાદવજીભાઈ ગાંધી, દલીચંદભાઈ મહેતા, દયાળજીભાઈ, નરસિંહભાઈ બેચર, બચુભાઈ પૂજારા, માવજીભાઈ ભાવસાર, માધવજીભાઈ, રમણીકભાઈ, ચાંદમલજી અને તેજપાલજી (ખરિદાબજાર)

**ગોમો** : નાનજી કુંવરજી

**ગોંડલ** : કાનજીભાઈ શેઠ, શ્રી મણિલાલભાઈ કાનજી શેઠ અને ઝબકબહેન, રતિભાઈ ભાઈચંદ ગોડા

**ચક્રધરપુર** : પ્રેમજી પ્રાગજી

**ચાઈબાસા** : દીપચંદભાઈ પટેલ, શ્રી ધરમચંદજી સરાવગી , ધીરુભાઈ, જ્ઞાનચંદ્રજી જૈન તથા તેમનાં પત્ની રૂપાબહેન, બાબુભાઈ કંદોઈ, સીતારામ રુંગટા, શર્માજી

**ચાકુલિયા** : શેઠ ઝુનઝુનવાલા પરિવાર, પુરુષોત્તમજી

**ચાસ - બોકારો** : ચંદ્રકાન્તભાઈ શેઠ, ચુનીલાલ વલભજી વોરા પરિવાર, જયવંતભાઈ શેઠ, જગદીશભાઈ શેઠ, જશુભાઈ શેઠ, ધર્મેન્દ્ર જૈન, પ્રાણલાલભાઈ મહેતા અને પરિવાર, પ્રવીણભાઈ અને જ્યોતિબહેન ઘેલાણી પરિવાર, પુષ્પરાજ અરોરા, મજીઠિયાજી, શ્રીરામ જૈન, મિશ્રીલાલ જયસ્વાલ

**જમશેદપુર** : ઓતમચંદભાઈ દેસાઈ, અમૃતલાલભાઈ શેઠ પરિવાર, કૃષ્ણકુમાર વૈરાગી, ચુનીભાઈ માસ્તર અને તેમનાં પત્ની ચંપાબહેન, ડાહ્યાભાઈ પંચમિયા, મિસિસ તલવાર, તારાચંદભાઈ ઉદાણી, દલીચંદભાઈ ઉદાણી, દુર્લભજીભાઈ મઢિયા, દયાળજીભાઈ મેઘાણી, ધીરજલાલ ઝવેરચંદ દોશી પરિવાર, નરભેરામભાઈ અને હેમકુંવરબહેન, પ્રફુલભાઈ અને સુશીલાબહેન કામાણી અને પરિવાર, નગીનભાઈ પરીખ, નાનજીબાપા (ટાંક), નાનુભાઈ, નિર્મળાબહેન દોશી, ન્યાલચંદભાઈ ઘેલાણી, ભીખાબાપા, શ્રી ભાઈચંદભાઈ અને સાંકળીબહેન, બળવંતભાઈ અને ધરમચંદભાઈ પંચમિયા, ભૂપતભાઈ મહેતા પરિવાર, ભોગીભાઈ રાણપુરા, મનુભાઈ અને મધુકાંતાબહેન ગાંધી, વલ્લભદાસભાઈ અને કમળાબહેન પરીખ, રતિભાઈ રૂપાણી પરિવાર, રતિભાઈ, જયાબહેન અને શાંતિભાઈ (ભાલુબાસાવાળા), શામજીભાઈ ટાંક, સરદાર ઇંદ્રસિંગજી, હરિભાઈ લોઢાવાળા, હિતેશભાઈ, હેમચંદભાઈ, સાકચી - પ્રાણલાલભાઈ મોદી, જયંતીભાઈ અને ભોળાભાઈ પટેલ, વિનુભાઈ વોરા, મનુભાઈ દરજી, સરધાના પરિવાર

**જામનગર** : માનસંગભાઈ મંગળજી, ડૉ. મહેતા, શાંતિભાઈ જસાણી

**જાલદા** : ઉત્તમચંદજી, હિતેશભાઈ અને નયનાબહેન

**જારસુગડા** : મગનભાઈ શેઠ

**જૂનાગઢ** : જેઠાલાલ પ્રાગજી રૂપાણી

**જેતપુર** : દેસાઈ પરિવાર

**ઝરિયા, ધનબાદ અને આસપાસનો વિસ્તાર** : અર્જુનબાબુ અગરવાલ, કનૈયાલાલ મોદી, કલ્યાણભાઈ મોદી, કનકભાઈ સંઘવી, ખોખાણી પરિવાર, ગિરધારીલાલ સુંડા, ગાભાભાઈ, ગૌતમભાઈ મોદી, ચંદ્રકાંતભાઈ સંઘવી, જગજીવનભાઈ મહેતા, જશવંતભાઈ વોરા, ટી. એમ. શાહ પરિવાર, નંદલાલભાઈ શાહ (કેસરગડા કોલિયારી), નાનચંદભાઈ પારેખ, શ્રી નવલચંદભાઈ (બાગમોરા કોલિયારી), મણિભાઈ, મૂલચંદભાઈ શેઠ, મગનભાઈ દોશી, મગનલાલ અગ્રવાલ, મનુભાઈ માટલિયા પરિવાર, મનુભાઈ પરીખ, લોએન્કાજી, વીરજી રતનશી સંઘવી, શંકરલાલ ઉમિયાશંકર મહેતા, હરિશંકરભાઈ વ્હોરા, હરચન્દમલજી અને શ્રીમતી પુષ્પાદેવી જૈન, હંસરાજભાઈ શેઠ,

લાભુબહેન, મગનભાઈનાં ભાભી ઝબકબહેન, બહેનીબહેન અને તેમનાં બહેન લાભુબહેન, ડાહીબહેન, ચંચળબહેન સંઘવી, ચંચળબહેન માટલિયા, ગોદાવરીબહેન માટલિયા, ઝબકબહેન (બીજાં)

**ઝુંસી આશ્રમ (અલ્હાબાદ પાસે)** : પ્રભુદાસ બ્રહ્મચારી

**દલખાણિયા** :દૂધીબહેન, ભાણજીભાઈ, બાલ્યાભાઈ (મૂળ નામ શાંતિલાલ), નારાયણ પ્રાગજી, રામજી સાંગાણી, રામભાઈ મોચી

**દાતુન** : ડાહ્યાભાઈ

**ધોરાજી** : માણેકચંદ ઝવેરચંદભા દેસાઈ

**ધારી** : માણેકચંદ રાયચંદ રૂપાણી તથા નાથાલાલભાઈ, ગાર્ડ સાહેબ રામશંકરભાઈ, જગજીવન ગોવા, ભાઈચંદભાઈ ઝાટકિયા પરિવાર, સુરતી પરિવાર

**ધોળકા** : ચુનીભાઈના પૌત્ર પ્રાણલાલજી

**ધોળાપુર** : નરોત્તમભાઈ

**નિમિયાઘાટ** : ઓઝા પરિવાર

**નિયામતપુર** : મનસુખભાઈ, નિર્મળાબહેન, રજવંતીબહેન,

શાંતિલાલભાઈ કસળચંદ શેઠ, વાસુદેવજી અગરવાલ, ડૉ. સેન

**નેપાલ** : ઉમેશચંદ્ર જૈન તથા સુધાબહેન, ઉલ્લાસચંદ્ર ગોલછા પરિવાર, ચોથમલજી અને પુષ્પાદેવી જટિયા, પ્રવીણભાઈ મહેતા, મોતીલાલજી

**પટના** : આનંદરાજ જૈન, કાંતિભાઈ અજમેરા, જેઠાલાલભાઈ અનોપચંદભાઈ શેઠ, નગીનભાઈ અને નાનજીભાઈ અજમેરા, ફૂલચંદભાઈ કામદાર, રમણીકભાઈ અજમેરા, શાંતિભાઈ કોઠારી, હરિભાઈ

**પાથરડિહ** : સોનપાલ પરિવાર

**પુના** : પૂનમચંદજી રાંકા

**પુરુલિયા** : મદનગોપાલજી, પન્નાલાલજી, મોહનલાલ, મદનલાલજી અને સુભાષ ડાગા, ઇન્દ્રચંદ્રજી જૈન

**પેટરબાર** : છત્રુરામ મહતો, ધનીરામ બેદિયા પરિવાર, નાગરબાબુ, ફૂલચંદ જૈન, રામચંદ્ર અગ્રવાલ, શિખરચંદ જૈન, સાગરમલ જૈન,

**બગસરા** : પાનાચંદ બાપાનો ઘેલાણી પરિવાર, શામળજી ભીમજી ઘેલાણી

**બનારસ** : આત્મારામભાઈ, અમીચંદ અમુલખ, કૃષ્ણચંદ્ર આચાર્ય, ગણેશપ્રસાદજી જૈન અને બે પુત્રીઓ: મનોરમાબહેન અને પતિ જી. એસ. અગ્રવાલ, સુધાબહેન, ચંદ્રકાંતભાઈ, જગજીવનભાઈ માવજી પટેલ, જમનાદાસભાઈ, મોહનભાઈ લલુભાઈ, તેમનાં શ્રીમતી શાંતાબહેન, તેમનાં પુત્રી સરલાબહેન અને માલતીબહેન અને ભત્રીજા રમેશભાઈ, મોહનલાલભાઈ ગોટાવાળા અને સખીચંદ, મનુભાઈ ઝવેરી અને તેમના માતુશ્રી મણિબહેન, મનુભાઈ પટેલ અને પત્ની ચતુરાબહેન, મનોરમાબહેન દેસાઈ, વસનજીભાઈ દોશી, શામજીભાઈ દોશી, તેમનાં બહેન મંછાબહેન, રવિચંદભાઈ, લાલચંદભાઈ, વસંતભાઈ, રતિભાઈ માટલિયા, સાકરચંદભાઈ તથા કાંતિભાઈ, રોહિતભાઈ, રમેશભાઈ, મોતીલાલ અને હીરાસિંગ (સેવક)

**બડકાખાના** : રવજીભાઈ કાળિદાસ અને દિવાળીબહેન

**બરાકર** : અમૃતલાલ તથા રસિકભાઈ મહેતા, મહાવીર શેઠ

**બર્દ્વાન** : દલપતભાઈ અને ડાહ્યાભાઈ, ગુલાબચંદ ભવાનભાઈ, ખોડીદાસભાઈ

**બર્નપુર** : હરગોવિંદભાઈ, ધનજીભાઈ, છગનભાઈ

**બલરામપુર** : શેઠ શ્રી લક્ષ્મીચંદજી લૂણાવત અને કિરણબહેન

**બાલાસર** : ભોગીભાઈ વીરચંદ અજમેરા, વર્ધમાનભાઈ ફૂલચંદનો પરિવાર, વીરચંદ ભગવાનજી, રામદાસજી અગરવાલ, રામેશ્વર બાબુ અગ્રવાલ

**બાંકુરા** : લાલજી રાજા

**બિષ્નુપુર** : રણછોડદાસજી રાઠી

**બિલખા** : જેચંદ નાગજી

**બિહાર શરીફ** : લક્ષમીચંદ સુચંતી, જ્ઞાનચંદજી

**બેરમો** : અમૃતલાલ મોનજી દોશી, અમૃતલાલ મોતીચંદ દોશી, અમૃતલાલ નાગજી, ઈશ્વરલાલ સંઘવી પરિવાર, કનુભાઈ કોઠારી, કૃષ્ણાલાલ ફતેહચંદ, ગિરીશભાઈ અને ભારતીબહેન કોઠારી, ગુલાબભાઈ, ચુનીલાલ વલ્લભજી અને ભાનુબહેન વોરા, દયાળજીભાઈ ઠક્કર, નવલચંદભાઈ, નાનુભાઈ, મણિલાલ રાઘવજી કોઠારી, મોહનલાલ બેચરભાઈ, પ્રેમજીબાપા ઠક્કર, પ્રાગજીભાઈ, રાજુભાઈ (હરીશભાઈ) દોશી, રામાણી પરિવાર, વાડીભાઈ, હાકેમચંદભાઈ

**બેલચંપા અને રેહલા** : અંબાભાઈ પટેલ, ઉમેદભાઈ પટેલ, સી. બી. કું., જે. બી. કું., નિરંજન જૈન, શ્રીમતી પુષ્પાદેવી જૈન, પ્રીતિબહેન (અમદાવાદ), ડૉ. રમણીકભાઈ દોશી (આણંદ), વિમલ પ્રસાદ જૈન, વિઠ્ઠલભાઈ પટેલ, વિક્રમભાઈ, જગન્નાથ તિવારી (સેવક)

**બેલદા** : લવજીભાઈ

**ભોજૂડી** : પ્રેમચંદ જેચંદ પારેખ, પ્રાણજીવન જેચંદ પારેખ, રાયચંદ ગોવિંદજી સંઘવી અને તેમના

પુત્રો નવલચંદભાઈ અને રવિચંદભાઈ, ભીમજી અગ્રવાલ, મોહનલાલ ગોવિંદજી, રતિલાલજી, નર્મદબહેન

**મનોહરપુર** : હરજીવનભાઈ પાઠક

**મુગલ સરાઈ** : મનજીભાઈ કોન્ટ્રાક્ટર

**મુઝફ્ફરપુર** : રતિલાલભાઈ, પશુપતિનાથજી

**મુરી** : કૈલાસબહેન અને ઝવેરબહેન

**મુંબઈ** : કિરીટભાઈ મડિયા, કુંદનલાલ, દુર્લભજીભાઈ ખેતાણી, ડૉ. દલસુખભાઈ મડિયા, નૌતમલાલભાઈ (તેમણે દીક્ષા લીધેલ છે), પ્રવીણભાઈ ઘેલાણી, પ્રાણલાલભાઈ મહેતા, રવિચંદ્રજી, રામજીભાઈ હંસરાજ અને જડાવબહેન કામાણી, શામળજી ભીમજીભાઈ ઘેલાણી, સુખલાલભાઈ

**રાજકોટ**: મેંદરડાવાળા અંદરજીભાઈ, કપૂરચંદ રણછોડ, ચુનીલાલ નાગજી વોરા, ઝવેરચંદભાઈ સંઘરાજકા, ઠાકરસીભાઈ ઘીયા, ત્રિભોવનભાઈ માસ્ટર, દુર્લભજીભાઈ વીરાણી, એમ. પી. શાહ, મણિભાઈ મઢૂલીવાળા, મોહનભાઈ (નાના ઉપાશ્રયવાળા), રામજીભાઈ વીરાણી

**રાજગિર** : કનૈયાલાલજી

**રાંચી** : અનુપચંદભાઈ ખારા, ગંગામલ બુધિયા, જયપાલજી, જાલમલજી, ધીરજલાલ નાગરદાસ શાહ, નંદલાલજી વર્મા, પ્રેમજીભાઈ, પ્રાગજીભાઈ, પૂનમચંદજી, ભાઈચંદભાઈ પંચમિયા, ભાઈચંદભાઈ બીડીપત્તાવાલા, મોતીલાલજી, રામજી વાલજી, રણછોડભાઈ, વિઠ્ઠલભાઈ પરિવાર, લાલજી હિરજી, લાલચંદજી, રાયબહાદુર હરચંદમલજી, હીરાલાલજી, કમલાબહેન, કંચનબહેન, કાંતાબહેન, ગટુબહેન, ગાયત્રીબહેન, જયાબહેન, ઝબકબહેન, લક્ષ્મીબહેન, લીલાવતીબહેન, સરજુબાલા, સંતોકમા

**રામગઢ** : પુષ્પાદેવી જૈન, રાજુભાઈ જૈન

**રાણીગંજ**: ગોપાલજીભાઈ પતિરા, ન્યાલચંદભાઈ મેહતા

**લુગુ પહાડઃ** જગન્નાથ તિવારી, નેપાલ માહતો, નથુરામભાઈ બારીક, પ્રહ્લાદ માહતો, મોતીલાલજી, શિવરામભાઈ, સંસારસિંગ

**વડિયા** : દલીચંદભાઈ, પંડિત રોશનલાલ, પંડિત વસંતલાલ

**વિસાવદર** : શામળજીભાઈ ગાંઠાણી

**વેરાવળ** : મદનજી જૂઠાભાઈ, મદનજી વીરપાળ

**શાંતિનિકેતન** : બેનર્જીબાબુ કોન્ટ્રાક્ટર

**સાડમ બજાર** : સુગંધચંદજી જૈન, વેણીશંકરભાઈ કોલિયારીવાળા

**સંબલપુર** : ખારા પરિવાર, પરમાણંદભાઈ, શાંતિભાઈ દેસાઈ

**સાવરકુંડલા** : માણેકચંદભાઈ તથા કુબેરભાઈ, ભગવાન કુંભાર

**સિલિગુડી** : પ્રતાપચંદ જૈન બોથરા

**સીંદરી** : માટલિયા પરિવાર

**સૈંથિયા** : ભંવરમલજી, ભોજરાજજી પારેખ, મોહનલાલજી, લાલચંદજી પારેખ, સંપતલાલજી

**હજારીબાગ** : સુખલાલભાઈ કોઠારી પરિવાર

# પરિશિષ્ટ ૪

## શ્રી જયંતમુનિના ચાતુર્માસની યાદી

| ક્રમાંક | વિક્રમ સંવત | ઈસ્વી સન | સ્થળ |
|---|---|---|---|
| ૧. | ૧૯૯૯ | ૧૯૪૩ | ધોરાજી |
| ૨. | ૨૦૦૦ | ૧૯૪૪ | જેતપુર |
| ૩. | ૨૦૦૧ | ૧૯૪૫ | જેતપુર |
| ૪. | ૨૦૦૨ | ૧૯૪૬ | વડિયા |
| ૫. | ૨૦૦૩ | ૧૯૪૭ | કાલાવડ |
| ૬. | ૨૦૦૪ | ૧૯૪૮ | આગ્રા |
| ૭. | ૨૦૦૫ | ૧૯૪૯ | બનારસ |
| ૮. | ૨૦૦૬ | ૧૯૫૦ | બનારસ |
| ૯. | ૨૦૦૭ | ૧૯૫૧ | બનારસ |
| ૧૦. | ૨૦૦૮ | ૧૯૫૨ | કલકત્તા |
| ૧૧. | ૨૦૦૯ | ૧૯૫૩ | ઝરિયા |
| ૧૨. | ૨૦૧૦ | ૧૯૫૪ | જમશેદપુર |
| ૧૩. | ૨૦૧૧ | ૧૯૫૫ | રાંચી |
| ૧૪. | ૨૦૧૨ | ૧૯૫૬ | બેરમો |
| ૧૫. | ૨૦૧૩ | ૧૯૫૭ | કલકત્તા |
| ૧૬. | ૨૦૧૪ | ૧૯૫૮ | ઝરિયા |
| ૧૭. | ૨૦૧૫ | ૧૯૫૯ | ભોજૂડી |
| ૧૮. | ૨૦૧૬ | ૧૯૬૦ | ખડગપુર |
| ૧૯. | ૨૦૧૭ | ૧૯૬૧ | જમશેદપુર |
| ૨૦. | ૨૦૧૮ | ૧૮૬૨ | રાંચી |
| ૨૧. | ૨૦૧૯ | ૧૯૬૩ | બનારસ |
| ૨૨. | ૨૦૨૦ | ૧૯૬૪ | બેલચંપા |

| ક્રમાંક | વિક્રમ સંવત | ઈસ્વી સન | સ્થળ |
|---|---|---|---|
| ૨૩. | ૨૦૨૧ | ૧૯૬૫ | કત્રાસગઢ |
| ૨૪. | ૨૦૨૨ | ૧૯૬૬ | બેલચંપા |
| ૨૫. | ૨૦૨૩ | ૧૯૬૭ | ધનબાદ |
| ૨૬. | ૨૦૨૪ | ૧૯૬૮ | બેલચંપા |
| ૨૭. | ૨૦૨૫ | ૧૯૬૯ | બેલચંપા |
| ૨૮. | ૨૦૨૬ | ૧૯૭૦ | બેલચંપા |
| ૨૯. | ૨૦૨૭ | ૧૯૭૧ | જમશેદપુર |
| ૩૦. | ૨૦૨૮ | ૧૯૭૨ | બેલચંપા |
| ૩૧. | ૨૦૨૯ | ૧૯૭૩ | બેલચંપા |
| ૩૨. | ૨૦૩૦ | ૧૯૭૪ | કલકત્તા |
| ૩૩. | ૨૦૩૧ | ૧૯૭૫ | પટના |
| ૩૪. | ૨૦૩૨ | ૧૯૭૬ | નિમડિહ |
| ૩૫. | ૨૦૩૩ | ૧૯૭૭ | કલકત્તા |
| ૩૬. | ૨૦૩૪ | ૧૯૭૮ | લૂગુ પહાડ |
| ૩૭. | ૨૦૩૫ | ૧૯૭૯ | નેપાલ |
| ૩૮. | ૨૦૩૬ | ૧૯૮૦ | ધનબાદ |
| ૩૯. | ૨૦૩૭ | ૧૯૮૧ | પેટરબાર |
| ૪૦. | ૨૦૩૮ | ૧૯૮૨ | પેટરબાર |
| ૪૧. | ૨૦૩૯ | ૧૯૮૩ | કલકત્તા |
| ૪૨. થી ૬૩. | ૨૦૪૦ થી ૨૦૬૧ | ૧૯૮૪ થી ૨૦૦૫ | પેટરબાર |

(બાવીશ ચાતુર્માસ)

# પરિશિષ્ટ ૫

## પૂજ્ય તપસ્વી જગજીવનજી મહારાજ અને શ્રી જયંતમુનિની પ્રેરણાથી પૂર્વ ભારતમાં નિર્માણ થયેલાં ઉપાશ્રય અને જૈન ભવનની સૂચિ

| ક્રમાંક | સંસ્થા | સ્થળ |
|---|---|---|
| ૧. | કલકત્તા જૈન શ્વેતાંબર સ્થાનકવાસી (ગુજરાતી) સંઘ | કલકત્તા |
| ૨. | શ્રી હંસરાજ લક્ષ્મીચંદ કામાણી જૈન ભવન | કલકત્તા |
| ૩. | સ્થાનકવાસી જૈન સભા (સુકિયાસ લેન) | કલકત્તા |
| ૪. | પંજાબ જૈન સભા | કલકત્તા |
| ૫. | સ્થાનકવાસી જૈન ભવન | કત્રાસગઢ |
| ૬. | સ્થાનકવાસી જૈન ઉપાશ્રય અને જૈન મંદિર | બેરમો |
| ૭. | ઉપાશ્રય અને જૈન વાડી | ઝરિયા |
| ૮. | જેઠીબાઈ જૈન ભવન અને જયાલક્ષ્મી જૈન મિલન | ધનબાદ |
| ૯. | જૈન ઉપાશ્રય અને શાળા | ભોજુડિહ |
| ૧૦. | જૈન ભવન | આસનસોલ |
| ૧૧. | જૈન ભવન | રાણીગંજ |
| ૧૨. | અભિનવ જૈન ભવન (બિષ્ટુપુર) | જમશેદપુર |
| ૧૩. | સુરજકુમાર જૈન ભવન, સાકચી | જમશેદપુર |
| ૧૪. | જૈન ભવન અને મંદિર, જુગસલાઈ | જમશેદપુર |
| ૧૫. | જૈન ઉપાશ્રય | ખડગપુર |
| ૧૬. | જૈન ભવન | બાલાસર |
| ૧૭. | જૈન ભવન, બુલાના ચોક | બનારસ |
| ૧૮. | સ્થાનકવાસી જૈન ઉપાશ્રય | પટના |
| ૧૯. | મોતીચંદ જીવરાજ મહેતા ઉપાશ્રય | ચાસ (બોકારો) |
| ૨૦. | શ્રી સુદર્શનાબાઈ અને અર્પિતાબાઈ મહાસતીજી સ્મૃતિ ભવન | ચાસ (બોકારો) |

## પરિશિષ્ટ ૬

### શ્રી જયંતમુનિની પ્રેરણાથી પૂર્વ ભારતમાં નિર્માણ થયેલ વિદ્યાલય

| ક્રમાંક | સંસ્થા | સ્થળ |
|---|---|---|
| ૧. | સ્થાનકવાસી જૈન સભા વિદ્યાલય, સુકિયાસ લેન | કલકત્તા |
| ૨. | પૂ. તપસ્વી શ્રી જગજીવન મ.સા. મહાવિદ્યાલય | રાજગિર |
| ૩. | પૂ. તપસ્વી શ્રી જગજીવન મ.સા. સરસ્વતી વિદ્યા મંદિર, | હસનપુર, રાજગિર |
| ૪. | પૂ. તપસ્વી શ્રી જગજીવન મ.સા. સવિતા સરસ્વતી શિશુ મંદિર | બંગાલીપાડા, રાજગિર |
| ૫. | પૂ. તપસ્વી શ્રી જગજીવન મ.સા. સરસ્વતી વિદ્યામંદિર | ચાસ, બોકારો |
| ૬. | પૂ. તપસ્વી શ્રી જગજીવન મ.સા. સર્વોદય વિદ્યામંદિર | ચાસ |
| ૭. | પૂ. તપસ્વી શ્રી જગજીવન મ.સા. જ્યોતિ સરસ્વતી શિશુ વિદ્યામંદિર | પેટરબાર |
| ૮. | પૂ. તપસ્વી શ્રી જગજીવન મ.સા. જ્યોતિ સરસ્વતી શિશુ મંદિર | ધુમધુમીખંડ |
| ૯. | પૂ. તપસ્વી શ્રી જગજીવન મ.સા. સરસ્વતી શિશુ મંદિર | રેકવા |
| ૧૦. | પૂ. તપસ્વી શ્રી જગજીવન મ.સા. સરસ્વતી શિશુ મંદિર | ચંડીપુર |
| ૧૧. | લાલજી હીરજી વિદ્યાભવન (સહયોગી રામજી વાલજી રાઠોડ) | રાંચી |

## પરિશિષ્ટ ૭

### શ્રી જયંતમુનિની પ્રેરણાથી પૂર્વ ભારતમાં નિર્માણ થયેલ સમાજ-ઉપયોગી ભવન

| ક્રમાંક | સંસ્થા | સ્થળ |
|---|---|---|
| ૧. | જૈન ભવન, ઇઝરા સ્ટ્રીટ | કલકત્તા |
| ૨. | જૈન કૉલોની | લિલુઆ (કલકત્તા) |
| ૩. | પૂર્વ ભારત આરોગ્ય ભવન | રાજગિર |
| ૪. | પૂ. તપસ્વી શ્રી જગજીવન મ.સા. સાધના સમાધિ | રાજગિર |
| ૫. | પૂ. તપસ્વી શ્રી જગજીવન મ.સા. દેહવિલય સમાધિ | રાજગિર |

## પરિશિષ્ટ ૮

### શ્રી જયંતમુનિની પ્રેરણાથી આદિવાસી વિસ્તારમાં સ્થપાયેલા અહિંસક સંઘના ગામની નામાવલી

| | | |
|---|---|---|
| ૧. તાંડિલ | ૯. ડુંડીગાછી | ૧૭. બેટુલ |
| ૨. આંવરાડીહ | ૧૦. સગરામપુર | ૧૮. મુરુડીહ |
| ૩. પતરાતુ | ૧૧. મગનપુર | ૧૯. રેકવા |
| ૪. ઓબરા | ૧૨. જરીડીહ | ૨૦. બિયાન |
| ૫. સોસો | ૧૩. સરગડીહ | ૨૧. જામકુદર |
| ૬. ચકરવાલી | ૧૪. ચિયુદાગ | ૨૨. ચટાક |
| ૭. તિરિયોનાલા | ૧૫. બગિયારી | ૨૩. નરબદા |
| ૮. લેપો | ૧૬. ખૈરાજારા | ૨૪. કોહ |

## પરિશિષ્ટ ૯

### શ્રી જયંતમુનિ લિખિત પુસ્તકોની નીમાવલી

૧. શ્રી જયંત વચનાર્વિંદ, (પ્રવચનોનો સંગ્રહ), સંપાદક : શ્રી જયસુખભાઈ શાહ, કલકત્તા
૨. શ્રી જયંતવાણી, (પ્રવચનોનો સંગ્રહ), સંપાદક : શ્રી ચુનીભાઈ, જમશેદપુર
૩. અધ્યાત્મ પત્રપ્રભા, (પૂ. પ્રભાભાઈ મહાસતીજીની બીમારી સમયે તેમને સંબોધીને લખાયેલા પત્રો)
૪. પ્રવચન સંગ્રહ.
૫. નિર્વાણનો પથ, (પૂ. તપસ્વીજી મહારાજના સંથારાનું વિવરણ), પ્રકાશક : પૂર્વ ભારત સ્થા. જૈનસંઘ.
૬. શાસ્વતીની સાધના, (આધ્યાત્મિક લેખોનો સંગ્રહ), સંપાદક : શ્રી ગુણવંત બરવાળિયા
૭. જીવનરેખા, (સૌરાષ્ટ્રકેસરી ગુરુપ્રાણનું જીવનચરિત્ર)
૮. જયંત કથા કળશ, (જૈન અને દૃષ્ટાંતકથાઓ), સંપાદક : શ્રી ગુણવંત બરવાળિયા અને શ્રીમતી ધનલક્ષ્મીબહેન બદાણી (ક્રમાંક ૫, ૬ અને ૭ના પ્રકાશકઃસૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસૉફિકલ ઍન્ડ રિસર્ચ સેન્ટર, ઘાટકોપર, મુંબઈ)
૯. મુહપત્તી બત્રીશી (મુહપત્તીનું મહાત્મ્ય)
૧૦. ૧૪ મંગલ સ્વપ્ન અને રહસ્ય, સંપાદક : હર્ષદ દોશી, પ્રકાશક : જૈન ઍકેડેમી કલકત્તા
૧૧. કહો, કેવા હતા પ્રભુ મહાવીર?, (પુચ્છિસ્સૂ ણં-નું વિવેચન), સંપાદક : હર્ષદ દોશી, પ્રકાશક : જૈન ઍકેડેમી કલકત્તા.

# પરિશિષ્ટ ૧૦

## પૂજ્ય તપસ્વી શ્રી જગજીવનજી મહારાજ ચક્ષુ ચિકિત્સાલય અને અન્ય સેવાની પ્રવૃત્તિઓમાં તન, મન અને ધનથી સહયોગ આપનાર પુણ્યશાળીઓની નામાવલી

**અમદાવાદ** : પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

**આગ્રા** : ચૈનસુખદાસ જૈન

**આસનસોલ** : નવનીતભાઈ શેઠ

**અરગડા** : તુલસીદાસ બાવાભાઈ મહેતા પરિવાર

**આણંદ** : ડૉ. રમણીકલાલ દોશી

**કત્રાસગઢ** : દેવચંદ અમુલખ પરિવાર, નીતિનભાઈ દોશી, મોરારજીભાઈ દોશી પરિવાર

**કલકત્તા** : અશ્વિનભાઈ દેસાઈ, અનિલભાઈ માટલિયા, કૈલાસબહેન અને સૂરજકુમાર જૈન, ગટુભાઈ લાઠિયા, ગુણવંતભાઈ ભણશાલી, ગોપાલજી ભાલોટિયા, ચમનભાઈ બાખડા, ચંદ્રવદનભાઈ દેસાઈ, ચંદ્રમણિબહેન ખારા, છબીલભાઈ શાહ, છોટાલાલ કે. મેહતા, જનકભાઈ કોઠારી, દિનેશભાઈ વોરા, ધીરુભાઈ કામદાર, નટવરલાલ અને જ્યોત્સ્નાબહેન બાવીશી, નિમેષભાઈ શેઠ, નીમચંદભાઈ અને લીલાવતીબહેન દોશી પરિવાર, મહીપતભાઈ દેસાઈ, મનોજભાઈ અને પ્રતિમાબહેન ટોળિયા, મનોજભાઈ ભરવાડા, મહેન્દ્રભાઈ સંઘાણી, મધુકરભાઈ અને સુશીલાબહેન દેસાઈ, મુકેશભાઈ ભણશાલી, મુકુંદભાઈ બદાણી, મેહુલ ભૂપતભાઈ પારેખ, પુષ્પાદેવી જૈન, પ્રતાપભાઈ વોરા, ભાનુભાઈ પુંજાણી, ભૂપતભાઈ કામાણી, માલાણી પરિવાર, રમેશભાઈ દોશી, રતિભાઈ દેસાઈ, રતિલાલભાઈ ઘેલાણી, રમણીકલાલ બી. અવલાણી, રમણીકલાલ કે. અવલાણી, વિનયચંદ્ર શાહ, વિપિનભાઈ ભીમાણી, શામળજીભાઈ ગાઠાણી, શશીકાંતભાઈ ગાઠાણી, શાંતિભાઈ ઘેલાણી, સંઘાણી પરિવાર, હરિભાઈ ઝાટકિયા, હીરાલાલભાઈ પારેખ, હિંમતલાલ શાહ

**કટવા** : તનસુખલાલ ગિરધરલાલ પંચમિયા

**કાલાવડ** : પ્રાણભાઈ છગનલાલ

**ખડગપુર** : આસકરણજી માલુ પરિવાર, જાદવજી ગાંધી પરિવાર, ધીરુભાઈ, મહાવીર ટ્રેડિંગ કંપની

**જમશેદપુર** : અમૃતલાલ શેઠ(સાકચી), ચંદ્રકાંતભાઈ ઝાટકિયા, નગીનભાઈ અને દેવીબહેન પરીખ, પ્રફુલભાઈ અને સુશીલાબહેન કામાણી, રાજેનભાઈ કામાણી,

**જાલદા** : જયકુમાર સિંગ દેવ

**જૈના મોડ** : વેદ પ્રકાશજી

**ઝરિયા** : ચંદ્રકાંતભાઈ સંઘવી, છોટુલાલજી જૈન

દિલ્હી : દિલીપભાઈ ધોળકિયા

ધનબાદ : કનકભાઈ સંઘવી, બી. સી. મહેતા, જશવંતભાઈ વોરા, મદનલાલ અગ્રવાલ, મણિકાંતભાઈ દોશી, વિનયચંદ્ર માવાણી, હરેરામભાઈ ચૌહાણ

નાગપુર : નિત્યાનંદજી, શાંતિલાલભાઈ બદાણી

પેટરબાર : અરવિંદ કુમાર જૈન, છત્રુ માહતો, પ્રબોધ કુમાર મહતો, બંશી બેદિયા, રામચંદ્ર અગ્રવાલ, રાજેન્દ્ર કુમાર જૈન, રામેશ્વર પ્રસાદ, શાંતિલાલ જૈન, સાગરમલ જૈન, હરજલાલ મહતો

બડકાખાના : રવજી કાળીદાસ મહંતા પરિવાર

બનારસ : લલિતભાઈ દોશી

બહાદુરપુર : સત્યનારાણ અગ્રવાલ

બાલાસર : ભોગીલાલ ઍન્ડ કંપની

બેરમો : રાજુભાઈ (હરીશભાઈ) દોશી, કાન્તિલાલ મણિલાલ કોઠારી પરિવાર, પ્રાગજી રામજી ઠક્કર પરિવાર, મોહનલાલ બેચરદાસ દોશી પરિવાર, રાજેશ અમૃતલાલ દોશી પરિવાર, કનુભાઈ કોઠારી,

બેલદા : મણિભાઈ ઠક્કર

બોકારો ચાસ : અમૃતલાલ મોતીચંદ દોશી, ગોપાલબાબુ અગ્રવાલ, ડૉ. ડી. કે. ગુપ્તા, ચંદ્રકાંત મગનલાલ શેઠ, ચુનીલાલ વલભજી વોરા, જગદીશભાઈ શેઠ, જયવંતભાઈ શેઠ, જશુભાઈ શેઠ, ધર્મેન્દ્ર કુમાર જૈન, મધુભાઈ દોશી, ભરતભાઈ શેઠ, શ્રીરામ જૈન

મિદનાપુર : મણિલાલ ઠક્કર

મુંબઈ : કિશોરભાઈ સંઘવી, ગુણવંતભાઈ બરવાળિયા, જયાબહેન જેઠાલાલ શેઠ, જયાબહેન ધીરજલાલ કામદાર, દીપચંદભાઈ ગાર્ડી, પ્રાણલાલભાઈ મોતીચંદ મહેતા, પ્રવીણભાઈ અને જ્યોતિબહેન ઘેલાણી, મફતભાઈ મહેતા, મગનલાલ એચ. દોશી, વિનયચંદ્ર જે. પોપટાણી, શિવલાલભાઈ લાઠિયા, શાંતિલાલ ગાંધી

રામગઢ : અશોક કુમાર જૈન, જૈન પ્રકાશ જૈન, વિક્રમશીભાઈ પરિવાર

રાંચી : કનકબહેન દેસાઈ પરિવાર, કુંદનબહેન ઇન્દુભાઈ પટેલ, પપુભાઈ (કામધેનુ સ્ટોર્સ), પ્રાણલાલભાઈ, ડૉ. ભરત પ્રસાદ કશ્યપ, વિનુભાઈ (જવેલર્સ), સંપતલાલ રામપુરિયા, જયંતીભાઈ (બચુભાઈ) દોશી, સડકા

હૈદરાબાદ : દિલીપભાઈ રાજા

U.K. : અનિલભાઈ પારેખ

U.S.A : ઊર્મિલાબહેન તલસાણિયા, ડૉ. દલસુખભાઈ અમૃતલાલ મડિયા, રાજેનભાઈ અને પ્રભુદાસભાઈ લાખાણી, ભૂપતભાઈ ટી. શાહ, રમનલાલ ડાગા, શશીકાંત ગુપ્તા, સોમચંદ પરસોતમ બાવીશી

મલેશિયા : કિશોરભાઈ મેહતા, મનહરભાઈ ગાઠાણી

**સહયોગી સંસ્થાઓ :**

**અમદાવાદ** : ભારત વેલફેર ટ્રસ્ટ

**કટક** : સમગ્ર જૈન સમાજ

**કલકત્તા** : કલકત્તા શ્વેતાંબર સ્થાનકવાસી (ગુજરાતી) સંઘ, નિલેશ અને નેહા ચેરિટેબલ ટ્રસ્ટ, પંજાબ જૈન સભા, મગનબાપા સેવા સમિતિ, સ્થાનકવાસી જૈન સભા (સુકિયાસ લેન), હંસરાજ લક્ષ્મીચંદ કામાણી જૈન ભવન, જૈન જાગૃતિ, સાધર્મિક ભાઈઓ, સુમતિ મહિલા મંડળ

**કત્રાસગઢ** : સમગ્ર જૈન સમાજ

**જમશેદપુર (જુગસલાઈ)** : ઓશવાળ જૈન સંઘ

**જમશેદપુર (બિષ્ટુપુર)** : સ્થાનકવાસી જૈન સંઘ

**જમશેદપુર** : જલારામ મિત્ર મંડળ

**જમશેદપુર (સાક્ચી)** : સ્થાનકવાસી જૈન સંઘ

**ઝરિયા** : શ્રી હરચંદમલ જૈન ટ્રસ્ટ

**દિલ્હી** : જિન્દાલ ટ્રસ્ટ

**ધનબાદ** : લક્ષ્મી નારાયણ દેવ ટ્રસ્ટ

**બાલાસર** : સ્થાનકવાસી જૈન સંઘ

**બેરમો** : બેરમો ગુજરાતી સમાજ

**બોકારો** : જિલા અંધાપન નિયંત્રણ સમિતિ

**બોકારો સ્ટીલ સીટી** : રોટરી કલબ

**મુંબઈ** : રૉયલ કોમનવેલ્થ સોસાયટી ફૉર બ્લાઇન્ડ, સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસૉફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, ઘાટકોપર


**U.K.** : નવનાત વણિક એસોસિએશન, જિનેન્દ્ર ફાઉન્ડેશન

**U.S.A.** : બ્લાઇન્ડ ફાઉન્ડેશન ફૉર ઇન્ડિયા

**સાધુસંતોની કૃપાદૃષ્ટિ**

પૂ. ગિરીશચંદ્ર મ. સા., પૂ. પ્રીતિસુધાજી મ.સા., પૂ. જશુબાઈ મ.સ., પૂ. વસુબાઈ મ.સ., પૂ. નમ્રમુનિજી, પૂ. દર્શનાબાઈ મ.સ. અને પૂ. સ્વાતિબાઈ મ.સ.ની પ્રેરણાથી સંસ્થાને અવિરત દાન પ્રવાહ મળતો રહ્યો છે.

❑ ❑ ❑



સેવા એ બાહ્ય આચાર નથી,
કરુણામાંથી ઉદ્ભવતી આંતર સ્ફુરણા છે.